ગાગરમાં સાગર

સારભૂત મહાભારત



ગોવિંદભાઈ ભ. ભક્ત

ॐ योगेश्वराय नमः

કોઈની પરવડી બનીએ. સારા નિયમોને સદા વળગી રહો. સાધનાથી જ શાંતિ મળે.

- શ્રી યોગેશ્વરજી

૧૮/૯/૨૦૨૪
ચરોતર

ॐ

કુળગુરુ પરમાત્મા કે કબીરજી ના
કૃપાપાત્ર પાવન કે ગોપિંદલાલ

કબીરજી ની જ્ઞાનગંગામાં સ્નાન કરવાં કરતાં તમારી આજ આરાધના જ્ઞાનકૂવા પર ઉપસ્થિત કરનારી છે.

પૂર્વજોના પ્રાકટ્યવાળુ સાંસ્કૃતિક વારસાને તમે સર્વદિશાથી દીપાવ્યા રહ્યાછો.

લક્ષ્ય સમાજને નવા આંખ અને નવા પાંખ - જ્ઞાનપાંખ ધરી સમાજની કાયાપલટ કરવાના તમારા કાર્યને વંદન હો. વંદન હો.

કુરાન અને કબીરના આપણા ઈષ્ટદેવ પિતૃવર્યે તે પરમતત્વના આશયાસ તમારી કલમ જાણે પ્રકટાવ્યા કરી રહ્યા છે.

મહાભારત માંથી મહાપ્રસાદ મેળવવાની તમારી તપશ્ચર્યાના પડદા પાછળ ઉભેલા પરિવારના સર્વ સ્વજનોને પણ આત્મિનંદન તેમની કૃપાને વરસતી રહો.

પિતૃનો ધર્મપરાયણ વાસ્તવની અપેક્ષા છે તમારી સૂક્ષ્મ સ્વસ્થતા સાથે આવા ઉચ્ચ ગ્રંથો પ્રસાદ માં મળતા રહો. તમારા શબ્દપાત્રો પિતૃપક્ષ લાર્ધકોના દર્શને કરાવતા રહો.

ગીતની સાક્ષાત પિરાનજીએ લક્ષ્ય આરાધક તમારી કલમ જ બાંધી. કલમ જ દીપક, કલમ જ સૂત્રની સાક્ષાત્ જાણે જીવનસાફલ્યના ઉદ્ગાતા રહો

35

વરદ્ હસ્ત પ્રભુ તમારો, સદાયે રહેજો જીવન સહારો. - મા સર્વેશ્વરી



ગાગરમાં સાગર

સારભૂત મહાભારત

ગોવિંદભાઈ ભ. ભક્ત

ગાગરમાં સાગર સારભૂત મહાભારત

Gagarmam Sagar Sarbhoot Mahabharat

Essential Mahabharat

By Govindbhai Bhakta

© ગોવિંદભાઈ ભક્ત

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૪

ISBN : 978-93-91906-77-1

મૂલ્ય : સૌની સુખાકારી, ઉન્નતિ અને કલ્યાણની ભાવના સહ

રામાયણ મહાભારત જેવા ધાર્મિક ગ્રંથોના મનન, ચિંતનથી સાંસારિક માયાથી દૂર રહેવાની અલગારી વૃત્તિ મળે છે. જડતા દૂર થઈ વિવેકબુદ્ધિનો વિકાસ થાય છે. અણમોલ જિંદગીને વેડફાતી અટકાવે છે. આથી જ આ મૂલ્યવાન વારસો આપણને તેમજ આપણી ભાવિ પેઢીને ઉપયોગી થઈ પડે તે માટે સચવાયેલો અને હાથવગો રહે તેવી શુભ ભાવના સહ આપના કરકમળમાં સવિનય, સપ્રેમ સમર્પિત.....

પ્રકાશક :

શ્રીરામકબીર મંદિર ટ્રસ્ટ
૪/૪૪૪૬, ખાંગડ શેરી, બેગમપુરા, સુરત

શ્રીરામકબીર ભક્ત સમાજ ઓફ યુ. એસ. એ.
૧૨૩૧૧ ફાયરસ્ટોન બુલેવડ, નોર્વોક કેલિફોર્નિયા ૯૦૬૫૦

મુદ્રક :

સાહિત્ય સંગમ
બાવાસીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧
ફોન : (૦૨૬૧) ૨૫૯૭૮૮૨/૨૫૯૨૫૬૩, મો. ૯૬૮૭૧ ૪૫૫૫૪
Email : sahityasangamnjk@gmail.com

અર્પણ

વંદનીય પૂર્વજોને

અને

સનાતન ધર્મના ચાહક સાધુજનોને

કબીર કહે કમાલકો દો બાતે શીખ લે
કર સાહેબકી બંદગી ભૂખે કો કુછ દે.

તુલસીદાસજી કહે છે કે :

એક ઘડી આધી ઘડી આધી મેં પુની આધ
તુલસી સંગત સાધ કી કટે કોટી અપરાધ.

સમાજને સમજવાનો, તેમના હૃદયમાં સ્થાન પામવાના અને સંબંધો સ્થાપવાનો પ્રેમાળ પ્રયત્ન એવી શુભ ભાવના સહ સાદર, સવિનય, સપ્રેમ સમર્પિત.

માખણચોર શ્રીકૃષ્ણે બાળપણની શરૂઆત કારાગ્રહની અંધકારની બેડી તોડી ગૌ-ભેંસો અને ગોવાળો સાથે પશુઓની સેવા, ગ્રામજનોને પ્રેમ અને તેમાંથી મળતા નિર્દોષ આનંદથી કરી.

'જય શ્રીકૃષ્ણ', 'જય શ્રીરામ'ના મંત્રને જીવનમાં ઉતારી સરળ, સંયમી, નિર્દોષ જીવન જીવી નવી પેઢીને સંસ્કાર, સંપત્તિ આપી માનવ બનાવનાર વંદનીય પૂર્વજોને અને સનાતન ધર્મના ચાહકોને સદ્‌ભાવના સહ સમર્પણ.

ગોવિંદ ભ. ભક્ત
તેમજ
શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ, સુરત

આભાર-ઋણ સ્વીકાર

પૂજ્ય શ્રી મા સર્વેશ્વરી હંમેશ ટોકતા રહેતા કે લખવાની પ્રવૃત્તિ કેમ ચાલે છે. તેમની પ્રેરણા અને કરુણાથી આ લેખન શક્ય બન્યું. પૂજ્ય માને કોટિ કોટિ પ્રણામ. શ્રી રામકબીર ભક્ત સમાજ ભારત, શ્રી રામકબીર ભક્ત સમાજ ઑફ યૂ. એસ. એ. તેમજ તેની દરેક શાખાઓ તથા ભક્ત કલ્ચર સેન્ટર નોર્વોક, કેલિફોર્નિયાના પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ તથા કારોબારીના સભ્યો જેઓ આ પુસ્તક પ્રકાશનમાં સહાયરૂપ થયા તે માટે સર્વેનો આભાર.

રાજુભાઈ ડાહ્યાભાઈ ભક્ત આર્ચિટેક્ટ રિવરસાઈડ જેમણે કુરુવંશ અને તેમના સંબંધને લગતા વંશજોના નકશા બનાવી આપવા બદલ તેમનો હૃદયથી આભાર.

મારા પુસ્તક પ્રકાશનમાં હરહંમેશ મદદ કરતા. 'કબીરવાણી'ના માજી તંત્રી શ્રી પંકજભાઈનો દિલથી આભાર. 'કબીરવાણી' પ્રકાશનના તંત્રી શ્રીમતિ રીટાબહેન મનીશભાઈ ભક્ત જેઓ મને લખવા માટે પ્રોત્સાહિત કરતા રહે છે. આભાર.

પ્રકાશક શ્રી ચિંતનભાઈ, સાહિત્ય સંગમ, સુરત; તેમજ આ પુસ્તકના પ્રકાશનમાં રેખાબહેન શાહ નો સુંદર પ્રૂફરીડિંગ ઍડિટિંગ કરવા બદલ અને વિલક્ષણ કાબેલ સ્ટાફ સર્વનો ઉષ્માભર્યો આભાર. મિત્ર હિતેચ્છુ મહેન્દ્રભાઈ ભીખાભાઈ ભક્ત જેમના અનેક પુસ્તકોનો ઉપયોગ કરી શક્યો આભાર.

ગુંજનના લેખક પ્રકાશક મુરબ્બી આનંદરાવ લિંગાયત જેઓ

લેખન બાદ સ્ક્રિપ્ટ જોઈ સૂચનો આપી ભૂલો સુધારાવે. કબીર પ્રેમી તેમજ વેદિક સાહિત્યના અભ્યાસી લિંગાયતરાવ સાહેબનો કૃતજ્ઞ છું. આભાર. મિત્ર વલ્લભભાઈનો આભાર.

ઘરના પ્રેમાળ પ્રિયજનો, મોટા ભાગનું કામ જેને શિરે છે તેવા ધર્મપત્ની સુમતી અને બાળકો શૈલેશ, જયશ્રી, અમિત, નમ્રતા, ટીના, આનંદ, પૌત્રો જય, શિવ, લીઝ, સોમ, પ્રપૌત્રી ઝારા આ બધાનો પ્રેમ, લાગણી તેમજ બધા મને દરેક પ્રકારની સગવડ પૂરી પાડી યુવાન બનાવી રાખે છે. મારા આરોગ્યની સંપૂર્ણ કાળજી રાખે છે. ધન્યવાદ ઋણ સ્વીકાર.

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અમોને જે સાથ સહકાર મળ્યો છે તે તમામના અમે આભારી છીએ. અજાણતાથી પણ કોઈની ઉપેક્ષા થઈ હોય તો ક્ષમા કરશો.

મહાભારતના મંથનની મેરેથોન મથામણ...

ભારતીય સંસ્કૃતિના દીવાદાંડીરૂપ સ્તંભો, રામાયણ-મહાભારત માત્ર મહાકાવ્યો જ નહિ, પરંતુ જગતના માનવીમાત્રને 'માનવ' બનાવવાનું માર્ગદર્શન કરનારા પ્રકાશપુંજ છે, જે સદીઓથી માનવજાતને મઠારતાં રહ્યાં છે. આપણી પેઢીઓ બદલાતી રહે છે. સમય અને સ્માજ-સંદર્ભો સતત પરિવર્તન પામતાં રહે છે, પરંતુ આપણાં મહાકાવ્ય જેવી પ્રશિષ્ટ કૃતિઓ એમના ઉપર અવિરત પ્રકાશ પાથરતી રહે છે. માટે જ સમયે સમયે વિદ્વાનો વિવેચકો, સંશોધકો, ચિંતકો, અભ્યાસુઓ આવી વિચાર-ગંગોત્રીને સમજવાની, સમજાવવાની અને યુગાનુરૂપ અર્થઘટન કરવાની મથામણ કરતા રહે છે. ન માત્ર સાહિત્યની દૃષ્ટિએ, પણ અન્ય લલિતકળાઓનાં માધ્યમો - ચિત્ર, નૃત્ય, ગીત-સંગીત-નાટ્ય, શિલ્પ, ફિલ્મ, ટી.વી. દરેકે એની ચેતનાને ઝીલવાનો ને પ્રસારવાનો શક્ય પ્રયાસ કર્યો છે. એ સૌ આવકાર અને અભિનંદનના અધિકારી છે.

આવો એક વધુ આવકારદાયક ઉપક્રમ, શ્રીરામકબીર ભક્ત સમાજના વિચારવંત વિદ્યાપુરુષ, નિવૃત્ત અધ્યાપક મુ. શ્રી. ગોવિંદભાઈ ભક્તે અમેરિકામાં બેઠાં બેઠાં કર્યો છે, અને તે આપના કરકમળમાં સાદર પ્રસ્તુત છે.

ગાગરમાં સાગર સારભૂત મહાભારત! લેખકે એમની અટકને દીપાવી છે, સાર્થક કરી છે. સદ્‌ગુરુ કબીરસાહેબ વિશે દળદાર માર્ગદર્શક ગ્રંથો લખી ચૂકેલા ગોવિંદભાઈ વીરલા જ આવી મહાભારતના મંથનની મેરેથોન મથામણ કરી શખે. મૂળે અધ્યાપક, તેથી અભ્યાસુ જીવ, સંશોધક સ્વભાવ અને સમાજને ઉપયોગી કંઈક આપી છૂટવાની ભાવના એમને

આ મહાયજ્ઞ તરફ દોરી ગઈ. એ માટે એમણે ઘણા ગ્રંથોના સંદર્ભો, ભારતીય અને વિદેશી વિવેચકોનાં ચિંતનો, ભાષ્યકારો - કથાકારો - પ્રવચનકારોનાં અર્થઘટનો, મહાભારતની ઐતિહાસિક અને ભૌગોલિક અધિકૃતતા અને આધારભૂતતા તપાસતાં સ્રોતો, શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં તાત્ત્વિક ઊંડાણ તાગતી સમીક્ષાઓ - ઇત્યાદિ કેટકેટલી જ્ઞાનગલીઓમાં વિચરણ કર્યું હશે. એમ કરતાં કરતાં એમણે મહાભારત અંગેની ઘણી બધી અલભ્ય-અજાણી બાબતો ઉપર પ્રકાશ પાડ્યો છે.

આવાં સંશોધનાત્મક પ્રકાશનમાં બે પક્ષો કે પ્રવાહો સમાનાંતર વહેતા જોવા મળે છે. એક તો કૃતિના કથા પ્રવાહની સફર કરાવતો ઔતિહાસિક પક્ષ (સત્ય - તથ્ય); અને બીજો તાત્ત્વિક પક્ષ - કૃતિના હાર્દરૂપ ઉપદેશનો અમૃત પક્ષ. બંને પ્રવાહોનું સંતુલિત દર્શન અને ભાવન જો વાચકને થતું જાય તો કૃતિનું સમ્યક સંપ્રેષણ એના ચિત્તમાં થતું જાય છે. અને મહાભારત જેવા મહાકાવ્યની કથાગૂંથણી એટલી તો સંકુલ છે કે વાચકને એના કથાતંતુના તાળા ને તાંતણાં મેળવવામાં જ મહેનત લાગી જાય. ૧૮ જેટલાં વિશાળ પર્વો, તેમાં આવતાં કથાનકો, વાર્તા જેવાં છેડા જોડવામાં - શોધવામાં અને સમગ્ર કથામાં તેનું સ્થાન -મહત્ત્વ સમજવામાં ખાસ્સો મનોવ્યાયામ કરવો પડે. અહીં ગોવિંદભાઈએ વાચકને માટે આ ઐતિહાસિક પ્રવાહનો પ્રવાસ સરળ કરી આપ્યો છે. તેઓ લખે છે :

'મહાભારત એ સત્ય - ઇતિહાસ છે. અને મહાકાવ્ય પણ છે. એમાં અસામાન્ય વાતો ઘણી છે, અને જે અસામાન્ય છે તે બધું જ એમાં સમાયું છે. મહાભારતમાં જે નથી, તે બીજે ક્યાંય નથી. સત્ય અને અમૃત મહાભારતના પ્રાણ છે.'

સત્ય - તથ્ય શોધવા, ભેગું કરવા, તેને વ્યવસ્થિત રજૂ કરવા અને તેમાંથી અમૃત, નવનીત તારવી આપવા લેખકે ઘણું વલોવ્યું છે : યુધિષ્ઠિર પછીના ઇન્દ્રપ્રસ્થના રાજ્યકર્તાઓ, તેમનાં નામ, તેમની પેઢીઓ, તેમનો કાર્યકાળ, વિશ્વપંચાંગ મુજબ કૃષ્ણની આયુગણના. મહાભારતનો યુદ્ધકાળ, તેના નિર્ધારણની સાબિતીઓ. મહાભારત કાળનું સમકાલીન ભારતવર્ષ, યુદ્ધમાં સામેલ રાજાઓ - રાજ્યો - તેના સૈન્યો, મહાભારતના મહાનાયકો, સંલગ્ન પાત્રો, કુરુવંશના પૂર્વજો-અનુજો, ઋષિઓ, અસુરો, યાદવો - જાતિઓ - તેમના આંતરસંબંધો,

વિભિન્ન વ્યક્તિઓ, કથાના વિવિધ પ્રસંગો-ઘટનાઓ વગેરેનું મહામંથન ગોવિંદભાઈએ કર્યું છે. જેથી કરીને આમ વાચકને - ભૌગોલિક - રાજકીય - સામાજિક આધારભૂતતાની પ્રતીતિ થાય છે. પછી એના ભાવપક્ષમાં એનો પ્રવેશ સરળ અને સફળ બને છે. તેમાં પણ ગીતાબોધ સમજાવતાં તેઓ લખે છે :

'ગીતા એટલે જગતનો સર્વોત્તમ ગ્રંથ, જગતના દરેક તત્ત્વજ્ઞાનનો, ધર્મો, દર્શનો, વેદોપનિષદોનો નિચોડ... જગતને માનવ ગૌરવ અને માનવ ઉદ્ધારનો પ્રેરક, નિત્યનવીન માર્ગદર્શક ગ્રંથ. આજની તમામ સમસ્યાઓના ઉકેલ ગીતામાંથી મળી રહે છે.'

ઈરાવતી કર્વેના શબ્દોમાં તેઓ નોંધે છે કે 'કૃષ્ણે ગીતા ગાઈ નથી, તેઓ ગીતા જીવી ગયા છે. તેઓ અખિલ જીવનનો સહજ સ્વીકાર કરનાર પૂર્ણાવતાર, મહામાનવ હતા. ગીતા એટલે જ્ઞાન, કર્મ, ભક્તિનું ત્રિવેણી તીર્થ!

ગોવિંદભાઈનો આ મહાભારત કાર્યનો હેતુ પણ સ્પષ્ટ અને નિઃસ્વાર્થ છે. વયસ્ક વાચકો આવા ધર્મચિંતન મનન થકી સાંસારિક માયાથી અલિપ્ત - અલગારી વૃત્તિ કેળવી શકે. યુવાનો પોતાની વિવેકબુદ્ધિ વિકસાવી સારા-નરસાનો, ધર્મ-અધર્મનો ન્યાય કરી શકે અને જિંદગી વેડફાતી બચાવી શકે, અને બાળકો - કિશોરો આનું વાર્તા તત્ત્વ માણી શકે - એવો આ અમૂલ્ય સાહિત્ય - સંસ્કૃતિ વારસો ભાવિપેઢીને હાથવગો, આંખવગો કરાવી રહ્યા છે. એનું મૂલ્ય પણ એમણે રાખ્યું છે : 'સૌની સુખાકારી, ઉન્નતિ અને કલ્યાણની ભાવના...' આમ લેખકનો આ સમગ્ર ઉદ્યમ એ ઉપક્રમ 'સ્વાન્તઃ સુખાય અને સર્વજન હિતાય' રહ્યો છે. આા ગ્રંથને હાથમાં લઈ આપણે 'એક ઘડી , આધી ઘડી' પણ ફાળવીને વાંચીશું, વિચારીશું, કંઈક સારું શીખીશું એમાં આપણું કલ્યાણ જ છે.

જગત કલ્યાણકારી કૃષ્ણનું કથન-કવન અને મહાભારત કથાનું દર્શન અહીં ગોવિંદભાઈએ કરાવ્યું છે તેને પ્રસન્ન આવકાર આપીએ. એમની શુદ્ધ અને શુભ ભાવનાથી(ભક્ત) સમાજને ચરણે ધરેલું આ પ્રકાશન-પુષ્પ એની પાવન પરિમલ પ્રસરાવશે એમાંશંકા નથી. શ્રીરામકબીર મંદિર ટ્રસ્ટ, બેગમપુરા, સુરત શ્રીરામકબીર ભક્ત સમાજ ઑફ યુ. એસ. એ. ૧૨૩૧૧ ફાયરસ્ટોન બુલેવડ નોર્વોક કેલિફોર્નિયા

૯૦૬૫૦ અને સાહિત્ય સંગમ, સુરત આવા સદ્‌પ્રકાશન અને મુદ્રણને માટે અભિનંદનનાં અધિકારી છે.

સાચે જ મહાભારતના સાગરને સારભૂત ગાગરમાં સમાવવાના સાધુકાર્યને બિરદાવીએ, એનું શનૈ શનૈ પાન કરીએ. એનો લાભ લઈ ભલા થઈએ. ગીતા જીવી ત્યાગી થઈએ - આપણા દોષોના - અને મહાભારતની મહાન ભાવનામાં રત રહીએ એ જ ગોવિંદ (કૃષ્ણ) કર્મનું સાર્થક્ય!

શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારી,
હે નાથ નારાયણ વાસુદેવા.

જય શ્રીકૃષ્ણ!

- ડૉ. ચૈતન્ય દેસાઈ
સુરત

પ્રસ્તાવના

ભારત એક એવો વિશિષ્ટ દેશ છે કે જ્યાં આપણી સમગ્ર આમ જનતામાં ઓછે વત્તે અંશે ધાર્મિક પરાયણતા અને ઈશ્વરાભિમુખતા રહેલી છે. આ ધાર્મિક સંસ્કારિતાનું બીજારોપણ અને પોષણ ભારતના સંતોએ તેમની ભજનરૂપ સંતવાણી મારફત કર્યું છે. જેમાં શાસ્ત્રીય ઊંડી ધર્મવિચારણા વિશદ રીતે થઈ હોય એવા ગીતા, મહાભારત, ભાગવત, રામાયણ વગેરે અમૂલ્ય ગ્રંથોનો પણ આપણી ધાર્મિક સંસ્કારિતા પ્રચારવામાં અમૂલ્ય ફાળો છે.

ઐહિક સુખ અને દુ:ખ બંને સરવાળે માણસ જાતને આંતરિક શાંતિ આપી શકતા નથી. માનવ માત્રને આંતરિક શાંતિની ઝંખના રહે છે. સંતોના ભજનો અને ધાર્મિક ગ્રંથોમાં એ શાંતિ માટેનું ભાથું છે. તેમાંથી પોતાની કક્ષા અને રુચિ મુજબ દરેક માનવી પોત પોતાની ઝંખના પ્રમાણે આંતરિક શાંતિ મેળવી શકે છે.

ખેતી અને ગૌ-ભેંસોના પશુ પાલનના ધંધામાં સખત મહેનત કરી. 'શ્રી રમકબીર' મંત્રને જીવનમાં ઉતારી સ્વધર્મને નિષ્ઠાપૂર્વક નિભાવી, જેમને પ્રાથમિક શિક્ષણનો પણ લાભ મળ્યો નથી એવા સામાન્ય ખેડૂત પરંતુ આંતરિક રીતે શિક્ષિત એવા રામકબીર ભક્તસમાજના સંસ્કારી કુટુંબમાં ઓગણીસસો ને ત્રીસના દાયકામાં મારો જન્મ થયો. શાળા કૉલેજના અભ્યાસ બાદ નવસારી ગાર્ડા કૉલેજમાં છ વર્ષ અધ્યાપક રહ્યો ત્યાર બાદ યૂ. એસ. એ.માં સ્થાયી થયો. વતન સાથેનો લગાવ બાળપણમાં જેવો હતો તેવો જ હજી છે તે માટે ગૌરવ અનુભવું છું. હું

જે કાંઈ છું તે વડીલોના બલિદાન, પ્રેમ, તેમના સત્કર્મો અને મને આપેલા સંસ્કારને આભારી છે. તેમને સાદર ભક્તિથી ભાવ વંદના.

ગાગરમાં સાગર સારભૂત મહાભારત પુસ્તકરૂપે લખવાનું મારું સામર્થ્ય કાંઈ નથી. મારી સર્જનામક્તા ઝાઝી નથી. મેં તેને મારા દૃષ્ટિકોણથી સમજવાનો-સમજાવવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે. પૂરોગામી સંતો, ચિંતકો-લેખકો મહાનુભાવોએ જે મહાભારત, રામાયણ જેવા અમૂલ્ય ગ્રંથો લખ્યા છે તે ગ્રંથો અભ્યાસે મારા વિચારના ઘડતરમાં મોટો ફાળો આપ્યો છે. તેમનું હૃદયથી ઋણ સ્વીકારું છું.

બાળપણ, તરુણ, યુવાવસ્થા સુધી ઘરના વડીલો દાદા, મા, પિતા, માતા, ભાઈ, બહેનો સાથે સાંજની આરતી-પ્રાર્થના સાથે બેસીને કરતા. પ્રાથના પછી દરેક વડીલોને વાંકા વળીને પગે લાગવાનો શિરસ્તો હતો.

શ્રીરામ કબીર ભક્ત સમાજનો કૃષ્ણ જન્મજયંતિ-અષ્ટમી સૌથી મહત્ત્વનો મહોત્સવ હોય છે. મહંતના ઘરે હિંડોળો બંધાય ઘરને ચંદરવો અને નવા વસ્ત્રોથી શણગારાય, બાલકૃષ્ણને હિંડોળામાં સુવાડી તેને ઝુલાવાય. પૂરી રાત ભક્ત ભાઈબહેનો, બાળકો જાગરણ કરે. ઝૂલત હૈ પિયુ પ્યારી હિંડોળે જેવા હિંડોળા, કાલેરો, કાનડો, ધોળ, મંગલ, ગરબી, કાફી જેવા અનેક રાગ રાગીનીથી કૃષ્ણની ભક્તિ થાય. વડીલો ઉપવાસ કરે. ભાત ભાતના ભોજન બનાવી કૃષ્ણને થાળ ધરે અને બાર વાગ્યે કૃષ્ણ જન્મની આરતી થાય. એકઠા થયેલા ભક્તજનો પ્રસાદ લે અને ઉપવાસીઓ ઉપવાસ છોડે. એકાદ કલાકના વિરામ બાદ ફરી ભજનો શરૂ થાય તે સવારે છ વાગ્યા સુધી. બધા પોતપોતાના ઘરે જાય. ગામમાં વસતા હળપતીભાઈઓ હરીજન ભાઈઓને, ઘરે બનાવેલા પકવાન, ઢેબરા, પુરી વગેરે રસોઈનું જમણ આપવામાં આવે. બીજે દિવસે રાધા-કૃષ્ણની રાસલીલા થાય. પિતાશ્રીને અનેક વર્ષો, કૃષ્ણ તરીકે અને તેમના ફોયાઈ સાળાને રાધા તરીકે અભિનય કરતા જોયેલા. શ્રાવણ માસમાં ઘરના ઓટલે ગામના બીજા વડીલો અને નાના મોટા પુરુષો સ્ત્રીઓ સાથે સાંજના ભેગા મળી ફાનસ અથવા પેટ્રોમેક્સ સળગાવી રામાયણ અથવા મહાભારત જેવા ધાર્મિક ગ્રંથોનું પારાયણ થતું. કથાકાર બુલંદ અવાજે 'વૈશંપાયે ઋષિ એણી પેર બોલ્યા ને સુણ જનમેજયરાય વિસ્તારી તુજને સંભળાવું આધ પર્વ મહિમાય અહો સુણી એ' રાત્રે અગિયારેક વાગ્યા સુધી કથાને માણતા.

આ રીતે મારા ધાર્મિક વિચારોનું ઘડતર થતું રહ્યું.

કૃષ્ણ સાથે જોડાણની કડી માટે શ્રી શ્રીમદ્ એ. સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદની હરે કૃષ્ણ કોન્શ્યસનેસ (ઈસ્કોન) કૃષ્ણ ભાવના મુવમેન્ટ તેમજ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીની કૃષ્ણ સેવા અને શ્રીકૃષ્ણ જીવન દર્શનને હૃદયથી પ્રણામ.

કૃષ્ણ અર્જુનને પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવે છે તેમાં તેનું રહસ્ય રહેલું છે. તેમાં ધાર્મિક જીવનના માર્ગો વિશેનું યોગ્ય રીતે કરેલું અટપટું અવલોકન છે. તે જ્ઞાન કર્મ, સંયમ અને શ્રદ્ધાના માર્ગોની તેમની વચ્ચેના સંબંધોની અને જગતના લોકોને મૂંઝવતા પ્રશ્નોની ચર્ચા કરે છે અને સમસ્યાઓનું સમાધાન પણ બતાવે છે.

મહાભારતને આપણે નૈતિક, તત્ત્વજ્ઞાન, દાર્શનિકના સંદર્ભમાં સમજવું જોઈએ. મહાભારતને આપણે ઐતિહાસિક ઘટના સંદર્ભે સ્વીકારી તેને મુલવવી જોઈએ તો જ મહાભારતનું મહત્ત્વ સમજાશે. ભારતમાં તો આ ગ્રંથ હિંદુ ધર્મના પાયારૂપ ધાર્મિક મહાગ્રંથ તરીકે પૂજાય છે. મહાભારતમાં ગવાયેલી ગીતા માનવને જીવન જીવવાની અજબ ગજબની શીખ આપે છે અને મોક્ષનો માર્ગ ખુલ્લો કરી આપે છે. મહાભારતનો અનેક ભાષામાં અનવાદ થયો છે અને મહાગ્રંથ તરીકે સ્વીકારાયેલો છે. એક નોંધ લેવી જરૂરી છે કે પશ્ચિમના દેશોને મહાભારતમાંથી સોનાની લગડી મળી છે તેઓ કૃષ્ણના ભક્તો બન્યા અને તાલબદ્ધ મંત્રોચ્ચાર કરતા ધ્યાનસ્થ બની જાય છે.

પાંચ હજાર વર્ષ પહેલાં થઈ ગયેલા લોક નાયક શ્રીકૃષ્ણનું ચરિત્ર આદિકાળથી આજ સુધી વિધિધ પ્રકારના વર્ગને, સમાજને, દેશ વિદેશની પ્રજાને ધર્મ અધ્યાત્મ ક્ષેત્રે સૌથી વિશેષ રૂપે આકર્ષતુ રહ્યું છે. તેથી અનેક ભાષામાં કૃષ્ણનો મહિમા દેશ-વિદેશમાં શ્રદ્ધા-ભક્તિભાવપૂર્વક નિરૂપિત થતો રહ્યો છે. ભક્તો, રસિકજનો, સંસારીઓ, પ્રેમીજનો, કવિઓ, લેખકો, પંડિતો, જ્ઞાનીજનો, તત્ત્વચિંતકો, નાનામોટા સૌ માનવોને શ્રીકૃષ્ણના વિવિધ રૂપો થકી પોતપોતાની રીતે તેની અનુભૂતિ થતી રહી છે. અર્થઘટન, ચિંતન, જીવન દૃષ્ટિ સાંપડ્યા છે. જેલથી માંડી વનમાં પોતાના અંત સુધી પોતાનું વ્યક્તિત્વ પ્રગટાવ્યું છે. અનેક નામોથી જાણીતા કૃષ્ણને કયા નામે સંબોધવા?

વ્રજના લોકો માટે વ્રજમોહન, દેવકીનો વહાલો દેવકીનંદન,

ગાયોને પ્રેમ કરનાર ગોપાલ, ગોપીઓનો ગોપીજન, વલ્લભ, બંસીધર, ગોવિંદ, મોહન, કેશવ, મધુસૂદન વગેરે. ઉંમરની સાથે કૃષ્ણે વિવિધ લીલા અને પોતાનું કર્તવ્ય નિભાવ્યુ છે. બાલકૃષ્ણ, કિશોર કૃષ્ણ, યુવા કૃષ્ણ, લોકનાયક શ્રીકૃષ્ણ, યોગેશ્વર કૃષ્ણ રૂપે વિવિધ લીલા અને કર્તવ્ય નિભાવ્યા છે. તેમ છતાં તે હંમેશા નિઃસ્પૃહ રહ્યા છે.

વિલક્ષણ વ્યક્તિત્વ ધરાવતા શ્રીકૃષ્ણે દુષ્ટોનો સંહાર કરી ધર્મની સ્થાપના માટે કોઈ ખોટી મર્યાદાનાં બંધનો સ્વીકાર્યા નથી. શામ, દામ, દંડ, ભેદની જે સમયે જરૂર પડી ત્યાં એ નીતિ અજમાવી લોકકલ્યાણનું કામ કર્યુ છે. એ માટે કોઈને પ્રતિજ્ઞામાં બાંધે છે, યુદ્ધભૂમિ પર પ્રતિજ્ઞાને તોડે છે. અસત્યનો આશરો સત્ય માટે લે છે. શ્રીકૃષ્ણ વાંસળી પણ વગાડે છે, શંખ પણ ફૂંકી જાણે છે અને સુદર્શન ચક્ર પણ ઉપાડી જાણે છે. યુદ્ધભૂમિ પર અર્જુનને 'શાસ્ત્ર' સમજાવી શકે છે તો શસ્ત્ર ઉપાડવા માટે પ્રવૃત્ત પણ કરે છે. પાંડવોના યજ્ઞમાં એંઠી પતરાળી ઉપાડનાર અને અર્જુનના સારથિ બની રથ હાંકનાર શ્રીકૃષ્ણ દ્વારકા નગરીના સમ્રાટ પણ બની શકે છે. આમ રાજનીતિજ્ઞ, યુદ્ધનીતિજ્ઞ, વિષ્ઠિકાર, યુગપુરુષ, યોગપુરુષ, તત્ત્વચિંતક તરીકે પ્રસિદ્ધ છે. [૧]

'મહાભારત એક મોટો સાગર છે. તેમાંથી હીરા, માણેક, મોતી જે કાંઈ બહાર કાઢવું હોય તે જુદી જુદી રીતે કાઢી શકાય. મહાભારતમાંથી વિવિધ વિદ્વાનોએ પોતપોતાને જે મળ્યું તે તેમણે લખ્યું છે, તેમાં બધુ આવી ગયું છે તેમ કહી શકાય નહિ. જુદા જુદા વિષયોના જ્ઞાતાઓ, ભાષશાસ્ત્રી, જ્યોતિષો, ધાર્મિકો, કલાકારો, ઈતિહાસકારો, લેખકો, સંપાદકો, કવિઓ, કલાકારો મહાભારતની વ્યક્તિ અને પ્રસંગો પર જુદી જુદી રીતે લખી શકે છે. મારી સમજ અને શક્તિ પ્રમાણે મહાભારતને મુલવવાનો અને શ્રીકૃષ્ણની લીલાને માણવાનો અને પ્રચાર પ્રસાર કરાવવાનો પ્રયાસ છે. ત્રુટિઓને ક્ષમ્ય ગણી સંશોધનથી પૂરી કરવી. આપણી પાસે જે ઈતિહાસ કે કથા છે તે વૈશમ્પાયને અર્જુનના પ્રપૌત્ર જનમેજયને કહી હતી તેની આવૃત્તિ છે. આ કથા ઉગ્રસવા લોમહર્ષિણીએ નૈમિષારણ્યમાં કુલપતિ શૌનકને જે કહી હતી

---

૧. ડૉ. રમણભાઈ પી. પટેલ : શ્રીકૃષ્ણ માત્ર નામ નથી પરંતુ સમસ્ત માનવ જાતિની શ્રદ્ધા, કર્તવ્ય, પ્રેમનું મંગલ પ્રતીક છે. ગુજરાત ટાઈમ્સ, પરીખ વર્લ્ડ મીડિયા, ન્યુજર્સી યુ. એસ., સપ્ટેમ્બર ૨૦૨૩ પાન સ ૧૧.

તે છે. તેમાં એક લાખ શ્લોકો નહિ પણ ૯૫,૫૮૬ શ્લોકો છે. મહાભારત પરથી આપણી પ્રાચીન કુટુંબ વ્યવસ્થા, રાજકીય સંસ્થા, ધાર્મિક વ્યવહાર કેવો હતો તે સમજતાં આપણા સાંસ્કૃતિક ઈતિહાસના એક તબક્કાની જાણ થાય.' [૨]

'જ્ઞાનનો અર્ક નીતિશાસ્ત્ર સ્વરૂપે જોવા મળે. નીતિશાસ્ત્રની વાત નીકળે ત્યારે ચાણક્યને અવશ્ય યાદ કરવા પડે. ચાણક્ય નીતિના સેંકડો વર્ષો પૂર્વે જ્ઞાન માર્ગને પ્રશસ્ત કરતી વિદુર નીતિમાં જીવનના અત્યંત ગૂઢ રહસ્યો સરળ ભાષામાં રજૂ કરવામાં આવ્યા છે. વિદુર એ મહાભારતનું સૌથી વિચક્ષણ અને વાસ્તવવાદી ચરિત્ર છે. મહાભારતના ભીષણ યુદ્ધ પૂર્વે યુદ્ધના ભયાનક પરિણામો પરત્વે હસ્તિનાપુરના રાજાવી ધૃતરાષ્ટ્રનો એમના સાવકા ભાઈ વિદુર સાથેનો વાર્તાલાપ એ વિદુર નીતિ છે. કૌરવ-પાંડવોના યુદ્ધના વાદળો ઘેરાયા હોય છે એવા સમયે મહારાજા ધૃતરાષ્ટ્ર તેમના જ્ઞાની સલાહકાર વિદુરજીને બોલાવી યુદ્ધના સારા નરસા પાસાની ચર્ચા કરે છે. ઉદ્યોગપર્વમાં આ સંવાદનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે. આ સંવાદ વિદુર નીતિ તરીકે ઓળખવામાં આવે છે. જીવનની આઠ મહત્ત્વપૂર્ણ ગુણવત્તાની વાત આ શ્લોકમાં કરે છે.

અષ્ટોગુણાઃ પુરુષં દીપયંતિ । પ્રસા ચ કૌશલ્યંમ ચ દમઃ શ્રતંચ ॥
પરાક્રમ શ્ચાબહુ ભાષિતાચ । ધનં યથાશક્તિ કૃતજ્ઞતાય ચ ॥

વ્યક્તિમાં બુદ્ધિ કૌશલ્ય, શાલિનતા, ઈન્દ્રિય નિગ્રહ, શસ્ત્રના જ્ઞાનની, પરાક્રમની, મીતભાષી, શક્તિમુજબ દાન અને કૃતજ્ઞતાની ભાવના જીવનની સફળતા અને સફળ વ્યવહાર માટે આઠ ગુણો સંપન્ન હોવા જોઈએ. [૩]

'સનાતન ધર્મના ધાર્મિક ગ્રંથો મહાભારત, રામાયણ, ઉપનિષદ, વેદો તેમજ આખાય બ્રહ્માંડ વિશે તેની ચેતના કેવાં સ્તરે વિસ્તરતી રહી છે તેની વિચારધારા, પ્રજાના જીવન વિશે કેવું કેવું વિચારી શકે છે? જ્ઞાનની, ડહાપણની, સમજની, સદ-અસદની, આ લોક-પરલોકની જીવનની વિવિધ અવસ્થાની, સાચી જીવન પદ્ધતિની, માનવ પ્રકૃતિની, જડ-ચેતન પ્રકૃતિ વગેરેની ઝીણામાં ઝીણી વિગતો તેમાંથી પ્રાપ્ત થઈ

---

૨. ઈરાવતિ કર્વે છ યુગાન્ત, સાહિત્ય અકાદમી, નવી દિલ્હી
૩. પુલક ત્રિવેદી : મહાભારતમાં વિદુર નીતિ. ગુજરાત ટાઈમ્સ, પરીખ વર્લ્ડ મીડિયા, ન્યુજર્સી, યુ. એસ., ઓગસ્ટ ૨૦૨૩

રહેશે. તેમાં પ્રસંગો, ઘટનાઓ, પરિસ્થિતિઓ, વર્ણનો, તેની ભાષા સઘળું અર્થપૂર્ણ રહ્યું છે. એકાર્થ નહિ, અનેકાર્થ રૂપે તેની પ્રતીતિ થઈ રહે છે. દરેક સમયને તેમાં ચિત્રિત થયેલો જોઈ શકીશું. મહાભારતમાં ભારતીય ચેતનાનાં સકારાત્મક-નકારાત્મક રૂપો, તેનાં શક્તિ અને નબળાઈનાં પ્રમાણ બધું ત્યાં જોવા મળે છે. મહાભારત જેટલું કૌરવો-પાંડવોનું રહ્યું છે તેટલું જ આપણુંય મહાભારત રહ્યું છે.

કર્ણના પાત્રમાં તેને અન્યાય થયાની વાત આવે, દ્રૌપદી સાથેના પરસ્પરના ખેંચાણની વાત આવે, મહાન દાનવીર તરીકે ગણના થાય. મહાન યોદ્ધા તરીકે બિરદાવાય, દુર્યોધનનો જીગરી દોસ્ત ગણાય. અધર્મ પક્ષે જોડાયો અને હણાયો.

દુર્યોધનના પાત્રને જોઈએ તો તે પણ શક્તિશાળી યોદ્ધો, ગદાધર યોદ્ધો તેજસ્વી તેમ છતાં અતિ મહત્વાકાંક્ષા, હંમેશ છીનવી લેવાની વૃત્તિવાળો, સત્તાભૂખ્યો, અહંકારી મામાં શકુનિની જાળમાં ફસાતો રહ્યો. તેના દુષ્ટ ઈરાદાનો હાથો બનતો રહ્યો. પાત્ર વિના વસ્તુ ટકતી નથી. આ વાત તેને લાગુ પડે છે. ઝૂંટવી લીધેલું રાજ્ય તેને સર્વનાશ તરફ દોરી જાય છે.

મામા શકુનિ એટલે ઝેરીલો સાપ. બહેન ગાંધારીના લગ્ન પોતાની ઇચ્છા વિરુદ્ધ અંધ ધૃતરાષ્ટ્ર સાથે થતા તે વેર ઝેરમાં બળતો રહે છે અને કૌરવોનો-ધૃતરાષ્ટ્રનો વિનાશ કરવા દુર્યોધનને તેનો હાથો બનાવે છે. પ્રપંચ, કૌભાંડ, જૂઠાણું, અવળી ભાષા તેના પીંડમાં લાગે છે. શતરંજની છેતરપિંડી અને છળકપટ કૌરવકુળનું નિકંદન અને રાષ્ટ્રને અંધકારમાં ધકેલી દે છે.

ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના પાત્રોમાં સંતાન પ્રત્યેની આંધળી આશક્તિ, મારાને ખાંડ અને પાંડવોને ફુંસકો, સચ્ચાઈને જાણવા છતાં આંખ આડા કાન કરતા રહ્યા. ભીમને સરોવરમાં ફેંકવું, પાંડવોને લાક્ષાગૃહમાં બાળી મૂકવાનું ષડયંત્ર વગેરે પોતાની આંખ સામે જોતા રહ્યા અને પુત્રોના અક્ષમ્ય અઘટિત કાર્યો પર ઢાંક પિછોડો કરતા રહ્યા.

ગાંધારીએ જીવનભર આંખે પાટા બાંધ્યા પણ પોતાના સંતાનોને સદ્‌માર્ગે દોરવાનો કે તેને સદાચારી બનાવવાનો પ્રયત્ન કર્યો નહિ. પુત્રોના દુષ્કૃત્યો જાણતા હોવા છતાં તેને અટકાવ્યા નહિ. સારા માતા-પિતાના ફરજ બજાવી નહિ ઉલટાના તેમને કુમાર્ગે જવાની આડકતરી

રીતે સંમતિ આપતા રહ્યા. તેમને ઉત્તેજન આપતા રહ્યા. વડીલો ભીષ્મ, વિદુર જેવાની પણ ઉપેક્ષા કરતા રહ્યા.

દ્રોણાચાર્ય કૌરવો-પાંડવોના ગુરુ છે. પુત્ર પ્રેમના મોહમાં દ્રોણાચાર્ય અશ્વત્થામાને બ્રહ્માસ્ત્ર વિદ્યા શીખવે છે. પરંતુ બ્રહ્માસ્ત્ર પાછું ખેંચવાનું શીખવતા નથી. તે જાણતા હતા કે પુત્રની એ ક્ષમતા નથી. તેમના મનની કામના એવી ખરી કે તે ધનુર્વિદ્યામાં શ્રેષ્ઠ બને. યુદ્ધના વિનાશમાં કૌરવોનું નિકંદન થતા તે પાંડવોના નાશ માટે આ બ્રહ્માસ્ત્ર છોડે છે. વ્યાસમુનિના સમજાવવાથી તે બ્રહ્માસ્ત્ર પાછું વાળવાને બદલે ઉતરાના ગર્ભનો નાશ કરવા તેના તરફ વાળે છે. શ્રીકૃષ્ણ તેને વિફળ બનાવે છે અને અશ્વત્થામાને શ્રાપ આપે છે ૩૦૦૦ વર્ષ સુધી એકલો ગંધાતા રોગીષ્ઠ શરીરવાળો જંગલમાં ભટકતો રહેશે. કુપાત્રને આપેલું વિદ્યાદાન પણ વિનાશ નોતરે છે.

અર્જુનની ધનુર્વિદ્યામાં દ્રોણાચાર્યનું ગુરુપદ ઝળહળી રહે છે. અર્જુન પ્રચંડ યોદ્ધો છે. શ્રીકૃષ્ણનો શખા પણ છે અને શિષ્ય પણ છે. ગીતામાં શ્રીકૃષ્ણનો એ પરમ ભક્ત આજ્ઞાંકિત શિષ્ય છે. પાછળથી તે યોદ્ધારૂપે રજૂ થતો રહ્યો છે. વિવેક અને વિનય તેના અણુએ અણુમાં છે. સાચા અર્થમાં તે પાંડવોના આજ્ઞાંકિત પ્રતિનિધિ રૂપે ઉપસ્થિત થયેલો છે.

યુધિષ્ઠિરનું પાત્ર આમ દેખીતી રીતે નિષ્ક્રિય લાગે, પરંતુ ભીતરથી તેટલું જ સક્રિય છે. યોદ્ધા સાથે તે પાંડવશ્રી છે. ધર્મનું બિરુદ તેને યથા યોગ્ય જ મળ્યું છે. આચાર, વિચાર, ધર્મ, કર્મ, નીતિ, વાણી એક સદ્પુરુષનાં, સાધુતાના લક્ષણો છે. મહાભારતની ચેતના છે. તેમણે તેમના જીવનપર્યંત યુદ્ધ દરમિયાન પણ નીતિ ધર્મને, વાણી વર્તનથી અળગા કર્યા નથી. શ્રીકૃષ્ણ પર અપાર શ્રદ્ધા અને પ્રેમને કારણે યુદ્ધમાં ક્યારેક નરોવા કુંજરોવા જેવું અર્ધ સત્ય બોલવું પડ્યું. શ્રીકૃષ્ણના આદેશનું પાલન કર્યું. અર્ધ સત્ય તેને જીવનભર ડંખતું રહ્યું. સદેહે સ્વર્ગારોહણ કરનાર ધર્મરાજાના બિરુદને સાર્થક ઠેરવ્યું.

હસ્તિનાપુરની રાજસભામાં ભીષ્મપિતા સૌથી મોટી ઉંમરના વડીલ હતા. ધર્મ શું તેના તે જ્ઞાતા હતા. તેઓ ક્ષત્રિય અપ્રતિમ વીર હતા. સર્વગુણ સંપન હતા. સમર્થ શાસક હતા. પરંતુ ક્યારેક માણસ લાગણીવશ બની સ્વજનો માટે પ્રેમ અહોભાવ માટેની લાગણીમાં તણાય જાય છે. અને એવા આવેશમાં લેવાયેલા નિર્ણયો જીવનભરની પીડા અને

કુટુંબના પતનનો વિષય બને છે. ભીષ્મ-દેવવ્રત, પિતા શાંતનુના સત્યવતી સાથે લગ્ન માટે નિષાદરાજે મૂકેલી શરતને સ્વીકારે છે અને પ્રતિજ્ઞા લઈને કહે છે કે સત્યવતી અને શાંતનુનું સંતાન જ રાજા બનશે એટલું જ નહી, પોતે અખંડ બ્રહ્મચારી રહેશે. દેવવ્રતને આ બે પ્રતિજ્ઞા તેમને ભીષ્મપિતામહ બનાવે છે. ઈચ્છામૃત્યુનું વરદાન તેને માટે અભિશાપરૂપ હતું. જીવ્યા ત્યાં સુધી ભીષ્મ કે દેવવ્રત તરીકે નહીં, એક વચનબદ્ધ, કહ્યાગરા રાજ્ય પરિવારના શિસ્ત સંયમી, રાજ્ય સમર્પિત વ્યક્તિ તરીકે જીવ્યા. તેમના ચરિત્ર અને વિરાટ રાજવીર તરીકેનો લાભ ન તો રાજ્યને કે પ્રજાને મળ્યો. વચનબદ્ધ ભીષ્મ અધર્મીઓ સાથે જીવનભર રહ્યા. અધર્મીઓ સાથે જીવવું પડ્યું.' [૪]

શ્રીકૃષ્ણ ભગવાને નાની વયમાં લોકોના હૃદયમાં વિલક્ષણ લોકપ્રિયતાનું અંલૌકિક સ્થાન મેળવ્યું કારણ તે પોતાને નાના સામાન્ય બાળક બની લોકોના થઈને રહ્યા. જરાસંધથી પ્રજાનો વિનાશ થતો અટકાવવા તેઓએ મથુરા છોડી સૌરાષ્ટ્રમાં દ્વારકા નગરી વસાવી. સત્યના સંપૂર્ણ આવિષ્કારનો આવો પ્રસંગ ઈતિહાસમાં ક્યાંયે જોવા નહિ મળે. સજ્જનો માટે યુગ શક્તિ અને દુર્જનો માટે કાળ શક્તિરૂપ હતા. મહાપરાક્રમી સાથે વિનમ્ર પણ હતા. નિર્લોભી અને નિઃસ્વાર્થ શ્રીકૃષ્ણે ક્યારે પણ કોઈ રાજ્ય પર રાજ્ય કર્યું નથી. જરાસંધ કે શિશુપાલને મારી તેમના રાજ્યો તેમના રાજ્યપુત્રોને જ પાછા આપેલા. તેઓ અદ્‌ભુત નેતા, ધૈર્યવાન, વ્યવહારકુશળ, રાજનીતિજ્ઞ, પૂર્ણ શાંત, સ્વસ્થ, નિઃસંશય, નિઃસ્પૃહ, માનસ શાસ્ત્રના પ્રણેતા, વ્યવહારદક્ષ, ઉત્કૃષ્ટ બુદ્ધિમત્તા એવા સર્વગુણ સંપન્ન હતા.

મહાભારતનો કૃષ્ણ અનેરો છે. તે હાથમાં આવતો જ નથી. મહાભારતમાં રાધાનો કૃષ્ણ નથી, કુંજવનમાં ગોપાળો વચ્ચે વેણુ વાગાડનારા કૃષ્ણ નથી, રુક્મિણી વલ્લભ કૃષ્ણ નથી, રાધા મોહન નથી, દ્રૌપદીના ચીર પુરનારા કૃષ્ણ નથી, ગાંધારીનો શ્રાપ સવિનય સહજભાવે સ્વીકાર્યો. પોતાની સામે યદુવંશનો વિનાશ જોઈને પણ વિચલિત થતા નથી. ક્યાંયે એ આશક્ત થતો નથી. સૌ માનવીય દુઃખ-સુખ તેનાં ચારિત્રમાં દેખાતા હોવા છતાં આ વિલક્ષણ અલિપ્તતાને લીધે તેને

૪. પ્રવિણ દરજી છ પાત્રોનું મહાભારત, ભિક્ષુ અખંડાનંદ ટ્રસ્ટ અમદાવાદ, જુલાઈ ૨૦૨૩

સાકાર કરી શકાય એમ નથી. સંધી માટે ગયેલા શ્રીકૃષ્ણને દુર્યોધને બંદી બનાવવાનું અપરાધિત કૃત્ય કરેલું તેમ છતાં યુદ્ધ માટે મદદ માંગવા દુર્યોધન શ્રીકૃષ્ણ પાસે ગયો અને તેની ઈચ્છા અનુસાર પોતાનું વિરાટ સૈન્ય મહાભારતના યુદ્ધમાં આપ્યું. શ્રીકૃષ્ણની સેનાનો મહાયોદ્ધો ભૂરિશ્રવાનો વધ શ્રીકૃષ્ણના માનીતા રક્ષક સાત્યકિ કરે છે. ભીષ્મનો વધ શિખંડીને સામે રાખી અર્જુન કરે છે, દ્રોણાચાર્યનો વધ ધૃષ્ટદ્યુમ્ન કરે છે, કર્ણનો વધ અર્જુન કરે છે. આમ યુદ્ધમાં ક્રિયાશીલ-પ્રવૃત્ત નહિ એવા મહારથીઓનો વધ ઉચિત છે? એમ કોઈને લાગે પરંતુ મહાભારત એ ધર્મ યુદ્ધ છે અને જે મહારથીઓ અધર્મના પક્ષે લડે છે તેમને હણવા અને ધર્મની સ્થાપના તેમજ અધર્મનો નાશ કરવો તે કૃષ્ણ ધર્મ ગણાય. પાંડવોનો નાશ થાય તો ધર્મનો નાશ થયેલો ગણાય. માટે શ્રીકૃષ્ણ કર્ણપર્વમાં કહે છે કે 'જ્યાં અસત્ય બોલવાનું પરિણામ સત્ય બોલવા જેવું મંગલકારી હોય ત્યાં અસત્ય બોલવું અમંગલકારી નથી, તે સ્વીકાર્ય છે. અથવા જ્યાં સત્ય બોલવાનું પરિણામ અસત્ય ભાષણ જેટલું અનિષ્ઠકારી હોય ત્યાં સત્ય ન બોલવું તે ઉચિત ગણાય.

ડૉ. ગુણવંત શાહ, મહાભારત-માનવ સ્વભાવનું મહાકાવ્ય આર. આર. શેઠ ઍન્ડ કંપનીમાં મહાભારતમાં અખિલની આરાધનાને સમજાવતા લખે છે કે અખિલની આરાધનાનો મેળ મહાભારત સાથે આબાદ બેસે છે. કારણ કે જેને જગત અખિલ કહે છે તેમાં બધે બધું શુભ નથી અને બધે બધું અશુભ પણ નથી. ગીતાના બારમાં અધ્યાયમાં ભક્તના લક્ષણો વર્ણવતી વખતે શ્રીકૃષ્ણ દ્વારા મજાનો શબ્દ પ્રયોજાયો છે; શુભાશુભ પરિત્યાગી. આવી ઊંચી અવસ્થા પર પહોંચવાની વાત પણ એટલું તો સિદ્ધ કરે છે કે શુભ અને અશુભનું દ્વંદ્વ આ સંસારમાં છે. અરે, દ્વંદ્વાતીત અવસ્થા પણ એટલું જ સિદ્ધ કરે છે કે સંસાર દ્વંદ્વોથી ભરેલો છે. મહાભારતના સંદર્ભે વિશ્વને રમાડતી અને રંજાડતી બે સંપદા એટલે દૈવી સંપત્તિ અને આશુરી સંપત્તિ. આપણી ભીતર ડોકિયું કરીએ તો જરૂર આપણે શાંતિથી સુતેલા દુર્યોધનને ઓળખી શકીએ. જો દુર્યોધનને બરાબર ઓળખીએ તો કદાચ આપણી ભીતર પડેલા યુધિષ્ઠિરને જગાડી શકાય. દુર્યોધન વિવાદથી ભરેલું મહાવૃક્ષ છે. યુધિષ્ઠિર એ ધર્મમય મહાવૃક્ષ છે.

મહાભારતના દરેક પાત્રોની પોતપોતાની કથા છે. વિષાદ છે

આનંદ છે. હર્ષ-શોક, સુખ-દુ:ખ, જય-પરાજય, સત્ય-અસત્ય, ધર્મ-અધર્મ બધા પાત્રોમાં ક્યાંક દોષ કે નિર્દોષતા, વીરતા કે દુર્બળતા દેખાય છે. દરેકના જીવનમાં ચાલતી દેવ અને દાનવ વચ્ચે ચાલતી ખેંચતાણ છે તેઓમાં પણ દેખાય છે. બધા સદ્‌ગુણી પણ નથી કે બધા દુર્ગુણી પણ નથી. બધા જ અપૂર્ણ છે. આપણે પણ મહાભારતના વિવિધ પાત્રોમાંના એક હોઈએ એવું લાગે છે. આપણને જીવનનો મર્મ, સત્ય અને ધર્મને સહારે અર્થપૂર્ણ જીવન કેવી રીતે જીવાય તે શીખવે છે. શ્રીકૃષ્ણે ગાયેલી ગીતા એક અમૂલ્ય ગ્રંથ છે જેને સહારે કૃષ્ણમય થવાય અને ભવસાગર તરાય. શ્રીકૃષ્ણે ધર્મ અને સત્પુરુષોના રક્ષણ માટે માનવ જન્મ ધારણ કર્યો હતો. અધ્યાય ૧૩ ક્ષેત્રક્ષેત્રજ્ઞ યોગના ૧૬મા શ્લોકમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, તે બ્રહ્મ ભૂતોની બહાર અને અંદર પણ છે. તેમજ સ્થાવર જંગમ પણ છે, તે સૂક્ષ્મ હોવાથી જાણવાને અશક્ય છે; દૂર રહેલ અને પાસે પણ છે. અને અધ્યાય ૧૧ના ૭મા શ્લોકમાં કહે છે કે, હે ગુડાકેશ! આ મારા શરીરમાં એક જ સ્થળે રહેલું સ્થાવર-જંગમ સહિત સમગ્ર જગત અને બીજું તું જોવા ઇચ્છે છે તે, આજે જો. એટલે શ્રીકૃષ્ણે પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ભગવાને માનવરૂપે પૃથ્વી પર અવતાર લીધો હતો. શ્રીકૃષ્ણને પામવા ગીતામાં કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ જેવા માર્ગ બતાવ્યા છે. તેમાં ભક્તિભાવનાના બે માર્ગ છે. સગુણ અને નિર્ગુણ. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, જેઓ અનન્ય ભાવે મારામાં મન જોડી, મારે પરાયણ થઈ, પરમ શ્રદ્ધાથી મને ઉપાસે છે તેમને હું શ્રેષ્ઠ યોગી ગણું છું. ભક્તિ કે સાધનાના પ્રારંભમાં ધ્યાન, ધારણા અને ધ્યેય અલગ હોય છે, પરંતુ દૃઢતાપૂર્વક આગળ વધતા એ ત્રણેય એકાકાર બની જતા હોય છે. આ રીતે ભક્તિ સાકારમાંથી નિરાકાર બ્રહ્મમાં પરિપૂર્ણ થતી હોય છે. આવી અનન્ય ભક્તિ આપણને ભગવદ્ ભાવથી જોવાની દૃષ્ટિ આપે છે અને આપણે વાસુદેવં : સર્વમિતિંની ભાવના સાથે સર્વત્ર પ્રગટ પ્રભુના દર્શન કરી જીવનને ધન્ય બનાવી શકીએ. આવા મુક્તિદાતા શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર હો.

શ્રીરામકબીર સંપ્રદાયના વડવાઓને કબીરના કે વૈષ્ણવ ધર્મના ધાર્મિક પુસ્તકો વાંચવા વિચારવાનો ખાસ લાભ મળ્યો ન હતો. તેઓએ તુલસીદાસ, કબીર, નરસિંહ, રોહિદાસ, સુરદાસ, મીરાં, બ્રહ્માનંદ જેવા વૈષ્ણવ ભક્ત કવિઓના ભજનોને કંઠસ્થ કરી પેઢી દર પેઢી વારસો

જાળવી રાખ્યો હતો. તહેવારો કે લગ્ન, મરણ જેવા પ્રસંગોએ તેઓ કાંસા, ઢોલક થકી ભજનો ગાઈ કૃષ્ણ, કબીરની આ રીતે ભક્તિ કરતા. નવી પેઢીને ગુજરાતી અંગ્રેજી પુસ્તકો દ્વારા વધુ લાભ મળે અને સાંસ્કૃતિક વારસો જળવાય રહે તે માટેના આ પ્રયત્નો છે.

A France philosopher and economist Robert Jacques Thrgot wrote in 1700 about how learning is shared : "--- speech-and writing --- have made common treasure store of all individual knowledge, which one generation bequeaths to the next, a heritage constantly augmented by the discoveries of each other" we like to think of people of earth as a community of learners : each of us has special interests and skills and knowledge and as we gather ideas and information, we have duty to share that learning with others.

ગોવિંદ ભક્ત

મહાભારતની મૂળ ગૂંથણી

મહર્ષિ વસિષ્ઠઋષિ અમર કહેવાય છે. તેઓ રામાયણમાં પણ છે અને મહાભારતમાં પણ છે. તેમના પુત્રનું નામ શક્તિ હતું. શક્તિને અરણ્યમાં ભયાનક રાક્ષસ ખાઈ ગયો. તે વખતે તેની પત્ની અદૃશ્યંતિ સગર્ભા હતી. થોડા દિવસો પછી અદૃશ્યંતિએ એક સુંદર બાળકને જન્મ આપ્યો. પોતાના પુત્ર શક્તિના મૃત્યુથી વસિષ્ઠઋષિ શોકાતુર રહેતા હતા પરંતુ પૌત્રના આગમનથી તેઓ આનંદિત રહેવા લાગ્યા. તેઓ નકારાત્મક વિચારોથી મુક્ત થયા. પૌત્રનું નામ તેમણે 'પરાશર' પાડ્યું. આ પરાશરમુનિથી મત્સ્યગંધા(સત્યવતી)થી જે બાળક થયું તે જ મહર્ષિ વ્યાસ. જેણે મહાભારતની રચના કરી.

મહાભારતના યુદ્ધ દ્વારા જગતના જગદ્‌ગુરુ બની, માનવજીવનનો સંપૂર્ણ ચિતાર આપી, જીવનને સાર્થક બનાવવા એમણે મોક્ષપ્રાપ્તિના સરળ ઉપાય બતાવ્યા. આ કાર્યને સિદ્ધ કરવા એમણે પરમાત્માના ચોવીસ અવતારમાંના ચોથા અવતાર નર અને નારાયણનો આશરો લીધો. મનુ મહારાજની ત્રીજી પુત્રીના દક્ષ પ્રજાપતિ સાથે લગ્ન થયા હતા. દક્ષને સોળ પુત્રીઓ હતી. તેમાંની તેર કન્યાઓને એમણે ધર્મ સાથે પરણાવી હતી. તેમાંની એક પત્ની મૂર્તિ હતી. ધર્મ અને મૂર્તિથી થયેલા પુત્રો તે નર અને નારાયણથી જાણીતા હતા. દ્વાપરયુગમાં નારાયણ-કૃષ્ણે વસુદેવ-દેવકીના ખોળે જન્મ લીધો અને નર-અર્જુને પાંડુ-કુંતીના ખોળે જન્મ લીધો.

અર્જુને કૃષ્ણના શિષ્ય બની મહાભારતમાં મુખ્ય ભૂમિકા ભજવી. ગુરુ-શિષ્યના સંબંધો સ્થાપિત કર્યા. એમણે ધર્મ અને અધર્મની પરિભાષા સમજાવી.

મહાભારતમાં શું નથી? માનવસહજ નબળાઈ છે, સબળાઈઓ છે, વીરત્વ છે, હિંસા છે, અહિંસા છે, વેરવૃત્તિ છે, છળકપટ છે, દ્વેષવૃત્તિ છે, અજબગજબના ચમત્કારો છે, જુગાર છે, મદીરા છે, માંસ છે, અપહરણો છે, પાશવીવૃત્તિ છે, ભવ્ય ત્યાગ અને અમર પ્રેમની વાર્તાઓ પણ છે. ધનનું, દાનનું, યજ્ઞનું, તપનું એમાં મહત્ત્વ છે. કામવૃત્તિઓ સાથે ઋષિઓની નબળાઈઓ છે. કામાવેશમાં બળવાન પુરુષોના વીર્યના સ્ખલન થવાના પ્રસંગો છે. સંભોગના આનંદ માટે પશુનું રૂપ ધારણ કરે છે. રાજનીતિ છે. કર્મયોગ છે. ભક્તિ શાસ્ત્ર છે. અધ્યાત્મશાસ્ત્ર છે. ભગવદ્ ગીતા, નારદ ગીતા, જનક ગીતા જેવી અઢાર ગીતા છે. અર્જુન, કૃષ્ણ, ભીષ્મ જેવા ભવ્ય પાત્રો છે. શકુનિ, દુર્યોધન જેવા દ્વેષી પાત્રો છે. પતિના અંધાપાનું દુઃખ ઓછું કરવા પોતે જીવનભર નેત્રે પાટો બાંધી અંધાપો લેનાર ગાંધારી જેવી પત્ની છે. માતાના આદેશનું પાલન કરનાર પાંચ પાંડવોની પત્ની બની મુખ્ય નાયિકા બની, મહાભારતને ઉજ્જવળ કરનાર દ્રૌપદી જેવી અગ્નિ કન્યા પણ છે. સનાતન ધર્મની વ્યાખ્યા મહાભારતે આપી છે. કુંતીનો અતિદુષ્કર સંયમ પણ છે. વરદાન અને શાપના ચમત્કારો છે. મહાભારત ચિત્ર-વિચિત્ર વાર્તાઓ તેમજ ઐતિહાસિક ઘટનાઓથી ભરેલો અખૂટ ભંડાર છે. એમાં જીવનને સ્પર્શતા બધા જ વિષયોનું નીડર આલેખન છે.

ઐતિહાસિક કથા મહાભારત મુનિ વેદવ્યાસજીએ ગણેશજીની સહાયથી ચોવીસસો વર્ષ પૂર્વે ગ્રંથસ્થ કરી. કથા પ્રથમ વેદવ્યાસજીના મુખ્ય શિષ્ય વૈશમ્પાયને અર્જુનના પ્રપૌત્ર જનમેજયે કરેલા સર્પસત્રમાં સંભળાવી હતી. નાગ જાતિના વિનાશનો યજ્ઞ ઋષિપુત્ર આસ્તીકના

હસ્તક્ષેપથી બંધ કરાવી યુદ્ધથી થતી મહા હાનિનો ચિતાર આપી રાજા જનમેજયને વેદવ્યાસજીનો પરિચય કરાવ્યો. આ કથા જનમેજયના પૂર્વજોની કથા છે.

મહાભારતનું યુદ્ધ અઢાર દિવસ ચાલ્યું હતું. સૈન્યની સંખ્યા અઢાર અક્ષૌહિણી હતી. એક અક્ષૌહિણી બરાબર ૨૧,૮૭૦ ઘોડેસવારો, તેટલા જ હાથી, ૬૫,૬૧૦ ઘોડા, અને ૧૯,૩૫૦ પાયદળ. પાંડવોની સેના ૭ અક્ષૌહિણી અને કૌરવોની સેના ૧૧ અક્ષૌહિણી હતી. આ કથા વૈશમ્પાયને કર્યા પછી નૈમિષાવનમાં શૌનક ઋષિએ કરેલા યજ્ઞમાં ભેગા થયેલા ઋષિમુનિઓ અને રાજાઓ સમક્ષ ઋષિ ઉગ્રશ્રવાએ આ કથા સંભળાવી હતી. જનમેજયે પિતા પરીક્ષિતના અવસાન માટે જવાબદાર તક્ષક સર્પ અને સર્પ જાતિના નાશ માટે સર્પયજ્ઞ કરાવ્યો હતો.

મહાભારતની રૂપરેખા

મહાભારતની રચના વ્યાસમુનિએ વિઘ્નહર્તા ગણેશજીની સહાયથી ૨૪૦૦ વર્ષ પૂર્વે ગ્રંથરૂપે કરી છે. આ કથા ઋષિઓ એક પેઢીથી બીજી પેઢીને શ્રુતિથી સાચવીને સંભળાવતા આવ્યા હતા. એક લાખ સંસ્કૃત શ્લોકોથી ભરપૂર આ મહા ગ્રંથ છે. ઈલિયડ અને ઓડિસી ગ્રીક ગ્રંથોને ભેગા કરતા પ્રમાણમાં સાતથી આઠગણો મોટો આ ગ્રંથ છે. રામાયણ ગ્રંથથી એ ચારગણો મોટો ગ્રંથ છે. કૃષ્ણનો જન્મ ૫૨૨૮ વર્ષ પૂર્વે થયો હતો. મહાભારતનું યુદ્ધ ૫૧૩૯ વર્ષ પૂર્વે થયું હતું. પાંડવોએ કૃષ્ણની કૃપા મેળવી આ યુદ્ધ જીત્યું અને હસ્તિનાપુર પર ૩૬ વર્ષ સુરાજ્ય કર્યું.

સાતમા મનુ મિલિયન વર્ષો પૂર્વે થઈ ગયા. તેમનો સૌથી મોટા પુત્ર ઈક્ષ્વાકુ થયા. તેના વંશજો સૂર્યવંશી કહેવાયા કારણ કે સૂર્ય ઈક્ષ્વાકુના પુત્ર હતા. આ વંશજોમાં હરિશ્ચંદ્ર, ભગીરથ, દશરથ, શ્રીરામ, લવ-કુશ વગેરે થયા. સાતમા મનુની પુત્રી ઈલાના લગ્ન ચંદ્ર સાથે થયા એટલે તેના વંશજો ચંદ્રવંશી કહેવાય. ઈલાના પુત્ર પુરુરવા તેના પછીની કેટલીક પેઢીએ દુષ્યંતરાજા થયા. તેનાં લગ્ન શકુંતલા સાથે થયા. તેના પુત્ર ભરત થયા. તેના નામ પરથી આ મહાન ગ્રંથનું નામ મહાભારત રખાયું.

ત્યાર પછી કેટલીક પેઢીએ રાજા બૃહદ્રથ થઈ ગયો તેણે મગધનું રાજ્ય સ્થાપ્યું. ત્યાર પછી તેના વંશમાં કુરુરાજા થયો તેણે કુરુક્ષેત્ર સ્થાપ્યું. મહાત્મા કુરુએ આ ક્ષેત્રને વર્ષો સુધી ખેડી તેના પર અનેક યજ્ઞો કર્યા અને તપશ્ચર્યા કરી. તેથી પ્રસન્ન થઈ ઈન્દ્રે તેને વરદાન આપ્યું કે આ ભૂમિ પર જેનું પણ મૃત્યુ થશે તે સ્વર્ગનો અધિકારી બનશે. કુરુ પછી કેટલીક

પેઢીએ શાંતનુ રાજા થયો. તેને ગંગાજીથી એક પુત્ર ભીષ્મ અને સત્યવતીથી ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય થયા. ચિત્રાંગદનું ગંધર્વરાજના હાથે મૃત્યુ થયું હતું. વિચિત્રવીર્ય નિઃસંતાન મૃત્યુ પામ્યા. સત્યવતીથી લગ્ન પહેલાં પરાશરમુનિથી જન્મેલા તે વ્યાસમુનિ. સત્યવતીના કહેવાથી વ્યાસમુનિના નિયોગથી વિચિત્રવીર્યની પત્નીઓ અંબિકા અને અંબાલિકાથી ધૃતરાષ્ટ્ર અને પાંડુ જન્મ્યા. ત્રીજો પુત્ર દાસીથી થયો તે વિદુર. આ છે કુરુવંશ. ત્રણ ભાઈઓમાં ધર્મ અને રાજનીતિમાં વિદુર ચડિયાતા હતા. રાજ્ય કરવાને લાયક વિદુર હતા પરંતુ દાસીપુત્ર હોવાને કારણે વિદુર રાજ્ય કરવાને ગેરલાયક ઠર્યા.

ધૃતરાષ્ટ્રના એકસો એક પુત્રો જેમાં 'યુયુત્સુ' દાસી પુત્રો સહિત કૌરવો અને પાંડુના પાંચ પુત્રો પાંડવો કહેવાયા. કુંતી જ્યારે કુંવારી હતી ત્યારે દુર્વાસાએ આપેલા મંત્રને ચકાસવા જતાં સૂર્યથી જન્મેલો પુત્ર તે કર્ણ. કુંતીએ તેને ત્યજી દેતાં તે એક સારથિને ત્યાં મોટો થયો. તેથી તે પણ સૂતપુત્ર કહેવાયો. (See Appendix-A)

આજના સંદર્ભે મહાભારતમાં કહેવાયેલી વાર્તાઓ એ માત્ર વાર્તાઓ નથી. હકીકતે બની રહેલી ઘટનાઓનો જ ચિતાર છે. પરાપૂર્વથી આ કથાઓ મૌખિક રીતે પેઢી દર પેઢી ચાલી આવતી હતી. વળી એ ભાવપૂર્વક ધાર્મિકતા સાથે સંકળાયેલી હતી. એટલે પુસ્તકો, ચલચિત્રો, ટેલિવિઝન, ટી. વી. શ્રેણીઓ, નાટકો, નૃત્ય, ચિત્રો, શિલ્પકૃતિના માધ્યમથી આપણે ધાર્મિક ક્ષેત્રે એનો ઉપયોગ કરીએ છીએ. અહીં ઇતિહાસ, ભૂગોળ, સમય, સામાજિક વ્યવહારો અને સંબંધો, ધાર્મિક વિધિ, ધાર્મિકતા વગેરે ઘટકો ૨૫૦૦ વર્ષોથી પૂર્વેના હોય એટલે આજની પેઢીને ગળે ન પણ ઊતરે પરંતુ મહાભારત હજી આજે પણ તેટલું જ જીવંત છે જેટલું ૨૫૦૦ વર્ષ પહેલા હતું.

મહાભારતને પાંચમો વેદ કહ્યો છે. વેદ એટલે શ્રુતિ. તેના દ્વારા ઉચ્ચારાયેલી પવિત્ર ધર્મવાણી જેને ઋષિમુનિઓએ તેને ફેરફાર વિના કંઠસ્થ કરી સાચવી અને એક પેઢીથી બીજી પેઢી એમ આગળ વધારી.

મહાભારત વૈદિક સમયમાં લખાયું છે. વૈદિક સમયમાં સૂર્ય, અગ્નિ, વાયુ, પાણી અને પૃથ્વીને ઋષિઓ ઈશ્વર તરીકે પૂજતા હતા. પછી પુરાણોમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ, રામ, કૃષ્ણ વગેરે દેવતાઓ છે તેમની પૂજા થાય છે. મહાભારતમાં અને રામાયણમાં દૈવી પ્રાણીઓ, પક્ષીઓનું

પણ વર્ણન છે જે ઈશ્વરના અવતારના એક અવિભાજ્ય અંગ છે.

પ્રજાના દરેક વર્ગનું કલ્યાણ થાય એવી ભદ્ર ભાવનાથી મહાભારત ગ્રંથની રચના થઈ. જ્ઞાન માર્ગમાં જ્યારે જીવ રમણે ચડે ત્યારે જ કૌરવો વિઘ્ન ઊભું કરવા લાગે છે. દરેકના મનમાં મહાભારત ચાલતું હોય છે. જીવ ધૃતરાષ્ટ્ર છે એને આંખ નથી. એ કામવાસનાથી અંધ છે. દુર્યોધન યુધિષ્ઠિર સાથે હંમેશ વેરવૃત્તિ રાખે છે. યુધિષ્ઠિર ધર્મરાજા છે. જ્યારે ધર્મની હાનિ થાય છે ત્યારે અધર્મનો નાશ કરવા યુદ્ધ થાય છે.

વેદવ્યાસજીએ વેદોની રચના કરી પરંતુ એના પર બ્રાહ્મણોનો જ અધિકાર હતો. ત્યારે બાકીના સમાજને માટે એને સરળ બનાવી એમણે પુરાણોની રચના કરી. પણ તેમનું મન અશાંત રહેતું હતું.

એક સમયે તેમનો નારદજી સાથે ભેટો થયો. એમણે પોતાની અશાંતિનો ઉપાય નારદજીને પૂછ્યો.

નારદજીએ કહ્યું : હે મુનિશ્રેષ્ઠ, તમે તો મહાભારત જેવા મહદ્ ગ્રંથનું નિર્માણ કર્યું છે. તમે ધર્મ, અર્થ, કામ અને મોક્ષના તમે જ્ઞાતા છો પરંતુ તમે ભગવાન શ્રીકૃષ્ણનું 'મહાભારત'માં યથાર્થ વર્ણન કર્યું નથી. મહાભારતમાં ધર્મ, કર્મ અને સદાચારને મહત્ત્વ આપ્યું છે પરંતુ ભક્તિને ગૌણ સ્વરૂપ આપ્યું છે. કળિયુગમાં કૃષ્ણની ભક્તિ-કથા, કીર્તન વગેરે માનવના ઉદ્ધાર માટે એક જ માર્ગ હશે. તે માટે પરમાત્માની લીલાનું ગાન તમે પ્રેમપૂર્વક કરો તો આપના જીવનમાં જરૂર શાંતિ મળશે.

આ સાંભળી વેદવ્યાસમુનિએ શ્રીમદ્ ભાગવતની રચના કરી. એ પુરાણ વ્યાસજીએ પુત્ર શુકદેવને કહ્યું. એમણે એ પુરાણ પરીક્ષિતને સંભળાવ્યું અને તેનો ઉદ્ધાર કર્યો.

મહાભારત એ સત્ય ઈતિહાસ છે. અને મહાકાવ્ય પણ છે. મહાભારતમાં અસામાન્ય વાતો ઘણી છે અને જે સામાન્ય છે તે બધું જ એમાં સમાયું છે. જે મહાભારતમાં નથી તે બીજે ક્યાંયે નથી. સત્ય અને અમૃત મહાભારતના પ્રાણ છે.

મહાભારતનું યુદ્ધ હસ્તિનાપુરના વારસાઈ હક્કો માટે ક્ષત્રિયકુળના બે ભાઈઓ ધૃતરાષ્ટ્ર અને પાંડુના પુત્રોના ઝઘડાની વાત છે. હસ્તિનાપુરની ગાદી પર ધર્મરાજ યુધિષ્ઠિરનો અધિકાર હતો. પરંતુ પુત્રમોહમાં રાજા ધૃતરાષ્ટ્ર તે આપવા માગતા ન હતા. આમ ધર્મ પાંડવોના પક્ષે હતો અને અધર્મ કૌરવો કરી રહ્યા હતા. ધર્મની સ્થાપના અને અધર્મના નાશ માટે

કુરુક્ષેત્ર-ધર્મક્ષેત્ર પર આ યુદ્ધ થયું હતું. તેમાં કુરુ, પાંચાલ, યદુ તેમજ અનેક રાજવીઓએ ભાગ લીધો હતો. આ યુદ્ધમાં મંદિરોનો ઉલ્લેખ નથી. મહાભારતમાં ધર્મ શું અને અધર્મ શું? તેની સમજ મળે છે. એકસો એક્યાસી જેવા પાત્રોનો એમાં સમાવેશ થયો છે. દરેક પાત્રમાંથી માનવીને જીવન જીવવાનો ઉદ્દેશ મળે છે. ગુણો અને અવગુણોથી આ પાત્રો જીવંત બન્યા છે. મહાભારતની નાયિકા દ્રૌપદી છે જે યજ્ઞકુંડમાંથી ઉત્પન્ન થઈ અને પાંચ પતિઓની પત્ની બની. પતિઓ સાથે એણે તેર વર્ષ વનવાસ ભોગવ્યો.

મહાભારતમાં પરમાત્મા શ્રીકૃષ્ણનું અને તેમના મુખે કહેવાયેલી શ્રીમદ્ ભગવદ્ ગીતાનું મહત્ત્વ

મહાભારત કાળમાં અધર્મનો સમાજમાં અંધકાર ફેલાયો હતો. માનવની આત્મનિષ્ઠા મરી પરવારી હતી. અધર્મના એ અંધકારને દૂર કરી માનવને નિષ્ઠાવાન, નીતિમય અને માનવતાયુક્ત બનાવી ધર્મની સ્થાપના કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણે આ જન્મ ધારણ કરેલો.

વસુદેવ સુતમ્ દેવમ્ કંસ ચાણૂર મર્દનમ્ ।
દેવકી પરમાનંદમ્ કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્ ॥

શ્રીકૃષ્ણ વસુદેવ જેવા તેજસ્વી રાજકુમારના પુત્ર હતા. તેઓ દુષ્ટ અસુરોનો નાશ કરવા માટે જન્મ્યા હતા. માતૃભક્ત કૃષ્ણ દેવકીને પરમ આનંદ આપનારા હતા. આ ત્રણ ચરણમાં શ્રીકૃષ્ણનું અલૌકિક, સાંસ્કૃતિક અને કૌટુંબિક જીવનનું આલેખન કરાયું છે અને સૌથી મોટું ચોથું ચરણ શ્રીકૃષ્ણને આખાય વિશ્વના ગુરુ તરીકે બિરદાવવામાં આવ્યા છે. કૃષ્ણે ચારે વેદોના અર્કરૂપ સન્માર્ગે ચાલી, આધ્યાત્મિક માર્ગે મુક્તિનો સંદેશ આપ્યો તે ગ્રંથ શ્રીમદ્ ભગવદ્ ગીતા છે. ગીતા જગતને હંમેશ માનવ ઉદ્ધારની પ્રેરણા અને દોરવણી આપતો ગ્રંથ છે. એટલે જ તો શ્રીકૃષ્ણ જગદ્ગુરુ છે. ગીતા આટલી પુરાતન હોવા છતાં નિત્યનવીન છે. આજની તમામ સમસ્યાઓનો ઉકેલ ગીતામાંથી મળી રહે છે. આ ગીતાના ગાનાર કૃષ્ણ, રચનાર પણ કૃષ્ણ અને સાંભળનાર અર્જુન અને સંજય હતા. ગીતામાં બધું જ છે. બધા ધર્મગ્રંથો, દર્શનશાસ્ત્રો, વેદ અને ઉપનિષદ્નો એમાં સાર છે.

સામાન્ય માનવો વેદ જેવા ઊંડા કૂવામાંથી જ્ઞાનજળ કાઢી પી શકતા

નથી. કૃષ્ણે ગીતા દ્વારા જ્ઞાનની પરબ ખોલી છે.

હિંદુ ધર્મનો મહા ગ્રંથ અને પ્રથમ ગ્રંથની રચના થઈ હોવાથી તેનું નામ 'મહાભારત' રાખવામાં આવ્યું. હિંદુ ધર્મનો તે રાજા સમાન છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા તેનું હૃદય છે. અનેક લેખકોએ તેને પોતપોતાની રીતે રજૂ કર્યો છે. મહાભારતના વર્ણનોને સમયની કોઈ મર્યાદા નથી. તે અનંત અને શાશ્વત છે. મહાભારતમાં સ્ત્રીઓને પણ મહત્ત્વનો દરજ્જો અપાયો હતો. દ્રૌપદીને પાંચ પતિ હતા. ચારપાંચ પેઢીના માણસો સાથે રહેતા હતા. કુંતીને એક પતિ પાંડુ હતો પરંતુ તેના પાંચ પુત્રો જુદા જુદા દેવોથી ઉત્પન્ન થયા હતા. માણસોમાં જેમ નાયકો હતા તેમ સ્ત્રીઓમાં પણ નાયિકાઓ હતી.

મહાભારત એ માત્ર વાર્તા નથી. એ એક ધાર્મિક ગ્રંથ છે અને હિંદુ ધર્મનો પાયો છે. મહાભારત એક ઐતિહાસિક ઘટના છે. કૃષ્ણ તર્કથી પર છે. એથી મહાભારતની કેટલીક ઘટનાઓ બની હશે કે કેમ તે વિશે શંકા લાગે. જગતમાં કેટલીક ઘટનાઓ અશક્ય લાગે પરંતુ બનતી હોય છે. એટલે સામાન્ય બુદ્ધિથી તે પર છે. તર્કથી કૃષ્ણ ન સમજાય. પૃથ્વી, સૂર્ય, ચંદ્ર પોતપોતાનું કાર્ય કરે છે. શા કારણથી એ ગોળાઓ ટકી રહ્યા છે તે આપણી સમજની બહાર છે. એટલે કૃષ્ણના વચનથી પરીક્ષિતને જીવનદાન મળે તેમાં શંકા કરવી બરાબર નથી.

મહાભારત એક મહાકાવ્ય પણ છે. વેદવ્યાસજીએ એમાં વિવિધ સુંદર રંગોથી કેટલાક પ્રસંગોને શણગાર્યા છે. એ કવિની પોતાની ઓળખ છે. મહાભારતમાં 'ગીતા' એ શ્રીકૃષ્ણની અપૂર્વ કીર્તિનો કળશ છે. 'ગીતા' એટલે જગતના દરેક તત્ત્વજ્ઞાનનો નિચોડ છે. 'ગીતા' જગતનો સર્વોત્તમ ગ્રંથ ગણાય છે. ગીતાના કહેનાર કૃષ્ણમાં વ્યવહારદક્ષતા અને ઉત્કૃષ્ટ બુદ્ધિમત્તા હતી. દુર્યોધન અને અર્જુન કૃષ્ણ પાસે મહાભારતના યુદ્ધમાં સહાય લેવા પહોંચ્યા ત્યારે કેટલી કુશળતાથી તે દુર્યોધનને પોતાની સેના આપી દે છે અને પોતે માત્ર અર્જુનના સારથિ તરીકે જ તેની સાથે યુદ્ધમાં ભાગ લેશે એમ કહ્યું. એ રીતે દુર્યોધનને આનંદિત કરી અર્જુનની ઇચ્છા પૂર્ણ કરી. આ રીતે પ્રશ્નનો સુખદ ઉકેલ લાવ્યા. દ્રોણવધ હોય, ભીષ્મવધ હોય, કર્ણવધ કે દુર્યોધનની જાંઘ તોડી તેનો વધ હોય, તેમણે ધર્મની સ્થાપના માટે, સત્યના ઉદ્ધાર માટે, પ્રજાના હિત માટે કોઈ પણ અપેક્ષા સિવાય જે કાંઈ કર્યું તે સઘળું રણનીતિ અનુસાર જ હતું.

તેથી તો મહર્ષિ વ્યાસે કૃષ્ણં વંદે જગદ્‌ગુરુનું કૃષ્ણને બિરુદ આપ્યું. શ્રીકૃષ્ણ ભગવાનની આ લીલામાં અદ્‌ભુત, અલૌકિક, અનુપમ તેમજ અદ્વિતીય શક્તિ ભરેલી છે.

મહાભારત યુદ્ધને લીધે યાદવોના નાશના બીજ રોપાયા. બધાને સંભાળી લેવાની કૃષ્ણની વૃત્તિને લીધે યાદવોની અંદર- અંદરની ખટપટ બહાર આવતી ન હતી. યાદવોમાં વિવિધ પક્ષો હતા પણ કૃષ્ણની દક્ષતાને કારણે તે પક્ષોની સ્પર્ધા અને મનદુ:ખો પર અંકુશ હતો. યુદ્ધને કારણે એ પક્ષો ઉઘાડા પડી ગયા. કૃષ્ણની સાથે સાત્યકિ વગેરે પાંડવોના પક્ષે હતા. કૃતવર્મા અને ભોજ દુર્યોધનના પક્ષે હતા. બલરામ કોઈ પણ પક્ષે લડશે નહિ એમ કહી યાત્રાએ નીકળી ગયા. યાદવોમાં દેખીતી રીતે બે પક્ષો પડ્યા અને તે યાદવોના નાશ માટે કારણરૂપ બન્યા. ધર્મની રક્ષા માટે કૃષ્ણ અર્જુનના ગુરુ અને મિત્ર બની તેની ઢાલ બની રહ્યા.

મહાભારતના કૃષ્ણના અનેક પાસાં છે. તેમણે પ્રેમ કર્યો, વેર લીધું, આનંદે નાચ્યા. પાંડવોએ દ્યુતક્રીડામાં રાજ્ય ખોયું તેનું તેમને દુ:ખ થયું. એમણે ઈન્દ્રપ્રસ્થ રચ્યું. દ્રૌપદીના વસ્ત્રાહરણ સમયે વસ્ત્રો પૂર્યા તેમ છતાં તે ક્યાંયે સંડોવાયા નહિ, સ્થિતપ્રજ્ઞ રહ્યા. મહાભારતમાં રાધાના કૃષ્ણ નથી, ગોપીઓ સાથે રાસલીલા કરનાર કૃષ્ણ નથી, ગોવાળો વચ્ચે કૃષ્ણ નથી, રુક્મિણીવલ્લભ કૃષ્ણ નથી. કૃષ્ણ કહે છે કે મેં અર્જુનને પ્રેમ કર્યો પણ પ્રસંગોપાત એ વ્યક્ત કરીને પણ હૃદયનો કબજો લે એવું તેમાં કાંઈ નથી. ક્યાંયે એ આસક્ત બન્યા નથી. સૌ માનવીય દુ:ખ, સુખ અને વિકાર તેમના ચારિત્રમાં દેખાતા હોવા છતાં એમની વિલક્ષણતા અને અલિપ્તતાને લીધે તેમને સાકાર કરી શકાય એમ નથી. તેમણે માત્ર ગીતા ગાઈ નથી તેઓ ગીતા જીવી ગયા. (યુગાન્ત : ઈરાવતી કર્વે)

ગીતા માનવમાત્રને રાહ બતાવે છે. ભોગીઓને તેમાંથી માર્ગદર્શન મળે છે. ભક્તોને ભક્તિરસનો મહિમા સમજાય છે. રાજપુરુષોને રાજધર્મનું તત્ત્વજ્ઞાન મળી રહે છે. પ્રત્યેક માણસને મહાભારતમાં કહેવાયેલી ગીતામાંથી ગમે તે સ્થિતિમાં પણ કંઈ ને કંઈ પ્રેરણા મળે છે.

પૂર્ણ પુરુષોત્તમ યોગેશ્વર જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણને દંડવત્ પ્રણામ! મહાભારત જેવા ભારતના પવિત્ર ગ્રંથ જે એક વૈશ્વિક ગ્રંથ છે, માટે અને ગ્રંથકર્તા વિશે કહેવું કે લખવું એ મારા માટે નરી બાલિશતા છે. ગ્રંથ અને ગ્રંથકર્તા અહીં એક છે. ગ્રંથકર્તા કહેનાર અને સાંભળનાર વ્યાસમુનિ

(કૃષ્ણ દ્વૈપાયન) નારાયણ (કૃષ્ણ) અને અર્જુન (નર-કૃષ્ણ) ત્રણે કૃષ્ણના જ સ્વરૂપ છે. કેટલાક મહાભારતના ગ્રંથો અને શ્રીમદ્ ભાગવત ગીતાનું અધ્યયન કરી તેમાં મહાત્મા - લેખકોએ સામાવેલ જ્ઞાનનું હાર્દ - તેનો નિચોડ મને જે રીતે સમજાયો તે યથાશક્તિ આપની સમક્ષ મૂકવાની ધૃષ્ટતા આચરી છે. જે કાંઈ ભૂલો હશે તે મારી છે તે માટે ક્ષમા યાચના.

ગીતામાં જ્ઞાન, કર્મ અને ભક્તિનું ત્રિવેણીતીર્થ રચાયું છે. એ ત્રણેનો સંગમ છે. ગીતામાં જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગનો મહિમા થયો છે. માણસે કર્મ કરતા રહેવાનું છે. અને તે જ્ઞાનપૂર્વક અને ભક્તિભાવપૂર્વક કરવાનું છે.

કૃષ્ણ જ્ઞાનના ક્ષેત્રમાં યોગેશ્વર હતા, કર્મના ક્ષેત્રમાં રાજેશ્વર હતા અને ભક્તિના ક્ષેત્રમાં તેઓ રસેશ્વર હતા. જ્ઞાનના ક્ષેત્રે અર્જુન દ્વારા વિશ્વને ગીતાના બીજા અધ્યાયમાં - શ્લોકો દ્વારા સ્થિતપ્રજ્ઞના લક્ષણોનું જ્ઞાન આપે છે. આત્મા અને પરમાત્મા શું છે, શરીર ક્ષેત્ર શું છે એનું જ્ઞાન ગીતા આપે છે. અર્જુનના સારથિ બની કર્મ કરતા કરતા અકર્તાની સ્થિતિ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય, નિજ ધર્મ કરતા રહી ફળની અપેક્ષા વિના દ્રષ્ટા બની કર્મ બંધનથી મુક્ત કઈ રીતે રહી શકાય તે શ્રીકૃષ્ણ સુપેરે સમજાવે છે. અર્જુન, ગોપી, ગોવાળો અને ગાયો, સુદામા, નરસિંહ, મીરાં, ધ્રુવ, પ્રહ્લાદ, દ્રૌપદી અને અસંખ્ય રાણીઓની ભક્તિ માન્ય રાખી ગોપીઓ સાથે રાસલીલા કૃષ્ણ જ કરી શકે. અખિલ જીવનનો આવો સહજ સ્વીકાર કૃષ્ણ જ કરી શકે. આવી અખિલાઈના સ્વામી કૃષ્ણ એ પૂર્ણાવતાર હતા.

આપણા ગ્રંથો રામાયણ, મહાભારત જેવા અમૂલ્ય ગ્રંથો છે. અર્જુનને ગીતાના અઢારમા અધ્યાયના અંતે સંપૂર્ણપણે જ્ઞાન થયું. કોઈ પણ સંશય વિના તેને સમજાઈ ગયું કે મને શું લાગે છે એ દ્રષ્ટિથી વિચાર કરીને કાર્ય કરવાનો નિર્ણય ન લેવાય પણ મારો ધર્મ શું કહે છે એ વિચારીને જે નિર્ણય લેવાય તે જ પોતાના અને બધાના હિતમાં છે. એ વાત તેમના મનમાં બરાબર ઊતરી તેથી આગળ પ્રશ્ન ન પૂછતા 'નષ્ટો મોહઃ' એમ કહીને તેઓ યુદ્ધ માટે નિઃશંક ઊભા થઈ ગયા.

અનુક્રમ

ક્રમ	વિષય	પાના. નં.
૧. આદિપર્વ		૭૯
૨. સભાપર્વ		૧૧૦
૩. વનપર્વ		૧૨૦
૪. વિરાટ પર્વ		૧૮૧
૫. ઉદ્યોગ પર્વ		૨૦૦
૬. ભીષ્મપર્વ		૨૫૩
૭. દ્રોણપર્વ		૩૦૪
૮. કર્ણપર્વ		૩૭૦
૯. શલ્યપર્વ		૪૦૫
૧૦. સૌપ્તિકપર્વ		૪૧૨
૧૧. સ્ત્રીપર્વ		૪૧૮
૧૨. શાંતિપર્વ		૪૨૨
૧૩. અનુશાસનપર્વ		૪૪૫
૧૪. આશ્વમેધિકપર્વ		૪૬૦
૧૫. આશ્રમવાસિકપર્વ		૪૮૨
૧૬. મૌસલપર્વ		૪૯૨
૧૭. મહાપ્રસ્થાનિકપર્વ		૫૦૨
૧૮. સ્વર્ગારોહણપર્વ		૫૦૮
સંદર્ભગ્રંથો		૫૧૪
વંશાવલિ - ચંદ્રવંશ અને કુરુવંશ		૫૧૬
મહાભારત સમયનો ભારતનો નકશો		૫૨૦



સાંજ પડે દિન આથમે ચકવા ચકવી રોય
ચાલો ચકવા જ્યાં જઈએ વિપત પડે નવ કોઈ

મહાભારતના પર્વો

પર્વ	ઉપપર્વ	અધ્યાય
(૧) આદિ પર્વ	૧-૧૯	૨૩૬
(૨) સભા પર્વ	૨૦-૨૮	૦૫
(૩) વન પર્વ	૨૯-૪૪	૨૯૪
(૪) વિરાટ પર્વ	૪૫-૪૮	૬૭
(૫) ઉદ્યોગ પર્વ	૪૯-૫૯	૧૯૮
(૬) ભીષ્મ પર્વ	૬૦-૬૪	૧૨૪
(૭) દ્રોણ પર્વ	૬૫-૭૨	૧૭૩
(૮) કર્ણ પર્વ	૭૩	૯૬
(૯) શલ્ય પર્વ	૭૪-૭૭	૬૪
(૧૦) સૌપ્તિક પર્વ	૭૮-૮૦	૧૮
(૧૧) સ્ત્રી પર્વ	૮૧-૮૫	૨૭
(૧૨) શાંતિ પર્વ	૮૬-૮૮	૩૬૫
(૧૩) અનુશાસન પર્વ	૮૯-૯૦	૩૬
(૧૪) અશ્વમેધિક પર્વ	૯૧-૯૨	૯૨
(૧૫) આશ્રમ વાસિક પર્વ	૯૩-૯૫	૩૯
(૧૬) મૌશલ પર્વ	૯૬	૦૯
(૧૭) મહા પ્રસ્થાનિક પર્વ	૯૭	૦૩
(૧૮) સ્વર્ગારોહણ પર્વ	૯૮	૦૫
		૧૮૫૧

મહાભારતનું યુદ્ધ અને પરીક્ષિતરાજાનો સમય ૯૦૦ BC, જનકરાજા - ૭૦૦ BC, બુદ્ધનો જન્મ - ૫૬૯ BC અને ચંદ્રગુપ્ત મૌર્ય - ૩૦૦ BC થયા.

ઈલિયડ અને ઓડિસી કરતાં મોટો મહાભારતનો ગ્રંથ

વ્યાસમુનિએ એક લાખ શ્લોકોથી ભરપૂર આ મહા ગ્રંથની રચના કરી જે વિશ્વમાં સૌથી મોટો ધાર્મિક, કાવ્યમય અને સાહિત્યિક ગ્રંથ છે. ઈલિયડ અને ઓડિસીને ભેગા કરતાં પણ આઠ ઘણો મોટો આ ગ્રંથ છે. રામાયણથી એ ચાર ઘણો મોટો છે.

ઈલિયડ એટલે ટ્રોહાનનું યુદ્ધ : કવિ લેખક છે. હોમટ ૧૫,૬૯૩ પંક્તિઓમાં લખાયેલી કાલ્પનિક કવિતા છે. આ કવિતા ૨૪ ભાગોમાં વહેંચાયેલી છે. આ યુદ્ધ દશ વર્ષ ચાલ્યું હતું. ૧૩૦૦ વર્ષ ઈ. સ. પૂર્વે ગ્રીસનું સૈન્ય અને એચેલીઅન જાતિના રાજા અગામેમ્નાન વચ્ચેનું આ યુદ્ધ હતું. ગ્રીસમાં તે સમયે પાદરીઓનું ભગવાન જેવું વર્ચસ્વ હતું. એપોલોના ટ્રોહાન પાદરી ક્રીસીસની પુત્રીનું અગામેમ્નાને અપહરણ કર્યું હતું. એથી ગ્રીસ અને અગામેમ્નાન રાજા વચ્ચે યુદ્ધ થયું હતું. અંતમાં ગ્રીસનો વિજય થાય છે. ટ્રોહાન યુદ્ધમાં યોદ્ધાઓ, રાજાઓના પરાક્રમો અને શોષણ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ગ્રીસ અને તેને સાથ આપનાર રાજાઓના સૈન્ય અને યોદ્ધાઓ વચ્ચેનું આ યુદ્ધ હતું. આ યુદ્ધમાં ગુલામો, સ્ત્રીઓ અને અનેક Gods ભાગ લે છે. ઓલમ્પીઅન દેવ, દેવીઓ અને મૂર્તિઓએ પણ યુદ્ધમાં ભાગ લીધો. પાદરી ક્રીસીસે, એપોલોને પ્રાર્થના કરી અને એપોલોદેવે રાજા અગામેમ્નાન એચેલીઅન સૈન્યમાં ૯ દિવસ પ્લેગ પ્રસરાવ્યો. પછી અગામેમ્નાને હાર માની.

ઓડિસી : કવિ લેખક છે હોમર. એ પણ પ્રાચીન કાળનું કાલ્પનિક કાવ્ય છે ઓડિસીસ દરિયાઈ યાત્રાએ નીકળે છે અને અનેક પરાક્રમો કરે છે. યાત્રામાં દરિયાના દેવ મુખ્ય પાત્ર નીફટે ઓડિસીસને સાત વર્ષ બંદી બનાવીને રાખ્યો. ઓડિસીસને મુખ્ય દેવ ઝેઅસ અને મુખ્ય દેવી એથેનાએ ઓડિસીસ પર કૃપા કરી અને બંદીગૃહમાંથી છોડાવ્યો.

પરંતુ જ્યારે ઓડિસીસ દરિયાઈ યાત્રાની મુસાફરી કરી રહ્યો હતો ત્યારે એક દ્વિપ પર તેણે આશરો લીધો હતો. ત્યારે તેણે દરિયાઈ રાક્ષસ મિત્રનો દ્વિપ પર વધ કર્યો હતો. તેથી દરિયાએ તેનો બદલો લેવા

વાવાઝોડાથી તેનું વહાણ તોડી નાખ્યું અને તે મરણતોલ હાલતમાં દરિયાકિનારે મોજાંઓ દ્વારા ફેંકાઈ ગયો. તે એક રાજકુમારીને મળ્યો એ તેને પોતાના ઘરે લઈ ગઈ. આ કાવ્યમાં દેવદેવીઓ મુખ્ય ભાગ ભજવે છે. તેઓ પણ કાવ્યના પાત્રો છે. તેમની વચ્ચે ઈર્ષા, દ્વેષ, પ્રેમ, ક્રોધ, લડાઈ વેરભાવ બધું જ છે. મહાભારતના અનેક પાત્રોમાંના એક વ્યાસમુનિ પણ છે. ગણેશજીની સહાયથી વ્યાસમુનિએ એક લાખ શ્લોકવાળું આ મહાકાવ્ય ઈ. સ. ૪૦૦ '૪૦૦ (BC)' વર્ષમાં રચ્યું. મહાભારતની રચના ૨૮૦૦-૨૯૦૦ વર્ષ પૂર્વે એટલે કે ૮૦૦ BC - ૯૦૦ BCમાં થઈ હતી. વ્યાસમુનિ બોલતા જાય અને ગણેશજી લખતા જાય એ રીતે આ મહાભારતની કથા ગ્રંથરૂપે મળી.

જનમેજયે પિતા પરીક્ષિતના મૃત્યુ માટે જવાબદાર તક્ષક નાગને દોષિત ઠેરવી સર્પ અને આખી સર્પ જાતિના નાશ માટે સર્પસત્ર યજ્ઞ કરાવ્યો. નાગ જાતિના ઋષિ પુત્ર આસ્તીકે રાજા જનમેજયને લડાઈની ભયાનકતા, માનવ સંહાર અને તેની કરુણા સમજાવી સર્પસત્ર બંધ કરાવ્યું અને વ્યાસજીની ઓળખાણ કરાવી. વ્યાસમુનિએ પોતાના શિષ્ય વૈશમ્પાયન દ્વારા જનમેજયને યજ્ઞમાં મહાભારતની કથા સંભળાવી જેમાં તેના પૂર્વજોના ઘર્ષણની કથા હતી. મહાભારતનું યુદ્ધ અઢાર દિવસ ચાલ્યું હતું. યુદ્ધ દરમિયાન શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ બને છે. પાંડવોને પક્ષે સત્ય હતું. એથી પાંડવોનો યુદ્ધમાં વિજય થયો.

મહાભારતના યુદ્ધમાં ક્ષત્રિયકુળનાં બે ભાઈઓના પુત્રોના ઝઘડાના સંઘર્ષની કથા છે. અહીં સમાજ રચનાના કેટલાક અંગો જોવા મળે છે. ત્યારે વર્ણ વ્યવસ્થાનું મોટું મહત્ત્વ હતું. ક્ષત્રિયો અને બ્રાહ્મણો સમાજના કર્તાહર્તા હતા. ક્ષત્રિયો યજ્ઞ કરાવે અને બ્રાહ્મણોના હાથે યજ્ઞ થાય. મંત્ર, શ્રાદ્ધ, યજ્ઞ, હવન બ્રાહ્મણોના હાથે થાય. એટલે ક્ષત્રિયો અને બ્રાહ્મણો એકબીજાના આધારસ્તંભ અને પૂરક. વૈશ્યો પાસે પશુ, ખેતીવાડી વેપાર-ધંધા હતા. શૂદ્રોએ ત્રણે વર્ણની સેવા કરવાની. મહાભારતમાં જન્મજાત મૂલ્યો સંભાળવાને સ્વધર્મ ગણ્યો છે. મોક્ષ માટે બધાને સમાન ગણ્યા છે.

પિતૃપ્રધાન સંયુક્ત કુટુંબનું મહાભારતમાં વર્ણન છે. કુરુ, પાંચાલ, યદુ વગેરે કુટુંબો હતા. ત્રણચાર પેઢીના લોકો સાથે રહેતા. ક્ષત્રિયોમાં અપહરણ સામાન્ય બાબત હતી. લગ્ન કર્યા પછી બધી છોકરીઓ પતિના કુટુંબમાં રહેતી. મહાભારતમાં મંદિર અને મૂર્તિઓનો ઉલ્લેખ નથી. ધર્મ

અને અધર્મની સમજ મહાભારતમાંથી મળે છે. માનવજીવનની મર્યાદાઓ મહાભારતમાં દેખાય છે.

મહાભારત એક મોટી ખાણ છે. ભાષાશાસ્ત્રીઓ ઈતિહાસકારો, લેખકો, કવિઓ, સંશોધકો મહાભારતના પાત્રો પર વિવિધ રીતે લખી શકે છે. આ ઘટના પાંચ હજાર વર્ષ પહેલાની છે. મહાભારત પરથી આપણી પ્રાચીન કુટુંબ વ્યવસ્થા, રાજકીય વ્યવસ્થા, ધાર્મિક, સામાજિક, જાતિનું મહત્ત્વ વગેરે કેવાં હતાં તે સમજાય છે અને સાંસ્કૃતિક ઈતિહાસની ઝાંખી થાય છે. મહાભારત અને રામાયણ આપણા ધાર્મિક ગ્રંથોની મુખ્ય નાયિકાઓ દ્રૌપદી અને સીતા છે. દ્રૌપદી યજ્ઞકુંડમાંથી ઉત્પન્ન થયાં હતાં જ્યારે સીતા યજ્ઞ માટે ભૂમિ ખેડતા મળ્યાં હતાં.

એક અગ્નિપુત્રી અને બીજી ભૂમિપુત્રી. દ્રૌપદીને ૧૨+૧ = ૧૩ વર્ષનો અને સીતાને ૧૪ વર્ષનો વનવાસ પતિ સાથે ભોગવવો પડ્યો. ઈતિહાસ બનેલી માહિતી આપે છે. મહાભારતમાં રાજધાનીઓ, અરણ્યો, નદીઓ, ઘટનાઓના કર્તા, ઘટનાના સ્થાનો, સ્ત્રી-પુરુષના બાહ્ય દેખાવો જેવા કે સુંદર, કુરૂપ, ભયાનક, આનંદદાયક, સદ્‌ગુણો, દુર્ગુણો બધું જ વર્ણવાયું છે. મહાભારતમાં અસામાન્ય વાતો પણ ઘણી છે અને જે સામાન્ય છે તે બધું જ મહાભારતમાં છે. એટલે કહેવાયું છે કે જે મહાભારતમાં નથી તે બીજે ક્યાંયે નથી.

મહાભારતનું યુદ્ધ (૩૧૩૯) BCમાં થયું હતું તેની સાબિતી

મગધ પર મહાભારતના યુદ્ધથી રાજા વિક્રમાદિત્ય સુધીના ૯ વંશના રાજાઓના રાજ્યશાસનનો સમય (વર્ષોમાં) :

ભાગવત્ અને ધ હિસ્ટ્રી ઍન્ડ ધ રિલીજીઅન ઑફ ઈન્ડિયા બાય ડીવાઈન ધર્મ ચક્રવર્તી સ્વામી પ્રકાશાનંદ સરસ્વતીના ગ્રંથના આધારે મહાભારતના યુદ્ધ (૩૧૩૯) BC પછી ૯ (નવ) જુદા જુદા વંશના ૧૧૫ રાજાઓએ મગધ પર રાજ્ય કર્યું.

(૧) બૃહદ્રથ વંશ :

પુરુવંશમાં ઉપરિચર વસુ, તેનો પુત્ર બૃહદ્રથ, તેનો પુત્ર જરાસંધ, તેનો પુત્ર સહદેવ અને છેલ્લે રાજા રિપુંજય થયો.

બૃહદ્રથ વંશના **૨૧** રાજાઓએ મગધ પર **૧૦૦૦** વર્ષ રાજ્ય કર્યું.

(૨) પ્રદ્યોત વંશ :

રિપુંજયને મારીને તેના મંત્રીએ પ્રદ્યોતને ગાદી પર બેસાડ્યો. તેનો પુત્ર પલાકા, તેનો પુત્ર વિશાખયુપ, તેનો પુત્ર અજકા, તેનો પુત્ર નંદીવર્ધન.

પ્રદ્યોત વંશના **૫** રાજાઓએ મગધ પર **૧૩૮** વર્ષ રાજ્ય કર્યું.

(૩) શિશુનાગ વંશ :

શિશુનાગ પછી કાકવર્ણ(કાલાશોક), તેનો પુત્ર ક્ષેમધર્મન, તેનો પુત્ર ક્ષેત્રૌજસ, તેનો પુત્ર વિધિસાર, તેનો પુત્ર અજાતશત્રુ, તેનો પુત્ર દર્ભક, તેનો પુત્ર આજય, તેનો નંદીવર્ધન, મહાનન્દી.

શિશુનાગ વંશના **૧૦** રાજાઓએ મગધ પર **૩૬૦** વર્ષ રાજ્ય કર્યું.

(૪) નંદ વંશ :

મહાનંદ પછી તેનો પુત્ર નંદ થયો. ત્યાર પછી બીજા ૬ રાજાઓ થયા. નંદ વંશના ૮ (**આઠ**) રાજાઓએ મગધ પર **૧૦૦** વર્ષ રાજ્ય કર્યું.

(૫) મૌર્ય વંશ :

નંદ વંશને ચાણક્યે મારી હટાવ્યો અને મગધ પર મૌર્ય વંશનું રાજ્ય થયું. ચંદ્રગુપ્ત પછી બિંદુસાર, અશોકવર્ધન... અને બૃહદ્રથ થયા. મૌર્ય વંશના **૧૦** રાજાઓએ મગધ પર **૩૦૦** વર્ષ રાજ્ય કર્યું.

(૬) અગ્નિમિત્ર વંશ :

અગ્નિમિત્રના **૧૦** રાજાઓએ મગધ પર **૧૧૨** વર્ષ રાજ્ય કર્યું.

(૭) શુંગ અને કણ્વ વંશના **૧૪** રાજાઓએ મગધ પર **૩૪૫** વર્ષ રાજ્ય કર્યું.

(૮) આંધ્ર વંશના **૩૦** રાજાઓએ મગધ પર **૪૫૬** વર્ષ રાજ્ય કર્યું.(૧-૮ રાજાઓની વંશજોની નામાવલી ભાગવતમ્ વાચ્ય) (૪૬-૪૯) ૧૨૧૧ (૧-૨૮માંથી લીધેલી છે.)

(૯) ગુપ્ત વંશ :

ચંદ્રગુપ્ત વિજાદિત્ય ૭ વર્ષ, સમુદ્રગુપ્ત પ્રિયદર્શન - ૫૧ વર્ષ, ચંદ્રગુપ્ત બીજો વિક્રમાદિત્ય - ૩૬ વર્ષ, કુમારગુપ્ત મહેન્દ્રાદિત્ય - ૪૨ વર્ષ, સ્કંદગુપ્ત પરમાદિત્ય - ૨૫ વર્ષ, નરસિંહગુપ્ત બાલાદિત્ય - ૪૦ વર્ષ, કુમારગુપ્ત બીજા વિક્રમાદિત્ય - ૪૪ વર્ષ

(ગુપ્ત વંશની નામાવલી કલિયુગ રાજ બ્રિટન્ટ ભવિષ્ય પુરાણમાંથી લીધી છે.)

ગુપ્ત વંશના ૭ રાજાઓએ મગધ પર ૨૪૫ વર્ષ રાજ્ય કર્યું. ગુપ્ત વંશના છેલ્લા રાજાના પરાજય પછી ઉજ્જૈન રાજ્યના રાજા વિક્રમાદિત્ય મગધ રાજ્યના રાજા થયા.

(૧) + (૨) + (૩) + (૪) + (૫) + (૬) + (૭) + (૮) + (૯)
= ૩૦૫૬ વર્ષ

મહાભારતનું યુદ્ધ (૩૧૩૯) BCના સમયથી તે વિક્રમાદિત્ય (૧૦૨ BC - ૧૫ AD) સુધી મગધ પર ૯ વંશના રાજાઓના રાજ્ય શાસનનો સમય ૩૦૫૬ વર્ષ થયો.

વિક્રમાદિત્ય (૧૦૨ BC - ૧૫ AD) = ૫૭ BC વિક્રમ સંવતનો યુગ ઈ. સ. પૂર્વે ૫૭ વર્ષથી શરૂ થયો હતો.

માટે મહાભારતના યુદ્ધ પછી વિક્રમાદિત્યનો શાસન સમય = (૩૧૩૯ - ૩૦૫૬) BC

૮૩ BC = વિક્રમાદિત્યનો સમય = ૫૭ BC

માટે ૮૩ BC = ૫૭ BC આમ ૩૦૦૦ વર્ષ જેવા લાંબા સમય ગાળાને ધ્યાનમાં રાખતા ૨૬ વર્ષનો તફાવત ક્ષમ્ય છે. ભવિષ્ય પુરાણ પ્રમાણે વિક્રમ સંવતની શરૂઆત ૫૭ BCથી થઈ હતી.

માટે ૩૧૩૯ BC એ મહાભારતનું યુદ્ધ થયું હતું.

મહાભારતનું યુદ્ધ (૩૧૩૯) BCમાં થયું હતું તેની બીજી સાબિતી

મહાભારતના યુદ્ધ પછી હસ્તિનાપુરના રાજા યુધિષ્ઠિરથી વિક્રમાદિત્ય સુધીના રાજાઓના હસ્તિનાપુર પર રાજ્ય શાસનનો સમય (વર્ષોમાં) :

નંબર	રાજાનું નામ	વર્ષ
૧	યુધિષ્ઠિર	૩૭
૨	પરીક્ષિત	૬૦
૩	જનમેજય	૬૫
૪	અશ્વમેધ	૮૩

૫	દ્વિતીય રામ	૮૮
૬	ચત્રમલ	૮૨
૭	ચિત્રરથ	૭૫
૮	દુત્પૈલ્ય	૭૬
૯	ઉગ્રસેન	૭૯
૧૦	સુરસેન	૭૯
૧૧	ભુવનપતિ	૬૯
૧૨	રણજિત	૬૬
૧૩	રીક ચક્ર	૬૫
૧૪	શુકદેવ	૬૨
૧૫	નરહરિદેવ	૫૨
૧૬	સુચિરથ	૪૨
૧૭	સુરસેન બીજા	૫૪
૧૮	પર્વતસેન	૫૬
૧૯	મેહાવી	૫૩
૨૦	સોનચિટ	૫૧
૨૧	ભીમદેવ	૪૮
૨૨	શ્રીહરિ દેવ	૪૬
૨૩	પુરનમલ	૪૫
૨૪	કરદેવી	૪૫
૨૫	અલામિક	૫૧
૨૬	ઉદયપલ	૩૯
૨૭	દુવનમલ	૪૧
૨૮	દામત	૩૨
૨૯	ભીમપાલ	૫૮
૩૦	ચેમક	૪૯
	કુલ -	૧ ૧૭૫૪
૩૧	વિશ્રરવા	૧૭
૩૨	પુરસેની	૪૩
૩૩	વીરસેની	૫૩
૩૪	અનન્ગ્યારી	૪૮

૩૫	હરિજિત	૩૬
૩૬	પરમસેની	૪૪
૩૭	શુકપતલ	૩૦
૩૮	કદ્દટુત	૪૩
૩૯	સજ્જ	૩૨
૪૦	અમરચુડ	૨૭
૪૧	અમીપાલ	૨૩
૪૨	દશરથ	૨૫
૪૩	વિરસાલ	૩૨
૪૪	વિરસાલ સેન	૪૭
	કુલ - ૨	૫૦૦
૪૫	વિરમાહા	૩૬
૪૬	અજિનસિંગ	૨૮
૪૭	સર્વદક્ષ	૨૮
૪૮	ભુવનપતિ	૧૫
૪૯	વીરસેન	૨૧
૫૦	મહિપાલ	૪૧
૫૧	શત્રુસાલ	૨૬
૫૨	રાંધરાજ	૧૭
૫૩	તેજપાલ	૨૯
૫૪	મનીકચંદ	૩૮
૫૫	કામસેની	૪૩
૫૬	શત્રુમર્દન	૦૯
૫૭	જીવન લોક	૨૯
૫૮	હરિરાવ	૨૭
૫૯	વિરસેન બીજા	૩૫
૬૦	અધિતકેતુ	૨૪
	કુલ - ૩	૪૪૬
૬૧	ધનધર	૪૩
૬૨	મહર્ષિ	૪૧

૬૩	સનરાચી	૫૧
૬૪	મહાયુદ્ધ	૩૦
૬૫	દુટનાથ	૨૯
૬૬	જીવનરાજ	૪૫
૬૭	રુદ્રસેન	૪૮
૬૮	અરિલક	૫૩
૬૯	રાજપાલ	૩૬
૭૦	મહાનપાલ	૧૪
	કુલ - ૪	૩૯૦

ચારે કુલ સંખ્યા મળી ૩૦૯૦ થઈ.

ચેમકને મારીને તેના મુખ્ય પ્રધાન વિશ્રરવાએ રાજ્ય લીધું.
વિરસાલસેનના મુખ્ય પ્રધાન વિરમાહે રાજાને મારીને રાજ્ય લીધું.
અધિતકેતુને મારીને પ્રયાગના રાજા ધનધરે રાજ્ય લીધું.
રાજપાલને મારીને મહાનપાલે હસ્તિનાપુરનું રાજ્ય લીધું.
મહાભારતના યુદ્ધ પછી રાજા યુધિષ્ઠિરથી રાજા મહાનપાલ સુધીના રાજાઓએ કુલ્લે હસ્તિનાપુર પર રાજ્ય કર્યું.

= વર્ષ ૧૭૫૪ + ૫૦૦ + ૪૪૬ + ૩૯૦

= વર્ષ ૩૦૯૦

યુધિષ્ઠિરે હસ્તિનાપુર પર ૩૭ વર્ષ રાજ્ય કર્યું
માટે યુધિષ્ઠિરના સમયથી મહાનપાલ સુધીના રાજ્યશાસનનો સરવાળો

= (૩૦૯૦ - ૩૭) ૩૦૫૩

વર્ષમાં કલિયુગમાં
વિક્રમાદિત્યે ૯૩ વર્ષ રાજ્ય કર્યું
માટે યુધિષ્ઠિરથી વિક્રમાદિત્ય સુધીના = ૩૦૫૩ + ૯૩નો
રાજ્યશાસનનો સરવાળો કલિયુગમાં = ૩૧૪૬ વર્ષ થયો.
અથવા ૩૧૪૬ = (૩૧૪૬ - ૩૧૦૨) = ૪૪ AD ૩૧૦૨થી
કલિયુગની શરૂઆત થાય છે.
માટે ૪૪AD એ લગભગ વિક્રમાદિત્યના મૃત્યુનો સમય છે.
વિક્રમાદિત્યનો સમય (૧૦૨BC અને ૧૫ AD) છે. એ ૧૧૭ વર્ષનું લાંબું જીવન જીવ્યા. ૩૦૯૦ વર્ષ ૭૦ રાજાઓએ હસ્તિનાપુર પર રાજ્ય

કર્યું. વિક્રમાદિત્યના મૃત્યુનો સમય અને મહાભારતના યુદ્ધનો સમય જોતાં માત્ર ૨૯ વર્ષનો ફેર છે જે મહત્ત્વહીન છે.
એટલે મહાભારતનું યુદ્ધ ૩૧૩૯ BCમાં થયું હતું. ૩૧૦૨ BCથી કલિયુગની શરૂઆત થઈ છે.

નોંધ : આ માહિતી His Divinity, Dharm Chakrvarti, Swami Prakashanand Saraswati, The true history and the religian of India : A concise encyclopedia of Authentic Hinduism (International society of divine love 1999-2000) 503-506

ભગવતમ્‌ના આધારે મગધ પર રાજ્ય કરનારા રાજાઓની વંશાવલી તૈયાર કરી છે. મહાભારતના યુદ્ધ પછી નવ વંશના રાજાઓની વંશાવલીની યાદી ઉપર મુજબ છે. જેમણે મગધ પર રાજ્ય કર્યું છે. ગુપ્ત વંશના વંશજોની નામાવલી અને તેમના અનુશાસનના વર્ષના આંકડા કલિયુગ રાજ વિરન્ટ ઑફ ભવિષ્યપુરાણમાંથી લીધા છે.

મગધ પર રાજ્ય કરનાર આઠ વંશના વંશજોના રાજાના સમયના આંકડા (વર્ષો) ભગવતમ્‌ ૯/૨૨/૪૬-૪૯,૧૨/૧/૧-૨૮)માંથી લીધા છે. બાકીની માહિતી

Sources :

The true history and the Religion of India. A Concise, Encyclopedia of Authentic Hinduism : His Divinity, Dharm Chakravarti, Swami Prakashanand Sarswati, publisher by International Society of Divine Love, Anstin, Tx.

P 488,489, 497, (P 1, 3, 4 chek)

મહાભારતના સમયનું ભારત (Appendix-x)

Late Vedic Period
(c. 1100-500 BCE)
sakha (theological school) locations are approximately Indicated.

મહાભારતના યુદ્ધમાં સામેલ થયેલાં રાજ્યો :

(૧) ગાંધાર (૨) મદ્ર (૩) કુરુ (૪) હસ્તિનાપુર (૫) પાંચાલ (૬) મત્સ્ય (૭) વિરાટ (૮) કાશી (૯) મગધ (૧૦) ચેદી (૧૧) વિદર્ભ (૧૨) કલિંગ (૧૩) દ્વારકા

મહાભારતના યુદ્ધમા પાંડવ પક્ષે ભાગ લીધેલા રાજાઓ અને તેમનું સૈન્ય તથા કેટલાક વીર યોદ્ધાઓ :

કૃષ્ણ મુખ્ય આર્ચિટેક્ટ, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ અને નકુલ; દ્રૌપદીના પાંચ પુત્રો, અભિમન્યુ, પાંચાલ રાજા દ્રુપદ અને તેના પુત્રો ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડી,મત્સ્ય રાજ્યના રાજા વિરાટ, તેના પુત્ર શંખ અને ઉત્તર. યુયુધાન, ચેકિતાન, કાશીરાજ, પુરજિત, કુંતીભોજ, શૈબ્ય, યુધામન્યુ, ઉત્તમૌજા, કૃષ્ણના માનીતા યોદ્ધા અને સંરક્ષક સાત્યકિ, મગધના કેટલાક ભાગનું શાસન કરનાર રાજા જરાસંધના પુત્ર સહદેવ, ચેદીના સૈન્યના નાયક શિશુપાલના પુત્ર ધૃષ્ટકેતુ, કૈકેયીના રાજાના બે પુત્રો અને વ્રિહરકેશન

મહાભારતના યુદ્ધમાં કૌરવ પક્ષે ભાગ લીધેલા રાજાઓ અને તેમનું સૈન્ય તથા કેટલાક વીર યોદ્ધાઓ :

ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, તેના ૧૦૦ ભાઈઓ, ભીષ્મ, દ્રૌણાચાર્ય, કર્ણ અંગ દેશના રાજા, શલ્ય મદ્ર દેશના રાજા, અશ્વત્થામા દક્ષિણ પાંચાલના રાજા, દુઃશાસન, જયદ્રથ-દુર્યોધનના બનેવી અને સિંધુ રાજ્યના રાજા હતા, કૃપાચાર્ય હસ્તિનાપુરના પુરોહિત, બાહિકા, ભગદત્ત, અલમ્બુષ અને અલ્યુધ અસુરો હતા. ભગદત્ત પ્રાગજ્યોતીષના રાજા હતા, અંગ, ગાંધાર નરેશ શકુનિ, મદ્ર, કમ્બોજ, બાહિક, ત્રિગર્તો, કૃષ્ણનું આખું યાદવ સૈન્ય દુર્યોધન પક્ષે હતું. વિકર્ણ, સોમદત્તના પુત્ર ભૂરિશ્રવા બાહિકાના રાજા, કૃતવર્મા એ વૃષ્ણિયાદવ હતા. તે કૃષ્ણના યાદવ સૈન્યનો સેના

નાયક હતો. કૃષ્ણે તેની સેના દુર્યોધનને આપી તેથી તેણે કૌરવ પક્ષે લડવું પડ્યું. મૌસલપર્વમાં કૃતવર્મા અને કૃષ્ણના માનીતા સંરક્ષક યોદ્ધા સાત્યકિ વચ્ચે કુરુક્ષેત્રના યુદ્ધમા પડેલી તિરાડ વેરની ભાવનાને કારણે પ્રભાસકાંઠે તીર્થયાત્રામાં ફાટી નીકળેલી લડાઈને કારણે યદુવંશના નાશનું કારણ બને છે.

સૃષ્ટિનું સર્જન

ભગવાન નારાયણે નાના પ્રકારની સૃષ્ટિના સર્જન માટે પ્રથમ પાણી (નાર)ની ઉત્પત્તિ કરી. તેના પર તે અયન થયા એટલે નારાયણ કહેવાયા. જલમાં એક મહાશક્તિશાળી સુવર્ણમય અંડ પ્રગટ થયું. તેમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થયા. બ્રહ્માજીએ અંડના બે ભાગ કર્યા. બંને ભાગની વચ્ચે આકાશ બનાવ્યું. પાણી ઉપર તરતી પૃથ્વીને સ્થાયી કરી. બાદમાં દશ દિશાઓ નક્કી થઈ. તેમાં કાળ, મન, વાણી, કામ, ક્રોધ, રતિ વગેરે ભાવોનું સર્જન કર્યું. આ ભાવને અનુરૂપ સાત પ્રજાપતિઓને ઉત્પન્ન કર્યા. મરીચિ, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, અંગિરા, ક્રતુ અને વસિષ્ઠ. બ્રહ્માએ સપ્તર્ષિઓને મનના સંકલ્પથી ઉત્પન્ન કર્યા તેથી તેઓ તેમના માનસપુત્રો કહેવાયા. ચાર સનતકુમારો સનક, સનાદન, સનાતન અને સનતકુમારને ઉત્પન્ન કર્યા. પછી દક્ષ, નારદ અને ભૃગુને ઉત્પન્ન કર્યા.

સપ્તર્ષિ પ્રજાની સૃષ્ટિ ઉત્પન્ન કરવા લાગ્યા. સનતકુમારો પોતાના તેજથી પ્રજોત્પત્તિ કરતા રહે છે. જ્યારે સૃષ્ટિનો વિસ્તાર બહુ ઓછા પ્રમાણમાં હતો ત્યારે બ્રહ્મા પોતાના બે ભાગ કરી નર અને નારીરૂપે પ્રગટ થયા. એ પ્રમાણે નર-નારીના મૈથુનથી અનેક પ્રકારની પ્રજાઓ બનાવી. ભગવાન વિષ્ણુ થકી બ્રહ્માએ સૃષ્ટિ કરી હતી. બ્રહ્માના મૂળ પુરુષો ૧૪ મનુ કહેવાયા. તેમની સ્ત્રીઓ શતરૂપા. મનુના સમયને મનવન્તર કહેવાય છે. મરીચિપુત્ર કશ્યપને દક્ષે ૧૩ કન્યાઓ આપી હતી. તેમાં બે દિતિ અને અદિતિ પણ હતી. દિતિથી ઉત્પન્ન થયેલા પુત્રો દૈત્યોથી જાણીતા થયા તેમના ગુરુ શુક્રાચાર્ય હતા. અદિતિથી ઉત્પન્ન થયેલા પુત્રો દેવો કહેવાયા. તેમના ગુરુ બૃહસ્પતિ હતા. છેલ્લા મનુ તે વૈવસ્વત. તેમને વેન, ધૃષ્ણુ, નરિષ્યન્ત, નાભાગ, ઈક્ષ્વાકુ, કારૂષ, શર્યાતિ, પૃષધ્ર, નાભાગારિષ્ટ એમ નવ પુત્રો અને ઈલા નામની એક પુત્રી હતી. તેની વંશાવલિ નીચે મુજબ છે.

મહાભારત સાથે અને તેના મહાનાયકો સાથે સંકળાયેલા પાત્રો

કુરુવંશના પૂર્વજો અને અનુજો :

નર-નારાયણ : આગલા જન્મમાં નર અને નારાયણ બે ઋષિમુનિઓ હતા. બંને હિમાલયમાં બદરી વૃક્ષ નીચે રહેતા હતા. બંને વિષ્ણુના ભક્ત હતા. નર એટલે માણસ અને નારાયણ એટલે વિષ્ણુ ભગવાન.

નર વિના નારાયણ ન હોય અને જ્યાં નારાયણ હોય ત્યાં નર હોય. એટલે બંનેને એકબીજાથી અલગ કરી શકાય નહિ. દ્વાપરયુગમાં કૃષ્ણ એ વિષ્ણુનો અવતાર છે. અને અર્જુન એ નરનો અવતાર છે. પોતાના અને અર્જુનના સંબંધોની ઝાંખી કરાવવા કૃષ્ણ અર્જુનને સમુદ્ર મધ્યમાં વિષ્ણુના દર્શન કરાવે છે.

પુરૂરવા : વૈવસ્વત મનુએ સંતાનની પ્રાપ્તિ થાય તે માટે પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવ્યો પરંતુ તેમને પુત્રી જન્મી. તેનું નામ ઈલા રાખવામાં આવ્યું. ચંદ્રના પુત્ર બુધ સાથે તેમનાં લગ્ન કરાવ્યાં. તેમના પુત્રનું નામ પુરૂરવા રાખવામાં આવ્યું. ચંદ્ર વંશના આદિ પુરુષ તે પુરૂરવા થયા.

ઉર્વશી : ઈન્દ્રના દરબારમાં સૌથી સુંદર અપ્સરા ઉર્વશી થઈ હતી. ઉર્વશી પુરૂરવાના પ્રેમમાં પડતા તેને ઈન્દ્રે પૃથ્વી પર મોકલી. પુરૂરવા સાથે ઉર્વશીનાં લગ્ન થયાં. તેમનો પુત્ર આયુ અને તેનો પુત્ર યયાતિ થયો. કેટલીક પેઢીએ કુરુરાજા જન્મ્યા. તેનો વંશ તે કુરુવંશ. પુરૂરવા સાથે લગ્ન કરતાં પહેલા ઉર્વશીએ બે વચન લીધા હતા. પુરૂરવાએ તે વચન ભંગ કરતા ઉર્વશી ફરી ઈન્દ્રના સ્વર્ગલોકમાં ગઈ.

યયાતિ : યદુના પૂર્વજોમાં પુરૂરવાની ચોથી પેઢીએ નહુષ રાજા થયો. તેનો પુત્ર યયાતિ ચક્રવર્તી રાજા થયો. તેની બે રાણીઓ હતી. એક શુક્રાચાર્યની પુત્રી દેવયાની હતી અને બીજી રાણી અસુરરાજ વૃષપર્વાની પુત્રી હતી. પુરૂરવા-દેવયાનીનો પુત્ર યદુ થયો. તેના વંશજો યદુવંશથી જાણીતા થયા. પુરૂરવા-શર્મિષ્ઠાનો પુત્ર પુરુ થયો. તેના વંશજો પુરુવંશથી જાણીતા થયા. પુરુના કેટલાક વંશજો પછી કુરુરાજા થયો તેના અનુજો કુરુવંશથી જાણીતા થયા.

દેવયાની : શુક્રાચાર્યની પુત્રી અને યયાતિની પત્ની.

શર્મિષ્ઠા : અસુરરાજ વૃષપર્વાની પુત્રી અને યયાતિની બીજી દાસીપત્ની.

વિશ્વામિત્ર : ભારતના પ્રાચીન કાળના સમયમાં ગાધિ રાજાના પુત્ર વિશ્વામિત્ર રાજામાંથી બ્રહ્મર્ષિ થઈ ગયા. ઋગ્વેદ મન્ડલા-૩ના તેઓ લેખક હતા. વિશ્વામિત્રે અનેક વર્ષ તપ કરી દેવોને પણ જીતી શકાય એટલું સામર્થ્ય મેળવ્યું હતું.

મેનકા : દેવ અને દાનવોએ સમુદ્રમંથન કરી અમૃત મેળવ્યું હતું. તે વખતે મેનકાનો જન્મ થયો હતો. ઈન્દ્રે પોતાના દરબારમાં મેનકાને અપ્સરા તરીકે રાખી હતી. વિશ્વામિત્રનું વધતું જતું વર્ચસ્વ અને પોતાના પર તોળાઈ રહેલા ભયને ટાળવા ઈન્દ્રે મેનકાને વિશ્વામિત્રનું તપ ભંગ કરવા પૃથ્વી પર મોકલી હતી. વિશ્વામિત્ર મેનકાના પ્રેમમાં પડ્યા અને તેમને એક પુત્રી જન્મી. તેનું નામ શકુંતલા રાખ્યું. તેના પાલક પિતા કણ્વઋષિ બન્યા. કુરુવંશના રાજા દુષ્યંત સાથે શકુંતલાના ગાંધર્વ લગ્ન કરાવ્યાં.

પુરુ : યયાતિ અને શર્મિષ્ઠાના સૌથી નાના પુત્ર પુરુએ સૌથી મહાન રાજા તરીકે રાજ્ય કર્યું હતું. પુરુએ પોતાનું યૌવન ઘરડા પિતા રાજા યયાતિને આપી પોતે ઘડપણ લીધું હતું. તેના નામ પરથી પુરુવંશ કહેવાયો. પાછળથી કેટલીક પેઢીએ કુરુ રાજાના નામથી કુરુવંશ જાણીતો થયો.

દુષ્યંત : હસ્તિનાપુરના રાજા અને કુરુવંશના પૂર્વજ. કણ્વઋષિની દત્તક પુત્રી શકુંતલા સાથે એમણે ગાંધર્વ વિવાહ કર્યાં હતાં. તેમનો પુત્ર ભરત હતો.

શકુંતલા : વિશ્વામિત્ર અને મેનકાની પુત્રી હતી. કણ્વઋષિએ તેનું નામ શકુંતલા રાખ્યું અને તેઓ શકુંતલાના પાલક પિતા બનીને રહ્યા. રાજા દુષ્યંત સાથે એના ગાંધર્વ વિવાહ થયાં.

ભરત : રાજા દુષ્યંત અને શકુંતલાનો પુત્ર હતો. જેના નામ પરથી આર્યાવતનું નામ ભારત પડ્યું. એ કુરુઓના પૂર્વજ હતા.

અજમીઢ : રાજા ભરત પછી ચોથી પેઢીએ અજમીઢ રાજા થયો. તેના ભાઈના વંશજમાં ગૌતમ પત્ની અહલ્યા અને કૃપાચાર્ય થયા. કેટલીક પેઢીએ તેના વંશજ કુરુરાજા થયા.

કુરુ : સૂર્યપુત્રી તાપી અને સંવરણના પુત્ર તે કુરુરાજા. હસ્તિનાપુરથી

નજીકની ભૂમિ કુરુસ્થળ પર કુરુરાજાએ મહાતપ કર્યું. રાજા ઇન્દ્રે કુરુને વરદાન આપ્યું કે આ ભૂમિ પર જેનું મૃત્યુ થશે તેને સ્વર્ગમાં જગ્યા મળશે. ત્યારે રાજાએ પ્રસન્ન થઈ તપ છોડ્યું. આ ભૂમિ ત્યારથી કુરુક્ષેત્રના નામથી જાણીતી થઈ.

જહ્નુ : કુરુના પુત્ર હતા.

પ્રતીપ : શાંતનુના પિતા હતા.

શાંતનુ : કુરુવંશના પ્રતીપ પછી હસ્તિનાપુરના રાજા બન્યા. ગંગાથી એ ભીષ્મના પિતા થયા. અને સત્યવતીથી તેને ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય પુત્ર થયા.

ગંગા : હિમાલયમાંથી નીકળી પતિતપાવની ગંગાનદી રૂપે લોક કલ્યાણ માટે તીર્થ સમાન વહેતી બંગાળના ઉપસાગરમાં મળે છે. મહાભારતમાં શાંતનુરાજાની પત્ની અને ભીષ્મનાં માતા હતાં.

સત્યવતી : મત્સ્યગંધાના નામથી જાણીતી મત્સ્યગંધા માછીની કન્યા હતી. એના શરીરમાંથી માછલાંની ગંધ આવતી. રાજા ઉપરીચરનું વીર્ય માછલીના પેટમાં જતાં તેને ગર્ભ રહ્યો. માછીમારના વડાની જાળમાં તે માછલી પકડાતાં તેના પેટમાંથી નીકળેલી કન્યા તે મત્સ્યગંધા. ઋષિ પરાશરે તેની સાથે સમાગમ કરતા વ્યાસમુનિ જન્મ્યા. ઋષિ પરાશરે તેના શરીરને સુગંધિત કરી કુંવારી કન્યા બનાવી, તેનું નામ સત્યવતી રાખ્યું. રાજા શાંતનુએ ભીષ્મની પ્રતિજ્ઞાના લીધે તેની સાથે લગ્ન કર્યાં.

ભીષ્મ : ગંગા અને શાંતનુનો આઠમો પુત્ર. લગ્ન કરતાં પહેલા શાંતનુએ ગંગાને આપેલા વચન પ્રમાણે ગંગાને કોઈ પણ સવાલ ન પૂછતા, ગંગાએ સાત વસુઓને એક પછી એક જન્મતાવેંત ગંગામાં ડુબાડી દીધા. આઠમા પુત્ર દેવદત્તને ડુબાડતા પહેલા શાંતનુએ ખિન્નભાવે પુત્રોનું ગંગામાં ડુબાડવાનું પ્રયોજન પૂછતા ગંગા દેવદત્તને લઈ ગંગા નદીમાં અદૃશ્ય થઈ ગઈ. ગંગાએ તેને એક મહાન ધનુર્ધારી અને યોદ્ધા બનાવ્યો. એ પરશુરામના શિષ્ય હતા. પુખ્ત વયના થતાં ગંગાએ ભીષ્મને શાંતનુને સુપ્રત કર્યો. ભીષ્મે પોતાના પિતાનાં પ્રેમલગ્ન સત્યવતી સાથે કરાવવા જિંદગીભર બ્રહ્મચર્ય પાળ્યું અને લગ્ન ન કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી. આ પ્રતિજ્ઞાને કારણે તેઓ ભીષ્મ પિતામહ તરીકે ઓળખાયા. શાંતનુએ તેને ઇચ્છામૃત્યુનું વરદાન આપ્યું. જિંદગીભર તેમણે હસ્તિનાપુરના સિંહાસનની સેવા કરી.

પરાશર : વસિષ્ઠઋષિના પૌત્ર અને વ્યાસમુનિના પિતા હતા.

વ્યાસ : ચારે વેદોનું સંકલન કરનાર હોવાથી એ વેદવ્યાસ કહેવાયા. મહાભારતના રચયિતા અને પુરાણોના તેઓ લેખક હતા. પરાશર શુકદેવમુનિના પિતા હતા. ચાર વેદોનો પ્રચાર તેના શિષ્યો પયલા, જૈમિની, વૈશમ્પાયન, સુમંતુએ કર્યો. વૈશમ્પાયને મહાભારતની કથા રાજા જનમેજયને સંભળાવી.

શુકદેવ : વેદવ્યાસના પુત્ર શુકદેવ જન્મથી જ સંન્યાસી હતા. તેમ છતાં તેઓ વેદવ્યાસને હંમેશ પૂછતા કે સંન્યાસ માટે દીક્ષા આપવાલાયક વિશ્વમાં લાયક કોણ છે. વેદવ્યાસ તેમને કહેતા રાજા જનક સંસારી છે છતાં સંન્યાસની દીક્ષા આપવા માટે સૌથી યોગ્ય વ્યક્તિ તેઓ જ છે. તેમની સાથેની મુલાકાતથી તેઓ અતિ પ્રસન્ન થયા. તેમણે ભાગવતની કથા પરીક્ષિત રાજાને સંભળાવી અને તેને મોક્ષ પ્રદાન કરાવ્યો.

ચિત્રાંગદ : સત્યવતી અને શાંતનુનો મોટો પુત્ર હતો. પરંતુ નાની ઉંમરે મૃત્યુ પામ્યો.

વિચિત્રવીર્ય : સત્યવતી અને શાંતનુનો બીજો પુત્ર હતો. ભીષ્મ પિતાનો એ સાવકો ભાઈ હતો. ભીષ્મે કાશીનરેશની ત્રણ પુત્રીઓનું સ્વયંવરમાંથી અપહરણ કરી અંબિકા અને અંબાલિકા સાથે તેના લગ્ન કરાવ્યા. ત્રીજી કન્યા અંબા રાજા શાલ્વના પ્રેમમાં હતી તેથી તેને મુક્ત કરી.

અંબા : કાશી રાજાની સૌથી મોટી પુત્રી. ભીષ્મે સ્વયંવરમાંથી અપહરણ કરી એને વિચિત્રવીર્ય સાથે પરણાવવી હતી પરંતુ તે શાલ્વને પ્રેમ કરતી હતી તેથી તેને જતી કરી હતી. પરંતુ શાલ્વએ તેને અપનાવી નહિ તેથી તેણે મહાદેવને પ્રસન્ન કરી બીજા જન્મમાં ભીષ્મને મારવાનું વચન મેળવી પ્રાણત્યાગ કર્યો. પાંચાલ રાજાને ત્યાં કિન્નર બની શિખંડી નામે જન્મ લીધો.

અંબિકા : અંબિકાના વિચિત્રવીર્ય સાથે લગ્ન થયાં. પછી વિચિત્રવીર્ય નિઃસંતાન મૃત્યુ પામ્યો. માતા સત્યવતીના આગ્રહથી અંબિકાને વ્યાસમુનિથી ધૃતરાષ્ટ્ર અંધ જન્મે છે કારણ કે જ્યારે વ્યાસમુનિ અંબિકાને એકાંતમાં મળે છે ત્યારે કદરૂપા વ્યાસમુનિને જોતાં તેની આંખ મીંચાઈ જાય છે જેથી ધૃતરાષ્ટ્ર અંધ જન્મે છે.

અંબાલિકા : નિઃસંતાન પતિ વિચિત્રવીર્યના મૃત્યુ પછી માતા

સત્યવતીના આગ્રહથી અંબાલિકાને વ્યાસમુનિથી પુત્ર પાંડુ જન્મે છે. જ્યારે વ્યાસમુનિ અંબાલિકાને એકાંતમાં મળે છે ત્યારે કુરૂપ દેખાવના વ્યાસને જોતાં તે ભયભીત થઈને પીળી પડી ગઈ. તેથી તેને રોગી પાંડુ જન્મે છે.

વિદુર : માતા સત્યવતીએ એક તંદુરસ્ત, રાજ્યકારભાર સંભાળે એવા પૌત્રની ઈચ્છાથી વ્યાસમુનિને એકાંતમાં મળવા એક દાસીને મોકલી. દાસી જ્યારે વ્યાસમુનિને એકાંતમાં મળી ત્યારે સંપૂર્ણ સ્વસ્થ અને ભક્તિભાવ સ્થિતિમાં હતી જેથી તેને જે પુત્ર જન્મ્યો તે એક કૃષ્ણ ભક્ત, વિચારક, વિચક્ષણ અને ન્યાય માટે જાણીતો થયો. તે દાસીપુત્ર હતો એટલે હસ્તિનાપુરના રાજા તરીકે લાયક ન ઠરી શક્યો.

ધૃતરાષ્ટ્ર : અંબિકા-વ્યાસથી જે પુત્ર જન્મ્યો તે ધૃતરાષ્ટ્ર જન્મથી અંધ હતો. તેથી તે હસ્તિનાપુરનો રાજા બનવાને લાયક ન ઠર્યો. ભીષ્મે ધૃતરાષ્ટ્રને ગાંધારરાજાની પુત્રી ગાંધારી સાથે લગ્ન કરાવ્યાં. તેમને સો પુત્રો અને એક પુત્રી જન્મ્યા. પછી પાંડુને હસ્તિનાપુરનો રાજા બનાવ્યો. તેની તબિયત સારી રહેતી ન હતી. તેથી તે બે પત્ની કુંતી અને માદ્રી સાથે વનમાં રહેવા ગયો. આ સમય દરમિયાન ધૃતરાષ્ટ્ર ભીષ્મની સહાયથી રાજ્ય કારભાર ચલાવતો. ધૃતરાષ્ટ્રનો મોટો પુત્ર દુર્યોધન ચતુર, લુચ્ચો અને દુષ્ટ હતો. તે પોતાને હસ્તિનાપુરનો ઉત્તરાધિકારી માનતો. ભાઈ શકુનિ બહેન ગાંધારી સાથે હસ્તિનાપુરમાં જ રહેવા લાગ્યો. મામા-ભાણેજ પાંડવોને હસ્તિનાપુરથી દૂર રાખવા માગતા હતા. સમય આવ્યે હસ્તિનાપુરનો રાજા દુર્યોધન બનવા માગતો હતો. વનમાં દેવોથી કુંતીને ત્રણ અને માદ્રીને બે પુત્રો જન્મ્યા. એ પાંડુ પુત્રો કહેવાયા. પાંડુના મૃત્યુ પછી પાંડવો કુંતી સાથે હસ્તિનાપુર આવ્યા ત્યારથી તેમને દૂર કરવા મામા-ભાણેજ સતત કાવતરા કરતા રહ્યા. ધૃતરાષ્ટ્ર જાણવા છતાં તેમને રોકી શક્યો નહિ. અંદરથી ધૃતરાષ્ટ્ર પણ પાંડવોને રાજ્ય આપવા માગતા ન હતા.

સંજય : ધૃતરાષ્ટ્રનો સલાહકાર અને સારથિ હતો. વ્યાસમુનિએ મહાભારતા યુદ્ધ સમયે સંજયને દિવ્યદૃષ્ટિ આપી હતી. જેથી તે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને મહાભારત યુદ્ધનો આંખેદેખ્યો હેવાલ આપતો હતો. એ રીતે સંજયને દિવ્યદૃષ્ટિ મળતા આરંભથી અંત સુધીનો અઢાર દિવસનો યુદ્ધનો હેવાલ ધૃતરાષ્ટ્રને મળતો રહ્યો. અંતિમ વિનાશ જોવા એ પોતે

રણભૂમિમાં જાય છે જ્યાં તે દુર્યોધનને એકલો મરણતોલ હાલતમાં ઘવાયેલો જુએ છે અને દુર્યોધનનો સંદેશો ધૃતરાષ્ટ્રને આપે છે.

ગાંધારી : ગાંધારનરેશ સુબલની પુત્રી અને ધૃતરાષ્ટ્રની પત્ની ગાંધારી. પતિ અંધ હોવાને કારણે જીવંતપર્યંત આંખે પાટા બાંધી અંધાપો સ્વીકારી લીધો જેથી પતિને હીણપત ન લાગે. એ સો પુત્રો અને એક પુત્રીની માતા હતી. કુરુક્ષેત્રના યુદ્ધમાં પોતાના ૯૯ પુત્રોનો વિનાશ થતો જોઈ વ્યાકુળ ગાંધારીએ કૃષ્ણને તે માટે જવાબદાર ઠેરવી શ્રાપ આપ્યો કે, 'અમારા કુળનો જેમ નાશ થયો તેમ હે કૃષ્ણ! તમારા યાદવ કુળનો પણ અંદરોઅંદર લડીને નાશ થશે.'

દુર્યોધન : દુર્યોધનનું બીજું નામ સુયોધન હતું. ધૃતરાષ્ટ્ર-ગાંધારીના સો પુત્રો અને એક પુત્રીમાં દુર્યોધન સૌથી મોટો હતો. પાંડુપુત્ર યુધિષ્ઠિર દુર્યોધનથી ઉંમરમાં મોટો હતો અને હસ્તિનાપુરના રાજા બનવાને તે હકદાર હતો. કર્ણ દુર્યોધનનો પરમ મિત્ર હતો. દુઃશાસન દુર્યોધનનો ભાઈ હતો. શકુનિમામા દુર્યોધનના સુકાની હતા. આ ચાર આંતરિક કુબુદ્ધિથી પાંડવોને હસ્તિનાપુરમાંથી હાંકી કાઢવા માગતા હતા. હસ્તિનાપુરનું રાજ્ય છીનવી લેવા તેઓએ પાંડવોને લાક્ષાગૃહમાં રાખી આગ લગાડી મારી નાખવા પ્રયત્ન કર્યો.

ઇન્દ્રપ્રસ્થ છીનવી લેવા પાંડવોને દ્યુતની રમતમાં આમંત્રણ આપી કપટી શકુનિએ યુધિષ્ઠિરને હરાવી દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરાવી, ૧૨ વર્ષ વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ પાંડવોને કરાવ્યો. વનવાસ પૂરો થતાં તેમનું ઇન્દ્રપ્રસ્થ રાજ્ય આપવાની દુર્યોધને ના પાડી શ્રીકૃષ્ણે પાંડવો માટે ફક્ત છ ગામ માગ્યા પણ દુર્યોધને તે પણ આપવાની ના પાડી. કૃષ્ણના સંધિના બધા પ્રયત્નો વિફળ ગયા. અંતમાં કુરુક્ષેત્રના યુદ્ધનો વિનાશ વિશ્વને જોવો પડ્યો.

ભાનુમતિ : દુર્યોધનની પત્ની અને લક્ષ્મણાની માતા હતી. લક્ષ્મણાના લગ્ન કૃષ્ણના પુત્ર સામ્બ સાથે થયા હતા. દ્વારકાના નાશ માટે સામ્બ જવાબદાર ગણાય છે.

દુઃશાસન : ધૃતરાષ્ટ્ર ગાંધારીનો બીજો પુત્ર હતો. એ દુર્યોધનનો પડછાયો હતો. તેની દરેક આજ્ઞાનું તે આંખ મીંચીને પાલન કરતો. યુધિષ્ઠિર દ્યુતક્રીડામાં દ્રૌપદીને હારી જાય છે. દુર્યોધન દ્રૌપદીને પોતાની દાસી માને છે અને દુઃશાસનને દ્યુતસભામાં લાવવાની આજ્ઞા કરે છે. એ

દ્રૌપદીને વાળ ખેંચીને દ્યુતસભામાં ખેંચી લાવે છે. અપમાનિત થયેલી દ્રૌપદી પ્રતિજ્ઞા કરે છે કે જ્યાં સુધી દુઃશાસનના રક્તથી પોતાના મસ્તકના વાળને ધોશે નહિ ત્યાં સુધી તે વાળને છૂટા રાખશે. કુરુક્ષેત્રના યુદ્ધમાં ભીમ દુઃશાસનની છાતી ભાંગીને તેનું લોહી પીએ છે અને દ્રૌપદી તેના લોહીથી વાળ ધોઈને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરે છે.

દુઃશલા : ધૃતરાષ્ટ્ર-ગાંધારીના સો પુત્રો વચ્ચે એક પુત્રી હતી. એટલે દુર્યોધન સાથે સો ભાઈઓને એ એક બહેન હતી. તેને સિંધુ દેશના રાજા જયદ્રથ સાથે પરણાવી હતી.

જયદ્રથ : સિંધુનો રાજા અને દુર્યોધન તેમજ તેના ભાઈઓનો બનેવી હતો. પાંડવોના વનવાસ દરમિયાન દ્રૌપદીને જંગલમાં એકલી જોઈને પોતાની નીચ મનોકામના પૂર્ણ કરવા દ્રૌપદીનું અપહરણ કરતા પાંડવો તેને આંતરે છે અને તેને કેદ કરે છે. યુધિષ્ઠિરના કહેવાથી ભીમ તેને મુક્ત કરે છે પરંતુ તેના માથાનું મુંડન કરાવી તેને અપમાનિત કરીને જ છોડે છે.

વિકર્ણ : સો કૌરવ ભાઈઓમાં તે સૌથી નાનો અને સાવકો હતો. યુધિષ્ઠિર-દુર્યોધન વચ્ચે રમાયેલી દ્યુતક્રીડામાં શકુનિએ કરેલા કપટનો તે એક માત્ર વિરોધી હતો. તેણે સભામાં વિરોધ ઉઠાવ્યો હતો.

પાંડુ : વિચિત્રવીર્ય નિઃસંતાન મૃત્યુ પામતા સત્યવતીના આગ્રહથી વિધવા અંબાલિકા-વ્યાસનો નિયોગ દ્વારા જન્મેલો પુત્ર તે પાંડુ. ભીષ્મે તેના લગ્ન કુંતી સાથે કરાવ્યા. પાંડુ ધૃતરાષ્ટ્રથી ઉંમરમાં નાનો છતાં ધૃતરાષ્ટ્ર અંધ હોવાને કારણે હસ્તિનાપુરનું રાજ્ય તેને મળ્યું હતું. બીજાં લગ્ન તેનાં મદ્ર દેશની કુંવરી માદ્રી સાથે થયાં પાંડુ રોગી હતો જેથી તે સાધુમય જીવન જીવવા બંને પત્ની સાથે જંગલમાં ગયો. પાંડુ એક વખત શિકારે ગયા હતા ત્યારે ઋષિ કિન્દમ અને તેની પત્ની હરણ બનીને સંભોગ કરી રહ્યા હતા. રાજાએ દૂરથી હરણ જોઈ તીર મારતા એ મરણ પામ્યા. મરતા પહેલા પાંડુ જ્યારે ઋષિ પાસે પહોંચ્યા ત્યારે ઋષિએ શ્રાપ આપ્યો કે જેમ તેં અમારી ક્રીડા ભંગ કરી તેમ તારું પણ મૃત્યુ સ્ત્રી સાથે સંભોગ કરતા થશે. પોતાને પુત્ર થશે નહિ અને નિર્વંશ મરણ થશે એટલે એ ચિંતિત રહેતો હતો. કુંતીને દુર્વાસાએ આપેલા મંત્રથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન અને માદ્રીને મંત્ર આપી સહદેવ અને નકુલ પાંચ પાંડવપુત્રો મળ્યા.

કુંતી : યાદવરાજા શૂરસેનની પુત્રી અને કૃષ્ણની ફોઈ હતી. નાની વયમાં શૂરસેનના કાકાભાઈ કુન્તિભોજે (જેને કોઈ સંતાન ન હતા) દત્તક લીધી હતી. કુન્તિભોજે તેનું નામ પૃથા બદલીને કુંતી રાખ્યું. કુમારી વયમાં કુંતીએ દુર્વાસાની સેવા કરી હતી. જેથી દુર્વાસાએ કુંતીને એક મંત્ર આપ્યો હતો. કુંવારી અવસ્થામાં કુતૂહલ સંતોષવા તે મંત્રનો કુંતીએ ઉચ્ચાર કર્યો. સૂર્યદેવે તેને કર્ણ આપ્યો. કુંવારી અવસ્થામાં પુત્ર થતાં તે ગભરાઈ ગઈ અને તેને નદીમાં વહેતો મૂકી દીધો. આ મંત્ર પાંડુના કહેવાથી ઉચ્ચારતા તેને યુધિષ્ઠિર, ભીમ, અર્જુન અને માદ્રીને સહદેવ, નકુલ મળ્યા.

સૂર્યદેવ : ભારતમાં મનાતા અનેક દેવોમાં સૂર્યદેવનું સ્થાન મોખરે છે. પ્રકાશ અને ઊર્જાના દેવ તરીકે હિંદુઓ તેની પૂજા કરે છે. મહાભારતમાં કર્ણના પિતા તરીકે તેઓ ઓળખાય છે. તેઓ ગ્રહોને સંતુલનમાં રાખે છે. હિંદુ ધર્મમાં તેમની સૂર્યદેવ તરીકે પૂજા થાય છે.

કર્ણ : કુંતીને કુમારી વયમાં દુર્વાસાએ આપેલા મંત્રનો કુતૂહલથી ઉપયોગ કરતાં સૂર્યથી ઉત્પન્ન થયેલો પુત્ર તે કર્ણ. બીકને કારણે કુંતીએ તેને દુઃખી હૃદયે ત્યજી દીધો. તેના પાલક પિતા અધિરથ અને માતા રાધા જેઓ હસ્તિનાપુરના અશ્વોની દેખરેખ રાખતા હતા. કર્ણ તેમને જ મા-બાપ માનતો હતો. બાણાવળી થવા માટે તેણે પોતાની સૂત ઓળખ છુપાવી અને બ્રાહ્મણના વેશે પરશુરામ પાસે શિક્ષા લીધી. કુરુ રાજકુંવરોના ધનુર્વિદ્યાના વિદ્યાપીઠ સમારોહમાં તેને સૂતપુત્ર હોવાને કારણે ભાગ લેવાની પરવાનગી ન મળી. દુર્યોધને અંગ નામનું નાનું રાજ્ય આપી તેને તે રાજ્યનો રાજા બનાવ્યો. દુર્યોધન કર્ણનો સૌથી પરમ મિત્ર બની રહ્યો. દ્રોણના અવસાન પછી કુરુક્ષેત્રના યુદ્ધમાં કર્ણને કૌરવસેનાનો સેનાપતિ બનાવ્યો. તે મહા દાનવીર હતો. સૂર્યની સ્તુતિ અને પૂજા કરવા નિત્ય સવારે નદીએ જવું એવો તેનો નિયમ હતો. ત્યારે જે કોઈ એની પાસે જે કંઈ માગે તે આપી દેતો. કુંતી અને કૃષ્ણ મહાભારત યુદ્ધમાં તેની સાચી ઓળખ આપે છે.

વિશ્વસેન, પ્રસેન અને બીજા સાત પુત્રો : કર્ણની બે પત્ની વૃશાલી અને સુપ્રિયાથી થયેલા આ પુત્રો હતા.

માદ્રી : મદ્ર રાજ્યની રાજકુંવરી, શલ્યરાજાની બહેન અને પાંડુરાજાની બીજી પત્ની માદ્રી હતી. તેના બે પુત્રો સહદેવ, નકુલ હતા. પાંડુરાજાના અવસાન સાથે તે પણ તેમની સાથે સતી થઈ.

યુધિષ્ઠિર : પાંડુરાજા નિઃસંતાન મૃત્યુ પામે તે પહેલા દુર્વાસાએ આપેલા મંત્રથી કુંતીએ ધર્મરાજને આવાહન કર્યું અને જે પુત્ર ઉત્પન્ન થયો તે પાંડુ-કુંતીપુત્ર યુધિષ્ઠિર ધર્મરાજાથી જાણીતો થયો. સત્ય એ જ એના જીવનનો મંત્ર હતો. જુગટુ રમતા યુધિષ્ઠિર કૌરવ-દુર્યોધન સામે શકુનિના કપટથી ઈન્દ્રપ્રસ્થ, દ્રૌપદી અને ભાઈઓને દાવ પર મૂકે છે અને સર્વસ્વ ગમાવી બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ ભોગવ્યો. કૃષ્ણના કહેવાથી કુરુક્ષેત્રના યુદ્ધમાં દ્રોણને મારવા ધર્મરાજ યુધિષ્ઠિર જીવનમાં પ્રથમ વખત 'નરો વા કુંજરો વા' બોલ્યા, 'હા, અશ્વત્થામા મરાયો.' મામા શલ્યનો વધ કર્યો. મહાભારતના યુદ્ધને અંતે એમણે હસ્તિનાપુરનું રાજ્ય પાછું મેળવ્યું. દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની બની.

ભીમ : યુધિષ્ઠિર પછી કુંતીએ દુર્વાસાએ આપેલા મંત્રથી વાયુદેવનું આવાહન કરી પુત્ર મેળવ્યો તે મહાબલિ ભીમ. કૌરવો હંમેશા એનાથી ડરતા. કૌરવો પાંડુપુત્રોને ધિક્કારતા હતા. એટલે ભીમ તેઓને પોતાની બળવાન કાયાથી ડરાવતો, તેમને નિયંત્રણમાં રાખતો. દ્યુતક્રીડામાં યુધિષ્ઠિર હારી જતાં દુઃશાસન દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરે છે. ત્યારે ભીમ પ્રતિજ્ઞા કરે છે કે, 'કૌરવોનો હું યુદ્ધમાં વધ કરીશ. દુઃશાસનની છાતી ચીરીને તેનું લોહી પીશ. દુર્યોધનની જાંઘ તોડીને તેનો વધ કરીશ.' લીધેલી પ્રતિજ્ઞાનું તેણે પાલન કર્યું. એણે જરાસંધનો વધ કર્યો, કીચકનો વધ કર્યો અને હિડિમ્બ રાક્ષસનો વધ કરી તેની બહેન હિડિમ્બા સાથે લગ્ન કર્યાં. તેનાથી થયેલો પુત્ર તે ઘટોત્કચ. દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની બની.

અર્જુન : કુંતીને મળેલા વરદાનથી કુંતીએ ઈન્દ્રદેવનું આવાહન કરી મેળવેલો પાંડુ-કુંતીનો ત્રીજો પુત્ર તે અર્જુન. એ દ્રોણનો માનીતો શિષ્ય હતો. એ મહાન, સર્વશ્રેષ્ઠ ધનુર્ધારી હતો. કૃષ્ણ એ નારાયણ છે અને અર્જુન એ નર છે. એટલે તેઓ નર-નારાયણથી જાણીતા છે. અર્જુન, કૃષ્ણને સખા માને છે અને કૃષ્ણનો સૌથી પ્રિય માનીતો સખા છે. એટલે તો તે અર્જુનના સારથિ બને છે. મહાભારતમાં જે ગીતા ગવાય છે. તે અર્જુન-કૃષ્ણના સંવાદથી માનવ કલ્યાણ માટે એક ધર્મગ્રંથરૂપે રજૂ થઈ છે. પાંચાલનરેશે રચેલા સ્વયંવરમાં તે દ્રૌપદીને જીતે છે. માતાના આશીર્વાદથી દ્રૌપદી પાંચે પાંડવ ભાઈઓની પત્ની બને છે. કૃષ્ણની

બહેન સુભદ્રા સાથે પણ અર્જુનનાં લગ્ન થાય છે. સુભદ્રા-અર્જુનનો પુત્ર તે અભિમન્યુ. અર્જુનની બીજી પત્નીઓ ઉલૂપી અને ચિત્રાંગદા છે. તેમનાથી થયેલા પુત્રો તે શ્રુતકર્મા, ઇરાવાન્ અને બભ્રુવાહન. ખાંડવપ્રસ્થ વન બાળીને કૃષ્ણની સહાયથી પાંડવોએ સુંદર ઇન્દ્રપ્રસ્થ નગરી બનાવી.

નકુલ : પાંડુના કહેવાથી કુંતીએ દુર્વાસાએ આપેલો મંત્ર પુત્રપ્રાપ્તિ માટે માદ્રીને આપ્યો. એણે અશ્વિનીકુમારને બોલાવ્યા. બે દેવો ઉપસ્થિત થયા અને માદ્રીને બે જોડિયા પુત્રો પ્રાપ્ત થયા. નકુલ બેમાં મોટો હતો. એ સૌથી દેખાવડો હતો. પાંડુ માદ્રી સાથે પ્રેમ કરવા જતાં મૃત્યુ પામ્યા. માદ્રી એમની સાથે સતી થઈ. કુંતીએ પાંચે પુત્રોને સમાન પ્રેમ આપી મોટા કર્યા અને ક્યારેય પણ છૂટા પડવા દીધા નહિ. નકુલ તલવારબાજી અને અશ્વપાલનમાં પાવરધો હતો. દ્રૌપદીથી તેને શતાનીક પુત્ર જન્મ્યો હતો.

સહદેવ : માદ્રીના જોડિયા પુત્રોમાં સહદેવ નાનો હતો. સહદેવ જગતમાં સૌથી વિદ્વાન, બુદ્ધિશાળી અને ભવિષ્યવેત્તા હતો. પરંતુ કોઈ પૂછે નહિ ત્યાં સુધી ભવિષ્ય બતાવે નહિ. પાંચે પાંડુપુત્રો પ્રેમના એક તાંતણે બંધાયેલા હતા. તેને બુદ્ધિચાતુર્ય અને આધ્યાત્મિક વિદ્યાનું જ્ઞાન હતું. દ્રૌપદી પાંચે ભાઈઓની પત્ની હતી. શ્રુતસેન દ્રૌપદી-સહદેવનો પુત્ર હતો. તલવારબાજીમાં તે નિપુણ હતો. ગુરુ બૃહસ્પતિ પાસે તેણે નીતિશાસ્ત્રમાં નિપુણતા મેળવી હતી.

દ્રૌપદી : રાજા દ્રુપદે કરેલા પુત્રકામેષ્ટિ યજ્ઞમાંથી ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદી જન્મ્યાં હતાં. દ્રુપદે દ્રૌપદીવિવાહ માટે યોજેલા સ્વયંવરમાં અર્જુને ધનુર્વિદ્યાની હરીફાઈ જીતી હતી. યુધિષ્ઠિરે માતાને સારી ભિક્ષા મળી છે એમ કહ્યું. માતા કુંતીએ વગર જોયે પાંચે ભાઈઓમાં વહેંચી લેવાની આજ્ઞા કરી. આથી દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની બની. ઇન્દ્રપ્રસ્થના યુધિષ્ઠિરના રાજ્યાભિષેકમાં જ્યારે દુર્યોધનને ઇન્દ્રસભા સુંદર-સુશોભિત ઝળહળતી સપાટી જળથી ભરેલી દેખાઈ અને તે અંદર પડ્યો ત્યારે દ્રૌપદીએ ઉચ્ચારેલા શબ્દોએ 'આંધળાનો પુત્ર આંધળો જ હોય ને!' પોતાની થયેલી માનહાનિનું વેર વાળવા તેને અતિ ક્રોધિત બનાવી દીધો. શકુનિના કહેવાથી દ્યુતક્રીડા યોજાઈ. યુધિષ્ઠિર દ્યુતમાં હાર્યા અને દ્રૌપદીનું વસ્ત્રાહરણ થયું. ભીમે દુઃશાસન અને દુર્યોધનને મારવાની પ્રતિજ્ઞા લીધી. પછી મહાભારતનું યુદ્ધ થયું. કૃષ્ણ દ્રૌપદીના જીવનભર

સખા બનીને તેની પડખે ઊભા રહ્યા. પાંચ પાંડવોથી દ્રૌપદીને એક એક પુત્ર થયો.

સુભદ્રા : કૃષ્ણ અને બલરામની નાની બહેન હતી. અર્જુને જ્યારે ગાયોને છોડાવવા યુધિષ્ઠિર-દ્રૌપદીના આવાસમાં પ્રવેશ કર્યો ત્યારે ભાઈઓ વચ્ચે થયેલા કરારનો ભંગ થતાં તેમણે એક વર્ષ ઈન્દ્રપ્રસ્થ છોડી યાત્રા શરૂ કરી. આ સમય દરમિયાન અર્જુન કૃષ્ણને મળવા દ્વારકા ગયો હતો. સુભદ્રાને જોતાં તે તેના પ્રેમમાં પડ્યો હતો. બલરામની ઇચ્છા વિરુદ્ધ કૃષ્ણે અર્જુન પાસે સુભદ્રાનું અપહરણ કરાવી, પાછળથી બલરામને સમજાવી બંનેના ધામધૂમથી લગ્ન કરાવ્યાં. સુભદ્રાએ પોતાનાં લગ્ન અર્જુન સાથે થયા છે તે વાત જણાવવા પોતે ગોવાલણ બની તેની સામે આવી. પછી નાની બહેન બની દ્રૌપદીને મનાવી લીધી હતી. અર્જુન-સુભદ્રાનો પુત્ર તે અભિમન્યુ. જગન્નાથપુરીની કૃષ્ણ અને બલભદ્રની મૂર્તિની તે પૂજક હતી.

હિડિમ્બા : હિડિમ્બાસુરની બહેન. હિડિમ્બ રાક્ષસને મારીને કુંતીમાતાના આશીર્વાદથી ભીમે તેની સાથે લગ્ન કર્યાં. ભીમ અને હિડિમ્બાનો પુત્ર તે ઘટોત્કચ. હિડિમ્બ રાક્ષસના કહેવાથી હિડિમ્બાએ સુંદર સ્ત્રી બની પાંડવોને મારવાની આજ્ઞા કરી. પરંતુ તે ભીમના પ્રેમમાં પડી અને પોતાના ભાઈનો ઇરાદો ભીમને કહ્યો. ભીમ અને હિડિમ્બ વચ્ચે યુદ્ધ થયું તેમાં હિડિમ્બાસુર માર્યો ગયો.

ઉલૂપી : નાગકન્યા અર્જુનની પત્ની ઉલૂપી-અર્જુનનો પુત્ર તે ઇરાવાન. યુધિષ્ઠિર-દ્રૌપદીના આવાસમાં પ્રવેશ કરી નિયમ ભંગ કર્યો હતો ત્યારે અર્જુનને એક વર્ષ ઈન્દ્રપ્રસ્થથી બહાર રહેવાનું થયું. તે અનેક યાત્રાસ્થળોએ ફર્યો તેમાં આ નાગકન્યા સાથે એક રાત્રિ પસાર કરી હતી.

ચિત્રાંગદા : નિયમભંગ માટે એક વર્ષની યાત્રા દરમિયાન અર્જુન યુદ્ધકળામાં નિપુણ ચિત્રાંગદાને મળવા મણિપુર આવ્યો હતો. ચિત્રાંગદા તેના પ્રેમમાં પડતાં ચિત્રાંગદાના પિતા રાજા ચિત્રવાહને અર્જુનનાં લગ્ન ચિત્રાંગદા સાથે એક શરતે કરાવ્યા કે, 'તેમનો જે પુત્ર થાય તે રાજા ચિત્રવાહનને દત્તકમાં આપી દેવો.' ચિત્રાંગદા-અર્જુનનો પુત્ર બભ્રુવાહન હતો.

ઘટોત્કચ : ભીમ-હિડિમ્બાનો પુત્ર ઘટોત્કચ. એ ભીમથી સવાયો બળવાન હતો. કુરુક્ષેત્રના યુદ્ધમાં કૌરવસેનાનો ભુક્કો બોલાવી દેતા

દુર્યોધન, કર્ણ અને સેના ભાંગી પડી અને આખી સેના નાશ પામવાની અણી પર હતી ત્યારે અમોઘ શક્તિ પ્રયોગ કરવા દુર્યોધને કર્ણને વિનંતી કરી. કર્ણએ ઈન્દ્રે આપેલી અમોઘ શક્તિ જે કર્ણે અર્જુનને મારવા રાખેલી તેનો ઉપયોગ કરી કર્ણે ઘટોત્કચનો વધ કર્યો.

બર્બરીક : કુરુક્ષેત્રના યુદ્ધમાં એક મહાયોદ્ધા હતો ઘટોત્કચનો પુત્ર અને ભીમનો પૌત્ર. કુરુક્ષેત્રની લડાઈ શરૂ થતાં પહેલાં તેણે તેની માતાને વચન આપ્યું હતું કે જો કુરુક્ષેત્રની લડાઈમાં જે પક્ષ હારતો હશે તેને બચાવવા તે પક્ષ માટે એ લડશે. શિવના આપેલા બાણથી તે જે પક્ષમાં લડે તે જીતી શકે અને સામેનો પક્ષ હારી જાય. એટલે એણે લડતા લડતા બંને પક્ષ બદલતા રહેવા પડે. આ દ્વિધા કૃષ્ણે તેને સમજાવી તેનું મસ્તક કાપી લીધું અને તે મસ્તકને એક ટેકરી પર વૃક્ષ પર મૂકી દીધું કે જ્યાંથી તે કુરુક્ષેત્રનું યુદ્ધ જોઈ શકે. અર્જુન પછી બર્બરીકને કૃષ્ણના વિરાટ સ્વરૂપના દર્શન થયા.

પ્રતિવિન્ધ્ય : યુધિષ્ઠિર-દ્રૌપદીનો પુત્ર
સુતસોમ : ભીમ-દ્રૌપદીનો પુત્ર
શ્રુતકીર્તિ : અર્જુન-દ્રૌપદીનો પુત્ર
શતાનીક : નકુલ-દ્રૌપદીનો પુત્ર
શ્રુતસેન : સહદેવ-દ્રૌપદીનો પુત્ર

અભિમન્યુ : પાંડવપુત્ર અર્જુન અને યાદવ રાજકુંવરી સુભદ્રાનો પુત્ર અભિમન્યુ હતો. જ્યારે તે માતાના ગર્ભમાં હતો ત્યારે કૃષ્ણે સુભદ્રાને યુદ્ધ કળાના સાત ચક્રોનું જ્ઞાન આપ્યું હતું પરંતુ સાતમે કોઠે સુભદ્રા નિદ્રાવશ થઈ ગઈ. એથી કોઠા યુદ્ધમાં દાખલ થયા પછી બહાર નીકળવાનું જ્ઞાન તેને ન મળ્યું. મહાભારતના યુદ્ધમાં સૌથી વીર યોદ્ધામાં બીજો કોઈ યોદ્ધો એની તુલનામાં આવી શકે એમ ન હતો. ૧૩મા દિવસના યુદ્ધમાં દ્રોણે ચક્રવ્યૂહ ગોઠવીને દુઃશાસન, અશ્વત્થામા, કર્ણ, શકુનિ, દુર્યોધન, કૃપાચાર્ય અને કૃતવર્માને ભેગા કરી અભિમન્યુને કોઠાયુદ્ધમાં ચક્રવ્યૂહમાં ફસાવ્યો. અભિમન્યુને ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવાનુ જ્ઞાન ન હતું. એકલે હાથે તે બધા વડીલ યોદ્ધાઓ સાથે ગર્વપૂર્વક લડ્યો. કેટલાઓને તેણે ઘાયલ કર્યા. દુર્યોધનના પુત્ર લક્ષ્મણને માર્યો. એક યોદ્ધા સામે સમકક્ષાનો બીજો યોદ્ધો લડે એ નિયમનો ભંગ કરી દ્રોણ સાથે સાત મહાયોદ્ધાઓ ભેગા થઈ યુવા અભિમન્યુને મારી

નાખ્યો. તે જ સાંજે ૧૩મા યુદ્ધના દિવસે શપથ લીધા કે જયદ્રથ જેણે અર્જુન-ભીમ સિવાયના પાંડવોને ચક્રવ્યૂહના દ્વાર પર રોકી રાખ્યા હતા તેને બીજા દિવસના સૂર્યાસ્ત પહેલા મારશે. જો અર્જુન તેમ ન કરી શકે તો પોતે મરણને શરણ થશે.

ઉત્તરા : પાંડવોના તેરમા વર્ષના અજ્ઞાતવાસ દરમિયાન પાંડવો વિરાટરાજાને ત્યાં છુપાવેશમાં રહ્યા હતા. વિરાટ રાજાની પુત્રી ઉત્તરા બૃહન્નલા (અર્જુન) પાસે નૃત્ય શીખતી હતી. અજ્ઞાતવાસ પૂરો થવાની તૈયારી હતી. ત્યારે કૌરવોને ત્યાં પાંડવો હોવાનો વહેમ પડ્યો. તેથી તેમણે વિરાટ પર હુમલો કર્યો. અર્જુને કૌરવસેનાને પરાજિત કરી અને પાંડવો પોતાની સાચી ઓળખ વિરાટરાજાને આપે છે. વિરાટરાજા અર્જુનને બૃહન્નલા સાથે પરણાવવા તૈયાર થાય છે. પણ પોતે એના ગુરુ હોવાથી પોતાને બદલે પુત્ર અભિમન્યુના ઉત્તરા સાથે લગ્ન કરાવે છે.

ઈરાવાન્ : અર્જુન-ઉલૂપી નાગકન્યાનો પુત્ર ઈરાવાન્ હતો. ઉલૂપીના આદેશથી તે યુદ્ધમાં પાંડવોને મદદ કરવા આવ્યો હતો. કૌરવોની સેનાને હરાવવાની આશા દેખાતી ન હતી તેથી કૃષ્ણે ઈરાવાન્ની ઈચ્છા પૂર્ણ કરવા પુત્ર પ્રાપ્ત કરાવી કાલીમાને અર્પણ કર્યો. એથી પાંડવોનો વિજય થયો. ઈરાવાને આપેલા બલિદાન માટે કૃષ્ણે તેના મસ્તકને અઢાર દિવસના મહોત્સવને નિહાળવાની દૃષ્ટિ આપી.

બભ્રુવાહન : અર્જુન-ચિત્રાંગદાનો એ પુત્ર હતો. એ મણિપુરનો રાજા બન્યો. કુરુક્ષેત્રના યુદ્ધમાં પાંડવો વિજયી બને છે અને અશ્વમેધ યજ્ઞ કરે છે. અર્જુન સેના લઈ અશ્વને અનુસરતો મણિપુર આવે છે. બભ્રુવાહન અશ્વમેધના અશ્વને આંતરે છે. અર્જુન બભ્રુવાહન વચ્ચે ક્ષત્રિયના ધોરણે યુદ્ધ થાય છે. બભ્રુવાહન અર્જુનને મારી નાખે છે. જ્યારે બભ્રુવાહનને ઓળખ પડી કે અર્જુન તેના પિતા છે ત્યારે તે મરવા તૈયાર થયો પરંતુ તેની સાવકી મા ઉલૂપીએ તેને નાગમણિ આપ્યો. તેનાથી અર્જુન જીવિત થયો અને બધા હસ્તિનાપુર ગયા.

પરીક્ષિત : અર્જુનનો પૌત્ર અને અભિમન્યુ-ઉત્તરાનો પુત્ર હતો. પાંડવો મહાભારતનું યુદ્ધ જીત્યા પછી અશ્વત્થામા રાત્રિના સમયે પાંચ પાંડવોના પાંચે પુત્રો અને યુદ્ધમાંથી પાંચાલ પુત્ર અને સૈન્યના બીજા યોદ્ધાઓની હત્યા કરે છે અને ત્યાંથી નાસી જાય છે. કૃષ્ણ અને પાંડવો તેને શોધે છે ત્યારે તે પાંડવવંશનો નાશ કરવા ઉત્તરાના ગર્ભ પર બ્રહ્માસ્ત્ર

છોડે છે. આથી ઉત્તરાના ગર્ભથી મૃત પુત્ર જન્મે છે. કૃષ્ણ તેને જીવતદાન આપે છે અને તેનું નામ પરીક્ષિત રાખે છે. પાંડવો ૩૫ વર્ષ હસ્તિનાપુરનું રાજ્ય કરી સ્વર્ગારોહણ કરતાં પરીક્ષિતને હસ્તિનાપુરનો રાજા બનાવે છે. પરીક્ષિતે કળિયુગને આશરો આપતા એણે રાજાની બુદ્ધિ ભ્રષ્ટ કરી અને શિકારે ગયેલા પરીક્ષિતે જંગલમાં ઋષિ શમીકના ગળામાં મૃત સર્પ પહેરાવ્યો. ઋષિના પુત્ર શ્રુંગીએ પરીક્ષિતને શાપ આપ્યો કે તારું સાતમે દિવસે તક્ષક સર્પના દંશથી મૃત્યુ થશે. રાજા પરીક્ષિતે મોક્ષ મેળવવા શુકદેવ મુનિ પાસે સાત દિવસ શ્રીમદ્ ભાગવત્ કથા કરાવી અને એ એક ચિત્તે સાંભળી મોક્ષ મેળવ્યો. પરીક્ષિત પછી હસ્તિનાપુરનો રાજા તેનો પુત્ર જનમેજય થયો.

જનમેજય : સર્પદંશથી પિતા પરીક્ષિતના મૃત્યુ પછી રાજા જનમેજયે તક્ષક સર્પ અને સર્પ જાતિના નિકંદન માટે 'સર્પ સત્ર' નામનો એક મહા યજ્ઞ કરાવ્યો. એમાં અનેક સર્પો નાશ પામ્યા. વાસુકીના ભત્રીજા આસ્તીક આ યજ્ઞ બંધ કરાવવા રાજા જનમેજયને તેણે અદ્ભુત જ્ઞાનની વાતો કરી. રાજાને તેની વાતોથી ખૂબ સંતોષ થયો. તેણે તેને વરદાન માગવા કહ્યું. તે દરમિયાન પુરોહિતે તક્ષક નાગ અને ઈન્દ્રનું આવાહન કર્યું યજ્ઞમાં તક્ષક સર્પ બળીને ભસ્મ થાય તે પહેલા આસ્તિકે યજ્ઞ બંધ કરાવવાનું વચન માગ્યું. વેરથી વેર વધતું જાય છે અને તે સમજાવવા વૈશમ્પાયનજીએ જનમેજયને મહાભારતની કથા સંભળાવી. વ્યાસમુનિએ પણ લાખો-કરોડો સાપનો વધ કરવો યોગ્ય નથી એમ સમજાવી યજ્ઞ બંધ કરાવ્યો. જનમેજયે આસ્તીકનું બહુમાન કરી એમને વિદાય કર્યા.

કંક : અજ્ઞાતવાસમાં યુધિષ્ઠિર વિરાટરાજાના પુરોહિત બની રહ્યા.

બલ્લવ : અજ્ઞાતવાસમાં ભીમ વિરાટરાજાનો રસોઈયો બનીને રહ્યો.

બૃહન્નલા : અજ્ઞાતવાસમાં અર્જુન વિરાટરાજાની કુંવરી ઉત્તરાના નૃત્યની ગુરુ બનીને રહ્યા.

ગ્રંથિક : અજ્ઞાતવાસમાં નકુલ વિરાટરાજાની અશ્વશાળામાં ગ્રંથિક બનીને રહ્યો.

તન્તિપાલ : અજ્ઞાતવાસમાં સહદેવ ગૌશાળાની દેખરેખ રાખનાર તન્તિપાલ બનીને રહ્યો.

સૈરન્ધ્રી : અજ્ઞાતવાસમાં દ્રૌપદી, વિરાટની મહારાણી સુદેષ્ણાની દાસી બનીને રહી.

યુયુત્સુ : ધૃતરાષ્ટ્ર અને ગાંધારીની દાસી સુગંધાનો પુત્ર હતો. દાસીપુત્ર હોવાને કારણે તેનો કૌરવોમાં તેનો સમાવેશ થતો નથી. દ્યુતક્રીડાનો તે વિરોધી હતો. કુરુક્ષેત્રના યુદ્ધમાં તેણે એક માત્ર કૌરવ પક્ષમાંથી નીકળીને પાંડવ પક્ષે યુદ્ધ કર્યું હતું. યુદ્ધમાં બધા કૌરવ ભાઈઓમાંથી તે એક માત્ર જીવિત રહ્યો હતો. પાંડવો જ્યારે રાજપાટ છોડી સ્વર્ગારોહણ માટે નીકળ્યા ત્યારે તેને ઈન્દ્રપ્રસ્થનો રાજા બનાવ્યો હતો.

દ્રોણ : ઋષિ ભરદ્વાજના પુત્ર અને કૃપાચાર્યના બનેવી હતા. કૃપિના પતિ હતા. પરશુરામ પાસે દ્રોણે અને દ્રુપદે ધનુર્વિદ્યા શીખી. જન્મે બ્રાહ્મણ પરંતુ તેઓ એક સર્વશ્રેષ્ઠ યોદ્ધા હતા. પાંડવ-કૌરવ રાજકુંવરોના ધનુર્વિદ્યાના રાજગુરુ તરીકે એમણે સેવા આપી. અર્જુન એમનો માનીતો શિષ્ય હતો. એમણે એકલવ્યને શૂદ્ર હોવાને કારણે શિષ્ય ન બનાવ્યો. તેમ છતાં અર્જુન સર્વશ્રેષ્ઠ યોદ્ધા બની રહે તે માટે દ્રોણાચાર્યે એકલવ્ય પાસે તેના જમણા હાથનો અંગૂઠો ગુરુદક્ષિણામાં માગી એને મહા અન્યાય કર્યો. દ્રુપદ તેના બાળપણના વિદ્યાર્થી મિત્ર હતા તેથી ગરીબ બ્રાહ્મણ દ્રોણ તેની પાસે ગાયની ભેટ માગવા ગયા હતા. અભિમાનથી ભરેલા દ્રુપદે તેને મિત્ર તરીકે ઓળખવાની ના પાડી અને અપમાનિત કરી કાઢી મૂક્યા. તે સમયથી દ્રોણ તેનું વેર લેવા માગતા હતા. હસ્તિનાપુરના રાજકુંવરોના ગુરુ બન્યા પછી દ્રોણે પાંડવોને ગુરુદક્ષિણામાં દ્રુપદને જીવતા કેદ કરી પકડી મગાવ્યા અને દ્રુપદનું અડધું રાજ્ય લઈ, અડધું પાછું આપી વિદાય કર્યા. પોતાના પુત્ર અશ્વત્થામાને ગૂઢ વિદ્યા શીખવી શ્રેષ્ઠ યોદ્ધા બનાવવાની લાલચમાંથી તેઓ મુક્ત ન રહ્યા હતા.

કૃપાચાર્ય : ઋષિ શરદ્વાન અને અપ્સરા જાનપદીના જોડિયા પુત્ર-પુત્રી. કૃપાચાર્ય અને કૃપિને જંગલમાંથી ત્યજાયેલી હાલતમાં મળતા, રાજા શાંતનુએ તેમને દત્તક લઈ મોટા કર્યા. તેઓ ગૌતમઋષિના પૌત્ર અને પૌત્રી હતા. આચાર્ય કૃપાચાર્ય પાછળથી હસ્તિનાપુરના પુરોહિત બન્યા અને કૃપિને દ્રોણ સાથે પરણાવી. કૃપાચાર્ય ચિરંજીવ હતા. મહાભારતના યુદ્ધમાં તેઓ જીવિત રહ્યા હતા.

કૃપિ : કૃપાચાર્યની બહેન જેને આચાર્ય દ્રોણ સાથે પરણાવી હતી.

અશ્વત્થામા : દ્રોણ-કૃપિનો પુત્ર હતો. દ્રૌણાચાર્યે કૌરવો અને પાંડવો સિવાય, અશ્વત્થામાને ધનુર્વિદ્યાનું ગૂઢ રહસ્ય શીખવ્યું હતું. કુરુક્ષેત્રના યુદ્ધમાં તે કૌરવપક્ષે લડ્યો હતો. ભીષ્મ, દ્રોણ, કર્ણ, શલ્ય વીરગતિ પામ્યા પછી દુર્યોધન ઘાયલ થઈ અંતિમ શ્વાસ લેતો હતો ત્યારે અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા દુર્યોધનને મળવા આવ્યા અને વચન આપ્યું કે તે પાંડવોએ કરેલા વિનાશનો બદલો લેશે. અશ્વત્થામાએ પાંડવોના પાંચે પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, દ્રુપદ - પાંચાલ સેનાના બચેલા સૈનિકો અને પાંડવોના બીજા યોદ્ધાઓ જ્યારે રાત્રે ઊંઘતા હતા ત્યારે તેમની હત્યા કરી હતી. એણે બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કરી ઉત્તરાના ગર્ભનો નાશ કરતા ઉત્તરાને મૃત પુત્ર પરીક્ષિત જન્મ્યો. શ્રીકૃષ્ણે તેને જીવતદાન આપ્યું અને અશ્વત્થામાને શ્રાપ આપ્યો કે, '૩૦૦૦ વર્ષ સુધી તું જીવિત રહેશે. તું મોત માગશે તો પણ તને મોત મળશે નહિ. તું નરકથી યે વિશેષ યાતના ભોગવતો જંગલમાં ભટકશે. દુર્ગંધ મારતો તારી પાસે કોઈ આવશે નહિ.'

કુરુક્ષેત્રના યુદ્ધ સાથે સંકળાયેલા કેટલાક યાદવો

યદુ : ત્રેતાયુગમાં મનુના અવતાર પછી ચંદ્રનો પુત્ર બુધ રાજા થયો. તેનાં લગ્ન વૈવશ્વત મનુની પુત્રી ઈલા સાથે થયા. તેનો પુત્ર પુરૂરવા થયો. તેની કેટલીક પેઢીએ યયાતિ રાજા થયો. તેની બે પત્નીઓ હતી દેવયાની અને શર્મિષ્ઠા. દેવયાની-યયાતિના પુત્રોમાં એક પુત્ર યદુ થયો. યદુના વંશજો યાદવોથી જાણીતા થયા. તે રાજાઓ ચંદ્રવંશી રાજાઓ કહેવાયા. કૃષ્ણ યાદવોની એક પેટા જાતિ વૃષ્ણિ વંશમાં જન્મ્યા.

કૃતવર્મા : અંધકભોજના બીજા પુત્ર હૃદિકનો પુત્ર કૃતવર્મા. એ શ્રીકૃષ્ણની સેનાનો સેનાપતિ હતો. શ્રીકૃષ્ણની સેના દુર્યોધનના પક્ષે લડી હતી. એથી કૃતવર્માએ પાંડવો સામે કુરુક્ષેત્રમાં યુદ્ધ કર્યું. કૃતવર્મા યુદ્ધને અંતે જીવિત રહ્યો હતો. યદુવંશના પતનમાં કૃતવર્મા અને સાત્યકિ-યુયુધાન વચ્ચે પ્રથમ યુદ્ધ શરૂ થયું હતું અને બધા યાદવો અંદરઅંદર લડી મર્યા.

સાત્યકિ-યુયુધાન : વૃષ્ણિ-માદ્રીનો એક પુત્ર શિનિ હતો. તેનો પુત્ર સત્યક અને તેનો પુત્ર તે સાત્યકિ અથવા યુયુધાન. વૃષ્ણિ સેનાનો એ મહા યોદ્ધો અને શ્રીકૃષ્ણનો ભક્ત હતો. એણે પાંડવ પક્ષે યુદ્ધ કર્યું. યુદ્ધને અંતે તે જીવિત રહ્યો હતો. મહાભારતના યુદ્ધ પહેલા સંધિ મંત્રણામાં તે

શ્રીકૃષ્ણનો અંગરક્ષક હતો. તેણે શ્રીકૃષ્ણના વિરાટ સ્વરૂપના દર્શન કર્યા હતા. દ્વારકાના વિનાશ થયા પછી પાંડવોએ તેના પુત્રને સરસ્વતી નદીના કિનારાનું એક રાજ્ય આપ્યું હતું.

ભૂરિશ્રવા : રાજા સોમદત્તનો તે પુત્ર અને રાજા બાહ્લીકનો પૌત્ર. રાજા શિનિએ દેવકીના સ્વયંવર વખતે વસુદેવને મદદ કરી હતી અને સોમદત્તને હરાવી દેવકીનાં લગ્ન વસુદેવ સાથે કરાવ્યા હતા ત્યારથી શ્રીકૃષ્ણના કુટુંબ સાથે તેને વેર હતું. કુરુક્ષેત્રના યુદ્ધમાં કૌરવોની ૧૧ સેનામાં એક ભૂરિશ્રવાની સેના હતી. સાત્યકિ જ્યારે દ્રોણાચાર્ય સાથે યુદ્ધ કરી રહ્યો હતો ત્યારે પાછળથી ભૂરિશ્રવાએ સાત્યકિને આંતર્યો અને તેના શસ્ત્રોનો નાશ કરી તેને ઘાયલ કરી મારી નાખવા માટે ઘસડી રહ્યો હતો. ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનનું ધ્યાન દોર્યું અને અર્જુને તેના હાથ કાપી નાખ્યા. સાત્યકિ ભાનમાં આવતાં એણે ભૂરિશ્રવાનું મસ્તક કાપી નાખ્યું.

ધૃષ્ટકેતુ : શિશુપાલનો મોટો પુત્ર અને ચેદી રાજ્યનો રાજા હતો. ધૃષ્ટકેતુએ કુરુક્ષેત્રમાં પાંડવ પક્ષે યુદ્ધ કર્યું. એ એક મહા યોદ્ધા હતો. કુરુક્ષેત્રમાં આચાર્ય દ્રોણને હાથે તેનું મૃત્યુ થયું.

ઉત્તમૌજા અને યુધામન્યુ : પાંચાલ કુટુંબના બે રાજપુત્રો હતા. તેઓ બંને ભાઈઓ હતા. કુરુક્ષેત્રના યુદ્ધમાં અર્જુનના રથનું રક્ષણ કરતા અને અર્જુનના અંગ રક્ષક હતા. મહાભારતના યુદ્ધમાં પાંડવ પક્ષે યુદ્ધ કર્યું મહાભારતનું યુદ્ધ જીત્યા પછી રાત્રે પાંડુપુત્રો અને પાંચાલ કુટુંબ સાથે ભર નિદ્રામાં સૂતા હતા ત્યારે અશ્વત્થામાએ કુટુંબના બીજા સભ્યો સાથે તેમને પણ મારી નાખ્યા.

ભગદત્ત : એ નરકાસુરનો પુત્ર અને પ્રાગજ્યોતિષ રાજ્યનો રાજા હતો. કૌરવ પક્ષે રહી એણે મહાભારતનું યુદ્ધ કર્યું. એ કૃષ્ણનો શત્રુ હતો. વિષ્ણુએ આપેલું શસ્ત્ર ભગદત્તે અર્જુન પર વાપર્યું પરંતુ કૃષ્ણે તેને પોતાની છાતી પર ઝીલી વિફળ બનાવ્યું. અર્જુને તેના બાણથી ભગદત્તનો વધ કર્યો.

ચેકિતાન : કેકય રાજ્યના રાજા ધૃષ્ટકેતુનો પુત્ર તે ચેકિતાન. તેઓ સૂર્યવંશના હતા. એમના પાંડુ સાથે ગાઢ સંબંધ હતા. ચેકિતાનની બહેન કરેનુમતિનાં લગ્ન નકુલ સાથે થયાં હતાં. તે પાંડુ પક્ષે લડ્યો અને દુર્યોધનના હાથે એનો વધ થયો.

દારુક : મહાભારતના યુદ્ધ સિવાય દારુક શ્રીકૃષ્ણના વિશ્વાસુ

રથના સારથિ તરીકે સેવા આપી. તેઓ શ્રીકૃષ્ણના અંગરક્ષક પણ બની રહેતા.

કુન્તિભોજ : યદુવંશના તેઓ રાજા હતા. શૂરસેનની પુત્રી કુંતીના તેઓ પાલક પિતા હતા. શ્રીકૃષ્ણના દાદા શૂરસેનની બહેનનો પુત્ર તે કુન્તિભોજ. મહાભારતના યુદ્ધમાં એણે પાંડુપક્ષે યુદ્ધ કર્યું.

કાશીરાજ : કાશી રાજ્યનો રાજા જેણે પાંડવોને યુદ્ધમાં સાથ આપ્યો. પાંડવપક્ષે યુદ્ધ કર્યું.

પુરુજિત : કુન્તિભોજનો પુત્ર અને કુંતીનો ભાઈ હતો. તે એક રાજા હતો અને તેણે પાંડવપક્ષે યુદ્ધ કર્યું.

શૈબ્ય : શ્રીકૃષ્ણના સમયના એ રાજા હતો. જેની પુત્રી યુધિષ્ઠિર સાથે પરણી હતી. એ યુધિષ્ઠિરના સસરા અને એમણે પાંડવપક્ષે યુદ્ધ કર્યું.

પ્રદ્યુમ્ન : શ્રીકૃષ્ણ-રુક્મિણીનો પુત્ર હતો.

અનિરુદ્ધ : પ્રદ્યુમ્ન અને રુક્મવતીનો એ પુત્ર હતો અને શ્રીકૃષ્ણનો પૌત્ર હતો.

વજ્ર : અનિરુદ્ધ અને ઉષાનો પુત્ર હતો.

સામ્બ : શ્રીકૃષ્ણ-જાંબવતીનો પુત્ર હતો.

અંધકભોજ : યાદવોમાંના એક રાજા અને આહુકના પિતા હતા.

આહુક : અંધકભોજના પુત્ર અને ઉગ્રસેનના પિતા હતા.

ઉગ્રસેન : આહુકના પુત્ર અને કંસના પિતા હતા.

કંસ : ઉગ્રસેન અને રાણી પદ્માવતીનો પુત્ર કંસ હતો. યાદવ કુળમાં એ મથુરાનો મહાઘાતકી રાજા થઈ ગયો. પુરાણોમાં તેને રાક્ષસનું રૂપ ગણવામાં આવ્યું છે. ઉગ્રસેન મથુરાનું શાસનતંત્ર ધારાસભા જેવી ગણરાજ્ય પદ્ધતિથી કરતા હતા. કંસે પિતાને જેલમાં પૂરી મથુરાનો રાજા બની બેઠો. જરાસંધ મથુરામાં પોતાના જેવી સરમુખત્યારી રાજપદ્ધતિ સ્થાપવા માગતો હતો એટલે તેણે તેની બે પુત્રીઓ કંસ સાથે પરણાવી. કંસ પ્રજાને અનેક રીતે તે રંજાડતો હતો. લગ્ન પછી બહેન-બનેવી દેવકી અને વસુદેવને મહેલે મૂકવા જતાં તેણે આકાશવાણી સાંભળી : 'દેવકીનો આઠમો પુત્ર તારો કાળ બનશે.'

આ સાંભળી કંસે દેવકી-વસુદેવને જેલમાં પૂર્યા. તેમના છ પુત્રોને તેણે નિર્દય રીતે મારી નાખ્યા. સાતમો પુત્ર મહામાયાએ દેવકીના ગર્ભમાંથી વસુદેવની બીજી પત્ની ગોકુળમાં રહેતી રોહિણીના ગર્ભમાં

મૂકી દીધો. તે બલરામ કહેવાયા. એ કૃષ્ણના મોટાભાઈ હતા. દેવકી-વસુદેવનો આઠમો પુત્ર કૃષ્ણ. તેને વસુદેવ નંદ-યશોદાની પુત્રી સાથે બદલે છે. આઠમી પુત્રીને કંસ મારવા જાય છે ત્યારે પુત્રી આકાશમાં દેવી બનીને ઊડી જતાં કંસને કહે છે, 'તને મારનાર તો ક્યારનો જન્મી ચૂક્યો છે.' ભયભીત થઈને કંસ મથુરા અને આજુબાજુના ગામોમાં તાજાં જન્મેલાં બાળકોને મારી નખાવે છે.

ઉદ્ધવ : દેવભાગનો પુત્ર છે. એ શ્રીકૃષ્ણના ભક્ત હતા. કૃષ્ણ ગોકુળમાં મોટા થયા. જ્યારે ઉદ્ધવ મથુરામાં મોટા થયા છે. તેઓ જ્ઞાની હતા. તેમનું અભિમાન ઉતારવા શ્રીકૃષ્ણે તેને વૃંદાવન ગોપીઓ પાસે મોકલ્યા. ગોપીઓને તે પ્રાણાયામ, યોગ, ધ્યાન વગેરે શીખવી બ્રહ્મજ્ઞાન આપવા માગતા હતા. એમણે ગોપીઓને કહ્યું, શ્રીકૃષ્ણ મથુરાથી હવે ફરી ગોકુળ આવવાના નથી માટે તેને ભૂલી બ્રહ્મજ્ઞાન મેળવી, મુક્તિ મેળવો એવું સૈદ્ધાંતિક જ્ઞાન ઉદ્ધવ આપવા માગતા હતા. ગોપીઓએ પોતાના વર્તનથી સાબિત કર્યું કે તેઓ શ્રીકૃષ્ણના કોઈ પણ જાતની અપેક્ષા વિનાના પ્રેમમાં લીન છે, શ્રીકૃષ્ણને સંપૂર્ણ સમર્પિત છે, શ્રીકૃષ્ણ જ તેમનું સર્વસ્વ છે. એમ જ્યારે ઉદ્ધવે નજરે નિહાળ્યું ત્યારે ઉદ્ધવને જ્ઞાન થયું કે પોતે ગોપીઓના નિઃસ્વાર્થ પ્રેમની સામે કેટલા વામણા છે! ત્યારે તેઓ ગોપીઓની ક્ષમા માગી ગોપીઓના શિષ્ય બન્યા.

વસુદેવ : એ વૃષ્ણિઓના અને યાદવોના રાજા હતા. યાદવ રાજા શૂરસેનના એ પુત્ર હતા. તેના બે પુત્રો બલરામ અને શ્રીકૃષ્ણ તથા પુત્રી સુભદ્રા હતી. તેઓ નંદરાજાના ભાઈ હતા. નંદરાજા શ્રીકૃષ્ણના પાલક પિતા હતા. વસુદેવની બહેન કુંતી કે જેને કુન્તિભોજે દત્તક લીધી હતી તેને હસ્તિનાપુરના રાજા પાંડુ સાથે પરણાવી હતી.

દેવકી : કૃષ્ણનાં માતા દેવકી હતાં. લગ્ન પછી વસુદેવ-દેવકીને કંસ મથુરા મૂકવા જતો હતો ત્યારે તેણે આકાશવાણી સાંભળી કે, 'દેવકીનું આઠમુ સંતાન તારો કાળ બનશે.' કંસે બહેન-બનેવીને તરત જ જેલમાં મૂકી દીધા. દેવકીને જ્યારે આઠમો પુત્ર જન્મ્યો ત્યારે વસુદેવે તેને નંદબાબા-યશોદાની પુત્રી યોગમાયા સાથે બદલીને નંદબાબાને ત્યાં પહોંચાડી દીધા. બાર વર્ષની ઉંમરે શ્રીકૃષ્ણે કંસને માર્યો અને માતા-પિતાને જેલમાંથી મુક્ત કર્યા.

ભીમ - ૧ : આ ભીમ યદુવંશમાં ચેદી વિદર્ભના રાજા

રુક્મિ : ભીમ - ૧નો પુત્ર. અને કૃષ્ણનો દુશ્મન

રુક્મિણી : રુક્મિની બહેન. શ્રીકૃષ્ણે રુક્મિણીના પ્રેમને વશ થઈ તેનું હરણ કરી તેની સાથે પ્રથમ લગ્ન કર્યું.

શ્રીકૃષ્ણની બીજી સાત રાણીઓ : સત્યભામા, જાંબવતી, કાલિંદી, મિત્રવિંદા, નાગ્નજિતિ, ભદ્રા અને લક્ષ્મણા.

ક્રોષ્ટા-વૃષ્ણિ : યયાતિનો પુત્ર યદુ અનેતેનો પુત્ર સાત્વતના વંશનો હતો. તેના અનુજોની કેટલીક પેઢીએ ક્રોષ્ટારાજા થયો. તેની બે રાણીઓ ગાંધારી અને માદ્રી. ધૃતરાષ્ટ્ર-પાંડુ સાથે કોઈ સંબંધ નથી.

માદ્રી : ક્રોષ્ટારાજાની રાણી.

શૂરસેન : ક્રોષ્ટા-માદ્રીના પૌત્ર અને વસુદેવના પિતા.

અક્રૂર : ક્રોષ્ટા-માદ્રીનો પૌત્ર અને કૃષ્ણનો અનન્ય ભક્ત. કંસે બલરામ-શ્રીકૃષ્ણને મથુરામાં યોજાયેલા કુસ્તીબાજી અને ધનુષ વિદ્યાની હરીફાઈમાં ભાગ લેવા બોલાવવા અક્રૂરજીને ગોકુલ મોકલ્યા. રસ્તે પાછા આવતા યમુના નદીમાં પાણીમાં ડૂબકી મારી શ્રીકૃષ્ણની ભક્તિ કરતા અક્રૂરજીને બલરામ -શ્રીકૃષ્ણના પાણીમાં દર્શન થયા. ફરી ડૂબકી મારતા શ્રીકૃષ્ણે તેને દૈવી દર્શન કરાવ્યા.

શિની : ક્રોષ્ટા-ગાંધારીનો પૌત્ર.

બલરામ : વસુદેવ-રોહિણીના પુત્ર. શ્રીકૃષ્ણના મોટા ભાઈ. એને શેષનાગનો અવતાર માનવામાં આવે છે. તેમના હથિયારમાં ગદા અને હળ છે. મહાભારતમાં કૌરવ-પાંડવોને તેઓ સમાન માને છે. એટલે યુદ્ધ દરમિયાન તેઓ યાત્રાએ નીકળી જાય છે. ભીમ અને દુર્યોધનના એ ગદાવિદ્યાના ગુરુ હતા. વસુદેવ-દેવકીના સાતમા સંતાનને યોગમાયાએ દેવકીના ગર્ભમાંથી વસુદેવની બીજી પત્ની રોહિણી જે ભાઈ નંદબાબાને ત્યાં ગોકુળ હતી તેના ગર્ભમાં સ્થાપિત કર્યો, રોહિણીના કૂખે જન્મ્યા તે બલરામ.

રોહિણી : યશોદાની બહેન. એને વસુદેવ સાથે પરણાવી.

જશોદા : નંદરાજાની પત્ની. શ્રીકૃષ્ણની પાલક માતા.

નંદ : શ્રીકૃષ્ણના પાલક પિતા.

વસુદેવ : રાજા શૂરસેનનો પુત્ર.

કંસ અને બહેન દેવકી : ઉગ્રસેન મથુરાના નજીકના નાના રાજ્યનો વૃષ્ણિરાજા થઈ ગયા. તેણે તેની પુત્રી દેવકીને વસુદેવ સાથે

પરણાવી. જ્યારે કંસ વસુદેવ-દેવકીને લગ્ન પછી દેવકીના સાસરે મૂકવા જતો હતો ત્યારે તેણે આકાશવાણી સાંભળી : 'દેવકીનું આઠમો પુત્ર તારો કાળ બનશે.'

તેણે બહેન-બનેવીને મથુરાની જેલમાં પૂરી દીધા. તેમના આઠમા પુત્ર તે શ્રીકૃષ્ણ. શ્રીકૃષ્ણનો જન્મ શ્રાવણ વદ આઠમના રાત્રે ૧૨:૦૦ વાગ્યે ૩૨૨૮ BCમાં મથુરાની જેલમાં થયો. વસુદેવે ગોકુળના નંદબાબા-જશોદાની પુત્રી યોગમાયા સાથે એની અદલાબદલી કરી દીધી. કંસ જ્યારે આઠમા સંતાનને મારવા જાય છે ત્યારે યોગમાયાએ કંસના હાથમાંથી છૂટી આકાશમાં જતાં પહેલાં કંસને ચેતવણી આપે છે કે, 'તને મારનાર તો ક્યારનો જન્મી ચૂક્યો છે. ભયભીત કંસ મથુરા અને આજુબાજુના ગામોમાં તાજાં જન્મેલાં બાળકોને મારી નાખે છે. કૃષ્ણ નંદબાબાને ત્યાં લાલનપાલનથી મોટા થાય છે. એમણે બાળપણમાં અસાધારણ શૌર્ય દાખવ્યું હતું. માસી પૂતનાને મારી, કાળી નાગને નાથ્યો. ગોકુળવાસીઓ પાસે ઈન્દ્રની પૂજા બંધ કરાવી ગોવર્ધન પર્વતની પૂજા શરૂ કરાવી. ગોકુળની ગોવાલણોના ઘરે માખણની ચોરી કરી ગોવાળો સાથે.ગોકુળ-વૃંદાવનને ઘેલું કર્યું. પ્રેમ ભક્તિમાં ગોપી રાધાને એવું સ્થાન આપવામાં આવેલું છે જેમાં રાધા વિના શ્રીકૃષ્ણ અધૂરા છે. શ્રીકૃષ્ણનો માતૃપ્રેમ, ભ્રાતૃપ્રેમ, મિત્રપ્રેમ, પત્નીપ્રેમ અને લોકપ્રેમ વગેરે દૈવી હતા. શ્રીકૃષ્ણ અલૌકિક ગુરુ પણ છે. ૫૨૨૮ વર્ષથી લોકોના હૃદયમાં એમણે પરમાત્માનું અલૌકિક સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેઓ લોકોને સદ્‌માર્ગે દોરે છે. શ્રીકૃષ્ણ એટલે પ્રેમના અવતાર. તેમને ગાયો સાથે પ્રેમ, ઘોડા અને હાથીઓ પર પ્રેમ. સમગ્ર વિશ્વ પર પ્રેમ. શઠ સાથે શઠ નીતિ પણ તેઓ જાણતા હતા. તેમણે અનેક રાક્ષસોને માર્યા. મામા કંસને માર્યો. શિશુપાલને માર્યો. અશ્વત્થામાને તેના કરેલા કર્મની સજા આપી. દ્રોણ, ભીષ્મ, કર્ણ, દુર્યોધનને પણ પોતાના કર્મના ફળ મળ્યા. રાજનીતિમાં તેઓ અતિ કુશળ એવા કૃષ્ણે દરેકને પોતપોતાના કર્માનુસાર ફળો આપ્યા જ છે.

સાંદીપનિ ઋષિને ગુરુ દક્ષિણામાં તેના પુત્રને પંચજન્ય રાક્ષસ પાસે શોધી કાઢી પંચજન્યને મારી, ગુરુપુત્ર દત્તને સાંદીપનિ ઋષિને સોંપ્યો. ગરીબ બ્રાહ્મણ મિત્ર સુદામાના પગ ધોઈ પૂજા કરી તેના જીવનનો ઉદ્ધાર કર્યો. સત્તર વખત મથુરા પર જરાસંધે ચઢાઈ કરી, દરેક વખતે શ્રીકૃષ્ણ-

બલરામે તેને મારી હટાવ્યો. અઢારમી વખતની મથુરા પર જરાસંધની ચડાઈમાં મથુરાવાસીઓના હિતને ધ્યાનમાં રાખી બંને ભાઈ મથુરાથી નીકળી ગુજરાતના સમુદ્રતટે દ્વારકાનગરી વસાવી ત્યાં રહ્યા. મહાભારતના યુદ્ધ પહેલા જરાસંધનો એમણે ભીમને હાથે વધ કરાવ્યો.

પોતાના પુત્ર સામ્બની ધૃષ્ટતાને કારણે માતા ગાંધારીના શ્રાપથી દ્વારકાવાસીઓ અને દ્વારકાનો વિનાશ થયો. કારાગૃહમાં જન્મ લઈ પારધીના હાથે એમણે આ સંસારમાંથી વિદાય લીધી. જીવનભર અનેક મુશ્કેલીઓને મુશ્કેલી ન માનતા તેને આશીર્વાદરૂપે સ્વીકારી. તેમણે નિર્ભયતાથી, નિઃસ્પૃહપણે, વિકારનો લેશ પણ અંશ વગર ન તો સત્તાનો કે ન તો વૈભવની લાલસા રાખી. પોતાના યાદવકુળનો પોતાની સામે નાશ થતો જોઈને પણ તેમનું મન વિચલિત થયું નહિ. વૈરાગી અને યોગીની તટસ્થતાથી તેઓ જીવી ગયા.

હસ્તિનાપુર જઈ કૃષ્ણે ખાંડવપ્રસ્થનો નકામો જંગલ પ્રદેશ પાંડવોના નવા રાજ્ય માટે કૌરવ પાસે મેળવી, પાંડવોને એક સુંદર ઈન્દ્રપ્રસ્થ રાજ્ય બનાવી આપ્યું. પોતાની અનુમતિથી અર્જુન પાસે બહેન સુભદ્રાનું હરણ કરાવી, અર્જુન સાથે બલરામને સમજાવી લગ્ન કરાવ્યા. દ્યુત રમતમાં યુધિષ્ઠિર બધું હારી ગયા તે વખતે દ્રૌપદીના વસ્ત્રાહરણમાં દ્રૌપદીને વસ્ત્રો પૂરા પાડી તેની લાજ સાચવે છે. કૃષ્ણની ૧૬,૧૦૮ રાણીઓ હતી. તેમાં ૮ મુખ્ય રાણીઓ હતી. મોટા ભાગની રાણીઓને તેમને માનભેર જીવવા, તેમના દુઃખી જીવનનો અંત લાવી જીવન બક્ષવા શ્રીકૃષ્ણે લગ્ન કર્યાં હતા. તેમ છતાં દરેક પત્નીઓ શ્રીકૃષ્ણથી સંતુષ્ટ હતી, એમને પ્રેમ કરતી. વિશ્વને મહાભારતના યુદ્ધ દ્વારા તેમજ અર્જુનને શિષ્ય બનાવી પોતે અર્જુનના સારથિ બની 'ગીતા' દ્વારા જ્ઞાન, ભક્તિ અને કર્મ યશના ત્રિવેણી સંગમમાં સ્નાન કરાવી વિશ્વના લોકોને માટે મુક્તિના દ્વાર ખોલી આપ્યા.

કુરુ સાથે પાંચાલના સંબંધો

દ્રુપદ : ઉત્તર પાંચાલની રાજધાની કાંપિલ્યના રાજા. રાજા પૃષતના પુત્ર. ભરદ્વાજઋષિના બે શિષ્યો રાજા દ્રુપદ અને પુત્ર દ્રોણ ગુરુકુળમાં હતા ત્યારે રાજા દ્રુપદે બ્રાહ્મણ દ્રોણાચાર્ય જે ખૂબ જ ગરીબ હતા તેને આર્થિક મદદ કરવા વચન આપેલું. વિદ્યાભ્યાસ પૂરો થતાં દ્રોણ, રાજા દ્રુપદ પાસે સહાય માગવા ગયા. રાજાએ તેમને અપમાનિત કરી પાછા

કાઢ્યા. દ્રોણાચાર્યે તેનો બદલો લેવાનો નિર્ધાર કર્યો. જ્યારે દ્રોણાચાર્ય કૌરવ-પાંડવ રાજકુમારોના ધનુર્વિદ્યાના ગુરુ બન્યા ત્યારે વિદ્યાર્થીઓની અંતિમ પરીક્ષા બાદ દ્રોણાચાર્યે કૌરવ-પાંડવોને અલગ અલગ દ્રુપદ પાસે મોકલી ગુરુદક્ષિણામાં દ્રુપદને જીવતા પકડી લાવી દ્રોણાચાર્ય સમક્ષ હાજર કરવા મોકલ્યા. પાંડવો એમને પકડી લાવ્યા. દ્રોણાચાર્યે દ્રુપદ પાસેથી અડધું રાજ્ય લઈ, અડધું તેમને પાછું આપી પાંચાલ મોકલ્યા. એનું વેર લેવા દ્રુપદે યજ્ઞ કરી શિવને પ્રસન્ન કર્યા અને દ્રોણને મારે એવા પુત્રની માગણી કરી. યજ્ઞકુંડમાંથી ધૃષ્ટદ્યુમ્ન એક પુત્ર અને દ્રૌપદી પુત્રી મળ્યા. અગાઉથી દ્રુપદને એક વ્યંઢળ પુત્રી હતી. જેનું નામ શિખંડી. દ્રૌપદીના સ્વયંવરમાં દ્રૌપદી અર્જુનને વરે છે. માતા કુંતીની આજ્ઞાને પુત્રોએ માની તેનો અમલ કર્યો અને દ્રૌપદી પાંચે પાંડવોની પત્ની બની.

પૃષતિ : દ્રુપદની પત્ની

શિખંડી : પૂર્વજન્મમાં કાશીરાજની સૌથી મોટી પુત્રી તે અંબા હતી. ભીષ્મે કાશીરાજના ત્રણે પુત્રીઓ અંબા, અંબિકા અને અંબાલિકાને અપહરણ કરી વિચિત્રવીર્ય સાથે પરણાવી. અંબા શાલ્વરાજાને પ્રેમ કરતી હતી. તેથી ભીષ્મે તેને શાલ્વ રાજા પાસે પાછી મોકલી. શાલ્વએ તેને સ્વીકારી નહિ. અંબાએ મહાદેવનું તપ કરી એમને પ્રસન્ન કર્યા. મહાદેવે વરદાન આપ્યું કે, 'બીજા જન્મમાં તું કોઈની દીકરી થઈ ભીષ્મના મરણ માટે નિમિત્ત બનશે.' બીજા જન્મમાં એ દ્રુપદની પ્રથમ પુત્રી તે શિખંડી. શિખંડી વ્યંઢળ હતી. કુરુક્ષેત્રમાં શિખંડીએ એક સૈનિક તરીકે સેવા આપી.

ક્ષત્રિય સ્ત્રી સામે શસ્ત્રો ઉઠાવતા નહિ. એથી યુદ્ધમાં અર્જુને કૃષ્ણના કહેવાથી ભીષ્મ સાથેના યુદ્ધમાં પોતાની આગળ ઊભી રાખી. આથી ભીષ્મે હથિયાર નીચે મૂકી દીધા. અર્જુને શિખંડીની પાછળ રહી બાણોથી ભીષ્મપિતામહનું શરીર વીંધી નાખ્યું. તેઓ રથ પરથી નીચે પડી ગયા. અને બાણની શૈયા પર સૂતા. ઇચ્છામૃત્યુ મુજબ સૂર્ય મકરમાં પ્રવેશ્યો ત્યારે એમણે પ્રાણ ત્યજ્યો.

ધૃષ્ટદ્યુમ્ન : રાજા દ્રુપદે કરેલા યજ્ઞમાંથી જોડિયા પુત્ર, પુત્રી જન્મ્યાં તે ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદી. દ્રૌપદીના સ્વયંવરમાં ધૃષ્ટદ્યુમ્ન સ્વયંવરના નિયમો રાજાઓને સંભળાવે છે. અર્જુન સ્વયંવરમાં વિજયી બને છે. જ્યારે દ્રૌપદી સાથે પાંડવો માતા કુંતીને કહે છે કે, 'અમે ભિક્ષા લાવ્યા

છીએ' ત્યારે માતા તેમને કહે છે કે, 'જે કાંઈ લાવ્યા હોય તે વહેંચી લો.' માતાનો આદેશ માની પાંચે પાંડવોએ દ્રૌપદી સાથે લગ્ન કર્યાં. પાંડવો ધૃષ્ટદ્યુમ્નના બનેવી થયા. મહાભારતના યુદ્ધમાં ધૃષ્ટદ્યુમ્ન પાંડવસેનાનો સેનાપતિ બની પાંડવોના વિજયમાં ભાગીદાર બન્યો. જ્યારે દ્રોણે યુધિષ્ઠિરને પૂછ્યું કે, 'અશ્વત્થામા મરાયો?' ત્યારે 'નરો વા કુંજરો વા' ધીમેથી કહ્યું. ત્યારે દ્રોણ પોતાના હથિયાર નીચે મૂકી ધ્યાનમાં બેસી ગયા ત્યારે ધૃષ્ટદ્યુમ્ને પોતાની તલવારથી દ્રોણનું માથું ઉતારી નાખ્યું. અશ્વત્થામાએ યુદ્ધના અઢારમા દિવસે પાંડવોના હાથે કૌરવો હાર્યા પછી ષડ્યંત્ર રચી રાત્રિના સમયે બધા ઊંઘતા હતા ત્યારે પાંડવોના પાંચે પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન તેમજ પાંચાલના બચેલા સૈનિકો વગેરેની હત્યા કરી.

યુધામન્યુ : પાંચાલના રાજા દ્રુપદના પુત્ર અને દ્રૌપદીના ભાઈ. કુરુક્ષેત્રના યુદ્ધમાં અર્જુનના અંગરક્ષક બની કુરુક્ષેત્રમાં પાંડવપક્ષે યુદ્ધ કર્યું.

ઉત્તમૌજા : રાજા દ્રુપદના પુત્ર. યુધામન્યુના અને દ્રૌપદીના ભાઈ અને અર્જુનના અંગરક્ષક બની એમણે પાંડવ પક્ષે યુદ્ધ કર્યું.

કુરુ સાથે વિરાટનો સંબંધ

વિરાટ : મત્સ્ય દેશના રાજા હતા. એની રાજધાની વિરાટ. સૂતરાજા કેકયની પુત્રી સુદેષ્ણાના એ પતિ હતા. પાંડવોએ એમને ત્યાં વનવાસનું ૧૩મું અજ્ઞાતવાસનું વર્ષ છુપાવેશમાં એમના આશ્રયે પસાર કર્યું. યુવરાજ ઉત્તર અને રાજકુંવરી ઉત્તરાના પિતા હતા. ઉત્તરાને અર્જુનના પુત્ર અભિમન્યુ સાથે પરણાવી. મહાભારતના યુદ્ધમાં વેવાઈ પાંડવપક્ષે યુદ્ધ કરતા વિરાટનું સૈન્ય અને પરિવાર મૃત્યુ પામ્યા. તેમનો પૌત્ર પરીક્ષિત પાંડવોની નિવૃત્તિ પછી હસ્તિનાપુરનો રાજા બન્યો.

સુદેષ્ણા : સૂતરાજા વિરાટરાજાની રાણી. સૂતરાજા કેકય અને રાજકુમારી માલવીની એ પુત્રી હતી. અજ્ઞાતવાસ દરમિયાન ૧૩મું વર્ષ પાંડવોએ છુપાવેશમાં રાજા વિરાટને ત્યાં પસાર કર્યું. દ્રૌપદી જેણે પોતાનું નામ સૈરન્ધ્રી રાખ્યું. રાણી સુદેષ્ણાએ દ્રૌપદીને દાસી તરીકે રાખી લીધી. જ્યારે સુશર્મા અને ત્રિગર્તએ વિરાટ પર એક બાજુ અને બીજી બાજુ કૌરવોએ વિરાટ પર એક જ સમયે પર આક્રમણ કર્યું ત્યારે સૈરન્ધ્રીના કહેવાથી બૃહન્નલા-અર્જુનની સાથે રાજકુંવર ઉત્તરને કૌરવો સામે યુદ્ધ કરવા મોકલ્યા. અર્જુનના સારથિપદે ઉત્તરે કૌરવો પર વિજય મેળવ્યો.

ઉત્તરે પાંડવોની ઓળખ રાજા વિરાટને કરાવી. પાંડવોને પોતાના દાસ બનાવવા બદલ વિરાટરાજાને અત્યંત દુઃખ થયું. તેમણે પોતાની પુત્રી ઉત્તરાને અર્જુનના પુત્ર અભિમન્યુ સાથે પરણાવી.

કીચક : કેકય અને માલવી રાણીનો પુત્ર અને સુદેષ્ણાનો નાનો ભાઈ હતો. એ વિરાટ સૈન્યનો સેનાપતિ અને મહાન યોદ્ધા હતો. કીચકનું વિરાટમાં વર્ચસ્વ એટલું હતું કે રાજા વિરાટ હંમેશ એની 'હા' માં 'હા' મિલાવતા. એટલે કીચકનું ધાર્યું થતું. સૈરન્ધ્રી રાણી સુદેષ્ણાની દાસી તરીકે કામ કરતી હતી. દ્રૌપદીના સૌંદર્યમાં ભાન ભૂલેલા કીચકે બહેન સુદેષ્ણાને દબાણ કરી કીચકની રંગશાળામાં સાંજના સમયે મદિરા આપવા બોલાવી. દ્રૌપદીએ ભીમને વાત કરી. ભીમે યુક્તિ કરી કે દ્રૌપદીની જગ્યાએ ભીમે કીચકના નિવાસસ્થાને જવું. ભીમ યોજના પ્રમાણે પલંગમાં ચાદર ઓઢીને બેઠો હતો. જેવો કીચકે દ્રૌપદી સમજીને હાથ પકડ્યો એટલે ભીમે એને પછાડ્યો. બંને વચ્ચે ભયાનક યુદ્ધ થયું અને ભીમે કીચકનો વધ કર્યો. દ્રૌપદીએ પહેલેથી સુદેષ્ણાને કહ્યું હતું કે એના ગાંધર્વ પતિ એની રક્ષા કરે છે એટલે નગરમાં વાતો ફેલાઈ કે સૈરન્ધ્રીના પતિ ગાંધર્વે કુદષ્ટિ કરનાર કીચકનો વધ કર્યો.

ઉત્તર : વિરાટરાજાનો પુત્ર હતો. સુશર્મા-ત્રિગર્ત એક બાજુ અને બીજી બાજુ કૌરવોએ એક સાથે વિરાટ પર આક્રમણ કર્યું ત્યારે કૌરવોનો સામનો કરવા અર્જુન તેનો સારથિ બની શમી વૃક્ષ પર છુપાવેલા શસ્ત્રો લઈને કૌરવો સામે યુદ્ધ કરે છે અને કૌરવોને હરાવી ગાયોને પાછી મેળવે છે. ઉત્તર રાજા વિરાટને બૃહન્નલારૂપે રહેલા અર્જુનના પરાક્રમની વાતો કરી અને પાંડવોની સાચી ઓળખ આપી. વિરાટરાજા પાંડવોનું બહુમાન કરે છે.

ગાંધાર અને કુરુવંશ

ગાંધાર : ગાંધાર રાજ્ય હાલના પાકિસ્તાન અફઘાનિસ્તાનના ઉત્તરપૂર્વ સીમા પર આવેલું રાજ્ય છે. ત્રેતા યુગમાં શ્રીરામના ભાઈ ભરતના ઉત્તરાધિકારીઓએ ત્યાં શાસન કર્યું હતું. મહાભારતના સમયે ગાંધાર રાજ્યના શાસનકર્તા સુવાલા હતા. શકુનિના પિતા સુબલ - ગાંધર્વો જેવી દૈવી શક્તિ ધરાવતા માનવો હતા. ગાંધર્વો સંગીત અને વાજિંત્રોમાં નિપુણ હતા. ભારતની સંગીતવિદ્યા પર ગાંધાર સંગીતનો ઘણો પ્રભાવ છે. કુરુક્ષેત્રના યુદ્ધ સમયે બલરામ યાત્રાએ નીકળ્યા હતા

તે ગાંધાર પ્રદેશમાં પ્રવેશ્યા હતા.

સુબલ : મહાભારતના યુદ્ધ અગાઉ સુબલ ગાંધાર રાજ્યનો રાજા હતો. સુબલને એક પુત્ર શકુનિ અને એક પુત્રી ગાંધારી હતી. ભીષ્મે હસ્તિનાપુરના અંધ રાજકુંવર ધૃતરાષ્ટ્ર સાથે ગાંધારીનાં લગ્ન કરાવ્યાં. ધૃતરાષ્ટ્રે આખા પરિવારને કેદ કર્યો. સુબલને જેલમાં કુટુંબના સભ્ય દીઠ એક એક અનાજનો દાણો મળતો હતો. તે બધાએ ભૂખે રહી શકુનિને ખવડાવી જીવતો રાખ્યો. ધૃતરાષ્ટ્રે એને લંગડો કરી નાંખ્યો હતો જેથી એને યાદ રહે કે તેણે કુરુવંશ પર વેર લેવાનું છે. શકુનિ સિવાય સુબલનો પરિવાર કેદમાં મૃત્યુ પામ્યા અને શકુનિને મુક્ત કરી ગાંધારનરેશ બન્યો.

શકુનિ : સુબલના મૃત્યુ પછી શકુનિ ગાંધારનો રાજા બન્યો. એના પરિવારને કેદમાં નાખી જે મૃત્યુદંડ આપ્યો તેથી અને બહેન ગાંધારીને અંધ ધૃતરાષ્ટ્ર સાથે ભીષ્મે લગ્ન કરાવ્યા એને લીધે એ કુરુ અને હસ્તિનાપુરનો વિરોધી બન્યો. પિતા સુબલે મરતી વખતે પોતાના હાથના આંગળીનાં હાડકાં કઢાવી તેના પાસાં બનાવી શકુનિને દ્યુતક્રીડામાં પાસાં ધારેલા આંકડા ઉપર લાવી શકાય એવી કપટી ચાલ શકુનિને શીખવી હતી. કુરુઓનો તે વિનાશ કરવા ઇચ્છતો હતો. તે હસ્તિનાપુર બહેન ગાંધારી સાથે રહેવા આવી ગયો. અને અંધ ધૃતરાષ્ટ્રનો સલાહકાર મંત્રી બની બેઠો. ભાણેજ દુર્યોધનના કાન ભંભેરી એને અવળે માર્ગે દોરી પાંડવો વિરુદ્ધ અનેક કાવતરાં કરાવનાર શકુનિએ યુધિષ્ઠિર અને દુર્યોધન વચ્ચે દ્યુતક્રીડા રમાડી પરંતુ દુર્યોધનને બદલે પોતે પાસાં ફેંકી પાંડવોને હરાવી બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસ કરાવી મહાભારતના યુદ્ધનો ખલનાયક બન્યો. એ સહદેવના હાથે મરાયો.

ઉલૂક, વૃકાસુર : શકુનિના પુત્રો જે મહાભારતના યુદ્ધમાં મરાયા.

મહાભારત સાથે જોડાયેલા કેટલાક રાજ્યો

જરાસંધ : મગધનો શક્તિશાળી રાજા જરાસંધ હતો. જન્મ વખતે એના શરીરના બે ભાગ હતા. એટલે ગભરાઈને એની માતાએ એને જંગલમાં ત્યજી દીધો. જરા નામની રાક્ષસીને એ શરીર મળ્યું. રાક્ષસીએ બે ભાગને જોડી એને જીવિત કરી, એનું નામ જરાસંધ પાડ્યું. જરાએ જરાસંધને રાજા બૃહદ્રથને આપી દીધું. રાજાને બાળક જીવિત પુત્રરૂપે મળતા રાજા ખુશ થયો. જરાસંધ શિવનો ભક્ત હતો. મગધના રાજા થયા પછી છ્યાંસી જેટલા રાજ્યો જીતી તે રાજાઓને કેદ કરી તે રાજ્યોને

મગધના આશ્રિત કર્યા. જરાસંધે પોતાની બે પુત્રી કંસને આપી યાદવો સાથે સંબંધ બાંધ્યા. કૃષ્ણે મામા કંસનો વધ કર્યો ત્યારથી કૃષ્ણ અને જરાસંધ વચ્ચે વેર બંધાયું. જરાસંધે મથુરા પર અઢાર વખત આક્રમણ કર્યું હતું. સત્તર વખત કૃષ્ણે જરાસંધને મારી હટાવ્યો. અઢારમી વખતના આક્રમણ વખતે મથુરા અને મથુરાની પ્રજાની ભલાઈ માટે શ્રીકૃષ્ણે મથુરા છોડી દ્વારકા વસાવ્યું. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ભીમની અથાગ શક્તિ અને બળનો ઉપયોગ કરી શ્રીકૃષ્ણે જરાસંધના વધની યુક્તિ કરી. અભિમાની, દુષ્ટ જરાસંધની સામે ભીમની કુસ્તી ગોઠવી. વરદાન મુજબ જરાસંધનું મૃત્યુ અસંભવ હતું. પરંતુ કૃષ્ણે ભીમને પાંદડાને વચમાંથી ચીરી નાખી તે બે ભાગને વિરુદ્ધ દિશામાં નાખી જરાસંધના મોતની ચાવી ભીમને બતાવી દીધી. કુસ્તીમાં ભીમ જરાસંધને હરાવી શકતો નથી. આખરે કૃષ્ણે બતાવેલી ચાવી મુજબ ભીમે જરાસંધના બે પગ પકડી શરીરને બે ભાગમાં ચીરી નાખી બંને ભાગને વિરુદ્ધ દિશામાં નાખી દેતા જરાસંધનું મૃત્યુ થયું.

શિશુપાલ : ચેદીનો રાજા હતો રાજા ધર્મઘોષનો એ પુત્ર હતો. અને કંસ તેમજ જરાસંધ સાથે તે સંધિથી જોડાયેલો હતો. એથી ત્રણેનું એક જ ધ્યેય રાજ્યોનો વિસ્તાર કરવો અને તેમના ધનથી રાજ્યના ખજાના ભરવા. રુક્મિ વિદર્ભનો રાજકુમાર હતો. તેની બહેન રુક્મિણીને તે શિશુપાલ સાથે પરણાવવા માગતો હતો. પરંતુ રુક્મિણી શ્રીકૃષ્ણને વરી ચૂકી હતી. એથી શ્રીકૃષ્ણે તેનું અપહરણ કરી પાછળથી રાજા ધર્મઘોષના આશીર્વાદથી રુક્મિણી સાથે લગ્ન કર્યાં. રુક્મિ, શિશુપાલ અને જરાસંધ ત્રણે રાજાઓ શ્રીકૃષ્ણના વિરોધી હતા. શિશુપાલની માતા જે શ્રીકૃષ્ણની ફોઈ થાય તેને શ્રીકૃષ્ણે વચન આપ્યું હતું કે શ્રીકૃષ્ણ શિશુપાલના સો અપમાનને ક્ષમા કરશે. પરંતુ તે પછી તેઓ તેનો વધ કરશે. યુધિષ્ઠિરના રાજ્યાભિષેક પ્રસંગે શિશુપાલે એકસોએકમી વખત કટુ વચન બોલતાં શ્રીકૃષ્ણે શિશુપાલનો સુદર્શનચક્રથી વધ કર્યો.

શલ્ય : સહદેવ, નકુલના મામા અને પાંડુની પત્ની માદ્રીના ભાઈ હતા. પાંડવપક્ષે લડવા આવેલા પરંતુ દુર્યોધને તેને કપટથી કૌરવ પક્ષે લડવા માટે સંમત કરી દીધા. એ દુર્યોધનના પક્ષે લડ્યા. દ્રોણ, ભીષ્મ અને કર્ણના મૃત્યુ પછી દુર્યોધને શલ્યને કૌરવસેનાના સેનાપતિ બનાવ્યા. યુદ્ધના અઢારમા દિવસે તેઓ સેનાપતિ બની વીરગતિ પામ્યા.

શાલ્વ : પશ્ચિમના ગણરાજ્યના રાજા હતા. અંબાનો પ્રિયતમ. કાશીનરેશની ત્રણ પુત્રીઓ અંબા, અંબિકા, અંબાલિકાનું માતા સત્યવતીના કહેવાથી ભીષ્મે તેઓનું અપહરણ કર્યું હતું. ત્યારે ભીષ્મની સામે રાજા શાલ્વએ યુદ્ધ કરી તેને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ભીષ્મની સામે એ પરાજિત થયો હતો. ભીષ્મે અંબિકા અને અંબાલિકાને વિચિત્રવીર્ય (સોતેલો ભાઈ) સાથે પરણાવી. અંબાને તેના પ્રેમી રાજા શાલ્વ પાસે પાછી મોકલી પરંતુ તેણે તેને સ્વીકારી નહિ. અંબા બીજા જન્મમાં દ્રુપદને ત્યાં શિખંડી તરીકે જન્મ લઈ મહાભારતના યુદ્ધમાં ભીષ્મના મૃત્યુ માટે નિમિત્ત બની.

સુશર્મા : ત્રિગર્તનો રાજા. દુર્યોધનની પત્ની ભાનુમતીનો પિતરાઈ ભાઈ. પાંડવો જ્યારે અજ્ઞાતવાસમાં હતા ત્યારે એકબાજુ સુશર્મા અને બીજી બાજુ કૌરવોનું સૈન્ય સાથે મળીને વિરાટ પર તેણે આક્રમણ કર્યું હતું. પરંતુ અર્જુનની મદદથી ઉત્તરે એ આક્રમણને મારી હટાવ્યું. સુશર્મા કુરુક્ષેત્રના યુદ્ધમાં કૌરવપક્ષે લડ્યો હતો.

સહદેવ : જરાસંધનો પુત્ર સહદેવ પાંડવપક્ષે લડ્યો.

ત્રિગર્ત : ત્રણ નદીઓ વચ્ચેનો પ્રદેશ ત્રિગર્તથી જાણીતો છે. મહાભારતના યુદ્ધમાં રાજા સુશર્મા - ત્રિગર્તનો રાજા કૌરવપક્ષે લડ્યો હતો.

મહાભારત સાથે સંકળાયેલા ઋષિઓ

ગૌતમઋષિ : રામાયણમાં પણ આવે છે. એ સપ્તર્ષિમાંના એક ઋષિ છે. સપ્તર્ષિઓ અમર છે. ઈન્દ્રે અહલ્યાને મોહ પમાડીને કરેલા વશીકરણથી સમાગમ કર્યો. ગૌતમઋષિ અહલ્યાને શ્રાપ આપે છે કે તે પથ્થર બનીને રહેશે અને રામાવતારમાં રામના ચરણનો સ્પર્શ થતા ફરી અહલ્યા બની જશે.

બૃહસ્પતિ : દેવોના ગુરુ છે. તેઓ ભીષ્મના પણ ગુરુ હતા. ભીષ્મે તે જ્ઞાન વિદુરને આપ્યું.

ભારદ્વાજ : પુરાણ અને ઋગ્વેદના અભ્યાસી હતા. એમણે પ્રાચીન કાળના સાહિત્યને લોકો સુધી પહોંચાડ્યું. દ્રોણાચાર્યના પિતા અને વૈદિક સંત અત્રિના પુત્ર હતા.

સૂતપુરાણી (ઉગ્રશ્રવા ઋષિ) : વૈશમ્પાયનમુનિએ જનમેજયને

સર્પસત્ર યજ્ઞમાં મહાભારતની કથા સંભળાવી હતી. ત્યાર પછી કેટલાક વર્ષો પછી એ જ કથા કથાકાર સૂતપુરાણી (ઉગ્રશ્રવા ઋષિ)એ એકત્રિત થયેલા મુનિઓને સંભળાવી.

શૌનક : નૈમિષારણ્યમાં શૌનકઋષિએ ૧૨ વર્ષ તપ કર્યું હતું. આ વનમાં વિષ્ણુ ભગવાને કેટલાક રાજાઓનો વધ કર્યો હતો. આ વનમાં શૌનક સાથે અનેક ઋષિઓ ધાર્મિક ચર્ચા કરી રહ્યા હતા તે સમયે સૂતપુરાણી (ઉગ્રશ્રવાઋષિ) કથાકાર જનમેજયના સર્પસત્ર યજ્ઞમાંથી વૈશમ્પાયન પાસે મહાભારતની કથા સાંભળીને આવ્યા અને સૂતપુરાણીએ શૌનક અને બીજા બધા ઋષિઓને મહાભારતની કથા સંભળાવી.

વૈશમ્પાયન : વ્યાસમુનિના શિષ્ય અને જનમેજયને સર્પસત્ર યજ્ઞમાં મહાભારતની કથા સંભળાવી.

અગસ્ત્ય : ઋગ્વેદના સંસ્કૃતના શ્લોકોના લેખક અને સપ્તર્ષિમાંના એક ઋષિ.

ધૌમ્યઋષિ : પાંડવોના પુરોહિત

દુર્વાસા : વિષ્ણુના ૨૪ અવતારોમાંનો દશમો અવતાર. શિવના ભક્ત. અનસૂયા અને અત્રિઋષિના પુત્ર. કુંતીની સેવાથી પ્રસન્ન થતા તેમણે કુંતીને મંત્ર આપ્યો હતો જેના ઉપયોગથી કુંતીને પાંચ પાંડવો અને કુંવારી અવસ્થામાં કુતૂહલથી મંત્ર ઉચ્ચાર કરતા કર્ણ જન્મ્યો હતો.

વસુ : શ્રાપને કારણે સ્વર્ગમાંથી ઉતરેલા આઠ દિવ્યાત્મા જે ગંગાના પુત્રો બનીને જન્મ્યા અને જન્મતા, મૃત્યુને વરી ૭ વસુઓ સ્વર્ગે સીધાવ્યા. આઠમા વસુ તે ભીષ્મ જેણે હસ્તિનાપુરની જીવંતપર્યંત સેવા કરી.

સાંદીપનિ ઋષિ : શ્રીકૃષ્ણ, બલરામ અને બ્રાહ્મણ સુદામાના ગુરુ. શ્રીકૃષ્ણે સાંદીપનિ ઋષિને તેમની ગુરુદક્ષિણામાં, તેમના પુત્રને પંચજન્ય રાક્ષસ પાસે જે પ્રભાસ સમુદ્રમાં છુપાયો હતો તેને મારી ગુરુપુત્ર દત્તને ગુરુને ભેટમાં આપ્યો. શ્રીકૃષ્ણે પંચજન્ય શંખ મહાભારતના યુદ્ધ શરૂ થતાં પહેલા વગાડ્યો. એના અવાજથી કૌરવોનું સૈન્ય ભયભીત થયું.

જૈમિની : વેદવ્યાસના શિષ્ય અને ઋષિ પરાશરના પુત્ર. એમણે મિમાંસા સૂત્ર અને કર્મ મિમાંસા લખ્યું. વ્યાસમુનિએ એમને યજુર્વેદ શીખવી યજુર્વેદના પ્રચાર માટે આજ્ઞા કરી.

નાગજાતિ અને મહાભારત

આસ્તીક : તે નાગજાતિના ઋષિ જરત્મકુરુ અને વાસુકી નાગની બહેન મનસાના પુત્ર હતા. ઈન્દ્રપ્રસ્થના સર્જન પહેલા તે ભૂમિ ખાંડવવન હતું. તેમાં તક્ષક નાગ રહેતો હતો. તેને અર્જુન-શ્રીકૃષ્ણે બાળી ઈન્દ્રપ્રસ્થ નામની નગરી બનાવી જે પાંડવોના રાજ્યની રાજધાની બની. તક્ષકને બચાવવા આસ્તીક ઋષિએ તેને ઈન્દ્રના આશ્રયે મોકલ્યો. નાગજાતિનું નિકંદન નીકળી જાય તે માટે રાજા જનમેજયે કરાવેલા સર્પસત્ર યજ્ઞમાં જઈ જનમેજયને તેના પૂર્વજોના જીવન વિશે માહિતી આપી; તેને સમજાવી યજ્ઞ બંધ કરાવ્યો અને વૈશમ્પાયને જનમેજયને મહાભારતની કથા સંભળાવી.

તક્ષક : નાગજાતિનો રાજા હતો. જ્યારે અર્જુને ખાંડવવન બાળ્યું ત્યારે તક્ષકે પ્રતિજ્ઞા લીધી હતી કે તે અર્જુનના વંશનો નાશ કરશે. અર્જુનનો પૌત્ર પરીક્ષિત જ્યારે હસ્તિનાપુરનો રાજા બન્યો ત્યારે તક્ષકે પરીક્ષિતરાજાને દંશ દઈ મૃત્યુ આપી પોતે વેર લીધું. જનમેજયે પિતાના મૃત્યુ માટે નાગજાતિને જવાબદાર માની તેનો નાશ કરવા સર્પસત્ર યજ્ઞ કરાવ્યો.

મય : ખાંડવપ્રસ્થ વન બાળીને પાંડવોએ ઈન્દ્રપ્રસ્થ નામે નવી નગરી બનાવી. મય નામના શિલ્પકારે એમાં એક એવા સભામંડપની રચના કરી કે તે સમયમાં શિલ્પકળામાં ભારતમાં તેના જેવું બીજું કોઈ સ્થળ હોય. ઈન્દ્રજાળ જેવા ભ્રામક દશ્યો એમાં રચ્યાં. એમાં જળને બદલે સ્થળ દેખાય અને સ્થળને બદલે જળ દેખાય. એમાં આરસના રંગબેરંગી પથ્થરોનો ઉપયોગ કર્યો હતો. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં દુર્યોધન એ માયાજાળમાં ફસાયો હતો અને પાણીના કુંડમાં પડ્યો. દ્રૌપદીએ તેની મશ્કરી કરી, 'અંધનો પુત્ર અંધ જ હોય.' આ સાંભળતા દુર્યોધન મનોમન બળી ગયો અને તેનો બદલો લેવાનો નિશ્ચય કરી લીધો. યુધિષ્ઠિર - દુર્યોધન વચ્ચે શકુનિએ દ્યુતક્રીડા રમાડી. એમાં પાંડવોને હરાવી વનવાસ મોકલ્યા.

નિષાદ : એક ભીલ જાતિના રાજ્યનું નામ અને એક જાતિનું પણ નામ છે. નિષાદ જાતિ જંગલમાં રહેતી. આ જાતિ અને તેના રાજાનું નામ પણ નિષાદ હતું. સામાન્યતઃ માછીમાર અને શિકારનો ધંધો કરી નિર્વાહ કરતી પ્રજા હતી. રામાયણમાં નિષાદરાજાને ૧૪ વર્ષ વનવાસ માટે જતા

શ્રીરામ મળે છે અને નિષાદ કેવટ પાસે શ્રીરામને તેની હોડીમાં ગંગા પાર કરાવે છે. એને શ્રીરામ મિત્ર બનાવે છે. આ મહાભારતમાં અનુશાસન પર્વમાં નિષાદનો ઉલ્લેખ થયો છે.

નાગ : પૌરાણિક દંતકથા પ્રમાણે ગુજરાત અને રાજસ્થાનમાં શ્રીકૃષ્ણપક્ષમાં પાંચમના દિવસે નાગપંચમીનો તહેવાર ઉજવાય છે. મંદિરોમાં હિંદુઓ નાગ પર દૂધનો અભિષેક કરે છે અને કુટુંબની સુખાકારી માટે આશીર્વાદ માગે છે.

ઋષિ કશ્યપની ચાર રાણીઓ જે પ્રજાપતિ દક્ષની પુત્રીઓ હતી. તેમાં દિતિના પુત્રો દાનવો, અદિતિના પુત્રો દેવો, વિનિતાનો પુત્ર ગરુડ અને કદ્રુના પુત્રો સર્પો હતા.

મહાભારત અને ભાગવત સાથે સંકળાયેલા અસુરો

બકાસુર : પાંડવો લાક્ષાગૃહમાંથી ભાગ્યા અને એકચક્રા ગામમાં એક બ્રાહ્મણ કુટુંબને ત્યાં ધૌમ્યઋષિના સૂચનથી એમણે આશરો લીધો. ગામ નજીકના જંગલમાં બકાસુર નામે રાક્ષસ રહેતો હતો. રાક્ષસ ગમે ત્યારે આવી માણસોને ઉઠાવી જઈ તેનું ભક્ષણ કરતો. ગામના મુખી સાથે ગામલોકોએ નક્કી કર્યું કે દરેક ઘરે વારાફરતી પોતાનો વારો આવે ત્યારે ગાડું ભરીને અનાજ અને તે ઘરના એક માણસે તેની શરત મુજબ તેના ભક્ષણ માટે જંગલમાં તેની પાસે જવું. આ રીતે ગામ પોતાના સ્વજનોના ભોગે તેને સંતુષ્ટ રાખવાનો પ્રયત્ન કરતા. જ્યારે પાંડવોને આશરો આપનાર યજમાનનો વારો આવ્યો ત્યારે યજમાનની ના છતાં કુંતીએ યજમાનને સમજાવીને તેની જગ્યાએ ભીમને મોકલ્યો અને ભીમે તેનો વધ કર્યો.

અલમ્બુષ : બકાસુરનો ભાઈ હતો. એ દુર્યોધન માટે ભીમ સાથે લડ્યો.

હિરણ્યાક્ષ : સનકાદિ મુનિના શાપથી જય-વિજય નામના વિષ્ણુના દ્વારપાળોને પૃથ્વી પર કશ્યપ-દિતિના પેટે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુના બે મહાબળવાન દૈત્યોના ઘરે જન્મ લીધો. તેમણે પૃથ્વી પર મહાન ઉત્પાત મચાવ્યો. તેઓ સ્વર્ગ છીનવી લેવા માગતા હતા. વિષ્ણુએ વરાહ અવતાર લઈ હિરણ્યાક્ષનો વધ કર્યો.

હિરણ્યકશિપુ : બ્રહ્માના વરદાનને કારણે તેને મારવો અસંભવ હતો. ભક્ત પ્રહ્લાદના પિતા હતો અને વિષ્ણુનો વેરી બની ગયો. સ્વર્ગ

અને પૃથ્વી પર એણે ત્રાસ ફેલાવી દીધો. ઘોર તપ કરી એણે બ્રહ્માને પ્રસન્ન કરી વરદાન માગ્યું કે, 'એ ન માનવ, ન પ્રાણી, ન દેવથી એનું મૃત્યુ થાય. ન કોઈ અસ્ત્રશસ્ત્રથી એનું મૃત્યુ થાય. ન રાતે, ન દિવસે એનું મૃત્યુ થાય, પછી એણે સ્વર્ગમાંથી દેવતાઓને હાંકી કાઢ્યા અને ત્રણે લોક કબજે કર્યા. ભગવાન વિષ્ણુએ વરાહ અવતાર લઈ એનો વધ કર્યો.

રાજાબલિ : ઋષિ કશ્યપનો એ નાનો ભાઈ હતો અને ભક્ત પ્રહ્લાદનો પૌત્ર હતો. એ એકવચની અને દાનેશ્વરી હતો. મહાબળવાન અસુર વંશનો એ રાજા બન્યો. ગુરુ શુક્રાચાર્યે તેને સ્વર્ગનો રાજા બનાવી અસુરોને સ્વર્ગમાં વસાવવા હતા. પરંતુ વિષ્ણુએ બ્રાહ્મણના વેશે વામન અવતાર ધરી તેની પાસે ત્રણ ડગલા જમીન દાનમાં માગી. એણે આપી. વામનદેવે એક ડગલામાં પૃથ્વી લીધી, બીજા ડગલામાં સ્વર્ગ લીધું અને ત્રીજું ડગલું એના મસ્તક પર મૂકી એને પાતાળમાં મોકલ્યો. એ વિષ્ણુનો ભક્ત હતો.

પુતના : આગલા જન્મમાં તે બલિની પુત્રી હતી. વિષ્ણુએ વામન અવતારમાં બલિને પાતાળમાં મોકલ્યો હતો. તેથી તેનો બદલો લેવા તેણે કંસનો આશરો લીધો. તે રાક્ષસી હતી. એણે બાલકૃષ્ણને મારવા ઝેર ચોપડેલા સ્તનથી દૂધપાન કરાવ્યું ત્યારે શ્રીકૃષ્ણે તેના સ્તનનું દૂધ પીધું અને તેને મારી મોક્ષ આપ્યો.

અઘાસુર : એક રાક્ષસ અને પુતના, બકાસુરનો ભાઈ હતો.

ભસ્માસુર : એક રાક્ષસ હતો. શિવે તેને વરદાન આપ્યું હતું કે ભસ્માસુર જેના માથા પર હાથ મૂકશે તે બળીને ભસ્મ થઈ જશે. ભસ્માસુરે વરદાન સાચું છે કે નહિ તે ચકાસવા શિવના માથા પર હાથ મૂકવા ગયો. શિવ ત્યાંથી દોડ્યા અને વિષ્ણુની સહાય માગી. વિષ્ણુએ મોહિનીરૂપ લઈ ભસ્માસુર સાથે નૃત્ય કર્યું. એમાં નૃત્ય કરતાં મોહિનીએ પોતાના હાથ મસ્તક પર મૂક્યા. મોહિત થયેલા ભસ્માસુરે પોતાનો હાથ પોતાના માથા પર મૂક્યો અને બળીને ભસ્મ થઈ ગયો.

પૌંડ્રક : કરૂષ દેશનો પુંડ્ર રાજ્યનો અજ્ઞાની રાજા હતો. તે પોતાને કૃષ્ણ કહેવડાવતો અને પોતે શ્રીકૃષ્ણથી પણ મોટું વજનદાર ચક્ર રાખતો. એ એમની બધી જ નકલ કરતો. એક વખત બળદેવ દ્વારકામાં ન હતા ત્યારે શ્રીકૃષ્ણને સંદેશો મોકલ્યો કે તું કૃષ્ણ-વસુદેવ નથી હું કૃષ્ણ-વસુદેવ છું. આથી દ્વારકાનો ધ્વજ મને આપી દે. શ્રીકૃષ્ણે તેને ચેતવણી આપી ત્યારે

એ શ્રીકૃષ્ણ સામે સૈન્ય સાથે લડવા આવ્યો. અને શ્રીકૃષ્ણે તેને સંહાર્યો.

નરકાસુર : એ અસુર રાજા હતો. એ પ્રાગજ્યોતિષપુરનો રાજા હતો. નરકાસુરની માતા પૃથ્વીએ વિષ્ણુ પાસે વચન લીધું હતું કે એને લાંબુ આયુષ્ય મળે અને અજય રાજા બને. તેનો પુત્ર ભગદત્ત કૌરવોપક્ષે લડ્યો. વરદાનના જોરે નરકાસુરે અત્યાચાર કરી ૧૬૧૦૦ રાજકન્યાઓને કેદ કરી હતી. દેવોની માતા અદિતિના એણે દિવ્ય કુંડળ ચોર્યા. સત્યભામા ભૂમિદેવીનો અવતાર હતા. નરકાસુરનો નાશ માતા સિવાય કોઈને હાથે ન થાય એવું તેને વરદાન હતું. એટલે શ્રીકૃષ્ણે સત્યભામાને સાથે રાખી તેના હાથે તેનું મોત કરાવ્યું.

કેશી : નારદ કંસને જણાવે છે કે તેને મારનાર તો ગોકુળમાં નંદબાબાને ત્યાં છે. એટલે કંસ કૃષ્ણને મારવા કેશી રાક્ષસને મોકલે છે. કેશી ગોકુળમાં આવી ત્રાસ ફેલાવે છે. ઘોડાના રૂપમાં એણે એવી ગર્જના કરી કે ગોકુળને ધ્રૂજાવી કાઢ્યું. શ્રીકૃષ્ણ ત્યારે ગાયો ચરાવવા જંગલમાં ગયા હતા. ત્યાં એ મોઢું પહોળું કરી ઘોડો કૃષ્ણ પર તૂટી પડ્યો. કૃષ્ણે કેશી-ઘોડાના મોંમાં હાથ નાખી એનું મોઢું ફાડી તેને મારી નાખ્યો.

વ્યોમાસુર : એ માયાવી રાક્ષસ હતો. શ્રીકૃષ્ણ મિત્રો ગોવાળિયા સાથે રમતા હતા. ત્યારે એ ગોવાળિયો બની રમતમાં ભળી જાય છે. એક પછી એક ગોવાળિયાઓને એ રમતમાંથી ગાયબ કરતો હતો. શ્રીકૃષ્ણે એને ઓળખી લીધો હતો. એટલે તેને પડકાર્યો એટલે વ્યોમાસુર રાક્ષસ સ્વરૂપે શ્રીકૃષ્ણને મારવા જાય છે. શ્રીકૃષ્ણ તેના પગ પકડીને જોરથી પછાડી તેને મારી નાખે છે.

વત્સાસુર : શ્રીકૃષ્ણને મારવા કંસે આ રાક્ષસને વૃંદાવન મોકલ્યો હતો. બળદના રૂપે વૃંદાવનના વૃક્ષો ઉખેડી, લોકોમાં ભય ફેલાવી વૃંદાવનમાં શ્રીકૃષ્ણને શોધતો શ્રીકૃષ્ણ પાસે આવી પહોંચ્યો. શ્રીકૃષ્ણ સમજી ગયા કે આ બળદના રૂપે આ રાક્ષસ છે. તેથી જ્યારે કૃષ્ણને મારવા એ ધસે છે ત્યારે શ્રીકૃષ્ણ તેના શિંગડા પકડી તેને ગોળ ગોળ ફેરવી દૂર ફેંકે છે અને તેના પ્રાણ નીકળી જાય છે.

મહાભારત સાથે સંકળાયેલી કેટલીક વિભિન્ન વ્યક્તિઓ

અધિરથ : કર્ણના પાલક પિતા અને ભીષ્મના રથના સારથિ.

રાધા : કર્ણની પાલક માતા હતી.

અશ્વિનીકુમાર : જોડિયા દેવો છે. તેઓ દેવના વૈદ્યો છે.

ભરત : દુષ્યંત-શકુંતલાના પુત્ર હતા. ભરતના વંશજો પરથી દેશનું નામ પડ્યું હતું ભારત. એનું નામ હિન્દુઓ પરથી હિંદુસ્તાન પડ્યું. બ્રિટિશ શાસકોએ હિંદુસ્તાનને ઈન્ડિયાના નામે ઓળખાવ્યું.

કૃષ્ણદ્વૈપાયન : વ્યાસમુનિનું બીજું નામ કૃષ્ણદ્વૈપાયન હતું.

દ્વારકા : ગુજરાતના પશ્ચિમ કિનારે શ્રીકૃષ્ણે સમુદ્રમાં એ વસાવેલી નવી નગરી.

પ્રહ્લાદ : દુષ્ટ અસુર હિરણ્યકશિપુના પુત્ર હતા. વિષ્ણુના મહાન ભક્ત હતા.

ધ્રુવ : રાજા ઉત્તાનપાદ અને રાણી સુનીતિના પુત્ર હતા. એ વિષ્ણુના મહાન ભક્ત હતા.

ગજેન્દ્ર : હાથીઓનો રાજા હતો. ત્રિકુટ પર્વતમાં એક સરોવરમાં આ ગજેન્દ્ર પાણી પીવા ગયો અને ત્યાં છુપાયેલા મગરમચ્છે તેનો પગ પકડ્યો. ગજેન્દ્ર મગરમચ્છને કિનારા તરફ ખેંચે અને મગરમચ્છ ગજેન્દ્રને પાણીમાં ખેંચે. મગરમચ્છની શક્તિ સામે ગજેન્દ્ર ટકી શક્યો નહિ એટલે તેણે વિષ્ણુની સ્તુતિ કરી અને વિષ્ણુ પ્રગટ થયા. પૂર્વ જન્મમાં ગજેન્દ્ર રાજા હતો અને મગરમચ્છ ગંધર્વ હતો. ઋષિના શાપમાંથી બંનેને વિષ્ણુએ મુક્ત કર્યા અને સ્વર્ગે મોકલ્યા. આ કથા શ્રીમદ્ ભાગવતમાં આવે છે જે શુકદેવજીએ પરીક્ષિતને સંભળાવી હતી.

સુદામા : શ્રીકૃષ્ણ, બલરામ અને ગરીબ બ્રાહ્મણ સુદામા ત્રણે સાંદીપનિ ઋષિના શિષ્યો હતા. સુદામા અને શ્રીકૃષ્ણની મિત્રતા ત્યારથી બંધાઈ હતી. સુદામા શ્રીકૃષ્ણના સાચા ભક્ત હતા. શ્રીકૃષ્ણે તેને દ્વારકાના સિંહાસન પર બેસાડી તેના પગ ધોઈ તેની પૂજા કરી. તાંદુલની પોટલી આરોગતા શ્રીકૃષ્ણે સુદામાને ભવ્ય ઐશ્વર્ય આપ્યું.

આદિપર્વ

સર્પસત્ર : હસ્તિનાપુરનું ૩૫ વર્ષ રાજ્ય કરી પાંડવોએ સ્વર્ગારોહણ કર્યું. ત્યારે અર્જુનના પૌત્ર પરીક્ષિતને એમણે હસ્તિનાપુરનો રાજા બનાવ્યો. કળિયુગે રાજા પરીક્ષિતની બુદ્ધિ ભ્રષ્ટ કરી અને શિકારે ગયેલા પરીક્ષિતે જંગલમાં ઋષિ શમીકના ગળામાં મરેલા સાપને પહેરાવ્યો. ઋષિપુત્ર શ્રુંગીએ પરીક્ષિતને શ્રાપ આપ્યો અને સાતમે દિવસે ભાગવત્ કથા સાંભળી તેઓ તક્ષક નાગના દંશથી મૃત્યુ પામ્યા. પરીક્ષિતરાજા પછી તેનો પુત્ર જનમેજય હસ્તિનાપુરનો રાજા બન્યો. પિતાના મૃત્યુ માટે જવાબદાર તક્ષકનું અને નાગજાતિનું નિકંદન કાઢવા જનમેજયે સર્પસત્રનો યજ્ઞ કર્યો. તેમાં મહર્ષિ ઉગ્રશ્રવા પણ ભાગ લેવા આવ્યા હતા. યજ્ઞમાં આહુતિ દ્વારા તક્ષકનું અને ઇન્દ્રનું આવાહન કરતાં બંને અગ્નિકુંડમાં અગ્નિ ઉપર લટક્યા. ઇન્દ્ર ત્યાંથી નાસી ગયો પરંતુ તે સમયે આસ્તીક નામે એક ઋષિ યજ્ઞમાં આવી પહોંચ્યા. અને તેણે તક્ષકને અગ્નિમાં હોમાઈ જતાં બચાવ્યો અને અગ્નિ પર લટકતો ત્યાં થોભાવી દીધો. આસ્તીકે જનમેજયને તેના પૂર્વજોના સંસ્કારો અને ગુણોના ગુણગાન ગાયા. તેણે જનમેજયને યજ્ઞ એટલે શું? તેના પૂર્વજોમાં કોણે કોણે કયા યજ્ઞ કર્યા હતા તે મહિમા સહિત સમજાવ્યું.

જનમેજયને આસ્તીક ઋષિના વચનોથી ખૂબ સંતોષ થયો અને એમને વરદાન માગવા કહ્યું. એમણે માગ્યું કે આ સર્પસત્ર બંધ કરો અને સમજાવ્યું કે વેરથી વેર કદી શમતું નથી. એ માત્ર વિનાશ જ નોતરે છે. જનમેજયે તે જ પ્રમાણે કર્યું અને સર્પસત્ર બંધ કર્યો. તે જ વખતે મહર્ષિ

વ્યાસમુનિ પણ પોતાના શિષ્યો સાથે ત્યાં આવ્યા હતા. જનમેજયે યથાશક્તિ તેમનો સત્કાર કર્યો અને તેમને પોતાના પૂર્વજોની મહાભારત કથા સંભળાવવા વિનંતી કરી. પોતાના પૂર્વજો કૌરવ-પાંડવોમાં યુદ્ધ શા માટે થયું તેની વિગતવાર કથા સંભળાવવા એણે વિનંતી કરી. મહર્ષિ વ્યાસમુનિએ પોતાના શિષ્ય વૈશમ્પાયને આજ્ઞા અને આશિષ આપ્યા અને મહર્ષિ વ્યાસમુનિની હાજરીમાં વૈશમ્પાયને 'મહાભારત'ની કથા જનમેજયને આ યજ્ઞમાં સંભળાવી.

પુરૂરવા - ઉર્વશી : બ્રહ્માજીના માનસપુત્ર અત્રિઋષિનો પુત્ર સોમ અથવા ચંદ્રમા. પ્રજાપતિ દક્ષે પોતાની ૨૭ કન્યાઓ ચંદ્રમાને પત્નીઓ રૂપે આપી. ચંદ્રમાએ મતિ ભ્રષ્ટ થતા દેવોના ગુરુ બૃહસ્પતિની પત્ની તારાનું બળપૂર્વક અપહરણ કર્યું. ચંદ્રમા અને તારાથી ઉત્પન્ન થયેલો પુત્ર તે 'બુધ' કહેવાયો.

મનુની પુત્રી ઈલા અને બુધથી જન્મેલો પુત્ર તે પુરૂરવા. પુરૂરવા તેજસ્વી, દાનવીર, યજ્ઞકર્તા, યુદ્ધમાં પરાક્રમી, સત્યપ્રિય અને પવિત્ર વિચારવાળો પ્રયાગનો રાજા હતો. બ્રહ્માના શ્રાપને કારણે ઉર્વશીને મનુષ્યલોકમાં જન્મ લેવો પડ્યો હતો. ઉર્વશીને જોતાં પુરૂરવા તેના પ્રેમમાં પડ્યો. ઉર્વશીએ શ્રાપમાંથી મુક્તિ મેળવવા પુરૂરવા સાથે એક શરતે લગ્ન કર્યાં કે જો ઉર્વશી પુરૂરવાને નગ્ન અવસ્થામાં જોશે તો તે જ સમયે તે સ્વર્ગમાં ચાલી જશે.

ઉર્વશી બોલી, 'હે રાજન્! આ પ્રતિજ્ઞાનું પાલન કરશો ત્યાં સુધી હું તમારી પાસે રહીશ. વચનભંગ થતા સ્વર્ગમાં ચાલી જઈશ.' એ હંમેશા પોતાના દ્વાર પાસે બે બકરીઓ બાંધી રાખતી. અને એને પુત્ર સમાન પ્રેમ કરતી. પુરૂરવા-ઉર્વશીને સાત પુત્રો થયા. કેટલાક વર્ષો પછી ઉર્વશીને ઈન્દ્રલોક યાદ આવ્યો. દેવતાઓને પણ ઉર્વશીની ખોટ સાલવા લાગી. ગાંધર્વ અને તેના સહાયક બકરી ચોરવા પ્રયાગમાં આવ્યા. તેમણે એક બકરી રાત્રે ચોરી લીધી. ઉર્વશીએ બકરી ચોરાયાની વાત પુરૂરવાને કરી પણ તેણે તેની વાત પર ધ્યાન આપ્યું નહિ. જ્યારે ગાંધર્વોએ બીજી બકરી ચોરી લીધી ત્યારે ઉર્વશીએ રાજાને કહ્યું, 'અનાથ સ્ત્રી સમાન મારા પુત્રોને ચોર ચોરી કરી રહ્યા છે.' આ સાંભળી રાજા નગ્ન અવસ્થામાં જ બકરીની પાછળ દોડ્યા. ઉર્વશીએ વીજળી ચમકાવી તો રાજાને નગ્ન અવસ્થામાં જોયા અને તે સ્વર્ગમાં જવા નીકળી. નીકળતા પહેલા રાજાને

વચન આપ્યું કે તે વર્ષમાં એક રાત્રિ તેની સાથે રહેશે. ગાંધર્વના કહેવા પ્રમાણે પુરૂરવા અનેક પ્રકારના યજ્ઞ કરી ગાંધર્વ લોકમાં પહોંચી ગયા.

યયાતિ - દેવયાની - શર્મિષ્ઠા : પુરૂરવાનો સૌથી મોટો પુત્ર આયુ હતો. આયુનો પુત્ર નહુષ હતો. તેના ગુરુ મહર્ષિ વસિષ્ઠઋષિ હતા. દેવ અને દાનવોના યુદ્ધમાં દાનવોએ દેવને હરાવ્યા. અને ઈન્દ્રની જગ્યાએ નહુષને ઈન્દ્ર બનાવ્યો. નહુષે દેવોના ગુરુ બૃહસ્પતિના ગુરુપદે ૧૦૦૦ વર્ષ રાજ્ય કર્યું. પાછળથી નહુષ કઠોર, ઘમંડી બની જતાં તેને સત્તાથી દૂર કરી તેના મોટા પુત્ર યતિને રાજપદ સોંપ્યું પરંતુ તે વૈરાગી હતો. જેથી તેણે તે પદ નકાર્યું. એટલે બીજા નંબરના પુત્ર યયાતિને રાજગાદીએ બેસાડ્યો. તેણે અનેક રાજસૂય યજ્ઞો, અશ્વમેધ યજ્ઞો કર્યા. બ્રાહ્મણોને સોના-ચાંદીના દાનો કર્યા. દુનિયા પર રાજ્ય કરી એ ચક્રવર્તી રાજા બન્યો હતો.

દાનવોના ગુરુ શુક્રાચાર્ય હતા અને તેની એક પુત્રીનું નામ દેવયાની હતું. દાનવ રાજા વૃષપર્વાના આચાર્ય શુક્રાચાર્ય હતા. રાજા વૃષપર્વાની પુત્રીનું નામ શર્મિષ્ઠા હતું. દેવયાની અને શર્મિષ્ઠા બંને સખી હતી. એક વખત બંને બહેનપણીઓ નદીમાંથી સ્નાન કરી બહાર નીકળી. બંનેના વસ્ત્રો સરખા દેખાતા હતા. ભૂલથી દેવયાનીએ શર્મિષ્ઠાના વસ્ત્રો પહેરી લીધાં. બંને વચ્ચે વસ્ત્રો બાબતમાં વિવાદ થતાં શર્મિષ્ઠાએ દેવયાનીને નજીકના કૂવામાં ફેંકી દીધી. કૂવામાં ખાસ પાણી ન હતું એટલે તે બચી ગઈ. તે વખતે યયાતિ શિકાર કરવા નીકળ્યો હતો. તેણે દેવયાનીને કૂવામાંથી બહાર કાઢી. શુક્રાચાર્ય પુત્રીને શોધતા કૂવા પાસે આવ્યા. દેવયાનીએ યયાતિ સાથે લગ્ન કરવાની પોતાની ઈચ્છા પિતાને જણાવી.

દેવયાનીને આ રીતે શર્મિષ્ઠા દ્વારા મારી નાખવાના કૃત્ય બદલ શુક્રાચાર્યે રાજ્ય છોડી જવાનો નિર્ણય રાજાને કહ્યો. વૃષરાજાએ શુક્રાચાર્યને રાજ્ય ન છોડવા કહ્યું અને સમજાવ્યું, એ રાજકુમારી શર્મિષ્ઠા આજીવન દેવયાનીની દાસી બનીને રહેશે. દેવયાનીનાં લગ્ન યયાતિ સાથે થયાં અને શર્મિષ્ઠા દેવયાનીની દાસી બની. દેવયાનીએ યયાતિ સાથે શરત કરી કે તે શર્મિષ્ઠા સાથે કદી પણ લગ્ન નહીં કરે. તેમ છતાં પાછળથી યયાતિએ શર્મિષ્ઠા સાથે ગાંધર્વ લગ્ન કરી લીધા. દેવયાનીને યયાતિથી યદુ અને તુર્વસુ નામના બે પુત્રો થયા. શર્મિષ્ઠા - યયાતિથી ત્રણ પુત્રો થયા. દ્રદ્યુ, અનુ અને પુરુ. યદુના વંશજો યદુવંશથી જાણીતા

થયા. પુરુના વંશજો પૌરવથી જાણીતા થયા દેવયાનીને જ્યારે શર્મિષ્ઠા-યયાતિના ગાંધર્વ લગ્નની જાણ થઈ ત્યારે તે શુક્રાચાર્ય પાસે ચાલી ગઈ. પિતાએ ગુસ્સે થઈ યયાતિને શ્રાપ આપ્યો કે તું વૃદ્ધ થઈ જા. યયાતિ વૃદ્ધ થઈ ગયો. યયાતિએ પુત્ર યદુને પોતાનું વૃદ્ધત્વ લેવા કહ્યું. પણ તેણે ના પાડી. તેથી યયાતિએ તેને શ્રાપ આપ્યો કે તારા વંશમાં કોઈ રાજા થશે નહિ. ત્યારથી યદુ વંશમાં સંઘ રાજ્યવ્યવસ્થા ચાલતી આવી હતી. પછી એણે પુત્ર પુરુને કહ્યું, પુરુએ યયાતિનું વૃદ્ધત્વ લીધું. પાછળથી યયાતિને જ્ઞાન થતાં દેહને નાશવંત માની તેણે પુરુને તેની યુવાની પાછી આપી અને પોતે વૃદ્ધ બની વનમાં તપ કરી સ્વર્ગે ગયા.

રાજા દુષ્યંત : યયાતિ - શર્મિષ્ઠા પછી કેટલીક પેઢીએ રાજા દુષ્યંત થયો. તેનો પુત્ર ભરત થયો. શકુંતલા ઋષિ વિશ્વામિત્ર અને મેનકાની પુત્રી હતી. એમણે પુત્રીને જંગલમાં ત્યજી દીધી. ત્યજાયેલી શકુંતલા કણ્વઋષિને મળી. કણ્વઋષિએ તેને પોતાની પુત્રીની જેમ મોટી કરી. એક વખત રાજા દુષ્યંત જંગલમાં શિકાર કરવા ગયા ત્યારે તેણે શકુંતલાને કણ્વઋષિના આશ્રમમાં જોઈ અને તે તેના પ્રેમમાં પડ્યા. કણ્વઋષિની અનુમતિથી દુષ્યંતે શકુંતલા સાથે ગાંધર્વ વિવાહ કર્યા. જતી વખતે રાજા દુષ્યંતે પોતાની રત્નમુદ્રિકા લગ્નના પ્રતીકરૂપે ભેટ આપી અને એ હસ્તિનાપુર આવ્યો. કેટલાક વર્ષ વીત્યા છતાં દુષ્યંત શકુંતલાને તેડવા ન આવ્યા. એટલે શકુંતલા દુષ્યંતરાજાને મળવા હસ્તિનાપુર આવી. શકુંતલા ગર્ભવતી હતી એટલે એ રાજા દુષ્યંતને મળવા ગઈ. પરંતુ રાજા દુષ્યંતે એને ઓળખવાની ના પાડી. કમનસીબે શકુંતલા નદીમાં સ્નાન કરવા ગઈ તે સમયે તેની રત્નમુદ્રિકા નીકળી નદીમાં પડી ગઈ હતી. એ માછલી ગળી ગઈ. રત્નમુદ્રિકા ન હોવાથી શકુંતલા અને કણ્વઋષિ પાછા આશ્રમે આવે છે.

શકુંતલા પુત્રને જન્મ આપે છે. અને એનું નામ ભરત પાડે છે.

એક માછીમારની જાળમાં તે રત્નમુદ્રિકા ગળી ગયેલી માછલી ફસાઈ જાય છે. માછલીને કાપતા તેના પેટમાંથી માછીમારને રત્નમુદ્રિકા મળે છે. એને થાય છે કે આ રત્નમુદ્રિકા રાજાને આપું તો ઈનામ મળશે. એ દુષ્યંતના દરબારમાં આવે છે. દુષ્યંતરાજાને વીંટી જોતાં શકુંતલા સાથે પોતે કરેલાં ગાંધર્વ વિવાહની યાદ આવે છે. એ તરત જ કણ્વઋષિના આશ્રમે જાય છે અને બંનેને હસ્તિનાપુર લાવે છે. દુષ્યંતરાજા શકુંતલાનો

વિધિથી સ્વીકાર કરે છે અને તેને હસ્તિનાપુરની રાણી બનાવે છે. દુષ્યંત-શકુંતલાનો પુત્ર તે ભરત અને તે ગાદી વારસ બની હસ્તિનાપુરનો રાજા બને છે. તે દેશના બધા રાજ્યોને સંગઠિત કરી અખંડ રાષ્ટ્ર બનાવે છે.

કુરુરાજા : દુષ્યંત પછી તેનો પુત્ર ભરત ચક્રવર્તી રાજા થયો. રાજા ભરતે યજ્ઞ કર્યો હતો. તેમાં અંગિરાના પુત્ર ભરદ્વાજને ભરતનો પુત્ર બનાવ્યો. ભરદ્વાજનો સૌથી મોટો પુત્ર સુહોત્ર થયો. સુહોત્રનો ત્રીજો પુત્ર બૃહત્ થયો. અને સુહોત્રનો મોટો પુત્ર અજમીઢ હતો. અજમીઢની ત્રણ રાણીઓ હતી. નલિની, કેશિની અને ધૂમિની. અજમીઢ-નલિનીના વંશમાં કૃપાચાર્ય અને બહેન કૃપિ થયા. એને જંગલમાં ત્યજી દીધાં હતાં. અજમીઢ-ધૂમિનીનો પુત્ર ઋક્ષ થયો. ઋક્ષનો પુત્ર સંવરણ થયો. સંવરણ-સૂર્યપુત્રી તપતીનો પુત્ર કુરુ થયો. કુરુએ પ્રયાગથી જઈને કુરુક્ષેત્રની સ્થાપના કરી. તેણે કુરુક્ષેત્રમાં અનેક વર્ષ તપ કર્યું. ઈન્દ્રને ભય લાગ્યો કે કુરુના તપથી પોતે ઈન્દ્રપદ ગુમાવશે એટલે તેણે રાજા કુરુનું તપ છોડાવવા વરદાન આપ્યું કે આ ભૂમિ કુરુક્ષેત્ર પર જેનું મૃત્યુ થશે તેને સ્વર્ગમાં સ્થાન મળશે. ઈન્દ્રના વરદાનથી રાજા કુરુ પ્રસન્ન થયા અને તપ છોડ્યું. આગળની વૈદિક સમયની ધાર્મિકતા કુરરાજાના સમયમાં ઘણી બદલાતી ગઈ. પછી હિંદુ સંસ્કૃતિનું નિર્માણ થયું. ધાર્મિક વિધિમાં શ્રુતિ, કર્મકાન્ડ વિધિની શરૂઆત થઈ. કુરુના રાજ્યસમય દરમિયાન સામાજિક વ્યવસ્થા, ધાર્મિક અને રાજકીય વ્યવસ્થા સમજવા માટે વેદો જ ઉપયોગી હતા. કુરુ પછીના વંશજો કૌરવોના નામથી જાણીતા થયા.

ઉપરિચર : કુરુના ચાર પુત્રો સુધન્વા, સુધનુ, પરીક્ષિત અને અરિમેજવ હતા. સુધન્વાનો પુત્ર સુહોત્ર, તેનો પુત્ર મતિમાન અને તેનો પુત્ર ચ્યવન થયો. ચ્યવનનો પુત્ર કૃતક થયો અને તેનો પુત્ર ઉપરિચર થયો. ઉપરિચરે તપ કરીને ઈન્દ્રને પ્રસન્ન કર્યા. ઈન્દ્રે તેને કમળની માળા આપી અને આશીર્વચનો કહ્યા. તેણે ચેદીનું રાજ્ય જીતી લીધું. તેના રાજ્યમાંથી શુક્તિમતી નદી વહેતી હતી. ઈન્દ્રે આપેલા સોનાના સ્તંભની લોકો પૂજા કરતા અને બાજુમાં આવેલા પર્વત કોલાહલાની અવગણના કરતા. આથી પર્વતે નદી પર આક્રમણ કરી તેનો રસ્તો બંધ કર્યો. નદીએ ઉપરિચર રાજાને ફરિયાદ કરી. રાજાએ પર્વતને લાત મારી હટાવ્યો અને નદીને વહેતી કરી. પર્વત અને નદીના સંબંધો સુધરતા તેનાથી એક પુત્ર અને પુત્રી ગિરિકા જન્મ્યા. પુત્રને સૈન્યનો સેનાપતિ બનાવ્યો અને

પુત્રીને રાજાએ તેની પત્ની બનાવી. પત્ની ગિરિકા રાજાને અતિપ્રિય હતી. એક વખત રાજા વનમાં શિકાર કરવા ગયા. રાજાને રાણીની યાદ આવી અને તેનામાં કામના જાગી. એનું વીર્ય સ્ખલન થતા રાજાએ એ એક પાંદડામાં ઝીલી લીધું. તે સમયે ઝાડ પર બેઠેલા બાજ પક્ષીએ તે વીર્ય રાણી ગિરિકાને પહોંચાડવાનું રાજાને વચન આપ્યું અને તે વીર્યવાળું પાંદડું ચાંચમાં લઈ રાજમહેલ જવા નીકળ્યો. રસ્તામાં એક નદી આવી ત્યાં બીજા બાજ પક્ષીને લાગ્યું કે આ બાજ પક્ષી માંસનો ટુકડો લઈ ઊડી રહ્યો છે. તેણે ઊડી રહેલા બાજ પક્ષીને પડકાર્યો અને બંને વચ્ચે લડાઈ થઈ. આથી વીર્યથી ભરેલું પાંદડું યમુના નદીમાં પડ્યું. તે વખતે ત્યાં અદ્રિકા અપ્સરા જે બ્રહ્માના શાપથી માછલીરૂપે હતી તે એ વીર્ય ગળી ગઈ. એ માછલી દાસરાજ માછીમારની જાળમાં ફસાઈ. દાસરાજને એ માછલી વિશિષ્ટ લાગી. એટલે એણે એને એક કુંડમાં પ્રસૂતિ સુધી રાખી. સમય જતાં માછલીને પ્રસૂતિ થતા એક બાળક અને એક બાળકી જન્મ્યા. માછીમારે બંનેને સુધન્વારાજાને સોંપ્યા. રાજાએ પુત્રને પોતાની પાસે રાખ્યો તે મત્સ્યરાજ થયો. અને પુત્રી માછીમારને આપી. એ અત્યંત રૂપાળી હતી. પરંતુ તેના શરીરમાંથી માછલીની ગંધ આવતી. દાસરાજે તેનું નામ મત્સ્યગંધા રાખ્યું. મોટી થતાં તે પિતાની નાવ લઈને પ્રવાસીઓને એક કિનારાથી બીજા કિનારે લઈ જતી. એક દિવસ પરાશરમુનિ એની નાવમાં બેઠા. મત્સ્યગંધાના રૂપથી મુનિ ઉત્તેજિત થઈ ગયા અને મુનિએ તેની સાથે સમાગમ કરવાની ઇચ્છા દર્શાવી. ઋષિએ એની માછલીની ગંધ દૂર કરી એની સાથે સમાગમ કર્યો. અને કહ્યું, 'તને જે પુત્ર થશે તે ચિરંજીવ થશે અને લોકકલ્યાણના કાર્યો કરી ત્રણે લોકમાં વિખ્યાત થશે. તારું કૌમાર્ય અખંડ રહેશે.' પછી ઋષિ ચાલ્યા ગયા.

મત્સ્યગંધાએ એક બાળકને જન્મ આપ્યો. એ રંગે કાળા હતા. એ જ 'કૃષ્ણ દ્વૈપાયન' બન્યા. અને વેદવ્યાસના નામથી વિખ્યાત થયા. એમણે વેદોનો વિસ્તાર કરી ચાર ભાગમાં રચના કરી. મત્સ્યગંધા 'સત્યવતી' નામે જાણીતી થઈ. વ્યાસમુનિએ માતાને વચન આપ્યું કે જ્યારે પણ તે પુત્રને બોલાવશે ત્યારે હાજર થશે. પછી તેઓ પિતા પરાશર સાથે વનમાં ચાલ્યા ગયા. સત્યવતી પિતા દાસરાજ સાથે રહેવા ચાલી ગઈ. આ વાત સત્યવતીએ કોઈને પણ જણાવી નહિ.

રાજા શાંતનુ : કુરુનો બીજો પુત્ર પરીક્ષિત થયો. તેનો પુત્ર

જનમેજય થયો. જનમેજયના ત્રણ પુત્રો શ્રુતસેન, ઉગ્રસેન અને ભીમસેન થયા. એ પ્રથમ રાણીના સંતાનો હતા. બીજી રાણીના બે પુત્રો સુરથ અને મતિમાન હતા. સુરથનો પુત્ર વિદુરથ તેનો પુત્ર ઋગ તેનો પુત્ર ભીમ (૨) તેના પુત્ર પ્રતીપ અને તેના પુત્ર શાંતનુ થયા. પ્રતીપના ત્રણ પુત્રો શાંતનુ, દેવાપિ અને બાહ્લિક થયા.

શાંતનુ પૂર્વ જન્મમાં ઈક્ષ્વાકુકૂળમાં મહાભિષાના નામે મહા યશસ્વી રાજા થઈ ગયો. તેણે અનેક અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. તેના મૃત્યુ પછી તે સ્વર્ગમાં ગયો. એક વખત બ્રહ્માની સભામાં તેને જવાનું થયું. તે સભામાં દેવી ગંગા પણ હતી. હવાના ઝોકાથી એનું વસ્ત્ર ખસી ગયું. બધા દેવોએ મસ્તક નમાવી દીધા પણ મહાભિષાએ ગંગાને જોયા કરી. બ્રહ્માએ બંનેને શ્રાપ આપ્યો કે તે બંને પૃથ્વી પર માનવનો જન્મ લે. વસિષ્ઠઋષિની કામધેનુ ગાયની ચોરી કરવા બદલ આઠ વસુઓને વસિષ્ઠઋષિએ શ્રાપ આપ્યો હતો કે તેઓએ પૃથ્વી પર જન્મ લેવો. જે વસુએ ગાયની ચોરી કરી હતી તેણે પૃથ્વી પર વધારે રહેવું પડશે. તે બ્રહ્મચારી રહેશે.

આઠ વસુઓ ગંગાને મળ્યા અને કહ્યું, 'હે દેવી! અમને તમે જન્મ આપો અને અમારો ઉદ્ધાર કરો.'

ગંગાએ તેમને શાપમુક્ત થવાનું વચન આપ્યું.

મહાભિષાએ પુત્ર બની શાંતનુ તરીકે કુરુવંશમાં જન્મ લીધો. એક વખત રાજા ગંગા કિનારે ફરતા હતા ત્યારે ગંગા ત્યાં સ્ત્રીનું રૂપ ધારણ કરી રાજા પાસે આવી.

ગંગાને જોતાં રાજા તેના પ્રેમમાં પડ્યા. અને તેની સાથે લગ્ન કરવાની માગણી કરી. ગંગાએ તેની માંગણી એક શરતે માન્ય રાખી કે ગંગા જે કાંઈ કરે પણ એને કોઈ પ્રશ્ન પૂછવો નહીં. જો શાંતનુ તે અંગે કોઈ કારણ પૂછશે તો ગંગા તેને છોડી ચાલી જશે. શાંતનુ રાજાએ ગંગાની શરત માન્ય રાખી અને તેની સાથે ગાંધર્વવિવાહ કર્યાં.

કેટલોક વખત તેઓએ ખૂબ જ આનંદથી લગ્નસુખ ભોગવ્યું. શાંતનુને ગંગાથી પ્રથમ પુત્ર થયો. ગંગાએ તે પુત્રને ગંગામાં પધરાવી દીધો. શાંતનુ એ જોઈ રહ્યો. તેને દુઃખ થયું પરંતુ કશું બોલ્યો નહિ. બીજો પુત્ર થયો તેને પણ તેણે ગંગામાં ડુબાડી દીધો. શાંતનુ દુઃખી હૃદયે એ જોતો રહ્યો. એમ એક પછી એક શાંતનુના સાત પુત્રોને ગંગાએ ગંગામાં ડુબાડી

દીધા. શાંતનુના દુઃખનો પાર ન રહ્યો. જ્યારે ગંગા આઠમા પુત્રને ડુબાડવા ગંગાતટ પર પહોંચી ત્યારે તેનાથી રહેવાયું નહિ અને એણે ગંગાને કહ્યું, 'પ્રિયે! આ પુત્રને ડુબાડીશ નહીં, તું આવું કેમ કરે છે?' ગંગાએ શાંતનુને બ્રહ્માએ પોતાને આપેલો શ્રાપ અને વસિષ્ઠના આઠ વસુઓને આપેલા શ્રાપની વાત કરી કહ્યું, 'મેં સાત વસુઓને શાપમુક્ત કરાવ્યા પરંતુ આ આઠમા વસુનું પૃથ્વી પર લાંબુ આયુષ્ય છે. એટલે તમે મને રોકી લીધી. આજે હું પણ શાપમુક્ત બની ગઈ. હું આને લઈ જાઉં છું. એનું નામ દેવવ્રત પાડીશું. એને મોટો કરી તમને આપી જઈશ.'

એમ કહી દેવવ્રતને લઈ એ ગંગામાં અદૃશ્ય થઈ ગઈ. ગંગાએ તેને પરશુરામ પાસે મોકલી મહાન ધનુર્ધારી બનાવ્યો. શાંતનુ ગંગાના જવાથી અત્યંત દુઃખી હતો. બાહુબળ અને બુદ્ધિમતાથી એણે હસ્તિનાપુરની કીર્તિ દેશભરમાં એટલી પ્રસારી કે શાંતનુને સમ્રાટ તરીકે બધા જોતા.

એક વખત શાંતનુ જ્યારે ગંગા કિનારે ફરવા નીકળ્યો ત્યારે તેણે જોયું તો કોઈએ બાણોની દીવાલથી ગંગાના પ્રવાહને રોકી લીધો હતો. એ જોવા લાગ્યો કે આ કાર્ય કોનું છે?

ત્યાં નદીમાંથી ગંગા એક કદાવર પુત્રને લઈને શાંતનુ પાસે આવી. ગંગાને જોતાં જ શાંતન આનંદિત થઈને એની પાસે આવ્યો.

ત્યારે ગંગા બોલી, 'આ તમારો પુત્ર દેવવ્રત છે. એને સોંપવા હું આવી છું.' પછી દેવવ્રતને કહ્યું, 'આ તારા પિતા મહારાજ શાંતનુ હસ્તિનાપુરના સમ્રાટ છે.'

દેવવ્રત પિતાને પ્રણામ કરવા નમ્યો પણ શાંતનુ એને ભેટી પડ્યા.

'તો ગંગાનો પ્રવાહ દેવવ્રતે રોક્યો હતો?'

'હા.' ગંગા બોલી, 'એણે અસ્ત્રશસ્ત્રવિદ્યા ગુરુ પરશુરામ પાસે લીધી છે અને વેદોક્ત જ્ઞાન ગુરુ બૃહસ્પતિ પાસે લીધું છે.' કહીને એ જળમાં અદૃશ્ય થઈ ગઈ.

શાંતનુને ગંગાના જવાથી દુઃખ થયું સાથે પુત્રને મેળવવાથી આનંદ પણ થયો. દેવવ્રતને તેણે હસ્તિનાપુરનો યુવરાજ બનાવ્યો.

શાંતનુના સત્યવતી સાથે લગ્ન : માછીમાર દાસરાજની દત્તક પુત્રી તે મત્સ્યગંધા. મત્સ્યગંધાને પરાશર મુનિથી થયેલો પુત્ર તે વ્યાસમુનિ. પરાશરમુનિના વરદાનથી મત્સ્યગંધા કુંવારી કન્યારૂપે ફરી પાછી દાસરાજની પુત્રી બનીને રહેતી હતી અને પ્રવાસીઓને નાવમાં

બેસાડી એક તટથી સામેના તટ પર લઈ જતી હતી. એના શરીરમાં કસ્તુરીની સુગંધ નીકળતી.

એક વખત શાંતનુ જંગલમાં શિકાર કરવા નીકળ્યા. ત્યાં તેણે સત્યવતીને જોઈ અને તે સત્યવતીના પ્રેમમાં પડ્યા. શાંતનુએ તેને પટરાણી બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો. સત્યવતીએ રાજાને કહ્યું કે જો તેના પિતા સંમતિ આપે તો તે લગ્ન કરવા રાજી છે. શાંતનુ તેના પિતા દાસરાજને મળ્યા. રાજાએ સત્યવતી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ દાસરાજ પાસે મૂક્યો.

દાસરાજ ચતુર હતો. સત્યવતીને ભવિષ્યમાં જે પુત્ર થાય તેને જ રાજગાદી મળે. એ શરતે સત્યવતીના લગ્ન રાજા શાંતનુ સાથે કરવા તૈયાર છે. દેવવ્રત યુવરાજ પદે છે. એટલે તેણે શરત મૂકી કે યુવરાજ દેવવ્રત હતો. એટલે આ શરત એ માની શકે તેમ ન હતા. રાજા વ્યથિત થઈ ગયા અને દુઃખી હૃદયે રાજમહેલ પાછા ફર્યા. રાજાની ઊંઘ હરામ થઈ ગઈ. એમની ભોજનમાં રુચિ રહી નહિ. ચિંતામાં રાજાનું શરીર નબળું પડવા માંડ્યું. પુત્રનું જીવન એ બરબાદ કરવા માગતા ન હતા. આ જોઈ દેવવ્રતે પિતાને દુઃખી થવાનું કારણ પૂછ્યું. શાંતનુએ બહાનું કાઢી પુત્રને સમજાવ્યો કે શાંતનુ સ્વસ્થ છે. છેવટે દેવવ્રતે શાંતનુના સારથિને પૂછ્યું કે, 'પિતા મહારાજ રોજ ક્યાં જાય છે?'

સારથિએ કહ્યું, 'તેઓ સત્યવતી નામની એક નાવિકની પુત્રીને જોયા કરે છે.'

દેવવ્રત સત્યવતી પાછળ ગયો અને એના નિવાસસ્થાને જઈ સત્યવતીના પિતા દાસરાજને રાજાના દુઃખનું કારણ પૂછ્યું.

દાસરાજે કહ્યું, 'રાજા સત્યવતી સાથે લગ્ન કરવા માગે છે. પરંતુ મારી શરત છે કે સત્યવતીનો પુત્ર રાજા બને. રાજા એ સ્વીકારતા નથી અને લગ્ન કરી શકતા નથી.'

દેવવ્રત સમજી ગયો કે પોતે યુવરાજ છે એટલે રાજા એ વચન આપી શકે તેમ નથી. એણે દાસરાજ સામે પ્રતિજ્ઞા કરી, 'એ જીવનભર કુંવારો રહેશે અને આજીવન બ્રહ્મચારી રહેશે.'

શાંતનુને આ પ્રતિજ્ઞાથી અપાર દુઃખ થયું. અને એણે એને ઇચ્છામૃત્યુનું વરદાન આપ્યું.

દેવવ્રતે પિતા શાંતનુના સત્યવતી સાથે લગ્ન કરાવ્યાં. દેવવ્રતની

ભીષણ પ્રતિજ્ઞા અને પિતાના સુખ માટે આપેલા બલિદાનથી દેવવ્રત ભીષ્મના નામથી જાણીતા થયા.

શાંતનુ અને સત્યવતીથી કુરુવંશને બે પુત્રો મળ્યા. ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય. ચિત્રાંગદને એક ગાંધર્વે મારી નાખ્યો એટલે ભીષ્મે વિચિત્રવીર્યને હસ્તિનાપુરનો રાજા બનાવ્યો.

રાજા કાશીરાજે તેની ત્રણ પુત્રીઓ અંબા, અંબિકા અને અંબાલિકાનો સ્વયંવર રાખ્યો હતો.

સ્વયંવરમાં શાલ્વ, શિશુપાલ, કંસ, જરાસંધ વગેરે હાજર હતા. ભીષ્મે ત્રણે પુત્રીઓનું, સ્વયંવરમાંથી હરણ કર્યું. જે રાજાઓએ ભીષ્મની સામે યુદ્ધ કર્યું તે બધાને હરાવી ત્રણે કન્યાઓને હસ્તિનાપુર વિચિત્રવીર્ય સાથે લગ્ન કરાવવા ભીષ્મ લાવ્યા.

અંબાએ ભીષ્મને કહ્યું કે હું રાજા શાલ્વને વરી ચૂકી છું. એથી તેને રાજા શાલ્વ પાસે મૂકી આવ્યા પરંતુ રાજાએ હરણ કરાયેલી અંબાને સ્વીકારવાની ના પાડી. એથી એ ભીષ્મ પાસે આવી. આજીવન કુંવારા રહેવાની પ્રતિજ્ઞાને લીધે અંબાને ભીષ્મે સ્વીકારી નહિ. અપમાનિત થયેલી અંબાએ જંગલમાં જઈ મહાદેવનું તપ કર્યું અને શિવને પ્રસન્ન કર્યા. શિવ પાસે અંબાએ વરદાન માગ્યું કે અંબાના હાથે ભીષ્મનું મોત થાય. મહાદેવે કહ્યું, આ ભવમાં તારા હાથે ભીષ્મનું મૃત્યુ શક્ય નથી. તારા બીજા ભવમાં તારા થકી ભીષ્મનું મૃત્યુ થશે. અંબાએ પોતાનો પ્રાણ ત્યજ્યો અને બીજા ભવમાં તે પાંચાલનરેશ દ્રુપદને ત્યાં શિખંડી તરીકે જન્મી. ભીષ્મપિતાએ અંબિકા અને અંબાલિકાનાં લગ્ન વિચિત્રવીર્ય સાથે કરાવ્યાં. વિચિત્રવીર્યને કોઈ સંતાન ન થયાં. તેને ક્ષયરોગ થતાં એ મૃત્યુ પામ્યા. સત્યવતીને તો પોતાનો વંશ ચાલુ રાખવો હતો. તેણે ભીષ્મને કહ્યું કે તું આ બે રાણીઓથી વંશવૃદ્ધિ કર. પરંતુ ભીષ્મે પોતાની પ્રતિજ્ઞાની યાદ દેવડાવી અને તેમ કરવાની વિનયપૂર્વક ના પાડી. સત્યવતીએ પોતાનો વંશવેલો ચાલુ રાખવો હતો. એણે ભીષ્મને વેદવ્યાસની વાત કહી. પછી એણે પોતાના પુત્ર વેદવ્યાસને બોલાવ્યા. વેદવ્યાસે માતાને આપેલા વચન મુજબ આવ્યા. કુરુવંશની વંશ વૃદ્ધિ માટે સત્યવતીએ એને કહ્યું. પ્રથમ તો વ્યાસમુનિએ કહ્યું કે બંને પુત્રવધૂઓ પુત્રીના રૂપે ગણાય. તેથી તેઓ આ બાબતમાં કશી મદદ કરી શકે નહિ.

માતાની અનેક દલીલો સાંભળી વ્યાસમુનિ કુરુવંશની વંશવૃદ્ધિ

માટે તૈયાર થયા. સત્યવતીએ વિધવા વહુઓને પણ વંશવેલો ચાલુ રહે તે માટે તૈયાર કરી.

વ્યાસમુનિએ માતા સત્યવતીને કહ્યું કે અંબિકાને નાહીધોઈને એક ઓરડામાં નગ્ન અવસ્થામાં મોકલો. અંબિકા જે ઓરડામાં વ્યાસમુનિ બેઠા હતા તે ઓરડામાં નગ્ન અવસ્થામાં આવી પરંતુ વ્યાસજીનું કાળું કદરૂપું સ્વરૂપ જોઈ એણે આંખો મીંચી દીધી. વ્યાસમુનિના નિયોગથી અંબિકાને અંધ પુત્ર જન્મ્યો. તેનું નામ ધૃતરાષ્ટ્ર પાડ્યું. ત્યારબાદ અંબાલિકા નાહીધોઈને વ્યાસમુનિના ઓરડામાં આવી. વ્યાસમુનિનો કદરૂપો ચહેરો જોતા તે ભયથી ફિક્કી પડી ગઈ. વ્યાસમુનિના નિયોગથી અંબાલિકાને પુત્ર જન્મ્યો પરંતુ તે રોગિષ્ટ જન્મ્યો. તેનું નામ પાંડુ રાખ્યું. સત્યવતીને બંને પુત્રોમાં શારીરિક ખામી જોતાં સંતોષ થયો નહિ. તેથી એક સક્ષમ પુત્ર મેળવવા તેણે તેની દાસીને નાહીધોઈને નગ્ન અવસ્થામાં વ્યાસજીના ઓરડામાં મોકલી. દાસી અતિ ભક્તિભાવથી વ્યાસજીના ઓરડામાં ગઈ. વ્યાસજીના નિયોગથી દાસીને જે પુત્ર જન્મ્યો તે બુદ્ધિમાન, વિદ્વાન, ભક્ત અને જ્ઞાની હતો. તેનું નામ વિદુર રાખ્યું. વિદુર ધર્મનો અવતાર હતો.

ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર ભીષ્મની દેખરેખ હેઠળ મોટા થવા લાગ્યા. તેમને ધનુર્વિદ્યા, ઘોડેસવારી, તલવારબાજી, રાજનીતિ વગેરે બધું શીખવવામાં આવ્યું. ત્રણે ઉંમરલાયક થયા એટલે તેમને પરણાવવાની જવાબદારી ભીષ્મને માથે આવી.

ભીષ્મે વિચાર્યું કે રાજ્યની જવાબદારી હવે ત્રણમાંથી એકને આપવી. ધૃતરાષ્ટ્ર ઉંમરમાં સૌથી મોટો હતો પરંતુ અંધ હતો તેથી તેને રાજા ન બનાવ્યો. વિદુર સૌથી લાયક ઉમેદવાર હતો પરંતુ તે દાસીપુત્ર એટલે શૂદ્ર ગણાય. તેથી તેને પણ ગેરલાયક ઠેરવ્યો. પાંડુ શરીરે માંદલો હતો પરંતુ ત્રણેમાં લાયક ગણતા ભીષ્મે તેને હસ્તિનાપુરનો રાજા બનાવ્યો.

રાજા કુન્તિભોજે યાદવરાજા શૂરસેન અને કૃષ્ણની ફોઈની પુત્રી પૃથાને દત્તક લીધી હતી. દુર્વાસા મુનિ કુન્દનપુર આવ્યા. કુંતીએ દુર્વાસા મુનિની ખૂબ સેવા કરી પ્રસન્ન કર્યા. દુર્વાસાએ કુંતીની સેવાથી પ્રસન્ન થઈ તેને એક સવારે વરદાન આપવા બોલાવી. ત્યારે સુબલ અને ગાંધારી કુન્તિભોજને ત્યાં રહ્યાં હતાં. ગાંધારી અને કુંતી બંને કુંતીભોજને ત્યાં તે

રાત્રે રહ્યા. કુંતીએ દુર્વાસા મુનિ તેને સવારે નદીએ વરદાન આપવાના છે એ વાત ગાંધારીને કરી વહેલી સવારે કુંતી પહેલા ઊઠી ગાંધારી નદીકિનારે દુર્વાસામુનિની સેવા કરી વરદાન મેળવ્યું કે તેને સો પુત્રો થશે. કુંતી ઊઠે તે પહેલા ગાંધારી પાછી આવી સૂઈ ગઈ. સવારે ઊઠી કુંતી દુર્વાસામુનિ પાસે ગઈ. દુર્વાસાએ સમાધિમાં જોઈ લીધું કે ગાંધારી કુંતીના નામે વરદાન લઈ ગઈ છે. દુર્વાસાએ કુંતીને પાંચ મંત્રો આપ્યા. અને કહ્યું, 'તને પાંચ પરાક્રમી પુત્રો થશે અને તે ગાંધારીના સો પુત્રોને મારશે એવું વચન આપી ઋષિ ચાલ્યા ગયા.

હસ્તિનાપુરથી ભીષ્મ ધૃતરાષ્ટ્રને પરણાવવા ગાંધાર આવ્યા અને ગાંધારીને પુત્રવધૂ બનાવી હસ્તિનાપુર લાવ્યા.

ગાંધારીએ વિચાર્યું કે પતિ અંધ છે. એટલે પતિને પત્ની પોતાનાથી ચડિયાતી છે એવી હિણપત ન લાગે તે માટે ગાંધારીએ હંમેશ માટે આંખે કાળા પાટા બાંધી દીધા જેથી પતિ-પત્ની બંને અંધ છે એમ દરેકને લાગે. ગાંધારીએ જાતે ઊભા કરેલા અંધાપાને કારણે હસ્તિનાપુરમાં પોતાના સંયુક્ત કુટુંબમાં શું થઈ રહ્યું છે તે તેણે જાણવાની ઇચ્છા ન રાખી. એ સ્વાર્થી બની પોતાના પતિ, પુત્રો, કર્ણ અને ભાઈ શકુનિએ કરેલા દુષ્કૃત્યોની અવગણના કરતી રહી.

કુંતીએ બાલ્યાવસ્થામાં દુર્વાસામુનિની સેવા કરીને તેની પાસે પાંચ મંત્રો મેળવ્યા હતા. એક દિવસ કુતૂહલવશ થઈ મંત્રની પરીક્ષા કરવા સૂર્યમંત્ર બોલી. એટલે સૂર્યદેવ હાજર થયા અને તેને પુત્ર આપ્યો. એ કવચ અને કુંડલ લઈને જન્મ્યો હતો. એનું નામ કર્ણ પાડ્યું. સમાજના ભયથી કુંતીએ કર્ણને યમુનામાં એક સુરક્ષિત વાંસના ટોપલામાં ધાબળો વીંટાળી મૂકી દીધો. યમુનામાંથી તે ગંગામાં વહી ગયો.

અધિરથ કુરુઓના ઘોડાની દેખરેખ રાખતો હતો અને તેની પત્ની રાધાને તે ટોપલો ગંગામાંથી મળ્યો. રાધા અને અધિરથે તેને પોતાના પુત્રની જેમ મોટો કર્યો. કર્ણ રોજ સૂર્યપૂજા કરતો. તે મહા દાનવીર હતો. પૂજા પૂરી થયા પછી જે કોઈ યાચક આવે તેને તેની ઇચ્છા મુજબનું દાન કરતો.

ઇન્દ્રે બ્રાહ્મણનું રૂપ ધરી સવારની પૂજા પૂરી થતાં કવચ-કુંડલ ભિક્ષામાં માગ્યા. સૂર્યદેવે તેને ચેતવ્યો પરંતુ તેણે તેના કવચ-કુંડલ બ્રાહ્મણને આપી દીધા. ઇન્દ્રે પ્રસન્ન થઈ તેને અમોઘ શક્તિ આપી. આ

શક્તિથી તે નાગ, ગાંધર્વ, રાક્ષસ, અસુરને પણ હરાવી શકતો.

કુંતી ઉંમરલાયક થતા કુન્તિભોજે તેના લગ્ન માટે સ્વયંવર ગોઠવ્યો. જેમાં અનેક ક્ષત્રિયો હાજર રહ્યા હતા. પાંડુ સ્વયંવરમાં હાજર રહ્યા. કુંતીએ પાંડુને પતિ તરીકે પસંદ કર્યા. હસ્તિનાપુરમાં દિગ્વિજય સમયે મદ્ર દેશ પર એ યુદ્ધ માટે ગયો ત્યારે મદ્રનરેશે પોતાની બહેન માદ્રીને પાંડુ સાથે પરણાવી. પાંડુ અનેક રાજાઓને હરાવી ચક્રવર્તી બન્યો. કેટલાક વર્ષ ખૂબ જ આનંદથી રાજ્ય કર્યું. પાંડુ યુદ્ધનો થાક ઉતારવા ઉપવનમાં બંને રાણીઓને લઈ ગયો. ધૃતરાષ્ટ્ર તેને જીવનજરૂરિયાતની વસ્તુઓ હસ્તિનાપુરથી મોકલતો. ધૃતરાષ્ટ્ર અને ગાંધારી સાથે શકુનિ પણ હસ્તિનાપુર રહેવા આવી ગયો. ધૃતરાષ્ટ્ર ભીષ્મ અને વિદુરની સલાહથી રાજ્યકારભાર ચલાવતો હતો.

એક દિવસ કુંતી અને માદ્રીને ઘરે મૂકીને પાંડુ મૃગયા રમવા ગયા. ત્યાં કિન્દમ નામના એક ઋષિ વનમાં મૃગ બની પોતાની પત્ની સાથે રતિક્રીડામાં લીન હતા ત્યારે શિકારે નીકળેલા પાંડુને લાગ્યું કે મૃગ અને મૃગલી છે. પાંડુને લાગ્યું કે આજે સારો શિકાર મળ્યો છે. એટલે તેના પર તીર છોડ્યું અને એક ચિત્કાર સાથે કિન્દમ ઋષિ રૂપમાં આવી ઢળી પડ્યા. પાંડુએ નજીક આવીને જોયું તો મૃગને બદલે ઋષિ કિન્દમ ક્રીડા કરી રહ્યા હતા.

પાંડુ અત્યંત દુઃખી થયા પરંતુ કિન્દમ ઋષિનો પ્રાણ જઈ રહ્યો હતો. ઋષિએ પાંડુને શ્રાપ આપ્યો કે હું રતિક્રિયામાં હતો અને તે મને માર્યો તે રીતે તું પણ રતિક્રિયા કરતા મૃત્યુ પામશે. ઋષિ મરણ પામ્યા. પાંડુએ તેની અંતિમ ક્રિયા વિધિસર કરી. પાંડુએ આ વાત પત્નીને કહી અને તેમને હસ્તિનાપુર જવા કહ્યું. પરંતુ બંને પત્ની પાંડુના દુઃખમાં સહભાગી બનવા તેની સાથે રહી. કુંતી અને માદ્રી પાંડુથી દૂર રહેતી અને તદ્દન સાદું જીવન જીવતી. પાંડુને હવે ચિંતા થતી કે પોતે નિઃસંતાન મરી જશે. તે હંમેશ મુંઝાયેલો રહેતો અને અત્યંત દુઃખી થવા લાગ્યો એટલે તે શરીરથી દુબળો થવા લાગ્યો. તેને પુત્ર સંતાનની ચિંતા હતી પરંતુ શાપને કારણે પત્ની સાથે સમાગમ કરી શકતો ન હતો. કુંતીને દુર્વાસાએ આપેલા મંત્રોમાંથી ચાર મંત્રો બાકી હતા એટલે કુંતીએ માત્ર તેની પાસે દુર્વાસાએ આપેલા મંત્રોની વાત કરી. પાંડુને મંત્રોની વાત સાંભળી અતિ આનંદ થયો અને કુંતીને તે વરદાન મંત્રોનો આવાહન કરવા કહ્યું. કુંતીએ મંત્રથી

ધર્મરાજાનું આવાહન કરી ધર્મરાજાને બોલાવ્યા. ધર્મરાજાએ કુંતીને મોટો પુત્ર યુધિષ્ઠિર આપ્યો. કુંતીએ બીજા મંત્રથી વાયુદેવને બોલાવ્યા. વાયુદેવે પુત્ર ભીમ આપ્યો. ત્રીજા મંત્રથી એણે ઈન્દ્રદેવને બોલાવ્યા તેણે પુત્ર અર્જુન આપ્યો. આ ત્રણે પુત્રો કુંતીથી જન્મ્યા. માદ્રીએ કુંતીને કહ્યું કે તેને પણ પુત્રની કામના છે. કુંતીએ ચોથો મંત્ર માદ્રીને આપ્યો. માદ્રીએ કુંતીની સહાયથી અશ્વિનીદેવને બોલાવ્યા. માદ્રીને બે જોડિયા ભાઈ નકુલ અને સહદેવ પુત્રરૂપે મળ્યા.

યુધિષ્ઠિર સત્યવાદી બન્યા. ભીમ બાહુબલી, અતિ બળવાન બન્યા અને અર્જુન ધનુર્ધર શ્રીકૃષ્ણનો સખા બન્યો. નકુલ સૌથી દેખાવડો, ઘોડદોડ અને તલવારબાજીમાં નિપુણ બન્યો. સહદેવ ભવિષ્યવેત્તા, બુદ્ધિમાન, વિદ્વાન બન્યો. આ રીતે ધર્મ, વાયુ, ઈન્દ્ર અને અશ્વિન દેવોથી પાંડુપુત્રોનો જન્મ થયો.

ગાંધારીએ પણ દુર્વાસાના આપેલા વચન પ્રમાણે ગર્ભ ધારણ કર્યો. એક વર્ષ પૂરું થવા છતાં તેને પ્રસૂતિ થતી નથી. તેથી ધૃતરાષ્ટ્રે વ્યાસમુનિને બોલાવ્યા. વ્યાસમુનિએ કહ્યું કે ગાંધારી સો પુત્ર અને એક પુત્રીને જન્મ આપશે પરંતુ હજી એક વર્ષ પછી તેને પ્રસૂતિ થશે. એક વર્ષ પૂરું થતાં ગાંધારીના પેટમાંથી એક ચળકતો ગોળો બહાર આવ્યો. વ્યાસે ગોળાના એકસો ભાગ કર્યા અને વધેલા ભાગમાંથી એક વધુ ગોળો બનાવ્યો. દરેક ગોળાને એક એક બરણીમાં ભરી દરેક બરણીને ગુપ્ત જગ્યાએ દાટી દીધી. વારાફરતી એક પછી એક બરણી દિન પ્રતિદિન ગાંધારીએ બહાર કાઢી. પહેલો પુત્ર દુર્યોધન, બીજો પુત્ર દુઃશાસન જન્મ્યો. આ રીતે ધૃતરાષ્ટ્ર-ગાંધારીના સો પુત્રો જન્મ્યા અને વધારાના ગોળામાંથી એક પુત્રી જન્મી. તેનું નામ દુઃશલા રાખ્યું. દુર્યોધન જન્મ્યો ત્યારે ગધેડાના ભૂંકવાનો અવાજ આવ્યો હતો. જેથી વિદુરે ધૃતરાષ્ટ્રને સલાહ આપી હતી કે આ પુત્ર કુરુવંશનો નાશ કરશે. માટે તેને ત્યજી દે. ધૃતરાષ્ટ્ર એક પિતા હતા તેમણે તેમ ન કર્યું. ધૃતરાષ્ટ્રને ત્યાં સો પુત્રો જન્મ્યા તેના થોડા દિવસ અગાઉ પાંડુને યુધિષ્ઠિર જન્મ્યા હતા.

સમય જતાં એક વખત વસંતઋતુમાં જંગલમાં ફૂલોની સુગંધ ફેલાઈ રહી હતી. કુંતી પાંચે પુત્રોને જમાડતી હતી. પાંડુ અને માદ્રી ઉપવનમાં એકલાં હતાં. માદ્રી જ નદીમાં નાહતી હતી. માદ્રીને જોઈને પાંડુને કામેચ્છા જાગી. તે કામને કાબૂમાં રાખી શક્યો નહિ. માદ્રીની

ઇચ્છા વિરુદ્ધ પાંડુએ માદ્રી સાથે જાતીય સુખ માણ્યું. તેને મળેલા શાપ મુજબ પાંડુનું મૃત્યુ થયું. માદ્રીએ સહદેવ-નકુલની જવાબદારી કુંતીને સોંપી. પતિના મરણ માટે પોતાને જવાબદાર ગણી એ પાંડુના અગ્નિસંસ્કાર સાથે સતી થઈ સ્વર્ગમાં ગઈ. કુંતી અને પાંચે પુત્રો શોકમાં ડૂબી ગયાં. કુંતીએ સહદેવ-નકુલને પોતાના ત્રણ પુત્રોથી પણ વધારે પ્રેમ આપી પાંચે પુત્રોને પ્રેમના તાંતણે એવી રીતે બાંધ્યા કે જીવનના અંત સુધી પાંચે પુત્રો કદી છૂટા પડ્યા નહિ. કુંતી પાંચે પુત્રો સાથે પાંડુની અસ્થિ લઈ હસ્તિનાપુર આવી. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ અને વિદુરે તેમનો સત્કાર કર્યો. કૌરવોના હૃદય ચીરાઈ ગયા. બહારથી ઔપચારિક આનંદ બતાવી તેઓએ પાંડવોને આવકાર્યા.

દુર્યોધને ભીમને ઝેર આપ્યું

કૌરવોને પાંડવો જરાય ગમતા ન હતા. એમાં દુર્યોધનને ભીમ પર વધુ દ્વેષ હતો. બીજા પાંડવો કૌરવોને હેરાન કરતા નહીં. પરંતુ ભીમ દુર્યોધન વગેરેને હેરાન કરવાની કોઈ તક જવા દેતો ન હતો. આથી દુર્યોધને ભીમને મારવાનું ષડયંત્ર રચ્યું. એણે ભોજનમાં વિષ મેળવ્યું અને ભીમને કહ્યું, 'ભાઈ, આજે બહુ સરસ ભોજન આવ્યું છે. તમે ગ્રહણ કરશો?'

ભીમને ભોજન પર વિશેષ રુચિ હતી. એણે હા પાડી. બંને ભોજનશાળામાં ગયા ત્યાં લાડુનો થાળ જોઈને ભીમ ખુશ થઈ ગયો. અને જમવા બેસી ગયો. વિષવાળા લાડુ ખાઈને ભીમ તરત જ બેહોશ થઈને ઢળી પડ્યો. દુર્યોધન અને દુઃશાસન એને પાથરણામાં વીંટીને બાજુની નદીમાં ફેંકી દીધો. બંને ખુશ હતા કે હાશ! વેરી ગયો.

આ તરફ ભીમ અચેત દશામાં નદીમાં ડૂબીને પાતાળલોકમાં પહોંચી ગયો. નાગસૈનિકોએ જોયું તો કોઈ બાળક મૃત અવસ્થામાં નાગલોકમાં આવી ગયો છે. તેઓ એને ઉઠાવી વાસુકિ નાગ પાસે લઈ ગયા. વાસુકિ નાગને નવાઈ લાગી કે આ બાળક નાગલોકમાં કેવી રીતે આવી ગયો. એણે ભીમના દેહનું વિષ ચૂસી લીધું. થોડી વારે ભીમ ભાનમાં આવ્યો. એને સમજાયું નહીં કે એ ક્યાં છે!

એણે ઊભા થઈ વાસુકિ નાગને પ્રણામ કર્યા અને પૂછ્યું, 'હે દેવ! હું ક્યાં છું? તમે કોણ છો?'

'પુત્ર! તું નાગલોકમાં છે. તારો પરિચય આપ.'

'હું કુંતી અને સ્વર્ગીય પિતામહારાજ પાંડુનો પુત્ર ભીમ છું.'

'તું કુંતીનો પુત્ર છે? એ મારી દોહિત્રી છે. હું તારો નાના વાસુકિ નાગ છું. તું અહીં કેવી રીતે આવ્યો?'

'એ તો મને ખબર નથી, નાનાશ્રી!' પણ મનમાં સમજી ગયો કે આ દુષ્ટ દુર્યોધનનું કૃત્ય છે.

વાસુકિ નાગે અમૃતકુંભ મગાવ્યા અને કટોરો ભરીને અમૃતરસ ભીમને આપતા કહ્યું, 'વત્સ! આ પી લે. આ એક કટોરામાં હજાર હાથીનું બળ છે. તું જેટલા કટોરા પીશે એટલો તું બળવાન થશે.'

ભીમ દશ કટોરા અમૃતરસ પી ગયો. પછી વાસુકિએ એને પાછો નદીકિનારે મૂકી દીધો. આમ ભીમમાં દશ હજાર હાથીનું બળ આવી ગયું.

કૃપાચાર્ય : શાંતનુ એક વખત જંગલમાં શિકાર કરવા નીકળ્યા હતા. ત્યાં તેને એક તાજાં જન્મેલાં બાળક અને બાળકી મળ્યાં. બાળકોની બાજુમાં ત્રિશુળ, કમંડલ જેવાં સાધનો હતાં. એથી તે બાળકો કોઈ સાધુએ મૂકેલા હશે એમ માની રાજા એ બંનેને મહેલમાં લાવી તેમના નામ પાડ્યા કૃપા અને કૃપી. કૃપાચાર્ય ભણીગણીને હસ્તિનાપુરના કુલગુરુ બન્યા. પાંચાલ રાજ્યમાં સંન્યાસી ભરદ્વાજમુનિ રહેતા હતા. તેમણે એક અપ્સરાને સરોવરમાં સ્નાન કરતા જોઈ અને તેમનું વીર્ય સ્ખલન થયું. તેનાથી દ્રોણનો જન્મ થયો. એ ભરદ્વાજમુનિનો પુત્ર કહેવાયો. દ્રોણાચાર્યે તેના પિતા પાસે ધનુર્વિદ્યામાં નિપુણતા મેળવી. દ્રુપદ પણ ધનુર્વિદ્યા શીખવા તેના પિતા પાસે આવતા. બંને વચ્ચે મિત્રતા થઈ. દ્રુપદે દ્રોણાચાર્યને એક વખત કહ્યું હતું કે ભવિષ્યમાં જ્યારે પણ દ્રોણાચાર્યને કોઈ મદદની જરૂર પડે તો દ્રુપદ તેની મદદ કરશે. પછી દ્રોણે પરશુરામ પાસે ધનુર્વિદ્યાનું જ્ઞાન લીધું.

દ્રોણે હસ્તિનાપુર આવીને કૃપાચાર્યની બહેન કૃપી સાથે વિવાહ કર્યા. લગ્ન પછી દ્રોણાચાર્ય પત્ની સાથે પાંચાલ પોતાના આશ્રમે ગયા. ત્યાં તેમને એક પુત્ર થાયો. તેનું નામ અશ્વત્થામા. તેના કપાળ પર જન્મથી એક મણિ હતો. દ્રોણાચાર્ય ગરીબાઈમાં જીવતા.

અશ્વત્થામાને દૂધ પિવડાવવા માટે પણ એમની પાસે કોઈ સુવિધા ન હતી. એક વખત કૃપીએ એમને દૂધ માટે રાજા પાસે ગાય માગવાનું કહ્યું.

દ્રોણ પાંચાલ દેશની રાજધાની કામ્પિલ્યામાં રાજા દ્રુપદને મળવા ગયા અને દ્રુપદ પાસે મિત્રતા યાદ કરાવી એક ગાયની માગણી કરી.

દ્રોણને દ્રુપદે કહ્યું, મિત્રતા સમાન કક્ષાના માણસો સાથે થાય. 'હું તમને એક બ્રાહ્મણ તરીકે ગાયનું દાન આપું.' એ રીતે રાજાએ દ્રોણને અપમાનિત કર્યા. સ્વમાની દ્રોણે નિર્ણય કર્યો કે આ અપમાનનો બદલો એ એક દિવસ તે જરૂર લેશે. દ્રોણ હસ્તિનાપુર આવ્યા. તે વખતે પાંડવ-કૌરવ કુમારો પોતાનો દડો એક કૂવામાં પડ્યો હતો તે કાઢવાની મથામણ કરી રહ્યા હતા. દ્રોણે ઘાસનાં તણખલા અભિમંત્રિત કરી એકબીજા સાથે જોડીને દડા સુધી પહોંચાડ્યા અને દડો બહાર કાઢ્યો.

આ વાત પાંડવોએ ભીષ્મને કરી. ભીષ્મે દ્રોણને ઓળખી કાઢ્યા અને હસ્તિનાપુરના રાજકુમારોના ગુરુ બનાવ્યા. આમ દ્રોણાચાર્ય હસ્તિનાપુરના રાજકુમારોના ગુરુ બની આશ્રમમાં સુખપૂર્વક રહેવા લાગ્યા. ધનુર્વિદ્યામાં અર્જુન સૌથી વધારે કુશળ અને હોશિયાર નીકળ્યો. એટલે દ્રોણાચાર્યને અર્જુન માટે વિશેષ માન હતું. અશ્વત્થામાને તો એમણે વિશેષ ધનુર્વિદ્યા શિખવી પરંતુ કુશળતા દરેકની પ્રતિભા પર અવલંબે છે.

બધા વિદ્યાર્થીઓની શિક્ષા પૂરી થતાં એક વખત ઝાડની ટોચ પર બનાવટી પક્ષી દ્રોણાચાર્યે મૂકાવ્યું.

પછી બધા વિદ્યાર્થીઓની દ્રોણે પરીક્ષા લીધી. માત્ર અર્જુનને પક્ષીની ડોક દેખાતી હતી. બીજા બધાને આજુબાજુના દશ્યો પણ દેખાતા હતા. ગુરુની આજ્ઞા થતાં અર્જુને બાણ મારી પક્ષીની ગરદન કાપી. તે જમીન પર પડી અને દ્રોણે અર્જુનને વિશ્વનો સૌથી ઉત્તમ બાણાવળી ઘોષિત કર્યો.

ગુરુ પૂર્ણિમાને દિવસે દ્રોણે ગુરુદક્ષિણામાં રાજકુંવરોને કહ્યું કે તેઓએ પાંચાલના રાજા દ્રુપદને જીવતો તેમની પાસે બંદી બનાવી લાવવો. પ્રથમ સેના લઈને દુર્યોધન કૌરવ ભાઈઓ સહિત દ્રુપદરાજા સામે લડવા ગયો. પરંતુ હારીને પરત આવ્યો.

પછી પાંડવો ગયા. અર્જુને દ્રુપદને હરાવી જીવતા પકડી લીધા અને દ્રોણાચાર્ય પાસે લઈ આવ્યો. દ્રોણાચાર્યે દ્રુપદનું પૂરું રાજ્ય લઈ એમાંથી અડધું રાજ્ય ફરી દ્રુપદને આપી સ્વતંત્ર કર્યો.

દ્રોણાચાર્યે રાજકુંવરોને જે શિક્ષા આપી હતી તેનું પ્રદર્શન કરવાનો

દિવસ આવ્યો. વિદ્યાર્થીઓ શું શીખ્યા તે જોવા ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, વિદુર, કૃપાચાર્ય તેમજ શહેરના બધા નગરજનો એક મોટા મેદાનમાં એકત્ર થયા હતા. ભીમ અને દુર્યોધન ગદા લઈને સામસામે આવ્યા. બંને વાસ્તવમાં એકબીજાના વેરી હતા એટલે ગદા યુદ્ધનું પ્રદર્શન બાજુએ રહી ગયું અને બંને ઝનુનથી લડવા લાગ્યા. એટલે અશ્વત્થામાએ વચમાં પડી તેમને લડતા અટકાવી પોતપોતાની જગ્યાએ બેસાડ્યા.

ત્યારબાદ અર્જુનનો વારો આવ્યો અર્જુને તેના રથમાંથી એક બાણ છોડી આકાશ ભરી દીધું અને મેદાનમાં પ્રકાશ પ્રકાશ કરી દીધો. સભાને ચાંદીના વાદળો વચ્ચે ઘેરી દીધી. તેણે અચાનક પર્વત બનાવ્યા. અનેક પ્રયોગો કરી એણે દર્શકોને મુગ્ધ બનાવી દીધા.

ત્યાં જ એક તેજસ્વી પુરુષે પ્રવેશ કર્યો. એ અર્જુન તરફ ફરીને બોલ્યો, 'હે અર્જુન! તેં જે પ્રયોગો અહીં કર્યા તે બધા તો હું પણ કરી શકું છું.'

ત્યારે કૃપાચાર્ય ઊભા થયા અને બોલ્યા, 'હે યુવાન, 'તારું નામ શું? તારા માતા-પિતાનું નામ જણાવ અને તારું કુળ શું છે?'

એણે કહ્યું, 'મારું નામ કર્ણ. મારા પિતા અધિરથ અને માતા રાધા છે. હું સૂતપુત્ર છું.'

ત્યારે કૃપાચાર્ય બોલ્યા, 'અહીં રાજકુળના યુવાનોની પરીક્ષા છે. તને પરીક્ષાનો અધિકાર નથી.'

એટલે દુર્યોધને તેની પાસે આવ્યો અને કહ્યું, 'હે કર્ણ! આજથી હું તને મારો મિત્ર બનાવું છું અને અંગ દેશનો રાજા બનાવું છું.'

દુર્યોધન પાંડવોનો દ્વેષ કરતો હતો. એટલે એણે આ તક ઝડપી લીધી.

ત્યારે કૃપાચાર્યે કહ્યું, 'અહીં પરીક્ષા પૂરી થાય છે, કર્ણ સૂતપુત્ર છે એટલે એને અહીં ભાગ લેવાનો અધિકાર મળતો નથી.'

આમ દુર્યોધન અને કર્ણ પરમ મિત્રો બની ગયા.

દુર્યોધનને ચિંતા થવા લાગી કે પાંડવો હસ્તિનાપુરનું રાજ્ય માંગશે અથવા તેના ભાગલા પડાવશે. એટલે તે ધૃતરાષ્ટ્રને મળ્યો. દુર્યોધને પાંડવોને રાજ્યનો કોઈ ભાગ પણ આપવો ન હતો.

દુર્યોધન, દુઃશાસન, શકુનિ અને કર્ણ સદા પાંડવોને મારી નાખવાનું કાવતરું કરવામાં રચ્યાપચ્યા રહેતા.

લાક્ષાગૃહ : વર્ષમાં એક વાર હસ્તિનાપુરના રાજકુમારો વારણાવત જતા અને ત્યાંના પ્રદેશની દેખરેખનું નિરીક્ષણ કરતા.

શકુનિએ વારણાવતમાં પાંડવોને મોકલી તેમને મારી નાખવાની યોજના દુર્યોધનને કહી. દુર્યોધન ખુશ થઈ ગયો.

દુર્યોધને તેના જાણીતા જૂના મંત્રી પુરોચનને બોલાવી વારણાવતમાં એક અતિ સુંદર મહેલ બનાવડાવ્યો. પરંતુ તેમાં લાખ અને સળગી ઊઠે એવા પદાર્થોનો ઉપયોગ કર્યો. જે આગ લગાડતા તરત જ બળીને ભસ્મીભૂત થઈ જાય.

વિદુરને ગુપ્તચરો મારફત આ કાવતરાની ખબર પડતાં તે મહેલમાં તેણે પોતાના માણસો પાસે પુરોચનની જાણ બહાર એક ભૂગર્ભ માર્ગ બનાવ્યો જે નદીકિનારે નીકળે.

ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને બોલાવી પાંડવોને કુંતી સાથે વારણાવતમાં મોકલ્યા અને કહ્યું, 'દુર્યોધને તમારા માટે એક અતિ સુંદર મહેલ બનાવ્યો છે.' આ બધું એટલી ઝડપથી બની ગયું કે વિદુર પાંડવોને મળી શક્યા નહીં.

પાંડવો કુંતી સાથે વારણાવતમાં એ મહેલમાં રહેવા ચાલ્યા ગયા. એને ત્યાં બધા લાક્ષાગૃહ કહેતા હતા.

બીજે દિવસે વિદુરે એક માણસને ઉંદર સહિત પાંજરું લઈને મોકલ્યો. એણે યુધિષ્ઠિરને કહ્યું, 'આ પાંજરું મહામંત્રી વિદુરે મોકલ્યું છે.'

રાતે બધા વિચાર કરવા લાગ્યા કે વિદુરકાકાએ આ પાંજરું શું કામ મોકલ્યું છે. અર્જુને કહ્યું, 'ઉંદર દરમાં રહે. એટલે આ મહેલમાં ભોંયરું હોવું જોઈએ. તે આપણે શોધવાનું છે. એટલે યુધિષ્ઠિરે સહદેવને પૂછ્યું, 'ભોંયરું ક્યાં હશે?'

સહદેવે ભોંયરું બતાવ્યું. તે આગળના દીવાનખંડમાં જ હતું. તેના પર જાજમ હતી. અર્જુન અને સહદેવ તેમાં ઊતર્યા. એ નદીકિનારે નીકળ્યું. પછી બધાએ દીવાલો જરાક ઠોકી તો તરત ખરી પડી અને તેમાંથી ગંધકની ગંધ આવી. હવે પાંડવોને સમજાઈ ગયું કે દુર્યોધન આપણને જીવતા બાળી મૂકવાનો હતો.

રાતે કોઈના હસવાનો અવાજ આવતો હતો. નકુલ દબાતે પગલે ગયો અને એક જગ્યાએ છેદ પાડીને જોયું તો પાંચ સ્ત્રી-પુરુષો અને પુરોચન બેઠો હતો જેણે આ મહેલ બનાવ્યો હતો. પાંચે જણા મદીરાપાન

કરી રહ્યા હતા.

એક મોટી ઉંમરની સ્ત્રી જે આ લોકોની માતા લાગતી હતી તે બોલી, 'એક દિવસ રહીને તમે આગ લગાડશો એટલે પાંડવો ને કુંતીમાનો ખેલ ખલાસ.' બધાં હસી રહ્યાં હતાં.

નકુલે આ વાત કુંતીને કહી.

કુંતીએ કહ્યું, 'આપણે અત્યારે જ નીકળી જઈએ.' બધાને એ વાત ઠીક લાગી. બધા મશાલ લઈને નીકળ્યાં. પછી ભીમે મશાલથી એ કક્ષમાં આગ લગાડી દીધી. અને તેઓ ઉતાવળે નદીકિનારે નીકળી આવ્યા. ત્યાં એક નાવવાળો નાવમાં ઊંઘતો હતો. ભીમે એને ઉઠાડ્યો અને થોડી સોનામહોરો આપી કહ્યું, 'અમારે સામે પાર જવું છે.'

એણે ઝડપથી પાંડવો અને કુંતીને સામે પાર મૂકી દીધા. લાક્ષાગૃહ ભડભડ સળગતો હતો. એમાં છ શબોને જોઈને દુર્યોધને માની લીધું કે પાંડવો અને કુંતી બળી ગયાં. પછી એણે પુરોચનને શોધ્યો પણ એ ક્યાંય ન મળ્યો.

ત્યાંથી જંગલ શરૂ થતું હતું. ઘોર વનમાં પાંડવો આગળ ચાલ્યા. કુંતી બહુ થાકી ગઈ હતી. એટલે એક વૃક્ષ નીચે રાત્રિ વિતાવવા તેઓ સૂતા. ભીમ બધાની રક્ષા કરતો હતો અને પ્રારબ્ધ વિશે વિચારતો હતો.

ઘોર વનમાં પાંડવોએ એક વૃક્ષ નીચે રાત્રિ વિતાવવા સૂતા. ભીમ બધાની રક્ષા કરતો. પ્રારબ્ધ વિશે વિચારતો હતો.

ભાઈઓ અને કુંતીમા ઘસઘસાટ ઊંઘતાં હતાં. એ વનમાં હિડિમ્બ રાક્ષસ તેની બહેન હિડિમ્બા સાથે રહેતો હતો. હિડિમ્બને માણસની ગંધ આવી. એણે બહેનને કહ્યું, 'તું જંગલમાં માણસને શોધ. મને માણસની ગંધ આવે છે. હિડિમ્બાએ જોયું તો ચાર માણસો અને એક સ્ત્રી ઊંઘતા હતા અને એક કદાવર માણસ ગદા લઈને ઊભો હતો. એને ભીમ ગમી ગયો. અને એને એની સાથે વિવાહ કરવાની ઈચ્છા જાગી. એણે એક સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કર્યું અને ભીમ પાસે આવી બોલી.

'હે નરશ્રેષ્ઠ! મારો ભાઈ હિડિમ્બ આ વનમાં રહે છે. હું એની બહેન હિડિમ્બા છું. અમે રાક્ષસ છીએ. પણ હું તમારા પર મોહિત થઈ ગઈ છું. તમે મારી સાથે વિવાહ કરો. મારા ભાઈથી હું તમારી રક્ષા કરીશ.'

અને એ હિડિમ્બ પાસે જઈને પોતાની ઈચ્છા પ્રગટ કરી. હિડિમ્બ કહે, 'કદી માણસ અને રાક્ષસના વિવાહ સંભવ છે? તું અહીં જ રહે. હું

જ એને મારી નાખું છું.'

હિડિમ્બ આવ્યો. એના પગલાંથી પાંડવો અને કુંતી જાગી ગયાં.

હિડિમ્બાએ એ લોકોને એક વિશાળ વૃક્ષ પાછળ છુપાઈ જવા કહ્યું.

ભીમ હિડિમ્બ સાથે યુદ્ધ કરવા લાગ્યો. હિડિમ્બ માયાવી હતો. એટલે ભીમ મુંઝાયો. પરંતુ હિડિમ્બા એને સહાયતા કરવા લાગી. છેવટે ભીમે હિડિમ્બને મારી નાખ્યો.

પછી હિડિમ્બા કુંતીને પ્રણામ કરી કહેવા લાગી,

'હે માતા! હું તમારા પુત્ર ભીમસેન સાથે વિવાહ કરવા ઇચ્છું છું.'

કુંતી કહે, 'તું કોણ છે?'

'આ વન મારા ભાઈ હિડિમ્બનું છે. એ મૃત્યુ પામ્યો છે. હું રાક્ષસજાતિની છું. પરંતુ તમારા આ પુત્રને પ્રેમ કરું છું. તમે ના પાડશો તો હું અહીં જ મારા પ્રાણ ત્યાગી દઈશ.'

કુંતીએ થોડો વિચાર કર્યો અને યુધિષ્ઠિરની સલાહ લીધી. પછી પોતાનો પરિચય આપી બોલી, 'પુત્રી, હું તમારા વિવાહની સંમતિ આપવા તૈયાર છું. પરંતુ હું ભીમને કાયમ માટે તારી પાસે રાખી શકું નહીં. વળી અમે એક જગ્યાએ સ્થિર થઈએ પછી ભીમને મોકલી શકું.'

'માતે, મને એક પુત્ર થશે પછી હું તમારા પુત્રને જવા દઈશ.'

એ શરતે કુંતીએ ભીમના લગ્ન હિડિમ્બા સાથે કરી દીધાં.

ત્યાંથી ચાર પાંડવો અને કુંતી એકચક્રા ગામમાં આવ્યા અને બ્રાહ્મણવેશે એક બ્રાહ્મણને ત્યાં રહેવા લાગ્યાં.

બકાસુરનો વધ : બ્રાહ્મણ દયાળુ હતો. તે તેની પત્ની, પુત્રી અને પુત્ર સાથે આનંદથી રહેતા હતા. પાંડવો ગામમાંથી ભિક્ષા માગી પોતાનો નિર્વાહ કરતા.

હિડિમ્બા ગર્ભવતી થતાં ભીમ ત્યાંથી જવા તૈયાર થયો. હિડિમ્બાએ માયાવી શક્તિથી કુંતી અને ચાર પાંડવો ક્યાં છે તે કહ્યું. ભીમ તરત જ એકચક્રા ગામમાં આવ્યો. ત્યારે કુંતી પાંચ પત્રાવળીમાં ભોજન પીરસતી હતી.

ભીમે યુધિષ્ઠિરને બ્રાહ્મણવેશે ભિક્ષા માગતા ઓળખી લીધા. એ રીતે એ સીધો એ બ્રાહ્મણના ઘરે પહોંચી ગયો. ભિક્ષા એક જગ્યાએ મૂકી ચારે ભાઈઓ જમવા બેઠા. ત્યાં ભીમ આવી પહોંચ્યો. એણે માતાને અને યુધિષ્ઠિરને પ્રણામ કર્યા. ભીમને જોઈને બધા આનંદિત થઈ ગયા અને

ત્રણે પાંડવો એને ભેટી પડ્યા.

કુંતીએ એક પત્રાવળી વધારાની મૂકી અને બધાએ પોતાના ભોજનનો ત્રીજો ભાગ એમાં મૂકી દીધો.

આમ ભીમ માતા કુંતી અને ભાઈઓ પાસે આવી ગયો.

એક દિવસ બ્રાહ્મણ, તેની પત્ની અને બાળકો રડતા હતા. કુંતીએ આ રુદન સાંભળ્યું. તે બધા બલિદાન આપવા રકઝક કરી રહ્યા હતા. કુંતીએ મરવા માટેની આ બલિદાનની રકઝક સાંભળી એમને દુઃખી થવાનું કારણ પૂછ્યું.

બ્રાહ્મણે કહ્યું, 'અમારું દુઃખ કોઈથી દૂર થાય એમ નથી. અહીંથી નજીકના જંગલમાં બક નામનો રાક્ષસ રહે છે. તેને દર સપ્તાહે ગાડું ભરીને ભોજન અને એક માણસને ભક્ષણ માટે આપવો પડે છે. આમ ગામમાં પોતપોતાના વારા પ્રમાણે કુટુંબની એક વ્યક્તિનો ભોગ આપતા જવું પડે છે. કાલે અમારા કુટુંબનો વારો છે.'

કુંતીએ બ્રાહ્મણને કહ્યું, 'મારો પુત્ર ભીમ કાલે તમારી જગ્યાએ જશે.'

બ્રાહ્મણે કહ્યું, 'તમે અમારા અતિથિ છો. અમારાથી તમારા પુત્રને નહિ મોકલાય.'

કુંતીએ બ્રાહ્મણને સમજાવ્યો, 'મારા ભીમે ઘણા રાક્ષસોને માર્યા છે.'

કુંતીની સમજાવટથી ભીમ બ્રાહ્મણને બદલે ભોજન લઈને બક રાક્ષસ પાસે જવા ગાડામાં બેઠો. ગાડું જંગલમાં બકાસુર રાક્ષસની ગુફા પાસે પહોંચ્યું. ભીમે બંને બળદને છોડી નાખ્યા. અને ગાડાંમાં ભરેલું ભોજન ખાવા માંડ્યો.

બકાસુરને માણસની ગંધ આવતા એ ગુફાની બહાર આવ્યો.

બકાસુરે જોયું તો પોતાનું ભોજન એક કદાવર માણસ ખાતો હતો. એના ક્રોધની સીમા ન રહી. એણે ભીમને પડકાર્યો અને મારવા ધસ્યો.

ભીમ અને બકાસુરનું યુદ્ધ થયું. ભીમે બકાસુરને મારી નાખ્યો.

સવાર થતાં તેના શબને ઘસડીને એકચક્રા ગામના દરવાજે મૂકી દીધો. સવારે બધાએ જોયું તો બકાસુર મરેલો પડ્યો હતો. લોકો આનંદમાં આવી ગયા અને બ્રાહ્મણ કુટુંબને વધામણી આપવા ઊમટી પડ્યા.

પાંડવો અને કુંતી પાછલા દરવાજેથી ગામમાંથી નીકળી વનમાં ચાલ્યાં ગયાં.

પાંડવો કુંતી સાથે જંગલમાં આગળ જતાં કુંતી થાકી ગઈ અને તેને તરસ લાગી.

બધા એક ઘટાદાર વૃક્ષ નીચે બેઠા. અને અર્જુન પાણી લેવા ગયો. ત્યાં અચાનક તેને કાને પડકાર સંભળાયો :

'જ્યાં છે ત્યાં જ ઊભા રહેજો નહિ તો મરણને શરણ થશો.'

અર્જુનને તેને પડકાર્યો.

'આ વનપ્રદેશ અંગારપર્ણ એટલે કે મારું છે અને હું ગંધર્વ અંગારપર્ણ કુબેરનો મિત્ર છું.'

અર્જુને કહ્યું, 'પાણી પર કોઈની માલિકી નથી. એટલે અમે પાણી પીવાને હકદાર છીએ.'

અંગારપર્ણે રથમાંથી બાણ કાઢી પાંડવ તરફ છોડ્યું. અર્જુને તેના બધા બાણોનો ભૂકો કરી નાખ્યો. અર્જુને એક બાણ એવું છોડ્યું કે અંગારપર્ણનો રથ તોડી નાખ્યો. તે નીચે પડ્યો અને અર્જુને તેને બંદી બનાવી યુધિષ્ઠિરને સોંપ્યો. ગાંધારની પત્ની યુધિષ્ઠિર પાસે આવી અને પતિની મુક્તિ માટે આજીજી કરવા લાગી. યુધિષ્ઠિરે તેને મુક્ત કર્યો. અંગારપર્ણે માફી માગી. યુધિષ્ઠિરે પોતાની અને ભાઈઓની ઓળખ આપી. અંગારપર્ણે પાંડવોને મિત્ર બનાવ્યા અને પોતાના પર કરેલા ઉપકારના બદલામાં અર્જુનને 'ચાક્ષુષી વિદ્યા' આપી અને દરેકને ૧૦૦ ઘોડા આપ્યા જે પાંડવો હસ્તિનાપુર દ્રૌપદી સાથે પાછા ફરતા લઈ ગયા. ગાંધર્વે પાંડવોને સલાહ આપી, 'રાજવીઓએ હંમેશ એક પુરોહિત સાથે રાખવો અને તેના આશીર્વાદથી તેઓ લગ્ન કરી પોતાનું રાજ્ય બનાવે તો તેઓ સફળ થશે.' પછી ગાંધર્વ ત્યાંથી અંતર્ધ્યાન થયો.

દ્રૌપદી સ્વયંવર : દ્રોણે દ્રુપદને અડધું રાજ્ય પાછું આપ્યું અને અડધું રાજ્ય પોતે લીધું. ત્યારથી તે ક્રોધાગ્નિમાં જલતો હતો. દ્રુપદે દ્રોણને મારી શકે એવો પોતાને પુત્ર પ્રાપ્ત થાય તે માટે પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવ્યો.

યજ્ઞ પૂરો થતાં યજ્ઞકુંડમાંથી એક કદાવર, મુગટધારી, તલવાર ધારણ કરેલો યુવાન પ્રગટ થયો અને બહાર નીકળ્યો. દ્રુપદે તેનું નામ ધૃષ્ટદ્યુમ્ન રાખ્યું. અચાનક યજ્ઞકુંડમાંથી એક અતિ સુંદર યુવતી પ્રગટ થઈને બહાર આવી. પુત્રી ઉત્પન્ન થઈ. તેનું નામ દ્રૌપદી રાખ્યું. તેના કાળા વાળ પગની પાટલી સુધી લાંબા હતા. કમળ જેવી તેના દેહમાંથી સુગંધ આવતી હતી.

દ્રુપદે પુત્ર માટે યજ્ઞ કરાવ્યો અને ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદીનો જન્મ થયો. તે પહેલાં અંબાનો બીજો જન્મ દ્રુપદને ત્યાં થઈ ચૂક્યો હતો. તેનું નામ શિખંડી રાખ્યું હતું. એ વ્યંઢળ હતો.

ગંધર્વના કહેવા પ્રમાણે પાંડવો ધૌમ્યમુનિના આશ્રમે આવ્યા અને તેમને પોતાના પુરોહિત બનાવ્યા. ધૌમ્યમુનિને મન તો તેમણે પાંચ બ્રાહ્મણો અને માતાને આશરો આપ્યો. પાંડવો અને કુંતી આશ્રમ પાસે એક ઝૂંપડી બનાવી રહેવા લાગ્યાં અને મુનિની સેવા કરવા લાગ્યા.

મેધાવી ઋષિને એક પુત્રી હતી. તેનું નામ ગુણસુંદરી હતું. ઋષિની ઉંમર થઈ ગઈ હતી. તેથી પુત્રીનાં લગ્ન કરાવવાં તેઓ એના માટે પતિની શોધમાં નીકળ્યા. રસ્તે ઋષિનું મરણ થયું એટલે ગુણસુંદરીએ એ વનમાં મહાદેવજીનું તપ કર્યું. મહાદેવે પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું.

ત્યારે ગુણસુંદરી હર્ષના આવેશમાં પાંચ વાર 'પતિ આપો' બોલી.

મહાદેવજીએ કહ્યું, તપ કરીને તારા દેહનો ત્યાગ કર. તને આવતા ભવમાં પાંચ પતિ મળશે.

મહાદેવના વરદાન પ્રમાણે તે પાંચાલ દેશના દ્રુપદરાજાને ત્યાં યજ્ઞકુંડમાંથી ધૃષ્ટદ્યુમ્ન પછી પ્રગટ થઈ.

સમય જતાં ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદી યુવાન થયાં. તે સમયે વ્યાસજી દ્રુપદને મળવા આવ્યા. દ્રુપદે દ્રૌપદી માટે વરની વરણી કેવી રીતે કરવી તે ચિંતા પ્રગટ કરી. ત્યારે મહર્ષિ વ્યાસે મંડપ રચાવી મત્સ્યવેધની રચના કરાવી. અને કહ્યું, સ્વયંવરમાં જે કોઈ મત્સ્યવેધ કરે તેને કન્યા પરણાવવી, એમ કહી એમણે વિદાય લીધી. એ માટે વિશ્વમાંથી રાજાઓને નિમંત્રણ પાઠવ્યા. શ્રીકૃષ્ણ-બલરામને પણ આમંત્રણ મોકલ્યું. ઋષિમુનિઓને પણ આશીર્વચન આપવા નિમંત્રણ મોકલ્યા. પાંચાલ નજીક કેટલાક બ્રાહ્મણો સ્વયંવર નિહાળવા જતા હતા તેમની સાથે પાંડવો અને ધૌમ્યઋષિ જોડાઈ ગયા. બ્રાહ્મણો કહેતા હતા કે, 'દ્રુપદ બ્રાહ્મણોને જમવાનું અને દક્ષિણા પણ આપશે. સ્વયંવરમાં સંગીત, નૃત્ય વગેરે જોવા મળશે.'

કામ્પિલ્ય નગરીના દરેક દરવાજા શણગાર્યા હતા. ખેડૂતો, કલાકારો અને સગાંસંબંધીઓ દ્રૌપદીનો સ્વયંવર જોવા ઊમટી પડ્યા હતા. રાજાઓ રથમાં અને પાંડવો પગપાળા બ્રાહ્મણો સાથે સ્વયંવર સ્થળે જઈ રહ્યા હતા. સ્વયંવર શણગારેલા મોટા મંડપમાં હતો. જરાસંધ, શાલ્ય, શિશુપાલ, દુર્યોધન, કર્ણ, શકુનિ અને શ્રીકૃષ્ણ-બલરામ આવી ગયા હતા. સ્વયંવરમાં

બધા રાજાઓ આવી પોતપોતાના આસને બેસી ગયા. ઋષિમુનિઓ, શ્રીકૃષ્ણ-બલરામને ઊંચા આસને બેસાડ્યા. ધૃષ્ટદ્યુમ્ને વરમાળા લીધેલી દ્રૌપદીને મંડપમાં લાવી તેના વિશેષ સ્થાનમાં બેસાડી. તેની સખીઓ તેની સાથે હતી. પ્રજાજનો પણ સ્વયંવર જોવા આવ્યા હતા.

ધૃષ્ટદ્યુમ્ને મત્સ્યવેધની બધી શરતોની ઘોષણા કરીઃ સ્વયંવરમાં મારી બહેન દ્રૌપદીને વરવા ઇચ્છતા સૌ સાંભળો. જળકુંડમાં જ્યાં સ્તંભ ઊભો કર્યો છે ત્યાં આવી એક ધનુષ-બાણ લેવું અને સ્તંભ પાસે મૂકેલા પાટિયા પરથી જવું. સ્તંભમાં વચમાં ખીલો મૂક્યો છે ત્યાં શ્વાસ લેવા ઊભા રહેવું. ઉપર કનકનું ત્રાજવું છે. તેમાં બંને પગ એક એક ત્રાજવામાં મૂકી, સંતુલનમાં ઊભા રહી ધનુષ પર પણછ ચઢાવી, નીચે પાણીના કુંડમાં જોઈ એક બાણ ઉપર છોડવું. જે ફરતી માછલીની આંખને વીંધશે તે જ દ્રૌપદીને વરશે.

દ્રૌપદીને વરવા થનગની રહેલા રાજા-રાજકુમારો વારાફરતી મત્સ્યવેધ કરવા માટે જવા લાગ્યા.

પ્રથમ અહંકારી મગધનો રાજા જરાસંધ ઊઠ્યો પરંતુ એ સ્વયંવરના ધનુષ્યને ઉઠાવી ન શક્યો. લજ્જિત થઈને એ બેસી ગયો. પછી શિશુપાલ સડસડાટ સ્તંભના ખીલા સુધી પહોંચી ગયો. જ્યાં ત્રાજવામાં પગ મૂકી એ સ્વયંને સમતોલ કરવા ગયો ત્યાં પડ્યો કુંડમાં. શિશુપાલ મનમાં સળગી ઊઠ્યો અને કઠિન હૃદયે આસન લીધું. આવી રીતે કેટલાયે રાજાઓએ પ્રયત્ન કર્યા અને દુઃખી થઈને પોતાની જગ્યાએ બેઠા. આમ કોઈ ક્ષત્રિય મત્સ્યવેધ કરવામાં સફળ થયા નહીં. દ્રુપદને લાગ્યું કે મારી પુત્રી કુંવારી રહેશે? એ વાતે રાજા અત્યંત દુઃખી થવા લાગ્યા. છેવટે દુર્યોધન આવ્યો. તે તો સાથે વિવાહનું શ્રીફળ પણ લાવ્યો હતો. મામા શકુનિએ કહ્યું કે 'મત્સ્યવેધ' કર. દુર્યોધન મત્સ્યવેધ કરવા સડસડાટ સ્તંભ પર ચઢી ગયો અને ધનુષ પણ ઉઠાવી લીધું. પણ બાણ ન ઊંચકી શક્યો. એ પણ નીચું મોં કરી બેસી ગયો. છેલ્લે કર્ણ મત્સ્યવેધ માટે ઊભો થયો.

કૃષ્ણે દ્રૌપદીને ઇશારો કરી કર્ણ સૂતપુત્ર હોવાનું કહી દીધું. આથી દ્રૌપદી બોલી,

'હું સૂતપુત્રનું વરણ કરીશ નહીં.'

કર્ણ શાંતિથી બેસી ગયો.

દ્રુપદરાજા હતાશ થઈ ગયા.

દ્રુપદ બોલ્યા, 'કોઈ બ્રાહ્મણ મારી પુત્રીનું વરણ કરી શકશે.'

ત્યારે યુધિષ્ઠિરે અર્જુનને મત્સ્યવેધ કરવાની આજ્ઞા કરી.

અર્જુન ધૌમ્યમુનિને પગે લાગ્યો અને એમના આશીર્વાદ લઈ જળકુંડમાં જઈ ઊભો રહ્યો. એ ધનુષ લઈને સડસડાટ સ્તંભ પર ચઢી ત્રાજવામાં બંને પગ સમતોલ કરી ધનુષ પર પણછ ચઢાવી પછી પાણીમાં એકાગ્રતાથી જોઈ ફરતી માછલીની આંખ વીંધી નાખી. દ્રૌપદીએ બ્રાહ્મણવેશમાં રહેલા અર્જુનને વરમાળા પહેરાવી દીધી.

આથી હારી ગયેલા ક્ષત્રિય રાજાઓ બોલ્યા, 'દ્રૌપદીએ ક્ષત્રિય રાજાનું વરણ કરવું જોઈએ. એ બ્રાહ્મણને નહીં વરશે.' અને બધા અર્જુનને મારવા દોડ્યા. આથી ભીમ મંડપનો મોટો સ્તંભ લઈને બધાને મારવા દોડ્યો. ભીમની મહાકાય કાયા જોઈ તેઓ ત્યાંથી નાઠા. પછી અર્જુન અને દ્રૌપદી ચાર પાંડવો સાથે ત્યાંથી નીકળી માતા કુંતીને મળવા ગયા. અર્જુને માતાને દ્વાર પાસે જઈ કહ્યું,

'માતા, આજે ભિક્ષામાં અમે શું લાવ્યા છીએ તે જુઓ.' માતાએ તેમને જોયા વિના કહ્યું, 'જે કાંઈ લાવ્યા હોય તે પાંચે ભાઈઓ વહેંચીને ખાજો.'

કુંતીને મન પુત્રો આજે ભિક્ષામાં કાંઈક વિશેષ લાવ્યા હશે. એમ માની તેણે વહેંચીને ખાવાની વાત કરી. પરંતુ જ્યારે તેણે દ્રૌપદીને જોઈ ત્યારે તે અવાક્ થઈ ગઈ. તેમણે જરા ક્રોધથી કહ્યું, 'તમે એક નારીને ભિક્ષા કહો છો? અને મેં પણ જોયા વિના આ શું બોલી નાખ્યું? આ તો અનર્થ થઈ ગયો!'

ત્યાં જ કૃષ્ણ આવ્યા. કુંતીએ આ વાત કૃષ્ણને કહી.

ત્યારે કૃષ્ણે કહ્યું, 'દ્રૌપદીએ ગયા જન્મમાં મહાદેવજીને પ્રસન્ન કરીને પાંચ વાર પતિ માગ્યા હતા. એટલે આ એના ભાગ્યમાં જ લખાયું છે. માટે ફોઈબા, તમે દુ:ખી ન થાઓ. આ પાંચે પાંડવો દ્રૌપદીને વરશે.'

હવે દ્રૌપદીનો ભાઈ ધૃષ્ટદ્યુમ્ન અર્જુન અને દ્રૌપદીની પાછળ છુપાઈને એ જોવા આવ્યો હતો કે મારી બહેન કોને વરી છે. જ્યારે એણે કૃષ્ણના મોઢે સાંભળ્યું કે બ્રાહ્મણવેશે આ પાંડવો છે. ત્યારે એના આનંદનો પાર ન રહ્યો. દ્રૌપદી આર્યાવર્તના શ્રેષ્ઠ ક્ષત્રિયોને વરી હતી. એ તરત જ સભામાં પિતામહારાજ દ્રુપદ પાસે ગયો અને એમને આ વાત કરી.

દ્રુપદને પણ આ વાત સાંભળી આનંદ થયો. એણે વિચાર્યું કે આ વખતે પાંડવોને મદદ કરી પોતાના પક્ષમાં કરી લેવાશે. દુર્યોધન

હસ્તિનાપુરનું રાજ્ય કદી પાંડવોને આપશે નહીં. એટલે કલેશ થશે જ. અને દ્રોણ કૌરવપક્ષમાં રહેશે. એટલે ભવિષ્યમાં દ્રોણ સાથે વેર લેવાશે.

રાજા દ્રુપદ જાતે પાંડવોને લેવા એમના ઘરે ગયા. અને માનપાન સાથે પાંડવોને પોતાના ઉતારામાં લઈ આવ્યા.

પછી ભીષ્મને દ્રૌપદી સાથે પાંડવોના લગ્નવિધિના સમારંભનો સંદેશો મોકલ્યો.

ધૃતરાષ્ટ્ર, દુર્યોધન અને શકુનિના પેટમાં તેલ રેડાયું. પણ લોકલાજથી ધૃતરાષ્ટ્રે ખુશી જાહેર કરી અને બધા એ લગ્નમાં સામેલ થવા કામ્પિલ્ય આવ્યા. અને વાજતે ગાજતે પાંડવો સાથે દ્રૌપદીને અને કુંતીને હસ્તિનાપુર લઈ આવ્યા.

સમય વીતવા લાગ્યો. હવે એક દિવસ વિદુરે કહ્યું, 'મહારાજ, યુધિષ્ઠિરને યુવરાજ બનાવો. નહીં તો તમારી કીર્તિ બગડશે..'

ત્યારે દુર્યોધને સખત વિરોધ કર્યો પરંતુ ધૃતરાષ્ટ્રે કહ્યું, 'ભીષ્મપિતામહ અને વિદુર એ સાંખી નહિ લે. યુધિષ્ઠિરને યુવરાજ બનાવવો જ પડશે. પછી કંઈક રસ્તો કાઢીશું.'

આમ ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને યુવરાજ બનાવી દીધા.

હવે ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન કોઈક રસ્તો કાઢવા વિચારતા રહ્યા.

દુર્યોધને ધૃતરાષ્ટ્રને કહ્યું, 'પાંડવોને જે પ્રદેશમાં નાગજાતિ રહે છે અને જેનો કોઈ ઉપયોગ થઈ શકે એમ નથી તેવો નકામો ખાંડવપ્રસ્થ આપી તેમને જુદા કરો.

યુધિષ્ઠિરે હંમેશા ધૃતરાષ્ટ્રનું કહેવું સ્વીકાર્યું છે, કોઈ પણ પ્રસ્તાવ યુધિષ્ઠિરે ઠુકરાવ્યો નથી. આ વાતનો લાભ ધૃતરાષ્ટ્રે લીધો અને યુધિષ્ઠિરને પોતાના મહેલમાં બોલાવી સમજાવ્યો કે, 'હસ્તિનાપુરનું રાજ્ય દુર્યોધન છોડશે નહીં. તો તમે ખાંડવપ્રસ્થ લઈ લો અને ત્યાં રાજ્ય કરો.' ધૃતરાષ્ટ્રના કહેવાથી યુધિષ્ઠિરે ખાંડવપ્રસ્થ લેવાની 'હા' પાડી. પાંડવોએ કદી ધર્મ છોડ્યો નથી એટલે શ્રીકૃષ્ણનું માર્ગદર્શન એમને સતત મળતું હતું

ધૃતરાષ્ટ્રે ભીષ્મને સમજાવી લીધાં અને સમારંભ કરી યુધિષ્ઠિરને ખાંડવપ્રસ્થનું રાજ્ય સોંપી ત્યાંના રાજા બનાવ્યા.

શ્રીકૃષ્ણ માત્ર ધર્મપ્રિય જ ન હતા. વ્યવહારદક્ષ પણ હતા. આદર્શપ્રેમ અને ચતુરતા, રાજનીતિ, નિપુણતા અને ધર્મપ્રીતિ વગેરે

અનેક ગુણો શ્રીકૃષ્ણમાં હતા. તેઓ પાંડવો અને કુંતી સાથે ખાંડવપ્રસ્થ આવ્યા. એમણે જોયું તો એ વનપ્રદેશ હતો. એટલે ઈન્દ્રપ્રસ્થ વસાવવામાં અને તેની બાંધણીમાં શ્રીકૃષ્ણની સહાય તેમને ખૂબ અમૂલ્ય હતી. એક દિવસ શ્રીકૃષ્ણ અને અર્જુન ખાંડવપ્રસ્થ વનની નજીક યમુના કિનારે ફરતા હતા ત્યારે એક જંગલવાસી તેમને મળ્યો. તેણે કહ્યું કે હું ભૂખ્યો છું મને કાંઈક ખાવાનું આપો. અર્જુને પૂછ્યું તારે શું ખાવું છે. તેણે કહ્યું કે હું અગ્નિદેવ છું. મેં સાત વખત જંગલ બાળવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ ઈન્દ્રદેવે હંમેશ વરસાદ વરસાવી જંગલમાં રહેતા નાગ, રાક્ષસોને મને ખાવા દેતો નથી. હંમેશા તેનું રક્ષણ કરે છે. કૃષ્ણને વાતમાં રસ પડ્યો. કારણ જંગલ સાફ થાય તો ઈન્દ્રપ્રસ્થ બનાવી શકાય. અર્જુન અને શ્રીકૃષ્ણ તેને એક શરતે મદદ કરવા તૈયાર થયા. અગ્નિદેવે અર્જુનને એવું શસ્ત્ર આપવું જેનાથી તે ઈન્દ્રને રોકી શકે. અગ્નિએ અર્જુનને ગાંડીવ ધનુષ આપ્યું જે વજ્રનું બનેલું હતું અને બે બાણના ભાથા આપ્યા, જેમાં કદી બાણ ખૂટે નહિ; રથ, ઘોડા અને હાથી આપ્યા અને રક્ષણ માટે સુદર્શન ચક્ર આપ્યું. બદલામાં અર્જુન અને શ્રીકૃષ્ણે જંગલ બાળી નાગોનો અને રાક્ષસોનો નાશ કર્યો અગ્નિની ભૂખ સંતોષી. તક્ષક તે વખતે હસ્તિનાપુર હતો. તેને આ વાતની ખબર પડી. તેણે ઈન્દ્રદેવ પાસે જઈ સહાયતા માગી. ઈન્દ્રદેવે ખાંડવપ્રસ્થ આવી અર્જુન સાથે યુદ્ધ કર્યું પરંતુ તેઓ હારી ગયા. એમણે પુત્ર અર્જુનને અભિનંદન આપ્યા અને તેને સમય આવ્યે અનેક શસ્ત્રો આપવાનું વચન આપ્યું. તેઓ સ્વર્ગમાં પરત ફર્યા. આ યુદ્ધમાં મય દાનવ બચી ગયો તે શ્રીકૃષ્ણને શરણે આવ્યો. મય દાનવને અર્જુન-શ્રીકૃષ્ણને શરણું આપવા બદલ ઈન્દ્રપ્રસ્થ મહેલમાં એક ઈન્દ્રજાળ સભાની રચના કરી. શ્રીકૃષ્ણે વિશ્વકર્માને બોલાવી ઈન્દ્રપ્રસ્થ બનાવ્યું જે હસ્તિનાપુર કરતાં સુંદર હતું એમાં ભવ્ય મહેલ બનાવડાવ્યો. એમાં મય દાનવે ઈન્દ્રજાળ અને અદ્‌ભુત રચનાઓથી સુંદર દિવ્ય મહેલ અને સભા બનાવી.

પાંડવો શ્રીકૃષ્ણની સહાયતાથી હિમાલય જઈ રત્નો, અલંકારો, મોતી અને સોનામહોરોનો ખજાનો લઈ આવ્યા. એમાંથી ઈન્દ્રપ્રસ્થ રાજ્યને ખૂબ વિકસાવ્યું. યુધિષ્ઠિરની કીર્તિ ચારે બાજુ ફેલાઈ ગઈ.

દ્રૌપદીને લીધે પાંચ પાંડવ ભાઈઓમાં મનદુઃખ કે કલેશ ન થાય તે માટે નારદજી ઈન્દ્રપ્રસ્થ આવ્યા અને વર્ષના પાંચ ભાગ કર્યા. દરેક

પાંડવના ભાગે ૭૨ દિવસ આવ્યા. દ્રૌપદી વારાફરતી ૭૨ દિવસ દરેક પાંડવને ત્યાં રહે. દ્રૌપદી જે પાંડવ સાથે રહેતી હોય તે મહેલમાં તે પાંડવની અનુમતિ વગર જઈ શકાય નહિ અને તે નિયમનું જો ઉલ્લંઘન થાય તો તે ભાઈએ બાર વર્ષનો વનવાસ ભોગવવો એવું નારદજીએ ગોઠવી આપ્યું.

એક વખત દ્રૌપદી યુધિષ્ઠિરના મહેલમાં રહેતી હતી. એમાં પાંચે પાંડવોના દિવ્ય શસ્ત્રો રહેતા હતા.

દુર્યોધનને પાંડવો સુખેથી રહે તે ગમતું ન હતું. આથી એક વાર ઇન્દ્રપ્રસ્થની ગાયો બહાર ચરવા આવી ગઈ તેને એના માણસો હસ્તિનાપુર તરફ હાંકી જવા લાગ્યા. એમણે અર્જુનની સહાયતા માગી.

અર્જુને યુધિષ્ઠિરના મહેલમાંથી ગાંડીવ ધનુષ્ય અને ભાથા લઈ ગાયોની રક્ષા કરવા ગયો અને ગાયોને પાછી વાળી. પરંતુ વ્યાસજીએ બનાવેલા નિયમોનું ઉલ્લંઘન થયું અને એ દશ વર્ષના વનવાસ પર નીકળી પડ્યો.

અર્જુનનો વનવાસ : અર્જુન પવિત્ર નદીઓ, ધાર્મિક સ્થળોની યાત્રાએ નીકળ્યા. એ જંગલમાં રહેતા સાધુ-સંતોનો સમાગમ કરતો અને તેમની પાસે ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરતો. એ રીતે એ હરદ્વાર પહોંચ્યા. ત્યાં ગંગાજીમાં સ્નાન-તર્પણ કર્યું.

એકવાર એ સ્નાન-તર્પણ કરી બહાર નીકળતા હતા ત્યારે નાગકન્યા ઉલૂપી તેને પાતાળમાં ખેંચી ગઈ. ત્યાં નાગરાજાનું રાજ્ય હતું અને નાગજાતિ રહેતી હતી. અર્જુનને જોતાં ઉલૂપી તેના પ્રેમમાં પડી ગઈ હતી. એણે અર્જુનને કહ્યું, 'તમે મારી સાથે વિવાહ કરો.'

અર્જુને કહ્યું, 'મારા વનવાસ દરમિયાન હું બ્રહ્મચારી બનીને જીવવા માગું છું.'

ઉલૂપીએ કહ્યું, 'તમે મારી સાથે વિવાહ નહીં કરશો તો હું મારા દેહનો ત્યાગ કરીશ. એટલે તમને જે ધર્મ સાચો લાગે તેમ તમે કરો.'

વિધિનું વિધાન સમજી અર્જુને તેની સાથે ગાંધર્વવિવાહ કર્યા. અર્જુને તેની સાથે એક રાત્રિ વિતાવી. ત્યાર પછી અર્જુને ઉલૂપીની વિદાય લીધી. ઉલૂપી ગર્ભવતી બની અને તેણે એક પુત્રને જન્મ આપ્યો. એનું નામ ઈરાવાન.

ઉલૂપીને મૂકીને અર્જુન ગંગાની તળેટીમાં આવ્યો. ત્યાંથી વસિષ્ઠ પર્વત, કેટલાક સરોવરો અને તીર્થોનો પ્રવાસ કરતો, સુંદર તથા રમ્ય

સ્થળોના દર્શન કરતો તે મણિપુરમાં આવ્યો. મણિપુરનો રાજા ચિત્રવાહન હતો. તેની એકની એક સુંદર પુત્રી ચિત્રાંગદા પિતાની ગાદીની વારસ હતી. યુવરાજને શોભે એવા વેશમાં તે ખૂબ જ સુંદર લાગતી હતી. અર્જુન તેને જોતાં તેના પ્રેમમાં પડ્યો. અર્જુનની કીર્તિ ચોમેર ફેલાઈ ચૂકી હતી. દ્રૌપદીના સ્વયંવરમાં લક્ષ્યવેધ કરી દ્રૌપદીને વરનાર અર્જુન સર્વત્ર જાણીતો થઈ ગયો હતો. એટલે અર્જુન રાજા ચિત્રવાહનને પણ ગમી ગયો. અર્જુન ચિત્રાંગદા પર એટલો મુગ્ધ થઈ ગયો હતો કે તેણે રાજા ચિત્રવાહન આગળ પોતાની ઈચ્છા વ્યક્ત કરી કે એ ચિત્રાંગદા સાથે લગ્ન કરવા ઈચ્છે છે.

રાજાએ કહ્યું, 'ચિત્રાંગદાને તેણે ગાદીવારસ તરીકે ઉછેરી છે. મણિપુરનું સિંહાસન તેણે જ સંભાળવાનું છે. હું તમારી માગણીનો સ્વીકાર કરીશ પરંતુ એક શરત છે કે ચિત્રાંગદાને જે પુત્ર થાય તેની સાથે ચિત્રાંગદા પણ મણિપુર જ રહે અને રાજ્ય સંભાળે.'

અર્જુને રાજાની શરત મંજૂર રાખી. તેમને એક પુત્ર થયો તે બભ્રુવાહન. બભ્રુવાહનના જન્મ પછી અર્જુન દક્ષિણમાં પ્રવાસે નીકળ્યો.

દક્ષિણમાં ફરતા ફરતા અર્જુને કેટલાક તીર્થો કર્યા. ત્યાંથી સૌભદ્રતીર્થ આવ્યો. તે તીર્થમાં એક સરોવરમાં એ સ્નાન કરતો હતો ત્યારે એક મગર તેનો પગ પકડી સરોવરમાં ઊંડે ઊંડે ખેંચવા લાગ્યો. અચાનક મગર એક સુંદર અપ્સરાના રૂપમાં ફેરવાઈ ગયો. એ વર્ગા નામની અપ્સરા હતી. અને તેની સાથે બીજી ચાર સખીઓએ એક તપસ્વીના તપનો ભંગ કરવાનું સાહસ કર્યું હતું. તે તપસ્વીના શ્રાપથી તેઓ આ સરોવરમાં મગર થઈને રહેતા હતા. અર્જુનના સ્પર્શથી પાંચે અપ્સરાઓ શાપ મુક્ત થઈ ગઈ અને ઈન્દ્રલોકમાં ચાલી ગઈ.

અર્જુને ત્યાંથી નીકળી પશ્ચિમ કિનારે પ્રભાસક્ષેત્રમાં આવી મુકામ કર્યો. ફરતો ફરતો એ દ્વારકા પહોંચ્યો. ત્યાં શ્રીકૃષ્ણ અને તેમની બહેન સુભદ્રા સાથે તેનો મેળાપ થયો. શ્રીકૃષ્ણ અર્જુનને મળતા અતિ આનંદ અનુભવે છે. અર્જુન સુભદ્રાને જોતાં તેના પ્રેમમાં પડે છે. શ્રીકૃષ્ણથી તે છાનું રહેતું નથી. તેઓ જાણતા હતા કે આ સુભદ્રા અને અર્જુનનું ભાગ્ય છે.

શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, 'તારે સુભદ્રાનું હરણ કરવું પડશે. કારણ કે ભાઈ બલરામ તેના વિવાહ દુર્યોધન સાથે કરવા વિચારે છે. તું અમારો અતિથિ બનીને આવ. અને સુભદ્રા દેવપૂજા કરવા નીકળે ત્યારે એનું હરણ કરજે.'

શ્રીકૃષ્ણની યોજના મુજબ અર્જુનને તેમના મહેલ પર લઈ આવે છે. સુભદ્રા દેવપૂજન કરવા જાય છે ત્યારે શ્રીકૃષ્ણ અર્જુનને રથ આપે છે. અર્જુન સુભદ્રાનું હરણ કરી ઇન્દ્રપ્રસ્થ તરફ ચાલ્યો જાય છે.

બલરામને જ્યારે સુભદ્રાહરણની ખબર પડે છે ત્યારે તે દ્વારકાના સૈન્યને લઈને અર્જુન સાથે યુદ્ધ કરવા જાય છે. તે પહેલા બલરામ શ્રીકૃષ્ણની સલાહ લેવા આવે છે.

શ્રીકૃષ્ણ બલરામને કહે છે, 'દાઉ, અર્જુન સુભદ્રા માટે યોગ્ય વર છે. હવે તમે ક્રોધ છોડો અને સભદ્રાના વિવાહની તૈયારી કરો.'

બલરામને સંદેહ થયો કે આ બધું શ્રીકૃષ્ણ જ કરાવે છે.

બલરામને શ્રીકૃષ્ણની વાત ગળે ઊતરી. અર્જુનના દેશવટાનો સમય પણ પૂરો થયો હતો.

બલરામે ઇન્દ્રપ્રસ્થ કંકોત્રી મોકલી. ઇન્દ્રપ્રસ્થથી ભીષ્મ, યુધિષ્ઠિર, પાંડુ ભાઈઓ જાન લઈને દ્વારકા આવ્યા. ધામધૂમથી અર્જુન-સુભદ્રાના લગ્ન લેવાયાં. અર્જુન જ્યારે સુભદ્રાને લઈને ઇન્દ્રપ્રસ્થ પહોંચ્યો ત્યારે તેને માટે સૌથી મોટો પ્રશ્ન દ્રૌપદીને કેવી રીતે સમજાવવી એ હતો.

અર્જુન ગુરુજનોને પ્રણામ કરી દ્રૌપદીને મળવા ગયો. અર્જુને યુક્તિ કરી સભદ્રાને ભરવાડણનો પોશાક પહેરાવી દ્રૌપદી પાસે મોકલી. દ્રૌપદીને જોતાંવેંત સુભદ્રાએ કહ્યું કે, 'હું તો તમારી દાસી છું.' એમ કહીને તેને પગે પડી. દ્રૌપદજીનું હૃદય પીગળી ગયું અને તેને પ્રેમથી આવકારી. આમ દ્રૌપદીએ સુભદ્રાને અપનાવી લીધી.

સુભદ્રાના સીમંત વખતે શ્રીકૃષ્ણ અને બલરામ તેના મામેરામાં અમૂલ્ય ભેટો લઈ આવ્યા અને પછી તેને દ્વારકા તેડી ગયા. શ્રીકૃષ્ણે ગર્ભવતી સુભદ્રાને સાતે કોઠાનું ચક્રયુદ્ધ સંભળાવ્યું. સુભદ્રાએ છ કોઠા સુધીની વાત ધ્યાનથી સાંભળી પરંતુ સાતમા કોઠાની વાત સંભળાવતી વખતે સુભદ્રા ઊંઘી ગઈ. એથી અભિમન્યુ જ્યારે જન્મ્યો ત્યારે તેને છ કોઠાના ચક્રયુદ્ધનું જ્ઞાન હતું પરંતુ સાતમા કોઠાનું ચક્રયુદ્ધમાંથી બહાર નીકળવાનું જ્ઞાન તે ગ્રહણ કરી શક્યો નહિ. એ કૃષ્ણનો માનીતો ભાણેજ હતો. દ્રૌપદીને પણ દરેક પાંડવથી એક એક પુત્ર થયા.

યુધિષ્ઠિરના રાજ્ય શાસનમાં ઇન્દ્રપ્રસ્થની કીર્તિ ખૂબ વધી. એક વખત નારદ ફરતા ફરતા ઇન્દ્રપ્રસ્થ આવ્યા. તેમણે મહેલ અને મય દાનવે બનાવેલી ઇન્દ્રસભાના ખૂબ વખાણ કર્યાં. તેમણે યુધિષ્ઠિરને સલાહ આપી, 'તમારે ભારતવર્ષમાં બધા રાજાઓને જીતી એક રાજસૂય યજ્ઞ કરવો જોઈએ.'

સભાપર્વ

શ્રીકૃષ્ણ અને અર્જુન ઇન્દ્રપ્રસ્થમાં હતા. તેઓ નદીકિનારે નિરાંતે વાતો કરતા હતા. ત્યાં બ્રાહ્મણના વેશમાં અગ્નિદેવ પ્રગટ થયા. આર્યોને ખાંડવવન કનડગત કરતું હતું. ઇન્દ્રનો મિત્ર તક્ષક નાગ અને નાગજાતિ આર્યોને ત્રાસ આપતી હતી. અગ્નિદેવે ખાંડવવનને બાળી આ ત્રાસમાંથી મુક્ત કરવા અર્જુન અને શ્રીકૃષ્ણને વિનંતી કરી. ઇન્દ્રનો વિરોધ વહોરી લેવાનો હતો તે વાત કૃષ્ણ-અર્જુન જાણતા હતા. સાથે ઇન્દ્રપ્રસ્થનો વિકાસ થશે એ પણ તેઓ જાણતા હતા. આ પ્રસ્તાવનો કૃષ્ણે સ્વીકાર કર્યો. અગ્નિદેવે કૃષ્ણને ચક્ર અને અર્જુનને ગાંડીવ ધનુષ્ય આપ્યુ. અગ્નિદેવે ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનની સહાયતાથી ખાંડવવનને બાળ્યું. તક્ષક નાગ આ સમયે ખાંડવવનમાં ન હતો. તે કુરુક્ષેત્રમાં ચાલ્યો ગયો હતો.

ખાંડવવન ભસ્મ થતાં બધા દેવતાઓ ઇન્દ્ર પાસે આવે છે. અને કહે છે, 'દેવેન્દ્ર! શું આ અગ્નિ સમસ્ત પ્રાણીઓનો સંહાર કરી નાખશે? દેવતાઓને ગભરાઈ ગયેલા અને ભયભીત થયેલા જોઈને સ્વયં ઇન્દ્ર ખાંડવવનને અગ્નિથી બચાવવા તૈયાર થયાં.

દેવરાજ ઇન્દ્રએ શ્રીકૃષ્ણ અને અર્જુનને કહ્યું, 'તમે લોકોએ એવું દુષ્કર કાર્ય કર્યું છે જે દેવતાઓ માટે પણ અસાધ્ય છે. તેથી હું તમારા પર પ્રસન્ન છું. તેથી તમે મનુષ્યો માટે દુર્લભમાં દુર્લભ વસ્તુ પણ મારી પાસે માગી શકો છો.'

અર્જુને કહ્યું, 'મને તમે બધા પ્રકારના અસ્ત્રો આપો.'

ઇન્દ્રે કહ્યું, 'અર્જુન! જે સમયે દેવધિદેવ મહાદેવ તમારા પર પ્રસન્ન થશે તે સમયે હું મારાં બધાં અસ્ત્રો તમને આપી દઈશ.'

અગ્નિની બળતી આગમાંથી અર્જુન-શ્રીકૃષ્ણે મય દાનવને બચાવ્યો હતો. મય દાનવે કૃતજ્ઞતા અદા કરતા અર્જુનને સહાયતા કરવા પોતાની ઇચ્છા વ્યક્ત કરી અર્જુને વિનયપૂર્વક તેનો ઇન્કાર કર્યો. ત્યાર પછી મયે શ્રીકૃષ્ણને વિનંતી કરી.

કૃષ્ણે કહ્યું કે, તમે શ્રેષ્ઠ શિલ્પી છો. તમારે ઋણ અદા કરવું હોય તો એક એવું સભાભવન તૈયાર કરો જેનું કોઈ ભવિષ્યમાં અનુકરણ ન કરી શકે અને તે સર્વશ્રેષ્ઠ હોય.

આમ ઇન્દ્રપ્રસ્થમાં દિવ્ય સભાભવન રચાયું. ત્યાર પછી શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ કરવાની સલાહ આપે છે. યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કરતા પહેલાં શ્રીકૃષ્ણની સલાહ લીધી. શ્રીકૃષ્ણને જરાસંધના બળનો અનુભવ હતો. એટલે તેમણે પાંડવોને ચેતવ્યા કે જ્યાં સુધી જરાસંધ છે ત્યાં સુધી રાજસૂય યજ્ઞ કરવો અશક્ય છે. જરાસંધ આર્યાવત પર પોતાનું વર્ચસ્વ સ્થાપવા માગતો હતો. ભારતના બધા રાજાઓને તે પોતાના શાસન હેઠળ લાવવા માગતો હતો. જરાસંધે છ્યાંસી રાજાઓને હરાવી કેદ કર્યા હતા અને બીજા ચૌદ બાકી હતા.. તેની કામના સો રાજાઓને હરાવી તેમને કેદ કરી તે રાજાઓનો વધ કરવાની હતી.

જરાસંધને યુદ્ધમાં હરાવવો અશક્ય હતું તેથી શ્રીકૃષ્ણે યુક્તિ કરી. જ્યારે જરાસંધ પૂજામાં બેઠો હતો ત્યારે અર્જુન, ભીમ અને કૃષ્ણ તપસ્વીના વેશમાં જરાસંધ પાસે યુદ્ધ કરવાના ઉદ્દેશથી ગયા. પૂજા પૂરી થતાં એણે બ્રાહ્મણોને પ્રસાદ આપ્યો.

બ્રાહ્મણોએ શ્લોક બોલ્યા વિના પ્રસાદ આરોગ્યો અને ભેટ લીધી.

એટલે જરાસંધે કહ્યું, 'તમારા લોકોનો વેશ તો બ્રાહ્મણનો છે અને કાર્ય તેનાથી વિપરીત છે. તો તમે અહીં શા માટે આવ્યા છો?'

શ્રીકૃષ્ણે કહ્યું, 'તમે અમારામાંથી એકની સાથે મલ્લ યુદ્ધ કરો એવી અમારી કામના છે.' અમે ક્ષત્રિય છીએ. જરાસંધને શિવનું વરદાન હતું. તેને કોઈ પણ પ્રાણી મારી શકે નહિ. એટલે તે અભિમાની અને પોતાના બળ માટે નિર્ભય હતો. એ પૂજા પછી બ્રાહ્મણોની સેવા કરે, બ્રાહ્મણોને દાન કરે, ભોજન કરાવે.

જ્યારે શ્રીકૃષ્ણે તેની સાથે મલ્લ યુદ્ધ કરવાનું આવાહન કર્યું ત્યારે

જરાસંધે કહ્યું, 'મલ્લ યુદ્ધ સમોવડિયા સાથે થાય. તમે તમારો પરિચય આપો.'

શ્રીકૃષ્ણે પોતાનો, ભીમ અને અર્જુનનો પરિચય આપ્યો. જરાસંધ બોલ્યો, 'તમે બંને મારી સાથે મલ્લ યુદ્ધ કરવા લાયક નથી. હું ભીમ સાથે મલ્લ યુદ્ધ કરીશ.'

તેણે ભીમ સાથે મલ્લ યુદ્ધ કરવાનું નક્કી કર્યું. અખાડામાં અનેક લોકોની હાજરીમાં મલ્લ યુદ્ધ ગોઠવાયું. બે બળિયા એકબીજા પર ખુન્નસ ખાતા, મેઘ ગર્જના કરતા બાથંબાથી કરવા લાગ્યા. સતત તેર દિવસ અને રાત વિના વિશ્રામ યુદ્ધ ચાલતું રહ્યું. ચૌદમા દિવસે જરાસંધ થાકીને થોડો ઢીલો પડી ગયો. તેની દશા જોઈને શ્રીકૃષ્ણે ભીમને પ્રોત્સાહિત કરતાં કહ્યું, 'ભીમ! થાકી ગયેલા શત્રુને વધારે દબાવવો એ યોગ્ય નથી. જરાસંધને વધારે ન દબાવતાં માત્ર બાહુયુદ્ધ કરતા રહો.'

શ્રીકૃષ્ણની વાત સાંભળી ભીમે જરાસંધની સ્થિતિ સમજીને તેને મારી નાખવાનો નિશ્ચય કર્યો. ભીમે જરાસંધને ઉઠાવી આકાશમાં ઘુમાવી તેને જમીન પર પછાડી તેના પર પ્રહાર કરવા માંડ્યો. તેનો એક પગ પકડી અને બીજા પગ પર પોતાનો પગ મૂકી તેને બે ભાગમાં ચીરી નાખ્યો. જરાસંધના પ્રાણ નીકળી ગયા. શ્રીકૃષ્ણ, અર્જુન અને ભીમે જરાસંધનો સંહાર કરી તેના નિર્જીવ શરીરને રાણીવાસના દરવાજા પર નાખી તેઓ ત્યાંથી બહાર નીકળી ગયા. શ્રીકૃષ્ણે જરાસંધે કેદ કરેલા રાજાઓને મુક્ત કર્યા.

રાજસૂય યજ્ઞ કરવામાં જે વિઘ્ન હતું તે જરાસંધના મૃત્યુથી દૂર થયું. યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞની શરૂઆત કરી.

જરાસંધનો પુત્ર યુધિષ્ઠિરનો વફાદાર રાજા બન્યો. ઉત્તર ભારતમાં અર્જુને બધા રાજાઓ પાસે યુધિષ્ઠિરની અધીનતા સ્વીકારાવી. બધા રાજાઓએ યુધિષ્ઠિરને ચક્રવર્તી રાજા સ્વીકારી રાજસૂય યજ્ઞમાં આવવાનું સ્વીકાર્યું. ચેદિ દેશના રાજા શિશુપાલે પણ યુધિષ્ઠિરને ચક્રવર્તી રાજા તરીકે સ્વીકારી યજ્ઞમાં આવવાનું આમંત્રણ સ્વીકાર્યું. સહદેવે જંગલ પ્રદેશના રાજાઓને જીતી તેઓએ પણ યુધિષ્ઠિરને ચક્રવર્તી રાજા તરીકે ઘોષિત કર્યા. નકુલે પશ્ચિમના રાજાઓ પાસે યુધિષ્ઠિરની અધીનતા સ્વીકારાવી. સહદેવ, નકુલ, અર્જુનના સહારે બધા રાજાઓને યુધિષ્ઠિરની અધીનતામાં લાવ્યા. રાજાઓએ ધન, હીરા, મણિ, માણેક, સોનું, ચાંદી

વગેરે આપ્યા. ધૌમ્યઋષિના માર્ગદર્શનથી રાજસૂય યજ્ઞની વિધિનો દિવસ નક્કી થયો. નકુલને હસ્તિનાપુરના કુટુંબીજનોને રાજસૂય યજ્ઞમાં આવવા આમંત્રણ આપી બોલાવ્યા. દેશના દરેક રાજાઓને રાજસૂય યજ્ઞમાં હાજરી આપી શુભેચ્છા પાઠવવા આમંત્રણ મોકલ્યા. રાજસૂય યજ્ઞનો આરંભ કરવાનો સમય થયો ત્યારે શ્રીકૃષ્ણ દ્વારકાથી ઈન્દ્રપ્રસ્થ આવ્યા. યુધિષ્ઠિરે તેમને સત્કારી યજ્ઞની દીક્ષા લેવાની આજ્ઞા માગી. સમગ્ર રાષ્ટ્રના બ્રાહ્મણો, વૈશ્યો અને કેટલાક મનાતા શૂદ્રો પણ આવ્યા. યજ્ઞમાં ધૃતરાષ્ટ્ર તેમજ તેમના બધા પુત્રો, ભીષ્મ, દ્રોણ, વિદુર, કૃપાચાર્ય, પાંચાલના સ્વજનો, શકુનિ, દુર્યોધન, કર્ણ, અનેક રાજાઓ, શિશુપાલ અને વૃષ્ણિઓ આવ્યા. બધાને યોગ્ય જગ્યાએ ઉતારો આપી તેમનો આદરપૂર્વક અતિથિસત્કાર કર્યો. કૃપાચાર્યને સોનું-ચાંદી અને રત્નોની દેખરેખ અને દક્ષિણા આપવાનું કામ સોંપ્યું. રસોડું જમણવાર દુઃશાસનને સોંપ્યું. શ્રીકૃષ્ણે બ્રાહ્મણોના ચરણ ધોવાનું અને પતવાળી ઉપાડવાનું કામ ઉપાડ્યું. યજ્ઞવિધિ ચાલુ થઈ. મંત્ર બોલાયા, હવનમાં ઘી હોમાયું. શ્રીફળ વધેર્યાં. દુર્યોધન પાસે સોનાના દાન કરાવ્યા. દુર્યોધન કુંડી ભરીને બ્રાહ્મણ દેવતાઓને દાન કરવા લાગ્યો જેથી સોનામહોર ખૂટી જાય અને પાંડવોનું ખરાબ દેખાય. શ્રીકૃષ્ણ સોનામહોરથી કોઠાર ભરતા રહ્યા. શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે હવે દક્ષિણા લેનાર કોઈ રહ્યું નથી માટે ઓરડો બંધ કરી બધાને સભામાં હાજર રહેવા જણાવો. બધા ક્ષત્રિયો સભામંડપમાં આવી બેઠા. દ્વાર પર સહદેવ બેઠા.

સભામંડપમાં કુટુંબીજનો, રાજાઓ વગેરે આવી ગયા પછી યુધિષ્ઠિરે બધા રાજાને પૂછ્યું કે, 'મારે પહેલું પૂજન કોનું કરવું?' ભીષ્મે કહ્યું કે, 'શ્રીકૃષ્ણ સૌથી યોગ્ય વ્યક્તિ છે. બધા રાજાઓને પણ શ્રીકૃષ્ણ સૌથી યોગ્ય લાગ્યા. એટલે તેમણે ભીષ્મના સૂચનને ટેકો આપ્યો.

શિશુપાલે તેનો વિરોધ કર્યો. શિશુપાલ કહેવા લાગ્યો કે શ્રીકૃષ્ણનું પૂજન ન થાય. એ ભરવાડ, પિંઢારો, ગોવાળિયો, મામા-માસીને મારનારો, લબાડ, પરનારી હરનારો અને રાજા પણ નથી. યુદ્ધમાંથી નાસી જનાર વગેરે અનેક રીતે શિશુપાલે શ્રીકૃષ્ણને અપશબ્દો કહ્યા. શ્રીકૃષ્ણે બધું સહન કરી લીધું. શ્રીકૃષ્ણે શિશુપાલની માતા કે જે શ્રીકૃષ્ણની ફોઈ થાય તેને વચન આપ્યું હતું કે, 'શિશુપાલના આવા સો અપરાધો તે સહન કરી લેશે પરંતુ સોની ઉપર એક અપરાધ પણ એ કરશે તો હું

એનો નાશ કરીશ.' આજે શિશુપાલે સોથી વધુ અપરાધ કર્યા એટલે વચનબદ્ધ શ્રીકૃષ્ણે સુદર્શનચક્ર પ્રગટ કર્યું અને શિશુપાલનું શિશ ધડથી અલગ કરી નાખ્યું. તેનું મૃત્યુ થયું. શિશુપાલને રુક્મિણી સાથે વિવાહ કરવા હતા, પરંતુ રુક્મિણી હૃદયથી શ્રીકૃષ્ણને વરી ચૂકી હતી. એથી શ્રીકૃષ્ણે રુક્મિણીનું હરણ કર્યું હતું. ત્યારથી શિશુપાલ શ્રીકૃષ્ણનો વિરોધી હતો.

સકળ સભા રાજી થઈ. બધા છૂટા પડ્યા. માત્ર કૌરવો પાંડવોને ત્યાં રહ્યા. દુર્યોધન દિવ્ય સભા જોવા લાગ્યો. દિવ્ય સભામાં એક જળાશય જોયું. તેણે જળાશય ધારી વસ્ત્રો ઊંચા કરી તેમાં દાખલ થવા ગયો. તો ત્યાં જળાશય જ ન હતું ભૂમિ હતી. વળી ત્યાંથી આગળ ચાલતા સપાટ આરસના કલાત્મક પથ્થરની ભૂમિ આવી. તેના પર ચાલવા જતાં તે જળાશય નીકળ્યું અને તેમાં તે પડ્યો. એના વસ્ત્રો ભીના થઈ ગયા. ત્યાંથી શરમનો માર્યો નીકળીને એ બારણામાંથી બહાર જવા ગયો પરંતુ તે બારણું ન હતું, દીવાલ હતી. આ બધી મય દાનવની ભ્રામિક ઇન્દ્રજાળ રચના હતી. દુર્યોધન શરમથી મૂંઝાઈ ગયો અને તેણે કટાક્ષથી ખીલખીલ હસતી દ્રૌપદીનો અવાજ સાંભળ્યો : 'આંધળાનો પુત્ર અંધ જ હોય ને!'

દુર્યોધન અપમાનિત થતો ક્રોધની જ્વાળામાં બળી રહ્યો. પાંડવોની અઢળક સંપત્તિ, સમૃદ્ધિ અને કીર્તિ જોઈને દ્વેષ-ઈર્ષામાં એ બળવા લાગ્યો. અપમાનિત દુર્યોધન કૌરવો સાથે ત્યાંથી નીકળી સીધો હસ્તિનાપુર ગયો. ઈર્ષા અને ક્રોધમાં તે બરાબર ધૂંધવાયો હતો. તેણે પાંડવોને કોઈ પણ રીતે પછાડવા હતા. તેણે પાંડવોનું કાસળ કાઢવા અને રાજ્ય છીનવી લેવામાં મનની શાંતિ ગુમાવી દીધી. એણે ખાવા-પીવાનું પણ બંધ કર્યું. પાંડવોનો બદલો ન લેવાય ત્યાં સુધી તેને ચેન પડે એમ ન હતું. કર્ણ, શકુનિને, ધૃતરાષ્ટ્રને પોતે મરવાની વાત કરવા લાગ્યો.

શકુનિને તે કહેવા લાગ્યો, 'મામા, હું બહુ દુઃખી થઈ ગયો છું. પાંડવોની સમૃદ્ધિ પાસે મારી કોઈ વિસાત નથી. દ્રૌપદીએ કરેલું અપમાન હું ભૂલી શકતો નથી. આપણે યુદ્ધથી તે લોકોને જીતી શકીએ એમ નથી. માટે હું વિષ ખાઈને મરી જઈશ.' એટલે શકુનિએ રસ્તો કાઢ્યો. યુધિષ્ઠિર ક્ષત્રિય છે. ક્ષત્રિયને દ્યુતક્રીડા માટે આપેલું આમંત્રણ કદી નકારશે નહિ. દ્યુતક્રીડામાં રમવાના આ મારી પાસેના પાસાં મારાં પિતાની આંગળીના હાડકાંમાંથી બનાવેલાં છે. મારા કહ્યા પ્રમાણે તે ચાલે છે. હું જે આંકડા

ઇચ્છું તે પ્રમાણે તે લાવી શકું. દ્યુતક્રીડામાં હું કદી હારી ન શકું.' મામાના શબ્દોએ દુર્યોધનમાં પ્રાણ રેડ્યો. શકુનિએ દુર્યોધનને ધૃતરાષ્ટ્ર પાસે મોકલ્યો.

દ્યુતક્રીડા

ધૃતરાષ્ટ્રે પ્રથમ તો દ્યુતક્રીડા રમવાની ના પાડી. દુર્યોધનની મરવાની ધમકી ધૃતરાષ્ટ્રને સતાવતી હતી. પુત્રની ભલાઈમાં પોતાની ભલાઈ છે એવું ધૃતરાષ્ટ્ર માનતો હતો. એટલે તેણે વિદુરને યુધિષ્ઠિરને દ્યુતક્રીડા રમવાનું આમંત્રણ આપવા બોલાવ્યો. વિદુર દ્યુતક્રીડાનો વિરોધી હતો. તેણે ધૃતરાષ્ટ્રને ચેતવ્યો. આ દ્યુતક્રીડાથી લડાઈ નિશ્ચિત થશે. માટે દ્યુતક્રીડાની વાત અહીંથી બંધ કરો.

ધૃતરાષ્ટ્ર જાણતો હતો કે દુર્યોધન પાસે પોતાનું કોઈ વર્ચસ્વ નથી. તે તેનું ધાર્યું કરાવશે.

એટલે ધૃતરાષ્ટ્રે વિદુરને કહ્યું કે, 'દ્યુતક્રીડા બધા વડીલોની હાજરીમાં રમાશે આપણે પણ સાથે રહીશું. એટલે કોઈ અનર્થ થશે નહિ.' ધૃતરાષ્ટ્ર ખંધો માણસ હતો. એના મનમાં શું વિચારતો હોય અને બહાર શું બતાવતો હોય એવો એ કુટિલ હતો. વિદુર એનો સલાહકાર મંત્રી હતો. એટલે વિદુરને આદેશ આપ્યો, 'પાંડવો, કુંતી, દ્રૌપદી સહિત બધાને હસ્તિનાપુર દ્યુતક્રીડા માટેનું યુધિષ્ઠિરને આમંત્રણ આપો.

વિદુર ઇન્દ્રપ્રસ્થ ગયા અને યુધિષ્ઠિરને કહ્યું, 'વત્સ, હું જાણું છું કે દ્યુતક્રીડા વિનાશ નોતરે છે, રાજા ધૃતરાષ્ટ્રનો આદેશ છે માટે હું તમને આમંત્રણ આપવા આવ્યો છું.'

યુધિષ્ઠિરે કહ્યું, 'કાકાશ્રી, હું જાણું છું કે શકુનિ ધૂર્ત અને કપટી છે. પરંતુ વડીલની આજ્ઞા થઈ છે તેનું પાલન મારે કરવું જોઈએ.'

આમ પાંડવો, દ્રૌપદી, કુંતી સહિત બધા હસ્તિનાપુર આવ્યા. દુર્યોધને સૌનું સ્વાગત કર્યું અને ઉતારો આપ્યો.

બીજે દિવસે દ્યુતસભામાં પાંચે પાંડવો આવ્યા.

શકુનિએ પ્રસ્તાવ મૂક્યો. પાંડવો તરફથી યુધિષ્ઠિર રમશે અને કૌરવો તરફથી શકુનિ રમશે. પાંડવોએ પ્રથમ તો શકુનિ કૌરવપક્ષે રમશે તે સામે વિરોધ દર્શાવ્યો.

શકુનિએ કહ્યું, 'જો પાંડવોને ભય લાગતો હોય તો રમવાનું બંધ

રાખીએ.' યુધિષ્ઠિરે શકુનિનો પ્રસ્તાવ સ્વીકારી લીધો અને રમવાનું શરૂ કર્યું. શકુનિના પાસાં તેને આધીન હતા. આ રમત રમવામાં શકુનિએ પોતાની પાસેના પાસાં વાપર્યાં. પ્રથમ યુધિષ્ઠિર ઝવેરાત હાર્યા, રથ હાર્યા, ઇન્દ્રપ્રસ્થ હાર્યા. પછી એક એક કરીને ચાર પાંડવોને દાવ પર મૂક્યા. તે બધાને હાર્યા પછી છેવટે પોતાની જાતને દાવ પર લગાવી અને તે પોતાની જાતને પણ હાર્યા. ધનસંપત્તિ, ઇન્દ્રપ્રસ્થ, પાંચે પાંડવો દુર્યોધનના દાસ થઈ ગયા.

યુધિષ્ઠિરે કહ્યું, 'મારી પાસે કોઈ વસ્તુ રહી નથી જેને હું દાવ પર મૂકી શકું.'

શકુનિએ કહ્યું, 'હજી તારી પાસે દ્રૌપદી છે. તેને તું દાવ પર મૂકી શકે. તું જીતશે તો હું તમને દાસત્વમાંથી મુક્ત કરીશ. સભામાં બેઠેલા બધા સ્તબ્ધ થઈ ગયા. દુર્યોધન અને તેના ચાંડાળ મિત્રો ખુશ થતા હતા.

યુધિષ્ઠિરે દ્રૌપદીને પણ દાવ પર મૂકી અને તે હાર્યા.

દુર્યોધને કાકા વિદુરને કહ્યું કે દ્રૌપદી મારી દાસી છે. તેને અહીં લઈ આવો. વિદુરે કહ્યું એ તારી દાસી નથી. યુધિષ્ઠિરને દ્રૌપદીને દાવ પર મૂકવાનો અધિકાર નથી.

પરંતુ તેમની વાત કોઈએ સાંભળી નહીં. દુર્યોધને તેના પ્રાતિકામીને દ્રૌપદીને લેવા મોકલ્યો.

દ્રૌપદીએ તેને સવાલ કર્યો કે, 'યુધિષ્ઠિરે મને દાવ પર મૂકી તે પહેલા યુધિષ્ઠિર હાર્યા હતા?' પ્રાતિકામીએ સભામાં આવી દ્રૌપદીએ પૂછેલો સવાલ તેમની સામે મૂક્યો.

દુર્યોધને આવેશમાં આવી દુઃશાસનને કહ્યું, 'દ્રૌપદીને તું અહીં લઈ આવ.'

દુઃશાસને દ્રૌપદી અંતઃપુરમાં રજસ્વલા હોવાથી એક વસ્ત્રમાં બેઠી હતી, તેના વાળને જોરથી પકડી તેને સભાખંડમાં ઘસડી લાવ્યો. દ્રૌપદીની કાકલૂદીની તેના પર કોઈ અસર થઈ નહિ. તેણે દ્રૌપદીને સભાખંડમાં મૂકી દીધી. તેના વાળ વિખરાયેલા હતા. તે રડી રહી હતી.

ફરી તે જ સવાલ સભામાં હાજર રહેલા વડીલોને દ્રૌપદીએ પૂછ્યો.

ભીષ્મે જવાબ આપ્યો, 'પતિ પરાધીન હોય કે સ્વતંત્ર હોય પત્ની પર તેનું સ્વામિત્વ કાયમ હોય છે. યુધિષ્ઠિર ધર્મિષ્ઠ છે. એણે જે કર્યું તે સાચું છે કે ખોટું છે તે સવાલ ઊભો થતો નથી.' કર્ણે પણ પોતાનો

અભિપ્રાય ઉચ્ચાર્યો, 'દ્રૌપદી દુર્યોધનની દાસી છે.' પણ દુર્યોધનનો નાનો ભાઈ વિકર્ણ સૌથી જુદો નીકળ્યો. તેણે કહ્યું, 'દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની છે. યુધિષ્ઠિર પોતાની જાતને હારી ગયા પછી પત્નીને દાવ પર ન મૂકી શકે. એટલે તે જીતાયેલી ન ગણાય. માટે દ્રૌપદી પર કૌરવોનો કોઈ અધિકાર નથી.'

દુર્યોધને તેને ધમકાવી ચૂપ કરી દીધો. દુર્યોધને દુઃશાસનને આદેશ આપ્યો કે દ્રૌપદી મારી દાસી છે. એટલે એને નિર્વસ્ત્ર કરી મારી જાંઘ પર બેસાડ. દુઃશાસન દ્રૌપદીના ચીર ખેંચવા લાગ્યો. અશ્રુભર્યા નેત્રે દ્રૌપદીએ શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી કે 'તેઓ એમની રક્ષા કરે.' શ્રીકૃષ્ણ અદૃશ્યરૂપે દ્રૌપદીના ચીર પૂરવા લાગ્યા. ચીર ખેંચતા ખેંચતા દુઃશાસન થાકીને ભોંય પર પડી ગયો. પણ ચીર ખૂટતા ન હતા.

આ સમયે ક્રોધથી ભીમે ગર્જના કરી, 'યુદ્ધમાં હું દુઃશાસનની છાતી ચીરીને એનું લોહી પીશ.'

દ્રૌપદી ધ્રૂજતી અને અશ્રુભર્યા અવાજે બોલી, 'આ સભામાં વિદ્વાનો, ધર્મિષ્ઠો અને ધર્મના રક્ષક વડીલો હાજર છે. તેઓ પણ મારું શરમજનક અપમાન જોવા છતાં આ અનિષ્ટ આચરણ સામે એક પણ શબ્દ ન ઉચ્ચાર્યો અને ચૂપ રહ્યા. હું આ સાથે કૌરવોને શ્રાપ આપું છું કે –'

ત્યારે ગાંધારી સભામાં આવી અને દ્રૌપદી સામે હાથ જોડીને બોલી, 'પુત્રી શ્રાપ ન આપીશ. અમને ક્ષમા કર.' પછી પોતાના પતિ ધૃતરાષ્ટ્રને કહ્યું, 'સ્વામી, તમે મારા પુત્રોનો નાશ કરવા બેઠા છો?

દ્રૌપદી કુરુઓની પુત્રવધૂ છે. તેનું ઘોર અપમાન થયું છે. માટે દ્રૌપદી સાથે ન્યાય કરો.' ગભરાયેલા ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'હે દ્રૌપદી, અમને ક્ષમા કર અને વરદાન માગ.'

પ્રથમ વરદાનમાં યુધિષ્ઠિરને દાસત્વમાંથી મુક્ત કરવા અને બીજા વરદાનમાં ભીમ, અર્જુન, નકુલ, સહદેવને તેના રથ અને ધનુષ્ય સહિત મુક્ત કરવા દ્રૌપદીએ કહ્યું. ધૃતરાષ્ટ્રે ત્રીજું વરદાન માગવા કહ્યું. દ્રૌપદીએ ત્રીજા વરદાનનો માન સહિત અસ્વીકાર કર્યો.

ધૃતરાષ્ટ્રે સ્વેચ્છાએ પાંડવોએ ગુમાવેલું રાજ્ય સહિત બધું પાછું પાંડવોને આપી દીધું. અને કહ્યું, 'તમે એકબીજાના પર દ્વેષ ભૂલી જાઓ અને શાંતિથી ઇન્દ્રપ્રસ્થ જાઓ.'

પાંડવો માનસહિત વડીલોને પ્રણામ કરી ઈન્દ્રપ્રસ્થ ચાલ્યા ગયા.

ફરી પાછી દ્યુતક્રીડા રમાઈ

દુર્યોધને ધૃતરાષ્ટ્રને કહ્યું, 'પિતાજી, પાંડવોને ફરી દ્યુતક્રીડા માટે બોલાવો. દ્યુતક્રીડામાં કોઈ અનીતિ ન હતી. નિષ્પક્ષ અને પ્રામાણિકપણે રમત રમાઈ હતી. પાંડવોએ જે ગુમાવ્યું હતું તે તેમનું દુર્ભાગ્ય હતું. એટલે કૌરવોને જે મળ્યું હતું તે તેમને પાછું આપી દઈને તમે અમને અન્યાય કર્યો છે. માટે તેમને ફરી દ્યુતક્રીડા માટે બોલાવો. હવે શરત એ રહેશે કે જો પાંડવો જીતશે તો કૌરવો બાર વર્ષ વનવાસ જશે અને તેરમું વર્ષ ગુપ્તવાસમાં ગાળશે. અને પાંડવો ગુપ્તવાસમાં જો તેમને શોધી કાઢે તો ફરી પાછા બાર વર્ષ વનવાસ ભોગવશે. પાંડવો માટે પણ આ જ શરત રહેશે. અજ્ઞાતવાસ શરત ભંગ વિના પરિપૂર્ણ થાય તો પાંડવોને તેમનું ઈન્દ્રપ્રસ્થ પાછું મળે.

નિર્બળ મનનો અને અંદરખાનેથી પાંડવોનો નાશ ઈચ્છતા ધૃતરાષ્ટ્ર ફરી પાછી દ્યુતક્રીડા રમવાનું ગોઠવે છે. ધૃતરાષ્ટ્રે સંદેશવાહકને યુધિષ્ઠિરને ફરી હસ્તિનાપુર આવવા આમંત્રણ મોકલ્યું. યુધિષ્ઠિરે તેનો સ્વીકાર કર્યો. પાંડવો ફરી હસ્તિનાપુર આવ્યા. હસ્તિનાપુરવાસીઓ નવાઈ પામી ગયા.

દ્યુતક્રીડા રમવાની શરૂઆત થાય તે પહેલા શકુનિએ રાજા ધૃતરાષ્ટ્રને શરત વાંચી સંભળાવવા વિનંતી કરી.

વિદુરે શરત વાંચી સંભળાવી અને શરૂઆત થઈ. જે થવાનું હતું તે જ થયું. શકુનિની કુટિલતા અને તેના પાસાં સામે યુધિષ્ઠિર અને પાંડવો હાર્યા.

શરતના નિયમ પ્રમાણે પાંડવો-દ્રૌપદી સહિત બાર વરસના વનવાસ અને તેરમા વર્ષના અજ્ઞાતવાસ ભોગવવા વનમાં જવા નીકળ્યાં. કુંતી વિદુરને ત્યાં રહેવા ગયાં. રાજકુમારોને મોસાળમાં મોકલી આપ્યા. પાંડવોએ ધૃતરાષ્ટ્ર, વિદુર, ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્યના આશીર્વાદ લઈ વિદાય માગી.

વિદુરે પાંડવોના ગુણગાન ગાયા અને કહ્યું, 'પાંડવો વ્યાસમુનિ, નારદમુનિ, શ્રીકૃષ્ણ અને ધૌમ્યઋષિથી રક્ષાયેલા છે.' પાંડવો અને દ્રૌપદીએ વનવાસીના વસ્ત્રો ધારણ કરી હસ્તિનાપુરમાંથી વિદાય લીધી.

કુંતી પોતાને દોષિત માનવા લાગી. પાંડવો સાથે કેટલાક હસ્તિનાપુરવાસીઓ પણ તેમની સાથે વનમાં જવા તૈયાર થયા. યુધિષ્ઠિરે તેમને સમજાવી તેમ કરતા રોક્યા.

પાંડવોના વનગમન પછી ધૃતરાષ્ટ્ર અત્યંત ચિંતિત રહેવા લાગ્યા. તેમની વ્યાકુળતા જોઈ સંજય બોલ્યો, 'મહારાજ! તમે દુર્યોધન પ્રત્યેના મોહથી પાંડવોને રાજ્યથી વંચિત કરીને વનમાં મોકલી દીધાં. હવે તમે શોક શા માટે કરી રહ્યા છો?'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'હે સંજય! પાંડવો સાથે વેર બાંધીને ઠીક નથી થયું. તેઓ યુદ્ધકુશળ અને બળવાન છે.' સંજય બોલ્યો, 'મહારાજ! હવે નક્કી જ છે કે તમારા કુળનો નાશ થશે. ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય અને વિદુરજીએ દુર્યોધને ઘણો રોક્યો છતાં એ નિર્લજ્જે સતી દ્રૌપદીને સભામાં બોલાવીને અપમાનિત કરીને ભીષણ યુદ્ધને આમંત્રણ આપી દીધું છે.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'સંજય! હું પણ સમજું છું. દ્રૌપદીની આર્તદૃષ્ટિમાં સંપૂર્ણ પૃથ્વીને ભષ્મ કરવાની ક્ષમતા છે. દ્રૌપદીને સભામાં અપમાનિત થતી જોઈને ભરતવંશની બધી સ્ત્રીઓ ગાંધારી પાસે જઈને આક્રંદ કરવા લાગી હતી. વિદુરજીની સંમતિથી મેં દ્રૌપદીને વરદાન આપ્યું અને પાંડવોને ઇન્દ્રપ્રસ્થ જવાની અનુમતિ આપી દીધી. તે જ સમયે વિદુરે મને કહ્યું હતું કે, દ્રૌપદીને અપમાનિત કરવાના ફળસ્વરૂપે કૌરવવંશનો નાશ થશે. આ અપમાન પાંડવો, યાદવો અને પાંચાલો સહિ નહિ લે. કેમ કે તેમના સહાયક અને રક્ષક ભગવાન શ્રીકૃષ્ણ છે. સંજય! વિદુરની વાત ધર્મને અનુકૂળ તો હતી જ પરંતુ મેં પુત્રમોહમાં પડીને તેની પ્રસન્નતા માટે તેમની વાત ન માની.'

વનપર્વ

પાંડવો દુર્યોધન વગેરેના દુર્વ્યવહારથી દુઃખી અને ક્રોધિત થઈને પોતાના અસ્ત્ર-શસ્ત્ર અને રાણી દ્રૌપદી સાથે હસ્તિનાપુરથી નીકળી ગયા. જ્યારે હસ્તિનાપુરની જનતાને આ વાતની ખબર પડી ત્યારે તેઓ દુઃખી થઈ શોકથી વ્યાકુળ થઈ ગયા. લોકો એકબીજા સાથે વિચાર કરીને ત્યાંથી પાંડવો જ્યાં છે ત્યાં જવા નીકળી ગયા. તેઓએ હાથ જોડીને નમ્રતાપૂર્વક કહ્યું, 'પાંડવો! તમારું કલ્યાણ થાઓ. તમે જ્યાં જશો ત્યાં અમે પણ આવીશું.'

પ્રજાની વાત સાંભળીને યુધિષ્ઠિરે કહ્યું, 'હું મારા ભાઈઓ સહિત તમને લોકોને પ્રાર્થના કરું છું કે તમે પોતાના પ્રેમ અને કૃપાથી અમારી વાતનો સ્વીકાર કરો. અત્યારે હસ્તિનાપુરમાં પિતામહ ભીષ્મ, રાજા ધૃતરાષ્ટ્ર, મહાત્મા વિદુર, માતા કુંતી અને ગાંધારી તથા બધાં સગાંસંબંધીઓ ત્યાં નિવાસ કરી રહ્યા છે. તમે લોકો અમારી પ્રસન્નતા માટે ત્યાં પાછા જાઓ અને તેમનું પાલનપોષણ અને દેખરેખ રાખો. લોકોની ઇચ્છા ન હોવા છતાં તેઓ પાંડવોના આગ્રહથી પાછા આવ્યા. જ્યારે નગરજનો પાછા ગયા ત્યારે પાંડવો રથમાં બેસીને ગંગાકિનારે જવા નીકળી ગયા. તે સમયે સંધ્યા થઈ ગઈ હતી. તેમણે હાથ-મોં ધોઈ માત્ર જળપાન કરીને જ રાત્રિ પસાર કરી. તે સમયે ઘણા બ્રાહ્મણો પાંડવો પાસે આવ્યા. તેમની મંડળીમાં બેસીને પાંડવોએ વિવિધ પ્રકારની ચર્ચા કરી રાત્રિ વિતાવી.

પાંડવો નિત્યકર્મથી નિવૃત્ત થઈ વનમાં જવાની તૈયારી કરી રહ્યા હતા. ત્યારે ધર્મરાજ યુધિષ્ઠિરે બ્રાહ્મણોને કહ્યું, 'અત્યારે અમારું રાજ્ય

શત્રુઓએ છીનવી લીધું છે. અમે ભોજન કરીને વનમાં નિવાસ કરવા જઈ રહ્યા છે. વનમાં ઘણાં વિઘ્નો અને અડચણો છે. તમને ત્યાં બહુ કષ્ટ પડશે તેથી તમે પોતપોતાના સ્થાને જાઓ.'

બ્રાહ્મણોએ કહ્યું, 'પ્રેમને કારણે અમે લોકો તમારી સાથે રહેવા ઇચ્છીએ છીએ. અમને તમે તમારી સાથે રાખવાની કૃપા કરો. અમારા પાલન-પોષણની ચિંતા કરશો નહિ, અમે અમારા ભોજનનો પ્રબંધ કરી લઈશું અને તમારી સાથે વનમાં રહીશું.

ધર્મરાજે કહ્યું, 'તમારું કહેવું બરાબર છે. હું હંમેશા બ્રાહ્મણો સાથે જ રહેવા માગું છું, પરંતુ અત્યારે મારી પાસે ધન નથી તેથી હું લાચાર છું.' આ રીતે તેમણે શોક પ્રગટ કર્યો.

ત્યારે શૌનકજીએ તેમને કહ્યું, 'અજ્ઞાની મનુષ્યોની સામે દરરોજ હજારો શોક અને ભયના અવસરો આવ્યા કરે છે, જ્ઞાનીઓની સામે નહિ. તેઓ સંપત્તિના નાશથી, અન્ન-વસ્ત્ર ન મળવાથી અને વિપત્તિના સમયે પણ દુઃખી થતાં નથી.'

યુધિષ્ઠિરે કહ્યું, 'બ્રાહ્મણો! હું એટલા માટે ધન ચાહતો નથી કે તેનો સ્વયં ઉપભોગ કરું. હું તો માત્ર બ્રાહ્મણોના ભરણપોષણ માટે ધન ઇચ્છું છું. મને ધનનો બિલકુલ લોભ નથી.'

શૌનકજીએ કહ્યું, 'ધર્મરાજ! તમે પણ તપસ્યા દ્વારા એવી સિદ્ધિ પ્રાપ્ત કરો જેથી બ્રાહ્મણોના ભરણપોષણની શક્તિ પ્રાપ્ત થઈ જાય.'

શૌનકજીનો ઉપદેશ સાંભળીને ધર્મરાજ યુધિષ્ઠિર પોતાના પુરોહિત ધૌમ્ય પાસે આવીને કહેવા લાગ્યા, 'વેદોના પારદર્શી બ્રાહ્મણો મારી સાથે વનમાં આવી રહ્યા છે. તેમના પાલનપોષણનું મારામાં સામર્થ્ય નથી તેથી હું ઘણો દુઃખી છું.'

યુધિષ્ઠિરનો પ્રશ્ન સાંભળીને પુરોહિત ધૌમ્યએ કહ્યું, 'સૂર્ય જ બધા પ્રાણીઓની રક્ષા કરે છે. તે જ બધાના પિતા છે તેથી તમે ભગવાન સૂર્યનું શરણું લો અને તેમની કૃપાથી બ્રાહ્મણોનું પોષણ કરો.'

આ વાત સાંભળીને ધર્મરાજે શાસ્ત્રોક્ત સામગ્રીઓથી ભગવાન સૂર્યની આરાધના અને તપસ્યા કરી. ત્યારે તેમણે પ્રસન્ન થઈને તેમને દર્શન આપ્યાં અને કહ્યું, 'યુધિષ્ઠિર! તમારી અભિલાષા પૂર્ણ થાઓ. હું બાર વર્ષ સુધી તમને અન્નદાન કરીશ. આ તાંબાનું વાસણ હું તમને આપું છું. તમારા રસોડામાં જે ભોજનસામગ્રી હશે તે ત્યાં સુધી અક્ષય રહેશે

જ્યાં સુધી દ્રૌપદી પીરસતી રહેશે. આજથી ચૌદમા વર્ષે તમને તમારું રાજ્ય મળી જશે. આટલું કહીને ભગવાન સૂર્ય અંતર્ધાન થઈ ગયા. ત્યાર પછી તે પાત્ર દ્રૌપદીને આપી દીધું. રસોઈ તૈયાર થઈ. થોડું રાંધેલું અન્ન પણ તે પાત્રના પ્રભાવથી વધી જતું અને અક્ષય થઈ જતું. તેનાથી ધર્મરાજ બ્રાહ્મણોને ભોજન કરાવવા લાગ્યા. પછી પોતાના ભાઈઓને ખવડાવીને યજ્ઞથી બચેલા અન્નનું ભોજન કરતાં. યુધિષ્ઠિર પછી દ્રૌપદી ભોજન કરતી. પછી તે પાત્રનું અન્ન સમાપ્ત થઈ જતું. આ પ્રમાણે યુધિષ્ઠિર ભગવાન સૂર્ય પાસેથી અક્ષયપાત્ર પ્રાપ્ત કરીને બ્રાહ્મણોની અભિલાષા પૂરી કરવા લાગ્યા. દરેક પર્વ પર યજ્ઞ થવા લાગ્યા. થોડા દિવસ પછી તેમણે બધાની સાથે કામ્યકવન જવા માટે પ્રસ્થાન કર્યું.

પાંડવો વનમાં ચાલ્યા ગયા ત્યારે ધૃતરાષ્ટ્રના મનમાં ભારે સંતાપ થયો. તેમણે વિદુરને બોલાવી કહ્યું, તમે સૂક્ષ્મતમ અને શ્રેષ્ઠ ધર્મને સમજો છો. કૌરવો-પાંડવો માટે તમારી સમદૃષ્ટિ છે. તમે એવો કોઈ ઉપાય બતાવો જેથી બંનેનું હિત થાય. પાંડવોના ગયા પછી મારે શું કરવું જોઈએ? પ્રજા મને પ્રેમ કરે અને પાંડવો આપણું નુકસાન ન કરે એવો ઉપાય બતાવો.

વિદુરજી કહ્યું, 'અર્થ, ધર્મ અને કામના ફળની પ્રાપ્તિ ધર્મથી થાય છે. તમે ધર્મમાં સ્થિત થઈને પાંડવોની અને પોતાના પુત્રોની રક્ષા કરો. સત્યવાદી યુધિષ્ઠિરને દ્યુતક્રીડાથી હરાવીને દુર્યોધને તેમનું સર્વસ્વ છીનવી લીધું છે. આ મોટો અધર્મ થયો. તે ઉપાય એ છે કે તમે જે કંઈ પાંડવોનું છીનવી લીધું છે તે બધું તેમને આપી દેવામાં આવે. આ ઉપાય તમારા માટે સર્વોપરી છે.'

ધૃતરાષ્ટ્રને આ ઉપાય જરા પણ ગમ્યો નહીં. તેઓ બોલ્યા, તમે પાંડવોનું હિત ચાહો છો અને મારા પુત્રોનું અહિત. હું તેમને માટે મારા પુત્રોનું અહિત કરું? હવે મારે તમારી કોઈ જરૂર નથી. તમારી ઇચ્છા હોય તો અહીં રહો અથવા ચાલ્યા જાઓ. આટલું કહીને ધૃતરાષ્ટ્ર ક્રોધથી પોતાના મહેલમાં ચાલ્યા ગયા. વિદુરે મનમાં વિચાર્યું, હવે કૌરવકુળનો નાશ અવશ્ય થશે. તેમણે હસ્તિનાપુરમાં રહેવું યોગ્ય ન લાગ્યું. તેઓ પાંડવોને મળવા માટે કામ્યકવનમાં નીકળી ગયા.

વિદુરજી પાંડવો પાસે કામ્યકવન ચાલ્યા ગયા ત્યારે રાજા ધૃતરાષ્ટ્રને પોતાની ભૂલનો ભારે પસ્તાવો થયો. વિદુરનો પ્રભાવ, નીતિ,

રાજ્યવહીવટની નિપુણતા વગેરેમાં કુશળતાનું સ્મરણ કરીને તેઓ વિચારવા લાગ્યા, હવે તો પાંડવોનું કાર્ય થઈ ગયું. તેમની જ ચઢતી થશે.

પછી એમણે સંજયને કહ્યું, 'સંજય! મારો ભાઈ વિદુર મારો પરમ હિતવાંચ્છુ અને ધર્મની પરિભાષા છે. તેના વિના હું નિરાધાર થઈ ગયો છું. મેં ક્રોધવશ એને કાઢી મૂક્યો છે. તમે જલદી જઈને એને પાછા લઈ આવો. વિદુર વિના હું જીવી નહિ શકું.'

ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી સંજય કામ્યકવન જવા નીકળ્યા. ત્યાં પહોંચીને સંજયે જોયું કે ધર્મરાજ પોતાના ભાઈઓ, વિદુરજી અને બ્રાહ્મણો બેઠેલા છે. સંજયે સૌને પ્રણામ કર્યા અને પાંડવોએ તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો. પછી સંજયે પોતાના આગમનનું કારણ જણાવતા કહ્યું, 'વિદુરજી! મહારાજ તમને યાદ કરી રહ્યા છે. તમે હસ્તિનાપુર આવીને તેમને દર્શન આપો અને તેમના પ્રાણોની રક્ષા કરો. વિદુરજીએ હસીને તરત જ પાંડવોની અનુમતિ લીધી અને હસ્તિનાપુર પાછા આવ્યા. વિદુરને મળીને ધૃતરાષ્ટ્રને ખૂબ આનંદ થયો. તેમણે કહ્યું, 'ભાઈ! તમારો કોઈ અપરાધ નથી. મેં તમને જે કાંઈ અનુચિત કહ્યું, તેના માટે મને ક્ષમા કરી દો.'

વિદુરજીએ કહ્યું, 'તમે મારા પૂજનીય છો. એમાં ક્ષમા શું માગવાની? મારા માટે પાંડવો અને તમારા પુત્રો સમાન જ છે. છતાં પાંડવોને અસહાય જોઈને મારા મનમાં તેમની સહાયતા કરવાની વાત આવી જાય છે. મારા ચિત્તમાં તમારા પુત્રો માટે કોઈ દ્વેષભાવ નથી.' આ પ્રમાણે બંને વચ્ચેના મનદુઃખનું નિવારણ થયું.

જ્યારે દુર્યોધનને એ સમાચાર મળ્યા કે વિદુરજી પાંડવોની પાસેથી પાછા આવ્યા છે, ત્યારે તેને ભારે દુઃખ થયું. તેણે પોતાના મામા શકુનિ, કર્ણ અને દુઃશાસનને બોલાવીને કહ્યું, 'પાંડવોના હિતૈષી અને અમારા પિતાજીના મંત્રી વિદુર વનમાંથી પાછા આવી ગયા છે. તેઓ પિતાજીને એવું સમજાવશે કે ફરીથી પાંડવોને બોલાવી લેવામાં આવે. તેઓ આવું કરે તે પહેલા તમે લોકો એવી યુક્તિ કરો જેથી મારું કામ થઈ જાય.'

દુર્યોધનનો અભિપ્રાય સમજીને કર્ણે કહ્યું, 'આપણે બધા કવચ અને શસ્ત્રો ધારણ કરીને વનવાસી પાંડવોને મારી નાખવા માટે ત્યાં જઈએ. આ પ્રમાણે પાંડવોના મૃત્યુની વાતની લોકોને ખબર પણ નહિ પડે અને આપણો કલેશ હંમેશને માટે સમાપ્ત થઈ જશે. જ્યાં સુધી પાંડવો લડવા

માટે સશક્ત નથી ત્યાં સુધી તેમના પર વિજય પ્રાપ્ત કરી લેવો જોઈએ.' બધાએ કર્ણની વાત સ્વીકારી લીધી. તે બધા ક્રોધને અધીન થઈને રથ પર બેસી પાંડવોને મારવા માટે વન તરફ ચાલી નીકળ્યા. જે સમયે કૌરવો પાંડવોનું અનિષ્ટ કરવા માટે યાત્રા શરૂ કરી રહ્યા હતા, તે જ સમયે મહર્ષિ વ્યાસ ત્યાં આવી પહોંચ્યા. તેમણે પોતાની દિવ્યદૃષ્ટિથી કૌરવોની દુર્બુદ્ધિની જાણ થઈ ગઈ હતી. તેમણે આજ્ઞા આપીને કૌરવોને આ પ્રમાણે કરવાથી રોકી લીધા. ત્યાર પછી ધૃતરાષ્ટ્ર પાસે જઈને તેમણે કહ્યું, 'ધૃતરાષ્ટ્ર! હું તમારા લોકોના હિતની વાત કહું છું. દુર્યોધને કપટપૂર્વક જુગાર રમીને પાંડવોને હરાવી વનમાં મોકલી દીધા, આ વાત મને સારી લાગી નથી. એ નિશ્ચિત છે કે તેર વર્ષ પછી કૌરવો દ્વારા અપાયેલા કષ્ટોનું સ્મરણ કરીને પાંડવો ઉગ્રરૂપ ધારણ કરી તમારા પુત્રોનો ધ્વંસ કરી નાખશે. જો તમે કુરુવંશીઓની રક્ષા અને તેમનું જીવન ઇચ્છો છો તો તમારો પુત્ર દુર્યોધન પાંડવો સાથે મેળમેળાપ કરી લે.

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'જે કંઈ તમે કહી રહ્યા છો તે જ હું પણ કહું છું. આ વાત બધા લોકો જાણે છે. જો તમે મારા પર અનુગ્રહ કરતા હોવ તો તમે મારા દુષ્ટ પુત્ર દુર્યોધનને સમજાવો.'

વ્યાસજીએ કહ્યું, 'થોડી જ વારમાં મહર્ષિ મૈત્રેયજી અહીં આવી રહ્યા છે. તેઓ પાંડવોને મળીને હવે આપણને મળવા જ આવે છે. તેઓ તમારા પુત્રને મેળમેળાપનો ઉપદેશ આપશે. જો તેમની આજ્ઞાનું ઉલ્લંઘન થશે તો તેઓ ક્રોધિત થઈ શાપ આપી દેશે.' એટલું કહીને મહર્ષિ વ્યાસ ત્યાંથી રવાના થઈ ગયા.

મહર્ષિ મૈત્રેયના પધારતા જ ધૃતરાષ્ટ્ર તેમના પુત્રો સહિત તેમના સેવા-સત્કારમાં લાગી ગયા. વિશ્રામ પછી ધૃતરાષ્ટ્રે વિનયપૂર્વક પૂછ્યું, 'તમે કુરુજાંગલ દેશથી અહીં સુધી આરામથી તો આવ્યા છો ને? પાંચે પાંડવો સકુશળ તો છે ને? તમે કૃપા કરીને એ તો જણાવો કે કૌરવો અને પાંડવોમાં કાયમ માટે મેળમેળાપ થઈ જશે ને?' મૈત્રેયજીએ કહ્યું, 'હું તીર્થયાત્રા કરતાં કરતાં કુરુજાંગલ દેશમાં ગયો હતો. ત્યાં કામ્યકવનમાં ધર્મરાજ યુધિષ્ઠિર સાથે ભેટો થયો. તેમના દર્શન માટે મોટા ઋષિમુનિઓ આવે છે. ધૃતરાષ્ટ્ર! મેં ત્યાં એવું સાંભળ્યું કે તમારા પુત્રોએ કપટથી જુગાર રમીને એમની સાથે અન્યાય કર્યો છે.'

ત્યાર પછી તેમણે દુર્યોધન તરફ મોં ફેરવીને કહ્યું, 'દુર્યોધન! હું

તમારા હિતની વાત કહી રહ્યો છું. તમે થોડી સમજણપૂર્વક કામ કરો. પાંડવોને, કુરુવંશીઓનું, બધી પ્રજાનું અને તમારું પણ હિત એમાં જ છે કે તમે પાંડવોનો દ્વેષ ન કરો. તેઓ વીર, યોદ્ધા અને બળવાન છે. તેમના હાથે મોટા રાક્ષસોનો નાશ થવાનો છે અને હિડિમ્બ, બક, કિર્મીર વગેરે રાક્ષસોને તેમણે મારી પણ નાખ્યા છે. પાંડવોની સાથે યુદ્ધમાં ટક્કર લેનાર અત્યારે કોઈ નથી. તેથી તમારે તેમની સાથે મેળ કરી લેવો જોઈએ. મારી વાત માની લો અને ક્રોધને વશ થઈને અનર્થ ન કરો.'

જે સમયે મહર્ષિ મૈત્રેય આ પ્રમાણે કહી રહ્યા હતા તે સમયે દુર્યોધન હસીને પોતાની સાથળ પર હાથેથી તાલ ઠોકવા લાગ્યો. દુર્યોધનની આ ઉદ્ધતાઈ જોઈને મૈત્રેયજીએ તેને શાપ આપવાનો વિચાર કર્યો. તેમણે જળનો સ્પર્શ કરીને દુર્યોધનને શાપ આપ્યો, 'મૂર્ખ દુર્યોધન! તું મારો તિરસ્કાર કરે છે અને મારી વાત માનતો નથી. હવે તું તારા આ અભિમાનનું ફળ ચાખ. તારા આ દ્રોહને કારણે કૌરવ અને પાંડવોમાં ભયંકર યુદ્ધ થશે. તેમાં ભીમ ગદાથી તારી જાંઘ તોડી નાખશે.'

મહર્ષિ મૈત્રેયના આવા કથનથી ધૃતરાષ્ટ્ર તેમના ચરણોમાં પડીને કાલાવાલા કરવા લાગ્યા અને કહ્યું, 'એવી કૃપા કરો કે જેથી આ શાપ ન લાગે.' મૈત્રેયજીએ કહ્યું, 'જો તમારો પુત્ર પાંડવો સાથે મેળ કરી લેશે તો મારો શાપ તેને લાગશે નહિ.' ત્યાર પછી મૈત્રેયજીએ ત્યાંથી પ્રસ્થાન કર્યું. દુર્યોધન પણ ભીમના કિર્મીર વધસંબંધી પરાક્રમને સાંભળીને ઉદાસ મોઢે ત્યાંથી ચાલ્યો ગયો.

ભીમ દ્વારા કિર્મીર રાક્ષસનો વધ

મૈત્રેયમુનિના ગયા પછી રાજા ધૃતરાષ્ટ્રે વિદુરને પૂછ્યું, 'વિદુર! ભીમ સાથે કિર્મીર રાક્ષસનો ભેટો ક્યાં થયો? વિદુરજીએ કહ્યું, 'જે સમયે પાંડવો જુગારમાં હારીને વનવાસ માટે હસ્તિનાપુરથી રવાના થયા તે સમયે તેઓ સતત ત્રણ દિવસ સુધી ચાલતા રહ્યા. જે માર્ગે તેઓ કામ્યકવનમાં પ્રવેશ કરવા ઇચ્છતા હતા તે સમયે તે માર્ગને રોકીને કિર્મીર રાક્ષસ ઊભો થઈ ગયો. તે વખતે રાક્ષસ ભયંકર વેશમાં પાંડવોની સામે આવીને ઊભો રહી ગયો. પાંડવોનો પરિચય જાણીને કિર્મીરે કહ્યું કે, 'હું બકાસુરનો ભાઈ અને હિડિમ્બનો મિત્ર છું. આ જ ભીમે તેમને માર્યા છે. તેથી આજે મને અવસર મળી ગયો છે કે હું તેને નષ્ટ કરી નાખું.'

ભીમે તેના પરાક્રમથી ઝપટીને રાક્ષસને પોતાની ભુજાઓમાં દબાવી દીધો, પરંતુ તે જોર કરીને નીકળી ગયો અને સામેથી ભીમને જ પકડી લીધો. ત્યાર પછી બળવાન ભીમે તેને જમીન પર પટકી દઈ તેનું ગળું દબાવી દીધું. તેનું શરીર ઢીલું પડી ગયું અને આંખો બહાર આવી ગઈ. આ પ્રમાણે કિર્મીર રાક્ષસ મરી જવાથી પાંડવોને ઘણી પ્રસન્નતા થઈ. બધાએ ભીમની પ્રશંસા કરી. પછી કામ્યકવનમાં પ્રવેશ કર્યો. આ પ્રમાણે વિદુરજીએ રાજા ધૃતરાષ્ટ્રને આ વાત કહી.

ભગવાન શ્રીકૃષ્ણ વગેરેનું કામ્યકવનમાં આગમન

જ્યારે પાંડવોના સગાંસંબંધીઓને એવા સમાચાર મળ્યા કે પાંડવો અત્યંત દુઃખી થઈને રાજધાનીમાંથી ચાલ્યા ગયા અને કામ્યકવનમાં નિવાસ કરી રહ્યા છે, ત્યારે તેઓ કૌરવો પર ક્રોધિત થઈને પોતાના કર્તવ્યનો નિશ્ચય કરવા માટે પાંડવો પાસે ગયા. બધા ક્ષત્રિયો ભગવાન શ્રીકૃષ્ણને પોતાના નેતા બનાવીને યુધિષ્ઠિરની ચારે બાજુ બેસી ગયા. ભગવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને નમસ્કાર કરીને કહ્યું, 'હવે આપણે એકત્ર થઈને કૌરવો અને તેમના સહાયકોને યુદ્ધમાં મારી નાખીને રાજા યુધિષ્ઠિરનો રાજ્યસિંહાસન પર અભિષેક કરીએ.'

અર્જુન અને શ્રીકૃષ્ણ એકબીજા સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યારે રાણી દ્રૌપદી ભગવાન શ્રીકૃષ્ણનું શરણ ગ્રહણ કરી તેમની પાસે આવી અને કહેવા લાગી, 'હું પ્રેમથી તમારી સામે મારું દુઃખ જણાવું છું. શ્રીકૃષ્ણ! હું પાંડવોની પત્ની, ધૃષ્ટદ્યુમ્નની બહેન અને તમારી સખી છું. મારા જેવી સ્ત્રીને કૌરવોની ભરી સભામાં વાળ ખેંચીને અપમાનિત કરવામાં આવી એ કેટલી દુઃખની વાત છે. કૌરવોએ કપટથી અમારું રાજ્ય છીનવી લઈ પાંડવોને દાસ બનાવી દીધા. હું જાણું છું કે ગાંડિવ ધનુષ્યને અર્જુન, ભીમ અને તમારા સિવાય કોઈ ચડાવી શકે નહિ છતાં પણ ભીમ અને અર્જુન મારી રક્ષા ન કરી શક્યા.' આમ કહેતાં કહેતાં તેની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી.

ત્યારે શ્રીકૃષ્ણે ભરી સભામાં દ્રૌપદીને સંબોધિત કરીને કહ્યું, 'તમે જેમના પર ક્રોધિત છો તેમની સ્ત્રીઓ પણ આ જ પ્રમાણે રડશે. થોડા જ દિવસોમાં કૌરવો અર્જુનના બાણોથી કપાઈને લોહીથી લદબદ થઈને ધરાશાયી થઈ જશે.'

શ્રીકૃષ્ણે ધર્મરાજને સંબોધિત કરતાં કહ્યું, 'જો તે વખતે હું દ્વારકામાં હોત તો તમારે આટલું દુઃખ ઉઠાવવું ન પડત. જો કૌરવો મને દ્યુતક્રીડામાં ન બોલાવત, તો પણ હું સ્વયં ત્યાં આવી જાત અને જુગારના અનર્થને ટાળી દેત. જ્યારે હું પાછો દ્વારકા આવ્યો ત્યારે મને સમાચાર મળ્યા કે હસ્તિનાપુરમાં દ્યુતક્રીડા દ્વારા તમને લોકોને જીતી લેવામાં આવ્યા છે. તે જ સમયે હું ત્યાંથી નીકળી ગયો અને હસ્તિનાપુર થઈને અહીં આવ્યો છું. શ્રીકૃષ્ણએ પછી યુધિષ્ઠિર પાસે દ્વારકા જવાની અનુમતિ માગી. શ્રીકૃષ્ણ પોતાના રથમાં સુભદ્રા અને અભિમન્યુને બેસાડીને યુધિષ્ઠિરને ધીરજ આપીને દ્વારકા જવા રવાના થયા. પાંડવોએ પોતાના પ્રજાજનોને પાછા જવા માટે ખૂબ સમજાવ્યા પરંતુ તેઓ પાછા ન ગયા. બધાને જેમતેમ રવાના કરીને યુધિષ્ઠિરે બ્રાહ્મણોનો સત્કાર કરી તેમની પાસે આગળ જવાની આજ્ઞા માગી અને સેવકોને રથ તૈયાર કરવા કહ્યું.

જ્યારે શ્રીકૃષ્ણ વગેરે પોતપોતાના સ્થાને જવા રવાના થઈ ગયા ત્યારે પાંડુઓએ બ્રાહ્મણોને સોનામહોરો, વસ્ત્ર અને ગાયો આપી અને રથ પર બેસી ત્યાંથી આગળના વનમાં જવા માટે પ્રસ્થાન કર્યું. પ્રજાના ચાલ્યા ગયા પછી ધર્મરાજે પોતાના ભાઈઓને કહ્યું કે, 'આપણે બાર વર્ષ સુધી નિર્જન વનમાં રહેવાનું છે. તેથી જ્યાં ઋષિઓના પવિત્ર આશ્રમ હોય તેવું સ્થાન શોધી લેવું જોઈએ.'

અર્જુને ધર્મરાજને કહ્યું કે, 'હવે જે વન આવશે તેનું નામ દ્વૈતવન છે. તેમાં પવિત્ર જળથી ભરેલું એક સરોવર, ખીલેલા રંગબેરંગી ફૂલો, આવશ્યક ફળ પણ ત્યાં છે. મને તો આ વનમાં રહેવું ઠીક લાગે છે. તમારી અનુમતિ હોય તો આજ્ઞા કરો. યુધિષ્ઠિરે કહ્યું કે, 'આપણે દ્વૈતવનમાં જઈએ.' આ પ્રમાણે પાંડવો ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય છોડીને દ્વૈતવનમાં રહેવા લાગ્યા.

તે દિવસોમાં માર્કંડેયમુનિ પાંડવોના આશ્રમ પર આવ્યા. ત્યાં મુનિનો વિધિપૂર્વક સ્વાગત-સત્કાર કર્યો. માર્કંડેયમુનિ પાંડવો અને દ્રૌપદીને જોઈને હસવા લાગ્યા. યુધિષ્ઠિરે તેમને પ્રશ્ન કર્યો, 'અમારી આ હાલત જોઈને સૌ દુઃખી થાય છે ત્યારે આપના ચહેરા પર પ્રસન્નતા છે એનું કારણ શું?' માર્કંડેયમુનિએ પાંડવોને કહ્યું, 'દુષ્ટ પ્રત્યે દુષ્ટતા આચરવાની આપણામાં પૂરેપૂરી શક્તિ હોય છતાં આપણે તો ધર્મ જ આચરવો. તમારા બાર વરસના વનવાસનું અને તેરમા વરસના

અજ્ઞાતવાસના દુ:ખો સહન કર્યા પછી તમને તમારું રાજ્ય પાછું મળશે.' પાંડવોને આશીર્વચન આપી તેમણે વિદાય લીધી.

જ્યારથી પાંડવો દ્વૈતવનમાં આવીને રહેવા લાગ્યા ત્યારથી આ વન બ્રાહ્મણોથી ભરાય ગયું. તે વનમાં વેદધ્વનિ સંભળાતો. ભીમ અને યુધિષ્ઠિર એકબીજા સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે જ વેદવ્યાસજી ત્યાં આવી પહોંચ્યા. પાંડવોએ આગળ જઈને વેદવ્યાસજીનું સ્વાગત કર્યું અને તેમને આસન પર બેસાડીને વિધિપૂર્વક તેમની પૂજા કરી.

વેદવ્યાસજીએ યુધિષ્ઠિરને કહ્યું, 'હું તમારા મનની બધી વાત જાણું છું તેથી હું તમારી પાસે આવ્યો છું. તમારા હૃદયમાં જે ભય છે તેનો હું શાસ્ત્રોક્ત રીતે વિનાશ કરીશ. તમે મારો જણાવેલો ઉપાય કરો, તમારા મનનું બધું દુ:ખ મટી જશે.' આમ કહીને વેદવ્યાસજીએ ધર્મરાજને એકાંતમાં લઈ ગયા અને કહ્યું, 'તમે મારા શરણાગત શિષ્ય છો તેથી હું તમને પ્રતિસ્મૃતિ નામની વિદ્યા આપું છું. તમે આ વિદ્યા અર્જુનને શિખવાડી દેજો. આના બળથી તે તમારું રાજ્ય શત્રુઓના હાથમાંથી છીનવી લેશે. અર્જુન ભગવાન નારાયણનો સાથી ઋષિ નર છે. એને કોઈ જીતી શકે એમ નથી. તેથી તમે તેને અસ્ત્ર વિદ્યા પ્રાપ્ત કરવા માટે ભગવાન શંકર, ઈન્દ્ર, વરુણ, કુબેર અને ધર્મરાજ પાસે મોકલો. એ તેમની પાસેથી અસ્ત્રો પ્રાપ્ત કરીને પરાક્રમનું કામ કરશે. હવે તમારે કોઈ બીજા વનમાં જઈને રહેવું જોઈએ કેમ કે તપસ્વીઓને લાંબા સમય સુધી એક સ્થાન પર રહેવું દુ:ખદાયક થઈ જાય છે.' આમ કહીને વેદવ્યાસે રાજાને પ્રતિસ્મૃતિ વિદ્યાનો ઉપદેશ આપી તેમની અનુમતિ લઈને તેઓ ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.

ધર્મરાજ ભગવાન વ્યાસના ઉપદેશ અનુસાર મંત્રનું મનન અને જપ કરવા લાગ્યા. તેમના મનમાં બહુ પ્રસન્નતા થઈ. તેઓ દ્વૈતવનથી નીકળી કામ્યકવનમાં આવ્યા. યુધિષ્ઠિરે અર્જુનને એકાંતમાં કહ્યું, 'ભગવાન વેદવ્યાસે મને એક ગુપ્તવિદ્યાનો ઉપદેશ કર્યો છે તેનો પ્રયોગ કરવાથી સઘળું જગત સ્પષ્ટરૂપે દેખાવા લાગે છે. તમે મારી પાસે આ વિદ્યા શીખી લો અને યોગ્ય સમયે દેવતાઓની કૃપા પ્રાપ્ત કરી લો. આના માટે તમે બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી સાધુઓની જેમ રસ્તામાં કોઈને અવકાશ આપ્યા વિના ઉત્તર દિશા તરફ જાઓ. ત્યાં તમે ઉગ્ર તપ કરીને દેવતાઓની કૃપા પ્રાપ્ત કરો. વૃત્રાસુરથી ભયભીત થઈને દેવતાઓએ

પોતાના બધા અસ્ત્રોનું બળ ઇન્દ્રને સોંપી દીધું હતું. તેથી બધા અસ્ત્રશસ્ત્ર ઇન્દ્ર પાસે જ છે. તમે ઇન્દ્રના શરણમાં જાઓ. તેઓ તમને બધા અસ્ત્રો આપશે. તમે આજે જ મંત્રદીક્ષા લઈને ઇન્દ્રના દર્શન માટે જાઓ.' આ રીતે અર્જુનને શાસ્ત્રવિધિ અનુસાર ગુપ્ત મંત્ર શિખવાડી દીધો અને ઇન્દ્રકીલ જવાની આજ્ઞા આપી દીધી. અર્જુન સુસજ્જ થઈને જવા માટે તૈયાર થઈ ગયા.

અર્જુન જ્યારે ઇન્દ્રના દર્શન કરાવનારી વિદ્યાથી યુક્ત થઈને માર્ગમાં ચાલી રહ્યા હતા ત્યારે બધા પ્રાણીઓ તેમનો રસ્તો છોડીને દૂર હઠી જતાં હતાં. અર્જુન એક જ દિવસમાં હિમાલય પર જઈ પહોંચ્યા પછી તેઓ ગંધમાદન પર્વત પર ગયા. ત્યાંથી તે ઇન્દ્રકીલ પાસે પહોંચી ગયા. ત્યાં તેમને એક અવાજ સંભળાયો, 'ઊભા રહો.' આમ તેમ જોતાં ખબર પડી કે એક વૃક્ષની છાયામાં કોઈ તપસ્વી બેઠેલા છે. આ જટાધારી તપસ્વીને જોઈને અર્જુન ઊભા રહી ગયા.

તપસ્વીએ કહ્યું, 'ધનુષ્યબાણ, કવચ અને તલવાર ધારણ કરેલા તમે કોણ છો? અહીં શસ્ત્રોનું કોઈ કામ નથી. અહીં શાંત સ્વભાવના તપસ્વીઓ રહે છે. યુદ્ધ થતું જ નથી તેથી તમે તમારું ધનુષ્ય ફેંકી દો. તપસ્વીએ હસતાં હસતાં ઘણીવાર આ જ વાત કહી, પરંતુ અર્જુન મક્કમ રહ્યા. તેમણે શસ્ત્રો ન છોડવાનો નિશ્ચય કર્યો હતો. તપસ્વીએ કહ્યું, 'અર્જુન! હું ઇન્દ્ર છું, તમારી જે ઇચ્છા હોય તે મારી પાસે માગી લો.' અર્જુને બે હાથ જોડી ઇન્દ્રને પ્રણામ કરીને કહ્યું, 'હું તમારી પાસે સંપૂર્ણ અસ્ત્રવિદ્યા શીખવા ચાહું છું. તમે મને એ જ વરદાન આપો.'

ઇન્દ્રે કહ્યું, 'હવે તમે અસ્ત્રવિદ્યા શીખીને શું કરશો? ઇચ્છા હોય તે ઐશ્વર્ય-ભોગો માગી લો.' અર્જુને કહ્યું, 'હું લોભ, કામ, સુખ અથવા ઐશ્વર્ય માટે મારા ભાઈઓને વનમાં છોડી શકું નહિ. હું તો અસ્ત્રવિદ્યા શીખીને મારા ભાઈઓ પાસે પાછો જઈશ.' ઇન્દ્રે અર્જુનને કહ્યું, 'જ્યારે તમને ભગવાન શંકરના દર્શન થશે ત્યારે હું તમને બધા અસ્ત્રો આપી દઈશ. તમે તેમના દર્શન માટે પ્રયત્ન કરો. તેમના દર્શનથી સિદ્ધ થઈને તમે સ્વર્ગમાં આવજો.' ઇન્દ્ર ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.

અર્જુન હિમાલય ઓળંગીને એક જંગલમાં જઈ પહોંચ્યા. તેઓ વસ્ત્ર, દંડ, મૃગચર્મ અને કમંડળ ધારણ કરીને તપસ્યા કરવા લાગ્યા. પ્રથમ માસમાં તેમણે ત્રણ-ત્રણ દિવસે વૃક્ષોથી ખરેલાં સૂકાં પાંદડાં ખાધાં,

બીજા મહિને છ-છ દિવસે, ત્રીજા મહિને પંદર-પંદર દિવસે અને ચોથે મહિને હાથ ઉપર રાખીને પગના અંગૂઠાની અણી પર નિરાધાર ઊભા રહ્યા અને કેવળ શ્વાસ લઈને તપ કરવા લાગ્યા. જળમાં નિત્ય સ્નાન કરવાથી તેમની જટાઓ પીળી-પીળી થઈ ગઈ હતી. મોટા ઋષિમુનિઓએ ભગવાન શંકર પાસે જઈને પ્રાર્થના કરી. તેમણે કહ્યું, 'અર્જુનની તપસ્યાના તેજથી દિશાઓ ધૂંધળી થઈ ગઈ છે.' ભગવાન શંકરે તેમને કહ્યું, 'હું આજે અર્જુનની ઇચ્છા પૂરી કરીશ.'

ભગવાન શંકર ભીલનો અને પાર્વતીજી ભીલડીનો વેશ ધારણ કરી અર્જુન પાસે આવ્યાં. ભગવાન શંકર તેમની પાસે આવીને જોયું કે મૂક દાનવ જંગલી સૂવરનો વેશ ધારણ કરીને અર્જુનને મારી નાખવાનો લાગ જોઈ રહ્યો છે. અર્જુને પણ સૂવરને જોઈ લીધું. તેમણે ગાંડિવ ધનુષ્ય પર બાણ ચડાવીને મૂક દાનવને કહ્યું, 'તું મુજ નિરપરાધને મારવા માગે છે તેથી હું તને હમણાં જ યમરાજના હવાલે કરું છું.' જ્યાં તેમણે બાણ મારવાની તૈયારી કરી ત્યાં ભીલવેશધારી શિવજીએ રોકીને કહ્યું, 'હું પહેલા જ તમને મારવાનો નિશ્ચય કરી ચૂક્યો છું. તેથી તમે તેને ન મારો.' અર્જુને ભીલની વાતની સહેજ પણ પરવા ન કરીને સૂવર પર બાણ છોડી દીધું. શિવજીએ પણ એ જ સમયે પોતાનું બાણ ચલાવ્યું. બંને બાણ મૂક દાનવના શરીર પર જઈને ટકરાયા. તે દાનવના રૂપમાં પ્રગટ થઈને મૃત્યુ પામ્યો. હવે અર્જુને ભીલને પૂછ્યું, 'તું કોણ છે? આ સૂવર મારો તિરસ્કાર કરવા માટે અહીં આવ્યો હતો. મેં પહેલા જ તેને મારવાનો વિચાર કરી લીધો હતો પછી તે આનો વધ કેમ કર્યો? હું તને જીવતો નહીં છોડું.' પછી ભીલે કહ્યું, 'આ સૂવર પર મેં તારાથી પહેલા પ્રહાર કર્યો. મારો વિચાર પણ તારાથી પહેલાનો હતો. આ મારું નિશાન હતો, મેં જ આને માર્યો છે. તું સહેજ રોકાઈ જા. હું બાણ ચલાવું છું, તારામાં શક્તિ હોય તો મારા બાણને સહી લે. અન્યથા તું મારા પર બાણ ચલાવ.' ભીલની આ વાત સાંભળીને અર્જુન ક્રોધિત થઈને તેના પર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. અર્જુનના બાણ જેવા ભીલ પાસે આવતા તે તેમને પકડી લેતો. ભીલવેશધારી ભગવાન શંકર હસીને કહેતાં કે, 'માર, ખૂબ માર, સહેજ પણ કચાશ રાખીશ નહિ.' બેને બાજુથી બાણવૃષ્ટિ થવા લાગી. ભીલનો એક વાળ પણ વાંકો થયો નહિ આ જોઈને અર્જુન આશ્ચર્યચકિત થઈ ગયો. આ રીતે તેમની વચ્ચે યુદ્ધ થવા લાગ્યું. અર્જુન લોહીલુહાણ થઈને

જમીન પર પડી ગયો. થોડીવાર પછી તેને હોશ આવ્યો. તેમણે માટીની એક વેદી બનાવી, તેના પર ભગવાન શંકરની સ્થાપના કરી અને શરણાગત થઈને તેમની પૂજા કરવા લાગ્યા. અર્જુને જોયું કે જે ફૂલ તેમણે શિવજીને ચડાવ્યું છે તે ભીલના મસ્તક પર છે. તેમણે ભીલના ચરણોમાં પ્રણામ કર્યા. ભગવાન શંકરે પ્રસન્ન થઈને અર્જુનને કહ્યું, 'હું તમારા કર્મથી પ્રસન્ન છું. હું તમને એક એવું અસ્ત્ર બતાવું છું, જેનું કોઈ નિવારણ કરી શકતું નથી. તમે ક્ષણભરમાં જ મારું તે અસ્ત્ર ધારણ કરી શકશો. હવે અર્જુને શંકરજી અને પાર્વતીજીના ચરણસ્પર્શ કરી પ્રણામ કર્યા. પછી અર્જુને ભગવાન શંકરને પ્રસન્ન કરવા સ્તુતિ કરી. અર્જુનની સ્તુતિ સાંભળીને ભગવાન હસી પડ્યા અને અર્જુનનો હાથ પકડીને બોલ્યા, 'ક્ષમા કરી દીધો.' પછી ભગવાન શંકર અર્જુનને ભેટી પડ્યા.

ભગવાન શંકરે કહ્યું, 'હું તમારા પર પ્રસન્ન છું, જે તમારી ઇચ્છા હોય તે વરદાન માગી લો.' અર્જુને કહ્યું, 'જો તમે મારા પર પ્રસન્ન થઈને વરદાન આપવા માગો છો તો મને આપનું પાશુપતાસ્ત્ર આપો. તે અસ્ત્રથી હું ભાવિ યુદ્ધમાં બધાને જીતી શકું એવી કૃપા કરો.' ભગવાન શંકરે કહ્યું, 'તમને હું મારું પ્રિય પાશુપતાસ્ત્ર આપું છું, કેમ કે તમે એના અધિકારી છો. હું તમને આ અસ્ત્ર આપું છું, પરંતુ તમે આને કોઈના ઉપર એકાએક છોડી દેશો નહિ. અલ્પ શક્તિના મનુષ્ય પર આનો પ્રયોગ કરવાથી આ જગતનો નાશ કરી નાખશે.' અર્જુન સ્નાન કરીને પવિત્ર થઈને ભગવાન પાસે આવ્યો અને કહ્યું, 'હવે મને પાશુપતાસ્ત્રની વિદ્યા આપો.' તેમણે તેને ગ્રહણ કરી લીધું. ભગવાન શંકરે અર્જુનને આજ્ઞા આપી કે, 'હવે તમે સ્વર્ગમાં જાઓ.' ત્યાર પછી અર્જુનની સામે જ શંકરજી આકાશમાર્ગે ચાલ્યા ગયા.

અર્જુન શંકરજીના દર્શન કરી પોતાને ધન્ય માની વિચાર કરી રહ્યા હતા કે તેમની સામે વરુણદેવ, ધનપતિ કુબેર, યમરાજ અને ઘણા બધા ગંધર્વો વગેરે મંદરાચલના શિખર પર આવીને ઊતર્યા. થોડી જ વારમાં દેવરાજ ઇન્દ્ર પણ ઇન્દ્રાણી સાથે ઐરાવત પર બેસી મંદરાચલ પર આવ્યા. પછી યમરાજે મધુર વાણીમાં કહ્યું, 'બધા લોકપાલો તમારી પાસે આવ્યા છે. આજે તમે અમારા દર્શનના અધિકારી થઈ ગયા છો તેથી દિવ્યદૃષ્ટિ લો. અમારા દર્શન કરો. હવે તમે ભગવાન શ્રીકૃષ્ણ પાસે રહીને પૃથ્વીનો ભાર ઉતારો. હું તમને મારો તે દંડ આપું છું, જેનું કોઈ

નિવારણ કરી શકતું નથી.' વરુણે કહ્યું, 'હું જળાધીશ વરુણ છું. મારો વારુણપાશ યુદ્ધમાં ક્યારેય નિષ્ફળ થતો નથી. તમે આને ગ્રહણ કરો અને તેની વિધિ પણ શીખી લો.' પછી કુબેરે કહ્યું, 'તમે ભગવાનના નરરૂપ છો. તમે અમારી સાથે ખૂબ પરિશ્રમ કર્યો છે. તેથી તમે મારી પાસેથી અંતર્ધાન નામનું અનુપમ અસ્ત્ર ધારણ કરો.' ઇન્દ્રે કહ્યું, 'તમને દેવતાઓની પરમ ગતિ પ્રાપ્ત થઈ ગઈ છે. તમારે દેવતાઓના મોટા કામ કરવાના છે અને સ્વર્ગમાં પણ આવવાનું છે. આના માટે તમે તૈયાર થઈ જાવ. માતલિ સારથિ તમારા માટે રથ લઈને આવશે. તે સમયે હું તમને દિવ્ય અસ્ત્ર પણ આપીશ.' આ પ્રમાણે બધા લોકપાલોએ પ્રગટ થઈને અર્જુનને દર્શન અને વરદાન આપ્યા. પછી દેવતાઓ પોતાપોતાના પરમધામમાં ચાલ્યા ગયા.

દેવતાઓના ચાલ્યા ગયા પછી અર્જુન ત્યાં જ રહીને ઇન્દ્રના રથની પ્રતીક્ષા કરી રહ્યા હતા. થોડી જ વારમાં ઇન્દ્રનો સારથિ દિવ્ય રથ લઈને ત્યાં આવી પહોંચ્યો. માતલિ સારથિએ અર્જુન પાસે આવીને પ્રણામ કરીને કહ્યું, 'દેવરાજ ઇન્દ્ર તમને મળવા માગે છે. તમે તેમના આ પ્રિય રથમાં બેસીને જલદી ચાલો.' સારથિની વાત સાંભળીને અર્જુનના મનમાં ભારે પ્રસન્નતા થઈ. પછી મંદરાચળની આજ્ઞા માગી ઇન્દ્રના દિવ્ય રથમાં બેઠા. તે સમયે ઇન્દ્રનો રથ ઉજ્જવળ બની ગયો. ક્ષણભરમાં તે રથ મંદરાચળ પરથી ઊડીને ત્યાંના ઋષિ-મુનિઓની દૃષ્ટિથી અદૃશ્ય થઈ ગયો. અર્જુને માતલિને પૂછ્યું ત્યારે તેણે કહ્યું, 'પૃથ્વી પરથી તમે જેમને તારાના રૂપમાં જુઓ છો, તે પુણ્યાત્મા પુરુષોનાં નિવાસસ્થાન છે.' હવે તે દિવ્ય રથ પુણ્યાત્મા પુરુષોના માર્ગને ઓળંગીને આગળ નીકળી ગયો હતો. ત્યારપછી ઇન્દ્રપુરી અમરાવતીનાં દર્શન થયાં. હવે અપ્સરાઓ અને ગંધર્વોએ જોયું કે અર્જુન સ્વર્ગમાં આવી ગયા છે ત્યારે તેઓ તેમની સ્તુતિ કરવા લાગ્યા. અર્જુનને દેવરાજ ઇન્દ્રના દર્શન થયાં. રથમાંથી ઊતરીને અર્જુને દેવરાજ ઇન્દ્ર પાસે જઈને તેમના ચરણોમાં પ્રણામ કર્યા. ઇન્દ્રદેવે અર્જુનનું ઇન્દ્રપુરીમાં ભવ્ય સન્માન કર્યું. વીર અર્જુન ઇન્દ્રના ભવનમાં રહીને અસ્ત્રોનો પ્રયોગ અને ઉપસંહારનો અભ્યાસ કરવા લાગ્યા. સઘળાં અસ્ત્ર-શસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અર્જુન પોતાના વનવાસી ભાઈઓનું સ્મરણ કરીને સ્વર્ગમાંથી મર્ત્યલોકમાં આવવા ચાહતા હતા. પરંતુ ઇન્દ્રની આજ્ઞાથી તેઓ પાંચ વર્ષ સ્વર્ગમાં રહ્યા.

એક દિવસ દેવરાજ ઇન્દ્રે અર્જુનને કહ્યું કે, 'અર્જુન! હવે તમે ચિત્રસેન ગંધર્વ પાસેથી નાચ-ગાન શીખી લો. સાથે સાથે જે વાજિંત્રો નથી તે બધાંની વાદ્યકળા પણ શીખી લો.' પછી એ નાચ-ગાન અને વાદ્યકળા શીખીને નિપુણ થઈ ગયો. આ બધો અભ્યાસ કરતાં કરતાં પણ અર્જુનને જ્યારે તેમના ભાઈઓ અને માતાનું સ્મરણ થતું ત્યારે તે દુઃખથી વિહ્વળ થઈ જતા હતા. એક દિવસે ઇન્દ્રે જોયું કે અર્જુન આંખનું મટકું માર્યા વિના ઉર્વશી તરફ જોઈ રહ્યા છે. તેમણે ચિત્રસેનને એકાંતમાં બોલાવીને કહ્યું કે, 'તમે ઉર્વશી અપ્સરા પાસે જઈને મારો સંદેશો કહો કે અર્જુનની પાસે જાય.'

ચિત્રસેનએ ઉર્વશી પાસે જઈને કહ્યું કે, 'હું દેવરાજ ઇન્દ્રની આજ્ઞાથી તમારી પાસે આવ્યો છું કે તમે અર્જુનના ગુણો સાંભળી તમે તેમની પાસે જાઓ.' ચિત્રસેનના ચાલ્યા ગયા પછી અર્જુનની સેવા કરવાની લાલસાથી ઉર્વશી અર્જુનના નિવાસસ્થાને જઈ પહોંચી. અર્જુને તેમને પ્રણામ કરી તેમનો સત્કાર કરી કહેવા લાગ્યા, 'હું તમને મસ્તક નમાવી પ્રણામ કરું છું. હું તમારો સેવક છું, મને આજ્ઞા કરો.' તેણે કહ્યું, 'હું દેવરાજ ઇન્દ્રની આજ્ઞાથી આપની સેવા માટે આવી છું. જ્યારથી મેં તમારા ગુણો સાંભળ્યા છે ત્યારથી મનોમન હું કામાતુર થઈ છું. તમે મારો સ્વીકાર કરો.' આ વાત સાંભળી અર્જુન બોલ્યો, 'મેં તમને આંખનું મટકું માર્યા વિના જોયું જરૂર હતું, પરંતુ મારા મનમાં કોઈ બૂરો ભાવ ન હતો. તમે તો પુરુવંશની આનંદમયી માતા છો.' ઉર્વશીએ કહ્યું, 'અમારાં અપ્સરાઓનાં કોઈની સાથે લગ્ન થતાં નથી. અમે સ્વતંત્ર છીએ. તેથી મને ગુરુજનની પદવી પર બેસાડવી યોગ્ય નથી. તમે મારા પર પ્રસન્ન થઈ જાઓ અને કામથી પીડિત એવી મારો ત્યાગ ન કરો.' અર્જુને કહ્યું, 'હું તમારા ચરણોમાં મસ્તક ઝૂકાવીને પ્રણામ કરું છું. તમે માતા જેવા પૂજનીય છો અને હું તમારા પુત્ર જેવો રક્ષાને પાત્ર છું.'

અર્જુનની વાત સાંભળીને ઉર્વશીએ ક્રોધિત થઈને તેને શાપ આપ્યો, 'હું ઇન્દ્રની આજ્ઞાથી કામાતુર થઈને તમારી પાસે આવી છું. છતાં તમે મારી ઇચ્છા પૂરી ન કરી. તેથી તમારે સ્ત્રીઓમાં નર્તક બનીને રહેવું પડશે અને સન્માનરહિત થઈને તમે નપુંસક તરીકે પ્રસન્ન થશો.' ત્યારબાદ તે પોતાના નિવાસસ્થાને ચાલી ગઈ. અર્જુને ચિત્રસેન પાસે જઈને બધી વાત વિસ્તારથી કહી. પછી ચિત્રસેને કહ્યું, 'તમારા જેવો પુત્ર

મેળવીને કુંતી ખરેખર પુત્રવતી બની ગયાં. ઉર્વશીએ તમને જે શાપ આપ્યો છે, તેનાથી તમારું મોટું કાર્ય સિદ્ધ થઈ જશે. જે સમયે તમે તેરમા વર્ષે અજ્ઞાતવાસ કરશો તે જ સમયે તમે નપુંસકરૂપે એક વર્ષ સુધી છુપાઈને આ શાપ ભોગવશો. પછી તમને પુરુષત્વની પ્રાપ્તિ થશે.'

તે દિવસોમાં એક દિવસ મહર્ષિ લોમશજી સ્વર્ગમાં આવ્યા. તેમણે જોયું કે અર્જુન ઇન્દ્રના અડધા સિંહાસન પર બેઠેલા છે. તેઓ પણ એક આસન પર બેસી ગયા અને મનમાં વિચારવા લાગ્યા કે, 'અર્જુનને આ આસન કઈ રીતે મળી ગયું?'

ઇન્દ્રે લોમશમુનિના મનની વાત જાણી લીધી અને તેમણે કહ્યું, 'તમારા મનમાં જે વિચાર ઉત્પન્ન થયો છે તેનો ઉત્તર હું આપું છું. આ અર્જુન માત્ર મનુષ્ય નથી, પરંતુ મનુષ્યરૂપધારી દેવતા છે. હવે તમે કામ્યકવનમાં રહેનારા યુધિષ્ઠિરને મળીને કહો કે અર્જુનની સહેજ પણ ચિંતા ન કરે. સાથે એ પણ કહેજો કે, 'હવે અર્જુન અસ્ત્રવિદ્યામાં નિપુણ થઈ ગયા છે. તમે તમારા ભાઈઓની સાથે એકાંતમાં રહી પવિત્ર તીર્થોની યાત્રા કરો. તીર્થયાત્રાથી બધાં પાપો નષ્ટ થઈ જશે અને તમે પવિત્ર થઈને રાજ્ય ભોગવશો.'

ઇન્દ્રની વાત સાંભળીને લોમશમુનિ કામ્યકવનમાં પાંડવો જ્યાં નિવાસ કરતા હતા ત્યાં ગયા. પાંડવો રાજ્યના નાશ અને અર્જુનના જવાથી ઘણા દુ:ખી થઈ રહ્યા હતા. પાંડવો અને દ્રૌપદી આ વિશે કંઈક ચર્ચા કરી રહ્યા હતા. ભીમે રાજા યુધિષ્ઠિરને કહ્યું કે, 'અર્જુન પર જ આપણા લોકોનો બધો ભાર છે. તે જ આપણા પ્રાણોનો આધાર છે. તે અત્યારે તમારી આજ્ઞાથી અસ્ત્રવિદ્યા શીખવા માટે ગયો છે. ભગવાન શ્રીકૃષ્ણ આપણા સહાયક અને રક્ષક છે. આપણે ભગવાન શ્રીકૃષ્ણની સહાયતાથી કર્ણ વગેરે બધા શત્રુઓને મારી નાખીશું અને પૃથ્વીને જીતીને રાજ્ય કરીશું. જ્યાં સુધી દુર્યોધન પૃથ્વીને પૂરી રીતે પોતાને વશ કરી લે તેના પહેલાં જ તેના કુટુંબને મારી નાખવું જોઈએ. તેથી જો તમે મને આજ્ઞા આપો તો હું ત્યાં જઈને દુર્યોધનનો નાશ કરી નાખું.'

ભીમની વાત સાંભળી યુધિષ્ઠિરે તેમને કહ્યું, 'તેર વર્ષ પૂરા થઈ જવા દો. પછી તમે અને અર્જુન મળીને દુર્યોધનનો નાશ કરજો.' ધર્મરાજ યુધિષ્ઠિર ભીમને આ પ્રમાણે સમજાવી જ રહ્યા હતા ત્યાં જ મહર્ષિ બૃહદશ્વ તેમના આશ્રમમાં આવતા દેખાયા.

મહર્ષિ બૃહદશ્વને આવતા જોઈને ધર્મરાજ યુધિષ્ઠિરે શાસ્ત્રવિધિથી તેમની પૂજા કરી આસન પર બેસાડ્યા. તેમના વિશ્રામ કર્યા પછી યુધિષ્ઠિર તેમને પોતાના સમાચાર કહેવા લાગ્યા. તેમણે કહ્યું, 'કૌરવો કપટબુદ્ધિથી મને બોલાવીને કપટ સાથે જુગાર રમ્યા અને મારું સર્વસ્વ છીનવી લીધું. તેમણે દ્રૌપદીને ઘસડીને ભરી સભામાં અપમાનિત કરી. તેમણે છેવટે અમને વનમાં મોકલી દીધા. તમે જ કહો કે આ પૃથ્વી પર મારા જેવો ભાગ્યહીન બીજો કોણ છે.'

મહર્ષિ બૃહદશ્વે કહ્યું, 'તમારું એ કહેવું બરાબર નથી કે મારા જેવો બીજો કોઈ રાજા દુઃખી થયો નથી. કેમકે હું તમારાથી પણ વધારે દુઃખી અને મંદભાગી રાજાની કથા જાણું છું. તમારી ઇચ્છા હોય તો હું સંભળાવું.

યુધિષ્ઠિરના આગ્રહ કરવાથી મહર્ષિ બૃહદશ્વે કહેવાનો પ્રારંભ કર્યો. નિષધ દેશમાં વીરસેનના પુત્ર નળ નામના એક રાજા થઈ ગયા. તેઓ ઘણા ગુણવાન, સુંદર, સત્યવાદી, બધાના પ્રિય, વેદજ્ઞ અને બ્રાહ્મણ ભક્ત હતા. તેમની સેના બહુ વિશાળ હતી. તેઓ અસ્ત્રવિદ્યામાં બહુ નિપુણ હતા. તેમને જુગાર રમવાનો પણ થોડો શોખ હતો. તે દિવસોમાં વિદર્ભ દેશમાં ભીમક નામના રાજા રાજ્ય કરતા હતા. તેઓ પણ નળની જેમ સર્વગુણસંપન્ન અને પરાક્રમી હતા. તેમણે દમન ઋષિને પ્રસન્ન કરીને તેમના વરદાનથી ચાર સંતાન પ્રાપ્ત કર્યાં હતાં. ત્રણ પુત્ર અને એક કન્યા. પુત્રોનાં નામ હતાં દમ, દાન્ત અને દમન અને પુત્રીનું નામ દમયંતી હતું. દમયંતી લક્ષ્મી જેવી રૂપવતી હતી. તે દિવસોમાં કેટલાય લોકો વિદર્ભમાંથી નિષધ દેશમાં આવતા અને રાજા નળની સામે દમયંતીના રૂપ અને ગુણનાં વખાણ કરતાં. નિષધ દેશથી જનાર પણ દમયંતીની સામે રાજા નળના રૂપ, ગુણ અને પવિત્ર ચરિત્રનું વર્ણન કરતા. આથી બંનેનાં હૃદયમાં પારસ્પરિક અનુરાગના અંકુર ફૂટ્યાં.

એક દિવસ રાજા નળે પોતાના મહેલના ઉદ્યાનમાં થોડા હંસોને જોયા. તેમણે એક હંસને પકડી લીધો. હંસે કહ્યું, 'તમે મને છોડી દો તો અમે દમયંતીની પાસે જઈને તમારા ગુણોનું એવું વર્ણન કરીશું કે તે તમને અવશ્ય વરશે.' નળે હંસને છોડી દીધો. તે બધા ઊડીને વિદર્ભ દેશમાં ગયા. દમયંતી પોતાની પાસે હંસોને જોઈને ઘણી રાજી થઈ અને હંસોને પકડવા માટે દોડતી, તે બોલી ઊઠતો કે 'અરે દમયંતી! નિષધ દેશમાં એક નળ નામનો રાજા છે. તે અશ્વિનીકુમાર જેવો સુંદર છે. જો તમે તેની પત્ની

થઈ જાઓ તો તમારો જન્મ અને રૂપ બંને સફળ થઈ જાય. તમારા બંનેની જોડી ઘણી જ ઉત્તમ થશે.'

દમયંતીએ કહ્યું, 'હંસ! તું નળને પણ જઈને આવી જ વાત કહેજે.' હંસે નિષધ દેશમાં જઈને નળને દમયંતીનો સંદેશો કહી દીધો. દમયંતી હંસના મુખેથી રાજા નળની કીર્તિ સાંભળીને તેમને પ્રેમ કરવા લાગી. તે રાત-દિવસ તેમનું જ ધ્યાન કરતી રહી. શરીર ફિક્કું અને દૂબળું થઈ ગયું. તે રાંક જેવી દેખાવા લાગી. સખીઓએ દમયંતીના હૃદયનો ભાવ જાણીને વિદર્ભરાજને જણાવ્યું કે, 'તમારી પુત્રી અસ્વસ્થ થઈ ગઈ છે.' રાજા ભીમકે પોતાની પુત્રી વિશે બહુ વિચાર કર્યો. છેવટે તે એવા નિર્ણય પર પહોંચ્યા કે મારી પુત્રી લગ્ન કરવા યોગ્ય થઈ ગઈ છે. તેથી તેનો સ્વયંવર કરી દેવો જોઈએ. તેમણે બધા રાજાઓને સ્વયંવરનું નિમંત્રણ મોકલી લીધું અને જણાવી દીધું કે રાજાઓએ દમયંતીના સ્વયંવરમાં પધારીને લાભ ઉઠાવવો જોઈએ અને મારો મનોરથ પૂર્ણ કરવો જોઈએ. દેશ-દેશના રાજાઓ હાથી, ઘોડા અને રથોના ધ્વનિથી પૃથ્વીને ગજવતા સજી-ધજીને વિદર્ભ દેશમાં આવવા લાગ્યા. રાજા ભીમકે સૌના સ્વાગત-સત્કારની વ્યવસ્થા કરી.

દેવર્ષિ નારદ અને પર્વત મુનિ દ્વારા દેવતાઓને પણ દમયંતીના સ્વયંવરના સમાચાર મળી ગયા. રાજા નળનું મન પહેલેથી જ દમયંતી પર આસક્ત થઈ ચૂક્યું હતું. તેમણે પણ દમયંતીના સ્વયંવરમાં ભાગ લેવા માટે વિદર્ભ દેશ જવાનો નિશ્ચય લીધો. દેવતાઓએ સ્વર્ગમાંથી ઊતરતાં જોઈ લીધું કે કામદેવ જેવો સુંદર રાજા નળ દમયંતીના સ્વયંવર માટે જઈ રહ્યો છે. નળની સૂર્યના જેવી કાન્તિ અને રૂપ જોઈ દેવતાઓ ચકિત થઈ ગયા. તેમણે ઓળખી લીધો કે આ નળ છે. તેમણે પોતાનાં વિમાનોને આકાશમાં થંભાવી દીધાં અને નીચે ઊતરીને નળને કહ્યું, 'નળ! તમે મહાન સત્યવ્રતી છો. તમે અમારા લોકોની સહાયતા કરવા માટે દૂત બની જાઓ.'

નળે પ્રતિજ્ઞા કરી લીધી અને કહ્યું કે 'કરીશ.' પછી પૂછ્યું કે, 'તમે લોકો કોણ છો અને મને દૂત બનાવીને કયું કાર્ય સિદ્ધ કરવા ઇચ્છો છો?' ઇન્દ્રે કહ્યું, 'અમે લોકો દેવતાઓ છીએ. હું ઇન્દ્ર અને આ અગ્નિ, વરુણ અને યમ છે. અમે લોકો દમયંતી માટે અહીં આવ્યા છીએ. તમે અમારા દૂત બનીને દમયંતીની પાસે જાઓ અને કહો કે ઇન્દ્ર, વરુણ, અગ્નિ અને

યમદેવતા તમારી સાથે લગ્ન કરવા ઇચ્છે છે. એમનામાંથી તમારી ઇચ્છા હોય તે દેવતાનો પતિરૂપે સ્વીકાર કરી લો.' નળે હાથ જોડીને કહ્યું કે, 'દેવરાજ! ત્યાં તમે અને હું એક જ પ્રયોજનથી જઈ રહ્યા છીએ તેથી તમે મને દૂત બનાવીને ત્યાં મોકલો એ યોગ્ય નથી. તમે આ વિષે મને ક્ષમા કરી દો.'

દેવતાઓએ કહ્યું, 'નળ! તમે પહેલાં અમારી સાથે પ્રતિજ્ઞા કરી ચૂક્યા છો કે હું તમારું કામ કરીશ. હવે પ્રતિજ્ઞા તોડશો નહિ. તરત જ ચાલ્યા જાઓ.' ઇન્દ્રની આજ્ઞાથી નળે નિર્વિઘ્ન રાજમહેલમાં પ્રવેશ કરીને દમયંતીને જોઈ. દમયંતી અને સખીઓ પણ તેને જોઈને ચકિત થઈ ગઈ અને લજ્જાવશ કંઈ બોલી ન શકી.

દમયંતીએ પોતાને સંભાળીને રાજા નળને કહ્યું, 'તમે દેખાવે ઘણા સુંદર અને નિર્દોષ લાગો છો. પહેલાં તમારો પરિચય આપો. તમે અહીં કયા ઉદ્દેશથી આવ્યા છો અને અહીં આવતાં તમને દ્વારપાલોએ જોયા કેમ નહિ? તેમનાથી સહેજ ભૂલ થઈ જતાં મારા પિતાજી તેમને કઠોર દંડ આપે છે.' નળે કહ્યું, 'હું નળ છું. લોકપાલોનો દૂત બનીને તમારી પાસે આવ્યો છું. ઇન્દ્ર, અગ્નિ, વરુણ અને યમ - આ ચારે દેવતા તમારી સાથે લગ્ન કરવા ઇચ્છે છે. તમે આમનામાંથી કોઈ એક દેવતાનું પોતાના પતિરૂપે વરણ કરી લો. આ જ સંદેશો લઈને હું તમારી પાસે આવ્યો છું. તે દેવતાઓના પ્રભાવથી જ જ્યારે હું તમારા મહેલમાં પ્રવેશ કરવા લાગ્યો ત્યારે મને કોઈ જોઈ ન શક્યું. મેં દેવતાઓનો સંદેશો કહી દીધો. હવે તમારી જે ઇચ્છા હોય તે કરો.'

દમયંતીએ શ્રદ્ધાથી દેવતાઓને પ્રણામ કરીને નળને કહ્યું, 'મેં મારું સર્વસ્વ અને મને પણ તમારા ચરણોમાં ન્યોછાવર કરી દીધી છે. તમે મારા પર પૂરા વિશ્વાસથી પ્રેમ કરો. જે દિવસથી મેં હંસની વાત સાંભળી છે તે જ દિવસથી હું તમારા માટે વ્યાકુળ છું. તમારા માટે જ મેં રાજાઓની ભીડ એકઠી કરી છે. જો તમે આ દાસીની આજ્ઞાનો અસ્વીકાર કરશો તો હું તમારા માટે મરી જઈશ.'

રાજા નળે કહ્યું, 'તે ઐશ્વર્યશાળી દેવતાઓની ચરણરજ જેવો પણ હું નથી. તમે તમારું મન તેમનામાં પરોવો. દેવતાઓનું અપ્રિય કરવાથી મનુષ્યોનું મૃત્યુ થઈ જાય છે. તમે મારી રક્ષા કરો અને તેમની વરણી કરી લો.'

નળની વાત સાંભળીને દમયંતી ગભરાઈ ગઈ. તેની આંખમાંથી આંસુ છલકાઈ ગયા. તે કહેવા લાગી, 'હું બધા દેવતાઓને પ્રણામ કરીને તમારું જ પતિરૂપે વરણ કરું છું. આ હું સોગંદપૂર્વક સત્ય કહી રહી છું.'

રાજા નળે કહ્યું, 'સારું, ત્યારે તો તમે એવું જ કરો. પરંતુ એ તો કહો કે અહીં હું તેમનો દૂત બનીને સંદેશો પહોંચાડવા માટે આવ્યો છું, ત્યારે હું મારો સ્વાર્થ સાધી લઉં તે કેટલી અનુચિત વાત છે? હું મારો સ્વાર્થ તો ત્યારે સાધી શકું કે તે ધર્મની વિરુદ્ધ ન હોય. તમારે પણ આ પ્રમાણે જ કરવું જોઈએ.'

દમયંતીએ કહ્યું, 'આના માટે એક નિર્દોષ ઉપાય છે. તે પ્રમાણે કામ કરવાથી તમને કોઈ દોષ નહિ લાગે. તે ઉપાય એ છે કે તમે લોકપાલોની સાથે સ્વયંવર મંડપમાં આવો. હું તેમની સામે જ તમારી વરણી કરી લઈશ ત્યારે તમને દોષ નહિ લાગે.' હવે રાજા નળ દેવતાઓની પાસે આવ્યા. દેવતાઓના પૂછવાથી તેમણે કહ્યું, 'હું તમારા લોકોની આજ્ઞાથી દમયંતીના મહેલમાં ગયો. બહાર દ્વારપાલો પહેરો ભરી રહ્યા હતા, પરંતુ તેમણે તમારા પ્રભાવથી મને જોયો નહિ. માત્ર દમયંતી અને તેમની સખીઓએ મને જોયો. તે આશ્ચર્યમાં પડી ગઈ. મેં દમયંતીની સામે તમારા લોકોનું વર્ણન કર્યું પરંતુ તે તો તમને લોકોને ન ચાહીને મારું જ વરણ કરવા મક્કમ છે. તેણે કહ્યું કે, 'બધા દેવતાઓ તમારી સાથે સ્વયંવરમાં આવે. હું તેમની સામે જ તમારું વરણ કરી લઈશ, તેમાં તમને દોષ નહિ લાગે.' મેં તમારી સામે બધી વાત કહી દીધી. છેલ્લું પ્રમાણ તમે જ છો.

રાજા ભીમકે શુભ મુહૂર્તમાં સ્વયંવરનો સમય નક્કી કરી બધા રાજાઓને પોતપોતાના નિવાસસ્થાનેથી આવી સ્વયંવર મંડપમાં યથાસ્થાને બેસવા કહ્યું. પૂરો સભામંડપ રાજાઓથી ભરાઈ ગયો. જ્યારે બધા લોકો પોતપોતાના આસન પર બેસી ગયા ત્યારે સુંદર દમયંતી રાજાઓને પોતાના તરફ આકર્ષિત કરતી રંગમંડપમાં આવી. રાજાઓનો પરિચય આપવામાં આવ્યો. દમયંતી એક-એકને જોઈને આગળ વધવા લાગી. આગળ એક જ સ્થાન પર નળના જેવા આકાર અને વેશભૂષામાં પાંચ રાજાઓ એકસાથે જ બેઠેલા હતા. દમયંતીને શંકા પડી, તે રાજા નળને ઓળખી ન શકી. તે જેના તરફ જોતી તે નળ જ દેખાતો. તેથી વિચાર કરવા લાગી કે, 'હું દેવતાઓને અને નળને કઈ રીતે ઓળખું?' તેને ભારે દુઃખ થયું.

છેવટે દમયંતીએ નિશ્ચય કર્યો કે, મારા માટે દેવતાઓના શરણમાં જવું જ યોગ્ય છે. તે હાથ જોડીને પ્રણામપૂર્વક સ્તુતિ કરવા લાગી, 'દેવતાઓ! હંસોના મુખેથી નળનું વર્ણન સાંભળીને મેં તેમનું પતિરૂપે વરણ કરી લીધું છે. હું મનથી અને વચનથી નળ સિવાય બીજા કોઈને ચાહતી નથી. તમે લોકો તમારું રૂપ પ્રગટ કરી દો, જેથી હું નળને ઓળખી લઉં.' દેવતાઓએ દમયંતીનો આ વિલાપ સાંભળ્યો. તેનો દૃઢ નિશ્ચય, સાચો પ્રેમ, ભક્તિ અને નળ-પરાયણતાને જોઈને તેમણે દમયંતીને એવી શક્તિ આપી દીધી જેથી તે દેવતાઓ અને મનુષ્યનો ભેદ સમજી શકે. દમયંતીએ આ શક્તિથી દેવતાઓ અને નળને ઓળખી લીધા. પછી ધર્મ અનુસાર નળનું વરણ કરી લીધું. દમયંતીએ નળના ગળામાં વરમાળા પહેરાવી દીધી અને રાજાઓમાં હાહાકાર મચી ગયો.

રાજા નળે દમયંતીને અભિનંદન આપી કહ્યું, 'કલ્યાણી! તમે દેવતાઓ સામે હોવા છતાં પણ તેમનું વરણ ન કરીને મારું વરણ કર્યું છે તેથી તમે મને પ્રેમપરાયણ પતિ સમજો. જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ રહેશે ત્યાં સુધી હું તમને પ્રેમ કરીશ. આ તમને સોગંદપૂર્વક સત્ય કહું છું.' બંને પ્રેમથી દેવતાઓના શરણમાં ગયા. દેવતાઓ બહુ પ્રસન્ન થયા. તેમણે નળરાજાને આઠ વરદાન આપ્યા.

ઇન્દ્રે કહ્યું, 'નળ! તમને યજ્ઞમાં મારા દર્શન થશે અને ઉત્તમ ગતિ મળશે.' અગ્નિએ કહ્યું, 'જ્યાં તમે મારું સ્મરણ કરશો ત્યાં હું પ્રગટ થઈ જઈશ અને મારા જેવા પ્રકાશમાન લોક તમને પ્રાપ્ત થશે.' યમરાજે કહ્યું, 'તમારી બનાવેલી રસોઈ બહુ સ્વાદિષ્ટ હશે અને તમે તમારા ધર્મમાં દૃઢ રહેશો.' વરુણે કહ્યું, 'જ્યાં તમે ઇચ્છશો ત્યાં જળ પ્રગટ થઈ જશે. તમારી માળા ઉત્તમ ગંધયુક્ત રહેશે.' આ પ્રમાણે વરદાન આપીને બધા દેવતાઓ પોતપોતાના લોકમાં ચાલ્યા ગયા. નિમંત્રિત રાજાઓ પણ વિદાય થઈ ગયા. ભીમક રાજાએ પ્રસન્ન થઈને દમયંતીના નળ સાથે વિધિપૂર્વક લગ્ન કરી દીધા. રાજા નળ થોડા દિવસ સુધી વિદર્ભ દેશની રાજધાની કુંડિનપુરમાં રહ્યા. ત્યાર પછી ભીમકની અનુમતિ લઈને તેઓ પોતાની પત્ની દમયંતી સાથે પોતાની રાજધાનીમાં પાછા આવ્યા. રાજા પોતાની રાજધાનીમાં ધર્મ અનુસાર પ્રજાનું પાલન કરવા લાગ્યા. ખરેખર તેમના દ્વારા 'રાજા' નામ સાર્થક થઈ ગયું. તેમણે અશ્વમેધ વગેરે ઘણા યજ્ઞો કર્યા. સમય થતાં દમયંતીના ગર્ભથી ઇન્દ્રસેન નામનો પુત્ર અને

ઇન્દ્રસેના નામની કન્યાનો જન્મ થયો.

મહર્ષિ બૃહદશ્વ કહે છે, 'યુધિષ્ઠિર! જે સમયે દેવતાઓ દમયંતીના સ્વયંવરમાંથી પોતપોતાના લોકમાં જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં જ તેમની કળિયુગ અને દ્વાપર સાથે ભેટ થઈ ગઈ.'

ઇન્દ્રે પૂછ્યું, 'કેમ કળિયુગ ક્યાં જઈ રહ્યા છો?' કળિયુગે કહ્યું, 'હું દમયંતીના સ્વયંવરમાં તેની સાથે લગ્ન કરવા જઈ રહ્યો છું.' ઇન્દ્રે હસીને કહ્યું, 'એ સ્વયંવર તો ક્યારનોય પૂરો થઈ ગયો. દમયંતીએ રાજા નળનું વરણ કરી લીધું, અમે લોકો જોતાં જ રહી ગયા.' કળિયુગે ક્રોધમાં આવીને કહ્યું, 'તેણે દેવતાઓની ઉપેક્ષા કરીને મનુષ્યને અપનાવ્યો, તેથી તેને દંડ આપવો જોઈએ.' દેવતાઓએ કહ્યું, 'દમયંતીએ અમારી આજ્ઞા પ્રાપ્ત કરીને નળનું વરણ કર્યું છે. ખરેખર નળ સર્વગુણસંપન્ન અને તેને યોગ્ય છે. તેમને શાપ આપવો એ તો અગ્નિમાં પડવા જેવું છે.' આમ કહીને દેવતાઓ ચાલ્યા ગયા.

કળિયુગે દ્વાપરને કહ્યું, 'ભાઈ! હું મારા ક્રોધને શાંત કરી શકતો નથી. તેથી હું નળના શરીરમાં રહીશ હું તેને રાજ્યથી ભ્રષ્ટ કરી દઈશ. ત્યારે તે દમયંતીની સાથે રહી નહિ શકે. તેથી તમે પણ જુગારના પાસાંઓમાં પ્રવેશ કરીને મારી મદદ કરજો.' દ્વાપરે તેની વાત સ્વીકારી લીધી અને બંને નળની રાજધાનીમાં આવીને રહેવા લાગ્યા. બાર વર્ષ સુધી એ વાતની પ્રતીક્ષામાં રહ્યા કે નળમાં કોઈ દોષ દેખાય. એક દિવસ રાજા નળ સંધ્યાસમયે લઘુશંકાથી નિવૃત્ત થઈને પગ ધોયા વિના જ આચમન કરીને સંધ્યાવંદન કરવા બેઠા. આવી અપવિત્ર અવસ્થા જોઈને કળિયુગે તેમના શરીરમાં પ્રવેશ કરી લીધો. સાથે સાથે બીજું રૂપ ધારણ કરીને તે પુષ્કરની પાસે ગયો અને બોલ્યો, 'તમે નળ સાથે જુગાર રમો અને મારી સહાયતાથી જુગારમાં રાજાને જીતીને નિષધ દેશનું રાજ્ય પ્રાપ્ત કરી લો.'

પુષ્કર તેની વાત સ્વીકારીને નળ પાસે ગયો. દ્વાપર પણ પાસાંઓનું રૂપ લઈને તેમની સાથે રહ્યો. જ્યારે પુષ્કરે રાજા નળને વારંવાર જુગાર રમવાનો આગ્રહ કર્યો. ત્યારે રાજા દમયંતીની સામે પોતાના ભાઈની લલકાર સહી ન શક્યા. તેમણે તે જ સમયે પાસાં રમવાનો નિશ્ચય કરી લીધો. તે સમયે નળના શરીરમાં કળિયુગે પ્રવેશ કરી લીધો હતો, તેથી રાજા નળ દાવમાં સોનું, ચાંદી, રથ વગેરે જે મૂકતા તે બધું હારી જતા.

પ્રજા અને મંત્રીઓએ મળીને રાજાને જુગાર રમતો રોકવા પ્રયત્ન કર્યો અને આવીને દરવાજા સામે ઊભા રહી ગયા. તેમનો અભિપ્રાય જાણીને દ્વારપાળ દમયંતી પાસે ગયો અને બોલ્યો, 'તમે મહારાજને વિનંતી કરો કે તમારી પ્રજા તમારું દુઃખ સહન ન થવાને કારણે દરવાજા પર આવીને ઊભી છે.'

દમયંતીએ દુઃખી થઈને આંખોમાં આંસુ ભરીને મહારાજની સામે વિનંતી કરી, નગરની પ્રજા અને મંત્રીમંડળના લોકો તમને મળવા આવ્યા છે અને ડેલી પર ઊભા છે. તમે તેમને મળી લો.' પરંતુ નળ કળિયુગનો આવેશ હોવાને કારણે કશું જ બોલ્યા નહિ. પુષ્કર અને નળ વચ્ચે જુગાર ચાલતો રહ્યો અને રાજા નળ સતત હારતા રહ્યા. સંપૂર્ણ ધન હાથમાંથી નીકળી ગયું. જ્યારે દમયંતીને આ વાતની ખબર પડી ત્યારે તેણે બૃહત્સેના નામની ધાત્રીને કહીને રાજા નળના સારથિ વાર્ષ્ણેયને બોલાવ્યો અને તેને કહ્યું, 'તમે રાજાના પ્રેમપાત્ર છો. હવે એ વાત તમારાથી અજાણી નથી કે મહારાજ મોટા સંકટમાં પડી ગયા છે. તેથી તમે રથમાં મારા બંને બાળકોને બેસાડીને કુંડિનપુરમાં લઈ જાવ. તમે રથ અને ઘોડાઓને ત્યાં જ છોડી દેજો. તમારી ઇચ્છા હોય તો ત્યાં જ રહેજો. નહીં તો ક્યાંક બીજી જગાએ ચાલ્યા જજો.'

સારથિએ દમયંતીના કહેવા પ્રમાણે મંત્રીઓ સાથે વાતચીત કરીને બાળકોને કુંડિનપુર પહોંચાડી દીધા, રથ અને ઘોડા ત્યાં જ મૂકી દીધા. ત્યાંથી ચાલીને તે અયોધ્યા પહોંચી ગયો અને ત્યાં જ ઋતુપર્ણ રાજા પાસે સારથિનું કામ કરવા લાગ્યો. સારથિના ગયા પછી પુષ્કરે જુગારના ખેલમાં રાજા નળનું રાજ્ય અને ધન લઈ લીધું. તેણે નળને સંબોધન કરીને કહ્યું, 'હજી વધારે જુગાર રમવો છે?' પરંતુ તમારી પાસે દાવ પર મૂકવા કશું છે તો નહિ. જો તમે દમયંતીને દાવ પર મૂકવી યોગ્ય સમજતા હો તો ખેલ ચાલુ થઈ જાય. તેમણે પુષ્કરને કશો ઉત્તર ન આપ્યો. તેમણે પોતાના શરીર પરથી બધા વસ્ત્ર-આભૂષણો ઉતારી દીધા અને માત્ર એક વસ્ત્ર પહેરીને નગરની બહાર નીકળ્યા. દમયંતી પણ માત્ર એક સાડી પહેરીને પતિ સાથે ચાલી નીકળી. નળના મિત્રો અને સંબંધીઓને ભારે દુઃખ થયું. નળ અને દમયંતી નગરની બહાર ત્રણ દિવસ સુધી રોકાયા. પુષ્કરે નગરમાં ઢંઢેરો પિટાવી દીધો કે જે મનુષ્ય નળ માટે સહાનુભૂતિ પ્રગટ કરશે તેને ફાંસીની સજા આપવામાં આવશે. ભયને કારણે નગરના

લોકો નળનો સત્કાર પણ ન કરી શક્યા. રાજા નળ ત્રણ દિવસ અને રાત પોતાના નગર પાસે માત્ર પાણી પીને રહ્યા. ચોથા દિવસે તેમને બહુ ભૂખ લાગી. પછી બંને ફળ-મૂળ ખાઈને ત્યાંથી આગળ વધ્યા.

એક દિવસ રાજા નળે જોયું કે ઘણા પક્ષીઓ તેમની પાસે જ બેઠા છે. તેમની પાંખો સુવર્ણ જેવી ચમકે છે. નળે વિચાર્યું કે આમની પાંખોમાંથી થોડું ધન મળશે. એવું વિચારીને તેમને પકડવા માટે નળે તેમના પર વસ્ત્ર ફેંક્યું. પક્ષીઓ તેમનું વસ્ત્ર લઈને ઊડી ગયા. હવે નળ નગ્ન થઈને નીચું મોં કરીને ઊભા રહ્યા.

પક્ષીઓએ કહ્યું, 'તું નગરમાંથી એક વસ્ત્ર પહેરીને નીકળ્યો હતો તે જોઈને અમને બહુ દુઃખ થયું હતું. હવે અમે તારા શરીરનું વસ્ત્ર પણ લઈ જઈએ છીએ. અમે પક્ષીઓ નથી, જુગારના પાસાં છીએ.' નળે દમયંતીને પાસાંઓની વાત કહી જણાવી.

ત્યાર પછી નળે કહ્યું, તમે જોઈ રહ્યા છો, અહીં ઘણા રસ્તા છે. એક અવન્તિ તરફ અને બીજો ઋક્ષવાન પર્વત પર થઈને દક્ષિણ દેશમાં જાય છે. સામેનો રસ્તો વિદર્ભ દેશમાં જાય છે. આ પ્રમાણે રાજા નળ દુઃખથી વ્યથિત થઈને દમયંતીને સાવધાનીપૂર્વક જુદા જુદા માર્ગ દેખાડવા લાગ્યા. દમયંતીની આંખો આંસુથી ભરાઈ ગઈ. તે કહેવા લાગી, 'સ્વામી! તમે શો વિચાર કરી રહ્યા છો? હું તમારી સાથે રહીને તમારા દુઃખો દૂર કરીશ. દુઃખના સમયે પત્ની પુરુષના માટે ઔષધિ સમાન છે.'

નળે કહ્યું, 'પ્રિયે! તમારું કહેવું બરાબર છે. પત્ની મિત્ર અને ઔષધિ પણ છે. પરંતુ હું તમારો ત્યાગ કરવા ચાહતો નથી. તમે આવી શંકા કેમ કરો છો?' દમયંતીએ કહ્યું, 'તમે મને છોડવા ચાહતા નથી, પરંતુ વિદર્ભ દેશનો માર્ગ કેમ બતાવી રહ્યા છો? તમે રસ્તો દેખાડ્યો તેથી મને દુઃખ થયું. જો તમે મને મારા પિતા કે કોઈ સંબંધીને ઘેર મોકલવા ઇચ્છતા હો તો આપણે બંને સાથે જ જઈએ. મારા પિતા તમારું સ્વાગત કરશે. તમે ત્યાં સુખપૂર્વક રહેજો.'

નળે કહ્યું, 'તમારા પિતા રાજા છે અને હું પણ ક્યારેક રાજા હતો. હું સંકટમાં પડીને તેમની પાસે નહિ જાઉં.' નળરાજા દમયંતીને સમજાવવા લાગ્યા. બંને એક જ વસ્ત્રથી શરીર ઢાંકીને વનમાં આમતેમ ફરવા લાગ્યા. ભૂખ-તરસથી વ્યાકુળ થઈને બંને એક ધર્મશાળામાં આવીને રોકાયા.

બૃહદશ્વજી કહે છે, યુધિષ્ઠિર! તે વખતે રાજા નળના શરીર પર વસ્ત્ર ન હતું. શરીર ધૂળથી ખરડાઈ ગયું હતું. રાજા જમીન પર જ સૂઈ ગયા. દમયંતીના જીવનમાં પણ ક્યારેય આવી પરિસ્થિતિ આવી ન હતી. તે પણ ત્યાં જ સૂઈ ગઈ. દમયંતીના સૂઈ ગયા પછી રાજા નળની નિદ્રા ખુલી. નિદ્રામાંથી જાગ્યા પછી તેમની સામે રાજ્ય છીનવાઈ જવું, સગાંસંબંધીએ વિખૂટા પડી જવા અને પક્ષીઓ દ્વારા વસ્ત્ર લઈને ઊડી જવું વગેરે દશ્યો તેમની સામે આવવા લાગ્યા. તેઓ વિચારવા લાગ્યા કે દમયંતી મને બહુ પ્રેમ કરે છે. પ્રેમના કારણે જ તે આટલું દુઃખ ભોગવી રહી છે. જો હું તેને છોડીને ચાલ્યો જાઉં તો તે પોતાના પિતાને ઘેર ચાલી જશે. મારી સાથે તો તેને દુઃખ જ ભોગવવું પડશે. રાજા નળે દમયંતીને છોડીને ચાલ્યા જવામાં જ હિત છે એવું વિચાર્યું. રાજા નળે એવો વિચાર કર્યો કે, 'હું નગ્ન છું અને દમયંતીના શરીર પર પણ માત્ર એક જ વસ્ત્ર છે. એના વસ્ત્રમાંથી અડધું વસ્ત્ર ફાડું કઈ રીતે? કદાચ તે જાગી જાય?' તેઓ ધર્મશાળામાં આમતેમ ફરવા લાગ્યા. તેમની નજર એક મ્યાન વિનાની તલવાર પર પડી. રાજા નળે તેને લઈ અડધું વસ્ત્ર ફાડીને પોતાનું શરીર ઢાંકી લીધું. દમયંતી નિદ્રામાં હતી ત્યારે રાજા તેને છોડીને નીકળી ગયા. થોડીવાર પછી જ્યારે તેમનું મન શાંત થયું ત્યારે તેઓ ધર્મશાળામાં પાછા આવી દમયંતીને જોઈને રડવા લાગ્યા. આજે આ અનાથ જેવી અડધું વસ્ત્ર પહેરીને ધૂળમાં સૂઈ રહી છે. આ મારા વિના દુઃખી થઈને વનમાં કઈ રીતે ફરશે? રાજા અત્યંત દુઃખી થઈ ગયા. શરીરમાં કળિયુગનો પ્રવેશ થયો હોવાને કારણે બુદ્ધિ નષ્ટ થઈ ગઈ હતી, તેથી તેઓ પોતાની પત્નીને વનમાં એકલી મૂકીને ત્યાંથી ચાલ્યા ગયા.

જ્યારે દમયંતી જાગી ત્યારે તેણે જોયું કે રાજા નળ ત્યાં નથી. તે આશંકા સાથે પોકારવા લાગી. તમે ક્યાં છો? હું એકલી ડરી રહી છું. મને કેમ બિવડાવી રહ્યા છો? હું દુઃખની મારી આટલો વિલાપ કરી રહી છું અને તમે મારી પાસે આવીને ધીરજ પણ આપતા નથી. દમયંતી વિલાપ કરતી આમતેમ ફરતી એક અજગર પાસે પહોંચી ગઈ. અજગર દમયંતીને ગળવા લાગ્યો. તે સમયે પણ દમયંતીના મનમાં પોતાની નહિ, રાજા નળની જ ચિંતા હતી. તે પોકારવા લાગી, 'સ્વામી! મને અનાથની જેમ આ અજગર ગળી રહ્યો છે તમે મને છોડાવવા માટે કેમ આવતા નથી?' દમયંતીનો અવાજ એક શિકારીના કાને પડ્યો. તે ત્યાં દોડીને

આવ્યો ત્યારે દમયંતીને અજગર ગળી રહ્યો હતો. એ જોઈને તેણે પોતાના હથિયારથી અજગરનું મોઢું ચીરી નાખ્યું. તેણે દમયંતીને છોડાવીને સ્નાન કરી ભોજન કરાવ્યું. શિકારીએ પૂછ્યું, તમે કોણ છો? દમયંતીએ શિકારીને પોતાની બધી વાત કહી. દમયંતીની સુંદરતા જોઈને શિકારી કામાતુર થઈ ગયો. તે દમયંતીને પોતાને વશ કરવાની ચેષ્ટા કરવા લાગ્યો. દમયંતી શિકારીના મનનો ભાવ જાણીને ક્રોધિત થઈ ગઈ. તેણે શિકારીની ચેષ્ટાને ખૂબ રોકવાનો પ્રયત્ન કર્યો પણ તે ન માન્યો, ત્યારે દમયંતીએ શાપ આપી દીધો, 'જો મેં રાજા નળ સિવાય બીજા કોઈ પુરુષનું મનથી પણ ચિંતન ન કર્યું હોય તો આ પાપી શિકારી મૃત્યુ પામીને જમીન પર પડી જાય.' દમયંતીના મુખેથી આવી વાત નીકળતા જ શિકારીનું પ્રાણખંખેરું ઊડી ગયું અને તે જમીન પર પડી ગયો.

શિકારીના મરી ગયા પછી દમયંતી રાજા નળને શોધતી એક નિર્જન અને ભયંકર વનમાં જઈ પહોંચી. ત્રણ દિવસ-રાત વીતી ગયા બાદ દમયંતીએ જોયું કે સામે જ એક સુંદર તપોવન છે. તે આશ્રમમાં વસિષ્ઠ, ભૃગુ અને અત્રિ જેવા તપસ્વી ઋષિઓ નિવાસ કરે છે. આશ્રમમાં જઈને તેણે તપસ્વી ઋષિઓને પ્રણામ કર્યા. ઋષિઓએ દમયંતીનો સત્કાર કર્યો. દમયંતીએ ઋષિઓને પૂછ્યું, 'તમારી તપસ્યા, અગ્નિ, ધર્મ અને પશુપક્ષી કુશળ તો છે ને? તમારા ધર્માચરણમાં કોઈ વિઘ્ન તો આવતું નથી ને?' ઋષિઓએ કહ્યું, 'અમે તો બધી રીતે કુશળ છીએ, તમે કોણ છો? કયા ઉદ્દેશથી અહીં આવ્યા છો? દમયંતીએ કહ્યું, 'હું કોઈ દેવી દેવતા નથી, એક મનુષ્ય સ્ત્રી છું. હું વિદર્ભનરેશ રાજા ભીમકની પુત્રી અને નિષધ નરેશ રાજા નળની પત્ની છું. મારા ધર્માત્મા પતિને જુગાર રમવા માટે ઉત્સાહિત કરીને તેમનું રાજ્ય અને ધન લઈ લીધું. તેઓ મારાથી છૂટા પડી ગયા છે. હું તેમને શોધવા વન-વન ભટકી રહી છું. તેમના વિના મારું જીવન નિષ્ફળ છે.

તપસ્વીઓએ કહ્યું, 'અમે અમારી દૃષ્ટિથી જોઈ રહ્યા છીએ કે તમને આગળ જતાં ઘણું સુખ મળશે અને થોડા દિવસોમાં જ રાજા નળના દર્શન થશે. તેઓ બધા દુઃખોથી મુક્ત થઈને સંપત્તિશાળી નિષધ દેશ પર રાજ્ય કરશે. તેમના શત્રુઓ ભયભીત થશે, મિત્રો સુખી થશે અને કુટુંબીઓ તેમને પોતાની વચ્ચે જોઈને આનંદિત થશે.' આ પ્રમાણે કહીને તે બધા તપસ્વી પોતાના આશ્રમ સાથે અંતર્ધાન થઈ ગયા. દમયંતી ફરીથી ઉદાસ થઈ ગઈ.

ત્યાંથી તે વિલાપ કરતી એક અશોકવૃક્ષ પાસે પહોંચી. તેની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા. તેણે ગદ્‌ગદ્‌ થઈને કહ્યું, 'તું મારો શોક દૂર કરી દે. શું તે ક્યાંય રાજા નળને જોયા છે?' દમયંતીએ અશોકની પ્રદક્ષિણા કરી અને પોતાના પતિને શોધવા તે દૂર નીકળી ગઈ. ત્યાં તેણે ઘણા હાથી, ઘોડા અને રથ સાથે વેપારીઓનું એક ટોળું જોયું. વેપારીઓના મંત્રી સાથે વાતચીત કરીને એવું જાણવા મળ્યું કે તેઓ રાજા સુબાહુના રાજ્ય ચેદિદેશમાં જઈ રહ્યા છે, ત્યારે દમયંતી તેમની સાથે થઈ ગઈ. ઘણા દિવસ સુધી ચાલ્યા પછી તે વેપારીઓ એક ભયંકર વનમાં પહોંચ્યા. લાંબી યાત્રા કરવાને લીધે તે બધા થાકી ગયા હતા. તેથી તે લોકોએ ત્યાં જ પડાવ નાખી દીધો. રાત્રિના સમયે જંગલી હાથી વેપારીઓના હાથીઓ પર તૂટી પડ્યા અને તેમની ભાગદોડમાં બધા જ નષ્ટ થઈ ગયા. બૂમબરાડા સાંભળીને દમયંતીની નિદ્રા ખુલી ગઈ. આ સંહારનું દૃશ્ય જોઈને તે પાગલ જેવી થઈ ગઈ. તે ત્યાંથી ભાગીને જ્યાં થોડા માણસો ઊભા હતા ત્યાં જઈ પહોંચી. સંધ્યાકાળે તે ચેદિનરેશ રાજા સુબાહુની રાજંધાનીમાં જઈ પહોંચી. દમયંતી રાજમહેલ પાસે પહોંચી ગઈ. તે સમયે રાજમાતા રાજમહેલની બારીમાં બેઠા હતા. દમયંતીને જોઈને ધાત્રીને કહ્યું, 'આ સ્ત્રી બહુ દુઃખી લાગે છે. તું જઈને તેને મારી પાસે લઈ આવ. આ સ્ત્રી એટલી સુંદર છે કે જાણે મારો મહેલ જ તેનાથી શોભી ઊઠશે.' ધાત્રીએ આજ્ઞાનું પાલન કરી દમયંતીને રાજમહેલમાં લઈ આવી. રાજમાતાએ દમયંતીને પૂછ્યું, 'જણાવો તમે કોણ છો? કોની પત્ની છો?' દમયંતીએ કહ્યું, 'હું એક પતિવ્રતા સ્ત્રી છું. હું કુળવાન છું પણ દાસીનું કામ કરું છું. ફળ-મૂળ ખાઈને દિવસો પસાર કરી રહી છું. મારા દુર્ભાગ્યની વાત છે કે મારા પતિ મારા કોઈ અપરાધ વિના રાત્રિના સમયે મને સૂતી મૂકીને ક્યાંક ચાલ્યા ગયા છે. દમયંતીના વિલાપથી રાજમાતા દુઃખી થઈ કહેવા લાગ્યા, 'મને તમારા પ્રત્યે પ્રેમની લાગણી થઈ રહી છે. તમે મારી પાસે રહો, હું તમારા પતિને શોધવાની વ્યવસ્થા કરીશ. જ્યારે તે આવે ત્યારે તમે તેમને અહીં જ મળજો.'

દમયંતીએ કહ્યું, 'હું એક શરત પર તમારે ત્યાં રહી શકું છું. હું ક્યારેય એઠું નહિ ખાઉં, કોઈના પગ નહિ ધોઉં અને પરપુરુષ સાથે કોઈ પ્રકારની વાતચીત નહિ કરું. હું મારા પતિને શોધવા માટે બ્રાહ્મણો સાથે વાતચીત કરતી રહીશ. જો તમને મારી આ શરત સ્વીકાર હોય તો હું

અહીં રહી શકું છું, અન્યથા નહિ.'

રાજમાતા દમયંતીના નિયમોને સાંભળીને પ્રસન્ન થયા અને તેમણે કહ્યું કે એવું જ થશે. ત્યાર પછી તેમણે પોતાની પુત્રી સુનન્દાને બોલાવી કહ્યું, 'આ દાસીને દેવી માનજો. આ ઉંમરમાં તમારા જેટલી છે તેથી તેને સખીની જેમ રાજમહેલમાં રાખો.' સુનન્દા પ્રસન્નતાથી દમયંતીને તેના મહેલમાં લઈ ગઈ. દમયંતી પોતાની ઇચ્છાથી નિયમોનું પાલન કરીને મહેલમાં રહેવા લાગી.

બૃહદશ્વજીએ કહ્યું, 'યુધિષ્ઠિર! જે સમયે રાજા નળ દમયંતીને સૂતી મૂકીને આગળ વધ્યા તે સમયે વનમાં દાવાગ્નિ લાગ્યો હતો. નળ થોડા ખચકાયા, તેમના કાનમાં અવાજ આવ્યો, 'રાજા નળ. જલદી દોડો, મને બચાવો.' નળે કહ્યું, 'ડરો નહિ.' તેઓ દોડીને દાવાનળમાં ઘૂસી ગયા અને જોયું કે નાગરાજ કર્કોટક ગૂંચળું વાળીને પડેલો છે. તેણે હાથ જોડીને નળને કહ્યું, 'હું કર્કોટક નામનો સર્પ છું. મેં તેજસ્વી નારદજી સાથે દગો કર્યો હતો. તેમણે શાપ આપી દીધો કે જ્યાં સુધી રાજા નળ તમને ન ઉઠાવે, ત્યાં સુધી અહીં જ પડ્યો રહે. તેમના ઉઠાવવાથી તું શાપમુક્ત થઈ જઈશ. તેમના શાપને કારણે હું અહીંથી એક ડગલું પણ ખસી શકતો નથી. તમે શાપથી મારી રક્ષા કરો. હું તમને હિતની વાત કહીશ અને તમારો મિત્ર બની જઈશ. મારા વજનથી ડરશો નહિ. હું હમણાં જ હલકો થઈ જાઉં છું.' તે અંગૂઠા જેટલો થઈ ગયો. નળ તેને ઉઠાવીને દાવાનળની બહાર લઈ ગયો. કર્કોટકે કહ્યું, 'તમે હમણાં મને પૃથ્વી પર મૂકશો નહીં. થોડાં ડગલાં ગણતાં ગણતાં ચાલો.' રાજા નળે દસમું ડગલું મૂક્યું અને કહ્યું, 'દસ' ત્યાં જ કર્કોટક નાગ તેમને ડસ્યો. કર્કોટકના ડસતાં જ નળનું રૂપ બદલાઈ ગયું અને કર્કોટક પોતાના રૂપમાં થઈ ગયો.

આશ્ચર્યચકિત નળને તેણે કહ્યું, 'તમને કોઈ ઓળખી ન શકે તે માટે મેં તમારું રૂપ બદલી નાખ્યું છે, કળિયુગે તમને બહુ દુઃખ આપ્યું છે, હવે મારા વિષથી તે તમારા શરીરમાં ઘણો દુઃખી રહેશે. તમે મારી રક્ષા કરી છે. હવે તમારા પર કોઈ પણ વિષનો પ્રભાવ નહિ થાય અને યુદ્ધમાં હંમેશા તમારો વિજય થશે. હવે તમે તમારું નામ બાહુક રાખી લો અને રાજા ઋતુપર્ણની નગરી અયોધ્યામાં જાઓ. તમે તેમને અશ્વવિદ્યા શીખવાડજો, તેઓ તમને જુગારનું રહસ્ય બતાવશે. જુગારનું રહસ્ય જાણી લીધા પછી તમારી પત્ની, બાળકો અને રાજ્ય બધું જ તમને મળી

જશે. જ્યારે તમે તમારા મૂળરૂપને ધારણ કરવા ઇચ્છો ત્યારે તમે મારું સ્મરણ કરજો અને મારા આપેલા વસ્ત્રો ધારણ કરી લેજો.' આમ કહીને કર્કોટકે બે વસ્ત્ર આપ્યા અને ત્યાં જ અતર્ધાન થઈ ગયો.

રાજા નળ ત્યાંથી ચાલીને દસમા દિવસે રાજા ઋતુપર્ણની રાજધાની અયોધ્યા પહોંચી ગયા. ત્યાં તેમણે રાજદરબારમાં જણાવ્યું કે મારું નામ બાહુક છે. હું અશ્વવિદ્યામાં નિપુણ અને રસોઈ બનાવવામાં ચતુર છું. તમે મારી આજીવિકા નક્કી કરીને મને રાખી લો.

ઋતુપર્ણે કહ્યું, 'બાહુક! સારું થયું તમે આવ્યા. હું શીઘ્રગામી સવારીને વધારે પસંદ કરું છું, તેથી એવો પ્રયત્ન કરો કે મારા ઘોડાઓની ગતિ ઝડપી થઈ જાય. હું તમને અશ્વશાળાનો અધ્યક્ષ બનાવું છું. તમને દર મહિને દસ હજાર સોનામહોરો મળશે. આ ઉપરાંત વાર્ષ્ણેય અને જીવલ તમારી સાથે હંમેશા રહેશે. તમે સુખપૂર્વક મારા દરબારમાં રહો.' રાજા નળ બાહુકના રૂપમાં અયોધ્યામાં રહેવા લાગ્યા. તેઓ દરરોજ રાત્રે દમયંતીનું સ્મરણ કરીને કહ્યા કરતા કે ભૂખ તરસથી ગભરાઈને તે ન જાણે તે ક્યાં સૂતી હશે? આ રીતે અનેક વાતોનો વિચાર કરી ઋતુપર્ણની પાસે રહેતા હતા કે જેથી તેમને કોઈ ઓળખી ન શકે.

જ્યારે રાજા ભીમકને આ સમાચાર મળ્યા કે મારા જમાઈ નળ રાજ્યભ્રષ્ટ થઈને મારી પુત્રીની સાથે વનમાં ચાલ્યા ગયા છે, ત્યારે તેમણે બ્રાહ્મણોને બોલાવ્યા અને તેમને ઘણું ધન આપીને કહ્યું કે તમે લોકો પૃથ્વી પર સર્વત્ર જઈને નળ-દમયંતીને શોધી લાવો. જે બ્રાહ્મણ આ કામ પૂરું કરી લેશે, તેને એક હજાર ગાયો અને જાગીર આપવામાં આવશે. જો તમે લોકો તેમને લાવી ન શકો, માત્ર તેમનો પત્તો મેળવી લાવશો તો પણ દસ હજાર ગાયો આપવામાં આવશે. બ્રાહ્મણો બહુ જ પ્રસન્નતાથી નળ-દમયંતીને શોધવા માટે નીકળી પડ્યા.

સુદેવ નામનો બ્રાહ્મણ નળ-દમયંતીનો પત્તો મેળવવા માટે ચેદિનરેશની રાજધાનીમાં ગયો. તેણે એક દિવસ રાજમહેલમાં દમયંતીને જોઈ લીધી. બ્રાહ્મણે દમયંતીને જોઈને વિચાર્યું કે આ જ ભીમકની પુત્રી છે. મેં આનું જેવું રૂપ પહેલા જોયું હતું તેવું જ આજે પણ જોઈ રહ્યો છું. સુદેવ દમયંતી પાસે ગયો અને બોલ્યો, 'હું તમારા ભાઈનો મિત્ર સુદેવ બ્રાહ્મણ છું. રાજા ભીમકની આજ્ઞાથી તમને શોધવા માટે અહીં આવ્યો છું. તમારા વિયોગથી બધા કુટુંબીઓ પ્રાણહીન થઈ ગયા છે અને તમને

શોધવા માટે સેંકડો બ્રાહ્મણો પૃથ્વી પર ફરી રહ્યા છે.' દમયંતીએ બ્રાહ્મણને બધાના કુશળમંગળ પૂછ્યા. તે વાત કરતા કરતા રડી પડી. એ જોઈને સુનન્દા ગભરાઈ ગઈ અને તેણે પોતાની માતાને જઈને બધી વાત જણાવી. રાજમાતા બહાર આવી બ્રાહ્મણ પાસે જઈ પૂછવા લાગ્યા કે, 'આ કોની પત્ની અને પુત્રી છે, પોતાના પરિવારથી કઈ રીતે છૂટી પડી ગઈ?' સુદેવે નળ-દમયંતીનું પૂરું ચરિત્ર કહી સંભળાવ્યું. આ દેવીના સુંદર રૂપ અને લલાટ પરથી મેં તેને ઓળખી લીધી. સુનન્દાએ પોતાના હાથે દમયંતીનું લલાટ ધોયું ત્યારે ચંદ્રમા જેવું લાલ ચિહ્ન પ્રગટ થઈ ગયું. તે જોઈને સુનન્દા અને રાજમાતા બંને રડી પડ્યા.

રાજમાતાએ કહ્યું, 'દમયંતી! મેં આ તલથી ઓળખી લીધી કે તું મારી બહેનની પુત્રી છે. તારો જન્મ મારા પિતાને ઘેર જ થયો હતો. તારા પિતાનું ઘર તારું છે એમ આ ઘર પણ તારું જ છે.' દમયંતી પ્રસન્ન થઈને માસીને પ્રણામ કરીને કહ્યું, 'તમે મને ઓળખી નહિ તેથી શું થયું? હું અહીં તમારી પુત્રીની જેમ રહી છું. હું હજી પણ વધારે સુખપૂર્વક રહીશ પરંતુ હું ઘણા દિવસથી ભટકી રહી છું. મારા બે બાળકો પિતાજીને ઘેર છે. તેઓ પોતાના પિતાના વિયોગથી દુઃખી થશે. તમે મારું હિત ઈચ્છો છો તો મને વિદર્ભ દેશ મોકલીને મારી ઈચ્છા પૂરી કરો.' રાજમાતાએ પોતાના પુત્રને કહીને પાલખી મંગાવી અને ભોજન, વસ્ત્ર અને બીજી ઘણી વસ્તુઓ આપીને એક મોટી સેનાના સંરક્ષણમાં દમયંતીને વિદાય કરી. તે પોતાના ભાઈ, બાળકો, માતા-પિતા અને સખીઓને મળી.

રાજા ભીમકને પોતાની પુત્રી મળી જવાથી તેમણે સુદેવ બ્રાહ્મણને એક હજાર ગાયો, ગામ અને ધન આપીને સંતુષ્ટ કર્યા.

પોતાના પિતાના ઘેર એક દિવસ વિશ્રામ કરીને દમયંતીએ પોતાની માતાને કહ્યું, 'મા! જો તમે મને જીવતી રાખવા ઈચ્છો છો તો મારા પતિને શોધી કાઢવાનો પ્રયત્ન કરો.' રાણીએ દુઃખી થઈને રાજા ભીમકને કહ્યું, 'દમયંતી પોતાના પતિ માટે બહુ જ વ્યાકુળ છે. તેમને શોધી કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ.'

રાજાએ બ્રાહ્મણોને બોલાવી નળને શોધવા માટે લગાવી દીધા. દમયંતીએ બ્રાહ્મણોને કહ્યું, 'તમે જે રાજ્યમાં જાઓ ત્યાં માણસોની વચ્ચે આ વાત કહેજો - તમે મારી સાડીમાંથી અડધી સાડી ફાડીને અને મને વનમાં સૂતેલી મૂકીને ક્યાં ચાલ્યા ગયા? તે દાસી હજી પણ તે જ

અવસ્થામાં તમારા આવવાની રાહ જોઈ રહી છે.'

ઘણા દિવસો સુધી શોધખોળ કર્યા પછી પર્ણાદ નામના એક બ્રાહ્મણે મહેલમાં આવીને દમયંતીને કહ્યું, 'હું તમારા પતિ રાજા નળની શોધખોળ કરતો કરતો અયોધ્યા જઈ પહોંચ્યો. ત્યાં મેં રાજા ઋતુપર્ણ પાસે જઈને ભરી સભામાં તમારી વાત કહી. પરંતુ ત્યાં કોઈએ કશો ઉત્તર ન આપ્યો. જ્યારે હું પાછો વળ્યો ત્યારે બાહુક નામના સારથિએ મને એકાંતમાં બોલાવીને કંઈક કહ્યું. તે સારથિ રાજા ઋતુપર્ણના ઘોડાઓને તાલીમ આપે છે. અને સ્વાદિષ્ટ ભોજન બનાવે છે. પરંતુ તેના હાથ નાના અને શરીર કુરૂપ છે.'

તેણે લાંબો શ્વાસ લઈને કહ્યું કે, 'કુળવાન સ્ત્રીઓ કઠોર યાતના સહીને પોતાના શીલની રક્ષા કરે છે. ક્યારેક તેમનો પતિ તેમને છોડી પણ દે તો તે ક્રોધ કરતી નથી, પોતાના સદાચારનું જતન કરે છે. જ્યારે તે પોતાના પ્રાણોની રક્ષા માટે જીવિકા ચાહતો હતો ત્યારે પક્ષીઓ તેનું વસ્ત્ર લઈને ઊડી ગયા.' બાહુકની આ વાત સાંભળીને તમને કહેવા માટે આવ્યો છું. તમને જે ઠીક લાગે તે કરો.

બ્રાહ્મણની વાત સાંભળીને દમયંતીએ પોતાની માને કહ્યું, 'તમે આ વાત પિતાજીને કહેશો નહિ હું સુદેવ બ્રાહ્મણને આ કામ સોંપું છું જેમ સુદેવે મને અહીં પહોંચાડી હતી તેમ મારા પતિદેવને લાવવાનો પ્રયાસ કરે.' દમયંતીએ પર્ણાદ બ્રાહ્મણનો સત્કાર કરી વિદાય કર્યો અને સુદેવને બોલાવ્યો. દમયંતીએ સુદેવને કહ્યું, 'તમે તરત જ અયોધ્યા નગરીમાં જઈને રાજા ઋતુપર્ણને એમ કહો કે દમયંતી ફરીથી સ્વયંવરમાં પતિનું વરણ કરવા ઇચ્છે છે. રાજાઓ અને રાજકુમારો એના સ્વયંવરમાં આવી રહ્યા છે. સ્વયંવર કાલે જ છે. તેથી જો તમે પહોંચી શકો તો પધારજો. નળ જીવતા છે કે નહિ તેની ખબર કોઈને નથી, તેથી તે કાલે સૂર્યોદય સમયે બીજા પતિને વરશે.' દમયંતીની વાત સાંભળીને સુદેવે રાજા ઋતુપર્ણને બધી વાત કહી.

રાજા ઋતુપર્ણે બાહુકને બોલાવીને કહ્યું, 'કાલે દમયંતીનો સ્વયંવર છે. હું એક જ દિવસમાં વિદર્ભ દેશ પહોંચવા ઇચ્છું છું. પરંતુ તમને આટલું જલદી ત્યાં પહોંચવું સંભવ લાગતું હોય તો જ મારે ત્યાં જવું છે.' ઋતુપર્ણની વાત સાંભળીને નળનું કાળજું ચીરાઈ ગયું. બાહુકે હાથ જોડીને ઋતુપર્ણને કહ્યું, 'હું તમારા કહેવા પ્રમાણે કાર્ય કરવાનું વચન

આપું છું.' બાહુક અશ્વશાળામાં જઈને શ્રેષ્ઠ ઘોડાઓની પસંદગી કરીને રથમાં જોડ્યા. પછી રાજા રથમાં બેસી ગયા.

જેમ પક્ષીઓ આકાશમાં ઊડે છે તેમ બાહુકનો રથ થોડા જ સમયમાં નદી, પર્વતો અને વનોને ઓળંગતો જઈ રહ્યો હતો. એક જગાએ રાજાનો ખેસ નીચે પડી ગયો. તેમને બાહુકને કહ્યું, 'રથ રોકો, હું વાર્ષ્ણેય પાસે તે મંગાવી લઉં.' નળે કહ્યું, 'તમારું વસ્ત્ર હમણાં પડી ગયું પરંતુ ત્યાંથી આપણે એક યોજન નીકળી ગયા છે તેથી તે લાવી શકાય એમ નથી.'

તેમણે પોતાના રથને વેગથી હાંક્યો અને વિદર્ભ દેશમાં જઈને પહોંચાડ્યો. રાજા ભીમકને સમાચાર મળતા રાજા ઋતુપર્ણને પોતાના મહેલ પર બોલાવી લીધા. રથના ગડગડાટથી તેમણે રાજા નળને ઓળખી લીધા. દમયંતી કહેવા લાગી કે આ રથનો ગડગડાટ મારા ચિત્તમાં આનંદ ઉપજાવી રહ્યો છે. તેને હાંકનાર મારા પતિદેવ જ છે. જો આજે તેઓ મારી પાસે નહિ આવે તો હું અગ્નિમાં કૂદી પડીશ. દમયંતી મહેલની છત પરથી રથ અને તેના પરથી સારથિ ઉતર્યો તે જોઈ રહી હતી.

રાજા ભીમકે રાજા ઋતુપર્ણનું સ્વાગત કરી મહેલમાં નિવાસ આપ્યો. તેમને કુંડિનપુરમાં સ્વયંવરનું કોઈ ચિહ્ન દેખાયું નહિ. રાજા ભીમકને વાતની બિલકુલ ખબર ન હતી કે રાજા ઋતુપર્ણ મારી પુત્રીના નિમંત્રણથી અહીં આવ્યા છે. તેમણે કુશળમંગળ પછી પૂછ્યું કે, 'તમે અહીં કયા ઉદ્દેશથી પધાર્યા છો?' ઋતુપર્ણે કહ્યું, 'હું તો માત્ર તમને પ્રણામ કરવા માટે આવ્યો છું.' ભીમક વિચારવા લાગ્યા કે સો યોજનથી પણ વધારે દૂરથી કોઈ પ્રણામ કરવા માટે આવે નહિ. આગળ જતાં રહસ્ય ખુલી જશે.

દમયંતી વ્યાકુળ થઈને વિચારવા લાગી કે, 'રથનો ધ્વનિ મારા પતિના રથ જેવો જ લાગતો હતો, પરંતુ તેઓ ક્યાંયે દેખાતા નથી.' તેણે તેની દાસીને કહ્યું કે, 'તું જા. એ વાતનો પત્તો લગાવ કે તે કુરૂપ પુરુષ કોણ છે. કદાચ એ મારા પતિદેવ હોય. મેં બ્રાહ્મણો દ્વારા જે સંદેશો મોકલ્યો હતો તે જ તેને કહેજે અને તેનો ઉત્તર સાંભળીને મને કહેજે.' દાસીએ જઈને બાહુક સાથે વાત કરી. બાહુકે રાજાના આવવાનું કારણ બતાવ્યું અને પોતાનો પરિચય આપ્યો. દાસીએ પૂછ્યું, 'બાહુક! રાજા નળ ક્યાં છે? શું તમે જાણો છો? તમારો સાથી વાર્ષ્ણેય જાણે છે?' બાહુકે

કહ્યું, 'વાર્ષ્ણેય રાજા નળના બાળકોને મૂકીને અહીંથી ચાલ્યો ગયો હતો તેને આ સંબંધમાં કોઈ ખબર નથી. અત્યારે નળનું રૂપ બદલાઈ ગયું છે. તેઓ છુપાઈને રહે છે. તેમને તે પોતે અથવા તેમની પત્ની જ ઓળખી શકે. તેઓ પોતાના ગુપ્ત ચિહ્નોને બીજાની આગળ પ્રગટ કરતા નથી. રાજા નળ વિપત્તિમાં પડી ગયા હતા. જે સમયે તેઓ ભોજનની ચિંતામાં હતા ત્યારે પક્ષીઓ તેમનું વસ્ત્ર લઈને ઊડી ગયા.' દાસીએ દમયંતીની પાસે આવીને બાહુક સાથે થયેલી બધી વાત કરી. હવે દમયંતીની આશંકા વધારે દૃઢ થવા લાગી કે આ જ રાજા નળ છે. તેણે દાસીને કહ્યું કે, 'તું ફરીથી બાહુક પાસે જા. તેની પાસે કશું બોલ્યા વિના ઊભી રહી તેની ક્રિયાઓ પર ધ્યાન આપ. તે અગ્નિ માગે તો આપીશ નહિ અને જળ માગે તો વિલંબ કરીને આપજે. તેનું ચરિત્ર મને આવીને જણાવ.'

દાસી ફરી બાહુકની પાસે ગઈ અને તેના વિવિધ ચરિત્ર જોઈને પાછી આવી અને દમયંતીને કહેવા લાગી, 'મેં આજ સુધી આવો પુરુષ ક્યાંય ન જોયો કે ન સાંભળ્યો પણ છે. જો ક્યાંક દરવાજો નીચો આવી જાય તો તે ઝૂકતો નથી, તેને જોઈને દરવાજો જ ઊંચો થઈ જાય છે. નાનો છેદ પણ તેના માટે મોટી ગુફા બની જાય છે. જળના ઘડા તેની દૃષ્ટિથી ભરાય જાય છે.' આવા અદ્‌ભુત લક્ષણ જોઈને હું તરત જ તમારી પાસે દોડી આવી.

દમયંતી બાહુકના કર્મ અને ચેષ્ટાઓને સાંભળીને નિશ્ચિતરૂપે જાણી ગઈ કે આ મારા પતિદેવ છે. તેણે દાસીની સાથે તેના બે બાળકોને નળ પાસે મોકલી દીધા. બાહુકે બંને બાળકોને છાતીએ લગાડીને ખોળામાં બેસાડી દીધા અને રડવા લાગ્યો. તેના મુખ પર પિતા જેવા ભાવો પ્રગટ થવા લાગ્યા. ત્યાર પછી તેણે બંને બાળકોને દાસીને આપી દીધા અને કહ્યું, 'આ બાળકો મારા બાળકો જેવા જ છે તેથી હું તેમને જોઈને રડી પડ્યો. તું વારંવાર મારી પાસે આવે છે તો લોકો શું વિચારશે.' દાસીએ દમયંતી પાસે આવીને બધી વાત જણાવી.

દમયંતીએ દાસીને પોતાની મા પાસે મોકલી અને કહેવડાવ્યું કે, મેં રાજા નળ સમજીને બાહુકની વારંવાર પરીક્ષા કરાવી છે. હવે માત્ર મને તેના રૂપની બાબતમાં જ સંદેહ છે. હવે હું સ્વયં તેની પરીક્ષા કરવા ઇચ્છું છું. તેથી તમે બાહુકને મારા મહેલમાં આવવાની આજ્ઞા આપો. તમને ઠીક લાગે તો આ વાત મારા પિતાજીને પણ જણાવી દેજો. રાણીએ રાજા

ભીમકની અનુમતિ લઈ બાહુકને રાણીવાસમાં બોલાવવાની આજ્ઞા આપી. દમયંતીને જોતાં જ નળનું હૃદય દુઃખી થઈ ગયું. દમયંતીએ કહ્યું, 'બાહુક! એક ધર્મજ્ઞ પુરુષ પોતાની પત્નીને વનમાં સૂતી મૂકીને ચાલ્યો ગયો હતો. શું તમે તેને જોયો છે? મેં જીવનભરમાં જાણી જોઈને તેમનો કોઈ અપરાધ કર્યો નથી. છતાં તેઓ મને વનમાં સૂતી મૂકીને ચાલ્યા ગયા.' આટલું કહેતા દમયંતીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. તે જોઈને નળથી રહેવાયું નહિ. તેઓ કહેવા લાગ્યા, મેં જાણીને ન તો રાજ્ય ગુમાવ્યું કે ન તમારો ત્યાગ કર્યો. આ તો કળિયુગનું કારસ્તાન છે. કળિયુગ મારા શરીરમાં પ્રવેશીને તમારા શાપને લીધે બળી રહ્યો હતો. મેં તેના પર વિજય પ્રાપ્ત કરી લીધો છે અને આપણા દુઃખનો અંત આવી ગયો છે. હું માત્ર તમારા માટે અહીં આવ્યો છું. તમારા સ્વયંવરના સમાચાર સાંભળીને રાજા ઋતુપર્ણ અત્યંત શીઘ્રતાથી અહીં આવ્યા છે.

દમયંતીએ હાથ જોડીને કહ્યું તમે જાણો છો કે મેં મારી સામે પ્રગટ દેવતાઓને છોડીને તમારું વરણ કર્યું છે મેં તમને શોધવા માટે ઘણા બ્રાહ્મણોને મોકલ્યા હતા. પર્ણાદ નામનો બ્રાહ્મણ તમારી પાસે અયોધ્યાપુરીમાં આવ્યો હતો. તેણે તમને મારી વાત કહી હતી અને તમે એનો યથોચિત ઉત્તર આપ્યો હતો તે સમાચાર સાંભળીને મેં તમને અહીં બોલાવવા માટે સ્વયંવરની યુક્તિ કરી હતી. હું જાણું છું કે તમારા સિવાય કોઈ મનુષ્ય બીજો નથી કે જે એક દિવસમાં ઘોડાના રથ દ્વારા સો યોજન પહોંચી જાય. જો મેં ક્યારેય મનથી પણ પાપ કર્યું હોય તો વાયુદેવ, ભગવાન સૂર્ય અને દેવતા ચંદ્રમા મારા પ્રાણોનો નાશ કરી દે. તે સમયે વાયુદેવે, પવનદેવે એ વાતની પુષ્ટિ કરી કે દમયંતીએ કોઈ પાપ કર્યું નથી. કોઈ શંકા વિના તેનો સ્વીકાર કરો. રાજા નળે પોતાનો સંદેહ છોડી અને નાગરાજા કર્કોટકનું આપેલું વસ્ત્ર ઓઢીને તેનું સ્મરણ કર્યું. તેમનું શરીર પૂર્વવત થઈ ગયું. દમયંતી રાજા નળને પહેલાના રૂપમાં જોઈને રડીને તેમને ગળે લગાવી દીધા. સંપૂર્ણ રાત્રિ દમયંતી સાથે વાતો કરવામાં જ પસાર થઈ ગઈ.

સવારે નાહીધોઈ સુંદર વસ્ત્રો પહેરીને દમયંતી અને રાજા નળ રાજા ભીમક પાસે ગયા અને તેમના ચરણોમાં પ્રણામ કર્યા. ભીમકે ખૂબ આનંદથી સત્કાર કર્યો. દેવતાઓનું પૂજન કરવામાં આવ્યું. જ્યારે રાજા ઋતુપર્ણને એ વાતની ખબર પડી કે બાહુકના રૂપમાં તો રાજા નળ જ

હતા, જે અહીં આવીને પોતાની પત્નીને મળ્યા છે. ત્યારે તેમને ઘણો આનંદ થયો. રાજા ઋતુપર્ણ કોઈ બીજા સારથિને લઈને અયોધ્યા જવા નીકળી ગયા.

રાજા નળ એક મહિના સુધી કુંડિનપુરમાં રહ્યા. ત્યાર પછી ભીમકની આજ્ઞા લઈને થોડા લોકોની સાથે નિષધ દેશ જવા માટે રવાના થયા. પોતાના નગરમાં પ્રવેશ કરીને રાજા નળ પુષ્કરને મળ્યા અને કહ્યું કે, 'તમે દ્યુતની રમત ફરીથી મારી સાથે રમો અથવા ધનુષ્ય પર પ્રત્યંચા ચડાવો.' પુષ્કરે હસીને કહ્યું, 'સારી વાત છે, તમને દાવ પર મૂકવા માટે ફરી ધન મળી ગયું? આ વખતે તો તમારા ધનની સાથે દમયંતીને પણ જીતી લઈશ.

રાજા નળે પ્રથમ દાવમાં જ પુષ્કરનું રાજ્ય, રત્નોના ભંડાર અને તેના પ્રાણોને પણ જીતી લીધા. તેમણે પુષ્કરને કહ્યું, 'આ બધું રાજ્ય મારું થઈ ગયું. હવે તમે દમયંતી તરફ આંખ ઊંચી કરીને જોઈ પણ શકતા નથી. પહેલી વાર પણ તમે મને જીત્યો ન હતો. તે કામ કળિયુગનું હતું.'

રાજા નળે સૈનિકો મોકલીને દમયંતીને બોલાવી લીધી. દમયંતી પોતાના બંને બાળકોને લઈને મહેલમાં આવી ગઈ. રાજા નળ ખૂબ આનંદથી સમય વીતાવવા લાગ્યા. તેમણે યજ્ઞો કરીને ભગવાનની આરાધના કરી.

બૃહદશ્વજી કહે છે, 'યુધિષ્ઠિર! તમને પણ થોડા જ દિવસોમાં તમારું રાજ્ય અને સગાંસંબંધીઓ મળી જશે. રાજા નળે જુગાર રમીને બધું દુઃખ પોતે એકલાએ ભોગવ્યું, પરંતુ તમારી સાથે તો તમારા ભાઈ અને દ્રૌપદી પણ છે. આવી સ્થિતિમાં શોક કરવાનું કોઈ કારણ નથી.'

ભીમ અને હનુમાનજીનું મિલન

બાર વર્ષનો વનવાસ પૂર્ણ થવા આવ્યો હતો. તેરમા વર્ષનો અજ્ઞાતવાસ કેવી રીતે વિતાવવો તેની વિચારણા કરતાં પાંડવોને વિરાટ રાજ્ય વધુ ઉપયુક્ત લાગ્યું. દુર્યોધનના ગુપ્તચરો તેમની પાછળ લાગ્યા હતા.

અર્જુન સ્વર્ગલોકમાં ગયા પછી એકવાર નારદમુનિ આવ્યા. પાંડવોએ તેમની આગતાસ્વાગતા કરી. તેમણે સલાહ આપી, 'તમે યાત્રા કરો.' તેઓ ગોદાવરી નદીને કાંઠે તેમજ આજુબાજુના યાત્રા સ્થળોએ

ગયા ત્યાર પછી ગંગા-યમુનાના કાંઠે આવતા ધાર્મિક સ્થળોની યાત્રા કરી. આજુબાજુ આવતા ધાર્મિક સ્થળો પણ તે ચૂકતા નહિ. ત્યાંથી તેઓ દ્વારકા શ્રીકૃષ્ણ-બલરામને મળવા આવ્યા. પ્રભાસપાટણમાં તેઓ રહ્યા. શ્રીકૃષ્ણ-બલરામ તેમને મળવા આવ્યા. યુધિષ્ઠિરની દશા જોઈ કૃતવર્મા (શ્રીકૃષ્ણના સૈન્યનો વડો) અને મિત્રે કહ્યું કે કૌરવો પર ચઢાઈ કરી તેમનો નાશ કરવો જોઈએ. શ્રીકૃષ્ણે તેને સમજાવ્યો કે હજી અર્જુન પણ નથી. હજી સમય પાક્યો નથી. યોગ્ય સમયે જ તેમનો નાશ થશે અને તે દિવસ ચોક્કસ આવશે. ત્યાંથી નીકળી તેઓ હિમાલય તરફ ગયા. તેઓ ગંધમાદન પર્વત પર ગયા જ્યાં પાંચ વર્ષ પૂરા થયે અર્જુન આ સ્થળે મળશે એવું નક્કી થયું હતું. લોમશમુનિ પાંડવો સાથે હતા. રસ્તે સુંદર પુષ્પની સુગંધ સૌને આવી. દ્રૌપદીએ પાંડવોને એ પુષ્પ લાવવા કહ્યું. પવનને કારણે એ સુગંધ ક્યાંથી આવી તેની ખબર પડતી ન હતી. યુધિષ્ઠિરે ભીમને તે સુગંધિત પુષ્પ શોધી લાવવા મોકલ્યો.

ભીમ એ પુષ્પની શોધ કરતો સરોવર કિનારે આવ્યો ત્યારે એનો રસ્તો રોકીને એક મહાકાય વાનર સૂતો હતો. ભીમે વાનરને રસ્તો આપવા વિનંતી કરી.

વાનરે કહ્યું, 'મારાથી ઉઠાતું નથી. માટે તારે મારી પૂંછ હટાવી બાજુએ મૂકી દે.'

ભીમે તેની પૂંછ પકડી તેને ખેંચવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પૂંછને એ હલાવી પણ ન શક્યો. ભીમને મનમાં શંકા ગઈ કે આ સાધારણ વાનર નથી. એટલે ભીમે નમ્રતાથી પૂછ્યું, 'આપ કોણ છો? કૃપા કરી આપનો પરિચય આપો.' હનુમાન ઊભા થયા અને પોતાના અસલ રૂપમાં આવી કહ્યું, 'હું ત્રેતાયુગમાં જન્મ્યો અને અમર છું. તને મળવા જ અહીં હું સૂતો હતો.'

હનુમાનને પગે લાગીને ભીમ આનંદિત થઈ ગયો અને બોલ્યો, 'ભ્રાતાશ્રી, હું આ સહસ્ર કમળનું ફૂલ શોધવા નીકળ્યો છું. આપના દર્શન પામી ધન્ય થઈ ગયો.'

આવા કમળ ક્યાં મળશે તેનો માર્ગ સમજાવી બંને ભાઈઓ એકબીજાને આલિંગન આપી છૂટા પડ્યા. આગળ જતાં એક સરોવર આવ્યું. ભીમ એ પુષ્પો લઈને પાંડવો જ્યાં હતા ત્યાં આવી પહોંચ્યો. ત્યાંથી તેઓ નરનારાયણ આશ્રમે રહ્યા.

જટાસુરનો વધ

પર્વતના એક ભાગમાં આ સુંદર આશ્રમ હતો. જટાસુર નામનો રાક્ષસ આ ભાગના પ્રાણીઓને દુ:ખી કરતો હતો. ભીમે તેનો નાશ કર્યો. ત્યાંથી તેઓ આર્ષ્ટિષેણ ઋષિના આશ્રમે આવ્યા.

અહીં આજુબાજુ દેવો સમાન લોકો રહેતા હતા. અહીં જ કુબેર રહેતા હતા. ભીમને કુબેરનો મહેલ જોવાની ઇચ્છા થઈ. આર્ષ્ટિષેણ ઋષિએ પાંડવોને ચેતવ્યા હતા કે અહીંથી પર્વતની ઉપર જવું કઠિન છે છતાં ભીમે શિખરની ટોચે જઈ કુબેરનો મહેલ જોયો.

શિખરની ટોચ પર કુબેરના રક્ષકો ભીમને મારવા દોડી આવ્યા પરંતુ ભીમે બધાને માર મારતા તેઓ ત્યાંથી ભાગ્યા. કુબેરના મિત્રને પણ ભીમે માર્યો એટલે કુબેરે સૈન્ય લઈ ભીમ સાથે યુદ્ધ કર્યું. ભીમને લોહીલુહાણ સ્થિતિમાં જોઈ કુબેરને તેને માટે માન ઉત્પન્ન થયું. યુધિષ્ઠિરને જોતાં તેને ધર્મરાજ યાદ આવ્યા અને એણે પાંડવો સાથે મૈત્રી કરી. ત્યાંથી તેઓ આર્ષ્ટિષેણ ઋષિના આશ્રમે પાંચ વર્ષ રહ્યા. ઇન્દ્રદેવ સાથે સ્વર્ગમાં રહ્યા બાદ એમણે અર્જુનને આર્ષ્ટિષેણ ઋષિના આશ્રમમાં પાંડવોના રહેવાની સૂચના આપી ત્યાં જવા કહ્યું. ઇન્દ્રદેવનો સારથિ માતલિ જ તેને ત્યાં મૂકવા આવ્યો. અર્જુને ભાઈઓ તથા દ્રૌપદીને કહ્યું, 'વાયુ, વરુણ, યમ વગેરે દેવોએ પોતપોતાના વિશિષ્ટ અસ્ત્રોનું જ્ઞાન મને આપ્યું.'

નહુષની મુક્તિ

નહુષ પુરુરવાનો વંશજ હતો. પુરુરવા એક મહાન રાજા હતો. પુરુરવાએ કરેલા દુષ્કર્મ માટે ઇન્દ્રે તેને પશ્ચાત્તાપ કરવા થોડો વખત અમરાવતીથી બહાર મોકલ્યો હતો. તે સમયે રાજ્યકારોબાર સંભાળવા નહુષને ગાદી સોંપી હતી. તે વખતે ઇન્દ્રાણી શચી સાથે સમાગમ કરવાની તેણે માગણી કરી. શચીએ એક શરત મૂકી કે અગત્સ્ય ઋષિ પાલખી ખેંચીને તેમને મહેલમાં લઈ જાય તો નહુષની માગણી પૂરી કરશે.

નહુષે અગત્સ્ય ઋષિને શચીને પાલખી ખેંચીને મહેલ લઈ જવા મજબૂર કર્યા. અગત્સ્ય ઋષિ ઉંમરને કારણે ધીમે ધીમે ખેંચતા હતા. નહુષે ઋષિને માથામાં માર્યું. ઋષિએ શ્રાપ આપ્યો કે પૃથ્વી પર

અજગરરૂપે પડશે. નહુષે કરગરીને શ્રાપ પાછો લેવા વિનંતી કરી. ત્યારે ઋષિએ કહ્યું, 'મારા વંશજ યુધિષ્ઠિર તારા સવાલના સાચા જવાબ આપશે ત્યારે તું શ્રાપમાંથી મુક્ત થશે.'

એક દિવસ જ્યારે ભીમ જંગલમાંથી પસાર થતો હતો ત્યારે આ અજગર તેને મળ્યો. અજગરે ભીમને ભરડામાં લીધો.

ભીમે તેની ઓળખાણ આપી પરંતુ અજગર કહે, 'ઘણા સમયથી હું ભૂખ્યો છું માટે તારો આહાર કરીશ.'

ભીમે બચવા માટે બૂમો પાડી. યુધિષ્ઠિર અવાજ સાંભળીને ત્યાં આવ્યા.

યુધિષ્ઠિરને અજગરે સવાલ કર્યો, 'સાચો બ્રાહ્મણ કોણ?' યુધિષ્ઠિરે કહ્યું, 'જે બ્રાહ્મણમાં સચ્ચાઈ, દાનવૃત્તિ, ક્ષમા, સદાચાર, પ્રેમ, સ્થિતપ્રજ્ઞતા અને દયા હોય તે બ્રાહ્મણ કહેવાય. સાચા જવાબથી નહુષને ફરી જીવન મળ્યું. નહુષે ભીમ અને યુધિષ્ઠિરનો આભાર માન્યો અને એને મુક્તિ મળી.

શ્રીકૃષ્ણ પાંડવોને મળવા આવ્યા

પાંડવો ફરી કામ્યકવનમાં આવ્યા. પછી શ્રીકૃષ્ણ તેમને મળવા આવ્યા. દ્રૌપદીએ અભિમન્યુ-સુભદ્રાના કુશળ સમાચાર પૂછ્યા. દ્રૌપદીના પાંચે પુત્રો દ્રૌપદીના પિતાને ઘરે મોટા થઈ રહ્યા હતા અને અભિમન્યુ-સુભદ્રા દ્વારકા હતાં. તેઓ શસ્ત્ર-અસ્ત્રોમાં નિપુણ થઈ રહ્યા છે તે જાણી પાંડવો-દ્રૌપદીને સંતોષ થયો. પાંડવોને કોણ ક્યારે મળે છે? પાંડવો શું કરે છે? તેમના શા હાલ છે તે દુર્યોધન હસ્તિનાપુરથી બેઠો બેઠો ગુપ્તચરો દ્વારા જાણતો હતો.

કૌરવોની ઘોષયાત્રા

દુર્યોધનના ગુપ્તચરોએ પાંડવોના દ્વૈતવનમાં આવવાના સમાચાર આપ્યા. અર્જુન સ્વર્ગમાં જઈ દિવ્ય અસ્ત્રશસ્ત્રો લઈ આવ્યો છે એવા સમાચાર સાંભળી દુર્યોધન ગભરાયો.

કર્ણે દુર્યોધનને કહ્યું, 'મને દ્વૈતવનમાં જવાનો એક ઉપાય સૂઝ્યો છે તે સાંભળો. તમારી ગાયોની ગૌશાળાઓ દ્વૈતવનમાં જ છે અને ઘોષયાત્રાને બહાને ત્યાં જઈએ.' આ સાંભળીને શકુનિ બોલી ઊઠ્યો, 'દ્વૈતવનમાં જવાનો આ ઉપાય મને યોગ્ય લાગે છે. આ કામ માટે

મહારાજની અનુમતિ પણ મળી જશે અને પાંડવો સાથે મનમેળ કરવાનું પણ સમજાવશે. ગોવાળો દ્વૈતવનમાં તમારા આવવાની રાહ જુએ છે, તેથી ઘોષયાત્રાના બહાને આપણે ત્યાં અવશ્ય જઈ શકીએ છીએ.'

આ પ્રમાણે નિર્ણય કરી બધા રાજા ધૃતરાષ્ટ્ર પાસે આવ્યા. તેમણે પહેલા જ એક સમંગ નામના ગોવાળને ભણાવીને તૈયાર કરી લીધો હતો. તેણે રાજા ધૃતરાષ્ટ્રને વિનંતી કરી કે, 'આજકાલ તમારી ગાયો નજીક આવેલી છે.' આ સાંભળીને કર્ણ અને શકુનિએ કહ્યું, અત્યારે ગાયો અત્યંત રમણીય પ્રદેશમાં આવેલી છે. આ સમય ગાયો અને વાછરડાંની ગણતરી કરી તેમના રંગ અને આયુ વગેરેનું વિવરણ લખવું બહુ જરૂરી છે. તેથી તમે દુર્યોધનને ત્યાં જવાની આજ્ઞા આપો.'

આ સાંભળીને ધૃતરાષ્ટ્રે કહ્યું, 'ગાયોની દેખરેખ રાખવામાં તો કોઈ હરકત નથી, પરંતુ મેં સાંભળ્યું છે કે આજકાલ પાંડવો પણ ત્યાં જ ક્યાંક નજીકમાં જ રોકાયેલા છે. તેથી હું તમને ત્યાં જવાની અનુમતિ આપી શકું એમ નથી. તમે તેમને કપટથી જુગારમાં હરાવી વનમાં મોકલીને ભારે દુઃખ આપ્યું છે. મને પોતાને તમારા લોકોનું ત્યાં જવું ઉચિત લાગતું નથી. ગાયોની ગણતરી માટે કોઈ બીજા વિશ્વાસુ માણસને મોકલી શકો છો.'

આ સાંભળીને શકુનિએ કહ્યું, 'અમે લોકો માત્ર ગાયોની ગણતરી કરવા માગીએ છીએ. પાંડવોને મળવાનો અમારો વિચાર નથી. તેથી અમારા દ્વારા કશું અનિચ્છનીય થવાની સંભાવના નથી. જ્યાં પાંડવો રહે છે ત્યાં તો અમે જવાના જ નથી.'

શકુનિના આ પ્રમાણે કહેવાથી મહારાજ ધૃતરાષ્ટ્રે ઇચ્છા ન હોવા છતાં પણ દુર્યોધનને મંત્રીઓ સાથે જવાની આજ્ઞા આપી. તેમની આજ્ઞા મળતા દુર્યોધન મોટું સૈન્ય લઈને હસ્તિનાપુરથી નીકળી ગયો. પોતાના સૈન્ય સાથે તે જ્યાં ત્યાં પડાવ નાખતા ગોવાળો પાસે પહોંચી ગયો અને ત્યાં પોતાનો ડેરો નાખી દીધો. બધાના ઉતારાની વ્યવસ્થા બરાબર થઈ ગઈ ત્યારે દુર્યોધને પોતાની અસંખ્ય ગાયોનું નિરીક્ષણ કરી તેમના ઉપર ક્રમ અને નિશાની કરાવીને બધી ગાયોની જુદી જુદી ઓળખ કરાવી દીધી. આ પ્રમાણે બધા ગાય-વાછરડાંની ગણતરી કરી ગોવાળોની સાથે આનંદથી વનમાં વિહાર કરવા લાગ્યો. ફરતાં ફરતાં તે દ્વૈતવનના સરોવર પર પહોંચ્યો. ત્યાં પાંડવો કુટિયા બનાવીને રહેતા હતા. ત્યારે

દુર્યોધને પોતાના સેવકોને આજ્ઞા આપી કે અહીં એક ક્રીડાભવન તૈયાર કરો. રાજાની આજ્ઞાથી સેવકો ક્રીડાભવન બનાવવા માટે સરોવર પર ગયા. જ્યારે તેઓ વનના દ્વાર પર ઘુસવા લાગ્યા ત્યારે તેમના નાયકને ગંધર્વોએ રોકી લીધો. તેમના પહોંચતા પહેલા જ ચિત્રસેને જળક્રીડા કરવાના વિચારથી પોતાના સેવકો, દેવતાઓ અને અપ્સરાઓ સહિત ત્યાં આવી સરોવરને ઘેરી લીધું હતું. આ પ્રમાણે સરોવરને ઘેરી લીધેલું હોવાથી બધા દુર્યોધન પાસે પાછા ફર્યા. તેમની વાત સાંભળીને દુર્યોધને થોડા સૈનિકોને એવી આજ્ઞા આપી કે તેમને કાઢી મકો. સૈનિકો સરોવર પહોંચ્યા. તેમણે ત્યાં જઈને ગંધર્વોને કહ્યું, 'અત્યારે દુર્યોધન અહીં જળવિહાર માટે આવી રહ્યા છે તેથી તમે લોકો અહીંથી ખસી જાઓ.'

રાજસેવકોની આ વાત સાંભળીને ગંધર્વો હસીને કહેવા લાગ્યા, 'એવું લાગે છે કે તમારો રાજા દુર્યોધન અત્યંત મૂર્ખ છે, તેથી જ તો દેવતાઓ ઉપર આ પ્રમાણે હકૂમત ચલાવે છે. તમે તમારા રાજા પાસે ચાલ્યા જાવ અન્યથા અત્યારે જ યમલોકમાં પહોંચી જશો.'

ત્યારે બધા સૈનિકો ભેગા થઈને દુર્યોધન પાસે આવી અને ગંધર્વોએ જે વાત કહી તે દુર્યોધનને કહી. દુર્યોધન ક્રોધથી ભડકી ઊઠ્યો અને પોતાના સેનાપતિઓને આજ્ઞા આપી દીધી, 'મારું અપમાન કરનારા આ પાપીઓને મજા ચખાડો. કોઈ પરવા નથી, ત્યાં ભલેને દેવતાઓ સાથે સ્વયં ઇન્દ્ર પણ ક્રીડા કરતો હોય.' દુર્યોધનની આજ્ઞા મળતાં જ હજારો યોદ્ધાઓ ગંધર્વોને મારી પીટીને જબરદસ્તી વનમાં ઘૂસી ગયા.

ગંધર્વોએ આ બધા સમાચાર પોતાના સ્વામી ચિત્રસેનને આપ્યા. ત્યારે તેણે તેમને આજ્ઞા આપી કે, 'આ કૌરવોની બરાબર મરામત કરી દો.' ત્યારે તે બધા અસ્ત્રશસ્ત્ર લઈને કૌરવો પર તૂટી પડ્યા. કૌરવોએ ગંધર્વોને હથિયાર લઈને પોતાની તરફ આવતા જોયા ત્યારે તેઓ દુર્યોધનની હાજરીમાં જ આમતેમ ભાગી ગયા. બંને બાજુથી બહુ રોમાંચક અને ભયંકર યુદ્ધ છેડાઈ ગયું. ગંધર્વોએ દુર્યોધનને મારી નાખવાના ઈરાદાથી ચારેબાજુથી તેને ઘેરી લીધો. ગંધર્વોની સામેથી ભાગી ગયેલી સેનાએ પાંડવોનું શરણું લીધું. ત્યારે દુર્યોધનને ગંધર્વોની ચુંગાલમાંથી છોડાવવા માટે તેમના મંત્રીઓએ ધર્મરાજને કહ્યું, 'દુર્યોધનને ગંધર્વો પકડીને લઈ જઈ રહ્યા છે. તેથી તમે તેમની રક્ષા કરો.'

દુર્યોધનના મંત્રીઓએ યુધિષ્ઠિર સામે કાકલૂદી કરતા જોઈને ભીમે

કહ્યું, 'અમે પ્રયત્નપૂર્વક થઈને જે કામ કરત તે આજે ગંધર્વોએ કરી નાખ્યું. અમે લોકો અત્યારે વનમાં રહીએ છીએ. તથા અમારા શરીર તદ્દન કૃશ થઈ ગયા છે તેથી દુર્યોધન અનુકૂળ સમય હોવાથી મોજ ઉડાવી રહ્યો છે. જ્યારે ભીમે આ પ્રમાણે કહ્યું ત્યારે યુધિષ્ઠિરે કહ્યું, 'આ સમય કડવી વાતો સંભળાવવાનો નથી. અત્યારે ગંધર્વો દુર્યોધનને પકડીને લઈ ગયા છે અને આપણા કુળની સ્ત્રીઓ પણ આજે બહારના લોકોને અધીન છે. આ બધું જોતા આપણા કુળનું જ અપમાન છે. અસ્ત્રશસ્ત્ર ઉઠાવી લો. વિલંબ ન કરી અર્જુન, નકુલ, સહદેવ અને તમે બધા મળીને દુર્યોધનને છોડાવી લાવો. ગંધર્વરાજને સમજાવવાથી ન માને તો થોડું પરાક્રમ દેખાડીને કે સાધારણ યુદ્ધ કરી દુર્યોધનને છોડાવી લાવજો.'

ધર્મરાજની આ વાત સાંભળીને અર્જુને પ્રતિજ્ઞા કરી કે, 'જો ગંધર્વો મનાવવા છતાં ન માને અને કૌરવોને નહિ છોડે તો આજે પૃથ્વી ગંધર્વરાજનું રક્તપાન કરશે.'

પાંડવોનું ગંધર્વો સાથે યુદ્ધ

અર્જુને ગંધર્વોને સમજાવતાં કહ્યું, 'તમે રાજા દુર્યોધનને છોડી દો.' ગંધર્વોએ કહ્યું, 'અમને ગંધર્વરાજ ચિત્રસેન આજ્ઞા આપે તે પ્રમાણે કરીએ છીએ.'

અર્જુને ચિત્રસેનને કહ્યું, 'તમે ધર્મરાજ યુધિષ્ઠિરની આજ્ઞા માનીને તેમને છોડી દો.' ચિત્રસેને કહ્યું, 'આ પાપી છે અને અભિમાનથી છકી ગયો છે, આને છોડવો ઉચિત નથી. એને ધર્મરાજ અને કૃષ્ણાને દગો દીધો છે. અત્યારે આ જે કાંઈ કરવા ઇચ્છતો હતો તે બધી વાત મહારાજ યુધિષ્ઠિરને કરીશું. પછી બધા ગંધર્વો યુધિષ્ઠિર પાસે ગયા અને દુર્યોધનના ઇરાદાની બધી વાત તેમને જણાવી દીધી. મહારાજ ગંધર્વોની વાત સાંભળીને તેમની પ્રશંસા કરી કૌરવોને છોડાવી દીધા. પછી મહારાજ યુધિષ્ઠિરની આજ્ઞા લઈ અપ્સરાઓ સાથે ચિત્રસેન સ્વર્ગમાં ચાલ્યા ગયા.

દુર્યોધનને ધર્મરાજ યુધિષ્ઠિરે પ્રેમથી કહ્યું, 'આવું સાહસ હવે પછી ક્યારેય કરશો નહિ. હવે તમે કુશળપૂર્વક પોતાને ઘેર જાઓ.' આવી આજ્ઞાથી દુર્યોધને તેમને પ્રણામ કર્યા અને મનમાં લજ્જિત થઈને પોતાના નગર તરફ પાછા ફર્યા.

દુર્યોધનનો પસ્તાવો અને આમરણાંત અનશાનનો નિશ્ચય

જ્યારે યુધિષ્ઠિરે દુર્યોધનને વિદાય કર્યો ત્યારે તે શરમથી માથું નીચું કરીને સેના સાથે ત્યાંથી હસ્તિનાપુર માટે રવાના થયો. રસ્તામાં એક સુંદર સ્થાન પર વિશ્રામ કર્યો. ત્યાં કર્ણે તેની પાસે જઈને કહ્યું, 'રાજન્! તમારું જીવન બચી ગયું એ ઘણા સૌભાગ્યની વાત છે. મને તો ગંધર્વોએ એટલો પરેશાન કર્યો હતો કે હું તેમનાં બાણોથી પીડિત સેનાને પણ સંભાળી ન શક્યો. છેવટે ત્યાંથી ભાગવું પડ્યું.'

કર્ણ દ્વારા આ પ્રમાણે કહેવાથી દુર્યોધને કહ્યું, 'તમે તો એવું સમજો છો કે મેં ગંધર્વોને મારા પરાક્રમથી હરાવ્યા છે. સત્ય હકીકત તો એ છે કે ગંધર્વો સાથે યુદ્ધ કરતા અમે હારી ગયા અને ગંધર્વોએ અમને સેવક મંત્રી, પુત્ર, સ્ત્રી, સેના અને વાહનો સહિત કેદ કરી લીધા. પછી તેઓ અમને આકાશમાર્ગે લઈ ચાલ્યા. તે જ સમયે અમારા થોડા સૈનિક અને મંત્રીઓએ પાંડવોની પાસે જઈને કહ્યું કે, 'રાજા દુર્યોધનને તેમના ભાઈઓ અને સ્ત્રીઓ સહિત ગંધર્વો પકડીને લઈ જઈ રહ્યા છે, હમણાં જ તમે તેમને છોડાવો.' ત્યારે યુધિષ્ઠિરે પોતાના ભાઈઓને સમજાવીને અમને બંધનમાંથી છોડાવવા માટે આજ્ઞા કરી. પાંડવો તે સ્થાન પર આવ્યા અને ગંધર્વોને હરાવવાની શક્તિ હોવા છતાં પણ તેમણે તેમને સમજાવીને શાંતિપૂર્વક છોડી દેવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ તેઓ તૈયાર ન થયા. તેથી પાંડવોએ તેમના પર બાણવર્ષા કરી. અર્જુનના બાણોથી જ્યારે બધી દિશાઓ ભરાઈ ગઈ ત્યારે તેનો મિત્ર ચિત્રસેન પ્રગટ થઈને તેની પાસે આવ્યો. બંને મિત્રો એકબીજાને ભેટ્યા અને કુશળ પ્રશ્નો પૂછ્યા.

પછી અર્જુને ઉત્સાહપૂર્વક કહ્યું કે, 'તમે મારા ભાઈઓને છોડી દો. પાંડવોની હયાતીમાં એમનું અપમાન ન થવું જોઈએ.' અર્જુનના આ પ્રમાણે કહેવાથી ચિત્રસેને કહ્યું કે, 'કૌરવો તમારી દુર્દશા જોવા માટે ત્યાં આવ્યા હતા.'

ચિત્રસેનની આ વાત સાંભળી દુર્યોધને કર્ણને કહ્યું, પછી પાંડવો સાથે ગંધર્વોએ યુધિષ્ઠિર પાસે જઈને અમને કેદીની હાલતમાં ઊભા કરીને આપણા હીન વિચારની વાત કહી. આનાથી દુઃખદ બીજી કઈ વાત હશે? જેમનો હું હંમેશાં દુશ્મન બની રહ્યો તેમણે જ મને બંધનથી છોડાવી

જીવનદાન આપ્યું.

દુર્યોધને કર્ણને કહ્યું, 'હવે મારો જે વિચાર છે, તે સાંભળો. હું અહીં અન્નજળનો ત્યાગ કરીને પ્રાણ છોડી દઈશ. તમે બધા હસ્તિનાપુર ચાલ્યા જાઓ. હવે હું હસ્તિનાપુર જઈને મહારાજ ધૃતરાષ્ટ્ર, પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, વિદુરજી બધાને શું જવાબ આપીશ? આવા જીવન કરતાં તો મૃત્યુ જ શ્રેષ્ઠ છે.

આ પ્રમાણે દુર્યોધન ચિંતાગ્રસ્ત થઈ રહ્યો હતો. તેણે ફરી દુઃશાસનને કહ્યું, 'ભાઈ! હું તમને રાજ્ય આપું છું તેનો સ્વીકાર કરો. કર્ણ તથા શકુનિની સલાહથી આ સમૃદ્ધિશાળી પૃથ્વીનું શાસન કરો.' દુર્યોધનની વાત સાંભળીને દુઃશાસને દુઃખી થઈને દુર્યોધનના ચરણોમાં માથું મૂકીને કહ્યું, 'મહારાજ! આવું ક્યારેય થઈ શકે નહિ. તમારા વિના હું પૃથ્વીનું શાસન નહિ કરું.' આમ કહીને દુઃશાસન મોટાભાઈના ચરણ પકડી રડવા લાગ્યો.

દુર્યોધન અને દુઃશાસનને દુઃખી જોઈને કર્ણે વ્યથિત થઈને કહ્યું, 'તમે બંને સમજ્યા વિના શોક કેમ કરો છો? શોક કરનારાઓનો શોક ક્યારેય દૂર થતો નથી. તેથી તમે ધીરજ ધરો. આ પ્રમાણે શોક કરીને શત્રુઓને ખુશ ન કરો. પાંડવોએ તમને ગંધર્વોના હાથમાંથી છોડાવ્યા - આમ કરીને તો તેમણે પોતાના કર્તવ્યનું જ પાલન કર્યું છે.'

શકુનિએ પણ દુર્યોધનને સમજાવતાં કહ્યું, 'તમે આજે મૂર્ખતાથી જ પોતાના પ્રાણ ત્યાગવા તૈયાર થયા છો. હર્ષની વાત તો એ છે કે તમારે આના માટે પાંડવોનો સત્કાર કરવો જોઈએ, જ્યારે તમે શોક કરી રહ્યા છો. તમે પાંડવો સાથે ભાઈચારા જેવો વ્યવહાર કરીને તેમને પોતાની જગ્યાએ બેસાડી દો અને તેમનું પૈતૃક રાજ્ય તેમને સોંપી દો. આનાથી તમને સુખ મળશે.

આ પ્રમાણે દુર્યોધનને તેમના મંત્રી, ભાઈ-બંધુએ ઘણો સમજાવ્યો, પરંતુ તે પોતાના નિશ્ચયથી ડગ્યો નહિ. તે સ્વર્ગ પ્રાપ્તિની ઇચ્છાથી મૌન ધારણ કરી ઉપવાસના નિયમોનું પાલન કરવા લાગ્યો.

દુર્યોધન દ્વારા આમરણાંત અનશન વ્રતનો ત્યાગ

દુર્યોધનને અનશન વ્રત કરતો જોઈને દૈત્યોએ વિચાર્યું કે જો દુર્યોધન મરી જશે તો અમારો પક્ષ નબળો પડી જશે. તેથી તેમણે તેને પોતાની પાસે બોલાવવા માટે બૃહસ્પતિ અને શુક્રાચાર્ય દ્વારા બતાવેલા

ઔપનિષદ કર્મકાંડનો આરંભ કરી બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર કરીને યજ્ઞકુંડમાં ઘી-દૂધની આહુતિ આપી. કર્મ સમાપ્ત થતાં યજ્ઞકુંડમાંથી એક અદ્‌ભુત કૃત્યા પ્રગટ થઈ. દૈત્યોએ પ્રસન્ન થઈને કૃત્યાને અનશન વ્રત કરતા દુર્યોધનને લઈ આવવાનું કહ્યું.

કૃત્યા ક્ષણવારમાં દુર્યોધનને લઈને દાનવો પાસે આવી ગઈ. તેમણે દુર્યોધનને કહ્યું, 'તમારી આસપાસ હંમેશા મોટા શૂરવીરો અને મહાત્માઓ વીંટળાયેલા રહે છે. પછી તમારે અનશન વ્રત લેવાની ક્યાં જરૂર છે? તમારો આ સંકલ્પ તો ધર્મ, અર્થ અને સુખનો નાશ કરનારો છે. તમને મદદ કરવા અનેક દાનવવીરો પૃથ્વી પર ઉત્પન્ન થઈ ચૂક્યા છે. તેઓ તમારા શત્રુઓ સાથે યુદ્ધમાં પૂરા પરાક્રમ સાથે લડશે. મહારથી કર્ણ અર્જુન તથા બીજા બધા શત્રુઓને પરાસ્ત કરશે. તમે ચિંતા ન કરો. હવે તમે પોતાને ઘેર સિધાવો અને શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરો.

દૈત્યોએ વિદાય આપ્યા પછી કૃત્યાએ દુર્યોધનને ફરી અનશન વ્રતના સ્થાન પર પહોંચાડી દીધો અને તે ત્યાં જ અંતર્ધાન થઈ ગઈ. કૃત્યાના ગયા પછી દુર્યોધનને ભાન આવ્યું અને તે આખા પ્રસંગને સ્વપ્નવત્ સમજ્યો. બીજા દિવસે પ્રાતઃકાળ થતાં જ કર્ણે હાથ જોડીને કહ્યું, 'મહારાજ! તમે અર્જુનનું પરાક્રમ જોઈને ડરી તો નથી ગયા ને? જો એવું હોય તો તમારી સામે સત્યપ્રતિજ્ઞા કરીને કહું છું કે હું તેને યુદ્ધમાં મારી નાખીશ. હું પાંડવોના અજ્ઞાતવાસ સમાપ્ત થતાં જ તેમને તમારે અધીન કરી દઈશ.'

કર્ણની આ પ્રમાણેની હૈયાધારણા, દુઃશાસનની વિનંતી અને દૈત્યોની વાત યાદ કરીને દુર્યોધન આસન પરથી ઊભો થઈ ગયો. તેણે પાંડવો સાથે યુદ્ધ કરવાનો નિર્ણય કરી લીધો. અને પોતાની સેના સાથે હસ્તિનાપુર પહોંચી ગયો.

જ્યારે દુર્યોધન હસ્તિનાપુર પાછો આવ્યો ત્યારે પિતામહ ભીષ્મે તેને કહ્યું, 'જ્યારે તમે દ્વૈતવનમાં જવા માટે તૈયાર થયા હતા, ત્યારે મેં તમને કહ્યું હતું કે મને તમારું ત્યાં જવું ઉચિત લાગતું નથી. છતાં તમે ત્યાં ગયા. ત્યાં શત્રુઓએ તમને બાંધી દીધા અને પછી પાંડવોએ તમને છોડાવ્યા, આ શું તમારા માટે શરમજનક નથી? તે સમયે કર્ણ ગંધર્વોથી ડરીને ભાગી ગયો હતો. તેથી કુળની વૃદ્ધિ માટે હું તો પાંડવો સાથે સંધિ કરી લેવાને ઉચિત સમજું છું.'

ભીષ્મ દ્વારા આ પ્રમાણે કહેવાથી રાજા દુર્યોધન શકુનિ, દુઃશાસન અને કર્ણ વગેરે ત્યાંથી ચાલ્યા ગયા. પોતાના સ્થાને આવી તેઓ પોતાના મંત્રીઓ સાથે અમારું હિત કેવી રીતે થાય અને તે માટે શું કરવું જોઈએ તેની ચર્ચા કરવા લાગ્યા. ત્યારે કર્ણે કહ્યું, 'ભીષ્મ હંમેશા આપણી નિંદા કરતા રહે છે અને પાંડવોની પ્રશંસા કરે છે. હું પિતામહ ભીષ્મના એ શબ્દોને સહન કરી શકતો નથી. હું શસ્ત્રોના સોગંદ લઈને સત્ય પ્રતિજ્ઞા કરું છું કે તમારો વિજય અવશ્ય થશે.'

કર્ણ હસ્તિનાપુરની મોટી સેના સાથે કૂચ કરી ગયો. તેણે ચારે દિશાઓમાં સંપૂર્ણ પૃથ્વી જીતી લીધી. આ પ્રમાણે કર્ણ સંપૂર્ણ પૃથ્વીને જીતીને હસ્તિનાપુર આવ્યો ત્યારે દુર્યોધને તેનો સત્કાર કર્યો.

દુર્યોધનને બંધનથી છોડાવ્યા પછી પાંડવો ત્યાંથી ચાલીને કામ્યકવનના આશ્રમમાં પહોંચી ગયા. તે સમયે મહર્ષિ વ્યાસ પાંડવોને જોવા માટે ત્યાં પધાર્યા. તેમને પાંડવોને તપ અને દાનનું મહત્ત્વ સમજાવીને કહ્યું, 'સંસારમાં તપથી શ્રેષ્ઠ બીજું કોઈ સાધન નથી. જો યથાસમયે શુદ્ધભાવથી સત્પાત્રને થોડું પણ દાન આપવામાં આવે તો પરલોકમાં તેનું અનંત ફળ મળે છે.'

મહર્ષિ વ્યાસે મુદ્ગલ ઋષિનું ઉદાહરણ આપતા કહ્યું, મુદ્ગલ ઋષિએ એક દ્રોણ (સાડા પંદર શેર જેટલા) અનાજનું દાન કરીને મહાન ફળ પ્રાપ્ત કર્યું હતું.

મુદ્ગલ ઋષિની કથા

મહર્ષિ વ્યાસે કહ્યું, 'મુદ્ગલ ઋષિ કર્મનિષ્ઠ અને તપસ્વી હતા. અતિથિઓની સેવા કરવી એ તેમનું વ્રત હતું. તેઓ ખેતર લણી લીધા પછી તેમાં પડેલા અનાજના દાણા વીણીને નિર્વાહ કરતા. તેઓ પંદર દિવસમાં એક દ્રોણ અનાજ એકઠું કરી લેતા હતા તેનાથી 'ઇષ્ટીકૃત' નામનો યજ્ઞ કરતા. પંદરમા દિવસે પ્રત્યેક અમાસ તથા પૂર્ણિમાએ યજ્ઞ કરતા હતા. યજ્ઞમાં દેવતા અને અતિથિઓને આપ્યા બાદ જે અન્ન બચે તેમાંથી તેઓ નિર્વાહ કરતા હતા. તેઓ એક પખવાડિયામાં એક જ વાર ભોજન કરતાં હતા.'

તેમની કીર્તિની કથા દુર્વાસા મુનિએ સાંભળી. તેઓ ભૂખ્યા અતિથિનો વેશ લઈ ભોજનની ઇચ્છાથી ત્યાં આવી પહોંચ્યા. ઋષિએ ભૂખ્યા અતિથિને શ્રદ્ધાથી ભોજન પીરસીને જમાડ્યા. મુનિ ભૂખ્યા તો

હતા જ, બધું જ ખાઈ ગયા. મુદ્ગલ તેમને વારંવાર પીરસતા રહ્યા અને તેઓ ખાતા રહ્યા. અંતમાં ઊઠીને તેઓ ચાલ્યા ગયા. આ પ્રમાણે તેઓ બીજા પર્વ પર પણ આવ્યા અને ભોજન કરીને ચાલ્યા ગયા. મુદ્ગલ ઋષિને ભૂખ્યા રહેવું પડ્યું. આ રીતે સતત છ વાર દરેક પર્વ પર દુર્વાસા મુનિ આવ્યા, પરંતુ ક્યારેય મુદ્ગલ ઋષિના મનમાં કોઈ વિકાર ન જોયો. આનાથી દુર્વાસા મુનિ ખૂબ પ્રસન્ન થયા. તેમણે મુદ્ગલ ઋષિને કહ્યું, 'આ સંસારમાં તમારા જેવા દાતા કોઈ નથી. ભૂખ તો મોટા મોટા ધાર્મિક લોકોના મન અને ધૈર્યને હરી લે છે. તમે શુભ કર્મોથી બધા લોકને જીતી પરમ પદ પ્રાપ્ત કરી લીધું છે.'

દુર્વાસા આ પ્રમાણે વાત કરી રહ્યા હતા, ત્યારે દેવદૂત વિમાન લઈને મુદ્ગલને સ્વર્ગમાં લઈ જવા માટે ત્યાં આવી પહોંચ્યો. મુદ્ગલ ઋષિએ દેવદૂતને પૂછ્યું, 'સ્વર્ગમાં કયું સુખ છે અને કયા દોષ છે?' દેવદૂતે કહ્યું કે ત્યાં ભોગવિલાસ અને સુખ જ સુખ છે. સ્વર્ગમાં પોતાના કરેલા કર્મનું જ ફળ ભોગવી શકાય છે નવું કર્મ કરી શકાતું નથી. આ સ્વર્ગનો સૌથી મોટો દોષ છે. પરંતુ સમય પૂરો થતા ફરી પૃથ્વી પર જન્મ લેવો પડે. દેવદૂતની વાત સાંભળીને મુદ્ગલ ઋષિએ કહ્યું, 'સ્વર્ગમાં તો બહુ મોટો દોષ છે મારે તે સ્વર્ગનું કે ત્યાંના સુખનું કોઈ કામ નથી. માટે આપ પ્રસન્નતાથી પાછા પધારો.' આમ કહીને મુદ્ગલ ઋષિએ દેવદૂતને વિદાય કરી દીધા. અને પૂર્વવત્ જીવન વિતાવતા રહીને મોક્ષરૂપી પરમસિદ્ધિ પ્રાપ્ત કરી લીધી.

જયદ્રથ દ્વારા દ્રૌપદીનું હરણ

એકવાર પાંડવો પોતાના આશ્રમમાં દ્રૌપદીને એકલી મૂકીને પુરોહિત ધૌમ્યની આજ્ઞાથી બ્રાહ્મણો માટે ભોજનનો પ્રબંધ કરવા વનમાં ચાલ્યા ગયા. તે જ સમયે સિંધુદેશનો રાજા જયદ્રથ કામ્યકવનમાં આવ્યો. ત્યાં નિર્જન વનમાં જયદ્રથે આશ્રમના દ્વાર પર દ્રૌપદીને જોઈ.

જયદ્રથ દ્રૌપદીને જોઈને કામથી મોહિત થઈ દ્રૌપદીને કહેવા લાગ્યો, 'તમે પાંડવોને છોડી દો અને મારી પત્ની થઈને સુખ ભોગવો.'

જયદ્રથની વાત સાંભળીને દ્રૌપદી ગુસ્સે થઈ ગઈ. તેનો તિરસ્કાર કરીને દ્રૌપદીએ ઘણી કઠોર વાતો સંભળાવી અને કહ્યું, તું તારા પોતાના મૃત્યુ માટે જ મારું અપહરણ કરવા ચાહે છે. ધૌમ્ય ઋષિએ પણ તેને સમજાવ્યો છતાં પણ જયદ્રથે દ્રૌપદીને જબરદસ્તી ખેંચીને રથમાં બેસાડી

પોતાની સેના સાથે ચાલી નીકળ્યો.

જ્યારે પાંડવો આશ્રમ પર આવ્યા ત્યારે તેમને જયદ્રથ દ્વારા દ્રૌપદીના અપહરણની ખબર પડી. તેઓ ક્રોધિત થઈને ધનુષ્યનો ટંકાર કરતા જયદ્રથની પાછળ ગયા અને તેની સાથે યુદ્ધ કર્યું. જયદ્રથ યુદ્ધમાંથી ભાગવા લાગ્યો એ જોઈ ભીમ અને અર્જુન તેની પાછળ દોડ્યા. ભીમે જયદ્રથને પકડીને જમીન પર પછાડ્યો અને ખૂબ માર માર્યો. અને તેનું મુંડન કરી પાંચ ચોટલીઓ રાખી દીધી. પછી તેને બાંધીને આશ્રમમાં ધર્મરાજ યુધિષ્ઠિર પાસે લઈ આવ્યા.

ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું, 'એ દુઃશાલાનો પતિ હોવાથી આપણો બનેવી છે.' એમ કહી તેને બંધનમાંથી મુક્ત કરી છોડી દીધો.

સાવિત્રીનો જન્મ અને વિવાહ

મરૂદેશમાં અશ્વપતિ નામનો એક બહુ ધાર્મિક અને બ્રાહ્મણસેવી રાજા હતો. તે અત્યંત ઉદાર, સત્યનિષ્ઠ, દાની, ચતુર અને ક્ષમાશીલ હતો. તે રાજાની પત્નીને ગર્ભ રહ્યો અને તેને કમળ જેવાં નેત્રોવાળી એક કન્યાને જન્મ આપ્યો. રાજાએ પ્રસન્ન થઈને તે કન્યાના સંસ્કાર કર્યા. તે કન્યા સાવિત્રીના મંત્રો દ્વારા હવન કરવાથી સાવિત્રી દેવીએ પ્રસન્ન થઈને આપી હતી, તેથી બ્રાહ્મણોએ અને રાજાએ તેનું નામ 'સાવિત્રી' રાખ્યું.

તે કન્યા ધીરે ધીરે મોટી થવા લાગી અને યુવાવસ્થામાં પ્રવેશ કર્યો. કન્યાને યુવતી થયેલી જોઈને મહારાજ અશ્વપતિ બહુ ચિંતિત થયા. તેમણે સાવિત્રીને કહ્યું, 'સાવિત્રી! તું લગ્ન કરવા યોગ્ય થઈ ગઈ છે. તેથી સ્વયં તારા માટે કોઈ યોગ્ય વર શોધી લે. જેથી હું દેવતાઓની દૃષ્ટિએ અપરાધી ન બનું.' પુત્રીને આ પ્રમાણે કહીને તેમણે પોતાના વૃદ્ધ મંત્રીઓને આજ્ઞા કરી કે, 'તમે લોકો રથ લઈને સાવિત્રીની સાથે જાઓ.'

સાવિત્રીએ સંકોચ સાથે પિતાની આજ્ઞાનો સ્વીકાર કર્યો અને પિતાના ચરણોમાં પ્રણામ કરીને રથમાં બેસીને મંત્રીઓની સાથે વરની શોધમાં નીકળી પડી. તે બધાં તીર્થોમાં શ્રેષ્ઠ બ્રાહ્મણોને ધનનું દાન કરતી રહીને વિભિન્ન દેશોમાં ફરવા લાગી.

એક દિવસ મરૂરાજ પોતાની સભામાં દેવર્ષિ નારદ સાથે વાત કરી રહ્યા હતા. તે જ સમયે મંત્રીઓ સાથે સાવિત્રી બધાં તીર્થોમાં ફરીને પોતાના પિતાને ઘેર પહોંચી. ત્યાં પિતાને નારદજી સાથે બેઠેલા જોઈને

તેણે બંનેના ચરણોમાં પ્રણામ કર્યાં. તેને જોઈને નારદજીએ પૂછ્યું, 'તમારી આ પુત્રી ક્યાં ગઈ હતી અને ક્યાંથી આવી રહી છે? આ યુવતી થઈ ગઈ છે છતાં તમે લગ્ન કેમ કરતા નથી?'

અશ્વપતિએ કહ્યું, 'આને મેં એ જ કામ માટે મોકલી હતી અને તે અત્યારે જ આવી છે. તમે તેને પૂછો, તેણે કયો વર પસંદ કર્યો છે.' જ્યારે પિતાએ કહ્યું કે તું પોતાની બધી વાત કહી દે, ત્યારે સાવિત્રીએ કહ્યું, 'શાલ્વદેશમાં દ્યુમત્સેન નામના એક ધર્માત્મા રાજા હતા. પાછળથી તેઓ આંધળા થઈ ગયા હતા. આંખો જતી રહેવાથી અને પુત્રની બાલ્યાવસ્થા હોવાથી લાગ જોઈને તેમના શત્રુ એવા એક પાડોશી રાજાએ તેમનું રાજ્ય હરી લીધું. ત્યારે તેઓ પોતાના બાળક સહિત વનમાં ચાલ્યા ગયા અને કઠોર તપસ્યા કરવા લાગ્યા. તેમના પુત્ર સત્યવાન જે અત્યારે વનમાં રહીને મોટા થઈ ગયા છે, મારે યોગ્ય છે અને મેં મનથી તેમનું પોતાના પતિરૂપે વરણ કરી લીધું છે.'

આ સાંભળીને નરદજીએ કહ્યું, 'બહુ દુઃખની વાત છે. સાવિત્રીએ મોટી ભૂલ કરી છે. તેને જાણ્યા વિના જ ગુણવાન સમજીને સત્યવાનની વરણી કરી લીધી. આ કુમારના માતા અને પિતા સત્યભાષી છે તેથી જ બ્રાહ્મણોએ આનું નામ 'સત્યવાન' રાખ્યું છે.

રાજાએ પૂછ્યું, 'તે રાજકુમાર તેજસ્વી, બુદ્ધિમાન, ક્ષમાવાન અને શૂરવીર તો છે ને?'

નારદજીએ કહ્યું, 'આ વીર પુત્ર મૃદુ સ્વભાવનો, શૂરવીર, સત્યવાદી, મિલનસાર અને તેજસ્વી છે. તપમાં પણ તે ચઢિયાતો છે. તેના માટે બ્રાહ્મણોનો અભ્રિાય છે કે તેનામાં સરળતા હંમેશા જોવા મળે છે.'

અશ્વપતિએ કહ્યું, 'તમે તેને સર્વ ગુણોથી સંપન્ન જણાવો છો. જો તેનામાં કોઈ દોષ હોય તો તે પણ મને જણાવો.'

નારદજીએ કહ્યું, 'તેનામાં એક જ દોષ છે, પરંતુ તેનાથી તેના બધા ગુણો ઢંકાઈ ગયા છે. તે દોષની નિવૃત્તિ થઈ શકે એમ નથી.' તે દોષ એ છે કે, 'આજથી એક વર્ષ બાદ સત્યવાનનું આયુષ્ય પૂરું થઈ જશે અને તે દેહત્યાગ કરી દેશે.'

ત્યારે રાજાએ સાવિત્રીને કહ્યું, 'તું ફરીથી જઈને બીજા કોઈ વરની શોધ કર. નારદજીએ મને કહ્યું છે કે સત્યવાન એક વર્ષ બાદ શરીરનો ત્યાગ કરી દેશે.'

સાવિત્રીએ કહ્યું, 'હવે તો મેં જેનું એકવાર વરણ કરી લીધું છે તે મારો પતિ થશે. બીજા કોઈ પુરુષને હું વરીશ નહિ.'

નારદજી બોલ્યા, 'તમારી પુત્રીને કોઈ રીતે પણ તેના ધર્મથી વિચલિત કરી શકાય એમ નથી. સત્યવાનમાં જે જે ગુણ છે તે બીજી કોઈ પુરુષમાં છે જ નહિ. તેથી મને પણ એ જ નિર્ણય યોગ્ય લાગે છે કે તમે કન્યાદાન કરી દો.'

રાજાએ કહ્યું, 'તમે જે વાત કહી છે તે બરાબર છે અને કોઈ રીતે ટાળી શકાય એમ નથી. તેથી હું એ જ પ્રમાણે જ કરીશ.

પછી નારદજીની આજ્ઞાને જ યોગ્ય ગણીને અશ્વપતિએ બધી વિવાહની સામગ્રી એકત્રિત કરાવી અને વૃદ્ધ બ્રાહ્મણો તથા પુરોહિતોને બોલાવીને તેમને સાથે લઈને શુભદિવસે કન્યા સાથે પ્રસ્થાન કર્યું. જ્યારે એક પવિત્ર વનમાં રાજા દ્યુમત્સેનના આશ્રમ પર રાજા પહોંચ્યા. ત્યાં તેમણે નેત્રહીન રાજા દ્યુમત્સેનને એક દર્ભના આશન પર બેઠેલા જોયા. રાજા અશ્વપતિએ રાજા દ્યુમત્સેનનું પૂજન કર્યું અને તેમેન પોતાનો પરિચય આપ્યો. રાજા દ્યુમત્સેને આશન આપીને રાજાનો સત્કાર કર્યો અને પૂછ્યું, 'કયા નિમિત્તે મારે ત્યાં પધારવાની કૃપા કરી છે?' ત્યારે અશ્વપતિએ કહ્યું, 'મારી આ આ સવિત્રી નામની રૂપવતી કન્યા છે. તેનો આપ ધર્મ અનુસાર આપની પુત્રવધૂરૂપે સ્વીકાર કરો.'

દ્યુમત્સેને કહ્યું, 'અમે રાજ્યથી ભ્રષ્ટ થઈ ચૂક્યા છીએ અને અહીં વનમાં રહીને સંયમપૂર્વક તપસ્વીઓનું જીવન વ્યતીત કરીએ છીએ. તમારી કન્યા તો આ બધું કષ્ટ સહન કરવા યોગ્ય નથી. તે અહીં આશ્રમમાં વનવાસનાં દુ:ખો કઈ રીતે સહન કરીને રહેશે?'

અશ્વપતિએ કહ્યું, 'સુખ અને દુ:ખ તો આવતાં-જતાં રહે છે, આ વાતને હું અને મારી પુત્રી બંને જાણીએ છીએ. હું તો બધી રીતે નિશ્ચય કરીને જ તમારી પાસે આવ્યો છું.'

દ્યુમત્સેને કહ્યું, 'હું તો પહેલેથી જ તમારી સાથે સંબંધ કરવા ચાહતો હતો, પરંતુ રાજ્યભ્રષ્ટ થઈ જવાને કારણે મેં મારો વિચાર પડતો મૂક્યો હતો. જો મારી પહેલાંની અભિલાષા સ્વયં પૂર્ણ થવા તૈયાર છે, તો એવું જ થાય.'

ત્યાર પછી તે આશ્રમમાં રહેનારા બધા બ્રાહ્મણોને બોલાવીને બંને રાજાઓએ વિધિવત લગ્ન-સંસ્કાર કરાવ્યા અને વર-કન્યાને યથાયોગ્ય

આભૂષણો પણ આપ્યાં. ત્યાર પછી રાજા અશ્વપતિ આનંદપૂર્વક પોતાના નગરમાં પાછા આવ્યા. તે સર્વગુણસંપન્ન ભાર્યાને પ્રાપ્ત કરીને સત્યવાનને બહુ ખુશી થઈ અને સાવિત્રીને પણ બહુ આનંદ થયો. પછી સાવિત્રીએ ભગવાં વસ્ત્ર પહેરી લીધા. તેણે વસ્ત્રાભૂષણો દ્વારા સાસુજીને અને વાણીના સંયમ દ્વારા સસરાજીને પણ સંતુષ્ટ કર્યા. આ પ્રમાણે તે આશ્રમમાં રહીને તપસ્યા કરતાં તેમનો થોડો સમય પસાર થયો.

સાવિત્રી દ્વારા સત્યવાનને જીવતદાન

જ્યારે ઘણા દિવસ વીતી ગયા ત્યારે અંતમાં તે સમય પણ આવી જ પહોંચ્યો કે જે દિવસે સત્યવાનનું મૃત્યુ થવાનું હતું. સાવિત્રી એક - એક દિવસ ગણતી રહેતી હતી. જ્યારે તેણે જોયું કે હવે આમને ચોથા દિવસે મરવાનું છે ત્યારે તેણે ત્રણ દિવસનું વ્રત લીધું અને તે રાત-દિવસ સ્થિર થઈને બેઠી રહી.

સત્યવાન ખભા પર કુહાડી મૂકીને વનમાં સમિધા લાવવા નીકળ્યો. ત્યારે સાવિત્રીએ કહ્યું, 'તમે એકલા ન જશો, હું પણ તમારી સાથે આવું છું.' સત્યવાને કહ્યું, 'તમે પહેલાં ક્યારેય વનમાં ગયાં નથી. વનનો માર્ગ બહુ દુર્ગમ હોય છે અને તમે ઉપવાસને કારણે બહુ અશકત લાગો છો, પછી આ વિકટ માર્ગમાં કઈ રીતે ચાલી શકશો?'

સાવિત્રી બોલી, 'ઉપવાસને લીધે મને કોઈ પ્રકારનો થાક નથી, ચાલવાનો ઘણો ઉત્સાહ છે. તેથી તમે રોકશો નહિ.' સત્યવાને કહ્યું, 'જો તમને ચાલવાનો ઉત્સાહ છે તો હું તો તમને યોગ્ય લાગે તે કરવા તૈયાર છું, પરંતુ તમે માતાજી અને પિતાજીની પણ આજ્ઞા લઈ લો.'

ત્યારે સાવિત્રીએ પોતાનાં સાસુ-સસરાને પ્રણામ કરીને કહ્યું, 'મારા પતિ ફળ વગેરે લાવવા માટે વનમાં જઈ રહ્યા છે. જો તમે આજ્ઞા આપો તો હું આજે તેમની સાથે જવા ઇચ્છું છું.' આ સાંભળીને દ્યુમત્સેને કહ્યું, 'જ્યારથી સાવિત્રી વહુ બનીને આવી છે ત્યારથી તેને કોઈ વાતની યાચના કરી હોવાનું યાદ નથી. તેથી આજે તેની ઇચ્છા અવશ્ય પૂરી થવી જોઈએ. સારું! તું જા. રસ્તામાં સત્યવાનની સંભાળ રાખજે.'

આ પ્રમાણે સાસુ-સસરાની આજ્ઞા મેળવીને સાવિત્રી પોતાના પતિ સાથે ચાલી નીકળી. સત્યવાને પોતાની પત્ની સાથે ફળ વીણીને એક ટોપલી ભરી દીધી અને પછી તે લાકડાં કાપવા લાગ્યો. લાકડાં કાપતાં કાપતાં પરિશ્રમને લીધે તેને પસીનો આવી ગયો અને એના કારણે તેના

માથામાં દર્દ થવા લાગ્યું. તેણે સાવિત્રી પાસે જઈને કહ્યું, 'આજે લાકડાં કાપવાના પરિશ્રમથી માથામાં દર્દ થાય છે અને શરીરમાં બળતરા જેવું થાય છે. મને શરીર કાંઈક અસ્વસ્થ જેવું લાગે છે. હવે મારે સૂઈ જવું છે, બેસવાની મારામાં શક્તિ નથી.'

આ સાંભળીને સાવિત્રી પોતાના પતિની પાસે આવી ને તેમનું માથું ખોળામાં લઈને જમીન પર બેસી ગઈ. એટલામાં તેને એક પુરુષ દેખાયો. તેણે લાલ વસ્ત્રો પહેર્યાં હતા અને માથે મુગટ હતો. તે અત્યંત તેજસ્વી અને બહુ ભયંકર હતો. તેને જોતાં જ સાવિત્રીએ પતિનું મસ્તક જમીન પર મૂકી દીધું અને એકદમ ઊભી થઈ ગઈ અને તેને હાથ જોડીને કહ્યું, 'હું જાણું છું કે તમે કોઈ દેવતા છો, કેમ કે તમારું આ શરીર મનુષ્ય જેવું નથી. તમે કોણ છો અને શું કરવા ચાહો છો? તે મને જણાવો.'

યમરાજાએ કહ્યું, 'તું પતિવ્રતા અને તપસ્વિની છે, તેથી હું તારી સાથે વાતચીત કરીશ. હું યમરાજ છું. તારા પતિ સત્યવાનનું આયુષ્ય પૂરું થઈ ગયું છે, હવે હું તેમને લઈ જવા આવ્યો છું.'

સાવિત્રીએ કહ્યું, 'મેં તો એવું સાંભળ્યું છે કે મનુષ્યોને લેવા માટે તમારા દૂતો આવતા હોય છે. અહીં તમે સ્વયં કઈ રીતે આવ્યા?'

યમરાજ બોલ્યા, 'સત્યવાન ધર્માત્મા અને રૂપવાન છે. એ મારા દૂતો દ્વારા લઈ જવા યોગ્ય નથી. તેથી હું સ્વયં આવ્યો છું.'

ત્યારપછી યમરાજે સત્યવાનના જબરજસ્તી પ્રાણ લઈ લીધા. સત્યવાન મૃત્યુ પામ્યો. યમરાજ સત્યવાનનો પ્રાણ લઈ દક્ષિણ તરફ ચાલવા લાગ્યા. સાવિત્રી પણ યમની પાછળ પાછળ ચાલવા લાગી. યમરાજે કહ્યું, 'પુત્રી, તું પાછી જા અને સત્યવાનના અગ્નિસંસ્કાર કર. સત્યવાન સાથેના તારા સંબંધો પૂરા થયા.'

સાવિત્રીએ કહ્યું, 'મારા પતિદેવને જ્યાં પણ લઈ જવામાં આવશે, ત્યાં મારે પણ જવું જોઈએ. આ જ સનાતન ધર્મ છે.'

યમરાજ બોલ્યા, 'મારી સાથે કોઈ પણ જીવિત માણસ ચાલવા તૈયાર થતા નથી. મારા નામથી બધા ભય પામે છે. છતાં તને મારી બીક નથી. તેથી હું પ્રસન્ન છું. તું સત્યવાનના જીવન સિવાય બીજું કોઈ પણ વરદાન માગી લે. હું તને માગીશ તે બધું આપીશ.'

સાવિત્રી કહે, 'મારા સસરા રાજ્યભ્રષ્ટ થઈને વનમાં રહે છે અને તેઓ અંધ છે. તેમનો અંધાપો દૂર થાય તેવું વરદાન આપો.'

યમરાજે કહ્યું, 'તે જેવું કહ્યું છે, તેવું જ થશે. તું હવે પાછી જા, જેથી તને વધારે થાક ન લાગે.' સાવિત્રી પોતાના સતીત્વના બળથી યમરાજ પાછળ ચાલવા લાગી.

યમરાજ પ્રસન્ન થયા. એમણે સાવિત્રીને કહ્યું, 'બીજું વરદાન માગ. સત્યવાનના જીવન સિવાય જે ઇચ્છે તે આપીશ.'

સાવિત્રી કહે, 'મારા સસરા દ્યુમત્સેનને પોતાનું રાજ્ય પાછું મળે.' યમરાજે કહ્યું, 'તેમને તેમનું રાજ્ય પાછું મળશે. તું હવે પાછી જા.'

યમરાજ પાછળ સાવિત્રી યમલોકમાં પ્રવેશી.

યમરાજે કહ્યું. 'હે સાવિત્રી, સતીત્વના પ્રભાવથી યમલોકમાં આવી છે. હું તારા પર અતિ પ્રસન્ન છું. પુત્રી, સત્યવાનના જીવન સિવાય ત્રીજું કોઈ વરદાન માગી લે.' સાવિત્રીએ પોતાના પિતાને સો પુત્રો થાય તેવું ત્રીજું વરદાન માગ્યું અને યમરાજે તે આપ્યું અને કહ્યું, 'તું હવે પાછી જા.'

યમરાજે આનંદિત થઈ સાવિત્રીને કહ્યું, 'તું સત્યવાનના જીવન સિવાય કોઈ પણ ચોથું વરદાન માગી લે અને અહીંથી પાછી જા.'

સાવિત્રીએ કહ્યું, 'તો પછી મને પણ સો પુત્ર થાય તેવું વરદાન આપો.' યમરાજે કહ્યું, 'તને બળ અને પરાક્રમવાળા સો પુત્રો થશે, જેમનાથી તને બહુ આનંદ થશે. તું હવે પાછી જા, તું બહુ દૂર આવી ગઈ છે.'

સાવિત્રીએ કહ્યું, 'તમે મને પુત્ર-પ્રાપ્તિનું વરદાન આપ્યું છે, તે તો દાંપત્યધર્મ વિના પૂરું થઈ શકતું નથી. તેથી હવે હું એ જ વરદાન માગુ છું કે આ સત્યવાન જીવતા થઈ જા, એનાથી તમારું જ વચન સત્ય થશે.'

આ સાંભળીને યમરાજ બહુ પ્રસન્ન થયા અને 'એવું જ થાઓ' કહીને સત્યવાનનું બંધન છોડી નાખ્યું. પછી તેઓ સાવિત્રીને કહેવા લાગ્યા, 'લે, હું તારા પતિને છોડું છું. હવે આ બધી રીતે નીરોગી થઈ જશે. તું તેને ઘરે લઈ જા. તેના બધા મનોરથો પૂરા થશે. આના દ્વારા તારા ગર્ભથી સો પુત્રો ઉત્પન્ન થશે.' આ પ્રમાણે સાવિત્રીને વરદાન આપીને અને તેને પાછી વાળીને યમરાજ પોતાના લોકમાં ચાલ્યા ગયા.

યમરાજના ગયા પછી સાવિત્રી પોતાના પતિને પ્રાપ્ત કરીને તે સ્થાન પર આવી, જ્યાં સત્યવાનનો મૃતદેહ પડ્યો હતો. પતિને પૃથ્વી પર પડેલો જોઈને તે તેની પાસે બેસી ગઈ અને તેનું માથું લઈને ખોળામાં

મૂકી દીધું. થોડી જ વારમાં સત્યવાનના શરીરમાં ચેતના આવી ગઈ અને તે સાવિત્રીને પ્રેમપૂર્વક જોતો રહીને વાતો કરવા લાગ્યો. તેણે કહ્યું, 'હું ઘણીવાર સુધી સૂઈ રહ્યો, તમે મને જગાડ્યો કેમ નહિ? અને તે કાળા રંગનો માણસ કોણ હતો જે મને ખેંચીને લઈ જઈ રહ્યો હતો.?'

સાવિત્રીએ કહ્યું, 'તમે ઘણીવાર સુધી મારા ખોળામાં સૂતા છો. એ કાળા રંગનો માણસ પ્રજાનું નિયંત્રણ કરનારા ભગવાન યમ હતા. હવે તેઓ પોતાના લોકમાં ચાલ્યા ગયા છે. સૂર્ય અસ્ત થઈ ચૂક્યો છે અને રાતનો અંધકાર વધી રહ્યો છે, તેથી આ બધી વાતો તો જે રીતે બની છે, કાલે કહીશ. અત્યારે તો તમે ઊઠીને માતા-પિતાનાં દર્શન કરો.

સત્યવાને કહ્યું, 'સારું ચાલો.' હવે મારા માથામાં કોઈ પીડા નથી કે નથી મારા શરીરમાં બીજે ક્યાંય દર્દ. હવે મારું સંપૂર્ણ શરીર સ્વસ્થ લાગે છે. હું તરત જ માતા-પિતાનાં દર્શન કરવા ચાહું છું.

પતિની વાત સાંભળીને સાવિત્રી ઊભી થઈ. પછી બંને ચાલવા માંડ્યા. ત્યારે સત્યવાને કહ્યું, 'હું પણ હવે સ્વસ્થ અને સશક્ત થઈ ગયો છું તથા માતા-પિતાનાં દર્શનની પણ ઉતાવળ છે.' આમ કહીને તે જલદી આશ્રમ તરફ ચાલવા લાગ્યો.

વ્યાસઋષિએ સાવિત્રીની કથા પરી કરીને વિદાય લીધી.

યક્ષના પ્રશ્નો - યુધિષ્ઠિરની કસોટી

કામ્યકવનમાં જ્યાં પાંડવો રહેતા હતા ત્યાં એક ઋષિ રહેતા હતા. ઋષિ જે અરણીથી પૂજા, અર્ચના યજ્ઞમાં અગ્નિ પ્રગટાવવા કરતા હતા તે અરણી સાબરના શિંગડામાં ભેરવાતા સાબર તેને જંગલમાં લઈ ગયું. ઋષિએ તે અરણી લઈ આવવા પાંડવોને વિનંતી કરી.

યુધિષ્ઠિરે તે કામ માટે નકુલને મોકલ્યો. સાબર જે નદીમાં પાણી પી રહ્યું હતું તેનો પીછો કરી નકુલ સરોવર પાસે પહોંચ્યો. નકુલને તરસ લાગતાં એ પાણી પીવા સરોવરમાં ઊતર્યો. તે વખતે એક યક્ષે ચેતવણી આપી કે આ સરોવરનો રક્ષક હું છું. મારા સવાલના જવાબ આપ્યા પછી જ તું પાણી પી શકે. પણ નકુલે તેની વાત ન માની અને નકુલે પાણી પીધું. એ સાથે જ તે મૃત્યુ પામ્યો.

યુધિષ્ઠિરે નકુલને શોધવા સહદેવને મોકલ્યો. સહદેવને પણ તરસ લાગતાં સરોવરમાંથી પાણી પીવા ગયો. યક્ષે એને કહ્યું, 'તું મારા પ્રશ્નોના ઉત્તર આપ. પછી જ તને પાણી પીવા દઈશ.' પરંતુ સહદેવે પણ

તે ન માન્યું અને પાણી પીધું અને તે પણ ત્યાં મૃત્યુ પામ્યો.

યુધિષ્ઠિરે અર્જુનને માદ્રીપુત્રોને શોધવા મોકલ્યો. તે પણ સરોવર કાંઠે આવી પાણી પીવા જતો હતો. ત્યાં યક્ષે તેને પોતાના પ્રશ્નોના ઉત્તર આપવા કહ્યું અને સમજાવ્યું કે પછી જ તે પાણી પી શકશે.

અર્જુને પણ તે ચેતવણીને અવગણી અને પાણી પીવા લાગ્યો અને તે પણ ઢળી પડ્યો. ત્રણે ભાઈઓને શોધવા યુધિષ્ઠિરે ભીમને મોકલ્યો. સરોવર જોતાં ભીમને પણ તરસ લાગી. તે પાણી પીવા ગયો ત્યારે યક્ષે તેને કહ્યું, 'હે ભીમ, તું મારા પ્રશ્નોના ઉત્તર આપ. પહેલાં પાણી પીશે તો ભાઈની જેમ તું પણ મૃત્યુ પામશે.'

ભીમ હસ્યો અને પાણી પીધું. તે સાથે જ એ ત્રણ ભાઈની બાજુમાં ઢળી પડ્યો.

યુધિષ્ઠિર ભીમને આવવામાં વિલંબ થયો તે જાણીને ચિંતા કરવા લાગ્યા. તેઓ પોતે સરોવર કિનારે પહોંચીને જોયું કે તેમના ચારે ભાઈ મરેલા પડ્યા છે. તેમને અચેત પડેલા જોઈને મહારાજ યુધિષ્ઠિર શોકમાં ડૂબી વિચારવા લાગ્યા, આ વીર પુરુષોને કોણે માર્યા? એમના અંગોમાં કોઈ શસ્ત્રોનું ચિહ્ન નથી અને કોઈના ચરણ ચિહ્નો પણ દેખાતા નથી. પહેલા હું એકાગ્રતાથી ઘટનાનું કારણ વિચારું અથવા પાણી પીવાથી મને સ્વયં આનો ભેદ મળી જશે. આવું વિચારીને તેઓ સરોવરમાં ઊતરવા તૈયાર થયા. એ જ સમયે એમને આકાશવાણી સંભળાઈ. તેણે કહ્યું, હું બગલો છું. મેં જ તમારા ભાઈઓને માર્યા છે. જો તમે મારા પ્રશ્નોનો ઉત્તર નહિ આપો તો તમે પણ ધરાશાયી થઈ જશો. તમે મારા પ્રશ્નોના ઉત્તર આપી દો પછી પાણી પીઓ અને લઈ પણ જજો.

યુધિષ્ઠિર બોલ્યા, 'આ કામ કોઈ પક્ષીનું હોઈ શકે નહિ તેથી હું તમને પૂછું છું કે તમે મુખ્ય દેવતાઓમાંથી કોણ છો?'

યક્ષે કહ્યું, 'હું માત્ર જળચર પક્ષી નથી, હું યક્ષ છું. મેં તમારા ભાઈઓને માર્યા છે.'

યક્ષની આ અમંગળ વાણી સાંભળીને યુધિષ્ઠિર તેની પાસે જઈને ઊભા રહ્યા. એક ભયંકર આંખોવાળો વિશાળ યક્ષ વૃક્ષ પર બેઠો હતો, તે જ પોતાની વાણીથી તેમને લલકારી રહ્યો હતો. તે યુધિષ્ઠિરને કહેવા લાગ્યો, 'તમારા ભાઈઓને મેં વારંવાર રોક્યા છતાં તેમણે પાણી પીવાનો આગ્રહ રાખ્યો તેથી મેં તેમને મારી નાખ્યા. જો તમારે પ્રાણ

બચાવવા હોય તો આ સરોવરનું પાણી પીશો નહિ. પહેલા મારા પ્રશ્નોનો ઉત્તર આપો પછી પાણી પીઓ અને લઈ પણ જાઓ.'

યુધિષ્ઠિરે કહ્યું, 'તમે મને પ્રશ્નો પૂછો, હું મારી બુદ્ધિથી તેના જવાબ આપીશ.'

યક્ષે પૂછ્યું, 'સૂર્યનો ઉદય અને અસ્ત કોણ કરે છે? તેમની ચારે બાજુ કોણ કોણ ચાલે છે અને તે શેમાં પ્રતિષ્ઠિત છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'સૂર્યનો ઉદય બ્રહ્મ કરે છે અને ધર્મ તેને અસ્ત કરે છે. દેવતાઓ તેની ચારે બાજુ ચાલે છે. તે સત્યમાં પ્રતિષ્ઠિત છે.'

યક્ષે પૂછ્યું, 'મનુષ્ય શ્રોત્રિય શેનાથી થાય છે? મહત્પદને શેના દ્વારા પ્રાપ્ત કરે છે? કોના દ્વારા તે દ્વિતીયવાન (બ્રહ્મરૂપ) અને શેના બુદ્ધિમાન થાય છે?'

યુધિષ્ઠિર કહ્યું, 'શ્રુતિ દ્વારા મનુષ્ય શ્રોત્રિય થાય છે. તપથી મહત્પદ પ્રાપ્ત કરે છે. ધૃતિથી દ્વિતીયવાન (બ્રહ્મરૂપ) અને વૃદ્ધોની સેવાથી બુદ્ધિમાન થાય છે.'

યક્ષે પૂછ્યું, 'બ્રાહ્મણોમાં દેવત્વ કયું છે? તેમનામાં સત્પુરુષો જેવો ધર્મ કયો છે? મનુષ્યતા શું છે? અને અસત્પુરુષો જેવું આચરણ કોને કહે છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'વેદોનો સ્વાધ્યાય જ બ્રાહ્મણોનું દેવત્વ છે. તપ સત્પુરુષો જેવો ધર્મ છે, 'મરી જઈશ' એવો જે ભાવ છે તે મનુષ્યભાવ છે અને નિંદા કરવી એ અસત્પુરુષો જેવો ભાવ છે.'

યક્ષે પૂછ્યું, 'ક્ષત્રિયોમાં દવેત્વ કયું છે? તેમનામાં સત્પુરુષ જેવો ધર્મ કયો છે? મનુષ્યતા શું છે? અને તેમનામાં અસત્પુરુષો જેવું આચરણ કયું છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'બાણવિદ્યા ક્ષત્રિયઓનું દેવત્વ છે. યજ્ઞ તેમનો સત્પુરુષો જેવો ધર્મ છે. ભય માનવીય ભાવ છે અને દીનજનોની રક્ષા ન કરવી એ અસત્પુરુષો જેવું આચરણ છે.'

યક્ષે પૂછ્યું, 'કઈ એક વસ્તુ યજ્ઞીય સામ છે? કોણ એક યજ્ઞીય યજુઃ છે? કઈ એક વસ્તુ યજ્ઞનું વરણ કરે છે? અને કયા એકનું યજ્ઞ અતિક્રમણ કરતો નથી?'

યુધિષ્ઠિરે કહ્યું, 'પ્રાણ જ યજ્ઞીય સામ છે, મન જ યજ્ઞીય યજુઃ છે. એકમાત્ર ઋક્ જ યજ્ઞનું વરણ કરે છે અને એક માત્ર ઋક્નું જ યજ્ઞ

અતિક્રમણ કરતા નથી.'

યક્ષે પૂછ્યું, 'દેવતર્પણ કરનારાઓ માટે કઈ વસ્તુ શ્રેષ્ઠ છે, પિતૃઓનું તર્પણ કરનારાઓ માટે શું શ્રેષ્ઠ છે? પ્રતિષ્ઠા ચાહનારાઓ માટે કઈ વસ્તુ શ્રેષ્ઠ છે? તથા સંતાન ચાહનારાઓ માટે શું શ્રેષ્ઠ છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'દેવતર્પણ કરનારાઓ માટે વર્ષા શ્રેષ્ઠ ફળ છે, પિતૃઓનું તર્પણ કરનારાઓ માટે બીજ (ધન-ધાન્ય વગેરે સંપત્તિ) શ્રેષ્ઠ છે, પ્રતિષ્ઠા ચાહનારાઓ માટે ગાય શ્રેષ્ઠ છે અને સંતાન ચાહનારાઓ માટે પુત્ર શ્રેષ્ઠ છે.'

યક્ષે પૂછ્યું, 'એવો કયો પુરુષ છે જે ઇન્દ્રિયોના વિષયોનો અનુભવ કરતો રહીને, શ્વાસ લેતો રહીને તથા બુદ્ધિમાન લોકોમાં સમ્માનિત અને બધા પ્રાણીઓનો આદરપાત્ર થઈને પણ વાસ્તવમાં જીવિત નથી?'

યુધિષ્ઠિરે કહ્યું, 'જે દેવતા, અતિથિ, સેવક, માતા-પિતા અને આત્મા - આ પાંચનું પોષણ કરતો નથી, તે શ્વાસ લેતો હોવા છતાં જીવિત નથી.'

યક્ષે પૂછ્યું, 'પૃથ્વીથી ભારે અને આકાશથી ઊંચું શું છે? વાયુથી પણ ઝડપી ચાલનાર શું છે? તણખલાંથી પણ અધિક સંખ્યામાં શું છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'માતા ભૂમિથી પણ વધીને છે, પિતા આકાશથી પણ ઊંચા છે. મન વાયુથી પણ ઝડપી ચાલનારું છે અને ચિંતા તણખલાંથી પણ વધારે છે.'

યક્ષે પૂછ્યું, 'સૂઈ ગયા પછી પાંપણો કોણ બંધ નથી કરતું? ઉત્પન્ન થઈને ચેષ્ટા કોણ નથી કરતું? હૃદય કોનામાં નથી? અને વેગથી કોણ વધે છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'માછલી સૂવા છતાં પાંપણો બંધ કરતી નથી. ઈંડુ ઉત્પન્ન થવા છતાં ચેષ્ટા નથી કરતું. પથ્થરમાં હૃદય નથી અને નદી વેગથી વધે છે.'

યક્ષે પૂછ્યું, 'વિદેશમાં જનારનો મિત્ર કોણ છે? ઘરમાં રહેનારનો મિત્ર કોણ છે? રોગીનો મિત્ર કોણ છે? અને મૃત્યુ નજીક હોય ત્યારે મનુષ્યનો મિત્ર કોણ છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'સાથેના યાત્રીઓ વિદેશ જનારાઓના મિત્ર છે, સ્ત્રી ઘરમાં રહેનારની મિત્ર છે, વૈદ્ય રોગીનો મિત્ર છે અને દાન મરનાર પુરુષનું મિત્ર છે.'

યક્ષે પૂછ્યું, 'સમસ્ત પ્રાણીઓનો અતિથિ કોણ છે? સનાતન ધર્મ શું છે? અમૃત શું છે? અને આ સંપૂર્ણ જગત શું છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'અગ્નિ સમસ્ત પ્રાણીઓનો અતિથિ છે, ગાયનું દૂધ અમૃત છે, અવિનાશી નિત્ય ધર્મ જ સનાતન ધર્મ છે અને વાયુ એ સંપૂર્ણ જગત છે.'

યક્ષે પૂછ્યું, 'એકલો કોણ ભ્રમણ કરે છે? એકવાર ઉત્પન્ન થઈને ફરીથી કોણ ઉત્પન્ન થાય છે? ઠંડીની દવા શી છે? અને મહાન ક્ષેત્ર કયું છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'સૂર્ય એકલો ભ્રમણ કરે છે, ચંદ્રમા એકવાર જન્મ લઈને પુનઃ જન્મ લે છે, અગ્નિ ઠંડીની ઔષધિ છે અને પૃથ્વી બહુ મોટું ક્ષેત્ર છે.

યક્ષે પૂછ્યું, 'ધર્મનું મુખ્ય સ્થાન શું છે? યશનું મુખ્ય સ્થાન શું છે? સ્વર્ગનું મુખ્ય સ્થાન શું છે? અને સુખનું મુખ્ય સ્થાન શું છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'ધર્મનું મુખ્ય સ્થાન દક્ષતા છે, યશનું મુખ્ય સ્થાન દાન છે, સ્વર્ગનું મુખ્ય સ્થાન સત્ય છે અને સુખનું મુખ્ય સ્થાન શીલ છે?'

યક્ષે પૂછ્યું, 'મનુષ્યનો આત્મા શું છે? તેનો દૈવકૃત સખા કોણ છે? જીવનનો સહારો શું છે? અને તેનો પરમ આશ્રય શું છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'પુત્ર મનુષ્યનો આત્મા છે, સ્ત્રી તેનો દૈવકૃત સખા છે. મેઘ જીવનનો સહારો છે અને દાન પરમ આશ્રય છે.'

યક્ષે પૂછ્યું, 'ધન્યવાદને પાત્ર પુરુષમાં ઉત્તમ ગુણ શું છે? સંપત્તિમાં શ્રેષ્ઠ સંપત્તિ કઈ છે? લાભોમાં મુખ્ય લાભ કયો છે? અને સુખોમાં શ્રેષ્ઠ સુખ કયું છે?'

યુધિષ્ઠિર કહ્યું, 'ધન્ય પુરુષોમાં દક્ષતા જ ઉત્તમ ગુણ છે. સંપત્તિમાં શાસ્ત્રજ્ઞાન શ્રેષ્ઠ સંપત્તિ છે. લાભોમાં આરોગ્ય મુખ્ય લાભ છે અને સુખોમાં સંતોષ શ્રેષ્ઠ સુખ છે.'

યક્ષે પૂછ્યું, 'સંસારમાં શ્રેષ્ઠ ધર્મ કયો છે? નિત્ય ફળ આપનાર ધર્મ કયો છે? કોને વશમાં રાખવાથી શોક થતો નથી? કોની સાથે કરેલી સંધિ નષ્ટ થતી નથી?'

યુધિષ્ઠિરે કહ્યું, 'સંસારમાં દયા શ્રેષ્ઠ ધર્મ છે, વેદોક્ત ધર્મ નિત્ય ફળ આપનાર છે, મનને વશમાં રાખવાથી શોક થતો નથી અને સત્પુરુષો સાથે કરેલી સંધિ નષ્ટ થતી નથી.'

યક્ષે પૂછ્યું, 'કઈ વસ્તુનો ત્યાગ કરવાથી મનુષ્ય પ્રિય થાય છે? કોને ત્યાગવાથી મનુષ્ય શોક કરતો નથી? કોનો ત્યાગ કરવાથી તે અર્થવાન થાય છે? અને શેનો ત્યાગ કરવાથી તે સુખી થાય છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'માનનો ત્યાગ કરવાથી મનુષ્ય પ્રીતિપાત્ર બને છે, ક્રોધનો ત્યાગ કરવાથી મનુષ્યને શોક થતો નથી, કામને ત્યાગવાથી તે અર્થવાન થાય છે અને લોભને ત્યાગવાથી તે સુખી થાય છે.'

યક્ષે પૂછ્યું, 'બ્રાહ્મણને શા માટે દાન આપવામાં આવે છે? નટ અને નર્તકોને શા માટે દાન અપાય છે? સેવકોને દાન આપવાનું શું પ્રયોજન છે? અને રાજાને શા માટે દાન આપવામાં આવે છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'બ્રાહ્મણને ધર્મને માટે દાન આપવામાં આવે છે, નટ-નર્તકોને યશને માટે દાન આપવામાં આવે છે, સેવકોને તેમના ભરણપોષણ માટે દાન આપવામાં આવે છે અને રાજાને ભયને લીધે દાન આપવામાં આવે છે.'

યક્ષે પૂછ્યું,'જગત કઈ વસ્તુથી ઢંકાયેલું છે? કોના લીધે તે પ્રકાશિત થતું નથી? મનુષ્ય મિત્રોનો ત્યાગ શા માટે કરે છે? અને તેને કયા કારણે સ્વર્ગની પ્રાપ્તિ થતી નથી?'

યુધિષ્ઠિર કહ્યું, 'જગત અજ્ઞાનથી ઢંકાયેલું છે, તમોગુણને કારણે તે પ્રકાશિત થતું નથી, લોભને કારણે મનુષ્યો મિત્રોનો ત્યાગ કરે છે અને આસક્તિને કારણે તેને સ્વર્ગની પ્રાપ્તિ થતી નથી.'

યક્ષે પૂછ્યું, 'પુરુષ મરેલો કયા કારણે કહેવાય છે? રાષ્ટ્ર કઈ રીતે મરેલું ગણાય? શ્રાદ્ધ કઈ રીતે મૃત બની જાય છે? અને યજ્ઞ કઈ રીતે મૃત થઈ જાય છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'દરિદ્ર માણસ મરેલો છે, રાજા વિનાનું રાજ્ય મરેલું છે, શ્રોત્રિય બ્રાહ્મણ વિના શ્રાદ્ધ મૃત બની જાય છે અને દક્ષિણા વિનાનો યજ્ઞ મરેલો છે.'

યક્ષે પૂછ્યું, 'દિશા શું છે? જળ શું છે? અન્ન શું છે? વિષ શું છે? અને શ્રાદ્ધનો સમય કયો ઉત્તમ હોય છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'સત્પુરુષો દિશા છે, આકાશ જળ છે, ગાયો અન્ન છે, કામના વિષ છે અને બ્રાહ્મણ જ શ્રાદ્ધનો સમય છે.'

યક્ષે પૂછ્યું, 'ઉત્તમ ક્ષમા કોને કહેવાય? લજ્જા કોને કહે છે? તપ કયું કહેવાય? અને દમ કોને કહે છે?'

યુધિષ્ઠિરેં કહ્યું, 'દ્વંદ્વોને સહેવાં એ ઉત્તમ ક્ષમા છે, ન કરવા યોગ્ય કામથી દૂર રહેવું એ લજ્જા છે, પોતાના ધર્મમાં સ્થિત રહેવું એ તપ છે અને મનનું દમન એ દમ છે.'

યક્ષે પૂછ્યું, 'રાજન્! જ્ઞાન કોને કહે છે? શમ શું છે? દયા કોનું નામ છે? અને સરળતા કોને કહે છે?'

યુધિષ્ઠિર કહ્યું, 'વાસ્તવિક વસ્તુને યથાર્થ જાણવી એ જ્ઞાન છે, ચિત્તની શાંતિ શમ છે, બધાંના સુખની કામના એ દયા છે અને સમચિત્ત થવું સરળતા છે.'

યક્ષે પૂછ્યું, 'મનુષ્યનો દુર્જય શત્રુ કોણ છે? અનંત વ્યાધિ કયો છે? સાધુ કોને માનવામાં આવે છે? અને અસાધુ કોને કહે છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'ક્રોધ દુર્જય શત્રુ છે, લોભ અનંત વ્યાધિ છે, જે પ્રાણીમાત્રનો હિતૈષી છે તે જ સાધુ છે અને નિર્દય પુરુષ અસાધુ છે.'

યક્ષે પૂછ્યું, 'રાજન્! મોહ કોને કહે છે? માન કોને કહે છે? આળસ કોને જાણવી? અને શોક કોને કહે છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'ધર્મમૂઢતા જ મોહ છે, આત્માભિમાન જ માન છે, ધર્મ ન કરવો એ આળસ છે અને અજ્ઞાન જ શોક છે.'

યક્ષે પૂછ્યું, 'ઋષિઓ સ્થિરતા કોને કહે છે? ધૈર્ય કોને કહે છે? સ્નાન કોને કહે છે? અને દાન કોને કહેવાય?'

યુધિષ્ઠિરે કહ્યું, 'પોતાના ધર્મમાં સ્થિર રહેવું એ જ સ્થિરતા છે, ઇન્દ્રિય-નિગ્રહ ધૈર્ય છે, માનસિક દોષોનો ત્યાગ એ જ સ્નાન છે અને પ્રાણીઓની રક્ષા કરવી એ દાન છે.'

યક્ષે પૂછ્યું, 'કયા પુરુષને પંડિત સમજવો? નાસ્તિક કોણ છે? મૂર્ખ કોણ છે? કામ કોને કહે છે? તથા મત્સર કોને કહે છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'ધર્મજ્ઞને પંડિત જાણવો, મૂર્ખ નાસ્તિક કહેવાય છે અને નાસ્તિક મૂર્ખ છે; જે જન્મ-મરણરૂપી સંસારનું કારણ છે, તે વાસના જ કામ છે અને હૃદયનો તાપ મત્સર છે.'

યક્ષે પૂછ્યું, 'અહંકાર કોને કહે છે? દંભ કોને કહે છે? પરમદૈવ કોને કહે છે? અને ચુગલી કોનું નામ છે?'

યુધિષ્ઠિર કહ્યું, 'મહાન અજ્ઞાન અહંકાર છે, પોતાને અવાસ્તવિક રીતે મોટો ધર્માત્મા કહેવડાવવો એ દંભ છે, દાનનું ફળ દૈવ છે અને બીજા પર દોષારોપણ કરવું એ ચુગલી છે.'

યક્ષે પૂછ્યું, 'ધર્મ, અર્થ અને કામ - એ પરસ્પર વિરોધી છે. આ નિત્ય વિરોધીઓનો એક સ્થાને સંયોગ કઈ રીતે થાય છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'જ્યારે ધર્મ અને પત્ની પરસ્પર વશમાં હોય તો ધર્મ, અર્થ અને કામ - ત્રણેયનો સંયોગ થઈ શકે છે.'

યક્ષે પૂછ્યું, 'ભરતશ્રેષ્ઠ! અક્ષય નરક કોને પ્રાપ્ત થાય છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'જે મનુષ્ય ભિક્ષા માગનાર કોઈ અકિંચન બ્રાહ્મણને સ્વયં બોલાવીને પછી તેને આપતો નથી તેને અક્ષય નરક પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય વેદ, ધર્મશાસ્ત્ર, બ્રાહ્મણ, દેવતા અને પિતૃધર્મોમાં મિથ્યાબુદ્ધિ રાખે છે, તે અક્ષય નરક પ્રાપ્ત કરે છે તથા ધન પાસે હોવા છતાં પણ જે લોભવશ દાન અને ભોગરહિત છે તથા પાછળથી એવું કહે છે કે મારી પાસે કાંઈ છે જ નહિ, તે અક્ષય નરકને પ્રાપ્ત થાય છે.

યક્ષે પૂછ્યું, 'રાજન્! કુળ, આચાર, સ્વાધ્યાય અને શાસ્ત્ર શ્રવણ આમાંથી કયા સાધન દ્વારા બ્રાહ્મણત્વ પ્રાપ્ત થાય છે, આનો નિશ્ચય કરીને કહો.'

યુધિષ્ઠિરે કહ્યું, 'પ્રિય યક્ષ! સાંભળો. કુળ, સ્વાધ્યાય અને શાસ્ત્રશ્રવણ - આમાંથી કશું જ બ્રાહ્મણત્વમાં કારણ નથી; નિઃસંદેહ આચાર જ બ્રાહ્મણત્વમાં કારણ છે. તેથી પ્રયત્નપૂર્વક સદાચારની રક્ષા કરવી જોઈએ. બ્રાહ્મણે તો આના પર વિશેષ દૃષ્ટિ રાખવી આવશ્યક છે; કારણ કે જેનો સદાચાર અખંડ છે, તેનું બ્રાહ્મણત્વ પણ સુરક્ષિત છે અને જેનો આચાર નષ્ટ થઈ ગયો છે, તે તો સ્વયં પણ નષ્ટ થઈ ગયેલો જ છે. વિદ્યાર્થી, શિક્ષક અને શાસ્ત્રોનું ચિંતન કરનારાઓ પણ વ્યસની અને મૂર્ખ હોય છે; પંડિત તો તે જ છે, જે પોતાના કર્તવ્યનું પાલન કરે છે. ચારે વેદોનો જ્ઞાતા હોવા છતાં પણ જો તેનું આચરણ દૂષિત હશે, તો તે કોઈ રીતે શૂદ્રથી ચઢિયાતો નથી. ખરેખર તો જે અગ્નિહોત્રમાં તત્પર અને જિતેન્દ્રિય છે તે જ બ્રાહ્મણ છે.'

યક્ષે પૂછ્યું, 'મધુરવાણી બોલનારને શું મળે છે એ જણાવો. સમજી-વિચારીને કામ કરનારને શું પ્રાપ્ત થાય છે? જેને ઘણા મિત્રો હોય તેને શો લાભ થાય છે? અને જે ધર્મનિષ્ઠ છે તેને શું મળે છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'મધુરભાષી બધાને પ્રિય હોય છે, સમજી-વિચારીને કામ કરનારને ઘણું કરીને સફળતા મળે છે, ઝાઝા મિત્રો બનાવનાર સુખેથી રહે છે અને જે ધર્મનિષ્ઠ છે તેને સદ્‌ગતિ મળે છે.'

યક્ષે પૂછ્યું, 'સુખી કોણ છે? આશ્ચર્ય શું છે? માર્ગ કયો છે? અને વાર્તા શું છે? મારા આ ચાર પ્રશ્નોનો ઉત્તર આપો.'

યુધિષ્ઠિર કહ્યું, 'જેના પર ઋણ નથી, જે દિવસના પાંચમા કે છઠ્ઠા ભાગમાં પણ પોતાના ઘરમાં ભલે, શાકભાજી જ બનાવીને ખાતો હોય, તો તે સુખી છે, દરરોજ પ્રાણી યમરાજને ઘેર જઈ રહ્યા છે, પરંતુ જે બચી રહ્યા છે, તે હંમેશા જીવિત રહેવાની ઇચ્છા કરે છે, - આનાથી વધીને બીજું શું આશ્ચર્ય હોઈ શકે! તર્કની ક્યાંય પ્રતિષ્ઠા નથી, શ્રુતિઓ પણ ભિન્ન ભિન્ન છે, એક પણ ઋષિ નથી જેનું વચન પ્રમાણ માની શકાય તથા ધર્મનું તત્ત્વ હૃદય-ગુહામાં નિહિત (છૂપું) છે અર્થાત્ અત્યંત ગૂઢ છે; તેથી જે રસ્તે મહાપુરુષો જાય છે તે જ માર્ગ છે. આ મહામોહરૂપી કઢાઈમાં કાળ-ભગવાન સમસ્ત પ્રાણીઓને મહિના અને ઋતુઓના કડછાથી હલાવીને સૂર્યરૂપી અગ્નિ અને રાત-દિવસરૂપી લાકડાં દ્વારા રાંધી રહ્યા છે - આ જ વાર્તા છે.'

યક્ષે પૂછ્યું, 'તમે મારા બધા પ્રશ્નોના ઉત્તર બરાબર આપી દીધા, હવે તમે પુરુષની પણ વ્યાખ્યા કરો અને એ પણ કહો કે સહુથી મોટો ધનવાન કોણ છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'જે પુરુષનાં પુણ્યકર્મોની કીર્તિનો ધ્વનિ જ્યાં સુધી સ્વર્ગ અને પૃથ્વીનો સ્પર્શ કરે છે, ત્યાં સુધી તે પુરુષ પણ છે. જેની દૃષ્ટિમાં પ્રિય-અપ્રિય, સુખ-દુઃખ અને ભૂત-ભવિષ્યનાં આ દ્વંદ્વો પણ સમાનરૂપે સ્થિત છે, તે જ સહુથી ધનવાન છે.'

યક્ષે કહ્યું, 'રાજન્! જે સહુથી ધનવાન છે તેની તમે યથાર્થ વ્યાખ્યા કરી દીધી, તેથી તમારા ભાઈઓમાંથી જે એકને તમે ઇચ્છશો, તે જ જીવિત થઈ શકશે.'

યુધિષ્ઠિર બોલ્યા, 'યક્ષ! આ જે શ્યામવર્ણનો, કમળ જેવાં નેત્રોવાળો, વિશાળ સાલવૃક્ષ જેવો ઊંચો અને પહોળી છાતી ધરાવતો મહાબાહુ નકુલ છે, તે જીવિત થઈ જાય.'

યક્ષે કહ્યું, 'જેનામાં દસ હજાર હાથીઓ જેટલું બળ છે, એવા ભીમને છોડીને તમે નકુલને શા માટે જીવિત કરવા ચાહો છો? તથા જેના બાહુબળનો બધા પાંડવોને સંપૂર્ણ ભરોસો છે, તે અર્જુનને પણ છોડીને તમને નકુલને જીવિત કરવાની ઇચ્છા શા કારણે છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'જો ધર્મનો નાશ કરવામાં આવે તો તે નષ્ટ થયેલો

ધર્મ જ કર્તાને પણ નષ્ટ કરી નાખે છે અને જો તેની રક્ષા કરવામાં આવે તો તે કર્તાની પણ રક્ષા કરે છે. તેથી હું ધર્મનો ત્યાગ કરતો નથી, કારણ કે તેમ કરું તો તે ધર્મ જ મારો નાશ કરી દેશે. મારું એવું માનવું છે કે ખરી રીતે બધાના પ્રત્યે સમભાવ રાખવો એ જ પરમધર્મ છે. લોકો મારા વિશે એવું જ સમજે છે કે, રાજા યુધિષ્ઠિર ધર્માત્મા છે. મારા પિતાની કુંતી અને માદ્રી બે પત્નીઓ હતી, તે બંને પુત્રવતી રહે - એવો મારો વિચાર છે. મારા માટે જેવી કુંતી છે, તેવી જ માદ્રી છે, તે બંનેમાં કોઈ ફરક નથી. હું બંને માતાઓ પ્રત્યે સમાન ભાવ રાખવા ચાહું છું, તેથી નકુલ જ જીવિત થાય.'

યક્ષે કહ્યું, 'ભરતશ્રેષ્ઠ! તમે અર્થ અને કામથી પણ સમભાવનો વિશેષ આદર કર્યો છે, તેથી તમારા બધા ભાઈ જીવિત થઈ જાય.'

બધા પાંડવો યક્ષના કહેવા પ્રમાણે ઊભા થઈ ગયા તથા એક ક્ષણમાં જ તેમની ભૂખ-તરસ શાંત થઈ ગઈ.

યુધિષ્ઠિરે પૂછ્યું, 'ભગવન્! તમે કયા શ્રેષ્ઠ દેવતા છો? તમે યક્ષ છે, એવું તો મને લાગતું નથી. તમે વસુઓમાંથી, રુદ્રોમાંથી અથવા મરુતોમાંથી તો કોઈ નથી? અથવા સ્વયં દેવરાજ ઇન્દ્ર જ છો?'

યક્ષે કહ્યું, 'ભરતશ્રેષ્ઠ! હું તમારો પિતા ધર્મરાજ છું. ધર્મરાજે પ્રસન્ન થઈને યુધિષ્ઠિરને વરદાન માગવા કહ્યું. યુધિષ્ઠિરે જે બ્રાહ્મણના અરણીસહિત મંથનકાષ્ટને લઈને મૃગ ભાગી ગયું છે, તેના અગ્નિહોત્રનો લોપ ન થાય. ત્યારે ધર્મરાજે કહ્યું તે બ્રાહ્મણની અરણી લઈ જનાર હું પોતે જ હતો તે હું તમને આપું છું. બીજા વરદાનમાં યુધિષ્ઠિરે અજ્ઞાતવાસના તેરમા વર્ષમાં તેઓને કોઈ ઓળખી ન શકે એવું વરદાન માગ્યું. ત્રીજા વરદાનમાં યુધિષ્ઠિરે માગ્યું કે, હું લોભ, મોહ અને ક્રોધને જીતી શકું તથા દાન, તપ અને સત્યમાં મારું મન દૃઢ રહે.' યુધિષ્ઠિરને આશીર્વાદ આપી ધર્મે વિદાય લીધી.'

વિરાટપર્વ

વિરાટનગરમાં કોણ કયું કાર્ય કરશે તે બાબતે પાંડવોની ચર્ચા

પાંડવોના વનવાસના બાર વર્ષ પૂરા થયાં. યક્ષના કહેવા પ્રમાણે તેરમું વર્ષ અજ્ઞાતવાસનું પૂરું કરવા માટે મત્સ્યદેશ જ ઉત્તમ રહેશે એમ પાંડવો અને દ્રૌપદીએ નક્કી કર્યું. મત્સ્યદેશનો રાજા વિરાટ દયાળુ, ઉદાર અને બળવાન હતો. વિરાટરાજાને ત્યાં કોણે કયું કાર્ય કરવું તે પાંડવોએ નક્કી કર્યું. તેઓ મત્સ્યદેશ જઈ એક એક દિવસના અંતરે વિરાટરાજાને મળ્યા. રાજાએ પાંડવો અને દ્રૌપદીને જુદાં જુદાં કામ માટે નિયુક્ત કર્યા.

યુધિષ્ઠિર કંક નામનો બ્રાહ્મણ બની રાજા પાસે ગયો. તે રાજસભાનો સભાસદ બનીને રહેશે. તેનું કામ રાજા, મંત્રી તથા રાજાના સંબંધીઓને દ્યુતક્રીડા રમાડીને પ્રસન્ન કરવાનું રહેશે.

ભીમે રાજાને ત્યાં બલ્લવ નામના રસોઈયા તરીકે કામકાજ સંભાળવાનું નક્કી કર્યું.

અર્જુને હાથમાં શંખ તથા હાથીદાંતની બંગડી પહેરી, માથા પર ચોટલો ગૂંથીને પોતાને નપુંસક જણાવીને બૃહન્નલા નામે વિરાટરાજાના અંતઃપુરમાં રાજકુમારી ઉત્તરા તથા અન્ય કન્યાઓને નૃત્ય અને સંગીત શીખવવા રહ્યો.

નકુલે ઘોડાની કેળવણી અને સંભાળ રાખવાનું કામ ગ્રંથિક બનીને સ્વીકાર્યું.

સહદેવે વિરાટરાજાની ગૌશાળાના નિયામક તન્તિપાલ તરીકે કામ મેળવ્યું.

દ્રૌપદી સૈરન્ધ્રી તરીકે વિરાટરાજાની રાણી સુદેષ્ણાની દાસી બનીને રહી.

ભીમના હાથે જીમૂતનો વધ

પાંડવો આવ્યા પછી કેટલાક મહિના બાદ મત્સ્યદેશમાં બ્રહ્મમહોત્સવનો મોટો સમારોહ થયો. તેમાં બધી દિશાઓમાંથી હજારો પહેલવાનો ભાગ લેવા આવ્યા. તે બધા અતિ બળવાન હતા અને રાજાએ તેમનું સન્માન કર્યું.

તે બધા પહેલવાનોમાં એક વિશેષ બળવાન પહેલવાન જીમૂત હતો. અખાડામાં ઊતરીને એણે બધાને કુસ્તી લડવા માટે લલકાર્યા. કેટલાય પહેલવાનો આવ્યા પરંતુ તેની કુસ્તીકલાથી પરાજિત થતા ગયા. તેના પેંતરા જોઈને કોઈને તેની પાસે જવાની હિંમત થતી ન હતી. રાજા ગુંચવાયો. ત્યારે કંકે સલાહ આપી : 'આપણો રસોઈયો બલ્લવ બળવાન છે અને કુસ્તી જાણે છે.' રાજાએ બલ્લવને બોલાવ્યો અને એને જીમૂત સાથે કુસ્તી કરવાની આજ્ઞા કરી. ભીમે કુસ્તીમાં પરાક્રમી જીમૂતને લલકાર્યો. બંને સમાન પરાક્રમી હતા. બંને એકબીજાને પોતાની તરફ ખેંચી ઘૂંટણોથી પ્રહાર કરતા હતા. અંતે ભીમે જીમૂતને બંને હાથે પકડીને ગોળ ગોળ ફેરવ્યો અને જમીન પર બળપૂર્વક પટક્યો. આમ ભીમના હાથે પહેલવાન જીમૂત મરાયો. તેથી વિરાટરાજા બલ્લવ પર ભારે પ્રસન્ન થયા અને તેને પુરસ્કારથી સન્માનિત કર્યો.

કીચક દ્વારા દ્રૌપદીનું અપમાન

કીચક વિરાટરાજાનો સાળો અને સેનાપતિ હતો. તેની બહેન સુદેષ્ણા વિરાટરાજાની રાણી હતી. સૈરન્ધ્રી સુદેષ્ણાની દાસી હતી. એ રાણીની અવનવી કેશભૂષા કરતી. આથી સુદેષ્ણા એના પર પ્રસન્ન રહેતી.

એકવાર કીચક બહેન સુદેષ્ણાને મળવા ગયો. ત્યાં એણે સૈરન્ધ્રીને જોઈ. ત્યારથી તે સૈરન્ધ્રીના મોહમાં વિહ્વળ બની ગયો.

કામના અગ્નિમાં બળી રહેલો કીચક ફરી પોતાની બહેન સુદેષ્ણા પાસે ગયો અને કહેવા લાગ્યો, 'આ સુંદરી કોણ છે? એ મને જણાવો. એ ક્યાંથી આવી છે? મારું મન તેને અધીન થઈ ચૂક્યું છે. હું તો આને મારી સ્વામિની બનાવવા ઇચ્છું છું.'

રાણી સુદેષ્ણાને આમ કહીને કીચક દ્રૌપદી પાસે આવીને બોલ્યો, 'તમે કોણ છો? કોની પુત્રી છો અને ક્યાંથી આવ્યા છો? તે મને કહો. તમારું સૌંદર્ય અદ્વિતીય છે. હું તમને સર્વોત્તમ સુખભોગ સમર્પણ કરવા ઇચ્છું છું તેનો સ્વીકાર કરો. જો તમે આજ્ઞા આપો તો હું મારી સર્વ પત્નીઓને તમારી દાસી બનાવી દઉં. હું પોતે પણ સેવકની જેમ તમને આધીન રહીશ.'

દ્રૌપદીએ કહ્યું, 'હું પરણિત છું. મને આ પ્રમાણે કહેવું યોગ્ય નથી. બીજાની સ્ત્રી તરફ ક્યારેક મન ચલિત કરવું ન જોઈએ. સત્પુરુષોનો એ નિયમ છે.'

સૈરન્ધ્રીની વાત સાંભળી કીચક બોલ્યો, 'મારો અસ્વીકાર કરીને તમારે ભારે પસ્તાવું પડશે.'

સૈરન્ધ્રી બોલી, 'મારા પતિ પાંચ ગંધર્વો છે અને તે હંમેશા મારી રક્ષા કરતા રહે છે. તેથી આ વિચાર છોડી દો નહીંતર મારા પતિ કોપાયમાન થઈને તમને મારી નાખશે. મારા પર કુદૃષ્ટિ નાખીને તમે આકાશ, પાતાળ અથવા સમુદ્રમાં પણ ભાગીને છુપાઈ જશો તો પણ મારા પતિના હાથમાંથી બચી શકશો નહીં.'

દ્રૌપદીના તિરસ્કારથી કીચક સદેષ્ણા પાસે જઈને બોલ્યો, 'બહેન! જે ઉપાયથી સૈરન્ધ્રી મારો સ્વીકાર કરે એવું કરો. નહિ તો હું તેના મોહમાં પ્રાણ ત્યાગી દઈશ.'

કીચકની વાત સાંભળીને રાણીએ કહ્યું, 'હું સૈરન્ધ્રીને એકાંતમાં તમારી પાસે મોકલી આપીશ. તમે તમારી ઇચ્છા અનુસાર પ્રસન્ન કરી લેજો.' પોતાની બહેનની વાત માનીને કીચક ત્યાંથી ચાલ્યો ગયો.

ત્યાર પછી સુદેષ્ણાએ સૈરન્ધ્રીને બોલાવીને કહ્યું, 'મને બહુ તરસ લાગી છે તમે કીચકને ઘેર જઈને પીવાયોગ્ય જળ લઈ આવો.'

સૈરન્ધ્રીએ રાણીને કહ્યું, 'હું તેમના ઘરે જઈશ નહીં. કીચક કામથી પીડિત થઈ રહ્યા છે. તે જોતાંની સાથે મારું અપમાન કરી બેસશે. તમારી બીજી ઘણી દાસીઓ છે તેમાંથી કોઈને મોકલો.'

સુદેષ્ણાએ સૈરન્ધ્રીને કહ્યું, 'હું તમને અહીંથી મોકલી રહી છું તેથી તે કદી તમારું અપમાન કરશે નહીં.'

આમ કહીને તેણે તેના હાથમાં એક સોનાનું પાત્ર આપી દીધું. દ્રૌપદી ભયભીત થઈને પોતાની રક્ષા માટે ભગવાન સૂર્યને પ્રાર્થના કરતી

કીચકના મહેલ તરફ ગઈ.

સૈરન્ધ્રીને જોઈને કીચક આનંદિત થતો બોલ્યો, 'સુંદરી! તમારું સ્વાગત છે. મારા માટે આજની રાત્રિ મંગળમય હશે.'

દ્રૌપદી બોલી, 'મને રાણી સુદેષ્ણાએ તમારી પાસે એવું કહીને મોકલી છે કે જલદી જઈને પીવાયોગ્ય જળ લઈ આવ, મને બહુ તરસ લાગી છે.'

કીચકે કહ્યું, 'તેનું મગાવેલું જળ બીજી દાસીઓ આપી આવશે.' આમ કહીને તેણે દ્રૌપદીનો જમણો હાથ પકડી લીધો.

દ્રૌપદી બોલી, 'મેં આજ સુધી ક્યારેય મનથી મારા પતિઓની વિરુદ્ધ આચરણ કર્યું નથી.' આમ કહી કીચકનો તિરસ્કાર કરીને દ્રૌપદી પાછી હટી ગઈ. છતાં પણ કીચક દ્રૌપદીને બળપૂર્વક વશ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

દ્રૌપદી તેને ધક્કો મારી દોડીને રાજસભાને શરણે આવી. કીચકે ભાગી રહેલી દ્રૌપદીનો પીછો કરી તેના વાળ પકડી લીધા. પછી રાજાની સામે જ એને જમીન પર પટકીને લાત મારી. એટલામાં સૂર્ય દ્વારા નિયુક્ત રાક્ષસે કીચકને પકડીને દૂર ફેંકી દીધો. તેનું આખું શરીર ધ્રૂજીને અચેત થઈ ગયું.

તે સમયે રાજસભામાં યુધિષ્ઠિર અને ભીમ બેઠા હતા. તેઓ દ્રૌપદીનું અપમાન જોઈ ક્રોધથી લાલચોળ થઈ ગયા.

દ્રૌપદી સભાભવનના દ્વાર પર આવી રાજાને કહેવા લાગી, 'મારા પતિ સંપૂર્ણ જગતને મારી નાખવાની શક્તિ ધરાવે છે પરંતુ તેઓ ધર્મના પાશથી બંધાયેલા છે. હું તેમની સન્માનિત ધર્મપત્ની છું છતાં પણ આજે એક સૂતપુત્રે મને લાત મારી છે. રાજા થઈને પણ તમે કીચક પ્રત્યે ન્યાય કરતા નથી. તમારો ધર્મ રાજસભાને લજવનારો છે. તમારી સુરક્ષામાં હોવા છતાં કીચક દ્વારા મારી સાથે યોગ્ય વ્યવહાર થયો નથી. રાજાને ધર્મનું જ્ઞાન નથી અને સભાસદો પણ ધર્મને જાણતા નથી. ત્યારે જ ધર્મને ન જાણનાર આ રાજાની સેવા કરે છે.

આ પ્રમાણે આંસુ સારતી દ્રૌપદીએ રાજા વિરાટને ઠપકો આપ્યો. પછી સભાસદોના પૂછવાથી તેણે કલેશનું કારણ જણાવ્યું. આ રહસ્યને જાણીને સભાસદોએ દ્રૌપદીના સાહસની પ્રશંસા કરી અને કીચકને ધિક્કારતા કહ્યું, 'આ નારી જે પુરુષની ધર્મપત્ની છે. તેને જીવનમાં

અલભ્ય લાભ મળ્યો છે. મનુષ્યનો જન્મ લઈને આવી સ્ત્રી મળવી દુર્લભ છે. અમે તો આને મનુષ્ય નહીં દેવી માનીએ છીએ.'

બધા સભાસદો દ્રૌપદીની પ્રશંસા કરી રહ્યા હતા ત્યારે યુધિષ્ઠિરે તેને કહ્યું, 'સૈરન્ધ્રી! હવે અહીંથી ઊભી થઈને રાણી સુદેષ્ણાના મહેલમાં ચાલી જા. તારા પતિ ગાંધર્વ માટે અત્યારે અનુકૂળ સમય નથી. તેઓ અવશ્ય તારું પ્રિય કાર્ય કરશે અને જેણે તને કષ્ટ આપ્યું છે તેને નષ્ટ કરી નાખશે.'

દ્રૌપદી ચાલી ગઈ. તેના વાળ ખુલ્લા અને આંખો ક્રોધથી લાલ થઈ ગઈ હતી. રાણીએ તેને રડતી જોઈને પૂછ્યું, 'તને કોણે મારી છે? શા માટે રડે છે? કોણે તારી સાથે અપ્રિય કર્યું છે?'

દ્રૌપદીએ કહ્યું, 'આજે દરબારમાં વિરાટરાજાની સામે કીચકે મને લાત મારી છે.'

સુદેષ્ણા બોલી, 'કીચક કામથી ચકચૂર થઈને વારંવાર તારું અપમાન કરી રહ્યો છે. તું કહે તો તેને આજે જ મૃત્યુદંડ આપું.'

દ્રૌપદીએ કહ્યું, 'તે જેમનો અપરાધ કરી રહ્યો છે તે લોકો જ કીચકનો વધ કરશે. હવે તે યમલોકની યાત્રા કરશે.'

દ્રૌપદી અને ભીમનો વાર્તાલાપ

કીચકે જ્યારથી લાત મારી હતી, ત્યારથી દ્રૌપદી તેના વધની વાત વિચારતી હતી. આ કાર્યને પૂર્ણ કરવા તે રાત્રિના સમયે ઊઠીને ભીમના નિવાસસ્થાને ગઈ. પછી પાકશાળામાં પ્રવેશ કરી ભીમને કહ્યું, 'સેનાપતિ કીચકે મને રાજસભામાં અને વિરાટરાજાની સામે લાત મારી હતી છતાં તમે અહીં નિશ્ચિંત થઈને સૂઈ રહ્યા છો?'

ભીમે દ્રૌપદીને કહ્યું, 'એવી કઈ આવશ્યકતા આવી પડી કે તમારે અહીં દોડીને મારી પાસે આવવું પડ્યું? મને બધી વાત કહો જેથી હું જાણી શકું.'

'રાણી સુદેષ્ણા ભાઈના પ્રેમને વશ થઈ મને કહેવા લાગી, 'તમે કીચકના મહેલમાં જઈને મારા માટે પીવાયોગ્ય જળ લઈ આવો. મને ખૂબ તરસ લાગી છે. હું ગઈ અને કીચકે મારા પર કુદૃષ્ટિ કરી અયોગ્ય કર્મ માટે માની જવા મને સમજાવી પરંતુ તે વાતનો મેં અસ્વીકાર કર્યો ત્યારે તેણે ક્રોધિત થઈને મને બળપૂર્વક વશ કરવાનો પ્રયત્ન કર્યો અને સભામાં મને લાત મારી. આ રીતે મને વારંવાર અપમાનિત કરી. તેથી

આ પાપીને તમે મારી નાખો. જો સૂર્યોદય સુધી તે જીવિત રહેશે તો હું વિષ પીને મારા પ્રાણ ત્યાગીશ.' પછી તે વિલાપ કરવા લાગી.

ભીમે દ્રૌપદીને આશ્વાસન આપી કહ્યું, 'તમે જેમ કહો છો હું તેમ જ કરીશ. હું કીચકને તેના ભાઈઓ સહિત મારી નાખીશ. તમે પોતાનું દુઃખ ભૂલીને તેની સાથે મળવાનો સંકેત આપો. રાજા વિરાટે જે નવી નૃત્યશાળા બનાવી છે તે રાત્રે સૂની રહે છે. તમે કીચકને ત્યાં બોલાવો. ત્યાં જ હું તેને યમલોક મોકલી દઈશ.' આ પ્રમાણે કહી બંને પોતપોતાના નિવાસસ્થાને ગયાં.

સવાર થતાં કીચક ફરીથી રાજભવનમાં આવ્યો અને દ્રૌપદીને કહેવા લાગ્યો, 'સભામાં રાજાની સામે જ મેં તમને લાત મારી દીધી. તો પણ તમને કોઈ બચાવી શકે તેમ ન હતું. વિરાટ તો માત્ર નામના જ રાજા છે. વાસ્તવમાં તો હું જ અહીંનો સેનાપતિ અને સ્વામી છું. તેથી તમારું હિત મારો સ્વીકાર કરવામાં જ છે.'

દ્રૌપદીએ કીચકને કહ્યું, 'આપણા બંનેના મિલનની વાત તમારા ભાઈ અને મિત્રો પણ જાણવા જોઈએ નહીં.'

કીચકે આનંદિત થઈને કહ્યું, 'તમે જેમ કહો તેમ જ કરીશ.'

દ્રૌપદીએ કહ્યું, 'રાજાએ જે નૃત્યશાળા બનાવી છે તે રાત્રે સૂની રહે છે. અંધારું થયા પછી તમે ત્યાં આવી જજો.'

ત્યાર પછી કીચક પોતાના મહેલે ગયો પરંતુ તે મૂર્ખને ખબર ન હતી કે સૈરન્ધ્રીના રૂપમાં મારો કાળ આવી રહ્યો છે.

દ્રૌપદીએ પાકશાળામાં જઈને ભીમને કહ્યું, 'મેં તમારા કહ્યા પ્રમાણે કીચકને નૃત્યશાળામાં મળવાનો સંકેત આપી દીધો છે. તેથી આજે તેને અવશ્ય મારી નાખજો.'

ભીમે કહ્યું, 'હું જરૂર કીચકના પ્રાણ લઈ લઈશ.'

દ્રૌપદી બોલી, 'તમે મારા માટે સત્યનો ત્યાગ કર્યા વગર જ કીચકનો વધ કરજો.'

ભીમે દ્રૌપદીને કહ્યું, 'એમ જ થશે. આજે કીચકને હું મારી નાખીશ.'

ભીમ દ્વારા કીચકનો વધ

ભીમ રાત્રિના સમયે નૃત્યશાળામાં જઈ કીચકની પ્રતીક્ષામાં છુપાઈને બેસી ગયા. કીચક પણ નૃત્યશાળામાં આવ્યો. તે સમયે નૃત્યશાળા અંધકારમય હતી. ભીમ એક શય્યા પર સૂતા હતા ત્યાં કીચક

તેમને હાથેથી પંપાળવા લાગ્યા. દ્રૌપદીના અપમાનને કારણે ભીમ ક્રોધિત હતો.

કામથી મોહિત થયેલા કીચકે પોતાની પ્રશંસા કરતા કહ્યું, 'મારા અંતઃપુરની સ્ત્રીઓ મારી પ્રશંસા કરે છે કે તમારા જેવો સુંદર અને દર્શનીય પુરુષ બીજો કોઈ નથી.'

ભીમે કહ્યું, 'તમે દર્શનીય છો એ ખુશીની વાત છે પરંતુ તમે આવો સ્પર્શ પહેલા ક્યારેય અનુભવ્યો હશે નહીં.' આમ કહીને ભીમ એકદમ ઊછળીને ઊભો થઈ ગયો અને હસીને કહેવા લાગ્યો, 'તું પર્વત જેવો મોટો છે પરંતુ સિંહ જેમ વિશાળ હાથીને ઘસડે છે તે જ પ્રમાણે આજે હું તને ઘસડીને મસળી નાખીશ અને તારી બહેનને આ બધું જોવું પડશે. જ્યારે તું મરી જઈશ ત્યારે સૈરન્ધ્રી ભય વિના મહેલમાં રહેશે અને તેના પતિ પણ આનંદપૂર્વક દિવસો પસાર કરશે.

પછી ભીમે કીચકના વાળ પકડી લીધા. તેણે પોતાના વાળ બળપૂર્વક છોડાવી દીધા. બંને બહુ બળવાન હતા. પછી તે બંને ક્રોધિત થઈને પરસ્પર બાહુયુદ્ધ કરવા લાગ્યા. ભીમે ક્રોધિત થઈને તેને અનેક વખત પૃથ્વી પર ઘુમાવીને તેની પીઠ પર બંને ઘૂંટણોથી પ્રહાર કરી તેને પશુના મોતે મારી નાખ્યો.

ભીમે દ્રૌપદીને કહ્યું, 'જે કોઈ તારા પર કુદૃષ્ટિ કરશે તેની પણ આવી જ દશા થશે.' જ્યારે તેમનો ક્રોધ શાંત થઈ ગયો ત્યારે તેઓ પાકશાળામાં ચાલ્યા ગયા.

કીચકનો વધ કરાવીને દ્રૌપદી ખૂબ પ્રસન્ન થઈ અને નૃત્યશાળાની ચોકી કરનારાઓને કહ્યું, 'જુઓ, પેલો કીચક પડ્યો છે. મારા ગાંધર્વ પતિએ તેની આ દુર્ગતિ કરી છે. તમે લોકો એ જોઈને રાણી સુદેષ્ણાને સમાચાર આપો.'

કીચકના મૃતદેહ પર રાણી સુદેષ્ણા અને તેના ભાઈઓ વિલાપ કરવા લાગ્યા. પછી તેનો અગ્નિસંસ્કાર કરવા નગરમાંથી બહાર લઈ જવાની તૈયારી કરવા લાગ્યા.

કીચકના ભાઈઓએ રાજા વિરાટને કહ્યું, 'કીચકનું મૃત્યુ સૈરન્ધ્રીને કારણે જ થયું છે. તેથી અમે તેને કીચકની સાથે જ બાળી મૂકવા ઇચ્છીએ છીએ. તે માટે તમે આજ્ઞા આપો.' રાજાએ તે માટેની સંમતિ આપી દીધી.

કીચકના ભાઈઓએ દ્રૌપદીને પકડી લીધી અને કીચકની નનામી

સાથે બાંધી દીધી અને સ્મશાન તરફ ચાલવા લાગ્યા. દ્રૌપદી વિલાપ કરી સહાયતા માટે બૂમો પાડવા લાગી. દ્રૌપદીનો આ વિલાપ સાંભળી ભીમ ઝડપથી સ્મશાન તરફ ગયા અને સૂતપુત્રોથી પહેલા પહોંચી ગયા.

ભીમને ક્રોધપૂર્વક પોતાની તરફ આવતો જોઈને સૂતપુત્રો ડરી ગયા અને કહેવા લાગ્યા, 'આ સૈરન્ધ્રીને છોડી દો. તેના કારણે જ આ ભય ઉત્પન્ન થયો છે.' સૈરન્ધ્રીને છોડીને તેઓ નગર તરફ ભાગવા લાગ્યા. તેઓને ભાગતા જોઈને ભીમે વૃક્ષથી તેઓનો વધ કર્યો.

ત્યાર પછી ભીમે દ્રૌપદીને આશ્વાસન આપ્યું, 'હવે તું નિશ્ચિંત થઈને નગરમાં જા. તારે કોઈનાથી ગભરાવાની જરૂર નથી. હું બીજા રસ્તે રાજા વિરાટની પાકશાળામાં જઈશ.'

નગરવાસીઓએ આ બધું જોઈ રાજા વિરાટને જણાવ્યું, 'ગંધર્વોએ સૂતપુત્રોને મારી નાખ્યા છે અને સૈરન્ધ્રી તેમના હાથમાંથી છૂટી રાજભવન તરફ આવી રહી છે.'

તેમની આ વાત સાંભળી રાજાએ કહ્યું, 'તમે લોકો સૂતપુત્રોની અંતિમ ક્રિયા કરો.'

પછી કીચકોના વધથી ભયભીત થઈને રાજાએ સુદેષ્ણા પાસે જઈને કહ્યું, 'જ્યારે સૈરન્ધ્રી અહીં આવે તો મારા તરફથી તેને કહી દેજો કે, તમારું કલ્યાણ થાઓ, હવે તમારી ઇચ્છા હોય ત્યાં ચાલ્યા જાઓ. મહારાજ ગંધર્વોના કાર્યથી ડરી ગયા છે.'

દ્રૌપદી રાજભવનમાં ગઈ અને રાણી સુદેષ્ણા પાસે જઈને ઊભી રહી ત્યારે રાણીએ રાજાના કહ્યા પ્રમાણે તેને કહ્યું, 'મહારાજ ગંધર્વોના કાર્યથી ડરી ગયા છે તેથી જ્યાં તારી ઇચ્છા હોય ત્યાં ચાલી જા.'

સૈરન્ધ્રીએ રાણીને કહ્યું, 'મહારાણીજી! તેર દિવસ માટે મને મહારાજ ક્ષમા કરે, ત્યારબાદ ગંધર્વો મને સ્વયં લઈ જશે અને તમારું પણ હિત કરશે.'

રાણી સુદેષ્ણાએ સંમતિ આપી.

કૌરવસભામાં પાંડવોને શોધવા માટે વાર્તાલાપ

પાંડવોનું અજ્ઞાતવાસનું તેરમું વર્ષ પૂરું થવા આવ્યું હતું. આ સ્થિતિમાં તેમને શોધવા દુર્યોધને ગુપ્તચરો મોકલ્યા હતા. પરંતુ તેઓ અનેક ગામ, દેશ અને નગરોમાં શોધીને હસ્તિનાપુર પાછા આવ્યા પણ તેઓને પાંડવોનો કોઈ પત્તો મળ્યો નહીં. તેઓને એટલી ખબર મળી કે

ઇન્દ્રસેન વગેરે પાંડવો વિના જ દ્વારકાપુરીમાં ગયા છે. એક આનંદના સમાચાર એ હતા કે વિરાટરાજાના સેનાપતિ કીચકને રાત્રિના સમયે ગંધર્વોએ મારી નાખ્યો છે.

દૂતોની વાત સાંભળીને દુર્યોધન વિચારમાં પડી ગયો. પછી તેણે સભાસદોને કહ્યું, 'પાંડવોના અજ્ઞાતવાસમાં થોડા દિવસ જ બાકી છે. જો આ સમય પૂરો થઈ ગયો તો પાંડવો ક્રોધિત થઈને કૌરવો માટે સંકટ બની જશે. તેઓ ક્યાંક છુપાયા હશે. તેથી એવો કોઈ ઉપાય કરવો જોઈએ કે તેઓ પોતાના ક્રોધને ગળીને પાછા વનમાં ચાલ્યા જાય. તેથી તરત એમનો પત્તો મેળવવો જોઈએ, જેથી આપણું રાજ્ય વિરોધીઓમાંથી મુક્ત થઈ અખંડ બની રહે.'

કર્ણે દુર્યોધનને કહ્યું, 'તરત જ ગુપ્તરૂપે બીજા કુશળ ગુપ્તચરોને મોકલી મહાત્માઓના આશ્રમોમાં, રાજનગરોમાં, તીર્થોમાં અને ગુફાઓમાં ત્યાંના નિવાસીઓને વિનંતી અને યુક્તિથી પૂછપરછ કરીને તેમનો પત્તો મેળવે.'

દુઃશાસને દુર્યોધનને કહ્યું, 'જે દૂતો પર તમને ભરોસો હોય તેઓ જ પાંડવોની શોધ કરવા માટે જાય. કર્ણે જે કહ્યું તે મને બરાબર લાગે છે.'

દ્રોણાચાર્યે કહ્યું, 'આપણે બ્રાહ્મણો, સેવકો, સિદ્ધપુરુષો અથવા બીજા લોકો પાસે કે જે તેમને ઓળખતા હોય તેમના દ્વારા શોધવાનો પ્રયાસ કરવો જોઈએ.'

ભીષ્મે કૌરવોના હિતની વાત કહી, 'રાજા યુધિષ્ઠિર અત્યંત ધર્મનિષ્ઠ છે. તેમનામાં સત્ય, ધૈર્ય, દાન, શાંતિ, ક્ષમા, તેજ અને સરળતા નિવાસ કરે છે. તેથી સાધારણ પુરુષો કે બ્રાહ્મણો પણ તેમને ઓળખી શકતા નથી. તેથી જ્યાં આવા લક્ષણો જોવા મળે ત્યાં જ પાંડવો ગુપ્તરૂપે રહેતા હશે. આ સિવાય તેમના વિશે બીજી કોઈ વાત કહી શકતો નથી. જો તમને મારી વાતમાં વિશ્વાસ હોય તો વિચાર કરીને જે યોગ્ય લાગે તે કરો.'

ત્યાર પછી મહર્ષિ શરદ્વાનના પુત્ર કૃપાચાર્યે કહ્યું, 'અજ્ઞાતવાસની અવધિ સમાપ્ત થતા જ પાંડવોનો ઉત્સાહ વધી જશે. તેથી તમારે પોતાની સેના, કોષ અને નીતિ પર ધ્યાન કેન્દ્રિત કરી તેને વધારીને સફળતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.'

ત્રિગર્તદેશના રાજા સુશર્માએ દુર્યોધનને કહ્યું, 'મત્સ્યદેશના સેનાપતિ કીચક અત્યંત બળવાન, ક્રૂર અને દુષ્ટ સ્વભાવનો પુરુષ હતો. હવે તે પાપાત્માને ગંધર્વોએ મારી નાખ્યો છે. તેના મૃત્યુથી વિરાટરાજા આશ્રયહીન થઈ ગયા હશે. તેથી જો તમને બધાને યોગ્ય લાગે તો મારી મત્સ્યદેશ પર આક્રમણ કરવાની ઇચ્છા છે.'

કર્ણે દુર્યોધનને કહ્યું, 'આપણે સેનાને સજ્જ કરીને મત્સ્યદેશ પર આક્રમણ કરી દેવું જોઈએ.'

કર્ણની વાત સાંભળી દુર્યોધને દુઃશાસનને આજ્ઞા કરી, 'તમે વડીલ-વૃદ્ધોની સલાહ લઈને યુદ્ધની તૈયારી કરો. રાજા સુશર્માની સેના ગોવાળો પર આક્રમણ કરીને વિરાટનું ગૌધન છીનવી લેશે. તેના એક દિવસ પછી આપણે આપણી સેનાને બે ભાગમાં વહેંચીને રાજા વિરાટની એક લાખ ગાયોનું હરણ કરીશું.'

આમ પાંડવોનો અજ્ઞાતવાસ તોડવા દુર્યોધન, કર્ણ, શકુનિ અને દુઃશાસન તૈયાર થઈ ગયા.

વિરાટરાજા અને સુશર્માનું યુદ્ધ

રાજા સુશર્માએ પોતાના જૂના વેરનો બદલો લેવા માટે વિરાટની ગાયો છીનવી લેવા માટે અગ્નિ ખૂણાથી આક્રમણ કર્યું. તેના બીજા દિવસે બધા કૌરવોએ મળીને વિરાટરાજાની ગાયોને સુશર્માના દેશ તરફ હાંકી ગયા.

ગુપ્તવેશમાં છુપાયેલા પાંડવોનું તેરમું વર્ષ પૂર્ણ થઈ ચૂક્યું હતું. તે જ સમયે સુશર્માના સૈનિકોએ ગોવાળો સાથે યુદ્ધ કરીને રાજા વિરાટની ગાયો પોતાના દેશ તરફ હાંકી ગયા.

આ જોઈને મુખ્ય ગોવાળ નગરમાં આવી રાજાને પ્રણામ કરીને કહેવા લાગ્યો, 'મહારાજ! ત્રિગર્તદેશના સૈનિકો અમને હરાવીને આપણી એક લાખ ગાયો લઈને જઈ રહ્યા છે. તમે તેમને છોડાવવાનો પ્રબંધ કરો. એવું ન થાય કે તમારું ગૌધન ઘણું દૂર નીકળી જાય.' આ સાંભળીને રાજાએ સૈનિકોને એકત્ર કરી યુદ્ધ માટે તૈયાર કર્યા.

આ પ્રમાણે સેના તૈયાર થઈ ગઈ ત્યારે રાજા વિરાટે પોતાના નાના ભાઈ શતાનીકને કહ્યું, 'મારો એવો વિચાર છે કે કંક, બલ્લવ, તન્તિપાલ અને ગ્રંથીક પણ વીર છે. તેઓ યુદ્ધ કરી શકે છે.'

આ વાત સાંભળી શતાનીકે રથ તૈયાર કરવાની આજ્ઞા આપી.

મત્સ્યદેશના વીરો નગરમાંથી નીકળીને ગાયોની ખરીઓના ચિહ્નો જોઈને આગળ વધવા લાગ્યા. પછી બંને તરફના વીરો વચ્ચે ભયંકર યુદ્ધ શરૂ થઈ ગયું.

યુદ્ધ કરતાં કરતાં તેઓએ અનેક ત્રિગર્ત વીરોને ધરાશાયી કરી દીધા. વિરાટરાજાએ બાણોથી સુશર્મા અને તેના ચાર ઘોડાઓને વીંધી નાખ્યા. સુશર્માએ પણ તેમને બાણ મારી વીંધી નાખ્યા. તેણે મત્સ્યરાજની સેનાને પોતાના પરાક્રમથી હરાવી રાજા વિરાટ તરફ દોડ્યો. સુશર્માએ રાજા વિરાટના રથના બંને ઘોડાને, અંગરક્ષક અને સારથિને મારીને તેમને જીવતા જ પકડી લઈ રથમાં નાખીને ચાલતો થયો.

યુધિષ્ઠિરે ભીમને કહ્યું, 'સુશર્મા રાજા વિરાટને લઈ જઈ રહ્યો છે, તમે એમને છોડાવી લો. એવું ન થાય કે તેઓ શત્રુઓની ચુંગાલમાં ફસાઈ જાય.'

ત્યારે ભીમે કહ્યું, 'મહારાજ! તમારી આજ્ઞાથી એમને હમણાં જ છોડાવું છું. આ વૃક્ષની ડાળીઓ ગદા જેવી લાગે છે તેને ઉખાડીને હું શત્રુઓને પરાજિત કરીશ.'

યુધિષ્ઠિરે કહ્યું, 'આ રીતે વિશેષ પરાક્રમ દેખાડશો તો લોકો ઓળખી જશે કે આ તો ભીમ છે. તેથી તમે બીજું જ કોઈ મનુષ્યોચિત શસ્ત્ર લો.'

ભીમે પોતાનું ધનુષ્ય ઉઠાવી સુશર્મા પર બાણો ચલાવ્યા. આ રીતે ભીમ અને સુશર્મા એકબીજા સાથે યુદ્ધ કરવા લાગ્યા. ભીમે બાણોથી તેના ઘોડા, સારથિ અને અંગરક્ષકોને મારી નાખ્યા. સુશર્માના રથનો ચક્રરક્ષક ભીમ પર પ્રહાર કરવા દોડી આવ્યો. એટલામાં વિરાટરાજા રથમાંથી કૂદી પડ્યા અને ગદા લઈને બળપૂર્વક સુશર્મા તરફ દોડ્યા. રથહીન થઈ સુશર્મા પોતાનો જીવ બચાવવા ભાગવા લાગ્યો.

ત્યારે ભીમે કહ્યું, 'તમે યુદ્ધમાં પીઠ દેખાડો તે યોગ્ય નથી. શું આ જ પરાક્રમના બળે તમે જબરદસ્તી ગાયોને હાંકી લઈ જઈ રહ્યા હતા?'

આમ કહીને પોતાના રથમાંથી કૂદીને ભીમ સુશર્મા તરફ દોડ્યા અને એને પકડી લીધાં. રાજાના પરાજિત થવાથી ત્રિગર્તની સેના ભયભીત થઈને ભાગવા લાગી ત્યારે પાંડવોએ બધી ગાયોને પાછી વાળી તથા સુશર્માને પરાજિત કરીને એનું ધન છીનવી લીધું.

ભીમે સુશર્માને કહ્યું, 'અરે મૂર્ખ! જો તારી જીવતા રહેવાની ઇચ્છા

હોય તો તારે વિદ્વાનો અને રાજસભામાં એમ કહેવું પડશે કે હું વિરાટરાજાનો દાસ છું. તો તને વિરાટરાજા જીવનદાન આપશે.'

યુધિષ્ઠિરે પ્રેમપૂર્વક ભીમને કહ્યું, 'ભાઈ! મારી વાત માનો તો આ પાપી સુશર્માને છોડી દો. પરાજિત થઈને એ વિરાટનો દાસ તો બની જ ચૂક્યો છે.'

યુધિષ્ઠિરે સુશર્માને કહ્યું, 'જા, હવે તું દાસ નથી. ફરી ક્યારેય આવું સાહસ ન કરતો.' યુધિષ્ઠિરની વાત સાંભળીને સુશર્મા મુખ નીચું કરીને રાજા વિરાટ પાસે જઈને પ્રણામ કર્યા અને પોતાના દેશ તરફ ચાલ્યો ગયો.

જ્યારે રાજા વિરાટ ગાયોને છોડાવવા માટે ત્રિગર્ત સેના તરફ ગયા ત્યારે દુર્યોધને કૌરવસેના લઈને વિરાટનગર પર ચડાઈ કરી. અને વિરાટની ગાયોને લઈ ગયા.

આ બધા કૌરવો વિરાટની સાઠ હજાર ગાયોને લઈ ગયા. તેમને રોકવા છતાં જ્યારે મારામારી થવા લાગી ત્યારે ગોવાળો તેઓ સામે ટકી શક્યા નહીં. ત્યારે ગોવાળોનો નાયક રથમાં બેસીને રડતો નગરમાં આવ્યો અને રથમાંથી ઊતરીને રાજમહેલના દરવાજા સુધી પહોંચ્યો. ત્યાં તેને વિરાટનો પત્ર ઉત્તર મળ્યો.

ગોપરાજે તેને બધા સમાચાર કહી દીધા અને કહ્યું, 'રાજકુમાર! તમારી સાઠ હજાર ગાયોને કૌરવો લઈ જઈ રહ્યા છે. તેથી અત્યારે તમે તરત જ ગાયોને છોડાવવા માટે જાઓ.'

રાજકુમાર ઉત્તર અંતઃપુરમાં પોતાની માતા પાસે બેઠો હતો. એણે કહ્યું, 'જ્યારે તેને ગોવાળે આ વાત કહી ત્યારે તે પોતાની બડાઈ કરતો કહેવા લાગ્યો, આજે હું જે બાજુ ગાયો ગઈ છે ત્યાં અવશ્ય જઈશ. મારું ધનુષ્ય તો બહુ મજબૂત છે પરંતુ મને એવા સારથિની જરૂર છે જે ઘોડા હાંકવામાં પ્રવીણ હોય. તેથી તમે મારા માટે કોઈ સારથિ શોધી લાવો. પછી હું કૌરવોના છક્કા છોડાવીને તેઓને પરાજિત કરીશ. ક્ષણભરમાં ગાયોને લઈ આવીશ. જે સમયે તેઓ યુદ્ધમાં મારું પરાક્રમ જોશે ત્યારે તેમને એવું કહેવું પડશે કે આ સાક્ષાત અર્જુન તો નથી ને, જે અમને વ્યથિત કરી રહ્યો છે!'

ત્યારે દ્રૌપદીથી રહેવાયું નહીં. તે ઉત્તરને પ્રણામ કરી કહેવા લાગી, આ બૃહન્નલા પહેલાં અર્જુનનો સારથિ જ હતો. જો આ તમારો સારથિ

થઈ જાય તો તમે અવશ્ય કૌરવોને પરાજિત કરી શકશો.

સૈરન્ધ્રીના કહેવાથી રાજકુમારે તેની બહેન ઉત્તરાને કહ્યું, 'બહેન! તું જલદી જઈને બૃહન્નલાને લઈ આવ.'

ભાઈના કહેવાથી બહેન તરત જ નૃત્યશાળામાં ગઈ. રાજકુમારી ઉત્તરાને જોઈને બૃહન્નલાએ પૂછ્યું, 'કેમ આવવાનું થયું?'

ત્યારે રાજકુમારીએ કહ્યું, 'કૌરવસેનાએ આપણા દેશ પર ચડાઈ કરી છે. તેમને પરાજિત કરવા મારો ભાઈ ધનુષ્ય ધારણ કરીને જઈ રહ્યો છે. તમે મારા ભાઈના સારથિ બની જાઓ અને કૌરવસેનાને પરાજિત કરો.'

રાજકુમારી ઉત્તરાના કહેવાથી અર્જુન રાજકુમાર ઉત્તર પાસે આવ્યા. બૃહન્નલાને દૂરથી આવતા જોઈ રાજકુમારે કહ્યું, 'જે સમયે હું યુદ્ધ કરું તે સમયે તમે મારા ઘોડાઓને કાબૂમાં રાખજો.'

રાજકુમાર ઉત્તર એકલો જ કૌરવસેના સામે ગયો. એણે બૃહન્નલાને કહ્યું, તમે જે બાજુ કૌરવો ગયા છે તે તરફ રથ લઈ જાઓ.' ઉત્તરકુમાર કૌરવોની સેનાને જોઈને ભયથી વ્યાકુળ થઈ ગયો. એમાં ભીષ્મ, ગુરુ દ્રોણ, દુર્યોધન, કર્ણ અને દુઃશાસન જેવા મહાન યોદ્ધાઓ હતા.

ઉત્તરકુમારે અર્જુનને કહ્યું, 'આવી વિશાળ સેના અને આ યોદ્ધાઓ સામે હું તરત જ વીરગતિ પામીશ. હું તેમનો સામનો કરી શકું એમ નથી.'

બૃહન્નલાએ કહ્યું, 'રાજકુમાર! તમે બધાની સામે તમારા પુરુષાર્થની પ્રશંસા કરી હતી અને તમે શત્રુઓ સામે લડવા માટે જ નીકળ્યા છો તો પછી હવે યુદ્ધ કેમ કરતા નથી? જો તમે યુદ્ધ કર્યા વિના પાછા જશો તો બધા તમારી હાંસી ઉડાવશે. મને પણ સૈરન્ધ્રીએ તમારું સારથિપણું કરવાનું કહ્યું હતું. તેથી હવે ગાયો લીધા વિના નગર તરફ જવાનું શોભનીય નથી.'

રાજકુમાર ઉત્તર બોલ્યો, 'કૌરવો મત્સ્યદેશની ઘણી ગાયો લઈ જઈ રહ્યા છે તો લઈ જાય અને બધાએ મારી હાંસી ઉડાવવી હોય તો ઉડાવે પરંતુ યુદ્ધ કરવું એ મારા વશની વાત નથી.' આમ કહીને રાજકુમાર રથમાંથી કૂદી પડ્યો.

આ જોઈને બૃહન્નલાએ કહ્યું, 'યુદ્ધભૂમિમાંથી ભાગવું એ ક્ષત્રિયોનો ધર્મ નથી. ડરીને પીઠ દેખાડવી એ સારું નથી.' આમ કહી અર્જુન પણ રથમાંથી ઊતરીને ભાગી રહેલા ઉત્તરની પાછળ ઝડપથી દોડી તેના વાળ પકડી લીધા.

અર્જુન દ્વારા પકડાઈ જવાથી ઉત્તરકુમાર ડરીને રડવા લાગ્યો અને બોલ્યો, 'બૃહન્નલે! સાંભળો, તમે રથ પાછો વાળો. જિંદગી હશે તો સારા દિવસ પણ જોવા મળશે.'

અર્જુન હસતાં હસતાં તેને રથ પાસે લઈ ગયો અને કહ્યું, 'જો શત્રુઓ સાથે યુદ્ધ કરવાની તમારી હિંમત નથી તો તમે ઘોડાની રાશ હાથમાં લઈ લો, હું યુદ્ધ કરું છું. હું કૌરવોની સેનામાં ઘૂસીને લડીશ અને તમારી ગાયો છોડાવી લાવીશ. તમે સારથિનું કામ સંભાળો.' આ પ્રમાણે અર્જુને યુદ્ધમાંથી ભાગી રહેલા ઉત્તરને સમજાવી ફરી રથ પર બેસાડ્યો.

જ્યારે કૌરવોએ નપુંસકવેશધારી પુરુષ અને ઉત્તરને રથમાં આવતા જોઈને અર્જુનની આશંકાથી ડરી ગયા.

દ્રોણે ભીષ્મને કહ્યું, 'આ વ્યંઢળ દેખાય છે તે ઇન્દ્રનો પુત્ર અર્જુન લાગે છે. તે અવશ્ય આપણને યુદ્ધમાં જીતીને ગાયો લઈ જશે. સાંભળ્યું છે કે હિમાલય પર તપ કરતી વખતે અર્જુને ભગવાન શંકરને પણ યુદ્ધ કરી પ્રસન્ન કર્યા હતા.'

આ સાંભળીને કર્ણ બોલ્યો, 'તમે હંમેશા અર્જુનના ગુણ ગાઈને અમારી નિંદા કરો છો પરંતુ તે મારા અને દુર્યોધનના સોળમા અંશ બરાબર નથી.'

દુર્યોધને કહ્યું, 'કર્ણ! જો આ અર્જુન છે તો આપણું કાર્ય સફળ થઈ ગયું. કેમ કે ઓળખી લીધા પછી પાંડવોને ફરી બાર વર્ષ વનમાં રહેવું પડશે પરંતુ કોઈ બીજો પુરુષ વ્યંઢળના રૂપમાં આવ્યો હશે તો મારા બાણોથી હું તેને ધરાશાયી કરી દઈશ.'

અર્જુન રથને શમીવૃક્ષ પાસે લઈ જઈ કહ્યું, 'રાજકુમાર! આ વૃક્ષ પરથી પેલું પોટલું નીચે ઉતારો.'

આ સાંભળી ઉત્તર રથમાંથી ઊતરી વૃક્ષ પર ચઢ્યો અને શસ્ત્રોનું પોટલું નીચે ઉતાર્યું. પછી તેને ખોલ્યું તો એ આશ્ચર્યચકિત થઈ ગયો અને બૃહન્નલાને પૂછવા લાગ્યો, 'આ દિવ્ય શસ્ત્રો કોના છે?'

બૃહન્નલાએ કહ્યું, 'રાજકુમાર! આ અર્જુનનું ગાંડિવ ધનુષ્ય છે. અર્જુને આના વડે દેવતાઓ અને મનુષ્યોને પરાસ્ત કર્યા હતા.'

ઉત્તરે પૂછ્યું, 'બૃહન્નલે! પાંડવો ક્યાં છે? જ્યારથી તેઓ દ્યુતક્રીડામાં પોતાનું રાજ્ય હારી ગયા છે ત્યારથી તેમના વિશે કંઈ સાંભળ્યું નથી.'

બૃહન્નલાએ કહ્યું, 'હું અર્જુન છું. મુખ્ય સલાહકાર કંક યુધિષ્ઠિર

છે. ભોજન બનાવનાર બલ્લવ ભીમ છે. અશ્વશિક્ષક ગ્રંથિક નકુલ છે અને ગોવાળ તન્તિપાલ સહદેવ છે. જેના કારણે કીચક મરાઈ ગયો છે તે સૈરન્ધ્રી દ્રૌપદી છે.'

ઉત્તરે પૂછ્યું, 'મેં અર્જુનના દશ નામ સાંભળ્યા છે. જો તમે મને તે નામોના કારણ જણાવી દો તો મને તમારી વાત પર વિશ્વાસ બેસી જશે.

અર્જુને કહ્યું, 'મારા દશ નામો ૧. ધનંજય ૨. વિજય ૩. શ્વેતવાહન ૪. ફાલ્ગુન ૫. કિરીટી ૬. બીભત્સુ ૭. સવ્યસાચી ૮. અર્જુન ૯. જિષ્ણુ અને ૧૦. કૃષ્ણ છે.' આ પ્રમાણે તેણે પોતાના દશ નામ જણાવ્યા.

આ સાંભળી ઉત્તરે અર્જુનને પ્રણામ કરી કહ્યું, 'હું રાજકુમાર ઉત્તર આજે તમારા દર્શન કરીને મારી જાતને ભાગ્યશાળી માનું છું. તમે આ સુંદર રથમાં બેસી જાઓ. હું તમારો સારથિ બનીશ અને જ્યાં જવાની આજ્ઞા કરશો ત્યાં હું તમને લઈ જઈશ.'

આમ રાજકુમાર ઉત્તરને પોતાનો સારથિ બનાવી અર્જુને શમીવૃક્ષની પરિક્રમા કરી અને શસ્ત્રો લઈને અગ્નિદેવનું ધ્યાન કર્યું. પછી રથમાં બેસીને ગાંડિવ ધનુષ્ય ધારણ કરીને કૌરવસેના તરફ પ્રસ્થાન કર્યું. અર્જુને યુદ્ધનો શંખ વગાડ્યો જેના નાદથી શત્રુઓ ભયભીત થઈ ગયા. રાજકુમાર ઉત્તરને આશ્વાસન આપતા કહ્યું, રાજકુમાર ડરો નહિ. તમે ક્ષત્રિય જ છો. તો પછી શત્રુઓથી ગભરાઓ છો કેમ? હવે તમે રથ પર બેસીને પોતાની બેઠકને જકડી લો તથા ઘોડાઓની લગામને સાવધાનીપૂર્વક સંભાળી લો, હું ફરીથી શંખનાદ કરું છું. આમ કહીને અર્જુને શંખનાદ કર્યો. આનાથી ગભરાઈને ઉત્તર ફરીથી રથમાં ઘૂસીને બેસી ગયો. અર્જુને ઉત્તરને ફરીથી હિંમત આપી.

શંખનાદ સાંભળીને દ્રોણે કહ્યું, 'આ શંખનાદ સાંભળી એવું લાગે છે કે મારો પ્રિય શિષ્ય અર્જુન સિવાય બીજું કોઈ નથી. તેથી આપણે ગાયોને હસ્તિનાપુર તરફ રવાના કરી, વ્યૂહરચના બનાવીને ઊભા રહીએ.'

દુર્યોધનને પાંડવોના તેર વર્ષ પૂર્ણ થઈ ગયા હોવામાં સંદેહ હતો પરંતુ જો તેર વર્ષ પૂરાં થયાં ન હોત તો અર્જુન આપણી સામે આવ્યો ન હોત. દુર્યોધને આ સંબંધમાં પોતાની શંકા વ્યક્ત કરી અને પિતામહ ભીષ્મને તેનો ઉચિત નિર્ણય કરવા કહ્યું.

ભીષ્મે કહ્યું, 'અધિકમાસને લીધે પાંડવોના વનવાસને અત્યારે તેર

વર્ષની ઉપર પાંચ મહિના અને બાર દિવસનો સમય થઈ ગયો છે. તેઓએ જે પ્રતિજ્ઞાઓ કરી હતી તે બધી પ્રતિજ્ઞાઓનું એમણે પાલન કર્યું છે. આ અવધિનો સારી રીતે નિશ્ચય કરીને જ અર્જુન આપણી સામે આવ્યો છે.'

દુર્યોધને કહ્યું, 'પાંડવોને હું રાજ્ય તો આપીશ નહીં. તેથી હવે યુદ્ધ માટેની તૈયારી કરો.'

કૌરવસેનાની વ્યૂહરચના થઈ ગઈ ત્યારે અર્જુન પોતાના રથને લઈ કૌરવસેના સામે પહોંચ્યા.

આ બધું જોઈને દ્રોણે કહ્યું, 'અર્જુન ગાંડિવ ધનુષ્યની પણછ ખેંચી રહ્યો છે. એકસાથે બે બાણ મારા પગ પાસે અને બે બાણ મારા કાનોનો સ્પર્શ કરીને નીકળી ગયા છે. અર્જુન વનવાસમાંથી આવ્યો છે તેથી તે બાણો દ્વારા મને પ્રણામ કરે છે.'

અર્જુને ઉત્તરને કહ્યું, 'તમે રથને કૌરવસેનાથી એટલે દૂર લઈ જાઓ જેટલું એક બાણ જાય છે. ત્યાં જઈને હું જોઈશ કે દુર્યોધન ક્યાં છે?'

ત્યાર પછી અર્જુને સંપૂર્ણ સેના પર નજર કરી પરંતુ તેમને દુર્યોધન ક્યાંય જોવા મળ્યો નહીં.' અર્જુન બોલ્યા, 'એવું લાગે છે કે ગાયો લઈને પોતાના પ્રાણ બચાવવા માટે દુર્યોધન હસ્તિનાપુર તરફ ભાગી ગયો છે. આ રથ જ્યાં દુર્યોધન ગયો છે ત્યાં લઈ લો.'

અર્જુનની આજ્ઞાથી ઉત્તરે રથ તે દિશામાં હાંક્યો જ્યાં દુર્યોધન ગયો હતો. દુર્યોધન પાસે પહોંચીને અર્જુન સેના પર બાણવૃષ્ટિ કરવા લાગ્યા. અર્જુનના ગાંડિવનો ટંકાર સાંભળી ગાયો પૂંછડા ઊંચા કરીને ભાગવા લાગી. કૌરવવીરોએ જોયું કે ગાયો તીવ્ર ગતિએ વિરાટનગર તરફ ભાગી ગઈ અને અર્જુન સફળતા પ્રાપ્ત કરીને દુર્યોધન તરફ આગળ વધી રહ્યો છે.

અર્જુને ઉત્તરને કહ્યું, 'દુર્યોધનની સહાયતાથી કર્ણ બહુ અભિમાની બની રહ્યો છે. તે મારી સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે તેથી તમે મને તેની પાસે લઈ ચાલો.'

ઉત્તર અર્જુનનો રથ મહારથી કર્ણ પાસે લઈ ગયો. કર્ણ અને અર્જુન વચ્ચે ભીષણ યુદ્ધ શરૂ થયું. યુદ્ધમાં કર્ણનું શરીર ઘાયલ થઈ ગયું અને તેને ભારે પીડા થવા લાગી. તેથી એનો સારથિ એને યુદ્ધભૂમિમાંથી દૂર લઈ ગયો. અર્જુને બાણ મારીને કર્ણનો કાન વીંધી નાખ્યો અને તેના ઘોડા,

સારથિ અને રથને પણ નષ્ટ કરી નાખ્યા. આ જોઈને કૌરવસેના આમતેમ ભાગવા લાગી.

ઉત્તરે અર્જુનને કહ્યું, 'હવે તમે કોની સામે જવા ઇચ્છો છો? આજ્ઞા આપો. હું ત્યાં રથને લઈ જાઉં.'

અર્જુને ઉત્તરને કહ્યું, 'જે રથના લાલ ઘોડા છે અને જેની ઉપર આસમાની રંગની ધજા ફરકી રહી છે તે રથમાં બેઠેલા કૃપાચાર્ય સામે રથને લઈ જાઓ.' અર્જુનની વાત સાંભળીને ઉત્તરે જ્યાં કૃપાચાર્યનો રથ ઊભો હતો ત્યાં અર્જુનનો રથ લઈ ગયો.

અર્જુને દુર્યોધન, કર્ણ, કૃપાચાર્ય, દ્રોણ, અશ્વત્થામા અને ભીષ્મ જેવા બળવાન યોદ્ધાઓ સાથે યુદ્ધ કરી તેઓને હરાવ્યા. કૌરવોનું અર્જુન સાથે થયેલું યુદ્ધ જોઈને દેવતાઓ પ્રસન્ન થયા અને તેના પરાક્રમને યાદ કરીને પોતપોતાના લોકમાં ચાલ્યા ગયા.

અર્જુન યુદ્ધમાં કૌરવોને જીતીને રાજા વિરાટનું ગૌધન પાછું લઈ આવ્યા. ત્યાર પછી અર્જુને ઉત્તરને કહ્યું, 'એ તો તમે જાણો જ છો કે તમારા પિતાની પાસે પાંડવો રહે છે પરંતુ નગરમાં પ્રવેશ કરીને તમે પાંડવોની પ્રશંસા કરશો નહિ એ સમય હજી આવ્યો નથી.'

ઉત્તરે કહ્યું, 'જ્યાં સુધી તમે આ વાતને જાહેર કરવા માટે મને નહીં કહો ત્યાં સુધી હું મારા પિતા સમક્ષ કશું જ કહીશ નહીં.'

અર્જુને શમીવૃક્ષ પાસે આવીને પોતાના શસ્ત્રો મૂકી દીધા અને ફરીથી ઉત્તરને કહ્યું, 'હવે આ ગોવાળોને કહો કે તેઓ નગરમાં જઈને શુભ સમાચાર આપી વિજયની ઘોષણા કરે.'

અર્જુનની વાત માનીને ઉત્તરે ગોવાળોને આજ્ઞા આપી કે, 'તમે લોકો નગરમાં જઈને વિજયની ઘોષણા કરી અને ગાયો જીતીને પાછી લાવવામાં આવી છે એમ કહો.'

રાજા વિરાટે પણ ગાયોને પાછી પોતાના નગરમાં વાળી ચારે પાંડવોને સાથે લઈને પ્રસન્નતાથી નગરમાં પ્રવેશ કર્યો. ત્યાર પછી રાજા વિરાટે પૂછ્યું, 'ઉત્તર ક્યાં ગયો છે? રાણીવાસમાં રહેતી સ્ત્રીઓએ જણાવ્યું કે તમારા યુદ્ધમાં ગયા પછી કૌરવો ગાયોનું હરણ કરીને લઈ જવા લાગ્યા. ત્યારે ઉત્તર ક્રોધિત થઈ તેમને જીતવા નીકળી પડ્યા છે અને તેમના સારથિ તરીકે બૃહન્નલા છે.

આ સાંભળી રાજા વિરાટને દુઃખ થયું અને એ પોતાના મંત્રીઓને

કહેવા લાગ્યો, 'પહેલા એ વાતનો પત્તો મેળવો કે કુમાર જીવતો છે કે નહિ. જેનો સારથિ એક વ્યંઢળ છે તેનું અત્યાર સુધી જીવતા રહેવું સંભવ જ નથી.'

રાજા વિરાટને દુઃખી જોઈને યુધિષ્ઠિરે કહ્યું, 'જો બૃહન્નલા સારથિ છે તો વિશ્વાસ રાખો તમારો પુત્ર યુદ્ધ જીતીને આવશે.'

એટલામાં ઉત્તરના મોકલેલા ગોવાળો વિરાટનગરમાં આવી વિજયના સમાચાર આપીને રાજાને કહેવા લાગ્યા, 'હે રાજન! રાજકુમારે ઉત્તરે બધી ગાયોને જીતી લીધી છે અને કૌરવો હારી ગયા છે. કુમાર પોતાના સારથિ સહિત પરત ફરી રહ્યા છે.'

રાજાની પ્રસન્નતાનો પાર ન રહ્યો. રાજકુમાર ઉત્તરે નગરમાં પ્રસન્નતા સાથે પ્રવેશ કર્યો અને વિરાટનગરના લોકોએ તેમનું સ્વાગત કર્યું. રાજાએ દ્વારપાલને કહ્યું, 'બંનેને માન સહિત અંદર લઈ આવો. હું તેમને મળવા ઉત્સુક છું.'

પછી યુધિષ્ઠિરે દ્વારપાલને ધીરેથી કહ્યું, 'પહેલા માત્ર ઉત્તરને અહીં લઈ આવજો, બૃહન્નલાને નહિ.' ત્યાર પછી પ્રથમ ઉત્તરકુમારે સભાભવનમાં પ્રવેશ કર્યો અને પિતાને અને કંકને પ્રણામ કર્યા. વિરાટે ઉત્તરની પ્રશંસા શરૂ કરી, 'તને પ્રાપ્ત કરીને આજે હું ખરેખર પુત્રવાન બન્યો છું. તેં કર્ણ, ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા, કૃપાચાર્ય અને દુર્યોધન સાથે યુદ્ધમાં કેવી રીતે વિજય મેળવ્યો તે જાણવા ઉત્સુક છું.'

ઉત્તરે કહ્યું, 'આ મારો વિજય નથી. આ બધું કામ એક દેવકુમારે કર્યું છે. હું તો ડરથી ભાગીને આવતો રહ્યો હતો પરંતુ તે દેવપુત્રે મને પાછો વાળ્યો અને રથ પર બેસીને કૌરવોને હરાવીને ગાયો પાછી મેળવી.'

પાંડવોની ઓળખ અને અભિમન્યુના ઉત્તરા સાથે લગ્ન

રાજા વિરાટ બોલ્યા, 'તે વીર દેવપુત્ર ક્યાં છે? હું તેમને જોવા ઇચ્છું છું.' ઉત્તરે કહ્યું, 'તે તો ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. પછી પ્રગટ થઈને દર્શન આપશે.' ત્યાર પછી ઉત્તરે મત્સ્યદેશમાં ગુપ્તરૂપે આશ્રય લેનાર પાંડવોની ઓળખાણ કરાવી અને અર્જુનના પરાક્રમની વાતનો આરંભ કર્યો.

પિતાજી! 'વીર અર્જુને યુદ્ધમાં કૌરવોને હરાવીને ગાયોને જીતીને લઈ આવ્યા છે.' આ સાંભળીને વિરાટરાજા આશ્ચર્ય પામ્યા. એમણે

ઉત્તરને પાંડવોની ઓળખ કરાવવા કહ્યું. ઉત્તરે પાંડવોની અને મહારાણી દ્રૌપદીની ઓળખ કરાવી.

રાજા વિરાટ પ્રસન્ન થઈને યુધિષ્ઠિરને કહેવા લાગ્યા, 'ઘણા સૌભાગ્યની વાત છે કે તમે બધા કુશળતાપૂર્વક વનમાંથી આવી ગયા અને અજ્ઞાતવાસની અવધિને પણ પૂરી કરી દીધી. મારું સર્વસ્વ તમારું છે, તેનો સ્વીકાર કરો.'

યુધિષ્ઠિરે કહ્યું, 'હે રાજન્! તમારે ત્યાં આશ્રય લઈને અમે સુખેથી અજ્ઞાતવાસ પૂર્ણ કર્યો.'

વિરાટરાજાએ કહ્યું, 'મહારથી અર્જુન મારી પુત્રી ઉત્તરાનું પાણિગ્રહણ કરે તો મને આનંદ થશે. તેઓ બધી રીતે તેના સ્વામી થવાને યોગ્ય છે.'

વિરાટના કહેવાથી યુધિષ્ઠિરે અર્જુન સામે જોયું. ત્યારે અર્જુને રાજાને ઉત્તર આપ્યો, 'હે રાજન્! હું ઉત્તરાનો ગુરુ છું. માટે એ મારી પુત્રી સમાન છે. હું એની સાથે લગ્ન ન કરી શકું. તેથી હું ઉત્તરાને મારી પુત્રવધૂ તરીકે જ સ્વીકાર કરીશ. મારો પુત્ર અભિમન્યુ દેવકુમાર જેવો છે અને બધા પ્રકારની અસ્ત્ર-શસ્ત્રવિદ્યામાં નિપુણ છે. ઉત્તરા માટે એ પતિ થવા બધી રીતે યોગ્ય છે.'

અર્જુને અને રાજા વિરાટે અભિમન્યુ અને ઉત્તરાનાં લગ્નનો સ્વીકાર કર્યો. ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણની હાજરીમાં અભિમન્યુ અને ઉત્તરાનાં લગ્ન થયાં. લગ્નવિધિ સંપન્ન થતાં યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી ભેટમાં મળેલા ધનમાંથી મોટા ભાગનું ધન બ્રાહ્મણોને દાનમાં આપી દીધું.

ઉદ્યોગપર્વ

રાજા દ્રુપદે ધૃતરાષ્ટ્ર પાસે દૂત મોકલ્યો

પાંડવો અભિમન્યુના લગ્ન કરીને પ્રસન્ન થયા અને રાત્રિ વિશ્રામ કર્યા પછી બીજા દિવસે સવારે વિરાટરાજાની સભામાં પહોંચ્યા. સૌ પહેલા વિરાટરાજા અને દ્રુપદરાજાએ આસન ગ્રહણ કર્યા. પછી પિતા વસુદેવજી સાથે બલરામ અને શ્રીકૃષ્ણ બિરાજમાન થયા. ત્યાર પછી દ્રુપદરાજાના પુત્રો, વિરાટપુત્રો સહિત અભિમન્યુ તથા દ્રૌપદીના પુત્રો સિંહાસન ઉપર જઈને બેઠા. જ્યારે બધા લોકો આવી ગયા ત્યારે શ્રેષ્ઠ પુરુષો એકબીજા સાથે વાર્તાલાપ કરવા લાગ્યા. પછી શ્રીકૃષ્ણનો અભિપ્રાય જાણવા માટે બધાએ તેમને આગ્રહ કર્યો.

શ્રીકૃષ્ણે કહ્યું, 'શકુનિએ જે રીતે દ્યુતક્રીડામાં હરાવીને રાજા યુધિષ્ઠિરનું રાજ્ય છીનવી લઈ પાંડવોને વનવાસમાં મોકલી દીધા હતા તે તમે બધા જાણો છો. પાંડવો તે સમયે પણ પોતાનું રાજ્ય લેવામાં સમર્થ હતા પરંતુ તેઓ સત્યનિષ્ઠ હતા. તેથી તેઓ બાર વર્ષ સુધી વનવાસ ભોગવી, એક વર્ષ અજ્ઞાતવાસ પૂરો કરી બધા નિયમોનું પાલન કર્યું. હવે તમે બધા એવો ઉપાય શોધો કે જે કૌરવો અને પાંડવો માટે ધર્મને અનુકૂળ અને યશસ્વી હોય. અધર્મના માર્ગે તો ધર્મરાજ યુધિષ્ઠિર દેવતાઓનું રાજ્ય પણ લેવા ન માગશે. હવે મહારાજ ધૃતરાષ્ટ્રે પાંડવોને ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય સોંપી દેવું જોઈએ.'

'પાંડવો હંમેશા સત્યને વરીને પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરે છે. હવે જો ધૃતરાષ્ટ્રના પુત્રો અન્યાય કરશે તો આ લોકો એ સહન નહીં કરશે

અને એ જ ક્ષત્રિયોનો ધર્મ છે.'

શ્રીકૃષ્ણની વાત સાંભળીને બલરામજીએ કહ્યું, 'ધૃતરાષ્ટ્રનો વિચાર જાણવા અને તેમને યુધિષ્ઠિરનો સંદેશો સંભળાવવા માટે કોઈ દૂત મોકલવામાં આવે તો કૌરવો-પાંડવોમાં સમાધાન થઈ જશે તો મને આનંદ થશે.'

બલરામજીની વાત સાંભળીને સાત્યકિ બોલ્યા, 'મહારાજ યુધિષ્ઠિર વનવાસની અવધિ સમાપ્ત કરીને હવે પોતાના રાજ્યના અધિકારી છે.'

રાજા દ્રુપદે કહ્યું, 'દુર્યોધન શાંતિથી રાજ્ય આપશે નહિ. પુત્રમોહને કારણે ધૃતરાષ્ટ્ર પણ તેનું અનુસરણ કરશે તથા પિતામહ ભીષ્મ અને આચાર્ય દ્રોણ વિવશતાથી તેઓની હામાં હા કરશે. મારા પુરોહિત વિદ્વાન બ્રાહ્મણ છે. એમને આપણો સંદેશો આપીને રાજા ધૃતરાષ્ટ્ર પાસે મોકલીએ. દુર્યોધન, પિતામહ ભીષ્મ, ધૃતરાષ્ટ્ર અને આચાર્ય દ્રોણ આ બધાને જે કાંઈ કહેવું હોય તે આમને સમજાવી દેવું જોઈએ.'

પછી શ્રીકૃષ્ણે કહ્યું, 'રાજા દ્રુપદે કહેલી વાત મહારાજ યુધિષ્ઠિરના કાર્યને સિદ્ધ કરનારી છે. તેથી ધૃતરાષ્ટ્ર પાસે તમે જે સંદેશો મોકલાવશો તે અમને બધાને માન્ય રહેશે. ધૃતરાષ્ટ્ર ન્યાયપૂર્વક ઇન્દ્રપ્રસ્થ આપી દેશે તો કૌરવો-પાંડવો વચ્ચે યુદ્ધ નહિ થશે. જો મોહવશ રાજા ધૃતરાષ્ટ્ર અને અભિમાનને કારણે દુર્યોધન આનો અસ્વીકાર કરશે તો તેઓએ પોતાના સલાહકારો અને સંબંધીઓને ગુમાવવા પડશે.'

આ પછી રાજા વિરાટે શ્રીકૃષ્ણનો સત્કાર કરીને તેમને ભાઈબંધુઓ સહિત વિદાય આપી.

શ્રીકૃષ્ણ દ્વારકા ગયા પછી યુધિષ્ઠિર સહિત પાંચ ભાઈઓ અને વિરાટ યુદ્ધની તૈયારીઓ કરવા લાગ્યા.

રાજા દ્રુપદે પોતાના પુરોહિતને કહ્યું, 'તમે જાણો છો કે કૌરવોએ પાંડવોને કપટથી હરાવ્યા હતા. તેથી તેઓ કોઈ પણ રીતે રાજ્ય આપશે નહિ પરંતુ તમે ધૃતરાષ્ટ્રને ધર્મની વાતો કહીને તેમનું ચિત્ત અવશ્ય બદલી શકશો. તમારી સાથેની મંત્રણાથી ધૃતરાષ્ટ્ર તમારી ધર્માનુકૂળ વાત માની લે એવો સંભવ છે. દ્રુપદના સમજાવ્યા બાદ પુરોહિત પાંડવોનું હિત કરવાના ઉદ્દેશથી હસ્તિનાપુર જવા નીકળ્યા.

દ્રુપદનો પુરોહિત રાજા ધૃતરાષ્ટ્ર પાસે પહોંચ્યો. ધૃતરાષ્ટ્ર, વિદુર અને પિતામહ ભીષ્મે તેનો સત્કાર કર્યો. પુરોહિતે પોતાના પક્ષના કુશળ

સમાચાર કહ્યા પછી તેમની કુશળતા પૂછી. ત્યારબાદ પુરોહિતે સભામાં કહ્યું, 'એ વાત સૌ જાણે છે કે ધૃતરાષ્ટ્ર અને પાંડુ બંને એક જ પિતાના પુત્રો છે, પરંતુ ધૃતરાષ્ટ્રના પુત્રોને તેમનું પૈતૃક ધન પ્રાપ્ત થયું અને પાંડુના પુત્રોને નથી મળ્યું. એનું શું કારણ છે? આટલા કષ્ટ વેઠીને પાંડવોએ પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો પરંતુ ધૃતરાષ્ટ્ર પુત્રોએ શકુનિ સાથે મળીને કપટથી તેમનું રાજ્ય છીનવી લીધું. રાજા ધૃતરાષ્ટ્રે પણ આ વાતનું અનુમોદન કરી પાંડવોને તેર વર્ષ વનવાસમાં રહેવાને વિવશ કર્યા. આ બધા અપરાધોને ભૂલીને તેઓ હજી પણ કૌરવો સાથે સમાધાન કરવા ઇચ્છે છે. પાંડવો વીર છે છતાં તેઓ કૌરવો સાથે યુદ્ધ કરવા ઇચ્છતા નથી. તેમની ઇચ્છા એ છે કે યુદ્ધમાં જનસંહાર કર્યા વિના જ અમને અમારું રાજ્ય મળી જાય. પાંડવોની સેનાની પ્રબળતા, અર્જુનનું પરાક્રમ અને શ્રીકૃષ્ણની બુદ્ધિમત્તા જાણ્યા પછી કયો મનુષ્ય તેમની સામે યુદ્ધ કરવા તૈયાર થશે? તેથી ધર્મ અને સમયનો વિચાર કરીને તમે પાંડવોને તેમનું રાજ્ય પાછું આપી દો. હે રાજન! ધર્મના માર્ગે ચાલવું એ તમારો રાજધર્મ છે.'

પુરોહિતની વાત સાંભળીને પિતામહ ભીષ્મે કહ્યું, 'બધા પાંડવો ભગવાન શ્રીકૃષ્ણ સાથે કુશળ છે એ જાણીને પ્રસન્નતા થઈ. તે પાંચે ભાઈઓ યુદ્ધનો વિચાર છોડીને પોતાના બાંધવો સાથે સંધિ કરવા ઇચ્છે છે એ તો વિશેષ આનંદની વાત છે. અર્જુન બળવાન અને અસ્ત્ર-શસ્ત્રવિદ્યામાં નિપુણ છે. યુદ્ધમાં તેનો સામનો કોણ કરી શકે છે?'

જ્યારે પિતામહ ભીષ્મ આ વાત કહી રહ્યા હતા ત્યારે કર્ણે ક્રોધથી કહ્યું, 'અર્જુનના પરાક્રમથી કોઈ અજાણ નથી. પછી વારંવાર તેને દોહરાવવાથી શો લાભ? શકુનિએ દુર્યોધન માટે જુગારમાં યુધિષ્ઠિરને હરાવ્યા હતા. તે સમયે તેઓ શરત અનુસાર વનમાં ગયા હતા. તે શરતને પૂરી કર્યા વિના તેઓ પોતાનું રાજ્ય પાછું લેવા ઇચ્છે છે, પરંતુ દુર્યોધન તેમની બીકે રાજ્યનો ચોથો ભાગ પણ આપશે નહિ. જો તેઓ ઇન્દ્રપ્રસ્થ લેવા ઇચ્છતા હોય તો પ્રતિજ્ઞા પ્રમાણે નિયત સમય સુધી વનમાં રહે.'

પિતામહ ભીષ્મ બોલ્યા, 'પાંડવોએ શરત અનુસાર વનવાસ પૂર્ણ કર્યો છે. જો આપણે આ બ્રાહ્મણના કહેવા પ્રમાણે કાર્ય નહિ કરીએ તો અવશ્ય યુદ્ધ થશે. યુદ્ધથી કોઈને લાભ થશે નહિ.'

પિતામહ ભીષ્મની વાત સાંભળીને ધૃતરાષ્ટ્રે પ્રસન્ન થતાં કહ્યું,

'પિતામહ ભીષ્મએ જે કહ્યું છે એમાં જ અમારું અને પાંડવોનું હિત છે. એનાથી જગતનું પણ કલ્યાણ થશે. હે બ્રાહ્મણ દેવતા! હું બધાની સાથે ચર્ચા કરીને સંજયને પાંડવો પાસે મોકલીશ. હવે તમે પાછા ફરો.' આમ કહી ધૃતરાષ્ટ્રે પુરોહિતનો સત્કાર કરી પાંડવો પાસે મોકલી દીધા.

ધૃતરાષ્ટ્રે સંજયને બોલાવીને કહ્યું, 'સંજય! લોકો કહે છે કે પાંડવો વિરાટરાજાને ત્યાં રહ્યા છે. તમે ત્યાં જઈને તેમના કુશળ પૂછજો. તેઓ કોઈ સંજોગોમાં વનવાસને યોગ્ય ન હોવા છતાં તેમણે તે કષ્ટ ભોગવવું પડ્યું છતાં તેઓ ક્રોધ કરતા નથી. મૂર્ખ દુર્યોધન પાંડવોની હયાતીમાં તેમનો ભાગ પડાવી લેવાનું સરળ સમજી બેઠો છે. જે યુધિષ્ઠિરની પાછળ અર્જુન, શ્રીકૃષ્ણ, ભીમ, સાત્યકિ, નકુલ, સહદેવ અને કેટલાય વીરો છે તેમનું રાજ્ય યુદ્ધ થાય તે પહેલા જ આપી દેવામાં સર્વનું કલ્યાણ છે.'

'પાંડવો સત્યકર્તા, મહાત્મા ને બળવાન હતા. શત્રુતા તો તેમણે કોઈની સાથે કરી ન હતી પરંતુ દુર્યોધને તેમની સાથે કપટ કર્યું. મને ડર છે કે તેઓ ક્રોધ કરીને મારા પુત્રોને ભસ્મ ન કરી નાખે. સંજય! તમે મારા તરફથી પાંડવો, શ્રીકૃષ્ણ, સાત્યકિ, વિરાટરાજા તથા દ્રૌપદીના પાંચ પુત્રોની કુશળતા પૂછજો. પછી રાજાઓની વચ્ચે જે પણ ઉચિત લાગે તે વાતચીત કરજો જેથી ભરતકુળનું હિત થાય, પરસ્પર ક્રોધ અને મનદુઃખ ન વધે, યુદ્ધનું કારણ પણ ઊભું ન થાય એ રીતે તમે મંત્રણા કરજો.'

રાજા ધૃતરાષ્ટ્રના વચન સાંભળીને સંજય પાંડવોને મળવા ગયો. ત્યાં પહોંચીને રાજા યુધિષ્ઠિરને પ્રણામ કર્યા. ત્યારબાદ પ્રસન્નતાપૂર્વક કહ્યું, 'રાજા ધૃતરાષ્ટ્રે તમારા સૌની કુશળતા પૂછી છે.'

યુધિષ્ઠિરે કહ્યું, 'સંજય! તમારું સ્વાગત છે. તમને મળીને ઘણો આનંદ થયો. અમે અમારા ભાઈઓ સાથે અહીં કુશળ છીએ. અમારા પિતામહ ભીષ્મની કુશળતા કહો. બધા શ્રેષ્ઠ કુરુઓ પરિવાર સહિત કુશળ તો છે ને તે જણાવો.

સંજય બોલ્યો, 'જેમની તમે કુશળતા પૂછી રહ્યા છો તે બધા સપરિવાર કુશળ છે. યુદ્ધની ચર્ચા થાય છે ત્યારે રાજા વીરોના અગ્રણી અર્જુન, ભીમ, નકુલ અને સહદેવનું હંમેશા સ્મરણ કરે છે. હવે તમે જ વિચાર કરીને એવો કોઈ માર્ગ કાઢો કે જેથી કૌરવો-પાંડવો તથા સમસ્ત પરિવારને સુખ મળે. તમે તમારા રાજાઓ, મંત્રીઓ અને પુત્રોને પણ સાથે રાખો. પછી તમારા કાકાશ્રી ધૃતરાષ્ટ્રે મોકલેલો સંદેશો સાંભળો.

યુધિષ્ઠિરે કહ્યું, 'અહીં શ્રીકૃષ્ણ, સાત્યકિ, રાજા વિરાટ, પાંડવો અને સર્વ હાજર છે. હવે તમે મહારાજ ધૃતરાષ્ટ્રનો સંદેશો કહો.'

સંજય બોલ્યો, 'રાજા ધૃતરાષ્ટ્ર યુદ્ધ નહિ પણ શાંતિ ઇચ્છે છે. હું હાથ જોડીને તમારા લોકોની શરણમાં આવ્યો છું. મારી વિનંતી પર ધ્યાન આપીને તે જ કાર્ય કરો જેથી કૌરવો અને આપ સર્વનું કલ્યાણ થાય. સંધિ જ શાંતિનો સર્વોત્તમ માર્ગ છે. ભીષ્મ પિતામહ અને રાજા ધૃતરાષ્ટ્રનો પણ આ જ અભિપ્રાય છે.'

યુધિષ્ઠિરે સંજયને કહ્યું, 'તમે કહ્યા પ્રમાણે અમે શાંતિ ધારણ કરીશું પરંતુ એ ત્યારે જ સંભવ છે જ્યારે અમને અમારું ઇન્દ્રપ્રસ્થ પરત મળે. દુર્યોધન આ વાતનો સ્વીકાર કરી ઇન્દ્રપ્રસ્થ અમને પાછું આપી દે.'

સંજય બોલ્યો, 'તમારી પ્રત્યેક ચેષ્ટા ધર્મને અનુકૂળ હોય છે આ વાત સૌ જાણે છે. તમારી બુદ્ધિ ક્યારેય અધર્મ સાથે રહેતી નથી. તમે ક્રોધથી ક્યારેય પાપ કર્યું હોય એવું બન્યું નથી. પછી કયા કારણથી પ્રેરાઈને તમે આ વિપરીત કાર્ય કરવા ઇચ્છો છો?'

યુધિષ્ઠિરે કહ્યું, 'સંજય! તમારી એ વાત બિલકુલ બરાબર છે કે બધા કર્મોમાં ધર્મ જ શ્રેષ્ઠ છે પરંતુ હું જે કાર્ય કરવા વિચારી રહ્યો છું તે ધર્મ છે કે અધર્મ એનો પહેલા બરાબર વિચાર કરી લો. પછી અમારી નિંદા કરો. જો હું સંધિનો ત્યાગ કરી યુદ્ધ કરવા ઇચ્છું તો પોતાના ધર્મથી ભ્રષ્ટ થઈને નિંદાપાત્ર બની જાઉં. માટે ભગવાન વાસુદેવ પોતાના વિચાર જણાવે કારણ કે બંને પક્ષોનું હિત તેમને અભીષ્ટ છે. તેમનાથી શ્રેષ્ઠ બીજું કોઈ નથી. હું તેમની વાત ક્યારેય ટાળીશ નહીં.'.

ભગવાન શ્રીકૃષ્ણે સંજયને કહ્યું, 'જે રીતે પાંડવોને હું વિનાશથી બચાવવા ઇચ્છું છું તે જ રીતે ધૃતરાષ્ટ્રના અભ્યુદયની પણ શુભ કામના કરું છું. મારી એક માત્ર ઇચ્છા છે કે બંને પક્ષો શાંત રહે. રાજા યુધિષ્ઠિરને પણ શાંતિ જ પ્રિય છે. પાંડવોની સામે એનો સ્વીકાર કરું છું. પોતાના રાજ્યને પ્રાપ્ત કરવાનો તેઓ જે પ્રયાસ કરે છે એને તમે ધર્મનો લોપ કેમ કહો છો? જો તમે બધું છોડી શાંતિ ધારણ કરવાને ધર્મ માનો છો તો નિજ ધર્મ માટે યુદ્ધ કરવાથી રાજધર્મનું પાલન થાય છે કે યુદ્ધ છોડીને ભાગી જવાથી? આ સંબંધમાં હું તમારો અભિપ્રાય સાંભળવા માગું છું. જે રાજ્યભાગ ધર્મ અનુસાર તેમને પ્રાપ્ત થવો જોઈએ તેને રાજા ધૃતરાષ્ટ્ર છીનવી લેવા ઇચ્છે છે. પાંડવો ધૃતરાષ્ટ્રની સેવા માટે પણ તૈયાર છે અને

યુદ્ધ માટે પણ તૈયાર છે. હવે રાજાને જે ઉચિત લાગે તેનો સ્વીકાર કરે. પાંડવો ધર્મનું આચરણ કરી ઇન્દ્રપ્રસ્થ મેળવવા ઇચ્છે છે. તમે આ સંદેશો રાજા ધૃતરાષ્ટ્રને સારી રીતે સમજાવી દેજો.'

યુધિષ્ઠિર બોલ્યા, 'હે સંજય! તમારું કલ્યાણ થાઓ. હવે તમે પ્રસ્થાન કરો. તમે તો ક્યારેય અમને કષ્ટ થાય એવી વાત વિચારતા જ નથી. કૌરવો તથા અમે પાંડવો જાણીએ છીએ કે તમારું હૃદય શુદ્ધ છે અને તમે કોઈના પક્ષપાતી નથી પરંતુ મધ્યસ્થી છો. દુર્યોધનને તમે એ વાત સમજાવી દેજો કે તમારી કામના પાંડવોના રાજ્યને ભોગવવાની છે તો તે ન્યાય વિરુદ્ધ છે. અમે પણ ક્ષત્રિય છીએ. ચૂપચાપ તમારું આ પ્રિય કાર્ય સિદ્ધ થવા નહીં દઈએ. તમે ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય અમને આપી દો અથવા યુદ્ધ કરો. તમે ન્યાયી રીતે વર્તીને કૌરવોના નાશનું કારણ ન બનો. પાંડવો અત્યંત બળવાન હોવા છતાં પણ દુઃખો ભોગવી ચૂક્યા છે. આ વાત કૌરવો જાણે છે. હવે અમે અમારો ઉચિત ભાગ લઈશું. તમે બીજાના રાજ્યને છીનવી લેવોનો લોભ ન કરો. આમ કરવાથી જ શાંતિ અને પ્રેમ જળવાઈ રહેશે. અમે શાંતિ અને અમારું રાજ્ય ઇચ્છીએ છીએ જેથી આપણી વચ્ચે યુદ્ધ ન થાય. અમે પાંચ ભાઈઓને પાંચ ગામ આપી દો તો પણ અમે સંતુષ્ઠ થઈ જઈશું. 'હું શાંતિ ઇચ્છું છું અને યુદ્ધ કરવામાં પણ સમર્થ છું.'

રાજા યુધિષ્ઠિરનો સંદેશો લઈને સંજય હસ્તિનાપુર જવા નીકળી ગયો. ત્યાં જઈ દ્વારપાલને કહ્યું, 'તમે રાજા ધૃતરાષ્ટ્રને મારા આવ્યાની સૂચના આપી દો, મારે તેમનું આવશ્યક કામ છે.'

દ્વારપાલે જઈને રાજા ધૃતરાષ્ટ્રને કહ્યું, 'સંજય તમને મળવા માટે દ્વાર પર ઊભા છે. તેઓ પાંડવો પાસેથી આવી રહ્યા છે.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'સંજયનું સ્વાગત કરી અંદર લઈ આવો. મને કોઈ પણ સમયે તેને મળવાની અનુમતિ છે. પછી તે દ્વાર પર કેમ ઊભો છે?'

ત્યાર પછી સંજય મહેલમાં આવી રાજાની પાસે જઈને હાથ જોડીને કહેવા લાગ્યો, 'હું સંજય તમને પ્રણામ કરું છું અને પાંડવોને મળીને અહીં આવ્યો છું. રાજા યુધિષ્ઠિરે આપને પ્રણામ કહ્યા છે અને સૌની કુશળતા પૂછી છે.'

ધૃતરાષ્ટ્રે પૂછ્યું, 'રાજા યુધિષ્ઠિર પોતાના મંત્રીઓ, પુત્રો અને ભાઈઓ સાથે કુશળ તો છે ને?'

સંજય બોલ્યો, 'યુધિષ્ઠિર પોતાના પરિવાર અને મંત્રીઓ સાથે કુશળ છે. તેઓ પોતાનું રાજ્ય ઇચ્છે છે. પાંડવોને રાજ્ય ન આપવાનો નિશ્ચય એ કૌરવોના નાશનું કારણ બનશે. અત્યારે રથમાં લાંબો પ્રવાસ કરીને આવ્યો હોવાથી હું થાકી ગયો છું. આજ્ઞા હોય તો હું વિશ્રામ કરવા જાઉં. જ્યારે બધા કૌરવો સભામાં ભેગા થશે તે સમયે અજાતશત્રુ યુધિષ્ઠિરનો સંદેશો સાંભળજો.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'હું આજ્ઞા આપું છું કે તમે વિશ્રામ કરો. સવારે સભામાં જ યુધિષ્ઠિરના સંદેશાને બધા કૌરવો સાંભળશે.'

વિદુર દ્વારા ધૃતરાષ્ટ્રને ઉપદેશ

(વિદુરનીતિ અધ્યાય-૧)

સંજયના ચાલ્યા ગયા પછી રાજા ધૃતરાષ્ટ્રે દ્વારપાલને કહ્યું, 'હું વિદુરને મળવા માગું છું. તેમને અહીં તરત બોલાવી લાવો.'

ધૃતરાષ્ટ્રના મોકલેલા દૂતે વિદુરને જઈને કહ્યું, 'અમારા સ્વામી ધૃતરાષ્ટ્ર તમને મળવા માગે છે.'

તેના કહેવાથી વિદુરજી રાજમહેલ પાસે જઈને બોલ્યા, 'દ્વારપાલ! ધૃતરાષ્ટ્રને મારા આવ્યાની સૂચના આપી દો.'

દ્વારપાલે જઈને રાજાને કહ્યું, 'મહારાજ! તમારી આજ્ઞાથી વિદુરજી અહીં આવી પહોંચ્યા છે. મને આજ્ઞા આપો તેમને હું શું કહું?'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'મહાબુદ્ધિમાન વિદુરને અહીં લઈ આવો. મને વિદુરને મળવામાં ક્યારેય અડચણ નથી.'

દ્વારપાલ વિદુર પાસે આવીને બોલ્યો, 'વિદુરજી! તમે મહારાજ ધૃતરાષ્ટ્રના અંતઃપુરમાં પ્રવેશ કરો.'

ત્યાર પછી વિદુરજીએ ધૃતરાષ્ટ્રના મહેલમાં જઈને કહ્યું, 'હું વિદુર તમારી આજ્ઞાથી અહીં આવ્યો છું. મારા લાયક જે કામ હોય તે નિઃસંકોચ કહો.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'હે વિદુર! સંજય આવીને મને ખરુંખોટું સંભળાવીને ચાલ્યો ગયો છે. કાલે સભામાં તે યુધિષ્ઠિરનો સંદેશો કહેશે. સંજય જ્યારથી પાંડવો પાસેથી આવ્યો છે ત્યારથી મારા મનને શાંતિ મળતી નથી. કાલે તે શું કહેશે એ વાતની મને અત્યંત ચિંતા થઈ રહી છે.' વિદુરજી બોલ્યા, 'ક્યાંક પારકાં રાજ્યના લોભને કારણે તમને કષ્ટ તો નથી થઈ રહ્યું ને?'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'હું તારા ધર્મયુક્ત સુંદર વચન સાંભળવા ઇચ્છું છું.'

વિદુરજી બોલ્યા, 'પોતાના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન, પ્રયત્ન, દુઃખ સહેવાની શક્તિ તથા ધર્મમાં સ્થિરતા - આ ગુણથી જે મનુષ્ય અટલ રહે છે તે જ પંડિત કહેવાય છે. રાજ્યના નશામાં ચકચૂર, ગાફેલ, પાગલ, થાકેલા, ક્રોધી, ક્ષુધાતુર, ઉતાવળિયા, લોભી, ભયભીત અને કામી - આવા દશ પ્રકારના લોકો ધર્મને જાણતા નથી. જે બુદ્ધિમાન દંભ, મોહ, પાપકર્મ, રાજદ્રોહ, ચુગલી, શત્રુતા તથા દુર્જનો સાથે વિવાદ કરતા નથી તે શ્રેષ્ઠ છે.'

'રાજા પાંડુના પાંચ પુત્રો ઇન્દ્ર જેવા શક્તિશાળી છે. તમે જ નાનપણમાં એમને ઉછેર્યાં છે અને શિક્ષા આપી છે. તેઓ હંમેશા તમારી આજ્ઞાનું પાલન કરતા રહે છે. તેમને તેમનું રાજ્ય આપીને તમે તમારા પુત્રો સાથે આનંદ ભોગવો. આવું કરવાથી તમે દેવતાઓ અને મનુષ્યોની વચ્ચે આલોચનાનો વિષય નહિ બનશો.'

(વિદુરનીતિ અધ્યાય-૨)

'જે રાજા ધર્મનો ત્યાગ કરીને અધર્મનું આચરણ કરે છે તેની રાજ્યભૂમિ અગ્નિ પર મૂકેલા ચામડાની જેમ સંકોચાઈ જાય છે. જે બીજાના રાષ્ટ્રના નાશ માટે શક્તિ વાપરે છે તે રાજ્યની ઉન્નતિ માટે કરે તો યોગ્ય છે. ધર્મથી જ રાજ્ય પ્રાપ્ત કરવું અને તેની રક્ષા કરવી રાજધર્મ છે.'

'સદાચારહીન મનુષ્યનું માત્ર ઉચ્ચ કુળ માન્ય થઈ શકતું નથી કેમ કે નીચ કુળમાં જન્મેલા હોવા છતાં માનવીનો સદાચાર જ શ્રેષ્ઠ માનવામાં આવે છે. જે બીજાના ધન, રૂપ, પરાક્રમ, સુખ, સૌભાગ્ય અને સન્માનની ઈર્ષ્યા કરે છે તેનો એ અસાધ્ય રોગ છે. ક્યારેક કોઈ કાર્યમાં સજ્જનો દ્વારા કરાયેલી પ્રાર્થનાથી દુષ્ટ લોકો તેને તેઓની નિર્બળતા માની પોતાની દુષ્ટતા જાણતા હોવા છતાં સજ્જન માનવા લાગે છે.'

'મનુષ્યનું શરીર રથ છે, બુદ્ધિ સારથિ છે અને ઇન્દ્રિયો તેના ઘોડા છે. એમને વશમાં કરીને સાવધાન રહેનારો ચતુર અને બુદ્ધિમાન પુરુષ વશમાં કરેલા ઘોડાઓ દ્વારા રથીની જેમ સુખપૂર્વક યાત્રા કરે છે. કેળવ્યા વિનાના, વશમાં ન થનારા ઘોડા જેમ મૂર્ખ સારથિને રસ્તામાં પાડી દે છે તે રીતે ઇન્દ્રિયો વશમાં ન રહેવાના કારણે એ પુરુષના પતનનું કારણ બને છે.'

'આત્મજ્ઞાન, દુઃખનો અભાવ, સહનશીલતા, ધર્મપરાયણતા, વચનની રક્ષા તથા દાન - આ ગુણો અધમ પુરુષોમાં હોતા નથી. મૂર્ખ માણસ વિદ્વાનોને અપશબ્દો અને નિંદાથી કષ્ટ આપે છે. અપશબ્દો બોલનારો પાપનો ભાગીદાર બને અને ક્ષમા કરનારો પાપથી મુક્ત થઈ જાય છે.'

'વાણીનો પૂર્ણ સંયમ બહુ કઠિન છે પરંતુ અર્થસભર અને આશ્ચર્યચકિત કરી દેનારી વાણી વધારે બોલી શકાતી નથી. મધુર શબ્દોમાં કહેલી વાત કલ્યાણ કરે છે પરંતુ કટુ શબ્દોમાં કહેલી વાત અનર્થનું કારણ બને છે.'

(વિદુરનીતિ અધ્યાય-૩)

'બધા તીર્થોમાં સ્નાન તથા બધા પ્રાણીઓ સાથે કોમળતાનો વર્તાવ આ બંને સમાન છે. તમે તમારા પુત્ર કૌરવો અને પાંડવો સાથે સમાનરૂપે ન્યાયી રીતે વર્તાવ કરો. આવું કરવાથી તમે સ્વર્ગલોકમાં જશો.'

'પ્રજ્જ્વલિત અગ્નિમાં સોનાની, સદાચારથી સત્ પુરુષની, વ્યવહારથી સાધુની, ભય ઉપસ્થિત થતાં શૂરવીરની, આર્થિક મુશ્કેલીમાં ધીરની અને સંકટ સમયે શત્રુ અને મિત્રની પરીક્ષા થાય છે.'

'જે સભામાં વડીલ-વૃદ્ધો નથી તે સભા નથી. જે ધર્મની વાત ન કહે તે સમજુ વડીલ નથી જેમાં સત્ય નથી. જે કપટથી પૂર્ણ હોય તે સત્ય નથી.'

'અધર્મથી પ્રાપ્ત થયેલા ધન દ્વારા જે પોતાના દોષને છુપાવે છે તે દોષ છુપાતો નથી પરંતુ એનાથી નવા દોષ પ્રગટ થાય છે. પોતાનું મન અને ઇન્દ્રિયોને વશ કરનારા શિષ્યોના શાસક ગુરુ છે અને દુષ્ટોના શાસક નિર્બળ રાજા છે. પાપ કરનારાઓના શાસક યમરાજ છે.'

(વિદુરનીતિ અધ્યાય-૪)

'જેમનો સદાચાર શિથિલ થતો નથી, જે પોતાના દોષોથી માતા-પિતાને વ્યથિત કરતા નથી, ધર્મનું આચરણ પ્રસન્નતાથી કરે તથા અસ્તેયનો ત્યાગ કરીને પોતાના કુળની કીર્તિ ઇચ્છે છે તેમનું કુળ ઉત્તમ છે.'

'પહેલાથી કોઈ સંબંધ ન હોય તો પણ જે મિત્રતાનો વર્તાવ કરે તે જ બંધુ, તે જ મિત્ર, તે જ આશ્રય છે. જેનું ચિત્ત ચંચળ છે, જે વૃદ્ધોની સેવા કરતો નથી, તે અસ્થિર બુદ્ધિના મનુષ્યને સ્થાયી મિત્રો મળતા

નથી.'

'જે મિત્રો દ્વારા સત્કાર મેળવીને અને તેમની સહાયતાથી પોતાનું કાર્ય સાધીને તેમના હિતૈષી થતા નથી, આવા કૃતઘ્નોના મૃત્યુ પછી તેમનું માંસ માંસભક્ષી જંતુઓ પણ ખાતા નથી. સંપત્તિ હોય કે ન હોય મિત્રોનો સત્કાર કરવો જ જોઈએ.'

'મોક્ષની ઇચ્છા રાખનારા મનુષ્ય દાનથી થનારા પુણ્યનો આશ્રય લેતા નથી, વેદના પુણ્યનો પણ આશ્રય લેતા નથી પરંતુ નિષ્કામભાવે રાગદ્વેષનો ત્યાગ કરીને આ સંસારમાં વિચરે છે.'

(વિદુરનીતિ અધ્યાય-૫)

'કપટનું આચરણ કરનાર સાથે કપટપૂર્ણ વર્તાવ કરવો અને સારો વર્તાવ કરનાર સાથે સાધુ વ્યવહાર કરવો જોઈએ.'

'જે પોતાના પર વિશ્વાસ મૂકનારની પત્ની સાથે સમાગમ કરે છે, બ્રાહ્મણ થઈને શૂદ્રની સ્ત્રી સાથે સંબંધ રાખે છે, મદિરાપાન કરે છે તથા જે વડીલો પર હુકમ ચલાવે, બીજાની આજીવિકા નષ્ટ કરે, બ્રાહ્મણો પાસે સેવાકાર્ય કરાવે અને શરણાગતની હિંસા કરે એ બધા બ્રહ્મહત્યારા જેવા પાતકી હોય છે. આવા લોકોનો સંગ કરવો નહિ.'

'કુળની રક્ષા માટે એક મનુષ્યનો, ગામની રક્ષા માટે કુળનો, દેશની રક્ષા માટે ગામનો અને આત્મકલ્યાણ માટે સંપૂર્ણ પૃથ્વીનો ત્યાગ કરી દેવો જોઈએ.'

'જે સેવક સ્વામીની આજ્ઞાનો અનાદર કરે, બતાવેલું કામ કરવાનો ઇન્કાર કરી દે, પોતાની બુદ્ધિનો જેને ઘમંડ હોય એવા પ્રતિકૂળ જવાબ આપનાર સેવકનો તરત ત્યાગ કરી દેવો જોઈએ.'

'બુદ્ધિ, કુલીનતા, શાસ્ત્રજ્ઞાન, ઇન્દ્રિયનિગ્રહ, પરાક્રમ, ઓછું બોલવાનો સ્વભાવ, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા - આ આઠ ગુણો પુરુષની શોભા વધારે છે.'

'જેને અર્થની પૂરેપૂરી સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તેણે પ્રથમ ધર્મનું જ આચરણ કરવું જોઈએ. જેમ સ્વર્ગથી અમૃત દૂર હોતું નથી તે પ્રમાણે ધર્મથી અર્થ અલગ હોતો નથી.'

(વિદુરનીતિ અધ્યાય-૬)

'મીઠું, રાંધેલું અન્ન, દહીં, દૂધ, મધ, તેલ, ઘી, તલ, માંસ, ફળ, મૂળ, શાક, લાલ કપડું સર્વ પ્રકારનાં સુગંધિત પદાર્થો અને ગોળ - આટલી

વસ્તુઓ વેચવાયોગ્ય નથી.'

'ઊંચા કુળમાં ઉત્પન્ન થયેલા અગ્નિ જેવા તેજસ્વી, ક્ષમાશીલ અને વિકારરહિત સંતપુરુષો હંમેશા લાકડાંમાં સમાયેલા અગ્નિની જેમ શાંત ભાવે સ્થિત રહે છે.'

'જે મિત્ર ન હોય, મિત્ર હોવા છતાં પણ પંડિત ન હોય, પંડિત હોવા છતાં જેનું મન વશમાં ન હોય તે ગુપ્ત મંત્રણા કરવા યોગ્ય નથી. રાજાએ સારી રીતે પરીક્ષા કર્યા વિના કોઈને પોતાનો મંત્રી ન બનાવવો. કેમ કે ધનની પ્રાપ્તિ અને ગુપ્ત મંત્રણાની રક્ષાનો ભાર મંત્રી પર જ હોય છે. જે રાજાના બધાં કાર્યો પૂરાં થયા બાદ જ સભાસદો જાણી શકે છે તે જ રાજા રાજાઓમાં શ્રેષ્ઠ છે. પોતાની મંત્રણાને ગુપ્ત રાખનાર તે રાજાને નિઃસંદેહ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.'

'વશમાં થઈ ગયેલ વધ કરવા યોગ્ય શત્રુને છોડવો જોઈએ નહિ. જો પોતાનું સામર્થ્ય ન હોય તો નમ્રતાથી સમય પસાર કરવો જોઈએ અને સામર્થ્ય આવી જતાં તેનો વધ કરવો જોઈએ, કેમ કે જો શત્રુને ન માર્યો તો તે ભયનું કારણ બને છે.'

'જે પોતાના આશ્રિતોમાં સંપત્તિની યોગ્ય વહેંચણી કરતો નથી તથા જે દુષ્ટ, કૃતઘ્ન અને નિર્લજ્જ છે એવા રાજાને ત્યાગી દેવા યોગ્ય છે.'

'જે લોકો જેટલું જરૂરી છે તેટલા જ કામમાં વ્યસ્ત રહે છે, વધારામાં શક્તિ વાપરતા નથી. તેમને હું પંડિત માનું છું. કેમ કે શક્તિનો ઉપયોગ સંઘર્ષનું કારણ બને છે.'

(વિદુરનીતિ અધ્યાય-૭)

'સંસારમાં કોઈ મનુષ્ય દાન આપવાથી, પ્રિય વચન બોલવાથી, રહસ્ય તથા ઔષધના બળથી પ્રિય બને છે પરંતુ જે વાસ્તવમાં સ્વભાવથી પ્રિય છે તે હંમેશા પ્રિય રહે છે. જેના પર દ્વેષ થઈ જાય છે તે મનુષ્ય ન તો સાધુ, ન વિદ્વાન કે ન બુદ્ધિમાન લાગે છે. પ્રિય વ્યક્તિના બધાં કાર્યો શુભ અને દુશ્મનના પાપમય હોય છે.)

'કેટલાક લોકો ગુણોથી ધનવાન હોય છે અને કેટલાક ધનથી ધનવાન હોય છે. જે ધનથી ધનવાન હોવા છતાં પણ ગુણોમાં કંગાળ હોય તેમનો ત્યાગ કરવો જોઈએ.)

'શુભચિંતકોએ પોતાના જ્ઞાતિજનો સાથે કલેશ કરવો જોઈએ નહિ, બલકે તેમની સાથે મળીને સુખનો ઉપભોગ કરવો જોઈએ. તેઓ સાથે

પરસ્પર ભોજન, વાર્તાલાપ અને પ્રેમ કરવો એ જ કર્તવ્ય છે. તેમની સાથે ક્યારેય વિરોધ કરવો જોઈએ નહિ.'

'જે વિદ્વાન પાપરૂપી ફળ આપનારા કર્મોનો ત્યાગ કરે છે તે અભ્યુદયને પામે છે. પરંતુ જે પૂર્વમાં કરેલા પાપોનો વિચાર ન કરીને તેમનું જ અનુસરણ કરે છે તે બુદ્ધિહીન મનુષ્ય કીચડથી ભરેલા નરકમાં જાય છે.'

'જે હંમેશા ગુરુજનોને પ્રણામ કરે છે અને વૃદ્ધોની સેવા કરતા રહે છે તેની કીર્તિ, આયુ, યશ અને બળ વધે છે.'

(વિદુરનાતિ અધ્યાય-૮)

'વિદ્યાર્થીએ સુખની ઇચ્છા ન કરવી. સુખની ઇચ્છા હોય તો વિદ્યાભ્યાસ છોડવો અને વિદ્યાની ઇચ્છા હોય તો સુખ છોડવું.'

'કામનાથી, ભયથી, લોભથી તથા જીવન માટે ક્યારેય ધર્મનો ત્યાગ કરવો નહિ. ધર્મ નિત્ય છે પરંતુ સુખદુઃખ અનિત્ય છે. જીવ નિત્ય છે પરંતુ તેનું કારણ અનિત્ય છે. તમે અનિત્યને છોડીને નિત્યમાં સ્થિત થાઓ અને સંતોષને અપનાવો કેમ કે સંતોષ જ સર્વોપરી લાભ આપે છે.'

'ફળફૂલ વિનાના વૃક્ષને જેમ પક્ષીઓ છોડી દે છે તે જ પ્રમાણે મૃતકને તેનાં જ્ઞાતિજનો, સંબંધીઓ અને પુત્રો ચિતામાં મૂકીને ચાલ્યા આવે છે. અગ્નિમાં નાખી દીધેલા તે પુરુષ પાછળ માત્ર તેના કરેલાં સાચા-ખોટા કર્મો જ જાય છે.'

'જે પ્રતિદિન જળથી સ્નાન-સંધ્યા-તર્પણ કરે વગેરે કરે છે, નિત્ય યજ્ઞોપવિત ધારણ કરી રાખે છે, નિત્ય સ્વાધ્યાય કરે છે, પતિતોના અન્નનો ત્યાગ કરે છે, સત્ય બોલે છે અને ગુરુની સેવા કરે છે તે બ્રાહ્મણ ક્યારેય બ્રહ્મલોકથી ભ્રષ્ટ થતો નથી.'

'શૂદ્ર જો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની ક્રમથી ન્યાયપૂર્વક સેવા કરીને એમને સંતુષ્ટ કરે તો તે વ્યથારહિત થઈને, પાપમુક્ત થઈને દેહત્યાગ પછી સ્વર્ગના સુખોને ભોગવે છે.'

સનત્સુજાત ઋષિનું આગમન

ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'હે વિદુર! જો તમારે વધારે કશું કહેવાનું બાકી રહી ગયું હોય તો મને કહો. મને તે સાંભળવાની બહુ ઇચ્છા છે કેમ કે તમારા કહેવાથી મનને શાંતિ મળે છે.'

વિદુરે કહ્યું, 'હે રાજન! સનત્સુજાત ઋષિ બ્રહ્માજીના પુત્ર છે. તેમણે એક વાર કહ્યું હતું કે મૃત્યુ છે જ નહિ. તેઓ બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છે. તે તમારા બધા પ્રશ્નોના ઉત્તર આપી શકશે.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'શું તમે એ ઋષિ કરતાં ઓછા બુદ્ધિમાન છો? તમે જ મને ઉપદેશ આપો.'

વિદુર બોલ્યા, 'મારો જન્મ શૂદ્ર સ્ત્રીના ગર્ભથી થયો છે. તેથી આ સિવાય બીજો કોઈ ઉપદેશ આપવાનો મારો અધિકાર નથી પરંતુ સનત્સુજાત ઋષિની બુદ્ધિ બ્રહ્મવિષયક છે. આ જ કારણથી હું સ્વયં ઉપદેશ ન કરતા તમને સનત્સુજાત ઋષિનું નામ જણાવું છું.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'હે વિદુર! તે પ્રાચીન સનાતન ઋષિનું સ્થાન મને જણાવો. તેમનો સમાગમ કઈ રીતે થઈ શકે?'

પછી વિદુરજીએ એ ઋષિનું સ્મરણ કર્યું. તેમને પણ જાણી લીધું કે વિદુર મારું ચિંતન કરી રહ્યા છે. તેથી તેમને પ્રત્યક્ષ દર્શન આપ્યા.

ધૃતરાષ્ટ્રે તેમનું સ્વાગત કર્યું. જ્યારે તેઓ સુખપૂર્વક સુખાસન પર બેઠા ત્યારે વિદુરે કહ્યું, 'મારા વડીલ ભાઈ રાજા ધૃતરાષ્ટ્રના હૃદયમાં કેટલાક સંશય છે જેનું સમાધાન મારા દ્વારા થાય તે ઉચિત નથી. તમે જ આ વિષયનું જ્ઞાન આપવા યોગ્ય છો. જેને સાંભળીને રાજા ધૃતરાષ્ટ્ર બધા દુઃખોથી પાર થઈ જશે.'

ધૃતરાષ્ટ્રે સનત્સુજાત ઋષિને પૂછ્યું, 'મેં સાંભળ્યું છે કે મૃત્યુ છે જ નહિ એવો તમારો સિદ્ધાંત છે અને એ પણ સાંભળ્યું છે કે દેવતાઓ અને અસુરોએ મૃત્યુથી બચવા માટે બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું. આ બંનેમાં કઈ વાત યોગ્ય છે?'

સનત્સુજાતે કહ્યું, 'તમે જે પ્રશ્ન કર્યો છે તેમાં બે વાતો છે. ઉપર કહેલા બંને પાસાંને સત્ય સમજી કેટલાક વિદ્વાનોએ મોહવશ મૃત્યુની સત્તાનો સ્વીકાર કર્યો છે પરંતુ પ્રમાદ જ મૃત્યુ છે અને અપ્રમાદ અમૃત છે. પ્રમાદને કારણે આસુરી સંપત્તિવાળા મનુષ્યો મૃત્યુથી પરાજિત થયા છે અને અપ્રમાદથી દૈવી સંપત્તિવાળા મહાત્મા પુરુષો બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે. જે તમારા શરીરની અંદર અંતરાત્મા છે, મોહના વશમાં થઈને એ ક્રોધ, લોભ અને મૃત્યુરૂપ થઈ જાય છે. આ પ્રમાણે મોહથી થનારા મૃત્યુથી જ્ઞાનનિષ્ઠ મનુષ્ય ક્યારેય ભય પામતો નથી. તેની સામે આવીને મૃત્યુ નષ્ટ થઈ જાય છે.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'યજ્ઞો દ્વારા પવિત્ર, સનાતન અને શ્રેષ્ઠ લોકોની પ્રાપ્તિ બતાવાય છે. અહીં વેદ તેને પરમ પુરુષાર્થ કહે છે. આ વાતને જાણનારો વિદ્વાન ઉત્તમ કર્મનો જ આશ્રય કેમ ન લે?'

સનત્સુજાતે કહ્યું, 'અજ્ઞાની પુરુષ જ ભિન્ન ભિન્ન લોકોમાં જાય છે તથા કર્મના અનેક પ્રયોજનો જણાવે છે. જે નિષ્કામ પુરુષ છે એ જ્ઞાનમાર્ગ દ્વારા અન્ય માર્ગોનો બોધ કરીને પરમાત્માસ્વરૂપ થઈને પરમાત્માને પ્રાપ્ત કરે છે.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'જો પરમાત્મા જ જગતરૂપે પ્રગટ થાય છે તો પુરાતન પુરુષ પર કોણ શાસન કરે છે? તેને આ રૂપમાં આવવાની શી જરૂર છે અને તેમાં કયું સુખ મળે છે?'

સનત્સુજાતે કહ્યું, 'પરમાત્માની મહત્તા નષ્ટ થતી નથી. માયાના સંબંધથી જીવો વારંવાર જન્મતા રહે છે. આ જે દૃશ્યમાન જગત છે તે પરમાત્માનું સ્વરૂપ છે અને પરમાત્મા નિત્ય છે. તે પરમાત્મા વિકાર અર્થાત્ માયાના યોગથી આ વિશ્વ ઉત્પન્ન કરે છે તથા માયા પરમાત્માની શક્તિ છે. આવા પ્રતિપાદનમાં વેદો પ્રમાણ છે.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'આ જગતમાં કેટલાક લોકો ધર્મનું આચરણ કરતાં નથી તથા કેટલાક લોકો ધર્મનું આચરણ કરે છે. તેથી હું પૂછું છું કે ધર્મ પાપ દ્વારા નષ્ટ થાય છે કે ધર્મ જ પાપને નષ્ટ કરી નાખે છે?'

સનત્સુજાત બોલ્યા, 'ધર્મ અને પાપ બંનેના બે પ્રકારના ફળ હોય છે. તે બંનેનો ઉપભોગ કરવો પડે છે. પુણ્ય અને પાપના સ્વર્ગ-નરકરૂપી બે અસ્થિર ફળ છે. તેમને ભોગવવા મનુષ્ય સંસારમાં ફરી જન્મ લઈને કર્મો કરે છે. પરંતુ કર્મોના તત્ત્વજ્ઞાનને જાણવાવાળો નિષ્કામ પુરુષ ધર્મરૂપી કર્મ કરી પોતાના પાપોનો અહીં જ નાશ કરી દે છે. ધર્મ અત્યંત બળવાન છે. તેથી ધર્મનું આચરણ કરનારને સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'પુણ્યકર્મ કરનારા પોતપોતાના ધર્મના ફળસ્વરૂપ જે સનાતન લોકોની પ્રાપ્તિ કહેવામાં આવી છે તેમનો ક્રમ જણાવો.'

સનત્સુજાતે કહ્યું, 'જેમ બળવાન પહેલવાનો પોતાના બળનુ પ્રદર્શન કરી એકબીજા સાથે હરીફાઈ કરે છે, તે જ પ્રમાણે જેઓ યમ-નિયમાદિના પાલનમાં બીજાથી આગળ જવાનો પ્રયાસ કરે છે તે મનુષ્ય મૃત્યુ પછી બ્રહ્મલોકમાં જઈને પોતાના તેજનો પ્રકાશ ફેલાવે છે. જે કર્તવ્ય પાલનમાં ક્યારેય થાકતો નથી, દાન લેતો નથી, સત્પુરુષોમાં સન્માનિત

અને શાંત છે તથા શિષ્ટ હોવા છતાં શિષ્ટતાની જાહેરાત કરતો નથી તે જ મનુષ્ય વેદવેત્તા અને વિદ્વાન છે.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'મૌન કોને કહે છે? વાણીનો સંયમ અને પરમાત્માનું સ્વરૂપ - આ બંનેમાં મૌન કયું છે?'

સનત્સુજાતે કહ્યું, 'જ્યાં મન સહિત વાણીરૂપી વેદ પહોંચી શકતા નથી તે પરમાત્માનું નામ જ મૌન છે.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'જે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના જ્ઞાતા છે તથા પાપ કરે છે તે પાપથી લિપ્ત થાય છે કે નહિ?'

સનત્સુજાતે કહ્યું, 'કોઈ પણ પાપ કરનાર મનુષ્યની પાપકર્મમાં તેની રક્ષા કરતા નથી. જે કપટપૂર્વક ધર્મનું આચરણ કરે છે, વેદ પાપોથી તેમની રક્ષા કરતા નથી. અંતકાળે વેદો પણ તેનો ત્યાગ કરી દે છે.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'જો ધર્મ વિના વેદ પણ રક્ષા કરવામાં સમર્થ નથી તો વેદવેત્તા બ્રાહ્મણોના પવિત્ર હોવાની વાત ચિરકાળથી કેમ ચાલી આવે છે?'

સનત્સુજાતે કહ્યું, 'પરમાત્માના જ નામ વિશેષરૂપે જગતની પ્રતીતિ કરાવે છે. આ વાત વેદ સારી રીતે નિર્દેશ કરીને કહે છે. વેદમાં તપથી પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને આ તપ યજ્ઞ દ્વારા વિદ્વાન પુરુષને પુણ્યની પ્રાપ્તિ કરાવે છે.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'તપની વૃદ્ધિ અને હાનિ કઈ રીતે થાય છે?'

સનત્સુજાતે કહ્યું, 'જે કોઈ કામના અથવા પાપરૂપી દોષથી મુક્ત છે તેને તપ કહે છે. માત્ર તે જ મનુષ્ય તપથી સંપન્ન અને સમૃદ્ધ હોય છે. તમે જે કાંઈ મને પૂછી રહ્યા છો એ બધું તપસ્યામૂલક તપ દ્વારા પ્રાપ્ત થાય છે. વેદવેત્તા વિદ્વાનો તપ દ્વારા જ મોક્ષને પ્રાપ્ત કરે છે.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'દોષરહિત તપનું મહત્ત્વ સાંભળ્યું. હવે તપસ્યાના જે દોષ છે તે જણાવો.'

સનત્સુજાતે કહ્યું, 'સત્યમાં જ અમૃતની પ્રતિષ્ઠા છે. દોષોને નિવૃત કરીને જ તપ અને વ્રતનું આચરણ કરવું જોઈએ. મનુષ્યે દોષોથી રહિત અને ગુણોથી યુક્ત થવું જોઈએ. આવા મનુષ્યનું તપ અત્યંત સમૃદ્ધ થાય છે. આ તપ જન્મ-મૃત્યુ અને વૃદ્ધાવસ્થાના કષ્ટને દૂર કરનારું, પાપહારી તથા પવિત્ર છે.'

'તપસ્યાના ક્રોધ વગેરે બાર દોષ છે તથા તેર પ્રકારના ક્રૂર મનુષ્યો

હોય છે. પિતરો અને બ્રાહ્મણોનો ધર્મ વગેરે બાર ગુણો શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અસંતોષ, નિર્દયતા, અસૂયા, અભિમાન, શોક, સ્પૃહા, ઈર્ષા અને નિંદા - મનુષ્યોમાં રહેનારા આ બાર દોષનો ત્યાગ કરવો જોઈએ. આ બાર મહાન દોષો મનુષ્યોને માટે પ્રાણનાશક છે. એક એક કરીને બધા દોષો મનુષ્યને પ્રાપ્ત થાય છે. જેનાથી આવેશમાં આવીને મનુષ્ય મૂઢ બુદ્ધિથી પાપકર્મ કરવા માંડે છે.'

મિત્રતાના છ ગુણ છે જે અવશ્ય જાણવા જોઈએ. મિત્રનું પ્રિય થવાથી પ્રસન્ન થવું અને અપ્રિય થતાં દુઃખી થવું આ બે ગુણ છે. ત્રીજો ગુણ એ છે કે પોતાનું ધન મિત્ર માગે તો આપી દેવું. મિત્રને ધન આપીને ઉપકારની કામનાથી તેના ઘરે જવું નહિ. આ ચોથો ગુણ છે. પોતાના પરિશ્રમથી કમાયેલા ધનનો ઉપભોગ કરવો એ પાંચમો ગુણ છે. મિત્રની ભલાઈ માટે પોતાની ભલાઈની ચિંતા ન કરવી. આ છઠ્ઠો ગુણ છે.

સંસારસાગરથી ઉપર ઊઠેલો મનુષ્ય પરમાત્માના એક અંશને પણ ઉપર ઉઠાવતો નથી. જો તેને ઉઠાવી લે તો એ મનુષ્યના બંધન અને મોક્ષ સદાને માટે મટી જાય. એ રીતે સનાતન પરમાત્માનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે.

બ્રહ્મવિદ્યા એવી સ્થિર બુદ્ધિ પ્રદાન કરે છે જેને ધીર પુરુષો જ પ્રાપ્ત કરતા હોય છે. તે બુદ્ધિ દ્વારા જે પ્રાપ્ત કરવા યોગ્ય છે તે સનાતન પરમાત્માનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે.

સંજયે કૌરવોની સભામાં આવી દુર્યોધનને અર્જુનનો સંદેશો કહ્યો

ભગવાન સનત્સુજાત અને વિદુરજી સાથે વાર્તાલાપ કરતા રાજા ધૃતરાષ્ટ્રની સંપૂર્ણ રાત્રિ પસાર થઈ ગઈ. સવાર થતાં વિવિધ દેશોથી આવેલા રાજાઓ તથા કૌરવોએ દુર્યોધન સાથે સભામાં પ્રવેશ કર્યો. બધા સંજયના મુખે પાંડવોનો ધર્મયુક્ત સંદેશો સાંભળવા ઉત્સુક હતા. ત્યારે દ્વારપાલે સૂચના આપી કે સંજય સભાના દ્વાર પર આવી ગયા છે. સંજય રથમાંથી ઊતરીને સભામાં આવ્યા અને કહેવા લાગ્યા, 'હે સભાજનો! હું પાંડવો પાસેથી આવી રહ્યો છું. તેમણે કૌરવો માટે સંદેશો કહ્યો છે.'

રાજા ધૃતરાષ્ટ્રે પૂછ્યું, 'સંજય! હું એ પૂછું છું કે ત્યાં બધા રાજાઓની વચ્ચે અર્જુને શું કહ્યું?'

સંજયે કહ્યું, 'ત્યાં શ્રીકૃષ્ણની હાજરીમાં મહારાજ યુધિષ્ઠિરની

સંમતિથી અર્જુને જે કહ્યું છે તે દુર્યોધન સાંભળી લે. તેમણે કહ્યું છે કે સૂતપુત્ર હંમેશા મારી સાથે યુદ્ધ કરવાની ડિંગ હાંકતો રહ્યો છે તે કટુભાષી કર્ણને સંભળાવીને જે રાજાઓને પાંડવો સાથે યુદ્ધ કરવા બોલાવવામાં આવ્યા છે તેમને પણ તમે મારો સંદેશો આ પ્રમાણે કહેજો. એથી મંત્રીઓ સાથે રાજા દુર્યોધન તેને પૂરેપૂરો સાંભળી શકે. અર્જુન યુદ્ધ માટે ઉત્સુક દેખાતો હતો. એણે ક્રોધિત થઈને કહ્યું છે કે જો દુર્યોધન મહારાજ યુધિષ્ઠિરનું રાજ્ય આપવા માટે તૈયાર ન હોય તો અવશ્ય ધૃતરાષ્ટ્રના પુત્રોનું કોઈ એવું પાપકર્મ છે જેનું ફળ તેમણે ભોગવવાનું બાકી છે. પાંડવોના હિતની દૃષ્ટિથી તમારે સંધિ કરવાની જરૂર નથી. પછી તો યુદ્ધ જ થવા દો અને હવે તમે રાજ્યની આશા છોડી દો.'

'હું રાજ્યપ્રાપ્તિની ઇચ્છાથી પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ અને કૃપાચાર્યને પ્રણામ કરીને યુદ્ધ કરીશ. મારા વિચાર પ્રમાણે જે કોઈ અધર્મના પક્ષે પાંડવો સાથે યુદ્ધ કરશે તેની વીરગતિ નિશ્ચિત છે. હું તમને સ્પષ્ટ કહું છું કે ધૃતરાષ્ટ્રના પુત્રોનું જીવન બચાવવું હોય તો ન્યાયપૂર્ણ નીતિ અપનાવવી યોગ્ય છે. યુદ્ધ થશે તો કોઈ બચવાનું નથી એ વાત નિશ્ચિત છે. હું યુદ્ધભૂમિમાં કર્ણ અને ધૃતરાષ્ટ્રના પુત્રોને મારીને કૌરવોનું સમગ્ર રાજ્ય જીતી લઈશ. તમે તેમને સ્પષ્ટ કહી દેજો કે મારો આ દૃઢ નિશ્ચય છે. ધૃતરાષ્ટ્રના પુત્રોએ પિતામહ ભીષ્મ, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, અશ્વત્થામાં અને વિદુરજી કહે તે પ્રમાણે જ કરવું જોઈએ. એમ કરવાથી જ કૌરવો જીવતા રહી શકશે.'

કર્ણ, પિતામહ ભીષ્મ અને આચાર્ય દ્રોણની સંમતિ

એ સમયે કૌરવોની સભામાં બધા રાજાઓ એકત્રિત થયા હતા. સંજયનું વક્તવ્ય સમાપ્ત થયા પછી પિતામહ ભીષ્મે દુર્યોધનને કહ્યું, 'વત્સ! એકવાર બૃહસ્પતિ, શુક્રાચાર્ય, ઇન્દ્ર વગેરે દેવતાઓ બ્રહ્માજી પાસે ગયા અને તેમની ચારે બાજુ વીંટળાઈને બેસી ગયા. તે જ સમયે બે પ્રાચીન ઋષિઓ પોતાના તેજથી બધાના ચિત્ત અને તેજને ઝાંખું પાડીને, બધાને ઓળંગીને ચાલ્યા ગયા. બૃહસ્પતિજીએ બ્રહ્માજીને પૂછ્યું, 'આ બંને કોણ હતા જે તમારી વંદના કર્યા વિના જ ચાલ્યા ગયા?'

ત્યારે બ્રહ્માજીએ જણાવ્યું કે, 'આ પરાક્રમી નર-નારાયણ ઋષિ છે, જે પોતાના તેજથી પૃથ્વી અને સ્વર્ગને પ્રકાશિત કરી રહ્યા છે. તેમણે પરસ્પર અભિન્ન હોવા છતાં અસુરોનો વિનાશ કરવા માટે બે શરીર

ધારણ કર્યા છે. તેઓ અત્યંત બુદ્ધિમાન અને શત્રુઓને સંતપ્ત કરનારા છે. સઘળા દેવતાઓ અને ગંધર્વો તેમની પૂજા કરે છે.' સાંભળ્યું છે કે આ યુદ્ધમાં જે અર્જુન અને શ્રીકૃષ્ણ છે એ બંને નર-નારાયણ નામના પ્રાચીન દેવતાઓ છે. તેમને દેવતાઓ કે અસુરો પણ જીતી શકતા નથી. એમાં શ્રીકૃષ્ણ નારાયણ છે અને અર્જુન નર છે. જે સમયે તમે શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલા શ્રીકૃષ્ણને અને અસ્ત્ર-શસ્ત્ર સહિતના રથમાં ગાંડિવ ધનુષ્ય ધારણ કરનારા અર્જુનને જોશો તે સમયે તમને મારી વાત સમજાશે. જો તમે મારી વાત પર ધ્યાન નહિ આપો તો સમજી લેજો કે કૌરવોનો અંત આવી ગયો છે. તમારી બુદ્ધિ અર્થ અને ધર્મથી ભ્રષ્ટ થઈ ગઈ છે.'

આ સાંભળીને કર્ણ બોલી ઊઠ્યો, 'હે પિતામહ! તમે જે વાત કહી રહ્યા છો તે તમારા જેવા મહાવીરના મુખે શોભતી નથી. મારો એવો કયો દુરાચાર છે જેના કારણે તમે મારી નિંદા કરી રહ્યા છો? મેં દુર્યોધનનું ક્યારેય કોઈ અનિષ્ટ કર્યું નથી. હું એકલો જ યુદ્ધમાં મારી સામે આવેલા પાંડવોને મારી નાખીશ.'

કર્ણની વાત સાંભળીને પિતામહ ભીષ્મે રાજા ધૃતરાષ્ટ્રને સંબોધિત કરીને કહ્યું, 'કર્ણ હંમેશા એવું કહેતો રહે છે કે હું પાંડવોને મારી નાખીશ. તો એ પાંડવોની વીરતાના સોળમા ભાગની તોલે પણ નથી. જે સમયે અર્જુને એકલાએ કૌરવસેના પર આક્રમણ કર્યું અને પરાસ્ત કરીને તેમના વસ્ત્રો છીનવી લીધા તે સમયે કર્ણની વીરતા ક્યાં હતા? આની બધી વાતો તેના જેવી જ ભ્રમિત કરનારી છે. આ ધર્મ અને અર્થ બંનેને નષ્ટ કરી નાખશે.'

પિતામહ ભીષ્મની વાત સાંભળીને આચાર્ય દ્રોણે તેમની પ્રશંસા કરી અને રાજા ધૃતરાષ્ટ્રને કહ્યું, 'પિતામહ ભીષ્મ જેવું કહે છે તે પ્રમાણે કરો. જે લોકો અર્થ અને કામનાને વશ છે તેમની વાત માનવી ન જોઈએ. હું તો પાંડવો સાથે સંધિ કરવાનું શ્રેષ્ઠ સમજું છું.'

રાજા ધૃતરાષ્ટ્રે પિતામહ ભીષ્મ અને આચાર્ય દ્રોણના કથન પર કશું ધ્યાન આપ્યું નહિ. પછી તેઓ સંજયને પાંડવોના સમાચાર પૂછવા લાગ્યા, 'હે સંજય! અમારી વિશાળ સેનાના સમાચાર સાંભળીને રાજા યુધિષ્ઠિરે શું કહ્યું? યુદ્ધ માટે તેઓ શી તૈયારીઓ કરી રહ્યા છે અને તેમના ભાઈઓ અને પુત્રોમાંથી કોણ તેમની આજ્ઞા માટે તત્પર છે?'

સંજયે કહ્યું, 'રાજા યુધિષ્ઠિરની આજ્ઞાનું પાલન કરવા પાંડવો અને પાંચાલ પરિવારો તત્પર હતા. પાંચાલ ઉપરાંત કેકય અને મત્સ્યદેશોના રાજવંશ સુધીના બધા યુધિષ્ઠિરનું સન્માન કરે છે.'

ધૃતરાષ્ટ્રે પૂછ્યું, 'પાંડવો કોની સહાયતા પ્રાપ્ત કરીને યુદ્ધ માટે તત્પર છે?'

સંજયે કહ્યું, 'પાંડવોના પક્ષમાં જે યોદ્ધાઓ સામેલ થયા છે તેમના નામ સાંભળો. વીર ધૃષ્ટદ્યુમ્ન, મહાબલિ ભીમ, પરાક્રમી અર્જુન, વીર નકુલ, સહદેવ, પિતામહ ભીષ્મના વધ માટે જેને યક્ષે પુરુષ કરી દીધો છે તે શિખંડી, કેકયદેશના પાંચ રાજકુમારો, સાત્યકિ, રાજા વિરાટ, મહારથી કાશીરાજ, અભિમન્યુ, શિશુપાલનો પુત્ર, જરાસંધનો પુત્ર સહદેવ અને જયત્સેન, મહાતેજસ્વી દ્રુપદ અને બીજા સેંકડો રાજાઓ પાંડવોના પક્ષમાં છે, જેમની સહાયથી ધર્મરાજ યુધિષ્ઠિર યુદ્ધની તૈયારી કરી રહ્યા છે.'

રાજા ધૃતરાષ્ટ્રે કહ્યું, 'સંજય! આમ તો તમે જેનો ઉલ્લેખ કર્યો છે તે બધા રાજા બહુ ઉત્સાહી છે. તેમ છતાં એક બાજુ તે બધા અને એક બાજુ એકલો ભીમ યુદ્ધ કરીને મારા પુત્રોને મારી નાખશે. તેનું સ્મરણ થતાં જ મારું હૃદય કંપી ઊઠે છે. ભીમના બળને હું જ નહિ, પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ અને કૃપાચાર્ય પણ સારી રીતે જાણે છે. અત્યારે કૌરવો પર જે વિપત્તિ આવવાની છે તેનું મુખ્ય કારણ દ્યુતક્રીડા જ છે. ઐશ્વર્યના લોભથી મેં આ મહાપાપ કરી નાખ્યું હતું. સંજય! હું શું કરું? કઈ રીતે કરું અને ક્યાં જાઉં? આ કૌરવો તો કાળને અધીન થઈને વિનાશ તરફ જ જઈ રહ્યા છે. રાત-દિવસ વિચારવા છતાં કોઈ યોદ્ધો એવો દેખાતો નથી જે યુદ્ધમાં અર્જુનનો સામનો કરી શકે. જો કોઈ રીતે દ્રોણાચાર્ય તથા કર્ણ તેનો સામનો કરવા માટે આગળ વધે તો પણ અર્જુનને જીતી શકવો અસંભવ છે. તેથી મને વિજય પ્રાપ્ત કરવાનો કોઈ ઉપાય દેખાતો નથી. હું તો તેમની સાથે યુદ્ધ ન કરવામાં જ કલ્યાણ માનું છું. યુદ્ધ કરવાથી અવશ્ય મારા આખા કુળનો નાશ થઈ જશે. જો તમને બધાને યુદ્ધ ન કરવું યોગ્ય લાગતું હોય તો આપણે સંધિ માટે પ્રયત્ન કરીએ.'

સંજયે કહ્યું, 'મહારાજ! તમે સત્ય કહી રહ્યા છો. પાંડવોએ પોતાના બાહુબળથી જીતીને આ ભૂમિ તમને ભેટ ધરી દીધી છે પરંતુ તમે તેને

સ્વયંની જીતેલી માનો છો. અર્જુન કાળચક્રની જેમ બધાનો નાશ કરી નાખશે. હે ભરતશ્રેષ્ઠ! નક્કી માનજો, જેના સહાયક ભીમ અને અર્જુન છે, આ સમગ્ર પૃથ્વી તેમની જ છે.'

આ બધું સાંભળીને દુર્યોધને કહ્યું, 'મહારાજ! તમે ભયનો ત્યાગ કરો. અમારા માટે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. અમે બહુ શક્તિશાળી છીએ અને શત્રુઓને સંગ્રામમાં હરાવી શકીએ છીએ.'

આ વાત સાંભળી દ્રોણાચાર્ય, કૃપાચાર્ય અને અશ્વત્થામાએ કહ્યું, 'જે સમયે અમે યુદ્ધમાં ઊભા રહીશું, શત્રુઓ અમને જીતી શકશે નહિ. અમારામાંથી કોઈ એક જ યોદ્ધો એ બધા રાજાઓને જીતી શકવા સમર્થ છે. અમારા તીક્ષ્ણ બાણોથી તેમનો બધો ગર્વ ઉતારી નાખીશું.'

'મહારાજ! યુધિષ્ઠિર પણ મારા પ્રભાવથી એવા ભયભીત છે કે માત્ર પાંચ ગામ માગી રહ્યા છે. હે રાજન્! તમે પાંડવોથી શા માટે ભય પામો છો? શત્રુઓની સેનામાં માત્ર પાંચ પાંડવ, ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિ - આ સાત વીરો મુખ્ય છે પરંતુ આપણા પક્ષમાં બધા જ મહાન વીર છે તથા અગિયાર અક્ષૌહિણી સેના છે. પછી આપણી હાર કઈ રીતે થશે? આ બધી વાતોથી તમે મારી સેનાની સબળતાનો અને પાંડવોની સેનાની નિર્બળતાનો વિચાર કરો. તમારો ભય નષ્ટ થશે.'

આમ કહીને દુર્યોધને યુદ્ધ કાર્યને સમજવાની ઇચ્છાથી સંજયને ફરીથી પૂછ્યું, 'સંજય! તમે પાંડવોની ખૂબ પ્રશંસા કરી રહ્યા છો તો જણાવો કે અર્જુનના રથમાં કેવા ઘોડા અને કેવી ધજાઓ છે?'

સંજયે કહ્યું, 'અર્જુનના રથની ધજામાં સ્વયં હનુમાનજી બિરાજમાન છે. રથમાં વાયુ સમાન વેગવાળા સફેદ રંગના ઉત્તમ ઘોડા જોડેલા છે. તેમની ગતિ વાયુથી પણ તેજ છે. એમાંથી જો કોઈ ઘોડો મૃત્યુ પામે તો વરદાનના પ્રભાવથી તેની જગ્યાએ નવો ઘોડો ઉત્પન્ન થઈ જાય છે. હું નિશ્ચિંત બેઠો હતો ત્યારે ધૃષ્ટદ્યુમ્ને મને કહ્યું કે તમે તરત અહીંથી જાઓ અને સહેજ પણ વિલંબ કર્યા વિના દુર્યોધનના પક્ષના સર્વ વીરોને કહો કે તમારે મહારાજ યુધિષ્ઠિર સાથે ન્યાય અને સજ્જનતાનો વ્યવહાર કરવો જોઈએ. એવું ન થાય કે દેવતાઓથી સુરક્ષિત અર્જુન તમને યમસદન પહોંચાડી દે. તમે જલદી ધર્મરાજને તેમનું રાજ્ય સોંપી દો. ગાંડિવધારી અર્જુનના રથની રક્ષા દેવતાઓ કરે છે. કોઈ પણ મનુષ્ય તેને જીતી શકતો નથી. તેથી તમે યુદ્ધ માટેનો વિચાર છોડી દો.'

આ સાંભળીને રાજા ધૃતરાષ્ટ્રે કહ્યું, 'પુત્ર દુર્યોધન! તું યુદ્ધનો વિચાર છોડી દે. મહાપુરુષો યુદ્ધને કોઈ પણ સ્થિતિમાં ઉચિત માનતા નથી. તમે પાંડવોને તેમનો યથોચિત ભાગ આપી દો, તમારા અને તમારા મંત્રીઓના નિર્વાહ માટે તો અડધું રાજ્ય પણ ઘણું છે. હું સમજું છું કે તું પણ પોતાની ઇચ્છાથી યુદ્ધ કરતો નથી. દુઃશાસન, કર્ણ અને શકુનિ જ તારી પાસે આ કાર્ય કરાવી રહ્યા છે.'

આ સાંભળીને દુર્યોધને કહ્યું, 'મેં તમારા અન્ય યોદ્ધાઓને ભરોસે પાંડવોને યુદ્ધ માટે આમંત્રિત કર્યા નથી. આ યુદ્ધમાં હું, કર્ણ અને દુઃશાસન જ પાંડવોનો સંહાર કરીશું. હું જ પાંડવોને મારીને આ પૃથ્વીનું શાસન કરીશ અથવા પાંડવો મને મારી આનો ઉપભોગ કરશે. હું બધું છોડી શકું છું પરંતુ પાંડવોની સાથે રહેવું મને ક્યારેય સ્વીકાર્ય નથી.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'મને સર્વ કૌરવો માટે ભારે શોક છે. જે લોકો આ ચાર મૂર્ખોનું અનુસરણ કરશે તેઓ પણ યમલોકમાં જશે. જ્યારે પાંડવોના મારથી કૌરવસેના વ્યાકુળ થઈ જશે ત્યારે તમને મારી વાતનું સ્મરણ થશે.

પછી સંજયને કહ્યું, 'સંજય! શ્રીકૃષ્ણ અને અર્જુને તમને જે વાતો કહી હતી તે મને સંભળાવો.'

સંજયે કહ્યું, 'હે રાજન્! તમારો સંદેશો સંભળાવવા માટે હું તેમના અંતઃપુરમાં ગયો. અર્જુને બેસવા માટે મને એક સોનાનો બાજઠ આપ્યો. હું તેને હાથનો સ્પર્શ કરીને પૃથ્વી પર બેસી ગયો. શ્રીકૃષ્ણ અને અર્જુનને એક સિંહાસન પર બેઠેલા જોઈને મને ભય લાગવા માંડ્યો અને હું વિચારવા લાગ્યો કે મંદ બુદ્ધિ દુર્યોધન શકુનિના કહેવામાં આવીને આ વિષ્ણુ અને ઇન્દ્ર જેવા વીરોના પરાક્રમને કશું મહત્ત્વ આપતો નથી એ પતનનું કારણ બનવાનું છે.'

ત્યાં અન્ન-પાનથી મારું સ્વાગત કરવામાં આવ્યું. પછી મેં હાથ જોડીને તેમને તમારો સંદેશો કહ્યો. તે સાંભળીને અર્જુને શ્રીકૃષ્ણને પ્રણામ કરીને ઉત્તર આપવાની પ્રાર્થના કરી. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ મને કહેવા લાગ્યા, 'હે સંજય! રાજા ધૃતરાષ્ટ્ર, પિતામહ ભીષ્મ અને આચાર્ય દ્રોણને તમે મારા તરફથી આ સંદેશો કહેજો. તમે વડીલોને મારા પ્રણામ કહેજો. નાના હોય તેમને કુશળતા પૂછીને એ કહેજો કે તમારા પર મોટું સંકટ આવી રહ્યું છે તે માટે તમે યજ્ઞોનું અનુષ્ઠાન કરો, બ્રાહ્મણોને દાન આપો અને સ્ત્રી-પુત્રો સાથે થોડા દિવસ આનંદ કરી લો.'

કૌરવોની સભામાં શાંતિદૂત બનીને જવા માટે શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિરનો સંવાદ

સંજયના ચાલ્યા ગયા પછી રાજા યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, 'હે કેશવ! મને તમારા સિવાય એવું કોઈ દેખાતું નથી કે જે અમને આ આપત્તિમાંથી બહાર કાઢે. તમારે ભરોસે જ અમે નિર્ભય થઈને અમારો ભાગ માગવા ઈચ્છીએ છીએ.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'તમારે જે કાંઈ કહેવું હોય તે કહો. તમે જે કહેશો તે હું કરીશ. તમે ધર્મરાજ છો.'

યુધિષ્ઠિરે કહ્યું, 'રાજા ધૃતરાષ્ટ્ર અને તેમના પુત્રો જે કાંઈ કરવા ઈચ્છે છે તે તો તમે સાંભળી જ લીધું. સંજયે આપણને જે કાંઈ કહ્યું તે ન્યાયી નથી. રાજા ધૃતરાષ્ટ્રને રાજ્યનો બહુ લોભ છે. તેથી તેઓ અમારા અને કૌરવો પ્રત્યે સમભાવ ન રાખીને અમને રાજ્ય આપ્યા વિના જ સંધિ કરવા ઈચ્છે છે. તેમના વચનનું પાલન કરીને અમે બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસ પૂરો કર્યો પરંતુ તેઓ ધર્મનો વિચાર કર્યા વિના મૂર્ખ પુત્રના મોહથી હસ્તિનાપુરની ગાદી છોડી શકતા નથી. તમે અમારા સહાયક છો. અમે માત્ર પાંચ ગામ માગી રહ્યા છીએ જેથી અમે પાચં ભાઈ મળીને રહી શકીએ અને અમારા કારણે ભરતવંશનો નાશ ન થાય. પરતુ દુર્યોધન આટલું પણ કરવા તૈયાર નથી.'

'અમારો પહેલો વિચાર એ છે કે અમે અને કૌરવો એકબીજા સાથે સંધિ કરીને શાંતિપૂર્વક રાજ્યને ભોગવીએ અને એવું ન થયું તો અંતે અમારે યુદ્ધનો માર્ગ લેવો પડશે.'

મહારાજ યુધિષ્ઠિરની વાત સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું, 'હું બંને પક્ષની હિતકામનાથી કૌરવોની સભામાં જઈશ અને જો ત્યાં તમારા લાભમાં કોઈ પ્રકારની અડચણ ન આવે એ રીતે સંધિ કરાવી શકું તો માનીશ કે મારાથી ભારે પુણ્ય કાર્ય થઈ ગયું.'

યુધિષ્ઠિરે કહ્યું, 'હે શ્રીકૃષ્ણ! તમે કૌરવો પાસે જાઓ એમાં મારી સંમતિ નથી કેમ કે તમારા દ્વારા ઘણી યુક્તિપૂર્વક વાત કહેવા છતાં પણ દુર્યોધન તેને માનશે નહિ. તમને કષ્ટ થશે ત્યારે અમને ધન, સુખ, દેવત્વ અને સમસ્ત દેવતાઓનું આધિપત્ય પણ પ્રસન્ન કરી શકશે નહિ.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'દુર્યોધન કેવો પાપી છે એ હું જાણું છું. છતાં આપણે આપણા તરફથી બધી વાતો સ્પષ્ટ કરી દઈશું તો સંસારમાં કોઈ પણ રાજા

આપણને દોષી કહી શકશે નહિ.'

યુધિષ્ઠિરે કહ્યું, 'હે શ્રીકૃષ્ણ! જો તમને આ યોગ્ય લાગતું હોય તો તમે પ્રસન્નતાથી કૌરવો પાસે જાઓ. આશા છે કે હું તમને પોતાના કાર્યમાં સફળ થઈને અહીં સકુશળ પાછા આવેલા જોઈશ. જેમાં અમારું હિત હોય તે બધી વાતો તમે દુર્યોધનને કહી દેજો.'

શ્રીકૃષ્ણ બોલ્યા, 'મેં સંજય અને તમારી બંનેની વાતો સાંભળી છે તથા મને તમારા અને કૌરવોના અભિપ્રાયની પણ ખબર છે. હવે હું કૌરવોની સભામાં જઈને તમારા ગુણોને પ્રગટ કરીશ અને દુર્યોધનના દોષોને ઉજાગર કરીશ. હું ધર્મ અને અર્થને અનુકૂળ જ વાતો કહીશ. હું કૌરવો પાસે જઈને એ રીતે સંધિ માટે પ્રયત્ન કરીશ જેથી તમારા હિતમાં કોઈ ત્રુટિ ન આવે તથા તેમની ગતિવિધિને જાણી શકાય. મને તો એમ લાગે છે કે કૌરવો સાથે આપણું યુદ્ધ જ થશે કેમ કે મને એવા જ સંકેત મળી રહ્યા છે. તેથી તમે બધા યુદ્ધ માટે ઉપયોગી સામગ્રી ભેગી કરવા માંડો. જ્યાં સુધી દુર્યોધન જીવતો છે ત્યાં સુધી તો તે કોઈ રીતે તમને કંઈ આપશે નહિ.'

ભીમે ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, 'તમે કૌરવોને એવી જ વાતો કહેજો જેથી તેઓ સંધિ કરવા તૈયાર થઈ જાય. તમે કૌરવોની સભામાં જઈને પિતામહ ભીષ્મ અને અન્ય સભાસદોને પણ એ રીતે કહેજો જેથી ભાઈભાઈઓમાં સંપ જળવાઈ રહે અને દુર્યોધન શાંત થઈ જાય.'

ભીમના મોઢેથી ક્યારેય કોઈએ નમ્રતાથી વાતો સાંભળી ન હતી તેથી તેમની આ વાતો સાંભળીને શ્રીકૃષ્ણ હસીને કહેવા લાગ્યા, 'ભીમ! તમે સામાન્ય રીતે તો ધૃતરાષ્ટ્રના પુત્રોને કચડી નાખવાની ઇચ્છાથી યુદ્ધની પ્રશંસા કર્યા કરતા હતા. તમે તમારા ભાઈઓની વચ્ચે ગદા ઉપાડીને એવી પ્રતિજ્ઞા કરી હતી કે હું દુર્યોધનનો વધ કરીશ. પરંતુ અત્યારે જોઉં છું કે જે રીતે યુદ્ધકાળ ઉપસ્થિત થવાથી યુદ્ધ માટે ઉતાવળા અનેક વીરોનો ઉત્સાહ ઢીલો પડી જાય છે તે જ પ્રમાણે તમે પણ યુદ્ધ ઇચ્છતા નથી. આ અત્યંત દુઃખની વાત છે.'

ભીમે કહ્યું, 'હું તો કંઈક બીજું જ કહેવા ઇચ્છતો હતો પરંતુ તમે કંઈ બીજું જ સમજ્યા. મારું બળ અને પુરુષાર્થ અન્ય પુરુષોના પરાક્રમ સાથે જરા પણ સામ્ય ધરાવતું નથી. પોતાને મોઢે પોતાની બડાઈ કરવી એ સત્પુરુષોની દૃષ્ટિએ સારી વાત નથી તેથી મારે મારા બળનું વર્ણન

કરવું જ પડશે. હું બધા કષ્ટો સહીને પણ ભરતવંશનો નાશ ન થાય એવું ઇચ્છું છું.'

શ્રીકૃષ્ણે ભીમને કહ્યું, 'હું તમારા પ્રભાવ અને પરાક્રમને સારી રીતે જાણું છું. હવે હું ધૃતરાષ્ટ્ર પાસે જઈને સંધિ માટે પ્રયત્ન કરીશ. જો તેઓ માની જશે તો ભરતવંશની રક્ષા થશે. પરંતુ તેઓએ મારી વાત ન માની તો પછી યુદ્ધ એ જ કલ્યાણ એમ માનવું પડશે. આ યુદ્ધનો બધો ભાર તમારા ઉપર રહેશે અથવા અર્જુનને તેની ધુરા ધારણ કરવી પડશે. બીજા લોકો તમારી આજ્ઞામાં રહેશે. યુદ્ધ થશે તો હું અર્જુનનો સારથિ બનીશ.'

અર્જુને કહ્યું, 'હે કેશવ! જે કાંઈ કહેવું હતું તે મહારાજ યુધિષ્ઠિરે કહી જ દીધું છે પરંતુ તમારી વાતો સાંભળીને મને એવું લાગે છે કે ધૃતરાષ્ટ્ર લોભ અને મોહને લીધે ન્યાય કરશે એવું તમને લાગતું નથી. પરંતુ તમે એવું કરો જેથી તેઓ માની જાય. અમને તમે જે કરશો તે માન્ય છે. તેથી તમને જે યોગ્ય લાગે અને જેમાં ભરતવંશનું હિત હોય તે કરવાનો પ્રયત્ન કરજો. અમારે હવે શું કરવાનું છે તે પણ અમને જણાવી દો.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'તમે જે કંઈ કહો છો તે બરાબર છે. હું જેમાં કૌરવો અને પાંડવોનું હિત થાય તેવું કરવાનો પૂરો પ્રયત્ન કરીશ.'

દ્રૌપદી બોલી, 'હું મહારાજ દ્રુપદની યજ્ઞવેદીમાંથી પ્રગટ થયેલી પુત્રી છું. હું ધૃષ્ટદ્યુમ્નની બહેન, તમારી પ્રિય સખી, મહાત્મા પાંડુની પુત્રવધૂ અને ઇન્દ્ર જેવા તેજસ્વી પાંચ પાંડવોની પટરાણી છું. આટલી સન્માનિત હોવા છતાં પણ મારા વાળ પકડીને મને સભામાં લાવવામાં આવી અને મને અપમાનિત કરવામાં આવી.'

'હે કેશવ! શત્રુઓ સાથે સંધિ કરવાની તમારી ઇચ્છા છે પરંતુ તમે દુઃશાસને મારી લાજ લેવાનો પ્રયત્ન કર્યો તે તમે યાદ રાખજો.' આટલું કહીને દ્રૌપદી ડૂસકાં ભરીને રડવા લાગી.

શ્રીકૃષ્ણે તેને ધીરજ આપતા કહ્યું, 'હે કૃષ્ણે! તું જલદી કૌરવોની સ્ત્રીઓને રુદન કરતી જોશે. જો કાળને અધીન થયેલા ધૃતરાષ્ટ્રના પુત્રો મારી વાત નહિ સાંભળે તો યુદ્ધમાં મરાઈ જશે.'

આમ કહીને શ્રીકૃષ્ણ જવા નીકળ્યા ત્યારે પાંડવો, ચેકિતાન, ચેદિરાજ, ધૃષ્ટકેતુ, દ્રુપદ, કાશીરાજ, શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, પુત્રો સાથે રાજા વિરાટ અને કેકયરાજે પણ તેમને વિદાય આપી.

શ્રીકૃષ્ણ અત્યંત ઝડપથી હસ્તિનાપુર તરફ ચાલી નીકળ્યા. રસ્તામાં જ્યાં જ્યાં શ્રીકૃષ્ણ જતાં હતાં ત્યાં હજારો બ્રાહ્મણો તેમની સ્તુતિ કરીને સત્કાર કરતા હતાં. નગરજનોએ તેમનો ભાવપૂર્વક આદરસત્કાર કર્યો.

ત્યારબાદ સૂર્ય અસ્ત થતાં તેઓ વૃકસ્થળ નામના ગામમાં પહોંચ્યા. ત્યાં તેમણે રથમાંથી ઊતરીને નિત્યકર્મ કર્યું અને રથ છોડવાની આજ્ઞા આપીને ત્યાંના નિવાસીઓને કહ્યું, 'અમે રાજા યુધિષ્ઠિરના કામે હસ્તિનાપુર જઈ રહ્યા છીએ અને આજે રાત્રે અહીં રોકાઈશું.'

તેમનો આવો વિચાર જાણીને ગ્રામવાસીઓએ તેમના ઉતારાની અને ખાવા-પીવાની વ્યવસ્થા કરી. પછી ગામમાં જે મુખ્ય બ્રાહ્મણ હતા તેમણે આવીને આશીર્વાદ અને માંગલિક વચનો કહીને તેમનો વિધિવત સત્કાર કર્યો. ત્યાર પછી ભગવાને બ્રાહ્મણોને ભોજન કરાવી પોતે ભોજન કર્યું અને બધા લોકો સાથે આનંદપૂર્વક રાત્રે ત્યાં રહ્યા.

જ્યારે દૂતો દ્વારા રાજા ધૃતરાષ્ટ્રને ખબર મળી કે શ્રીકૃષ્ણ આવી રહ્યા છે ત્યારે તેઓ પ્રસન્ન થઈ ગયા. તેમણે ભીષ્મ, દ્રોણ, સંજય, વિદુર, દુર્યોધન અને તેના મંત્રીઓને કહ્યું, 'મંત્રણા કરવા માટે શ્રીકૃષ્ણ આવી રહ્યા છે. દુર્યોધન! તેમના સ્વાગત-સત્કારની તૈયારી કર, જેથી શ્રીકૃષ્ણ તારા પર પ્રસન્ન થઈ જાય.'

પછી રાજા ધૃતરાષ્ટ્રે વિદુરજીને કહ્યું, 'વિદુર! શ્રીકૃષ્ણ ઉપપ્લવ્યથી આ બાજુ આવી રહ્યા છે. તેમણે વૃકસ્થળમાં વિશ્રામ કર્યો છે. કાલે પ્રાતઃકાળે તેઓ અહીં આવી જશે. તમે એમના ભવ્ય સત્કારની તૈયારી કરો. હસ્તિનાપુરને શણગારો. તેમના આવવાના માર્ગને સાફ કરાવીને જળ છંટાવી દો. દુઃશાસનનો મહેલ દુર્યોધન કરતાં પણ સુંદર છે. તેથી તેને સારી રીતે સજાવી દો. મારા અને દુર્યોધનના મહેલમાં જે સુંદર વસ્તુઓ છે તે બધી એમાં સજાવી દો. અને એમના ઉતારાની સુંદર વ્યવસ્થા કરો.'

વિદુરજીએ કહ્યું, 'શ્રીકૃષ્ણ સન્માનને યોગ્ય છે તેથી તેમનો સત્કાર જરૂર કરજો. અત્યારે શ્રીકૃષ્ણ બંને પક્ષોના હિતની કામનાથી આવી રહ્યા છે. તેમના પ્રસ્તાવને તમે સ્વીકારી લેજો.'

દુર્યોધન બોલ્યો, 'પિતાજી! શ્રીકૃષ્ણ શું પ્રસ્તાવ કહે છે તે સાંભળીને હું નિર્ણય કરીશ.'

દુર્યોધનની વાત સાંભળી પિતામહ ભીષ્મે કહ્યું, 'શ્રીકૃષ્ણે પોતાના

મનમાં જે કાંઈ કરવાનો નિશ્ચય કરી લીધો હશે તેને કોઈ બદલી શકશે નહિ. તેથી તેઓ જે કાંઈ કહે તે જ કરવું જોઈએ. શ્રીકૃષ્ણ અવશ્ય એવી જ વાત કહેશે જે ધર્મ અને અર્થને અનુકૂળ હશે.'

દુર્યોધને કહ્યું, 'પિતામહ! જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી હું ઇન્દ્રપ્રસ્થ એમને આપવાનો નથી.'

દુર્યોધનની આ વાત સાંભળી રાજા ધૃતરાષ્ટ્ર અને મંત્રીઓને ભારે આઘાત લાગ્યો. તેઓએ વ્યાકુળ થઈને કહ્યું, 'તું તારા મોઢેથી આવી વાત ન કર. શ્રીકૃષ્ણ તો શાંતિદૂત બનીને આવી રહ્યા છે. તેમનો પ્રસ્તાવ તો સાંભળજે.'

પિતામહ ભીષ્મે કહ્યું, 'ધૃતરાષ્ટ્ર! તમારા આ પુત્રને મૃત્યુએ ઘેરી લીધો છે. આ પાપી તો કુમાર્ગે જ ચાલે છે. તમને ખબર નથી કે આ મંદબુદ્ધિ જો શ્રીકૃષ્ણને હાનિ પહોંચાડવા ઊભો થઈ ગયો તો તે ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જશે. હું આની આવી અનર્થપૂર્ણ વાતો બિલકુલ સાંભળી શકતો નથી.' એમ કહીને પિતામહ ભીષ્મ ક્રોધિત થઈને સભા છોડીને ચાલ્યા ગયા.

શ્રીકૃષ્ણ પ્રાતઃકાળે ઊઠીને નિત્યકર્મ કરી, બ્રાહ્મણોની આજ્ઞા લઈને હસ્તિનાપુર તરફ જવા નીકળ્યા. તેઓ નગરની પાસે પહોંચ્યા ત્યારે દુર્યોધન સિવાય ધૃતરાષ્ટ્રના બધા પુત્રો, પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ અને કૃપાચાર્ય વગેરે તેમનો સત્કાર કરવા માટે સામે આવ્યા. શ્રીકૃષ્ણના સન્માન માટે નગર શણગારવામાં આવ્યું હતું. રાજમાર્ગમાં બહુમૂલ્ય અને દર્શનીય વસ્તુઓ આકર્ષક રીતે સજાવવામાં આવી હતી. શ્રીકૃષ્ણને જોવાની ઉત્કંઠાને કારણે નગરજનો પૃથ્વી પર ઝૂકીને તેમની સ્તુતિ કરી રહ્યા હતા. આ બધી ભીડને પાર કરીને શ્રીકૃષ્ણે મહારાજ ધૃતરાષ્ટ્રના રાજભવનમાં પ્રવેશ કર્યો. શ્રીકૃષ્ણ માટે ત્યાં એક સોનાનું સુંદર સિંહાસન મૂકેલું હતું. રાજા ધૃતરાષ્ટ્રની વિનંતીથી તેઓ તેના પર બિરાજમાન થયા. અતિથિ સત્કાર થઈ ગયા પછી વિદુરજીએ ભગવાનને પાંડવોના કુશળ સમાચાર પૂછ્યા. શ્રીકૃષ્ણે, પાંડવો જે કાંઈ કરવા ઇચ્છતા હતા તે બધી વાતો તેમને વિસ્તારથી કહી દીધી.

ત્યાર પછી બપોરનો સમય વીતી જતાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાની ફોઈ કુંતી પાસે ગયા. શ્રીકૃષ્ણને આવેલા જોઈને તે પોતાના પુત્રોને યાદ કરી રડવા લાગી. શ્રીકૃષ્ણે એને શાંત પાડી.

સ્વસ્થ થઈ કુંતી બોલી, મારા પુત્રો નાનપણથી જ ગુરુજનોની સેવા કરનારા હતા. તેઓ બધાના પ્રતિ સમભાવ રાખતા હતા પરંતુ શકુનિએ કપટપૂર્વક રાજ્ય છીનવી લઈ તેઓને નિર્જન વનમાં ભટકતા કર્યાં. હે કૃષ્ણ! અત્યારે મારા પુત્રો કુશળ તો છે ને? પુત્રવધૂ દ્રૌપદી સર્વ ગુણોથી સંપન્ન અને ઉત્તમ કુળની પુત્રી છે. તે મને બધા પુત્રોથી પણ વધારે પ્રિય છે. મારી દૃષ્ટિમાં કૌરવો અને પાંડવોમાં કશો ભેદ નથી. હું ગાંધારીને દુઃખી જોવા ઇચ્છતી નથી. છતાં પાંડવો સહિત તમને રાજ્યસુખ ભોગવતા જોવા ઇચ્છું છું.'

કુંતી પુત્રોના દુઃખથી અત્યંત વ્યાકુળ હતી. તેની વાતો સાંભળીને શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા, 'ફોઈબા! તમે હવે થોડા જ દિવસમાં પાંડવોને સુખી અને સફળ જોશો. તેમના બધા શત્રુઓ મરાઈ જશે અને તેમને રાજ્યસુખ પ્રાપ્ત થશે.' શ્રીકૃષ્ણે કુંતીને આ પ્રમાણે સાંત્વના આપી.

કુંતીએ શ્રીકૃષ્ણને કહ્યું, 'પાંડવો માટે જે હિતની વાત હોય તે પ્રમાણે કહેજો. હું તમારા સત્ય અને કુળના પ્રભાવને સારી રીતે જાણું છું. તમે બધાની રક્ષા કરનારા છો. તમે જેવું કરી રહ્યા છો, તમારા દ્વારા તે વાત તે જ પ્રમાણે સત્ય થઈને રહેશે. એ પછી શ્રીકૃષ્ણ કુંતીની આજ્ઞા લઈને દુર્યોધનના મહેલ તરફ ગયા.'

શ્રીકૃષ્ણના પહોંચતા જ દુર્યોધન પોતાના મંત્રીઓ સાથે આસન પરથી ઊભો થઈ ગયો. સ્વાગત-સત્કાર પછી રાજા દુર્યોધને ભોજન માટે પ્રાર્થના કરી પરંતુ શ્રીકૃષ્ણે તેનો અસ્વીકાર કર્યો.

ત્યારે દુર્યોધને શ્રીકૃષ્ણને કઠોર શબ્દોમાં કહ્યું, 'અમે તમને સુંદર ખાદ્યપદાર્થો, વસ્ત્ર અને શય્યાઓ ભેટ આપી રહ્યા છીએ. તેનો તમે સ્વીકાર કેમ નથી કરતા? તમે તો બંને પક્ષોની સહાયતા ઇચ્છો છો અને તમે બંને પક્ષનું હિત કરવા ઇચ્છો છો.'

શ્રીકૃષ્ણે ગંભીર વાણીમાં કહ્યું, 'એવો નિયમ છે કે દૂત પોતાનો ઉદ્દેશ પૂરો થયા પછી જ ભોજન કરે છે. તેથી જ્યારે મારું કામ પૂરું થશે ત્યારે તમે અને તમારા મંત્રીઓ મારો સત્કાર કરજો. તમારા અન્નનો સંબંધ દુષ્ટ પુરુષો સાથે છે. તેથી એ ખાવા યોગ્ય નથી. મારે માત્ર વિદુરજીનું જ અન્ન ખાવું જોઈએ એવો મારો વિચાર છે.'

દુર્યોધનને આમ કહીને શ્રીકૃષ્ણ તેના મહેલમાંથી બહાર નીકળીને વિદુરજીને ઘરે આવી ગયા. ત્યાં તેમને મળવા માટે પિતામહ ભીષ્મ,

આચાર્ય દ્રોણ, કૃપાચાર્ય તથા બીજા કુરુવંશીઓ પણ આવ્યા. તેમની સાથે શ્રીકૃષ્ણે વાર્તાલાપ કર્યો.

સૌના ચાલ્યા ગયા પછી વિદુરજીએ ઉત્સાહથી શ્રીકૃષ્ણનું પૂજન કરી ઉત્તમ અને ગુણયુક્ત ભોજન પીરસ્યું. એ ભોજનથી શ્રીકૃષ્ણે પ્રથમ બ્રાહ્મણોને તૃપ્ત કર્યા. પછી પોતાના ભક્તો સહિત બેસીને સ્વયં ભોજન કર્યું.

જ્યારે ભોજન પછી તેઓ વિશ્રામ કરવા લાગ્યા ત્યારે વિદુરજીએ તેમને કહ્યું, 'હે કેશવ! તમે અહીં આવ્યા એ બરાબર ન કર્યું. દુર્યોધન ધર્મ અને અર્થ બંનેને છોડીને બેઠો છે. તમે તેને હિતની વાત કરશો તો પણ તે ક્રોધવશ કશું સાંભળશે નહિ. તેથી તેને સંધિની વાતમાં રસ નથી. તમે તો સંધિ માટે પ્રયત્ન કરી રહ્યા છો પરંતુ ધૃતરાષ્ટ્રના પુત્રોએ એવો નિશ્ચય કરી લીધો છે કે પાંડવોને તેમનો ભાગ ક્યારેય નહિ આપવો.'

શ્રીકૃષ્ણે વિદુરજીને કહ્યું, 'હું દુર્યોધનની દુષ્ટતા અને વીરોના વેરભાવને જાણીને જ આજે કૌરવો પાસે આવ્યો છું. દુર્યોધન અને તેના મંત્રીઓએ મારી શુભ, હિતકારી, ધર્મ અને અર્થને અનુકૂળ વાત માનવી જ જોઈએ. આ પ્રમાણે મારી હિતકર વાત પર ધ્યાન ન આપે તો દુર્યોધન પોતાના કર્યાનું ફળ ભોગવશે.'

તે સંપૂર્ણ રાત્રિ વિદુર અને શ્રીકૃષ્ણ વચ્ચે આ પ્રમાણે વાતચીતમાં જ વ્યતીત થઈ ગઈ.

પ્રાતઃકાળે શ્રીકૃષ્ણે નિત્યકર્મ કરી સૂર્યનારાયણનું પૂજન કર્યું. એ જ સમયે દુર્યોધન અને શકુનિએ તેમની પાસે આવીને કહ્યું, 'મહારાજ ધૃતરાષ્ટ્ર તથા પિતામહ ભીષ્મ વગેરે બધા કૌરવો સભામાં આવી ગયા છે અને આપની પ્રતીક્ષા કરી રહ્યા છે.'

ત્યારપછી સારથિએ આવીને શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને રથ લાવીને ઊભો કર્યો. તે રથમાં બેસીને શ્રીકૃષ્ણ રાજસભાના દ્વાર તરફ આવી ગયા અને રથમાંથી ઊતરીને અંદર ગયા. સભામાં પહોંચ્યા પછી તેમને માન આપવા બધા પોતાના આસનો પરથી ઊભા થઈ ગયા. શ્રીકૃષ્ણ માટે ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી સોનાનું સિંહાસન મૂકવામાં આવ્યું હતું. એના પર બિરાજમાન થયા પછી સમસ્ત કૌરવોએ અને રાજાઓએ શ્રીકૃષ્ણનું પૂજન કર્યું.

સભામાં શ્રીકૃષ્ણે મહારાજ યુધિષ્ઠિરનો સંદેશો સંભળાવી કહ્યું,

'મારો અહીં આવવાનો ઉદ્દેશ એ છે કે ક્ષત્રિયવીરોનો સંહાર થયા વિના જ કૌરવો અને પાંડવોમાં સંધિ થઈ જાય. મારા માનવા મુજબ બંને પક્ષોમાં સંધિ થવી બહુ મુશ્કેલ નથી. અત્યારે શાંતિથી સુખરૂપ રહેવું એ તમારા અને મારા જ હાથમાં છે. તમે તમારા પુત્રોને મર્યાદામાં રાખો અને હું પાંડવોને નિયમમાં રાખીશ. તમે પાંડવોનું હિત વિચારી ધર્મ અને અર્થનું અનુષ્ઠાન કરો. કૌરવો-પાંડવોના મળી જવાથી તમે સમસ્ત લોકોનું આધિપત્ય પ્રાપ્ત કરશો. હે મહારાજ! યુદ્ધ કરવાથી મને બહુ મોટો સંહાર દેખાઈ રહ્યો છે. તેથી તમે આ લોકની રક્ષા કરો જેથી તમારી પ્રજાનો નાશ ન થાય.' પાંડવોએ તમને પ્રણામ કહી પ્રાર્થના કરી છે કે, 'અમે બાર વર્ષ સુધી વનમાં રહ્યા અને તેરમું વર્ષ અજ્ઞાતરૂપે વિતાવ્યું. વનવાસની શરત પૂર્ણ થાય ત્યારે અમારો એ જ નિશ્ચય હતો કે જ્યારે અમે પાછા આવીશું ત્યારે તમારો અમારા ઉપર પિતાતૂલ્ય વર્તાવ રહેશે અને તે મુજબ અમારા રાજ્યનો ભાગ અમને મળી જવો જોઈએ. હે રાજન! તમે પાંડવોને તેમનું રાજ્ય આપી દો. આ સિવાય તમને વધારે શું કહી શકાય? પાંડવોને તેમનું યથોચિત રાજ્ય આપી દો. આમ કરીને તમે તમારા પુત્રો સહિત આનંદપૂર્વક ભોગ ભોગવો. પાંડવો તો તમારી સેવા કરવા પણ તૈયાર છે અને યુદ્ધ માટે પણ તૈયાર છે. આ બંનેમાં તમને જે વાત વધારે હિતકર લાગે તેને અપનાવી લો.'

ભગવાન શ્રીકૃષ્ણની વાત સાંભળી સૌ મૌન થઈ વિચારવા લાગ્યા. ત્યારે સભામાં બેઠેલા મહર્ષિ પરશુરામજી કહેવા લાગ્યા, 'તમે સર્વ પ્રકારનો સંદેહ છોડીને મારી એક સત્ય વાત સાંભળો. તમને સારી લાગે તો તે પ્રમાણે આચરણ કરો.' પૂર્વકાળમાં દંભોદ્ભવ નામનો એક રાજા થઈ ગયો. તે પ્રાતઃકાળે ઊઠીને બ્રાહ્મણ અને ક્ષત્રિયોને પૂછ્યા કરતો હતો કે, 'શું બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો અને શૂદ્રોમાં કોઈ એવો શસ્ત્રધારી છે જે મારાથી ચડિયાતો હોય?' આ પ્રમાણે કહીને તે રાજા અત્યંત ગર્વથી સંપૂર્ણ પૃથ્વી પર વિચરતો હતો. રાજાનો આવો ઘમંડ જોઈને કેટલાક તપસ્વી બ્રાહ્મણોએ તેને કહ્યું, 'આ પૃથ્વી પર આવા બે સત્પુરુષો છે, જેમણે યુદ્ધમાં અનેકને પરાસ્ત કર્યાં છે. તેમની બરાબરી તમે ક્યારેય કરી શકો એમ નથી.' તે રાજાએ પૂછ્યું, 'તે વીર પુરુષો ક્યાં છે? તેઓ શું કામ કરે છે અને તેઓ કોણ છે?'

બ્રાહ્મણોએ કહ્યું, 'તેઓ નર-નારાયણ નામના બે તપસ્વી છે. અત્યારે તેઓ મનુષ્યલોકમાં આવેલા છે. તમે તેમની સાથે યુદ્ધ કરો. તેઓ

ગંધમાદન પર્વત પર તપ કરી રહ્યા છે.'

રાજાથી આ વાત સહન ન થઈ. તે તરત જ સેના લઈને તેમની પાસે જવા ગંધમાદન પર્વત પર નીકળી પડ્યો. થોડીવારમાં તેને તે બંને ઋષિ દેખાયા. રાજા તેમની પાસે ગયો અને ચરણસ્પર્શ કરીને તેમના કુશળ સમાચાર પૂછ્યા. મુનિઓએ રાજાનો સત્કાર કરીને પૂછ્યું, 'અમે તમારું શું કામ કરીએ?'

રાજાએ તેમને બધી વાત જણાવીને કહ્યું, 'અત્યારે હું તમારી સાથે યુદ્ધ કરવા આવ્યો છું. તેથી આનો સ્વીકાર કરીને જ તમે મારું આતિથ્ય કરો.'

નર-નારાયણે કહ્યું, 'આ આશ્રમમાં કામ, ક્રોધ, લોભ વગેરે રહી શકતાં નથી. અહીં યુદ્ધની કોઈ વાત જ નથી, પછી શસ્ત્ર અને કુટિલ પ્રકૃતિના લોકો કઈ રીતે રહી શકે? પૃથ્વી પર અનેક ક્ષત્રિયો છે, તમે બીજા સ્થાને જઈને યુદ્ધ માટે પ્રાર્થના કરો.' નર-નારાયણ દ્વારા વારંવાર સમજાવ્યા છતાં રાજાની યુદ્ધલાલસા શાંત ન થઈ અને તેના માટે તે આગ્રહ કરતો રહ્યો. ત્યારે ભગવાન નરે એક મુઠ્ઠી ઘાસની પાતળી સળીઓ લઈને કહ્યું, 'તમને યુદ્ધની બહુ લાલસા છે તો પોતાના હથિયારો ઉપાડો અને સેનાને તૈયાર કરો.'

આ સાંભળીને રાજા અને તેના સૈનિકો તેમના ઉપર તીક્ષ્ણ બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ભગવાન નરે એક તણખલાને અસ્ત્રના રૂપમાં રૂપાંતર કરીને છોડ્યું. મુનિવર નરે તે બધા સૈનિકોની આંખો, નાક અને કાનોને સળીઓથી ભરી દીધાં. આ જ પ્રમાણે સંપૂર્ણ આકાશને સળીઓથી ભરેલું જોઈ રાજા તેમના ચરણોમાં પડી ગયા અને બોલ્યા, 'મને ક્ષમા કરો, મારી રક્ષા કરો.'

આ પ્રમાણે રાજા આજીજી કરવા લાગ્યો. ત્યારે નરે શરણમાં આવેલા રાજાને કહ્યું, 'તમે બ્રાહ્મણોની સેવા કરો અને ધર્મનું આચરણ કરી આવું કામ કદી કરતા નહિ. હવે ભવિષ્યમાં તમે કોઈનું અપમાન કરતા નહિ.'

ત્યાર પછી રાજા મુનિઓના ચરણોમાં પ્રણામ કરીને પોતાના નગર તરફ પાછો ફર્યો અને ધર્મને અનુકૂળ વ્યવહાર કરવા લાગ્યો. તે સમયે નરે જે પરાક્રમ કર્યું હતું એ નર જ અર્જુન છે. તેથી જ્યાં સુધી તેઓ પોતાના શ્રેષ્ઠ ધનુષ્ય ગાંડિવ પર બાણ ન ચડાવે ત્યાં સુધી તમે માન

છોડીને અર્જુનનું શરણ લઈ લો. નારાયણ અર્જુનના સખા શ્રીકૃષ્ણ છે. તેથી યુદ્ધમાં તેમના પરાક્રમને સહેવું તમારા માટે મુશ્કેલ થશે. તે બંનેને પુરુષોમાં શ્રેષ્ઠ અને મહાન વીર ગણી તમે સદ્‌બુદ્ધિનો આશ્રય લઈને પાંડવો સાથે સંધિ કરી લો.'

પરશુરામજીની વાત સાંભળીને મહર્ષિ કણ્વ પણ દુર્યોધનને કહેવા લાગ્યા, 'બ્રહ્માજી અને નર-નારાયણ - આ બંને અવિનાશી છે. જ્યારે સંસારનો પ્રલય થાય છે ત્યારે બધું નષ્ટ થઈ જાય છે અને સૃષ્ટિનો આરંભ થતાં વારંવાર ઉત્પન્ન થાય છે. આ બધી વાતોનો વિચાર કરીને તમારે ધર્મરાજ યુધિષ્ઠિર સાથે સંધિ કરી લેવી જોઈએ જેથી કૌરવો અને પાંડવો મળીને પૃથ્વીનું પાલન કરે.' હે દુર્યોધન! હું બહુ બળવાન છું એવું ન સમજો. સંસારમાં બળવાનોથી વધીને બીજા બળવાન પુરુષો પણ હોય છે. સાચા શૂરવીરો આગળ સૈન્યશક્તિ કામ આવતી નથી. ત્યાં મહર્ષિ નારદજી પણ બિરાજમાન હતાં.

મહર્ષિ કણ્વની વાત સાંભળીને દુર્યોધન આંખની ભ્રમરો ચઢાવવા લાગ્યો અને કર્ણ તરફ જોઈને જોર જોરથી હસવા લાગ્યો. કણ્વના કથન પર ધ્યાન આપ્યા વિના એ કહેવા લાગ્યો, 'જે કંઈ થવાનું છે તે થઈને જ રહેશે. જેવી મારી ગતિ થવાની છે તે જ પ્રમાણે ઈશ્વરે મને બનાવ્યો છે અને તેવું જ મારું આચરણ છે. તેમાં તમારા કહેવાથી શું થવાનું છે?'

ભગવાન વેદવ્યાસ, પિતામહ ભીષ્મ અને નારદજીએ પણ દુર્યોધનને અનેક રીતે સમજાવ્યો. તે સમયે નારદજીએ કહ્યું, 'સંસારમાં સહૃદય શ્રોતા મળવા દુર્લભ છે અને હિતની વાત કરનાર સુહૃદ દુર્લભ છે, કેમ કે જે સંકટમાં પોતાના સગાંસંબંધીઓ પણ સાથ છોડી દે છે ત્યાં સાચો મિત્ર ઊભો રહે છે. તેથી આ પ્રમાણે હઠ કરવી બરાબર નથી. કેમ કે હઠનું પરિણામ બહુ દુઃખદ હોય છે.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'તમે જેવું કહી રહ્યા છો તે બરાબર છે. હું પણ એ જ ઇચ્છું છું પરંતુ તેવું કરી શકતો નથી.'

ત્યાર પછી તેઓ શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા, 'તમે જે કાંઈ કહ્યું તે બધું બધી રીતે સુખપ્રદ, સદ્‌ગતિ આપનાર, ધર્મને અનુકૂળ અને ન્યાયસંગત છે પરંતુ હું સ્વતંત્ર નથી. દુર્યોધન મારા મનને અનુકૂળ આચરણ કરતો નથી. તમે તેને સમજાવવાનો પ્રયત્ન કરો. જો તેણે તમારી વાત માની લીધી તો તમારા હાથે સુહૃદોનું મોટું કામ થઈ જશે.'

શ્રીકૃષ્ણ દુર્યોધનને કહેવા લાગ્યા, 'મારી વાત સાંભળો. આનાથી તમને અને તમારા પરિવારને બહુ સુખ મળશે. તમે બહુ બુદ્ધિમાન લોકોના કુળમાં જન્મ લીધો છે, તેથી તમારે આ શુભ કામ કરી લેવું જોઈએ. તમે જે કાંઈ કરવા ચાહો છો તેવું કામ તો નીચ લોકો કરે છે. પાંડવો બહુ જ બુદ્ધિમાન, શૂરવીર અને ઉત્સાહી છે. તમે તેમની સાથે સંધિ કરી લો. એમાં જ તમારું હિત છે. પિતા જે કાંઈ શિખામણ આપે છે તેને સર્વ લોકો હિતકારી માને છે. જ્યારે મનુષ્ય ભારે સંકટમાં પડે છે ત્યારે તેને પોતાના પિતાની શિખામણની યાદ આવે છે. તમારા પિતાને તો પાંડવો સાથે સંધિ કરવાનું ગમે છે. તેથી તમને અને તમારા મંત્રીઓને પણ આ પ્રસ્તાવ સારો લાગવો જોઈએ. તમે જન્મથી જ પોતાના ભાઈઓ સાથે કપટનો વ્યવહાર કર્યો છે છતાં પાંડવોએ તમારા પ્રત્યે સદ્‌ભાવ જ રાખ્યો છે. તમે જે પાંડવો તરફથી મોં ફેરવીને અન્યના ભરોસે પોતાની રક્ષા કરવા ઇચ્છો છો તથા દુઃશાસન, કર્ણ અને શકુનિના હાથમાં પોતાનું ઐશ્વર્ય સોંપીને પૃથ્વીને જીતવાની આશા રાખો છો તો યાદ રાખજો કે તમે જ્ઞાન, ધર્મ અને અર્થની પ્રાપ્તિ કરી શકશો નહિ. પાંડવોની સામે એમનું કોઈ પરાક્રમ ચાલી શકે એમ નથી. તમે પાંડવો સાથે સંધિ કરી પાંડવોને ઇન્દ્રપ્રસ્થ આપી દેશો તો ચિરકાળ સુધી તમે આનંદપૂર્વક સુખ ભોગવશો.'

શ્રીકૃષ્ણની વાત સાંભળી પિતામહ ભીષ્મે દુર્યોધનને કહ્યું, 'પોતાના સુહૃદોનું હિત ચાહનારા શ્રીકૃષ્ણે તને સમજાવ્યો છે એમનો એ જ આશય છે કે તું માની જાય અને વ્યર્થ અસહિષ્ણુતા છોડી દે. જો તું શ્રીકૃષ્ણની વાત માનશે નહિ તો તારું કદી હિત થઈ શકશે નહિ અને તું સુખ પણ ભોગવી શકશે નહિ. જો તું આ પ્રમાણે નહિ કરશે તો તારે તથા તારા મંત્રીઓ, પુત્રો અને ભાઈબંધુઓએ પ્રાણોથી હાથ ધોવા પડશે.'

ત્યાર પછી દ્રોણાચાર્યે કહ્યું, 'શ્રીકૃષ્ણ અને પિતામહ ભીષ્મએ તારા હિતની જ વાત કહી છે. તું તેને માની લે અને મોહવશ શ્રીકૃષ્ણનો તિરસ્કાર ન કર. હવે જે તારી ઇચ્છા હોય તે કર. હું તને વધારે કંઈ કહેવા ઇચ્છતો નથી.'

ત્યારબાદ વિદુરજી કહેવા લાગ્યા, 'દુર્યોધન! તારા માટે તો મને કોઈ ચિંતા નથી, મને તો તારા આ વૃદ્ધ માતા-પિતાને જોઈને દુઃખ થાય છે. જે તારા જેવા દુષ્ટ હૃદયના પુરુષના સંરક્ષણમાં હોવાથી પાંખ વગરના

પક્ષીઓની જેમ અસહાય બનીને ભટકશે.'

અંતમાં રાજા ધૃતરાષ્ટ્ર કહેવા લાગ્યા, 'દુર્યોધન! શ્રીકૃષ્ણે જે વાત કહી છે તે બધી રીતે કલ્યાણ કરનારી છે. તું તેના પર ધ્યાન આપી તેનું આચરણ કર. તું એમની સાથે રાજા યુધિષ્ઠિર પાસે જા અને જેનાથી ભરતવંશીઓનું મંગળ થાય તે કામ કર. મારા માનવા પ્રમાણે તો આ સંધિ કરવાનો યોગ્ય સમય છે. તું તેને હાથમાંથી જવા ન દે. તું તેમની વાત નહિ માને તો તારું પતન કોઈ રીતે અટકશે નહિ.'

આ બધી વાતો સાંભળીને દુર્યોધને શ્રીકૃષ્ણને કહ્યું, 'તમારે સમજી-વિચારીને બોલવું જોઈએ. તમે તો પાંડવોના પ્રેમનો ઢંઢેરો પીટીને મને દોષી ઠરાવી રહ્યા છો તે યોગ્ય છે? મેં તો ઘણો વિચાર કરીને જોઈ લીધું, મને મારો કોઈ દોષ દેખાતો નથી. પાંડવો ક્ષત્રિયધર્મને અનુસરીને દ્યુતક્રીડા રમવા બેઠાં હતાં. તેમાં મામા શકુનિએ તેમનું રાજ્ય જીતી લીધું તેના કારણે તેમને વનમાં જવું પડ્યું. તમે જ કહો, એમાં મારો શો અપરાધ કે અમારી સાથે વેર રાખીને તેઓ વિરોધ કરી રહ્યા છે? અમે જાણીએ છીએ કે પાંડવોમાં અમારો સામનો કરવાની શક્તિ નથી. છતાં ઉત્સાહ સાથે તેઓ અમારી સાથે શત્રુ જેવો વર્તાવ કેમ કરી રહ્યા છે? અમને તો એવો કોઈ પણ ક્ષત્રિય દેખાતો નથી, જે યુદ્ધમાં અમને જીતવાની હિંમત રાખતો હોય. સ્વધર્મનું પાલન કરતા રહીને અમે કદાચ યુદ્ધમાં વીરગતિને પ્રાપ્ત થઈ ગયા તો સ્વર્ગ પ્રાપ્ત કરીશું. આ તો ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ છે. મારી હયાતીમાં કોઈ મારું રાજ્ય લઈ શકતું નથી. જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી તો પાંડવોને ઇન્દ્રપ્રસ્થ આપીશ નહિ.'

દુર્યોધનની આ વાતો સાંભળીને શ્રીકૃષ્ણે થોડો વિચાર કરીને કહ્યું, 'દુર્યોધન! જો તમને યુદ્ધની ઇચ્છા છે તો થોડા દિવસ મંત્રીઓ સહિત ધીરજ રાખો. તમને અવશ્ય તે મળશે અને તમારી એ કામના પૂરી થશે. એટલું યાદ રાખજો કે એથી બહુ મોટો જનસંહાર થશે અને તમે એવું માનો છો કે પાંડવો સાથે મારો કોઈ દુર્વ્યવહાર થયો નથી તો એ વિષયમાં અહીં જે રાજાઓ છે તેઓ જ વિચાર કરે. પાંડવોના વૈભવની ઈર્ષા કરી તમે અને શકુનિએ જ તો દ્યુતક્રીડા રમવાની ખોટી સલાહ આપી હતી. તમે દ્રૌપદીને સભામાં બોલાવીને તેનું અપમાન કર્યું હતું. તમે વારણાવતમાં પાંડવોને તેમની માતા સહિત જીવતા બાળવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત ઝેર આપવા જેવા અનેક ઉપાયોથી તમે પાંડવોને મારી

નાખવાનો પ્રયત્ન કરતા રહ્યા છો, પરંતુ તમે તમારા પ્રયત્નમાં સફળ ન થયા. જો તમે પાંડવોને તેમનું ઈન્દ્રપ્રસ્થ નહિ આપો તો તમારે તેમના હાથે મરીને તે આપવું પડશે.'

તે સમયે દુઃશાસન દુર્યોધનને કહેવા લાગ્યો, 'ભાઈ, તમે જો પોતાની ઇચ્છાથી પાંડવો સાથે સંધિ નહિ કરો તો એવું લાગે છે કે પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ અને પિતાશ્રી તમને, મને અને કર્ણને બાંધીને પાંડવોના હાથમાં સોંપી દેશે.' આ વાત સાંભળીને દુર્યોધન ક્રોધિત થઈને બધાનો તિરસ્કાર કરીને ત્યાંથી ચાલ્યા જવા માટે તૈયાર થઈ ગયો.

ત્યારે પિતામહ ભીષ્મે કહ્યું, 'દુર્યોધન દુષ્ટ ચિત્તનો છે. તેને રાજ્યનું મિથ્યાભિમાન છે. હે શ્રીકૃષ્ણ! હું તો એવું સમજું છું કે બધા ક્ષત્રિયોનો કાળ આવી ગયો છે તેથી બધા મંત્રીઓ દુર્યોધનનું અનુસરણ કરી રહ્યા છે.'

પિતામહ ભીષ્મની આ વાત સાંભળીને શ્રીકૃષ્ણે કહ્યું, 'કૌરવોમાં જે વયોવૃદ્ધ છે તે બધાની એ બહુ મોટી ભૂલ છે કે તેઓ દુર્યોધનને જબરદસ્તી કેદ કરી લેતા નથી. જે વાત સ્પષ્ટ હિતની જણાઈ છે તે હું સ્પષ્ટ રૂપથી કહી દઉં છું. તમને જો તે અનુકૂળ લાગે તો તે કરો. તમે લોકો દુર્યોધન, કર્ણ, શકુનિ અને દુઃશાસન આ ચારેયને કેદ કરી પાંડવોને સોંપી દો. તમે લોકો પાંડવો સાથે સંધિ કરીને બધા ક્ષત્રિયોનો નાશ થતો બચાવી શકશો.'

શ્રીકૃષ્ણની વાત સાંભળીને રાજા ધૃતરાષ્ટ્રે વિદુરને કહ્યું, 'તમે બુદ્ધિમતી ગાંધારી પાસે જાઓ અને તેને અહીં લઈ આવો. હું તેની સાથે દુર્યોધનને સમજાવીશ.'

ત્યારે વિદુરજી ગાંધારીને સભામાં લઈ આવ્યા.

ધૃતરાષ્ટ્રે તેને કહ્યું, 'ગાંધારી! તમારો આ દુષ્ટ પુત્ર મારી વાત માનતો નથી. તે મારી વાત ન માનીને અત્યારે પોતાના પાપી અને દુષ્ટ મિત્રોની સાથે સભામાંથી ચાલ્યો ગયો છે.'

પતિની આ વાત સાંભળીને ગાંધારીએ કહ્યું, 'તમે પુત્રના મોહમાં ફસાયેલા છો. તેથી તમે જ વધારે દોષી છો. તમે જાણો છો કે દુર્યોધન પાપી છે. તો પણ તમે તેની બુદ્ધિ પ્રમાણે ચાલો છો. હવે તમે કોઈ રીતે તેને આ માર્ગેથી પાછો વાળી શકશો નહિ.'

એ પછી રાજા ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના કહેવાથી વિદુરજી દુર્યોધનને પાછો સભામાં લઈ આવ્યા. દુર્યોધન ક્રોધિત થઈને માતા શું કહે છે એ સાંભળવા ફરી રાજસભામાં આવ્યો.

ત્યારે ગાંધારીએ દુર્યોધનને કહ્યું, 'પુત્ર દુર્યોધન, મારી આ વાત સાંભળ. તેથી તારું અને તારા સંતાનોનું હિત થશે અને ભવિષ્યમાં તને સુખ મળશે. તને વડીલો જે વાત કહે છે તે સ્વીકારી પાંડવો સાથે સંધિ કરી લે. શ્રીકૃષ્ણ અને અર્જુનને કોઈ જીતી શકે એમ નથી. તેથી તું શ્રીકૃષ્ણનું શરણું લે. જો તેઓ પ્રસન્ન રહેશે તો બંને પક્ષોનું હિત થશે. યુદ્ધ કરવામાં કલ્યાણ નથી. જો તું પોતાના મંત્રીઓ સહિત રાજ્ય ભોગવવા ઇચ્છે છે તો પાંડવો સાથે ન્યાય કર. પાંડવોને તેર વર્ષ સુધી વનવાસમાં રાખવામાં આવ્યા તે પણ મોટો અપરાધ છે. હવે સંધિ કરીને તું તે અપરાધને ધોઈ નાખ. આત્મજ્ઞાનીઓની દૃષ્ટિમાં તો તારું અને પાંડવોનું સમાન સ્થાન છે. તેથી એમને માટે અને તારા માટે હિત અને પ્રેમ પણ સમાન છે. સંસારમાં લોભ કરવાથી કોઈને સંપત્તિ મળતી નથી. તેથી લોભ છોડીને પાંડવો સાથે સંધિ કરી લો.'

માતાએ કહેલા વાક્યો પર દર્યોધને કશું ધ્યાન આપ્યું નહિ અને ક્રોધથી પોતાના મંત્રીઓ સાથે સભા છોડી ચાલ્યો ગયો. પછી દુર્યોધન, કર્ણ, શકુનિ અને દુઃશાસને મળીને એવો નિર્ણય કર્યો કે, આ કૃષ્ણ રાજા ધૃતરાષ્ટ્ર અને પિતામહ ભીષ્મ સાથે મળીને આપણને બંદી બનાવવા ઇચ્છે છે. તે પહેલા આપણે જ એને બંદી બનાવી દઈએ. કૃષ્ણને બંદી બનાવવાથી પાંડવોનો બધો ઉત્સાહ ઓગળી જશે.

સાત્યકિ ઇશારાથી જ બીજાના મનની વાત જાણી લેતા હતા. તેઓ તરત જ તેમનો ભાવ સમજી ગયા અને સભામાંથી બહાર આવીને કૃતવર્માને કહ્યું, 'તરત જ સેના તૈયાર કરો અને જ્યાં સુધી હું આ લોકોના કુવિચારની શ્રીકૃષ્ણને સૂચના આપું ત્યાં સુધીમાં તમે કવચ ધારણ કરીને સેનાની વ્યૂહરચના ઊભી કરીને સભાભવનના દ્વાર પર આવી જાઓ.'

સભામાં જઈને તેમણે શ્રીકૃષ્ણને તેમનો આ કુવિચાર કહી દીધો. પછી તેઓ હસીને રાજા ધૃતરાષ્ટ્ર અને વિદુરને કહેવા લાગ્યા, 'સત્પુરુષોની દૃષ્ટિમાં દૂતને બંદી બનાવવો એ ધર્મ, અર્થ અને કામની વિરુદ્ધ છે પરંતુ આ મૂર્ખાઓ તે જ કરવાનું વિચારી રહ્યા છે. એમને સૂઝતું નથી કે શ્રીકૃષ્ણને બંદી બનાવવા એ તો કોઈ બાળક બળતા અગ્નિને કપડાંમાં બાંધવા ઇચ્છે એવું છે.'

સાત્યકિની વાત સાંભળીને વિદુરજીએ ધૃતરાષ્ટ્રને કહ્યું, 'એવું લાગે છે કે તમારા બધા પુત્રો મોતથી ઘેરાઈ ગયા છે. તેથી તેઓ ન કરવા યોગ્ય કામ કરવા કટિબદ્ધ થઈ રહ્યા છે. તેઓ શ્રીકૃષ્ણનો તિરસ્કાર કરીને એમને બંદી બનાવવાનું વિચારી રહ્યા છે પરંતુ તેઓ જાણતા નથી કે શ્રીકૃષ્ણની પાસે પહોંચતા જ તેમનું અસ્તિત્વ મટી જશે.'

ત્યારપછી શ્રીકૃષ્ણે ધૃતરાષ્ટ્રને કહ્યું, 'હે રાજન! આ લોકો કપટથી મને બંદી બનાવવાનું સાહસ કરી રહ્યા છે. તો તમે મને આજ્ઞા આપી દો. પછી જોઉં છું કે એ લોકો મને બંદી બનાવે છે કે હું તેમને બંદી બનાવી દઉં છું.'

મહારાજ ધૃતરાષ્ટ્રે વિદુરને કહ્યું, 'તમે તરત જ દુર્યોધનને લઈ આવો. સંભવ છે, આ વખતે હું એના દુષ્ટ સાથીઓ સહિત તેને યોગ્ય રસ્તા પર લાવી શકું. દુર્યોધનની ઇચ્છા ન હોવા છતાં પણ વિદુરજી તેને ફરીથી સભામાં લઈ આવ્યા. તે સમયે તેના ભાઈઓ અને રાજાઓ પણ તેની સાથે જ હતા.'

ત્યારે રાજા ધૃતરાષ્ટ્રે તેને કહ્યું, 'તું તારા પાપી સાથીઓ સાથે મળીને પાપકર્મ કરવા તૈયાર થયો છે? કહે છે કે તું તારા સાથીઓ સાથે મળીને શ્રીકૃષ્ણને બંદી બનાવવા ઇચ્છે છે? તું શ્રીકૃષ્ણના પ્રભાવને જરા પણ જાણતો નથી? તેમને ઇન્દ્ર સહિત બધા દેવતાઓ પણ પોતાને વશ કરી શકતા નથી.'

ત્યારપછી વિદુરજી બોલ્યા, 'દુર્યોધન! તમે મારી વાત સાંભળો. શ્રીકૃષ્ણને બંદી બનાવવાનો વિચાર નરકાસુરે પણ કર્યો હતો પરંતુ બધા દાનવો સાથે મળીને પણ તે એવું કરી ન શક્યો. તો પછી તમે એમને બળપૂર્વક પકડવાનું સાહસ કઈ રીતે કરી શકશો? એમણે બાલ્યાવસ્થામાં જ પૂતના અને બકાસુર જેવા અનેક રાક્ષસોનો વધ કર્યો હતો, ગોવર્ધન પર્વતને ઉઠાવી લીધો હતો. જો તમે તેમને બંદી બનાવવાનો પ્રયત્ન કરશો તો તમારું જ અહિત થશે.'

વિદુરજીની વાત પૂરી થતાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'દુર્યોધન! તું એવું સમજે છે કે હું એકલો છું અને મને સરળતાથી બંદી બનાવી લેશે. તો યાદ રાખજે કે સમસ્ત પાંડવો, વૃષ્ણિ તથા યાદવો પણ અહીં જ છે.' આમ કહીને શ્રીકૃષ્ણ ખડખડાટ હસ્યા. તેમના દેહમાં વીજળી જેવી કાંતિવાળા બધા દેવતાઓ દેખાવા લાગ્યા. શ્રીકૃષ્ણના આ ભયંકર રૂપને

જોઈને બધા રાજાઓએ ભયભીત થઈને આંખો બંધ કરી દીધી. માત્ર દ્રોણાચાર્ય, પિતામહ ભીષ્મ, વિદુર, સંજય અને ઋષિઓ જ તેમના દર્શન કરી શક્યા. કેમ કે ભગવાને તેમને દિવ્ય દૃષ્ટિ આપી હતી. સભાભવનમાં ભગવાનનું આ અદ્‌ભુત કૃત્ય જોઈને દેવતાઓએ દુંદુભિઓ વગાડી તથા આકાશમાંથી શ્રીકૃષ્ણ પર પુષ્પોની વૃષ્ટિ થવા લાગી.

ત્યારે રાજા ધૃતરાષ્ટ્રે કહ્યું, 'સંપૂર્ણ સંસારમાં આપ હિતકર્તા જ છો. તેથી આપ અમારા પર કૃપા કરો. મારી પ્રાર્થના છે કે અત્યારે મને દિવ્ય નેત્ર પ્રાપ્ત થાય. હું માત્ર આપના જ દર્શન કરવા ઇચ્છું છું, કોઈ બીજાને જોવાની મારી ઇચ્છા નથી.'

ભગવાન શ્રીકૃષ્ણે તેમને દિવ્ય દૃષ્ટિ આપી. સભામાં બેઠેલા રાજાઓ અને ઋષિઓએ જોયું કે મહારાજને દિવ્ય દૃષ્ટિ મળી ગઈ છે ત્યારે તેમને ભારે આશ્ચર્ય થયું. તેઓ શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. તે સમયે પૃથ્વી ડગમગવા લાગી, સમુદ્ર ઊછળવા લાગ્યો. પછી ભગવાને તેમના આ દિવ્ય સ્વરૂપને સંકેલી લીધું. ત્યારબાદ તેઓ ઋષિઓની આજ્ઞા લઈને સાત્યકિ અને કૃતવર્મા સાથે સભાભવનમાંથી ચાલી નીકળ્યા. તેમના ગયા પછી ઋષિઓ પણ અંતર્ધાન થઈ ગયા.

શ્રીકૃષ્ણને જતાં જોઈને રાજાઓ સહિત બધા કૌરવો પણ તેમની પાછળ ચાલવા લાગ્યા પરંતુ શ્રીકૃષ્ણે રાજાઓ તરફ ધ્યાન આપ્યું નહિ. એટલામાં દારુક તેમનો દિવ્ય રથ સજાવીને લઈ આવ્યો. ભગવાન રથ પર સવાર થયા. તેમની સાથે મહારથી કૃતવર્મા પણ રથ પર બિરાજમાન થયા.

જ્યારે તેઓ જવા લાગ્યા ત્યારે મહારાજ ધૃતરાષ્ટ્રે કહ્યું, 'પુત્રો પર મારું બળ કેટલું ચાલે છે તે આપે પ્રત્યક્ષ જોઈ લીધું છે. હું તો ઇચ્છું છું કે કોઈ પણ પ્રકારે કૌરવો-પાંડવોનો મેળ થઈ જાય અને એના માટે હું પ્રયત્ન પણ કરું છું પરંતુ હવે મારી દશા જોઈને આપ મારા પર સંદેહ કરશો નહિ.'

આ સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણે રાજાઓને કહ્યું, 'અત્યારે કૌરવોની સભામાં જે કાંઈ થયું છે તે તમે પ્રત્યક્ષ જોઈ લીધું તથા તે વાત પણ તમારા બધાની સામે જ છે કે મંદબુદ્ધિ દુર્યોધન કઈ રીતે ક્રોધિત થઈને સભામાંથી ચાલ્યો ગયો હતો. મહારાજ ધૃતરાષ્ટ્ર પણ પોતાની અસમર્થતા જણાવી રહ્યા છે. તેથી હવે હું રાજા યુધિષ્ઠિર પાસે જાઉં છું.' ભગવાન

શ્રીકૃષ્ણ રથમાં બેસીને ચાલવા લાગ્યા ત્યારે કૌરવો થોડે દૂર સુધી તેમની પાછળ પાછળ ગયા. ત્યાર પછી શ્રીકૃષ્ણ પોતાના ફોઈ કુંતીને મળવા ગયા.

ભગવાને કુંતીના ઘરે જઈને તેમનો ચરણસ્પર્શ કર્યો તથા કૌરવોની સભામાં જે કાંઈ થયું તે કહી દીધું. તેમણે કહ્યું, 'ફોઈબા! મેં અને ઋષિઓએ અનેક યુક્તિઓથી અનેક યોગ્ય વાતો કહી પરંતુ દુર્યોધને કોઈ વાત પર ધ્યાન આપ્યું નહિ. દુર્યોધનના મિત્રો અને આ બધા વીરો પર કાળ ઘેરાઈ રહ્યો છે. હવે હું તમારી આજ્ઞા ચાહું છું કેમ કે મારે તરત જ પાંડવો પાસે જવું છે. તમે જણાવો કે હું પાંડવોને શું કહું?'

કુંતીએ કહ્યું, 'કેશવ! તમારા તરફથી તમે રાજા યુધિષ્ઠિરને કહેજો કે પૃથ્વીનું પાલન કરવાનો તમારો ધર્મ છે. અત્યારે ધર્મની મોટી હાનિ થઈ રહી છે. તો હવે તમે સમય ગુમાવશો નહિ. રાજાથી સુરક્ષિત રહીને પ્રજા જે કાંઈ ધર્મ કરે છે તેનો ચતુર્થાંશ ભાગ રાજાને મળે છે. જો રાજા ધર્મનું આચરણ કરતો હોય તો દેવલોકને પ્રાપ્ત કરે છે અને અધર્મ કરતો હોય તો નરકમાં પડે છે. તમારું રાજ્ય શત્રુઓએ પડાવી લીધું છે. તમારે કોઈ પણ ઉપાયથી તે મેળવવું જોઈએ.' તમે અર્જુનને કહેજો કે, 'તારો જન્મ થયો તે વખતે મેં આકાશવાણી સાંભળી હતી કે, કુંતી! તારો આ પુત્ર ઇન્દ્ર જેવો થશે. ભીમની સાથે રહીને એ યુદ્ધભૂમિમાં બધા કૌરવોને જીતી લેશે એ શત્રુઓને વ્યાકુળ કરી આ સંપૂર્ણ પૃથ્વીને પોતાને અધીન કરી લેશે અને આનો યશ સ્વર્ગલોક સુધી ફેલાઈ જશે. શ્રીકૃષ્ણની સહાયતાથી બધા કૌરવોને યુદ્ધમાં મારીને પોતાના ગુમાવેલા રાજ્યને પ્રાપ્ત કરશે અને પોતાના ભાઈઓ સાથે ત્રણ અશ્વમેધ યજ્ઞ કરશે. હે કૃષ્ણ! મારી પણ એવી જ ઇચ્છા છે કે આકાશવાણીએ જે પ્રમાણે કહ્યું હતું તેવું જ થાય. જો ધર્મ સત્ય છે તો આવું થશે જ. મને દ્યુતક્રીડામાં રાજ્ય ચાલ્યું ગયું તેનું કે મારા પુત્રોને વનવાસ થયો તેનું દુઃખ નથી પરંતુ મારી પુત્રવધૂને સભામાં અપમાનિત કરી તે વાતનું ભારે દુઃખ છે. તમે દ્રૌપદી, પાંડવો તથા તેમના પુત્રોને મારી કુશળતાના સમાચાર કહેજો. હવે તમે પ્રસ્થાન કરો અને મારા પુત્રોની રક્ષા કરતા રહેજો. તમારો માર્ગ નિર્વિઘ્ન થાઓ.'

પછી શ્રીકૃષ્ણ કુંતીને પ્રણામ કરી તેમની પ્રદક્ષિણા કરીને બહાર આવ્યા. ત્યાં આવીને તેમણે કૌરવોને વિદાય કર્યા તથા કર્ણને રથમાં

બેસાડીને સાત્યકિની સાથે ચાલી નીકળ્યા. તેમના ગયા પછી કૌરવો આશ્ચર્યમાં પડી ગયા. નગરની બહાર આવીને શ્રીકૃષ્ણે કર્ણ સાથે તેના જન્મની કેટલીક ગુપ્ત વાતો કરી અને તેને વિદાય કરીને રથ ઉપપ્લવ્ય તરફ લેવાની સૂચના આપી. ઘડીકવારમાં લાંબા માર્ગ પસાર કરીને તેઓ ઉપપ્લવ્ય પહોંચી ગયા.

કુંતીએ શ્રીકૃષ્ણને જે સંદેશો આપ્યો હતો તે સાંભળીને પિતામહ ભીષ્મ અને આચાર્ય દ્રોણે રાજા દુર્યોધનને કહ્યું, 'કુંતીએ શ્રીકૃષ્ણને ધર્મ અને અર્થને અનુકૂળ ઘણા વચન કહ્યા છે, તે તમે સાંભળ્યા? હવે પાંડવો શ્રીકૃષ્ણની સંમતિથી તેવું જ કરશે. તેઓ પોતાનું રાજ્ય લીધા વિના શાંતિથી બેસશે નહિ. હવે સંધિ કરવી કે યુદ્ધ કરવું તમારા હાથમાં છે. જો અત્યારે તમને અમારી વાત રુચતી હોય તો રણભૂમિમાં ભીમનો સિંહનાદ અને અર્જુનના ગાંડિવનો ટંકાર સાંભળીને અવશ્ય યાદ આવશે. આ સાંભળીને દુર્યોધન ક્રોધિત થઈ ગયો.'

એ જોઈને પિતામહ ભીષ્મે કહ્યું, 'યુધિષ્ઠિર હંમેશા અમારી સેવા કરવા તત્પર રહે છે તે ક્યારેય કોઈની ઈર્ષ્યા કરતા નથી. તેની સાથે આપણે યુદ્ધ કરવું પડશે એનાથી વધીને દુઃખની વાત બીજી કઈ હોઈ શકે?'

દ્રૌણાચાર્ય બોલ્યા, 'પુત્ર અશ્વત્થામા કરતા પણ અર્જુન મને વધુ પ્રિય છે. તે મારો બહુ આદર કરે છે. પુત્ર કરતાં પ્રિય એ ધનંજય સાથે મારે યુદ્ધ કરવું પડશે એ મને ગમતું નથી. હે દુર્યોધન! તમને પિતામહ ભીષ્મ અને શ્રીકૃષ્ણ બધા સમજાવીને થાકી ગયા પરંતુ તને તારા હિતની વાત ગમતી જ નથી. પાંડવો સાથે વેર કરીને તારે ઘણી વિપત્તિ ભોગવવી પડશે. તારા સુખ, રાજ્ય, મિત્રો અને ધન બધાનો વિનાશ થઈ જશે. તેથી તે વીરો સાથે યુદ્ધ કરવાનો વિચાર છોડી સંધિ કરી લો. એમાં જ કુરુકુળની ભલાઈ છે.'

જ્યારે શ્રીકૃષ્ણ કર્ણને રથમાં બેસાડીને હસ્તિનાપુરની બહાર આવ્યા ત્યારે તેમણે ધર્મયુક્ત શબ્દોમાં કહ્યું, 'હે કુંતીપુત્ર કર્ણ! તમે વેદવેત્તા બ્રાહ્મણોની બહુ સેવા કરી છે અને તેમની સાથે પરમાર્થતત્ત્વ સંબંધી વાર્તાલાપ કર્યા છે પરંતુ હું તમને એક ગુપ્ત વાત કહું છું. તમે કુંતીની કન્યાવસ્થામાં તેના જ ગર્ભથી જન્મ લીધો છે. તેથી ધર્માનુસાર તમે પાંડુના જ પુત્ર છે. આથી તમે જ્યેષ્ઠ પાંડવ હોવાથી રાજ્યના

અધિકારી છો. તમારા પિતૃપક્ષમાં પાંડવો અને માતૃપક્ષમાં યાદવો છે. તમે મારી સાથે ચાલો. પાંડવોને પણ ખબર પડી જાય કે તમે યુધિષ્ઠિરથી પણ પહેલા ઉત્પન્ન થયેલા કુંતીપુત્ર છો. ત્યારે પાંચે પાંડવો, પાંચે દ્રૌપદીના પુત્રો અને અભિમન્યુ તમારા ચરણસ્પર્શ કરશે. પાંડવોના પક્ષમાં એકત્રિત થયેલા રાજાઓ પણ તમારા ચરણવંદન કરશે. મારી ઇચ્છા છે કે ધૌમ્યમુનિ આજે જ તમારા માટે હોમ કરે અને ચારે વેદના જ્ઞાતા બ્રાહ્મણો તમારો અભિષેક કરે. અમે બધા મળીને તમારો રાજ્યાભિષેક કરીશું. રાજા યુધિષ્ઠિર તમારા યુવરાજ બનીને તમારી પાછળ રથમાં બેસશે. તમારા મસ્તક પર ભીમ છત્ર ધરશે. અર્જુન તમારો રથ હાંકશે. અભિમન્યુ હંમેશા તમારી પાસે રહેશે તથા નકુલ, સહદેવ, દ્રૌપદીપુત્રો, પાંચાલકુમાર અને મહારથી શિખંડી તમારી પાછળ ચાલશે. હું પણ તમારી પાછળ ચાલીશ. આ પ્રમાણે તમારા ભાઈ પાંડવોની સાથે તમે રાજ્ય ભોગવો તથા વિવિધ પ્રકારના મંગળ કાર્યો કરો.'

કર્ણે કહ્યું, 'હે કેશવ! તમે સ્નેહ તથા મિત્રતાને નાતે મારા હિતની વાત કરો છો તે બરાબર છે. આ બધી વાતોની મને પણ જાણ છે. ધર્માનુસાર હું પાંડુનો જ પુત્ર છું. માતા કુંતીએ કન્યાવસ્થામાં સૂર્યદેવ દ્વારા મને જન્મ આપ્યો છે. પછી સમાજના ભયથી મને ત્યાગી દીધો હતો. ત્યાર પછી સૂત અધિરથ મને પોતાના ઘરે લઈ ગયા અને અત્યંત સ્નેહથી પોતાની પત્ની રાધાના ખોળામાં મૂકી દીધો. તે સમયે મારા પરના સ્નેહને કારણે એમના સ્તનમાં દૂધ ઉત્પન્ન થયું. યુવાવસ્થા થતાં તેમણે સૂત જાતિની કેટલીક સ્ત્રીઓ સાથે મારા લગ્ન કરાવ્યાં હતાં. તેમનાથી મારા પુત્ર-પૌત્રો પણ થઈ ચૂક્યા છે. કોઈ પ્રકારના હર્ષ કે ભયથી આ સંબંધીઓને છોડી શકું એમ નથી. જ્યારે મારી પાસે કોઈ ન હતું ત્યારે દુર્યોધને મને પોતાનો પરમ મિત્ર માની મને અંગદેશનો રાજા બનાવ્યો અને મને સમાજમાં માનપાન અપાવ્યું. મારા ભરોસે એણે પાંડવો વિરુદ્ધ યુદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે. એ જ કારણે યુદ્ધમાં મને અર્જુનની સામે નિયુક્ત કરવામાં આવ્યો છે. હવે જો હું પાંડવોના પક્ષે ચાલ્યો જાઉં તો મિત્રદ્રોહ કહેવાશે. અર્જુન સાથે યુદ્ધ ન કર્યું તો તેનાથી અર્જુન અને મારી બંનેની અપકીર્તિ થશે.'

હે શ્રીકૃષ્ણ! આપણો વાર્તાલાપ ગુપ્ત રહે એ જ સૌના હિતમાં છે. જો યુધિષ્ઠિરને આ વાતની જાણ થઈ ગઈ કે કુંતીનો પ્રથમ પુત્ર હું છું તો

તેઓ રાજ્ય ગ્રહણ કરશે નહિ અને મને એ રાજ્ય મળશે તો હું તે દુર્યોધનને આપી દઈશ. મારી એ જ ઈચ્છા છે કે જેમના પક્ષમાં શ્રીકૃષ્ણ છે, તે ધર્માત્મા યુધિષ્ઠિર જ હંમેશા શાસન કરે. દુર્યોધનની પ્રસન્નતા માટે પાંડવો માટે જે કટુ શબ્દ કહ્યા છે તેનો મને ભારે પશ્ચાત્તાપ થઈ રહ્યો છે. તમે આપણી આ મુલાકાતને ગુપ્ત રાખીને જ અર્જુનને મારી સામે યુદ્ધ કરવા લઈ આવજો.

કર્ણની આ વાત સાંભળીને શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા, 'હે કર્ણ! તો શું તમને આ રાજ્યપ્રાપ્તિનો ઉપાય મંજૂર નથી? તમે પૃથ્વીનું શાસન કરવા ઈચ્છતા નથી? એમાં તો કોઈ સંદેહ નથી કે વિજય પાંડવોનો જ થશે. હવે તમે અહીંથી જઈને દ્રોણાચાર્ય, પિતામહ ભીષ્મ અને કૃપાચાર્યને કહેજો કે આજથી સાતમા દિવસે અમાવસ્યા છે. તે જ દિવસથી યુદ્ધનો આરંભ કરો. ત્યાં બીજા પણ જે રાજાઓ આવે તે બધાને આ સમાચાર કહી દેજો. પાંડવોની ઈચ્છા યુદ્ધ કરવાની છે તો હું તેનો પ્રબંધ કરી દઉં છું. દુર્યોધનને અધીન જે રાજાઓ અને રાજપુત્રો છે, તેઓ રણભૂમિમાં મૃત્યુ પામી વીરગતિ પ્રાપ્ત કરશે.'

ત્યારે કર્ણે શ્રીકૃષ્ણને કહ્યું, 'તમે બધું જાણી-સમજીને મને શા માટે મોહમાં નાખવા ઈચ્છો છો? આ પૃથ્વીનો સર્વ રીતે સંહાર થવાનો સમય જ આવી ગયો છે. દુર્યોધનને અધીન જે રાજા અને રાજપુત્રો છે તે બધા આ યુદ્ધમાં ભસ્મ થઈને યમરાજને ધામ જશે. આ યુદ્ધ સ્પષ્ટપણે દુર્યોધનનો પરાજય અને યુધિષ્ઠિરનો વિજય સૂચવે છે.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'હે કર્ણ! નિઃસંદેહ હવે કૌરવકુળ વિનાશની નજીક પહોંચી ચૂક્યો છે. તેથી જ મારી વાત તમારા હૃદયનો સ્પર્શ કરતી નથી. જ્યારે વિનાશકાળ નજીક આવી જાય છે ત્યારે અન્યાય પણ ન્યાય જેવો દેખાવા લાગે છે.'

કર્ણે કહ્યું, 'હે શ્રીકૃષ્ણ! હવે તો આ મહાયુદ્ધમાંથી બચી ગયા તો તમારા દર્શન થશે. અન્યથા સ્વર્ગમાં તો મારો તમારી સાથે સમાગમ થશે જ.'

એમ કહીને કર્ણે શ્રીકૃષ્ણને ગાઢ આલિંગન કર્યું. પછી તેમની પાસેથી વિદાય લઈને તેમના રથમાંથી ઊતરીને પોતાના રથ પર સવાર થઈ હસ્તિનાપુર ચાલ્યો ગયો. શ્રીકૃષ્ણ અને સાત્યકિ બહુ ઝડપથી પાંડવોની પાસે જવા માટે ચાલી નીકળ્યા.

જ્યારે શ્રીકૃષ્ણ પાંડવોની પાસે ચાલ્યા ગયા ત્યારે વિદુરજીએ કુંતી પાસે જઈને સહેજ દુઃખી થઈને કહ્યું, 'ભાભીશ્રી! તમે જાણો છો, મારું મન તો હંમેશા યુદ્ધની વિરુદ્ધમાં જ રહે છે પરંતુ દુર્યોધન મારી વાત સાંભળતો જ નથી. શ્રીકૃષ્ણ સંધિના પ્રયત્નમાં અસફળ થઈને ગયા છે. તેઓ પાંડવોને યુદ્ધ માટે તૈયાર કરશે. આ કૌરવોની અનીતિ ભારતવર્ષના વીરોનો નાશ કરી નાખશે. આ વાતનો વિચાર કરીને મને ઊંઘ જ આવતી નથી.'

વિદુરની આ વાત સાંભળીને કુંતી દુઃખથી વ્યાકુળ થઈ ગઈ અને મનમાં વિચાર કરવા લાગી, 'આ ધનને ધિક્કાર છે. આના જ માટે ભાઈ-ભાઈઓ વચ્ચે ભીષણ યુદ્ધ થશે. આ યુદ્ધમાં કૌરવોની હાર થવાની છે છતાં આ વિચારીને મારા મનમાં ઘણું દુઃખ થઈ રહ્યું છે. પિતામહ ભીષ્મ, દ્રોણાચાર્ય અને કર્ણ દુર્યોધનના પક્ષમાં રહેશે. છતાં મારો ભય ઘણો વધી જાય છે. આજે હું કર્ણના મનને પાંડવો પ્રત્યે અનુકૂળ કરવાનો પ્રયત્ન કરું અને તેને તેના જન્મની વાત કરી દઉં.'

એવું વિચારીને કુંતી ગંગાતટ પર કર્ણની પાસે ગઈ. ત્યાં જઈને કુંતીએ પોતાના પુત્રનો વેદપાઠનો ધ્વનિ સાંભળ્યો. કુંતી જપ સમાપ્ત થવાની પ્રતીક્ષામાં ત્યાં ઊભી રહી. જ્યારે સૂર્યનો તાપ પીઠ પર આવવા લાગ્યો ત્યારે જપ કરીને કર્ણ જ્યાં પાછળની બાજુ ફર્યો ત્યાં એને માતા કુંતી દેખાઈ. તેને જોતાં જ તેણે હાથ જોડીને પ્રણામ કર્યા અને કહ્યું, 'હું અધિરથનો પુત્ર કર્ણ તમને પ્રણામ કરું છું. હું તમારી શી સેવા કરું?'

કુંતીએ કહ્યું, 'કર્ણ! તમે રાધાના પુત્ર નથી, કુંતીના લાલ છો. અધિરથ તમારા પિતા નથી. તમે સૂતપુત્ર નથી. હું જે કાંઈ કહું છું તે સાંભળો. જે સમયે હું રાજા કુન્તિભોજના ભવનમાં હતી તે સમયે મેં તને ગર્ભમાં ધારણ કર્યો હતો. તું મારી કન્યાવસ્થામાં ઉત્પન્ન થયેલો મારો સૌથી મોટો પુત્ર છે. સ્વયં સૂર્યનારાયણે જ તને મારા ઉદરથી ઉત્પન્ન કર્યો છે. જન્મ સમયે તેં કવચ અને કુંડળો ધારણ કરેલાં હતાં તથા તારું શરીર અત્યંત દિવ્ય અને તેજસ્વી હતું. પોતાના ભાઈઓને છોડીને તું ધૃતરાષ્ટ્રના પુત્રો સાથે રહે છે એ યોગ્ય નથી. હસ્તિનાપુર પર મારા પતિ પાંડુનો અધિકાર હતો. રાજા ધૃતરાષ્ટ્રે લોભવશ એ છીનવી લીધું. હવે તું એમની પાસેથી છીનવીને ભોગવ. જેવી શ્રીકૃષ્ણ અને બલરામની જોડી છે તેવી અર્જુન અને તારી જોડી બની જશે. આ પ્રમાણે તમે જ્યારે મળી

જશો ત્યારે તમારા માટે સંસારમાં કઈ વાત અસાધ્ય રહેશે! તું સર્વ ગુણોથી સંપન્ન અને બધા ભાઈઓમાં મોટો છે. તું પોતાને સૂતપુત્ર કહીશ નહિ. તું તો કુંતીનો સૌથી તેજસ્વી અને પરાક્રમી પુત્ર છે.'

આ જ સમયે કર્ણને સૂર્યમંડળથી આવી રહેલો એક અવાજ સંભળાયો. તે તેના જન્મદાતા પિતાની વાણી હતી. તેણે સાંભળ્યું, 'કર્ણ! કુંતીએ સાચું કહ્યું છે. તું માતાની વાત માની લે. એમાં તારું હિત છે. એનાથી મહા નરસંહારનો ભય ટળી જશે.'

પરંતુ કર્ણનું વચન અને વર્તન સાચું હતું. માતા કુંતી અને પિતા સૂર્યના કહેવા છતાં પણ તેની બુદ્ધિ વિચલિત થઈ નહિ. તેણે કહ્યું, 'માતા! તમારી આ આજ્ઞાને માનવી એ તો પોતાના ધર્મનાશના દ્વારને ખોલી નાખવા જેવું છે. મારો ત્યાગ કરીને તમે મારી સાથે અનુચિત વ્યવહાર કર્યો છે. હવે જો હું પાંડવોના પક્ષમાં ચાલ્યો જાઉં તો ક્ષત્રિયો મને શું કહેશે? ધૃતરાષ્ટ્રના પુત્રોએ જ મને સન્માન સહિત બધા પ્રકારનું ઐશ્વર્ય આપ્યું છે. હવે હું તેમના ઉપકારોને વ્યર્થ કેમ કરી નાખું? હવે આ દુર્યોધનના ઋણમાંથી મુક્ત થવાનો સમય આવ્યો છે. તેથી અત્યારે મારે પણ મારા પ્રાણોનો લોભ છોડી દઈને મારું ઋણ ચૂકવી દેવું જોઈએ. હું ધૃતરાષ્ટ્રના પુત્રો માટે મારું પૂરેપૂરું બળ અને પરાક્રમ યોજીને યુદ્ધ કરીશ. યુધિષ્ઠિરની સેનામાં માત્ર અર્જુન સાથે જ યુદ્ધ કરવાનું યોગ્ય રહેશે. તેને મારવાથી જ મને યુદ્ધ કરવાનું ફળ અને સુયશ મળશે. તમે શોક ન કરો. કોઈપણ સંયોગે તમારા પાંચ પુત્રો જીવતા રહેશે. અર્જુન ન રહ્યો તો આ કર્ણ સાથે પાંચ પાંડવો રહેશે અને હું વીરગતિને પામ્યો તો અર્જુન સાથે પાંચ પાંડવો રહેશે.'

પછી કુંતીથી કંઈ બોલાયું નહીં. પોતાના પુત્રને ગળે લગાડીને એણે કહ્યું, 'કર્ણ! વિધાતા બળવાન છે. મને લાગે છે કે તું જે પ્રમાણે કહે છે તેવું જ થવાનું છે. હવે કૌરવો નષ્ટ થઈ જશે. પરંતુ તે જે તારા ચાર ભાઈઓને અભયદાન આપ્યું છે એ પ્રતિજ્ઞાને યાદ રાખજે. ત્યારબાદ કુંતીએ તેને આશીર્વાદ આપ્યા અને પછી ત્યાંથી ભારે હૈયે ચાલી ગઈ. કર્ણ માતાને જતી જોઈ રહ્યો. એ પણ પોતાના મહેલમાં જવા ચાલી નીકળ્યો.

હસ્તિનાપુરથી ઉપપ્લવ્ય પહોંચીને શ્રીકૃષ્ણે કૌરવોની સાથે જે જે વાત થઈ હતી તે પાંડવોને સંભળાવી. તેમણે કહ્યું, 'હસ્તિનાપુરમાં જઈને

મેં કૌરવોની સભામાં દુર્યોધનને સાચી, હિતકારી અને બંને પક્ષોનું કલ્યાણ થાય તેવી વાતો કરી પરંતુ તે દુષ્ટે કશું માન્યું નહિ.'

રાજા યુધિષ્ઠિરે પૂછ્યું, 'હે શ્રીકૃષ્ણ! જ્યારે દુર્યોધને પોતાનો કુમાર્ગ ન છોડ્યો ત્યારે પિતામહ ભીષ્મે તેને શું કહ્યું? સભામાં બેઠેલા વડીલો અને બધા રાજાઓએ તેને શી સલાહ આપી? એ બધું અમને વિસ્તારથી કહો.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'કૌરવોની સભામાં રાજા ધૃતરાષ્ટ્રને જે વાતો કહેવામાં આવી તે વાત સાંભળો.' આમ કહી શ્રીકૃષ્ણે કૌરવસભામાં જે વાતો થઈ તે વિસ્તારથી કહી સંભળાવી. જ્યારે હું મારું વક્તવ્ય સમાપ્ત કરી ચૂક્યો ત્યારે દુર્યોધન હસ્યો. તે જોઈને પિતામહ ભીષ્મ ક્રોધિત થઈને કહેવા લાગ્યા, 'હે દુર્યોધન! આ કુળના કલ્યાણ માટે હું જે વાત કહું છું તેના પર ધ્યાન આપ. તેને સાંભળીને તું તારા કુટુંબનું ભલું કર. તું ઝઘડો ન કર. પાંડવોને તેનું રાજ્ય સોંપી દે. મારી દૃષ્ટિમાં તમારામાં અને પાંડવોમાં કોઈ ભેદભાવ નથી અને આ જ સલાહ તારા માતા-પિતા અને વિદુરની છે. વડીલ-વૃદ્ધોની વાત પર ધ્યાન આપીને તું પોતાને અને પૂરી પૃથ્વીને નષ્ટ થવાથી બચાવી શકીશ.'

પિતામહ ભીષ્મના કહ્યા પછી આચાર્ય દ્રોણે તેને કહ્યું, 'હે દુર્યોધન! જે પ્રમાણે મહારાજ શાંતનુ અને પિતામહ ભીષ્મ આ કુળની રક્ષા કરતા હતા તે જ પ્રમાણે મહાત્મા પાંડુ પણ પોતાના કુળની રક્ષામાં તત્પર રહેતા હતા. જોકે ધૃતરાષ્ટ્ર અને વિદુર રાજ્યના અધિકારી ન હતા તો પણ પાંડુએ ધૃતરાષ્ટ્રને હસ્તિનાપુરની ગાદી પર બેસાડીને બંને પત્નીઓ સાથે વનમાં જઈને રહેવા લાગ્યા. વિદુરજી પણ પોતાના મોટાભાઈની સેવા કરી રહ્યા હતા. પોતાના ભાઈઓની સાથે મેળ કરીને તમે આ ભોગોને ભોગવો. બંને માતાઓ માટે તમારા બંનેમાં કોઈ ભેદ નથી. પરંતુ જય તો તે જ પક્ષનો થાય છે જ્યાં ધર્મ રહે છે.'

ત્યાર પછી વિદુરજીએ પિતામહ ભીષ્મ તરફ જોતા કહ્યું, 'હું જે નિવેદન કરું છું તે સાંભળો. આ કુરુવંશ તો એક પ્રકારથી નષ્ટ જ થઈ ચૂક્યો હતો. તમે જ આનો પુનરુદ્ધાર કર્યો છે. હવે તમે આ દુર્યોધનની મતિ સુધારો. આ દુર્યોધનને કારણે જ આ બધા કૌરવોનો નાશ થશે. મહારાજ! તમે કૃપા કરી કુળનો નાશ થતો જોઈને એની ઉપેક્ષા ન કરો. કુરુવંશનો નાશ નજીક આવી જવાથી જ આજે તમારી બુદ્ધિ આવી થઈ

ગઈ છે. દુષ્ટબુદ્ધિ દુર્યોધનને બંદી બનાવી પાંડવોને પોતાનો અધિકાર સોંપી દો.' આમ કહીને વિદુરજી મૌન થઈ ગયા.

એ પછી કુટુંબનાશથી ભયભીત થઈને ગાંધારીએ ધર્મ અને અર્થયુક્ત વાતો કહી, 'હે દુર્યોધન! તું અત્યંત પાપબુદ્ધિ અને ક્રૂરકર્મી છે. આ રાજ્યને કુરુવંશી મહાનુભાવો ક્રમશઃ ભોગવતા આવ્યા છે પરંતુ હવે તું અન્યાયથી કૌરવોના આ રાજ્યને નષ્ટ કરી દઈશ. અત્યારે આ રાજ્યને મહારાજ ધૃતરાષ્ટ્ર અને તેમના નાના ભાઈ વિદુરજી સંભાળી રહ્યા છે. તેને તું મોહવશ લેવા શા માટે ઇચ્છે છે? વાસ્તવમાં આ રાજ્ય મહારાજ પાંડુનું જ છે. તેથી એને લેવાનો અધિકાર તેમના પુત્રોનો જ છે. બીજા કોઈનો નથી. હવે મહારાજ ધૃતરાષ્ટ્ર અને પિતામહ ભીષ્મની આજ્ઞાથી ધર્મપુત્ર યુધિષ્ઠિર જ આ કુરુવંશના પૈતૃક રાજ્યનું પાલન કરે એ ન્યાયસંગત છે.'

ગાંધારીના આ પ્રમાણે કહ્યા પછી મહારાજ ધૃતરાષ્ટ્રે કહ્યું, 'પુત્ર! જો તારી દૃષ્ટિમાં પિતાનું જરા પણ ગૌરવ હોય તો હું તને જે વાત કહું છું તેના પર ધ્યાન આપ અને તે પ્રમાણે આચરણ કર. હું પાંડુ કરતા મોટો હોવા છતાં નેત્રહીન હોવાથી રાજ્યના અધિકારથી વંચિત રહ્યો અને નાનો હોવા છતાં પાંડુને રાજ્ય મળ્યું. હવે પાંડુના મૃત્યુ પછી આ રાજ્ય તેમના પુત્રોનું જ છે. હું તો આ રાજ્યનો અધિકારી છું જ નહિ, તું પણ આ રાજ્યનો સ્વામી નથી. તો પછી બીજાનો અધિકાર કઈ રીતે છીનવી લેવા ઇચ્છે છે? તેથી મોહ છોડીને ઇન્દ્રપ્રસ્થ યુધિષ્ઠિરને આપી દે. અને પોતાના ભાઈઓ સહિત પાંડવો સાથે સુમેળથી રહો.'

આ પ્રમાણે પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ, વિદુર, ગાંધારી અને રાજા ધૃતરાષ્ટ્રના સમજાવ્યા છતાં પણ દુર્યોધને કશું ધ્યાન ન આપ્યું. એમના કથનનો તિરસ્કાર કરીને, ક્રોધિત થઈને સભામાંથી ચાલ્યો ગયો. તેની પાછળ તેના મિત્ર રાજાઓ પણ ચાલ્યા ગયા.

તે રાજાઓને દુર્યોધને એવી આજ્ઞા આપી કે, 'આજે પુષ્ય નક્ષત્ર છે, તેથી આજે જ આપણી સેના કુરુક્ષેત્ર તરફ કૂચ કરી જાય. દુર્યોધન પિતામહ ભીષ્મને સેનાપતિ બનાવીને ખૂબ ઉત્સાહથી કુરુક્ષેત્ર તરફ ચાલવા લાગ્યો.'

હવે તમે પણ જે કાંઈ યોગ્ય લાગે તે કરો. મેં તમારા ભાઈઓમાં પ્રેમ જળવાઈ રહે એ પ્રયત્ન કર્યો. મેં બધા રાજાઓને સમજાવ્યા,

દુર્યોધનનું મોઢું બંધ કર્યું તથા શકુનિ અને કર્ણને ભયભીત કર્યા. પછી મેં દુર્યોધનને કહ્યું, 'સમગ્ર રાજ્ય તમારું જ રહ્યું, તમે માત્ર પાંચ ગામ આપી દો. કેમ કે તમારા પિતાએ પાંડવોનું પાલન પણ અવશ્ય કરવું જોઈએ. આમ કહેવા છતાં તે દુષ્ટે ભાગ આપવાનો સ્વીકાર ન કર્યો. હવે તે પાપીઓ માટે તો દંડનીતિનો આશ્રય લેવાનું જ મને યોગ્ય લાગે છે. બીજી કોઈ રીતે તે સમજવાના નથી. તે બધા વિનાશનાં કારણ બની ચૂક્યા છે અને મૃત્યુ તેમના પર હાવિ થઈ રહ્યું છે.'

શ્રીકૃષ્ણની વાત સાંભળીને યુધિષ્ઠિરે તેમની સામે જ પોતાના ભાઈઓને કહ્યું, 'કૌરવોની સભામાં જે કાંઈ થયું તે બધું તમે સાંભળી લીધું અને શ્રીકૃષ્ણે જે વાત કહી છે તે પણ સમજી જ લીધી હશે. તેથી આપણી સેનાના વિભાગ કરો. આપણા વિજય માટે આ સાત અક્ષૌહિણી સેના એકત્ર થઈ છે. એના આ સાત સેનાપતિઓ છે - દ્રુપદ, વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, સાત્યકિ, ચેકિતાન અને ભીમ. આ બધા વીરો યુદ્ધ કરનારા છે. પરંતુ સહદેવ! એ તો જણાવો આ સાતેય સેનાપતિઓનો નાયક કોણ થાય જે રણભૂમિમાં ભીષ્મરૂપી અગ્નિનો સામનો કરી શકે?'

સહદેવે કહ્યું, 'મારા વિચાર પ્રમાણે તો મહારાજ વિરાટ આ પદને યોગ્ય છે.'

પછી નકુલે કહ્યું, 'હું તો ઉંમર, શાસ્ત્રજ્ઞાન, કુલીનતા અને ધર્મની દષ્ટિએ મહારાજ દ્રુપદને આ પદને યોગ્ય સમજું છું.'

આ પ્રમાણેના અભિપ્રાય પછી અર્જુને કહ્યું, 'હું ધૃષ્ટદ્યુમ્નને પ્રધાન સેનાપતિ થવા યોગ્ય માનું છું. તેઓ ધનુષ્ય, કવચ અને તલવાર ધારણ કરીને જ અગ્નિકુંડમાંથી પ્રગટ થયા છે. એમના સિવાય મને બીજો કોઈ વીર દેખાતો નથી, જે પિતામહ ભીષ્મની સામે લડી શકે.'

ભીમ બોલ્યો, 'દ્રુપદપુત્ર શિખંડીનો જન્મ પિતામહ ભીષ્મના વધ માટે જ થયો છે. તેથી મારા વિચાર પ્રમાણે તેઓ જ પ્રધાન સેનાપતિ થવા જોઈએ.'

આ સાંભળીને રાજા યુધિષ્ઠિરે કહ્યું, 'ભાઈઓ! શ્રીકૃષ્ણ સમસ્ત સંસારના સાર-અસારને જાણે છે. તેથી જેના માટે તેઓ સંમતિ આપે તેને જ સેનાપતિ બનાવવામાં આવે. ભલે તે શસ્ત્રવિદ્યામાં કુશળ હોય ન હોય તથા વૃદ્ધ હોય કે યુવાન. આપણા જય માટે તેઓ જ આપણા હિતૈષી છે. તેઓ જ બધાના કર્તાહર્તા છે અને તેમને અધીન બધા કર્મોની સિદ્ધિ છે.'

યુધિષ્ઠિરની આ વાત સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણે અર્જુન તરફ જોઈને કહ્યું, 'હે મહારાજ! તમારી સેનાના નેતૃત્વ માટે જે વીરોનાં નામ લેવામાં આવ્યા છે તે બધાને હું યોગ્ય માનું છું. બધા મહાન યોદ્ધા છે અને તમારા શત્રુઓને પરાસ્ત કરી શકે છે. તેમ છતાં મારા વિચારથી ધૃષ્ટદ્યુમ્નને જ પ્રધાન સેનાપતિ બનાવવા યોગ્ય રહેશે.'

શ્રીકૃષ્ણના આ પ્રમાણે કહ્યા બાદ બધા પાંડવો બહુ પ્રસન્ન થયા. તેમણે હર્ષ વ્યક્ત કર્યો. બધા સૈનિકો કુરુક્ષેત્ર તરફ જવા તૈયાર થઈ ગયા. બધી બાજુ યુદ્ધ માટે તૈયાર થઈ ગયા. બધી બાજુ શંખ અને દુંદુભિનો ધ્વનિ પ્રસરી ગયો. સેનાની આગળ ભીમ, નકુલ, સહદેવ, અભિમન્યુ, દ્રૌપદીના પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન તથા અન્ય પાંચાલવીરો ચાલ્યા. રાજા યુધિષ્ઠિર સવારીઓ, શસ્ત્રસામગ્રી, વૈદ્યો અને અસ્ત્રચિકિત્સકોને લઈને ચાલ્યા. ધર્મરાજને વિદાય કરીને પાંચાલકુમારી દ્રૌપદી રાજમહિલાઓ અને દાસ-દાસીઓ સાથે ઉપપ્લવ્ય છાવણીમાં પાછી આવી. આ પ્રમાણે પાંડવો કિલ્લા અને ચોકીદારોથી પોતાના ધન અને સ્ત્રીઓ વગેરેની રક્ષાનો પ્રબંધ કરીને ગાયો અને સુવર્ણનું દાન આપીને સેના સાથે રથોમાં બેસીને કુરુક્ષેત્ર તરફ ચાલ્યા. તે સમયે બ્રાહ્મણો સ્તુતિ કરતાં તેમને વીંટળાઈને ચાલી રહ્યા હતા. બધા વીરો અસ્ત્ર-શસ્ત્ર, કવચ અને આભૂષણો વગેરેથી સુસજ્જ થઈને તેમની સાથે ચાલ્યા. વ્યૂહરચનાની પદ્ધતિએ પાંડવો કુરુક્ષેત્રમાં પહોંચી ગયા. ત્યાં પહોંચ્યા પછી એક બાજુ પાંડવો અને બીજી બાજુ શ્રીકૃષ્ણ અને અર્જુન શંખધ્વનિ કરવા લાગ્યા. શ્રીકૃષ્ણના શંખનો ભીષણ ધ્વનિ સાંભળીને સર્વ સેનાનાં રોમે-રોમ ઊભા થઈ ગયા.

ત્યાર પછી રાજા યુધિષ્ઠિરે એક મેદાનમાં, જ્યાં ઘાસ અને બળતણ વધારે હતાં ત્યાં પોતાની સેનાનો પડાવ નાખ્યો. સ્મશાન, મહર્ષિઓના આશ્રમ, તીર્થ અને દેવમંદિરોથી દૂર તેમણે પવિત્ર અને રમ્ય ભૂમિમાં પોતાની સેનાને ઉતારી. ત્યાં પાંડવો માટે છાવણીઓ બનાવડાવી હતી, તે જ પ્રમાણે શ્રીકૃષ્ણે બીજા રાજાઓ માટે પણ બનાવડાવી. આ બધી છાવણીઓમાં સેંકડો પ્રકારની ભક્ષ્ય, ભોજ્ય અને પેય સામગ્રીઓ હતી તથા ઈંધણ વગેરેની પણ વિપુલતા હતી. તેમનામાં કવચ ધારણ કરેલા હજારો યોદ્ધાઓ સાથે યુદ્ધ કરનારા અનેક હાથીઓ પર્વતોની જેમ ઊભેલા દેખાતા હતા. પાંડવોને કુરુક્ષેત્રમાં આવેલા સાંભળીને તેમની

સાથે મિત્રતાનો ભાવ રાખનારા રાજાઓ સેના અને વાહનો સાથે તેમની પાસે આવવા લાગ્યા. શ્રીકૃષ્ણના ગયા પછી રાજા દુર્યોધને કર્ણ, દુઃશાસન અને શકુનિને કહ્યું, કૃષ્ણ પોતાના ઉદ્દેશમાં અસફળ થઈને પાંડવો પાસે ગયા છે તેથી ક્રોધિત થઈને તેમને યુદ્ધ માટે ઉત્તેજિત કરશે. પાંડવો સાથે મારું યુદ્ધ થાય એવી જ શ્રીકૃષ્ણની ઇચ્છા છે. ભીમ અને અર્જુન તેમના મત પ્રમાણે જ ચાલનારા છે. યુધિષ્ઠિર ધર્મમાં સ્થિર રહીને કર્તવ્યનું પાલન કરે છે. એ સિવાય મેં પહેલાં તેમનો અને તેમના ભાઈઓનો તિરસ્કાર પણ કર્યો છે. વિરાટ અને દ્રુપદ પણ સાથે મારી શત્રુતા છે. તે બંને સેનાના સંચાલક શ્રીકૃષ્ણના ઇશારે ચાલનારા છે. આ પ્રમાણે આ યુદ્ધ ભયંકર થશે. તેથી હવે સાવધાનીપૂર્વક યુદ્ધની બધી સામગ્રી તૈયાર કરાવવી જોઈએ. કુરુક્ષેત્રમાં અનેક તંબુ તૈયાર કરાવો, જેમાં શત્રુ અધિકાર ન કરી શકે. તેમની પાસે જળ અને ઇંધણની સુવિધા હોવી જોઈએ. તેમાં એવા રસ્તા હોવા જોઈએ જેમાંથી જનારી વસ્તુઓને શત્રુઓ રોકી ન શકે તથા તેની ફરતે ઊંચી વાડ બનાવી દેવી જોઈએ. તેમાં વિવિધ પ્રકારના હથિયારો રખાવી ઘણી બધી ધજા-પતાકાઓ ફરકાવી દો. હવે વિલંબ ન કરતા આજે જ ઘોષણા કરાવી દો કે કાલે સેના કૂચ કરશે. ત્યારે કર્ણે 'જેવી આજ્ઞા' એમ કહીને ઉત્સાહથી બીજા જ દિવસે બધા રાજાઓના ઉતારા માટે તંબુ તૈયાર કરાવ્યા.

તે રાત વીતી ગયા પછી પ્રાતઃકાળ થયો ત્યારે રાજા દુર્યોધને પોતાની અગિયાર અક્ષૌહિણી સેનાના વિભાગ કર્યા. બધાને અલગ અલગ શ્રેણીમાં નિયુક્ત કરી દીધા. તે બધા પોતાના શસ્ત્રો અને અન્ય ઉપયોગી સામગ્રીઓ લઈને રથમાં બેસી ચાલતા થયા. સારી રીતે સજાવેલા લાખો ઘોડા અને હજારોનું પાયદળ તે સેનામાં ચાલી રહ્યું હતું. પછી રાજા દુર્યોધને સારી રીતે વિચારીને વિશેષ બુદ્ધિમાન અને શૂરવીર પુરુષોને સેનાપતિપદે નિયુક્ત કર્યા. તેણે કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, શલ્ય, જયદ્રથ, સુદક્ષિણ, કૃતવર્મા, અશ્વત્થામા, કર્ણ, ભૂરિશ્રવા, શકુનિ અને બાહ્લિક વીરોને એક-એક અક્ષૌહિણી સેનાના નાયક બનાવ્યા. તે દરરોજ તેમનો સત્કાર કરતો હતો. પછી બધા રાજાઓને સાથે લઈને તેણે હાથ જોડીને પિતામહ ભીષ્મને કહ્યું, 'હે પિતામહ! ગમે તેટલી વિશાળ સેના હોય, જો તેનો કોઈ નાયક ન હોય તો તે યુદ્ધભૂમિમાં આવીને કીડીઓની જેમ વિખરાઈ જાય છે.'

પિતામહ ભીષ્મે કહ્યું, 'તમે જે કહો છો તે બરાબર છે. મારા માટે જેવા તમે છો તેવા જ પાંડવો છે. તેથી મારે પાંડવોને તેમના હિતની વાત કહેવી જોઈએ. તમારા માટે પણ જેવી હું પ્રથમ પ્રતિજ્ઞા કરી ચૂક્યો છું તે પ્રમાણે મારે યુદ્ધ તો કરવાનું જ છે. હું મારી શસ્ત્રશક્તિથી એક ક્ષણમાં જ દેવતા અને અસુરોથી યુક્ત સમગ્ર સંસારને મનુષ્યહીન કરી શકું છું પરંતુ પાંડુના પુત્રોને હું મારી શકતો નથી. છતાં હું નિયમિતપણે એમના પક્ષના દસ હજાર યોદ્ધાઓનો સંહાર કરતો રહીશ. તમારું સેનાપતિપણું હું એક શરતે સ્વીકારી શકું એમ છું. આ યુદ્ધમાં પ્રથમ કાં તો કર્ણ લડી લે અથવા હું લડું, કેમ કે યુદ્ધમાં સૂતપુત્ર હંમેશાં મારી સાથે બહુ શત્રુતા રાખે છે.'

કર્ણે કહ્યું, 'પિતામહ ભીષ્મ જીવતા છે ત્યાં સુધી હું યુદ્ધ નહિ કરું. તેમના મૃત્યુ પછી જ મારું અર્જુન સાથે યુદ્ધ થશે.'

આ પ્રમાણે નિશ્ચય થઈ ગયા પછી દુર્યોધને વિધિપૂર્વક પિતામહ ભીષ્મને સેનાપતિપદે નિયુક્ત કર્યા. પિતામહ ભીષ્મને સેનાપતિ બનાવીને દુર્યોધને ઘણી ગાયો અને સોનામહોરો દક્ષિણામાં આપીને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યું. પછી તેમના વિજયના આશીર્વાદોથી ઉત્સાહિત થઈને બધા સેનાપતિઓ અને ભાઈઓની સાથે કુરુક્ષેત્ર જવા નીકળ્યો. ત્યાં પહોંચીને તેણે કર્ણ સાથે બધી બાજુ ફરીને એક સમતળ ભૂમિમાં સેનાની છાવણી નાખી. તે છાવણી બીજા હસ્તિનાપુર જેવી જ લાગતી હતી.

કુશળ મહારાજ યુધિષ્ઠિરે બધા ભાઈઓને તથા શ્રીકૃષ્ણને બોલાવીને કહ્યું, 'તમે લોકો બહુ સાવધાન રહો. સર્વપ્રથમ તમારું યુદ્ધ પિતામહ ભીષ્મ સાથે થશે. હવે તમે મારી સેનાના સાત સેનાપતિ નિયુક્ત કરો.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'સમય આવ્યે જેવી વાત તમારે કરવી જોઈએ, તેવી જ તમે કરી રહ્યા છો. મને તમારું કથન પ્રિય લાગે છે. અવશ્ય હવે તમે પ્રથમ તમારી સેનાના નાયકોની નિયુક્તિ કરો.'

ત્યારે મહારાજ યુધિષ્ઠિરે દ્રુપદ, વિરાટ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, ધૃષ્ટકેતુ, શિખંડી અને મગધરાજ સહદેવને બોલાવીને વિધિપૂર્વક સેનાપતિના પદ પર નિયુક્ત કરી દીધા અને તેમના અધ્યક્ષ ધૃષ્ટદ્યુમ્નને બનાવ્યા. સેનાના અધ્યક્ષ અર્જુનને બનાવાયા અને અર્જુનના નેતા શ્રીકૃષ્ણ હતા. યુદ્ધ સમીપ આવેલું જાણીને ભગવાન બલરામજી મુખ્ય

યાદવોને સાથે લઈને પાંડવોની છાવણીમાં આવ્યા. તેમને જોઈને યુધિષ્ઠિર, શ્રીકૃષ્ણ, અર્જુન, ભીમ અને બીજા રાજાઓ ઊભા થઈ ગયા. તેમણે બલરામજીનો સત્કાર કર્યો. રાજા યુધિષ્ઠિરે તેમને પ્રેમપૂર્વક રાજા સાથે સિંહાસન પર બિરાજમાન કર્યા. તેમના બેઠા પછી જ્યારે બધા લોકો પણ બેસી ગયા ત્યારે તેમણે શ્રીકૃષ્ણ તરફ જોઈને કહ્યું, 'હવે આ મહાભયંકર નરસંહાર થશે જ. આ દૈવી લીલાને હું અનિવાર્ય સમજું છું, હવે આને રોકી શકાય એમ નથી. મારી ઇચ્છા છે કે મારા સુહૃદો એવા તમને બધાને આ યુદ્ધની સમાપ્તિ બાદ પણ હું નીરોગી જોઈ શકું. શ્રીકૃષ્ણને તો મેં વારંવાર કહ્યું હતું કે, 'ભાઈ! આપણા સંબંધીઓ સાથે સમાન વર્તાવ કરો, કેમ કે આપણા માટે જેવા પાંડવો છે તેવો જ રાજા દુર્યોધન પણ છે પરંતુ આ અર્જુનનો પરમ મિત્ર છે. મારો ચોક્કસ મત છે કે વિજય પાંડવોનો થશે અને એવો જ સંકલ્પ શ્રીકૃષ્ણનો પણ છે. હું તો શ્રીકૃષ્ણ વિના આ લોક પર દૃષ્ટિ પણ નાખી શકતો નથી. હું તો હવે સરસ્વતી તટે આવેલાં તીર્થોનું સેવન કરવા માટે જઈશ, કેમ કે નષ્ટ થઈ રહેલાં કુરુવંશીઓને હું ઉદાસીન દૃષ્ટિએ જોઈ નહિ શકું.' આમ કહીને બલરામજી પાંડવોની વિદાય લઈને તીર્થયાત્રા માટે ચાલ્યા ગયા.

આ જ સમયે રાજા ભીષ્મકનો પુત્ર રુક્મી સેના લઈને પાંડવો પાસે આવ્યો. તેણે શ્રીકૃષ્ણની પ્રસન્નતા માટે સૂર્ય જેવી તેજસ્વી ધજા લઈને પાંડવોની છાવણીમાં પ્રવેશ કર્યો. રાજા યુધિષ્ઠિરે સામે જઈને તેનું સ્વાગત કર્યું. તેને થોડીવાર રોકાઈને બધા વીરો સામે અર્જુનને કહ્યું, 'હે અર્જુન! જો તમને કોઈ પ્રકારનો ભય હોય તો હું તમારા લોકોની સહાયતા માટે આવી ગયો છું. હું યુદ્ધમાં તમારી સહાયતા કરીશ. સંસારમાં મારા જેવો બીજો પરાક્રમી મનુષ્ય નથી. તમે યુદ્ધમાં મને જે સેના સાથે લડવા કહેશો એને હું ખેદાનમેદાન કરી નાખીશ. હું બધા શત્રુઓને મારીને તમને જ પૃથ્વીનું રાજ્ય સોંપી દઈશ.'

ત્યારે અર્જુન શ્રીકૃષ્ણ અને રાજા તરફ જોઈને હસ્યા અને કહેવા લાગ્યા, 'મેં કુરુવંશમાં જન્મ લીધો છે, તે ઉપરાંત હું મહારાજ પાંડુનો પુત્ર અને દ્રોણાચાર્યનો શિષ્ય છું. શ્રીકૃષ્ણ મારા સહાયક છે અને ગાંડિવ ધનુષ્ય મારી પાસે છે. મેં યુદ્ધ માટે જ ભગવાન શંકર, ઇન્દ્ર, કુબેર, યમ, વરુણ, અગ્નિ, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય અને શ્રીકૃષ્ણની ઉપાસના કરી છે. તેથી મને કોઈ પ્રકારનો ભય નથી અને કોઈની સહાયતાની જરૂર પણ

નથી. તમે ઇચ્છા પ્રમાણે જ્યાં જવા ઇચ્છો ત્યાં જઈ શકો છો અને રહેવા માગો તો આનંદથી રહો.'

ત્યાર પછી રુક્મી પોતાની વિશાળ સેનાને પાછી વાળીને દુર્યોધન પાસે આવી ત્યાં પણ એવી જ વાતો કરવા લાગ્યો. દુર્યોધનને પણ પોતાની વીરતાનું અભિમાન હતું. તેથી તેણે પણ તેની સહાયતા સ્વીકારી નહિ. આ પ્રમાણે બલરામજી અને રુક્મી બંને વીરો તે યુદ્ધમાંથી નીકળીને ચાલ્યા ગયા.

જ્યારે બંને સેનાનું સંગઠન થઈ ગયું અને તેમની વ્યૂહરચનાનો નિશ્ચય થઈ ગયો ત્યારે રાજા ધૃતરાષ્ટ્રે સંજયને પૂછ્યું, 'હે સંજય! હવે તમે મને એ જણાવો કે કૌરવ અને પાંડવોની સેનાના પડાવ નાખ્યા પછી ત્યાં શું થયું? હું તો માનું છું કે ભાવિ જ બળવાન છે, પુરુષાર્થથી કાંઈ થતું નથી. મારી બુદ્ધિ દોષોને સારી રીતે સમજી લે છે પરંતુ દુર્યોધનને મળું છું ત્યારે બદલાઈ જાય છે. તેથી હવે જે થવાનું છે તે થઈને જ રહેશે.'

સંજયે કહ્યું, 'મહારાજ! પાંડવોએ તો હિરણ્યવતી નદીના તટ પર પડાવ નાખ્યો અને કૌરવોએ એક બીજા સ્થાન પર પોતાની છાવણી નાખી છે. ત્યાં રાજા દુર્યોધને ભારે ઉત્સાહથી પોતાની સેનાને ઉતારો આપ્યો છે અને જુદી જુદી ટુકડીઓ માટે અલગ સ્થાન નક્કી કરીને બધાનું સન્માન કર્યું છે. પછી તેમણે કર્ણ, શકુનિ અને દુઃશાસન સાથે ગુપ્ત વાર્તાલાપ કરીને ઉલૂકને બોલાવીને કહ્યું, 'ઉલૂક! તમે પાંડવોની પાસે જાઓ અને શ્રીકૃષ્ણની સામે જ પાંડવોને સંદેશ કહો. જેના માટે વર્ષોથી વિચાર થઈ રહ્યો હતો તે કૌરવ અને પાંડવોનું ભયંકર યુદ્ધ હવે થવાનું છે. અર્જુન! તમે શ્રીકૃષ્ણ અને પોતાના ભાઈઓ સહિત સંજયને ગર્જી ગર્જીને કૌરવોની સભામાં વાતો સંભળાવી હતી. હવે તેને ભય દેખાડવાનો સમય આવી ગયો છે. તમે અમારી પાસે પાંચ ગામ માગ્યા હતા, પરંતુ અમે એવું વિચારીને કે કોઈ પણ પ્રકારે પાંડવોને ક્રોધિત કરીને તેમની સાથે યુદ્ધભૂમિમાં લડવું તેથી તમારી માગણીનો અમે અસ્વીકાર કર્યો. તમારા કારણે જ મેં વિદુરકાકાનો ત્યાગ કર્યો હતો. મેં તમને લાક્ષાભવનમાં બાળી નાખવાનો પ્રયત્ન કર્યો હતો.'

ઉલૂક! પછી પાંડવોની સામે જ કૃષ્ણને કહેજો કે, 'તમે પોતાની અને પાંડવોની રક્ષા કરવા માટે હવે તૈયાર થઈને અમારી સાથે યુદ્ધ કરો. તમે માયાથી સભામાં જે રૂપ ધારણ કર્યું હતું તેવું જ ફરી ધારણ કરીને અર્જુન

સાથે અમારા પર ચડાઈ કરો. મૂર્ખ ભીમને તમે કહેજો કે કૌરવોની સભામાં જે પ્રતિજ્ઞા લઈ ચૂક્યા છો તેને મિથ્યા કરશો નહિ. જો શક્તિ હોય તો દુઃશાસનનું લોહી પી બતાવજો. પછી તમે નકુલને કહેજો કે હવે યુદ્ધમાં તમારો પુરુષાર્થ બતાવો. એ જ પ્રમાણે સહદેવને પણ કહેજો કે તમારે જે દુઃખો સહેવા પડ્યા છે તેમને યાદ કરીને સાવધાનીપૂર્વક યુદ્ધ કરો. વિરાટ અને દ્રુપદને મારા તરફથી કહેજો કે તમે બધા એકઠા થઈને મને મારવા માટે આવો અને તમારા માટે તથા પાંડવો માટે મારી સાથે સંગ્રામ કરો. ધૃષ્ટદ્યુમ્નને કહેજો કે જ્યારે તમે દ્રોણાચાર્યની સામે આવશો ત્યારે તમને ખબર પડશે કે તમારું હિત કઈ વાતમાં છે. પછી શિખંડીને કહેજો કે પિતામહ ભીષ્મ તમને સ્ત્રી સમજીને મારશે નહિ. તેથી તમે નિર્ભય થઈને યુદ્ધ કરજો.'

ત્યાર પછી રાજા દુર્યોધન હસ્યો અને ઉલૂકને કહેવા લાગ્યો, 'તમે કૃષ્ણની સામે અર્જુનને કહેજો કે તમે તો અમને પરાસ્ત કરીને આ પૃથ્વીનું શાસન કરો. નહિ તો અમારા હાથે હારીને તમારે પૃથ્વી પર પોઢી જવું પડશે. પાછલાં તેર વર્ષ સુધી તો તમે વિલાપ કર્યો છે અને મેં રાજ્ય ભોગવ્યું છે. હવે ભાઈ-બાંધવો સહિત તમને મારીને હું જ રાજ્યશાસન ભોગવીશ. હું તમારા અને કૃષ્ણના ભયથી રાજ્ય આપવાનો નથી. હવે તમે બંને મળીને યુદ્ધ કરો. પછી તમારા બધા સગાંસંબંધીઓ યુદ્ધમાં મરાઈ જશે ત્યારે તમારી રાજ્ય પ્રાપ્ત કરવાની આશા પણ તૂટી જશે. તેથી તમે શાંત થઈ જાઓ.'

આ પ્રમાણે દુર્યોધનનો સંદેશો લઈને ઉલૂક પાંડવોની છાવણીમાં આવીને પાંડવોને અને રાજાને કહેવા લાગ્યો, 'તમે દૂતના વચનોથી પરિચિત છો જ. તેથી જે પ્રમાણે મને કહેવામાં આવ્યું છે તે જ પ્રમાણે દુર્યોધનનો સંદેશો એક પછી એક બધાને સંભળાવીશ.'

ઉલૂકની વાતો સાંભળીને યુધિષ્ઠિરે ધૃષ્ટદ્યુમ્નના નેતૃત્વમાં પોતાની સેના સાથે કુરુક્ષેત્રમાં પ્રસ્થાન કર્યું. મહારથી ભીમ અને અર્જુન બધી બાજુથી તેની દેખરેખ કરતા રહીને ચાલતા હતા. તેઓમાં ભારે બળ અને ઉત્સાહ હતો. દુર્યોધનની આજ્ઞાથી તેના પક્ષના રાજાઓ પાંડવો પર ચડાઈ કરવાની તૈયારી કરવા લાગ્યા. અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરીને સ્વસ્તિવાચન કરાવીને તેઓ યુદ્ધ કરવા માટે ચાલ્યા. આરંભમાં અવન્તિદેશના રાજા વિન્દ અને અનુવિન્દ, કેકયદેશના રાજા અને

બાહ્લિક - બધા દ્રોણાચાર્યના નેતૃત્વમાં ચાલ્યા. એ પછી અશ્વત્થામા, પિતામહ ભીષ્મ, જયદ્રથ, શકુનિ તથા બીજા રાજાઓ પોતપોતાની સેના સહિત ચાલવા લાગ્યા.

થોડે દૂર જઈને રાજા યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રના પુત્રોને ભ્રમમાં નાખવા માટે પોતાની સેનાનું સંગઠન બીજી વાર કર્યું. તેમણે દ્રોપદીના પુત્રો, અભિમન્યુ, નકુલ, સહદેવ અને સમસ્ત વીરોને ભીમના નેતૃત્વમાં પ્રથમ દળ બનાવીને ચાલવાની આજ્ઞા આપી. વચ્ચેના દળમાં વિરાટ, જયત્સેન તથા પાંચાલ રાજકુમાર યુધામન્યુ અને ઉત્તમૌજાને રાખ્યા. તેની પાછળ શ્રીકૃષ્ણ અને અર્જુન ચાલ્યા. જે સેનારૂપી સમુદ્રની વચ્ચે રાજા યુધિષ્ઠિર હતા, તેમાં અનેક રાજાઓ તેમને ચારે બાજુએ ઘેરીને ચાલતા હતા. એ સિવાય બીજાં હાથી-ઘોડા વગેરે સેનાની સાથે હતાં. તે સમયે રણક્ષેત્રમાં લાખો વીરો ભારે ઉત્સાહથી શંખધ્વનિ કરી રહ્યા હતા.

ભીષ્મપર્વ

કૌરવો, પાંડવો અને સોમવંશી વીરોએ કુરુક્ષેત્રમાં જે પ્રમાણે યુદ્ધ કર્યું તે સાંભળો. રાજા યુધિષ્ઠિરે ત્યાં સમન્તકપંચક તીર્થની બહારના મેદાનમાં હજારો તંબુઓ ઊભા કરાવ્યા. ત્યાં એટલી સેના એકઠી થઈ ગઈ કે કુરુક્ષેત્ર સિવાય આખી પૃથ્વી સૂની લાગતી હતી. માત્ર બાળકો અને વૃદ્ધો જ બચી ગયા હતા. પૃથ્વી પર ક્યાંય તરુણ પુરુષો, હાથી, ઘોડા અને રથ જોવા મળતા ન હતા. પૃથ્વીના બધા દેશોમાંથી કુરુક્ષેત્રમાં સેના આવી હતી. જ્યારે યુદ્ધનો સમય થયો ત્યારે તેમણે ઓળખ માટે પાંડવ પક્ષના યોદ્ધાઓ માટે નામ, આભૂષણ અને ચિહ્નો નક્કી કરી લીધાં હતાં.

કૌરવસેનાના સેનાપતિ પિતામહ ભીષ્મે બધા રાજાઓને સાથે રાખીને પાંડવસેનાને પરાજિત કરવા વ્યૂહરચના કરી. યુદ્ધની પ્રશંસા કરનારા પાંચાલદેશના વીરો હર્ષિત થઈ ગયા. તેઓ શંખ તથા રણભેરીઓ વગાડવા લાગ્યા. ત્યાર પછી એક રથ પર બેઠેલા શ્રીકૃષ્ણ અને અર્જુને પણ પોતાના દિવ્ય શંખ વગાડ્યા. ત્યાર પછી કૌરવ-પાંડવ અને સોમવંશી વીરોએ મળીને યુદ્ધના કેટલાક નિયમ બનાવ્યા અને તેનું પાલન કરવું બંને સેના માટે અનિવાર્ય બનાવી દીધું.

સામસામે ઊભેલી બંને બાજુની સેનાઓને જોઈને ભગવાન વ્યાસે એકાંતમાં બેઠેલા રાજા ધૃતરાષ્ટ્રની પાસે આવીને કહ્યું, 'તમારા પુત્રો તથા અન્ય રાજાઓનો કાળ આવી પહોંચ્યો છે. તેઓ યુદ્ધમાં એકબીજાનો સંહાર કરવા તૈયાર છે. જો તમે એમને સંગ્રામમાં જોવા ઇચ્છતા હો તો

હું તમને દિવ્ય દૃષ્ટિ આપું. તેથી તમે તેમનું યુદ્ધ સારી રીતે જોઈ શકશો.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'યુદ્ધમાં હું પોતાના જ પરિવારનો વધ જોવા ઇચ્છતો નથી પરંતુ તમારા પ્રભાવથી યુદ્ધના પૂરા સમાચાર સાંભળી શકું તેવી કૃપા મારા પર અવશ્ય કરો.'

ધૃતરાષ્ટ્ર યુદ્ધના સમાચાર સાંભળવા ઇચ્છે છે એવું જાણીને વ્યાસજીએ સંજયને દિવ્ય દૃષ્ટિનું વરદાન આપ્યું. તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું, 'આ સંજય તમને યુદ્ધના સમાચાર સંભળાવશે. સંપૂર્ણ યુદ્ધક્ષેત્રમાં કોઈ પણ વાત એવી નહિ હોય જે સંજયથી છૂપી રહે. આ દિવ્ય દૃષ્ટિથી એ સંપન્ન અને સર્વજ્ઞ થઈ જશે. યુદ્ધમાં ધર્મ જે બાજુ હશે તે પક્ષનો જય થશે. આ યુદ્ધમાં બહુ મોટો સંહાર થશે એવાં ભયસૂચક અપશુકન મને દેખાય છે.'

ધૃતરાષ્ટ્રને આ પ્રમાણે કહીને વ્યાસજી ધ્યાનમગ્ન થઈ કહેવા લાગ્યા, 'એમાં જરાય શંકા નથી કે હવે કાળ સંપૂર્ણ જગતનો સંહાર કરશે. તેથી તમે પોતાના પરિવારને, સંબંધીઓને અને હિતૈષી મિત્રોને આ ક્રૂર કર્મથી રોકો. તેમને ધર્મયુક્ત માર્ગનો ઉપદેશ કરો, પોતાના બંધુઓનો વધ કરવો એ બહુ હીન કાર્ય છે. તેને ન થવા દો. ચૂપ રહીને સ્વયંનું અપ્રિય ન કરો. કોઈના વધને વેદમાં સારો કહ્યો નથી. એનાથી કોઈનું કલ્યાણ થતું નથી. તમને રાજ્યમાં બહુ મોટો અનર્થ પ્રાપ્ત થવાનો કેમ કે આ રાજ્ય સમસ્ત કુળનું અને ભારતવર્ષના રાજાઓના વિનાશનું કારણ બની જવાનું છે. મારા કહેવાથી તમારા પુત્રોને ધર્મનો માર્ગ ચીંધો. હવે એવું કરો જેથી પાંડવો પોતાનું રાજ્ય મેળવી શકે અને કૌરવો પણ સુખ-શાંતિનો અનુભવ કરે.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'સંપૂર્ણ સંસાર સ્વાર્થમાં મોહિત થાય છે. મારી બુદ્ધિ પણ અધર્મના માર્ગે ચાલી રહી છે. મારે આવું કર્મ ન કરવું જોઈએ. પરંતુ શું કરું? મારા પુત્રો મારા વશમાં નથી.'

વ્યાસજીએ કહ્યું, 'તમારા મનમાં જો મને પૂછવાની કોઈ વાત હોય તો કહી દો, હું તમારા બધા સંદેહોને દૂર કરી દઈશ.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરનારાઓને જે શુભ સંકેત દેખાય છે તે બધાને હું સાંભળવા ઇચ્છું છું.'

વ્યાસજીએ કહ્યું, 'જે પક્ષમાં યોદ્ધાઓના મુખમાંથી હર્ષભર્યાં વચન નીકળતાં હોય, તેમનું ધૈર્ય જળવાઈ રહ્યું હોય, પહેરેલી માળાઓ કરમાઈ

જતી ન હોય તેઓ યુદ્ધરૂપી મહાસાગરને પાર કરી શકે છે. જો યુદ્ધમાંથી પાછી પાની ન કરનારા પાંચ-સાત યોદ્ધા હોય, તો પણ તેઓ વિજય પ્રાપ્ત કરી શકે છે. તેથી હંમેશા મોટી સેના હોય તો જ વિજય થાય છે એવી વાત નથી.'

આ પ્રમાણે કહીને ભગવાન વેદવ્યાસ ચાલ્યા ગયા. આ બધું સાંભળીને રાજા ધૃતરાષ્ટ્ર વિચારમાં પડી ગયા. થોડીવાર સુધી વિચારીને તેમણે સંજયને પૂછ્યું, 'હે સંજય! આ યુદ્ધપ્રેમી રાજાઓ પૃથ્વીના લોભથી જીવનનો મોહ છોડીને અસ્ત્ર-શસ્ત્રો દ્વારા એકબીજાની હત્યા કરીને યમલોકમાં જવા તૈયાર થયા છે અને શાંત થતા નથી. આનાથી હું માનું છું કે પૃથ્વીમાં અપાર ગુણ છે. ત્યારે તો તેના માટે આ નરસંહાર થાય છે! તેથી તમે મને આ પૃથ્વીનું જ વર્ણન કરી સંભળાવો.'

સંજય બોલ્યો, 'હે રાજન! તમને નમસ્કાર છે. હું તમારી આજ્ઞાનુસાર પૃથ્વીના ગુણોનું વર્ણન કરું છું તે ધ્યાનથી સાંભળો. આ પૃથ્વી પર બે પ્રકારના પ્રાણી છે - ચર અને અચર. ચરના ત્રણ પ્રકાર છે - અણ્ડજ, સ્વેદજ અને જરાયુજ. આ ત્રણેમાં જરાયુજ શ્રેષ્ઠ છે તથા જરાયુજોમાં મનુષ્ય અને પશુ મુખ્ય છે. આ સંપૂર્ણ જગત આ પૃથ્વી પર જ ઉત્પન્ન થાય છે અને એમાં જ નાશ પામે છે. જેનો ભૂમિ પર અધિકાર છે, તેના જ વશમાં સંપૂર્ણ ચરાચર જગત છે. તેથી આ ભૂમિમાં મોહ રાખીને રાજાઓ એકબીજાના પ્રાણ લે છે.'

યુધિષ્ઠિર અને અર્જુનનો વાર્તાલાપ તથા અર્જુન દ્વારા દેવી દુર્ગાનું સ્તવન

યુધિષ્ઠિરે જ્યારે પિતામહ ભીષ્મના રચેલા વ્યૂહને જોયો ત્યારે ઉદાસ થઈને અર્જુનને કહેવા લાગ્યા, 'જેમના સેનાપતિ પિતામહ ભીષ્મ છે તે કૌરવોની સાથે આપણે કઈ રીતે યુદ્ધ કરીશું?'

અર્જુને યુધિષ્ઠિરને કહ્યું, 'વિજયની ઇચ્છા રાખનારા વીરો બળ અને પરાક્રમથી પણ તેવો વિજય પ્રાપ્ત કરી શકતા નથી જે ધર્મથી કરી શકાય છે. ધર્મ હોય છે ત્યાં જય થાય છે. આ જ પ્રમાણે તમે પણ જાણી લો કે આ યુદ્ધમાં આપણો વિજય નક્કી છે.'

ત્યાર પછી રાજા યુધિષ્ઠિરે ભીષ્મનો મુકાબલો કરવા માટે સેનાને આગળ વધવાની આજ્ઞા આપી. જ્યારે તેઓ રથ પર સવાર થયા ત્યારે તેમના પુરોહિત 'શત્રુઓનો નાશ થાઓ' એમ કહીને આશીર્વાદ આપવા

લાગ્યા. રાજા યુધિષ્ઠિરે પણ વસ્ત્ર, ગાય, ફળ, ફૂલ અને સુવર્ણ મુદ્રાઓનું બ્રાહ્મણોને દાન કરીને પછી યુદ્ધ માટે પ્રસ્થાન કર્યું.

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, 'આ જે કૌરવસેનાના મધ્ય ભાગમાં ઊભા રહીને આપણા સૈનિકોને જોઈ રહ્યા છે તે જ પિતામહ ભીષ્મ છે. તમે પ્રથમ આ સેનાને મારીને પછી પિતામહ ભીષ્મની સાથે યુદ્ધનો વિચાર કરજો.'

ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણે કૌરવસેના પર દૃષ્ટિ નાખી અને યુદ્ધનો સમય ઉપસ્થિત થયેલો જોઈને અર્જુનના હિત માટે આ પ્રમાણે કહ્યું, 'હે પાર્થ! યુદ્ધના આરંભમાં શત્રુઓને પરાજિત કરવા માટે પવિત્ર થઈને તમે દુર્ગાદેવીની સ્તુતિ કરો.' ભગવાનની આવી આજ્ઞા થતાં અર્જુન રથમાંથી નીચે ઊતરી મા દુર્ગાનું સ્તવન કરવા લાગ્યો.

સંજય કહે છે, 'અર્જુનની ભક્તિ જોઈને દેવી દુર્ગા ભગવાન શ્રીકૃષ્ણની સામે આકાશમાં પ્રગટ થયાં અને બોલ્યા, તમે થોડા જ દિવસોમાં શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરશો. તમે સાક્ષાત નર છો, નારાયણ તમારા સહાયક છે. તમને કોઈ પરાજિત કરી શકે એમ નથી.'

દેવી આ પ્રમાણે કહીને અંતર્ધાન થઈ ગયાં. વરદાન પામીને અર્જુનને પોતાના વિજયનો વિશ્વાસ થઈ ગયો. પછી તેઓ પોતાના રથ પર આવીને બેસી ગયા. શ્રીકૃષ્ણ અને અર્જુન પોતાના શંખ વગાડવા લાગ્યા. જ્યાં ધર્મ છે ત્યાં જ શ્રીકૃષ્ણ છે અને જ્યાં શ્રીકૃષ્ણ છે ત્યાં જ જય છે.

અર્જુનવિષાદયોગ

કૌરવોએ પાંડવોના રાજ્ય ભાગને અવગણ્યો. આથી કૌરવો અને પાંડવોની વચ્ચે થનારા આંતરિક યુદ્ધને અટકાવવા માટે શ્રીકૃષ્ણે શાંતિદૂત તરીકે કામ કર્યું, પણ તેમની સમજાવટ સફળ ન થઈ. રાજ્યપ્રાપ્તિ અર્થે પાંડવો યુદ્ધે ચડ્યા. કુરુક્ષેત્રની યુદ્ધભૂમિમાં બન્ને પક્ષનાં સૈન્યો આયુધો સાથે સામસામે આવી ઊભાં હતાં. ધૃષ્ટદ્યુમ્ન પાંડવોની સેનાના સેનાપતિ હતા અને પિતામહ ભીષ્મ કૌરવોની સેનાના સેનાપતિ હતા.

મહર્ષિ વ્યાસે સારથિ સંજયને દિવ્ય દૃષ્ટિ આપી હતી. એથી સંજય મહારાજ ધૃતરાષ્ટ્રને યુદ્ધનો આંખેદેખ્યો હેવાલ કહી શકે.

ધૃતરાષ્ટ્ર પૂછે છે કે, 'ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં મારા અને પાંડુના પુત્રો શું કરે છે?'

અહીંથી ગીતાબોધની શરૂઆત થાય છે.

યુદ્ધભૂમિમાં અર્જુનના રથના સારથિ શ્રીકૃષ્ણ હતા. અર્જુને તેમની પાસે રથને બન્ને સેનાની વચમાં રખાવ્યો. પછી અર્જુને બન્ને સેનાના મહારથીઓને ધારી ધારીને જોયા. તેઓમાં પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ, બંધુઓ, પુત્રો, પૌત્રો, સસરા, સાળા અને ઘણા સ્વજનો હતા.

આ જોઈ અર્જુન વિચારવા લાગ્યો કે, 'આ બધા સ્વજનોનો નાશ કરી હું વિજય મેળવીશ પણ તેથી મને શું મળશે? આ સર્વના મૃત્યુ બાદ મળેલા રાજ્યસુખથી મને શો આનંદ મળશે? વળી જેને માટે રાજ્યપ્રાપ્તિ કરવાની છે તે સગાંઓ-સ્વજનો તો યુદ્ધમાં ખપી ગયા હશે! આવી રીતે રાજ્ય મેળવવા કરતાં ભલે કૌરવો મારો વધ કરે.'

આમ વિચારી શોકથી વ્યાકુળ બનેલા મનવાળો અર્જુન ધનુષ્ય ત્યજી દઈ રથની પાછલી બેઠક ઉપર બેસી ગયો.

સાંખ્યયોગ

કરુણાથી વ્યાપ્ત અને આંસુ ભરેલી વ્યાકુળ આંખોવાળા અર્જુનને ભગવાન મધુસૂદન કહેવા લાગ્યા :

'હે અર્જુન! તને આ કસમયે આવો અયોગ્ય મોહ ઉત્પન્ન થયો છે. એ કીર્તિનો નાશ કરનાર તથા સ્વર્ગપ્રાપ્તિમાં અડચણરૂપ છે. માટે કાયર ન બન.'

'જે સુખદુઃખમાં સમાનભાવે રહે છે તે જ અમરત્વ પ્રાપ્ત કરે છે. અને તે જ મોક્ષનો અધિકારી થાય છે. જેનાથી જગત વ્યાપેલું છે તેને અવિનાશી સત્ સમજ. શરીર નાશવંત છે. આત્મા કોઈને નથી મારતો કે નથી કોઈથી મરાતો. તે તો જેમ મનુષ્ય જીર્ણ વસ્ત્રો ત્યજીને નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેમ જૂનાં શરીરો છોડીને નવાં શરીરોમાં જાય છે.'

'આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતો નથી કે પવન સૂકવી શકતો નથી. તે સર્વમાં સ્થિર, અચળ, સનાતન તથા અવિનાશી છે. જગતમાં જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત જ છે અને મરેલાનો જન્મ પણ નિશ્ચિત છે. આમાં ફેરફાર કરી શકાતો નથી.'

'ક્ષત્રિય માટે ધર્મયુક્ત યુદ્ધ અધિક કલ્યાણકારી છે. તું જો યુદ્ધમાં માર્યો જઈશ તો સ્વર્ગ પ્રાપ્ત કરીશ અને જીતીશ તો રાજ્ય ભોગવીશ. માટે હે કુંતીપુત્ર ! તું યુદ્ધ કરવા તત્પર થા. ભોગ અને ઐશ્વર્યમાં તન્મય

થઈ ગયેલાની બુદ્ધિ આત્મતત્ત્વમાં, સમાધિમાં સ્થિર થઈ શકતી નથી. તારો અધિકાર કર્મમાં છે, ફળ ઉપર નથી. સમતાપૂર્વક કર્મો કરવાં એ જ ખરી કાર્યકુશળતા છે. જ્યારે મનુષ્ય સર્વ કામનાઓને ત્યાગી દે અને આત્મસ્વરૂપમાં સંતુષ્ટ રહે છે, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.'

કર્મયોગ

અર્જુન બોલ્યો : 'હે ભગવાન! આપ તો જ્ઞાનને જ કર્મ કરતાં વધારે કલ્યાણકારી માનો છો. તેમ છતાં આપ મને આવા ઘોર કર્મમાં કેમ જોડો છો?'

શ્રીકૃષ્ણ બોલ્યા : 'કર્મ દરેકને કરવું પડે છે. કોઈ પણ મનુષ્ય એક ક્ષણ પૂરતો પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી. મારે ત્રણે લોકમાં કંઈ કરવાનું નથી, કંઈ મેળવવાનું પણ નથી છતાં હું કર્મ કરું છું.'

'અન્નથી પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, વરસાદથી અન્ન ઉત્પન્ન થાય છે. યજ્ઞથી વરસાદ થાય છે અને યજ્ઞ કર્મથી ઉત્પન્ન થાય છે. કર્મ વેદથી ઉત્પન્ન થાય છે અને વેદ પરમાત્માથી ઉત્પન્ન થાય છે. માટે પરમાત્મા યજ્ઞમાં સદા કાળ વસેલા છે.'

'આત્મામાં જ સંતુષ્ઠ રહેનારા મનુષ્યને કશું જ કરવાનું રહેતું નથી. જે મનુષ્ય આસક્તિ રહિત થઈને કર્મ કરે છે તે જ મોક્ષ પામે છે. સત્પરષો જેવાં આચરણ કરે છે તે આચરણનું અનુકરણ અન્ય લોકો કરે છે. માટે આચરણ સારાં જ કરવાં.'

'કામરૂપ અગ્નિ કદી સંતુષ્ટ થતો નથી. કામના આવરણથી જ્ઞાન ઢંકાઈ જાય છે. જ્ઞાનને ઢાંકી દઈને કામ જીવાત્માને મૂઢ બનાવી દે છે.'

'ઇન્દ્રિય, મન અને બુદ્ધિ એ વિષયવાસનાનાં અધિષ્ઠાન છે. તે ઇન્દ્રિય આદિના વ્યાપ વડે જ્ઞાનને આચ્છાદિત કરી જીવને મોહિત કરી દે છે.'

'શરીરથી ઇન્દ્રિયો પર છે, ઇન્દ્રિયોથી મન પર છે, મનથી બુદ્ધિ પર છે અને બુદ્ધિથી આત્મા પર છે. માટે આત્માને બુદ્ધિથી પર જાણી બુદ્ધિના ઉપયોગથી મનને વશ કરી કામરૂપી શત્રુનો તું નાશ કરી દે.'

જ્ઞાન-કર્મસંન્યાસયોગ

ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા : 'મેં સૂર્યને બ્રહ્માપર્ણ યોગ કહ્યો હતો.'
અર્જુને શંકા વ્યક્ત કરતાં કહ્યું : 'સૂર્ય તો તમારી અગાઉ જન્મેલા.

તેમને તમે યોગ કેવી રીતે કહ્યો?'

શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા : 'મારા અને તારા ઘણા જન્મો થઈ ગયા છે. એ જન્મોની સર્વ હકીકત હું જાણું છું પણ તું જાણતો નથી. ઈશ્વર અજન્મા હોવા છતાં પોતાની માયા વડે અવતાર ધારણ કરે છે. જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હું અવતાર લઉં છું. સત્પુરુષોનાં રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના કરવા માટે હું યુગે યુગે અવતાર ધારણ કરું છું.'

જે ઇચ્છાથી મનુષ્યો ઈશ્વરને શરણે જાય છે, તેઓને ઈશ્વર તે પ્રકારનું ફળ આપે છે. ભગવાનને કર્મફળની સ્પૃહા ન હોવાથી તેમને કર્મો સ્પર્શી શકતાં નથી. મનુષ્યે ફળની ઇચ્છા રાખ્યા વિના કર્મો કરવા જોઈએ. તો તે તેને સ્પર્શતા નથી. યજ્ઞ કરતાં વધેલું અન્ન અમૃતરૂપ ગણાય છે. તેને આરોગનાર સનાતન બ્રહ્મને પામે છે. જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને બાળીને ભસ્મ કરી દે છે. શ્રદ્ધાળુ મનુષ્યને જ્ઞાનપ્રાપ્તિ થાય છે અને જે જ્ઞાની હોય છે તેને સદાય શાંતિ પ્રાપ્ત થાય છે.

'જ્ઞાનના જેવું બીજું કાઈ પણ પવિત્ર આ સંસારમાં નથી. તે જ્ઞાન મેળવીને આત્મામાં એકાગ્રતા સિદ્ધ કરીને જ્ઞાની પુરુષ સમય જતાં આત્મામાં એકાકાર થઈ જાય છે. જેણે આત્માના એકાગ્રતારૂપી યોગથી કર્મફળ ત્યજી દીધાં છે તેની શંકાઓ જ્ઞાનની પ્રાપ્તિથી દૂર થઈ જાય છે અને એવા આત્મજ્ઞાની પુરુષને તેનાં કર્મોનું બંધન થતું નથી.'

કર્મસંન્યાસયોગ

શ્રીકૃષ્ણ બોલ્યા : 'જે મનુષ્ય રાગદ્વેષથી મુક્ત છે તે જન્મમરણનાં બંધનમાંથી છૂટે છે. મનુષ્ય 'જ્ઞાન' અને 'કર્મ' બંનેમાંથી ગમે તે એકનું પણ આચરણ કરે તો તેને અવશ્ય ફળપ્રાપ્તિ થાય છે. જ્ઞાનયોગ કરતાં કર્મયોગ સરળ છે.'

'જેણે મનને વશ કર્યું છે, ઇન્દ્રિયોને વશ કરી છે તે મનુષ્ય કર્મ કરવા છતાં લેપાતો નથી. તત્ત્વજ્ઞાની કર્મો કરે છે પરંતુ તે એમ માને છે કે, હું કાંઈ જ કરતો નથી.'

પરમેશ્વર પ્રાણીઓના કર્તાપણાને, કર્મોને કે કર્મોના ફળને સર્જતા નથી, પણ સ્વાભાવિક જ એ પ્રવૃત્તિ થયા કરે છે. જેઓ સર્વ પ્રાણીઓના હિત-કલ્યાણ માટે સદા તત્પર રહે છે તેઓ અવશ્ય મોક્ષ પામે છે.

'જે પુરુષ બધાં કર્મો આસક્તિ છોડીને પરમાત્માને અર્પણ કરે છે

તે પુરુષ ક્યારેય પાપથી લેપાતો નથી. કર્મયોગી કર્મના ફળની ઇચ્છા રાખતો નથી, એટલે તેને મોક્ષરૂપ શાંતિ પ્રાપ્ત થાય છે પરંતુ જેઓ કર્મના ફળમાં આસક્ત હોય છે તે બંધનમાં પડે છે.'

'ઇચ્છા, ભય અને ક્રોધને તજનાર મનુષ્ય મુક્ત જ છે.'

'સર્વવ્યાપી પરમાત્મા કોઈનું પાપ કે પુણ્ય લેતા નથી. જેઓ જ્ઞાનમાં એકરૂપ થઈ જાય છે, તેઓનો જન્મ-મરણનો ફેરો ટળી જાય છે.'

'જ્ઞાનીઓ બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો કે ચાંડાલને સમાન ભાવે જુએ છે. જ્ઞાનથી સમભાવ પેદા થાય છે કારણ કે બ્રહ્મ સર્વત્ર અને સમાન છે. આથી જ્ઞાનીમાં સમભાવ આવે છે અને તે જ મોક્ષનો અધિકારી બને છે.'

'જે મનુષ્ય દેહાંત થતાં સુધી કામ અને ક્રોધના આવેશને સહન કરવા શક્તિમાન છે તે જ ખરો યોગી છે.'

આત્મસંયમયોગ

'જે કર્મફળની ઇચ્છા નથી રાખતો, તેવો પુરુષ યોગી છે. જે કામના અને રાગ ન છોડે તે યોગી થઈ શકે નહિ.'

'આત્મા વડે જ મનુષ્ય આત્માનો ઉદ્ધાર કરી શકે છે. મનુષ્ય પોતે જ પોતાનો મિત્ર અને દુશ્મન છે.'

'વાયુરહિત સ્થળમાં રહેલા દીવાની જ્યોત સ્થિર રહે છે તેમ સમાધિસ્થ યોગીનું મન સ્થિર રહે છે. તે જરાયે ડગતું નથી. યોગી સમાન ભાવ અને દૃષ્ટિવાળા હોવાથી સર્વ જીવોમાં પોતાને અને પોતાનામાં સર્વ જીવોને રહેલા જુએ છે.'

'જે સર્વત્ર મને જુએ છે અને સર્વને મારામાં જુએ છે તેનાથી હું છૂપો રહી શકતો નથી અને તે પણ મારાથી ગુપ્ત રહેતો નથી. મન એટલું બધું ચંચળ છે કે તેને વશ કરવાનું કામ મહા મુશ્કેલ છે. મનને અભ્યાસ અને વૈરાગ્ય વડે વશ કરી શકાય છે.'

'કાળજીથી યત્ન કરતો, નિષ્પાપ અને લોકજન્મે સિદ્ધ થયેલા યોગી તે પછી પરમ ગતિને પામે છે.'

'સર્વ યોગીઓમાં પણ જે પૂર્ણ શ્રદ્ધાવાળા મારામાં જોડાયેલા અંતઃકરણ વડે મને ભજે છે તેને મેં શ્રેષ્ઠ યોગારૂઢ માન્યો છે.'

'ચંચળ મનને અભ્યાસથી સ્થિર કરી શકાય છે. જે મનને સ્થિર કરી યોગમાં પ્રયત્નશીલ રહે છે, તે યોગમાં ઉત્તીર્ણ બને છે. સાધક 'યોગ' અને સિદ્ધિથી ભ્રષ્ટ થયેલો હોય તો પણ તે ખરાબ ગતિને પામતો નથી. કારણ

કે તેણે શુભ કાર્ય કરેલું છે. અને શુભ કર્મ કરનારની ક્યારેય દુર્ગતિ થતી નથી. તે ફરી યોગમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા યત્ન કરે છે. તેને યોગસિદ્ધિ જલદી પ્રાપ્ત થાય છે.'

'જે યોગી પરમાત્મામાં ઓતપ્રોત બની પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા રાખે છે તે સર્વશ્રેષ્ઠ યોગી છે.'

જ્ઞાનવિજ્ઞાનયોગ

શ્રીકૃષ્ણ કહે છે, 'જ્ઞાનયોગ જાણ્યા પછી આ લોકમાં બીજું વિશેષ જાણવા જેવું બાકી રહેતું નથી.'

'હજારો મનુષ્યોમાં કોઈ કોઈ જ મને સત્યરૂપે જાણે છે. સમગ્ર જગતનો ઉત્પન્નકર્તા ને સંહારકર્તા હું જ છું.'

'હે ધનંજય! આ સર્વ જગત માળામાંના મણકાઓના સમૂહ પેઠે મારામાં પરોવાયેલું છે. મારી આ ગુણમયી દૈવી માયા ઓળંગવી મુશ્કેલ છે; જેઓ મારે શરણે આવે છે, તેઓ આ માયાને ઓળંગી શકે છે.'

'હે ભરતશ્રેષ્ઠ! ચાર પ્રકારના એટલે કે આર્ત, જિજ્ઞાસુ, ધનની ઇચ્છાવાળા અને જ્ઞાની, આ ચાર પ્રકારના મનુષ્યો મને ભજે છે.'

'બહુ જન્મોને અંતે 'આ બધું વાસુદેવરૂપ જ છે' એવા જ્ઞાનવાળા જ્ઞાની મને પામે છે. તે મહાત્મા અતિ દુર્લભ છે.'

'જે જે ભક્ત જે જે સ્વરૂપને શ્રદ્ધાથી પૂજવા ઇચ્છે છે, તેને તે દેવતા પ્રત્યે હું સ્થિર કરું છું. તેનું આરાધન કરનાર તેને પામે છે. પણ મારો ભક્ત મને જ પામે છે. ભવિષ્યકાળનાં ભૂતોને-પ્રાણીઓને હું જાણું છું, પરંતુ મને કોઈ જાણતું નથી.'

'હે ભરતવંશી! ઇચ્છા અને દ્વેષને લીધે સર્વ પ્રાણીઓ સૃષ્ટિમાં અત્યંત મોહ પામે છે. તો પણ જે પુણ્યશાળી જીવાત્માઓનું પાપ નાશ પામ્યું હોય છે તેઓ રાગદ્વેષના મોહથી છૂટી નિરંતર મને એટલે કે પરમાત્માને જ ભજે છે.'

જે મનુષ્ય મારા સચ્ચિદાનંદ સ્વરૂપને જાણે છે તે મારામાં પોતાને સ્થિર કરે છે. અંત સમયે પણ તે મારામાં જ સ્થિર હોય છે અને મૃત્યુ પછી મને જ પામે છે.

અક્ષરબ્રહ્મયોગ

'જેનો ક્યારેય નાશ નથી થતો એવા સચ્ચિદાનંદઘન પરમાત્મા બ્રહ્મ છે અને તેમના સ્વરૂપને અધ્યાત્મ કહેવામાં આવે છે તથા ભૂતોના

ભાવને ઉત્પન્ન કરનારાં, શાસ્ત્રમાં દર્શાવેલાં યજ્ઞ, દાન અને હોમ આદિ નિમિત્તે જે દ્રવ્યાદિઓને ત્યાગે છે, એ કર્મ નામથી ઓળખાય છે.'

'ઉત્પત્તિ અને નાશ કરનાર તત્ત્વ અધિભૂત છે. ચૈતન્ય પુરુષ અધિદૈવ છે અને હું જ દેહમાં રહેનાર અધિયજ્ઞ છું.'

'અંતકાળે મારું સ્મરણ કરતાં કરતાં જે જીવાત્મા દેહ છોડે છે એ મારા સ્વરૂપને પ્રાપ્ત કરે છે.'

'અભ્યાસ યોગથી યુક્ત અને બીજે ન જનાર ચિત્ત વડે ચિંતન કરતો મનુષ્ય પરબ્રહ્મને પામે છે.'

'જે મનુષ્ય 'ૐ' એવા એકાક્ષરરૂપ બ્રહ્મનું ઉચ્ચારણ કરતાં અને મારું સ્મરણ કરતાં દેહ ત્યજી મહાપ્રયાણ કરે છે તે પરમ ગતિને પામે છે. મને પામીને પરમ સિદ્ધિને પ્રાપ્ત થયેલા મહાત્માઓ દુઃખના સ્થાનરૂપ અને અશાશ્વત એવા પુનર્જન્મને પામતા નથી.'

'બ્રહ્મલોક સુધીના સર્વ લોકોને પામનાર જીવને ફરી વાર સંસારમાં અવતરવું પડે છે પણ મને પામનારનો ફરી જન્મ થતો નથી. સકામ વૃત્તિવાળો સંશયી જીવ મરણ પછી કામનાઓને લઈને ફરી જન્મ ધારણ કરે છે.'

'યોગી પુરુષ આ રહસ્યને તત્ત્વથી જાણી લઈને વેદો ભણવામાં તથા યજ્ઞ, દાન અને તપ વગેરે કરવામાં જે પુણ્ય ફળ કહેલું છે તે બધાને નિઃસંદેહ ઉલ્લંઘી જાય છે અને સનાતન પરમપદ પામે છે.'

રાજવિદ્યા-રાજગુહ્યયોગ

'સર્વ પ્રાણીઓ-ભૂતો મારામાં રહેલાં છે પણ તેઓમાં હું રહેલો નથી. કલ્પના આરંભમાં હું તેમને ફરી પાછા ઉત્પન્ન કરું છું.'

'પોતાની ત્રિગુણમયી માયાને અંગીકાર કરીને સ્વભાવને કારણે પરતંત્ર બનેલા એ સઘળા ભૂત સમુદાયને હું એમના કર્માનુસાર વારંવાર રચું છું.'

'વૃથા આશા, વૃથા કર્મ અને વૃથા જ્ઞાનવાળા અજ્ઞાનીજનો, અસુરો અને રાક્ષસોના જેવા મોહમાં ફસાનારા તામસી સ્વભાવને ધારણ કરનારા હોય છે. પરંતુ હે અર્જુન! જે દૈવી પ્રકૃતિનો આશ્રય લેનારા ભક્તજનો છે તે તો મને નાશરહિત અક્ષરસ્વરૂપ જાણી અનન્ય ભાવથી નિરંતર ભજે છે.'

'હું જ આ સઘળા જગતનો ધાતા એટલે કે ધારણપોષણ કરનારો,

કર્મોનું ફળ આપનારો તેમજ માતા-પિતા અને પિતામહ છું. જાણવાયોગ્ય પવિત્ર ૐકાર તથા ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ પણ હું જ છું.'

'હું સૂર્ય બનીને તપું છું તથા વરસાદનું આકર્ષણ કરું છું. હું જ વરસાદ વરસાવું છું. હે અર્જુન! હું જ અમૃત અને મૃત્યુ તથા સત્ અને અસત્ સર્વ છું.'

'હે અર્જુન! મારાં પૂજનમાં એ સુગમતા છે કે પત્ર, પુષ્પ, જળ, ફળ, ઇત્યાદિ જે કોઈ ભક્ત પ્રેમથી મને અર્પણ કરે છે એ સર્વને હું સગુણરૂપે પ્રગટ થઈને સ્વીકારું છું.'

'હે અર્જુન! તું જે કર્મ કરે, તપ કરે, ખાય-પીએ એ સર્વ મને અર્પણ કર. આથી તું કર્મબંધનથી મુક્ત બની મને પામશે.'

વિભૂતિયોગ

'મહર્ષિઓ કે દેવતાઓ મારા પ્રભાવને જાણતા નથી, કેમકે જ્ઞાન તથા શક્તિ આદિનું મૂળ કારણ હું છું.'

'જે મનુષ્ય મને અજન્મા અને સર્વ લોકનો સ્વામી જાણે છે તે સઘળાં પાપોથી મુક્ત થઈ જાય છે. પ્રાણીઓનાં જ્ઞાન, બુદ્ધિ, સુખ, દુઃખ, સ્વસ્થતા, અસ્વસ્થતા, ભય-અભય વગેરે ભાવો મારાથી જ થાય છે. મહર્ષિઓ, સનકાદિકો અને મનુઓ બધા મારા મનથી ઉત્પન્ન થયેલા છે, તેઓની પ્રજા પણ મારી જ છે.'

'હું સર્વ ઉત્પત્તિનું કારણ છું એમ સમજી જ્ઞાનીજનો નિરંતર પ્રેમપૂર્વક મને ભજે છે અને મારું સ્મરણ કરે છે. જ્ઞાનદીપ દ્વારા હું જ્ઞાનીઓના-પંડિતોના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરું છું.'

અર્જુન ભગવાનને કહે છે : 'આપ પરબ્રહ્મ, પરમધામ અને પરમ પવિત્ર છો. હે ભગવાન! આપનું સ્વરૂપ દેવતા અને દાનવ પણ જાણતા નથી. હે પુરુષોત્તમ! આપ આપને આપના જ જ્ઞાન વડે કરીને આપ જ પોતાને જાણો છો. આપ જ આપની સર્વ વિભૂતિઓ જણાવી શકો તેમ છો.'

હે પરંતપ ! મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી. આ વિભૂતિઓનો વિસ્તાર તો મેં સંક્ષેપરૂપે કહ્યો છે.

જે જે વસ્તુ ઐશ્વર્યવાળી, શોભાવાળી અથવા બળ કે પ્રભાવવાળી હોય, તે તે મારા તેજના અંશથી જ ઊપજેલી તું જાણ.

'હે અર્જુન! જે વિભૂતિયુક્ત, ઐશ્વર્યયુક્ત અને કાંતિયુક્ત છે તે સર્વ

મારા તેજની અભિવ્યક્તિ છે. એ બધું જાણવા કરતાં તું એટલું જાણી લે કે હું આખા જગતને મારી યોગશક્તિના એક અંશથી ધારણ કરી રહ્યો છું.'

વિશ્વરૂપદર્શનયોગ

શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને પરમ આધ્યાત્મિક રહસ્ય, અતિ ગુપ્તજ્ઞાન કહ્યું એથી અર્જુનનો મોહ ટળી ગયો.

અર્જુન કહે : 'હે કેશવ! તમારું ઈશ્વરસ્વરૂપ જોવાની મને ઇચ્છા છે.'

ભગવાન કહે : 'તું મને સ્થૂળ ચક્ષુથી એ સ્વરૂપને જોઈ નહિ શકે, માટે હું તને દિવ્ય ચક્ષુ આપું છું. તે વડે તું મને જો.'

આમ કહીને શ્રીકૃષ્ણે અર્જુનને દિવ્ય દૃષ્ટિ આપી. અર્જુને જોયું તો આકાશમાં હજારો સૂર્યો એકી સાથે ઉદય પામ્યા હોય તેવું તેજ વિશ્વસ્વરૂપ પરમાત્માનું હતું.

દેવોના દેવ શ્રીકૃષ્ણના શરીરમાં સર્વ દેવોના, સર્વ પ્રાણીઓના સમૂહોના, મહાદેવના, કમળના આસન પર બેઠેલા બ્રહ્મા ને સર્વ ઋષિઓનાં અર્જુનને દર્શન થાય છે.

વિશ્વરૂપ દર્શનમાં ભગવાન મુકુટવાળા, ગદાવાળા, ચક્રવાળા, અતિશય કાંતિમાન, હજારો હાથવાળા, હજારો મસ્તકવાળા, હજારો ઉદરવાળા, આદિ, મધ્ય અને અંત વગરના દશ્યમાન હતા. તેમનાથી પૃથ્વી, આકાશ અને દિશાઓ વ્યાપ્ત થઈ રહ્યાં હતાં.

પછી શ્રીકૃષ્ણ ભગવાન કહે છે : 'હું તેઓનો સંહાર કરવા અહીં ઉપસ્થિત થયો છું. હું તે લોકોનો કાળ છું. માટે હે અર્જુન! તું હવે મોહ ત્યજીને ઊઠ અને શત્રુઓ પર વિજય મેળવી સમૃદ્ધિવાળું રાજ્ય ભોગવ.'

અર્જુન કહે : 'હે પ્રભુ! આપનું વિરાટ સ્વરૂપ જોઈ હું ભયભીત થઈ ગયો છું. માટે આપ પહેલાંના સ્વરૂપે, મુકુટધારી, ગદાધારી, ચક્રધારી, મનુષ્ય સ્વરૂપે પ્રકટ થાઓ.'

શ્રીકૃષ્ણે પાછું પોતાનું માનવરૂપ ધારણ કરી અર્જુનને કહ્યું : 'હે પાર્થ! દેવોને દુર્લભ આ સ્વરૂપ મારા ભક્તો જ જોઈ શકે છે.'

ભક્તિયોગ

'ઉત્તમ કોણ? સગુણરૂપ પરમેશ્વરની ઉપાસના કરનાર? કે જે અવિનાશી સચ્ચિદાનંદઘન નિરાકારની ઉપાસના કરે છે તે?' એવો પ્રશ્ન

અર્જુને કર્યો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું.

ઇન્દ્રિયો જેના સંયમમાં છે, જે સમભાવી અને સર્વે કલ્યાણના કામમાં લાગેલા રહે છે અને જે મારા નિરાકાર, નિર્વિકાર, અવ્યક્ત, અવિનાશી સ્વરૂપ બ્રહ્મની ઉપાસના કરે છે તેઓ પણ મને જ પ્રાપ્ત થાય છે પરંતુ દેહધારીઓથી અવ્યક્ત સ્વરૂપની ગતિ મુશ્કેલીથી મેળવાય છે. અને નિર્ગુણ સ્વરૂપમાં ચિત્ત જોડનારાઓને કષ્ટ વધારે રહે છે. જેથી હે પાર્થ 'જે ભક્ત નિરંતર મારા ધ્યાનમાં મગ્ન રહે છે, મારા સગુણરૂપ પરમેશ્વરને ભજે છે તેને હું ઉત્તમ યોગી માનું છું.'

'મારામાં ચિત્તને લગાડનાર પ્રેમી ભક્તોનો હું તરત જ મૃત્યુરૂપ સંસારસમુદ્રમાંથી ઉદ્ધાર કરું છું. માટે હે અર્જુન! તું મારામાં મન અને બુદ્ધિને સ્થિર કર. એટલે તું મને પામીશ. તું એમ કરવા સમર્થ નહિ હોય તો તું અભ્યાસરૂપ યોગ દ્વારા મને પ્રાપ્ત કરવાની ઇચ્છા કર. અભ્યાસમાં પણ તું જો અસમર્થ હોય તો મારા માટે કર્મ કરવા તત્પર થા. તો પણ તું સિદ્ધિ પામીશ. જો એ કરવા પણ તું અશક્ત હોય તો મારા યોગનો આશ્રય લઈ, વશ કરેલા ચિત્તવાળો થઈ સર્વ કર્મફળનો ત્યાગ કર. ધ્યાન કરતાં સર્વ કર્મનાં ફળનો ત્યાગ શ્રેષ્ઠ છે, અને ત્યાગથી જ શાંતિ પ્રાપ્ત થાય છે.

'જે હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, ઉદ્વેગ કરતો નથી, સુખ-દુઃખને સમાન માને છે; ભય, ગભરાટ અને કંટાળા વિનાનો છે અને શુભ-અશુભ ત્યજનાર તથા ભક્તિવાળો હોય છે તે મને પ્રિય છે. જેઓ શ્રદ્ધાવાળા અને મારા પરાયણ હોય તથા આ ધર્મરૂપ અમૃતને જેમ કહ્યું છે તેમ બરાબર સેવે છે તે ભક્તો મને અત્યંત પ્રિય છે.'

ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞવિભાગયોગ

'આ શરીર 'ક્ષેત્ર' કહેવાય છે. અને એને જે જાણે છે તેને 'ક્ષેત્રજ્ઞ' કહે છે. સર્વ ક્ષેત્રમાં ક્ષેત્રજ્ઞ પણ તું મને જાણ અને ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન છે તે જ ખરું જ્ઞાન છે.'

'જે કંઈ સ્થાવરજંગમ પ્રાણી ઉત્પન્ન થાય છે તે 'ક્ષેત્ર' અને 'ક્ષેત્રજ્ઞ'ના સહયોગથી જન્મે છે એમ તું જાણ.'

'તે ક્ષેત્ર અહંકાર, બુદ્ધિ, સુખ, દુઃખ, ચૈતન્ય, ધીરજ, ઇત્યાદિ વિકારોવાળું છે. અનાદિ પરબ્રહ્મને 'સત્' કે 'અસત્' કહી શકાતા નથી. જે જ્ઞેય જાણવાયોગ્ય છે અને જેને જાણીને મનુષ્ય મોક્ષ પામે છે તે હું

કહું છું. તે અનાદિ પરબ્રહ્મ છે અને તે સત્ કે અસત્ કહેવાતા નથી.'

'તેમને સર્વ તરફ હાથ-પગ છે, સર્વ તરફ નેત્ર, મસ્તક અને મુખ છે. તેમને સર્વ બાજુ કાન છે અને ત્રણે લોકમાં સર્વને વ્યાપીને તે રહે છે. તે સર્વ ઇન્દ્રિયો તથા વિષયોરૂપે ભાસે છે છતાં સર્વ ઇન્દ્રિયોથી રહિત છે. તે આસક્તિરહિત, સર્વનું ધારણ-પોષણ કરનાર અને ગુણોરહિત છે છતાં ગુણોના ભોક્તા છે.'

'પ્રકૃતિ અને પુરુષ એ બંનેને પણ તું અનાદિ જાણ. રાગદ્વેષાદિ વિકારો તથા સત્ત્વાદિ ગુણોને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા જાણ. જે મનુષ્ય સર્વ પ્રકારનાં કર્મોને પ્રકૃતિ વડે જ કરાતા જુએ છે અને આત્માને અકર્તા જુએ છે તે જ સાચું જુએ છે. જ્યારે પ્રાણીઓના અલગપણાને એક પરમાત્મામાં રહેલ જુએ છે અને તેથી જ વિસ્તાર થયેલ જુએ છે, ત્યારે તે બ્રહ્મરૂપ થાય છે. હે ભરતવંશી! જેમ સૂર્ય આ સર્વ લોકને પ્રકાશમય કરે છે તેમ આત્મા સમગ્ર શરીરને પ્રકાશમય કરે છે.'

ગુણત્રયવિભાગયોગ

'જેઓ પરમ જ્ઞાન પ્રાપ્ત કરી ચૂકયા છે તેવા, મારી સમાનતા પામેલા મુનિઓ સૃષ્ટિ સમયે જન્મતા નથી અને પ્રલયકાળે વ્યાકુળ પણ બનતા નથી.'

'મહદ્ બ્રહ્મ-પ્રકૃતિ, એટલે મારી યોનિ પ્રવેશસ્થાન છે, તેમાં હું ગર્ભ મૂકું છું. તેથી સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે.'

'સત્ત્વગુણ નિર્મળ હોવાથી પ્રકાશક અને નિર્દોષ છે. તે સુખ તથા જ્ઞાનના સંગ વડે જીવને બાંધે છે. તૃષ્ણા અને આસક્તિથી ઉત્પન્ન થતા રજોગુણને તું રાગરૂપ જાણ. તે જીવને કર્મ વડે બાંધે છે. સર્વ જીવોને મોહમાં ફસાવનારો તમોગુણ છે અને તેને અજ્ઞાનથી જ ઊપજેલો જાણ. જીવને તે અસાવધતા, આળસ તથા નિદ્રામાં બાંધે છે.'

'હે અર્જુન! આ દેહ વિષે સર્વ ઇન્દ્રિયો દ્વારા જે વખતે પ્રકાશ ઉત્પન્ન થાય છે તે વખતે સત્ત્વગુણ વૃદ્ધિ પામ્યો છે એમ તારે જાણવું.'

'સારા કર્મોનું ફળ સાત્ત્વિક અને નિર્મળ હોય છે, રજોગુણી કર્મોનું ફળ દુઃખ છે અને તમોગુણી કર્મોનું ફળ અજ્ઞાન છે. સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. રજોગુણથી લોભ ઉત્પન્ન થાય છે તથા તમોગુણથી મોહ, પ્રમાદ તેમ જ અજ્ઞાન ઉત્પન્ન થાય છે.'

'જે એકનિષ્ઠ ભક્તિયોગ વડે મને સેવે છે તે જ એ ગુણોને સારી

રીતે પાર કરીને બ્રહ્મરૂપ થવા યોગ્ય બને છે. કેમકે અવિનાશી અને નિર્વિકારી બ્રહ્મનું, શાશ્વત ધર્મનું તથા અનંત, અખંડ એકરસ સુખના આનંદનું આશ્રયસ્થાન પણ હું જ છું.'

પુરુષોત્તમયોગ

જેનું પરમાત્મારૂપ મૂળ ઉપર છે અને સૃષ્ટિરૂપ જેની શાખાઓ નીચે છે, છંદોબદ્ધ વેદ જેનાં પાંદડાં છે એવા આ સંસારને પીપળાનું વૃક્ષ કહ્યો છે. તેને જે જાણે છે તે વેદવેત્તા છે.

જેણે માન-મોહને ત્યજ્યાં છે, સંગદોષને ત્યજ્યો છે, જે નિરંતર અધ્યાત્મ અભ્યાસમાં લીન રહે છે, જેણે અન્ય કામનાઓને ત્યજી છે અને સુખ-દુઃખ આદિથી જે મુક્ત થયો છે તે આ અવિનાશી પદ સુધી પહોંચી શકે છે.

સૂર્યમાં રહેલું તેજ જે આખા જગતને અજવાળે છે અને જે તેજ ચંદ્રમા તથા અગ્નિમાં રહેલું છે તે તેજ મારું જ છે એમ જાણ.

'પૃથ્વીમાં પ્રવેશ કરી હું જ સર્વ પ્રાણીઓને મારા તેજ વડે ધારણ કરું છું તથા રસદાયક ચંદ્ર બનીને હું જ સર્વ વનસ્પતિઓને પોષું છું.'

'સર્વના હૃદયમાં સ્મૃતિ, જ્ઞાન અને તેનો અભાવ એ સર્વ મારા વડે જ થાય છે. વળી સર્વ વેદોમાં જે જાણવાયોગ્ય છે તે પણ હું જ છું. વળી વેદનો કર્તા તથા વેદવેત્તા પણ હું જ છું.'

'હું ક્ષરથી પર છું. અને અક્ષરથી પણ ઉત્તમ છું. માટે આ લોક વિષે તથા વેદ વિષે હું પુરુષોત્તમ એવાં નામ વડે પ્રખ્યાત છું.'

'હે ભારત! જે પુરુષ સંમોહથી રહિત છે અને પરમેશ્વરને આ રીતે પુરુષોત્તમ જાણે છે તે પુરુષ સર્વજ્ઞ થાય છે તથા ભક્તિયોગ કરીને મારું સેવન કરે છે.'

'હે ભારત! જે મનુષ્ય મોહત્યાગ કરીને મને આ પ્રમાણે 'પુરુષોત્તમ' સ્વરૂપે જાણે છે, તે સર્વજ્ઞ હોઈ મને સર્વ ભાવથી ઉપાસે છે.'

દૈવાસુરસંપદ્વિભાગયોગ

'અભય, ચિત્તની નિર્મળતા, તત્ત્વજ્ઞાન, અહિંસા, સત્ય, ધ્યાનમાં નિષ્ઠા અને દાન વગેરે ગુણો મનુષ્યને દૈવી સંપત્તિ તરફ વાળે છે.'

'હે પાર્થ! પાખંડ, ગર્વ, ક્રોધ, કઠોર વાણી તથા અજ્ઞાન મનુષ્યને આસુરી સંપત્તિ તરફ વાળે છે.'

'આ બેમાં દૈવી સંપત્તિ મોક્ષ આપે છે અને આસુરી સંપત્તિ બંધનમાં નાખે છે. આસુરી સંપત્તિના લોકો પ્રવૃત્તિ કે નિવૃત્તિને જાણતા નથી. તેઓમાં પવિત્રતા, સદાચાર અને સત્ય હોતાં નથી. તેઓ માત્ર કામનાઓ ભોગવવામાં જ આનંદ માને છે. તેઓ મરણ સુધી રહેનારી અપાર ચિંતાઓનો આશ્રય કરીને રહે છે. વિષયભોગ જ સુખ છે એમ માનનારા તેઓ આશારૂપી અનેક બંધનથી બંધાયેલા અને કામક્રોધનો આશ્રય કરીને વિષયભોગને માટે અન્યાયથી ધન આદિ પદાર્થોને મેળવવા ચેષ્ટા કરનારાં છે.'

વળી તેઓ વિચારે છે કે, 'મેં આજે આ મેળવ્યું અને હવે હું આ મનોરથ પામીશ. આ ધન મારું છે. વળી આ ધન પણ મારું થશે. આ શત્રુને મેં માર્યો, બીજાને પણ હું મારીશ. હું સમર્થ છું. હું સિદ્ધ છું, હું બળવાન છું, હું સુખી છું, ધનવાન છું. મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ, દાન કરીશ તથા આનંદ કરીશ. આવા અજ્ઞાનવાળા લોકો નરકમાં પડે છે. જે પુરુષ શાસ્ત્રવિધિને છોડીને ઇચ્છા મુજબ વર્તન કરે છે તે સિદ્ધિને પામતો નથી, સુખને પામતો નથી. કામ, ક્રોધ અને લોભ નરકનાં ત્રણ દ્વાર છે. માટે એ ત્રણનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. આ ત્રણ દ્વારોથી મુક્ત થઈને જ મનુષ્ય પોતાનું કલ્યાણ કરી મોક્ષ પામે છે.'

શ્રદ્ધાત્રયવિભાગયોગ

'દેહધારીઓમાં સ્વાભાવિક જ સાત્ત્વિક, રાજસી અને તામસી એ પ્રમાણે ત્રણ પ્રકારની શ્રદ્ધા રહેલી છે.'

'જેવી મનુષ્યના અંતઃકરણની શુદ્ધિ છે તેવી જ તેની શ્રદ્ધા હોય છે અને તે એવો જ થાય છે.'

'સાત્ત્વિક મનુષ્યો ઇન્દ્રાદિક દેવતાઓનું, રાજસી મનુષ્યો રાક્ષસોનું અને તામસી મનુષ્યો ભૂત-પ્રેતાદિકોનું પૂજન કરે છે.'

'રાજસી મનુષ્યોને કડવા, ખાટા, દુઃખ, શોક અને રોગ કરનારા આહાર પ્રિય હોય છે. તામસી મનુષ્યોને સ્વાભાવિક રસરહિત, દુર્ગંધવાળો, વાસી અને અપવિત્ર આહાર પ્રિય હોય છે.'

'જેઓ 'યજ્ઞ કરવો એ પોતાનું કર્તવ્ય છે' એમ સમજીને યજ્ઞ કરે છે તે સાત્ત્વિક વૃત્તિવાળા છે.'

'દેવ, બ્રાહ્મણ, આચાર્ય અને વિદ્વાન વગેરેનું જે પૂજન-પ્રદક્ષિણા અને નમસ્કાર આદિ કરે છે તે શારીરિક તપ કહેવાય છે.'

'કોઈને ઉદ્વેગ ન થાય, સત્યપ્રિય અને હિતકારી એવું ભાષણ તથા વેદાભ્યાસ એ વાણીનું તપ કહેવાય છે.'

'મનની પ્રસન્નતા, સંયમ અને હૃદયશુદ્ધિ એ માનસિક તપ કહેવાય છે.'

'કર્તવ્ય સમજીને શ્રદ્ધાપૂર્વક જે દાન અપાય છે તે સાત્ત્વિક દાન કહેવાય છે. ફળની આશા રાખીને અપાયેલું દાન રાજસી દાન કહેવાય છે. અને તિરસ્કારપૂર્વક કરવામાં આવતું દાન તામસી દાન કહેવાય છે.'

મોક્ષસંન્યાસયોગ

'યજ્ઞ, દાન અને તપ બધાં તો વિવેકીને - સમજુને પણ પાવન કરનારાં છે. દુઃખરૂપ સમજીને કાયાના કષ્ટના ભયથી જે કોઈ કર્મો ત્યજે તેનો ત્યાગ રાજસ હોઈને ત્યાગના ફળને પામતો નથી. હે અર્જુન! 'આ મારું કર્તવ્ય જ છે' એમ માની જે નિયત કર્મ, આસક્તિ તથા ફળ ત્યજીને કરાય છે, તે જ ત્યાગને સાત્ત્વિક માન્યો છે. કર્મફળનો ત્યાગ ન કરનારાઓને ઈષ્ટ, અનિષ્ટ અને મિશ્ર, એમ ત્રણ પ્રકારનાં કર્મનું ફળ મરણ પછી મળે છે, પરંતુ કર્મફળ ત્યજનારને કોઈ કાળે તે ફળ મળતું નથી.'

'ત્રણ પ્રકારનાં સુખ કહ્યાં છે. જે સુખમાં સાધક ભજન, ધ્યાન વગેરેના અભ્યાસથી આનંદ પામે છે અને દુઃખોના અંતને પામે છે, તે સુખ આત્મજ્ઞાનના પ્રસાદથી ઉત્પન્ન થાય છે, જે આરંભમાં ઝેર જેવું લાગે છે, પરંતુ પરિણામમાં અમૃત જેવું છે. વિષયો તથા ઇન્દ્રિયોના સંયોગથી જે સુખ થાય છે તે જોકે આરંભમાં અમૃત જેવું છે, પણ પછી વિષમય છે. તે સુખને રાજસ કહેલું છે. વળી નિદ્રા, આળસ અને પ્રમાદથી ઊપજેલું સુખ પરિણામમાં બુદ્ધિ ભમાવનારું છે અને અંતે દુઃખ આપનારું છે. તે સુખને તામસ કહેલું છે.'

'શમ, દમ, તપ, પવિત્રતા, જ્ઞાન - એ બ્રાહ્મણનાં કર્મો છે. શૌર્ય, તેજ, ધીરજ, ચતુરાઈ, દાન એ ક્ષત્રિયનાં કર્મો છે. ખેતી, ગાયોની રક્ષા અને વેપાર એ વૈશ્યના સ્વભાવથી થતાં કર્મો છે અને શૂદ્રનાં કર્મ સેવાચાકરી પણ સ્વાભાવિક છે.'

'જ્યાં શ્રીકૃષ્ણ ભગવાન છે અને જ્યાં ગાંડિવ ધનુષધારી અર્જુન છે ત્યાં લક્ષ્મી, વિજય, ઐશ્વર્ય અને અચળ નીતિ છે.'

ઐતિહાસિક મહાભારતના યુદ્ધનો આરંભ

યુદ્ધનો પ્રથમ દિવસ

સેનાપતિ ધૃષ્ટદ્યુમ્નના નેતૃત્વમાં પાંડવસેના પિતામહ ભીષ્મના નેતૃત્વવાળી કૌરવસેના સાથે યુદ્ધ કરવા માટે પ્રસન્નતાપૂર્વક આગળ આવ્યા. આ પ્રમાણે બંને સેનાઓમાં ઘોર યુદ્ધ થવા લાગ્યું. પાંડવોએ કૌરવોની સેના પર આક્રમણ કર્યું. આમ બંને સેનાઓ એકબીજા પર પ્રહાર કરવા લાગી. ભીમ વિકટરૂપ ધારણ કરીને આગળ વધવા લાગ્યા. તેના રૂપને જોઈને કૌરવોએ તેમને બાણોથી ઢાંકી દીધા. બંને પક્ષોમાં એકબીજા પર પ્રત્યંચાઓના ભીષણ ટંકારની સાથે આ પ્રથમ યુદ્ધ થયું. આમાં બંને પક્ષોના વીરોમાંથી કોઈએ પાછી પાની કરી નહિ.

ત્યાર પછી પિતામહ ભીષ્મ પોતાનું વિશાળ ધનુષ્ય લઈને અર્જુન ઉપર ઝપટ્યા અને પરમ તેજસ્વી અર્જુન પણ પોતાનું ગાંડિવ ધનુષ્ય ચડાવીને પિતામહ ભીષ્મ પર તૂટી પડ્યા. આ બંને કુરુવીર એકબીજાને મારવાની ઈચ્છાથી યુદ્ધ કરવા લાગ્યા. પિતામહ ભીષ્મે અર્જુનને વીંધી નાખ્યો છતાં તેઓ સહેજ પણ વિચલિત ન થયા.

આ જ સમયે સાત્યકિએ કૃતવર્મા પર આક્રમણ કર્યું. તેમનું પણ યુદ્ધ ભીષણ અને રોમાંચકારી હતું. ધનુર્ધર બૃહદ્બલ સાથે અભિમન્યુ લડી રહ્યો હતો. તેણે અભિમન્યુના રથની ધજાને કાપી નાખી અને સારથિને મારી નાખ્યો. આથી અભિમન્યુ ભારે ક્રોધિત થયો. તેણે બાણ મારીને બૃહદ્બલને વીંધી નાખ્યો તથા બે બાણો મારીને એકથી ધજા અને બીજાથી સારથિ અને ચક્રના રક્ષકને મારીને પાડી દીધા. ભીમનું દુર્યોધન સાથે યુદ્ધ થઈ રહ્યું હતું. આ બંને યોદ્ધાઓ એકબીજા પર બાણવર્ષા કરી રહ્યા હતા. આ જ સમયે દુઃશાસન અને નકુલ તથા દુર્મુખે સહદેવ પર હુમલો કર્યો અને બાણોની વર્ષા કરવા માંડ્યા. ત્યારે સહદેવે એક તીક્ષ્ણ બાણ છોડીને તેના સારથિને મારી નાખ્યો. મહારાજ યધિષ્ઠિર શલ્યની સામે આવ્યા. શલ્યે તેમના ધનુષ્યના બે ટુકડા કરી નાખ્યા. ધર્મરાજે તરત જ બીજું ધનુષ લઈને તેમને બાણોથી ઢાંકી દીધા. ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્યની સામે આવ્યા. દ્રોણાચાર્યે ક્રોધિત થઈને તેના ધનુષ્યના ત્રણ ટુકડા કરી નાખી તેને ભીષણ બાણ માર્યું, જે તેના શરીરમાં ઘૂસી ગયું. ત્યારે ધૃષ્ટદ્યુમ્ને બીજું ધનુષ્ય લઈને ચૌદ બાણ છોડ્યાં અને દ્રોણાચાર્યને વીંધી

નાખ્યા. આ પ્રમાણે બંને વીર ક્રોધિત થઈને ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. શંખે સોમદત્તના પુત્ર ભૂરિશ્રવા પર હુમલો કર્યો. રાજા બાહ્લિકને યુદ્ધમાં જોઈને ચેદિરાજ ધૃષ્ટકેતુ સામે આવ્યો અને સિંહની જેમ ગર્જના કરીને તેમના પર બાણ વરસાવવા લાગ્યો. તેને બાણ મારીને રાજા બાહ્લિકને વીંધી નાખ્યા. પછી તે બંને વીરો ક્રોધ કરીને ગર્જના કરીને એકબીજા સાથે લડવા લાગ્યા. રાક્ષસરાજ અલમ્બુષની સાથે ઘટોત્કચ લડવા લાગ્યો. ઘટોત્કચે તેને વીંધી નાખ્યો. મહાબલિ શિખંડીએ અશ્વત્થામા પર આક્રમણ કર્યું. સેનાપતિ વિરાટ ભગદત્ત સાથે લડવા લાગ્યા અને તેમનું ઘોર યુદ્ધ થયું. આચાર્ય કૃપે બૃહત્ક્ષત્ર પર હુમલો કર્યો અને પોતાના બાણોથી તેમને ઢાંકી દીધા. તે બંનેએ એકબીજાના ઘોડાઓને મારીને તેમનાં ધનુષ્ય કાપી નાખ્યા. રાજા દ્રુપદે જયદ્રથ પર આક્રમણ કર્યું. જયદ્રથે ત્રણ બાણ છોડીને તેમને ઘાયલ કરી દીધા. વિકર્ણે સુતસોમ પર હુમલો કર્યો. મહારથી ચેકિતાન સુશર્મા પર ચડી આવ્યા પરંતુ સુશર્માએ ભીષણ બાણવર્ષા કરીને તેમને આગળ વધતાં અટકાવી દીધા. ત્યારે ચેકિતાને રોષે ભરાઈને બાણોથી તેમને ઢાંકી દીધા. શકુનિએ પ્રતિવિન્ધ્ય પર આક્રમણ કર્યું. સહદેવના પુત્ર શ્રુતકર્માએ કામ્બોજ મહારથી સુદક્ષિણ પર હુમલો કર્યો. સુદક્ષિણે તેને બાણોથી વીંધી નાખ્યો તો પણ તે ડગ્યો નહિ. પછી તે ક્રોધિત થઈને ઘોર યુદ્ધ કરવા લાગ્યો. અર્જુનનો પુત્ર ઇરાવાન શ્રુતાયુની સામે આવ્યો અને તેના ઘોડાઓને મારી નાખ્યા. તેથી શ્રુતાયુ કોપાયમાન થઈને પોતાની ગદાથી ઇરાવાનના ઘોડાને મારી નાખ્યા અને તે બંને યુદ્ધ કરવા લાગ્યા. મહારથી કુન્તિભોજ સાથે અવન્તિરાજ વિન્દ અને અનુવિન્દનો સંઘર્ષ થયો. તેઓ પોતપોતાની વિશાળ સેનાઓ સાથે સંગ્રામ કરી રહ્યા હતા. અનુવિન્દે કુન્તિભોજને ગદા મારી અને કુન્તિભોજે તેમને બાણોથી વીંધી દીધા. કુન્તિભોજના પુત્રએ વિન્દને વ્યથિત કરી દીધો. કેકયદેશના પાંચ રાજપુત્રો ગાંધારદેશના પાંચ રાજકુમારો સાથે લડવા લાગ્યા. સાથે સાથે તે બંને દેશની સેનાઓ પણ યુદ્ધ કરવા લાગી. વીરબાહુ રાજા વિરાટના પુત્ર ઉત્તર સાથે લડવા લાગ્યો. ચેદિરાજે ઉલૂક પર હુમલો કર્યો. આ રીતે બંને સેનાઓ વચ્ચે ભીષણ યુદ્ધ થવા લાગ્યું.

તે સંગ્રામભૂમિમાં લાખો પાયદળો મર્યાદા મૂકીને યુદ્ધ કરી રહ્યા હતા. ત્યાં પિતા પુત્ર તરફ કે પુત્ર પિતા તરફ જોતો ન હતો. આ પ્રમાણે

તે યુદ્ધ મર્યાદાહીન અને અત્યંત ભયાનક થઈ ગયું. ત્યારે પિતામહ ભીષ્મને સામે આવેલા જોઈને પાંડવસેના ધ્રૂજી ઉઠી.

અભિમન્યુ, ઉત્તર અને શ્વેતનું યુદ્ધ, ઉત્તર અને શ્વેતનો વધ

દુર્યોધનની પ્રેરણાથી દુર્મુખ, કૃતવર્મા, કૃપ, શલ્ય અને વિવિંશતિ પિતામહ ભીષ્મ પાંડવો સામે યુદ્ધ કરવા આવ્યા. આ પાંચ અતિરથીઓથી સુરક્ષિત થઈને તેઓ પાંડવોની સેનામાં ઘૂસવા લાગ્યા. આ જોઈને ક્રોધાતુર અભિમન્યુ પોતાના રથ પર ચડીને પિતામહ ભીષ્મ અને તે પાંચ મહારથીઓની સામે આવીને ભીડવા લાગ્યો. તેણે એક તીક્ષ્ણ બાણ વડે પિતામહ ભીષ્મની તાડના ચિહ્નવાળી ધજા કાપી નાખી અને તે બધાની સાથે સંગ્રામ આરંભી દીધો. તેણે કૃતવર્માને, શલ્યને અને પિતામહને બાણોથી વીંધી નાખ્યા. દુર્મુખના સારથિનું મસ્તક ધડથી અલગ કરી નાખ્યું. તેમનાં હજારો બાણોને રોકીને પિતામહ ભીષ્મ પણ બાણ છોડતા રહીને ભીષણ સિંહનાદ કરવા લાગ્યા. પછી પિતામહ ભીષ્મએ અત્યંત અદ્‌ભુત દિવ્યાસ્ત્રો પ્રગટ કર્યા અને અભિમન્યુ પર હજારો બાણ છોડીને તેને ઢાંકી દીધો. ત્યારે વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, દ્રુપદ, ભીમ, સાત્યકિ અને પાંચ કેકયદેશના રાજકુમારો વગેરે અભિમન્યુની રક્ષા માટે દોડ્યા. રાજા વિરાટના પુત્ર ઉત્તરે હાથી પર બેસીને શલ્ય પર હુમલો કર્યો. એકબીજા સાથે યુદ્ધ કરતા કરતા ઉત્તરનું કવચ ફાટી જતા તે બેહોશ થઈને હાથી પરથી નીચે પડી ગયો. પછી શલ્ય તલવાર લઈને રથ પરથી કૂદી પડ્યા અને કૃતવર્માના રથ પર ચડી ગયા.

જ્યારે વિરાટપુત્ર શ્વેતે પોતાના ભાઈ ઉત્તરને મૃત્યુ પામેલો અને શલ્યને કૃતવર્માના રથમાં બેઠેલો જોયો ત્યારે તે ક્રોધથી ધનુષ્ય ચડાવીને શલ્યના રથ તરફ દોડ્યો. સેનાપતિ શ્વેતને શલ્ય તરફ જતો જોઈને દુર્યોધને ભીષ્મને આગળ કરીને મોટી સેના સાથે શ્વેતની સામે આવ્યો અને મૃત્યુના મુખમાં પડેલા રાજા શલ્યને તેનાથી મુક્ત કર્યા. ક્ષત્રિય વીરો રાજકુમાર શ્વેતની રક્ષા કરી રહ્યા હતા ત્યારે તેમણે પિતામહ ભીષ્મના રથને ઘેરી લીધો. અત્યંત ભયંકર યુદ્ધ થવા લાગ્યું. તે જોઈને દુર્યોધન ગુસ્સે થઈને અન્ય રાજાઓ સાથે સંપૂર્ણ સેના લઈને પાંડવો પર તૂટી પડ્યો. શ્વેતે જ્યારે જોયું કે દુર્યોધન તથા અનેક રાજાઓ મળીને પાંડવસેનાનો સંહાર કરી રહ્યા છે ત્યારે તે પિતામહ ભીષ્મને છોડીને

કૌરવોની સેનાનો નાશ કરવા લાગ્યા. શ્વેત ભીષ્મ સાથે યુદ્ધ કરવા લાગ્યો.

આ જોઈને દુર્યોધન ક્રોધિત થઈને પોતાની સેનાને આજ્ઞા આપી કે બધા લોકો સાવધાન થઈને બધી બાજુથી પિતામહ ભીષ્મની રક્ષા કરો. એવું ન થાય કે આપણી સામે તે શ્વેતના હાથે મરાઈ જાય. રાજાની આજ્ઞા સાંભળી બધા મહારથીઓ સેના સાથે પિતામહ ભીષ્મની રક્ષા કરવા લાગ્યા. બધા મહારથીઓ પિતામહ ભીષ્મની રક્ષા કરવા શ્વેત પર ભારે બાણવૃષ્ટિ કરવા લાગ્યા. તેથી સેનાપતિ શ્વેતે ક્રોધિત થઈને બધાની સામે જ અનેક બાણોથી વીંધીને પિતામહ ભીષ્મને વ્યાકુળ કરી દીધા. શ્વેતના બાણોથી ઘાયલ થયેલા પિતામહ ભીષ્મને પાછળ હઠેલા જોઈને બધા લોકો એવું સમજવા લાગ્યા કે હવે શ્વેતના હાથે પિતામહ ભીષ્મ મરાઈ જશે. વિરાટપુત્ર શ્વેતે ક્રોધમિશ્રિત હસીને પિતામહ ભીષ્મના પ્રાણોનો અંત આણવા માટે ગદા ઉપાડી અને તેમના તરફ વેગથી દોડ્યો. પિતામહ ભીષ્મએ તેમને રોકી પોતાના ધનુષ્ય પર એક મૃત્યુ જેવું બાણ ચડાવીને તેને બ્રહ્માસ્ત્રથી અભિમંત્રિત કરીને છોડ્યું. તે બાણ શ્વેતના કવચને ભેદીને તેની છાતીમાં ઘૂસી ગયું. આ પ્રમાણે શ્વેતનો પ્રાણાંત કરી દીધો. શ્વેતને ભૂમિ પર પડેલો જોઈને પાંડવો અને તેમના પક્ષના ક્ષત્રિયો ભારે શોક કરવા લાગ્યા અને બીજા કૌરવો પ્રસન્ન થયા. તેઓ પાંડવપક્ષના મહારથીઓને લલકારીને મારવા લાગ્યા. તમામ સેના વ્યથિત થઈ ગઈ. સૂર્ય પણ અસ્ત થઈ ગયો તેથી અંધારામાં કશું સૂઝતું ન હતું અને પિતામહ ભીષ્મ બહુ વેગપૂર્વક આગળ વધી રહ્યા હતા. આ જોઈને પાંડવોએ પોતાની સેનાને પાછી હઠાવી લીધી.

પ્રથમ દિવસના અંતે જ્યારે પાંડવસેના પાછી હઠી અને ક્રોધિત થયેલા પિતામહ ભીષ્મનું પરાક્રમ જોઈને દુર્યોધન ખુશી મનાવવા લાગ્યો, તે સમયે ધર્મરાજ યુધિષ્ઠિર પોતાના બધા ભાઈઓ અને બધા રાજાઓને સાથે લઈને ભગવાન શ્રીકૃષ્ણ પાસે ગયા અને પરાજયની ચિંતા વ્યક્ત કરવા લાગ્યા.

યુદ્ધનો બીજો દિવસ - કૌરવોની વ્યૂહરચના અને અર્જુન તથા ભીષ્મનું યુદ્ધ

દુર્યોધને જ્યારે પાંડવોની વ્યૂહરચના જોઈ અને અત્યંત તેજસ્વી અર્જુનને તેની રક્ષા કરતો જોયો ત્યારે દ્રોણાચાર્યની પાસે જઈને ત્યાં

ઉપસ્થિત બધા શૂરવીરોને કહ્યું, 'તમે બધા લોકો અસ્ત્ર-સંચાલનની વિદ્યા જાણો છો અને યુદ્ધકળામાં પ્રવીણ છો. તમારામાંથી એક-એક વીર પણ યુદ્ધમાં પાંડવોને મારવાની શક્તિ રાખે છે. પછી જો બધા મહારથીઓ એકસાથે મળીને પ્રયત્ન કરે ત્યારે તો કહેવું જ શું?'

તેના આ પ્રમાણે કહેવાથી પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ અને કૌરવો મળીને પાંડવોના મુકાબલામાં એક મહાન વ્યૂહની રચના કરવા લાગ્યા. પિતામહ ભીષ્મ મોટી વિશાળ સેના લઈને બધાથી આગળ ચાલ્યા. એમની પાછળ દુર્યોધન પોતાના ભાઈઓની સાથે ચાલવા લાગ્યો. પક્ષના બધા યોદ્ધા યુદ્ધ માટે તૈયાર થઈ ગયા અને ખૂબ આનંદપૂર્વક શંખ વગાડવા લાગ્યા. હર્ષથી સૈનિકોના સિંહનાદ સાંભળીને પિતામહ ભીષ્મે પણ ઊંચા સ્વરે શંખનાદ કર્યો. ત્યારે શત્રુઓએ પણ અનેક પ્રકારના શંખ, ભેરી જેવા અનેક વાજિંત્રો વગાડ્યાં. તેમનો ભયંકર અવાજ ગુંજવા લાગ્યો.

જ્યારે બંને બાજુ સમાનરૂપે સેનાઓની વ્યૂહરચના થઈ ગઈ ત્યારે દુર્યોધને પોતાના યોદ્ધાઓને યુદ્ધ આરંભ કરવાની આજ્ઞા આપી. કૌરવવીરોએ જીવનનો મોહ છોડીને પાંડવો પર આક્રમણ કર્યું. પછી બંને બાજુની સેનાઓમાં યુદ્ધ થવા લાગ્યું. રથી સાથે રથી અને હાથીદળ સાથે હાથીદળ ટકરાયા. હાથી અને ઘોડાઓનાં શરીરમાં અસંખ્ય બાણ ઘૂસવા લાગ્યાં. આ રીતે ઘમાસાણ યુદ્ધ શરૂ થઈ જતાં પિતામહ ભીષ્મ પોતાનું ધનુષ્ય ઉપાડીને અભિમન્યુ, ભીમ, સાત્યકિ, વિરાટ અને ધૃષ્ટદ્યુમ્ન વગેરે વીરો પર તથા ચેદિ અને મત્સ્યદેશના રાજાઓ પર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. તેમના મારથી પાંડવોનો વ્યૂહ તૂટી ગયો, સંપૂર્ણ સેના અસ્તવ્યસ્ત થઈ ગઈ.

અર્જુન પિતામહ ભીષ્મના પરાક્રમને જોઈને ક્રોધિત થઈ ગયા અને શ્રીકૃષ્ણને કહ્યું, 'હવે પિતામહ ભીષ્મની પાસે રથ લઈ ચાલો નહિતર એ આપણી સેનાનો અવશ્ય સંહાર કરી નાખશે. સેનાને બચાવવા આજે હું પિતામહ ભીષ્મનો વધ કરીશ.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'સારું, હવે સાવધાન થઈ જાઓ. હું હમણાં જ તને પિતામહના રથ પાસે પહોંચાડી દઉં છું.' આમ કહીને શ્રીકૃષ્ણ અર્જુનના રથને પિતામહ ભીષ્મની સામે લઈ ગયા. પિતામહ પિતામહ ભીષ્મે જોયું કે અર્જુન પોતાનાં બાણોથી શૂરવીરોનો વધ કરતો વેગપૂર્વક આવી રહ્યો છે, ત્યારે આગળ વધીને એમણે અર્જુનનો સામનો કર્યો. તે સમયે અર્જુન

ઉપર પિતામહ ભીષ્મે, આચાર્ય દ્રોણે, કૃપાચાર્યે, દુર્યોધને, શલ્યે, જયદ્રથે, શકુનિએ અને વિકર્ણે બાણો માર્યા. આ પ્રમાણે ચારે બાજુથી તીક્ષ્ણ બાણોથી વીંધાઈ જવા છતાં અર્જુન સહેજ પર વિચલિત ન થયો. તેમણે બધાને બાણો મારીને બદલો વાળી દીધો. એટલામાં સાત્યકિ, વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદીના પાંચ પુત્રો અને અભિમન્યુ અર્જુનની સહાયતા માટે આવી પહોંચ્યા અને તેમને ચારે બાજુથી ઘેરીને ઊભા રહી ગયા. ત્યારે પિતામહ ભીષ્મે બાણ મારી અર્જુનને વીંધી નાખ્યો. આ જોઈને કૌરવપક્ષના યોદ્ધાઓ હર્ષપૂર્વક જયઘોષ કરવા લાગ્યા. તે વીરોનો હર્ષનાદ સાંભળીને અર્જુન તેમની વચ્ચે ઘૂસી ગયો. પોતાની સેનાને અર્જુનથી પીડિત જોઈને દુર્યોધન પિતામહ ભીષ્મ પાસે જઈને બોલ્યો, 'શ્રીકૃષ્ણની સાથે અર્જુન આપણી સેનાનાં મૂળિયાં ઉખાડી રહ્યો છે. કૃપા કરીને એવો પ્રયત્ન કરો, જેથી અર્જુન મરાઈ જાય.'

દુર્યોધનના આ પ્રમાણે કહેવાથી પિતામહ ભીષ્મ અર્જુનના રથ તરફ ગયા. અશ્વત્થામા, દુર્યોધન અને વિકર્ણે પિતામહ ભીષ્મને સાથ આપ્યો. પેલી બાજુ પાંડવો પણ અર્જુનને ઘેરીને ઊભા હતા. ફરી સંગ્રામ શરૂ થયો. અર્જુને બાણોની વર્ષા કરીને પિતામહ ભીષ્મને બધી બાજુથી ઘેરી લીધા. પિતામહ ભીષ્મ પણ બાણવર્ષા કરીને ઉત્સાહપૂર્વક લડવા લાગ્યા. બંને એકબીજાના યોગ્ય પ્રતિદ્વંદ્વી હતા. તે સમયે કૌરવો પિતામહ ભીષ્મને અને પાંડવો અર્જુનને તેમની ધજા વગેરે ચિહ્નોથી ઓળખી શકતા હતા. તે બંને વીરોના પરાક્રમને જોઈને સૌ આશ્ચર્યચકિત થઈ જતા હતા. તે જ સમયે બીજી બાજુ પાંચાલ રાજકુમાર ધૃષ્ટદ્યુમ્ન અને દ્રોણાચાર્ય વચ્ચે ભયાનક યુદ્ધ થઈ રહ્યું હતું. તેઓ બંને એકબીજા પર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ધૃષ્ટદ્યુમ્ન હજી રથમાંથી ઊતર્યો પણ ન હતો ત્યારે તેમણે તેને બાણ મારીને તેના હાથમાંથી ગદા પાડી દીધી. તે વેગથી આચાર્ય દ્રોણ ઉપર ઝપટ્યો, પરંતુ તેમને બાણો વરસાવીને તેને આગળ વધતો અટકાવી દીધો. એટલામાં મહાબલિ ભીમ તેની સહાયતામાં આવી ગયો. ભીમે આવતાં જ તીક્ષ્ણ બાણ મારીને દ્રોણાચાર્યને અટકાવી દીધા અને ધૃષ્ટદ્યુમ્નને રથ પર બેસાડી દીધો. ત્યારે દુર્યોધને દ્રોણાચાર્યની રક્ષા માટે કલિંગરાજ ભાનુમાનને મોટી સેના સાથે મોકલ્યો. તે સેના ભીમ ઉપર ચડી આવી. ત્યાર પછી ભીમ અને કલિંગોમાં અતિ ભયંકર યુદ્ધ શરૂ થઈ ગયું. ભીમ પોતાના બાહુબળથી

ધનુષ્યનો ટંકાર કરીને કલિંગરાજ સાથે યુદ્ધ કરવા લાગ્યો. કલિંગરાજના પુત્ર શક્રદેવે તીવ્ર બાણોનો પ્રહાર કરીને ભીમના ઘોડાઓને મારી નાખ્યા તેથી ભીમ રથ વગરનો થઈ ગયો. આનો લાભ લઈ તેણે જોરદાર હુમલો કર્યો અને ભીમ પર બાણો વરસાવવા લાગ્યો. ત્યારે ભીમે તેની ઉપર એક ગદા ફેંકી. તે ગદા વાગતાં શક્રદેવ સારથિ સહિત રથમાંથી જમીન પર ઢળી પડ્યો. પોતાના પુત્રને મરતો જોઈને કલિંગરાજે ભીમને ચારે બાજુથી ઘેરી લીધો. સેનાના મોખરે શ્રુતાયુને ઊભેલો જોઈને ભીમ તેનો મુકાબલો કરવા આગળ વધ્યો. તેને આવતો જોઈને શ્રુતાયુએ ભીમની છાતીમાં બાણ માર્યાં. ભીમ ક્રોધિત થઈ ગયો. એટલામાં જ સારથિ ભીમ માટે એક સુંદર રથ લઈ આવ્યો. તેના પર બેસીને ભીમે શ્રુતાયુ પર હુમલો કર્યો. શ્રુતાયુ ફરીથી ભીમ પર બાણ વરસાવવા લાગ્યો. તેનાથી તે ઘાયલ થઈને સાપની જેમ ફૂંફાડા મારવા લાગ્યો. ભીમે બાણોથી શ્રુતાયુને વીંધી નાખ્યો. સાથે સાથે તેના રથની રક્ષા કરી રહેલા સત્ય અને સત્યદેવને પણ યમલોક મોકલી દીધા. આ જોઈને શ્રુતાયુને ભારે ક્રોધ આવ્યો અને તેની સેના અને સૈનિકોએ ભીમને ઘેરી લીધો. પછી તો ચારેબાજુથી ભીમ પર ગદા, તલવાર અને તોમરથી વર્ષા થવા લાગી. ભીમે અસ્ત્રો-શસ્ત્રોનું નિવારણ કરીને હાથમાં ગદા લઈને વેગપૂર્વક કલિંગસેના પર તૂટી પડ્યો અને સાતસો યોદ્ધાઓને યમરાજને ઘેર મોકલી દીધા. આ જોઈને કૌરવપક્ષના યોદ્ધાઓ વારંવાર કહેવા લાગ્યા, 'સાક્ષાત કાળ જ ભીમનું રૂપ ધારણ કરીને કલિંગોની સાથે યુદ્ધ કરી રહ્યો છે.'

ત્યાર પછી પિતામહ ભીષ્મએ બાણોથી ભીમના ઘોડાઓને મારી નાખ્યા. ત્યારે ભીમ ગદા હાથમાં લઈને રથમાંથી કૂદી પડ્યો. આ બાજુ સાત્યકિએ ભીમનું પ્રિય કરવા માટે પિતામહ ભીષ્મના સારથિને મારી નાખ્યો. આ રીતે એણે પિતામહ ભીષ્મને રથ વગરના કરી નાખ્યા. ભીમ કલિંગોનો સંહાર કરીને એકલો જ સેનાની વચ્ચે ઊભો હતો છતાં પણ કૌરવપક્ષના કોઈ પણ વીરની તેની પાસે જવાની હિંમત ન થઈ. સાત્યકિએ ભીમને છાતીસરસો ચાંપીને તેમને પોતાના રથમાં બેસાડીને તેમનું સાહસ વધારવા ફરીથી કૌરવોનો સંહાર કરવા લાગ્યો.

જ્યારે મોટી સંખ્યામાં સેનાના હાથી, પાયદળ અને સવારો માર્યા ગયા ત્યારે ધૃષ્ટદ્યુમ્ન એકલો જ અશ્વત્થામા, શલ્ય અને કૃપાચાર્ય સાથે યુદ્ધ કરવા લાગ્યો. ધૃષ્ટદ્યુમ્નને અશ્વત્થામા સાથે યુદ્ધ કરતો જોઈને

અભિમન્યુ પણ તીક્ષ્ણ બાણો વરસાવતો ત્યાં આવી પહોંચ્યો. તેણે શલ્ય, કૃપાચાર્ય અને અશ્વત્થામાને બાણો માર્યાં. એટલામાં લક્ષ્મણ અભિમન્યુને યુદ્ધ કરતો જોઈને તેનો સામનો કરવા માટે આવી પહોંચ્યો. પછી એ બંનેમાં યુદ્ધ થવા લાગ્યું. અભિમન્યુના બાણોથી લક્ષ્મણને પીડિત જોઈને દુર્યોધન તેની મદદે આવી પહોંચ્યો. આ જોઈને અર્જુન પણ પોતાના પુત્રની રક્ષા માટે વેગપૂર્વક દોડ્યો. ત્યારે પિતામહ ભીષ્મ અને દ્રોણાચાર્ય અર્જુનનો સામનો કરવા દોડી આવ્યા. આ ઘમાસાણ યુદ્ધમાં કેટલાયે રથ તૂટી ગયા; હાથી અને ઘોડા મરાઈ ગયા. કૌરવપક્ષે એવો એક પણ યોદ્ધો દેખાતો ન હતો કે જે અર્જુનની સામે ઊભો રહી શકે.

જ્યારે કૌરવપક્ષની સેનાના વીરો ચારે બાજુ ભાગવા લાગ્યા ત્યારે શ્રીકૃષ્ણ અને અર્જુને પોતપોતાના શંખ વગાડ્યા. તે સમયે પિતામહ ભીષ્મએ ગુરુ દ્રોણાચાર્યને કહ્યું, 'ભગવાન શ્રીકૃષ્ણની સાથે અર્જુન એકલો જ સઘળી સેનાનો સંહાર કરી રહ્યો છે. યુદ્ધમાં કોઈ પણ પ્રકારે તેને જીતવો અસંભવ છે. આપણી આ વિશાળ સેના ઝડપથી ભાગીને જઈ રહી છે. તેને પાછી વાળવી ઘણી મુશ્કેલ છે. આ બાજુ સૂર્ય પણ આથમવા જઈ રહ્યો છે. તેથી અત્યારે તો યુદ્ધ બંધ કરવું જ મને યોગ્ય લાગે છે. આપણા યોદ્ધાઓ થાકેલા અને ભયભીત છે. તેથી ઉત્સાહથી યુદ્ધ કરી શકશે નહિ. આચાર્ય દ્રોણને આ પ્રમાણે કહીને પિતામહ ભીષ્મે યુદ્ધ બંધ કરવાનો શંખ વગાડ્યો. આ પ્રમાણે સૂર્યાસ્ત સમયે પાંડવો અને કૌરવોની સેનાઓ પાછી ફરી ગઈ.'

યુદ્ધનો ત્રીજો દિવસ - બંને સેનાઓની વ્યૂહરચના અને ઘમાસાણ યુદ્ધ

જ્યારે રાત્રિ વીતી ગઈ અને સવાર થઈ ત્યારે પિતામહ ભીષ્મે પોતાની સેનાને રણભૂમિમાં જવાની આજ્ઞા આપી. ત્યાં જઈને તેમણે સેનાનો ગરુડ વ્યૂહ રચ્યો અને તે વ્યૂહના ચાંચના સ્થાન પર તેઓ સ્વયં ઊભા રહ્યા. બંને નેત્રોના સ્થાન પર દ્રોણાચાર્ય અને કૃતવર્મા હતા. શિરો ભાગમાં અશ્વત્થામા અને કૃપાચાર્ય ઊભા હતા. એમની સાથે ત્રિગર્ત, કેકય અને વાટધાન પણ હતા. પોતાના ભાઈઓ અને અનુચરો સાથે દુર્યોધન પૃષ્ઠ ભાગમાં ઊભો રહ્યો.

અર્જુને કૌરવસેનાની વ્યૂહરચના જોઈ ત્યારે ધૃષ્ટદ્યુમ્નને સાથે લઈને એણે પોતાની સેનાનો અર્ધચંદ્રાકાર વ્યૂહ બનાવ્યો. તેના દક્ષિણ

શિખર પર ભીમ હતો. તેની પાછળ દ્રુપદ અને વિરાટ ઊભા રહ્યા. વ્યૂહના ડાબા શિખર પર અર્જુન ઊભો રહ્યો, જેમના રક્ષક ભગવાન શ્રીકૃષ્ણ હતા. આ પ્રમાણે પાંડવોએ મહાવ્યૂહની રચના કરી.

ત્યાર પછી યુદ્ધ શરૂ થઈ ગયું. રથ સાથે રથ અને હાથી સાથે હાથી લડવા લાગ્યા. અર્જુન કૌરવપક્ષના રથીઓની સેનાનો સંહાર કરવા લાગ્યો. કૌરવવીરો પણ પ્રાણોની પરવા ન કરતાં પાંડવોનો મુકાબલો કરતા અડીખમ ઊભા રહ્યા. તેમણે એકાગ્રતાપૂર્વક એવું ઘોર યુદ્ધ કર્યું કે પાંડવસેનાને પાછી હઠાવી દીધી. ત્યારે ભીમ, ઘટોત્કચ, સાત્યકિ, ચેકિતાન અને દ્રૌપદીના પુત્રો કૌરવોની સેનાને જેમ દેવતાઓ દાનવોને ભગાડે તે રીતે ભગાડવા લાગ્યા. આ પ્રમાણે મારકાપ કરી રહેલા તે ક્ષત્રિયો લોહીથી લદબદ અને ભયંકર દેખાતા હતા.

આ જ સમયે દુર્યોધન તેની સેના લઈને ઘટોત્કચની સામે આવ્યો. એ જ પ્રમાણે પાંડવોની વિશાળ સેના સાથે પિતામહ ભીષ્મ અને દ્રોણાચાર્યનું યુદ્ધ થવા લાગ્યું. અર્જુન પણ ક્રોધિત થઈને બધા કૌરવસેનાના રાજાઓ પર પ્રહાર કરવા લાગ્યો. તેને આવતો જોઈને શત્રુપક્ષના રાજાઓએ હજારો રથો દ્વારા એને ચારેબાજુથી ઘેરી લીધો અને અસ્ત્ર-શસ્ત્રોની વર્ષા કરવા લાગ્યા. અર્જુને તીવ્ર બાણવર્ષા કરીને એ અસ્ત્ર-શસ્ત્રોને રોકી લીધા. અર્જુનના બાણોથી વ્યથિત થઈને કૌરવોની સેના ભયથી ધ્રૂજીને ભાગવા લાગી. તેને ભાગતી જોઈને ક્રોધિત થયેલા પિતામહ ભીષ્મ અને દ્રોણાચાર્યે તેને રોકી. દુર્યોધન પણ પોતાની સેનાને રોકવા લાગ્યા, એ જોઈને યોદ્ધાઓ પાછા વળવા લાગ્યા. બધા સૈનિકો આવી ગયા પછી દુર્યોધને પિતામહ ભીષ્મ પાસે જઈને કહ્યું, 'હું જે નિવેદન કરું છું તેના પર ધ્યાન આપો. જ્યાં સુધી તમે, આચાર્ય દ્રોણ, અશ્વત્થામા અને કૃપાચાર્ય છે ત્યાં સુધી આપણી સેનાનું આ રીતે ભાગવું ગૌરવની વાત નથી. હું એવું ક્યારેય માની શકતો નથી કે પાંડવો તમારી બરાબરીના યોદ્ધા છે.'

દુર્યોધનની વાત સાંભળીને પિતામહ ભીષ્મ બોલ્યા, 'એક-બે વાર નહિ પરંતુ અનેકવાર મેં તને આ સત્ય અને હિતકર વાત જણાવી છે કે ઇન્દ્ર સહિત સઘળા દેવતાઓ પણ પાંડવોને યુદ્ધમાં જીતી શકવાના નથી. હવે હું વૃદ્ધ થઈ ગયો છું. આ અવસ્થામાં જે કાંઈ કરી શકું એમ છું તેના માટે પૂરો પ્રયત્ન કરીશ. તમે તમારા ભાઈઓ સાથે જોઈ લેજો, આજે હું એકલો જ બધાની સામે પાંડવોને સેના સહિત પાછા હઠાવી દઈશ.'

જ્યારે પિતામહ ભીષ્મે આ પ્રમાણે કહ્યું ત્યારે દુર્યોધન પ્રસન્ન થઈને શંખ વગાડવા લાગ્યો. તેનો અવાજ સાંભળીને પાંડવો પણ શંખ અને ઢોલનો ભીષણ નાદ કરવા લાગ્યા.

તે દિવસે જ્યારે દિવસ વીતી ગયો અને સૂર્ય પશ્ચિમ દિશા તરફ ઢળવા લાગ્યો ત્યારે પાંડવો વિજયનો હર્ષ મનાવી રહ્યા હતા. તે સમયે પિતામહ ભીષ્મ ઝડપથી પાંડવસેના તરફ આગળ વધ્યા. તેમની સાથે વિશાળ સેના હતી. તે સમયે કૌરવ અને પાંડવોની સેનાઓ વચ્ચે ભીષણ યુદ્ધ શરૂ થઈ ગયું. પિતામહ ભીષ્મ સામે યુધિષ્ઠિરની સેના હજારો ટુકડાઓમાં વહેંચાઈ ગઈ. તેમની બાણવર્ષાથી વ્યથિત થઈને પાંડવસેનામાં નાસભાગ મચી ગઈ. પાંડવસેનાને વિખરાયેલી જોઈ ભગવાન શ્રીકૃષ્ણે રથને રોકીને અર્જુનને કહ્યું, 'જેના માટે ઘણા દિવસથી તારી અભિલાષા હતી તે સમય હવે આવી ગયો છે. હવે ખરાખરીનું યુદ્ધ નહીં કરશે તો મોહવશ પ્રાણ ખોઈ બેસશે.'

શ્રીકૃષ્ણના કહેવાથી અર્જુન બોલ્યો, 'હવે તમે રથને પિતામહ ભીષ્મની પાસે લઈ જાઓ, હું હમણાં જ તેમને યુદ્ધમાં પાડી દઉં છું.'

અર્જુનને પિતામહ ભીષ્મ સાથે યુદ્ધ કરવા આવતો જોઈને પિતામહ ભીષ્મએ સિંહનાદ કર્યો અને તેમના રથ ઉપર બાણોની વર્ષા વરસાવી દીધી. એક જ ક્ષણમાં અર્જુનનો રથ બાણોથી ઢંકાઈ ગયો. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ બહુ ધીર હતા. તેઓ સહેજ પણ વિચલિત ન થયા. રથને આગળ વધારતા જ ગયા. આ સમયે અર્જુને પોતાનું દિવ્ય ગાંડિવ ધનુષ્ય ઉપાડ્યું અને બાણો વડે પિતામહ ભીષ્મના ધનુષ્યને કાપી નાખ્યું. પિતામહ ભીષ્મે બીજું ધનુષ્ય લઈ તીક્ષ્ણ બાણો વડે અર્જુનને ઘાયલ કરી નાખ્યો. બીજા યોદ્ધાઓ પણ અર્જુન પર ચડી આવ્યા. અર્જુનને આ સ્થિતિમાં જોઈ સાત્યકિ તેમની મદદમાં આવી ગયા. તેણે યુધિષ્ઠિરની સેનાને ફરીથી ભાગતી જોઈને કહ્યું, 'હે ક્ષત્રિયો! તમે ક્યાં ચાલ્યા? આ સત્પુરુષોનો ધર્મ નથી. પોતાની પ્રતિજ્ઞા ન છોડો, વીરધર્મનું પાલન કરો.'

ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે પાંડવસેનાના મુખ્ય રાજાઓ ભાગી રહ્યા છે, અર્જુન યુદ્ધમાં શિથિલ થઈ રહ્યો છે અને પિતામહ ભીષ્મ પ્રચંડ થઈ રહ્યા છે. તેમણે સાત્યકિની પ્રશંસા કરી કહ્યું, 'વીર! જે ભાગી રહ્યા છે, તેમને ભાગી જવા દો, જે ઊભા છે, તે પણ ભલે ચાલ્યા જાય. હું આ લોકોનો ભરોસો કરતો નથી. તમે જુઓ, હું હમણાં જ પિતામહ ભીષ્મ અને ગુરુ દ્રોણને પરાજિત કરું છું. કૌરવસેનાનો એક પણ રથી મારા

હાથેથી બચવા પામશે નહિ. હવે હું પોતે મારું ઉગ્ર ચક્ર ઉપાડીને ભીષ્મ અને દ્રોણના પ્રાણ લઈશ તથા ધૃતરાષ્ટ્રના બધા પુત્રોને મારીને પાંડવોને વિજયી બનાવીશ. કૌરવપક્ષના બધા રાજાઓનો વધ કરીને આજે હું અજાતશત્રુ યુધિષ્ઠિરને રાજા બનાવીશ.'

આટલું કહીને શ્રીકૃષ્ણે ઘોડાઓની લગામ છોડીને હાથમાં સુદર્શન ચક્ર લઈને રથમાંથી કૂદી પડ્યા. શ્રીકૃષ્ણ અત્યંત વેગથી પિતામહ ભીષ્મ તરફ દોડ્યા. તેમને ચક્ર લઈને પોતાની તરફ આવતા જોઈને પિતામહ ભીષ્મે પોતાના ધનુષ્યને નીચે મૂકી દીધું અને કહ્યું, 'આવો, આવો, હું આપને નમસ્કાર કરું છું. આપના હાથે જો હું વીરગતિ પામીશ તો મોક્ષની પ્રાપ્તિ કરીશ.'

ભગવાનને આગળ વધતા જોઈને અર્જુન રથમાંથી નીચે ઊતરીને તેમની પાછળ દોડ્યો અને તેમને રોકવાનો પ્રયત્ન કરવા લાગ્યો પણ તેઓ રોકાઈ ન શક્યા. જેમ આંધી કોઈ વૃક્ષને ખેંચી જાય તે જ પ્રમાણે તેઓ અર્જુનને ઘસડતા આગળ વધવા લાગ્યા. ત્યારે અર્જુને તેમના હાથ છોડીને બળપૂર્વક તેમના ચરણ પકડી લીધા અને દસમા પગલાંએ તેમને રોકી લીધા. જ્યારે તેઓ ઊભા રહી ગયા ત્યારે અર્જુને પ્રસન્ન થઈને તેમને પ્રણામ કરતાં કહ્યું, 'હે કેશવ! આપનો ક્રોધ શાંત કરો, તમે જ પાંડવોનો સહારો છો. હું ભાઈઓ અને પુત્રોના સોગંદ લઈને કહું છું કે મારા કામમાં ઢીલાશ નહિ કરું. પ્રતિજ્ઞા પ્રમાણે યુદ્ધ કરીશ.' અર્જુનની પ્રતિજ્ઞા સાંભળીને શ્રીકૃષ્ણ પ્રસન્ન થઈ ગયા અને રથ પર જઈને બેસી ગયા.

અર્જુન કૌરવસેના પર ભીષણ બાણવર્ષા કરવા લાગ્યો. તે સમયે કૌરવોની સેનામાં શોરબકોર મચી ગયો. અર્જુનના ગાંડિવ ધનુષ્યથી બધી દિશાઓમાં તીક્ષ્ણ બાણવર્ષા થઈ રહી હતી. કૌરવસેનાના પ્રમુખ વીરોનો નાશ થતો જોઈને ચેદિ, પાંચાલ, કરૂષ, મત્સ્યદેશના યોદ્ધાઓ તથા સઘળા પાંડવો હર્ષનાદ કરવા લાગ્યા.

ત્યારે સૂર્યદેવ પશ્ચિમમાં ઊતરી ગયા. કૌરવવીરોનાં શરીર અસ્ત્ર-શસ્ત્રથી ઘાયલ થઈ ગયાં હતાં. યુગનો અંત આણનારું અર્જુનનું ઐન્દ્રાસ્ત્ર હવે બધાને માટે અસહ્ય બની ચૂક્યું હતું. આ બધી વાતોનો વિચાર કરીને સંધ્યાકાળનો સમય જોઈને પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ, દુર્યોધન અને બાહ્લિક વગેરે કૌરવવીરો, સેનાપતિઓ સાથે છાવણીમાં પાછા આવી ગયા. અર્જુન પણ શત્રુઓ પર વિજય અને યશ મેળવીને ભાઈઓ અને રાજાઓની સાથે છાવણીમાં ચાલ્યો ગયો.

કૌરવોના સૈનિકો છાવણીમાં પાછા ફર્યા ત્યારે એકબીજાને કહેતા હતા કે, 'આજે અર્જુને મહાન પરાક્રમ દેખાડ્યું, બીજો કોઈ આવું કરી શકે નહિ. પોતાના બાહુબળથી તેમણે પિતામહ ભીષ્મ સહિત અનેક યોદ્ધાઓ પર વિજય પ્રાપ્ત કર્યો છે.'

યુદ્ધનો ચોથો દિવસ

રાત વીતતાં ચોથા દિવસે સવારે જ પિતામહ ભીષ્મ અત્યંત ક્રોધિત થઈને સમગ્ર સેનાસહિત શત્રુઓની સામે આવ્યા. તે સમયે વિવિધ મહારથીઓ અને બીજા રાજાઓ તેમની સાથે હતા. પિતામહ ભીષ્મે સીધો અર્જુન પર હુમલો કર્યો તથા તેમની સાથે દ્રોણાચાર્ય, દુર્યોધન અને ભૂરિશ્રવા પણ તૂટી પડ્યા. આ જોઈને અભિમન્યુ તેમની સામે આવ્યો. પિતામહ ભીષ્મે અભિમન્યુને છોડીને અર્જુન પર આક્રમણ કર્યું. કુરુ અને સંજયવીરોએ પિતામહ ભીષ્મ અને અર્જુનનું અદ્‌ભુત યુદ્ધ જોયું.

આ બાજુ અભિમન્યુને અશ્વત્થામા, ભૂરિશ્રવા, શલ્ય, ચિત્રસેન અને સાંયમનિના પુત્રે ઘેરી લીધો. તે પાંચેય સાથે અભિમન્યુ એકલો જ યુદ્ધમાં ઝઝૂમી રહ્યો હતો. કૌરવોએ જોયું કે સેના બહુ થાકી ગઈ છે ત્યારે એમણે અભિમન્યુને ચારે બાજુથી ઘેરી લીધો. પરંતુ પોતાના પરાક્રમ અને બળને કારણે અભિમન્યુએ જરાય મચક આપી નહિ. તે નિર્ભય થઈને કૌરવસેના સામે યુદ્ધ કરવા લાગ્યો. કોઈ પણ અભિમન્યુના બાહુબળ સામે ટકી ન શક્યા.

હવે દુર્યોધનની આજ્ઞાથી ત્રિગર્ત, મદ્ર અને કેકયદેશના વીરોએ અર્જુન અને અભિમન્યુ બંનેને ઘેરી લીધા. આ જોઈને ધૃષ્ટદ્યુમ્ન પોતાની સેના લઈને અત્યંત ક્રોધથી મદ્ર અને કેકયદેશના વીરો પર તૂટી પડ્યો. તેને બાણથી કૌરવપુત્ર દમનને મારી નાખ્યો. એટલામાં સાંયમનિના પુત્રે બાણોથી ધૃષ્ટદ્યુમ્નના સારથિને વીંધી નાખ્યો. ધૃષ્ટદ્યુમ્ને ક્રોધિત થઈને સાંયમનિ પુત્રનું ધનુષ્ય કાપી નાખ્યું અને તેના રક્ષકોને મારી નાખ્યા. સાંયમનિ પુત્ર તલવાર લઈને રથમાંથી કૂદી પડ્યો અને વેગપૂર્વક રથમાં બેઠેલા ધૃષ્ટદ્યુમ્ન પાસે પહોંચ્યો. આ જોઈને ધૃષ્ટદ્યુમ્ને ક્રોધે ભરાઈને ગદાના પ્રહારથી તેનું માથું ભાંગી નાખ્યું. ગદાના પ્રહારથી તે પૃથ્વી પર પડ્યો.

આ પ્રમાણે તે મહારથી ધૃષ્ટદ્યુમ્નના હાથે મરાઈ જવાથી કૌરવસેનામાં હાહાકાર થવા લાગ્યો. જ્યારે સાંયમનિએ પોતાના પુત્રને મૃત્યુ પામેલો

જોયો ત્યારે તે અત્યંત ક્રોધ કરીને ધૃષ્ટદ્યુમ્ન તરફ દોડ્યો. તે બંને વીરો સામસામે લડવા લાગ્યા. થોડીવાર સુધી આ મહારથીઓનું યુદ્ધ સમાનરૂપે ચાલતું રહ્યું, તેમાં કોઈની ન્યૂનાધિકતા જણાઈ નહિ. એટલામાં મહારાજ શલ્યે એક તીક્ષ્ણ બાણથી ધૃષ્ટદ્યુમ્નનું ધનુષ્ય કાપી નાખ્યું તથા તેને બાણવર્ષાથી ઢાંકી દીધો.

આ જોઈને અભિમન્યુ ગુસ્સે થઈને મદ્રરાજના રથ તરફ દોડ્યો અને અત્યંત તીક્ષ્ણ બાણોથી તેમને ઢાંકવા લાગ્યો. ત્યારે દુર્યોધન અને બીજા યોદ્ધાઓ મદ્રરાજની રક્ષા કરવા લાગ્યા. આ બધા વીરો ખૂબ ઉત્સાહથી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ભીમે જ્યારે દુર્યોધનને પોતાની સામે જોયો ત્યારે સંપૂર્ણ યુદ્ધનો અંત લાવવા માટે ગદા ઉપાડી દુર્યોધન તરફ વેગથી દોડ્યો. ભીમને ગદા ધારણ કરેલો જોઈને કૌરવપુત્રો ડરીને ભાગી ગયા. ત્યારે દુર્યોધન ક્રોધિત થઈને ભીમ સાથે લડવા લાગ્યો. દુર્યોધન ભીમ આગળ ટકી શક્યો નહીં. એ ઘાયલ થઈ રથમાં ઢળી પડ્યો.

એને છોડીને ભીમ રથમાંથી કૂદીને પોતાની ગદાથી હાથીઓને મારતો રણક્ષેત્રમાં વિચરવા લાગ્યો. આ સમયે પાંડવપક્ષના વીરો ભીમની પાછળ પોતાના તીક્ષ્ણ બાણોથી મગધની સેનાના વીરોના મસ્તક કાપવા લાગ્યા. આ જોઈને મગધરાજે પોતાના હાથીને અભિમન્યના રથ તરફ હાંક્યો. વીર અભિમન્યુએ એક જ બાણથી એના હાથીના રામ રમાડી દીધા. આ જ સમયે હજારો રથીઓ સાથે નંદકે અત્યંત ગુસ્સે થઈને ભીમ પર આક્રમણ કર્યું. ભીમ પોતાના રથ પર ચડી ગયો અને નંદકને ઘાયલ કરી નાખ્યો. દુર્યોધને પણ બાણોથી ભીમ અને તેના સારથિને ઘાયલ કરી દીધા. વ્યથિત થઈને ભીમ રથના પાછળના ભાગમાં મૂર્છિત થઈ પડી ગયો. ભીમને મૂર્છિત કર્યા તે અભિમન્યુ અને પાંડવપક્ષના મહારથીઓથી સહન ન થયું. તેઓ દુર્યોધન પર ભીષણ બાણવર્ષા કરવા લાગ્યા. એટલામાં ભીમ સચેત થઈ ગયો. તેણે બાણવર્ષા કરીને જલસંધ અને સુષેણને ઘાયલ કરીને યમલોક મોકલી દીધા, વીરબાહુને તેના ઘોડા, ધજા અને સારથિ સમેત ધરાશાયી કરી દીધા. ભીમનું આવું પરાક્રમ જોઈને કૌરવપુત્રો ભયથી પાછળ હટી ગયા.

ત્યારે પિતામહ ભીષ્મે બધા મહારથીઓને કહ્યું, 'આ ભીમ ધૃતરાષ્ટ્રના પુત્રોને મારી નાખે છે. આને તરત પકડી લો, વિલંબ ન કરો.'

પિતામહ ભીષ્મનો આવો સંદેશો સાંભળી કૌરવપક્ષના બધા સૈનિકો ક્રોધિત થઈને ભીમ પર તૂટી પડ્યા. ભગદત્ત પોતાના હાથી પર

ચઢીને ભીમ પાસે પહોંચ્યો અને બાણોની વર્ષા કરીને ભીમને બાણોથી ઢાંકી દીધો. અભિમન્યુ વગેરે વીરોએ બાણવૃષ્ટિથી ભગદત્તને ચારે બાજુથી આચ્છાદિત કરી નાખ્યા. તે જ સમયે ભગદત્તે ક્રોધિત થઈને એક બાણ ભીમની છાતીમાં માર્યું. તેનાથી ઘાયલ થઈને એ અચેત થઈ ગયો. આ જોઈને ભગદત્ત મોટેથી હર્ષનાદ કરવા લાગ્યો.

ભીમને વ્યથિત જોઈને ઘટોત્કચ ખૂબ ક્રોધે ભરાયો અને તે ત્યાં જ અંતર્ધાન થઈ ગયો. પછી અડધી ક્ષણમાં તે ભયંકર રૂપ ધારણ કરીને પોતાની માયાથી જ રચેલા ઐરાવત હાથી પર બેસીને પ્રગટ થયો. તેણે ભગદત્તને તેના હાથી સહિત મારી નાખવાનો વિચાર કરીને તેના પર પોતાના હાથીને છોડી મૂક્યો. બંને હાથીઓ લડવા લાગ્યા. ભગદત્તના હાથીને ભીમનો હાથી ભારે વ્યથિત કરવા લાગ્યો, જેથી તે બહુ દુઃખી થઈને મોટેથી ચિત્કાર કરવા લાગ્યો. તેનો ચિત્કાર સાંભળીને પિતામહ ભીષ્મે આચાર્ય દ્રોણ અને દુર્યોધનને કહ્યું, 'અત્યારે રાજા ભગદત્ત ઘટોત્કચ સાથે યુદ્ધ કરતાં મોટી આપત્તિમાં ફસાઈ ગયા છે. તેથી જ પાંડવોનો હર્ષનાદ અને ગભરાઈ ગયેલા હાથીની ચીસો સંભળાઈ રહી છે. ચાલો, આપણે બધા રાજા ભગદત્તની રક્ષા માટે જઈએ. જો તેમની રક્ષા ન કરવામાં આવી તો તેઓ બહુ જલદી પ્રાણ ત્યાગી દેશે.'

એમની વાત સાંભળીને બધા વીરો ભગદત્તની રક્ષા માટે પિતામહ ભીષ્મ અને આચાર્ય દ્રોણની આગેવાની હેઠળ ચાલ્યા. પિતામહ ભીષ્મે દ્રોણાચાર્યને કહ્યું, 'મને અત્યારે આ ઘટોત્કચ સાથે યુદ્ધ કરવું યોગ્ય લાગતું નથી કેમ કે એ બહુ જ બળવાન, માયાવી અને પરાક્રમી છે. તેથી હવે પાંડવો સાથે યુદ્ધ કરવું ઉચિત નથી. આજે અહીં જ યુદ્ધ બંધ કરવાની ઘોષણા કરવામાં આવે. હવે શત્રુઓ સાથે કાલે યુદ્ધ થશે.'

કૌરવો ઘટોત્કચના આતંકથી ગભરાયેલા જ હતા. તેથી પિતામહની વાત સાંભળીને તેમણે યુક્તિપૂર્વક યુદ્ધ બંધ કરવાની ઘોષણા કરી દીધી. સંધ્યાકાળ થઈ ગયો હતો. આજે કૌરવો પાંડવોથી પરાજિત થવાને કારણે લજ્જિત થઈને પોતાની છાવણીમાં પહોંચ્યા. પાંડવો તો ભીમ અને ઘટોત્કચને આગળ કરીને પ્રસન્નતાપૂર્વક શંખધ્વનિ અને હર્ષનાદ કરતા પોતાની છાવણી પર આવ્યા. પરંતુ ભાઈઓનો વધ થવાના કારણે દુર્યોધન ઘણો ચિંતિત અને શોકમગ્ન થઈ ગયો.

બંને સેનાઓ પોતપોતાની છાવણીમાં ચાલી ગઈ. ઘાયલ વીરોની સાથે પાંડવો અને કૌરવો પણ પોતપોતાની શિબિરમાં જઈને વિશ્રામ

કરવા લાગ્યા.

યુદ્ધનો પાંચમો દિવસ

કૌરવો-પાંડવો વિશ્રામ કરીને રાત્રિ વ્યતીત થઈ જતાં પુનઃ યુદ્ધ માટે તૈયાર થઈને નીકળ્યા ત્યારે રાજા યુધિષ્ઠિરે ધૃષ્ટદ્યુમ્નને બધા રથીઓને વ્યૂહાકારે ઊભા રહેવાની આજ્ઞા આપી. રાજા દ્રુપદ અને અર્જુન વ્યૂહના શિરો ભાગે ઊભા રહ્યા. વ્યૂહરચના કરીને પાંડવો સૂર્યોદય થતાં કવચ વગેરેથી સજ્જ થઈને યુદ્ધ માટે તૈયાર થઈ ગયા અને યોદ્ધાઓ સાથે કૌરવોની સામે આવીને ઊભા રહી ગયા.

પાંડવસેનાની વ્યૂહરચના જોઈને પિતામહ ભીષ્મે તેની વિરુદ્ધ બહુ મોટા વ્યૂહનું નિર્માણ કર્યું. વ્યૂહરચના થયા પછી બંને સેનાઓમાં યુદ્ધનો આરંભ થયો. ભીમે દ્રોણાચાર્યની સેના પર આક્રમણ કર્યું. દ્રોણાચાર્યે ભીમને જોતાં જ ક્રોધિત થઈને બાણોથી ભીમના મર્મસ્થાન પર પ્રહાર કર્યો. તે કારમો ઘા ખાઈને ભીમના ક્રોધનો પાર ન રહ્યો. એણે આચાર્ય દ્રોણના સારથિને યમલોક મોકલી દીધો. સારથિ મરી જતાં દ્રોણાચાર્યે સ્વયં ઘોડાની લગામ હાથમાં લઈને પાંડવસેનાનો વિધ્વંસ કરવા લાગ્યા.

એ જ પ્રમાણે ભીમ અને અર્જુને પણ શત્રુપક્ષનો સંહાર શરૂ કરી દીધો. તેમના પ્રહારથી ઘાયલ થઈને કૌરવસેનાનો વ્યૂહ તૂટી ગયો અને બંને પક્ષના યોદ્ધાઓ પરસ્પર એકબીજાની સેનામાં ઘૂસી ગયા. ભીમે તીક્ષ્ણ બાણોથી કૌરવોની સેનાનો વ્યૂહ તોડીને દુર્યોધનના ભાઈઓ પાસે પહોંચી ગયો. જોકે પિતામહ ભીષ્મ તે સેનાની બધી બાજુએથી રક્ષા કરી રહ્યા હતા. ભીમે શત્રુઓની મહાસેનામાં ઘૂસી જઈ તેઓના હાથી, ઘોડા અને રથ પર બેઠેલા કૌરવસેનાના મુખ્ય વીરોને મારી નાખ્યા. કૌરવો ભીમને જીવતો પકડવા ઇચ્છતા હતા પરંતુ ભીમને ખબર પડી ગઈ હતી. તેણે ગદા ઉપાડી અને પોતાનો રથ છોડીને કૌરવ સેનામાં કૂદીને તેનો સંહાર કરવા લાગ્યો.

એ જ સમયે ધૃષ્ટદ્યુમ્ન ભીમના રથ પાસે આવી પહોંચ્યો. રથ ખાલી જોયો તો મનમાં ભારે દુઃખી થઈને તેના સારથિ વિશોકને પૂછ્યું, 'મારા પ્રાણથી પણ પ્રિય ભીમ ક્યાં છે?'

વિશોકે હાથ જોડીને કહ્યું, મને અહીં જ ઊભો રાખીને તેઓ સૈન્યમાં ઘૂસ્યા છે. જતાં જતાં એટલું જ કહ્યું હતું, 'તમે થોડી વાર સુધી રથને અહીં જ રોકીને મારી પ્રતીક્ષા કરો. આ લોકો મારો વધ કરવા તૈયાર છે, તેમનો

હું હમણાં જ વધ કરી નાખું છું.' ત્યાર પછી તેમણે ગદા લઈને સેનાની વચ્ચે દોડતા જોઈને ધૃષ્ટદ્યુમ્નને ભારે પ્રસન્નતા થઈ.

તેણે વિશોકને કહ્યું, 'ભીમ મારા સખા અને સંબંધી છે. મારો તેમના પર પ્રેમ છે અને તેમનો મારા પર. તેથી જ્યાં તેઓ ગયા છે ત્યાં જ હું પણ જાઉં છું.'

આમ કહીને ધૃષ્ટદ્યુમ્ન ચાલ્યો ગયો. જેમ આંધી વૃક્ષોનો નાશ કરે છે એમ ભીમ શત્રુસેનાનો સંહાર કરી રહ્યો છે. તે જોઈને ધૃષ્ટદ્યુમ્નએ તેમની પાસે પહોંચીને એને પોતાના રથ પર બેસાડી દીધો અને છાતીસરસા ચાંપી આશ્વાસન આપ્યું. ત્યારે કૌરવપુત્રો ધૃષ્ટદ્યુમ્ન પર બાણવર્ષા કરવા લાગ્યા. શત્રુઓની બાણવર્ષાથી જરા પણ વિચલિત ન થતાં તેણે કૌરવસૈનિકોને પોતાનાં બાણોથી વીંધવા માંડ્યા. ભીમ અને ધૃષ્ટદ્યુમ્ન રણભૂમિમાં હાથીની જેમ વિચરી રહ્યા છે ત્યારે ધૃતરાષ્ટ્રપુત્રો ઘાયલ થવાથી મૂર્છિત પડ્યા છે.

રાજા યુધિષ્ઠિરે પોતાના સૈનિકોને બોલાવીને કહ્યું, 'અભિમન્યુ વગેરે મહારથી વીરો ભીમ અને ધૃષ્ટદ્યુમ્ન પાસે જઈને તેમના સમાચાર જાણી લાવે. મારું મન તેમના માટે શંકિત થઈ ગયું છે.'

યુધિષ્ઠિરની આજ્ઞા મળતાં બધા યોદ્ધોઓ ચાલવા લાગ્યા. તે સમયે મધ્યાહ્ન થઈ ચૂક્યો હતો. તેઓ સૂચીમુખ નામનો વ્યૂહ બનાવીને કૌરવસેનાના વ્યૂહને તોડીને અંદર ચાલ્યા ગયા. કૌરવ યોદ્ધાઓને ભીમ અને ધૃષ્ટદ્યુમ્ને પહેલેથી જ ભયભીત અને મૂર્છિત કરી દીધા હતા. તેથી તેઓ આ લોકોને રોકી શક્યા નહિ.

ભીમ અને ધૃષ્ટદ્યુમ્ને જ્યારે અભિમન્યુ વગેરે વીરોને પોતાની પાસે આવેલા જોયા તો પ્રસન્ન થઈને કૌરવસેનાનો સંહાર કરવા લાગ્યા. એ દરમિયાન દ્રુપદકુમારે ગુરુ દ્રોણાચાર્યને એકાએક ત્યાં આવતા જોયા. ત્યારે ભીમને કેકયના રથમાં બેસાડીને અસ્ત્રોના પારગામી દ્રોણાચાર્ય પર હુમલો કર્યો અને તેના સારથિને બાણ મારી યમલોક પહોંચાડી દીધો. ત્યારે ધૃષ્ટદ્યુમ્ન રથમાંથી કૂદીને અભિમન્યુના રથ પર જઈને બેસી ગયો. તે સમયે પાંડવોની સેના ભયભીત થઈ ગઈ. આચાર્ય દ્રોણે પોતાના તીક્ષ્ણ બાણોથી તેને અત્યંત ઘાયલ કરી દીધો. બીજી બાજુ પિતામહ ભીષ્મ પણ પાંડવસેનાનો સંહાર કરવા લાગ્યા.

ત્યાર પછી સૂર્યદેવ પર સંધ્યાની લાલી છવાવા લાગી. ત્યારે

દુર્યોધને ભીમનો વધ કરવાની ઇચ્છાથી તેના પર હુમલો કર્યો. પોતાના શત્રુને આવતો જોઈને ભીમે ક્રોધિત થઈને દુર્યોધને કહ્યું, 'આજે મને તે ક્ષણ મળી છે, જેની હું ઘણાં વર્ષોથી પ્રતીક્ષા કરી રહ્યો હતો. જો તું યુદ્ધ છોડીને ભાગી ન ગયો તો તારો અત્યારે અવશ્ય વધ કરી નાખીશ.'

આમ કહીને ભીમે ધનુષ્ય ચડાવ્યું અને દુર્યોધન પર તીક્ષ્ણ બાણો છોડવા લાગ્યો. ભીમે તેને બહુ જ ઘાયલ અને વ્યથિત કરી દીધો હતો. તેથી તે રથના પાછલા ભાગમાં બેસી પડ્યો. ત્યાર પછી ભીમે યુદ્ધ જીતવા માટે જયદ્રથને ઘેરી દીધા અને યુદ્ધ કરવા લાગ્યો.

રાજાઓએ સૂર્યાસ્ત પછી બે ઘડી સુધી પોતાનો ભયંકર સંગ્રામ ચાલુ રાખ્યો. હજારો રથી અને ઘોડેસવારોના મૃતદેહો ચારે બાજુ પથરાયેલા જોવા મળતા હતા. ત્યારે પિતામહ ભીષ્મ પણ પાંડવો અને પાંચાલોની સેનાને યમસદન મોકલવા લાગ્યા. આ પ્રમાણે પાંડવસેનાનો સંહાર કરીને પિતામહ ભીષ્મે પોતાના સૈનિકોને પાછા વાળ્યા અને સ્વયં પોતાની શિબિરમાં ચાલ્યા ગયા. આ બાજુ ધર્મરાજ યુધિષ્ઠિર પણ ભીમ અને ધૃષ્ટદ્યુમ્નને જોઈને પ્રસન્ન થયા અને અત્યંત હર્ષ સાથે પોતાની છાવણીમાં ગયા.

યુદ્ધનો છઠ્ઠો દિવસ

બધા સૈનિકો પોતપોતાની શિબિરોમાં ઘાની ચિકિત્સા કરાવવા લાગ્યા. રાત્રે બધાએ વિશ્રામ કર્યો. છઠ્ઠા દિવસે પ્રાતઃકાળ થતાં સૌ ફરી યુદ્ધ શરૂ કરવા તૈયાર થઈ ગયા. આ સમયે દુર્યોધને અત્યંત ચિંતાગ્રસ્ત થઈને પિતામહ ભીષ્મને પૂછ્યું, 'દાદાજી! તમારી સેના બહુ ભયંકર છે, એની વ્યૂહરચના પણ બહુ સાવધાનીપૂર્વક કરવામાં આવે છે છતાં પણ પાંડવ પક્ષના વીરો તે વ્યૂહને તોડીને, તેમાં ઘૂસીને આપણા વીરોને મારી નાખે છે. ભીમે તો પ્રચંડ બાણોથી મને પણ ઘાયલ કરી નાખ્યો. હજી સુધી હું સ્વસ્થ થઈ શક્યો નથી. તમારી સહાયતાથી હું યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરીને પાંડવોને મારી નાખવા માગું છું.'

દુર્યોધનની આ વાત સાંભળીને પિતામહ હસ્યા અને કહેવા લાગ્યા, 'હું તો વધુમાં વધુ પ્રયત્ન કરીને પાંડવોની સેનામાં ચાલ્યો જાઉં છું. હું મારા પ્રાણોની બાજી લગાવીને સંપૂર્ણ શક્તિથી પાંડવો સાથે યુદ્ધ કરીશ અને તારું બધી રીતે પ્રિય કરીશ.'

પિતામહની આ વાત સાંભળીને દુર્યોધન પ્રસન્ન થયો. પ્રાતઃકાળ થતાં પિતામહ ભીષ્મે કૌરવસેનાની વ્યૂહરચના કરી. તેમણે જાતજાતના શસ્ત્રોથી સજ્જ કૌરવસેનાને મંડળવ્યૂહની વિધિથી ઊભી કરી. આ મંડળવ્યૂહને જોઈને રાજા યુધિષ્ઠિરે પોતાની સેનાનો વજ્રવ્યૂહ બનાવ્યો. આ પ્રમાણે જ્યારે વ્યૂહબદ્ધ થઈને બંને સેનાઓ પોતપોતાના સ્થાન પર ઊભી રહી ત્યારે યુદ્ધ માટે રથીઓ અને ઘોડેસવારો ઉતાવળા થઈને વ્યૂહ તોડવા માટે આગળ વધ્યા.

કૌરવપક્ષના અનેક રાજાઓએ જાતજાતનાં શસ્ત્રો લઈને ચારે બાજુથી અર્જુનને ઘેરી લીધો. ત્યારે અર્જુને તેમના પર બાણવૃષ્ટિનો આરંભ કર્યો. બીજી બાજુથી રાજાઓ પણ અર્જુન પર બાણવૃષ્ટિ કરવા લાગ્યા. આ પ્રમાણે શ્રીકૃષ્ણ અને અર્જુનની સ્થિતિ જોઈને દેવતાઓ, દેવર્ષિ, ગંધર્વો અને નાગોને ભારે આશ્ચર્ય થયું. અર્જુનની સામે જેટલા રાજાઓ, ઘોડેસવારો અને ગજારોહી આવ્યા તે તમામને અર્જુને ઘાયલ કરી નાખ્યા.

હવે પિતામહ ભીષ્મ અત્યંત સ્ફૂર્તિથી અર્જુનની સામે આવીને યુદ્ધ કરવા લાગ્યા. આ બાજુ દ્રોણાચાર્યે બાણ મારીને રાજા વિરાટને ઘાયલ કરી દીધો. રાજા વિરાટે દ્રોણાચાર્યના સારથિને મારી નાખ્યો તેથી તેઓ બહુ કુપિત થયા. તેમણે વળતાં બાણ મારીને રાજા વિરાટના ઘોડા નષ્ટ કરી નાખ્યા અને સારથિને પણ મારી નાખ્યો. રાજા વિરાટ રથમાંથી કૂદીને પોતાના પુત્ર શંખના રથ પર જઈને બેસી ગયા. ત્યારે તે પિતા-પુત્ર ભીષણ બાણો વરસાવીને આચાર્યના આક્રમણને બળપૂર્વક ખાળવાનો પ્રયત્ન કરવા લાગ્યા. આથી દ્રોણાચાર્યે રાજકુમાર શંખ પર વિષયુક્ત બાણ છોડ્યું. શંખ લોહીથી લદબદ થઈને પૃથ્વી પર પડી ગયો. તે રણભૂમિમાં સદાને માટે પોઢી ગયો. પુત્રને મરેલો જોઈને રાજા વિરાટ દ્રોણાચાર્યને છોડીને યુદ્ધભૂમિમાંથી ચાલ્યા ગયા. ત્યારે દ્રોણાચાર્યે પાંડવોની વિશાળ સેનાને વેરવિખેર કરી નાખી.

સાત્યકિએ પોતાના તીક્ષ્ણ બાણોથી કૌરવપુત્રો પર પ્રહાર કરતા તેઓ પણ ભયભીત થઈને ભાગી ગયા. હજી મધ્યાહ્ન થયો ન હતો. ત્યાં તો વિન્દ અને અનુવિન્દ ઈરાવાનને આવતો જોઈને તેની સામે આવી ગયા. તેમની વચ્ચે ભીષણ યુદ્ધ શરૂ થયું. ઈરાવાને ક્રોધિત થઈને બંને ભાઈઓને પોતાના તીક્ષ્ણ બાણોથી વીંધીને ઘાયલ કરી નાખ્યા. પછી તે બંને ભાઈઓએ રથ પર બેસીને ઈરાવાન પર બાણ મારવાનું શરૂ કર્યું.

તેના જવાબમાં ઝડપથી બાણવૃષ્ટિ કરી ઈરાવાને તેમના સારથિને મારી નાખ્યો.

સેના સહિત પિતામહ ભીષ્મને અભિમન્યુ તરફ જતાં જોઈને અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, 'જ્યાં આ ઘણા બધા રથ દેખાઈ રહ્યા છે તે બાજુ આપ આપણા રથને જવા દો.'

અર્જુનના આ પ્રમાણે કહેવાથી શ્રીકૃષ્ણે જ્યાં ઘોર સંગ્રામ થઈ રહ્યો હતો તે તરફ રથ હાંક્યો.

અર્જુનને તેમની તરફ આવતો જોઈને સેનાવીરો ગભરાવા માંડ્યા. અર્જુને પિતામહ ભીષ્મની રક્ષા કરનારા રાજાઓની પાસે પહોંચીને તેમનામાંથી સુશર્માને કહ્યું, 'હું જાણું છું કે તમે એક શ્રેષ્ઠ યોદ્ધા છો અને અમારા જૂના શત્રુ છો. પરંતુ આજે તમને તમારી અનીતિનું કઠોર ફળ મળવાનું છે. આજે હું તમને તમારા પરલોકવાસી પિતામહોનાં દર્શન કરાવી દઈશ.'

અર્જુનના આવાં કઠોર વચન સાંભળીને બધા રાજાઓએ એને ઘેરીને બાણવર્ષા શરૂ કરી. અર્જુને ક્ષણમાત્રમાં જ તે બધાનાં ધનુષ્ય કાપીને તેઓને વ્યથિત કરી દીધા. પોતાના સાથી રાજાઓને આ રીતે મરાઈ ગયેલા જોઈને સુશર્મા અત્યંત સ્ફૂર્તિથી બચી ગયેલા રાજાઓને લઈને આગળ આવી યુદ્ધ કરવા લાગ્યો.

આ પ્રમાણે યુદ્ધ જ્યારે ભયંકર રૂપ ધારણ કરવા લાગ્યું ત્યારે પિતામહ ભીષ્મ રાજા યુધિષ્ઠિર સામે આવ્યા. તે સમયે પાંડવપક્ષના બધા વીરો કાંપવા લાગ્યા અને તેમને એવું લાગ્યું કે જાણે હવે યુધિષ્ઠિર મૃત્યુના મુખમાં જ જવા માગે છે. રાજા યુધિષ્ઠિરે તેઓને ધીરજ આપતા કહ્યું, 'બધા મળીને પિતામહ ભીષ્મ પર આક્રમણ કરો.'

આ સાંભળીને બધા રાજાઓએ એમને ઘેરી લીધા. પરંતુ પિતામહ ભીષ્મ બધી બાજુથી ઘેરાઈ જવા છતાં બાણવર્ષાથી અનેક મહારથીઓને ધરાશાયી કરતા રહીને યુદ્ધક્રીડા કરવા લાગ્યા. જ્યારે આ ઘોર યુદ્ધ બહુ ભયાનક થઈ ગયું ત્યારે બંને બાજુની સેનામાં ભારે ખળભળાટ મચી ગયો. બંને બાજુની વ્યૂહરચના તૂટી ગઈ.

હવે સૂર્યાસ્ત થતા યુદ્ધભૂમિમાં લોહીની નદીઓ વહેવા લાગી હતી. એ જ સમયે અર્જુન સુશર્મા વગેરે રાજાઓને પરાસ્ત કરીને પોતાના શિબિરમાં પાછો ફર્યો. ધીરે ધીરે રાત્રિ પડવા લાગી. મહારાજ યુધિષ્ઠિર અને ભીમ પણ સેના સાથે પોતાના શિબિરમાં આવી ગયા. કૌરવવીરો

પણ પોતાની સેના સાથે પોતપોતાની છાવણીમાં ચાલ્યા ગયા. આ પ્રમાણે રાત થવાથી બધા કૌરવસૈનિકો અને પાંડવો પોતપોતાની છાવણીમાં આવીને બંને પક્ષોના વીરોની વીરતાની પ્રશંસા કરવા લાગ્યા.

સાતમા દિવસનું યુદ્ધ અને ધૃતરાષ્ટ્રના આઠ પુત્રોનો વધ

રાત્રે સુખપૂર્વક વિશ્રામ કરીને સવાર થતાં કૌરવ અને પાંડવપક્ષના રાજાઓ પુનઃ યુદ્ધ માટે શિબિરમાંથી બહાર નીકળી રણભૂમિ તરફ જવા લાગ્યા. બંને પક્ષોએ પોતપોતાની વ્યૂહરચના બનાવીને અસ્ત્ર-શસ્ત્રોનો પ્રહાર કરીને એકબીજાને યમલોક મોકલવા લાગ્યા. પછી તો બંને સેનાઓ વચ્ચે ભયંકર સંગ્રામ થવા લાગ્યો. પાયદળની સાથે પાયદળો, અશ્વારોહી સાથે અશ્વારોહીઓ, રથી સાથે રથી અને હાથી પર બિરાજમાન યોદ્ધાઓ સાથે હાથી પર બિરાજમાન યોદ્ધાઓનું યુદ્ધ થવા લાગ્યું. જે સમયે નરસંહાર થઈ રહ્યો હતો, દુર્યોધન તેના ભાઈઓ સાથે પિતામહ ભીષ્મની રક્ષા માટે આવી પહોંચ્યો. એટલામાં ભીમે પિતામહ ભીષ્મના સારથિને મારી નાખ્યો. ભીમ રણભૂમિમાં બધી બાજુ વિચરવા લાગ્યો. તેણે તીક્ષ્ણ બાણથી કૌરવપુત્ર સુનાભનું માથું કાપી નાખ્યું. તે જોઈને તેના ઉપસ્થિત સાત ભાઈઓ ગુસ્સે થઈને ભીમ પર તૂટી પડ્યા. અનેક શસ્ત્રોથી એમણે ભીમને ઘાયલ કરી દીધો. શત્રુઓનો આ પ્રહાર ભીમ સહી ન શક્યો. તેણે તીક્ષ્ણ બાણથી અપરાજિતનું મસ્તક છેદી નાખ્યું. બીજા બાણથી કુંડધારને યમલોક મોકલી દીધો. એક બાણ પંડિતક પર છોડ્યું. તેનો પ્રાણ લઈને એ બાણ પૃથ્વીમાં સમાઈ ગયું. પછી વિશાલાક્ષનું મસ્તક છેદી નાખી અને મહોદરની છાતીમાં શૂલ માર્યું. તેના કારણે તેની છાટી ફાટી ગઈ અને તે પ્રાણશૂન્ય થઈને જમીન પર ઢળી પડ્યો. ત્યારપછી ખડગથી આદિત્યકેતુનું માથું ઉડાવી દીધું. પછી ક્રોધમાં ભરાઈને ભીમે બહ્વાશીને પણ યમલોક મોકલી દીધો.

આ જોઈ કૌરવપુત્રો રણભૂમિમાંથી ભાગી ગયા. તેમનાં મનમાં એવો ભય પેસી ગયો કે ભીમે જે સંગ્રામમાં કૌરવોને મારવાની પ્રતિજ્ઞા લીધી હતી, તેને આજે જ પૂરી કરી નાખશે. ભાઈઓના મૃત્યુથી દુર્યોધનને ભારે દુઃખ થયું. તેણે પોતાના સૈનિકોને આજ્ઞા આપી કે બધા યોદ્ધાઓ મળીને ભીમને મારી નાખો. આ પ્રમાણે પોતાના ભાઈઓનું મૃત્યુ જોઈને દુર્યોધન ભીષ્મપિતામહ પાસે આવ્યો અને અત્યંત દુઃખી

થઈને વિલાપ કરવા લાગ્યો.

તેણે કહ્યું, 'મારા ભાઈઓ બહુ જ ઉત્સાહ સાથે લડી રહ્યા હતા. તેમને ભીમે મારી નાખ્યા તથા બીજા યોદ્ધાઓનો પણ તે સંહાર કરી રહ્યો છે. મારું પ્રારબ્ધ કેટલું ખરાબ છે! હું ખરેખર, ખોટા રસ્તે ચડી ગયો છું.'

દુર્યોધનની વાતો કઠોર હતી તો પણ તે સાંભળીને ભીષ્મની આંખો ભીની થઈ ગઈ. તેઓ કહેવા લાગ્યા, 'મેં, આચાર્ય દ્રોણે, વિદુરે તથા તારી માતા ગાંધારીએ પણ આ પરિણામ ભાખ્યું હતું, પરંતુ તે વખતે તે અમારું માન્યું નહિ. મેં એ પણ કહ્યું હતું કે, મને અને આચાર્ય દ્રોણને યુદ્ધથી દૂર રાખજો. પરંતુ તે ધ્યાન ન આપ્યું. હવે હું તને સાચી વાત કહું છું. ધૃતરાષ્ટ્રના પુત્રોમાંથી ભીમ જેને પોતાની સામે જોશે, તેને અવશ્ય મારી નાખશે. આ સંગ્રામનું અંતિમ ફળ સ્વર્ગપ્રાપ્તિ છે એવું માનીને યુદ્ધ કર. પાંડવોને તો ઇન્દ્ર, દેવતાઓ અને અસુરો પણ જીતી શકે એમ નથી. રાજા ધૃતરાષ્ટ્રે પણ વિદુરજીની વાત માની ન હતી. તેણે વારંવાર ધૃતરાષ્ટ્રને કહ્યું હતું કે, 'પોતાના પુત્રને દ્યુતક્રીડા રમતાં રોકો, પાંડવોનો દ્રોહ ન કરો પરંતુ તેઓ કશું સાંભળવા માગતા ન હતા.'

ત્યાં જ ધર્મરાજ યુધિષ્ઠિરની આજ્ઞાથી તેમની પૂરી સેના સજ્જ થઈને પિતામહ ભીષ્મ ઉપર ચડી આવી. ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, સાત્યકિ, રાજા દ્રુપદ, રાજા વિરાટ, ધૃષ્ટકેતુ અને કુન્તિભોજે એકસાથે પિતામહને ઘેરી લીધા. આ બધા દુર્યોધનના મોકલેલા રાજાઓનો સામનો કરવા લાગ્યા. અભિમન્યુ, ઘટોત્કચ અને ભીમ કૌરવો પર આક્રમણ કરવા લાગ્યા. આ પ્રમાણે પાંડવો કૌરવસેનાનો સંહાર કરવા લાગ્યા. કૌરવો પણ પોતાના શત્રુઓનો સંહાર કરી રહ્યા હતા.

દ્રોણાચાર્યે ક્રોધિત થઈને સોમક અને સૃંજયો પર આક્રમણ કરી તેમને યમલોક મોકલવા લાગ્યા. બીજી બાજુ ભીમે કૌરવોનો ક્રોધથી સંહાર કરવા માંડ્યો. બંને સેનાના સૈનિકો એકબીજાને મારવા અને મરવા લાગ્યા. અર્જુને પણ કૌરવપક્ષના ઘણા રાજાઓને મારી નાખ્યા હતા. તેના કારણે રણભૂમિ ભયંકર દેખાતી હતી. આ રીતે બંને સેનાઓનો સંહાર થઈ રહ્યો હતો. જે સમયે મોટા મોટા વીરોનો સંહાર કરનારું આ ભયંકર યુદ્ધ ચાલી રહ્યું હતું, ત્યારે શકુનિએ પાંડવો પર આક્રમણ કર્યું. એમનો મુકાબલો કરવા માટે અર્જુનનો પુત્ર ઇરાવાન આવ્યો. ઇરાવાનનો જન્મ નાગકન્યાના ગર્ભથી થયો હતો. તે બહુ બળવાન હતો. જ્યારે શકુનિ તથા ગાંધારદેશના અન્ય વીરો પાંડવસેનાનો

વ્યૂહ તોડીને અંદર ઘૂસી ગયા, ત્યારે ઈરાવાને પોતાના યોદ્ધાઓને કહ્યું, 'હે વીરો! એવી યુક્તિથી કામ કરો જેથી આ કૌરવ યોદ્ધાઓને આજે એમના સહાયકો સાથે મારી નાખીએ.'

આ સાંભળી તેના સૈનિકો કૌરવોની સેના પર તૂટી પડ્યા. કૌરવસેનાનો વિધ્વંસ સુબલના પુત્રો જોઈ ન શક્યા. તેમણે ઈરાવાનને ચારે બાજુથી ઘેરી લીધો અને તેના પર તીક્ષ્ણ બાણોથી હુમલો કરવા લાગ્યા. ઈરાવાનના દેહ પર અનેક ઘા થઈ જવાથી એ લોહીથી લદબદ થઈ ગયો. તે એકલો જ હતો અને તેના પર ચારે બાજુથી અનેક યોદ્ધાઓ પ્રહાર કરી રહ્યા હતા. પછી પોતાના શરીરમાં ઘૂસેલા બાણોને ખેંચીને તે જ બાણોથી એણે સુબલપુત્રો પર પ્રહાર કર્યો. સુબલના પુત્રોને મારી નાખવાના ઈરાદાથી રથ છોડીને એ તેમના તરફ વેગથી દોડ્યો. એટલામાં તે બધા મૂર્છામાંથી જાગી એક સાથે ઈરાવાન પર તૂટી પડ્યા. સાથે સાથે તેઓ તેને કેદ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા પરંતુ જેવા તેઓ નજીક આવ્યા ત્યારે ઈરાવાને તલવારથી તેમના દેહના ટુકડે ટુકડા કરી દીધા. તેઓ પ્રાણહીન થઈને પડી ગયા. તેમાંથી એકમાત્ર વૃષભ નામનો રાજકુમાર બચી ગયો.

આ બધા યોદ્ધાઓને મરાયેલા જોઈને દુર્યોધન ભારે ક્રોધિત થયો અને તે અલમ્બુષ રાક્ષસ પાસે દોડી ગયો. તે રાક્ષસ દેખાવે અત્યંત ભયાનક અને માયાવી હતો તથા બકાસુરનો વધ કરવાને કારણે ભીમ સાથે શત્રુતા રાખતો હતો. તેણે દુર્યોધને કહ્યું, 'આ અર્જુનનો પુત્ર ઈરાવાન બહુ બળવાન અને માયાવી છે. એવો કોઈ ઉપાય કરો જેથી તે મારી સેનાનો સંહાર ન કરી શકે. ગમે તેમ કરીને આ ઈરાવાનને યુદ્ધમાં મારી નાખો.'

તે ભયંકર રાક્ષસ સિંહની જેમ ગર્જના કરતો ઈરાવાન પાસે આવ્યો અને તેને મારવા માટે આગળ વધ્યો. ઈરાવાને પણ તેને વધ કરવાની ઇચ્છાથી આગળ વધીને રોક્યો. તે માયાવી રાક્ષસોનું ઈરાવાનના સૈનિકો સાથે યુદ્ધ થવા લાગ્યું અને બંને બાજુના યોદ્ધાઓ એકબીજા પર પ્રહાર કરીને એકબીજાને યમલોક મોકલવા લાગ્યા. સેના મરાઈ જવાથી બંને વીર દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા. રાક્ષસ ઈરાવાન પર આક્રમણ કરતો હતો અને તે તેનો પ્રહાર ચૂકવતો જતો હતો. ઈરાવાનને પોતાની માયાથી મોહિત કરતો રહીને એ આકાશમાં ઊડી ગયો. આ જોઈને ઈરાવાન પણ અંતરિક્ષમાં ઊડ્યો અને રાક્ષસને પોતાની માયાથી મોહિત કરીને તેમનો

વધ કરવા લાગ્યો. વારંવાર શસ્ત્રોથી ઘાયલ થતો તે રાક્ષસ નવા રૂપે પ્રગટ થઈ જતો હતો. ઈરાવાન ક્રોધિત થવાથી તે રાક્ષસ પર વારંવાર પ્રહાર કરતો હતો. તેના શરીરમાંથી પુષ્કળ લોહી વહેવા લાગ્યું અને તે ભયંકર ચીસો પાડવા લાગ્યો. એટલામાં ઈરાવાનની માતાના કુળનો એક નાગ ઘણા બધા નાગોને સાથે લઈને ત્યાં આવી પહોંચી ઈરાવાનને ચારે બાજુ ઘેરીને તેની રક્ષા કરવા લાગ્યો. ઈરાવાને શેષનાગ જેવું વિરાટ રૂપ ધારણ કરીને અનેક નાગોથી તે રાક્ષસને ઢાંકી દીધો. ત્યારે અલમ્બુષ ગરુડનું રૂપ ધારણ કરીને એ નાગોનું ભક્ષણ કરવા લાગ્યો. અલમ્બુષ બધા નાગોનું ભક્ષણ કરી ગયો અને પોતાની માયાથી મોહિત કરીને તેણે તલવારનો પ્રહાર કર્યો. ઈરાવાનનું મસ્તક કપાઈને જમીન પર પડી ગયું. આ પ્રમાણે જ્યારે અલમ્બુષે ઈરાવાનને મારી નાખ્યો ત્યારે સમસ્ત રાજાઓ સહિત કૌરવસેનાના વીરોને આનંદ થયો.

અર્જુનને પોતાના પુત્ર ઈરાવાનના મૃત્યુની ખબર ન હતી. તેઓ પિતામહ ભીષ્મની રક્ષા કરનારા રાજાઓનો સંહાર કરી રહ્યા હતા તથા પિતામહ બાણોથી પાંડવોના મહારથીઓના પ્રાણ હરી રહ્યા હતા. આ પ્રમાણે ભીષણ સંગ્રામમાં બંને પક્ષના સૈનિકો એકબીજાનો પ્રહાર સહી ન શક્યા અને આવેશમાં આવીને અત્યંત જુસ્સાથી લડવા લાગ્યા.

ઈરાવાન મરાઈ ગયો એ જોઈને ભીમના પુત્ર ઘટોત્કચે ભારે ગર્જના કરી. તે ભયંકર નાદ સાંભળીને કૌરવ સૈનિકોના દેહ ધ્રૂજવા લાગ્યા. દુર્યોધને જોયું કે ઘટોત્કચનું રાક્ષસી સ્વરૂપ જોઈ તેની સેના ભયથી ભાગી રહી છે ત્યારે તેને ભારે ગુસ્સો આવ્યો. એણે ઘટોત્કચ પર હુમલો કર્યો. પછી રાક્ષસોની અને દુર્યોધનની સેનામાં યુદ્ધ થવા લાગ્યું. ત્યારે દુર્યોધન પણ પોતાના પ્રાણોનો ભય ત્યાગીને રાક્ષસો પર તૂટી પડ્યો અને તેમના ઉપર તીક્ષ્ણ બાણોથી વૃષ્ટિ કરવા લાગ્યો. તેના હાથે રાક્ષસો મરાવા લાગ્યા. દુર્યોધનના આ પરાક્રમથી ક્રોધિત થઈને ઘટોત્કચે તેને કહ્યું, 'તમે લાંબા સમય સુધી મારા પિતા-કાકાઓને જંગલમાં ભટકાવ્યા છે, તે સૌના ઋણથી આજે તમને મારીને જંપીશ.'

આમ કહીને ઘટોત્કચે બાણોની વર્ષા કરીને દુર્યોધનને ઢાંકી દીધો. બંને પક્ષના વીરો તેઓની રક્ષા માટે આવી ગયા. બંને સેનાઓમાં ભયાનક યુદ્ધ શરૂ થયું. કૌરવપક્ષના બધા વીરોને પરાજિત કરીને તે દુર્યોધન તરફ આગળ વધ્યો. એ જોઈને કૌરવવીરો પણ તેને મારવાની ઇચ્છાથી આગળ વધ્યા. ઘટોત્કચ પર ચારે બાજુથી બાણવર્ષા થવા લાગી

અને તે ઘાયલ થઈ ગયો. ત્યારે તે ગરુડની જેમ આકાશમાં ઊડી ગયો. તે પોતાની ગર્જનાથી અંતરિક્ષ ગજાવવા લાગ્યો.

તે અવાજ સાંભળીને યુધિષ્ઠિરે ભીમને કહ્યું, 'ઘટોત્કચના પ્રાણ સંકટમાં છે, ત્યાં જઈને તેમની રક્ષા કરો.'

ભાઈની આજ્ઞા માનીને ભીમ રાજાઓને લઈને તેના પુત્રની રક્ષા કરવા લાગ્યા. ભીમના ભયથી કૌરવ સૈનિકો ઘટોત્કચને છોડીને પીછેહઠ કરવા લાગ્યા. પછી બંને તરફની સેનાઓ વચ્ચે ઘોર યુદ્ધ થવા લાગ્યું અને થોડી જ વારમાં કૌરવોની વિશાળ સેના ભાગી ગઈ. આ જોઈને દુર્યોધને ભીમની છાતીમાં બાણ માર્યું. તેથી ભીમને ભારે પીડા થઈ અને એને ધ્વજાદંડનો સહારો લેવો પડ્યો. તેની આવી દશા જોઈને ઘટોત્કચ અને અભિમન્યુ મહારથીઓની સાથે દુર્યોધન પર તૂટી પડ્યા. ત્યારે દ્રોણાચાર્યે કૌરવપક્ષના મહારથીઓને કહ્યું, 'દુર્યોધન સંકટમાં છે તેની જલદીથી રક્ષા કરો.'

આચાર્યની વાત સાંભળીને બધા કૌરવવીરો દુર્યોધનને ઘેરીને ઊભા રહી ગયા. દ્રોણાચાર્યે ભીમ પર બાણવર્ષા કરવા માંડી, ત્યારે ભીમે આચાર્ય દ્રોણની છાતી પર બાણો વરસાવીને તેમને વ્યથિત કરી દીધા. આ જોઈને દુર્યોધન અને અશ્વત્થામા ક્રોધિત થઈને ભીમ તરફ દોડી અસ્ત્ર-શસ્ત્રોથી તેને મારવા લાગ્યા.

આ તરફ કૌરવપક્ષના બધા યોદ્ધાઓ ઘટોત્કચની માયાના પ્રભાવથી યુદ્ધ ત્યજીને ભાગવા લાગ્યા. તેમને એવું દેખાતું હતું કે મારા સિવાય બધા સૈનિકો શસ્ત્રોથી ઘાયલ થઈને લોહીથી લદબદ થઈને તરફડી રહ્યા છે અને દ્રોણાચાર્ય, દુર્યોધન, શલ્ય, અશ્વત્થામા વગેરે મહાન ધનુર્ધરો મરાઈ ગયા છે.

આ બધું જોઈને કૌરવોની સેના છાવણી તરફ ભાગવા લાગી. શત્રુસેનાને ભાગતી જોઈને પાંડવો ઘટોત્કચની સાથે સિંહનાદ કરવા લાગ્યા. ચારે બાજુ શંખધ્વનિ થવા લાગ્યો અને દુંદુભિ વાગવા લાગી. આ પ્રમાણે સૂર્યાસ્ત થતાં પહેલાં જ ઘટોત્કચે કૌરવસેનાને ચારે બાજુ વિખેરી નાખી. બંને સેના પોતપોતાની છાવણીમાં ગઈ. બધા વિશ્રામ કરવા લાગ્યા.

યુદ્ધનો આઠમો દિવસ

આ મહાસંગ્રામમાં દુર્યોધન, પિતામહ ભીષ્મ પાસે ગયો અને તેમને પ્રણામ કરીને ઘટોત્કચના વિજય અને પોતાના પરાજયના સમાચાર

કહ્યા. પછી બોલ્યો, 'પાંડવોએ જે પ્રમાણે શ્રીકૃષ્ણનો સહારો લીધો છે તે જ પ્રમાણે અમે તમારો આશ્રય લઈને શત્રુઓ સાથે ઘોર યુદ્ધ કર્યું છે. મારી સાથે અગિયાર અક્ષૌહિણી સેનાઓ સદા તમારી આજ્ઞાનું પાલન કરવા તૈયાર રહે છે. તો પણ આજે ઘટોત્કચની સહાયતાથી પાંડવોએ મને યુદ્ધમાં હરાવી મારી સેનાને રણભૂમિમાંથી ભગાડી દીધી છે. આ અપમાનનો બદલો લેવા માટે હું તમારી સહાયતાથી તે રાક્ષસનો વધ કરવા માગું છું. તેથી કૃપા કરી તમે મારા આ મનોરથને પૂરો કરો.'

ત્યારે પિતામહે કહ્યું, 'તારે રાજધર્મનો વિચાર કરીને પાંડવો સાથે યુદ્ધ કરવું જોઈએ. કેમ કે રાજાએ રાજા સાથે યુદ્ધ કરવું ઉચિત છે. બીજા લોકો સાથે લડવા માટે તો અમે છીએ જ. અમે બધા રાક્ષસો સાથે યુદ્ધ કરીશું અથવા તેની સાથે લડવા રાજા ભગદત્ત જશે.'

આમ કહીને પિતામહ રાજા ભગદત્તને કહેવા લાગ્યા, 'તમે જઈને ઘટોત્કચ સાથે યુદ્ધ કરો.'

સેનાપતિની આજ્ઞા મળવાથી રાજા ભગદત્ત પાંડવો સાથે યુદ્ધ કરવા લાગ્યા. રાજા ભગદત્તે ભીમ પર હુમલો કર્યો. તે જોઈને ઘટોત્કચે કોપાયમાન થઈને તેના હાથીને મારી નાખવા માટે એક ત્રિશૂળ માર્યું પરંતુ ભગદત્તે બાણથી તેને કાપી નાખ્યું. ભીમને ગદા લઈને વેગપૂર્વક આવતો જોઈને કૌરવસૈનિકો ભયભીત થઈ ગયા. એટલામાં અર્જુન પણ શત્રુઓનો સંહાર કરતો ત્યાં આવી પહોંચ્યો અને કૌરવો પર બાણો વરસાવવા લાગ્યો. એ જ સમયે ભીમે ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનને ઇરાવાનના વધના સમાચાર આપ્યા.

પોતાના પુત્ર ઇરાવાનના મૃત્યુના સમાચાર સાંભળીને અર્જુનને ભારે આઘાત લાગ્યો. ત્યારે તેણે શ્રીકૃષ્ણને કહ્યું, 'વિદુરકાકાને તો આ કૌરવ-પાંડવોના મહાસંહારની વાત પહેલેથી ખબર હતી. તેથી જ તેમણે રાજા ધૃતરાષ્ટ્રને રોકવાનો પ્રયત્ન પણ કર્યો હતો. આ યુદ્ધમાં આપણા વીર યોદ્ધાઓ કૌરવવીરોના હાથે મરાઈ ચૂક્યા છે તથા અમે પણ કૌરવોના અનેક વીરોને નષ્ટ કરી દીધા છે. આ બધું કુકર્મ અમે સત્તા અને સંપત્તિ માટે કરી રહ્યા છીએ. ધિક્કાર છે આવા સત્તા-સંપત્તિને જેના કારણે બંધુ-બાંધવો એકબીજાનો વિનાશ કરવા માટે ઉત્સુક છે. આજે દુર્યોધનના અપરાધ તથા શકુનિ અને કર્ણની સલાહથી જ આ ક્ષત્રિયોનો વિધ્વંસ થઈ રહ્યો છે. મને તો મારા સંબંધીઓ સાથે યુદ્ધ કરવાનું રુચતું

જ નથી પરંતુ ક્ષત્રિયો મને યુદ્ધમાં અસમર્થ સમજશે તેથી તરત જ તમે રથને કૌરવસેના તરફ લઈ જાઓ, હવે વિલંબ કરવાનો સમય નથી.'

અર્જુને આ પ્રમાણે કહ્યું અને તરત જ શ્રીકૃષ્ણે રથને કૌરવસેના તરફ આગળ વધાર્યો. બંને પક્ષના વીરો એકબીજા સાથે યુદ્ધ કરવા લાગ્યા. જે સમયે ભીમ કૌરવપુત્રોનો નાશ કરતો હતો તે સમયે દ્રોણાચાર્ય ભીષણ બાણવૃષ્ટિ કરી રહ્યા હતા. આ જ સમયે પિતામહ, ભગદત્ત અને કૃપાચાર્યે અર્જુનને રોક્યો પરંતુ અર્જુને પોતાનાં અસ્ત્રોથી તે બધાનાં અસ્ત્રોને વ્યર્થ કરીને સેનાના અનેક વીરોનો વધ કરી દીધો. બંને તરફથી ઘમંડી વીરો પરસ્પર એકબીજા પણ પ્રહાર કરી રહ્યા હતા. આ પ્રમાણે ભારે ઘમાસાણ યુદ્ધ થઈ રહ્યું હતું. પરસ્પરના ઘોર સંઘર્ષને કારણે બંને પક્ષના સૈનિકો થાકી ગયા. તેમનામાંથી અનેક સૈનિકો રણભૂમિ છોડી ગયા અને અનેક ધરાશાયી થઈ ગયા. સૂર્યાસ્ત થતાં કૌરવ-પાંડવ બંનેએ પોતાની સેનાઓને પાછી વાળી અને યથાસમય પોતપોતાની શિબિરમાં જઈને વિશ્રામ કર્યો.

શિબિરમાં જઈને દુર્યોધન, શકુનિ, દુઃશાસન અને કર્ણ આપસમાં મળીને વિચાર કરવા લાગ્યા કે પાંડવોને તેમના સારથિઓ સહિત કઈ રીતે જીતી શકાય.

યુદ્ધનો નવમો દિવસ

સવાર પડતાં પિતામહ પોતાની વિશાળ સેના લઈને પાંડવો સામે સર્વતોભદ્ર વ્યૂહ બનાવ્યો. બીજી બાજુ પાંડવોએ પણ પોતાની સેનાનો વ્યૂહ બનાવીને ઊભા રહી ગયા. હવે કૌરવવીરો પિતામહને આગળ કરીને પાંડવો તરફ આગળ વધ્યા. આ જ પ્રમાણે ભીમ વગેરે પાંડવ યોદ્ધાઓ પણ સંગ્રામમાં વિજય મેળવવાની ઇચ્છાથી પિતામહ સાથે યુદ્ધ કરવા માટે આગળ આવ્યા. બંને તરફથી યુદ્ધ થવા લાગ્યું. આ યુદ્ધ પરથી અનુમાન થઈ શકતું હતું કે ભયંકર સંહારનો સમય નજીક આવી પહોંચ્યો છે. સર્વપ્રથમ અભિમન્યુએ દુર્યોધનની સેના પર આક્રમણ કર્યું. જે સમયે અભિમન્યુ કૌરવસેનામાં ઘૂસવા લાગ્યો ત્યારે મહાન યોદ્ધાઓ પણ તેને રોકી ન શક્યા. તેની બાણવર્ષાથી અનેક ક્ષત્રિયવીરોને યમલોક પહોંચાડી દીધા. તેને પોતાના પરાક્રમથી શત્રુઓને સંતપ્ત કરતો જોઈને ક્ષત્રિય વીરોને લાગતું હતું કે જાણે પૃથ્વી પર બે અર્જુન પ્રગટ થઈ ગયા

છે. આ પ્રમાણે અભિમન્યુએ કૌરવોની સેનાનાં મૂળિયાં ઉખાડી નાખ્યા અને મોટા મહારથીઓને પણ ધ્રૂજાવી નાખ્યા. અભિમન્યુ દ્વારા ભાગેલી કૌરવોની સેના અત્યંત વ્યાકુળ થઈને આર્તનાદ કરવા લાગી.

પોતાની સેનાનો આર્તનાદ સાંભળીને દુર્યોધને રાક્ષસ અલમ્બુષને કહ્યું, 'વૃત્રાસુરે જેમ દેવતાઓની સેનાને અસ્તવ્યસ્ત કરી નાખી હતી, તે જ પ્રકારે અભિમન્યુ આપણી સેનાને ભગાડી રહ્યો છે. યુદ્ધભૂમિમાં તેને રોકનારો તમારા સિવાય મને બીજો કોઈ દેખાતો નથી. તેથી તમે તરત જઈને તેનો વધ કરી દો. અત્યારે અમે પિતામહ ભીષ્મ-આચાર્ય દ્રોણ વગેરે યોદ્ધાઓ સાથે અર્જુનનો વધ કરીશું.'

દુર્યોધનના કહેવાથી રાક્ષસરાજ અલમ્બુષ ગર્જના કરતો અભિમન્યુ તરફ જવા લાગ્યો. તેનો ભીષણ અવાજ સાંભળી પાંડવસેનામાં ખળભળાટ મચી ગયો. તેની ગર્જના સાંભળીને કેટલાક યોદ્ધાઓ તો ડરના માર્યા પોતાના પ્રાણ ખોઈ બેઠા. તે એકસાથે પાંડવોની સેના પર તૂટી પડ્યો. એના પ્રહારથી સેનામાં ભારે સંહાર થવા લાગ્યો. તેમને સંકટમાં પડેલા જોઈને અભિમન્યુ શીઘ્ર તેમના તરફ દોડી આવ્યો અને તે બંનેમાં ઇન્દ્ર અને વૃત્રાસુર જેવું ભીષણ યુદ્ધ થયું. માયાયુદ્ધ કરનાર રાક્ષસને પરાસ્ત કરીને અભિમન્ય શત્રુઓની સેનાનો નાશ કરવા લાગ્યો. પોતાની સેનાને ભાગતી જોઈને પિતામહ ભીષ્મ અનેક કૌરવવીરો સાથે અભિમન્યુને ચારે બાજુથી ઘેરીને બાણોથી વીંધવા લાગ્યા પરંતુ અભિમન્યુએ બળ અને પરાક્રમથી પિતા અર્જુન જેવું રણભૂમિમાં પરાક્રમ કરવા લાગ્યા. અર્જુન પોતાના પુત્રની રક્ષા માટે સૈનિકોનો સંહાર કરતા પિતામહ પાસે પહોંચી ગયા. એ જ પ્રમાણે પિતામહ પણ રણભૂમિમાં અર્જુનની સામે લડવા લાગ્યા. આ પ્રમાણે યુદ્ધ કરતાં કરતાં જ્યારે મધ્યાહ્ન થઈ ત્યારે પિતામહ ભીષ્મ પોતાનાં તીક્ષ્ણ બાણોથી પાંડવપક્ષના હજારો સૈનિકોનો સંહાર કરવા લાગ્યા.

પાંડવસેના આ ભીષણ સંહાર સહન ન થતાં આર્તનાદ કરીને ભાગવા લાગી. આ જોઈને શ્રીકૃષ્ણે રથ રોકીને અર્જુનને કહ્યું, 'તમે જેની પ્રતીક્ષામાં હતા, તે સમય હવે આવી ગયો છે. અત્યારે તમે મોહ છોડો અને પિતામહ પર પ્રહાર કરો. તમે વિરાટનગરમાં રાજાઓની હાજરીમાં સંજયને જે કહ્યું હતું તે વાતને હવે સિદ્ધ કરીને દેખાડી દો.'

આ સાંભળીને અર્જુને કહ્યું, 'જ્યાં પિતામહ છે તે તરફ રથને લઈ

જાઓ. હું આપની આજ્ઞાનું પાલન કરીશ અને પિતામહને પરાસ્ત કરીશ.' અર્જુનને યુદ્ધ માટે પિતામહ સામે જતો જોઈને યુધિષ્ઠિરની વિશાળ સેના ફરીથી પાછી આવી.

પિતામહે તરત જ બાણવૃષ્ટિ શરૂ કરી પરંતુ શ્રીકૃષ્ણ અને અર્જુન તેનાથી જરા પણ ગભરાયા નહિ. યુદ્ધમાં અર્જુનનો મોહ અને પિતામહ ભીષ્મની ભીષણતા જોઈને યુધિષ્ઠિરની સેનામાં નવું જોમ આવ્યું.

બંને સેનાઓમાં હજી યુદ્ધ ચાલુ જ હતું તેવામાં સૂર્યદેવ અસ્ત થવા લાગ્યા. સંધ્યા સમયે યુદ્ધ બંધ થઈ ગયું. પિતામહ ભીષ્મના બાણોનો માર ખાઈને પાંડવસેના વ્યાકુળ થઈને પાછળ હટવા લાગી. આ બધું જોઈને રાજા યુધિષ્ઠિરે સેનાને પાછી વાળવાનો વિચાર કર્યો અને યુદ્ધ બંધ કરવાની આજ્ઞા આપી દીધી. પિતામહ પણ કૌરવોના મુખે પોતાની પ્રશંસા સાંભળતા પોતાની શિબિરમાં ચાલ્યા ગયા.

દસમા દિવસના યુદ્ધનો પ્રારંભ

જ્યારે સૂર્યોદય થયો, ચારે બાજુ શંખધ્વનિ થવા લાગ્યો, તે સમયે પાંડવો શિખંડીને આગળ કરીને યુદ્ધ માટે નીકળ્યા. સેનાનો વ્યૂહ રચીને શિખંડી બધાથી આગળ રહ્યો. પાંડવોએ પોતાના જીવનનો મોહ છોડીને કૌરવસેના પર આક્રમણ કર્યું.

એ જ પ્રમાણે કૌરવો પણ પિતામહ ભીષ્મને આગળ કરીને પાંડવો તરફ આગળ વધ્યા. પિતામહ ભીષ્મ દરરોજ પોતાનો વ્યૂહ બદલતા રહેતા હતા. ત્યાર પછી બંને સેનાઓ વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું. બંને પક્ષના યોદ્ધાઓ એકબીજા પર પ્રહાર કરવા લાગ્યા. અર્જુન વગેરે પાંડવો શિખંડીને આગળ કરીને બાણવૃષ્ટિ કરતા પિતામહ ભીષ્મની સામે આવી પહોંચ્યા. ભીમનાં બાણોથી ઘાયલ થઈને કૌરવોના સૈનિકો પરલોકની યાત્રા કરવા લાગ્યા.

શત્રુઓ દ્વારા પોતાની સેનાનો સંહાર થયેલો જોઈને પિતામહ સહન ન કરી શક્યા. તેઓ પ્રાણોનો લોભ છોડીને ક્રોધિત થઈને પાંડવો, પાંચાલો અને સૃંજયસેના પર બાણ વરસાવવા લાગ્યા. તેમણે પાંડવોના પાંચ મહારથીઓને આગળ વધતા અટકાવી દીધા અને હજારો હાથી-ઘોડાઓને મારી નાખ્યા. યુદ્ધનો આજે દસમો દિવસ હતો. જેમ દાવાનળ સંપૂર્ણ જંગલને બાળી નાખે છે તેમ પિતામહ ભીષ્મ શિખંડીની સેનાને ભસ્મ કરવા લાગ્યા. શિખંડીએ પિતામહ ભીષ્મને ઘાયલ કર્યા. પિતામહ

ભીષ્મને તેનાથી ભારે વ્યથા થઈ. તેમ છતાં શિખંડી સાથે યુદ્ધ ન કરવાના નિર્ધાર સાથે તેઓ કહેવા લાગ્યા, 'તારી જેવી ઇચ્છા, મારા પર બાણોનો પ્રહાર કર અથવા ન કર, પરંતુ હું તારી સાથે કોઈ પણ સંજોગોમાં યુદ્ધ નહિ કરું.'

તેમની વાત સાંભળીને શિખંડી બોલ્યો, 'હું તમારો પ્રભાવ જાણું છું છતાં પણ પાંડવોનું હિત કરવા માટે આજે તમારી સાથે યુદ્ધ કરીશ. હું સત્યના સોગંદ ખાઈને કહું છું કે તમારો વધ અવશ્ય કરીશ. મારી આ વાત સાંભળીને તમને જે યોગ્ય લાગે તે કરો. પરંતુ હું તમને આજે પરાજિત કરીને જ રહીશ. જીવનની અંતિમ ઘડીમાં આ સંસારને એકવાર સારી રીતે જોઈ લો.' આમ કહીને શિખંડી પિતામહ ભીષ્મ પર બાણવર્ષા કરવા લાગ્યો.

અર્જુન પણ શિખંડીની વાતો સાંભળી અને આ જ મોકો છે એવું વિચારીને તેમણે તેને ઉત્તેજિત કરી દીધો. એણે શિખંડીને કહ્યું, 'તમે પિતામહ સાથે યુદ્ધ કરો. હું પણ શત્રુઓને દબાવતો રહીને તમારી સાથે રહીને લડીશ. જો પિતામહનો વધ કર્યા વિના પાછા જઈશું, તો લોકો તમારી અને મારી હાંસી ઉડાવશે. તેથી પૂરો પ્રયત્ન કરીને પિતામહને પરાસ્ત કરી નાખો જેથી આપણી મશ્કરી ન થાય.'

પિતામહ બમણા વેગથી શત્રુઓનો સંહાર કરી રહ્યા હતા. પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે તેમણે પાંડવસેનાનો વિધ્વંસ કરવાનું શરૂ કર્યું. તે સમયે પાંડવો અને પાંચાલો મળીને પણ તેમનો સામનો કરી ન શક્યા. સેંકડો-હજારો બાણ મારીને તેમણે શત્રુસેનાને ખેદાનમેદાન કરી નાખી. એટલામાં અર્જુન ત્યાં આવી પહોંચ્યો. તેમને જોતાં જ કૌરવસેનાના સૈનિકો ધ્રૂજી ઊઠ્યા. અર્જુનની સિંહગર્જનાથી ભયભીત થઈને શત્રુસેનાના યોદ્ધાઓ ભાગવા લાગ્યા.

જ્યારે પાંડવો સાથે પિતામહ ભીષ્મ યુદ્ધ કરવા લાગ્યા ત્યારે કોઈ એ નિશ્ચય કરી શકતું ન હતું કે આમનામાંથી કોણ જીતશે. પિતામહે તે સંગ્રામમાં હજારો વીરોને ધરાશાયી કરી દીધા હતા. ધર્માત્મા ગંગાપુત્ર દસ દિવસ સુધી પાંડવોને સંતપ્ત કરીને હવે પોતાના જીવનથી ઉદાસ થઈ ગયા હતા. તેમણે યુદ્ધ કરતાં કરતાં પ્રાણત્યાગ કરવાની ઇચ્છાથી એવો વિચાર કર્યો કે હવે હું વધારે વીરોને નહિ મારું.

તેમણે પાસે ઊભેલા યુધિષ્ઠિરને કહ્યું, 'હું તમને એક ધર્માનુકૂળ

વાત કહેવા ચાહું છું, સાંભળો. આ શરીરથી હું હવે યુદ્ધ કરી શકું તેમ નથી. આ સંગ્રામમાં અનેક વીરોનો સંહાર કરતાં કરતાં મારો સમય પસાર થયો છે. તેથી જો તમે મારું પ્રિય કરવા ચાહતા હો તો અર્જુન, પાંચાલ તથા સૃંજયવીરોને આગળ કરીને મારા વધનો પ્રયત્ન કરો.'

પિતામહ ભીષ્મનો આવો આશય સમજીને યુધિષ્ઠિરે સૃંજયવીરોને સાથે લઈને તેમના પર આક્રમણ કર્યું પછી કહ્યું, 'આજે શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરનારા વીર અર્જુનથી સુરક્ષિત થઈને પિતામહ ભીષ્મને પરાસ્ત કરી દો. આજે તમે સહેજ પણ ગભરાશો નહિ. અમે શિખંડીને આગળ કરીને તેમને અવશ્ય પરાસ્ત કરી દઈશું.

યોદ્ધાઓ ક્રોધાતુર થઈને રણભૂમિમાં ઉત્તેજિત થઈ ગયા. બંને દળોમાં રોમાંચકારી યુદ્ધ થવા લાગ્યું. પિતામહ ભીષ્મ મનમાં વિચાર કરવા લાગ્યા, 'જો ભગવાન શ્રીકૃષ્ણ રક્ષા ન કરતા હોત તો હું એક જ બાણથી બધા જ પાંડવોનો વધ કરી શક્યો હોત. અત્યારે મારી સામે પાંડવો સાથે યુદ્ધ ન કરવાનાં બે કારણ છે. એક - તેઓ પાંડુપુત્રો હોવાથી મારા માટે અવધ્ય છે. બીજું - મારી સામે શિખંડી આવી ગયો છે, જે પહેલાં અંબા હતી. જે સમયે મારા પિતાએ માતા સત્યવતી સાથે લગ્ન કર્યાં, તે સમયે તેમણે પ્રસન્ન થઈને મને બે વરદાન આપ્યાં હતાં : જ્યારે તારી ઇચ્છા હશે ત્યારે તારું મૃત્યુ થશે અને યુદ્ધમાં કોઈ પણ તને મારી નહિ શકે. આજે એ સમય આવી ગયો છે તો હું અત્યારે મારા ઇચ્છામૃત્યુનો સ્વીકાર કેમ ન કરી લઉં, કેમ કે હવે પૃથ્વી પરથી વિદાય થવાનો સમય આવી ગયો છે.'

પિતામહ ભીષ્મના આ નિશ્ચયને આકાશમાં સ્થિત ઋષિઓ અને વસુઓ જાણી ગયા. તેમણે પિતામહ ભીષ્મને સંબોધિત કરીને કહ્યું, 'તમે જે વિચાર કર્યો છે, તે અમને ઉચિત લાગે છે. બસ! હવે તે જ કરો, યુદ્ધમાંથી મનને પાછું વાળી લો.' ઋષિઓની તે વાત બીજા કોઈને સંભળાઈ નહિ, માત્ર પિતામહ ભીષ્મ સાંભળી શક્યા અને વ્યાસમુનિની કૃપાથી સંજયે સાંભળી લીધી. આ વાત સાંભળીને પિતામહે પોતાના ઉપર તીક્ષ્ણ બાણોની વૃષ્ટિ થતી હોવા છતાં પણ અર્જુન પર હાથ ન ઉપાડ્યો. અર્જુને શિખંડીને આગળ કરીને પિતામહને તીક્ષ્ણ બાણો મારવાના શરૂ કર્યાં. તેથી અત્યંત ઘાયલ થઈને પિતામહે દુઃશાસનને કહ્યું, 'આ મહારથી અર્જુને આજે ક્રોધે ભરાઈને બાણોથી મને વીંધી નાખ્યો

છે. અર્જુન સિવાય બીજા કોઈના બાણ મને આટલી પીડા ન આપી શકે.'

આમ કહીને જાણે પિતામહ ભીષ્મ પાંડવોને ભસ્મ કરી નાખશે એ પ્રમાણે ક્રોધિત થઈ ગયા અને અર્જુન ઉપર તેમણે ફરી એક શક્તિ છોડી પરંતુ અર્જુને તેના ત્રણ ટુકડા કરી નાખ્યા. પછી અર્જુને તીક્ષ્ણ બાણો મારીને પિતામહ ભીષ્મના રોમેરોમને વીંધી નાખ્યું. તેમના શરીરમાં બે આંગળ પણ એવી જગા બાકી ન હતી, જ્યાં બાણ ન વાગ્યું હોય. આ પ્રમાણે કૌરવોના દેખતાં જ બાણોથી પિતાજી સૂર્યાસ્તના સમયે રથમાંથી પડી ગયા. તે સમયે તેમનું મસ્તક પૂર્વ દિશા તરફ હતું. તેમના પડી જવાથી કૌરવસેનામાં હાહાકાર મચી ગયો. મહાત્મા ભીષ્મને તે અવસ્થામાં જોઈને બધાના હૃદય બેસી ગયાં. તેમના શરીરમાં બધી જગાએ બાણો તેમનું રક્ત ચૂસી રહ્યાં હતાં. તેથી તેઓ એ બાણો પર અધ્ધર રહી ગયા, ધરતી સાથે તેમનો સ્પર્શ ન થયો. તેમણે જોયું કે સૂર્ય તો હજી દક્ષિણાયનમાં વિચરી રહ્યા છે, મૃત્યુ માટે આ સમય ઉત્તમ નથી. તેથી તેમણે પ્રાણોનો ત્યાગ ન કર્યો.

તે સમયે તેમને દિવ્ય આકાશવાણી સંભળાઈ: 'મહાત્મા ભીષ્મ! તમે સંપૂર્ણ શાસ્ત્રવેત્તાઓમાં શ્રેષ્ઠ છો, તમારો નિર્ણય યોગ્ય છે.' આ સાંભળીને પિતામહે વેદનામય સ્મિત કર્યું.

હિમાલયની પુત્રી ગંગાજીને જ્યારે ખબર પડી કે મારો પ્રિય પુત્ર પૃથ્વી પર પડીને પણ હજી પ્રાણોને રોકી રાખીને ઉત્તરાયણની પ્રતીક્ષા કરી રહ્યો છે, ત્યારે તેમણે મહર્ષિઓને હંસના રૂપમાં તેમની પાસે મોકલ્યા. તેમણે આવીને બાણશય્યા પર પડેલા પિતામહ ભીષ્મના દર્શન કરીને તેમની પ્રદક્ષિણા કરી. પછી પરસ્પર કહેવા લાગ્યા, 'પિતામહ ભીષ્મ મહાત્મા છે. એ દક્ષિણાયનમાં ભલા તેઓ શરીરનો ત્યાગ શા માટે કરશે?' આમ કહીને જ્યારે તેઓ જવા લાગ્યા, ત્યારે ભીષ્મ પિતામહે તેમને કહ્યું, 'હંસો! તમે સાચું કહો છો. હું દક્ષિણાયનમાં શરીર નહિ છોડું. ઉત્તરાયણ થશે ત્યારે જ પરમ ધામની યાત્રા કરીશ. આવો નિશ્ચય મેં પહેલેથી જ કરી લીધો છે. પિતાના વરદાનથી મૃત્યુ મારે અધીન છે. તેથી નિયત સમય સુધી પ્રાણ ટકાવી રાખવામાં મને કોઈ વિશેષ તકલીફ નહિ થાય.'

આમ કહીને તેઓ બાણશય્યા પર મૌન થઈ ગયા અને હંસ ચાલ્યા ગયા. તે સમયે કૌરવો શોકથી ડૂસકાં ભરીને રડી રહ્યા હતા. પાંડવો પર

કોઈ પણ આક્રમણ ન કરી શક્યું. તે સમયે બધા લોકો એવું જ અનુમાન કરતા હતા કે હવે કૌરવોના વિનાશમાં બહુ સમય નહિ લાગે.

પાંડવો વિજયી બન્યા હતા, તેથી તેમની સેનામાં શંખનાદ થવા લાગ્યો. કેટલાક લોકો ક્ષત્રિય ધર્મની નિંદા અને પિતામહ ભીષ્મની પ્રશંસા કરતા હતા. પિતામહ ભીષ્મ ઉપનિષદોમાં બતાવેલી યોગધારણાનો આશ્રય લઈને, પ્રણવમંત્રનો જપ કરતા ઉત્તરાયણની પ્રતીક્ષા કરવા લાગ્યા.

પિતામહ ભીષ્મ બાણશય્યા પર સૂતા હતા, તે વખતે દુઃશાસન બહુ વેગપૂર્વક દ્રોણાચાર્યની સેનામાં ગયો. તેને આવતો જોઈએ કૌરવસૈનિકો 'આ શું કહે છે?' એવું મનોમન વિચારીને તેને ચારે બાજુથી ઘેરીને ઊભા રહ્યા.

દુઃશાસને દ્રોણાચાર્યને પિતામહ ભીષ્મના પતનના સમાચાર કહ્યા. આ સાંભળી તેઓ મૂર્છિત થઈ ગયા. થોડીવાર પછી જ્યારે તેઓ હોશમાં આવ્યા ત્યારે તેમણે પોતાની સેનાને યુદ્ધ બંધ કરવાની આજ્ઞા આપી. કૌરવોને પાછા જતા જોઈને પાંડવોએ પણ પોતાની સેનાને યુદ્ધ બંધ કરવાની સૂચના આપી. બંને સેનાઓ છાવણી તરફ વળી ગયા પછી રાજાઓ પિતામહ ભીષ્મ પાસે ગયા. કૌરવો અને પાંડવો પિતામહ ભીષ્મને પ્રણામ કરીને ત્યાં ઊભા રહ્યા.

અનેક દેશોના રાજાઓ ત્યાં ઉપસ્થિત હતા. તેઓ પિતામહ ભીષ્મની ધર્મનિષ્ઠા અને સાહસ જોઈને બહુ વિસ્મિત થઈ ગયા. ત્યારપછી કૌરવો અને પાંડવોએ બાણશય્યા પર સૂતેલા પિતામહની ત્રણ પ્રદક્ષિણા કરીને તેમને પ્રણામ કર્યા અને તેમની રક્ષાનો પ્રબંધ કરીને પોતપોતાની શિબિરમાં ચાલ્યા ગયા. મહારથી પાંડવો બેઠા હતા, તે સમયે ભગવાન શ્રીકૃષ્ણે આવીને યુધિષ્ઠિરને કહ્યું, 'બહુ સૌભાગ્યની વાત છે કે તમારો વિજય થઈ રહ્યો છે.'

જ્યારે રાત વીતી અને પ્રાતઃકાળ થયો, ત્યારે કૌરવો અને પાંડવો પિતામહ ભીષ્મ પાસે ઉપસ્થિત થયા. તેમણે બાણશય્યા પર સૂતેલા પિતામહ ભીષ્મને પ્રણામ કર્યા અને બધા તેમની પાસે ઊભા રહ્યા. તે સમયે કૌરવ-પાંડવોના કુળની સ્ત્રીઓએ ત્યાં આવીને પિતામહ ભીષ્મના શરીર પર ફૂલોની માળાઓ ચડાવીને તેમની પૂજા કરી. બધા બહુ શ્રદ્ધાથી તેમનાં દર્શન કરવા આવ્યા હતા. કૌરવો અને પાંડવો પણ યુદ્ધ બંધ કરીને

કવચ અને હથિયારો બાજુ પર મૂકીને પિતામહની પાસે બેઠા હતા.

બાણોના ઘાવથી પિતામહ ભીષ્મના શરીરમાં વેદના થઈ રહી હતી. અત્યંત પીડાને કારણે તેઓ મૂર્છિત થઈ જતા હતા, તેમણે બહુ મુશ્કેલીથી કહ્યું, 'મારે જળ પીવું છે.' એ સાંભળતાં જ ચારે બાજુથી ભોજનસામગ્રી તથા ઠંડા જળથી ભરેલા ઘડા લાવીને તેમણે પિતામહ ભીષ્મને અર્પણ કર્યા. પછી પિતામહ બોલ્યા, 'અત્યારે હું અર્જુનને જોવા ઇચ્છું છું.'

આ સાંભળીને અર્જુન તેમની પાસે આવી પહોંચ્યા અને પ્રણામ કરીને બંને હાથ જોડીને ઊભા રહીને બોલ્યા, 'પિતામહ! મારા માટે શી આજ્ઞા છે?'

અર્જુનને સામે ઊભેલા જોઈને ધર્માત્મા પિતામહે પ્રસન્ન થઈને કહ્યું, 'બેટા! તારા બાણોથી મારા શરીરમાં વેદના થઈ રહી છે. મારું મોં સુકાઈ રહ્યું છે, મને જળ પિવડાવ. તું જ મને વિધિવત જળ પિવડાવી શકશે.'

અર્જુને પિતામહની આજ્ઞાનો સ્વીકાર કરીને ગાંડિવ ધનુષ્ય ચડાવ્યું. તેના પર એક તેજસ્વી બાણ ચડાવ્યું. પછી મંત્ર બોલીને તેને પાર્જન્ય-અસ્ત્રથી સંયોજિત કર્યું. ત્યાર પછી બધાની સામે જ તેણે પિતામહ ભીષ્મની પાસે જ જમીનમાં તે બાણ માર્યું. તરત જ પૃથ્વીમાંથી અમૃતતુલ્ય મધુર તથા શીતળ જળની નિર્મળ ધારા નીકળવા લાગી. તે પિતામહ ભીષ્મના મોંમાં પડી. અર્જુને દિવ્ય કર્મ કરનારા પિતામહ ભીષ્મને તૃપ્ત કર્યા. અર્જુનનું આ અલૌકિક કર્મ જોઈને ત્યાં બેઠેલા રાજાઓને ભારે આશ્ચર્ય થયું. પિતામહે તૃપ્ત થઈને બધાની સામે અર્જુનની પ્રશંસા કરતાં કહ્યું, 'તારામાં આવું પરાક્રમ હોવું એ કોઈ આશ્ચર્યની વાત નથી.'

પિતામહની વાત સાંભળીને દુર્યોધન ભારે દુઃખી થઈ ગયો. તેને જોઈને પિતામહે કહ્યું, 'ક્રોધ છોડી અને મારી વાત પર ધ્યાન આપ વત્સ! જો મોહવશ અને મૂર્ખતાને કારણે મારી આ સમયને અનુરૂપ વાત પર ધ્યાન નહિ આપશે તો છેવટે પસ્તાવું પડશે, બધાનો નાશ થઈ જશે. આ તને સત્ય વાત કરી રહ્યો છું.' ત્યાર પછી પિતામહ ભીષ્મ મૌન થઈ જતાં બધા રાજાઓ પોતપોતાના શિબિરમાં ચાલ્યા ગયા.

એ સમયે કર્ણ પિતામહના પતનના સમાચાર સાંભળીને દુઃખી હૃદયે

તેમની પાસે આવ્યો. તેણે ગદ્‌ગદ કંઠે કહ્યું, 'જેને તમે હંમેશા દ્વેષદૃષ્ટિથી જોતા હતા, તે હું રાધાનો પુત્ર કર્ણ તમારી સેવામાં ઉપસ્થિત છું.'

પિતામહ ભીષ્મે સ્નેહપૂર્વક કહ્યું, 'તમે રાધાના નહિ, કુંતીના પુત્ર છો. તમારા પિતા અધિરથ નથી, સૂર્યદેવ છે. આ વાત મને વ્યાસજી અને નારદજીએ કહી છે. આ બિલકુલ સત્ય વચન છે, તેમાં કોઈ સંદેહ નથી.'

આ સાંભળી કર્ણે કહ્યું, 'તમે જે કહ્યું કે હું સૂતપુત્ર નથી, કુંતીપુત્ર છું - આ વાતની મને પણ ખબર છે. પરંતુ માતા કુંતીએ તો મારો ત્યાગ કરી દીધો અને પિતા અધિરથે મારું પાલનપોષણ કર્યું છે. હું આજ સુધી દુર્યોધનનું ઐશ્વર્ય ભોગવતો રહ્યો છું. હવે તેના પ્રત્યે કૃતઘ્ન થવાનું સાહસ મારામાં નથી. હું મારા ધર્મમાં સ્થિત રહીને પ્રસન્નાપૂર્વક અર્જુન સાથે યુદ્ધ કરીશ. યુદ્ધ કરવાનો મેં નિશ્ચય કરી લીધો છે, હવે તમે આજ્ઞા આપો. તમારી આજ્ઞા લઈને જ મારો યુદ્ધ કરવાનો વિચાર છે.'

પિતામહ ભીષ્મ બોલ્યા, 'કર્ણ! જો આ વેર શમી શકે એમ ન હોય તો હું તને યુદ્ધ માટે આજ્ઞા આપું છું. તું સ્વર્ગની કામનાથી યુદ્ધ કર. ક્રોધ અને દ્વેષ છોડીને પોતાની શક્તિ અને ઉત્સાહ પ્રમાણે રણભૂમિમાં પરાક્રમ દેખાડ. મેં શાંતિ માટે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ એમાં હું સફળ ન થઈ શક્યો.' પિતામહે જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે કર્ણે તેમને પ્રણામ કર્યા અને એમની આજ્ઞા લઈને રથ પર બેસીને તે મિત્ર દુર્યોધનની પાસે ચાલ્યો ગયો.

દ્રોણપર્વ

દ્રોણાચાર્યનો સેનાપતિ પદ પર અભિષેક

પિતામહ ભીષ્મના પતનના સમાચાર સાંભળીને રાજા ધૃતરાષ્ટ્ર શોકમાં ડૂબી ગયા. તેમની શાંતિ નષ્ટ થઈ ગઈ. એટલામાં તેમની પાસે સંજય આવ્યો. તે કૌરવોની છાવણીમાંથી રાત્રે જ હસ્તિનાપુર પહોંચ્યો હતો. તેની પાસેથી પિતામહ ભીષ્મના પતનનું વિવરણ સાંભળીને રાજા ધૃતરાષ્ટ્રને ભારે દુઃખ થયું.

તેમનું પતન થતાં કૌરવો અને પાંડવો બંને તેમને પ્રણામ કરવા ભેગા થયા. મહાત્મા ભીષ્મને પ્રણામ કરી, તેમની પ્રદક્ષિણા કરીને તેઓ પુનઃ યુદ્ધ કરવા માટે ચાલી નીકળ્યા.

થોડી જ વારમાં બંને સેનાઓ યુદ્ધ માટે નીકળી પડી. કૌરવો અને ધૃતરાષ્ટ્રની અણસમજને કારણે પિતામહ ભીષ્મનું પતન થઈ જવાથી હવે કૌરવો અને તેમના પક્ષના બધા રાજાઓ મૃત્યુની નજીક આવી પહોંચ્યા હતા. જ્યાં સુધી પિતામહ ભીષ્મએ યુદ્ધ કર્યું ત્યાં સુધી કર્ણે યુદ્ધભૂમિમાં પગ મૂક્યો ન હતો. પિતામહ ભીષ્મના પતન પછી કૌરવોએ કર્ણને યાદ કર્યો અને તેઓ 'હવે તમારે લડવાનો સમય આવી ગયો છે' એમ કહીને 'કર્ણ! કર્ણ' પોકારવા લાગ્યા.

કર્ણ કૌરવોને વિજય અપાવવા તરત તેમની મદદે આવી ગયો. કર્ણ એક સુશોભિત રથ પર ચડીને વિજય પ્રાપ્ત કરવા માટે બાણશય્યા પર પોઢેલા પિતામહ ભીષ્મ પાસે પહોંચ્યો. તેમને જોઈને કર્ણ વ્યથિત થઈ ગયો. હાથ જોડીને એણે પિતામહને પ્રણામ કર્યા અને કહ્યું, 'હું કર્ણ છું.

તમારા સિવાય બીજું એવું કોણ છે, જે અર્જુન સાથે બાથ ભીડી શકે. અર્જુન વિવિધ રાક્ષસો સાથે તથા મહાદેવજી સાથે પણ યુદ્ધ કરી ચૂક્યો છે. છતાં તમારી આજ્ઞા હોય તો હું આજે જ મારા પરાક્રમથી તેને નષ્ટ કરી નાખીશ.'

કર્ણના આ પ્રમાણે કહેવાથી પિતામહે કહ્યું, 'ભગવાન વિષ્ણુ જેમ દેવતાઓના આશ્રય છે એ જ રીતે તમે કૌરવોના આધાર બનો. હું તમને આશીર્વાદ આપું છું કે તમે શત્રુઓ સાથે સંગ્રામ કરો અને યુદ્ધમાં કૌરવોના પથદર્શક બની દુર્યોધનને જય અપાવો.'

ભીષ્મની આ વાત સાંભળી કર્ણે તેમના ચરણોમાં પ્રણામ કરી રણભૂમિ તરફ ચાલ્યો ગયો. કર્ણને આવતો જોઈને દુર્યોધન વગેરે કૌરવોને ભારે હર્ષ થયો. તેઓને કર્ણનું સ્વાગત કર્યું અને કહ્યું, 'કર્ણ! હવે તમે અમારી સેનાના રક્ષક છો. તમે એ વાતનો નિર્ણય કરો કે શું કરવાથી અમારું હિત થઈ શકે છે.'

કર્ણે કહ્યું, 'તમે તો મહાન બુદ્ધિમાન છો. તમે તમારો અભિપ્રાય કહો. હું તમારી જ વાત સાંભળવા માગું છું.'

દુર્યોધને કહ્યું, 'મારા પક્ષના બધા વીરો પર દૃષ્ટિ નાખીને તમે એ નિશ્ચય કરો કે હવે કોણ સેનાપતિ બની શકે?'

કર્ણ બોલ્યો, 'અહીં જેટલા ઉપસ્થિત છે તે બધા જ મહાનુભાવો સેનાપતિપદ માટે યોગ્ય છે, એમાં કોઈ શંકા નથી. મારા વિચાર પ્રમાણે તો આચાર્ય દ્રોણને સેનાપતિ બનાવવા યોગ્ય છે. તેઓ યોદ્ધાઓના આચાર્ય અને ગુરુ છે તથા વયોવૃદ્ધ પણ છે.'

કર્ણની વાત સાંભળીને દુર્યોધને આચાર્ય દ્રોણ પાસે જઈને કહ્યું, 'તમારા જેવો આ બધા રાજાઓમાં અમારો કોઈ રક્ષક નથી. તેથી ઈન્દ્ર જે રીતે દેવતાઓની રક્ષા કરે છે તે જ પ્રમાણે તમે અમારી રક્ષા કરો.'

આચાર્ય દ્રોણે દુર્યોધનને કહ્યું, 'હું પાંડવો સાથે સંગ્રામ કરીશ પરંતુ હું ધૃષ્ટદ્યુમ્નનો વધ કોઈ પણ રીતે નહિ કરી શકું કારણ કે તેની ઉત્પત્તિ તો મારા જ વધ માટે થઈ છે. હું સેનાપતિ થવા તૈયાર છું.'

આમ આચાર્યની અનુમતિ મળી જતાં દુર્યોધને તેમને વિધિપૂર્વક સેનાપતિ બનાવ્યા. તે સમયે શંખધ્વનિ થવા લાગ્યો. દ્રોણના સેનાપતિ થવાથી કૌરવસેના એવું જ સમજવા લાગી કે હવે અમે પાંડવોને જીતી લઈશું.

દ્રોણાચાર્યની પ્રતિજ્ઞા અને અગિયારમા દિવસનું યુદ્ધ

સેનાપતિનો અધિકાર પ્રાપ્ત કરીને દ્રોણ પોતાની સેનાની વ્યૂહરચના કરીને કૌરવસેના સાથે યુદ્ધક્ષેત્રમાં ચાલ્યા. પિતામહ મહા પરાક્રમી હતા પરંતુ તેઓ પાંડવોને બચાવતા રહેતા હતા. પરંતુ હવે આચાર્ય દ્રોણ પાંડવસેનાને પોતાના તીક્ષ્ણ બાણોથી ખેદાનમેદાન કરી નાખશે. આ પ્રમાણે બધા સૈનિકો પ્રશંસા કરતા ચાલી રહ્યા હતા. બંને પક્ષોએ પોતાના વ્યૂહ બનાવી દીધા હતા. કર્ણ અને અર્જુન એકબીજા પર વિજય પ્રાપ્ત કરવા માટે અધીરા બની રહ્યા હતા.

પછી વ્યૂહરચનામાં ઊભેલી બંને સેનાઓ ધીરે ધીરે આગળ વધીને પરસ્પર યુદ્ધ કરવા લાગી. સૃંજયવીરોએ આચાર્યની સેનાને અસ્તવ્યસ્ત કરવાનો ભરચક પ્રયત્ન કર્યો, પરંતુ તેમનાથી રક્ષાયેલી હોવાથી તેવું ન થઈ શક્યું. દ્રોણાચાર્યના બાણો પાંડવસેનાને સંતપ્ત કરતા રહીને બધી બાજુ તરખાટ મચાવી રહ્યા હતા. તે સમયે યુદ્ધભૂમિમાં રક્તની નદી વહેવા લાગી. હવે આચાર્ય દ્રોણ પર બધી બાજુથી યુધિષ્ઠિર વગેરે મહારથીઓ તૂટી પડ્યા. પરંતુ પરાક્રમી વીરોએ તેમને ચારે બાજુથી ઘેરી રાખ્યા હતા. આ પ્રમાણે આચાર્ય દ્રોણ અને શકુનિએ સહદેવ, રાજા દ્રુપદ, ભીમ, નકુલ, ધૃષ્ટકેતુ, સાત્યકિ, શિખંડી, રાક્ષસ ઘટોત્કચ, અભિમન્યુ વગેરે પર અસ્ત્ર-શસ્ત્ર અને બાણવર્ષા કરીને યુદ્ધ કર્યું. પરંતુ તેમાં વિજયી પાંડવોથી પીડિત કૌરવસેના આમતેમ ભાગી ગઈ. આ પ્રમાણે કૌરવોને જીતીને પાંડવો હર્ષપૂર્વક સિંહનાદ કરી નગારાં અને વાજિંત્રો વગાડવા લાગ્યા.

દ્રોણાચાર્યે જોયું કે શત્રુઓના હાથે ભારે પીડિત થવાને કારણે કૌરવોની વિશાળ સેનાના પગ ઊખડી ગયા છે ત્યારે તેમણે પોકાર કરીને કહ્યું, 'શૂરવીરો! મેદાનમાંથી ભાગશો નહિ.' પછી તેઓ ક્રોધ કરીને પાંડવોની સેનામાં ઘૂસી ગયા અને રાજા યુધિષ્ઠિરની સામે આવ્યા. યુધિષ્ઠિરે પોતાનાં તીક્ષ્ણ બાણોથી તેમને ઘાયલ કરી દીધા. તે જ સમયે અર્જુન અત્યંત વેગથી પોતાના રથને ગજવતા ત્યાં આવી પહોંચ્યા. તેમણે કૌરવ યોદ્ધાઓને ભગાડી દીધા અને બાણવર્ષાથી શત્રુઓને અચેત કરતા રહીને દ્રોણાચાર્યની સેનાની સામે આવી ગયા. તે દરમિયાન સૂર્યાસ્ત થઈ ગયો અને અંધારું થવા લાગ્યું. તેથી શત્રુ અને મિત્રને ઓળખવાનું મુશ્કેલ થઈ ગયું. આ જોઈને દ્રોણાચાર્ય અને દુર્યોધને

પોતાની સેનાને યુદ્ધ બંધ કરવાની આજ્ઞા આપી તથા અર્જુને પણ પોતાની સેનાને શિબિર તરફ વાળી. આ પ્રમાણે અર્જુન અને શ્રીકૃષ્ણ પાંડવસેનાની પાછળ પોતાની છાવણી તરફ ચાલ્યા. અર્જુનના પરાક્રમને જોઈને પાંચાલ અને સૃંજયવીરો તેમની એ રીતે સ્તુતિ કરતા હતા જેમ ઋષિઓ સૂર્યની કરે છે.

અર્જુનનું સંશપ્તક વીરો સાથે યુદ્ધ

બંને પક્ષની સેનાઓએ પોતપોતાની શિબિરમાં જઈને પોતપોતાની યોગ્યતા અને સેનાવિભાગ અનુસાર વિશ્રામ કર્યો. સેનાને પાછી બોલાવી લીધા બાદ આચાર્ય દ્રોણે અત્યંત દુઃખી થઈને દુર્યોધન સામે જોઈને કહ્યું, 'મેં પહેલાં જ કહ્યું હતું કે અર્જુનની હાજરીમાં યુધિષ્ઠિરને દેવતાઓ પણ કેદ કરી શકવાના નથી. આજે યુદ્ધમાં તમારા લોકોના પ્રયત્ન હોવા છતાં અર્જુને આ વાત પુરવાર કરી દીધી. હું જે કાંઈ કહું છું તેમાં શંકા કરશો નહિ. શ્રીકૃષ્ણ અને અર્જુન અજેય છે. જો તમે કોઈ ઉપાયે અર્જુનને દૂર લઈ જઈ શકો તો મહારાજ યુધિષ્ઠિર આપણા કાબૂમાં આવી શકે. કોઈ વીર અર્જુનને યુદ્ધ માટે લલકારીને બીજી બાજુ લઈ જાય તો તે તેને પરાસ્ત કર્યા વિના ક્યારેય પાછો નહિ આવે. એ દરમિયાન હું ધૃષ્ટદ્યુમ્નની સામેથી બધી સેનાને હઠાવીને યુધિષ્ઠિરને પકડી લઈશ.'

યુદ્ધનો બારમો દિવસ

આચાર્યની વાત સાંભળીને ત્રિગર્તરાજ અને તેમના ભાઈઓએ કહ્યું, 'અર્જુન અમને હંમેશા નીચું દેખાડતો આવ્યો છે. તેથી સદ્નસીબે જો તે અમારી સામે આવી ગયો તો અમે તેને દૂર લઈ જઈને મારી નાખીશું. અમે તમારી સામે પ્રતિજ્ઞા લઈએ છીએ કે, હવે પૃથ્વી પર યા તો અર્જુન નહિ રહે અથવા ત્રિગર્તો નહિ હોય. જો અમે યુદ્ધભૂમિમાં અર્જુનના વધરૂપી દુષ્કર કર્મ કરી લઈએ તો નિઃસંદેહ ઈષ્ટલોકને પ્રાપ્ત કરીશું.' આવું કહીને તેઓ યુદ્ધ માટે અર્જુનને લલકારતા દક્ષિણ દિશા તરફ ચાલવા લાગ્યા.

તે વીરોના પડકારવાથી અર્જુને ધર્મરાજ યુધિષ્ઠિરને કહ્યું, 'મહારાજ! ત્રિગર્તોએ મને યુદ્ધ માટે લલકાર્યો છે એટલે હું તેમની સાથે યુદ્ધ કરવા જઈ રહ્યો છું. તેથી તમે મને સેના સાથે તેનો સંહાર કરવાની આજ્ઞા

આપો. હું તેમના આ પડકારને સહી શકું એમ નથી. તમે સત્ય માનજો, આ બધા મરી જવાના છે.'

યુધિષ્ઠિરે કહ્યું, 'આચાર્ય દ્રોણે જે પ્રતિજ્ઞા કરી છે તે પૂરી થવા ન પામે. તેઓ શસ્ત્રવિદ્યામાં પારંગત છે તથા યુદ્ધમાં પરિશ્રમને તો તેઓ ગણકારતા જ નથી. તેમણે મને પકડવાની પ્રતિજ્ઞા કરી છે.'

અર્જુને કહ્યું, 'આજે આ સત્યજિત યુદ્ધમાં તમારી રક્ષા કરશે. આ પાંચાલ રાજકુમારની હાજરીમાં આચાર્ય દ્રોણ પોતાનો મનોરથ પૂરો નહિ કરી શકે. આ નરશ્રેષ્ઠ યુદ્ધમાં વીરગતિને પ્રાપ્ત થઈ જાય તો બીજા બધા વીરો તમારી આજુબાજુ હશે છતાં એવું લાગે તો તમે યુદ્ધભૂમિ છોડી દેજો.'

ત્યારે યુધિષ્ઠિરે અર્જુનને જવાની આજ્ઞા આપીને આશીર્વાદ આપ્યા. આ પ્રમાણે તેમની પાસેથી વિદાય લઈને અર્જુન ત્રિગર્તો તરફ ચાલ્યો. અર્જુનના ચાલ્યા જવાથી દુર્યોધનની સેના હર્ષિત થઈને યુધિષ્ઠિરને પકડવાનો પ્રયત્ન કરવા લાગી. જ્યારે ત્રિગર્ત બંધુઓએ અર્જુનને પોતાની તરફ આવતો જોયો ત્યારે હર્ષિત થઈને શોરબકોર કરવા લાગ્યા. તે જોઈને અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, 'આજે મૃત્યુના મુખમાં પડેલા આ બંધુઓ રડવાના સમયે ખુશી મનાવી રહ્યા છે.'

શ્રીકૃષ્ણને આટલું કહીને અર્જુન ત્રિગર્તોની વ્યૂહબદ્ધ સેના પાસે પહોંચ્યો. ત્યાં પહોંચીને તેણે પોતાનો દેવદત્ત શંખ વગાડી તેના ભીષણ અવાજથી બધી દિશાઓને ગુંજવી દીધી. ત્યાર પછી બંને સેનાઓ એકબીજા પર બાણવૃષ્ટિ કરવા લાગી. અર્જુને સુધન્વાના ધનુષ્યને કાપીને તેના ઘોડાઓને મારી નાખ્યા તથા તેનું મસ્તક પણ કાપીને ધડથી અલગ કરી નાખ્યું. વીર સુધન્વાના મરાઈ જવાથી તેના બધા અનુયાયી ભયભીત થઈને દુર્યોધનની સેના તરફ ભાગવા લાગ્યા. અર્જુન પોતાના તીક્ષ્ણ બાણોથી ત્રિગર્તોને નષ્ટ કરી રહ્યા હતા.

ત્યારે ત્રિગર્તરાજે ક્રોધ કરીને પોતાના મહારથીઓને કહ્યું, 'શૂરવીરો! ભાગો નહિ, ડરશો નહિ. સંગ્રામમાંથી આ રીતે ભાગી જવાથી સંસારમાં તમારી હાંસી થશે. તેથી પાછા ફરો, આપણે બધા સાથે મળીને પરાક્રમથી લડીએ.'

રાજાના શબ્દો સાંભળીને બધા સૈનિકો મૃત્યુપર્યંત પાછા ન હઠવાનો નિશ્ચય કરીને મેદાનમાં આવી ગયા.

તેઓને પાછા આવેલા જોઈને અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, 'રથને પાછા તે તરફ લઈ ચાલો. એવું લાગે છે કે તેઓ મૃત્યુ સુધી મેદાન છોડશે નહિ. આજે હું મારા પરાક્રમથી એમને ધરાશાયી કરી દઈશ.'

હવે સેનાના વીરોએ અત્યંત ક્રોધિત થઈને અર્જુનને ચારે બાજુથી બાણજાળથી ઘેરી લીધો. આથી શ્રીકૃષ્ણ સહિત અર્જુન અદશ્ય જેવા થઈ ગયા. આથી અર્જુને ક્રોધિત થઈને વિશ્વકર્માસ્ત્ર છોડ્યું. તેનાથી અર્જુન અને શ્રીકૃષ્ણનાં હજારો રૂપ પ્રગટ થઈ ગયાં. પોતાના શત્રુઓને અનેક રૂપોમાં જોઈને સેનાના વીરો ભ્રમિત થઈ એકબીજાને અર્જુન સમજીને 'આ અર્જુન છે, આ કૃષ્ણ છે.' એમ કહીને પરસ્પર મારકાપ કરવા લાગ્યા. આમ એ દિવ્ય અસ્ત્રની માયામાં ફસાઈને તેઓ આપસમાં જ લડીને મરી ગયા. હવે અર્જુન હસીને પોતાના બાણોથી ત્રિગર્તવીરોને પીડિત કરવા લાગ્યો. ત્યારે કાળની પ્રેરણાથી તે ક્ષત્રિય વીરોએ અર્જુન પર પણ અનેક પ્રકારનાં બાણ છોડ્યાં. તેમની ભીષણ બાણવર્ષાને કારણે ઢંકાઈ જવાથી ત્યાં અર્જુન, શ્રીકૃષ્ણ કે તેમનો રથ દેખાતો ન હતો.

આ પ્રમાણે પોતાનું લક્ષ્ય સિદ્ધ થયેલ માનીને તેઓ હર્ષથી કહેવા લાગ્યા કે શ્રીકૃષ્ણ અને અર્જુન મરાઈ ગયા. તેઓ અનેક વાજિંત્રો વગાડીને હર્ષ કરવા લાગ્યા.

તે સમયે શ્રીકૃષ્ણે પોકાર કરીને કહ્યું, 'અર્જુન! તું ક્યાં છે! મને દેખાતો નથી.' શ્રીકૃષ્ણનું આ વાક્ય સાંભળીને અર્જુને વાયવ્યાસ્ત્ર છોડ્યું. તેથી બાણવર્ષા અસ્તવ્યસ્ત થઈ ગઈ. પછી તેણે હજારો વીરોને પોતાનાં તીક્ષ્ણ બાણોથી મારી નાખ્યા. અર્જુનના મારથી વ્યાકુળ થઈ ત્રિગર્તોના હાથી, ઘોડા અને રથ તેમના તરફ દોડતા હતા. આમ રણભૂમિ મરેલા મહારથીઓની લાશોથી ભરાઈ ગઈ.

દ્રોણાચાર્ય દ્વારા પાંડવોનો પરાભવ

અર્જુનના ચાલ્યા જવાથી આચાર્ય દ્રોણ પોતાની સેનાની વ્યૂહરચના કરીને યુધિષ્ઠિરને પકડવાના મનોરથ સાથે યુદ્ધક્ષેત્ર તરફ ચાલ્યા. થોડી જ વારમાં પાંડવોની સેનાએ આવીને દ્રોણાચાર્યને ઘેરી લીધા અને તે સૈનિકોના પગની ઊડેલી ધૂળથી આચ્છાદિત થઈ ગયા. કોઈ કોઈને જોઈ શકતું ન હતું. આ પ્રમાણે આંખોથી ઓઝલ થઈ જતાં એમ સમજ્યા કે આચાર્ય મરાઈ ગયા. ત્યારે દુર્યોધને પોતાની સેનાને આજ્ઞા આપી કે, 'કોઈ પણ રીતે પાંડવોની સેનાને અટકાવો.'

દુર્યોધનની આજ્ઞા મળતાં કૌરવપક્ષના શૂરવીર યોદ્ધાઓ પોતાનાં રાજ્ય અને પ્રાણોની પરવા કર્યા વગર શત્રુઓ સામે આવીને યુદ્ધ કરવા લાગ્યા. તે સમયે સાત્યકિ દ્રોણાચાર્યને પકડવા માટે આવી રહ્યો હતો, તેને કૃતવર્માએ રોક્યો. આ પ્રમાણે કૌરવો અને પાંડવોની સેનાના રથી, ગજારોહી અને પાયદળની સેંકડો જોડીઓ બની ગઈ. એ સમયે દ્રોણને મૃત્યુથી બચાવવા માટે જેવું યુદ્ધ થયું, તેવું આ પહેલાં ન તો જોયું હતું કે ન સાંભળ્યું પણ હતું. ત્યાં અનેક પ્રકારનાં યુદ્ધ થઈ રહ્યાં હતાં, એમાં કોઈ ઘોર યુદ્ધ હતું, કોઈ ભયંકર હતું અને કોઈ બહુ વિચિત્ર હતું.

ભગદત્તની વીરતા અને તેનો વધ

જ્યારે બધા લોકો યુદ્ધ માટે સજ્જ થઈ ગયા ત્યારે દુર્યોધને હાથીસવારોની સેના લઈને ભીમ પર આક્રમણ કર્યું. પરંતુ યુદ્ધકુશળ ભીમે થોડી જ વારમાં ગજસેનાના વ્યૂહને તોડી નાખ્યો. આ પ્રમાણે ભીમે તે આખી સેનાને કચડી નાખી. આ જોઈને દુર્યોધન ક્રોધિત થઈને ભીમને તીક્ષ્ણ બાણોથી વીંધવા લાગ્યો. પરંતુ ભીમે બાણ વરસાવીને તેને ઘાયલ કરી નાખ્યો. દુર્યોધનને વ્યથિત જોઈને અંગદેશનો રાજા હાથી પર બેસીને ભીમ સામે આવ્યો. તેના હાથીને પોતાના તરફ આવતો જોઈને ભીમે બાણવર્ષા કરીને તેના મસ્તકને કાપી નાખ્યું. આ જોતાં જ તેની સેના ગભરાઈને ભાગી ગઈ.

ત્યારપછી ભગદત્તે ભીમ પર આક્રમણ કર્યું. તે બંને વચ્ચે યુદ્ધ થવા લાગ્યું. ત્યારે મહારાજ યુધિષ્ઠિરે પાંચાલવીરોને સાથે લઈને ભગદત્તને બધી બાજુથી ઘેરી લીધો અને બાણોનો પ્રહાર કરવા લાગ્યા. ત્યારપછી દશાર્ણદેશનો રાજા હાથી પર ચડીને ભગદત્તની સામે આવ્યો. હવે બંને હાથીઓનું બહુ ભયંકર યુદ્ધ થયું. ભગદત્તના હાથીએ એવી ટક્કર મારી કે દશાર્ણરાજના હાથીની પાંસળીઓ ભાંગી ગઈ અને તે તરત પૃથ્વી પર ઢળી પડ્યો. એ જ સમયે હાથી પર બેઠેલા દશાર્ણરાજને એણે મારી નાખ્યો.

આ પ્રમાણે ભગદત્તના અનેક પરાક્રમોને કારણે આકાશમાં ઊડતી ધૂળને અર્જુને જોઈ ત્યારે તેમણે શ્રીકૃષ્ણને કહ્યું, 'એવું લાગે છે કે ભગદત્ત આજે હાથી પર ચડીને આપણી સેના પર તૂટી પડ્યા છે. આજે તે એકલા જ પાંડવોની સેનાને નષ્ટ કરી દેશે. આપણા બે સિવાય તેમના આક્રમણને રોકવા કોઈ સમર્થ નથી. તેથી હવે જલદી તે તરફ ચાલો.'

અર્જુનના કહેવાથી શ્રીકૃષ્ણ તેમના રથને તે તરફ લઈ ચાલ્યા, જ્યાં ભગદત્ત પાંડવોની સેનાનો સંહાર કરી રહ્યા હતા. તેઓ એકલા જ હજારો વીરોનો ખાતમો બોલાવવાના વિચારથી સંશપ્તકો તરફ પાછા આવ્યા. સંશપ્તક મહારથીઓએ એકસાથે હજારો બાણ અર્જુન પર છોડ્યાં. ત્યારે અર્જુને બ્રહ્માસ્ત્ર છોડીને તેમને વાતવાતમાં જ નષ્ટ કરી દીધા. અર્જુનનું આ પરાક્રમ જોઈને શ્રીકૃષ્ણને ભારે આશ્ચર્ય થયું અને તેઓ કહેવા લાગ્યા, 'આજે તમે જે કામ કર્યું છે, મારા મત પ્રમાણે તે ઇન્દ્ર, યમ અને કુબેર દ્વારા પણ થવું કઠણ છે. મેં યુદ્ધમાં સેંકડો-હજારો સંશપ્તક મહારથીઓને એકસાથે મરીને પડતા જોયા છે.'

આ પ્રમાણે ત્યાં જે સંશપ્તક વીરો હતા તેમને મારીને અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, 'હવે ભગદત્ત તરફ ચાલો.'

ત્યારે શ્રીકૃષ્ણે ઘોડાઓને દ્રોણાચાર્યની સેના તરફ વાળી દીધા. આ જોઈને સુશર્માએ તેના ભાઈઓને સાથે લઈને તેમનો પીછો કર્યો. ત્યારે અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યું, 'જુઓ! આ બાજુ પોતાના ભાઈઓ સાથે સુશર્મા મને યુદ્ધ માટે લલકારી રહ્યો છે અને ત્યાં ઉત્તર દિશામાં આપણી સેનાનો સંહાર થઈ રહ્યો છે આ બંનેમાંથી કયું કામ કરવું મારા માટે હિતકર થશે તે મને જણાવો.'

આ સાંભળીએ શ્રીકૃષ્ણે સુશર્મા તરફ રથ વાળી દીધો. અર્જુને સુશર્માને બાણોથી વીંધીને તેના ભાઈને સારથિ અને ઘોડા સાથે યમલોકમાં મોકલી દીધો. ત્યાર પછી બાણોની વર્ષાથી સુશર્માને મૂર્છિત કરીને અર્જુન દ્રોણ તરફ પાછો ફર્યો. ત્યારબાદ એ ભગદત્ત સામે જઈ ઊભો રહ્યો. ભગદત્તે અર્જુન અને શ્રીકૃષ્ણ પર બાણવર્ષા કરવાનો આરંભ કર્યો. અર્જુનના બાણોથી વીંધાયેલા ભગદત્તે પણ ક્રોધિત થઈને વૈષ્ણવાસ્ત્રનું આવાહન કર્યું. ભગદત્તનું તે અસ્ત્ર બધાનો નાશ કરનારું હતું. તેથી શ્રીકૃષ્ણે અર્જુનને પાછળ રાખીને એને પોતાની છાતી પર ઝીલી લીધું. તેનાથી અર્જુનના ચિત્તમાં ભારે દુઃખ થયું અને તેમણે શ્રીકૃષ્ણને કહ્યું, 'આપે તો પ્રતિજ્ઞા કરી છે કે, હું યુદ્ધ ન કરીને માત્ર સારથિનું કામ કરીશ પરંતુ હવે આપ આપની પ્રતિજ્ઞાનું પાલન નથી કરતા. જો હું સંકટમાં પડી જાત અથવા અસ્ત્રનું નિવારણ કરવામાં અસમર્થ થઈ જાત, તે સમયે તમારું આ પ્રમાણે કરવું યોગ્ય થાત.'

આ સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આ રહસ્યપૂર્ણ વચન

કહ્યાં, 'સાંભળ, હું તને એક ગુપ્ત વાત કહું છું, જે પૂર્વકાળમાં ઘટી ચૂકી છે. હું ચાર સ્વરૂપ ધારણ કરીને હંમેશાં લોકોની રક્ષામાં તત્પર રહું છું. ઇન્દ્ર અને રુદ્ર વગેરે દેવતાઓ સહિત બધા જ લોકમાં કોઈ પણ એવું નથી, જે આ અસ્ત્રથી મરાય નહિ. તેથી તારી પ્રાણરક્ષાને માટે જ આ અસ્ત્રનો પ્રહાર મેં સહીને તેને વ્યર્થ બનાવી દીધું. હવે ભગદત્ત પાસે આ દિવ્ય અસ્ત્ર નથી, તેથી હવે એનો તું વધ કર.'

શ્રીકૃષ્ણના કહેવાથી અર્જુને તીક્ષ્ણ બાણોથી સતત વૃષ્ટિ કરીને ભગદત્તને ઢાંકી દીધો. એક બાણ તેના હાથીના મસ્તકમાં ઘૂસી ગયું. પછી રાજા ભગદત્તના વારંવાર હાંકવા છતાં પણ હાથી આગળ વધી ન શક્યો અને ત્યાં જ પ્રાણ ત્યાગી દીધા.

શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, 'આ ભગદત્ત મોટી ઉંમરનો છે, તેના માથાના વાળ સફેદ થઈ ગયા છે. પલકો ઊંચા ન થવાને લીધે તેની આંખો મોટે ભાગે બંધ રહે છે; અત્યારે તેણે આંખો ખુલ્લી રાખવા માટે કપડાંની પટ્ટીથી પાંપણોને કપાળ સાથે ચિપકાવી રાખી છે.'

શ્રીકૃષ્ણના કહેવાથી અર્જુને બાણ મારીને તે પટ્ટી કાપી નાખી. તે કપાતાં જ ભગદત્તની આંખો બંધ થઈ ગઈ. ત્યારપછી એક બાણ મારી અર્જુને રાજા ભગદત્તની છાતી વીંધી નાખી. તેનાથી તેનું હૃદય ફાટી ગયું અને તેના પ્રાણ નીકળી ગયા. આ પ્રમાણે અર્જુને આ યુદ્ધમાં ઇન્દ્રના મિત્ર રાજા ભગદત્તનો વધ કર્યો અને કૌરવપક્ષના અન્ય યોદ્ધાઓનો પણ સંહાર કર્યો.

શકુનિ અને કર્ણનો પરાજય

ભગદત્તને મારીને અર્જુન દક્ષિણ દિશા તરફ વળ્યો. ત્યાં સુબલના બે પુત્રો વૃષક અને અચલ આવી પહોંચ્યા. બંને ભાઈ યુદ્ધમાં અર્જુનને વ્યથિત કરવા લાગ્યા. બંને એકસાથે તીક્ષ્ણ બાણોથી અર્જુનને વીંધવા માંડ્યા. ત્યારે અર્જુને પોતાનાં તીક્ષ્ણ બાણોથી વૃષકનાં સારથિ, ધનુષ્ય, છત્ર, ધજા, રથ અને ઘોડાઓનો ખુરદો કરી નાખ્યો તથા ગાંધાર દેશના યોદ્ધાઓને વ્યાકુળ કરી નાખ્યા. સાથે સાથે ક્રોધિત થઈને તેમણે પાંચસો ગાંધારવીરોને પણ યમલોક મોકલી દીધા.

વૃષકના રથના ઘોડા મરાઈ જવાથી બંને એક જ રથમાં એકબીજાને અડીને બેસી ગયા. એ જ અવસ્થામાં અર્જુને તીક્ષ્ણ બાણોથી બંનેને મારી નાખ્યા. બંને એકસાથે રથ પરથી પડી ગયા. ભાઈઓને મોતના મુખમાં

પડેલા જોઈને શકુનિએ શ્રીકૃષ્ણ અને અર્જુનને મોહિત કરવા માટે બધી દિશાઓમાં અર્જુન પર લોઢાના ગોળા, પથ્થર, શક્તિ, ગદા, તલવાર, છરા, ચક્કર, બાણ વગેરે અસ્ત્રશસ્ત્રોની વર્ષા કરવા લાગ્યો. અનેક પ્રકારનાં રાક્ષસો અને પક્ષીઓ ક્ષુધાતુર થઈને ચારેબાજુથી અર્જુન પર તૂટી પડ્યાં.

અર્જુન દિવ્ય અસ્ત્રોનો જ્ઞાતા હોવાથી બાણવૃષ્ટિ કરીને તે પ્રાણીઓને મારવા લાગ્યા. તે મારથી પ્રાણીઓ ચીસો પાડીને નષ્ટ થઈ ગયા. એટલામાં અર્જુનના રથ પર અંધકાર છવાઈ ગયો અને તેને ભયંકર અવાજ સંભળાવા લાગ્યો. પરંતુ એમણે 'જ્યોતિષ' નામના અસ્ત્રનો પ્રયોગ કરીને તે ભયંકર અંધકારનો નાશ કરી નાખ્યો. અંધારું દૂર છતાં જ ત્યાં મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો. ત્યારે અર્જુને આદિત્યાસ્ત્રનો પ્રયોગ કરીને બધું જ જળ સૂકવી દીધું. આ પ્રમાણે શકુનિએ અનેક પ્રકારની માયાનો પ્રયોગ કરવા માંડ્યો પરંતુ અર્જુને હસતા હસતા પોતાના અસ્ત્રબળથી તે બધી માયાનો નાશ કરી નાખ્યો. શકુનિ અર્જુનના બાણોથી બહુ ઘાયલ થઈ ગયો, ત્યારે તે ભયભીત થઈને ભાગી ગયો.

ત્યારબાદ અર્જુન કૌરવસેનાનો વિધ્વંસ કરવા લાગ્યો. એ બાણોની વર્ષા કરતા રહીને આગળ વધી રહ્યો હતો. એના બાણોથી વ્યથિત થઈને કૌરવસેના આમ-તેમ ભાગવા લાગી. એના એક જ બાણથી હાથી, ઘોડા અને મનુષ્યો ઘાયલ થઈને પ્રાણહીન થઈ જતા હતા. મરાઈ ગયેલા સૈનિકો, હાથી અને ઘોડાઓની લાશોથી ઊભરાતી રણભૂમિનું દૃશ્ય કમકમાટીભર્યું હતું. આ બાજુ દ્રોણાચાર્ય પોતાનાં તીક્ષ્ણ બાણોથી પાંડવોની સેનાને અસ્તવ્યસ્ત કરવા લાગ્યા. દ્રોણ જે સમયે યોદ્ધાઓને કચડી રહ્યા હતા, ત્યારે સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ને આવીને તેમને ચારે બાજુથી ઘેરી લીધા. ત્યારે બીજી બાજુ રાજા નીલ પોતાના બાણોથી કૌરવસેનાનો સંહાર કરવા લાગ્યો. તેને આ પ્રમાણે સંહાર કરતો જોઈને અશ્વત્થામાએ હસીને કહ્યું, 'તમે પોતાના બાણાગ્નિથી આ યોદ્ધાઓને કેમ છેદી રહ્યા છો? હિંમત હોય તો આવી જાઓ મારી સામે.' આ લલકાર સાંભળીને નીલે અશ્વત્થામાને વીંધી નાખ્યો. અશ્વત્થામાનો શિરચ્છેદ કરવા જ જતો હતો ત્યાં તેણે જ ભાલો મારીને નીલનું કુંડળ સહિત મસ્તક કાપી નાખ્યું. નીલ જમીન પર પડી ગયો. તેના મૃત્યુથી પાંડવસેનાને ભારે દુઃખ થયું.

એટલામાં અર્જુન મોટી સંખ્યામાં સંશપ્તકોને જીતીને જ્યાં દ્રોણાચાર્ય

પાંડવસેનાનો સંહાર કરી રહ્યા હતા, ત્યાં આવી પહોંચ્યો અને કૌરવસેનાને પોતાના શસ્ત્રોથી યમપુરી પહોંચાડવા લાગ્યો. ભાગવા જતા સૈનિકો 'ઓ કર્ણ! ઓ કર્ણ!' કહીને પોકારવા લાગ્યા.

શરણાર્થીઓનું આ કરુણ આક્રંદ સાંભળીને 'વીરો ડરશો નહિ,' એમ કહીને અર્જુનનો સામનો કરવા કર્ણ આવ્યો. ત્યારે ધૃષ્ટદ્યુમ્ન, ભીમ અને સાત્યકિ પણ ત્યાં પહોંચીને કર્ણને પોતાના બાણોથી વીંધવા લાગ્યા. અર્જુને બાણોથી કર્ણને વીંધીને તેના નાના ભાઈને મારી નાખ્યો અને તરત જ તેના બીજા ભાઈ શત્રુંજયને પણ મોતને ઘાટ ઉતારી દીધો. ત્યાર પછી ભાલો મારીને વિપાટના મસ્તકને કાપીને તેને રથમાંથી પાડી દીધો. આ પ્રમાણે કૌરવો અને કર્ણની સામે જ તેના ત્રણ ભાઈઓને અર્જુને મારી નાખ્યા.

કૌરવપક્ષ અને પાંડવપક્ષના વીરો પ્રાણોનો મોહ છોડીને યુદ્ધ કરતા હતા. એટલામાં સૂર્ય અસ્ત થતાં થાકેલી અને લોહીલુહાણ થયેલી સેનાઓ એકબીજાને જોતી રહીને ધીરે ધીરે પોતાની શિબિરમાં પાછી ફરી.

યુદ્ધનો તેરમો દિવસ

ચક્રવ્યૂહની રચના અને અભિમન્યુની પ્રતિજ્ઞા

તે દિવસે અર્જુને કૌરવસેનાને પરાજિત કરીને યુધિષ્ઠિરની રક્ષા કરી અને દ્રોણાચાર્યનો સંકલ્પ સિદ્ધ થવા ન દીધો.

દ્રોણાચાર્યે દુર્યોધનને કહ્યું, 'અર્જુન જેની રક્ષા કરે છે તેને દેવતા, અસુર, ગંધર્વ, સર્પ, રાક્ષસ અને કોઈ લોકો પણ જીતી શકતા નથી. અત્યારે હું તમને સાચું કહું છું કે આજે હું પાંડવપક્ષના કોઈ શ્રેષ્ઠ મહારથીનો નાશ કરીશ. મારી આ વાત સાચી સિદ્ધ થશે. આજે એવો વ્યૂહ બનાવીશ જેને દેવતાઓ પણ તોડી શકે નહિ. પરંતુ અર્જુનને તમે કોઈ પણ ઉપાયે દૂર હઠાવી દો. યુદ્ધવિષયક કોઈ પણ કળા એવી નથી, જે અર્જુનને જ્ઞાત ન હોય. તેણે આ બધું જ્ઞાન મારી પાસેથી અને અન્યત્રથી પણ પ્રાપ્ત કર્યું છે.'

દ્રોણે આ પ્રમાણે કહ્યું અને તરત જ સંશપ્તકોએ અર્જુનને ફરીથી યુદ્ધ માટે લલકાર્યો. તેઓ એને ત્યાંથી હઠાવીને દક્ષિણ દિશા તરફ લઈ ગયા. તે સમયે અર્જુનનું શત્રુઓ સાથે એવું ઘોર યુદ્ધ થયું, જેવું પહેલાં ન તો કોઈએ જોયું હતું કે ન સાંભળ્યું હતું. અહીં આચાર્ય દ્રોણે ચક્રવ્યૂહનું નિર્માણ કર્યું, તેમાં તેમણે ઈન્દ્ર જેવા પરાક્રમી રાજાઓને સામેલ કર્યા. તે

વ્યૂહના આરાઓનાં સ્થાન પર સૂર્ય જેવા તેજસ્વી રાજકુમારોને ઊભા રાખ્યા. ત્યાર પછી કૌરવો અને પાંડવો વચ્ચે મૃત્યુને જ વિશ્રામ માનીને રોમાંચકારી યુદ્ધ શરૂ થયું. ક્રોધિત દ્રોણાચાર્યને આગળ વધતા જોઈને યુધિષ્ઠિરે તેમનો રોકવા માટે અભિમન્યુને મોકલ્યો. અભિમન્યુ પોતાના નાના શ્રીકૃષ્ણ અને પિતા અર્જુનથી ઓછો પરાક્રમી ન હતો. તે અત્યંત તેજસ્વી તથા શત્રુપક્ષના વીરોનો સંહાર કરનારો હતો.

યુધિષ્ઠિરે અભિમન્યુને કહ્યું, 'અભિમન્યુ! ચક્રવ્યૂહને તોડવાનો ઉપાય તો તું, અર્જુન, શ્રીકૃષ્ણ અને પ્રદ્યુમ્ન જ તોડી શકો એમ છો. તેથી તું તરત જ આ વ્યૂહને તોડી નાખ. અન્યથા યુદ્ધથી પાછા ફર્યા પછી અર્જુન આપણને મહેણાં મારશે.'

અભિમન્યુએ કહ્યું, 'આચાર્ય દ્રોણની આ સેના અત્યંત શક્તિશાળી છે છતાં હું વિજય માટે વ્યૂહમાં હમણાં જ પ્રવેશ કરું છું. પિતાજીએ વ્યૂહને તોડવાનો ઉપાય તો મને બતાવી દીધો છે, પરંતુ તેમાંથી નીકળવાનું બતાવ્યું નથી. જો હું ત્યાં કોઈ સંકટમાં ફસાઈ ગયો તો નીકળી નહિ શકું.'

યુધિષ્ઠિર બોલ્યા, 'તું આ સેનાને તોડીને અમારા માટે રસ્તો તો બનાવ. પછી જે રસ્તે તું જઈશ, તારી પાછળ અમે પણ આવીશું અને બધી બાજુથી તારી રક્ષા કરીશું.'

ભીમે કહ્યું, 'એક વખત તેં વ્યૂહ તોડ્યો પછી તો મોટા મોટા વીરોને મારીને અમે વ્યૂહને તોડી નાખીશું.'

અભિમન્યુએ કહ્યું, 'સારું, તો હવે હું દ્રોણના ચક્રવ્યૂહમાં પ્રવેશ કરું છું. આજે એવું પરાક્રમ કરીને દેખાડીશ, જેથી મારા મામા અને પિતા બંને મારા પર ગર્વ કરશે.'

અભિમન્યુનું પરાક્રમ

ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું, 'વત્સ! તું આગળ વધ. અમે તારી સાથે જ છીએ.'

અભિમન્યુએ તરત જ દ્રોણની સેના પાસે જવાની સારથિને આજ્ઞા આપી. આ વાત સાંભળી સારથિ મનમાં બહુ પ્રસન્ન તો ન થયો પરંતુ ઘોડાને તેણે ચક્રવ્યૂહ તરફ વાળ્યા. પાંડવો પણ અભિમન્યુની પાછળ ચાલ્યા. તેને આવતો જોઈને કૌરવપક્ષના બધા યોદ્ધાઓ દ્રોણને આગળ કરીને તેનો મુકાબલો કરવા તૈયાર થઈ ગયા.

અભિમન્યુ હજી વ્યૂહ તરફ વીસ ડગલાં જ વધ્યો હતો કે તરત કૌરવ

યોદ્ધાઓ તેના ઉપર પ્રહાર કરવા લાગ્યા. પછી તો બંને પક્ષનો સંહાર કરનારો બંને પક્ષોના યોદ્ધાઓનો સંગ્રામ શરૂ થઈ ગયો. તે ભયંકર યુદ્ધમાં વ્યૂહ તોડીને અભિમન્યુ તેની અંદર ઘૂસી ગયો. યુધિષ્ઠિર, ભીમ વગેરે તેની પાછળ આગળ વધવા લાગ્યા. ત્યાં ગયા પછી યોદ્ધાઓ અભિમન્યુ પર તૂટી પડ્યા. પરંતુ એ અસ્ત્ર ચલાવવામાં અતિ કુશળ હતો. જે જે વીરો તેની સામે આવ્યા, તે બધાને તીક્ષ્ણ બાણોથી મારવા લાગ્યો. તેનાં બાણોનાં મારથી ઘાયલ થઈને ઘણા યોદ્ધાઓ ધરાશાયી થઈ ગયા. મરી ગયેલા વીરોની લાશો અને શરીરનાં કપાયેલાં અંગોથી ત્યાંની ભૂમિ છવાઈ ગઈ.

પોતાની સેનાને આ પ્રમાણે અસ્તવ્યસ્ત થતી જોઈને દુર્યોધન અત્યંત ક્રોધે ભરાઈને તેની સામે આવ્યો. દ્રોણાચાર્યની આજ્ઞાથી બીજા યોદ્ધાઓ પણ ત્યાં આવી પહોંચ્યા અને દુર્યોધનને ચારે બાજુથી ઘેરી તેની રક્ષા કરવા લાગ્યા. તેઓએ બાણવર્ષા કરીને દુર્યોધનને અભિમન્યુના સકંજામાંથી બચાવી લીધો. મહાન ધનુર્ધારીઓનાં બાણોથી જ્યારે અભિમન્યુ બહુ ઘાયલ થઈ ગયો, ત્યારે તેણે કવચ અને શરીરને કોરી નાખનારું એક તીક્ષ્ણ બાણ કર્ણ ઉપર છોડ્યું. એ આરપાર નીકળીને પૃથ્વીમાં સમાઈ ગયું.

દુઃશાસન અને કર્ણનો પરાજય અને જયદ્રથનું પરાક્રમ

તે સમયે અભિમન્યુએ દુઃશાસનને કહ્યું, 'તેં મારા પિતૃઓનું રાજ્ય હરી લીધું છે, તેના કારણે પાંડવો તારા પર અત્યંત કોપાયમાન છે. આજે તે પાપોનું ભયંકર ફળ તું ભોગવ. જો તું યુદ્ધ છોડીને ભાગી ન ગયો, તો મારા હાથમાંથી જીવતો રહેવાનો નથી.' આમ કહીને અભિમન્યુએ દુઃશાસનની છાતીમાં તેજસ્વી બાણ માર્યું. આ જોઈ સારથિ તેને તરત રણભૂમિમાંથી બહાર લઈ ગયો. ત્યાર પછી કૌરવસેના અને પાંડવસેના વચ્ચે ભયંકર યુદ્ધ થવા લાગ્યું. કર્ણે પોતાની શસ્ત્રવિદ્યા દેખાડતા અભિમન્યુ પર સેંકડો બાણ છોડ્યાં. અભિમન્યુએ અવિચળભાવે બધાં બાણ ઝીલતા રહીને એક બાણથી કર્ણનાં ધનુષ્ય, ધજાને કાપીને જમીન પર પાડી દીધાં. આ પ્રમાણે કર્ણને સંકટમાં જોઈને તેનો નાનો ભાઈ સુદૃઢ અભિમન્યુનો સામનો કરવા આવી ગયો. ત્યારે અભિમન્યુએ એક જ બાણથી તેનું મસ્તક છેદી નાખ્યું.

ભાઈના મૃત્યુથી કર્ણ દુઃખી થઈને પાંડવોના હાથી, ઘોડા, રથ અને

પાયદળ સહિતની સેનાનો સંહાર કરવા લાગ્યો. કર્ણ તો તેનાં બાણોથી બહુ ઘવાયો હતો, તેથી તેનો સારથિ ઘોડાઓને હાંકીને રણભૂમિમાંથી રથ લઈ ગયો. તેના કારણે વ્યૂહ તૂટી ગયો. તે સમયે જયદ્રથ સિવાય બીજો કોઈ રથી ત્યાં ટકી શક્યો નહિ. જયદ્રથે વનમાં દ્રૌપદીનું અપહરણ કર્યું હતું, તે સમયે ભીમથી તેણે પરાસ્ત થવું પડ્યું. તે અપમાનથી દુઃખી થઈને તેણે ભગવાન શંકરની આરાધના કરીને ભારે તપ કર્યું હતું. ભગવાને તેના પર કૃપા કરી, દર્શન આપી અને પોતાની ઇચ્છાનુસાર વરદાન માગવા કહ્યું. તે પ્રણામ કરીને બોલ્યો, 'હું એવું ઇચ્છું છું કે હું એકલો જ સઘળા પાંડવોને યુદ્ધમાં જીતી શકું.' ભગવાને કહ્યું, 'તું અર્જુન સિવાય બાકીના ચાર પાંડવોને યુદ્ધમાં જીતી શકશે.' તે વરદાનના બળથી જ જયદ્રથે એકલો હોવા છતાં પણ પાંડવસેનાને આગળ વધવા ન દીધી. અભિમન્યુએ વ્યૂહનો જે ભાગ તોડી નાખ્યો હતો, તેને જયદ્રથે ફરીથી યોદ્ધાઓથી ભરી દીધો. અભિમન્યુએ રથસંચાલનની કળા અને ગંધર્વાસ્ત્રની માયાથી રાજકુમારોને મોહિત કરીને તેમના શરીરના ટુકડાઓ કરી નાખ્યા. આટલા બધા રાજકુમારોને મરાયેલા જોઈને દુર્યોધન ભયભીત થઈને ત્યાંથી જીવ બચાવવા ભાગી ગયો. અભિમન્યુએ અનેકવાર બધાને યુદ્ધભૂમિથી વિમુખ કર્યા. માત્ર દુર્યોધનપુત્ર લક્ષ્મણ જ તેના સામે ટકી શક્યો. પુત્રસ્નેહને કારણે તેની પાછળ દુર્યોધન પાછો આવ્યો. હવે બધાએ મળીને અભિમન્યુ પર બાણવર્ષા શરૂ કરી. પરંતુ અભિમન્યુએ એકલાએ જ બધા મહારથીઓને પરાસ્ત કરી દીધા અને લક્ષ્મણની સામે જઈને તેની છાતી પર તીક્ષ્ણ બાણોનો પ્રહાર કર્યો. પછી લક્ષ્મણને કહ્યું, 'એકવાર આ સંસારને સારી રીતે જોઈ લે, કારણ કે હમણાં જ તારે પરલોકની યાત્રા કરવાની છે. આજે તારા બંધુઓની સામે જ તને યમલોક મોકલી રહ્યો છું.' આમ કહીને લક્ષ્મણ તરફ એક ભલ્લ બાણ છોડીને તેનું મસ્તક ધડથી અલગ કરી નાખ્યું.

લક્ષ્મણને મરેલો જોઈને કૌરવસેનામાં હાહાકાર મચી ગયો. પોતાના પુત્રના મૃત્યુથી દુર્યોધનના ક્રોધનો પાર ન રહ્યો. તેણે સમસ્ત ક્ષત્રિયોને પોકારીને કહ્યું, 'આને મારી નાખો.' ત્યારે દ્રોણ, કૃપાચાર્ય, કર્ણ, અશ્વત્થામા, બૃહદ્બલ તથા કૃતવર્મા - આ છ મહારથીઓએ અભિમન્યુને ચારે બાજુથી ઘેરી લીધો. પરંતુ અર્જુનકુમારે પોતાનાં તીક્ષ્ણ બાણોથી ઘાયલ કરીને તે બધાને ફરી ભગાડી મૂક્યા અને અત્યંત વેગથી જયદ્રથની સેના પર આક્રમણ કર્યું. આ જોઈને કલિંગ અને નિષાદવીરોએ સાથે

આવીને હાથીઓની સેનાથી અભિમન્યુનો માર્ગ રોકી લીધો. અભિમન્યુએ ગજસેનાનો સંહાર કરી નાખ્યો. એટલામાં ભાગી ગયેલા દ્રોણ વગેરે મહારથીઓ પણ પાછા આવ્યા અને ધનુષ્યનો ટંકાર કરીને, અભિમન્યુએ ઘેરીને બાણવર્ષા કરવા લાગ્યા. ત્યારપછી કર્ણ અને અભિમન્યુ પરસ્પર યુદ્ધ કરતાં લોહીલુહાણ થઈ ગયા હતા. અભિમન્યુએ શત્રંજય, ચંદ્રકેતુ, મેઘવેગ, સુવર્ચા અને સૂર્યભાસ એ પાંચ રાજાઓનો વધ કરીને શકુનિને પણ ઘાયલ કર્યો.

શકુનિએ અભિમન્યુને બાણ મારીને દુર્યોધનને કહ્યું, 'જુઓ, આ શરૂઆતથી જ એક એક કરીને આપણને મારી રહ્યો છે, હવે આપણે બધા સાથે મળીને આને મારી નાખીએ.'

ત્યાર પછી કર્ણે દ્રોણાચાર્યને કહ્યું, 'અભિમન્યુ પહેલેથી જ આપણને બધાને કચડી રહ્યો છે, હવે તેના વધનો કોઈ ઉપાય અમને શીઘ્ર બતાવો.' કર્ણની વાત સાંભળીને આચાર્ય દ્રોણ હસી પડ્યા અને બોલ્યા, 'અભિમન્યુ મહાન ધનુર્ધર છે. જો કરી શકતા હો તો આ પ્રમાણે કરો. બધી રીતે અસહાય કરીને એને રણમાંથી ભગાડો અને પાછળથી પ્રહાર કરો. જો એના હાથમાં ધનુષ્ય હશે તો દેવતા અને અસુર પણ એને જીતી શકતા નથી.'

આચાર્યની વાત સાંભળીને કર્ણે બાણ મારીને અભિમન્યુના ધનુષ્યને કાપી નાખ્યું. તેને ધનુષ્ય અને રથ વિનાનો કરી નાખ્યો. હવે તેના હાથમાં તલવાર પણ ન રહી, આખા શરીરમાં બાણો ઘૂસેલાં હતાં. તે જ સ્થિતિમાં ક્રોધે ભરાઈને હાથમાં ચક્ર લઈને અભિમન્યુ દ્રોણાચાર્ય પર ઝપટ્યો. બધાએ મળીને તેના ચક્રના ટુકડેટુકડા કરી નાખ્યા. ત્યાર પછી અભિમન્યુએ મોટી ગદા હાથમાં લઈ અશ્વત્થામા પર છોડી. દુઃશાસનનો પુત્ર ગદા લઈને અભિમન્યુ તરફ દોડ્યો. પછી તો અભિમન્યુએ બીજી ગદા લીધી. બંને એકબીજાને મારવાની ઈચ્છાથી પરસ્પર પ્રહાર કરવા લાગ્યા. બંને એકબીજાની ગદાના પ્રહારથી પૃથ્વી પર પડી ગયા. દુઃશાસનનો પુત્ર પહેલાં ઊઠ્યો. અભિમન્યુ હજી ઊઠતો જ હતો, ત્યાં તો તેણે તેના માથા પર ગદા મારી. તેના પ્રચંડ પ્રહારથી અભિમન્યુ પુનઃ બેહોશ થઈને પડી ગયો. આ પ્રમાણે અભિમન્યુને કૌરવસેનાના મહારથીઓએ મળીને મારી નાખ્યો.

અભિમન્યુને આ પ્રમાણે મરેલો જોઈએ કૌરવ યોદ્ધાઓને ભારે હર્ષ થયો પરંતુ પાંડવોનાં હૃદય પીડાથી વલોવાઈ ગયાં. અભિમન્યુના મરાઈ

ગયા પછી બધા પાંડવયોદ્ધાઓ રથ છોડીને રાજા યુધિષ્ઠિરની ચારે બાજુ બેસી ગયા તથા અભિમન્યુને મનોમન યાદ કરીને તેના પરાક્રમનું સ્મરણ કરવા લાગ્યા. અભિમન્યુ જેવો વીર મરાઈ ગયો, એથી રાજા યુધિષ્ઠિર બહુ દુ:ખી થઈને વિલાપ કરવા લાગ્યા. જ્યારે તેઓ વિલાપ કરી રહ્યા હતા તે સમયે મહર્ષિ વેદવ્યાસજી ત્યાં આવ્યા.

ત્યારે અભિમન્યુના મૃત્યુના શોકથી સંતપ્ત થઈને વેદવ્યાસજીને કહ્યું, 'અભિમન્યુ યુદ્ધ કરી રહ્યો હતો, ત્યારે તેને અનેક અધર્મી મહારથીઓએ ઘેરીને મારી નાખ્યો. મેં તેને કહ્યું હતું, 'અમારા માટે વ્યૂહમાં ઘૂસવાનો માર્ગ બનાવી આપ.' તેણે તે જ પ્રમાણે કર્યું. તે સાંભળીને વેદવ્યાસજીએ કહ્યું, 'વિધાતાના વિધાનને કોઈ ટાળી શકતું નથી. મૃત્યુ તો દેવતા, ગંધર્વ અને દાનવોના પણ પ્રાણ લઈ લે છે, પછી મનુષ્યોની તો વાત જ ક્યાં રહી?'

અર્જુનનો વિષાદ અને જયદ્રથને મારવાની પ્રતિજ્ઞા

તે દિવસે જ્યારે સૂર્યનારાયણ અસ્ત થઈ ગયા ત્યારે સૈનિકોનો ઘોર સંહાર બંધ થયો તથા બધા સૈનિકો પોતપોતાની છાવણીમાં જવા લાગ્યા, તે જ સમયે અર્જુન પણ પોતાનાં દિવ્ય અસ્ત્રોથી સંશપ્તકોનો વધ કરીને રથ પર બેસીને શિબિર તરફ ચાલ્યા. રસ્તામાં જ તેમણે ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, 'ન જાણે કેમ, આજે મારું હૃદય શંકિત બનીને ધડકી રહ્યું છે, સંપૂર્ણ શરીર શિથિલ થઈ રહ્યું છે. કાંઈક અનિષ્ટ અવશ્ય થયું છે. આ વાત હૃદયમાંથી નીકળતી જ નથી.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'શોક ન કરો, મંત્રીઓ સહિત તમારા ભાઈનું તો કલ્યાણ જ થશે. આ અપશુકન પ્રમાણે કોઈ બીજું જ અનિષ્ટ થયું હશે.' ત્યાર પછી બંને વીરો રથ પર બેસીને યુદ્ધસંબંધી વાતો કરતા રહીને છાવણી પાસે પહોંચ્યા. અર્જુન ચિંતિત થઈને શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા, 'આજે આ શિબિરમાં વાજિંત્રો કે દુંદુભિનો સૂર સંભળાતો નથી. આ સ્વજનોને વ્યાકુળ જોઈને મારા હૃદયના ધબકારા અશાંત બની રહ્યા છે.'

આ પ્રમાણે વાતો કરતા રહીને બંનેએ શિબિરમાં જઈને જોયું કે પાંડવો અત્યંત વ્યાકુળ અને ભાંગી પડેલા હતા. ભાઈઓ તથા પુત્રોને આ અવસ્થામાં જોઈને તથા અભિમન્યુને ત્યાં ન જોઈને અર્જુન બહુ દુ:ખી થઈને બોલ્યા, 'આજે તમારા બધાનાં મુખ પર શોક કેમ છવાઈ ગયો છે. આનું શું કારણ છે?'

ત્યાં જ અર્જુને અભિમન્યુનો મૃતદેહ જોયો. અર્જુન પુત્રશોકથી ભાંગીને ત્યાં બેસી પડ્યો.

અર્જુનને પુત્રશોકથી પીડિત થઈ આંસુ સારતો જોઈને ભગવાન શ્રીકૃષ્ણે તેને ધીરજ આપતા કહ્યું, 'આટલો વ્યાકુળ ન થા. જે યુદ્ધમાં પીઠ બતાવતા નથી, તે બધા શૂરવીરોને એક દિવસ આ જ માર્ગે જવું પડે છે. તું તો જાણવાયોગ્ય તત્ત્વને જાણી ચૂક્યો છે, તારે શોક કરવો ન જોઈએ.'

ભગવાન શ્રીકૃષ્ણના સમજાવ્યા પછી અર્જુને પોતાના ભાઈઓને કહ્યું, 'જો હું એવું જાણતો હોત કે પાંડવો અને પાંચાલો મારા પુત્રની રક્ષા કરવામાં અસમર્થ છે, તો હું સ્વયં ઉપસ્થિત રહીને તેની રક્ષા કરત.'

આટલું કહીને અર્જુન ચૂપ થઈ ગયો. તે સમયે યુધિષ્ઠિર અને શ્રીકૃષ્ણ સિવાય બીજું કોઈ તેમની સામે બોલવાની કે જોવાની હિંમત ન કરી શક્યું.

અર્જુન ક્રોધિત થઈને બોલ્યા, 'હું બધાની સામે પ્રતિજ્ઞા કરું છું કે જો જયદ્રથ કૌરવોનો આશ્રય છોડીને ભાગી ન ગયો અથવા આપણા શરણે ન આવ્યો તો કાલે તેને હું અવશ્ય મારી નાખીશ.' અને આ મારી બીજી પ્રતિજ્ઞા સાંભળો, 'જો કાલે સૂર્યાસ્ત પહેલાં પાપી જયદ્રથ ન મરાયો તો હું સ્વયં બળતી ચિતામાં પ્રવેશ કરીશ.'

આ પ્રમાણે કહીને અર્જુને ગાંડિવ ધનુષ્યનો ટંકાર કર્યો, તેનો ધ્વનિ આકાશમાં ગુંજી ઊઠ્યો. અર્જુનની તે પ્રતિજ્ઞા સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણે પોતાનો પાંચજન્ય શંખ વગાડ્યો.

જયદ્રથનો દ્રોણનું આશ્વાસન

દૂતોએ આવીને જયદ્રથને અર્જુનની પ્રતિજ્ઞા કહી સંભળાવી. સાંભળતાં જ જયદ્રથ શોકથી વિહ્વળ થઈ ગયો. બહુ વિચાર કર્યા પછી તે રાજાઓની સભામાં ગયો અને બોલ્યો, 'પાંડવોનો હર્ષધ્વનિ સાંભળીને હું બહુ જ ભયભીત થઈ રહ્યો છું. મારું સંપૂર્ણ શરીર શિથિલ થઈ ગયું છે. ખરેખર અર્જુને મારો વધ કરવાની પ્રતિજ્ઞા કરી છે, તેથી જ તો શોકના સમયે પાંડવો હર્ષ મનાવી રહ્યા છે. તેથી તમારું કલ્યાણ થાઓ, મને અહીંથી જવાની આજ્ઞા આપો. હું જઈને એવી જગાએ સંતાઈ જઈશ, જ્યાં પાંડવો મને જોઈ ન શકે.'

જયદ્રથને આ પ્રમાણે ભયથી વ્યાકુળ જોઈને રાજા દુર્યોધને કહ્યું, 'તમે આટલા ડરો નહિ. તમે પોતે પણ એક શ્રેષ્ઠ મહારથી છો, શૂરવીર

છો. પછી પાંડવોથી ડરો કેમ છો? મારી પૂરી સેના તમારી રક્ષા માટે સાવધાન રહેશે, તમે ભયનો ત્યાગ કરો.'

આ તરફ અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, 'હવે આપ સુભદ્રા અને ઉત્તરાને જઈને સમજાવો, જે રીતે થઈ શકે તે રીતે તેમનો શોક દૂર કરો.' ત્યારે શ્રીકૃષ્ણ ઉદાસ થઈને અર્જુનની શિબિરમાં ગયા અને પુત્રશોકથી પીડિત બહેનને સમજાવવા લાગ્યા. તેમણે કહ્યું, 'બહેન! તમે અને વહુ ઉત્તરા - બંને શોક ન કરશો. કાળ દ્વારા બધા જીવોની એક દિવસ આ જ સ્થિતિ થાય છે. તમારો પુત્ર ઉચ્ચ કુળનો ક્ષત્રિય, ધીર અને વીર હતો, આ મૃત્યુ તેને યોગ્ય જ થયું છે, તેથી શોકનો ત્યાગ કરો.'

આ પ્રમાણે શોકથી ભાંગી પડેલી સુભદ્રા પાસે દ્રૌપદી અને ઉત્તરા પણ આવી પહોંચ્યાં. બધાં વિલાપ કરીને રડવાં લાગ્યાં. તેમની આ દશા જોઈને ભગવાન શ્રીકૃષ્ણ દુ:ખી થઈ ગયા અને તેમને સમજાવવા લાગ્યા. તેમણે કહ્યું, 'સુભદ્રા! હવે પુત્ર માટે શોક ન કરો. દ્રૌપદી! તમે ઉત્તરાને ધીરજ આપો. અભિમન્યુને બહુ ઉત્તમ ગતિ પ્રાપ્ત થઈ છે. હું તો એવું ઇચ્છું છું કે મારા વંશમાં જે ઉત્તમ પુરુષ છે, તે બધા અભિમન્યુની ગતિ પ્રાપ્ત કરે.'

સુભદ્રા, દ્રૌપદી અને ઉત્તરાને આ પ્રમાણે આશ્વાસન આપીને શ્રીકૃષ્ણ ફરી અર્જુન પાસે ગયા અને બોલ્યા, 'અર્જુન! તમારું કલ્યાણ થાઓ. હવે જઈને વિશ્રામ કરો. હું પણ જાઉં છું.' આમ કહીને અર્જુનના શિબિર પર દ્વારપાલોને ઊભા રાખીને તેઓ છાવણીમાં ચાલ્યા ગયા અને શય્યા પર પોઢી ગયા. અર્જુન પોતાની પ્રતિજ્ઞાની રક્ષાનો વિચાર કરતો કરતો સૂઈ ગયા.

યુદ્ધનો ચૌદમો દિવસ
અનેક વીરોનો સંહાર કરીને અર્જુનનો તેમાં પ્રવેશ

રાત વીત્યા પછી આચાર્ય દ્રોણે પોતાની તમામ સેનાને શકટવ્યૂહમાં ઊભી કરી. તે સમયે તેઓ શંખનાદ કરતા બહુ ઝડપથી આમતેમ ઘૂમી રહ્યા હતા. ત્યારે આચાર્યે જયદ્રથને કહ્યું, 'પાયદળ સેના લઈને અમારાથી છ કોસ પાછળ રહો. ત્યાં ઇન્દ્રાદિ દેવતાઓ પણ તમારું કાંઈ બગાડી શકશે નહિ, પછી પાંડવોની તો વાત જ શી છે? ત્યાં તમે બેધડક રહેજો.'

આ પ્રમાણે જ્યારે કૌરવસેનાની વ્યૂહરચના થઈ ગઈ ત્યારે રણાંગણમાં અર્જુન દેખાયો. અર્જુને પોતાના દિવ્ય રથ પર બેસીને ગાંડિવ

ધનુષ્યનો ટંકાર કરીને યુદ્ધભૂમિમાં પ્રવેશ કર્યો અને શ્રીકૃષ્ણે પણ પોતાનો પાંચજન્ય શંખ વગાડ્યો.

હવે અર્જુને અત્યંત હર્ષિત થઈને શ્રીકૃષ્ણને કહ્યું, 'આપ ઘોડાઓને દુર્મુર્ષણ તરફ જવા દો. હું તેની ગજસેનાને તોડીને શત્રુના દળમાં પ્રવેશ કરીશ.' આ સાંભળીને શ્રીકૃષ્ણે તે તરફ રથ હાંક્યો. આમ બંને બાજુથી ભયંકર યુદ્ધ શરૂ થઈ ગયું. કૌરવસેનાના મહારથીઓ શ્રીકૃષ્ણ અને અર્જુન પર બાણવર્ષા કરવા લાગ્યા. અર્જુને પોતાનાં બાણોથી દુર્મુર્ષણની ગજસેનાનો સંહાર કરી નાખ્યો. તેથી દુર્યોધનની બાકી રહેલી સેના ભાગવા લાગી. અર્જુનના પ્રહારને કારણે બધા વીરો મેદાન છોડીને ભાગી ગયા. પોતાની સેનાને છિન્નભિન્ન થયેલી જોઈને દુઃશાસન મોટી ગજસેના લઈને અર્જુનની સામે આવ્યો અને તેમને ચારે બાજુથી ઘેરી લીધા. અર્જુને ભયંકર સિંહનાદ કરી પોતાનાં બાણોથી હાથીઓની સેનાનો સંહાર કરવા લાગ્યો. દુઃશાસનની સેના નાયક સહિત ભાગી ગઈ અને અત્યંત વેગપૂર્વક દોડીને દ્રોણાચાર્યનું રક્ષણ મેળવવાની આકાંક્ષાથી તેમના શકટવ્યૂહમાં જઈને ભરાઈ ગઈ.

હવે અર્જુન દુઃશાસનની સેનાને પરાજિત કરીને જયદ્રથની સમીપ પહોંચવાના વિચારથી દ્રોણાચાર્યની સેના પર તૂટી પડ્યો. અર્જુને તેમની સામે જઈને શ્રીકૃષ્ણની સલાહથી હાથ જોડીને કહ્યું, 'તમે મારા માટે કલ્યાણની કામના કરો. મારા માટે તમે પિતાતુલ્ય છો. જે પ્રમાણે અશ્વત્થામાની રક્ષા કરવાનું તમારું કર્તવ્ય છે, તે જ પ્રમાણે તમારે મારી પણ રક્ષા કરવી જોઈએ. આજે તમારી કૃપાથી હું જયદ્રથને મારવા ઇચ્છું છું. તમે મારી પ્રતિજ્ઞાની રક્ષા કરો.'

અર્જુનના કહેવાથી આચાર્યે કહ્યું, 'અર્જુન મને પરાસ્ત કર્યા વિના તું જયદ્રથને જીતી નહિ શકે.' આ પ્રમાણે કહીને તેમણે અર્જુનને તેમનાં રથ, ઘોડા, સારથિ અને ધજા સાથે બાણોથી આચ્છાદિત કરી દીધો. બંને એકબીજા પર બાણવૃષ્ટિ કરવા લાગ્યા. દ્રોણ અને અર્જુનના યુદ્ધને તીવ્ર થતું જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, 'આપણે અહીં સમય બગાડવો ન જોઈએ. આજે આપણે મોટું કામ કરવાનું છે. તેથી દ્રોણાચાર્યને છોડીને આગળ વધવું જોઈએ.'

આ પ્રમાણે જ્યારે અર્જુન જયદ્રથનો વધ કરવાની ઇચ્છાથી દ્રોણાચાર્ય અને કૃતવર્માની સેનાને ચીરીને વ્યૂહમાં ઘૂસી ગયા. તેમના

હાથે સુદક્ષિણ અને શ્રુતાયુનો વધ થઈ ગયો, ત્યારે પોતાની સેનાને ભાગતી જોઈને દુર્યોધન એકલો જ પોતાનો રથ પર ચડીને દ્રોણાચાર્ય પાસે આવીને કહેવા લાગ્યો, 'અર્જુન આપણી વિશાળ સેનાને કચડીને અંદર ઘૂસી ગયો છે. હવે તમે વિચાર કરો કે આપણે તેના નાશ માટે શું કરવું જોઈએ. મને ખાતરી છે કે મનુષ્ય કદાચ યમરાજના સકંજામાંથી બચી શકે, પરંતુ અર્જુનના હાથમાં આવીને જયદ્રથના પ્રાણ કોઈ રીતે બચી નહિ શકે. તેથી હવે તમે કોઈ એવો ઉપાય કરો જેથી જયદ્રથને બચાવી શકાય.'

હવે અર્જુન અને શ્રીકૃષ્ણ કૌરવોની સેનામાં ઘૂસી ગયા પછી દુર્યોધન પણ ચાલ્યો ગયો. ત્યારે પાંડવોએ સોમકવીરોનો સાથ લઈને દ્રોણાચાર્ય પર હુમલો કર્યો. બંને બાજુથી ભીષણ યુદ્ધ થવા લાગ્યું. ધૃષ્ટદ્યુમ્ન અને પાંડવો વારંવાર આચાર્ય પર પ્રહાર કરી રહ્યા હતા અને આચાર્ય તેમના પર બાણવર્ષા કરતા હતા. દ્રોણાચાર્ય પોતાની સેનાને સંગઠિત કરવાનો પ્રયત્ન કરતા હતા, પરંતુ ધૃષ્ટદ્યુમ્ન તેમને વારંવાર વિખેરી નાખતો હતો. દ્રોણાચાર્ય અને ધૃષ્ટદ્યુમ્નનાં બાણોથી વ્યથિત થવાને કારણે બંને સેનાઓના વીરો પ્રાણોથી આશા છોડીને પૂરી શક્તિ સાથે યુદ્ધ કરવા લાગ્યા. તે સમયે જયદ્રથ આખી સેનાની પાછળ હતો.

વિન્દ અને અનુવિન્દનો વધ

હવે સૂર્યનારાયણ પશ્ચિમમાં જઈ ચૂક્યા હતા. કૌરવપક્ષના યોદ્ધાઓમાંથી કેટલાક યુદ્ધના મેદાનમાં વ્યસ્ત હતા, કેટલાક પાછા આવ્યા હતા અને કેટલાક પીઠ દેખાડીને ભાગી રહ્યા હતા. આ પ્રમાણે ધીરે ધીરે તે દિવસ વીતી રહ્યો હતો. પરંતુ અર્જુન અને શ્રીકૃષ્ણ સતત જયદ્રથ તરફ આગળ વધી રહ્યા હતા. અર્જુનનો રથ બહુ ઝડપથી ચાલી રહ્યો હતો. તે સમયે તેણે સૂર્ય, ઈન્દ્ર, રુદ્ર અને કુબેરના રથોને પણ માત કરી દીધા હતા. તે જ સમયે અવન્તિદેશના બંને રાજકુમારો અર્જુનની સામે આવી ગયા. તેમણે ઉત્સાહમાં આવી જઈને અર્જુનને બાણોથી ઘાયલ કરી દીધો. અર્જુને ક્રોધિત થઈને ક્ષુરપ્ર બાણથી વિન્દનું મસ્તક કાપી નાખ્યું. તે મૃત્યુ પામીને પૃથ્વી પર પડી ગયો. વિન્દને મરી ગયેલો જાણીને અનુવિન્દ હાથમાં ગદા લઈને રથમાંથી કૂદીને શ્રીકૃષ્ણના લલાટમાં તેનો પ્રહાર કર્યો. પરંતુ શ્રીકૃષ્ણ તેનાથી જરા પણ વિચલિત થયા નહિ. ત્યારે અર્જુને બાણથી તેનાં હાથ-પગ, માથું અને ગરદન કાપી

નાખ્યાં અને તે પૃથ્વી પર પડી ગયો.

વિન્દ અને અનુવિન્દને મરેલા જોઈને તેમના સાથીઓ કોપાયમાન થઈને બાણ વરસાવતા અર્જુન તરફ દોડ્યા. તે સમયે અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, 'ઘોડા બાણ વાગવાથી ભારે વ્યથિત થઈ રહ્યા છે અને બહુ થાકી ગયા છે. જયદ્રથ હજી દૂર છે. તમે નિરાંતે ઘોડાઓને છોડી દો અને તેમનાં બાણ કાઢી નાખો.'

અર્જુનના કહેવાથી શ્રીકૃષ્ણે કહ્યું, 'તું જે કહે છે હું પણ તેવું જ ઇચ્છું છું.'

અર્જુને કહ્યું, 'હું કૌરવોની સેનાને રોકી રાખીશ. એ દરમિયાન તમે આ કામ આટોપી લો.' આમ કહીને અર્જુન રથામાંથી ઊતરી પડ્યો અને અત્યંત સાવધાનીપૂર્વક ધનુષ્ય-બાણ લઈ ઊભો થઈ ગયો. અર્જુનને ક્ષત્રિયોએ મોટી રથસેનાથી ચારે બાજુથી ઘેરી લીધો અને બાણોથી ઢાંકી દીધો પરંતુ તેમણે પોતાનાં અસ્ત્રોથી તેમનાં અસ્ત્રોને બધી બાજુથી રોકીને બાણોથી આચ્છાદિત કરી દીધા. શ્રીકૃષ્ણે ગભરાઈને સખા અર્જુનને કહ્યું, 'અર્જુન! અહીં રણભૂમિમાં કોઈ સારું જળાશય નથી? ઘોડા પાણી પીવા ઇચ્છે છે.' આં સાંભળીને અર્જુને તરત જ અસ્ત્ર દ્વારા પૃથ્વીને ફોડીને ઘોડાને પાણી પીવાયોગ્ય એક સુંદર સરોવર બનાવી દીધું. એક ક્ષણમાં જ તૈયાર થયેલા સરોવરને જોવા માટે નારદમુનિ પણ ત્યાં પધાર્યા. આ અદ્‌ભુત કર્મ કરનારા અર્જુને એક બાણોનું ઘર બનાવી દીધું, જેનાં થાંભલા અને છત બાણોનાં હતાં. ત્યાર પછી શ્રીકૃષ્ણ તરત રથ પરથી કૂદી પડ્યા અને બાણોથી વીંધાયેલા ઘોડાઓને છોડી દીધા. થોડી જ વારમાં તેમનાં શરીરમાંથી બાણ કાઢીને તેમને જળ પિવડાવ્યું. ત્યાર પછી તેઓ અર્જુન સાથે ફરી રથ પર ચડીને બહુ ઝડપથી ચાલ્યા.

તે જ સમયે કૌરવપક્ષના યોદ્ધાઓ કહેવા લાગ્યા, 'શ્રીકૃષ્ણ અને અર્જુન અમારી ઉપસ્થિતિમાં નીકળી ગયા અને અમે તેમનું કાંઈ જ બગાડી ન શક્યા.' કૌરવપક્ષના વીરો જ્યારે આવી વાતો કરી રહ્યા હતા ત્યારે સૂર્યનારાયણ અસ્તાચળ તરફ ઢળી ચૂક્યા હતા. તેથી અર્જુન બહુ ઝડપથી જયદ્રથ તરફ જઈ રહ્યો હતો. કોઈ પણ યોદ્ધો તેમને રોકી શકતો ન હતો. તેમણે સંપૂર્ણ સેનાને ઘમરોળી નાખી હતી. શ્રીકૃષ્ણ સેનાને કચડતા રહીને ઝડપથી ઘોડા હાંકી રહ્યા હતા. આ જોઈને શત્રુપક્ષના રથીઓ બહુ ઉદાસ થઈ ગયા. ધૂળના કારણે સૂર્યનારાયણ પણ પૂરી રીતે

ઢંકાઈ ગયા હતા તથા બાણોથી વ્યથિત થવાને કારણ સૈનિકો શ્રીકૃષ્ણ અને અર્જુન તરફ જોઈ પણ શકતા ન હતા.

અર્જુનનો દુર્યોધન તથા અશ્વત્થામા સાથે સંગ્રામ

તેમને આગળ વધતા જોઈને દુર્યોધન જયદ્રથની રક્ષા માટે તેમની આગળ થઈને નીકળી ગયો. દુર્યોધન એકલો જ રથ પર ચડીને સંગ્રામભૂમિમાં કૂદી પડ્યો. ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, 'આજે દુર્યોધન આપણાથી પણ આગળ વધી ગયો છે. મને આ અદ્‌ભુત વાત લાગે છે. હવે સમયાનુસાર તેની સાથે યુદ્ધ કરવું જ હું ઉચિત સમજું છું.' આ પ્રમાણે વાતો કરતા રહીને શ્રીકૃષ્ણ અને અર્જુને દુર્યોધન પાસે પહોંચવા માટે ઘોડાઓને હાંક્યા.

દુર્યોધનને સંગ્રામભૂમિમાં લડતો જોઈને કૌરવસેનામાં ભારે શોરબકોર થવા લાગ્યો. આથી અર્જુનને ભારે ગુસ્સો આવ્યો. શ્રીકૃષ્ણ અને અર્જુન પણ ઉત્સાહિત થઈને ગર્જના કરીને પોતાના શંખ વગાડવા લાગ્યા. તેમને પ્રસન્ન જોઈને કૌરવો દુર્યોધન માટે ભયભીત થઈને કહેવા લાગ્યા, 'મહારાજ મોતના પંજામાં જઈ પડ્યા.'

તેમનો શોર સાંભળી દુર્યોધને કહ્યું, 'ડરો નહિ, હું હમણાં જ શ્રીકૃષ્ણ અને અર્જુનને મૃત્યુને ઘાટ ઉતારી દઉં છું.' આમ કહીને તેણે તીક્ષ્ણ બાણોનો અર્જુન પર પ્રહાર કર્યો.

'દુર્યોધન આચાર્ય દ્રોણના પહેરાવેલા કવચને ધારણ કરીને નિર્ભય થઈને ઊભો છે પરંતુ હવે આપ મારા ધનુષ્ય અને ભુજાઓના પરાક્રમને જુઓ. તે કવચથી સુરક્ષિત હોવા છતાં પણ તેને આજે હું પરાસ્ત કરી દઈશ.' આમ કહીને અર્જુને કવચને તોડનાર માનવાસ્ત્રથી બાણ ચડાવ્યાં. પરંતુ અશ્વત્થામાએ બધા પ્રકારનાં અસ્ત્રોને કાપી નાખનારા બાણ દ્વારા તેમને ધનુષ્ય પર જ કાપી નાખ્યાં. આ જોઈને અર્જુનને ભારે આશ્ચર્ય થયું અને તેમણે શ્રીકૃષ્ણને કહ્યું, 'આ અસ્ત્રનો પ્રયોગ હું બીજીવાર કરી શકતો નથી, કેમ કે આમ કરવાથી અસ્ત્ર મારો અને મારી સેનાનો સંહાર કરી નાખશે.' અર્જુને તીક્ષ્ણ બાણોથી દુર્યોધનના ઘોડા અને બંને પાર્શ્વરક્ષકોને મારી નાખ્યા. આ પ્રમાણે રથહીન કરીને તેને વ્યાકુળ કરી નાખ્યો કે તે નાસી જવાનો રસ્તો શોધવા લાગ્યો. દુર્યોધનને આ પ્રમાણે સંકટમાં પડેલો જોઈને અનેક વીરો તેની રક્ષા માટે દોડી આવ્યા. તેમણે અર્જુનને ચારે બાજુથી ઘેરી લીધો. સૈનિકોથી ઘેરાઈ જતાં અને ભીષણ બાણવર્ષાથી શ્રીકૃષ્ણ અને અર્જુન દેખાતા ન હતા. તેમનો

રથ પણ આંખોની સામેથી અદૃશ્ય થઈ ગયો હતો.

ત્યારે અર્જુને ગાંડિવ ધનુષ્ય ખેંચીને ભીષણ ટંકાર કર્યો અને ભારે બાણવર્ષા કરીને શત્રુઓનો સંહાર કરવા લાગ્યો. કૌરવપક્ષના અનેક વીરો શ્રીકૃષ્ણ અને અર્જુનને મારવા માટે સ્ફૂર્તિથી દોડી આવ્યા. તે બધાની સાથે દુર્યોધને જયદ્રથની રક્ષાના ઉદ્દેશથી તેને ચારે બાજુથી ઘેરી લીધો. અર્જુને બાણોથી તે બધા શત્રુઓને આગળ વધતાં રોકી દીધા.

કૌરવપક્ષના અનેક વીરોનો વધ

તે દિવસે કૌરવો અને પાંચાલોમાં રોમાંચકારી યુદ્ધ થયું. બધા પાંચાલ અને પાંડવવીરો દ્રોણાચાર્યના રથ પાસે પહોંચીને તેમની સેનાને અસ્તવ્યસ્ત કરવા માટે શસ્ત્રો ચલાવવા લાગ્યા. આ જ સમયે રાજા યુધિષ્ઠિરે દ્રોણાચાર્ય પર બાણવર્ષા શરૂ કરી. પછી તેમણે દ્રોણ પર એક અત્યંત ભયાનક ગદા છોડી અને ઉત્સાહપૂર્વક ગર્જના કરવા લાગ્યા. ગદાને પોતાના ઉપર આવી જોઈને આચાર્યે બ્રહ્માસ્ત્ર પ્રગટ કર્યું. તે ગદાને નષ્ટ કરીને યુધિષ્ઠિરના રથ તરફ ચાલ્યું. ત્યારે ધર્મરાજે બ્રહ્માસ્ત્રથી જ તેને શાંત કરી દીધું.

ચેદિરાજ ધૃષ્ટકેતુને વીરધન્વાએ રોક્યો હતો. તે બંને વીરો પરસ્પર હજારો બાણોથી એકબીજાને ઘાયલ કરવા લાગ્યા. ત્યારે વીરધન્વાએ ક્રોધિત થઈને તેના ધનુષ્યના બે ટુકડા કરી નાખ્યા. ચેદિરાજે તેને ફેંકીને એક લોખંડની શક્તિ ઉઠાવી અને તેને બંને હાથે વીરધન્વા પર ફેંકી. તેના ભયંકર પ્રહારથી વીરધન્વાની છાતી ફાટી ગઈ અને તે રથમાંથી પૃથ્વી પર પડી ગયો. બીજી બાજુ દુર્મુખે સહદેવ પર બાણવૃષ્ટિ કરવા માંડી. ત્યારપછી સહદેવે દુર્મુખના સારથિનું મસ્તક છેદી નાખ્યું તથા બાણોથી સ્વયં તેને ઘાયલ કરી નાખ્યો. ત્યારે દુર્મુખ પોતાના ઘોડા વિનાના રથને છોડીને નિરમિત્રના રથ પર ચડી ગયો. તેથી સહદેવે ક્રોધિત થઈને એક ભલ્લથી નિરમિત્ર પર પ્રહાર કર્યો. નિરમિત્રને મરેલો જોઈને ત્રિગર્ત દેશની સેનામાં હાહાકાર થઈ ગયો. તે જ ક્ષણે નકુળે વિકર્ણને પરાસ્ત કરી દીધો.

ત્યારે સાત્યકિ પોતાના ઘોડાથી જોતરેલા રથ પર બેસીને ભારે ગર્જના કરતો જઈ રહ્યો હતો. કૌરવસેનાના મહારથીઓ મળીને તેને રોકવામાં અસફળ થયા. આ સમયે રાજા અલમ્બુષ તેની સામે આવ્યો અને તેને રોકવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તે બંને વીરોનો સંગ્રામ થયો.

તે સમયે બંને પક્ષના યોદ્ધાઓ યુદ્ધ જોવા લાગ્યા. સાત્યકિએ અલમ્બુષના ઘોડાઓને મારી નાખ્યા તથા એક ભલ્લથી તેના સારથિનું મસ્તક કાપીને અલમ્બુષના કુંડલ સહિતના મસ્તકને ધડથી અલગ કરી દીધું.

આ પ્રમાણે અલમ્બુષનું કામ પતાવી તે કૌરવસેનાઓને ચીરતો રહીને અર્જુન તરફ વધવા લાગ્યો. તેણે જેવો પ્રવેશ કર્યો ત્યાં ત્રિગર્તવીરો તેના પર તૂટી પડ્યા અને ચારે બાજુથી બાણવૃષ્ટિ કરવા લાગ્યા. સાત્યકિનું પરાક્રમ જોઈને ત્રિગર્તવીરો ગભરાઈને ત્યાંથી ભાગી ગયા. પછી તે કલિંગ દેશના વીરો સાથે યુદ્ધ કરીને અર્જુન પાસે પહોંચ્યો. અર્જુનને જોઈને સાત્યકિને ઘણી શાંતિ મળી. તેને આવતો જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, 'જુઓ, તમારી પાછળ સાત્યકિ આવી રહ્યો છે. તે મહાપરાક્રમી વીર તમારો શિષ્ય અને મિત્ર છે.'

અર્જુને કહ્યું, 'સાત્યકિ મારી પાસે આવી રહ્યો છે એથી મને પ્રસન્નતા થતી નથી કારણ કે તેના અહીં ચાલ્યા આવવાથી ધર્મરાજ જીવતા હશે કે નહિ એ પણ નક્કી નથી. તેણે તેમની રક્ષા કરવાની જરૂર હતી. ભૂરિશ્રવા સાત્યકિ તરફ જઈ રહ્યો છે. હવે સૂર્ય ઢળી ચૂક્યો છે અને મારે જયદ્રથનો વધ અવશ્ય કરવો છે. ધર્મરાજે આચાર્ય દ્રોણ તરફથી નિર્ભય થઈને આને મારી પાસે મોકલી દીધો - આ હું તેમની ભૂલ માનું છું. તેઓ નિરંતર તેમને પકડવાની તક શોધે છે, તો શું મહારાજ! અત્યારે કુશળ હશે?'

સાત્યકિ દ્વારા ભૂરિશ્રવાનો વધ

સાત્યકિને આવતો જોઈને ભૂરિશ્રવા ક્રોધિત થઈને તેના તરફ દોડ્યો તથા તેને કહેવા લાગ્યો, 'આજે આ સંગ્રામભૂમિમાં મારી ઘણા દિવસની ઇચ્છા પૂરી થઈ. હવે જો તમે મેદાન છોડીને ભાગી ન ગયા તો જીવતા રહી શકશો નહિ.' આ સાંભળીને સાત્યકિએ કહ્યું, 'મને યુદ્ધમાં તમારાથી ભય નથી. માત્રો વાતો કરીને મને કોઈ બિવડાવી શકતું નથી. મારું મન તો તમારી સાથે યુદ્ધ કરવા ઉતાવળું થઈ રહ્યું છે. આજે તમને માર્યા વિના હું યુદ્ધના મેદાનમાંથી પાછો હઠવાનો નથી.'

આ પ્રમાણે એકબીજાને સંભળાવીને તે બંને વીરો ક્રોધિત થઈને યુદ્ધ કરવા લાગ્યા. ત્યાર પછી તેઓ આપસમાં જાતજાતનાં શસ્ત્રો વરસાવવા લાગ્યા. બંનેએ એકબીજાના ઘોડા મારી નાખ્યા. આ પ્રમાણે બંને રથહીન થઈ ગયા. અંતમાં ભૂમિશ્રવાએ સાત્યકિને પૃથ્વી પર ઘસડતા રહીને

એકદમ ઊંચકીને પછાડ્યો. પછી છાતીમાં લાત મારીને તેના મસ્તકને કાપવાની તૈયારીમાં હતો. તે જ સમયે શ્રીકૃષ્ણ અર્જુનને કહ્યું, 'જુઓ, તમારા શિષ્ય સાત્યકિ અત્યારે ભૂરિશ્રવાની ચુંગાલમાં ફસાઈ ગયો છે.'

શ્રીકૃષ્ણના કહેવાથી અર્જુને તેમને કહ્યું, 'અત્યારે મારી દૃષ્ટિ જયદ્રથ પર મંડાયેલી છે તેથી હું સાત્યકિને જોતો નથી. તેમ છતાં તેની રક્ષા માટે હું એક દુષ્કર કર્મ કરું છું.' એમ કહીને શ્રીકૃષ્ણની વાત માનીને તેમણે ગાંડીવ ધનુષ્ય પર બાણ ચડાવ્યું અને તેનાથી ભૂરિશ્રવાની ભુજાને કાપી નાખી. આ જોઈને બધા લોકોને ભારે દુઃખ થયું.

ભૂરિશ્રવા સાત્યકિને છોડીને દૂર ઊભો રહી ગયો અને અર્જુનની નિંદા કરવા લાગ્યો. તેણે કહ્યું, 'અર્જુન! હું બીજા સાથે યુદ્ધ કરી રહ્યો હતો, તમારી બાજુ તો મારી દૃષ્ટિ જ ન હતી. આવી સ્થિતિમાં હાથ કાપીને તમે ભારે ક્રૂર કર્મ કર્યું છે. તમે આ કામ શ્રીકૃષ્ણની સલાહથી કર્યું હશે એ નિશ્ચિત છે પરંતુ તમારા માટે આ ઉચિત ન હતું.'

અર્જુને કહ્યું, 'ખરેખર વૃદ્ધ થવાની સાથે માણસની બુદ્ધિ પણ ઘરડી થઈ જાય છે. તેથી તમે આ બધી મોં-માથા વિનાની વાતો કહી છે. તમે શ્રીકૃષ્ણને સારી રીતે જાણો છો છતાં તેમની અને મારી નિંદા કરી રહ્યા છો. જો હું યુદ્ધભૂમિમાં સાત્યકિને મારી સામે મરતાં જોઈ જાત તો મને પાપ લાગત. એટલે જ મેં તેની રક્ષા કરી છે. તમે જે એવું કહીને મારી નિંદા કરો છો કે બીજાની સાથે યુદ્ધમાં લાગેલા હોવાથી મેં તમને દગો કર્યો છે, તો આ તમારો બુદ્ધિભ્રમ છે.'

અર્જુનના આ પ્રમાણે કહેવાથી ભૂરિશ્રવાએ સાત્યકિને છોડીને મૃત્યુપર્યંત ઉપવાસ કરવાનો નિયમ લઈ લીધો. ધ્યાન કરતા રહીને યોગયુક્ત થઈને તેમણે મૌનવ્રત ધારણ કરી લીધું. આ સમયે સેનાના બધા લોકો અર્જુન અને શ્રીકૃષ્ણ નિંદા કરવા લાગ્યા. પરંતુ તેમણે તેના જવાબમાં કોઈ કડવી વાત કહી નહિ. તેમ છતાં અર્જુનથી તેમની અને ભૂરિશ્રવાની વાતો સહન ન થઈ. તેમણે ક્રોધ પ્રગટ કર્યા વિના કહ્યું, 'મારા આ વ્રતને અહીં બધા રાજાઓ જાણે છે કે જે કોઈ અમારા પક્ષનો માણસ મારા બાણની પહોંચની અંદર હશે તો કોઈ પુરુષ તેને મારી નહિ શકે. મારા આ નિયમ પર વિચાર કરીને તમારે મારી નિંદા કરવી ન જોઈએ. મેં તમારી સશસ્ત્ર ભુજા કાપીને કોઈ અધર્મ કર્યો નથી. અભિમન્યુ પાસે તો કોઈ હથિયાર ન હતું અને તેનો રથ અને કવચ પણ નાશ પામ્યાં હતાં, છતાં તમે લોકોએ મળીને તેને મારી નાખ્યો.'

અર્જુનની આ વાત સાંભળીને ભૂરિશ્રવા પોતાનું માથું નીચું કરીને ચૂપચાપ બેસી ગયો.

ત્યારે અર્જુને કહ્યું, 'મારો જે પ્રેમ ધર્મરાજ, ભીમ અને નકુળ-સહદેવ પ્રત્યે છે તેવો જ તમારા પ્રત્યે પણ છે. હું અને શ્રીકૃષ્ણ તમને આજ્ઞા આપીએ છીએ કે તમે ઉશીનરના પુત્ર શિબિની જેમ પુણ્યલોકોને પ્રાપ્ત થાઓ.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'તમે નિરંતર અગ્નિહોત્ર કરનારા છો. જે લોક સર્વદા પ્રકાશમાન છે તથા દેવતાઓ પણ જેમની આકાંક્ષા કરે છે, તે લોકમાં તમે મારી જેમ ગરુડ પર ચડીને જાઓ.'

આ જ સમયે સાત્યકિ ઊઠ્યો અને તેણે ભૂરિશ્રવાનું મસ્તક કાપવા માટે તલવાર લીધી. તેને શ્રીકૃષ્ણ, અર્જુન, ભીમ, યુધામન્યુ, ઉત્તમૌજા, અશ્વત્થામા, કૃપાચાર્ય, કર્ણ, વૃષસેન અને જયદ્રથ - બધાએ રોક્યો. પરંતુ બધાના રોકવા છતાં તેણે વ્રતધારી ભૂરિશ્રવાનું મસ્તક કાપી નાખ્યું. પછી તેણે કૌરવોને લલકારતાં કહ્યું, 'તમે જે ધર્મનો હવાલો આપીને મને કહી રહ્યા છો કે મારે ભૂરિશ્રવાને નહોતો મારવો જોઈતો, તો જે સમયે તમે શસ્ત્રહીન અભિમન્યુની હત્યા કરી હતી તે સમયે તમારો ધર્મ ક્યાં ચાલ્યો ગયો હતો? મારી તો એવી પ્રતિજ્ઞા છે કે જો કોઈ પુરુષ સંગ્રામમાં મારો તિરસ્કાર કરીને મને જમીન પર ઘસડીને જીવતાજીવ લાત મારશે, તે પછી મુનિવ્રત ધારણ કરીને કેમ ન બેસી જાય, હું તેને અવશ્ય મારી નાખીશ.'

સાત્યકિના આ પ્રમાણે કહ્યા પછી કૌરવોમાંથી કોઈએ કશું કહ્યું નહિ પરંતુ મુનિઓની જેમ વનવાસી ભૂરિશ્રવાનો આ પ્રમાણે વધ થયો એ કોઈને ગમ્યું નહિ. ભૂરિશ્રવાએ પોતાના જીવનમાં હજારોનું દાન આપ્યું હતું અને ઘણીવાર અભિમંત્રિત જળથી અભિષેક પણ કર્યો હતો. તેથી તે દેહ ત્યાગીને પોતાના પુણ્યના પ્રભાવથી સંપૂર્ણ પૃથ્વી અને આકાશને આલોકિત કરી ઊર્ધ્વલોકમાં ચાલ્યો ગયો.

અર્જુન દ્વારા જયદ્રથનું મસ્તક કાપવું

ભૂરિશ્રવાના પરલોક ગયા બાદ અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, 'હવે જ્યાં રાજા જયદ્રથ છે ત્યાં જ ઘોડાને લઈ જાઓ.' શ્રીકૃષ્ણે ઘોડાઓને જયદ્રથના રથ તરફ હાંક્યા. અર્જુનને જયદ્રથનો વધ કરવા માટે આગળ વધતો જોઈ રાજા દુર્યોધને કર્ણને કહ્યું, 'હવે થોડો જ દિવસ બાકી છે. આજે પોતાનાં

બાણોથી તમે શત્રુ પર પ્રહાર કરો. જો કોઈ રીતે આજનો દિવસ વીતી ગયો તો પછી આપણો વિજય નિશ્ચિત છે, કેમ કે સૂર્યાસ્ત સુધી જયદ્રથની રક્ષા થઈ જતાં અર્જુનની પ્રતિજ્ઞા ખોટી પડી જશે અને તે સ્વયં અગ્નિમાં પ્રવેશ કરી જશે. અર્જુનની હયાતી વિના તો તેના ભાઈઓ બે ઘડી પર જીવતા નહિ રહી શકે. આ પ્રમાણે આપણે પૃથ્વીનું રાજ્ય ભોગવીશું. તેથી તમે અને બીજા યોદ્ધાઓને પણ સાથે લઈને અર્જુન સાથે પૂરી શક્તિથી સંગ્રામ કરો.'

દુર્યોધનની વાત સાંભળીને કર્ણે કહ્યું, 'પ્રચંડ પ્રહાર કરનારા ભીમે પોતાનાં બાણોથી મારા શરીરને ઘણું જર્જરિત કરી નાખ્યું છે. તેમ છતાં 'યુદ્ધમાં ટકી રહેવું જોઈએ.' આ નિયમને કારણે હું અહીં ઊભો રહ્યો છું. અર્જુન જયદ્રથને મારી ન શકે - એ ઉદ્દેશથી હું યથાશક્તિ યુદ્ધ કરીશ. કેમ કે મારું જીવન તો તમારા માટે જ છે.'

જે સમયે દુર્યોધન અને કર્ણ આ પ્રમાણે વાતો કરી રહ્યા હતા, ત્યારે અર્જુને જોતજોતામાં કૌરવસેનાનો સંહાર કરી નાખ્યો. જ્યારે મોટા ભાગના યોદ્ધાઓ મરાઈ ગયા ત્યારે તેઓ આગળ વધતાં વધતાં જયદ્રથ પાસે પહોંચી ગયા. અર્જુનનું પરાક્રમ કૌરવપક્ષના વીરો સહી ન શક્યા. તેથી દુર્યોધન, કર્ણ, વૃષસેન, શલ્ય, અશ્વત્થામા, કૃપાચાર્ય અને સ્વયં જયદ્રથે પણ અર્જુનને ચારે બાજુથી ઘેરી લીધો. આ બધા મહારથી જયદ્રથને પોતાની પાછળ રાખીને શ્રીકૃષ્ણ અને અર્જુનનો વધ કરવાની ઇચ્છાથી તેમની ચારે બાજુ ફરવા લાગ્યા. તે બધા સૂર્ય અસ્ત થવાની રાહ જોઈ રહ્યા હતા અને અર્જુન પર તીક્ષ્ણ બાણોની વર્ષા કરી રહ્યા હતા. પરંતુ અર્જુન તેમનાં બાણોથી તે બધા રથીઓને વીંધી નાખતો હતો. આ સમયે અર્જુન બહુ જ સ્ફૂર્તિ અને કુશળતાથી યુદ્ધ કરી રહ્યો હતો તથા ત્યાં ઊભા રહેલા બધા યોદ્ધાઓ તેમના આ અદ્‌ભુત સંગ્રામને જોઈ રહ્યા હતા. એટલામાં અર્જુને ધનુષ્યને કાન સુધી ખેંચીને ચાર બાણોથી કર્ણના ઘોડા મારી નાખ્યા અને ભલ્લથી સારથિને નીચે પાડી દીધો. કર્ણને રથહીન જોઈને અશ્વત્થામાએ તેને પોતાના રથ પર ચડાવી દીધો અને પછી તે અર્જુન સાથે લડવા લાગ્યો. પછી બધા મહારથીઓ અર્જુનની પ્રતિજ્ઞા ભંગ કરવાના વિચારથી એક સાથે મળીને તેના પર તૂટી પડ્યા. પરંતુ અર્જુન આક્રમણ કરી રહેલી કૌરવસેનાને જોઈને હસીને અનેક વીરોનો સંહાર કરતો રહીને આગળ વધવા લાગ્યો.

અર્જુનનું પરાક્રમ જોઈને કૌરવોમાં ભારે સનસનાટી મચી ગઈ.

અર્જુનની જયદ્રથ તરફની ગતિ જોઈને કૌરવયોદ્ધાઓ તેના જીવનથી નિરાશ થઈને યુદ્ધભૂમિથી પાછા ફરવા લાગ્યા. તે સમયે કૌરવપક્ષનો જે વીર તેમની સામે આવતો હતો તેના શરીર પર તેમનું બાણ આવીને પડતું હતું. કૌરવસેનાને વ્યાકુળ કરીને તેઓ જયદ્રથની સામે આવ્યા. તેમણે જયદ્રથ અને બીજા મહારથીઓને બાણોથી વીંધી નાખ્યા. જયદ્રથ અર્જુનના બાણ સહી ન શક્યો. તેણે ક્રોધિત થઈને શ્રીકૃષ્ણ અને અર્જુનને બાણોથી વીંધી તેમના ઘોડાઓને ઘાયલ કરી નાખ્યા. પરંતુ અર્જુને એના બાણોને વ્યર્થ કરીને તેના સારથિનું મસ્તક કાપી નાખ્યું. સૂર્ય અસ્ત થતો જોઈને શ્રીકૃષ્ણે કહ્યું, 'અત્યારે જયદ્રથને છ મહારથીઓએ પોતાની વચ્ચે રાખ્યો છે. તેથી યુદ્ધમાં એ છને પરાસ્ત કર્યા વિના જયદ્રથને મારવો સંભવ નથી. તેથી હું અત્યારે સૂર્યને છુપાવવા માટે એક એવો ઉપાય કરીશ, જેથી જયદ્રથને સ્પષ્ટપણે એવું લાગશે કે સૂર્ય અસ્ત થઈ ગયો. તેથી તે હર્ષિત થઈને બહાર નીકળી આવશે અને પોતાની રક્ષા માટે કોઈ પ્રયત્ન નહિ કરે. તે સમયે તું તેના પર પ્રહાર કરજે, સૂર્ય અસ્ત થઈ ગયો છે - એમ સમજીને ઉપેક્ષા કરતો નહિ.'

આ સાંભળીને અર્જુને કહ્યું, 'આપ જેવું કહો છો તે પ્રમાણે જ કરીશ.'

શ્રીકૃષ્ણ સૂર્યને ઢાંકવા માટે અંધકાર ઉત્પન્ન કરી દીધો. અંધકાર ફેલાતાં જ કૌરવયોદ્ધાઓ સૂર્ય અસ્ત થઈ ગયો છે એવું સમજીને અર્જુનના નાશની સંભાવનાથી અત્યંત આનંદિત થઈ ગયા. ખુશીથી તેઓ સૂર્ય તરફ જોવાનું પણ ભૂલી ગયા. એ જ સમયે રાજા જયદ્રથ માથું ઊંચું કરીને સૂર્ય તરફ જોવા લાગ્યો. ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને ફરી કહ્યું, 'તારો ભય વિસારીને એ સૂર્ય તરફ જોઈ રહ્યો છે, એ દુષ્ટને મારવાનો શ્રેષ્ઠ અવસર આ જ છે. તરત જ તેનું માથું કાપીને પ્રતિજ્ઞા પૂરી કર.'

શ્રીકૃષ્ણની વાત સાંભળીને અર્જુને વિધિવત્ વજ્રાસ્ત્રથી અભિમંત્રિત કરીને એક બાણ ગાંડિવ પર ચડાવ્યું. આ સમયે શ્રીકૃષ્ણે ફરી કહ્યું, 'સૂર્ય અસ્તાચલ પર પહોંચી જ રહ્યો છે, દુષ્ટ જયદ્રથનું મસ્તક તરત જ કાપી નાખ. એના વધ સાથે સંકળાયેલી હું તમને એક વાત કહું છું. આનો પિતા રાજા વૃદ્ધક્ષત્ર હતો. તેનો આયુષ્યનો મોટો ભાગ વીતી ગયા બાદ આ પુત્ર પ્રાપ્ત થયો હતો. આના સંદર્ભમાં રાજાને એવી આકાશવાણી થઈ હતી કે, 'તમારો આ પુત્ર ગુણોમાં સૂર્ય અને ચંદ્રવંશીઓ જેવો થશે. પૃથ્વી પર શૂરવીરો હંમેશા એનો સત્કાર કરશે. પરંતુ સંગ્રામભૂમિમાં યુદ્ધ કરતાં

એક શ્રેષ્ઠ ક્ષત્રિય અચાનક આનું મસ્તક કાપી નાખશે.' આ સાંભળીને વૃદ્ધક્ષત્ર ઘણીવાર સુધી વિચાર કરતો રહ્યો. પછી તેણે પુત્રસ્નેહથી પોતાના જ્ઞાતિબંધુઓને કહ્યું, 'જે પુરુષ મારા પુત્રનું મસ્તક પૃથ્વી પર પાડશે, તેના મસ્તકના પણ અવશ્ય સો ટુકડા થઈ જશે.' આમ કહીને તે જયદ્રથનો રાજ્યાભિષેક કરીને વનમાં ચાલ્યો ગયો અને કઠોર તપ કરવા લાગ્યો. તેથી તમે દિવ્યાસ્ત્રથી આનું મસ્તક કાપીને વૃદ્ધક્ષત્રના ખોળામાં મૂકી દો. જો તમે એને પૃથ્વી પર પાડશો તો અવશ્ય તમારા મસ્તકના પણ સો ટુકડા થઈ જશે.'

શ્રીકૃષ્ણની વાત સાંભળીને અર્જુને વજતુલ્ય બાણ છોડી દીધું. તે સિંધુરાજ જયદ્રથના મસ્તકને કાપીને બાજની જેમ આકાશમાં ઊડ્યું. તે સમયે રાજા વૃદ્ધક્ષત્ર સંધ્યોપાસના કરી રહ્યા હતા. તે બાણે તે મસ્તક તેમના ખોળામાં નાખી દીધું અને તેમને આની ખબર સુધ્ધાં ન પડી. જ્યારે રાજા તપ કરીને ઊઠ્યા, ત્યારે તે મસ્તક તેમના ખોળામાંથી પૃથ્વી પર પડી ગયું અને તે પડતાં જ તેમના મસ્તકના પણ સો ટુકડા થઈ ગયા.

આ પ્રમાણે જ્યારે અર્જુને જયદ્રથને મારી નાખ્યો, ત્યારે શ્રીકૃષ્ણે તે અંધકાર દૂર કરી દીધો. કૌરવપુત્રોને ખબર પડી કે આ બધી તો શ્રીકૃષ્ણની રચેલી માયા જ હતી. જયદ્રથને મરેલો જોઈને કૌરવપુત્રો દુઃખી થઈને આંસુ સારવા લાગ્યા. આ બાજુ જયદ્રથનો વધ થઈ જતાં શ્રીકૃષ્ણ, અર્જુન, ભીમસેન, સાત્યકિ, યુધામન્યુ અને ઉત્તમૌજાએ પોતપોતાના શંખ વગાડ્યા. તે શંખનાદને સાંભળીને ધર્મરાજ યુધિષ્ઠિરને નિશ્ચય થઈ ગયો કે અર્જુને જયદ્રથને મારી નાખ્યો છે. ત્યારે તેમણે વાજિંત્રો વગાડાવીને પોતાના યોદ્ધાઓને દ્રોણાચાર્ય સામે યુદ્ધ કરવા માટે આક્રમણ કર્યું. સૂર્યાસ્ત પછી સોમકોની સાથે આચાર્યનું બહુ રોમાંચકારી યુદ્ધ થવા લાગ્યું. તે બધા દ્રોણના પ્રાણ લેવા થઈને તેમની સાથે લડવા લાગ્યા. આ બાજુ અર્જુન પણ પોતાની પ્રતિજ્ઞા પૂરી કરીને બધી બાજુથી કૌરવયોદ્ધાઓનો સંહાર કરવા લાગ્યો.

સાત્યકિ તથા કર્ણનું યુદ્ધ

જયદ્રથને યુદ્ધમાં અર્જુનના હાથે મરાઈ ગયેલો જોઈને કૃપાચાર્યે ક્રોધે ભરાઈને તેના પર ભારે બાણવર્ષા શરૂ કરી. બીજી બાજુથી અશ્વત્થામાએ પણ આક્રમણ કર્યું. આમ બંને બાજુથી અર્જુન પર તીક્ષ્ણ બાણો વરસવા લાગ્યા. તેનાથી અર્જુનને ભારે વ્યથા થઈ. કૃપાચાર્ય ગુરુ

અને અશ્વત્થામા ગુરુપુત્ર હતા. તેથી તે બંનેના પ્રાણ લેવા અર્જુન ઇચ્છતો ન હતો. તેથી એ ધીરે ધીરે તેમના પર બાણ છોડી રહ્યો હતો. ઘણાં બાણ વાગવાથી તે બંનેને ભારે વેદના થઈ. કૃપાચાર્ય તો રથના પાછળના ભાગમાં બેસી ગયા. તે જોઈને સારથિ તેમને રણભૂમિમાંથી બહાર લઈ ગયો. તેમના હઠી જવાથી અશ્વત્થામા પણ ત્યાંથી ભાગી ગયો.

અર્જુન દુઃખી થઈને બોલ્યો, 'ઇચ્છા ન હોવા છતાં પણ મેં કૃપાચાર્યને બાણોથી બહુ ઘાયલ કરી દીધા. હવે એમને દુઃખી થતાં જોઈને મારા આત્માને ભારે કષ્ટ થઈ રહ્યું છે. પહેલાની વાત છે, એક દિવસ અસ્ત્રવિદ્યાની શિક્ષા આપતાં આચાર્યએ મને કહ્યું હતું કે, 'શિષ્યે ગુરુ પર કોઈ પણ સંજોગોમાં પ્રહાર ન કરવો જોઈએ.' આ આદેશનું મેં યુદ્ધમાં પાલન ન કર્યું. મને ધિક્કાર છે કે એમના પર પણ હું વારંવાર હાથ ઉપાડું છું.'

અર્જુન આ પ્રમાણે દુઃખી થઈ રહ્યો હતો ત્યાં કર્ણ જયદ્રથને મરાઈ ગયેલો જોઈને એના રથ પર ચડી ગયો. આ જોઈને પાંચાલરાજના બંને પુત્રો અને સાત્યકિએ એકાએક કર્ણ પર હુમલો કર્યો. અર્જુને જ્યારે કર્ણને આવતો જોયો ત્યારે શ્રીકૃષ્ણને કહ્યું, 'આ જુઓ, કર્ણ સાત્યકિના રથ તરફ આગળ વધી રહ્યો છે. યુદ્ધમાં સાત્યકિએ જે ભૂરિશ્રવાને મારી નાખ્યો છે, એ તેનાથી સહન નથી થતું. તેથી જ્યાં કર્ણ જઈ રહ્યો છે, ત્યાં આપ પણ ઘોડાઓને હાંકીને લઈ જાઓ.'

અર્જુનના આ પ્રમાણે કહેવાથી શ્રીકૃષ્ણે સમયોચિત વાત કરી, 'કર્ણને માટે એકલો સાત્યકિ પર્યાપ્ત છે. પછી પાંચાલરાજના બે પુત્રો પણ જ્યારે તેની સાથે છે ત્યારે તો કહેવાનું જ શું? અત્યારે કર્ણ સાથે તારું યુદ્ધ થાય એ બરાબર નથી. કેમ કે તેની પાસે ઇન્દ્રની આપેલી શક્તિ છે, તને મારવા માટે જ તેણે સાચવીને રાખી મૂકી છે. તેથી કર્ણને સાત્યકિની પાસે જ જવા દો. હું તે કર્ણના અંતકાળને જાણું છું, સમય આવ્યે કહીશ. ત્યારે તું એને યુદ્ધ કરી પૃથ્વી પર પાડી દેજે.'

સાત્યકિને રથહીન અને કર્ણને તેના પર હુમલો કરતો જોઈને શ્રીકૃષ્ણે પોતાના મહાન શંખ પાંચજન્યને વગાડ્યો. શંખનાદ સાંભળતા જ દારુક ભગવાનનો સંદેશો સમજી ગયો અને રથ તેમની પાસે લઈ આવ્યો. પછી સાત્યકિ શ્રીકૃષ્ણની આજ્ઞાથી તેના પર બેસી ગયો. એ બંને વચ્ચે ઘોર યુદ્ધ થયું. તે બંનેના અદ્‌ભુત પરાક્રમને જોઈને બધા યોદ્ધાઓ

એ યુદ્ધને જોવા લાગ્યા. સાત્યકિએ કર્ણને બહુ ઘાયલ કરી દીધો. થોડી જ વારમાં સાત્યકિએ કર્ણના સંપૂર્ણ શરીરને વીંધી નાખ્યું અને ભલ્લ મારીને તેના સારથિને પણ રથમાંથી નીચે ગબડાવી દીધો. સાત્યકિએ દુર્યોધનની સામે જ કર્ણને રથહીન કરી દીધો. કર્ણ દુર્યોધનના રથ પર જઈને બેસી ગયો. સાત્યકિ કર્ણ તથા દુર્યોધનને મારવામાં સમર્થ હતો છતાં તેણે અર્જુન અને ભીમની પ્રતિજ્ઞાને કારણે તેમના પ્રાણ ન લીધા. માત્ર તેમને ઘાયલ અને વ્યાકુળ કરીને છોડી દીધા. જે સમયે જુગાર રમાયો હતો તે સમયે અર્જુને કર્ણને મારી નાખવાની પ્રતિજ્ઞા કરી હતી. દારુકનો નાનો ભાઈ એક સુંદર રથ સજાવીને સાત્યકિની પાસે લઈ આવ્યો. તેના પર સવાર થઈને સાત્યકિએ ફરી સેના પર આક્રમણ કર્યું. પછી દારુક શ્રીકૃષ્ણની પાસે ચાલ્યો ગયો. આ બાજુ કૌરવો કર્ણના માટે એક રથ લઈ આવ્યા. કર્ણે રથ પર બેસીને શત્રુઓ પર આક્રમણ કર્યું. તે યુદ્ધમાં ભીમે કૌરવોના એકવીસ પુત્રોને મારી નાખ્યા. કૌરવોની અનીતિને કારણે જ આ ભયંકર સંહાર થયો.

દુર્યોધન અને દ્રોણાચાર્યની ક્રોધપૂર્ણ વાતચીત

જયદ્રથના માર્યા જવાથી દુર્યોધન આંસુ વહાવી દુ:ખ વ્યક્ત કરવા લાગ્યો. હવે શત્રુઓ પર વિજય મેળવવાનો તેનો બધો ઉત્સાહ ઓસરી ગયો. અર્જુન, ભીમ અને સાત્યકિએ કૌરવસેનાનો ભારે સંહાર કરી નાખ્યો એ જોઈને દુર્યોધનનો ચહેરો ઉદાસ થઈ ગયો. તે વિચાર કરવા લાગ્યો, 'આ પૃથ્વી પર અર્જુન જેવો કોઈ યોદ્ધા નથી. જ્યારે તે ક્રોધિત થાય છે ત્યારે દ્રોણાચાર્ય, કર્ણ, અશ્વત્થામા અને કૃપાચાર્ય પણ ઊભા રહી શકતા નથી. અમારી આટલી મોટી સેનાને પાંડવોએ નષ્ટ કરી નાખી. જેના ભરોસે અમે યુદ્ધ માટે અસ્ત્ર-શસ્ત્રની તૈયારી કરી જેના પરાક્રમનો આશ્રય લઈને સંધિનો પ્રસ્તાવ કરનારા શ્રીકૃષ્ણને પણ તણખલા જેવા સમજ્યા, તે કર્ણને પણ અર્જુને યુદ્ધમાં પરાસ્ત કરી દીધો.'

દુર્યોધન જ્યારે આ પ્રમાણે વિચારી મનમાં અત્યંત વ્યાકુળ થઈ ગયો, ત્યારે આચાર્ય દ્રોણને મળવા માટે તેમની પાસે ગયો. તેણે કૌરવસેનાના મહાન સંહારના બધા સમાચાર કહ્યા. તેણે એ પણ જણાવ્યું કે શત્રુઓ જીતી રહ્યા છે અને કૌરવો પરાજયના સમુદ્રમાં ડૂબી રહ્યા છે. જે રાજાઓ મારા માટે આ પૃથ્વીને જીતવા ઇચ્છતા હતા, તેઓ સ્વયં આ ભૂમંડળમાં ઐશ્વર્યનો ત્યાગ કરીને પૃથ્વી પર સૂઈ રહ્યા છે. આ પ્રમાણે

સ્વાર્થ માટે મિત્રોનો સંહાર કરીને હવે હું એક હજાર અશ્વમેધ યજ્ઞ કરું તો પણ પોતાને પવિત્ર કરી શકું એમ નથી. અત્યારે તો હું એકમાત્ર કર્ણને જ જોઉં છું, જે સાચા હૃદયથી મારો વિજય ઇચ્છે છે. જયદ્રથ, ભૂરિશ્રવા જેવા રાજાઓ મારા માટે યુદ્ધમાં માર્યા ગયા. તેમના વિના હવે મને જીવવાથી કશો લાભ નથી, તેથી હું પણ ત્યાં જ જાઉં છું, જ્યાં તે બધા શ્રેષ્ઠ પુરુષો ગયા છે. તમે તો માત્ર પાંડવોના આચાર્ય છો, હવે મને જવાની આજ્ઞા આપો.'

દુર્યોધનની કહેલી વાતો સાંભળીને આચાર્ય દ્રોણ મનમાં બહુ દુઃખી થયા. તેઓ થોડી વાર સુધી ચૂપ રહી થોડો વિચાર કરીને બોલ્યા, 'દુર્યોધન! હું તને હંમેશાં કહેતો આવ્યો છું કે અર્જુનને યુદ્ધમાં જીતવો સંભવ નથી. તમે કપટથી તેઓને જુગારમાં હરાવી દીધા અને દ્રૌપદીને ભરી સભામાં અપમાનિત કરી તે પાપનું મહાન ફળ પ્રાપ્ત થયું છે. જો આ ફળ અહીં ન મળ્યું હોત તો પરલોકમાં તારે આનાથી પણ વધારે દંડ ભોગવવો પડત. પાંડવો મારા પુત્ર જેવા છે, તેઓ સદા ધર્મનું આચરણ કરતા રહે છે. પાંડવો અને સૃંજયોની સેનાઓ એકસાથે મળીને મારા પર આક્રમણ કરવા આવી રહી છે. હવે હું પાંચાલ રાજાઓને માર્યા વિના મારું કવચ નહિ ઉતારું. આજે યુદ્ધમાં તે જ કર્મ કરીશ, જેનાથી તારું હિત થાય. મારા પુત્ર અશ્વત્થામાને જઈને કહી દેજે કે તે યુદ્ધમાં પોતાના જીવનની રક્ષા કરતો રહીને ગમે તેમ કરીને પણ સોમકોનો સંહાર કરે, તેમને જીવતા ન છોડે. હવે હું મહાસંગ્રામ માટે શત્રુસેનામાં પ્રવેશ કરું છું. તારામાં શક્તિ હોય તો સેનાની રક્ષા કરજે. કેમ કે ક્રોધિત થયેલા કૌરવો અને સૃંજયોનું આજે રાત્રિના સમયે પણ યુદ્ધ થશે.' એવું કહીને દ્રોણાચાર્ય પાંડવ તથા સૃંજયો સાથે યુદ્ધ કરવા માટે ચાલ્યા ગયા.

આચાર્યની પ્રેરણાથી દુર્યોધને પણ યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. તેણે કર્ણને કહ્યું, 'શ્રીકૃષ્ણની સહાયતાથી દ્રોણાચાર્યનો વ્યૂહ તોડીને બધા યોદ્ધાઓની સામે જ જયદ્રથનો વધ કર્યો છે. મારી મોટા ભાગની સેના અર્જુનના હાથે નષ્ટ થઈ ગઈ, હવે થોડી જ બચી છે. જો આ યુદ્ધમાં આચાર્ય અર્જુનને રોકવાની પૂરી કોશિશ કરી હોત તો લાખ પ્રયત્ન કરવા છતાં પણ તે વ્યૂહને તોડી શક્યા ન હોત. પરંતુ તેઓ દ્રોણના પરમ શિષ્ય છે, તેથી આચાર્યે અર્જુનને વ્યૂહમાં ઘૂસવાનો માર્ગ આપી દીધો. જો તેમણે જયદ્રથને ઘરે જવાની આજ્ઞા આપી દીધી હોત તો આટલો મોટો સંહાર

ન થાત. આજના યુદ્ધમાં ચિત્રસેન વગેરે મારા ભાઈઓ પણ ભીમના હાથે મરાઈ ગયા.'

કર્ણે કહ્યું, 'આચાર્યની નિંદા ન કરો. તેઓ તો પોતાના બળ અને શક્તિથી પ્રાણોની પણ પરવા કર્યા વિના યુદ્ધ કરે જ છે. અર્જુન દ્રોણને ઓળંગીને વ્યૂહમાં ઘૂસી ગયા હતા, તેથી તેમાં તેમનો કોઈ દોષ હું જોતો નથી. આપણે કપટથી પાંડવોને જુગારમાં હરાવ્યા, લાક્ષાગૃહમાં બાળી મૂકવાનું કાવતરું કર્યું, તેમને મારી નાખવા માટે ઝેર આપ્યું અને રાજનીતિનો આશ્રય લઈને તેમને વનમાં પણ મોકલ્યા.'

આ પ્રમાણે કર્ણ અને દુર્યોધન વાતો કરી રહ્યા હતા, એટલામાં રણભૂમિમાં પાંડવોની સેના દેખાઈ. પછી તો કૌરવપુત્રોનું શત્રુઓ સાથે ઘમાસાણ યુદ્ધ શરૂ થઈ ગયું.

યુધિષ્ઠિર દ્વારા દુર્યોધનનો પરાજય

પાંચાલ અને કૌરવ વીરોમાં પરસ્પર યુદ્ધ થવાં લાગ્યું. બધા યોદ્ધાઓ એકબીજાને બાણોથી વીંધીને યમલોક મોકલવા લાગ્યા. થોડી જ વારમાં યુદ્ધે ભયંકર રૂપ ધારણ કર્યું. દુર્યોધન દ્વારા પાંડવસેનાને નષ્ટ થતી જોઈને પાંચાલવીરો ભીમને આગળ કરીને તેના પર તૂટી પડ્યા. કૌરવોએ પાંડવોના સેંકડો યોદ્ધાઓ અને તેમના હાથીઓને મારી નાખ્યા. ત્યારે પાંડવોની સેના રણભૂમિ છોડીને ભાગવા લાગી. એ જોઈને રાજા યુધિષ્ઠિર ક્રોધિત થઈને દુર્યોધનને મારી નાખવાની ઇચ્છાથી તેની સામે આવ્યા. દુર્યોધને બાણોથી ધર્મરાજના સારથિને ઘાયલ કરી નાખ્યો. પછી તો કૌરવસેના અને પાંડવસેનાઓમાં ભારે સંગ્રામ થવા લાગ્યો. રાત્રિકાળના તે ઘોર યુદ્ધમાં પાંડવો અને સૃંજયો ક્રોધિત થઈને એક સાથે આચાર્ય દ્રોણ પર તૂટી પડ્યા, પરંતુ આચાર્યની સામે જે મુખ્ય મહારથી આવ્યા, તેમનામાંથી થોડાકને તો તેમણે યમલોક મોકલી દીધા અને બાકી બધાને ભગાડી દીધા. ધૃષ્ટદ્યુમ્નના પુત્રો તથા કેકય રાજકુમારોને પણ સાયકો વડે ઘાયલ કરીને પરલોક પહોંચાડી દીધા.

આ પ્રમાણે દ્રોણાચાર્યને શત્રુસેનાનો સંહાર કરતા જોઈને રાજા શિબિ અત્યંત ક્રોધિત થઈને તેમનો મુકાબલો કરવા આવી પહોંચ્યા. પાંડવસેનાના મહારથીને આવતો જોઈને દ્રોણે એને બાણ મારીને ઘાયલ કરી દીધા. રાજા શિબિએ પણ તરત બદલો લીધો, તેમણે બાણોથી દ્રોણને ઘાયલ કરીને એક ભલ્લથી તેમના સારથિને પણ મારીને ગબડાવી દીધો.

ત્યારે દ્રોણે શિબિના ઘોડા અને સારથિને મારી નાખ્યો અને રાજા શિબિના મસ્તકને ધડથી અલગ કરી નાખ્યું. દુર્યોધને દ્રોણ માટે બીજો સારથિ મોકલ્યો. તેણે આવીને જ્યારે ઘોડાઓની લગામ હાથમાં લીધી ત્યારે દ્રોણે ફરી શત્રુઓ પર આક્રમણ કર્યું.

આ બાજુ કલિંગરાજનો પુત્ર પોતાની સેના સાથે ભીમ પર તૂટી પડ્યો. ભીમે તેના પિતા કલિંગરાજને મારી નાખ્યો હતો. તેથી ભીમ પર આ રાજકુમારને ભારે ગુસ્સો હતો. તેણે ભીમને બાણોથી ઘાયલ કરી દીધા. ત્યાર બાદ તેના સારથિ વિશોકને પણ બાણ મારી માર્યો. ત્યારે ભીમ ક્રોધિત થઈને તેમના રથ પરથી કૂદીને તેમના રથ પર ચડી ગયા અને કલિંગવીરને જોરથી મુક્કો માર્યો. તેમના મુક્કાના પ્રહારથી તેનાં હાડકાંનો ચૂરો થઈ ગયો. તેની આ દુર્ગતિ કર્ણ તથા તેના ભાઈઓ માટે અસહ્ય બની ગઈ. તેમણે તીક્ષ્ણ બાણોથી ભીમને વીંધવા માંડ્યા. ત્યારે ભીમ તેના રથ પરથી ઊતરીને ધ્રુવના રથ પર ચડી ગયા. ધ્રુવ પણ તેમના પર સતત બાણ છોડી રહ્યો હતો, ભીમે તેને પણ મુક્કાથી મારી નાખ્યો. પછી તો જયદ્રથના રથ પર ચડ્યા અને તેને એક થપ્પડ મારી. એ જ પ્રમાણે કર્ણની સામે જ તેને મારી નાખ્યો. ત્યારે કર્ણ ભીમ પર એક સુવર્ણમયી શક્તિનો પ્રહાર કર્યો, પરંતુ ભીમે હસતાં હસતાં તેને હાથમાં પકડી દીધી અને તે જ શક્તિથી કર્ણ પર વળતો ઘા કર્યો. કર્ણ તરફ આવી રહેલી તે શક્તિને શકુનિએ બાણ વડે કાપી નાખી. આ પ્રમાણે પરાક્રમી ભીમે યુદ્ધમાં પુરુષાર્થ કરીને પોતાના રથ પર બેસીને કૌરવસેના પર આક્રમણ કર્યું. ક્રોધે ભરાયેલા ભીમને આવતા જોઈને કૌરવપુત્રોએ બાણ મારીને એને આગળ વધતાં રોકી લીધા અને બાણવર્ષાથી ઢાંકી દીધા. એ જોઈને ભીમે દુર્મદના સારથિ અને ઘોડાઓને યમલોક મોકલી દીધા. તે સમયે કૌરવસેનામાં હાહાકાર મચી ગયો. ભીમને જોઈને રાજાઓ કહેતા કે, 'આ ભીમ નથી, ભીમના રૂપમાં સાક્ષાત ભગવાન રુદ્ર છે, જે કૌરવો સાથે યુદ્ધ કરી રહ્યા છે.' આમ કહીને બધા રાજાઓ નાસવા લાગ્યા.

આમ ભીમે કૌરવસેનાનો મોટા પ્રમાણમાં સંહાર કર્યો. આથી નકુલ, સહદેવ, દ્રુપદ, વિરાટ, કેકય અને રાજા યુધિષ્ઠિર ભીમની પ્રશંસા કરવા લાગ્યા.

સૂર્યાસ્ત થતાં બંને સેના પોતપોતાની છાવણીમાં ચાલી ગઈ.

યુદ્ધનો પંદરમો દિવસ
ઘટોત્કચ અને અશ્વત્થામાનું યુદ્ધ

રાજા સોમદત્ત સાત્યકિ પર ભારે ક્રોધિત હતા, કેમ કે તેમના પુત્ર ભૂરિશ્રવાને જ્યારે તે અનશન વ્રતમાં હતા ત્યારે મારી નાખ્યો હતો. તેથી રાજા સોમદત્તે બાણ મારીને સાત્યકિને વીંધી નાખ્યો. પછી સાત્યકિએ પણ એમને બાણ મારીને ઘાયલ કર્યા. તેના પ્રહારથી સોમદત્ત ઘાયલ થઈ ગયા અને રથની બેઠક પર મૂર્છિત થઈને પડી ગયા. આ જોઈને તેમનો સારથિ તેમને રણભૂમિથી દૂર લઈ ગયો. ત્યારે સાત્યકિનો વધ કરવાની ઇચ્છાથી આચાર્ય દ્રોણ તેની તરફ આવ્યા. તેમને આવતા જોઈને યુધિષ્ઠિર વગેરે વીરો સાત્યકિની રક્ષા માટે તેને ઘેરીને ઊભા રહી ગયા. ત્યાર બાદ દ્રોણનું પાંડવો સાથે યુદ્ધ શરૂ થયું. જે સૈનિક આચાર્યની સામે આવી જતો તેનું મસ્તક કાપીને બાણ પૃથ્વીમાં સમાઈ જતાં હતાં. આ પ્રમાણે દ્રોણના બાણોથી ઘવાયેલી પાંડવસેના અર્જુનની સામે જ ભયભીત થઈને ભાગી ગઈ.

આ જોઈને અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, 'હવે આપ આચાર્યના રથ બાજુ ચાલો.' ત્યારે શ્રીકૃષ્ણે ઘોડા દ્રોણના રથ તરફ હાંક્યા. ભીમે પણ તેના સારથિ વિશોકને આજ્ઞા આપી કે, 'મને દ્રોણના રથ પાસે લઈ જાઓ.' તેમની આજ્ઞા મળતાં વિશોકે પણ અર્જુનની પાછળ પોતાનો રથ પણ હાંક્યો. તે બંને ભાઈઓને તૈયાર થઈને દ્રોણની સેના તરફ આવતા જોઈને પાંચાલ, સૃંજય, મત્સ્ય, ચેદિ, કેકય અને કોશલ મહારથીઓએ તેમને સાથ આપ્યો. ત્યાર પછી યુદ્ધ શરૂ થઈ ગયું. અર્જુન અને ભીમે પોતાની સાથે રથીઓની મોટી સેના લઈને કૌરવસેના તરફ આવી ગયા. તે બંને વીરોને ત્યાં ઉપસ્થિત જોઈને સાત્યકિ અને ધૃષ્ટદ્યુમ્ન પણ આવી ગયા. સાત્યકિને આવતો જોઈને તેને મારી નાખવાના નિશ્ચયથી અશ્વત્થામાએ તેના પર હુમલો કર્યો. આ જોઈને ભીમના પુત્ર ઘટોત્કચે ક્રોધિત થઈને પોતાના શત્રુને રોક્યો. ઘટોત્કચ રથમાં બેસીને અશ્વત્થામા તરફ ચાલ્યો. રાક્ષસસેના તેને ચારે બાજુથી ઘેરીને ચાલી રહી હતી. ઘટોત્કચને હાથમાં ધનુષ્ય લઈને આવતો જોઈને દુર્યોધનની સેનામાં લોકો ભયભીત થઈ ગયા. પછી તો ચારે બાજુથી પથ્થરોની વર્ષા શરૂ થઈ ગઈ. રાત્રિનો સમય હોવાથી રાક્ષસોનું બળ વિશેષ હતું. ઘમાસાણ યુદ્ધ થઈ રહ્યું હતું. તેને જોઈને કૌરવપક્ષના રાજાઓ, કૌરવપુત્રો તથા કર્ણને પર ભારે કષ્ટ થયું અને તેઓ ભાગવા લાગ્યા. તે સમયે વીર અશ્વત્થામા

જ વિચલિત ન થતાં પોતાની જગાએ ઊભો રહ્યો. તેણે ઘટોત્કચની રચેલી માયાને પોતાના બાણોથી નષ્ટ કરી દીધી.

માયાનો નાશ થતાં ઘટોત્કચના ક્રોધની સીમા ન રહી. આ રીતે અશ્વત્થામા અને ઘટોત્કચ વચ્ચે ઘોર યુદ્ધ થવા લાગ્યું. એટલા ઘટોત્કચનો પુત્ર અંજનપર્વા ત્યાં આવી પહોંચ્યો. તેણે અશ્વત્થામાને રોકી દીધો. અશ્વત્થામાએ બાણથી રથના બે સારથિ અને ઘોડાને મારી નાખ્યા. ત્યારે અંજનપર્વાએ ઘુમાવી એક ગદા ફેંકી, પરંતુ તેને પણ પોતાના બાણોથી પાડી દીધી. પછી તો તે મેઘની જેમ ગર્જના કરતો રહીને કૂદીને આકાશમાં ચાલ્યો ગયો અને આકાશમાંથી વૃક્ષોનો વરસાદ કરવા લાગ્યો. ત્યારે તે નીચે ઊતરીને બીજા રથ પર જઈને બેસી ગયો. એ જ સમયે અશ્વત્થામાએ અંજનપર્વાને મારી નાખ્યો.

પોતાના પુત્રને અશ્વત્થામાના હાથે મરાયેલો જોઈને ઘટોત્કચ ક્રોધિત થઈને અશ્વત્થામાની પાસે જઈને બોલ્યો, 'હું તે પાંડવોનો પુત્ર છું, જે યુદ્ધમાં ક્યારેય પાછી પાની કરતા નથી. હું રાક્ષસોનો રાજા છું. તું આ રણભૂમિમાં ઊભો તો રહે, જીવતો નહિ જઈ શકે. આજે હું તારી યુદ્ધ કરવાની હોંશ મિટાવી દઈશ.' આમ કહીને ઘટોત્કચ અશ્વત્થામા તરફ ઝપટ્યો અને બાણ વરસાવવા લાગ્યો. પરંતુ ઘટોત્કચના બાણ તેની નજીક આવે તે પહેલાં જ અશ્વત્થામા તેમને કાપી નાખતો હતો. જ્યારે બંને બાજુથી બાણ ટકરાતાં ત્યારે તેમાંથી ઝરતા તણખા આકાશમાં આગિયા જેવા લાગતા હતા.

અશ્વત્થામા દ્વારા પોતાની માયાને નષ્ટ થયેલી જોઈને તે ફરીથી આકાશમાં છુપાઈ ગયો અને બીજી માયા રચવા લાગ્યો. તે એક ઊંચો પર્વત થઈ ગયો, તેનાં વૃક્ષોથી ભરપૂર અનેક શિખર હતાં. અશ્વત્થામાએ માયામય પર્વત પર વજ્રાસ્ત્રનો પ્રહાર કર્યો. તેનો સ્પર્શ થતાં જ તે માયાનો પર્વત એકાએક અદૃશ્ય થઈ ગયો. ત્યારબાદ તેણે કાળા મેઘનું રૂપ લઈને પથ્થરોની વર્ષા કરીને અશ્વત્થામાને ઢાંકી દીધો. તેણે પોતાના ધનુષ્ય પર વાયવ્યાસ્ત્રનું સંધાન કર્યું અને તેનાથી કાળી ઘટાને પણ નષ્ટ કરી નાખી. પછી તેણે બાણવૃષ્ટિથી સંપૂર્ણ દિશાઓને આચ્છાદિત કરીને પાંડવોના એક લાખ રથીઓને સાફ કરી નાખ્યા.

ત્યારબાદ ઘટોત્કચે અશ્વત્થામાની છાતીમાં બાણ માર્યા. તેનાથી ઘવાઈને અશ્વત્થામા ધ્રૂજી ઊઠ્યો. એટલામાં ઘટોત્કચે આંજલિક નામનું બાણ મારીને તેના ધનુષ્યને પણ કાપી નાખ્યું. ઘટોત્કચે રાક્ષસોની સેનાને

આજ્ઞા આપી કે, 'આ દ્રોણપુત્રને મારી નાખો.' આજ્ઞા મળતાં જ તે ભયંકર રાક્ષસો અનેક શસ્ત્રો લઈને અશ્વત્થામાને મારવા માટે દોડ્યા. પછી અશ્વત્થામાએ પોતાના તીક્ષ્ણ બાણોને દિવ્ય મંત્રોથી અભિમંત્રિત કરીને રાક્ષસોની સેનાનો સંહાર કરવાનો આરંભ કર્યો. અશ્વત્થામાના પ્રહારથી તે બધા ક્રોધિત થઈને તેના પર તૂટી પડ્યા. તે સમયે અશ્વત્થામાએ ઘટોત્કચની સામે જ બાણોથી તેની સેનાને ભસ્મ કરી નાખી. આ પ્રમાણે તેમની વચ્ચે અત્યંત ઉગ્ર યુદ્ધ ચાલી રહ્યું હતું. તે સમયે અશ્વત્થામાએ એક અદ્‌ભુત પરાક્રમ દેખાડ્યું, જે બીજા કોઈના માટે અસંભવ હતું. તેણે પળભરમાં ઘોડા, સારથિ, રથ અને હાથીઓ સહિત રાક્ષસોની સેનાને નષ્ટ કરી નાખી. શ્રીકૃષ્ણ અને અર્જુન પણ જોતાં જ રહી ગયા. તેણે પોતાના નારાચોથી પાંડવોને વીંધીને દ્રુપદકુમાર સુરથને મારી નાખ્યો. પછી દ્રુપદના નાના ભાઈ શત્રંજયને પણ મારી નાખ્યો. ત્યાર પછી બલાનીક, જયાનીક અને જયાશ્વના પણ પ્રાણ લઈ લીધા. ત્યાર પછી કુન્તિભોજના દસ પુત્રોને યમલોક મોકલી દીધા. ત્યાર પછી તેણે યમદંડ જેવું ભયંકર બાણ ધનુષ્ય પર ચડાવ્યું અને ઘટોત્કચની છાતીમાં માર્યું. તે બાણ તેની છાતીને ચીરીને પૃથ્વીમાં સમાઈ ગયું અને તે મૂર્છિત થઈને પૃથ્વી પર પડી ગયો. તેને પડેલો જોઈને ધૃષ્ટદ્યુમ્ને અશ્વત્થામા પાસેથી પોતાનો રથ દૂર હઠાવી લીધો. અશ્વત્થામા પાંડવસેનાને પરાસ્ત કરીને સિંહનાદ કરવા લાગ્યો. એ જોઈને યુધિષ્ઠિર, ભીમ, ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિ વગેરે ફરી યુદ્ધમાં સક્રિય થયા.

યુધિષ્ઠિરનું પરાક્રમ

સંગ્રામમાં સાત્યકિ પર દૃષ્ટિ પડતાં જ સોમદત્ત ફરીથી તેના પર બાણવર્ષા કરવા લાગ્યા. પછી બંને પક્ષે ભયંકર યુદ્ધ થવા લાગ્યું. સોમદત્તને નજીક આવેલા જોઈને સાત્યકિની રક્ષા માટે ભીમે તેમને બાણ મારી ઘાયલ કરી દીધા. ત્યાર પછી ભીમ સાત્યકિનો પક્ષ લઈને સોમદત્તના મસ્તક પર એક ભયંકર પરિઘનો પ્રહાર કર્યો અને સાત્યકિએ પણ અગ્નિ જેવું તેજસ્વી બાણ તેમની છાતી પર માર્યું. પરિઘ અને બાણ સોમદત્તને એકસાથે વાગવાથી તેઓ મૂર્છિત થઈને પડી ગયા.

પુત્રના મૂર્છિત થઈ જવાથી બાહ્લીકે હુમલો કર્યો. તેઓ મેઘની જેમ બાણો વરસાવા લાગ્યા. ભીમે સાત્યકિનો પક્ષ લઈને બાહ્લીકને વીંધી નાખ્યા. ત્યારે તેમને ક્રોધિત થઈને ભીમની છાતી પર શક્તિ

છોડી. શક્તિના પ્રહારથી ભીમ મૂર્છિત થઈ ગયા. પછી થોડી જ વારમાં હોશમાં આવીને તેમના પર ગદા ફેંકી. તેના પ્રહારથી બાહ્લીકનું મસ્તક ધડથી અલગ થઈ ગયું અને તેઓ વજ્રના પ્રહારથી પર્વતની જેમ પૃથ્વી પર પડી ગયા.

બાહ્લીકના માર્યા જવાથી કૌરવપુત્રો પોતાના બાણથી ભીમને પીડવા લાગ્યા.

તેમને જોતાં જ ભીમ ક્રોધથી બળી ઊઠ્યા અને બાણ મારવા લાગ્યા. તેમના કઠોર પ્રહારથી કૌરવપુત્રો પ્રાણહીન થઈને રથમાંથી પડી ગયા. ત્યારપછી ભીમે મહારથી શતચન્દ્રને પણ મોતને ઘાટ ઉતારી દીધો. તેમને મરાયેલા જોઈને શકુનિના પાંચ ભાઈઓ દોડતા આવીને ભીમ પર બાણવૃષ્ટિ કરવા લાગ્યા. તેનાથી વ્યથિત થઈને ભીમે બાણો મારી તે પાંચેયને મારી નાખ્યા. તે વીરોને મૃત્યુનાં મુખમાં પડેલાં જોઈને કૌરવપક્ષના રાજાઓ વિચલિત થઈ ગયા. એક બાજુ યુધિષ્ઠિરે પણ કૌરવસેનાનો સંહાર કરવાનો આરંભ કર્યો. તેમને કોપાયમાન થઈને અમ્બષ્ઠ, માલવ અને ત્રિગર્તને યમલોક મોકલી દીધા. ત્યારે દુર્યોધને આચાર્ય દ્રોણને યુધિષ્ઠિર તરફ મોકલ્યા. આચાર્યે ક્રોધપૂર્વક વાયવ્યાસ્ત્રનો પ્રયોગ કર્યો, પરંતુ ધર્મરાજે તેને તેવા જ દિવ્ય અસ્ત્રથી કાપી નાખ્યું. ત્યારે દ્રોણના ક્રોધની સીમા ન રહી. તે જ સમયે અર્જુન અને ભીમ રથીઓની સેના લઈને દ્રોણની પાસે આવી ગયા અને તેમની ચારે બાજુથી ઘેરી લીધા. તે બંને તેમના પર બાણવર્ષા કરવા લાગ્યા. અર્જુને કૌરવસેનાનો સંહાર કરવા માંડ્યો. એક બાજુ ઘોર અંધકારને કારણે કશું સૂઝતું ન હતું. તે સમયે આચાર્ય દ્રોણે અને કૌરવપુત્રોએ પાંડવ યોદ્ધાઓને રોકવાની ઘણી કોશિષ કરી, પરંતુ તેઓ સફળ ન થયા.

કર્ણ તથા કૃપાચાર્ય વચ્ચે વિવાદ

ત્યારે દુર્યોધને કર્ણને કહ્યું, 'હવે તમે જ યુદ્ધમાં મહારથીઓની રક્ષા કરો.'

કર્ણ બોલ્યો, 'ધીરજ રાખો. હું તમારી સામે સત્ય પ્રતિજ્ઞા કરું છું કે આજે યુદ્ધમાં જો ઇન્દ્ર પણ રક્ષા કરવા માટે આવશે તો હું તેમને પણ હરાવીને અર્જુનને મારી નાખીશ. હું એકલો જ પાંડવો અને પાંચાલોનો નાશ કરીશ. તેમના મરાઈ જવાથી ચારે ભાઈઓ તમને અધીન થઈ જશે.'

જ્યારે કર્ણ આ પ્રમાણે કહી રહ્યો હતો તે સમયે કૃપાચાર્યએ કહ્યું, 'કર્ણ! તમે બહુ બહાદુર છો. જો માત્ર વાતો કરવાથી જ કામ થઈ જતું હોય ત્યારે તો તમને મેળવીને કુરુરાજ સનાથ થઈ ગયા! તમે એમની આગળ બહુ મોટી મોટી વાત કરો છો, પરંતુ ન ક્યારેય તમારું પરાક્રમ જોવા મળે છે અને ન કોઈ ફળ પણ મળતું દેખાય છે. સંગ્રામમાં પાંડવો સાથે તમારો અનેકવાર મુકાબલો થયો છે પરંતુ બધે તમારી હાર જ થઈ છે. જ્યારે ગંધર્વો દુર્યોધનને પકડીને લઈને જઈ રહ્યા હતા, તે સમયે સઘળી સેના તો યુદ્ધ કરી રહી હતી અને એકલા તમે જ બધાથી પહેલાં ભાગ્યા હતા. જ્યાં સુધી અર્જુનના બાણો તમને વાગ્યાં નથી ત્યાં સુધી જ તમે ગરજી રહ્યા છો. જ્યારે તેમના બાણોથી ઘાયલ થશો ત્યારે તમારી બધી ગર્જના ભુલાઈ જશે.'

કૃપાચાર્યની વાત સાંભળીને કર્ણે ગુસ્સે થઈને કહ્યું, 'જો હું ગરજું છું તો એમાં તમારું શું નુકસાન થાય છે? જોઈ લેજો, મારી ગર્જનાનું ફળ જ્યારે હું કૃષ્ણ અને સાત્યકિની સાથે સંપૂર્ણ પાંડવોનો વધ કરીને પૃથ્વીનું રાજ્ય દુર્યોધનને આપી દઈશ.'

કૃપાચાર્ય બોલ્યા, 'જેમનાં બળની કોઈ સીમા નથી તે ભગવાન શ્રીકૃષ્ણ પણ જેમના માટે કવચ ધારણ કરીને તૈયાર છે, તેવા શત્રુઓને જીતવાનું સાહસ તમે કઈ રીતે કરી શકો છો?'

આ સાંભળીને કર્ણે હસીને કહ્યું, 'તમે પાંડવોને માટે જે કાંઈ કહ્યું છે, તે બધું સાચું છે. હું પાંડવો પર વિજય પ્રાપ્ત કરીશ. મને ઈન્દ્રે એક અમોઘ શક્તિ આપી છે, તેના વડે હું યુદ્ધમાં અર્જુનને મારી નાખીશ. તેમના મર્યા પછી તેમના ભાઈઓ કોઈ રીતે પૃથ્વીનું રાજ્ય ભોગવી શકશે નહિ. એ બધાનો નાશ થઈ જતાં આ સમુદ્ર સુધીની સંપૂર્ણ પૃથ્વી દુર્યોધનને અધીન થઈ જશે. જો મારા માટે ફરીથી કોઈ અપ્રિય વાત કહેશો તો તલવારથી તમારી જીભ કાપી લઈશ.'

કર્ણે પોતાના મામાને કઠોર શબ્દ કહ્યા તે સાંભળીને અશ્વત્થામા હાથમાં તલવાર લઈને વેગથી કર્ણ તરફ ઝપટ્યો. દુર્યોધનની નજર સમક્ષ તે કર્ણ પાસે આવી પહોંચ્યો અને અત્યંત ક્રોધથી બોલ્યો, 'મારા મામા શૂરવીર છે અને તેઓ અર્જુનના ગુણોની પ્રશંસા કરી રહ્યા છે, તો પણ તું અર્જુન સાથે દ્વેષ હોવાને કારણે એમનો તિરસ્કાર કરી રહ્યો છે! શ્રીકૃષ્ણની સાથે રહેલાં અર્જુનને ઈન્દ્રાદિ દેવતાઓ અને અસુરો પણ હરાવી શકતા નથી, પછી તું કઈ રીતે જીતી શકે છે? હમણાં જ તારું માથું

ધડથી અલગ કરું છું.' આમ કહીને તે કર્ણ તરફ ગયો, પરંતુ દુર્યોધન અને કૃપાચાર્યે તેને પકડીને રોકી લીધો.

કર્ણ કહેવા લાગ્યો, 'તમે રોકો નહિ, છોડી દો, જરા આને પણ મારા પરાક્રમની મજા ચખાડી દઉં.'

અશ્વત્થામાએ કહ્યું, 'તારો આ અપરાધ અમે સહી લઈએ છીએ, પરંતુ અર્જુન તારા આ અભિમાનનો અવશ્ય નાશ કરશે.'

દુર્યોધન બોલ્યો, 'અશ્વત્થામા! શાંત થઈ જાઓ. તમે તો બીજાનું સન્માન કરનારા છો, આ અપરાધને ક્ષમા કરો. તમારે કર્ણ પર ક્રોધ ન કરવો જોઈએ.'

આ પ્રમાણે દુર્યોધનના મનાવવાથી અશ્વત્થામાનો ક્રોધ શાંત થઈ ગયો.

કૃપાચાર્ય બોલ્યા, 'અમે તો તારા અપરાધને ક્ષમા કરી દઈએ છીએ, પરંતુ તારા ઘમંડનો અર્જુન અવશ્ય નાશ કરશે.'

અર્જુન દ્વારા કર્ણનો પરાજય

ત્યાર પછી પાંડવો અને પાંચાલવીરો કર્ણની નિંદા કરતા રહીને ચારે બાજુથી એક સાથે ત્યાં આવી પહોંચ્યા. જ્યારે કર્ણ પર તેમની દૃષ્ટિ પડી ત્યારે તે બોલ્યા, 'આ પાંડવોનો કટ્ટર દુશ્મન છે, તે નિત્ય પાપી છે. મારી નાખો આને.' આવું કહીને બધા ક્ષત્રિય વીરો કર્ણનો વધ કરવા માટે તેના ઉપર તૂટી પડ્યા અને ભારે બાણવર્ષા કરવા લાગ્યા. તે બધા મહારથીઓને પોતાના ઉપર હુમલો કરતા જોઈને કર્ણે સાયકોના પ્રહાર વડે પાંડવોને આગળ વધતા અટકાવી દીધા. કર્ણનાં સાયકોથી ઘવાઈને હાથી, ઘોડા અને રથીઓ મરી રહ્યા હતા.

કર્ણની તે સ્ફૂર્તિને અર્જુન સહી ન શક્યો. તેમણે કર્ણ પર બાણો છોડ્યા. તે બંને એકબીજા પર સાયકોની વૃષ્ટિ કરવા લાગ્યા. એટલામાં અર્જુને કર્ણનું પરાક્રમ જોઈને ઝડપથી તેના ધનુષ્યને વચ્ચેથી જ કાપી નાખ્યું. ત્યાર પછી બાણથી તેનું શરીર વીંધી નાખ્યું. તે બાણોથી કર્ણને અત્યંત પીડા થઈ. તે પોતાના ઘોડા વિનાના રથ પરથી કૂદીને કૃપાચાર્યના રથ પર ચડી ગયો. તે સમયે તેન શરીરમાં બધી જગાએ બાણ ઘૂસેલાં હતાં. કર્ણને પરાસ્ત થયેલા જોઈને કૌરવયોદ્ધાઓ ધનંજયના બાણોથી ઘવાઈને બધી દિશાઓમાં ભાગી ગયા.

તેમને ભાગતા જોઈને દુર્યોધન સાંત્વના આપીને તેમને પાછા

વાળવા લાગ્યો. તેણે કહ્યું, 'તમારા માટે ભાગી જવું એ શોભાસ્પદ નથી. હું પોતે અર્જુનનો વધ કરવા જઈ રહ્યો છું. પાંચાલો અને સોમકોની સાથે હું પોતે અર્જુનને મારીશ.' આમ કહીને દુર્યોધન વિશાળ સેના સાથે અર્જુન તરફ ગયો.

એ જોઈને કૃપાચાર્યએ અશ્વત્થામા પાસે આવીને કહ્યું, 'આજે દુર્યોધન ક્રોધમાં પોતાની વિચારશક્તિ ગુમાવી બેઠો છે. આપણી સામે જ તે અર્જુન સાથે લડીને પોતાના પ્રાણ ગુમાવી દેશે, એના પહેલાં તું જઈને તેને રોકી લે.'

આ પ્રમાણે કહેવાથી અશ્વત્થામા દુર્યોધન પાસે જઈને બોલ્યો, 'તમે અર્જુનને જીતવાના વિષયમાં સંદેહ ન કરો. ચૂપચાપ ઊભા રહો, હું જઈને અર્જુનને રોકું છું.'

દુર્યોધન બોલ્યો, 'ઇન્દ્ર સહિત દેવતાઓ પણ તમારાં બાણોનો પ્રહાર સહી શકે એમ નથી, પછી પાંડવો અને પાંચાલોની તો વાત જ શી છે? જુઓ, આ મારી સેના અર્જુનના બાણોથી પીડિત થઈને ભાગી રહી છે, તેથી તરત જ પાછી વાળો. વિલંબ ન થવો જોઈએ.'

દુર્યોધનના આ પ્રમાણે કહેવાથી અશ્વત્થામાએ ઉત્તર આપ્યો, 'હું તો હવે જાઉં છું, તમારા હિત માટે જીવનનો લોભ છોડીને પ્રયત્નપર્વક શત્રુઓ સાથે હું યુદ્ધ કરતો રહીશ અને તેમના મુખ્ય વીરોને વીણી વીણીને મારીશ. તેમને મરેલા જોઈને જે લોકો મારી સાથે લડવા આવશે, તેમને પણ યમલોક મોકલી આપીશ, તેઓ બચીને જઈ શકશે નહિ.'

આ પ્રમાણે દુર્યોધનને કહીને અશ્વત્થામા ધનુર્ધારીઓને ભગાડતો રહીને યુદ્ધ કરવા માટે શત્રુઓની સામે જઈને ખડો રહ્યો. તે સમયે રણભૂમિમાં ઊભા રહેલા હજારો યોદ્ધાઓ ધૃષ્ટદ્યુમ્ન અને અશ્વત્થામાના યુદ્ધકૌશલને બિરદાવી રહ્યા હતા. તે યુદ્ધમાં અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નનું ધનુષ્ય, ધજા તથા છત્ર કાપી નાખ્યા તથા સારથિ તથા ચારે ઘોડાને પણ મારી નાખ્યા. તેના આ પરાક્રમને જોઈને પાંડવસેના વ્યથિત થઈ ગઈ. આ પ્રમાણે મહારથી અશ્વત્થામા સંગ્રામમાં શત્રુઓને જીતીને જોરથી ગર્જના કરવા લાગ્યો. તે વખતે કૌરવોએ તેની ખૂબ પ્રશંસા કરી.

સોમદત્તનો વધ

ત્યારપછી યુધિષ્ઠિર અને ભીમે અશ્વત્થામાને ઘેરી લીધો. એટલામાં દુર્યોધન દ્રોણાચાર્ય સાથે પાંડવો પર ચડી આવ્યો, પછી તેમની વચ્ચે

ભયંકર યુદ્ધ થવા લાગ્યું. કૌરવસેના પર અર્જુનના પ્રહારો થવા લાગ્યા. તેથી કૌરવસેનાનો ભયંકર સંહાર થઈ રહ્યો હતો. ઘણા રાજાઓ પોતાનાં વાહનો ત્યાં જ મૂકીને આમ-તેમ ભાગી ગયા.

બીજી બાજુ સાત્યકિએ જોયું કે સોમદત્ત પોતાના ધનુષ્યનો ટંકાર કરી રહ્યા છે ત્યારે તેણે સારથિને કહ્યું, 'મને સોમદત્તની સામે લઈ ચાલો. મારા બળવાન શત્રુને માર્યા વિના હવે હું યુદ્ધમાંથી પાછો નહિ ફરું.'

આ સાંભળીને સારથિએ ઘોડા આગળ વધાર્યા. તેને આવતો જોઈને સોમદત્ત પણ તેનો સામનો કરવા આગળ વધ્યા. તેમણે સાત્યકિની છાતીમાં બાણ મારીને તેને ઘાયલ કરી દીધો. બંનેય બંનેનાં બાણોથી લોહીલુહાણ થઈ ગયા. ત્યારે સાત્યકિ તરફથી ભીમે સોમદત્ત પર બાણોનો પ્રહાર કરી તેમને ઘાયલ કરી દીધા. સાત્યકિએ બાણ મારીને તેમના ચારે ઘોડા મારી નાખ્યા. પછી એક ભલ્લથી સારથિનું મસ્તક ધડથી અલગ કરી દીધું. સાત્યકિએ અગ્નિ જેવું એક ભયંકર બાણ છોડ્યું, તે સોમદત્તની છાતીમાં ઘૂસી ગયું અને તેઓ રથમાંથી પડીને મૃત્યુ પામ્યા.

સોમદત્તને માર્યા ગયેલા જોઈને કૌરવ મહારથીઓ બાણોની ઝડી વરસાવતા રહીને સાત્યકિ પર તૂટી પડ્યા. આ જોઈને રાજા યુધિષ્ઠિર તથા અન્ય પાંડવ વીરોની સાથે સેના લઈને દ્રોણાચાર્યની સેના તરફ આવ્યા. આચાર્યે યુધિષ્ઠિરની ધજા અને ધનુષ્ય કાપી નાખ્યા. યુધિષ્ઠિરે બીજા ધનુષ્યથી ઘોડા, સારથિ, ધજા તથા રથસહિત આચાર્ય દ્રોણ પર એક હજાર બાણ વરસાવ્યાં. તેમનાં બાણો પ્રહારથી પીડિત અને વ્યથિત થઈને દ્રોણાચાર્ય રથ પર મૂર્છિત થઈને પડી રહ્યા, પછી જ્યારે હોશમાં આવ્યા ત્યારે ક્રોધિત થઈને તેમણે યુધિષ્ઠિર પર વાયવ્યાસ્ત્રનો પ્રયોગ કર્યો. પરંતુ તેનાથી યુધિષ્ઠિર વિચલિત થયા નહિ. તેમણે પોતાનાં અસ્ત્રથી આચાર્યના અસ્ત્રને શાંત કરી દીધું.

આ દરમિયાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું, 'હું તમને જે કહું છું, તે સાંભળો. દ્રોણાચાર્ય સાથે યુદ્ધ ન કરો. તેઓ યુદ્ધમાં હંમેશા તમને પકડવાનો પ્રયત્ન કરે છે, તેથી તેમની સાથે તમારું યુદ્ધ થાય તેને હું યોગ્ય સમજતો નથી. જે તેમનો વધ કરવા માટે જ ઉત્પન્ન થયો છે, તે ધૃષ્ટદ્યુમ્ન જ તેમનો વધ કરશે. તમે દ્રોણાચાર્ય સાથે યુદ્ધ કરવાનું છોડીને જ્યાં દુર્યોધન છે, ત્યાં જાઓ.'

આ વાત સાંભળીને ધર્મરાજે થોડીવાર સુધી મનોમન વિચાર કરીને

તેઓ જ્યાં ભીમ હતા ત્યાં ચાલ્યા ગયા. અહીં દ્રોણ તે રાત્રે પાંડવો અને પાંચાલોનો સંહાર કરવા લાગ્યા.

કૃતવર્માનું પરાક્રમ અને સાત્યકિ દ્વારા ભૂરિશ્રવાનો વધ

તે રાતે દુર્યોધને આચાર્ય દ્રોણની સલાહ લઈને પોતાના ભાઈઓને કહ્યું, 'તમે બધા લોકો પૂરી સાવધાની સાથે પરાક્રમ કરતા રહીને પાછળ રહીને આચાર્ય દ્રોણની રક્ષા કરો.' પાંડવોની સેનામાં ધૃષ્ટદ્યુમ્ન સિવાય બીજો કોઈ યોદ્ધો મને એવો દેખાતો નથી, જે દ્રોણ સાથે ટક્કર લઈ શકે. તેથી અત્યારે તેમની રક્ષા આપણા માટે સર્વોપરી કાર્ય છે. તેઓ સુરક્ષિત રહેશે તો પાંડવો, સૃંજયો અને સોમકોનો નાશ કરશે, પછી અશ્વત્થામા ધૃષ્ટદ્યુમ્નને અને કર્ણ અર્જુનને પરાસ્ત કરશે. એમના મર્યા પછી બાકીના પાંડવો તેજહીન થઈ જશે. આ પ્રમાણે મારા વિજયની સંભાવના સ્પષ્ટ દેખાઈ રહી છે.'

આમ કહીને દુર્યોધને સેનાને યુદ્ધ કરવાની આજ્ઞા આપી. પછી વિજય પ્રાપ્ત કરવાની ઇચ્છાથી બંને સેનાઓમાં ઘોર સંગ્રામ થવા લાગ્યો. તે સમયે અર્જુન કૌરવસેનાને અને કૌરવો અર્જુનને અનેક પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્રોથી વ્યથિત કરવા લાગ્યા. ત્યાં રાજા યુધિષ્ઠિરે પાંડવો, પાંચાલો અને સોમકોને આજ્ઞા આપી કે, 'તમે બધા દ્રોણનો વધ કરવા માટે તેમના ઉપર એક સાથે તૂટી પડો.' રાજાની આજ્ઞા મળતાં તેઓ દ્રોણ પર ચડી આવ્યા. તે સમયે કૃતવર્માએ યુધિષ્ઠિરને અને ભૂરિએ સાત્યકિને રોક્યા. આચાર્ય દ્રોણે શત્રુસેનાનો સંહાર કરવાનો પ્રારંભ કર્યો, પરંતુ ધૃષ્ટદ્યુમ્ને ત્યાં પહોંચીને દ્રોણના કાર્યમાં અવરોધ ઊભો કર્યો તથા પાંડવપક્ષના બીજા મહારથીઓ લડવા માટે આવ્યા. ભૂરિએ મહારથી સાત્યકિનો સામનો કર્યો. તેથી સાત્યકિએ ક્રોધિત થઈને તીક્ષ્ણ બાણોથી તેની છાતીમાં પ્રહાર કર્યો, તેનાથી તેની છાતીમાંથી લોહીની ધારા વહેવા લાગી. ત્યારે ભૂરિએ ધનુષ્ય લઈને તરત તેનો બદલો લીધો. તેણે બાણોથી સાત્યકિને ઘાયલ કરી દીધો. તેણે પ્રચંડ વેગવાળી શક્તિ દ્વારા ભૂરિની છાતીમાં પ્રહાર કર્યો. તે શક્તિએ તેનાં અંગોને ચીરી નાખ્યાં અને તે પ્રાણહીન થઈને રથમાંથી પડી ગયો.

તેને મરાઈ ગયેલો જોઈને અશ્વત્થામાએ સાત્યકિ પર હુમલો કર્યો અને તેના પર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. એ જોઈને ઘટોત્કચ ઘોર ગર્જના કરતો રહીને અશ્વત્થામા પર તૂટી પડ્યો. અશ્વત્થામાએ

દિવ્યાસ્ત્રોથી અભિમંત્રિત કરેલાં બાણ મારીને રાક્ષસ ઉપર પોતાની બાણવર્ષા શરૂ કરી. પછી ઘટોત્કચ અને અશ્વત્થામાનું ઘોર યુદ્ધ થવા લાગ્યું. ત્યારે ઘટોત્કચે અશ્વત્થામાને બાણોના પ્રહાર કર્યા. તેનાથી તેનું સંપૂર્ણ શરીર ધ્રૂજી ઊઠ્યું અને મૂર્છિત થઈને રથની બેઠક પર ઢળી પડ્યો. તેને બેભાન થયેલો જોઈને સારથિ તેને યુદ્ધભૂમિમાંથી બહાર લઈ ગયો.

ભીમ દ્વારા દુર્યોધનનો અને શલ્ય દ્વારા વિરાટનો પરાજય

ભીમ યુદ્ધ કરતાં કરતાં દ્રોણાચાર્યના રથ તરફ જઈ રહ્યા હતા, ત્યારે દુર્યોધને તેમને બાણોથી વીંધી નાખ્યા. ભીમે પણ તેને બાણ મારીને ઘાયલ કરી દીધો. ભીમે દુર્યોધનના રથ પર અતિ વિશાળ ગદા ફેંકી. તે ગદાને દુર્યોધનના સારથિ અને ઘોડાને મારીને રથનો ભૂકો કરી નાખ્યો. દુર્યોધન ભીમના ડરથી ભાગીને નંદકના રથ પર ચડી ગયો હતો. બીજી બાજુ દ્રોણનો સામનો કરવાની ઇચ્છાથી સહદેવ આગળ વધી રહ્યો હતો, તેને કર્ણે અટકાવ્યો. કર્ણે સહદેવના ઘોડાઓને મારીને સારથિને યમસદન મોકલી લીધો. પછી સહદેવ પોતાને શસ્ત્રહીન સમજીને યુદ્ધ છોડીને ભાગી ગયો. કર્ણે તેની પાછળ જઈને કહ્યું, 'આજ પછી તું પોતાનાથી મોટા રથીઓની સાથે યુદ્ધ કરતો નહિ.' આ પ્રમાણે મેણું મારીને કર્ણ પાંડવો અને પાંચાલોની સેના તરફ ચાલ્યો ગયો. તેનાં મેણાંથી તેના હૃદયને ભારે આઘાત લાગ્યો હતો. પછી તે જનમેજયના રથ પર બેસી ગયો.

આ પ્રમાણે દ્રોણનો મુકાબલો કરવા રાજા વિરાટ પોતાની સેના સાથે આવી રહ્યા હતા, તેમને વચ્ચે જ અટકાવીને શલ્યે બાણવર્ષાથી ઢાંકી દીધા. રાજા વિરાટે પણ સ્ફૂર્તિથી બાણ મારીને શલ્યને ઘાયલ કરી દીધો. પછી શલ્યે તેમના ચારે ઘોડા અને સારથિને કાપી નાખ્યાં. ત્યારે રાજા વિરાટ રથમાંથી કૂદીને તીક્ષ્ણ બાણો છોડવા લાગ્યા. પોતાના ભાઈને રથહીન જોઈને શતાનીક રથ લઈને તેમની સહાયતામાં આવી પહોંચ્યો. તેને આવતો જોઈને શલ્યે ઘણાં બાણો મારીને તેને યમલોક પહોંચાડી દીધો.

પોતાના ભાઈના માર્યા જવાથી રાજા વિરાટ તરત તેના રથ પર બેસી ગયા અને શલ્ય પર બાણવર્ષા કરવા લાગ્યા. ત્યારે શલ્યે રાજા વિરાટની છાતીમાં બહુ જોરથી બાણ માર્યું. તેઓ તે પ્રહારને સહી ન શક્યા અને મૂર્છિત થઈ ગયા. એ પછી શલ્ય પોતાની બાણવર્ષાથી

વિરાટની સેનાનો સંહાર કરવા લાગ્યા, ત્યારે તે સેના ભાગવા લાગી. તેને ભાગતી જોઈને શ્રીકૃષ્ણ અને અર્જુન જ્યાં રાજા શલ્ય હતા ત્યાં જ આવી રહ્યા હતા. પરંતુ રસ્તામાં રાક્ષસ અલમ્બુષે તેમને રોકી લીધા. તે જોઈને અર્જુને તેને તીક્ષ્ણ બાણ મારીને તેને વીંધી નાખ્યો. ત્યારે અલમ્બુષ ભયભીત થઈને ભાગી ગયો. તેને પરાસ્ત કરીને અર્જુન દ્રોણની પાસે આવી પહોંચ્યા અને કૌરવોના હાથીસવારો, ઘોડેસવારો અને પાયદળ પર બાણવૃષ્ટિ કરવા લાગ્યા. અર્જુને સંહાર કરવા માંડ્યો ત્યારે કૌરવપક્ષની સેનામાં ભાગદોડ મચી ગઈ.

એક બાજુથી શતાનીક પોતાનાં બાણોથી કૌરવસેનાનો નાશ કરતો આવી રહ્યો હતો, તેને ચિત્રસેને રોક્યો. તેઓ બંનેએ એકબીજા પર બાણવર્ષા કરવા માંડી. શતાનીકે ચિત્રસેનના ચાર ઘોડા અને સારથિને મારીને તેને રથહીન કરી દીધો. તેથી તે ભાગીને કૃતવર્માના રથ પર ચડી ગયો.

દ્રુપદ-વૃષસેન અને સાત્યકિ તથા અર્જુનનું પરાક્રમ

દ્રોણાચાર્યનો મુકાબલો કરવા માટે રાજા દ્રુપદ પોતાની સેના સાથે આવી રહ્યા હતા. તે સમયે વૃષસેન બાણોની વર્ષા કરતો તેમની સામે આવ્યો. એ જોઈને દ્રુપદે તેની છાતી પર બાણોનો પ્રહાર કર્યો. તેને રથમાં બેઠેલા રાજા દ્રુપદની છાતીમાં અનેક તીક્ષ્ણ બાણ માર્યાં. રાજા દ્રુપદે એક ભલ્લ મારીને વૃષસેનના ધનુષ્યને કાપી નાખ્યું. તેણે બીજું ધનુષ્ય હાથમાં લઈને એક ભલ્લ તેમની છાતી પર માર્યું. તેઓ મૂર્છિત થઈ ગયા. એ જોઈને સારથિ તેમને ત્યાંથી દૂર લઈ ગયો.

બીજી બાજુ કૃપાચાર્યે શિખંડી પર હુમલો કર્યો. તેમને પાસે આવતા જોઈને શિખંડીએ બાણોથી તેમને ઘાયલ કરી દીધા. તે ભયંકર યુદ્ધ ચાલી જ રહ્યું હતું ત્યાં ધૃષ્ટદ્યુમ્ને દ્રોણ પર આક્રમણ કર્યું. તે વારંવાર ધનુષ્યનો ટંકાર કરતો રહીને દ્રોણ તરફ આગળ વધવા લાગ્યો. તેને આવતો જોઈને પાંડવો અને પાંચાલ યોદ્ધાઓ તેને ચારે બાજુથી ઘેરી લીધો. તે દરમિયાન ધૃષ્ટદ્યુમ્ને આચાર્યની છાતીમાં બાણ મારીને સિંહનાદ કરવા લાગ્યો. કર્ણ ધનુષ્ય લઈને ધૃષ્ટદ્યુમ્ન પર બાણવર્ષા કરવા લાગ્યો. કર્ણને ગુસ્સે થયેલો જોઈને બાકીના મહારથીઓએ ધૃષ્ટદ્યુમ્નનો વધ કરવાની ઇચ્છાથી તરત જ તેને ઘેરી લીધો. તે જોતાં જ સાત્યકિએ કર્ણ પર બાણવૃષ્ટિ કરવા માંડી. તે યુદ્ધમાં કૌરવપુત્રો અને કર્ણ પણ સાત્યકિ પર બધી બાજુથી તીક્ષ્ણ

બાણોનો પ્રહાર કરતા હતા. પરંતુ તેણે એક બાણથી વૃષસેનની છાતી ચીરીને તેને મૂર્છિત કરી નાખ્યો. દુર્યોધને જોયું કે સાત્યકિના બાણોથી વ્યથિત થઈને મારી સેના ભાગી રહી છે. ત્યારે તેણે સારથિને કહ્યું, 'જ્યાં આ શોરબકોર થઈ રહ્યો છે, ત્યાં મારો રથ લઈ જાઓ.' તેની આજ્ઞા મળતાં જ સારથિએ ઘોડાને સાત્યકિના રથ તરફ હાંક્યા. જેવો દુર્યોધન ત્યાં પહોંચ્યો ત્યારે સાત્યકિએ તેની છાતીમાં બાણ માર્યા અને તેના ઘોડા અને સારથિને પણ મારી નાખ્યા. રથ અને ધનુષ્ય વિનાનો દુર્યોધન કૃતવર્માના રથ પર ચડી ગયો. આ પ્રમાણે જ્યારે દુર્યોધને પરાસ્ત થઈને પીઠ દેખાડી, ત્યારે સાત્યકિ કૌરવસૈનિકોને ખદેડવા લાગ્યા.

બીજી બાજુ શકુનિએ પોતાની સેના લઈ અર્જુનને ચારે બાજુથી ઘેરી લીધો. બંને એકબીજા સામે ભીષણ બાણવર્ષા કરી. અર્જુને શકુનિના ચારે ઘોડાને યમલોક મોકલી દીધા. ત્યારે તે રથમાંથી ઊતરીને ઉલૂકના રથમાં જઈ બેસી ગયો. તે સમયે યુદ્ધમાં કૌરવસેના પર વિજય પ્રાપ્ત કરીને શ્રીકૃષ્ણ અને અર્જુન પ્રસન્ન થઈને શંખનાદ કરવા લાગ્યા.

દ્રોણ અને કર્ણ દ્વારા પાંડવસેનાનો સંહાર

જ્યારે દુર્યોધને જોયું કે પાંડવો મારી સેનાનો વિધ્વંસ કરી રહ્યા છે અને તે ભાગી રહી છે, ત્યારે તેને ભારે ગુસ્સો આવ્યો. તે દ્રોણાચાર્ય અને કર્ણ પાસે પહોંચ્યો અને ક્રોધિત થઈને કહેવા લાગ્યો. 'અત્યારે પાંડવોની સેના મારી સેનાનો સંહાર કરી રહી છે અને તમે બંને તેને જીતવામાં સમર્થ હોવા છતાં પણ અસમર્થની જેમ તમાશો જોઈ રહ્યા છો. જો તમે મારો ત્યાગ કરવા ઇચ્છતા ન હો તો હજી પણ તમારે યોગ્ય પરાક્રમ કરીને યુદ્ધ કરો.'

આ ઠપકો સાંભળીને બંને વીર પાંડવોનો સામનો કરવા માટે આગળ વધી તેમના પર તૂટી પડ્યા. તે સમયે દ્રોણાચાર્યે ક્રોધિત થઈને સાત્યકિને વીંધી નાખ્યો. ત્યાં દ્રોણાચાર્યને પાંડવસેનાનો સંહાર કરતા જોઈને સોમકવીરો તરત જ ત્યાં આવી આચાર્ય પર બાણવર્ષા કરવા લાગ્યા. આચાર્ય દ્રોણ પણ ચારે બાજુ બાણોની ઝડી વરસાવીને સૈનિકોના પ્રાણ લેવા લાગ્યા. તેમનાં બાણોનાં પ્રહારથી વ્યથિત થઈને સૈનિકો ભાગવા લાગ્યા. દ્રોણ અને કર્ણ ભાગી રહેલી સેનાને પણ પાછળથી બાણોનો પ્રહાર કરીને મારી રહ્યા હતા.

આ બધું જોઈને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'અર્જુન! દ્રોણ અને કર્ણે

ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિને તથા સંપૂર્ણ પાંચાલ યોદ્ધાઓને પોતાનાં બાણોથી ઘાયલ કરી નાખ્યા છે. હવે રોકવા છતાં પણ સેના રોકાતી નથી.' અર્જુનને આ પ્રમાણે કહ્યા પછી શ્રીકૃષ્ણ અને અર્જુને સૈનિકોને કહ્યું, 'તમે ભયભીત થઈને ભાગો નહિ. અમે લોકો હમણાં વ્યૂહ રચીને દ્રોણ અને કર્ણને પરાજિત કરવાનો ઉપાય કરીએ છીએ.'

શ્રીકૃષ્ણ અને અર્જુન આ પ્રમાણે વાત કરી રહ્યા હતા, ત્યાં તો ભીમ ત્યાં આવી પહોંચ્યા. તેમને આવતાં જોઈને શ્રીકૃષ્ણે કહ્યું, 'આ જુઓ, સોમક અને પાંચાલ યોદ્ધાઓને સાથે લઈને ભીમ અત્યંત વેગપૂર્વક કર્ણ અને દ્રોણ તરફ જઈ રહ્યા છે. હવે સેનાને ધૈર્ય આપવા માટે તમે પણ તેમની સાથે રહીને યુદ્ધ કરો.'

ત્યારપછી અર્જુન અને શ્રીકૃષ્ણ દ્રોણ અને કર્ણ પાસે જઈને સેનાના અગ્ર ભાગમાં ઊભા રહીને શત્રુઓનો સંહાર કરવાનો શરૂ કર્યો. બંને બાજુથી સેનાઓમાં ઘમસાણ યુદ્ધ થવા લાગ્યું. આ પ્રમાણે યુદ્ધ કરતાં કરતાં મહારાત્રિનો અંધકાર ઘણો ગાઢ થઈ ગયો.

ત્યારપછી કર્ણે ધૃષ્ટદ્યુમ્નની છાતીમાં બાણોનો પ્રહાર કર્યો. થોડી જ વારમાં કર્ણે ધૃષ્ટદ્યુમ્નના ઘોડાઓને મારીને તેના સારથિને પણ ઘાયલ કરી નાખ્યો. ધૃષ્ટદ્યુમ્ને કર્ણના ઘોડાઓને મારીને સહદેવના રથમાં બેસી ગયો. હવે કર્ણ ફરી પાંચાલ મહારથીઓને પોતાના બાણોથી વ્યથિત કરવા લાગ્યો. તેથી સેના ભયભીત થઈને યુદ્ધમાંથી ભાગી ગઈ. કર્ણ તે ભાગી રહેલી સેનાને પણ બાણથી મારતો હતો.

પોતાની સેનાને ભાગતી જોઈને રાજા યુધિષ્ઠિર અર્જુનને કહેવા લાગ્યા, 'હવે કર્ણનો વધ કરવા માટે જે કાંઈ કરવું આવશ્યક હોય તે કરો.' આ સાંભળીને અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, 'આજે રાજા યુધિષ્ઠિર કર્ણનું પરાક્રમ જોઈને ભયભીત થઈ ગયા છે. હું જોઈ રહ્યો છું કે કર્ણ ભાગી રહેલા યોદ્ધાઓને પણ મારી રહ્યો છે, તેથી આપ જ્યાં કર્ણ છે ત્યાં રથને લઈ ચાલો. આજે બેમાંથી એક વાત થઈ જાય, ચાહે તે મને મારી નાખે, યા હું તેને.'

ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા, 'અર્જુન! તમારા અને ઘટોત્કચ સિવાય બીજું કોઈ એવું નથી જે કર્ણ સાથે ટક્કર લઈ શકે પરંતુ તેની સાથે તમારું યુદ્ધ થાય એના માટે હજી સમય આવ્યો નથી. કારણ કે તેની પાસે ઇન્દ્રની આપેલી એક શક્તિ છે, જે તેણે માત્ર તમારા માટે જ રાખી મૂકી છે. મારા

વિચાર પ્રમાણે અત્યારે ઘટોત્કચ જ કર્ણનો સામનો કરવા જાય. તેથી તે અવશ્ય કર્ણ પર યુદ્ધમાં વિજયી થશે.'

શ્રીકૃષ્ણના આ પ્રમાણે કહેવાથી અર્જુને ઘટોત્કચને બોલાવ્યો. તે તેમની સામે ઉપસ્થિત થયો અને શ્રીકૃષ્ણ તરફ જોઈને બોલ્યો, 'હું સેવામાં હાજર છું, આજ્ઞા કરો, કયું કામ કરું?'

શ્રીકૃષ્ણે હસીને કહ્યું, 'ઘટોત્કચ! હું જે કહું તે સાંભળો. આજે તારું પરાક્રમ દેખાડવાનો સમય આવ્યો છે. આ કામ બીજાથી થાય એવું નથી, કેમકે તમારી પાસે અનેક પ્રકારના અસ્ત્ર છે, રાક્ષસી માયા તો છે જ. કર્ણને સંહારમાં રોકનાર તમારા સિવાય બીજો કોઈ શૂરવીર દેખાતો નથી. રાત્રિના સમયે રાક્ષસોનું બળ વિશેષ હોય છે, તેમના પરાક્રમની કોઈ સીમા રહેતી નથી. આ અડધી રાત્રે તમે તમારી માયાને વિસ્તારીને કર્ણને મારી નાખો, પછી ધૃષ્ટદ્યુમ્ન વગેરે વીરો દ્રોણનો પણ વધ કરી નાખશે.'

ભગવાનની વાત પૂરી થતાં અર્જુને પણ ઘટોત્કચને કહ્યું, 'રાત્રિના સમયે તમે કર્ણ સાથે દ્વૈરથ યુદ્ધ કરો. સાત્યકિ પાછળથી તમારી રક્ષા કરશે. સાત્યકિની સહાયતાથી તમે કર્ણને મારી નાખો.'

ઘટોત્કચ બોલ્યો, 'હું એકલો જ કર્ણ, દ્રોણ તથા અન્ય ક્ષત્રિયો માટે પર્યાપ્ત છું. આજે રાત્રિના સમયે હું કર્ણ સાથે યુદ્ધ કરીશ જેની ચર્ચા લોકો કરતા રહેશે. આજે હું રાક્ષસધર્મનો આશ્રય લઈને કૌરવોનો સંહાર કરીશ, કોઈને જીવતા નહિ છોડું.'

એમ કહીને ઘટોત્કચ કૌરવસેનાને ભયભીત કરતો કર્ણ તરફ ગયો. કર્ણે હસતાં હસતાં તેનો સામનો કર્યો. પછી બંને વીરોમાં ઘોર સંગ્રામ શરૂ થયો.

ઘટોત્કચના હાથે અલમ્બુષનો વધ

દુર્યોધને જ્યારે જોયું કે ઘટોત્કચ કર્ણનો વધ કરવાની ઇચ્છાથી તેના રથ તરફ વધી રહ્યો છે, ત્યારે તેણે દુઃશાસનને કહ્યું, 'યુદ્ધમાં કર્ણના પરાક્રમને જોઈને આ રાક્ષસ બહુ વેગથી તેના પર હુમલો કરી રહ્યો છે. તમે મોટી સેના સાથે ત્યાં જઈને એને રોકો અને કર્ણની રક્ષા કરો.'

દુર્યોધન આમ કહી જ રહ્યો હતો ત્યાં તો જટાસુરનો પુત્ર અલમ્બુષ તેની પાસે આવીને બોલ્યો, 'દુર્યોધન! જો તમે આજ્ઞા આપો તો હું તમારા શત્રુઓને તેમના અનુગામીઓ સાથે મારી નાખવા ઇચ્છું છું. હમણાં જ

થોડા દિવસ પહેલા પાંડવોએ મારા પિતા જટાસુરને મારી નાખ્યા છે. હું તેનો બદલો લેવા માગું છું. તમે આ કામ માટે મને આજ્ઞા આપો.'

આ સાંભળીને દુર્યોધનને ભારે પ્રસન્નતા થઈ. તેણે કહ્યું, 'શત્રુઓને જીતવા માટે તો દ્રોણ અને કર્ણ વગેરેની સાથે હું જ પર્યાપ્ત છું. તમે મારી આજ્ઞાથી ઘટોત્કચનો જ નાશ કરો.' અલમ્બુષે ઘટોત્કચને યુદ્ધ માટે લલકાર્યો અને તેના ઉપર શસ્ત્રોની વર્ષા શરૂ કરી દીધી. પરંતુ ઘટોત્કચ એકલો જ અલમ્બુષ, કર્ણ અને કૌરવોની સેનાને કચડવા લાગ્યો. તેની માયાનું બળ જોઈને અલમ્બુષે અનેક પ્રકારનાં સાયક સમૂહોની ઝડી વરસાવી દીધી અને પોતાના બાણોથી પાંડવસેનાને ભગાડી દીધી. એ જ પ્રમાણે ઘટોત્કચના બાણોથી ઘવાયેલી કૌરવસેના પણ હાથમાંની મશાલો ફેંકીને ભાગવા લાગી.

બંને મહાકાય રાક્ષસો ગર્જના કરીને લડી રહ્યા હતા. તે બંને પરાક્રમી અને માયાવી હતા તથા માયાબળમાં એકબીજાને પોતાની વિશેષતા દેખાડીને યુદ્ધ કરી રહ્યા હતા. તેમની માયાશક્તિ બહુ વિચિત્ર હતી, તેથી તેઓ ક્યારેક બે ઘોડેસવારો બનીને કે હાથીસવારો બનીને લડતા હતા. દરમિયાન અલમ્બુષને મારી નાખવાની ઇચ્છાથી ઘટોત્કચે ઊછળીને બાજની જેમ અલમ્બુષને પકડી લીધો. પછી તેને ઉપર લઈ જઈને જમીન પર ફેંકી દીધો અને તલવાર કાઢીને તેના મસ્તકને છેદી નાખ્યું. લોહીથી નીતરતા મસ્તકને લઈને ઘટોત્કચ દુર્યોધન પાસે ગયો અને તેને તેના રથમાં ફેંકીને બોલ્યો, 'હવે તું તારી અને કર્ણની પણ આવી દશા જોઈશ.' આમ કહીને ઘટોત્કચ તીક્ષ્ણ બાણોની વર્ષા કરતો રહીને કર્ણ તરફ ગયો. તે વખતે મનુષ્ય અને રાક્ષસ વચ્ચે ભયંકર યુદ્ધ થવા લાગ્યું.

કર્ણ અને ઘટોત્કચનું યુદ્ધ

ઘટોત્કચને આવતો જોઈને કર્ણે અભિમાન સાથે આગળ વધીને તરત એને રોક્યો. પછી બંનેએ ધનુષ્ય લઈને એકબીજાને ઘાયલ કરતા રહીને બાણોથી આચ્છાદિત કરી દીધા. એટલામાં કર્ણે કેટલાંક દિવ્યાસ્ત્રો પ્રગટ કર્યાં. એ જોઈને ઘટોત્કચે રાક્ષસી માયાથી રાક્ષસોની વિશાળ સેના પ્રગટ કરી દીધી. ત્યાર પછી ચારે બાજુથી પથ્થરોની વર્ષા થવા લાગી. અર્ધરાત્રિનો સમય હોવાથી રાક્ષસોનું બળ વધી ગયું. તે અત્યંત ઉગ્ર અને ભયંકર યુદ્ધ જોઈને કૌરવપુત્રો અને સૈનિકો વ્યથિત થઈને

રણભૂમિમાંથી ભાગી ગયા. કર્ણે પોતાના બાણોથી ઘટોત્કચની માયાનો નાશ કરી નાખ્યો.

જ્યારે માયા નષ્ટ થઈ ગઈ ત્યારે ઘટોત્કચ ક્રોધિત થઈને બાણવૃષ્ટિ કરવા લાગ્યો. તે કર્ણના શરીરને છેદીને પૃથ્વીમાં સમાઈ ગયાં. ત્યારે કર્ણે બાણ મારીને ઘટોત્કચને વીંધી નાખ્યો. ઘટોત્કચ ઊડીને આકાશમાં ચાલ્યો ગયો અને ઉપરથી કર્ણ ઉપર વૃક્ષો ફેંકવા લાગ્યો. કર્ણ પણ નીચેથી બાણ મારીને તે રાક્ષસને વીંધવા લાગ્યો. તેણે રાક્ષસના બધા ઘોડાને મારીને તેના રથના ટુકડા કરી નાખ્યા. તેણે પોતાના દિવ્યાસ્ત્રોથી કર્ણનાં દિવ્યાસ્ત્રોને કાંપી નાખ્યાં અને તેની સાથે માયામય યુદ્ધ કરવા લાગ્યો. પછી માયાના જ પ્રભાવથી પૃથ્વી, આકાશ અને દિશાઓમાં ફરીને કર્ણના રથ પાસે આવીને બોલ્યો, 'ઊભો રહેજે, હવે તું મારાથી બચીને ક્યાં જઈશ? આજે હું આ યુદ્ધભૂમિમાં તારો યુદ્ધનો શોખ પૂરો કરી દઈશ.'

આમ કહીને તે રાક્ષસ આકાશમાં ઊડી ગયો અને કર્ણ પર તીવ્રતાથી બાણોની વર્ષા કરવા લાગ્યો. તેણે કર્ણની સામે મહામાયા પ્રગટ કરી. કર્ણે જોયું કે, ઘટોત્કચ રથમાં બેસીને આવી રહ્યો છે. તેની સાથે રાક્ષસોની વિશાળ સેના છે. ઘટોત્કચે નજીક આવતાં જ કર્ણને બાણ મારી વીંધી નાખ્યો અને બધા રાજાઓને ભયભીત કરતો રહીને ગર્જના કરવા લાગ્યો. પછી તેણે અંજલિક નામના બાણના પ્રહારથી કર્ણનું ધનુષ્ય હાથમાં લઈને રાક્ષસો તરફ બાણ મારવા લાગ્યો. તેનાથી તેમને ભારે પીડા થઈ. ઘોડા, હાથી, સારથિ સહિત તમામ રાક્ષસો કર્ણના હાથે માર્યા ગયા. ઘટોત્કચ ક્રોધિત થઈ ગયો. તે રથ પર બેસીને કર્ણની સામે ગયો અને તેના ઉપર તેણે એક અશનિનો પ્રહાર કર્યો. કર્ણે તે જ અશનિ તેણે પાછી ઘટોત્કચ પર ફેંકી. ઘટોત્કચ તો રથમાંથી કૂદી પડ્યો પરંતુ તે અશનિના તેજથી સારથિ તથા તેનો રથ બળીને ભસ્મ થઈ ગયો. કર્ણના આ પરાક્રમથી દેવતાઓને આશ્ચર્ય થયું. ત્યાર પછી કર્ણ પોતાના રથ પર જઈને બેસી ગયો અને રાક્ષસસેના પર બાણવૃષ્ટિ કરવા લાગ્યો. ઘટોત્કચ ફરી અદૃશ્ય થઈ માયા દ્વારા કર્ણના દિવ્યાસ્ત્રોનો નાશ કરવા લાગ્યો. તેમ છતાં કર્ણે પોતાનું ધૈર્ય ન ગુમાવી તે રાક્ષસ સાથે યુદ્ધ ચાલુ જ રાખ્યું.

ફરીથી પોતાની માયાનો નાશ થઈ જતાં 'હમણાં તને મોતના મુખમાં મોકલું છું' એવું કર્ણને કહીને ઘટોત્કચ ફરીથી અંતર્ધાન થઈ ગયો.

ભીમ અને અલાયુધનું યુદ્ધ તથા ઘટોત્કચના હાથે અલાયુધનો વધ

આ પ્રમાણે કર્ણ અને ઘટોત્કચનું યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યાં અલાયુધ નામનો એક રાક્ષસ વેરને યાદ કરીને પોતાની મોટી સેના સાથે દુર્યોધનની પાસે આવ્યો અને યુદ્ધની લાલસાથી બોલ્યો, 'તમને તો ખબર હશે જ કે ભીમે અમારા ભાઈ હિડિમ્બ, બક અને કિર્મીરનો વધ કરી નાખ્યો છે. તેથી આજે અમે ઘટોત્કચનો વધ કરીશું તથા શ્રીકૃષ્ણ અને પાંડવોને મારીને ખાઈ જઈશું. તમે તમારી સેનાને પાછી હઠાવી લો. આજે પાંડવો સાથે અમારા રાક્ષસોનું જ યુદ્ધ થશે.'

તેની વાત સાંભળીને દુર્યોધનને ખુશી થઈ. તેણે પોતાના ભાઈઓ સહિત તેને કહ્યું, 'તમને તમારી સેના સહિત અમે આગળ રાખીશું અને સાથે રહીને અમે પણ શત્રુઓ સાથે લડીશું. મારા યોદ્ધાઓ ચેનથી બેસી નહિ શકે.'

'સારું, ભલે એમ થતું.' આમ કહીને અલાયુધ રાક્ષસોને સાથે લઈને યુદ્ધ માટે ચાલ્યો. અલાયુધના આવવાથી કૌરવોને બહુ પ્રસન્નતા થઈ. તે સમયે કર્ણ અને ઘટોત્કચનું યુદ્ધ ચાલી રહ્યું હતું. દ્રોણ, અશ્વત્થામા અને કૃપાચાર્ય વગેરે ઘટોત્કચના પરાક્રમને જોઈને ધ્રૂજી ઊઠ્યા હતા. સંપૂર્ણ સેનાએ કર્ણના જીવનની આશા છોડી દીધી હતી. દુર્યોધને જોયું કે કર્ણ મોટી વિપત્તિમાં ફસાઈ ગયો છે. ત્યારે તેણે અલાયુધને બોલાવીને કહ્યું, 'આ કર્ણ ઘટોત્કચ સાથે લડી રહ્યો છે અને યુદ્ધમાં જ્યાં સુધી તેની શક્તિ છે ત્યાં સુધી પરાક્રમ દેખાડી રહ્યો છે. આ પાપી પોતાની માયાનો આશ્રય લઈને પહેલાં જ કર્ણને મારી ન નાખે એનું ધ્યાન રાખજો.'

દુર્યોધનના આ પ્રમાણે કહેવાથી અલાયુધે 'બહુ સારું' કહીને ઘટોત્કચ પર હુમલો કર્યો. જ્યારે પોતાના શત્રુને સામે આવેલો જોયો ત્યારે ઘટોત્કચે કર્ણને છોડી દીધો અને તેને જ બાણોના પ્રહારથી પીડિત કરવા લાગ્યો. પછી બંને રાક્ષસો ક્રોધિત થઈને એકબીજા સાથે ટકરાયા. ભીમે જોયું કે ઘટોત્કચ અલાયુધની ચુંગાલમાં ફસાઈ ગયો છે, ત્યારે તેઓ પોતાના રથ પર બેસી બાણવૃષ્ટિ કરતા રહીને ત્યાં આવી પહોંચ્યા. એ જોઈને અલાયુધે ઘટોત્કચને છોડીને ભીમને લલકાર્યો અને તેના સાથી રાક્ષસો પણ અનેક પ્રકારનાં અસ્ત્રો-શસ્ત્રો લઈને ભીમ પર તૂટી પડ્યા.

જ્યારે અનેક રાક્ષસો બાણોથી ભીમને વીંધવા લાગ્યા ત્યારે ભીમે બાણ મારીને બધાને ઘાયલ કરી દીધા. ભીમ સાથે યુદ્ધ કરનારા રાક્ષસો

તેમના મારથી પીડિત થઈને ચારે બાજુ ભાગવા લાગ્યા. એ જોઈને અલાયુધ ભીમ તરફ દોડી બાણવૃષ્ટિ કરવા લાગ્યો. તેણે ભીમનાં છોડેલાં અનેક બાણ કાપી નાખ્યાં. અલાયુધે ભીમના ઘોડા અને સારથિને પણ મારી નાખ્યા. ઘોડા અને સારથિના મરી જવાથી ભીમે રથમાંથી ઊતરીને ભયંકર ગર્જના કરી ભારે ગદાનો પ્રહાર કર્યો. અલાયુધે પણ પોતાની ગદાથી ભીમને મારીને પાડી દીધો. થોડી જ વારમાં બંને ગદા ફેંકીને મુક્કા મારીને લડવા લાગ્યા. આ પ્રમાણે યુદ્ધ કરતાં બંને ભારે ક્રોધિત થઈ જવાથી જે તે ઉઠાવીને એકબીજા પર મારતા હતા. બંનેના શરીરમાંથી લોહીની ધારાઓ નીકળતી હતી.

શ્રીકૃષ્ણે જ્યારે આ સ્થિતિ જોઈ ત્યારે ભીમની રક્ષા માટે ઘટોત્કચને કહ્યું, 'તમારી સામે જ અલાયુધે ભીમને પોતાની ચુંગાલમાં ફસાવી લીધા છે. તેથી પ્રથમ અલાયુધનો જ વધ કરો, પછી કર્ણને મારજો.'

શ્રીકૃષ્ણની વાત સાંભળીને ઘટોત્કચ કર્ણને છોડીને અલાયુધ સામે જઈને લડવા લાગ્યો. અલાયુધ રાક્ષસી માયાનો આશ્રય લઈને ઊછળીને આકાશમાં ચાલ્યો ગયો. તેના ઉપર જતાં જ લોહીની વૃષ્ટિ થવા લાગી. આકાશમાં વીજળી ચમકવા લાગી અને મેઘોની કાળી ઘટા છવાઈ ગઈ. તેની માયાને જોઈને ઘટોત્કચ પણ આકાશમાં ઊડી ગયો. તેણે બીજી માયા રચીને અલાયુધની માયાનો નાશ કરી નાખ્યો. લડતાં લડતાં ઘટોત્કચે અલાયુધને પકડી લીધો અને અત્યંત વેગથી તેને ફેરવીને જમીન પર પછાડ્યો. તેના મસ્તકને કાપીને તેણે ભયંકર ગર્જના કરી અને તે કપાયેલા મસ્તકને દુર્યોધનની સામે ફેંકી દીધું. અલાયુધને મરાયેલો જોઈને દુર્યોધન પોતાની સેના સહિત વ્યાકુળ થઈ ગયો.

ઘટોત્કચનું પરાક્રમ અને કર્ણની શક્તિથી તેનો વધ

અલાયુધનો વધ કરીને ઘટોત્કચ મનમાં પ્રસન્ન થયો અને સિંહનાદ કરવા લાગ્યો. અહીં કર્ણ પર તેના શત્રુઓ બાણ વરસાવી રહ્યા હતા અને તે ધીરજથી તેમનો પોતાના અસ્ત્ર-શસ્ત્રથી નાશ કરતો હતો. હવે તેણે પોતાનાં વજ્ર જેવાં બાણોથી શત્રુસેનાનો સંહાર કરવા માંડ્યો. કર્ણ સામે કોઈ રીતે પોતાની સુરક્ષા ન જોઈને તે યોદ્ધોઓ ત્યાંથી યુધિષ્ઠિરની સેનામાં ભાગી ગયા. પોતાના યોદ્ધાઓને કર્ણ દ્વારા પરાજિત થઈને ભાગતા જોઈને ઘટોત્કચ કર્ણનો સામનો કરવા માટે આવી પહોંચ્યો. આવતાં જ તેણે વજ્ર જેવાં બાણોથી કર્ણને વીંધી

નાખ્યો. જ્યારે કર્ણ કોઈ રીતે યુદ્ધમાં ઘટોત્કચને દબાવી ન શક્યો ત્યારે તેણે પોતાનું ભયંકર અસ્ત્ર પ્રગટ કર્યું અને તેનાથી તેના રથ, ઘોડા અને સારથિનો નાશ કરી નાખ્યો. ઘટોત્કચ રથહીન થતાં જ અંતર્ધાન થઈ ગયા. તેને અદૃશ્ય થતો જોઈને કૌરવ યોદ્ધાઓ બૂમો પાડીને કહેવા લાગ્યા, 'માયાથી યુદ્ધ કરનારો આ રાક્ષસ જ્યારે યુદ્ધમાં સ્વયં દેખાતો નથી તો કર્ણને તે કેમ નહિ મારી નાખે?'

બધા કૌરવોએ મળીને કર્ણને કહ્યું, 'હવે તમે આ રાક્ષસનો તરત જ વધ કરો, અન્યથા બધા કૌરવો હમણાં જ નાશ પામશે. આપણામાંથી જે આ ભયંકર સંગ્રામમાંથી બચી જશે તે જ સેના સહિત પાંડવો સાથે યુદ્ધ કરશે. તેથી તમે ઇન્દ્રે આપેલી શક્તિથી આ ભયંકર રાક્ષસનો સંહાર કરી નાખો. બધા કૌરવો ઇન્દ્ર જેવા બળવાન છે, ક્યાંક એવું ન થાય કે આ રાત્રિયુદ્ધમાં એ તમામ માર્યા જાય.'

આ બધું જોઈ-સાંભળીને કર્ણે રાક્ષસ પર શક્તિ છોડવાનો વિચાર કર્યો. તેના વધની ઇચ્છાથી કર્ણે 'વૈજયંતી' નામની શક્તિ હાથમાં લીધી. આ તે જ શક્તિ હતી, જેને ન જાણે કેટલાં વર્ષોથી કર્ણે અર્જુનને મારવા માટે સુરક્ષિત રાખી હતી. તે સદા તેની પૂજા કરતો હતો. તેને તે શક્તિ ઘટોત્કચ પર છોડી. તે શક્તિએ રાક્ષસની સંપૂર્ણ માયા ભસ્મ કરીને, તેની છાતીમાં પ્રહાર દ્વારા તેની છાતીને ચીરી નાખીને ઉપર નક્ષત્રમંડળમાં સમાઈ ગઈ. ઘટોત્કચ પોતાના પ્રાણોથી હાથ ધોઈ બેઠો.

ઘટોત્કચના મૃત્યુથી ભગવાનની પ્રસન્નતા

ઘટોત્કચના મૃત્યુથી પાંડવો શોકમાં ડૂબી ગયા. બધાની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. પરંતુ શ્રીકૃષ્ણ બહુ ખુશ હતા. તેમણે મોટેથી સિંહનાદ કર્યો અને હર્ષથી નાચવા લાગ્યા. પછી અર્જુનને ગળે લગાડીને તેમની પીઠ થાબડી. શ્રીકૃષ્ણને આટલા પ્રસન્ન જાણીને અર્જુન બોલ્યા, 'આજે આપને કસમયે ખુશી કેમ થઈ રહી છે? ઘટોત્કચના મરાઈ જવાથી અમારા માટે આ શોકનો સમય છે. તો તમે પ્રસન્ન છો. આનું કોઈ કારણ હોઈ શકે. જો બહુ ગુપ્ત રાખવા જેવું ન હોય તો અવશ્ય કહી દો. મારી ધીરજ ખૂટી રહી છે.'

ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા, 'મારા માટે ખરેખર આનંદનો અવસર આવ્યો છે. તમને ખબર છે કે કર્ણે ઇન્દ્રની આપેલી શક્તિથી ઘટોત્કચને માર્યો છે. હવે તું સુરક્ષિત છે.'

દરરોજ રાતે દુર્યોધન, શકુનિ, સંજય અને દુઃશાસન બધા જ કર્ણને પ્રાર્થના કરતા હતા કે, 'ભાઈ! કાલના યુદ્ધમાં તમે બધી સેનાને છોડીને અર્જુનને જ મારી નાખજો. પછી તો અમે લોકો પાંડવો અને પાંચાલો પર વિજય મેળવી લઈશું. જો એમ ન થઈ શકતું હોય તો તમે શ્રીકૃષ્ણને જ મારી નાખો, કારણ કે પાંડવોનું બળ તેઓ જ છે, તેઓ જ તેમના રક્ષક અને આધાર છે. હાથમાં શક્તિ હોવા છતાં પણ કર્ણએ અર્જુનને ન માર્યો, એમાં હું ભાગ્યને જ મુખ્ય કારણ સમજું છું.'

ઘટોત્કચના મરાઈ જવાથી સાત્યકિએ પણ શ્રીકૃષ્ણને એ જ પ્રશ્ન કર્યો હતો કે 'જ્યારે કર્ણે તે અમોઘ શક્તિ અર્જુન પર છોડવાનો નિશ્ચય કર્યો હતો, તો અત્યાર સુધી તેમના પર છોડી કેમ નહિ?'

શ્રીકૃષ્ણ બોલ્યા, 'દુર્યોધન, દુઃશાસન, શકુનિ અને જયદ્રથ - આ બધા મળીને એ જ સલાહ આપ્યા કરતા હતા કે, 'કર્ણ! તમે અર્જુન સિવાય બીજા કોઈ પર શક્તિનો પ્રયોગ કરશો નહિ. તેમના મરાઈ જતાં પાંડવો અને સૃંજય સ્વયં નષ્ટ થઈ જશે.' કર્ણ પણ તેમની સામે આ પ્રમાણે જ પ્રતિજ્ઞા કરી ચૂક્યો હતો, તેના મનમાં સદા અર્જુનનો વધ કરવાનો જ વિચાર જ રહ્યા કરતો હતો, પરંતુ હું તેને મોહમાં નાખી દેતો. જેથી તેણે અર્જુન પર શક્તિનો પ્રહાર ન કર્યો. હવે ઘટોત્કચ પર શક્તિ પડવાથી તે વ્યર્થ થઈ ગઈ - આ જોઈને હું એવું સમજું છું કે અર્જુન મૃત્યુના મુખમાંથી ઊગરી ગયો.'

બંને દળોનું દ્વંદ્વ યુદ્ધ તથા દ્રુપદ અને કૈકય વગેરેનો વધ

જ્યારે ત્રણ ભાગની રાત્રિ પસાર થઈ ગઈ અને એક ભાગ જ બાકી રહ્યો, તે સમયે કૌરવો અને પાંડવોમાં ભારે ઉત્સાહ સાથે યુદ્ધ થવા લાગ્યું. ત્યારપછી કૌરવસેના ફરી બે ભાગમાં વિભક્ત થઈ ગઈ અને દ્રોણાચાર્યે દુર્યોધનને સાથે રાખીને સોમક, પાંડવ તથા પાંચાલ યોદ્ધાઓ પર આક્રમણ કર્યું. કૌરવસેનાને બે ભાગમાં વિભક્ત જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, 'શત્રુઓને ડાબી બાજુ કરીને આચાર્ય દ્રોણને જમણી બાજુ રાખો.' અર્જુને ભગવાનની આજ્ઞા સ્વીકારીને એ પ્રમાણે જ કર્યું.

ત્યારે અર્જુને કર્ણ અને દ્રોણને ઓળંગીને શત્રુઓને ચારે બાજુથી ઘેરી લીધા. અર્જુન સ્વયં સેનાને મોખરે ઊભો રહીને કૌરવસેનાનો વધ કરવા માંડ્યો. પરંતુ તેમને કોઈ આગળ વધતા રોકી ન શક્યું.

એટલામાં રાજા વિરાટ અને દ્રુપદે દ્રોણ પર ચડાઈ કરી. દ્રુપદના ત્રણ પૌત્રો અને ચેદિદેશના યોદ્ધાઓએ પણ તેમને સાથ આપ્યો. એ જોઈ દ્રોણાચાર્યે તીક્ષ્ણ બાણોથી દ્રુપદના ત્રણે પૌત્રોના પ્રાણ લઈ લીધા. ત્યાર પછી તેમણે ચેદિ, કેકય, સૃંજય તથા મત્સ્યદેશના મહારથીઓને પણ પરાસ્ત કર્યા. ત્યારે રાજા દ્રુપદ અને વિરાટ ક્રોધે ભરાઈને દ્રોણ પર બાણવૃષ્ટિ કરવા લાગ્યા. દ્રોણે તેમની બાણવર્ષા રોકી લીધી. દ્રોણે બે ભાલા મારીને વિરાટ અને દ્રુપદ બંનેને મારી નાખ્યા.

આ પ્રમાણે વિરાટ, દ્રુપદ, કેકય, ચેદિ, મત્સ્ય, પાંચાલ અને દ્રુપદના ત્રણેય પૌત્રોના માર્યા જતાં દ્રોણનું પરાક્રમ જોઈને ધૃષ્ટદ્યુમ્ન ભારે ક્રોધિત થઈ ગયો. એણે મહારથીઓને વચ્ચે એવા શપથ લીધા કે 'આજે જે દ્રોણને જીવતા રાખીને પાછો જાય અથવા દ્રોણથી અપમાનિત થઈને બદલો ન લે, તે કૂવા-વાવ ખોદાવવા વગેરેના પુણ્યને પ્રાપ્ત નહિ થાય, તેનું ક્ષત્રિયત્વ અને બ્રહ્મતેજ નષ્ટ થઈ જાય.' બધા જ ધનુર્ધારીઓની વચ્ચે આવી ઘોષણા કરીને ધૃષ્ટદ્યુમ્ન પોતાની સેના સાથે દ્રોણ પર ચડી આવ્યો. પાંડવો અને પાંચાલો એક બાજુથી દ્રોણ પર બાણવર્ષા કરવા લાગ્યા તથા બીજી બાજુ દુર્યોધન, કર્ણ અને શકુનિ વગેરે મુખ્ય વીરો તેમની રક્ષામાં ઊભા હતા.

તે સમયે ભીમ ક્રોધિત થઈને પોતાનાં બાણોથી કૌરવસેનામાં નાસભાગ મચાવતા દ્રોણની સેનામાં ઘૂસી ગયા. સાથે સાથે ધૃષ્ટદ્યુમ્ન પણ દ્રોણ પાસે આવી પહોંચ્યા. પછી ઘમાસાણ યુદ્ધ થવા લાગ્યું. તે સમયે દ્રોણાચાર્ય અને અર્જુન સિવાય બાકીના બધા સૈનિકો વ્યાકુળ અને ભયભીત થઈ રહ્યા હતા. કર્ણ ભીમ સાથે લડતો હતો અને અર્જુન દ્રોણાચાર્ય સાથે ટક્કર લઈ રહ્યા હતા. તે વખતે દુર્યોધન અને દુઃશાસન નકુલ-સહદેવ સાથે લડી રહ્યા હતા. તેઓ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું હતું.

સાત્યકિ અને દુર્યોધનનું યુદ્ધ

તે સમયે જે યુદ્ધ થઈ રહ્યું હતું, તે બધી રીતે ધર્માનુકૂળ હતું. તે દરમિયાન દુર્યોધન અને સાત્યકિ વચ્ચે ટક્કર થઈ. દુર્યોધન પોતાના વ્યવહારની નિંદા કરીને સાત્યકિને કહેવા લાગ્યો, 'ક્રોધ, લાભ, મોહ અને ક્ષત્રિય આચરણને ધિક્કાર છે, જેના કારણે આજે તમે મારા પર અને હું તમારા પર પ્રહાર કરી રહ્યો છું. આજે આ રણભૂમિમાં આપણે એ બધું ભૂલી ગયા છીએ.'

દુર્યોધનના આ પ્રમાણે કહેવાથી સાત્યકિએ કહ્યું, 'ક્ષત્રિયોનો વ્યવહાર જ એવો છે. તેઓ પોતાના ગુરુ સામે પણ લડે છે. જો તમે મને તમારો પ્રિય માનતા હો તો મને જલદી મારી નાખો, વિલંબ ન કરો. હું જીવતો રહીને મારા મિત્રોની આપત્તિને જોવા ઇચ્છતો નથી.' આ પ્રમાણે ઉત્તર આપીને સાત્યકિ પોતાના પ્રાણોની પરવા ન કરતાં દુર્યોધનનો સામનો કરવા આવી ગયો. તેઓ એકબીજા પર બાણવૃષ્ટિ કરવા લાગ્યા. પછી બંનેનું ભયંકર યુદ્ધ શરૂ થયું. ત્યાં સાત્યકિનું પલડું ભારે જોઈને કર્ણ દુર્યોધનની રક્ષા માટે દોડી આવ્યા. ભીમથી આ સહન ન થયું. તેઓ પણ બાણોની વૃષ્ટિ કરતા ત્યાં આવી પહોંચ્યા. કર્ણે તીક્ષ્ણ બાણ મારીને ભીમનું ધનુષ્ય અને બાણ કાપી નાખ્યા. ત્યારે ભીમના ક્રોધનો પાર ન રહ્યો. તેમણે ગદા લઈને શત્રુના ધનુષ્ય, સારથિ અને રથનાં પૈડાનો નાશ કરી નાખ્યો. ભીમ કોપાયમાન થઈને કર્ણ સાથે યુદ્ધ કરવા લાગ્યા. બીજી બાજુ દ્રોણાચાર્ય ધૃષ્ટદ્યુમ્ન વગેરે પાંચાલોને પીડવા લાગ્યા.

કુંતીના પુત્રોને ભયભીત જોઈને ભગવાન શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા, 'પાંડવો! દ્રોણાચાર્ય ધનુર્ધારીઓમાં સર્વશ્રેષ્ઠ છે, તેમના હાથમાં ધનુષ્ય હોય ત્યારે ઇન્દ્રાદિ દેવતાઓ પણ એમને જીતી શકતા નથી. જ્યારે તેઓ હથિયાર નાખી દે ત્યારે જ કોઈ મનુષ્ય તેમનો વધ કરી શકે છે. મને લાગે છે કે અશ્વત્થામાના મરાઈ ગયા પછી તેઓ યુદ્ધ નહિ કરે. તેથી કોઈ જઈને તેમને અશ્વત્થામાના મૃત્યુના સમાચાર કહી સંભળાવે.'

અર્જુનને આ વાત બિલકુલ પસંદ ન આવી. પરંતુ બીજા બધાને ગમી ગઈ. માલવાના રાજા ઇન્દ્રવર્મા પાસે એક હાથી હતો, તેનું નામ અશ્વત્થામા હતું. ભીમે તેને ગદાથી મારી નાખ્યો અને દ્રોણાચાર્યની સામે જઈને જોરજોરથી બૂમો પાડવા લાગ્યા, 'અશ્વત્થામા માર્યો ગયો.' મનમાં તે હાથીને રાખીને ભીમે આ મિથ્યા વાત ફેલાવી દીધી.

તે અપ્રિય વચનને સાંભળીને આચાર્યનું શરીર શિથિલ થઈ ગયું. તેઓ પોતાના પુત્રના બળને જાણતા હતા, તેથી તેમને શંકા થઈ કે આ વાત અસત્ય છે. પછી ધૈર્ય ગુમાવ્યા વિના તેમણે ધૃષ્ટદ્યુમ્ન પર હુમલો કર્યો અને તેના પર બાણોની વર્ષા કરી. એ જોઈને પાંચાલવીરોએ ચારે બાજુથી બાણોની ઝડી વરસાવીને દ્રોણાચાર્યને ઢાંકી દીધા. દ્રોણે તેમનાં બાણોનો નાશ કરીને તેમનો જ સંહાર કરવા બ્રહ્માસ્ત્ર પ્રગટ કર્યું.

આ પ્રમાણે દ્રોણાચાર્યને ક્ષત્રિયોનો નાશ કરવા માટે તત્પર થયેલા જોઈને સપ્તર્ષિ તેમને બ્રહ્મલોકમાં લઈ જવા માટે ત્યાં પધાર્યા. તેઓએ

દ્રોણાચાર્યને કહ્યું, 'દ્રોણ! હથિયાર મૂકી દો અને અહીં ઊભા રહીને અમારી સામે જુઓ. અત્યાર સુધી તમે અધર્મથી યુદ્ધ કર્યું છે, હવે તમારા મૃત્યુનો સમય આવ્યો છે. જે લોકો બ્રહ્માસ્ત્ર જાણતા ન હતા તેમને પણ તમે તે અસ્ત્રથી બાળી નાખ્યા છે. તમારું આ કાર્ય નિકૃષ્ટ રહ્યું. ફેંકી દો આ અસ્ત્ર-શસ્ત્રોને, હવે ફરીથી આવું પાપકર્મ ન કરો.'

આચાર્યે સપ્તર્ષિની વાત સાંભળી. ભીમના કથન પર વિચાર કર્યો અને ધૃષ્ટદ્યુમ્નને સામે જોયો. આ બધાં કારણોથી તેઓ બહુ ઉદાસ થઈ ગયા. હવે તેમને અશ્વત્થામાના મૃત્યુ વિશે શંકા થઈ. તેઓ વ્યથિત થઈને યુધિષ્ઠિરને પૂછવા લાગ્યા, 'ખરેખર મારો પુત્ર માર્યો ગયો છે?' દ્રોણની ખાતરી હતી કે યુધિષ્ઠિર ત્રણે લોકના રાજ્ય માટે પણ કોઈ રીતે અસત્ય નહિ બોલે. તેમની સચ્ચાઈમાં આચાર્યને વિશ્વાસ હતો.

અહીં ભગવાન શ્રીકૃષ્ણે ધર્મરાજને કહ્યું, 'જો દ્રોણ ક્રોધિત થઈને હજી યુદ્ધ કરશે તો તમારી સેનાનો સર્વનાશ થઈ જશે. તેથી તમે દ્રોણથી અમને બચાવો. બીજાની પ્રાણરક્ષા માટે જો અસત્ય બોલવું પડે, તો તેનાથી બોલનારને પાપ લાગતું નથી.'

ભીમ બોલી ઊઠ્યા, 'દ્રોણના વધનો ઉપાય સાંભળીને મેં તમારી સેનામાં અશ્વત્થામા નામના હાથીને મારી નાખ્યો છે. ત્યારબાદ દ્રોણને જઈને મેં કહ્યું છે, 'અશ્વત્થામા માર્યો ગયો.' તેમણે મારી વાત પર વિશ્વાસ ન કર્યો, તેથી તમને પૂછે છે. તેથી તમે શ્રીકૃષ્ણની વાત માનીને દ્રોણને કહી દો કે 'અશ્વત્થામા માર્યો ગયો.' તમારા કહ્યા પછી તેઓ યુદ્ધ નહિ કરે, કેમ કે તમે સત્યવાદી છો.'

ભીમની વાત સાંભળીને શ્રીકૃષ્ણની પ્રેરણાથી ધર્મરાજ એ પ્રમાણે કહેવા તૈયાર થઈ ગયા. તેઓ દ્રોણાચાર્યને 'અશ્વત્થામા મરાઈ ગયો' એ વાક્ય ઊંચા અવાજે કહીને ધીરેથી બોલ્યા 'પરંતુ હાથી.' દ્રોણાચાર્ય યુધિષ્ઠિરના મુખેથી આ વાત સાંભળીને પુત્રશોકથી પીડિત થઈને ઋષિઓના કહ્યા અનુસાર પોતાને પાંડવોના અપરાધી માનવા લાગ્યા. અને પોતાના રથમાં બેસી ગયા. અને ધ્યાનસ્થ થઈ ગયા.

આચાર્ય દ્રોણનો વધ

ધૃષ્ટદ્યુમ્નએ જોયું કે આચાર્ય દ્રોણ ઘણા જ દુઃખી છે, ત્યારે તેણે તે અવસરનો લાભ લેવા માટે તેમના પર આક્રમણ કર્યું. ધૃષ્ટદ્યુમ્નને વિજય અપાવનારું સુદૃઢ ધનુષ્ય હાથમાં લઈને તેના પર અગ્નિ જેવું તેજસ્વી

બાણ મૂક્યું. એ જોઈને દ્રોણે તેને રોકવા માટે આંગિરસ નામનું ધનુષ્ય અને બ્રહ્મદંડ જેવાં અનેક બાણ હાથમાં લીધાં. પછી તે બાણોની વર્ષાથી તેમણે ધૃષ્ટદ્યુમ્નને ઘાયલ કરી નાખ્યો અને તેના સારથિને પણ મારી નાખ્યો. ત્યારે ધૃષ્ટદ્યુમ્ને આચાર્યની છાતીમાં અણીદાર બાણ માર્યું. તેના પ્રહારથી તેમને ચક્કર આવી ગયા. આચાર્યે પોતાના શિષ્ય ધૃષ્ટદ્યુમ્નનો વધ કરવાની ઇચ્છાથી એક ઉત્તમ બાણ ધનુષ્ય પર મૂક્યું. સાત્યકિ આ જોઈ રહ્યો હતો. તેણે દુર્યોધન અને કર્ણની સામે જ આચાર્યના તે અસ્ત્રને કાપી નાખ્યું અને ધૃષ્ટદ્યુમ્નને દ્રોણની ચુંગાલમાંથી બચાવી લીધો.

તે સમયે સાત્યકિ દ્રોણ, કર્ણ અને કૃપાચાર્યની વચ્ચે બેધડક ફરી રહ્યો હતો. તેની હિંમત જોઈને શ્રીકૃષ્ણ અને અર્જુન તેની પ્રશંસા કરવા લાગ્યા. જ્યારે સાત્યકિએ દ્રોણાચાર્યનું બાણ કાપી નાખ્યું ત્યારે દુર્યોધન, કૃપાચાર્ય તથા કર્ણ વગેરે મહારથીઓ ચિડાયા અને સાત્યકિને તીક્ષ્ણ બાણ મારવા લાગ્યા. એ જોઈને ધર્મરાજ યુધિષ્ઠિર, નકુલ, સહદેવ અને ભીમ ત્યાં આવી ગયા તથા સાત્યકિની ચારે બાજુ ઊભા રહીને તેની રક્ષા કરવા લાગ્યા.

તે સમયે ધર્મરાજ પોતાના પક્ષના ક્ષત્રિયોને કહ્યું, 'પૂરી શક્તિ સાથે દ્રોણાચાર્ય પર હુમલો કરો.' ધૃષ્ટદ્યુમ્ન એકલો જ દ્રોણ સાથે ટક્કર લઈ રહ્યો છે અને પોતાની પૂરી શક્તિથી તેમનો નાશ કરી રહ્યો છે. હવે તમે લોકો પણ એકસાથે તેમના પર તૂટી પડો.' યુધિષ્ઠિરની આજ્ઞા મળતાં જ સૃંજય મહારથીઓ દ્રોણને મારી નાખવાની ઇચ્છાથી આગળ વધ્યા. એટલામાં ધૃષ્ટદ્યુમ્નની સેનાએ તેમને ચારે બાજુથી ઘેરી લીધા. તે સમયે ધૃષ્ટદ્યુમ્ન રથ વિના જ ઊભો હતો. તેને આ સ્થિતિમાં જોઈને ભીમ તેમની પાસે ગયા અને પોતાના રથમાં બેસાડીને બોલ્યા, 'તમારા સિવાય બીજો કોઈ યોદ્ધો એવો નથી, જે આચાર્ય સાથે ટક્કર લેવાની હિંમત કરે, આમને મારવાનો ભાર પણ તમારા જ ઉપર છે.'

ભીમની વાત સાંભળીને ધૃષ્ટદ્યુમ્ને એક ધનુષ્ય હાથમાં લીધું અને દ્રોણને પાછા હઠાવવાની ઇચ્છાથી તેમના પર બાણવર્ષાનો આરંભ કર્યો. પછી બંને ક્રોધિત થઈને એકબીજા પર બ્રહ્માસ્ત્ર વગેરે દિવ્યાસ્ત્રોનો પ્રહાર કરવા લાગ્યા. આચાર્યના અસ્ત્રોને કાપીને તેમની રક્ષા કરનારા કૌરવ યોદ્ધાઓને ધૃષ્ટદ્યુમ્ને ઘાયલ કરી દીધા. ત્યારે દ્રોણે તેનું ધનુષ્ય કાપી નાખ્યું તથા તીક્ષ્ણ સાયકોથી તેનાં મર્મસ્થાનોને વીંધી નાખ્યાં.

ધૃષ્ટદ્યુમ્નને આનાથી ભારે વેદના થઈ.

હવે ભીમથી રહેવાયું નહિ. તેઓ આચાર્યના રથ પાસે જઈ તેને અડીને ધીમેથી બોલ્યો, 'જો બ્રાહ્મણ પોતાનું કર્મ છોડીને યુદ્ધ ન કરત તો ક્ષત્રિયોનો ભીષણ સંહાર ન થાત. જેના માટે તમે હથિયાર ઉપાડ્યું, જેનું મોઢું જોઈને જીવી રહ્યા છો, તે અશ્વત્થામા તો તમારાથી દૂર મરાયેલો પડ્યો છે. તેની તમને જાણ સુધ્ધાં કરાઈ નથી.'

ભીમની વાત સાંભળીને દ્રોણાચાર્યે ધનુષ્ય નીચે નાખી દીધું અને પોતાના પક્ષના યોદ્ધાઓને પોકારીને કહ્યું, 'કર્ણ! કૃપાચાર્ય! દુર્યોધન! હવે તમે સ્વયં યુદ્ધ માટે પ્રયત્ન કરો - આ જ મારું તમને વારંવાર કહેવાનું છે. હવે હું અસ્ત્રોનો ત્યાગ કરું છું.' આમ કહીને તેમણે 'અશ્વત્થામા'નું નામ લઈને પોકાર કર્યો. પછી બધાં અસ્ત્ર-શસ્ત્રોને ફેંકી દઈને તેઓ રથના પાછળના ભાગમાં બેસી ગયા અને સંપૂર્ણ પ્રાણીઓને અભયદાન આપીને ધ્યાનમગ્ન થઈ ગયા.

ધૃષ્ટદ્યુમ્ને ધનુષ્ય અને બાણ મૂકી દીધાં અને તલવાર હાથમાં લઈને દ્રોણની પાસે પહોંચી ગયો. ધૃષ્ટદ્યુમ્ને દ્રોણના શરીર પર હાથ અડકાવ્યો. તેમના શરીરમાં ચેતના ન હતી, તેઓ કશું બોલતા પણ ન હતા. આવી અવસ્થામાં ધૃષ્ટદ્યુમ્ને- અને તલવારથી તેમનું મસ્તક કાપી નાખ્યું. પછી આનંદમાં આવીને સિંહનાદ કરવા લાગ્યો.

અર્જુન પોકારી પોકારીને કહેતા જ રહ્યા કે, 'દ્રુપદકુમાર! આચાર્યનો વધ ન કરો, એમને જીવતા જ ઉઠાવીને લઈ જાઓ.' પરંતુ તેણે ન સાંભળ્યું. કૌરવસૈનિકો 'મારશો નહિ, મારશો નહિ'નું રટણ કરતા જ રહી ગયા. પરંતુ ધૃષ્ટદ્યુમ્ને આચાર્ય દ્રોણનો વધ કરી જ નાખ્યો.

આ રીતે દ્રોણના સેનાપતિ પદે અગિયારમાં દિવસથી પંદરમાં દિવસ સુધી યુદ્ધ થયું અને દ્રોણાચાર્ય મરાયા.

પિતાનું મૃત્યુ સાંભળીને અશ્વત્થામાનો કોપ

આચાર્ય દ્રોણના માર્યા જવાથી કૌરવોને ભારે શોક થયો. દુઃશાસન પણ આચાર્યના મૃત્યુથી ગભરાઈ ગયો હતો, તેથી તે પણ હાથીઓની સેના લઈને ભાગી ગયો. સુશર્મા પણ પલાયન થઈ ગયો. આ પ્રમાણે જ્યારે કૌરવસેના ભયભીત થઈને ભાગી રહી હતી તે સમયે અશ્વત્થામાએ દુર્યોધન પાસે જઈને પૂછ્યું, 'તમારી આ સેના ભયભીત થઈને ભાગી કેમ રહી છે? તમે તેને રોકવાનો પ્રયત્ન કેમ કરતા નથી? અગાઉ પણ ઘણી

વાર ભયાનક યુદ્ધ થયાં છે, પરંતુ સેનાની આવી હાલત ક્યારેય થઈ નથી. જણાવો, કયા મહારથીનું મૃત્યુ થયું છે, જેના કારણે તમારી સેનાની આવી દશા થઈ ગઈ?'

અશ્વત્થામાનો પ્રશ્ન સાંભળીને પણ દુર્યોધન તે અપ્રિય સમાચાર મોઢેથી કહી ન શક્યો. માત્ર આંસુ સારતો રહ્યો. ત્યારબાદ કૃપાચાર્યને કહ્યું, 'તમે જ સૈન્યના ભાગી જવાનું કારણ કહો.'

ત્યારે કૃપાચાર્યએ અશ્વત્થામાને દ્રોણના માર્યા જવાના સમાચાર કહ્યા. તેમણે કહ્યું, 'અમે લોકો આચાર્યની આગેવાનીમાં પાંચાલ રાજાઓ સાથે યુદ્ધ કરી રહ્યા હતા. તે યુદ્ધમાં જ્યારે અનેક કૌરવ યોદ્ધાઓ મરાઈ ગયા ત્યારે તમારા પિતાએ ક્રોધિત થઈને બ્રહ્માસ્ત્ર પ્રગટ કર્યું અને તેનાથી હજારો શત્રુઓને સાફ કરી નાખ્યા. તેમને દ્રોણના બાણોથી પીડિત જોઈને પાંડવોનો વિજય ઇચ્છનારા શ્રીકૃષ્ણે કહ્યું, 'આ આચાર્ય દ્રોણને મનુષ્યો ક્યારેય જીતી શકે એમ નથી, બીજાઓની તો વાત શી છે, ઇન્દ્ર પણ એમને પરાસ્ત કરી શકે એમ નથી. મારો એવો વિશ્વાસ છે કે અશ્વત્થામા મરાઈ ગયા પછી આચાર્ય યુદ્ધ કરશે નહિ, તેથી કોઈ જઈને તેમને અશ્વત્થામાના મૃત્યુના જૂઠા સમાચાર કહી દે.' આ વાત બીજા બધાએ તો માની લીધી, પરંતુ અર્જુનને પસંદ ન આવી. ભીમે દ્રોણાચાર્યની પાસે જઈને કહ્યું, 'અશ્વત્થામા માર્યો ગયો.' પરંતુ તેમણે ભીમની વાત પર વિશ્વાસ ન કર્યો. તે દરમિયાન ભીમે ઇન્દ્રવર્માના હાથી અશ્વત્થામાને ગદાથી મારી નાખ્યો. દ્રોણે સાચી વાત જાણવા માટે રાજા યુધિષ્ઠિરને પૂછ્યું, 'અશ્વત્થામા માર્યો ગયો કે નહિ?' મિથ્યા બોલવામાં કેટલો દોષ છે તે જાણતાં છતાં પણ યુધિષ્ઠિરે કહી દીધું - 'અશ્વત્થામા માર્યો ગયો, પરંતુ હાથી' છેલ્લું વાક્ય તેઓ ધીમેથી બોલ્યા. જેથી તમારા પિતા સાંભળી ન શક્યા. હવે તેમને 'તમો માર્યા ગયા છો' એવો વિશ્વાસ થઈ ગયો. તેઓ સંતાપથી પીડાવા લાગ્યા. તેમણે દિવ્યાસ્ત્રોનો ત્યાગ કરી દીધો. ધૃષ્ટદ્યુમ્ને તેમનું મસ્તક ધડથી અલગ કરી દીધું. બધા યોદ્ધાઓ પોકારી રહ્યા હતા. 'મારો નહિ, મારો નહિ.' અર્જુન તો રથમાંથી ઊતરીને તેની પાછળ દોડ્યા અને વારંવાર કહેવા લાગ્યા, 'આચાર્યને જીવતા જ ઉપાડીને લઈ આવો, મારશો નહિ.' આ પ્રમાણે ધૃષ્ટદ્યુમ્ને તમારા પિતાને મારી જ નાખ્યા. તેમના માર્યા જવાથી અમારો ઉત્સાહ ચાલ્યો ગયો, તેથી બધા ભાગી રહ્યા છે.

પાપી ધૃષ્ટદ્યુમ્ને મારા પિતાને કપટથી માર્યા છે એવું સાંભળીને અશ્વત્થામા આંસુ સારવા લાગ્યો. વારંવાર આંસુ લૂછતો રહીને તેણે દુર્યોધનને કહ્યું, 'મારા પિતાએ હથિયાર ફેંકી દીધાં હતાં, છતાં પણ તેઓએ તેમને મરાવી નાખ્યા. આજે હું મારા સત્યના સોગંદ લઈને કહું છું કે સંપૂર્ણ પાંચાલોનો સંહાર કર્યા વિના હું કદાપિ જીવિત રહીશ નહિ. સંસારમાં મારા અથવા અર્જુનથી વધીને બીજો કોઈ અસ્ત્રવેત્તા નથી. હું એક એવું અસ્ત્ર જાણું છું, જેને ન કૃષ્ણ જાણે છે, ન અર્જુન. મારા પિતાએ ભગવાન નારાયણને નમસ્કાર કરીને એમની વિધિવત પૂજા કરી હતી. ભગવાને તેમની પૂજાનો સ્વીકાર કર્યો અને વરદાન માગવા કહ્યું. પિતાએ તેમની પાસે નારાયણાસ્ત્રની યાચના કરી. ત્યારે ભગવાન બોલ્યા, 'હું આ અસ્ત્ર તમને આપું છું. હવે યુદ્ધમાં તમારો સામનો કોઈ કરી શકશે નહિ.' આમ કહીને તેમણે અસ્ત્ર આપ્યું અને મારા પિતાએ એને ગ્રહણ કરીને મને પણ શિખવાડી દીધું હતું. ભગવાને અસ્ત્ર આપતાં એમ પણ કહ્યું હતું કે, 'તમે આ અસ્ત્રથી અનેક પ્રકારનાં દિવ્યાસ્ત્રોનો નાશ કરી શકશો અને યુદ્ધમાં ભારે તેજસ્વી દેખાશો.' આમ કહીને ભગવાન અંતર્ધાન થઈ ગયા. પાંડવોને અપમાનિત કરીને મારા શત્રુઓનો નાશ કરી નાખીશ અને ધૃષ્ટદ્યુમ્નને પણ આજે જીવતો છોડીશ નહિ.

અશ્વત્થામાની વાત સાંભળીને કૌરવોની ભાગી રહેલી સેના પાછી ફરી. બધા મહારથીઓ શંખનાદ કરવા લાગ્યા. મેઘના જેવા ગંભીર અવાજને સાંભળીને પાંડવ મહારથીઓ એકત્ર થઈને પરામર્શ કરવા લાગ્યા. દરમિયાન અશ્વત્થામાએ આચમન કરીને દિવ્ય નારાયણાસ્ત્રને પ્રગટ કર્યું.

અર્જુન દ્વારા યુધિષ્ઠિરને ઠપકો અને ભીમનો ક્રોધ

નારાયણાસ્ત્રના પ્રગટ થતાં જ પવનના સૂસવાટા શરૂ થઈ ગયા. તે ઘોર અસ્ત્રને જોઈને દેવતા, દાનવ અને ગંધર્વો પર ભારે આતંક છવાઈ ગયો. બધા રાજાઓ ભયથી ધ્રૂજવા લાગ્યા.

કૌરવસેનાનો ભીષણ નાદ સાંભળીને યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું, 'ધૃષ્ટદ્યુમ્ન દ્વારા આચાર્ય દ્રોણના મરાઈ જવાથી કૌરવોએ બહુ ઉદાસ થઈને વિજયની આશા છોડી દીધી હતી. એવું લાગે છે કે જાણે દ્રોણના માર્યા જવાથી કૌરવોનો પક્ષ લઈ સાક્ષાત ઈન્દ્ર યુદ્ધ કરવા આવી રહ્યા છે. તેમનો નાદ સાંભળીને આપણા રથીઓ ગભરાઈ ગયા છે. આ કોણ

મહારથી છે જે સેનાને યુદ્ધ માટે પાછી લાવી રહ્યો છે?'

અર્જુન બોલ્યા, જે વીરે જન્મતાં જ હણહણવાનું શરૂ કર્યું હતું. જેના અવાજથી પૃથ્વી હાલી ઊઠી હતી અને ત્રણે લોક ભયભીત થઈ ગાય હતા; આ તે શૂરવીર અશ્વત્થામા છે. તે જ સિંહનાદ કરી રહ્યો છે.

આચાર્યએ પોતાના શસ્ત્ર નાખી દીધાં હતાં અને મુનિવ્રત લઈને બેઠાં હતા. આવી સ્થિતિમાં રાજ્યને માટે તેમની હત્યા કરાવીને હવે હું જીવવા કરતાં મરી જવું જ શ્રેષ્ઠ માનું છું.

અર્જુનની વાત સાંભળીને ત્યાં જેટલા મહારથી બેઠા હતા તે બધા ચૂપ રહી ગયા. ત્યારે ભીમ ક્રોધિત થઈને બોલ્યા, 'તમે બધા ભાઈઓ સાથે અહીં ઊભા રહો, હું એકલો જ હાથમાં ગદા લઈને શત્રુઓને પરાસ્ત કરીશ.'

ભીમના આ પ્રમાણે કહેવાથી ધૃષ્ટદ્યુમ્ન બોલ્યો, 'અર્જુન! ન તો તમારા મોટા ભાઈ અસત્યવાદી છે અને ન હું પાપી. દ્રોણાચાર્ય પોતાના જ અપરાધના કારણે માર્યા ગયા છે, તેથી ચાલો હવે યુદ્ધ કરો.'

તે સમયે અર્જુને દ્રુપદકુમાર તરફ ત્રાંસી નજરે જોયું અને આંસુ વહાવતા શ્વાસ લઈને બોલ્યા, 'ધિક્કાર છે! ધિક્કાર છે!' માત્ર સાત્યકિથી કહેવાયું નહિ, તે બોલી ઊઠ્યો, 'તું હત્યારો છે, તને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું છે, તેથી લોકો તને જોઈને પ્રાયશ્ચિત કરવા માટે સૂર્યનારાયણના દર્શન કરે છે. ઊભો રહે, મારી ગદાનો એક પ્રહાર સહી લે, હું પણ તારી ગદાના અનેક પ્રહાર સહીશ.'

આ પ્રમાણે જ્યારે સાત્યકિએ દ્રુપદકુમારનો તિરસ્કાર કર્યો. ત્યારે તેણે પણ ક્રોધિત થઈને કહ્યું, 'સાંભળી લીધી તારી વાત, અને એના માટે તને ક્ષમા પણ કરું છું. હવે ચૂપ રહે, હવે પછી આવી વાત મોઢેથી બોલીશ નહિ, નહિ તો બાણોથી મારીને હમણાં જ તને યમલોક મોકલી દઈશ. ચૂપચાપ યુદ્ધ કર, કૌરવોની સાથે જ પ્રેતલોકમાં જવાનો ઉપાય ન કર.'

ધૃષ્ટદ્યુમ્નના આવા કઠોર વચન સાંભળીને સાત્યકિ ગુસ્સે થઈ ગયો. હાથમાં ગદા લઈને તે દ્રુપદકુમારની સામે જઈ પહોંચ્યો અને બોલ્યો, 'હવે હું તને કોઈ કઠોર વાત ન કહેતાં તને મારી નાખીશ, કેમ કે તું એને લાયક છે.' આ પ્રમાણે સાત્યકિને ધૃષ્ટદ્યુમ્ન પર ત્રાટકતો જોઈને શ્રીકૃષ્ણના ઇશારાથી ભીમ પોતાના રથમાંથી કૂદી પડ્યા અને સાત્યકિને રોક્યો, પરંતુ તે બળપૂર્વક આગળ વધી ગયો. ભીમે દોડીને સાત્યકિને

પકડ્યો અને તેમ કરીને રોક્યો. એટલામાં જ સહદેવ પણ પોતાના રથમાંથી કૂદીને ત્યાં આવી પહોંચ્યો અને બોલ્યો, 'મિત્રધર્મનો ખ્યાલ કરીને પોતાના ક્રોધને રોકો. તમે ધૃષ્ટદ્યુમ્નના અપરાધને ક્ષમા કરો અને ધૃષ્ટદ્યુમ્ન તમારા.'

જ્યારે સહદેવ સાત્યકિને શાંત કરી રહ્યા ત્યારે ધૃષ્ટદ્યુમ્ને કહ્યું, 'ભીમ, છોડી દો સાત્યકિને. એ યુદ્ધના નશામાં મદમસ્ત થઈ ગયો છે. હમણાં જ તીક્ષ્ણ બાણોથી તેનો બધો નશો ઉતારી દઉં છું અને તેની જીવનલીલા પણ સમાપ્ત કરી દઉં છું.'

તેની વાત સાંભળીને સાત્યકિ ભીમની ભુજાઓમાંથી નીકળવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એ જોઈને શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે આવી ગયા અને બંનેને શાંત કર્યાં. તે બંને વીરોને આપસમાં લડતા બંધ કરીને પાંડવપક્ષના ક્ષત્રિય યોદ્ધાઓ શત્રુઓનો સામનો કરવા યુદ્ધભૂમિમાં આવી પહોંચ્યા.

શ્રીકૃષ્ણે બતાવેલા ઉપાયથી નારાયણાસ્ત્રનું નિવારણ

ત્યારપછી અશ્વત્થામાએ દુર્યોધનને પુનઃ પોતાની પ્રતિજ્ઞા કહી સંભળાવી, 'યુધિષ્ઠિરે યુદ્ધ કરતા રહીને આચાર્યને અસત્ય વાત કહીને તેમને શસ્ત્ર ત્યાગવા વિવશ કર્યા, તેથી આજે તેમની નજર સામે જ તેમની સેનાને મારી ભગાવીશ અને ધૃષ્ટદ્યુમ્નને પણ મારી નાખીશ.' આ મારી સાચી પ્રતિજ્ઞા છે, તેથી તમે સેનાને પાછી બોલાવી લો.'

તેની વાત સાંભળીને દુર્યોધને સેનાને પાછી વાળી અને ભયનો ત્યાગ કરીને મોટેથી સિંહનાદ કર્યો. પછી કૌરવ અને પાંડવોમાં યુદ્ધ શરૂ થયું. એ જ સમયે અશ્વત્થામાએ પાંડવો અને પાંચાલોની સેનાને લક્ષ્ય બનાવીને નારાયણાસ્ત્રનો પ્રયોગ કર્યો. પાંડવ મહારથીઓ જેમ જેમ યુદ્ધ કરતા તેમ તેમ અસ્ત્રનું જોર વધતું જતું હતું. આ સંહાર જોઈને ધર્મરાજને બહુ ભય લાગ્યો.

તે સમયે શ્રીકૃષ્ણે બધાને રોકીને કહ્યું, 'યોદ્ધાઓ! હથિયાર તરત જ નીચે નાખી દો અને વાહનો પરથી ઊતરી જાઓ. નારાયણાસ્ત્રને શાંત કરવાનો આ જ ઉપાય છે. જમીન પર ઊભેલા અસ્ત્ર વિનાના લોકોને આ અસ્ત્ર મારશે નહિ. જે યોદ્ધા આ અસ્ત્રનો સામનો કરવાનો વિચાર કરશે તેમને આ અસ્ત્ર માર્યા વિના છોડશે નહિ.'

ભગવાન શ્રીકૃષ્ણની વાત સાંભળીને બધા યોદ્ધાઓ શસ્ત્ર ત્યાગી ઊભા રહી ગયા.

તરત જ નારાયણાસ્ત્ર શાંત થઈ ગયું. આ પ્રમાણે તે અસહ્ય તેજ શાંત થઈ જતા બધી દિશાઓ સાફ થઈ ગઈ. પાંડવોની જે સેના મૃત્યુથી ઊગરી ગઈ હતી, તે હવે હર્ષનાદ કરવા લાગી. તે સમયે દુર્યોધને દ્રોણપુત્રને કહ્યું, 'અશ્વત્થામા! એકવાર ફરી આ અસ્ત્રનો પ્રયોગ કરો. જુઓ તે પાંચાલોની સેના વિજયની ઇચ્છાથી ફરીથી સંગ્રામભૂમિમાં આવીને ઊભી છે.'

દુર્યોધનના આ પ્રમાણે કહેવાથી અશ્વત્થામા બોલ્યા, 'આ અસ્ત્રનો બીજી વાર પ્રયોગ થઈ શકતો નથી. બીજી વાર પ્રયોગ કરવાથી તે આપણા પર જ આવીને પડે છે. શ્રીકૃષ્ણે આને શાંત કરવાનો ઉપાય બતાવી દીધો, અન્યથા આજે તમામ શત્રુઓનો વધ થઈ જ જવાનો હતો.'

દુર્યોધને કહ્યું, 'ભાઈ! તમારી પાસે અનેક દિવ્યાસ્ત્રો છે, જો મારવા ઇચ્છો તો ક્રોધે ભરાયેલા ઇન્દ્ર પણ તમારાથી બચીને જઈ શકતા નથી.' પિતાના મૃત્યુનું સ્મરણ થઈ જતાં અશ્વત્થામા ફરી ક્રોધ કરીને ધૃષ્ટદ્યુમ્ન તરફ દોડ્યો. સાત્યકિએ તેને આવતો જોયો, ત્યારે ફરીથી તેના રથના ટુકડેટુકડા કરીને તેને મારીને ભગાડી દીધો. તું પાંડવોની અને વૃષ્ણિઓની જેટલી પણ સેના હોય બધીને એકઠી કરી લે, તો પણ હું સોમકોનો સંહાર કરીને જ ઝંપીશ.

આમ કહીને અશ્વત્થામાએ સાત્યકિ પર એક તીક્ષ્ણ બાણ છોડ્યું. તે બાણે સાત્યકિનું કવચ ભેદીને ભારે પ્રહાર કર્યો. લોહીથી લદબદ થઈને તે રથના પાછલા ભાગમાં જઈને બેસી ગયો. એ જોઈને સારથિ તેને અશ્વત્થામાની સામેથી હઠાવીને અન્યત્ર લઈ ગયો.

અશ્વત્થામા દ્વારા આગ્નેયાસ્ત્રનો પ્રયોગ

અશ્વત્થામા સામે કોઈ ટકી શકતું ન હતું. અર્જુને જોયું કે મારી સેના ભાગી રહી છે, ત્યારે દ્રોણપુત્રને જીતવાની ઇચ્છાથી સ્વયં આગળ આવીને તેને રોક્યો. પછી તેઓ સોમક તથા મત્સ્ય રાજાઓની સાથે કૌરવો તરફ પાછા વળ્યા. અર્જુને અશ્વત્થામા તરફ પહોંચીને કહ્યું, 'ધૃષ્ટદ્યુમ્નનો અથવા શ્રીકૃષ્ણ સહિત મારો સામનો કરવા આવી જાઓ, તમે આજકાલ ભારે ઉદ્દંડ થઈ ગયા છો. આજે હું તમારું બધું અભિમાન ઉતારી દઈશ.'

તેમનાં આકરાં વચન સાંભળીને અશ્વત્થામા અર્જુન અને શ્રીકૃષ્ણ પર કોપાયમાન થઈને રથ પર બેસી અને આચમન કરીને તેણે આગ્નેયાસ્ત્ર લીધું. પછી તેને મંત્રોથી અભિમંત્રિત કરીને શત્રુઓને નષ્ટ કરવાના ઉદ્દેશથી તે છોડ્યું. તે છૂટતાં જ આકાશમાંથી અગ્નિવર્ષા થઈ. પાંડવોની સેના તે આગ્નેયાસ્ત્રથી બળી રહી હતી. એ જોઈને દુર્યોધન વિજયની આશાથી આનંદિત થઈને સિંહનાદ કરવા લાગ્યા.

તે સમયે ઘોર અંધકાર છવાઈ ગયો હતો. અર્જુને અશ્વત્થામાના અસ્ત્રોનો નાશ કરવા માટે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. તેના કારણે બધો જ અંધકાર નષ્ટ થઈ ગયો. અજવાળું થતાં ત્યાં એક અદ્‌ભુત ઘટના ઘટી ગઈ. પાંડવોની એક સેના બ્રહ્માસ્ત્રના તેજથી એ રીતે બળી ગઈ કે તેનું કોઈ નામોનિશાન સુધ્ધાં જોવાં ન મળ્યું. પરંતુ શ્રીકૃષ્ણ અને અર્જુનને આંચ સુધ્ધાં આવી નહિ. શ્રીકૃષ્ણ અને અર્જુન પ્રસન્નતાથી શંખનાદ કર્યો.

તે બંને મહાપુરુષોને આગ્નેયાસ્ત્રથી મુક્ત જોઈને અશ્વત્થામા દુઃખી થઈને વિચારતો રહ્યો કે 'આ કેવું આશ્ચર્ય છે?'

પછી પોતાના હાથમાંથી ધનુષ્ય ફેંકીને તે રથમાંથી કૂદી પડ્યો અને 'ધિક્કાર છે! આ બધું જ વ્યર્થ છે!' એવું કહેતો રહીને તે રણભૂમિમાંથી ભાગી ગયો. એટલામાં તેણે ભગવાન વ્યાસને જોયા. તેમનો જોઈને પ્રણામ કર્યા અને કહ્યું, 'શ્રીકૃષ્ણ અને અર્જુન પણ મરણધર્મા મનુષ્ય જ છે, એ બંનેનો વધ કેમ ન થયો? આપ મારા પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર આપો, હું આ બધું સાંભળવા ઇચ્છું છું.'

વ્યાસજી બોલ્યા, 'તું જેના સંબંધમાં આશ્ચર્ય સાથે પ્રશ્ન કરી રહ્યો છે, તે બહુ ગંભીર વિષય છે, પોતાના મનને એકાગ્ર કરીને સાંભળ. શ્રીકૃષ્ણને ભગવાન શંકર પાસેથી વરદાન મળેલું કે, 'મારી કૃપાથી કોઈ પ્રકારનાં શસ્ત્ર, અગ્નિ અને વાયુ કોઈ પણ તમને ઘા પહોંચાડી શકશે નહિ. યુદ્ધભૂમિમાં ગયા પછી તમે મારાથી પણ વધારે બળવાન થઈ જશો.' આ પ્રમાણે શ્રીકૃષ્ણે ભગવાન શંકર પાસેથી અનેક વરદાન પ્રાપ્ત કર્યાં છે. તે જ ભગવાન નારાયણ માયાથી સંસારને મોહિત કરતા રહીને શ્રીકૃષ્ણરૂપે વિચરી રહ્યા છે. નારાયણના તપથી જ મહામુનિ 'નર' પ્રગટ થયા, અર્જુન તેમનો જ અવતાર સમજ.'

વેદવ્યાસજીની વાતો સાંભળીને અશ્વત્થામાએ ભગવાન શંકરને પ્રણામ કર્યા અને શ્રીકૃષ્ણના મહિમાને જાણીને તેમના પ્રતિ મહત્ત્વ-બુદ્ધિ

થઈ ગઈ. તેણે મહર્ષિ વ્યાસને પ્રણામ કર્યા અને સેના તરફ જોઈને તેને છાવણીમાં જવાની આજ્ઞા આપી. બંને પક્ષની સેનાઓ પોતપોતાના શિબિરમાં ચાલી ગઈ.

વ્યાસજી દ્વારા અર્જુનને ભગવાન શંકરના મહિમાનું વર્ણન

તે દિવસનું યુદ્ધ સમાપ્ત થઈ ગયા પછી વેદવ્યાસજી ફરતા ફરતા અર્જુન પાસે આવ્યા. તેમને જોઈને અર્જુને પૂછ્યું, 'જ્યારે હું મારા બાણોથી શત્રુ-સેનાનો સંહાર કરી રહ્યો હતો, તે સમયે જોયું કે એક અગ્નિ જેવા તેજસ્વી પુરુષ મારી આગળ ચાલી રહ્યા છે. તેઓ જ મારા શત્રુઓનો નાશ કરતા હતા પરંતુ લોકો સમજતા હતા કે હું કરી રહ્યો છું. હું તો માત્ર તેમની પાછળ ચાલતો હતો. તે મહાપુરુષ કોણ હતા?'

વ્યાસજી બોલ્યા, 'તમે ભગવાન શંકરના દર્શન કર્યાં છે.' તે સાક્ષાત્ શંકર જ તે તેજસ્વી પુરુષ છે, જે કૃપા કરીને તમારી આગળ ચાલ્યા કરે છે. જો તેઓ ક્રોધિત થઈ જાય તો દેવતા, ગંધર્વ, અસુર અને રાક્ષસો પાતાળમાં છુપાઈ જવા છતાં પણ સુખેથી રહી શકતા નથી.' વ્યાસજી અર્જુનને આ પ્રમાણે કહીને અંતર્ધાન થઈ ગયા.

કર્ણપર્વ

કર્ણના સેનાપતિપદે યુદ્ધનો આરંભ અને ભીમ દ્વારા ક્ષેમધૂર્તિનો વધ

દ્રોણાચાર્યના મરાઈ જવાથી દુર્યોધન વગેરે રાજાઓ બહુ ગભરાઈ ગયા. તેઓ દ્રોણ માટે સંતાપ કરીને અશ્વત્થામા પાસે આવીને બેસી ગયા. પછી સંધ્યાકાળ થતાં પોતપોતાની શિબિરમાં ચાલ્યા ગયા. કર્ણ, દુઃશાસન અને શકુનિએ દુર્યોધનની શિબિરમાં જ તે રાત પસાર કરી. સૂતાં સૂતાં તે ચારેય પાંડવોને આપેલા દુઃખો વિશે મનમાં વિચારી રહ્યા હતા. તેમનું મન ભારે અશાંત થઈ ગયું હતું.

જ્યારે સવાર પડી ત્યારે બધાએ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પોતપોતાના નિત્યકર્મ કર્યાં. પછી પોતાની સેનાને તૈયાર થવાની આજ્ઞા આપી અને યુદ્ધ માટે નીકળી પડ્યા. દુર્યોધને કર્ણનો સેનાપતિપદ પર અભિષેક કર્યો. એ જ પ્રમાણે પાંડવો પણ પ્રાતઃકર્મ સમાપ્ત કરીને યુદ્ધનો નિશ્ચય કરીને શિબિર બહાર નીકળ્યા.

યુદ્ધનો સોળમો દિવસ

મહારાજ કર્ણની સંમતિ જાણીને દુર્યોધને રણભેરી વગડાવી અને સેનાને તૈયાર થઈ જવાની આજ્ઞા આપી. એ સમયે સેનાપતિ કર્ણ એક પ્રકાશમાન રથ પર હતો. કર્ણે શંખનાદ કર્યો અને તેનો અવાજ સાંભળતાં જ યોદ્ધાઓ અધીરા થઈને દોડવા લાગ્યા. આ પ્રમાણે કૌરવોની વિશાળ સેનાને લઈને પાંડવોને જીતવાની ઇચ્છાથી તેણે સેનાનો મકરાકાર વ્યૂહ બનાવીને રણભૂમિ તરફ આગળ વધ્યો.

આ જોઈને યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું, 'હવે આ કર્ણને મારી નાખવાથી જ આપણો વિજય થશે અને મારા હૃદયનો કાંટો પણ નીકળી જશે. તેથી તું તારી ઇચ્છાનુસાર પોતાની સેનાની વ્યૂહરચના કર.'

ભાઈની વાત સાંભળીને અર્જુને પોતાની સેનાનો અર્ધચન્દ્રાકાર વ્યૂહ બનાવ્યો. આ પ્રમાણે કૌરવો અને પાંડવો વ્યૂહ બનાવીને યુદ્ધ માટે તૈયાર થઈ ગયા. કર્ણને વ્યૂહના મોખરે કવચ ધારણ કરીને ઊભેલો જોઈને કૌરવ યોદ્ધાઓ દ્રોણાચાર્યના વિયોગનું દુઃખ ભૂલી ગયા.

ત્યાર પછી કર્ણ અને અર્જુન સામસામા આવીને ઊભા રહી ગયા અને એકબીજા સાથે ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. પછી બંનેએ ધનુષ્ય ઉપાડીને એકબીજાને વીંધવાનો પ્રારંભ કર્યો. તે દરમિયાન ક્ષેમધૂર્તિએ અત્યંત વેગથી તોમરનો પ્રહાર કર્યો અને ભીમની છાતીને છેદી નાખી.

ભીમે ધનુષ્ય ઉપાડી બાણવર્ષા કરીને શત્રુના હાથીને ઘાયલ કર્યો. આના કારણે તે ત્યાંથી ભાગી નીકળ્યો, રોકવા છતાં પણ રોકાયો નહિ. તેણે હાથીને કાબૂમાં લીધો અને ક્રોધિત થઈને ભીમને બાણોથી વીંધી નાખ્યો. આ ઉપરાંત ભીમે હાથીના મર્મસ્થાન પર પ્રહાર કર્યો. હાથી તે પ્રહાર સહી ન શક્યો. તે મૃત્યુ પામીને પૃથ્વી પર પડી ગયો. હાથી જમીન પર પડે તે પહેલાં જ કૂદીને ભીમે જમીન પર આવીને ગદાના પ્રહારથી હાથીને મારી નાખ્યો. ક્ષેમધૂર્તિ પણ હાથી પરથી કૂદીને તલવાર લઈને ભીમ તરફ ઝપટ્યો. આ જોઈને ભીમે તેના પર પ્રહાર કર્યો. ગદાના પ્રહારથી તેના પ્રાણ નીકળી ગયા. તેને મરાઈ ગયેલો જોઈને કૌરવસેના વ્યથિત થઈને રણભૂમિમાંથી ભાગવા લાગી.

વિન્દ-અનુવિન્દ અને ચિત્રસેન તથા ચિત્રનો વધ

ત્યારપછી કર્ણે પોતાનાં તીક્ષ્ણ બાણોથી પાંડવસેનાનો સંહાર શરૂ કર્યો. તેના નારાચોના પ્રહારથી ઘાયલ હાથીઓ ચિત્કાર કરીને ચારે બાજુ ભાગવા લાગ્યા. આ જોઈને કર્ણ પર નકુલે હુમલો કર્યો. બીજી બાજુ અશ્વત્થામા અને ભીમ એકબીજાનો સામનો કરી રહ્યા હતા. કેકયદેશના વિન્દ અને અનુવિન્દને સાત્યકિએ રોક્યા. શ્રુતકર્માએ ચિત્રસેનનો મુકાબલો કર્યો. દુર્યોધન રાજા યુધિષ્ઠિર સાથે લડવા લાગ્યો. અને ક્રોધમાં ભરાયેલા સંશપ્તકો પર અર્જુને હુમલો કર્યો. ધૃષ્ટદ્યુમ્ન કૃપાચાર્યની સાથે શિખંડી કૃતવર્મા સાથે શ્રુતકીર્તિ શલ્ય અને સહદેવનું દુઃશાસન સાથે યુદ્ધ થવા લાગ્યું.

સાત્યકિના ક્રોધની સીમા ન રહેતા તેને ધનુષ્ય લઈને તેના પર

પ્રત્યંચા ચડાવી અનુવિન્દનું મસ્તક છેદી નાખ્યું. પોતાના ભાઈને મરાઈ ગયેલો જોઈને વિન્દે બાણોથી સાત્યકિને ઘાયલ કર્યો. બંને મહારથીઓ એકબીજાના ધનુષ્ય કાપીને તેમના ઘોડા અને સારથિને મારી નાખ્યા. આ પ્રમાણે તેઓ રથહીન થઈ ગયા. સાત્યકિએ તલવારથી વિન્દ પર પ્રહાર કરતા તેના શરીરના બે ટુકડા થઈ ગયા. વિન્દ પ્રાણહીન થઈને પૃથ્વી પર પડી ગયો.

ત્યારપછી શ્રુતવર્માએ ક્રોધિત થઈને રાજા ચિત્રસેનને બાણ મારીને ઘાયલ કર્યા. તે પ્રહારના ઊંડા ઘાથી ચિત્રસેનને મૂર્છા આવી ગઈ. થોડીવાર પછી જ્યારે તે ભાનમાં આવ્યો ત્યારે તેણે ભલ્લ મારીને શ્રુતવર્મા પર બાણવર્ષા કરી. પછી શ્રુતવર્માએ અણીદાર ભાલાથી ચિત્રસેનનું મસ્તક કાપી નાખ્યું. આ રીતે રાજા ચિત્રસેન પ્રાણહીન થયા. આ જોઈને તેના સૈનિકો શ્રુતવર્મા પર તૂટી પડ્યા.

બીજી બાજુ પ્રતિવિન્ધ્યે ચિત્રને બાણોથી ઘાયલ કર્યો. પછી ચિત્રે પણ પ્રતિવિન્ધ્ય પર એક ભયંકર શક્તિનો પ્રહાર કર્યો. તે શક્તિ પ્રતિવિન્ધ્યની ભુજામાં ઘા કરીને જમીન પર જઈને પડી. તેણે ચિત્રને મારી નાખવાના ઈરાદાથી તોમરનો પ્રહાર કર્યો. તે તોમર તેની છાતી અને કવચને છેદીને જમીનમાં ઘૂસી ગયું. રાજા ચિત્ર પોતાની ભુજાઓ ફેલાવીને જમીન પર ઢળી પડ્યો.

ચિત્રને મરાઈ ગયેલો જોઈને કૌરવ સૈનિકોએ વેગપૂર્વક પ્રતિવિન્ધ્ય પર હુમલો કર્યો, પરંતુ તેણે પોતાના સાયકોની વર્ષા કરીને તે બધાને ભગાડી દીધા. તે સમયે કૌરવસેનાના બધા યોદ્ધાઓ ભાગી રહ્યા હતા, માત્ર અશ્વત્થામા જ ભીમનો સામનો કરવા માટે આગળ વધ્યો. પછી તે બંને વચ્ચે ઘમાસાણ યુદ્ધ શરૂ થયું. તેઓ બાણોની વર્ષા કરીને એકબીજાને ઢાંકી દેતા હતા. બંનેએ એકબીજાના સારથિ અને ઘોડાઓને વીંધી નાખ્યા. પછી એકબીજાને બાણોથી ઘાયલ કરવા લાગ્યા. ત્યારે પોતપોતાના રથ પાછળના ભાગમાં પડી ગયા. અશ્વત્થામાનો સારથિ તેને મૂર્છિત સમજીને રણભૂમિથી દૂર હઠાવી લઈ ગયો. ભીમના સારથિએ પણ તેને અચેત સમજીને એ પ્રમાણે કર્યું.

સંશપ્તકો અને અશ્વત્થામા સાથે અર્જુનનું ઘોર યુદ્ધ અને અર્જુનના હાથે દંડધાર ને દંડનો વધ

તે સમયે અર્જુન એકલો જ હોવા છતાં પણ હજારો મહારથીઓ જેવું પરાક્રમ દેખાડી રહ્યો હતો. દેવતાઓ દુંદુભિ વગાડીને અર્જુન અને

શ્રીકૃષ્ણ પર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. પછી ત્યાં આકાશવાણી થઈ કે, 'જેમણે ચંદ્રમાની કાન્તિ, અગ્નિનો પ્રકાશ, વાયુનું બળ અને સૂર્યનો પ્રતાપ ધારણ કર્યો છે, તે જ આ શ્રીકૃષ્ણ અને અર્જુન રણભૂમિમાં બિરાજી રહ્યા છે. એક જ રથ બેઠેલા આ બંને વીર બ્રહ્મા તથા શંકરની જેમ અજેય છે. આ શ્રેષ્ઠ નર અને નારાયણ છે.'

આવી આકાશવાણી સાંભળ્યા બાદ પણ અશ્વત્થામાએ યુદ્ધ માટે તૈયાર થઈને શ્રીકૃષ્ણ અને અર્જુન પર આક્રમણ કર્યું. એ શ્રીકૃષ્ણ અને અર્જુન પર બાણવૃષ્ટિ કરવા લાગ્યો. અશ્વત્થામાએ અર્જુનને આગળ વધતો અટકાવીને તેમના પર હજારો બાણોનો પ્રહાર કર્યો. આ પ્રમાણે પોતાની બાણવૃષ્ટિથી તેણે શ્રીકૃષ્ણ અને અર્જુનને વીંધી નાખ્યા અને અત્યંત પ્રસન્ન થઈને ભયંકર ગર્જના કરી.

અશ્વત્થામાની ગર્જના સાંભળીને અર્જુને તેણે છોડેલા બાણના ટુકડેટુકડા કરી નાખ્યા. અર્જુનના બાણોના પ્રહારથી રથ, ઘોડા અને હાથીઓ સાથે તેમના સવારો પણ ધરાશાયી થઈ ગયા. અશ્વત્થામાએ પોતાના બાણોથી અર્જુન અને શ્રીકૃષ્ણને ઈજા પહોંચાડી. તે બંનેના શરીરમાંથી લોહીની ધાર વહેવા લાગી. તેમને જોઈને બધાને લાગ્યું કે હવે તેઓ મરાઈ ગયા.

તે સમયે ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'અર્જુન! ઢીલ કેમ કરી રહ્યા છો, આને મારી નાખો.' 'બહુ સારું' કહીને અર્જુને શ્રીકૃષ્ણની આજ્ઞાનો સ્વીકાર કરીને અશ્વત્થામાની ભુજા, છાતી, માથું અને સાથળોને બાણોથી વીંધી નાખ્યાં. પછી ઘોડાની લગામ કાપીને તેમને બાણોથી વીંધવાનો આરંભ કર્યો. ઘોડા ગભરાઈને ભાગ્યા અને અશ્વત્થામાને રણભૂમિમાંથી દૂર હઠાવી ગયા. અશ્વત્થામા અર્જુનના બાણોથી એટલો ઘાયલ થઈ ચૂક્યો હતો કે તેની ફરીથી અર્જુનની સામે લડવાની હિંમત ન થઈ. થોડીવાર પછી તે કર્ણની સેનામાં ચાલ્યો ગયો. ત્યાર પછી શ્રીકૃષ્ણ અને અર્જુન સંશપ્તકોનો સામનો કરવા લાગ્યા.

એ જ સમયે ઉત્તર દિશામાંથી પાંડવસેનામાં બહુ મોટો આર્તનાદ સંભળાયો. ત્યાં રાજા દંડધાર પાંડવોની સેનાનો સંહાર કરી રહ્યો હતો. આ જોઈને શ્રીકૃષ્ણે રથ પાછો તે તરફ વાળીને અર્જુનને કહ્યું, 'મગધદેશનો રાજા દંડધાર બહુ પરાક્રમી છે. તેની પાસે શત્રુઓનો સંહાર કરનાર એક મહાન ગજરાજ છે, તેને યુદ્ધની ઉત્તમ તાલીમ મળેલી છે. પહેલાં તમે આનો સંહાર કરી નાખો, પછી સંશપ્તકોને મારજો.' આટલું

કહીને શ્રીકૃષ્ણે અર્જુનને દંડધારની પાસે પહોંચાડી દીધો. તેમને આવતા જોઈને દંડધારે તોમરોથી પ્રહાર કર્યા. આ જોઈને અર્જુને ક્ષુર ચલાવીને તેની બે ભુજાઓ અને મસ્તકને એકસાથે કાપી નાખ્યાં, ત્યાર પછી તેના હાથીને પણ બાણ માર્યા. બાણોના પ્રહારથી હાથી જોરજોરથી ચિત્કાર કરવા લાગ્યો. છેવટે ઠોકર ખાઈને તે મહાવતની સાથે જ પડીને મરી ગયો.

યુદ્ધમાં દંડધાર મરાઈ જવાથી તેનો ભાઈ દંડ શ્રીકૃષ્ણ અને અર્જુનનો વધ કરવા માટે ચડી આવ્યો. આવતાંની સાથે તે શ્રીકૃષ્ણને અને અર્જુનને અણીદાર તોમર મારીને ભીષણ ગર્જના કરવા લાગ્યા. ત્યારે અર્જુને તેની બંને ભુજાઓ કાપી નાખી અને મસ્તક પર એક બાણ માર્યું. તેનાથી તેનું મસ્તક કપાઈને હાથી પરથી જમીન પર જઈને પડ્યું. ત્યારપછી અન્ય યોદ્ધાઓ હાથી પર સવાર થઈને વિજયની ઇચ્છાથી ચડી આવ્યા. પરંતુ તેમને પણ અર્જુને મોતને ઘાટ ઉતારી દીધા. પછી અર્જુન સંશપ્તકોનો સંહાર કરવા આગળ વધ્યો.

અશ્વત્થામાના હાથે રાજા પાંડ્યનો વધ

તે દરમિયાન અર્જુને ઉગ્રાયુધને બાણથી વીંધી તેનું મસ્તક ધડથી અલગ કરી નાખ્યું. તે સમયે તેના સૈનિકો ક્રોધિત થઈને અર્જુન પર અસ્ત્ર-શસ્ત્રોની વર્ષા કરવા લાગ્યા. પરંતુ અર્જુને પોતાના શસ્ત્રોથી શસ્ત્રવર્ષાને રોકી દીધી.

તે જ સમયે ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'સંશપ્તકોનો વધ કરીને તરત જ કર્ણનો વધ કરવા તૈયાર થઈ જા.'

'સારું, એમ જ કરું છું.' એમ કહીને અર્જુને સંશપ્તકોનો સંહાર કરવા માંડ્યા.અર્જુનની સ્ફૂર્તિ જોઈને ભગવાન શ્રીકૃષ્ણ પણ આશ્ચર્યમાં પડી ગયા. તેમણે અર્જુનને કહ્યું, 'આ પૃથ્વી પર દુર્યોધનના લીધે રાજાઓનો ભયંકર સંહાર થઈ રહ્યો છે. આજે તમે જે પરાક્રમ કર્યું છે તેવું સ્વર્ગમાં એકમાત્ર ઇન્દ્રે જ કર્યું હતું.'

બીજી બાજુ રાજા પાંડ્ય કે જે સમસ્ત રાજાઓ અને અસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ હતા. તેઓ પોતાના પરાક્રમથી કર્ણની સેનાનો સંહાર કરી રહ્યા હતા. તેમણે સંપૂર્ણ યોદ્ધાઓને અસ્તવ્યસ્ત કરી દીધા. તેમને કૌરવ સેનાનો નાશ કરતા જોઈને અશ્વત્થામા તેમનો સામનો કરવા માટે આવ્યો. તેણે રાજા પાંડ્ય ઉપર પ્રથમ પ્રહાર કર્યો, ત્યારે તેમણે એક કર્ણી

નામનું બાણ મારીને અશ્વત્થામાને વીંધી નાખ્યો. ત્યાર પછી અશ્વત્થામાએ ભયંકર બાણથી રાજા પાંડ્ય પર પ્રહાર કર્યો. પરંતુ પાંડ્યે બાણ મારીને તેમનાં પૈડાંના રક્ષક યોદ્ધાઓને પણ મારી નાખ્યા.

રાજા પાંડ્ય હાથી-યુદ્ધમાં બહુ નિપુણ હતા. તેમણે હાથીને અંકુશ મારીને આગળ વધાર્યો અને સિંહનાદ કરીને અશ્વત્થામા પર તેજસ્વી તોમરનો પ્રહાર કર્યો. તોમરના પ્રહારથી અશ્વત્થામાના માથા પરનો સોનાનો મુગટ ટુકડે-ટુકડા થઈ ગયા. અશ્વત્થામાએ શત્રુને પીડવા માટે યમદંડ જેવા બાણ મારીને રાજાની બંને ભુજાઓ અને મસ્તકને કાપી નાખ્યા તથા બાકીનાં પાંડ્યના અનુયાયી મહારથીઓને પણ યમલોક મોકલી દીધા.

આ પ્રમાણે રાજા પાંડ્યને મારીને જ્યારે અશ્વત્થામાએ પોતાનું કર્તવ્ય પૂરું કરી દીધું, ત્યારે દુર્યોધને પ્રસન્ન થઈને તેનું સ્વાગત કર્યું.

હાથી અંગારાજનો વધ, સહદેવ દ્વારા દુઃશાસનનો અને કર્ણ દ્વારા નકુલનો પરાજય

ત્યાર પછી દુર્યોધનની આજ્ઞાથી મોટા હાથીસવારો હાથીઓની સાથે ધૃષ્ટદ્યુમ્નને મારી નાખવાની ઇચ્છાથી તેની તરફ ગયા. તેમને આવતા જોઈને ધૃષ્ટદ્યુમ્ન તેમના હાથીઓ પર નારાચોની વર્ષા કરવા લાગ્યો. પ્રત્યેક હાથીને બાણ મારીને તેમને ઘાયલ કરી દીધા. તે સમયે ધૃષ્ટદ્યુમ્નને હાથીઓની સેનાથી ઘેરાયેલી જોઈને પાંડવો અને પાંચાલ યોદ્ધાઓ તીક્ષ્ણ અસ્ત્ર-શસ્ત્ર લઈને ગર્જના કરતા રહીને ત્યાં આવી પહોંચ્યા અને હાથીઓ પર બાણોની ઝડી વરસાવવા લાગ્યા. આ જ સમયે અંગરાજના હાથીનો સાત્યકિ સાથે ભેટો થયો. તેણે વેગીલા નારાચથી હાથીના મર્મસ્થાનને વીંધી નાખ્યું. હાથી વેદનાથી મૂર્છિત થઈને પડી ગયો. ત્યારબાદ નકુલે નારાચના પ્રહારથી અંગરાજને પીડિત કરીને બાણ મારી તેના હાથીને પણ ઘાયલ કર્યો. પછી અંગરાજ હાથીની સાથે જ ભૂમિ પર પડી ગયો.

આ પ્રમાણે હાથી અંગરાજના માર્યા જવાથી ત્યાંના મહાવતો ક્રોધિત થઈને હાથીઓ સાથે નકુલ પર ચઢી આવ્યા. તેમને મારી નાખવાની ઇચ્છાથી બાણ અને તોમરોની વર્ષા કરવા લાગ્યા. અસ્ત્રોથી ઢંકાયેલો જોઈને પાંડવ, પાંચાલ અને સોમક ક્ષત્રિયો ત્યાં આવી પહોંચ્યા. પછી તો પાંડવપક્ષના રથી વીરો સાથે તે હાથીઓનું ઘોર યુદ્ધ થવા લાગ્યું.

તેમણે બાણોની ઝડી વરસાવી દીધી અને તોમરોનો પ્રહાર કર્યો. તેમના પ્રહારોથી હાથીઓનાં મર્મસ્થાનોમાં ઘા થઈ ગયા. તેમનામાંથી મોટા ગજરાજોને સહદેવે બાણ માર્યા. જેનાથી હાથી તેમના સવારો સહિત જમીન પર પડીને મરી ગયા.

સહદેવ જ્યારે ક્રોધિત થઈને કૌરવસેનાને ભસ્મ કરી રહ્યો હતો, તે જ સમયે દુઃશાસન તેનો મુકાબલો કરવા આવી ગયો. તે બંને વચ્ચે તલવારથી યુદ્ધ થવા લાગ્યું. તેનાથી સહદેવ ઘાયલ થઈ ગયો. જેથી સહદેવે ગુસ્સે થઈને ભયંકર બાણથી દુઃશાસનનું કવચ છેદીને શરીરને ચીરીને જમીનમાં ઘૂસી ગયું. આથી તે બેભાન થઈ ગયો. આ જોઈને તેનો સારથિ પોતાના રથને રણભૂમિથી દૂર લઈ ગયો.

આ પ્રમાણે દુઃશાસનને પરાસ્ત કરીને સહદેવે દુર્યોધનની સેના પર નજર નાખી અને તે બાજુ સંહાર કરવાની શરૂઆત કરી દીધી. બીજી બાજુ નકુલ કૌરવસેનાને પાછી ખદેડી રહ્યો હતો. તે જોઈને કર્ણ ત્યાં આવી પહોંચ્યો. નકુલ દ્વારા કર્ણને પીડિત થતો જોઈને બધા રથીઓને ભારે આશ્ચર્ય થયું. કર્ણના તીક્ષ્ણ બાણોથી નકુલ વ્યાકુળ થઈને રણભૂમિમાંથી ભાગી ગયો. કર્ણે તેનો પીછો કર્યો અને તેને કહેવા લાગ્યો, 'હવેથી બળવાનો સાથે યુદ્ધ કરવાનું સાહસ કરતો નહિ. જે તમારી બરાબરીના હોય તેમની સાથે લડવાનો અભરખો રાખવો જોઈએ. ઘરમાં જઈને સંતાઈ જાઓ જ્યાં શ્રીકૃષ્ણ અને અર્જુન હોય ત્યાં ચાલ્યા જાઓ.'

આમ કહીને કર્ણે નકુલને છોડી દીધો. તે સમયે કર્ણ માટે નકુલનો વધ કરવો શક્ય હતો, પરંતુ કુંતીને આપેલા વચનને યાદ કરીને તેણે તેને જીવતો જ છોડી દીધો. નકુલને પરાજયથી ભારે દુઃખ થયું. ખૂબ જ સંકોચ સાથે તે યુધિષ્ઠિરના રથ પર જઈને બેસી ગયો. મહારથી કર્ણ ચારે બાજુથી પાંડવસેનાને ભસ્મ કરી રહ્યો હતો, તેથી ક્ષત્રિયો તેની સામેથી ભાગવા લાગ્યા. પાંચાલ વીરોમાંથી જે યોદ્ધાઓ મૃત્યુમાંથી બચી ગયા હતા, તે બધા મેદાન છોડીને ભાગી ગયા.

અર્જુન દ્વારા અનેક વીરોનો સંહાર તથા બંને બાજુની સેનાઓમાં ઘમાસાણ યુદ્ધ

એક બાજુ યુયુત્સુ કૌરવોની ભારે સેનાને ખદેડી રહ્યો હતો. આ જોઈને ઉલૂક પણ તેની સામે આવ્યો. મહાબલિ ઉલૂકના પ્રહારથી યુયુત્સુ ઘાયલ થઈ ગયો અને રથ પર ચઢીને તરત જ ત્યાંથી ભાગી ગયો. બીજી

બાજુ શિખંડી કૃતવર્મા સાથે લડતો હતો. કૃતવર્માએ શિખંડીનો અંત આણવા માટે એક ભયંકર બાણ છોડ્યું. તેના પ્રહારથી તે તરત મૂર્છિત થઈ ગયો. તેથી તેનો સારથિ તેને રણભૂમિથી હઠાવી લઈ ગયો. આનાથી પાંડવસેનાના પગ ઊખડી ગયા અને તે આમતેમ ભાગવા લાગી.

આ સમયે અર્જુન કૌરવસેનાનો સંહાર કરી રહ્યો હતો. રણભૂમિમાં અનેક યોદ્ધાઓનાં બાણોથી વીંધાઈને અનેક રાજાઓ ઘાયલ થઈ ગયા હતા. બધા સંશપ્તક વીરો અર્જુનને ચારે બાજુથી ઘેરીને જાતજાતનાં શસ્ત્રોથી પીડિત કરવા લાગ્યા. બીજી બાજુ મહારાજ યુધિષ્ઠિર અને દુર્યોધન એકબીજા સામે બાણવૃષ્ટિ કરતા હતા. દુર્યોધનને સંકટમાં પડેલો જોઈને કર્ણ, અશ્વત્થામા અને કૃપાચાર્ય વગેરે યોદ્ધાઓ તેની રક્ષા માટે દોડી આવ્યા. એ જ સમયે પાંડવો મહારાજને ઘેરીને રણભૂમિમાં આગળ વધવા લાગ્યા. બંને બાજુથી ભારે યુદ્ધ શરૂ થયું. બંનેય પક્ષના વીરો એકબીજા પર પ્રહારો કરતા હતા, જે કોઈ પીઠ દેખાડતો તેના પર પ્રહાર કરતા ન હતા. રણભૂમિ બંને તરફના વીર યોદ્ધાઓથી ખળભળી ઊઠી હતી. ત્યાં અનેક તૂટી ગયેલા રથ, મરાઈ ગયેલા હાથી, ઘોડા તથા યોદ્ધાઓના શરીરના અવશેષોથી ભયંકર લાગતી હતી. આ પ્રમાણે ત્રીજા પહોર સુધી કૌરવો અને પાંડવોની સેનાનો ભીષણ સંહાર ચાલતો રહ્યો.

દુર્યોધન અને કર્ણનું રાજા યુધિષ્ઠિર, અર્જુન અને સાત્યકિ સાથે યુદ્ધ

જ્યારે બંને પક્ષની સેનાઓ પરસ્પર લડવા લાગી ત્યારે દુર્યોધન ગદા લઈને વેગપૂર્વક યુધિષ્ઠિર તરફ દોડ્યો. આ જોઈને તેમણે દુર્યોધન પર એક તેજસ્વી શક્તિ છોડી. તે શક્તિએ તેની છાતી પર ઘા કર્યો. આથી તે વ્યાકુળ થઈને પડી જઈને મૂર્છિત થઈ ગયો. તે જ સમયે ભીમે પોતાની પ્રતિજ્ઞા યાદ કરીને ધર્મરાજને કહ્યું, 'આને તમે મારશો નહિ.' આ સાંભળીને ધર્મરાજ ત્યાંથી ખસી ગયા.

હવે કૌરવપક્ષના યોદ્ધાઓ કર્ણને આગળ કરીને પાંડવસેના પર તૂટી પડ્યા અને તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યા. કર્ણએ અનેક બાણ સાત્યકિ પર છોડ્યાં. એ જ સમયે શ્રીકૃષ્ણ અને અર્જુન પોતાના નિત્ય કર્મ કરી ભગવાન શંકરની પૂજા કરીને રણભૂમિમાં આવ્યા. અર્જુને ગાંડિવ ધનુષ્ય ચડાવીને બાણોથી શત્રુઓને નષ્ટ કરી નાખ્યા. આ જોઈને દુર્યોધન બાણવર્ષા કરતો અર્જુન પર તૂટી પડ્યો.

આ પ્રમાણે કૌરવો અને પાંડવ પક્ષના યોદ્ધાઓ વિજયની લાલસાથી યુદ્ધ કરતા હતા ત્યાં ભગવાન સૂર્યદેવ અસ્તાચળના શિખર પર જઈ પહોંચ્યા. બધી બાજુ અંધકાર થવા લાગ્યો. મોટા ધનુર્ધરો પોતપોતાના સૈનિકો સાથે છાવણી તરફ જવા લાગ્યા. કૌરવોને જતા જોઈને પાંડવો પણ પોતાની શિબિર તરફ ચાલવા લાગ્યા. બધા વીરો સિંહનાદ અને શ્રીકૃષ્ણ અને અર્જુનની સ્તુતિ કરતા જઈ રહ્યા હતા. આ પ્રમાણે તેમણે છાવણીમાં જઈને રાત્રિ વિશ્રામ કર્યો.

દુર્યોધનના આગ્રહથી શલ્યનો કર્ણના સારથિ બનવાનો સ્વીકાર કરવો

તે રાત્રિ પસાર થયા પછી કર્ણ દુર્યોધન પાસે આવ્યો અને તેને કહેવા લાગ્યો, 'આજે મારું અર્જુન સાથે યુદ્ધ થશે, તેમાં કદાચ હું તેને મારી નાખીશ અથવા તે મને મારી નાખશે.' હું ઇન્દ્રની શક્તિ ગુમાવી બેઠો છું, તેથી આજે અર્જુન મારા ઉપર હુમલો કરશે. હવે જે વાત કહું છું તે સાંભળો. મારું આ જે વિજય નામનું ધનુષ્ય છે તેને વિશ્વકર્માએ ઇન્દ્રને માટે બનાવ્યું હતું. ઇન્દ્રે આ ધનુષ્ય પરશુરામજીને આપ્યું હતું અને પરશુરામજીએ એ મને આપ્યું હતું. આના વડે જ અર્જુન સાથે મારું યુદ્ધ થશે. આજે સંગ્રામભૂમિમાં વીર અર્જુનને ધરાશાયી કરીને હું તમને તમારા ભાઈ-બંધુઓને આનંદની ભેટ આપીશ. મહારાજ શલ્ય શ્રીકૃષ્ણના જેવા જ અશ્વવિદ્યાના મર્મજ્ઞ છે. જો તેઓ મારા સારથિ બની જાય તો મારો રથ તેના કરતાં પણ ચડિયાતો થઈ જાય. હું તમારી પાસે આટલી ઇચ્છા રાખું છું. પછી હું રણભૂમિમાં જે પરાક્રમ કરી દેખાડીશ, તે તો તમે જોવાના જ છો. જે પાંડવવીરો મારી સામે આવશે, તેમને હું બધી રીતે પરાસ્ત કરીને જ છોડીશ.'

જ્યારે કર્ણે દુર્યોધનને આ પ્રમાણે કહ્યું ત્યારે તેને કહ્યું, 'તમારો જેવો વિચાર છે, હું તે પ્રમાણે જ કરીશ.' કર્ણને આ પ્રમાણે કહીને દુર્યોધન મહારથી શલ્ય પાસે ગયો અને તેમને પ્રેમથી કહેવા લાગ્યો, 'કર્ણ રથીઓમાં શ્રેષ્ઠ છે અને તમે સારથિઓમાં શ્રેષ્ઠ છો. તમારા બંનેના જેવો સંયોગ સંસારમાં ન ક્યારેય થયો કે ન ક્યારેય થશે. જે પ્રમાણે શ્રીકૃષ્ણ બધી જ અવસ્થાઓમાં અર્જુનની રક્ષા કરે છે, તે જ પ્રમાણે તમે કર્ણની રક્ષા કરો.'

દુર્યોધનની આ વાત સાંભળીને શલ્યએ ક્રોધિત થઈને કહ્યું,

'ખરેખર તમે કાં તો મારું અપમાન કરી રહ્યા છો અથવા તમને મારા માટે કોઈ શંકા છે. તેથી જ તમે મને સારથિનું કામ કરવાની આજ્ઞા આપી રહ્યા છો. તમે કર્ણને મારા કરતાં શ્રેષ્ઠ સમજીને તેની પ્રશંસા કરો છો. પરંતુ હું યુદ્ધમાં તેને મારા સમાન ગણતો નથી. આ પ્રમાણે અપમાનિત થઈને તો હું કોઈ રીતે યુદ્ધ કરી શકીશ નહિ. તેથી હું હવે મારા દેશ જવા માટે તમારી આજ્ઞા માગુ છું.'

શલ્ય આ પ્રમાણે કહીને ક્રોધપૂર્વક જવા લાગ્યા. ત્યારે દુર્યોધને તેમને પ્રેમપૂર્વક રોક્યા અને સમજાવીને કહ્યું, 'તમે તમારા વિશે જે સમજો છો, ખરેખર તમે તેવા જ છો પરંતુ મારા કહેવાનો જે અભિપ્રાય છે, તેને પણ સાંભળવાની કૃપા કરો. તમારા કરતાં ન તો કર્ણ બળવાન છે ન તો હું છું. કર્ણ શસ્ત્રવિદ્યામાં અર્જુનથી શ્રેષ્ઠ છે અને તમે અશ્વવિદ્યામાં શ્રીકૃષ્ણ કરતાં ચડિયાતા છો.'

રાજા શલ્યે કહ્યું, 'તમે બધાની સામે મને શ્રીકૃષ્ણ કરતાં ચડિયાતો કહી રહ્યા છો, તેથી હું તમારા પર પ્રસન્ન છું. સારું, હું કર્ણના સારથિ થવાનો સ્વીકાર કરું છું પરંતુ કર્ણની સાથે મારી એક શરત રહેશે. તે એ છે કે યુદ્ધ સમયે હું તેને ગમે તેવી વાત કહી શકીશ, તેમાં તેને કોઈ પ્રકારનો વાંધો ન હોવો જોઈએ.'

ત્યારે કર્ણ અને દુર્યોધને 'બહુ સારું' એમ કહીને શલ્યની શરત સ્વીકારી લીધી.

યુદ્ધનો સત્તરમો દિવસ
કર્ણનું યુદ્ધભૂમિ માટે પ્રસ્થાન

જ્યારે ધનુર્ધર કર્ણ યુદ્ધ માટે તૈયાર થઈ ગયો ત્યારે કૌરવવીરો હર્ષનાદ કરવા લાગ્યા. કર્ણની કૂચ સાથે બધા રાજાઓએ જયઘોષ કર્યો. ત્યારે કર્ણે રાજા શલ્યને સંબોધન કરીને કહ્યું, 'અત્યારે હું અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરીને રથમાં બેઠો છું, હવે મને ઇન્દ્રનો પણ ભય નથી. અર્જુનનો સામનો રણભૂમિમાં મારા સિવાય બીજું કોઈ કરી શકે એમ નથી. જો તેની રક્ષા માટે યમ, વરુણ, કુબેર અને ઇન્દ્ર સહિત સૌ રણભૂમિમાં આવશે તો હું તેમને બધાને પરાસ્ત કરી દઈશ.'

જ્યારે યુદ્ધના ઉત્સાહમાં આવી જઈને કર્ણે આવી વાતો કહી, તે સાંભળીને શલ્ય હસીને તેમને વચ્ચે જ રોકી કહેવા લાગ્યા, 'કર્ણ, હવે ચૂપ થઈ જાઓ. તમે ઉત્સાહમાં આવીને બહુ મોટી મોટી વાતો કરી રહ્યા

છો. આજે હવે આ બીજું યુદ્ધ તમારા વધ માટે જ આરંભાયું છે. જો તમે શત્રુના ભયથી ભાગી ન ગયા તો અવશ્ય મરાઈ જશો.'

શલ્યના આવા કડવા વચનો સાંભળીને કર્ણ ક્રોધિત થઈને કહેવા લાગ્યો, 'રહેવા દો, રહેવા દો, હવે તો મારું અને અર્જુનનું યુદ્ધ થવાનું જ છે. જો તે મને યુદ્ધમાં પરાસ્ત કરી દેશે તો તમારી વાત જ સાચી માનવામાં આવશે.'

આના જવાબમાં શલ્યે 'એવું જ થાઓ' એટલું કહીને બીજો કોઈ ઉત્તર ન આપ્યો.

ત્યારે કર્ણે યુદ્ધ માટે શલ્યને કહ્યું, 'રથને આગળ વધારો.'

યુદ્ધ માટે કૂચ કરીને કર્ણે પોતાની સેનાને ઉત્સાહિત કરવા માટે પાંડવોના એક-એક વીરને કહ્યું, 'આજે તમારામાંથી જે કોઈ અર્જુન સાથે ભેટો કરાવશે તેને હું તેની ઇચ્છા મુજબનું ધન આપીશ. જે પુરુષ મને શ્રીકૃષ્ણ અને અર્જુનનું ઠેકાણું બતાવશે અને હું તે બંનેને મારીને તેમનું તમામ ધન તેને આપી દઈશ.'

યુદ્ધભૂમિમાં ઊભેલાં કર્ણે આવી વાતો કહી તથા શંખનાદ કર્યો. એ સાંભળીને દુર્યોધન તથા તેના અનુયાયીઓ પ્રસન્ન થયા.

ત્યારે શલ્યે હસીને કહ્યું, 'અર્જુન તમને દેખાઈ જશે. તમે મૂર્ખતાવશ કુબેરની જેમ ધન લુટાવવા ચાહો છો, પરંતુ આજે કોઈ પણ પ્રયત્ન વિના અર્જુનને તમે જોઈ શકશો.'

શલ્યની વાત સાંભળીને કર્ણે ગુસ્સે થઈને કહ્યું, 'ગુણવાનોના ગુણોને તો ગુણીજનો જ પારખી શકે, ગુણહીનોને તે સમજાતા નથી.' હું એ બંનેને મારીને આજે ભાઈ-બંધુઓ સહિત તમને પણ મારી નાખીશ. તમે અમારા મિત્ર હોવા છતાં શત્રુ જેવો દેખાવ કરીને મને શ્રીકૃષ્ણ અને અર્જુનથી બિવડાવો છો. હું તો આ વાત પહેલાંથી જાણતો હતો કે દેશના લોકો અંત સમય સુધી દુષ્ટતા છોડતા નથી. હું બુદ્ધિમાન રાજા દુર્યોધનનો પ્રિય મિત્ર છું. મારા પ્રાણ અને તમામ સંપત્તિ તેમના માટે જ છે. તમને પાંડવોએ પોતાના પક્ષમાં કરી નાખ્યા છે. તેથી તમે મારી સાથે શત્રુઓ જેવો વ્યવહાર કરી રહ્યા છો. હું તો એવું સમજું છું કે કોઈ વ્યક્તિ એવી નથી જે મને આ કામમાંથી હઠાવી શકે. તેથી તમે ચૂપ રહો. જો ફરીથી આવી વાત કહેશો તો હું મારી વજ્ર જેવી ગદાથી તમારું મસ્તક પૃથ્વી પર પાડી દઈશ.'

પછી કર્ણે કહ્યું, 'ચાલો, રથ હાંકો.'

રાજા શલ્યે કર્ણને એક હંસ અને કાગડાનું દૃષ્ટાંત આપ્યું

કર્ણના આ વચન સાંભળીને રાજા શલ્યે તેને દૃષ્ટાંત સંભળાવતાં કહ્યું, 'હું તમને એક દૃષ્ટાંતકથા કહું છું. કહે છે કે સમુદ્રના કિનારે કોઈ ધાર્મિક રાજાના રાજ્યમાં એક ધન-ધાન્યથી સંપન્ન વૈશ્ય રહેતો હતો. તેને નાની ઉંમરના અનેક પુત્રો હતા. તેઓ એક કાગડાને એઠો ભાત, દહીં, દૂધ અને ખીર વગેરે નાખતા હતા. તે ખાઈને કાગડો હૃષ્ટપુષ્ટ થઈ ગયો અને ઘમંડમાં આવીને પોતાના જાતભાઈઓ અને પોતાનાથી પણ શ્રેષ્ઠ પક્ષીઓનું અપમાન કરવા લાગ્યો. એક વાર તે સમુદ્રકિનારે માનસરોવરવાસી હંસો આવ્યા. ત્યારે તે અભિમાની કાગડાએ તેમનામાંથી જે શ્રેષ્ઠ હંસ હતો તેને કહ્યું, 'આજે તમારા અને મારા વચ્ચે ઊડવાની હોડ રાખીએ.' આ સાંભળીને ત્યાં આવેલા બધા હંસો હસી પડ્યા અને કાગડાને કહેવા લાગ્યા, 'અમે માનસરોવરમાં રહેનારા હંસ છીએ અને આ સમગ્ર પૃથ્વી પર ઊડીને ભ્રમણ કરીએ છીએ. અમારી લાંબા અંતરના ઉડાણને કારણે બધાં પક્ષીઓ અમારું સન્માન કરે છે. જણાવ તો ખરો, તું અમારી સાથે કઈ રીતે ઊડી શકીશ?'

હંસની વાત સાંભળીને કાગડાએ તેને વારંવાર ધુતકાર્યો અને બડાઈ કરતાં કહેવા લાગ્યો, 'હું એકસો એક પ્રકારે ઊડી શકું છું. તેમાં દરેક ઉડાણ સો યોજનની હોય છે અને તેમાં પણ અનેક વિવિધતા હોય છે. હું તમારી સામે બધી ગતિઓ દેખાડીશ, ત્યારે તમને મારી શક્તિનો ખ્યાલ આવશે. આમાંથી કોઈ પણ ગતિથી હું આકાશમાં ઊડી શકું છું. તમને જે ઉચિત લાગે તે કહો અને જણાવો કે હું કઈ ગતિથી ઊડું?'

કાગડાના આ પ્રમાણે કહેવાથી એક હંસે હસીને કહ્યું, 'તમે જરૂર એકસો પ્રકારના ઉડાણો જાણતા હશો અને બીજાં બધા પક્ષીઓ તો માત્ર એક પ્રકારનું જ ઉડાણ જાણે છે. હું પણ એક પ્રકારની ગતિથી જ ઊડીશ. અન્ય કોઈ ગતિનું મને જ્ઞાન નથી. તમને જે ઉડાણ પસંદ હોય, તે રીતે ઊડો.'

આ સાંભળીને ત્યાં જે બીજા કાગડા હતા તે હસી પડ્યા અને કહેવા લાગ્યા, 'આ હંસ એક જ પ્રકારના ઉડાણથી સો પ્રકારનાં ઉડાણોને કઈ રીતે જીતી શકશે?'

કાગડો સો પ્રકારનાં ઉડાણોથી દર્શકોને વિસ્મિત કરવા લાગ્યો તથા હંસ પોતાની એક જ પ્રકારની મૃદુલ ગતિથી ઊડી રહ્યો હતો.

એ જોઈને કાગડા હંસનો તિરસ્કાર કરતા રહીને આ પ્રમાણે કહેવા

લાગ્યા, 'આ હંસ ઊડ્યો તો ખરો પરંતુ કાગડાની સામે આની ગતિ તો એકદમ ધીમી છે.' તે સાંભળીને હંસ વેગ વધારતાં સમુદ્ર તરફ ઊડવા લાગ્યો. આ યાત્રામાં કાગડો ઊડતાં ઊડતાં થાકી ગયો. ત્યારે તે અત્યંત ડરી ગયો અને વિચારવા લાગ્યો કે, 'હું ક્યાંક થાકીને આ સમુદ્રમાં તો નહિ પડું ને?'

છેવટે તે થાકીને હંસ પાસે આવ્યો. ત્યારે હંસે કહ્યું, 'કેમ પોતાનાં વખાણ કર્યા, પરંતુ તેનું વર્ણન કરતી વેળાએ પોતાની ગતિનો ઉલ્લેખ ન કર્યો?'

'કર્ણ! ત્યારે તે કાગડાએ હંસને કહ્યું, 'ભાઈ હંસ! અમે તો કાગડા રહ્યા, વ્યર્થ બકવાદ કરીએ છીએ. હું મારી જિંદગી તમને સોંપું છું, તમે મને કોઈ પણ રીતે આ સમુદ્રના કિનારા સુધી લઈ જાઓ.' એમ કહીને તે સમુદ્રમાં પડી ગયો.

આ જોઈને હંસે કહ્યું, 'તમે તો મોટી ડંફાસ મારતા હતા કે હું એકસો પ્રકારની ઉડાણો જાણું છું. પછી અત્યારે થાકીને પડી કેમ ગયા?'

ત્યારે કાગડાએ દુઃખથી વ્યથિત થઈને કહ્યું, 'હું એઠું ખાઈ-ખાઈને એવો અભિમાની થઈ ગયો હતો કે મારી જાતને સાક્ષાત ગરુડ જેવો સમજવા લાગી ગયો હતો. પરંતુ હવે હું તમારા શરણમાં છું, તમે મને કોઈ ટાપુના કિનારે પહોંચાડી દો.'

આ પ્રમાણ તે અચેત થઈને વિલાપ કરવા લાગ્યો. તેને સમુદ્રમાં ડૂબતો જોઈને હંસને દયા આવી અને તેણે તેને પંજાથી પકડીને ધીરેથી પોતાની પીઠ પર ચડાવી લીધો. ત્યાં પહોંચીને તેણે કાગડાને નીચે ઉતારીને ઘણી ધીરજ આપી અને પછી પોતાની ઇચ્છાનુસાર દૂર કોઈક દેશમાં ચાલ્યો ગયો.

'કર્ણ! આ પ્રમાણે એઠવાડ ખાઈને પુષ્ટ થયેલો તે કાગડો પોતાના બળ અને ઘમંડને ભૂલી ઠંડો પડી ગયો. તે જ પ્રમાણે તમને પણ ધૃતરાષ્ટ્રના પુત્રોએ એઠું ખવડાવીને પાળ્યા છે. તેથી જ તમે પોતાને સમકક્ષ અને પોતાનાથી શ્રેષ્ઠ પુરુષોનું અપમાન કરો છો. હવે તમે શ્રીકૃષ્ણ અને અર્જુનને પોતાના શ્રેષ્ઠ રથમાં બેઠેલા જોઈ શકશો. તેથી જે રીતે કાગડાએ બુદ્ધિમાની વાપરીને હંસનું શરણું લીધું તે જ પ્રમાણે તમે પણ શ્રીકૃષ્ણ અને અર્જુનનો આશ્રય લઈ લો. મહાત્મા શ્રીકૃષ્ણ અને અર્જુન પુરુષોમાં શ્રેષ્ઠ છે, તમે તેમનો તિરસ્કાર ન કરો અને આ પ્રમાણે મોટાઈની વાતો કરવાનું બંધ કરો.'

કર્ણ અને શલ્યનો અપ્રિય વાર્તાલાપ અને કૌરવોની વ્યૂહરચના

શલ્યની આ અપ્રિય વાતો સાંભળીને કર્ણે કહ્યું, 'અર્જુનના રથ હાંકનારા શ્રીકૃષ્ણના બળ અને અર્જુનના દિવ્યાસ્ત્રોને હું જેટલા જાણું છું તેટલા તમે જાણતા નથી. તમે તમારી વાત બંધ કરો, મારો વિરોધ ન કરો. નહિ તો પ્રથમ તમારો જ વધ કરીને પછી શ્રીકૃષ્ણ અને અર્જુનને મારીશ.'

કર્ણ અને શલ્યને પરસ્પર વિવાદ કરતા જોઈને દુર્યોધને તે બંનેને રોક્યા. તેણે કર્ણને મિત્રભાવે સમજાવ્યો તથા શલ્યની સામે હાથ જોડીને પ્રાર્થના કરી. તેના સમજાવવાથી કર્ણ માની ગયો અને તેણે શલ્યની વાતનો કોઈ જવાબ ન આપ્યો. કર્ણે ફરીથી શલ્યને રથ આગળ લઈ જવાની આજ્ઞા આપી.

ત્યાર પછી કર્ણે પાંડવોનો અનુપમ વ્યૂહ જોયો અને ધૃષ્ટદ્યુમ્ન તે વ્યૂહની રક્ષા કરતો હતો. તે જોઈને કર્ણ યુદ્ધ-કૌશલનો પરિચય આપતાં તેણે પાંડવોના મુકાબલામાં કૌરવસેનાની વ્યૂહરચના કરી. પાંડવ સૈનિકોનો સંહાર કરતા રહીને કર્ણે રાજા યુધિષ્ઠિરને પોતાની જમણી બાજુ કરી દીધા.

ત્યાર પછી કર્ણને ઉપસ્થિત જોઈને રાજા યુધિષ્ઠિર ધનંજયને કહેવા લાગ્યા, 'પક્ષ અને પ્રપક્ષોથી યુક્ત આ શત્રુસેના કેવી શોભાયમાન થઈ રહી છે! આને જોઈને આપણે એવી નીતિ અપનાવવી જોઈએ, જેથી શત્રુઓની સેના આપણને પરાસ્ત ન કરી શકે.'

આ પ્રમાણે યુધિષ્ઠિરના કહેવાથી અર્જુને હાથ જોડીને કહ્યું, 'તમે જેવી આજ્ઞા આપી છે, તેવું જ કરવામાં આવશે.'

યુધિષ્ઠિર બોલ્યા, 'તું કર્ણ સાથે, ભીમ દુર્યોધન સાથે, નકુલ વૃષસેન સાથે અને સહદેવ શકુનિ સાથે યુદ્ધ કરે. આ પ્રમાણે મુખ્ય વીરો શત્રુઓના વીરોનો સંહાર કરે.'

ધર્મરાજના આ પ્રમાણે કહેવાથી ધનંજયે તેમની આજ્ઞાનો સ્વીકાર કર્યો અને સૈનિકોને તે પ્રમાણેનો આદેશ આપીને સ્વયં સેનાની મોખરે ચાલ્યા. અર્જુનને આવતા જોઈને શલ્યે કર્ણને કહ્યું, 'તમે જેમના માટે વારંવાર પૂછતા હતા, તે અર્જુન આવી પહોંચ્યા છે. તેમના રથનો નાદ સંભળાઈ રહ્યો છે. અર્જુનના છોડેલા તીક્ષ્ણ બાણ શત્રુઓનો સંહાર કરી રહ્યાં છે. અર્જુન સંશપ્તકોનો લલકાર સાંભળીને તે બાજુ જઈને તેમનો સંહાર કરી રહ્યા છે.'

મહારાજ શલ્યની આવી વાતો સાંભળીને કર્ણે ક્રોધિત થઈને કહ્યું, 'તમે પણ જોઈ લો, સંશપ્તકોએ ક્રોધિત થઈને અર્જુન પર ચારે બાજુથી હુમલો કર્યો છે. હવે તેનો ત્યાં જ ખાતમો સમજી લો. એ રણસમુદ્રમાં ડૂબી ચૂક્યા છે.

તે સમયે શત્રુસૈન્યને વ્યૂહાકારમાં ઊભેલું જોઈને અર્જુને પણ તેના મુકાબલામાં વ્યૂહરચના કરી. વ્યૂહ તૈયાર થઈ જતાં અર્જુન સંશપ્તકો પર ક્રોધિત થઈને ગાંડીવનો ટંકાર કરતો તેમની તરફ દોડ્યો. જેમ પ્રલયકાળમાં સમસ્ત પ્રાણીઓનો સંહાર કરે છે, તે જ પ્રમાણે ક્રોધિત અર્જુને શત્રુઓની સેનાનો વિનાશ કરી નાખ્યો.

આ જ સમયે પાંચાલ, ચેદિ અને સૃંજય દેશના વીરોનું શત્રુસેના સાથે અત્યંત દારુણ યુદ્ધ થયું. તે યુદ્ધમાં અસંખ્ય વીરોનો વિનાશ થઈ રહ્યો હતો. બીજી બાજુ દુર્યોધન પોતાના ભાઈઓને સાથે લઈને મદ્રદેશના મહારથીઓ તથા સાત્યકિ સાથે લડતો રહીને કર્ણની રક્ષા કરી રહ્યો હતો. તે સમયે કર્ણના રથનાં પૈડાંની રક્ષા કરનારા તેના પુત્રો સુષેણ અને સત્યસેન પ્રાણોનો મોહ છોડીને યુદ્ધ કરી રહ્યા હતા. કર્ણનો મોટો પુત્ર વૃષસેન તેની પાછળ રહીને પૃષ્ઠ ભાગની રક્ષા કરી રહ્યો હતો. દુઃશાસન બીજા રથ પર સવાર થઈને કર્ણના ઉત્સાહ અને બળને વધારતો રહીને પાંડવો સાથે યુદ્ધ કરવા લાગ્યો.

કર્ણ અને યુધિષ્ઠિરનું યુદ્ધ

કર્ણે ધર્મરાજ પર હુમલો કર્યો. તે સમયે શત્રુઓએ તેના પર વિવિધ પ્રકારનાં હજારો અસ્ત્ર-શસ્ત્ર ચલાવ્યા પરંતુ તેણે તે તમામના ટુકડા કરી નાખ્યા. પોતાનાં ભયંકર બાણ પ્રહારથી શત્રુઓને ઘાયલ કરી નાખ્યા. પાંડવ અને પાંચાલ વીરોએ તેને રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે બધાને કચડીને યુધિષ્ઠિર પાસે જઈ ચડ્યો.

ત્યાર પછી કર્ણને પોતાની સામે ઊભેલો જોઈને યુધિષ્ઠિરની આંખો ક્રોધથી લાલ થઈ ગઈ, તેમણે તેને કહ્યું, 'તું યુદ્ધમાં હંમેશા અર્જુન પ્રત્યે શત્રુતા રાખે છે અને દુર્યોધનની હામાં હા કરીને અમને કષ્ટ આપ્યા કરે છે. આજે તારામાં જે બળ અને પરાક્રમ છે તે બધું દેખાડી દે.' આમ કહીને યુધિષ્ઠિરે કર્ણને બાણોથી વીંધી નાખ્યો. તેના પ્રહારથી કર્ણને મૂર્છા આવી ગઈ. તેનું આખું શરીર શિથિલ થઈ ગયું. જાણે પ્રાણ નીકળી ગયા હોય એવો અચેત થઈને કર્ણ શલ્યની સામે જ પડી ગયો. રાજા યુધિષ્ઠિરે

અર્જુનનું હિત કરવાની ઇચ્છાથી કર્ણ પર પુનઃ પ્રહાર ન કર્યો. કર્ણને તેવી સ્થિતિમાં જોઈને કૌરવસેનામાં હાહાકાર મચી ગયો. આ બધું જોઈને કર્ણે બ્રહ્માસ્ત્ર પ્રગટ કર્યું, તેના બાણોથી બધી દિશાઓ આચ્છાદિત થઈ ગઈ. શરાગ્નિની જ્વાળામાં બળીને પાંડવવીરો ભસ્મ થવા લાગ્યા. કર્ણે યુધિષ્ઠિરના ખભા પર હાથ મૂક્યો અને તેમને બળપૂર્વક પકડી લેવાનો વિચાર કર્યો. એટલામાં જ તેને કુંતીને આપેલા વચનનું સ્મરણ થઈ આવ્યું. અહીં શલ્ય પણ બોલી ઊઠ્યા, 'મહારાજ યુધિષ્ઠિરને હાથ ન લગાડશો, મને ડર છે કે તેઓને પકડતાં જ તમે ભસ્મ થઈ જશો.'

આ સાંભળીને કર્ણ યુધિષ્ઠિરની હાંસી ઉડાવતા કહેવા લાગ્યો, 'યુધિષ્ઠિર! આજ પછી યુદ્ધમાં આવશો નહિ, શૂરવીરોનો સામનો કરવો નહિ તથા તેમના માટે અપ્રિય વાતો પણ બોલશો નહિ. જો યુદ્ધમાં અમારા જેવા લોકોને કાંઈક કડવી વાત કહેશો તો તેનું આવું જ અથવા આનાથી પણ કઠોર ફળ મળશે. તમારી છાવણીમાં ચાલ્યા જાઓ અથવા શ્રીકૃષ્ણ અને અર્જુન જ્યાં હોય ત્યાં જ ચાલ્યા જાઓ.' આમ કહીને કર્ણે યુધિષ્ઠિરને છોડી દીધા અને પાંડવસેનાનો સંહાર કરવા લાગ્યો.

રાજા યુધિષ્ઠિર લજ્જિત થઈને ત્યાંથી ખસીને શ્રુતકીર્તિના રથ પર બેસીને કર્ણનું પરાક્રમ જોવા લાગ્યા. પોતાની સેનાને પીછેહઠ કરતી જોઈને ધર્મરાજે યોદ્ધાઓને ક્રોધિત થઈને કહ્યું, 'અરે! કેમ ચૂપ બેઠા છો? મારો આ કૌરવોને.' રાજાની આજ્ઞા મળતાં જ ભીમ વગેરે પાંડવ મહારથી ધૃતરાષ્ટ્રપુત્રો પર તૂટી પડ્યા. તે આક્રમણકારીઓના પ્રચંડ વેગને સહન કરવાની પોતાનામાં શક્તિ ન જોઈને કૌરવસેના ભાગવા લાગી.

આ જોઈને દુર્યોધને પોતાના યોદ્ધાઓને બધી બાજુથી રોકવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે બૂમો પાડતો રહી ગયો. સેના પાછી ન ફરી. કર્ણે સૈનિકોને ભાગતા જોઈને મહારાજ શલ્યને કહ્યું, 'હવે તમે ભીમના રથ પાસે મારો રથ લઈ જાઓ.' શલ્યે પોતાના રથને ભીમ તરફ આગળ વધાર્યો.

કર્ણને આવતો જોઈને ભીમ ક્રોધિત થઈ ગયો અને સાત્યકિ તથા ધૃષ્ટદ્યુમ્નને કહ્યું, 'હવે તમે લોકો મહારાજ યુધિષ્ઠિરની રક્ષા કરો. હમણાં મારી સામે જ તેમને મોટા સંકટમાંથી છુટકારો મળ્યો છે. કર્ણે દુર્યોધનને પ્રસન્ન કરવા માટે મારી સામે સઘળી યુદ્ધ સામગ્રીને અસ્તવ્યસ્ત કરી નાખી છે. હવે હું આનો બદલો લઈશ.'

આમ કહીને ભીમ પોતાની સિંહગર્જનાથી કર્ણ તરફ આગળ વધ્યો. તેમને ચડી આવતા જોઈને કર્ણે ભારે ગુસ્સે થઈને તેમની છાતીમાં નારાચનો પ્રહાર કર્યો. આ પ્રમાણે કર્ણના હાથે ઘાયલ થઈને ભીમે પણ તેને બાણોથી ઘાયલ કરી નાખ્યો. ભીમે વજ્ર જેવા બાણથી કર્ણના શરીરને ચીરી નાખ્યું. કર્ણ બેભાન થઈને રથની બેઠક પર પડી ગયો. તેને મૂર્છિત જોઈને શલ્ય તેને રણભૂમિમાંથી દૂર લઈ ગયા. આ પ્રમાણે કર્ણને પરાસ્ત કરીને ભીમે કૌરવસેનાને પણ મારીને ભગાડી દીધી.

ભીમ દ્વારા ધૃતરાષ્ટ્રના કેટલાક પુત્રોનો સંહાર

તે મહાસંગ્રામમાં કર્ણને યુદ્ધથી વિમુખ થતો જોઈને દુર્યોધને પોતાનાા ભાઈઓને કહ્યું, 'તમે લોકો કર્ણની રક્ષા કરો. તે ભીમના ભયને કારણે સંકટમાં આવી ગયો છે.' રાજાની આજ્ઞા મળતાં તેઓ ક્રોધિત થઈને ભીમ પર તૂટી પડ્યા. ભીમે એક ભલ્લ મારીને વિવિત્સુનું મસ્તક ધડથી અલગ કરી નાખ્યું. તેને મરાઈ ગયેલો જોઈને બધા ભાઈઓ ભીમ પર તૂટી પડ્યા. ત્યારે તેમણે ભલ્લથી વિકટ અને સહના પ્રાણ લઈ લીધા. તેમની સેનાનો સંહાર કરીને ભીમે નંદ અને ઉપનંદને પણ મોતને ઘાટ ઉતારી દીધા. હવે કૌરવસેના ગભરાઈ ગઈ. આટલા કૌરવપુત્રો મરાઈ ગયા એ જોઈને કર્ણ ભારે ઉદાસ થઈ ગયો. તે બહુ વેગથી આવીને ભીમના રથ સાથે ભીડાઈ ગયો. પછી તો એકબીજાનો વધ ઇચ્છનાર કર્ણ અને ભીમ વચ્ચે ભયંકર યુદ્ધ થવા લાગ્યું. ભીમ હાથમાં ગદા લઈને કૌરવોની સેનામાં ઘૂસી જઈ તેના પ્રહારોથી સૈનિકોનો સંહાર કરવા લાગ્યા. ત્યારપછી ભીમ બીજા રથ પર સવાર થઈ કર્ણનો સામનો કરવા માટે પહોંચી ગયા. તે વખતે કર્ણ અને યુધિષ્ઠિરનું યુદ્ધ ચાલી રહ્યું હતું. કર્ણે પોતાનાં બાણોથી યુધિષ્ઠિરને આચ્છાદિત કરી દીધા અને તેમના સારથિને પણ મારીને પાડી દીધો. સારથિ વિનાના ઘોડા રથ લઈને ભાગી ગયા. ત્યાર બાદ ભીમે કર્ણ પર ભીષણ બાણવર્ષા કરી. કર્ણ પાછો ફરી ગયો. બંને દળોમાં એવું ભયંકર યુદ્ધ થયું કે લોહીની નદીઓ વહેવા લાગી. ઘણા ક્ષત્રિયો યમલોક પહોંચી જતા હતા. તે ભયંકર સંગ્રામમાં કૌરવસેના અત્યંત પીડિત થવા લાગી.

અર્જુન દ્વારા સંશપ્તકોનો સંહાર અને સુકેતુનો વધ

જે સમયે ક્ષત્રિયોનો સંહાર કરનારું ભયંકર યુદ્ધ ચાલી રહ્યું હતું, તે જ સમયે અર્જુન સંશપ્તકોનો તથા નારાયણી સેનાનો સંહાર કરી રહ્યા

હતા. સુશર્માએ અર્જુન પર બાણોની ઝડી વરસાવી દીધી. આનાથી અર્જુન વ્યથિત થઈને રથના પાછળના ભાગમાં બેસી ગયો. થોડીવારમાં એ સ્વસ્થ થયા. પછી એણે ઐન્દ્રાસ્ત્ર પ્રગટ કર્યું. તેમાંથી હજારો બાણ નીકળીને ચારે બાજુ છવાઈ ગયા અને હાથી-ઘોડાનો નાશ થવા લાગ્યો.

આ પ્રમાણે કૌરવસેનાને અર્જુનના મારથી પીડિત થતી જોઈને કૃતવર્મા, કૃપાચાર્ય, અશ્વત્થામા, ઉલૂક, શકુનિ, દુર્યોધન તથા તેના ભાઈઓએ આવીને પોતાના સૈન્યને બચાવી લીધું. તે સમયે કૃપાચાર્ય અને શિખંડી વચ્ચે ભીષણ યુદ્ધ થઈ રહ્યું હતું. કૃપાચાર્ય તેને પોતાના બાણોથી વારંવાર વ્યથિત કરવા લાગ્યા. તેની આવી સ્થિતિ જોઈને ચિત્રકેતુનો પુત્ર સુકેતુ ત્યાં આવી પહોંચ્યો. આ જોઈને કૃપાચાર્યે સુકેતુના બધાં જ મર્મસ્થાનોમાં પ્રહાર કર્યો. તેનાથી સુકેતુનું શરીર કાંપવા લાગ્યું. તે બહુ વ્યાકુળ થઈ ગયો. તે જ અવસ્થામાં કૃપાચાર્યે એક ક્ષુરપ્ર મારીને તેના મસ્તકને છેદી નાખ્યું. સુકેતનું મરાઈ જવાથી તેના સૈનિકો ભયભીત થઈને ચારે બાજુ ભાગી છૂટ્યા.

એક બાજુ તો આ ભયંકર સંગ્રામ ચાલી રહ્યો હતો અને બીજી બાજુ અર્જુન સંશપ્તકોનો વિનાશ કરી રહ્યો હતો. શત્રુઓને જીતીને વિજયી અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, 'આ સંશપ્તકો તો યુદ્ધમાં મારા બાણોના ઘા સહી ન શકવાને લીધે ભાગી રહ્યાં છે. બીજી બાજુ સૃંજયોની મોટી સેનાનો પણ સંહાર થઈ રહ્યો છે. ત્યાં કર્ણ આનંદથી રાજાઓની સેનામાં ફરી રહ્યો છે. બીજા કોઈ મહારથી તેને યુદ્ધમાં જીતી શકતા નથી. અહીંની લડાઈ બંધ કરીને હવે કર્ણની પાસે જવું જઈએ.'

આ સાંભળીને ભગવાન હસીને બોલ્યા, 'હવે તમે જલદી કૌરવોનો નાશ કરો.' એમ કહને શ્રીકૃષ્ણે ઘોડાઓને હાંક્યા. અર્જુનને લઈને કૌરવસેનામાં ઘૂસી ગયા. તેમના પહોંચતા જ કૌરવસેના ચારે બાજુ ભાગવા લાગી. અર્જુનને પોતાની સેના વચ્ચે વિચરતો જોઈને દુર્યોધન ફરી સંશપ્તકોને તેની સાથે લડવાની આજ્ઞા કરી. તેઓ પોતાની બાણવર્ષાથી અર્જુનને આચ્છાદિત કરીને તેને ઘેરીને ઊભા રહી ગયા.

ત્યાર બાદ અશ્વત્થામા અર્જુનનો સામનો કરવા માટે ચડી આવ્યો. રથ પર બેઠેલા શ્રીકૃષ્ણ પર દૃષ્ટિ પડતાં જ તેણે ભયંકર અસ્ત્ર-શસ્ત્રોની વૃષ્ટિનો આરંભ કરી દીધો. સંગ્રામમાં શ્રીકૃષ્ણ અને અર્જુનને આચ્છાદિત કરીને અશ્વત્થામાએ જે પરાક્રમ દેખાડ્યું તેવું આ પહેલાં કોઈએ ક્યારેય જોયું ન હતું. તે સમયે દ્રોણપુત્ર તરફ જોઈને અર્જુનને એવું લાગવા માંડ્યું

કે અશ્વત્થામાએ મારું પરાક્રમ હરી લીધું છે.

એ જોઈને શ્રીકૃષ્ણે કહ્યું, 'આજે દ્રોણપુત્ર તમારાથી ચડિયાતું પરાક્રમ દેખાડી રહ્યો છે.'

શ્રીકૃષ્ણના આ પ્રમાણે કહેવાથી અર્જુને ભલ્લ હાથમાં લઈ અશ્વત્થામા પર પ્રહાર કર્યા. તેને મૂર્છા આવી ગઈ. અશ્વત્થામાને બેહોશ જોઈને સારથિ અર્જુનથી તેની રક્ષા કરવા માટે રણભૂમિની બહાર લઈ ગયો.

ધૃષ્ટદ્યુમ્ન અને કર્ણનું યુદ્ધ, અર્જુન દ્વારા અશ્વત્થામાનો પરાજય

ત્યારબાદ દુર્યોધને કર્ણની પાસે જઈને કહ્યું, 'આ યુદ્ધ સ્વર્ગનો ખુલ્લો દરવાજો છે, જે આપણને આપમેળે પ્રાપ્ત થઈ ગયો છે. જો તમે લોકોએ યુદ્ધમાં પાંડવોને માર્યા તો ધન-ધાન્યથી સંપન્ન પૃથ્વી પ્રાપ્ત કરશો. અને જો શત્રુઓના હાથે તમે મરાઈ ગયા તો વીર પુરુષોને પ્રાપ્ત થવા યોગ્ય પુણ્યલોક પ્રાપ્ત કરશો.'

દુર્યોધનની વાત સાંભળીને ક્ષત્રિયોએ હર્ષનાદ કર્યો. તે સમયે અશ્વત્થામાએ ત્યાં પહોંચીને સૈનિકોને કહ્યું, 'તમે બધા લોકોએ તો જોયું જ હતું કે મારા પિતા અસ્ત્ર ત્યાગીને યોગમાં સ્થિત થઈ ચૂક્યા હતા, તો પણ ધૃષ્ટદ્યુમ્ને માર્યા. તેનો મને ભારે ગુસ્સો છે. હું તમારી સામે એવી પ્રતિજ્ઞા કરું છું કે ધૃષ્ટદ્યુમ્નને માર્યા વિના હું મારું કવચ ઉતારીશ નહિ. જો મારી પ્રતિજ્ઞા ખોટી પડે તો મને સ્વર્ગ પ્રાપ્ત ન થાય. યુદ્ધમાં ભીમ કે અર્જુન જે કોઈ મારી સામે આવશે, તે બધાને કચડી નાખીશ, એમાં સહેજ પણ શંકા નથી.'

અશ્વત્થામાના આ પ્રમાણે કહેવાથી કૌરવોની સેનાએ એક સાથે મળીને પાંડવો પર હુમલો કર્યો. બંને દળોમાં ઘોર સંગ્રામ થવા લાગ્યો. ધૃષ્ટદ્યુમ્ન અને પાંડવ મહારથીઓએ બધા રાજાઓને સાથે લઈને કર્ણ પર આક્રમણ કર્યું. પરંતુ કર્ણે એકલાએ જ બધાને રોકી લીધા. તે દરમિયાન ધૃષ્ટદ્યુમ્નએ અશ્વત્થામા પર આક્રમણ કર્યું. તેણે આવતાં જ ક્રોધે ભરાઈને કહ્યું, 'આજે હું તને મોતના મુખમાં મોકલી દઈશ. જો અર્જુને તારી રક્ષા ન કરી અને તું લડાઈમાં જીવ બચાવવા ભાગી ન ગયો, તો આજે તને તારા પાપનો દંડ અવશ્ય મળશે, તું કુશળ રહી શકીશ નહિ.'

તેના આ પ્રમાણે કહેવાથી ધૃષ્ટદ્યુમ્ન બોલ્યો, 'તારી વાતનો ઉત્તર મારી તલવાર જ આપશે, જે તારા પિતાને સંગ્રામમાં જડબાતોડ જવાબ આપી ચૂકી છે.' આમ કહીને ધૃષ્ટદ્યુમ્ને અશ્વત્થામાને બાણથી વીંધી નાખ્યો. અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નના ધનુષ્ય, શક્તિ, ગદા, ધજા, ઘોડા, સારથિ તથા રથને નષ્ટ કરી દીધાં. એટલામાં શ્રીકૃષ્ણની દૃષ્ટિ ત્યાં પડી. તેમણે અર્જુનને કહ્યું, 'અશ્વત્થામા ધૃષ્ટદ્યુમ્નને મારવા માટે પ્રયત્ન કરી રહ્યો છે. તે તેને મારી નાખશે એમાં શંકા નથી. તેથી તમે એને જલદી છોડાવો.' આમ કહીને શ્રીકૃષ્ણ, જ્યાં અશ્વત્થામા હતો ત્યાં રથ લઈ ગયા. શ્રીકૃષ્ણ અને અર્જુનને આવતા જોઈને તેણે ધૃષ્ટદ્યુમ્નને મારવાનો વિશેષ પ્રયત્ન કર્યો. અર્જુને જ્યારે જોયું કે અશ્વત્થામા ધૃષ્ટદ્યુમ્નને ઘસડી રહ્યો છે, ત્યારે તેના પર ઘણાં બાણ માર્યા. ગાંડીવમાંથી છૂટેલા તે બાણ અશ્વત્થામાના શરીરમાં ઘૂસી ગયાં. તેનાથી વ્યથિત થઈને અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નને છોડી દીધો અને પોતાના રથમાં બેસી હાથમાં ધનુષ્ય લઈને અર્જુનને વીંધવા માંડ્યો.

એટલામાં સહદેવ ધૃષ્ટદ્યુમ્નને પોતાના રથ પર બેસાડીને ત્યાંથી બીજા સ્થાને લઈ ગયો. અર્જુને અશ્વત્થામાને બાણોથી વીંધવા માંડ્યો. એને ભારે વેદના થઈ. તેની આ સ્થિતિ જોઈને સારથિ તેને રણભૂમિની બહાર લઈ ગયો.

આ પ્રમાણે ધૃષ્ટદ્યુમ્નને સંકટમાંથી મુક્ત થયો. ત્યાર પછી અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, 'હવે સંશપ્તકો તરફ ચાલો, તેમનો સંહાર કરવો અત્યારે મારા માટે મુખ્ય કાર્ય છે.' તેમની વાત સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણ રથ દ્વારા સંશપ્તકો તરફ ચાલ્યા.

બંને પક્ષના યોદ્ધાઓનું દ્વંદ્વયુદ્ધ તથા ભીમના પરાક્રમનું વર્ણન

જતાં જતાં રસ્તામાં શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને દેખાડીને અર્જુનને કહ્યું, 'તમારા ભાઈ યુધિષ્ઠિરને મારવા માટે અત્યંત બળવાન અને ધનુર્ધર કૌરવ યોદ્ધાઓ ઝડપથી તેમનો પીછો કરી રહ્યા છે. રાજા દુર્યોધન પણ રથીઓની સેનાથી ઘેરાઈને તેમના પર આક્રમણ કરી રહ્યો છે. તેનો ઉદ્દેશ તેમને મારી નાખવાનો જ છે. કર્ણ ધૃતરાષ્ટ્ર પુત્રોને એવું કહી રહ્યો છે કે, 'તમે લોકો યુધિષ્ઠિરને મારી નાખો.' આ બધા મહારથીઓ તેમને બાણોથી આચ્છાદિત કરી રહ્યા છે. ભીમે દુર્યોધનની સેનાને આગળ

વધતી અટકાવીને મારી નાખી છે. તેમનાં બાણોનો માર ખાઈને શત્રુઓ ભયભીત થઈ ગયા છે.'

ભગવાન શ્રીકૃષ્ણના મુખેથી આ વાતો સાંભળીને અર્જુને ભીમના પરાક્રમ તરફ નજર નાખી.

ભીમથી ભયભીત થઈને ભાગતી સેનાને કર્ણે પ્રયત્ન કરીને રોકી અને તેને વ્યવસ્થિત ઊભી કરીને પાંડવો તરફ ચાલ્યો. આ જોઈને પાંડવોના મહારથી ભીમ, સાત્યકિ, શિખંડી, જનમેજય, ધૃષ્ટદ્યુમ્ન વગેરે પણ ક્રોધે ભરાઈને કૌરવસેનાનો સંહાર કરવા માટે તેના પર ચારે બાજુથી તૂટી પડ્યા.

કર્ણ દ્વારા ઘાયલ થઈને યુધિષ્ઠિરનો પોતાની છાવણીમાં વિશ્રામ

બીજી બાજુ યુધિષ્ઠિરને આવતા જોઈને દુર્યોધન ક્રોધે ભરાઈને પોતાની સેના સાથે લઈને નજીક જઈને તેમને ચારે બાજુથી ઘેરી લીધા. યુધિષ્ઠિરે બાણોથી કર્ણને ઘાયલ કરી દીધો. પછી કર્ણે બાણો અને ભલ્લોથી યુધિષ્ઠિરની છાતી છેદી નાખી. એનાથી ધર્મરાજને ભારે પીડા થઈ. તેઓ રથના પાછળા ભાગમાં બેસી ગયા અને સારથિને ત્યાંથી રથ હઠાવી લેવાની આજ્ઞા આપી. તેમને જતા જોઈને દુર્યોધન સહિત બધા કૌરવો 'આને પકડો' કહીને તેમની પાછળ દોડ્યા. એટલામાં પાંચાલ યોદ્ધાઓ અને કેકયવીરોએ કૌરવોને આગળ આવતા અટકાવી દીધા.

તે સમયે રાજા યુધિષ્ઠિર બાણોના પ્રહારથી બહુ ઘાયલ થઈ ગયા હતા. તેઓ નકુલ અને સહદેવની વચ્ચે થઈને ધીરે ધીરે છાવણી તરફ જઈ રહ્યા હતા. આ સ્થિતિમાં પણ કર્ણે દુર્યોધનનું હિત કરવાની ઇચ્છાથી યુધિષ્ઠિરનો પીછો કર્યો અને તેમને બાણોથી વીંધી નાખ્યા.

ત્યારે મદ્રરાજ શલ્યએ કર્ણને કહ્યું, 'તમારે તો આજે અર્જુન સાથે યુદ્ધ કરવાનું છે. પછી અત્યંત ક્રોધ કરીને ધર્મરાજ સામે શા માટે લડી રહ્યા છો? અર્જુન રથીઓની સેનાનો સંહાર કરી રહ્યા છે. ત્યાં ભીમે દુર્યોધનને દબાવી દીધો છે. આપણી સામે જ તેઓ તેને મારી ન નાખે એ માટે પ્રયત્ન કરવો જોઈએ. દુર્યોધનના પ્રાણ સંકટમાં છે, તેને ત્યાં જઈને બચાવો.'

કર્ણ શલ્યની વાત સાંભળી અને જોયું કે દુર્યોધન ભીમની ચુંગાલમાં ફસાઈ ચૂક્યો છે, ત્યારે યુધિષ્ઠિર અને નકુલ-સહદેવને ત્યાં જ છોડીને

દુર્યોધનને બચાવવા માટે દોડી ગયો. ધર્મરાજને છાતીમાં બાણના ઘાવથી ભારે પીડા થઈ રહી હતી. તેમણે બંને માદ્રીના પુત્રોને કહ્યું, 'ભીમ મેઘની જેમ ગર્જના કરીને લડી રહ્યાં છે, તમે બંને સહાયતા માટે તેમની પાસે જાઓ.' તેમની આજ્ઞા મેળવીને બંને ભાઈઓ પોતપોતાના રથ પર સવાર થઈ ભીમની સેનામાં જઈ પહોંચ્યા.

અર્જુન દ્વારા અશ્વત્થામાનો પરાજય

આ જ સમયે અશ્વત્થામા રથીઓની મોટી સેના લઈને અર્જુન પાસે આવ્યો. તેને આવતો જોઈને અર્જુને તેના ઉત્સાહને ઠંડો કરી દીધો. બંનેના પરાક્રમની બધા યોદ્ધાઓ પ્રશંસા કરી રહ્યા હતા. તે સમયે પાંડવો વિજયી થઈને ચારે બાજુ બાણોની વર્ષા કરતા રહીને કૌરવસેનાને ખદેડવા લાગ્યા. કૌરવપુત્રોના રોકવા છતાં પણ સેના ન રોકાઈ.

ત્યાર પછી દુર્યોધને કર્ણને કહ્યું, 'પાંડવોએ આપણી વિશાળ સેનાને કષ્ટ પહોંચાડ્યું છે, તમારી હયાતીમાં જ એ ભયભીત થઈને ભાગી રહી છે. આ જાણ્યા પછી તમને જે યોગ્ય લાગે તે કરો. પાંડવો દ્વારા ખદેડાયેલા આપણા યોદ્ધાઓ સહાયતા માટે તમને જ પોકારી રહ્યા છે.'

દુર્યોધનની વાત સાંભળીને કર્ણે પોતાના ધનુષ્ય પર ભાર્ગવાસ્ત્રનું સંધાન કર્યું. તેમાંથી અબજો બાણ પ્રગટ થયા. તે બધાં જ બાણ અગ્નિ જેવાં પ્રજ્વલ્લિત થઈ રહ્યા હતા. પાંડવોની આખી સેના વ્યાકુળ થઈ ગઈ. કર્ણ દ્વારા મરાઈ રહેલા પાંચાલ અને ચેદિદેશના યોદ્ધાઓ ભયભીત થઈને ભાગવા લાગ્યા અને શ્રીકૃષ્ણ અને અર્જુનને પોકારવા લાગ્યા.

અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, 'આપ આ ભાર્ગવાસ્ત્રનું પરાક્રમ તો જુઓ. યુદ્ધમાં કોઈ પણ રીતે આનો નાશ કરી શકાતો નથી. ત્યાં કર્ણ પોતાના ઘોડાઓને આગળ વધારતો રહીને મારી સામે જોઈ રહ્યો છે. આ સમયે તેની સામેથી નાસી જવું પણ મને યોગ્ય લાગતું નથી.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'કર્ણે રાજા યુધિષ્ઠિરને અત્યંત ઘાયલ કરી દીધા છે. તેમને એકવાર મળીને, તેમને ધૈર્ય આપીને પછી કર્ણનો વધ કરજો.' આમ કહીને તેઓ યુધિષ્ઠિરને મળવા આગળ વધ્યા. 'જ્યાં સુધી આપણે ધર્મરાજને મળીશું ત્યાં સુધીમાં કર્ણ યુદ્ધ કરતાં કરતાં બહુ થાકી જશે. શ્રીકૃષ્ણની આજ્ઞાનુસાર અર્જુન પોતાના ઘાયલ થયેલા ભાઈને જોવા માટે રથ પર બેસીને ચાલ્યા. જતાં જતાં તેમણે પોતાની સેના પર દૃષ્ટિ કરી પરંતુ ક્યાંય ધર્મરાજને ન જોયા. ત્યારે તેમણે ઝડપથી ભીમ પાસે

પહોંચીને તેમને કહ્યું, 'રાજા યુધિષ્ઠિર ક્યાં છે?'

ભીમે કહ્યું, 'ધર્મરાજ અહીંથી છાવણી પર ચાલ્યા ગયા છે. કર્ણના બાણોથી ઘાયલ થઈ જવાને કારણે તેમના શરીરમાં ભારે વેદના થઈ રહી હતી.'

અર્જુન બોલ્યા, 'જો આવી વાત છે તો તમે તરત જ તેમના સમાચાર લેવા જાઓ. કર્ણના બાણોથી ઘાયલ થઈ જવાથી તેઓ છાવણી તરફ ચાલ્યા ગયા છે. હું અહીં ઊભો રહીને શત્રુઓને રોકી રાખું છું.'

ભીમે કહ્યું, 'અર્જુન! હું ચાલ્યો જઈશ તો શત્રુપક્ષના લોકો એવું જ કહેશે કે 'ભીમ ડરી ગયા'. તેથી તમે જ જઈને મહારાજની ખબર લો.

અર્જુન બોલ્યા, 'આજે સંશપ્તકોને માર્યા વિના હું અહીંથી જઈ શકું એમ નથી.'

ભીમે કહ્યું, 'હું મારા પરાક્રમથી સંશપ્તકોનો સામનો કરીશ. તમે નિશ્ચિંત થઈને જાઓ.'

ભીમની વાત સાંભળીને અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, 'હવે હું રાજા યુધિષ્ઠિરના દર્શન કરવા ચાહું છું. આપ તરત ઘોડા હાંકો.' ત્યારે ભગવાને ઘોડાને હાંકીને તરત જ રાજા પાસે પહોંચી ગયા. પછી બંનેએ રથમાંથી ઊતરીને તેમના ચરણોને પ્રણામ કર્યા અને તેમને સકુશળ જોઈને તેઓ બહુ પ્રસન્ન થયા. તે સમયે ધર્મરાજે એવું માની લીધું કે કર્ણ મરાઈ ગયો, એટલે એમને ભારે પ્રસન્નતા થઈ અને તેઓ બોલ્યા, 'અત્યારે તમને બંનેને જોઈને મને ભારે પ્રસન્નતા થઈ છે, કેમ કે તમે બંનેએ સ્વયં સકુશળ રહીને મહારથી કર્ણને મારી નાખ્યો છે. કર્ણના બાણોથી જ્યારે હું બહુ જ ઘાયલ થઈ ગયો ત્યારે તેનો વધ કરવા માટે મેં તમારું જ સ્મરણ કર્યું હતું.'

કર્ણના જીવતા હોવાથી જાણ થતાં યુધિષ્ઠિર દ્વારા અર્જુનને ધિક્કારવું

રાજા યુધિષ્ઠિરની વાત સાંભળીને અર્જુન આ પ્રમાણે બોલ્યા, 'મેં તેના સૈનિકોનો તો સંહાર કરી નાખ્યો, પરંતુ કર્ણને ત્યાં જ છોડીને તમારા દર્શન માટે જલદી અહીં ચાલ્યો આવ્યો. હવે હું તમારી પાસે યુદ્ધમાં જવાની આજ્ઞા માગું છું. આશીર્વાદ આપો, જેથી રણમાં મારો વિજય થાય. હું કર્ણ, તેની સેના તથા સંપૂર્ણ શત્રુઓનો સંહાર કરીશ.'

યુધિષ્ઠિર કર્ણના બાણોના ઘાથી ભારે વ્યથા અનુભવી રહ્યા હતા.

અર્જુનના મોઢેથી 'કર્ણ જીવતો છે' એવા સમાચાર સાંભળી ક્રોધિત થઈને બોલ્યા, 'તમારી સેના શત્રુઓથી તિરસ્કૃત થઈને રણભૂમિમાંથી ભાગી ગઈ છે અને તમે જ્યારે કર્ણને મારી ન શક્યા ત્યારે ભયભીત થઈને ભીમને એકલા છોડીને અહીં ભાગી આવ્યા. તમે દ્વૈતવનમાં સત્યપ્રતિજ્ઞા કરી હતી કે, 'હું એકલો જ કર્ણને મારી નાખીશ.' પછી એને જીવતો મૂકીને તમે અહીં કઈ રીતે ચાલ્યા આવ્યા.'

જો યુદ્ધમાં આજે કર્ણનો મુકાબલો કરવાની શક્તિ ન હોય તો જે રાજા તમારાથી અસ્ત્ર-શસ્ત્રમાં વધીને હોય તેને જ પોતાનું ગાંડીવ ધનુષ્ય આપી દો.

યુધિષ્ઠિરના આ પ્રમાણે કહેવાથી અર્જુને ક્રોધિત થઈને ધર્મરાજને મારી નાખવાની ઇચ્છાથી તલવાર ઉપાડી લીધી. અર્જુનનો કોપ જોતાં શ્રીકૃષ્ણએ તેને કહ્યું, 'અર્જુન! આ શું? તમે તલવાર કેમ ઉપાડી?' શ્રીકૃષ્ણના પૂછવાથી અર્જુને યુધિષ્ઠિર તરફ જોઈને કહ્યું, 'મેં ગુપ્તરૂપે એક પ્રતિજ્ઞા કરી છે કે જે કોઈ મને એવું કહી દેશે કે 'તું તારું ગાંડીવ ધનુષ્ય બીજાને આપી દે' તો હું એનું મસ્તક કાપી નાખીશ. રાજાએ આપની સામે જ મને આવી વાત કહી છે, તેથી હું ક્ષમા કરી શકું એમ નથી. આજે આમનો વધ કરીને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી લઈશ. તેથી મેં તલવાર ઉપાડી છે.

આ સાંભળીને શ્રીકૃષ્ણે કહ્યું, 'ધિક્કાર છે!' પછી તેઓ અર્જુનને કહેવા લાગ્યા, 'આજે મને ખબર પડી કે તમે કદી વૃદ્ધ પુરુષોની સેવા કરી નથી, ત્યારે જ તો તમને કસમયે ક્રોધ આવી ગયો. અર્જુન હું તમારું હિત ચાહું છું.

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને પ્રતિજ્ઞાભંગ, ભ્રાતુવધ તથા આત્મઘાતથી બચાવવા

ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું, 'તમે પોતાના મોટાભાઈનો વધ કરીને અવશ્ય ઘોર અંધકારમાં પડી જાત, ભયંકર નરકમાં જાત. હવે મારી સલાહ એ છે કે તમે યુધિષ્ઠિરને જ પ્રસન્ન કરો, જ્યારે પ્રસન્ન થઈ જાય તો આપણે તરત જ કર્ણ સાથે લડવા જઈએ.'

અર્જુન લજ્જિત થઈને રાજાના ચરણોમાં પડી ગયા અને બોલ્યા, 'ધર્મપાલનની કામનાથી ભયભીત થઈને મેં જે કંઈ કરી નાખ્યું છે, તેને ક્ષમા કરો અને મારા પર પ્રસન્ન થાઓ.'

ત્યારપછી યુધિષ્ઠિરે અર્જુનને પ્રેમથી ગળે લગાડીને કહ્યું, 'હું યુદ્ધમાં પૂરા પ્રયત્ન સાથે લડી રહ્યો હતો, પરંતુ કર્ણે બધા સૈનિકોની સામે મારું કવચ, ધનુષ્ય, બાણ, શક્તિ અને ઘોડા નષ્ટ કરી નાખ્યા. તેના તે કર્મને યાદ કરીને હું દુઃખી થઈ રહ્યો છું. જો આજે યુદ્ધમાં તે વીરને નહિ મારો તો હું અવશ્ય મારા પ્રાણ ત્યાગી દઈશ.'

તેમના આ પ્રમાણે કહેવાથી અર્જુને કહ્યું, 'નકુલ-સહદેવ તથા ભીમના સોગંદ ખાઈને કહું છું કે આજે યા તો હું કર્ણને મારીશ અથવા સ્વયં રણભૂમિમાં શયન કરીશ.' રાજાને આ પ્રમાણે કહીને અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, 'આજે યુદ્ધમાં અવશ્ય કર્ણને મારીશ, આપની બુદ્ધિના બળ વડે જ તે દુરાત્માનો વધ થશે.'

આ સાંભળીને શ્રીકૃષ્ણે કહ્યું, 'અર્જુન! તમે કર્ણનો વધ કરવામાં સમર્થ છો. મારી તો હંમેશા એવી ઇચ્છા રહે છે કે તમે કોઈ પણ રીતે કર્ણને મારત.' અર્જુનને આમ કહીને શ્રીકૃષ્ણ ધર્મરાજને કહેવા લાગ્યા, 'તમે કર્ણના બાણોથી બહુ પીડિત થઈ ગયા છો એ સાંભળીને હું અને અર્જુન તમને જોવા આવ્યા હતા. હવે અર્જુનને શાંત કરીને તેમને વિજયના આશીર્વાદ આપો.'

આ સાંભળીને અર્જુને યુધિષ્ઠિરને પ્રણામ કર્યા. ત્યારે તેમણે ગળે લગાડીને કહ્યું, 'હું આશીર્વાદ આપું છું કે સર્વત્ર તમારો મહિમા વધે અને તમને વિજય પ્રાપ્ત થાઓ.'

અર્જુને કહ્યું, 'કર્ણને આજે પોતાના પાપોનું ફળ મળશે. આ સત્ય પ્રતિજ્ઞા સાથે હું તમારા ચરણોનો સ્પર્શ કરું છું.'

અર્જુને જોયું કે દારુક રથ જોડીને લઈ આવ્યો, ત્યારે તેમણે ધર્મરાજની આજ્ઞા લીધી અને બ્રાહ્મણો દ્વારા સ્વસ્તિવાચન કરાવીને તેઓ પોતાના રથ પર બિરાજમાન થયા. શ્રીકૃષ્ણે રથને કર્ણ સામે લીધો. પછી ગાંડીવનો ટંકાર કરીને અર્જુને કહ્યું, 'આજે મારા ગાંડીવ ધનુષ્યથી છૂટેલાં બાણ કર્ણને મોતને ઘાટ ઉતારશે.' આજે કર્ણના મરાઈ જવાથી દુર્યોધન પોતાનાં રાજ્ય અને જીવન બંનેથી નિરાશ થઈ જશે. મારાં બાણોથી કર્ણના થયેલા ટુકડા જોઈને આજે રાજા દુર્યોધન આપનાં તે વચનોનું સ્મરણ કરે, જે વચન આપે તેને ભલા માટે કહ્યાં હતાં. ભગવાનને આ પ્રમાણે કહીને અર્જુન ક્રોધથી રણભૂમિમાં જઈ પહોંચ્યા.

ભીમનું પરાક્રમ

તે સમયે અર્જુન ઘોડા અને સારથિ સહિત રથો, સવારો સહિત હાથીઓ અને ઘોડા તથા સંપૂર્ણ શત્રુઓને પોતાના બાણથી મૃત્યુને હવાલે કરવા લાગ્યા. તે ભયાનક યુદ્ધમાં ઘણા બધા શત્રુઓ દ્વારા ઘેરાયેલા ભીમે પોતાના સારથિને કહ્યું, 'તું ઘોડાઓને ઝડપથી હાંકીને મને ધૃતરાષ્ટ્રના પુત્રો પાસે લઈ જા, આજે તે બધાને હું યમલોક મોકલી દઉં છું.' આજ્ઞા મળતાં જ સારથિએ ઘોડાઓની ગતિ વધારી અને તરત જ રથ લઈને કૌરવપુત્રોની સેનામાં જઈ પહોંચ્યો. કૌરવપક્ષના યોદ્ધાઓ પણ બધી બાજુથી હાથી, ઘોડા અને રથ સાથે આગળ આવ્યા. ભીમના રથ પર ચારે બાજુથી બાણવર્ષા થવા લાગી.

અર્જુને પણ રથમાં બેસીને વિજય માટે યાત્રા કરી. તેમને આવતા જોઈને કૌરવપક્ષના વીરો ક્રોધિત થઈને અર્જુનની સામે ચડી આવ્યા. તે સમયે રાજા દુર્યોધને યોદ્ધાઓને આદેશ આપ્યો, 'મારી નાખો ભીમને. તેના મરાવાથી હું પાંડવોની આખી સેનાને મરેલી માનું છું.' રાજાઓએ દુર્યોધનની આજ્ઞાનો સ્વીકાર કર્યો અને ભીમને ચારે બાજુથી ઘેરીને તેમના પર બાણવર્ષા કરવા લાગ્યા. ભીમ શત્રુસેનામાં લાખો યોદ્ધાઓને સાફ કરી નાખતા હતા. તેમનું આ પરાક્રમ જોઈને દુર્યોધને શકુનિને કહ્યું, 'તમે ભીમને પરાસ્ત કરો. એને જીતી લીધા પછી હું પાંડવોની બાકીની સેનાને જિતાયેલી સમજું છું.'

આ સાંભળીને શકુનિએ સંગ્રામ કરવા માટે તૈયાર થઈને ભીમને આગળ વધતાં રોકી દીધા. ત્યારે ભીમ શકુનિ તરફ આવ્યા. બંને વચ્ચે ભલ્લ અને ગદાથી પ્રહાર થવા લાગ્યા. શત્રુના પ્રહારથી ઘાયલ થઈને શકુનિ પૃથ્વી પર પડી ગયો. તેને મૂર્છિત જાણીને દુર્યોધન તેને પોતાના રથ પર બેસાડીને રણભૂમિથી દૂર લઈ ગયો. કૌરવ યોદ્ધાઓ ભયભીત થઈને ચારેબાજુ ભાગવા લાગ્યા અને ભીમ તેમનો પીછો કરવા લાગ્યો. ભીમના મારથી પીડિત થઈને બધા યોદ્ધાઓ કર્ણના શરણમાં ગયા.

અર્જુન દ્વારા કૌરવસેનાનો સંહાર

અર્જુન કૌરવોની સેનાનો વિનાશ કરીને આગળ વધ્યા ત્યારે કર્ણ પર તેમની દૃષ્ટિ પડી. અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, 'ત્યાં જુઓ, રણભૂમિમાં કર્ણના રથની ધજા દેખાઈ રહી છે. તેથી કર્ણ પાસે મને લઈ જાઓ, હું સંગ્રામમાં કર્ણનો વધ કર્યા વિના પાછો નહિ ફરું.'

શ્રીકૃષ્ણની સાથે અર્જુનને આવતા જોઈને શલ્યે કર્ણને કહ્યું, 'અર્જુન પોતાનું ગાંડીવ ધનુષ્ય લઈને સામે ઊભા છે, પેલો તેમનો રથ આવી રહ્યો છે. જો આજે તેમને મારી નાખશો તો આપણું ભલું થશે. તમારા સિવાય બીજો કોઈ એવો વીર નથી, જે આમનો ભય દૂર કરે.'

કર્ણે કહ્યું, 'હવે તમે રસ્તા પર આવ્યા છો અને મારી સાથે સહમત લાગો છો. હું એકલો જ પાંડવોની વિશાળ સેના તથા શ્રીકૃષ્ણ અને અર્જુનનો વધ કરીશ.'

શલ્યે કહ્યું, 'કર્ણ! મહારથી લોકો અર્જુન એકલા હોવા છતાં પણ તેમને યુદ્ધમાં જીતવા અસંભવ માને છે, તો પછી જ્યારે તેઓ શ્રીકૃષ્ણથી સુરક્ષિત હોય, ત્યારે તો કહેવું શું?'

કર્ણે કહ્યું, 'હું માનું છું, અર્જુન જેવો મહારથી સંસારમાં કદી થયો જ નથી. આવા પરાક્રમી શ્રીકૃષ્ણ અને અર્જુનનો મુકાબલો મારા સિવાય કોણ કરી શકે? કાં તો હું એ બંનેને મારી નાખીશ અથવા અર્જુન મારો વધ કરી નાખશે.'

એવું કહીને કર્ણ દુર્યોધન પાસે ગયો. દુર્યોધને તેને અભિનંદન આપ્યા. ત્યારે કર્ણે સૈનિકોને કહ્યું, 'તમે લોકો શ્રીકૃષ્ણ અને અર્જુન પર હુમલો કરીને એમને ચારે બાજુથી ઘેરી લો અને બધી બાજુથી યુદ્ધ શરૂ કરીને બરાબર થકવી નાખો. ત્યારે હું તે બંનેને મારી શકીશ.'

'બહુ સારું' કહીને અર્જુનને મારવાની ઇચ્છાથી તે બધા વીરો તેમના પર તૂટી પડ્યા અને પોતાનાં બાણોનો પ્રહાર કરવા લાગ્યા.

તે બાણોને અર્જુને કાપી નાખ્યા અને કૌરવસેનાનો નાશ કરવાની શરૂઆત કરી. આ જોઈને કૃપાચાર્ય, કૃતવર્મા, દુર્યોધન તથા અશ્વત્થામા અર્જુન તરફ દોડ્યા અને તેમના પર બાણોની વર્ષા કરવા લાગ્યા. પછી અત્યંત સ્ફૂર્તિ સાથે અર્જુને કૌરવસેનાને અસ્તવ્યસ્ત કરી નાખી.

અર્જુન અને ભીમ દ્વારા કૌરવવીરોનો સંહાર તથા કર્ણનું પરાક્રમ

બીજી બાજુ કૌરવોના મુખ્ય યોદ્ધાઓએ ભીમ પર હુમલો કર્યો હતો. ભીમ, કૌરવ-સમુદ્રમાં ડૂબી જ રહ્યા હતા ત્યાં જ અર્જુન તેમને બચાવી લેવા ત્યાં આવી પહોંચ્યા. તેમણે કર્ણની સેનાને છોડીને કૌરવો પર ચડાઈ કરી અને તેમને યમલોક મોકલવા માંડ્યા. રણભૂમિમાં અર્જુનના

બાણોથી ઘવાયેલી કૌરવસેના ચારે બાજુ ભાગી ગઈ. જ્યારે બધા કૌરવો યુદ્ધથી વિમુખ થઈ ગયા ત્યારે વિજયી અર્જુને ભીમની પાસે પહોંચીને થોડીવાર વિશ્રામ કર્યો પછી ભીમને મળીને એ જણાવ્યું કે, 'રાજા યુધિષ્ઠિર અત્યારે સ્વસ્થ છે.' આ પ્રમાણે કુશળ-મંગળ કહીને ભીમની આજ્ઞા લઈને અર્જુન કર્ણની સેના તરફ ચાલ્યા ગયા. તે જ સમયે કૌરવવીરોએ અર્જુનને ઘેરી લીધો અને તેમને બાણોથી વ્યથિત કરવા માંડ્યા. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ રથને આગળ વધારી તેમને પોતાની જમણી બાજુ કરી દીધા. અર્જુનના રથને બીજી બાજુ જતો જોઈને તેઓ ફરી તેમના પર તૂટી પડ્યા. આ પ્રમાણે કૌરવોને મોતને ઘાટ ઉતારીને અર્જુન આગળ વધ્યા.

કૌરવપક્ષના યોદ્ધાઓએ અર્જુનને બધી બાજુથી ઘેરી લીધા. શ્રીકૃષ્ણે તેમની ઉપેક્ષા કરીને ઘોડાઓને કર્ણ તરફ હાંકી દીધા. આ જોઈને સંશપ્તકોએ તેમના પર બાણવૃષ્ટિ કરતા રહીને તેમનો પીછો કર્યો. ત્યારે અર્જુને તીક્ષ્ણ બાણોથી તેમને પણ યમલોક મોકલી દીધા. તેમના માર્યા જવાથી કૌરવ મહારથીઓએ અર્જુન પર હુમલો કર્યો. તે સમયે ભીમ અર્જુન પાસે આવી પહોંચ્યા.

ભીમે હાથીઓની સેનામાં પ્રવેશ કર્યો. ભારે ગદા લઈને ગજસેનાનો સંહાર કરીને ભીમ ફરી પોતાના રથ પર બેસી ગયા અને અર્જુનની પાછળ પાછળ જવા લાગ્યા. અર્જુનના બાણોના પ્રહારોથી કૌરવસેના હાહાકાર મચાવી રહી હતી. તેમનું આ પરાક્રમ જોઈને કૌરવો કર્ણના જીવનથી નિરાશ થઈ ગયા. તેઓ રણભૂમિમાં કર્ણને એકલો મૂકીને ભાગી ગયા.

ત્યારે કર્ણે વિચાર કરીને અર્જુનનો વધ કરવાનો નિશ્ચય કર્યો અને તેમની નજર સામે જ તેણે પાંચાલો પર આક્રમણ કર્યું. આ જોઈને તેઓ કર્ણ પર બાણવૃષ્ટિ કરવા લાગ્યા. કર્ણે કેકયરાજકુમાર વિશોકનો વધ કરી નાખ્યો. રાજકુમાર મરાઈ જતાં સેનાપતિ ઉગ્રકર્માએ કર્ણ પર હુમલો કર્યો. કર્ણે તેનો પણ વધ કરી નાખ્યો.

પુત્રના માર્યા જવાથી કર્ણના હૃદયમાં ક્રોધનો અગ્નિ સળગી ઊઠ્યો. તેણે સાત્યકિ પર બાણ છોડ્યું અને કહ્યું, 'હવે તું મરી ગયો.' પરંતુ તે બાણને શિખંડીએ કાપી નાખ્યું. ત્યાર પછી તેણે ધૃષ્ટદ્યુમ્નના પુત્રનું મસ્તક ધડથી જુદું કરી નાખ્યું. સાત્યકિએ કર્ણને ઘાયલ કરીને દુર્યોધનને વીંધી નાખ્યો.

ભીમ દ્વારા દુઃશાસન અને યુધામન્યુ દ્વારા ચિત્રસેનનો વધ

જ્યારે તે ભયંકર સંગ્રામ ચાલી રહ્યો હતો, તે સમયે દુઃશાસન બાણવર્ષા કરતો ભીમ પર ચડી આવ્યો. તેને જોતાં જ ભીમે તેના પર આક્રમણ કર્યું. પછી તે બંને વીરોમાં ભયંકર યુદ્ધ શરૂ થયું. દુઃશાસને ભીમ પર એક ભયંકર બાણ છોડ્યું, જે તેમનાં અંગોને છેદવામાં અસહ્ય હતું. તેનાથી ભીમનું શરીર છેદાઈ ગયું. તેઓ શિથિલ થઈ ગયા અને પ્રાણહીનની જેમ હાથ ફેલાવીને રથ પર ઢળી પડ્યા. થોડી જ વારમાં હોશમાં આવીને તેઓ ફરીથી ગર્જના કરવા લાગ્યા.

ભીમ ધૂંઆપૂંઆ થઈને કહેવા લાગ્યા, 'દુઃશાસન! આજે તે મને બહુ ઘાયલ કરી દીધો, પરંતુ હવે તું પણ મારી ગદાના પ્રહારો સહેવા તૈયાર થઈ જા.' આમ કહીને તેમણે ભીમે દુઃશાસનનો વધ કરવા માટે પોતાની ભયંકર ગદા હાથમાં લીધી અને કહ્યું, 'આજે આ યુદ્ધમાં હું તારું રક્તપાન કરીશ.'

ભીમની ગદાના પ્રહારથી દુઃશાસનના ઘોડા મરી ગયા અને તેને પણ પોતાના રથ પરથી પાડીને ભીમ હર્ષિત થઈ ભીમે રથમાંથી કૂદીને દુઃશાસનને પકડીને દબાવી દીધો.

પછી ભીમ તેની છાતી પર ચડી બેઠો અને ક્રોધે ભરાઈને તેની ભુજા ઉખાડી લીધી. ત્યાર બાદ તલવારથી ભીમે તેનું માથું ધડથી અલગ કરી નાખ્યું.

પ્રથમ સોળ દિવસના યુદ્ધ દરમિયાન ધૃતરાષ્ટ્રના અઠ્ઠાણું પુત્રોનો વધ થયો હતો. દુઃશાસનના વધથી ધૃતરાષ્ટ્રના ૯૯ પુત્રો માર્યા ગયા.

ભીમ, શ્રીકૃષ્ણ અર્જુનની પાસે ગયા અને મલકાઈને બોલ્યા, 'મેં યુદ્ધમાં દુઃશાસન વિશે જે પ્રતિજ્ઞા કરી હતી, તેને આજે પૂરી કરી દીધી. હવે દુર્યોધનનો વધ કરીને બીજી આહુતિ આપીશ અને આ કૌરવોની આંખો સામે જ તે દુરાત્માનું માથું પગેથી ઠોકર મારીને કચડી નાખીશ, ત્યારે મને શાંતિ મળશે.' આમ કહીને તેઓ ગર્જના કરવા લાગ્યા.

દુઃશાસનના મરાઈ ગયા પછી કૌરવ મહારથીઓ ભીમ પર તૂટી પડ્યા અને બાણવૃષ્ટિ કરવા લાગ્યા. આ મહારથીઓને ચારેબાજુથી બાણ મારતાં જોઈને ભીમ ક્રોધિત થઈને ભલ્લ નામનાં દસ બાણ મારીને ધૃતરાષ્ટ્રના દસ પુત્રોને મારી નાખ્યા.

તેમનો વધ થતાં જ કૌરવસેના ભીમના ભયથી ભાગી ગઈ. ભીમનું પરાક્રમ જોઈને કર્ણને શલ્યે આ પ્રમાણે સમયોચિત વાત કહી - 'ડરો નહિ. તમારા જેવા વીરને આ શોભતું નથી. આ રાજાઓ ભીમના ભયથી ભાગીને જઈ રહ્યા છે, દુર્યોધન પણ ભાઈના મૃત્યુથી દુઃખી થઈ ગયો છે. આવી સ્થિતિમાં તમે પુરુષાર્થ પર વિશ્વાસ કરીને ક્ષત્રિયધર્મને સામે રાખીને અર્જુનનો મુકાબલો કરો. દુર્યોધને બધો ભાર તમારા પર જ મૂક્યો છે, તમે તમારા બળ અને શક્તિ અનુસાર તેનું વહન કરો. જો વિજય મળ્યો તો બહુ મોટો યશ મળશે અને પરાજય થયો તો અક્ષય સ્વર્ગની પ્રાપ્તિ નિશ્ચિત છે.'

તે દરમિયાન વૃષસેને શતાનીક પર આક્રમણ કર્યું. તે સમયે અર્જુને કર્ણ, દુર્યોધન અને અશ્વત્થામા વગેરે મહારથીઓને કહ્યું, 'મારો પુત્ર અભિમન્યુ એકલો જ હતો, એવી સ્થિતિમાં તમે બધા લોકોએ મળીને તેનો વધ કર્યો - આ કાર્યની બધાએ નિંદા કરી છે, પરંતુ આજે હું તમારા બધાની સામે જ તમારા પુત્ર વૃષસેનનો વધ કરીશ.'

આમ કહીને અર્જુને વૃષસેનનો વધ કરી નાખ્યો. પુત્રવધથી કર્ણને ભારે દુઃખ થયું. તે અર્જુન અને શ્રીકૃષ્ણ તરફ દોડ્યો.

કર્ણને આવતો જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, 'આજે તમારે જેની સાથે ટક્કર લેવાની છે, તે મહારથી કર્ણ બાણોની ઝડી વરસાવતો આવી રહ્યો છે. તારે પૂરી શક્તિ વાપરીને કર્ણનો વધ કરવો જોઈએ. અર્જુને કહ્યું હવે રથને કર્ણ પાસે લઈ ચાલો.

અર્જુનના કહેવાથી ભગવાન શ્રીકૃષ્ણ બહુ વેગથી આગળ વધ્યા. એક જ ક્ષણમાં અર્જુનનો રથ કર્ણની સામે જઈને ઊભો રહી ગયો.

કર્ણ અને અર્જુનનું યુદ્ધ

અર્જુન અને કર્ણ એકબીજાનો સામનો કરવા માટે દોડ્યા. બંને મહાબળીઓએ યુદ્ધ માટે વિવિધ પ્રકારનાં શસ્ત્રોનો ઉપયોગ કરવા લાગ્યા. ત્યારપછી દુર્યોધન, કૃતવર્મા અને કર્ણ - આ પાંચ મહારથીઓ શ્રીકૃષ્ણ અને અર્જુન પર બાણોનો પ્રહાર કરવા લાગ્યા. તે જોઈને અર્જુને તેમનાં ધનુષ્ય, બાણ, તરકસ, ઘોડા, હાથી, રથ અને સારથિ વગેરેને પોતાનાં બાણોથી નષ્ટ કરી નાખ્યાં. આ જોઈને આકાશમાં દેવતાઓની દુંદુભિ વાગી ઊઠી. તે સમયે અશ્વત્થામા દુર્યોધનની પાસે ગયો અને તેને સાંત્વના આપીને બોલ્યો, 'દુર્યોધન! હવે પ્રસન્ન થઈને પાંડવો સાથે સંધિ

કરી લો.' તમારી સાથે પાંડવોની સંધિ થઈ જતાં સમસ્ત પ્રજાનું કલ્યાણ થશે. પછી તમારી અનુમતિ લઈને આ રાજાઓ પણ પોતપોતાના દેશમાં ચાલ્યા જાય અને સૈનિકોને યુદ્ધમાંથી છૂટકારો મળી જાય. જો મારી આ વાત નહિ સાંભળો તો નિશ્ચિતપણે શત્રુઓના હાથે માર્યા જશો. ત્યારે તમને પસ્તાવો થશે. તેથી તમે પ્રસન્નતાપૂર્વક સંધિ કરી લો. આપણી મિત્રતાને લીધે હું તમારી સામે પ્રસ્તાવ મૂકી રહ્યો છું. જ્યારે તમે પ્રેમપૂર્વક આનો સ્વીકાર કરશો ત્યારે હું કર્ણને પણ યુદ્ધથી રોકી લઈશ.

આ પ્રમાણે જ્યારે અશ્વત્થામાએ દુર્યોધનના હિતની વાત કહી, ત્યારે તેણે કહ્યું, 'તમે જે કાંઈ કહો છો, તે બધું બરાબર છે, પરંતુ આ સંબંધમાં થોડી વાત પણ સાંભળો. આ તબક્કે તમારે કર્ણને યુદ્ધ બંધ કરવાની વાત પણ ન કરવી જોઈએ, કેમ કે અર્જુન બહુ થાકી ગયા છે, તેથી હવે કર્ણ તેમને બળપૂર્વક મારી નાખશે.'

અશ્વત્થામાને આ પ્રમાણે કહીને દુર્યોધને તેને પ્રસન્ન કરી લીધો, પછી પોતાના સૈનિકોને કહ્યું, 'શત્રુઓ પર હુમલો કરીને તેમને મારી નાખો.' કર્ણ અને અર્જુન યુદ્ધ માટે એકબીજા સામે ભિડાઈ ગયા. બંનેએ એકબીજા પર અસ્ત્રોનો પ્રહાર શરૂ કર્યો. બંનેના સારથિઓ અને ઘોડા બાણોથી વીંધાઈ ગયા. એટલામાં કર્ણ હાથીની જેમ અર્જુનને મારવાની ઈચ્છાથી આગળ વધ્યો, આ જોઈને સોમકોએ બૂમો પાડીને કહ્યું, 'અર્જુન! હવે વિલંબ કરવો વ્યર્થ છે. કર્ણ તમારી સામે જ છે, તેને છેદી નાખો, એનું મસ્તક ઉડાવી દો.' આ પ્રમાણે કૌરવપક્ષના વીરો પણ કર્ણને કહેવા લાગ્યા, 'કર્ણ! પોતાનાં તીક્ષ્ણ બાણોથી અર્જુનને મારી નાખો.'

ત્યારે કર્ણે બાણોથી અર્જુનને વીંધી નાખ્યો. પછી અર્જુને અણીદાર સાયકોથી કર્ણની બગલમાં પ્રહાર કર્યો. કર્ણનું શરીર બાણોથી આચ્છાદિત થઈને લોહીથી લદબદ થઈ ગયું. તેમણે બાણોથી કર્ણને તેના સારથિ, રથ, ઘોડા અને ધજા સહિત ઢાંકી દીધો. ત્યાર પછી તેમણે કૌરવોને પોતાનાં બાણોનું નિશાન બનાવ્યા. તેમનો માર ખાઈને કૌરવો ચીસો પાડતા કર્ણ પાસે આવ્યા અને કહેવા લાગ્યા, 'કર્ણ! તમે તરત જ બાણવર્ષા કરીને અર્જુનને મારી નાખો. અન્યથા આ તો કૌરવોને હમણાં જ સમાપ્ત કરી નાખશે.'

તેમની પ્રેરણાથી કર્ણે પૂરી શક્તિ લગાવીને સતત બાણોની વર્ષા કરી, એનાથી પાંડવ અને પાંચાલ સૈનિકોનો નાશ થવા લાગ્યો. એટલામાં

રાજા યુધિષ્ઠિર મંત્ર અને ઔષધિઓના પ્રભાવથી પૂર્ણપણે સ્વસ્થ થઈને કર્ણ અને અર્જુનનું યુદ્ધ જોવા માટે ત્યાં આવ્યા. તે સમયે કર્ણે અર્જુનને ક્ષુદ્રક નામનાં સો બાણ માર્યાં. તેણે અનેક બાણો મારીને તે યોદ્ધાઓને આગળ વધતા અટકાવી દીધા અને પોતાનાં અસ્ત્રોથી તેમનાં અસ્ત્રોનો નાશ કરીને રથ, ઘોડા અને હાથીઓનો પણ સંહાર કરી નાખ્યો. હવે તો કર્ણ વિજયી થઈ ગયો એવું સમજીને કૌરવયોદ્ધાઓ તાળી પાડીને સિંહનાદ કરવા લાગ્યા.

આ જ સમયે અર્જુને બાણોથી રાજા શલ્યના કવચને વીંધી નાખ્યું. પછી બાણ મારીને કર્ણને પણ ઘાયલ કરી દીધો. કૌરવ યોદ્ધાઓ મરેલા કે ઘાયલ થઈને કણસતા રણભૂમિ છોડીને પલાયન થઈ ગયા. તે સમયે કર્ણે ચારે બાજુ દૃષ્ટિ નાખી, તો તેને બધું સૂનું જ દેખાયું. ભયભીત થઈને ભાગી ગયેલા કૌરવોએ તેને એકલો જ છોડી દીધો હતો, પરંતુ એથી તે સહેજ પણ ગભરાયા વિના પૂરા ઉત્સાહથી અર્જુન પર આક્રમણ કર્યું.

એ જ સમયે પાતાળલોકમાં રહેનારો અશ્વસેન નામનો નાગ, જે અર્જુન સાથે વેર રાખતો હતો, તે વેગથી ઊછળીને ત્યાં આવી પહોંચ્યો અને અર્જુન સાથે બદલો લેવા બાણનું રૂપ લઈને તે કર્ણના તરકસમાં ઘૂસી ગયો. તે બાણ અતિભયંકર હતું. કર્ણે અર્જુનને જ મારવા માટે તેને બહુ યત્નપૂર્વક સાચવી રાખ્યું હતું. પરંતુ તે બાણને સ્થાને અશ્વસેન નામનો નાગ જ ધનુષ્ય પર ચડી ચૂક્યો હતો.

કર્ણના ધનુષ્યથી છૂટેલું તે બાણ અંતરિક્ષમાં પહોંચતાં જ સળગી ઊઠ્યું. તેને અત્યંત વેગથી આવતું જોઈને શ્રીકૃષ્ણે પોતાના રથને પગથી દબાવી દીધો, ભાર પડવાથી રથનાં પૈડાં જમીનમાં ખૂંપી ગયાં. કર્ણનું છોડેલું તે બાણ રથ નીચો થઈ જવાથી અર્જુનનાં કંઠમાં ન વાગતાં મુકુટમાં વાગ્યું. મુકુટ મસ્તક પરથી નીચે પડી ગયો. સર્પમુખ બાણના રૂપમાં અર્જુન સાથે વેર રાખનાર તક્ષકનો તે પુત્ર હતો. તે પુનઃ તરકસમાં ઘૂસવા જ જતો હતો, પરંતુ કર્ણે એને જોઈ લીધો. કર્ણના પૂછવાથી તે કહેવા લાગ્યો, 'કર્ણ! તમે સારી રીતે સમજી-વિચારીને બાણ છોડ્યું ન હતું, તેથી હું અર્જુનનું મસ્તક છેદી ન શક્યો, તેથી હવે નિશાન બરાબર તાકીને બાણ મારો, હું હમણાં જ તમારા અને મારા શત્રુનું મસ્તક કાપી નાખું છું.'

કર્ણે પૂછ્યું, 'તમે કોણ છો?' નાગે ઉત્તર આપ્યો, 'હું નાગ છું.

અર્જુને ખાંડવવનમાં મારી માતાનો વધ કરીને મોટો અપરાધ કર્યો છે, તેના કારણે મારી દુશ્મની થઈ ગઈ છે. જો સ્વયં ઈન્દ્ર પણ એની રક્ષા કરવા આવે તો પણ તેણે યમસદન જવું પડશે.' કર્ણ બોલ્યો, 'નાગ! આજે હું બીજાના બળનો આશ્રય લઈને વિજય પ્રાપ્ત કરવા ચાહતો નથી. મારી પાસે સર્પબાણ છે, ઉત્તમ પ્રયત્ન છે અને મનમાં રોષ પણ છે, આ બધાં દ્વારા હું અર્જુનને મારી નાખીશ, તમે પ્રસન્નતાપૂર્વક પાછા ચાલ્યા જાઓ.'

ત્યારે અર્જુને તે નાગને ધારદાર બાણ માર્યાં. બાણોના પ્રહારથી તેના શરીરના ટુકડે-ટુકડા થઈ ગયા અને તે જમીન પર પડી ગયો. તેના મરાઈ જવાથી ભગવાને જમીનમાં ખૂંપી ગયેલા રથને પોતાની બંને ભુજાઓથી બહાર કાઢ્યો. તે સમયે કર્ણ શ્રીકૃષ્ણને અને અર્જુનને બાણોથી ઘાયલ કરી દીધા.

અર્જુન બાણોની વર્ષા કરીને કર્ણનાં મર્મસ્થાનોને છેદવા લાગ્યા. પછી તેમણે તેની છાતીમાં યમદંડ માર્યાં. આ પ્રમાણે ઉપરાઉપરી ઘા વાગવાથી કર્ણ અત્યંત ઘાયલ થઈ ગયો, તે રથ પર જ પડીને બેહોશ થઈ ગયો. કર્ણને જ્યારે હોશ આવ્યો ત્યારે તેણે અર્જુનને અને શ્રીકૃષ્ણને વીંધવાના શરૂ કરી દીધા. અહીં તેના વધનો સમય આવી પહોંચ્યો હતો. તે સમયે કાળે અદ્રશ્ય રહીને કર્ણને બ્રાહ્મણના શાપની યાદ અપાવી દીધી અને વધની સૂચના આપતાં કહ્યું, 'હવે પૃથ્વી તમારા પૈડાને ગળી જવા ચાહે છે.' એ જ પ્રમાણે પરશુરામજી પાસેથી મળેલા બ્રહ્માસ્ત્રની યાદ તેના મનમાંથી ચાલી ગઈ. ત્યાં પૃથ્વી બ્રાહ્મણના શાપ અનુસાર કર્ણના ડાબા પૈડાંને ગળવા લાગી. રથ ડગમગ થયો અને એક પૈડું જમીનમાં ખૂંપી ગયું.

આ બાજુ શ્રીકૃષ્ણે જ્યારે અર્જુનને કર્ણનાં બાણોથી પીડિત જોયો ત્યારે કહ્યું, 'અર્જુન! અસ્ત્ર ઉપાડો અને નજીકથી પ્રહાર કરો.' ત્યારે તેમણે મંત્ર ભણીને રૌદ્રાસ્ત્રને ધનુષ્ય પર ચડાવી છોડવાનો વિચાર કર્યો. તે દરમિયાન કર્ણના રથનું પૈડું પૃથ્વીમાં વધારે ખૂંપી ગયું, એ જોઈને તે રથમાંથી ઊતરી પડ્યો અને બંને ભુજાઓથી પૈડાંને પકડીને બહાર કાઢવાનો પ્રયત્ન કરવા લાગ્યો. કર્ણએ અર્જુન તરફ જોઈને કહ્યું, 'જ્યાં સુધી હું આ ફસાયેલા પૈડાંને કાઢી ન લઉં, ત્યાં સુધી રોકાઈ જાઓ. તમે રથ પર છો અને હું જમીન પર. સાથે સાથે હું બહુ જ ગભરાયેલો છું, તેથી મારા પર પ્રહાર કરવો યોગ્ય નથી.'

કર્ણની વાત સાંભળીને રથ પર બેઠેલા શ્રીકૃષ્ણે તેને કહ્યું, 'સૌભાગ્યની વાત છે કે અત્યારે તમને ધર્મની વાત યાદ આવી રહી છે. પાંડવોના વનવાસનું તેરમું વર્ષ વીતી ગયા પછી પણ તમે રાજ્ય પાછું આપવા ન દીધું તે સમયે તમારો ધર્મ ક્યાં ચાલ્યો ગયો હતો? ભરી સભામાં દ્રૌપદીને અપમાનિત કરી તે સમયે તમારો ધર્મ ક્યાં હતો? અભિમન્યુ બાળક હતો અને એકલો પણ; તોપણ તમે અનેક મહારથીઓએ જ્યારે ચારેબાજુથી ઘેરીને તેને મારી નાખ્યો હતો, તે સમયે તમારો ધર્મ ક્યાં ગયો હતો? જો તે સમયે આ ધર્મ ન હતો, ત્યારે આજે ધર્મની દુહાઈ આપવાથી શો લાભ? પુષ્કરે નળ રાજાને જુગારમાં જીતી લીધા હતા, પરંતુ તેમણે પોતાના જ પરાક્રમથી પોતાનું રાજ્ય અને યશ પણ મેળવ્યું હતું. આ પ્રમાણે પાંડવો પણ પોતાની ભુજાઓના બળથી શત્રુઓનો સંહાર કરીને પોતાનું રાજ્ય પ્રાપ્ત કરશે તથા એ મહાપુરુષોના હાથે જ ધૃતરાષ્ટ્રના પુત્રોનો નાશ થઈ જશે.'

શ્રીકૃષ્ણના આ પ્રમાણે કહેવાથી કર્ણે લજ્જાવશ પોતાનું મસ્તક નીચે ઝુકાવી દીધું, તે કોઈ જવાબ આપી ન શક્યો.

કર્ણનો વધ અને શલ્યની દુર્યોધનને સાંત્વના

કર્ણ ધનુષ્ય ઉપાડીને વેગપૂર્વક અર્જુન સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે સમયે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, 'તમે કર્ણને દિવ્યાસ્ત્રથી જ ઘાયલ કરીને મારી નાખો.' ભગવાનના આ પ્રમાણે કહેવાથી અર્જુનને કર્ણના અત્યાચારોનું સ્મરણ થઈ આવ્યું. કર્ણે અર્જુન પર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. અર્જુને બ્રહ્માસ્ત્રથી જ તેને શાંત કરી દીધું.

ત્યારે કર્ણએ અર્જુનનો વધ કરવા માટે સળગતા અગ્નિ જેવું એક ભયંકર બાણ હાથમાં લીધું અને ધનુષ્ય પર ચડાવ્યું કે પર્વતો અને વનોસહિત સંપૂર્ણ પૃથ્વી ડગમગવા લાગી. કર્ણે તેને છોડી દીધું. તે બાણે અર્જુનની છાતી છેદી નાખી. ઊંડો ઘા વાગવાથી અર્જુનનું શરીર ધ્રૂજી ઊઠ્યું. દરમિયાન મોકો મળતાં કર્ણ પૈડું કાઢવા માટે રથમાંથી કૂદી પડ્યો. તેણે બંને હાથથી પકડીને પૈડાંને બહાર કાઢવાની કોશિશ કરી, પરંતુ તે સફળ ન થઈ શક્યો.

એ જ સમયે શ્રીકૃષ્ણે કહ્યું, 'કર્ણ જ્યાં સુધી રથ પર નથી ચડી જતો, ત્યાં સુધીમાં જ મસ્તક કાપી નાખો.' અર્જુને શ્રીકૃષ્ણની આજ્ઞા સ્વીકારી અને ક્રોધપૂર્વક ગાંડીવ ધનુષ્ય પર દિવ્ય બાણ ચડાવી કહ્યું, 'જો મેં તપસ્યા કરી હોય, ગુરુજનોને સેવાથી પ્રસન્ન રાખ્યા હોય તો એ સત્યના

પ્રભાવથી આ બાણ મારા શત્રુ કર્ણનો નાશ કરી કરી નાખે.'

એવું કહીને તેમણે કર્ણનો વધ કરવાના ઉદ્દેશથી બાણ તેની તરફ છોડી દીધું. તે જ સમયે અર્જુને તે બાણથી કર્ણનું મસ્તક કાપી નાખ્યું. કપાયેલું મસ્તક પૃથ્વી પર પડી ગયું.

અર્જુને કર્ણનો વધ કરી નાખ્યો - એ જોઈને પાંડવપક્ષના યોદ્ધાઓ શંખ વગાડવા લાગ્યા.

કર્ણના શરીરને લોહીથી લદબદ પડેલું જોઈને શલ્ય રથ દ્વારા જ ત્યાંથી ભાગી ગયા. કર્ણનું મૃત્યુ જોઈને કૌરવપક્ષના અન્ય યોદ્ધાઓ ભયભીત થઈને ભાગી ગયા.

આ રીતે કર્ણના સેનાપતિ પદે સોળમા અને સત્તરમા દિવસનું યુદ્ધ થયું અને કર્ણ મરાયો.

કર્ણવધના સમાચારથી પ્રસન્ન થયેલા યુધિષ્ઠિર

કર્ણ મરાઈ ગયો અને કૌરવસેના ભાગી ગઈ, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને છાતીએ લગાડીને હર્ષ સાથે કહ્યું, 'ઇન્દ્રે વૃત્રાસુરને માર્યો હતો અને તમે કર્ણને મારીને પાડી દીધો. આજથી સંસારના લોકો વૃત્રાસુર વધની જેમ કર્ણ વધની કથા કહેશે, સાંભળશે.'

પછી શ્રીકૃષ્ણે પોતાના રથને યુધિષ્ઠિર જ્યાં હતા તે બાજુ જ વાળી દીધો. છાવણી પર પહોંચીને તેઓ અર્જુનને સાથે લઈને તેમને મળ્યા. અર્જુને પ્રસન્નતાપૂર્વક તેમના ચરણોમાં પ્રણામ કર્યા. તે બંનેની પ્રસન્નતા જોઈને કર્ણ મરાઈ ગયો એવું માનીને યુધિષ્ઠિર આનંદથી આંસુ વહાવવા લાગ્યા. ભગવાન શ્રીકૃષ્ણે કર્ણના મૃત્યુની વાત કહી. ત્યારપછી ભગવાન હસીને હાથ જોડીને બોલ્યા, 'મહારથી કર્ણ મરાઈ ગયો અને આપનો વિજય થયો - એ ઘણા આનંદની વાત છે.'

ભગવાન શ્રીકૃષ્ણના વચન સાંભળીને ધર્મરાજ પ્રસન્ન થઈને બોલ્યા, 'એ બહુ આનંદની વાત છે. આપ સારથિ હતા, ત્યારે જ અર્જુન કર્ણને મારી શક્યા. એમાં આશ્ચર્યની કોઈ વાત નથી.' આમ કહીને રાજા યુધિષ્ઠિર સુવર્ણથી સજાવેલા રથ પર બેસીને શ્રીકૃષ્ણ તથા અર્જુનની સાથે રણભૂમિ જોવા માટે ગયા. ત્યાં જઈને જોયું કે કર્ણ સેંકડો બાણોથી વીંધાઈને પૃથ્વી પર પડ્યો છે. કર્ણ મરાઈ ચૂક્યો છે એમ સાંભળીને દુર્યોધન હવે રાજ્ય અને જીવન બંનેથી નિરાશ થઈ જશે.

પછી શ્રીકૃષ્ણ અને અર્જુન પ્રસન્નતા સાથે શિબિર તરફ ચાલ્યા ગયા.

શલ્યપર્વ

શલ્યના સેનાપતિત્વમાં યુદ્ધનો આરંભ

રાત્રિ વીતી ગયા પછી દુર્યોધને સૈનિકોને આજ્ઞા આપી, 'હવે બધા મહારથીઓ તૈયાર થઈ જાવ.'

રાજાની આજ્ઞા મળતાં આખી સેના કવચ વગેરેથી સજ્જ થઈ ગઈ. તે સમયે મૃત્યુથી બચેલા સૈનિકો મૃત્યુની પરવા ન કરીને રણભૂમિ તરફ કૂચ કરતા જોવામાં આવ્યા. મદ્રરાજ શલ્યને સેનાપતિ બનાવીને મહારથીઓએ સંપૂર્ણ સેનાને યુદ્ધભૂમિમાં યોગ્ય સ્થાને ગોઠવી. પછી કૃપાચાર્ય, કૃતવર્મા, અશ્વત્થામા, શલ્ય, શકુનિ તથા અન્ય રાજાઓએ મળીને એવા સોગંદ લીધા કે 'અમારામાંથી કોઈ પણ એકલો જઈને પાંડવો સાથે ન લડે, બધા એકબીજાની રક્ષા કરતાં સાથે રહીને યુદ્ધ કરે.'

આ પ્રમાણે શપથ લઈને સઘળા મહારથીઓએ મદ્રરાજને આગળ કર્યા. બંને સેનાઓએ પોતપોતાના વ્યૂહ બનાવ્યા. સૂર્યોદય થતાં જ બંને તરફના યોદ્ધાઓ એકબીજાને પરાજિત કરવાની ઇચ્છાથી આગળ વધ્યા. પછી તો અત્યંત ભયંકર યુદ્ધ શરૂ થઈ ગયું.

યુદ્ધનો અઢારમો દિવસ

પાંડવોના આકરા પ્રહારથી કૌરવસેના જ્યાંને ત્યાં પડવા લાગી. પાંડવોએ કૌરવસેનાને ખૂબ ઘાયલ કરી દીધી. ત્યારે કૌરવસેના દુર્યોધનની સામે જ ચારે બાજુ ભાગવા લાગી.

સેનાને આ પ્રમાણે ભાગતી જોઈને શલ્યે પોતાના સારથિને કહ્યું, 'મારા રથને જલદી આગળ વધારો અને જ્યાં રાજા યુધિષ્ઠિર ઊભા છે,

ત્યાં મને લઈ જાઓ. આજે યુદ્ધમાં તેઓ મારી સામે ટકી શકશે નહિ.' સેનાપતિની આજ્ઞાથી સારથિએ તેમના રથને રાજા યુધિષ્ઠિર પાસે પહોંચાડી દીધો. ત્યાં પહોંચીને આક્રમણ કરી રહેલી પાંડવોની સેનાને શલ્યે એકલા હાથે જ રોકી દીધી. તે સમયે કૌરવ યોદ્ધાઓ પર મૃત્યુની પરવા ન કરતાં પાછા ફર્યા.

દરમિયાન નકુલે ચિત્રસેન પર હુમલો કર્યો. તે બંને યોદ્ધાઓ એકબીજાનો વધ કરવાનો મોકો જોઈ રહ્યા હતા. ચિત્રસેને એક ભલ્લ મારીને નકુલનું ધનુષ્ય કાપી નાખ્યું. ત્યારે નકુલ ઢાલ-તલવાર લઈને રથમાંથી ઊતરી પડ્યો. હવે તેણે તમામ સેનાની સામે જ ચિત્રસેનના રથ પર ચડીને તનું મસ્તક ધડથી અલગ કરી નાખ્યું. ચિત્રસેનનું મસ્તક રથના પાછળના ભાગમાં પડી ગયું.

તેને મરેલો જોઈને પાંડવ મહારથીઓ સિંહનાદ કરવા લાગ્યા. પરંતુ કર્ણના મહારથી પુત્ર સુષેણ અને સત્યસેન તીક્ષ્ણ બાણોની વર્ષા કરતા નકુળ પર તૂટી પડ્યા. ત્યારે નકુળે રથશક્તિ ઉઠાવીને સત્યસેન પર ઝીંકી. તેના પ્રહારથી સત્યસેન પ્રાણહીન થઈને જમીન પર પડી ગયો.

ભાઈને મરેલો જોઈને સુષેણ ક્રોધિત થઈ ગયો અને નકુલ પર બાણવૃષ્ટિ કરવા લાગ્યો. નકુલને રથહીન જોઈને સુતસોમ દોડીને ત્યાં આવી પહોંચ્યો. નકુલ તેના રથ પર બેસી ગયો અને સુષેણ સાથે યુદ્ધ કરવા લાગ્યો. નકુલે અર્ધચંદ્રાકાર બાણ મારીને તેનું મસ્તક કાપી નાખ્યું. આ જોઈને કૌરવસેના ભયભીત થઈને ભાગવા લાગી.

શલ્યનું યુધિષ્ઠિર અને ભીમ સાથે યુદ્ધ, યુધિષ્ઠિર દ્વારા દ્રુમસેનનો વધ

તે સમયે સેનાપતિ શલ્યએ ભાગી રહેલી કૌરવસેનાને રોકી લીધી અને યુધિષ્ઠિરની સામે જ સેંકડો બાણ મારીને પાંડવ-સેનાનો સંહાર કરવા માંડ્યા. આ જોઈને યુધિષ્ઠિરે તીક્ષ્ણ બાણોની વર્ષા કરીને શલ્યને આગળ વધતા અટકાવી દીધા. ત્યારે શલ્યે એક ભયંકર બાણ છોડ્યું. વેગથી છૂટેલું તે બાણ યુધિષ્ઠિરને ઘાયલ કરીને પૃથ્વી પર જઈને પડ્યું. હવે ભીમને ગુસ્સો આવ્યો. તેમણે શલ્યને બાણ મારીને વીંધી નાખ્યા.

શલ્યને બાણવર્ષાથી પીડિત થતા જોઈને બીજા રાજાઓ એકત્રિત થઈને તેમની રક્ષા કરવા લાગ્યા. ત્યારે સહદેવે શલ્યના પુત્રનું માથું ધડથી અલગ કરી દીધું.

શલ્ય સોમક અને પાંડવ યોદ્ધાઓનો સંહાર કરતાં કરતાં તીક્ષ્ણ બાણોથી યુધિષ્ઠિરને પીડવા લાગ્યા આ જોઈને ભીમે વજ્ર જેવી ગદા લઈને શલ્ય પર તૂટી પડ્યા.

એ જોઈને પાંડવસેના કૌરવસેના પર બાણવર્ષા કરવા લાગ્યા. શલ્યે યુધિષ્ઠિરને મારી નાખવાની ઇચ્છાથી તીક્ષ્ણ બાણોથી તેમને વીંધી નાખ્યા. યુધિષ્ઠિરે પણ અણીદાર સાયકોથી શલ્યને ઘાયલ કર્યા પછી દ્રુમસેનને બાણો મારીને મારી નાખ્યો.

અર્જુન-અશ્વત્થામાનું યુદ્ધ તથા રાજા સુરથનો વધ

મદ્રરાજ શલ્ય જ્યારે યુધિષ્ઠિરને પીડા આપવા લાગ્યા, એ સમયે સાત્યકિ, ભીમ, નકુલ-સહદેવે આવીને શલ્યને ઘેરી લીધા અને તેમને બાણોથી વીંધવા માંડ્યા. ધર્મરાજ યુધિષ્ઠિરે એક ક્ષુરપ્રથી શલ્યના ચક્રરક્ષકને મારી નાખ્યો. આ જોઈને શલ્યે બાણોની ઝડી લગાવીને પાંડવસૈનિકોને ઢાંકી દીધા. મદ્રરાજની બાણવર્ષાથી પાંડવસેનાને વિચલિત થતી જોઈને બધાને ભારે આશ્ચર્ય થયું. યુધિષ્ઠિર અને ભીમ શલ્યને છોડીને જઈ ન શક્યા તેમની સાથે લડતા જ રહ્યા.

અશ્વત્થામા અને તેની પાછળ ચાલતા ત્રિગર્તોએ અનેક બાણ મારીને અર્જુનને ઘાયલ કરી દીધા. ત્યારે અર્જુને બાણવૃષ્ટિ કરી દ્રોણકુમારને અને બીજા મહારથીઓને વીંધી નાખ્યા. ત્યાર પછી કૌરવ પક્ષના યોદ્ધાઓએ બાણવર્ષા કરી. શ્રીકૃષ્ણ અને અર્જુનના બધાં અંગો બાણોથી વીંધાઈ ગયાં - એ જોઈને કૌરવસૈનિકોને ભારે હર્ષ થયો. અર્જુન પણ કૌરવસેના પર બાણવર્ષા કરવા લાગ્યા.

અર્જુનનું આ પરાક્રમ જોઈને અશ્વત્થામાએ સામે આવીને તેમને આગળ વધતા અટકાવ્યા. પછી અશ્વત્થામાએ શ્રીકૃષ્ણ અને અર્જુનને બાણોથી વીંધી નાખ્યા. પાંચાલદેશના મહારથી સુરથ અને અશ્વત્થામા એકબીજા પર બાણવર્ષા કરવા લાગ્યા. દ્રોણપુત્રે ગુસ્સે થઈને ધનુષ્ય પર નારાચ મૂક્યું અને સુરથને નિશાન બનાવીને તે છોડ્યું, તે નારાચ સુરથની છાતી છેદીને ઘૂસી જવાથી તરત જ તે પ્રાણ ગુમાવી પૃથ્વી પર પડી ગયો. સુરથના માર્યા જવાથી અશ્વત્થામા તેના જ રથ પર બેસી ગયો અને સંશપ્તકોની સેનાને સાથે લઈને અર્જુન સાથે યુદ્ધ કરવા લાગ્યો. કૌરવયોદ્ધાઓનું પરાક્રમ જોઈને તથા તેમની સામે અર્જુન એકલા જ લડી રહ્યા હતા, તે જોઈને બધાને ભારે આશ્ચર્ય થઈ રહ્યું હતું.

શલ્યનો વધ

મદ્રરાજ શલ્ય મેઘની જેમ બાણવૃષ્ટિ કરવા લાગ્યા. તેઓ સાત્યકિ, ભીમ અને સહદેવને બાણોથી ઘાયલ કરીને યુધિષ્ઠિરને પીડિત કરવા લાગ્યા. શલ્યે ધર્મરાજની છાતીમાં તેજસ્વી બાણોનો પ્રહાર કર્યો. ત્યારે યુધિષ્ઠિરે પણ સાવધાની સાથે બાણો મારીને મદ્રરાજને વીંધી નાખ્યા. તેના કારણે શલ્ય મૂર્છિત થઈ ગયા. પછી થોડી વારમાં તેઓ હોશમાં આવ્યા ત્યારે યુધિષ્ઠિરે સાયકોથી શલ્યની છાતીમાં ભારે પ્રહાર કર્યાં. શલ્યને યુધિષ્ઠિર પર હુમલો કરતા જોઈને ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદીના પુત્રો, શિખંડી તથા સાત્યકિ એકદમ તેમના ઉપર તૂટી પડ્યા. ત્યારબાદ શલ્ય અને યુધિષ્ઠિર એકબીજા તરફ આગળ વધ્યા. શ્રીકૃષ્ણના કથનાનુસાર મનમાં શલ્યનો વધ કરવાનો નિશ્ચય કર્યો. યુધિષ્ઠિરે સુવર્ણમય દંડવાળી એક શક્તિ શલ્ય પર છોડી. તે શક્તિ તેમની છાતીને છેદીને પૃથ્વીમાં સમાઈ ગઈ અને તેમનાં અંગો છિન્ન-ભિન્ન થઈ ગયાં અને તેઓ લોહીલુહાણ થઈને પડી ગયા.

યુધિષ્ઠિર દ્વારા શલ્યના માર્યા ગયા પછી બધા પાંડવો પ્રસન્ન થઈને શંખનાદ કરવા લાગ્યા.

શાલ્વનો વધ

શલ્યના મરાઈ જવાથી કૌરવ યોદ્ધાઓ યુધિષ્ઠિર સાથે લડવા માટે આગળ વધ્યા. તે સમયે દુર્યોધને મદ્રદેશના વીરોને કહ્યું, 'અત્યારે પાંડવસેના તરફ જશો નહિ.' પરંતુ તેના વારંવાર ના કહેવા છતાં પણ તેઓ યુધિષ્ઠિરને મારી નાખવાની ઇચ્છાથી તેમની સેનામાં ઘૂસી ગયા. પછી પાંડવો સાથે યુદ્ધનો આરંભ કરી દીધો.

એટલામાં સાત્યકિએ તીક્ષ્ણ ભલ્લથી શાલ્વનું માથું ધડથી અલગ કરી દીધું.

શાલ્વના મરાઈ ગયા પછી કૌરવોનું પાંડવો સાથે ભયંકર યુદ્ધ થવા લાગ્યું. સાત્યકિએ રાજા શ્રેમધૂર્તિ સાથે મુકાબલો કરીને તેને યમલોક રવાના કરી દીધો. બીજી બાજુ કૃપાચાર્ય ક્રોધિત થઈને બાણોના મારથી દ્રૌપદીના પુત્રોને ઘાયલ કરવા લાગ્યા.

અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું દુર્યોધનની અનીતિનું દુષ્પરિણામ

કૌરવવીરોને અત્યંત ઉત્સાહથી ધનુષ્ય ઉપાડેલા જોઈને અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, 'આપ મને દુર્યોધનની સેનામાં લઈ જાઓ, જેથી તેને

અને તેની સેનાને હું તીક્ષ્ણ બાણોનું નિશાન બનાવી શકું.'

ભગવાન શ્રીકૃષ્ણને અર્જુને જ્યારે આ પ્રમાણે કહ્યું, ત્યારે તેમણે શત્રુસેનામાં પ્રવેશ કર્યો. અનેક પ્રકારના સાયકોની વર્ષા કરીને અર્જુને ધૃતરાષ્ટ્રપુત્રોની સંપૂર્ણ સેનાનો સંહાર કરી નાખ્યો. અર્જુને પોતાના ગાંડિવથી તેમની વિજયની આશા પર પાણી ફેરવી દીધું. તે યુદ્ધમાં દુર્યોધન અને સુદર્શન એ બે જ બચ્યા હતા. દુર્યોધનને ઊભેલો જોઈને ભગવાન શ્રીકૃષ્ણ કહ્યું, 'અર્જુન! હવે શત્રુઓના મોટા ભાગના સૈનિકો મરાઈ ચૂક્યા છે. કૌરવપક્ષના યોદ્ધાઓ તમને આવેલા જોઈને ભાગી જાય તે પહેલાં જ દુર્યોધનને મારી નાખો. અત્યારે આક્રમણ કરવાથી આ પાપી બચીને જઈ શકશે નહિ.'

શ્રીકૃષ્ણની વાત સાંભળીને અર્જુને કહ્યું, આપ રથને આગળ વધારો. હું બધાને હમણાં જ મારી નાખું છું.'

અર્જુનના આ પ્રમાણે કહેવાથી શ્રીકૃષ્ણે દુર્યોધનની સેના તરફ ઘોડા હાંક્યા. તે સમયે સુદર્શને ભીમનો સામનો કર્યો. ત્યારપછી અર્જુને સુશર્મા પર યમદંડ જેવું એક ભયંકર બાણ છોડ્યું તેનાથી તેની છાતી છેદાઈ ગઈ અને તે પ્રાણહીન થઈને પૃથ્વી પર પડી ગયો. સુશર્માને મારીને અર્જુને તેના પિસ્તાળીસ પુત્રોને પણ મોતને ઘાટ ઉતારી દીધા. પછી બાકી રહેલી કૌરવસેનામાં પ્રવેશ કર્યો.

બીજી બાજુ ભીમે તીક્ષ્ણ ક્ષુરપ્રથી સુદર્શનનું મસ્તક ધડથી અલગ કરી દીધું.

શકુનિ અને ઉલૂકનો વધ

ઉપયુક્ત સંગ્રામ જ્યારે આરંભ થયો તે સમયે શકુનિએ સહદેવ પર હુમલો કર્યો. શકુનિ સાથે તેનો પુત્ર ઉલૂક પણ હતો. ભીમના નારાચોથી ઘાયલ થયેલા યોદ્ધાઓ ક્રોધિત થઈને સહદેવ પર બાણોની ઝડી વરસાવવા લાગ્યા. ત્યારે સહદેવે એક ભલ્લ મારીને પોતાની સામે આવેલા ઉલૂકનું મસ્તક છેદી નાખ્યું. તેનું શરીર પ્રાણહીન થઈને જમીન પર પડી ગયું.

પુત્રનું મૃત્યુ જોઈને શકુનિએ સહદેવ પર ગદા ચલાવી અને એક ભયંકર શક્તિ છોડી. પરંતુ સહદેવે બાણ મારીને તે શક્તિને નષ્ટ કરી દીધી. તેથી શકુનિ ભયભીત થઈને ભાગી ગયા. શકુનિને ખસી જતો જોઈને સહદેવે વિચાર્યું કે, 'આનો નાશ મારે કરવાનો છે.' આવું

વિચારીને પોતાના ધનુષ્યનો ટંકાર કરીને તેણે શકુનિનો પીછો કર્યો અને તેને બાણ મારીને ઘાયલ કરી દીધો. પછી સહદેવે શકુનિ પર સાયકો અને ભલ્લનો પ્રહાર કરીને તેનું મસ્તક ધડથી અલગ કરી દીધું. શકુનિની આવી દશા જોઈને કૌરવયોદ્ધાઓ ભાગવા લાગ્યા. આ પ્રમાણે શકુનિ મરાઈ જતાં શ્રીકૃષ્ણની સાથે જ બધા પાંડવો બહુ પ્રસન્ન થઈ શંખનાદ કરવા લાગ્યા.

ભીમ અને દુર્યોધન વચ્ચે વાગ્યુદ્ધ-ગાદાયુદ્ધ અને બલરામજીનું આગમન

ભીમે યુધિષ્ઠિરને કહ્યું, 'ભાઈ! હું રણમાં દુર્યોધન સાથે લડવા ઇચ્છું છું. આ પાપી મને કોઈ રીતે પરાસ્ત કરી શકતો નથી. મારા હૃદયમાં એના માટે ઘણા સમયથી ક્રોધ ભરાયેલો છે, તેને આજે તેના જ ઉપર કાઢીશ અને ગદાથી તેનો વિનાશ કરીને તમારા હૃદયની વ્યથા દૂર કરી દઈશ. હવે તમે પ્રસન્ન થાઓ.'

આમ કહીને ભીમે ગદા ઉપાડીને દુર્યોધનને યુદ્ધ માટે લલકાર્યો. દુર્યોધન ભીમના પડકારને સહી ન શક્યો, તે તરત જ ભીમનો સામનો કરવા ઉપસ્થિત થઈ ગયો. ભીમે દુર્યોધનને કહ્યું, 'હવે આ વંશનો નાશ કરનાર માત્ર તું એકલો જ બાકી રહી ગયો છે. આજે આ ગદાથી તને પણ મારી નાખીશ એમાં સહેજ પણ શંકા નથી. આજે તારું અભિમાન ઉતારીને રાજ્ય માટે વધેલી તારી લાલસાને પણ નષ્ટ કરી નાખીશ.'

દુર્યોધને કહ્યું, 'આજે યુદ્ધની તારી બધી હોંશ પૂરી કરી દઈશ. મારા હાથમાં ગદા હોય ત્યારે કયો શત્રુ મને જીતવાની હિંમત કરી શકે? ન્યાયપૂર્વક યુદ્ધ થશે તો ઇન્દ્ર પણ મને હરાવી શકતા નથી. તારામાં જેટલું બળ હોય તેને આજે દેખાડી દે.'

ભીમ અને દુર્યોધન યુદ્ધ કરવા ગયા. તે દરમિયાન પોતાના બંને શિષ્યો વચ્ચેના યુદ્ધના સમાચાર મળતાં બલરામજી ત્યાં આવી પહોંચ્યા. તેમને જોઈને શ્રીકૃષ્ણ અને પાંડવોને બહુ પ્રસન્નતા થઈ. તેમને ચરણસ્પર્શ કરી વિધિવત તેમની પૂજા કરી. ત્યારપછી બલરામજી શ્રીકૃષ્ણ, પાંડવો તથા દુર્યોધનને જોઈને કહેવા લાગ્યા, 'મને યાત્રામાં ગયે આજે બેતાળીસ દિવસ થઈ ગયા. અત્યારે હું બંને શિષ્યોનું ગદાયુદ્ધ જોવા ઇચ્છું છું. તેથી અહીં આવ્યો છું.'

ભીમ અને દુર્યોધને ગદા ઊંચી કરીને તેમના પ્રતિ સન્માન પ્રકટ

કર્યું. પછી તે બંને વચ્ચે વેરનો અંત કરનારું રોમાંચકારી યુદ્ધ શરૂ થયું.

બંને એકબીજા પર પ્રહાર કરીને એકબીજાને પરાજિત કરવાની કોશિશ કરતા હતા.

ગદાના ભયંકર પ્રહારથી બંનેનાં શરીર જર્જરિત થઈ ગયા હતા. થોડી જ વારમાં બંને સ્વસ્થ થઈ ગયા ત્યારે ફરીથી એકબીજા પર પ્રહાર કરવા લાગ્યા. ભીમે દુર્યોધનની જંઘાઓ પર જોરથી ગદાનો પ્રહાર કર્યો. તે ગદાના પ્રહારથી તેની બંને જાંઘો ભાંગી ગઈ અને તે આર્તનાદ કરતો જમીન પર પડી ગયો. દુર્યોધનને આ પ્રમાણે પૃથ્વી પર પડેલો જોઈને પાંડવો તથા સોમકોને ભારે પ્રસન્નતા થઈ. ત્યારપછી ભીમે દુર્યોધનના મુગટને લાત મારી અને તેના માથાને પણ પગેથી દબાવીને રગડી નાખ્યું. તે સમયે યુધિષ્ઠિરે કહ્યું, 'ભીમ! તમે તમારા વેરનો બદલો લઈ લીધો, તમારી પ્રતિજ્ઞા પણ પૂરી થઈ ગઈ. હવે તો શાંત થઈ જાઓ.' દુર્યોધનના મસ્તકને લાત ન મારશો અને ધર્મનું ઉલ્લંઘન ન કરો.

આમ કહીને યુધિષ્ઠિર શોકાતુર થઈ ગયા અને લાંબા શ્વાસ લઈને ઘણીવાર સુધી વિલાપ કરતા રહ્યા.

સૌપ્તિકપર્વ

અશ્વત્થામાએ પાંડવોને કપટપૂર્વક મારવાનો કરેલો નિશ્ચય

કૌરવપક્ષના વીરો કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામાએ થોડીવાર વિશ્રામ કરીને તેમના ઘોડાઓને પાણી પિવડાવ્યું અને થાક દૂર થઈ જતાં વનમાં પ્રવેશ કર્યો. ત્યાં એક વિશાળ વટવૃક્ષ દેખાયું. મહારથીઓ સ્નાન કરીને ત્યાં સંધ્યાવંદન કરવા લાગ્યા. એટલામાં સૂર્ય અસ્ત થવા લાગ્યો. હજી રાત્રિની શરૂઆત જ હતી. તેઓ દુર્યોધનને મૃતદશામાં પડેલો સાંભળી દુ:ખી થઈને તે વૃક્ષની નીચે બેસી ગયા અને કૌરવ-પાંડવોના થઈ ગયેલા સંહાર માટે શોક પ્રગટ કરવા લાગ્યા. કૃતવર્મા અને કૃપાચાર્ય ઊંઘી ગયા પરંતુ અશ્વત્થામા અત્યંત ક્રોધિત હોવાથી તેને ઊંઘ ન આવી. રાત્રિના સમયે સૂઈ ગયેલા પાંડવો અને પાંચાલવીરોને નષ્ટ કરવાનો નિશ્ચય કર્યો. તેણે કૃપાચાર્ય અને કૃતવર્માને જગાડીને પોતાનો નિશ્ચય કહ્યો. તે બંનેએ અશ્વત્થામાની વાત સાંભળીને તેનો કોઈ ઉત્તર ન આપ્યો.

કૃપાચાર્ય અને અશ્વત્થામાનો સંવાદ

કૃપાચાર્યે અશ્વત્થામાને કહ્યું, 'તમે જે વાત કહી, તે મેં સાંભળી લીધી. હવે થોડી મારી વાત પણ સાંભળો. જે પુરુષ દૈવ અને પુરુષાર્થ બેયના સહયોગને નહીં સ્વીકારીને માત્ર દૈવ અથવા પુરુષાર્થના જ ભરોસે પડી રહે છે, તે પોતાનો અનર્થ કરે છે - આ જ બુદ્ધિમાનોનો નિશ્ચય છે. એ વાત તો નિશ્ચિત છે જ તે કાર્ય આરંભ કર્યા વિના સફળતા

ક્યારેય મળતી નથી તથા જેમનું કામ પ્રયત્ન કરવા છતાં પણ સિદ્ધ થતું નથી, તેમનું તો પ્રારબ્ધ જ ખોટું સમજવું જોઈએ.'

આચાર્ય કૃપની ધર્મ અને અર્થયુક્ત શુભ સંમતિ સાંભળીને અશ્વત્થામા શોકથી અગ્નિની જેમ બળવા લાગ્યો. પછી તેણે કૃપાચાર્ય અને કૃતવર્માને કહ્યું, 'આજે હું ક્ષત્રિયધર્મનો આશ્રય લઈને મારા પિતા અને રાજા દુર્યોધનના જ માર્ગનું અનુસરણ કરીને હર્ષથી કવચ ઉતારીને સૂતેલા પાંડવો પર હું હુમલો કરીશ. શત્રુઓને શિબિરમાં જ ખેદાનમેદાન કરી નાખીશ ત્યારે મને શાંતિ મળશે. આજે રાત્રે જ હું મારી તલવારથી સૂઈ રહેલા પાંડવ અને પાંચાલવીરોનાં મસ્તક છેદી નાખીશ.'

કૃપાચાર્યે અશ્વત્થામાને કહ્યું, જે મનુષ્યની બુદ્ધિ બરાબર નથી, ઇન્દ્રિયો પર જેનો વશ નથી, જે મેધાવી (બુદ્ધિમાન) હોવા છતાં પણ જેણે વિનય શીખ્યો નથી તે ધર્મ અને અર્થનો નિર્ણય પૂરી રીતે જાણી-સમજી શકતો નથી.

તમે પણ મનને વશ કરીને તેને કલ્યાણ માર્ગે વાળો અને મારી વાત માનો જેથી તમારે પસ્તાવું ન પડે. જેઓ સૂતેલા હોય, જેમણે શસ્ત્ર મૂકી દીધા હોય, રથ અને ઘોડા છોડી દીધા હોય, જે શરણાગત હોય, જેમનાં વાળ ખુલ્લા હોય અને જેમના વાહન નષ્ટ થઈ ગયાં હોય તેમનો વધ કરવો ધર્મની દૃષ્ટિએ યોગ્ય નથી. અત્યારે રાત્રે બધા પાંચાલ વીરો નિશ્ચિંતતાપૂર્વક કવચ ઊતારીને નિદ્રામાં અચેત પડ્યા હશે. જે પુરુષ તેમનો આવી સ્થિતિમાં દ્રોહ કરશે, તે અવશ્ય અગાધ નરકમાં ડૂબી જશે. તમે શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ ગણાઓ છો. સંસારમાં તમારો નાનામાં નાનો દોષ પણ જોવામાં આવ્યો નથી તમે સૂર્ય જેવા તેજસ્વી છો. તેથી કાલે સૂર્યનો ઉદય થાય ત્યારે બધાની સામે પોતાના શત્રુને યુદ્ધમાં પરાસ્ત કરજો.

અશ્વત્થામાએ કહ્યું, તમે જેવું કહો છો તે બરાબર છે. પરંતુ મેં જે કામકરવાનો વિચાર કર્યો છે તેના માટે મને બહુ ઉતાવળ થઈ રહી છે. સંસારમાં ન તો કોઈ એવો પુરુષ જન્મ્યો છે કે જન્મશે, જે પાંચાલો માટે કરેલા મારા વિચારોને બદલી શકે.

અશ્વત્થામાનો મહાદેવજી પર પ્રહાર

કૃપાચાર્યને આમ કહીને અશ્વત્થામા એકલો જ પોતાના ઘોડા જોતરીને શત્રુઓ પર ચડાઈ કરવાની તૈયારી કરવા લાગ્યો. ત્યારે તેને

કૃપાચાર્ય અને કૃતવર્માએ પૂછ્યું, 'તમે રથ શા માટે તૈયાર કરી રહ્યા છો, તમારો શું કરવાનો વિચાર છે? અમે પણ તમારી સાથે જ છીએ અને સુખ-દુઃખમાં તમારી સાથે જ રહીશું.' એ સાંભળીને અશ્વત્થામાએ તે જે કંઈ કરવા ઇચ્છતો હતો તે તેમને સ્પષ્ટ કહી દીધું. અશ્વત્થામા બોલ્યો, 'તમે બંને કવચ ધારણ કરી ધનુષ્ય લઈને તૈયાર થઈ જાઓ.'

આમ કહીને અશ્વત્થામા રથ પર સવાર થયો અને શત્રુઓ તરફ ચાલ્યો ગયો. તેની પાછળ કૃપાચાર્ય અને કૃતવર્મા પણ ચાલવા લાગ્યા. તે રાતે જ તે પાંડવોના શિબિરમાં પહોંચ્યો અને તેના દ્વાર પર જઈને ઊભો રહ્યો ત્યારે એક પ્રકાશમાન પુરુષને દરવાજા પર ઊભેલો જોયો. સમસ્ત લોકને ભયભીત કરનારા તે પુરુષને જોઈને અશ્વત્થામા ગભરાયો નહિ પણ તેના પર અનેક દિવ્યાસ્ત્રોની વર્ષા કરવા લાગ્યો. તે દેવ બધા દિવ્યાસ્ત્રો ગળી ગયો. અશ્વત્થામાએ એક તલવાર છોડી તે પણ તેના શરીરમાં લીન થઈ ગઈ. આ પ્રમાણે જ્યારે અશ્વત્થામાના બધા અસ્ત્રો સમાપ્ત થઈ ગયાં ત્યારે તેણે સંપૂર્ણ આકાશ વિષ્ણુઓથી ભરાયેલું જોયું. શસ્ત્રહીન અશ્વત્થામા આ દૃશ્ય જોઈને દુઃખી થઈ ગયો અને કહેવા લાગ્યો, 'દૈવની અનુકૂળતા વિના આરંભ કરેલું મનુષ્યનું કોઈ પણ કામ સફળ થઈ શકતું નથી. તેથી હવે હું ભગવાન શંકરના શરણમાં જાઉં છું. તેઓ જ આ ભયાનક દૈવી વિઘ્નનો નાશ કરશે.'

આમ વિચારને અશ્વત્થામા રથ ઉપરથી ઉતરીને મહાદેવજીના શરણાગત થઈને સ્તુતિ કરવા લાગ્યો. જો આજે હું આ આપત્તિમાંથી પાર થઈ ગયો તો સમસ્તા ભૂતોના સમૂહરૂપ આ શરીરનો ભોગ આપીને આપનું યજન કરીશ.

આ પ્રમાણે અશ્વત્થામાનો દૃઢ નિશ્ચય જોઈને તેની સામે એક સુવર્ણમયી વેદી પ્રકટ થઈ. તે વેદીમાં અગ્નિ પ્રજ્વલિત થઈ ગયો. તેમાંથી અનેક ગણ પ્રગટ થયા. અશ્વત્થામા અગ્નિથી દેદિપ્યમાન વેદી પર ચડી ગયો અને પોતાના પ્રાણોનો મોહ છોડીને અગ્નિની વચ્ચે આસન વાળીને બેસી ગયો. તેને બેઠેલો જોઈને ભગવાન શંકરે કહ્યું, 'શ્રીકૃષ્ણે મારી યથોચિત આરાધના કરી છે. તેથી તેમનાથી વધીને મને કોઈ પ્રિય નથી. પાંચાલોની રક્ષા કરીને પણ મેં એમનું જ સન્માન કર્યું છે.' એમ કહીને ભગવાન શંકરે અશ્વત્થામાને એક તીક્ષ્ણ તલવાર આપીને પોતે તેના શરીરમાં લીન થઈ ગયા. તેથી તે અત્યંત તેજસ્વી બની ગયો.

અશ્વત્થામા દ્વારા પાંડવ અને પાંચાલવીરોનો સંહાર અને દુર્યોધનનું મૃત્યુ

અશ્વત્થામાએ શિબિરમાં પ્રવેશ કર્યો તથા શિબિરમાં દરવાજાથી ન જતાં વચ્ચેથી જ ઘૂસી ગયો. ત્યાં તમામ યોદ્ધાઓ યુદ્ધમાં થાકી જવાને કારણે અચેત થઈને સૂતા છે. તેમની પાસે જ એક શય્યામાં તેને ધૃષ્ટદ્યુમ્નને સૂતેલો જોયો. ત્યારે અશ્વત્થામાએ તેને પગેથી લાત મારીને જગાડ્યો. અને ક્રોધિત થઈને પોતાના પગની લાતો મારીને ધૃષ્ટદ્યુમ્નનાં મર્મસ્થાનો પર પ્રહાર કર્યો.

અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નને મારી નાખ્યો. ત્યારપછી તેણે બધા પાંચાલવીરોને મારી નાખ્યા.

બધા જ પાંચાલવીરો અને દ્રૌપદીના પુત્રોને મારીને જ્યાં દુર્યોધન મરણાસન્ન અવસ્થામાં પડ્યો હતો, તે સ્થાન પર અશ્વત્થામા કૃપાચાર્ય અને કૃતવર્માને લઈને ગયો. તેમણે જોયું તો તેનામાં થોડો જીવ હતો. તેને નિરાધારની જેમ પૃથ્વી પર પડેલો જોઈને તે ત્રણે વીરોને અસહ્ય દુઃખ થયું. તેઓ ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા અને વિલાપ કરવા લાગ્યા.

રાજા યુધિષ્ઠિર અને દ્રૌપદીનો મૃત પુત્રો માટે શોક

રાત્રિ વીતી ગયા બાદ ધૃષ્ટદ્યુમ્નના સારથિએ રાજા યુધિષ્ઠિરને શિબિરમાં સૂતેલા વીરોના સંહારની જાણ કરી. દ્રૌપદીના બધા પુત્રો શિબિરમાં નિશ્ચિંત થઈને સૂતેલા હતા, તે બધાને જ અશ્વત્થામાએ મારી નાખ્યા. સારથિની આ અમંગળ વાણી સાંભળીને યુધિષ્ઠિર પુત્રશોકથી વ્યાકુળ થઈને પૃથ્વી પર પડી ગયા. હોશ આવતાં તેઓ વિલાપ કરીને નકુળને કહેવા લાગ્યા, 'તમે જાઓ અને દ્રૌપદીને તેના માતૃપક્ષની સ્ત્રીઓ સાથે અહીં લઈ આવો.' ધર્મરાજની આજ્ઞા મળતાં નકુળ રથ પર બેસીને તંબુ તરફ ગયો અને દ્રૌપદીને રથમાં લઈને ત્યાં આવી પહોંચ્યો. જે સમયે તેણે પોતાના પુત્રોના મરાઈ ગયાના અશુભ સમાચાર સાંભળ્યા ત્યારે તે બહુ દુઃખી થઈ ગઈ અને પૃથ્વી પર પડી ગઈ.

દ્રૌપદીને પડતી જોઈને ભીમે તેને પકડી લીધી અને સાંત્વના આપી. ત્યારે તે રડીને રાજા યુધિષ્ઠિરને કહેવા લાગી, 'જો તમે આજે જ સાથીઓ સાથે તે પાપીના જીવનનો અંત નહિ આણો તો હું અહીં જ આજીવન અનશન વ્રત આરંભ કરી દઈશ.' આમ કહીને દ્રૌપદી મહારાજ યુધિષ્ઠિર પાસે જ બેસી ગઈ.

દ્રૌપદીએ કહ્યું, 'મેં સાંભળ્યું છે કે અશ્વત્થામાના મસ્તક પર જન્મની સાથે જ ઉત્પન્ન થયેલો એક મણિ છે. તો તે પાપીનો વધ કરીને તે મણિને લઈ આવો. તે મણિને તમારા મસ્તક પર ધારણ કરાવીને જ હું જીવન ધારણ કરીશ.'

દ્રૌપદીનો આ પ્રમાણે અત્યંત વિલાપ ભીમથી સહન ન થયો. તેઓ અશ્વત્થામાને મારવાનો નિશ્ચય કરીને રથ પર સવાર થઈ ગયા અને નકુલને પોતાનો સારથિ બનાવ્યો.

પાંડવોએ દ્રૌપદી પાસે આવીને તેને મણિ આપ્યો

ભીમના ગયા પછી ભગવાન શ્રીકૃષ્ણે ધર્મરાજને કહ્યું, 'ભીમ પુત્રશોકના કારણે અશ્વત્થામાને મારવા માટે એકલા જ જઈ રહ્યા છે.'

તે સાંભળી ધર્મરાજ યુધિષ્ઠિર, શ્રીકૃષ્ણ અને અર્જુન રથ પર બેસીને ભીમની પાછળ ચાલવા લાગ્યા અને તરત જ તેમની પાસે પહોંચી ગયા. તે સમયે ભીમ ક્રોધિત થઈને શત્રુનો સંહાર કરવા પ્રયત્નશીલ હતા. તેઓ એમની સામે જ પોતાના રથમાં ગંગાજીના તટ પર પહોંચી ગયા, જ્યાં તેમણે 'અશ્વત્થામા બેઠો છે' એવું સાંભળ્યું હતું. તેમણે વ્યાસજીને અનેક ઋષિઓ સાથે બેઠેલા જોયા. ત્યાં અશ્વત્થામા પણ હતો. ભીમ તેને જોતાં જ બૂમ પાડીને તેની તરફ દોડ્યા. ભીમ તથા તેની પાછળ રાજા યુધિષ્ઠિર અને અર્જુનને જોઈને અશ્વત્થામા બહુ ડરી ગયો. તેણે ક્રોધિત થઈને પ્રચંડ અસ્ત્ર છોડી દીધું. સંગ્રામમાં એકવાર અસ્ત્ર છોડી દીધા પછી પાછું વાળવામાં તો અર્જુન સિવાય ઇન્દ્ર પણ સમર્થ ન હતા. તેથી અર્જુને તેને પાછું વાળી લીધું.

અશ્વત્થામાએ વ્યાસજીને કહ્યું, 'ભીમના ભયથી મારા પ્રાણ બચાવવા માટે મેં આ અસ્ત્ર છોડ્યું હતું. તેથી આજે તે બધા પાંડવોના પ્રાણ લઈ લેશે. આ પ્રમાણે ક્રોધે ભરાઈને આ અસ્ત્ર છોડીને અવશ્ય મેં મહાન પાપ કર્યું છે.'

વ્યાસજીએ કહ્યું, 'હવે તમે શાંત થાઓ. ધર્મરાજ અધર્મથી જીતવા ચાહતા નથી. તમારા મસ્તક પર જે મણિ છે, તે તમે એમને આપી દો અને તેઓ તમને પ્રાણદાન આપી દેશે.'

અશ્વત્થામા બોલ્યો, 'ધન અને રત્નો કરતા પણ આ મણિ વધારે કીમતી છે. તેથી મારે આનો ત્યાગ તો કોઈ પણ પ્રકારે ન કરવો જોઈએ. તો પણ તમે મને જે આદેશ આપ્યો છે તે પ્રમાણે તો મારે કરવું જ પડશે.'

ત્યારપછી અશ્વત્થામાએ પાંડવોને એ મણિ આપી દીધો અને વનમાં ચાલ્યો ગયો. અહીં પાંડવો પણ શ્રીકૃષ્ણ, નારદજી અને વ્યાસજી સાથે દ્રૌપદી પાસે આવ્યા. દ્રૌપદી અન્નનો ત્યાગ કરીને બેઠી હતી. પછી રાજા યુધિષ્ઠિરની આજ્ઞાથી ભીમે દ્રૌપદીને તે દિવ્ય મણિ આપ્યો અને કહ્યું, 'લો આ મણિ. તમારા પુત્રોનો વધ કરનારને અમે જીતી લીધો છે.'

આ સાંભળીને દ્રૌપદીએ કહ્યું, 'હવે આ મણિને મહારાજ પોતાના મસ્તક પર ધારણ કરે.'

અશ્વત્થામાએ છોડેલા બ્રહ્માસ્ત્રનો સંહારક પ્રભાવ સમાપ્ત થાય છે પરંતુ આ બ્રહ્માસ્ત્ર ઉત્તરા - અભિમન્યુની પત્નીના ગર્ભમાં જે બાળક ઉછરી રહ્યું છે તેના પર ફેરવ્યું કે જેથી તે ગર્ભનો નાશ કરે અને પાંડવો નિર્વંશ બને. શ્રીકૃષ્ણે ઉત્તરાના ગર્ભનું રક્ષણ કર્યું અને બાળકનું નામ પરીક્ષિત રાખવામાં આવ્યું. અહીં શ્રીકૃષ્ણ અશ્વત્થામાને શ્રાપ આપે છે કે 'તું ત્રણ હજાર વર્ષ જીવશે અને પાપકર્મોનું ફળ ભોગવશે. માનવોની વસતી વચ્ચે તને કોઈ રહેવા દેશે નહિ. દુર્ગંધથી સબડતા, ગંધાતા શરીરથી તું વનમાં ભટકતો રહેશે. યુધિષ્ઠિર શ્રીકૃષ્ણને પૂછે છે, 'અમારા પુત્રો યુદ્ધમાં ચડિયાતા હતા તેમ છતાં અશ્વત્થામા તેમને કેવી મારી શક્યો.' શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને સમજાવે છે કે અશ્વત્થામા મહાદેવજીના રક્ષણ હેઠળ હતો તેથી તે તેના મનોરથ પૂરા પાડી શક્યો.

ત્યારે રાજા યુધિષ્ઠિરે તે મણિને ગુરુનો પ્રસાદ સમજીને દ્રૌપદીના કહેવાથી પોતાના મસ્તક પર ધારણ કરી લીધો. ત્યારબાદ દ્રૌપદી ઊઠીને પોતાના સ્થાન પર ચાલી ગઈ.

સ્ત્રીપર્વ

શોકાતુર ધૃતરાષ્ટ્રને સંજય અને વિદુરનું સમજાવવું

પોતાના સો પુત્રોનો સંહાર થઈ જવાથી મહારાજ ધૃતરાષ્ટ્ર બહુ દુઃખી થયા. પુત્રશોકથી તેમનું હૃદય બળવા લાગ્યું. તે સમયે સંજયે તેમની પાસે જઈને કહ્યું, 'મહારાજ! તમે ચિંતા કેમ કરો છો? આ પૃથ્વી નિર્જન થઈને શાંત થઈ ગઈ છે. હવે તમે તમારા સંબંધીઓ-સુહૃદો અને ગુરુજનોની પ્રેતક્રિયા કરાવો.'

સંજયની આ દુઃખદ વાણી સાંભળીને રાજા શોકથી વ્યાકુળ થઈ ગયા. પછી સાવધાન થઈને બોલ્યા, 'મારું રાજ્ય નષ્ટ થઈ ગયું અને ભાઈ-બંધુ બધા યુદ્ધમાં મરી ગયા. મેં પરશુરામજી, નારદજી અને વ્યાસજીની વાત પણ ન સાંભળી. શ્રીકૃષ્ણે સંપૂર્ણ સભાની વચ્ચે મારા ભલા માટે કહ્યું હતું કે, 'વ્યર્થ વેર ન બાંધો, પોતાના પુત્રને રોકો.' પરંતુ હું એવો મૂર્ખ કે, મેં તેમની વાત ન માની.

આ પ્રમાણે રાજા ધૃતરાષ્ટ્રે અત્યંત શોક પ્રગટ કર્યો. એમના શોકને શાંત કરવા માટે સંજયે કહ્યું, 'તમારો પુત્ર દુર્યોધન અત્યંત દુષ્ટબુદ્ધિ હતો. તમે તો પુત્રસ્નેહમાં ફસાઈને તેનું જ હિત કરવા ચાહ્યું, તેનો આજે પશ્ચાત્તાપ કરવો પડે છે. તેથી હવે આના માટે કોઈ શોક કરવો ન જોઈએ.'

આ પ્રમાણે સંજયે રાજાને ધીરજ આપી. ત્યાર પછી વિદુરજી પોતાના શબ્દોમાં તેમને સાંત્વના આપતા કહેવા લાગ્યા, 'તમે વિચારપૂર્વક મનને સાવધાન કરો. શોક કરવાથી મનુષ્ય ન તો મરનારની સાથે જઈ શકે છે કે ન મરી શકે છે. યુદ્ધમાં માર્યા ગયેલા વીરો માટે તો તમારે શોક

કરવો જ ન જોઈએ.'

રાજા ધૃતરાષ્ટ્રને મહર્ષિ વ્યાસજીનો ઉપદેશ

વિદુરના વચન સાંભળીને રાજા વિલાપ કરવા લાગ્યા, 'આ મનુષ્યજન્મને ધિક્કાર છે. આપત્તિમાં ફસાઈ જતાં માણસને જીવન કરતાં મૃત્યુ જ વહાલું લાગે છે. તેથી આજે હું મારા પ્રાણોનો ત્યાગ કરીશ.'

ત્યારે ભગવાન વ્યાસે તેમને કહ્યું, 'તમે બધાં શાસ્ત્રો સાંભળ્યા છે. તમે બુદ્ધિમાન છો તથા ધર્મ અને અર્થના સાધનમાં કુશળ છો. અનેક રાજાઓ કુરુક્ષેત્રમાં વીરગતિ પામ્યા. તમે શોક છોડી દો.' ધૃતરાષ્ટ્રે કહ્યું, 'મને શોકે ચારેબાજુથી જકડી લીધો છે, મારી બુદ્ધિ ઠેકાણે નથી. હું પ્રાણ ટકાવી રાખીને શોક ન કરવાનો પ્રયત્ન કરીશ.'

રાજા ધૃતરાષ્ટ્રના આ વચન સાંભળીને ભગવાન વ્યાસ ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.

પાંડવોનું રાજા ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને મળવું

મહારાજ યુધિષ્ઠિરને ખબર પડી કે તેમના વૃદ્ધ કાકા સંગ્રામમાં માર્યા ગયેલા વીરોનું અન્ત્યેષ્ઠિકર્મ કરાવવા માટે હસ્તિનાપુરથી નીકળ્યા છે. ત્યારે તેઓ ધૃતરાષ્ટ્રની પાસે પોતાના ભાઈઓને લઈને ત્યાં પહોંચ્યા. ત્યારે તેમની સાથે શ્રીકૃષ્ણ, સાત્યકિ, યુયુત્સુ તથા પાંચાલ મહિલાઓની સાથે દ્રૌપદી પણ ગઈ. ગંગાકિનારે પહોંચીને રાજા યુધિષ્ઠિરે વિલાપ કરતી અનેક સ્ત્રીઓનાં ટોળાં જોયાં. રડી રહેલી તે બધી સ્ત્રીઓને પાર કરીને મહારાજ યુધિષ્ઠિર રાજા ધૃતરાષ્ટ્રની પાસે પહોંચ્યા અને તેમના ચરણોમાં પ્રણામ કર્યા. મહારાજ ધૃતરાષ્ટ્ર ભીમને મારી નાખવાનો વિચાર કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ પહેલેથી જ તેમનો ઇરાદો જાણી ગયા હતા. તેથી તેમણે ભીમને હાથથી પકડીને રોકી લીધો અને ભીમની એક લોઢાની પ્રતિમા આગળ કરી દીધી. રાજાએ લોઢાના ભીમને જ સાચો ભીમ સમજીને પોતાની ભુજાઓમાં દબાવીને તોડી નાખ્યો. તે સમયે સંજયે તેમને ધીરજ આપીને શાંત કર્યા.

જ્યારે શ્રીકૃષ્ણે જોયું કે હવે આમનો ક્રોધ શાંત થઈ ગયો છે. ત્યારે તેમણે કહ્યું, 'તમે શોક ન કરો, તમારા હાથે ભીમનો વધ નથી થયો. આ તો લોઢાની પ્રતિમા જ હતી. એને તમે મસળી નાખી છે. મેં તો તમને પહેલાં જ જણાવ્યું હતું અને ભીષ્મ, દ્રોણ, વિદુર તથા સંજયે પણ ઘણી

રીતે સમજાવ્યા હતા પરંતુ તે વખતે તો તમે અમારી વાત માની નહિ. તમે નિર્દોષ પાંડવોને રાજ્યમાંથી કાઢી મુકાવ્યા હતા.'

ત્યારે રાજા ધૃતરાષ્ટ્રે કહ્યું, 'તમે જે કહો છો તે બધું બરાબર છે. સારું જ થયું કે તમારા રોકી લેવાથી ભીમ મારી ભુજાઓમાં ન આવ્યો. હવે હું સ્વસ્થ છું, મારો ક્રોધ શાંત થઈ ગયો છે અને હવે હું પાંડુના પુત્રને જોવા ઇચ્છું છું. મારા બધા પુત્રો માર્યા ગયા. હવે તો મારો આશ્રય આ પાંડુપુત્રો જ છે.'

આમ કહીને તેઓ પાંડવોને ભેટીને કહેવા લાગ્યા, 'તમારું કલ્યાણ થાઓ' આમ કહીને આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ તેમની આજ્ઞા લઈને પાંડવો શ્રીકૃષ્ણની સાથે ગાંધારી પાસે ગયા. પાંડવો માટે ગાંધારીના મનમાં પાપ છે આ વાતને મહર્ષિ વ્યાસ પહેલેથી જ જાણતા હતા. તેથી તેઓ ઝડપથી ત્યાં પહોંચી ગાંધારીને કહ્યું, 'તમે પાંડુપુત્ર યુધિષ્ઠિર પર ક્રોધ ન કરો, શાંત થઈ જાઓ. છેલ્લા અઢાર દિવસોમાં તમારો પુત્ર દરરોજ તમને એવી પ્રાર્થના કરતો હતો કે, 'હું શત્રુઓ સાથે યુદ્ધ કરવા માટે જઈ રહ્યો છું, મારા કલ્યાણ માટે મને આશીર્વાદ આપો.' તેના દ્વારા આવી પ્રાર્થના કરવાથી તમે એ જ કહેતા કે, 'જ્યાં ધર્મ છે ત્યાં વિજય છે.'

ગાંધારીએ કહ્યું, 'પાંડવો માટે મને કોઈ દુર્ભાવ નથી અને હું તેમનો નાશ થાય એવું ઇચ્છતી નથી. પરંતુ પુત્રશોકના કારણે મારું મન વ્યાકુળ થઈ ગયું હતું. ભીમે દુર્યોધનને ગદાયુદ્ધ માટે બોલાવીને નાભિના નીચે ગદાનો પ્રહાર કર્યો, આ અનુચિત કાર્ય ન હતું?'

ગાંધારીની વાત સાંભળીને ભીમે કહ્યું, 'માતા! મેં તો ડરીને મારી રક્ષા માટે જ આમ કર્યું હતું, તો હવે તમે ક્ષમા કરો. તેણે વેરને બહુ વધારી દીધું અને વનવાસમાં પણ તે અમને હંમેશા પજવતો રહ્યો. તેના કારણે મારાથી પણ આવું કામ થઈ ગયું.'

ભીમની વાત સાંભળીને ગાંધારીએ કહ્યું, 'તમે આ અત્યંત ક્રૂર કર્મ કર્યું, આમ કરવું યોગ્ય ન હતું. જો તમે મારા એક પુત્રને પણ છોડી દેત તો તમારા કારણે હું આટલી દુઃખી ન થાત. હું એવું જ માની લેત કે તમે તમારા ધર્મનું પાલન કર્યું છે.'

યુધિષ્ઠિર ગાંધારીને મળ્યા અને તે ધ્રૂજી જાય છે. યુધિષ્ઠિર ગાંધારીને કહે છે કે, 'હું જ તમારા પુત્રોનો ખૂની છું, હું રાજ્ય કરવાને

લાયક નથી, હું તમારા શાપને લાયક છું. ગાંધારીમાં અનુકંપા જાગી અને પાંડવોને આશીર્વાદ આપ્યા. કુંતી દ્રોપદીને ગાંધારી પાસે લઈ જાય છે. બંને માતાએ પોતપોતાના પુત્રો ગુમાવ્યા છે. કોણ કોને આશ્વાસન આપે? તેઓ કહે છે આપણે આ વિનાશ સ્વીકારવો રહ્યો. વ્યાસમુનિએ ગાંધારીને દિવ્ય દૃષ્ટિ આપી અને તેણે નજીકથી આખા કુરુક્ષેત્રમાં થયેલો વિનાશ જોયો. બધી વિધવાઓ કલ્પાંત કરતી હતી. વીરપુત્રોના મૃતદેહોથી ભરેલી આ રણભૂમિમાં બધાં વિરોધીઓ વિરોધને બાજુ પર મૂકીને એક સાથે સૂતા છે. આ બધુ બતાવતા ગાંધારીએ શ્રીકૃષ્ણને કહ્યું, 'જ્યારે તમે હસ્તિનાપુર પાંડવ-કૌરવોની સંધિ કરાવવા આવ્યા હતાતે વખતે તમે ધારતે તો સંધિ કરાવી શક્યા હોત અને યુદ્ધ ટાળી શક્યા હોત પરંતુ તમે મારા પુત્રોનો વિનાશ ઈચ્છતા હતા અને તે જ પ્રમાણે તમે કર્યું' હું તમને શાપ આપું છું કે, 'જેમ અમારા કુળનો યુદ્ધ કરાવી તમે નાશ કરાવ્યો છે તેમ ૩૬ વર્ષ પછી એક સમય એવો આવશે તમારા યાદવ કુળનો માંહે માંહે (અંદરોઅંદર) લડીને આવી જ રીતે નાશ થશે.' શ્રીકૃષ્ણ હસ્યા. ખૂબ સરસ માતા. તમે જેમ ઈચ્છો છો તેમ જ થશે. તમારો પુત્ર દુષ્ટ, નિષ્ઠુર અને વેરી હતો એનું જ આ પરિણામ છે.

ધૃતરાષ્ટ્ર અને યુધિષ્ઠિરે મૃત્યુ પામેલાઓના અગ્નિસંસ્કાર કરવાની વિધિ કરી અને સ્વજનોને અશ્રુભીની અંજલિ આપી.

શાંતિપર્વ

યુધિષ્ઠિરને સાંત્વના આપીને નારદજીએ કહેલું કર્ણનું પૂર્વચરિત્ર

પોતાના બધા સુહૃદોને જલાંજલિ આપ્યા પછી પાંડવો વિદુર, ધૃતરાષ્ટ્ર તથા બધી જ ભરતવંશની સ્ત્રીઓ આત્મશુદ્ધિ માટે એક મહિનો નગરની બહાર ગંગાતટે રહ્યાં. તે સમયે રાજા યધિષ્ઠિર પાસે અનેક મહાત્માઓ તથા બ્રહ્મર્ષિઓ પધાર્યા. રાજાએ બધા મહર્ષિઓનું વિધિવત પૂજન કર્યું.

નારદજીએ રાજા યુધિષ્ઠિરને કહ્યું, 'તમે તમારા બાહુબળ તથા ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી સંપૂર્ણ પૃથ્વી પર ધર્મપૂર્વક વિજય પ્રાપ્ત કર્યો છે. આ રાજ્યલક્ષ્મીને પ્રાપ્ત કરીને તમને શોક તો સતાવતો નથી ને?'

યુધિષ્ઠિરે કહ્યું, 'ભગવાન શ્રીકૃષ્ણનો આશ્રય, બ્રાહ્મણોની કૃપા તથા ભીમ અને અર્જુનના બળથી મેં સંપૂર્ણ પૃથ્વી પર વિજય તો મેળવ્યો, પરંતુ મારા હૃદયને એક જ મોટું દુઃખ સતાવતું રહે છે કે મેં લોભવશ મારા કુળનો સંહાર કરાવી નાખ્યો. અભિમન્યુ અને દ્રૌપદીપુત્રો પણ મરી ગયા. તેથી હવે આ વિજય પણ મને પરાજય જેવો લાગે છે. મારી માતા કુંતીએ કર્ણના જન્મનું રહસ્ય છુપાવીને મને વિશેષ દુઃખમાં ધકેલી દીધો છે. જ્યારે કુંતીના ગર્ભથી સર્વગુણસંપન્ન કર્ણનો પ્રાદુર્ભાવ થયો, તે સમયે માતાએ તેમને પેટીમાં મૂકીને ગંગાજીમાં વહાવી દીધા હતા. જેમને સંપૂર્ણ સંસાર રાધાનો પુત્ર સમજતો હતો તે અમારા મોટા ભાઈ હતા. અમે

પાંચમાંથી કોઈ પણ તેમને ભાઈ તરીકે જાણતા ન હતા, પરંતુ તેઓ અમને જાણતા હતા.

સાંભળ્યું હતું કે મારી માતા અમારી વચ્ચે સંધિ કરાવવા માટે તેમની પાસે ગઈ હતી. એમણે કહ્યું, 'તમે રાધાના નહિ, મારા પુત્ર છો.' પરંતુ કર્ણ સંધિ માટે સહમત ન થયા. તેમને એવો ઉત્તર આપ્યો કે, 'હું રાજા દુર્યોધનને છોડવામાં અસમર્થ છું. જો તમારી વાત માનીને યુધિષ્ઠિર સાથે સંધિ કરી લઉં છું તો હું નીચ અને ક્રૂરમાં ખપીશ. તેથી યુદ્ધમાં શ્રીકૃષ્ણ સહિત અર્જુનને જીતી લીધા પછી હું યુધિષ્ઠિર સાથે સંધિ કરીશ.'

આ સાંભળીને કુંતીએ કહ્યું, 'તમે અર્જુન સાથે યુદ્ધ કરો, પરંતુ બાકીના ચાર ભાઈઓને અભયદાન આપી દો.' આટલું કહીને માતા ધ્રૂજવા લાગી, તેમની આવી સ્થિતિ જોઈને કર્ણે કહ્યું, 'તમારા ચાર પુત્રો મારી ચુંગાલમાં ફસાઈ જશે તો પણ તેમને નહિ મારું. જો હું મરાઈ ગયો તો અર્જુન રહેશે, અર્જુન મરશે તો હું રહીશ. આ પ્રમાણે તમારા પાંચ પુત્રો કોઈ પણ સંજોગે જીવતા રહેશે.'

કુંતી બોલી, 'પોતાના ભાઈઓનું કલ્યાણ કરજે.' પછી તે ઘરે પાછી આવી ગઈ. આ રહસ્યને કુંતીએ પ્રગટ ન કર્યું, તેથી ભાઈના હાથે ભાઈનો વધ થયો. અર્જુને કર્ણને મારી નાખ્યો. તેથી મારા હૃદયને ભારે વ્યથા થઈ રહી છે. કર્ણ અને અર્જુનની સહાયતાથી હું ઇન્દ્રને પણ જીતી શકતો હતો.'

રાજા યુધિષ્ઠિર શોકમગ્ન થઈને ચિંતામાં ડૂબી ગયા. તેમની આવી સ્થિતિ જોઈને કુંતી શોકથી વિહ્વળ થઈ ઊઠી અને કહેવા લાગી, 'કર્ણને માટે શોક ન કરો. ચિંતા છોડીને મારી વાત સાંભળો. મેં અને ભગવાન સૂર્યે કર્ણને જણાવવાની કોશિશ કરી હતી કે યુધિષ્ઠિર વગેરે તમારા ભાઈ છે. તેમણે તેને સ્વપ્નમાં અને મારી સામે ઘણો સમજાવ્યો. પરંતુ અમે લોકો અમારા પ્રયત્નમાં સફળ ન થઈ શક્યાં. તે મોતને વશ થઈને બદલો લેવા તૈયાર હતો, તેથી મેં પણ તેની ઉપેક્ષા કરી દીધી.'

માતાની વાત સાંભળીને ધર્મરાજના નેત્રોમાં આંસુ ભરાઈ આવ્યા. તેઓ શોકથી વ્યાકુળ થઈને કહેવા લાગ્યા, 'તમે આ રહસ્યભરી વાત છુપાવી રાખી હતી, તેથી આજે મારે કષ્ટ ભોગવવું પડે છે.' પછી તેમણે દુઃખી થઈને સંસારની બધી સ્ત્રીઓને શાપ આપી દીધો, 'આજથી કોઈ પણ સ્ત્રી ગુપ્ત વાત છુપાવી નહિ શકે. હવે હું મમતા અને શોકરહિત

થઈને બધા પ્રકારનાં બંધનોથી છૂટીને ક્યાંક જંગલમાં ચાલ્યો જઈશ, મારે રાજ્ય અથવા ભોગો સાથે કોઈ મતલબ નથી.'

આમ કહીને ધર્મરાજ ચૂપ થઈ ગયા ત્યારે અર્જુન બોલ્યા, 'આ બહુ અફસોસની વાત છે અને કાયરતાની સીમા છે. રાજવંશમાં જન્મ લઈને સંપૂર્ણ પૃથ્વીને પોતાને અધીન કરીને હવે તમે ધર્મ અને અર્થનો પરિત્યાગ કરીને વનમાં જઈ રહ્યા છો! આ મૂર્ખતા નથી તો બીજું શું છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'અર્જુન! થોડીવાર મનને એકાગ્ર કરીને મારી વાત સાંભળો અને તેના પર વિચાર કરો. શું તમારા કહેવાથી તે માર્ગ છોડી દઉં, જેના પર શ્રેષ્ઠ પુરુષો હંમેશાં ચાલતાં આવ્યાં છે? ના, મારાથી આવું નહિ બને, હું તો સાંસારિક સુખોને છોડીને અવશ્ય તે જ માર્ગ અપનાવીશ અને વનમાં ફળ-મૂળ ખાઈને કઠોર તપ કરીશ.'

આ સાંભળીને ભીમ બોલ્યા, 'જ્યારે તમે પોતાના રાજધર્મની નિંદા કરીને આળસભર્યું જીવન વ્યતીત કરવાનો જ નિર્ણય કર્યો હતો, ત્યારે બિચારા કૌરવોનો નાશ કરાવવાથી કયો લાભ હતો? રાજાએ તો કર્મ જ કરવાં જોઈએ, જે કર્મોનો ત્યાગ કરી દે છે, તેને ક્યારેય સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

ત્યાર પછી અર્જુને કહ્યું, 'આ જ વિષયમાં એકવાર તપસ્વીઓની સાથે ઈન્દ્રનો સંવાદ થતો હતો, તે ઇતિહાસ હું તમને સંભળાવું છું. એક સમયે કેટલાક કુળવાન બ્રાહ્મણ બાળકો કે જેઓ બહુ નાદાન હતા, જેમને મૂછો પણ આવી ન હતી. તેઓ ઘરબાર છોડીને જંગલમાં ચાલ્યા ગયા અને સંન્યાસી બની ગયા. આને જ ધર્મ સમજીને તેઓ પ્રસન્ન હતા. ભાઈ-બંધુ અને માતા-પિતાની સેવાથી મોં ફેરવીને બ્રહ્મચર્યનું પાલન કરવા લાગ્યા. એક દિવસ તેમના પર ઈન્દ્રદેવ પ્રસન્ન થયા. તેઓ સોનાના પક્ષીનું રૂપ ધારણ કરીને તેમની પાસે ગયા અને તેમને સંભળાવીને કહેવા લાગ્યા, 'યજ્ઞશિષ્ય અન્નનું ભોજન કરનારા મહાત્માઓએ જે કર્મ કર્યું છે, તે બીજા મનુષ્યો દ્વારા થવું કઠણ છે. તેમનું આ કર્મ પવિત્ર તથા જીવન ઉત્તમ છે. તેમનો મનોરથ સફળ થયો અને તે પુરુષ ઉત્તમ ગતિએ પ્રાપ્ત થયા છે.'

ઋષિઓએ કહ્યું, 'આ પક્ષી યજ્ઞશિષ્ટ ભોજન કરનારાઓની પ્રશંસા કરે છે, આ તો આપણી જ પ્રશંસા થઈ, કેમ કે આપણે યજ્ઞશિષ્ટ ભોજન કરીએ છીએ.'

પક્ષીએ કહ્યું, 'હું તમારી પ્રશંસા નથી કરતો. તમે તો એઠું ખાનારા અને મૂર્ખ છો.'

ઋષિઓએ કહ્યું, 'આ અત્યંત કલ્યાણકારી સાધન છે એવું સમજીને જ અમે આ માર્ગનું અવલંબન લઈને બેઠા છીએ. હવે તમારી વાત સાંભળીને તમારા પર અમને શ્રદ્ધા થઈ છે, તેથી જે કલ્યાણપ્રદ સાધન હોય તે જ અમને જણાવો.'

પક્ષીએ કહ્યું, 'જો તમારો મારા પર વિશ્વાસ છે તો હું યથાર્થ વાત જણાવું છું સાંભળો. બ્રાહ્મણ જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી તેના સંસ્કાર થતા રહેવા જોઈએ. મૃત્યુ પછી પણ તેના સ્મશાનભૂમમાં અન્ત્યેષ્ઠિ-સંસ્કાર તથા ઘરે શ્રાદ્ધ વગેરે વિધિ પ્રમાણે થવા જરૂરી છે. દેવતાઓ, પિતરો, અતિથિઓ અને પરિવારના અન્ય લોકોને અન્ન આપીને જેવો સ્વયં બધાના પછી ખાય છે તેમને જ યજ્ઞશિષ્ટ ભોજન કરનારા કહેવામાં આવે છે. પોતાના ધર્મનું અવલંબન કરીને સુંદર વ્રતોનું પાલન કરનારા જ આ જગતના ગુરુ માનવામાં આવે છે.'

'તે બ્રાહ્મણ બાળકો ઈન્દ્રની ધર્મયુક્ત વાતો સાંભળીને એવા નિર્ણય પર પહોંચ્યા કે, 'અમે લોકો જે માર્ગ પર સ્થિત છીએ તે હિતકર નથી.' તેથી તેઓ વનવાસ છોડીને ઘરે ચાલ્યા ગયા અને ગૃહસ્થ ધર્મનું પાલન કરવા લાગ્યા. તેથી તમે પણ ધૈર્ય ધારણ કરીને સંપૂર્ણ ભૂમંડળનું રાજ્ય કરો.'

અર્જુનની વાત પૂરી થવાથી નકુળે પણ તેમનું જ અનુમોદન કરીને રાજા યુધિષ્ઠિરને કહ્યું, 'ઘર છોડીને જંગલમાં ચાલ્યા જવાથી જ કોઈ ત્યાગી થતો નથી. જંગલમાં જઈને પણ તેના હૃદયમાં કામના જાગ્રત થાય છે, તેના ગળામાં યમરાજ મોતનો ફંદો નાખી દે છે. મહારાજ! પૂર્વના રાજાઓએ જેનું સેવન કર્યું છે, તે સ્વધર્મમાં સ્થિત રહીને શત્રુઓ પર વિજય મેળવ્યા પછી તમારા સિવાય બીજો કોણ શોક કરશે?'

ત્યારપછી સહદેવે કહ્યું, 'માત્ર બહારના પદાર્થોનો ત્યાગ કરવાથી સિદ્ધિ મળતી નથી. વનમાં રહીને ત્યાંના ફળ-મૂળથી નિર્વાહ કરતો રહીને પણ જે સંસારના પદાર્થોમાં આસક્તિ-મમતા રાખે છે, તે મૃત્યુના જ મુખમાં છે.'

આ પ્રમાણે પોતાના ભાઈઓના મુખેથી વેદના સિદ્ધાંતોને સાંભળીને યુધિષ્ઠિર ચૂપ રહ્યા, ત્યારે ધર્મને જાણનારી દ્રૌપદી કહેવા લાગી,

'મહારાજ! તમારા આ ભાઈઓ તમારો સંકલ્પ સાંભળીને દુ:ખી થઈ ગયા છે. આ લોકો સદા તમારા માટે દુ:ખ જ ઉઠાવતા આવ્યા છે. હવે તો તેમને પ્રિય વાતો કહીને આનંદિત કરો. જ્યારે દ્વૈતવનમાં આ બધા ભાઈઓ તમારી સાથે કષ્ટ ભોગવી રહ્યા હતા ત્યારે તમે તેમને ધીરજ આપતાં કહ્યું હતું, 'ભાઈઓ! આપણે દુર્યોધનને યુદ્ધમાં મારીને આ સંપૂર્ણ પૃથ્વીનું રાજ્ય ભોગવીશું. જો આવું જ કરવું હતું તો તે સમયે તેવી વાતો કેમ કહી? મારા અનુરોધથી તમે તમારા આ ભાઈઓને અભિનંદન આપો.' તમે સંપૂર્ણ પૃથ્વીનું રાજ્ય છોડીને પોતાના માટે સ્વયં વિપત્તિને આમંત્રિત કરી રહ્યા છો. સઘળી પ્રજાનું ધર્મ અનુસાર પાલન કરતા રહીને પૃથ્વીનું શાસન કરો. ઉદાસ ન થાઓ. યજ્ઞો કરીને બ્રાહ્મણોને દાન આપો.'

દ્રૌપદીની વાતો સાંભળીને રાજા યુધિષ્ઠિરની આજ્ઞાથી અર્જુન ફરી કહેવા લાગ્યા, 'દંડ જ સમસ્ત પ્રજાઓનું શાસન અને તેમની રક્ષા કરે છે. સંસાર-યાત્રાનો નિર્વાહ કરવા માટે ધર્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. બધી વાતોનો વિચાર કરીને તમે પણ ધર્મનું પાલન કરો. યજ્ઞ કરો, દાન આપો તથા પ્રજા અને મિત્રોની રક્ષા કરો.'

ભીમ કહેવા લાગ્યા, 'તમે બધા ધર્મોના જ્ઞાતા છો, તમને કશું જ કહેવાની જરૂર નથી. પોતાની બુદ્ધિને સ્થિર કરી પોતાનું રાજ્ય ચલાવો. હવે તમે અશ્વમેધ યજ્ઞ કરીને વિધિપૂર્વક દક્ષિણા આપો. અમે બધા તમારા દાસ છીએ.'

ભીમની વાત સાંભળીને યુધિષ્ઠિર બોલ્યા, 'અસંતોષ, બળ, મોહ, અશાંતિ, અને અભિમાન જેવા પાપોએ તમારા મનને વશ કરી લીધું છે, તેથી તમને રાજ્યની ઇચ્છા થાય છે. બુદ્ધિમાન અને તપસ્વી જ ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે. વાસ્તવમાં બધું બુદ્ધિમાં જ સ્થિત છે.' આમ કહીને રાજા યુધિષ્ઠિર ચૂપ થઈ ગયા.

ત્યારે ત્યાં બેઠેલા દેવસ્થાન નામના એક તપસ્વી કહેવા લાગ્યા, 'તમે ધર્માનુસાર આ સંપૂર્ણ પૃથ્વી જીતી છે. તેને તમારે વ્યર્થ ત્યાગી દેવી ન જોઈએ. રાજાનો એ ધર્મ છે કે તે ઇન્દ્રિયોને હંમેશાં પોતાના વશમાં રાખે, સાધુઓની રક્ષા કરે, પ્રજાને ધર્મમાર્ગે દોરીને તેની સાથે ધર્માનુસાર વ્યવહાર કરે અને અંતે પુત્રને રાજ્યલક્ષ્મી સોંપીને વનમાં ચાલ્યો જાય. ત્યાં પણ વનમાં ફળ-મૂળથી નિર્વાહ કરતો રહીને આળસ ત્યાગીને

શાસ્ત્રોક્ત કર્મોનું વિધિપૂર્વક આચરણ કરે. પોતાનાં પવિત્ર કર્મોનું આચરણ કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.'

આ પ્રમાણે દેવસ્થાન મુનિનું વક્તવ્ય પૂરું થયું ત્યારે મહર્ષિ વ્યાસ કહેવા લાગ્યા, ગૃહસ્થ-ધર્મ ઘણો ઉત્તમ છે અને શાસ્ત્રોમાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે. તમે શાસ્ત્રાનુસાર સ્વધર્મનું જ આચરણ કરો. તમારા માટે ઘર છોડીને વનમાં જવાનું વિધાન નથી.'

વ્યાસજીની વાત સાંભળીને રાજા યુધિષ્ઠિરે કહ્યું, 'આ પૃથ્વીનું રાજ્ય અનેક ભોગોથી યુક્ત છે. તેથી મારા મનને પ્રસન્નતા થતી નથી, મને તો આ યુદ્ધનો શોક ભરખી રહ્યો છે. જેમના પતિ, પુત્રો નષ્ટ થઈ ગયા છે એમનું રુદન સાંભળીને મને સહેજ પણ ચેન પડતું નથી.'

ત્યારે વ્યાસજીએ કહ્યું, 'જે લોકો માર્યા ગયા છે તે તો મળી શકે એમ નથી.' 'તમે ક્ષત્રિયોના અગ્રગણ્ય છો. તમે તમારા ધર્મ અનુસાર જ આ ક્ષત્રિયોને માર્યા છે, તેથી તમે શોક ન કરો. તમે ધર્મની રક્ષા કરો. મૃત્યુ બાદ કલ્યાણ કરનાર એકમાત્ર ધર્મ જ છે.'

મહારાજ યુધિષ્ઠિર બધા લોકના હિતાર્થે પોતાના આસન પરથી ઊઠ્યા. તેઓ મહારાજ ધૃતરાષ્ટ્રને આગળ કરીને શ્રીકૃષ્ણ વગેરે ભાઈ-બંધુઓની સાથે હસ્તિનાપુરમાં આવ્યા. નગરમાં પ્રવેશ કરતી વખતે ત્યાં દેવતાઓ અને બ્રાહ્મણોનું પૂજન કર્યું. પાંચે ભાઈઓ સજી-ધજીને રથ પર સવાર થયા હતા. મહારાજ યુધિષ્ઠિરની પાછળ એક રથ પર યુયુત્સુ હતો. એક સોનાના રથ પર બેઠેલા સાત્યકિ સાથે ભગવાન શ્રીકૃષ્ણ હતા. આ રીતે યુધિષ્ઠિરે નગરમાં પ્રવેશ કર્યો. તેમની આ યાત્રા અદ્‌ભુત હતી.

જ્યારે હસ્તિનાપુરમાં ધર્મરાજની સવારી નીકળી ત્યારે નાગરિકોએ આખા નગર અને રાજમાર્ગોને સુંદર રીતે સજાવ્યા હતા. માર્ગો પર પુષ્પો બિછાવવામાં આવ્યાં હતાં. આ પ્રમાણે મહારાજ યુધિષ્ઠિરે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

તે સમયે બધા રાજસેવકો અને નગરજનોએ તેમની પાસે આવીને પ્રણામ કર્યા. તેઓ બોલ્યા, 'બહુ સૌભાગ્યની વાત છે કે તમે ધર્મ અને બળના પ્રતાપે પુનઃ પોતાનું ગુમાવેલું રાજ્ય પાછું મેળવ્યું છે.'

રાજદ્વાર પર માંગલિક વચનોથી બ્રાહ્મણોએ તેમનો સત્કાર કર્યો તથા આશીર્વાદ આપ્યા. તે બધાનો યથાયોગ્ય સ્વીકાર કરીને મહારાજ રાજભવનમાં પધાર્યા. એ જ સમયે જયજયકાર સાથે શંખ અને

દુંદુભિઓનો અવાજ થવા લાગ્યો.

દુર્યોધનનો મિત્ર ચાર્વાક પોતે બ્રાહ્મણ છે એવી ખોટી ઓળખ આપીને બ્રાહ્મણો સાથે યુધિષ્ઠિરના સમારંભમાં ઘુસી ગયો. બ્રાહ્મણવેશમાં છુપાયેલા રાક્ષસ ચાર્વાકે કહ્યું, 'યુધિષ્ઠિર! અત્યારે હું બધા બ્રાહ્મણો તરફથી બોલી રહ્યો છું. તમને ધિક્કાર છે. તમે અત્યંત દુષ્ટ રાજા છો. તમે પોતાના ભાઈ-બંધુઓની હત્યા કરી છે.'

તેની વાત સાંભળીને રાજા બહુ વ્યાકુળ થઈને બોલ્યા, 'હું અત્યંત વિનીત થઈને તમને પ્રાર્થના કરી રહ્યો છું. તમે મારા પર પ્રસન્ન થાઓ. અત્યારે મારા પર મોટી આફત છે, આવા સમયે તમારું મને ધિક્કારવું યોગ્ય નથી.'

યુધિષ્ઠિરની વાત સાંભળીને બ્રાહ્મણો બોલી ઊઠ્યા, 'આ અમારી વાત નથી કહેતો. અમે તો આશીર્વાદ આપીએ છીએ કે તમારી રાજ્યલક્ષ્મી શાશ્વત રહે.' પછી તે મહાત્માઓએ જ્ઞાનદૃષ્ટિથી તેને ઓળખી લીધો અને રાજા યુધિષ્ઠિરને કહ્યું, 'આ તો દુર્યોધનનો મિત્ર ચાર્વાક નામનો રાક્ષસ છે. અત્યારે સંન્યાસીનો વેશ લઈને તેનું હિત કરવા ઇચ્છે છે. અમે તમને આવી કોઈ વાત કહેતા નથી. તમારું અને તમારા ભાઈઓનું કલ્યાણ થાઓ.' ત્યારપછી તે બધા બ્રાહ્મણોએ ક્રોધિત થઈને રાક્ષસને મારી નાખ્યો. બ્રાહ્મણોના તેજથી તે ભસ્મ થઈને પડી ગયો. રાજાએ તે બધા બ્રાહ્મણોની પૂજા કરી. તેઓ તેમનું અભિનંદન કરીને ત્યાંથી વિદાય થઈ ગયા. આથી રાજા અને તેમના સંબંધીઓને ભારે પ્રસન્નતા થઈ.

મહારાજ યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક અને એમણે કરેલું સંબંધીઓનું શ્રાદ્ધ

રાજા યુધિષ્ઠિર રોષ અને સંતાપથી મુક્ત થઈને સોનાના સિંહાસન પર બિરાજમાન થયા. તેમના તરફ મુખ કરીને એક પ્રકાશિત સિંહાસન પર સાત્યકિ અને શ્રીકૃષ્ણ બેઠા તથા મહારાજની બંને બાજુ ભીમ અને અર્જુન સુશોભિત થયા.

શ્રીકૃષ્ણની આજ્ઞાથી પુરોહિત ધૌમ્યે શાસ્ત્રોક્ત વિધિથી વેદી બનાવી. ત્યાર પછી આસન પર મહારાજ યુધિષ્ઠિર અને દ્રૌપદીને બેસાડીને તેમની પાસે વેદમંત્રો દ્વારા વિધિપૂર્વક હવન કરાવ્યો. હવે ભગવાન શ્રીકૃષ્ણ ઊભા થયા અને શંખમાં જળ ભરીને ધર્મરાજનો

અભિષેક કર્યો. અભિષેક થતાં જ વિવિધ વાજિંત્રોનો ઘોષ થવા લાગ્યો. મહારાજે ધર્માનુસાર પ્રજાની ભેટોનો સ્વીકાર કર્યો. બ્રાહ્મણોએ પ્રસન્ન થઈને 'મંગળ થાઓ, જય થાઓ' કહીને આશીર્વાદ આપ્યા. ત્યાર બાદ ત્યાં ઉપસ્થિત સજ્જનોએ ધર્મરાજનો સત્કાર કર્યો.

પ્રજાના અભિનંદનનો જવાબ આપતા મહારાજ યુધિષ્ઠિરે કહ્યું, 'મહારાજ ધૃતરાષ્ટ્ર મારા પિતા છે. જે લોકો મારું પ્રિય ઇચ્છતા હોય તેમણે તેમની આજ્ઞામાં રહેવું અને તેમને જે ઇષ્ટ જણાય તે જ કરવું. તમે બધા મારી પ્રાર્થનાનો હૃદયથી સ્વીકાર કરો.'

ત્યાર પછી ધર્મરાજે સૌને વિદાય કર્યા.

ત્યારપછી રાજા યુધિષ્ઠિરે યુદ્ધમાં માર્યા ગયેલા પોતાના કુટુંબીઓનાં અલગ-અલગ શ્રાદ્ધ કરાવ્યાં. તેમણે હજારો બ્રાહ્મણોને ધન, રત્ન, ગાયો અને વસ્ત્રો આપીને સંતુષ્ટ કર્યા. એ સિવાય જે રાજાઓના પુત્ર વગેરે જીવિત ન હતા તેમનું પણ શ્રાદ્ધ કરાવ્યું.

રાજા યુધિષ્ઠિરે રાજ્ય પ્રાપ્ત કર્યા પછી બ્રાહ્મણોને સોનામહોરો દાનમાં આપી. ગરીબોની પણ કામના પૂરી કરી. ધૃતરાષ્ટ્ર, ગાંધારી તથા વિદુરજીની સેવામાં પોતાના સંપૂર્ણ રાજ્યનું સમર્પણ કરીને યુધિષ્ઠિર નિશ્ચિંત અને સુખી થઈ ગયા.

યુધિષ્ઠિરનો શ્રીકૃષ્ણની આજ્ઞાથી પિતામહ ભીષ્મ પાસે જવાનો નિરધાર

આ પ્રમાણે નગરના બધા પ્રજાજનોને સંતુષ્ટ કરીને તેઓ ભગવાન શ્રીકૃષ્ણની પાસે ગયા અને હાથ જોડીને બોલ્યા, 'આપની કૃપાથી જ અમને રાજ્ય મળ્યું છે, આપની કૃપાથી જ અમે વિજયી થયા અને ધર્મથી ચ્યુત ન થયા. હું આપનો શરણાગત ભક્ત છું અને આપને નમસ્કાર કરું છું.' હવે તમે મારું કર્તવ્ય બતાવો.

યુધિષ્ઠિરની પ્રાર્થના સાંભળીને શ્રીકૃષ્ણ પ્રસન્નતાથી બોલ્યા, 'અત્યારે બાણશય્યા પર સૂતેલા પિતામહ મારું ધ્યાન કરી રહ્યા છે. તેથી મારું મન પણ તેમની સાથે જોડાઈ ગયું છે. કૌરવવંશનો ભાર ઉપાડનારા ભીષ્મરૂપી સૂર્ય જે સમયે અસ્ત થઈ જશે, ત્યારે મોટાભાગનો જ્ઞાનપ્રકાશ નષ્ટ થઈ જશે. તેથી હું તમને ત્યાં જવા માટે કહું છું.'

શ્રીકૃષ્ણની વાત સાંભળીને યુધિષ્ઠિર ગદ્‌ગદ્ થઈ ગયા અને બોલ્યા, 'જો આપ મારા પર અનુગ્રહ કરવા ઇચ્છતા હો તો આપની સામે અમે પિતામહ ભીષ્મની પાસે જવાનો વિચાર કરીએ છીએ. સૂર્ય

ઉત્તરાયણ થતાં જ તેઓ દેહત્યાગ કરશે. તેથી હવે તેમને પણ આપનાં દર્શન થવાં જ જોઈએ.'

ધર્મરાજની વાત સાંભળીને સાત્યકિએ કહ્યું, 'તમે રથ તૈયાર કરાવો.' આજ્ઞા મળતાં સાત્યકિએ બહાર આવીને દારૂકને કહ્યું, 'ભગવાન શ્રીકૃષ્ણનો રથ તૈયાર કરો. રથ તૈયાર કરીને દારુક ભગવાન પાસે ગયો અને હાથ જોડીને ભગવાનને રથ તૈયાર હોવાનું જણાવ્યું.

ભીષ્મ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ

જ્યારે દક્ષિણાયન સમાપ્ત થયું અને સૂર્ય ઉત્તર માર્ગ પર આવી ગયા તે સમયે ભીષ્મજીએ ધ્યાનમગ્ન થઈને મનને પરમાત્મામાં જોડી દીધું. બાણશય્યા પર તેઓ હાથ જોડીને શ્રીકૃષ્ણનું ધ્યાન કરવા લાગ્યા. ધ્યાન કરતાં કરતાં તેમના કંઠનો અવાજ સ્પષ્ટ સંભળાવા લાગ્યો. તેઓ ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. ભીષ્મજીનું મન શ્રીકૃષ્ણમાં પરોવાયેલું હતું.

શ્રીકૃષ્ણ પિતામહ ભીષ્મનો ભક્તિભાવ જોઈને તરત જ રથ પર બેસી ગયા.

શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિર જ્યાં ભીષ્મજી બાણશય્યા પર સૂતા હતા ત્યાં આવ્યા. દૂરથી એમને જોઈને શ્રીકૃષ્ણ, પાંડવો અને કૃપાચાર્ય વગેરે પોતપોતાના રથ પરથી ઊતરી પડ્યા અને જ્યાં ઋષિઓની મંડળી બેઠી હતી, ત્યાં આવ્યા. ત્યાં પ્રથમ વ્યાસજી વગેરે મહર્ષિઓને પ્રણામ કરી તેઓ ભીષ્મજીની સેવામાં ઉપસ્થિત થયા.

ત્યારપછી શ્રીકૃષ્ણે પિતામહને કહ્યું, 'તમારે બાણોના પ્રહારો સહેવાનું જે કષ્ટ વેઠવું પડ્યું છે તેનાથી તમારા શરીરમાં પીડા તો થતી નથી ને? કેમકે માનસિક દુઃખથી શારીરિક દુઃખ વધારે પ્રબળ હોય છે. તમને એક વિનંતી છે. રાજા યુધિષ્ઠિર પોતાના કુટુંબીઓ અને સગાં-સંબંધીઓનો નાશ થવાથી ઘણા દુઃખી થઈ રહ્યા છે. તેમનો શોક દૂર કરવાની કૃપા કરો.'

શ્રીકૃષ્ણ સામે જોવા ભીષ્મે સહેજ માથું ઊંચું કર્યું અને હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા, 'સંપૂર્ણ લોકની ઉત્પત્તિ અને પ્રલયના કારણભૂત હે શ્રીકૃષ્ણ! આપને હું નમસ્કાર છે. હું આપનો શરણાગત ભક્ત છું અને અભીષ્ટ ગતિ પ્રાપ્ત કરવા ઇચ્છું છું. તો મારું કલ્યાણ થાય તેવી આપ કૃપા કરો.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'મારામાં તમારી પરાભક્તિ છે, તેથી મેં તમને મારા દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. આ દેવતાઓ અને વસુઓ વિમાનમાં બેસીને આકાશમાં અદૃશ્યરૂપે સૂર્ય ઉત્તરાયણ થતાં તમારા આવવાની રાહ જોઈ રહ્યા છે. જ્ઞાની પુરુષો જે લોકમાં જઈને પાછા આ સંસારમાં આવતા નથી ત્યાં તમે પણ જશો. તેથી તમે યુધિષ્ઠિરને ધર્મ, અર્થ અને યોગની યથાર્થ વાતો સંભળાવીને તેમનો શોક દૂર કરવાની કૃપા કરો.'

ભીષ્મે બે હાથ જોડીને કહ્યું, 'આપ જગતના કર્તા અને સનાતન પુરુષ છો. તમારી ઉપસ્થિતિમાં મારા જેવો માણસ કઈ રીતે ઉપદેશ આપી શકે? શું ગુરુ હાજર હોય ત્યારે શિષ્ય ઉપદેશ આપવાનો અધિકારી છે?'

શ્રીકૃષ્ણે કહ્યું, 'તમે સઘળા વિષયોના જ્ઞાતા છો. હું તમને વરદાન આપું છું, તેનો સ્વીકાર કરો. હવેથી તમને ન દુઃખ થશે કે ન મૂર્છા, ન બળતરા થશે કે ન રોગ, ભૂખ-તરસ પણ નિવૃત્ત થઈ જશે. તમારા અંતઃકરણમાં સઘળું જ્ઞાન પ્રકાશિત થઈ જશે. તમે દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરીને જ્ઞાનદૃષ્ટિથી સંસાર-બંધનમાં પડનારા જીવોનો પણ સાક્ષાત્કાર કરી શકશો.'

ત્યારપછી વ્યાસજી વગેરે સર્વ મહર્ષિઓએ ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન કર્યું. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. એ જ સમયે સૂર્યદેવ પશ્ચિમમાં અસ્ત થતા દેખાયા. પાંડવો સહિત શ્રીકૃષ્ણ, સંજય તથા કૃપાચાર્યે બધાને પ્રણામ કર્યા. ત્યાર બાદ મહર્ષિઓ તેમના દ્વારા સન્માનિત થઈને, 'કાલે ફરી મળીશું' એમ કહીને પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. ત્યારપછી શ્રીકૃષ્ણ અને પાંડવોએ પણ જવા માટે પિતામહની આજ્ઞા લીધી અને ત્યાંથી પ્રસ્થાન કરી ગયા.

ભગવાન શ્રીકૃષ્ણ અડધો પ્રહર રાત શેષ રહી ત્યારે જાગી ગયા અને પોતાના બ્રહ્મસ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. ત્યાર બાદ તેમણે પ્રાતઃસ્નાન કર્યું. પછી સાત્યકિને આજ્ઞા આપી, 'રાજમહેલમાં જઈને જુઓ કે રાજા યુધિષ્ઠિર પિતામહના દર્શન માટે જવા તૈયાર થઈ ગયા કે નહિ?'

શ્રીકૃષ્ણની આજ્ઞા મળતાં સાત્યકિ રાજા પાસે ગયા અને કહેવા લાગ્યા, 'પ્રભુ પિતામહ પાસે જવા તૈયાર થઈ ગયા છે. માત્ર તમારી રાહ જુએ છે.'

આ સાંભળીને યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું, 'ધનંજય! મારો રથ તૈયાર કરાવો.'

યુધિષ્ઠિરની આજ્ઞા પ્રમાણે અર્જુને એવી જ વ્યવસ્થા કરી. રથ તૈયાર થતાં પાંડવો તેમાં બેસીને શ્રીકૃષ્ણના મહેલ પર ગયા. તેમના પહોંચ્યા પછી સાત્યકિ સહિત શ્રીકૃષ્ણ પણ રથમાં બેઠા. રથમાં બેઠાં બેઠાં જ બધાએ એકબીજાને પૂછ્યું, 'રાત કુશળતાપૂર્વક વીતી છે ને?'

પછી પરસ્પર વાતો કરતા રહીને બધાએ કુરુક્ષેત્ર તરફ પ્રયાણ કર્યું, જ્યાં ભીષ્મજી બાણશય્યા પર શયન કરી રહ્યા હતા. થોડીવારમાં તેઓ ત્યાં પહોંચી ગયાં અને ભીષ્મજીનાં દર્શન કર્યાં.

શ્રીકૃષ્ણ અને ભીષ્મજીનો વાર્તાલાપ

યુધિષ્ઠિર, ધૃતરાષ્ટ્ર, શ્રીકૃષ્ણ, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ પિતામહ પાસે જઈને શોક કરવા લાગ્યા.

ત્યારે નારદજીએ સૌને કહ્યું, 'પિતામહ ભીષ્મ ભગવાન સૂર્યની જેમ હવે અસ્ત થવાના છે. તેથી આ સમય એમને કાંઈક પૂછવાનો છે. તેથી તમે લોકો તમારા મનની શંકાઓ વિશે પૂછો.'

નારદજીના કહેવાથી બધા પિતામહની નજીક આવી ગયા, પરંતુ કોઈએ પણ તેમને કાંઈ પૂછવાનું સાહસ ન કર્યું. ત્યારે યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને કહ્યું, 'આપના સિવાય બીજું કોઈ નથી જે પિતામહને પ્રશ્ન પૂછી શકે, તેથી આપ જ પ્રથમ વાતચીત શરૂ કરો. અમારા બધામાં તો સૌથી મોટા ધર્મજ્ઞ આપ જ છો.'

યુધિષ્ઠિરના કહેવાથી શ્રીકૃષ્ણે પિતામહને પૂછ્યું, 'તમારી રાત સુખેથી પસાર થઈ છે ને? હવે તમારા દેહમાં પીડા તો થતી નથી ને?'

ભીષ્મ પિતામહે કહ્યું, 'મારા શરીરની બળતરા, મનનો મોહ, થાક, વ્યાકુળતા, શોક આ બધાં આપની કૃપાથી દૂર થઈ ગયાં હતાં. આપની કૃપાથી મારામાં ઉપદેશ આપવાની શક્તિ આવી ગઈ છે. તોપણ હું પૂછું છું કે આપ સ્વયં યુધિષ્ઠિરને ઉપદેશ કેમ આપતા નથી?'

શ્રીકૃષ્ણે કહ્યું, 'મૃત્યુમાંથી ઊગરી ગયેલા રાજાઓ તથા પાંડવો તમારી પાસે ધર્મજિજ્ઞાસાથી બેઠા છે, તમે તેમને ઉપદેશ આપો. તમે શાસ્ત્રોનું અધ્યયન અને સદાચારનું પાલન કર્યું છે, અન્ય ધર્મોના પણ તમે વિશેષજ્ઞ છો. તેથી તમે આ લોકોને અવશ્ય ઉપદેશ આપો.'

શ્રીકૃષ્ણની વાત સાંભળીને પિતામહ બોલ્યા, 'આપની કૃપાથી અત્યારે મારું મન સ્થિર છે અને વાણીમાં પણ શક્તિ આવી ગઈ છે. હવે યુધિષ્ઠિર મને ધર્મ વિશે પ્રશ્ન કરે, એનાથી મને પ્રસન્નતા થશે અને હું તમામ ધર્મોનો ઉપદેશ કરી શકીશ.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'ધર્મરાજને તમારી પાસે આવતાં સંકોચ થઈ રહ્યો હતો, તેઓ પોતાને અપરાધી માનીને ભયભીત છે. આ યુદ્ધથી ગુરુજન, સંબંધી, બંધુ-બાંધવો બધાને મૃત્યુના મુખમાં પહોંચાડી દીધા, એ જ ડરથી તેઓ તમારી પાસે આવતા ડરે છે.'

પિતામહ બોલ્યા, 'જો કોઈ યુદ્ધમાં અસત્યના માર્ગે ચાલી રહ્યો હોય તો યુદ્ધમાં તેનો વધ કરવો એ ધર્મ જ છે. સંગ્રામમાં શત્રુના લલકારવાથી ક્ષત્રિય માટે લડવું અનિવાર્ય બની જાય છે. યુદ્ધ ક્ષત્રિય માટે ધર્મનું પોષક, સ્વર્ગ પ્રદાન કરાવનારું અને લોકમાં યશ અપાવનારું છે.'

પિતામહના કહેવાથી યુધિષ્ઠિર અત્યંત વિનયપૂર્વક તેમની પાસે ગયા અને તેમના ચરણોમાં મસ્તક નમાવી દીધું. પિતામહ ભીષ્મે આશ્વાસન આપીને તેમને પ્રસન્ન કર્યા અને કહ્યું, 'બેસી જાઓ, ડરો નહિ, સંકોચ છોડીને જે પૂછવું હોય તે પૂછો.'

યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ અને પિતામહને પ્રણામ કરીને સમસ્ત ગુરુજનોની આજ્ઞા લઈને પ્રશ્ન કર્યો.

યુધિષ્ઠિર બોલ્યા, 'ધર્મના જ્ઞાતા એવું માને છે કે રાજાનો રાજધર્મ શ્રેષ્ઠ છે, તેથી તમે મને રાજધર્મને વિસ્તારથી જણાવો. મારા માટે રાજધર્મનું જ નિરૂપણ કરો, કેમ કે તમે સર્વ ધર્માત્માઓમાં શ્રેષ્ઠ છો. અમને બધાને તમારા દ્વારા જ શાસ્ત્રોનું રહસ્ય જ્ઞાત થઈ શકશે.'

પિતામહે કહ્યું, 'હું ધર્મને, શ્રીકૃષ્ણને અને બધા બ્રાહ્મણોને નમસ્કાર કરીને સનાતન ધર્મોનું વર્ણન કરી રહ્યો છું. રાજાએ વિજય માટે નિરંતર પુરુષાર્થ કરતાં રહેવું, પુરુષાર્થ વિના માત્ર દૈવથી રાજાઓનું કાર્ય સિદ્ધ થતું નથી. જો આરંભેલું કાર્ય સફળ ન થાય તો તેના માટે મનમાં દુઃખી ન થવું, પોતે હંમેશાં પ્રયત્નમાં જ લાગ્યા રહેવું એ જ રાજાઓની મુખ્ય નીતિ છે. ધર્માત્મા રાજાએ પણ પોતાની ભલાઈનો વિચાર ન રાખીને, જેમાં સર્વનું હિત હોય, તે જ કામ કરવું જોઈએ.

'હે પાંડુનંદન! તમે ધૈર્યને કદી છોડશો નહિ. જે અપરાધીઓને દંડ કરવામાં સંકોચ કરતો નથી અને સદા ધૈર્ય રાખે છે, તે રાજાને ક્યારેય ભય લાગતો નથી. રાજા જ્યારે હસી-મજાક સાથે કોમળ સ્વભાવનો બની જાય છે ત્યારે બધા દોષો પ્રકટ થઈ જાય છે.'

આ સાંભળીને વ્યાસજી, દેવસ્થાન, વાસુદેવ, કૃપાચાર્ય, સાત્યકિ અને સંજય બહુ પ્રસન્ન થયા અને 'બહુ સરસ!' કહીને તેમની પ્રશંસા કરવા લાગ્યા. પછી યુધિષ્ઠિરે અશ્રુભીની આંખે તેમના ચરણોને સ્પર્શ

કર્યો અને કહ્યું, 'સૂર્યાસ્ત થવાની તૈયારી છે, તેથી હવે કાલે હું તમને મારી શંકા વિશે પૂછીશ.'

ત્યારબાદ શ્રીકૃષ્ણ, કૃપાચાર્ય અને યુધિષ્ઠિર વગેરે પાંડવો બ્રાહ્મણોને નમસ્કાર કરીને પિતામહની પરિક્રમા કરી હસ્તિનાપુર ગયા.

બ્રહ્માજીના નીતિશાસ્ત્રનું વર્ણન

બીજા દિવસે પ્રાતઃકાળે જ સૌ નિત્યકર્મથી નિવૃત્ત થઈ રથોમાં બેસીને કુરુક્ષેત્ર તરફ ચાલ્યા. ત્યાં પિતામહ પાસે પહોંચીને તેમણે વ્યાસ વગેરે મહર્ષિઓને પ્રણામ કર્યા. રાજા યુધિષ્ઠિરે પિતામહના ચરણોમાં મસ્તક નમાવી, હાથ જોડીને પૂછ્યું, 'જગતમાં આ જે 'રાજા' શબ્દ પ્રસિદ્ધ છે, તે કઈ રીતે પ્રચલિત થયો એ મને જણાવવાની કૃપા કરો.'

પિતામહ બોલ્યા, 'સત્યયુગના આરંભમાં રાજ્ય કે રાજા નામની કોઈ વસ્તુ ન હતી. તે સમયે ન કોઈ દંડ હતો કે ન કોઈ દંડ આપનાર હતું. સમસ્ત પ્રજા ધર્મ અનુસાર એકબીજાની રક્ષા કરતી હતી. માનવસમાજમાં વેદોનો લોપ થવાથી ધર્મમર્યાદા જ નષ્ટ થઈ ગઈ. આના કારણે દેવતાઓ ભારે ત્રસ્ત થઈ ગયા અને તેઓ બ્રહ્માજીના શરણે ગયા. બ્રહ્માજીને તેમણે હાથ જોડીને કહ્યું, 'મનુષ્યલોકમાં લોભ-મોહ વગેરે દૂષિત ભાવોએ ધર્મને નષ્ટ કરી નાખ્યો છે, તેથી અમને બહુ ભય લાગી રહ્યો છે. વેદનો નાશ થવાથી ધર્મ પણ નાશ પામ્યો છે. તમે અમારા માટે કોઈ હિતકર હોય એવો ઉપાય વિચારો.'

ત્યારે બ્રહ્માજીએ તેમને કહ્યું, 'દેવતાઓ! ગભરાશો નહિ. હું તમારા કલ્યાણનું કોઈ સાધન વિચારું છું.'

પછી એમણે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - આ ચાર પદાર્થોના લક્ષણ અને તેમને પ્રાપ્ત કરવાના ઉપાયો તથા મનુષ્યનું પતન ન થાય તેવાં સાધનોનું વર્ણન કરતાં આ નીતિશાસ્ત્રની રચના કરી. બ્રહ્માજી બહુ પ્રસન્ન થયા અને તેમણે ઇન્દ્રાદિ દેવતાઓને કહ્યું, ભરતશ્રેષ્ઠ! 'આ પ્રમાણે રાજાઓનું જે મહત્ત્વ છે, તે બ્રહ્માજીએ નીતિશાસ્ત્ર સંભળાવી વર્ણવ્યું.'

રાજધર્મની મહત્તા

રાજા યુધિષ્ઠિરે પિતામહને પ્રણામ કરીને પૂછ્યું, 'હવે તમે એવા ધર્મોનું વર્ણન કરવાની કૃપા કરો જે બધી રીતે કલ્યાણકારી, સુખદ અને સર્વમાન્ય હોય.'

પિતામહ બોલ્યા, 'ધર્મનો મહિમા મહાન છે, તેથી હું શ્રીકૃષ્ણ અને ઉપસ્થિત બ્રાહ્મણોને નમસ્કાર કરીને સનાતન ધર્મનું વર્ણન કરું છું. તપસ્વી નિરપેક્ષ અને ઉદાર હોય છે. તેને અક્ષય લોક પ્રાપ્ત થાય છે. જે પુરુષ જે પ્રકારનું કર્મ કરે છે, તેનાથી તેમાં તેવો જ ગુણ આવી જાય છે. ક્ષત્રિયે ક્ષાત્રધર્મ અનુસાર પ્રજાનું પાલન કરવું જોઈએ, રાજસૂય, અશ્વમેધ તથા બીજા યજ્ઞોનું તે અનુષ્ઠાન કરે, શાસ્ત્રની આજ્ઞા અનુસાર બ્રાહ્મણોને દક્ષિણા આપે, સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરે, પછી પ્રજાની રક્ષા માટે રાજગાદી પર પોતાના પુત્રનો અભિષેક કરે અને જો પુત્ર યોગ્ય ન હોય તો કોઈ અન્ય ક્ષત્રિયકુમારને ગોદ લઈને રાજ્યનો અધિકારી બનાવે. રાજધર્મમાં બધા પ્રકારની દીક્ષાઓનો સમાવેશ છે અને સંપૂર્ણ વિદ્યાઓનું વર્ણન છે. સમસ્ત લોક પણ રાજધર્મને જ અધીન છે. તેથી ક્ષત્રિયને માટે તો રાજધર્મ જ બધાથી શ્રેષ્ઠ છે. સમસ્ત લોક અને પુણ્યકર્મોનો આધાર રાજધર્મ જ છે.'

રાજધર્મમાં ચારે આશ્રમોનું વર્ણન

રાજા યુધિષ્ઠિરે કહ્યું, 'પિતામહ! તમે મનુષ્યોના ચાર આશ્રમ બતાવ્યા છે, તો હવે તમે તેમનું વિસ્તારથી વર્ણન કરો.'

પિતામહ બોલ્યા, 'યુધિષ્ઠિર! આમ તો સનાતન ધર્મોનું જેવું જ્ઞાન મને છે, એવું તમને પણ છે. તેમ છતાં તમે મને પૂછો છો, તો સાંભળો. સદાચારમાં પ્રવૃત્ત થઈને ચારે આશ્રમોના ધર્મોનું પાલન કરનારા લોકોને જે ફળની પ્રાપ્તિ થાય છે, રાગ-દ્વેષ છોડીને દંડનીતિ અનુસાર વર્તનારા રાજાને પણ તે જ ફળ પ્રાપ્ત થાય છે. જે રાજા વૃદ્ધ અને પ્રાણીઓ પ્રતિ દયા રાખે છે, તે રાજાને બધા પ્રકારના પુણ્યલોક પ્રાપ્ત થઈ શકે છે. જ્યારે મનુષ્યના હૃદયમાં સાંસારિક ભોગોની આસક્તિ રહેતી નથી, ત્યારે તે સત્ત્વગુણમાં સ્થિત થઈ જાય છે અને તેને તે જ સમયે પરબ્રહ્મની પ્રાપ્તિ થઈ જાય છે.'

તમે વેદોના અધ્યયનમાં પરોવાયેલા બ્રાહ્મણોની તથા બીજા બધા લોકોની રક્ષાનો પ્રયત્ન કરો. વનમાં અને જુદા જુદા આશ્રમોમાં રહીને લોકો જેટલો ધર્મ પાળે છે, તેમની રક્ષા કરવાથી રાજાને તેનાથી ચારગણું પુણ્ય મળે છે. જો તમે પ્રજાપાલનમાં તત્પર રહેશો તો ચારે આશ્રમ અને ચારે વર્ણોના ધર્માચરણનું ફળ પ્રાપ્ત કરશો.'

રાજાની આવશ્યકતાનું નિરૂપણ

રાજા યુધિષ્ઠિરે કહ્યું, 'હવે મને રાષ્ટ્રનું મુખ્ય કર્તવ્ય શું છે તે કહેવાની કૃપા કરો.'

પિતામહ બોલ્યા, 'રાજાનો અભિષેક કરવો એ રાષ્ટ્રનું મુખ્ય કર્તવ્ય છે, કેમ કે સ્વામી અને સેના રહિત રાજ્યને લૂટારાઓ નષ્ટ કરી નાખે છે. જે દેશમાં કોઈ રાજા હોતો નથી, તેમાં ધર્મ પણ સ્થિર રહેતો નથી. દેવતાઓએ પ્રજાનું પાલન કરવા માટે રાજાનું સર્જન કર્યું છે. જો પૃથ્વી પર કોઈ દંડધારી રાજા ન હોય તો જળમાં મોટાં માછલાં નાની માછલીઓને ગળી જાય છે તેમ બળવાન લોકો દુર્બળોને ગળી જશે. રાજાથી વંચિત હોવાના કારણે પૂર્વકાળમાં મોટા પ્રમાણમાં પ્રજાજનો નષ્ટ થઈ ગયા હતા. ત્યારે દુઃખી પ્રજાજનોએ બ્રહ્માજીની પાસે જઈને કહ્યું, 'રાજા વિના તો અમે નષ્ટ થઈ જઈશું, તમે અમને કોઈ રાજા આપો.'

ત્યારે બ્રહ્માજીએ મનુને આજ્ઞા આપી, પરંતુ મનુએ રાજ્યભાર ઉપાડવાનો સ્વીકાર ન કર્યો. તેઓ કહેવા લાગ્યા, 'હું પાપથી બહુ ડરું છું, રાજ્ય ચલાવવું બહુ કઠણ કામ છે. ખાસ કરીને મનુષ્યોમાં તો આ વિશેષ કઠણ બની જાય છે, કેમ કે તેમનું આચરણ હંમેશાં અસત્યપૂર્ણ હોય છે.' પિતામહે યુધિષ્ઠિરને રાજધર્મ સમજાવ્યો.

રાજાનાં મુખ્ય કર્તવ્યો અને દંડનીતિની પ્રધાનતાનું વર્ણન

રાજા યુધિષ્ઠિરે પૂછ્યું, 'પિતામહ! રાજાનું મુખ્ય કર્તવ્ય શું છે? તેણે દેશની રક્ષા કઈ રીતે કરવી જોઈએ? પોતાના સેવકો, સ્ત્રી અને પુત્રો સાથે કઈ રીતે પોતાની વિશ્વસનીયતા સ્થાપવી જોઈએ?'

પિતામહ બોલ્યા, 'રાજાએ સર્વપ્રથમ પોતાના મનને જીતવું જોઈએ. ત્યારબાદ શત્રુઓને પણ પરાસ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. રાજાએ કિલ્લામાં, રાજ્યની સીમા પર તથા નગર અને જાહેર સ્થાનો પર સેના નિયુક્ત કરવી જોઈએ. પોતાના ગુપ્તચરો દ્વારા રાજાએ બજાર, સમાજ, સંન્યાસીઓ, બગીચા, પંડિતોની સભા, પ્રાંતો, સભાસ્થાનો અને ધર્મશાળાઓમાં રહેનારા શત્રુના ગુપ્તચરોનો પત્તો લગાવતા રહેવું જોઈએ. જે રાજા રાષ્ટ્રનું હિત ઇચ્છતો હોય તેણે હંમેશાં યુદ્ધમાં જ લાગ્યા ન રહેવું જોઈએ. જ્યારે કોઈ કાર્યમાં સફળતા મળે ત્યારે તેમાં સહાયતા

આપનારાઓનો યથોચિત પુરસ્કાર અને મધુર શબ્દોથી સત્કાર કરવો.'

યુધિષ્ઠિરે પૂછ્યું, 'દંડનીતિ અને રાજા આ બંને કઈ રીતે ઉપયોગ થવાથી સફળતા પ્રાપ્ત કરી શકે છે, એ મને સમજાવો.'

પિતામહ બોલ્યા, 'દંડનીતિ દ્વારા રાજા અને પ્રજાનું જે મહાભાગ્ય સિદ્ધ થાય છે તેનું હું વર્ણન કરું છું, તે તમે સાંભળો. જો રાજા દંડનીતિનો યોગ્ય રીતે પ્રયોગ કરે છે તો તે નીતિ ચારે વર્ણોને પોતાના ધર્મોમાં સ્થિત રાખે છે અને તેમને અધર્મ તરફ જતાં રોકે છે. રાજા જ્યારે દંડનીતિના ચતુર્થાંશનો ત્યાગ કરીને ત્રણ અંશમાં વર્તવા લાગે છે ત્યારે ત્રેતાયુગ શરૂ થઈ જાય છે. તે સમયે ધર્મના ત્રણ અંશોની સાથે અધર્મનો એક અંશ પણ કાર્યરત રહે છે. દ્વાપર યુગમાં બે અંશો અને કળિયુગમાં એક અંશ રહે છે. કળિયુગમાં અધર્મની જ બોલબાલા હોય છે, ધર્મનાં તો દર્શન પણ દુર્લભ થઈ જાય છે. દંડનીતિનો જો યથાર્થ ઉપયોગ કરવામાં આવે તો રાજા લોકોની સુચારુ વ્યવસ્થા અને પાલન કરે છે. તેથી યુધિષ્ઠિર! તમે નીતિનિષ્ઠ થઈને ધર્માનુસાર પ્રજાપાલન કરો. તેથી તમે સ્વર્ગલોકને પ્રાપ્ત કરી શકશો.'

યુધિષ્ઠિરે પૂછ્યું, 'પિતામહ! રાજાનો વ્યવહાર કેવો હોવો જોઈએ, જેથી તે પ્રજાને ઉન્નતિશીલ બનાવે અને સ્વયં પણ પુણ્યલોક પર અધિકાર પ્રાપ્ત કરે?'

પિતામહે કહ્યું, 'રાજાએ હંમેશા દાન, યજ્ઞ, ઉપવાસ અને તપસ્યા વગેરે શુભ કર્મોનું અનુષ્ઠાન કરતા રહીને ધર્મપૂર્વક પ્રજાનું પાલન કરવું જોઈએ. જેમ બધાં પ્રાણીઓ મેઘોના અને પક્ષીઓ વૃક્ષોના સહારે જીવનનિર્વાહ કરે છે, તે જ પ્રમાણે બધા મનુષ્યો રાજાને સહારે જીવનનિર્વાહ કરે છે. જે રાજા કામી, ક્રૂર અને લોભી હોય છે, તે પ્રજાનું પાલન કરી શકતો નથી.'

યુધિષ્ઠિરે કહ્યું, 'હું મારા સુખને માટે એક ક્ષણ પણ રાજ્યની ઇચ્છા કરતો નથી. મને તો ધર્મને માટે જ રાજ્ય પસંદ છે, પરંતુ આમાં ધર્મ નથી. હવે તો હું ધર્મ માટે વનમાં જઈશ અને ત્યાંની પવિત્ર વનરાજીમાં રહીને ધર્મની આરાધના કરીશ. રાજદંડનો બધી રીતે ત્યાગ કરી દઈશ અને મુનિની જેમ ફળ-મૂળનો આહાર કરીને જીવન વિતાવીશ.'

પિતામહે કહ્યું, 'હું જાણું છું કે તમારી બુદ્ધિમાં મૃદુતા વિશેષ છે પરંતુ રાજા માટે એ ગુણ કામનો નથી. ફક્ત કોમળ સ્વભાવની વ્યક્તિ રાજ્ય

કરી શકે નહિ. રાજધર્મનો જ્ઞાતા પુરુષ રાજ્ય પ્રાપ્ત કર્યા પછી કોઈને દાનથી, કોઈને બળથી અને કોઈને મધુર વાણીથી વશમાં કરી લે છે.'

યુધિષ્ઠિરે પૂછ્યું, 'સ્વર્ગ પ્રાપ્ત કરવાનું ઉત્તમ સાધન શું છે?'

પિતામહે કહ્યું, 'મનુષ્ય પોતાના ધર્મ અનુસાર કર્મ કરીને સ્વર્ગનો અધિકારી બને છે. તેથી તમે પ્રસન્નતાથી કુરુદેશના રાજા બનો અને સત્પુરુષોની રક્ષા તથા દુષ્ટોનો સંહાર કરીને સ્વર્ગ પર અધિકાર પ્રાપ્ત કરો. જે રાજા શૂરવીર, પ્રહાર કરનારો, દયાળુ, પ્રજા પર સ્નેહ રાખનારો અને દાની હોય છે તેનો જ આશ્રય લઈને મનુષ્યો જીવનનિર્વાહ કરે છે.'

ઉત્તમ-અધમ બ્રાહ્મણો સાથે રાજાનો વર્તાવ

યુધિષ્ઠિરે કહ્યું, 'પિતામહ! કેટલાક બ્રાહ્મણો પોતાનાં વર્ણોચિત કર્મોમાં લાગ્યા રહે છે અને કેટલાક પોતાના વર્ણથી વિપરીત કર્મ કરે છે. તો બંનેને શું ફળ મળે એ મને સમજાવો.'

પિતામહે કહ્યું, 'જેઓ વિદ્વાન અને ઉત્તમ લક્ષણોથી સંપન્ન છે, જેમની સર્વત્ર સમાન દૃષ્ટિ છે, એવા બ્રાહ્મણો બ્રહ્માજી તુલ્ય છે. જેમણે પોતાનાં કર્તવ્ય કર્મોને છોડી દીધાં છે તથા જેઓ નિંદિત કર્મોમાં પ્રવૃત્ત થઈને બ્રાહ્મણત્વથી ભ્રષ્ટ થઈ ચૂક્યા છે તેવા બ્રાહ્મણો શૂદ્ર જેવા છે. રાજા કર્મભ્રષ્ટ બ્રાહ્મણોને કોઈ રીતે ક્ષમા ન કરે, બલકે ધર્મ પર અનુગ્રહ કરવા માટે તેમને દંડ આપીને ધર્માત્મા બ્રાહ્મણોની શ્રેણીથી અલગ કરી દે. વેદવેત્તા સ્નાતક જીવિકાનું કોઈ સાધન ન હોવાના કારણે ચોરી કરવા લાગે તો રાજાનું કર્તવ્ય છે કે તેના ભરણપોષણનો પ્રબંધ કરે. જીવિકા મળી જાય પછી પણ તે ચોરી કરવાનું ન છોડે, તો તેને તેના પરિવાર સહિત દંડિત કરવો.'

યુધિષ્ઠિરે પૂછ્યું, 'કયા કયા મનુષ્યોના ધન પર રાજાનો અધિકાર હોય છે?'

પિતામહે કહ્યું, 'રાજા બ્રાહ્મણ સિવાય અન્ય બધા વર્ણોનાં ધનનો સ્વામી હોય છે. જેઓ પોતાનાં કર્મોથી ભ્રષ્ટ થઈ ચૂક્યા છે તે બ્રાહ્મણોના ધન પર પણ રાજાનો અધિકાર બને છે. તેણે કર્મભ્રષ્ટ બ્રાહ્મણો વિશે બેદરકાર ન રહેવું જોઈએ. તેમને દંડ આપીને રસ્તે ચડાવવાનો રાજાનો ધર્મ છે. જો રાજ્યમાં કોઈ બ્રાહ્મણ ચોરી કરે તો તેનો અપરાધ રાજાને જ લાગે છે. તેથી બ્રાહ્મણોની સદા રક્ષા કરવી જોઈએ. સુરક્ષિત રહેવાથી તેઓ રાજાઓની રક્ષા કરે છે. યથાર્થ વહેવાર કરનારા રાજાઓને

બ્રાહ્મણોના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. તેથી તેમણે કર્મભ્રષ્ટ બ્રાહ્મણો પર નિયંત્રણ રાખવું જોઈએ. જે રાજા પોતાના નગર અને રાષ્ટ્રની પ્રજા સાથે ધર્મપૂર્ણ વર્તાવ કરે છે, તે આ લોકમાં સુખ ભોગવીને અંતે સ્વર્ગમાં ઇન્દ્રસમાન સુખ ભોગવે છે.

યુધિષ્ઠિરે પૂછ્યું, 'પિતામહ! રાજાના સભાસદ, સહાયક, સેનાપતિ, સુહૃદ, પરિચ્છદ તથા મંત્રી કેવા હોવા જોઈએ?'

પિતામહ બોલ્યા, 'જે લજ્જાવાન, સત્યવાદી, સરળ અને કોઈ પણ વિષય પર સારી રીતે બોલી શકે એવા હોય તેમને જ સભાસદ બનાવવા જોઈએ. મંત્રી, શૂરવીર, વિદ્વાન, બ્રાહ્મણ, સંતોષી તથા કાર્યમાં ઉત્સાહી મનુષ્યને જ સહાયક બનાવવાનો વિચાર કરવો. જે કુળવાન હોય, પોતાની શક્તિને છુપાવતો ન હોય; સુખમાં, દુઃખમાં, બીમારીમાં અથવા ઘાયલ થવા છતાં પણ ક્યારેય સાથ ન છોડતો હોય તે જ સુહૃદ બનાવવા યોગ્ય છે. જે પોતાના દેશમાં અને ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયા હોય; બુદ્ધિમાન, રૂપવાન, નિર્ભય તથા પ્રેમ રાખનારા હોય તે જ તમારી સેનાના સેનાપતિ થવાને યોગ્ય છે. સર્વગુણસંપન્ન અને લોકોની પ્રકૃતિને પરખનારો હોય, એવા પુરુષને જ સન્માનપૂર્વક મંત્રીપદે નિયુક્ત કરવો જોઈએ. જેનો શત્રુઓ સાથે સંબંધ હોય તથા નગરજનો પ્રત્યે જેની આદર-બુદ્ધિ ન હોય, તેને સેનાપતિ બનાવવો ન જોઈએ.'

યુધિષ્ઠિરે પૂછ્યું, 'રાજાએ સ્વયં નગરમાં કઈ રીતે રહેવું, પહેલાંની રાજધાનીમાં કે નવું નગર વસાવીને રહેવું?'

પિતામહે કહ્યું, 'જ્યાં સર્વ પ્રકારની સંપત્તિ પર્યાપ્ત માત્રામાં હોય એવા કિલ્લાઓનો આશ્રય લઈને નવું નગર વસાવવું જોઈએ. જ્યાં અનાજ અને અસ્ત્ર-શસ્ત્રો વિપુલ માત્રામાં હોય, જેની ચારે બાજુ ફરતી મજબૂત દીવાલ અને તેને અડીને ઊંડી તથા પહોળી ખાઈ બનેલી હોય, વિદ્વાનો અને કારીગરો રહેતા હોય, જરૂરી વસ્તુઓથી ભરેલા અનેક ભંડાર હોય, વેપાર માટેનું જાણીતું મથક હોય, જ્યાં પૂર્ણ શાંતિ હોય, જેમાં મોટા શૂરવીર અને ધનવાનો રહેતા હોય - એવા નગરમાં પોતાના વશમાં રહેનારા મંત્રીઓ તથા સેના સાથે રાજાએ નિવાસ કરવો જોઈએ.'

યુદ્ધનીતિનું વર્ણન

રાજા યુધિષ્ઠિરે પૂછ્યું, 'જો કોઈ ક્ષત્રિય રાજા બીજા ક્ષત્રિય રાજા પર ચડાઈ કરે તો તેણે તેની સાથે કઈ રીતે યુદ્ધ કરવું?'

પિતામહ બોલ્યા, 'જો તેણે કવચ ન પહેર્યું હોય તો તેની સાથે યુદ્ધ કરવું નહિ. જો કોઈ શત્રુ સંકટમાં હોય તો તેના પર પ્રહાર કરવો નહિ. જે ક્ષત્રિય ધર્મયુદ્ધમાં અધર્મનો આશ્રય લઈને વિજય પ્રાપ્ત કરે તે પાપી છે અને સ્વયં પોતાનો નાશ કરે છે. આ પ્રમાણે અધર્મ દ્વારા વિજય પ્રાપ્ત કરવો એ તો દુષ્ટ પુરુષનું કામ છે. સત્પુરુષે અધર્મને પણ ધર્મથી જીતવો જોઈએ. જે પ્રમાણે નદીકિનારે ઊભેલું વૃક્ષ મૂળ સાથે ઊખડીને નદીના પાણીમાં તણાઈ જાય છે તે જ પ્રમાણે પાપી પણ સમૂળ નષ્ટ થઈ જાય છે. અધર્મથી મેળવેલો વિજય અસ્થાયી અને સ્વર્ગપ્રાપ્તિમાં બાધક હોય છે. તે રાજા અને રાજ્ય બંનેને નષ્ટ કરી દે છે.

બંને સેનાઓ વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદ તેમની વચ્ચે સંધિ કરાવવા માટે કોઈ બ્રાહ્મણ આવી જાય તો તે જ સમયે યુદ્ધ બંધ કરી દેવું જોઈએ. જે રાજા પુરોહિત, આચાર્ય તથા અન્ય વિદ્વાનોનો સત્કાર કરે છે તે જ સદ્ગતિને પ્રાપ્ત થાય છે.'

રાજા યુધિષ્ઠિરે પૂછ્યું, 'યુદ્ધમાં વિજયનાં શુભ લક્ષણો કયાં કયાં છે તે હું જાણવા ઇચ્છું છું.'

પિતામહે કહ્યું, 'જે શુભ લક્ષણોને જોઈને સેના વિજયી થશે એવું અનુમાન કરવામાં આવે છે, તે વિશે કહું છું તે સાંભળો. જે સેનાનાં વાહનો અને સૈનિકો પ્રસન્ન અને ઉત્સાહી દેખાતા હોય તેનો વિજય અવશ્ય થાય છે. ધુમાડા વિનાની અગ્નિજ્વાળાઓ અથવા જમણી બાજુ જઈ રહેલી જ્વાળાઓ દેખાવી તથા હવનની પવિત્ર સુગંધ આવવી આ ભાવિ વિજયના શુભ સંકેતો છે. સેનાની કૂચ સમયે મૃગોનાં ટોળાં પાછળ અથવા ડાબી બાજુ દેખાવા તથા યુદ્ધ સમયે જમણે હોય તો સારાં શુકન મનાય છે, પરંતુ સામે દેખાય એ શુભ નથી. જો કાગડો યુદ્ધની શરૂઆત થાય ત્યારે જમણા ભાગે અને પ્રવિષ્ટ થઈ ગયા બાદ ડાબી બાજુ શબ્દ કરતો દેખાય તો શુભ છે. પાછળની બાજુ હોય તો પણ તે કાર્યની સિદ્ધિ કરે છે, પરંતુ સામે હોય તો વિજયમાં બાધા નાખે છે.'

માતા-પિતા અને ગુરુસેવાનો ઉપદેશ

યુધિષ્ઠિરે પૂછ્યું, 'ધર્મનો માર્ગ વિશાળ છે અને તેની અનેક શાખાઓ છે, એમાંથી કયા ધર્મને તમે સૌથી મુખ્ય અને વિશેષરૂપે આચરણ કરવા યોગ્ય માનો છો, જેનું અનુષ્ઠાન કરીને હું આ લોક અને પરલોકમાં પણ ધર્મનું ફળ પામી શકું.'

પિતામહ બોલ્યા, 'હું તો માતા-પિતા અને ગુરુજનોની પૂજાને જ સર્વશ્રેષ્ઠ ધર્મ સમજું છું. એનું પાલન કરનાર મનુષ્ય પુણ્યલોકો પામે છે. એને સંસારમાં પણ મહાન સુયશ મળે છે. માતા-પિતા અને ગુરુજનો જે કામ માટે આજ્ઞા આપે તે ધર્મને અનુકૂળ હોય તેનું પાલન કરવું જોઈએ. પિતાની સેવાથી આ લોકને, માતાની સેવાથી પરલોકને અને ગુરુની સેવાથી બ્રહ્મલોકને તમે તરી જશો. તેથી તમે હંમેશાં એમની સાથે સારો વર્તાવ કરો. આમ કરવાથી તમને ઉત્તમ યશ, પરમ કલ્યાણ અને મહાન ફળ આપનારા ધર્મની પ્રાપ્તિ થશે. ગુરુની પૂજાથી દેવતા, ઋષિ અને પિતરોને પણ પ્રસન્નતા થાય છે. તેથી ગુરુ પરમ પૂજનીય છે. માતા-પિતા અને ગુરુ કદી અપમાનને યોગ્ય નથી, તેમના કોઈ પણ કાર્યની નિંદા કરવી ન જોઈએ.'

આ સાંભળીને યુધિષ્ઠિર આનંદમગ્ન થઈ ગયા, જાણે અમૃતપાન કરીને તૃપ્ત થઈ ગયા હોય.

તપ અને સત્યનો મહિમા

પિતામહ બોલ્યા, 'વિદ્વાન પુરુષો કહે છે કે આ સંપૂર્ણ જગતનું મૂળ કારણ તપ છે. જે મૂર્ખ માણસે ક્યારેય તપ કર્યું નથી, તેને પોતાનાં કર્મોમાં સફળતા મળતી નથી. પ્રજાપતિએ તપથી જ સંપૂર્ણ જગતની રચના કરી છે તથા ઋષિઓએ તપ દ્વારા જ વેદોને જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. વિધાતાએ જેટલાં ફળ-મૂળ છે તેમને તથા અન્નને પણ તપ દ્વારા જ ઉત્પન્ન કર્યું છે. તપથી સિદ્ધ થયેલા મહાપુરુષો ત્રણે લોકને પ્રત્યક્ષ જુએ છે. પ્રત્યેક સાધનનું મૂળ તપસ્યા જ છે.

તપસ્યાનાં અનેક સ્વરૂપ છે, પરંતુ તેમાં નિરાહાર રહેવાથી ચડિયાતું કોઈ તપ નથી. દાનથી વધીને કોઈ ધર્મ નથી, માતાના સેવાથી મોટો કોઈ આશ્રમ નથી, ત્રણ વેદોના જ્ઞાતાથી વધીને કોઈ મનુષ્ય નથી અને સંન્યાસ તો મહાન તપ છે. ઋષિ, પિતર, દેવતા, મનુષ્ય તથા બીજા જે ચરાચર જીવ છે, તે બધા તપસ્યામાં જ લાગેલા રહે છે. તપસ્યાથી બધાને સિદ્ધિ મળે છે, દેવતાઓને પણ તપસ્યાથી જ આટલી મોટી સિદ્ધિ મળી છે.'

આચારની વિધિ અને અધ્યાત્મજ્ઞાનનું વર્ણન

યુધિષ્ઠિરે પૂછ્યું, 'હવે હું આચારની વિધિ સાંભળવા ચાહું છું.'

પિતામહે કહ્યું, 'મનુષ્યે રસ્તા પર, ગાયોની વચ્ચે અને અનાજના

લીલા ખેતરમાં મળ-મૂત્રનો ત્યાગ ન કરવો જોઈએ. આવશ્યક શૌચ વગેરેથી નિવૃત્ત થઈને કોગળા કર્યા બાદ નદીમાં સ્નાન કરવું જોઈએ. ત્યાર બાદ સંધ્યા ઉપાસના અને દેવતા-પિતરોનું તર્પણ કરવું જરૂરી છે. પૂર્વ દિશા તરફ મુખ રાખીને ભોજન કરવા બેસે, ભોજન સમયે મૌન રહેવું, ભોજન માટે પીરસેલા અન્નની નિંદા ન કરવી, તેને સ્વાદિષ્ટ સમજીને પ્રેમથી ભોજન કરવું. ભોજન પછી હાથ ધોઈને ઊઠવું. રાતના ભીના પગે ન સૂવું. દેવર્ષિ નારદજી આને આચાર કહે છે. બ્રાહ્મણના ભોજનથી બચેલાં અન્નનું ભોજન કરનાર સત્પુરુષ પરમાત્માને પ્રાપ્ત થાય છે.

'ધર્મનું આચરણ માત્ર વેદવિધિ પ્રમાણે એકલાએ જ ગુપ્ત રીતે કરવું. એમાં બીજાની સહાયતાની જરૂર નથી. ધર્મ જ મનુષ્યની યોનિ છે, ધર્મ જ સ્વર્ગના દેવતાઓનું અમૃત છે. ધર્માત્મા મનુષ્ય મર્યા બાદ ધર્મના બળથી જ સુખ ભોગવે છે.'

યુધિષ્ઠિરે પૂછ્યું, 'શાસ્ત્રમાં મનુષ્યને માટે જે અધ્યાત્મજ્ઞાનનું ચિંતન બતાવવામાં આવ્યું છે, તે અધ્યાત્મ શું છે?'

પિતામહે કહ્યું, 'તે અત્યંત કલ્યાણકારી અને સુખસ્વરૂપ છે. આચાર્યોએ સૃષ્ટિ અને પ્રલયની વ્યાખ્યાની સાથે જ અધ્યાત્મજ્ઞાનનું વર્ણન કર્યું છે. તેને જાણી લેવાથી મનુષ્યને પ્રસન્નતા અને સુખની પ્રાપ્તિ થાય છે. તે પ્રાણીમાત્રને માટે હિતકારી છે. જે તેને જાણે છે, તેની સંપૂર્ણ કામનાઓ પૂર્ણ થઈ જાય છે. મનુષ્ય પોતાના બુદ્ધિબળથી જીવોના આવાગમનની સ્થિતિ જાણીને ધીરે ધીરે તેના પર ચિંતન કરતો રહેવાથી પરમ શાંતિને પ્રાપ્ત થઈ જાય છે. જેમ મેલા શરીરવાળા લોકો જળથી પૂર્ણ નદીમાં નાહી-ધોઈને સ્વચ્છ થઈ જાય છે તે જ પ્રમાણે આ જ્ઞાનનદીમાં ડૂબકી મારીને મલિન હૃદયવાળા મનુષ્યો પણ શુદ્ધ અને વિદ્વાન થઈ જાય છે. આ જ વિશુદ્ધ અધ્યાત્મજ્ઞાન છે.

ધ્યાનયોગનું વર્ણન અને જપનો મહિમા

પિતામહ કહે છે, 'હવે હું ધ્યાનયોગનું વર્ણન કરીશ, જેને જાણીને મહર્ષિઓ આ લોકમાં સનાતન સિદ્ધિ પ્રાપ્ત કરે છે. યોગીઓએ ઠંડી-ગરમી વગેરે સહીને નિત્ય સત્ત્વગુણમાં સ્થિત રહેવું જોઈએ. થોડીવાર માટે ઇન્દ્રિયો સહિત મન સ્થિર થઈ જાય છે. બુદ્ધિમાન યોગીએ પ્રથમ ઇન્દ્રિયોને મનમાં સ્થિર કરાવી, પછી પાંચ ઇન્દ્રિયો સહિત મનને

ધ્યાનમાં એકાગ્ર કરવું. એકાગ્ર કરવાથી થોડીવાર સુધી તો તે ધ્યાનમાં સ્થિર રહે છે પરંતુ પછી નાડીમાર્ગમાં પ્રવેશ કરીને વાયુની જેમ ચંચળ થઈ જાય છે.

'યોગી જ્યારે ધ્યાનનો આરંભ કરે છે ત્યારે પ્રથમ તેના દ્વારા વિચાર, વિવેક અને વિતર્કનું ધ્યાન થાય છે. ધ્યાન વખતે મનમાં ભારે ઉદ્વેગ હોય તો પણ સાધકે ગભરાઈને પ્રયત્ન છોડવો ન જોઈએ. દરરોજ મન અને ઇન્દ્રિયોને ધ્યાનમાર્ગમાં સ્થાપિત કરીને યોગાભ્યાસ કરવાથી ઇન્દ્રિયો સહિત મન આપમેળે શાંત થઈ જાય છે.'

યુધિષ્ઠિરે પૂછ્યું, 'જપ કરનારા સાધકોને કયા ફળની પ્રાપ્તિ થાય છે? તેમને કયા લોકમાં સ્થાન મળે છે? જપની વિધિ શી છે?'

પિતામહે કહ્યું, 'આ વિષયમાં યમદેવ કાળ અને બ્રાહ્મણના સંવાદરૂપી એક પ્રાચીન કથાનું દૃષ્ટાંત આપતા હોય છે. તેમાં જપનો મહિમા સમજાવવા માટે એક બ્રાહ્મણની કથા કહેવામાં આવે છે.

મહર્ષિ પંચશિખનો રાજા જનકને ઉપદેશ

યુધિષ્ઠિરે પૂછ્યું, 'મોક્ષધર્મને જાણનારા મિથિલાનરેશ જનકે માનવીય ભોગોનો પરિત્યાગ કરીને કયા પ્રકારના આચરણથી મોક્ષ પ્રાપ્ત કર્યો હતો?'

પિતામહે કહ્યું, જ્યારે મિથિલામાં રાજા જનકદેવનું રાજ્ય હતું. તેમના દરબારમાં આચાર્યો તેમને ભિન્ન-ભિન્ન આશ્રમોના ધર્મોનો ઉપદેશ આપતા હતા. એકવાર કપિલાના પુત્ર મહામુનિ પંચશિખ પૃથ્વીની પરિક્રમા કરતા રહીને મિથિલામાં આવી પહોંચ્યા. તેઓ ધર્મના જ્ઞાતા અને તત્ત્વજ્ઞાની હતા. તેઓ ઉપદેશથી મનુષ્યના હૃદયમાં સનાતન સુખની પ્રતિષ્ઠા કરવા ઇચ્છતા હતા. તેમણે એક હજાર વર્ષ સુધી માનસ-યજ્ઞનું અનુષ્ઠાન કર્યું હતું. કપિલા નામની એક બ્રાહ્મણી હતી. એણે પોતાનું દૂધ પાઈને પંચશિખને ઉછેર્યા હતા. તેથી તેમનું નામ કાપિલેય પડ્યું.

તેઓ રાજા જનકને સો આચાર્યો પર સમાનભાવે અનુરક્ત જાણીને તેમના દરબારમાં ગયા. ત્યાં જઈને તેમણે પોતાનાં વચનોથી બધા આચાર્યોને વિસ્મિત કરી દીધા. ત્યારે રાજા જનક મુનિ પંચશિખનું જ્ઞાન જોઈને તેમના પ્રત્યે આકૃષ્ટ થઈ ગયા અને પોતાના સો આચાર્યોને છોડીને તેમની પાછળ ચાલ્યા ગયા. મુનિએ મોક્ષધર્મનો ઉપદેશ આપતા

કહ્યું, 'જે એક દિવસ નષ્ટ થવાનું છે, જેના જીવનનો કશો ભરોસો નથી, એવા અનિત્ય શરીરને આ બંધુ-બાંધવો તથા સ્ત્રી-પુત્રાદિથી શો લાભ? એવું વિચારીને જે મનુષ્ય આ બધાંને ક્ષણમાત્રમાં ત્યાગીને ચાલ્યો જાય છે, તેને ફરી જન્મ લેવો પડતો નથી.'

પંચશિખનો ઉપદેશ નિર્દોષ અને આત્મજ્ઞાન કરાવનારો હતો, એ સાંભળીને રાજા જનકને બહુ આશ્ચર્ય થયું.

આચાર્ય પંચશિખના બતાવેલા આ અમૃતમય જ્ઞાનને સાંભળીને રાજા જનક એક નિશ્ચિત સિદ્ધાંત પર પહોંચી ગયા અને બધા પ્રકારના શોકનો ત્યાગ કરીને સુખપૂર્વક રહેવા લાગ્યા. એકવાર તેમણે મિથિલાનગરીને અગ્નિમાં બળતી જોઈને કહ્યું, 'આ નગરના બળી જવાથી મારું કાંઈ જ બળતું નથી.'

આ અધ્યાયમાં મોક્ષતત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે મનુષ્ય સ્વાધ્યાય અને ચિંતન કરતો રહે છે તે આ જ્ઞાનને પામીને મુક્ત થઈને મોક્ષ પ્રાપ્ત કરે છે.

અનુશાસન પર્વ

યુધિષ્ઠિરને સમજાવવા માટે પિતામહ ભીષ્મ દ્વારા ગૌતમી બ્રાહ્મણીનું વર્ણન

યુધિષ્ઠિરે કહ્યું, 'પિતામહ! તમે શાંતિ પ્રાપ્ત કરવા માટે અનેક સૂક્ષ્મ ઉપાય બતાવ્યા પરંતુ હજી મારું હૃદય શાંત થયું નથી. બાણોથી વીંધાયેલા તમારા શરીર તથા તેમાં થયેલા ઊંડા ઘા જોઈને મને સહેજ પણ ચેન પડતું નથી. વારંવાર મને મારાં પાપોની યાદ આવે છે. પર્વતમાંથી વહેતાં ઝરણાંઓની જેમ તમારા શરીરમાંથી રક્તની ધારાઓ વહી રહી છે. તમે લોહીથી લદબદ થઈ ગયા છો અને મારી આંખે તમારી આ દુર્દશા જોઈને હું વર્ષાકાળના કમળની જેમ ગળી રહ્યો છું. મારા કારણે બીજા અનેક રાજાઓ પોતાના પુત્રો અને બંધુ-બાંધવો સહિત માર્યા ગયા છે, આથી વધીને દુઃખની વાત બીજી કઈ હોઈ શકે? મેં જ તમારા જીવનનો અંત આણ્યો છે અને મારા દ્વારા જ અન્ય સુહૃદયોનો પણ વધ થયો છે. તમને આ દુઃખી અવસ્થામાં જમીન પર પડેલા જોઈને મને સહેજ પણ શાંતિ મળતી નથી. જો તમે મારું પ્રિય કરવા ઇચ્છતા હો તો કોઈક એવો ઉપદેશ આપો જેથી હું પરલોકમાં આ પાપથી છુટકારો પામી શકું.'

પિતામહે કહ્યું, 'તમે તો હંમેશાં ઈશ્વરને અધીન છો. પછી પોતાને અશુભ કર્મોના કારણ કેમ માનો છો? વાસ્તવમાં આત્માનું સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ અને ઇન્દ્રિયોની પહોંચ બહાર છે. આ વિષયમાં જાણકાર લોકો ગૌતમી બ્રાહ્મણી, વ્યાધ, સર્પ, મૃત્યુ અને કાળના સંવાદરૂપ પ્રાચીન ઇતિહાસનું ઉદાહરણ આપે છે. પૂર્વકાળમાં ગૌતમી નામની એક વૃદ્ધ

બ્રાહ્મણી હતી. જે શાંતિની સાધનામાં મગ્ન રહેતી હતી. એક દિવસ તેણે જોયું કે તેના એકના એક પુત્રને સાપે દંશ માર્યો અને તે મૃત્યુ પામ્યો. એટલામાં અર્જુનક નામના એક શિકારીએ તે સાપને દોરીથી બાંધી દીધો અને ગુસ્સાથી તે સાપને ગૌતમી બ્રાહ્મણી પાસે લાવીને કહ્યું, 'દેવી! તમારા પુત્રનો પ્રાણ લેનાર સર્પ આ જ છે. હું કઈ રીતે આનો વધ કરું? આને ધગધગતા અગ્નિમાં નાખી દઉં અથવા એના શરીરના ટુકડા કરી નાખું? બાળકની હત્યા કરનાર આ પાપી સર્પ હવે વધારે સમય સુધી જીવતો રહેવાનો યોગ્ય નથી.'

ગૌતમીએ કહ્યું, 'તું હજી નાદાન છે. આને છોડી દે. આ મારવાયોગ્ય નથી. ભાવિને કોઈ મિથ્યા કરી શકતું નથી, આ વાત જાણીને પણ એની ઉપેક્ષા કરીને કયો મનુષ્ય પોતાના ઉપર પાપનો બોજો લાદશે? આને મારી નાખવાથી મારો પુત્ર જીવતો થઈ શકવાનો નથી અને આને જીવિત છોડી દેવાથી પણ કોઈ નુકસાન નથી. પછી આ જીવતા પ્રાણીની હત્યા કરીને કોણ ઘોર નરકમાં જાય?'

વ્યાધે કહ્યું, 'હું જાણું છું, વડીલ-વૃદ્ધો કોઈ પણ પ્રાણીને કષ્ટમાં જોઈને દુઃખી થાય છે. આવા ઉપદેશો તો સ્વસ્થ પુરુષ માટે છે. મારું મન દુઃખી થઈ રહ્યું છે. તેથી હું આ સર્પને અવશ્ય મારી નાખીશ. તમે પણ આના મરાઈ ગયા પછી પોતાના પુત્રનો શોક છોડી દેજો.'

ગૌતમીએ કહ્યું, 'મારા જેવા લોકોને પુત્રશોક દુઃખી કરી શકતો નથી. સજ્જનો સદા ધર્મમાં લાગેલા રહે છે. આ બાળકનું મૃત્યુ આ રીતે નિશ્ચિત હતું. તેથી હું આ સર્પને મારવામાં સહમત નથી. તું પણ દયાભાવ રાખીને આ સર્પના અપરાધને ક્ષમા કરીને આને છોડી દે. વ્યાધે તે સર્પને છોડી દીધો.

ગૌતમી તપશ્ચર્યા અને સંયમ વડે પરિશુદ્ધ બનેલી છે. તે પારધીને કહે છે કે ધર્મ એ જ જેનો આત્મા છે તેઓ સૌજન્યને છોડતા નથી. જે જનાર હતો તે ગયો તેમાં કોઈ કશું કરી શકતું નથી. આ સાંભળીને પણ શિકારી સર્પને મારવાનો આગ્રહ રાખે છે ત્યારે સર્પ હાજર થાય છે અને કહે છે કે હું મૃત્યુને વશ થયો હતો તેથી મારે આ કાર્ય કરવું પડ્યું છે એટલે મૃત્યુ આ માટે જવાબદાર છે, હવે મૃત્યુ ત્યાં હાજર થાય છે અને કહે છે કે હું કાળને વશ હતું જેથી કાળ જવાબદાર છે. હવે કાળ ચર્ચામાં હાજર થાય છે. તે પોતાના બચાવમાં કહે છે કે મારા હાથમાં કાંઈ નથી.

ચિત્રગુપ્તના ચોપડાના આધારે દરેકને પોતપોતાના કર્મ અનુસાર જે તે સમયે આ પૃથ્વી પરથી વિદાય લેવી જ પડે છે. તેમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી. યુધિષ્ઠિરને પિતામહના જવાબથી સંતોષ થયો.

માનસ અને પાર્થિવ તીર્થની મહત્તા

યુધિષ્ઠિરે કહ્યું, 'પિતામહ! જે બધાં તીર્થોમાં શ્રેષ્ઠ હોય તથા જ્યાં જવાથી પરમ શુદ્ધિ થઈ જતી હોય તેનું વર્ણન કરો.'

પિતામહ ભીષ્મએ કહ્યું, 'યુધિષ્ઠિર! આ પૃથ્વી પર જેટલા તીર્થો છે તે બધાં મનીષી પુરુષ માટે ગુણકારી હોય છે પરંતુ તે બધાંમાં જે પવિત્ર અને મુખ્ય તીર્થ છે તેનું વર્ણન હું કરું છું તે એકાગ્ર ચિત્તે સાંભળો. જેમાં ધૈર્યરૂપી કુંડ અને સત્યરૂપી જળ ભરેલું છે. જે નિર્મળ તથા અત્યંત શુદ્ધ છે, તેવા માનસતીર્થમાં હંમેશાં સત્ત્વગુણનો આશ્રય કરીને સ્નાન કરવું જોઈએ. જેની બુદ્ધિમાં અહંકારનું નામ પણ નથી, તે તત્ત્વજ્ઞાની શ્રેષ્ઠ તીર્થ કહેવાય છે. જેમના મનમાંથી તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણ દૂર થઈ ગયા છે, જે પવિત્રતા-અપવિત્રતા પર ધ્યાન ન આપીને પોતાના કર્તવ્યમાં પરાયણ રહે છે. જગતમાં પ્રજ્ઞાન જ શરીર-શુદ્ધિનું વિશેષ સાધન છે. એ જ પ્રમાણે મનની પ્રસન્નતા પણ શરીરને શુદ્ધ કરનારી છે. શુદ્ધિ ચાર પ્રકારની હોય છે - આચારશુદ્ધિ, મનઃશુદ્ધિ, તીર્થશુદ્ધિ અને જ્ઞાનશુદ્ધિ. એમાં જ્ઞાનથી પ્રાપ્ત થનારી શુદ્ધિ જ સર્વથી શ્રેષ્ઠ માનવામાં આવી છે. પૃથ્વી પર અને મનમાં પણ અનેક પુણ્યમય તીર્થો છે. જે આ બંને પ્રકારનાં તીર્થોમાં સ્નાન કરે છે, તેને શીઘ્ર સિદ્ધિ પ્રાપ્ત થાય છે.'

વિષ્ણુ, બ્રહ્મા, અગ્નિ, લક્ષ્મી તથા અંગિરા વગેરે ઋષિઓ દ્વારા ધર્મના રહસ્યનું વર્ણન

પિતામહ કહે છે, 'એકવાર દેવરાજ ઇન્દ્રે ભગવાન વિષ્ણુને પૂછ્યું, 'આપ કયા કર્મથી પ્રસન્ન થાઓ છો? કઈ રીતે તમને સંતુષ્ટ કરી શકાય છે?'

વિષ્ણુએ કહ્યું, 'બ્રાહ્મણોની નિંદા કરવી એ મારી સાથે મહાન દ્વેષ કરવાતુલ્ય છે. બ્રાહ્મણોની પૂજા કરવાથી મારી જ પૂજા થઈ જાય છે એમાં સંદેહ નથી. જે મનુષ્ય દરરોજ ભોજન પછી બ્રાહ્મણોને પ્રણામ કરે છે, હું તેના પર બહુ પ્રસન્ન થાઉં છું. જે પોતાને ઘેર બ્રહ્મચારી બ્રાહ્મણને ઉપસ્થિત જોઈને સર્વપ્રથમ તેને ભોજન કરાવે, પછી પોતે ભોજન કરે છે,

તેનું તે ભોજન અમૃતતુલ્ય માનવામાં આવે છે. જે પ્રાતઃકાળની સંધ્યા કરીને સૂર્યની સામે ઊભો રહે છે, તેને સમસ્ત તીર્થોના સ્નાનનું ફળ મળે છે અને તે સર્વ પાપોથી છૂટી જાય છે.'

પછી વસિષ્ઠ વગેરે સપ્તર્ષિઓએ બ્રહ્માજીની પ્રદક્ષિણા કરી અને સૌ હાથ જોડીને તેમની સામે ઊભા રહી ગયા. તેમાંથી શ્રેષ્ઠ વરિષ્ઠ મુનિએ પ્રશ્ન કર્યો, 'હું પ્રાણીઓના તથા ખાસ કરીને બ્રાહ્મણ અને ક્ષત્રિય જાતિના હિતની દૃષ્ટિથી એક પ્રશ્ન આપને કરું છું. આ સંસારમાં સદાચારી મનુષ્ય મોટે ભાગે નિર્ધન છે. તેઓ કઈ રીતે, કયા કર્મના અનુષ્ઠાનથી યજ્ઞનું ફળ પ્રાપ્ત કરી શકે છે?'

બ્રહ્માજીએ કહ્યું, 'મનુષ્યને જે રીતે યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે, તે હું જણાવી રહ્યો છું. સાંભળો. પોષ મહિનાના શુક્લ પક્ષમાં જે દિવસે રોહિણી નક્ષત્રનો યોગ હોય તે દિવસની રાતે મનુષ્ય શુદ્ધ થઈને, એક વસ્ત્ર ધારણ કરીને, ખુલ્લા મેદાનમાં શયન કરીને શ્રદ્ધા અને એકાગ્રતાથી ચંદ્રમાનાં કિરણોનું પાન કરે છે તેને મહાન યજ્ઞનું ફળ મળે છે. આ મેં તમને બહુ ગુપ્ત વાત કહી છે.'

અગ્નિદેવે કહ્યું, 'જે મનુષ્ય પૂર્ણિમાની તિથિએ ચંદ્રોદય સમયે ચંદ્રમા તરફ મુખ કરીને તેમને જળની એક અંજલિ, ઘી અને અક્ષત અર્પણ કરે છે, તેના અગ્નિહોત્રનું કાર્ય પૂર્ણ થઈ જાય છે. જે મૂર્ખ અમાસના દિવસે કોઈ વૃક્ષનું પાન પણ તોડે છે, તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. અમાસે દાતણ કરનાર મનુષ્ય ચંદ્રમાની હિંસા કરે છે તથા તેના પિતરો પણ દુઃખી થાય છે. પર્વના દિવસે તેના આપેલા હવિષ્યને દેવતા લોક સ્વીકારતા નથી. પિતરો પણ તેના પર નારાજ થાય છે, જેથી તેના વંશનો પણ નાશ થઈ જાય છે.'

લક્ષ્મીજી બોલ્યાં, 'જે ઘરમાં ફૂટેલાં વાસણ, ફાટેલું આસન અને સામાન આમતેમ પડેલો રહે છે તથા જ્યાં સ્ત્રીઓને મારવામાં આવે છે, તે ઘર પાપના કારણે દૂષિત થાય છે. ત્યાંથી ઉત્સવ અને પર્વના દિવસોમાં દેવતાઓ નારાજ થઈને પાછા ફરી જાય છે, તે ઘરની પૂજા સ્વીકારતા નથી.'

ગાર્ગમુનિએ કહ્યું, 'અતિથિઓનો સદા સત્કાર કરવો, યજ્ઞશાળામાં દીપ પ્રગટાવવો, દિવસે ન સૂવું, માંસ ન ખાવું, ગાય અને બ્રાહ્મણની હત્યા ન કરવી તથા દરરોજ પુષ્કર તીર્થનું નામસ્મરણ કરવું. આ

રહસ્યમય ધર્મ સર્વશ્રેષ્ઠ અને મહાન ફળ આપનારો છે. શ્રાદ્ધમાં, યજ્ઞમાં, તીર્થમાં અને પર્વના દિવસે દેવતાઓ માટે જે હવિષ્ય તૈયાર કરવામાં આવે છે, તેને જો રજઃસ્વલા સ્ત્રી જોઈ લે તો દેવતા તેનો સ્વીકાર કરતા નથી તથા પિતૃઓ તેર વર્ષ સુધી અસંતુષ્ટ રહે છે. શ્રાદ્ધ અને યજ્ઞના દિવસે મનુષ્ય સ્નાન વગેરેથી પવિત્ર થઈને શ્વેત વસ્ત્ર ધારણ કરે અને બ્રાહ્મણ પાસે સ્વસ્તિવાચન તથા ગીતાનો પાઠ કરાવે તેને આવેલા હવ્ય અને કવ્યનું અક્ષય ફળ પ્રાપ્ત થાય છે.

ધૌમ્યે કહ્યું, 'ઘરમાં ફૂટેલાં વાસણ, તૂટેલો ખાટલો, મરઘો, કૂતરું અને વૃક્ષ હોય એ સારું નથી. અર્થાત્ ફૂટેલાં વાસણ રાખવાથી ઘરમાં લડાઈ-ઝઘડો થાય છે. તૂટેલો ખાટલો રાખવાથી ધનની હાનિ થાય છે અને મરઘાં પાળવાથી દેવતાઓ તે ઘરનું હવિષ્ય ગ્રહણ કરતા નથી તથા મકાનમાં કોઈ મોટું વૃક્ષ હોય તો તેનાં મૂળમાં સાપ, વીંછી વગેરે જંતુઓનો નિવાસ અનિવાર્ય થઈ જાય છે. તેથી ઘરમાં વૃક્ષ ન હોવું જોઈએ.

જમદગ્નિએ કહ્યું, કોઈ અશ્વમેધ અથવા સેંકડો વાજપેય યજ્ઞ કરે, ઊંધે માથે ઝાડ પર લટકે અથવા બહુ મોટું અન્નક્ષેત્ર શરૂ કરી દે પરંતુ જો તેનું હૃદય શુદ્ધ ન હોય, તો તેણે અવશ્ય નરકમાં જવું પડે છે, કેમ કે યજ્ઞ, સત્ય અને હૃદયની શુદ્ધિ - એ ત્રણે સમાન છે. પ્રાચીન સમયમાં એક બ્રાહ્મણ શુદ્ધ હૃદયથી શેર સત્તૂનું દાન કરીને જ બ્રહ્મલોકને પ્રાપ્ત થયો હતો.

અરુન્ધતી, સૂર્ય, પ્રમથ, મહેશ્વર, સ્કન્દ તથા વિષ્ણુએ જણાવેલા વિશેષ ધર્મનું વર્ણન

પિતામહ કહે છે, 'ત્યાર પછી બધા ઋષિઓ, પિતરો અને દેવતાઓએ તપસ્યામાં ચડિયાતી અરુન્ધતીને કહ્યું, 'દેવી! અમને તમારા મુખેથી ધર્મનું રહસ્ય સાંભળવાની ઇચ્છા છે. તેથી તમે ધર્મનું ગૂઢ તત્ત્વ જણાવવાની કૃપા કરો.'

અરુન્ધતીએ કહ્યું, 'તમે મારું સ્મરણ કર્યું, તેથી મારા તપમાં વૃદ્ધિ થઈ છે. હવે હું તમારા લોકોની કૃપાથી જ સનાતન ધર્મોનું વર્ણન કરું છું. શ્રદ્ધાવિહીન, અભિમાની, બ્રહ્મઘાતી અને ગુરુપત્નીગામી - આ ચાર પ્રકારના મનુષ્યો સાથે વાત પણ ન કરવી જોઈએ. તેમની આગળ ધર્મતત્ત્વની વાત કરવી યોગ્ય નથી. જે મનુષ્ય બાર વર્ષ સુધી દરરોજ

એક કપિલા ગાયનું દાન કરે, દર મહિને યજ્ઞ કરે અને પુષ્કર તીર્થમાં જઈને લાખો ગાયોનું દાન કરે છે, તેના ધર્મનું ફળ અતિથિને પોતાની સેવાથી સંતુષ્ટ કરનાર મનુષ્યને મળતા ફળ જેટલું થતું નથી. પ્રાતઃકાળે ઊઠીને જે મનુષ્ય દર્ભ અને જળ લઈને ગાય પાસે જઈને ગાયોનાં શિંગડાં પર જળ છાંટે અને શિંગડાં પરથી પડેલું જળ પોતાના મસ્તક પર ચડાવે તથા તે દિવસે ઉપવાસ કરે, એનાથી અક્ષય પુણ્ય થાય છે.'

આ સાંભળીને દેવતા, પિતર, બધાં પ્રાણીઓ ઘણા પ્રસન્ન થઈ ગયા. તેમણે અરુન્ધતીની બહુ પ્રશંસા કરી. પછી બ્રહ્માજીએ કહ્યું, 'તમે ધન્ય છો. તમે રહસ્ય સહિત અદ્‌ભુત ધર્મનું વર્ણન કર્યું છે. હું તમને વરદાન આપું છું, તમારી તપસ્યામાં હંમેશાં વૃદ્ધિ થતી રહો.'

ત્યાર પછી ભગવાન સૂર્યે દેવતાઓ અને પિતરોને કહ્યું, 'બ્રહ્મહત્યારો, ગોહત્યા કરનાર, પરસ્ત્રીલંપટ, શ્રદ્ધાહીન તથા સ્ત્રીની કમાણીથી નિર્વાહ કરનાર. આ પાંચ પ્રકારના દુરાચારી નરાધમને ત્યજી દેવા યોગ્ય છે. પાપીઓને યમલોકમાં જઈને ત્યાંના નરકમાં માછલાંની જેમ રાંધવામાં આવે છે અને ત્યાં લોહી અને પરુનું ભોજન તેમને આપવામાં આવે છે.'

પિતામહે કહ્યું, 'આ પછી દેવતાઓ, પિતરો અને ઋષિઓએ પ્રમથોને પૂછ્યું, 'તમે લોકો પ્રત્યક્ષરૂપે નિશાચર છો. એ જણાવો કે અપવિત્ર, અશુદ્ધ અને ક્ષુદ્ર મનુષ્યોની હિંસા કેમ કરો છો? એવો કયો ઉપાય છે જેનો આશ્રય લેવાથી તમે તેમની હત્યા કરતા નથી.'

પ્રમથોએ કહ્યું, 'જે મનુષ્યો હંમેશાં સ્ત્રી-સહવાસના કારણે દૂષિત રહે છે, વડીલોનું અપમાન કરે છે, અજ્ઞાનવશ માંસાહાર કરે છે, વૃક્ષનાં મૂળમાં સૂઈ જાય, પથારીમાં પગ મૂકવાની જગાએ માથું મૂકીને સૂએ તથા પાણીમાં મળમૂત્ર, થૂંક વગેરે નાખે છે, તે બધા મનુષ્યો અપવિત્ર હોય છે. આવા મનુષ્યો જ અમારો શિકાર બને છે, તે જ અમારા ભક્ષ્ય છે.

મહેશ્વરે કહ્યું, 'જેમની બુદ્ધિ ધર્માભિમુખ છે, જેઓ પરમ શ્રદ્ધાળુ છે, તેમને મહાન ફળ આપનારા ધર્મનો રહસ્ય સહિત ઉપદેશ આપવો જોઈએ. જે મનુષ્ય ધૈર્યપૂર્વક દરરોજ એક માસ સુધી ગાયને ઘાસ નીરે છે અને સ્વયં એકવાર ભોજન કરીને રહે છે, તેને મળનાર ફળનું વર્ણન સાંભળો. દરરોજ ગાયોને ઘાસ નીરનાર મનુષ્ય મહાન ધર્મનું ઉપાર્જન કરે છે. ગાયોને મેં મારી પાસે રહેવાની આજ્ઞા આપી હતી. બ્રહ્માજીએ પણ એ માટે મને બહુ વિનંતી કરી હતી. માટે જ ગાયોના ટોળામાં

રહેનાર વૃષભ મારાથી ઉપર - મારા રથની ધજામાં બિરાજે છે. તેથી ગાયોની હંમેશાં પૂજા કરવી જોઈએ. તેમનો પ્રભાવ બહુ મોટો છે, તેમની ઉપાસના કરવાથી અભીષ્ટ વરદાન આપે છે. જે એક દિવસ પણ ગાયને ઘાસ નીરે છે, તેને ગાયોની અનુમતિથી સંપૂર્ણ શુભ કર્મોના ફળનો ચોથો ભાગ મળે છે.'

સ્કંદે કહ્યું, 'જે મનુષ્ય સાંઢના શિંગડાંમાં ચોંટેલી માટી લઈને તેનાથી ત્રણ દિવસ અભિષેક કરે છે, તે પોતાનાં બધાં પાપો ધોઈ નાખે છે ને પરલોકમાં આધિપત્ય પ્રાપ્ત કરે છે. પૂનમના દિવસે ચંદ્રોદય સમયે તાંબાના વાસણમાં મધમિશ્રિત પકવાન લઈને જે ચંદ્રમાને બલિ અર્પણ કરે છે, તેને સાધ્ય, રુદ્ર, આદિત્ય, અશ્વિનીકુમાર અને વસુદેવતા પણ ગ્રહણ કરે છે. તેનાથી ચંદ્રમા અને સમુદ્રની વૃદ્ધિ થાય છે. આ પ્રમાણે મેં આ સુખદાયક ધર્મનું રહસ્ય બતાવ્યું.

ભગવાન વિષ્ણુ બોલ્યા, 'જે મનુષ્ય દોષદૃષ્ટિ છોડીને શ્રદ્ધા અને એકાગ્રતા સાથે દેવતાઓ અને મહર્ષિઓએ બતાવેલા ધર્મના આ ગૂઢ રહસ્યોનો દરરોજ પાઠ કરે છે, તેને ત્યાં ક્યારેય કોઈ વિઘ્ન આવતું નથી તથા તે નિર્ભય થઈ જાય છે. અહીં જે જે ધર્મોનું રહસ્ય સાથે વર્ણન કરવામાં આવ્યું છે, તે બધા શુભ અને પરમ પવિત્ર છે. જે મનુષ્ય શુદ્ધચિત્ત થઈને પર્વના દિવસે શ્રેષ્ઠ બ્રાહ્મણોને ધર્મનાં આ રહસ્યોનું શ્રવણ કરાવે છે, તે હંમેશાં દેવતા, ઋષિ અને પિતરોનો આદરપાત્ર થાય છે તથા તે સર્વદા ધર્મમાં પ્રવૃત્ત રહે છે.'

પિતામહે કહ્યું, 'યુધિષ્ઠિર! દેવતાઓએ બતાવેલા ધર્મનું આ રહસ્ય મને વ્યાસજીએ કહ્યું હતું, તે જ મેં તમને કહ્યું. એક બાજુ રત્નોથી ભરેલી સંપૂર્ણ પૃથ્વી મળતી હોય અને બીજી બાજુ આ ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થતું હોય, તો તે મનુષ્યે પૃથ્વીને છોડીને આ જ્ઞાનનું જ શ્રવણ કરવું જોઈએ.'

તપસ્યા કરી રહેલા શ્રીકૃષ્ણની પાસે ઋષિઓનું આગમન

યુધિષ્ઠિરે કહ્યું, હું તમારા મુખેથી હવે એવા વિષયનું વર્ણન સાંભળવા ઇચ્છું છું, જે ધર્મ અને અર્થયુક્ત, ભવિષ્યમાં સુખ આપનારું અને સંસાર માટે અદ્‌ભુત હોય. અમારા ભાઈબંધુઓને આ દુર્લભ અવસર પ્રાપ્ત થયો છે. તમારા સિવાય બીજો કોઈ સઘળા ધર્મોનો ઉપદેશ કરનાર મહાપુરુષ અમને મળી શકે એમ નથી. તેથી ભગવાન શ્રીકૃષ્ણ

અને બધા રાજાઓની સામે મારું અને મારા ભાઈઓનું પ્રિય કરવા માટે તમે મારા પૂછેલા વિષયનું વર્ણન કરો.

પિતામહ ભીષ્મે કહ્યું, 'હવે હું તમને એક બહુ મનોહર કથા સંભળાવું છું. ધર્માત્મા ભગવાન શ્રીકૃષ્ણ બાર વર્ષે સમાપ્ત થનારા વ્રતની દીક્ષા લઈને કઠોર તપ કરી રહ્યા હતા. તે સમયે તેમના દર્શન કરવા માટે નારદજી, પર્વત, વ્યાસઋષિ, ધૌમ્ય, દેવલ, કાશ્યપ તથા બીજા ઋષિ-મહર્ષિઓ પોતાના શિષ્યો, સિદ્ધો તથા તપસ્વીઓ સાથે ત્યાં આવ્યા. શ્રીકૃષ્ણે બહુ પ્રસન્નતા સાથે મહર્ષિઓનો આતિથ્ય-સત્કાર કર્યો. આસન પર બિરાજમાન થઈને તેઓ ત્યાં રહેનારા રાજર્ષિઓ અને દેવતાઓની સાથે પ્રસન્નાપૂર્વક મધુર વાણીમાં ધર્મવિષયની ચર્ચા કરવા લાગ્યા. દરમિયાન અદ્‌ભુત કર્મ કરનારા ભગવાન શ્રીકૃષ્ણના મુખેથી તેમની વ્રતચર્યાથી પ્રગટ થયેલું તેજ બહાર નીકળીને વૃક્ષ, લતા, ઝાડી, પક્ષી, હિંસક પશુ અને સર્પો સહિત તે પર્વતને બાળવા લાગ્યું. તે સમયે વિવિધ પ્રકારનાં જીવજંતુઓનો હાહાકાર ચારે બાજુ ફેલાઈ રહ્યો હતો. થોડી જ વારમાં તે પર્વતનું શિખર બળીને ખાખ થઈ ગયું. ત્યાં ચેતન જીવોનું નામોનિશાન પણ ન રહ્યું. તેની સ્થિતિ અત્યંત દયનીય દેખાઈ રહી હતી. અગ્નિએ પર્વતના સંપૂર્ણ શિખરને ભસ્મ કરીને ભગવાન શ્રીકૃષ્ણની પાસે આવીને શિષ્યની જેમ તેમના ચરણોમાં પ્રણામ કર્યા. ત્યારે ભગવાને તે પર્વતને બળી ગયેલો જોઈને તેના ઉપર પોતાની શાંત દૃષ્ટિ નાખી. તેથી તે તેની પૂર્વ અવસ્થાને પ્રાપ્ત થઈ ગયો. ત્યાં પૂર્વની જેમ લતાઓ અને વૃક્ષો શોભવા માંડ્યા તથા બધા જીવજંતુઓ જીવતાં થઈને વિચરવા લાગ્યાં. આ અદ્‌ભુત અને અચિંત્ય ઘટના જોઈને મુનિઓને ભારે આશ્ચર્ય થયું. તેમનાં શરીરમાં રોમાંચ થઈ ગયો અને નેત્રોમાં આનંદનાં અશ્રુ આવી ગયાં.

ઋષિઓને આ પ્રમાણે વિસ્મિત જોઈને નારાયણસ્વરૂપ શ્રીકૃષ્ણે વિનય અને સ્નેહથી પૂછ્યું, 'તમારો સમુદાય તો સદા આસક્તિ અને મમતારહિત છે. બધાને શાસ્ત્રોનું જ્ઞાન છે, તેમ છતાં તમને આશ્ચર્ય કેમ થઈ રહ્યું છે?'

ઋષિઓએ કહ્યું, 'આપ જ સંસારને બનાવો છો અને તેનો સંહાર કરો છો. ઠંડી, ગરમી અને વર્ષા - એ આપનાં જ સ્વરૂપ છે. અમે પૃથ્વી પર જેટલાં પણ ચરાચર પ્રાણી છીએ, તે બધાનાં માતા, પિતા, ઈશ્વર અને ઉત્પત્તિના કારણ પણ છો. આપના મુખેથી અગ્નિનો પ્રાદુર્ભાવ જોઈને

અમને બહુ આશ્ચર્ય થઈ રહ્યું છે. તેથી આપ તેનું કારણ જણાવવાની કૃપા કરો. તે સાંભળીને અમારો ભય જતો રહેશે.

શ્રીકૃષ્ણે કહ્યું, મારા મુખમાંથી અગ્નિ સમાન જે તેજ પ્રગટ થઈને પર્વતને બાળી રહ્યું હતું, તે મારું જ વૈષ્ણવ તેજ હતું. હું મારા જેવો જ પરાક્રમી પુત્ર પ્રાપ્ત કરવાની ઇચ્છાથી આ પર્વત પર તપસ્યા કરવા આવ્યો છું. મારા શરીરમાં સ્થિત પ્રાણ જ અગ્નિરૂપે બહાર નીકળીને બધાને વરદાન આપનારા બ્રહ્માજીનાં દર્શન કરવા માટે તેમના લોકમાં ગયો હતો. બ્રહ્માજીએ તેને એવો સંદેશો આપીને મોકલ્યો કે, 'ભગવાન શંકરનું અડધું તેજ જ મારા પુત્રરૂપે ઉત્પન્ન થનાર છે. તે તેજોમય પ્રાણ ત્યાંથી પાછો મારી પાસે આવી ગયો છે. ત્યાર પછી શાંત થઈને તે પોતાની પૂર્વ અવસ્થાને પ્રાપ્ત થઈ ગયો છે. આ જ મારા મુખમાંથી અગ્નિ પ્રગટ થવાનું રહસ્ય છે, જે મેં સંક્ષેપમાં તમને કહી દીધું. તેથી તમે ભયભીત ન થાઓ.'

આ સાંભળીને ભગવાન પાસે બેઠેલા બધા ઋષિઓને આશ્ચર્ય થયું. તેઓ તેમની સામે જોવા લાગ્યા. ત્યાર પછી બધાએ વાતચીત કરવામાં નારદજીને ભગવાનની વાતનો ઉત્તર આપવા માટે પ્રેરિત કર્યા. ત્યારે નારાયણના સુહૃદ ભગવાન નારદમુનિએ મહાદેવજીનો પાર્વતી સાથે જે સંવાદ થયો હતો તેને કહેવાનો આરંભ કર્યો.

નારદજી બોલ્યા, 'જ્યાં સિદ્ધો અને ગંધર્વો વિચરતા રહે છે, તે હિમાલય પર્વત પર દેવાધિદેવ ભગવાન શંકર તપસ્યા કરી રહ્યા હતા. તે જ સમયે પાર્વતીદેવીએ તેમની પાસે જઈને પૂછ્યું, 'આપ સંપૂર્ણ ભૂતોના સ્વામી અને સઘળા ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ છો. તેથી હું આપને એક સંદેહ કહેવા ઇચ્છું છું. આપ આ ઋષિઓનું અને મારું પ્રિય કરવા માટે મારા સંદેહનું નિવારણ કરો. ધર્મનું સ્વરૂપ શું છે? જે ધર્મને જાણતા નથી તેવા મનુષ્યો તેનું કઈ રીતે આચરણ કરી શકે?'

ત્યાર પછી પરમાત્મા મહેશ્વરે કહ્યું, 'દેવી! કોઈ પણ જીવની હિંસા ન કરવી, સત્ય બોલવું, મન અને ઇન્દ્રિયો પર કાબૂ રાખવો તથા પોતાની શક્તિ અનુસાર દાન આપવું - આ ગૃહસ્થાશ્રમનો ઉત્તમ ધર્મ છે. ધર્મને શ્રેષ્ઠ માનનારા મનુષ્યોએ ધર્મોનું અવશ્ય પાલન કરવું જોઈએ.'

પાર્વતીએ કહ્યું, 'ચારે વર્ણોનો જે જે ધર્મ પોતપોતાના વર્ણ માટે વિશેષ લાભકારી હોય, તે મને કહેવાની કૃપા કરો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રના ધર્મનું સ્વરૂપ શું છે?'

મહેશ્વરે કહ્યું, 'તમે ન્યાય પ્રમાણે પ્રશ્ન કરીને બધું જ પૂછી નાખ્યું. સંસારમાં બ્રાહ્મણોને આ પૃથ્વીના દેવતા માનવામાં આવે છે. ઉપવાસ કરવો તેમનો પરમ ધર્મ છે. વ્રતનું પાલન કરીને ઉપનયન-સંસ્કાર કરવા તેના માટે પરમ આવશ્યક છે. ગુરુ અને દેવતાઓની પૂજા, સ્વાધ્યાય અને ધર્મનું પાલન બ્રાહ્મણે અવશ્ય કરવું જોઈએ. બ્રહ્મચર્યનો અવધિ સમાપ્ત થયા પછી પોતાના ગુરુની આજ્ઞા લઈને સમાવર્તન કરે અને ઘેર આવીને પોતાને અનુરૂપ સ્ત્રી સાથે વિધિપૂર્વક લગ્ન કરે. પતિ અને પત્નીનો સ્વભાવ એકબીજાને અનુકૂળ હોય તો ગૃહસ્થાશ્રમનું યોગ્ય રીતે પાલન થાય છે. એથી સંસારની રક્ષા થાય છે.

'ક્ષત્રિયનો પહેલો ધર્મ છે પ્રજાનું પાલન કરવું. પ્રજાની આવકના છઠ્ઠા ભાગનો ઉપભોગ કરનાર રાજા ધર્મનું ફળ પ્રાપ્ત કરે છે. જે ધર્મ પ્રમાણે પોતાની પ્રજાની રક્ષા કરે છે, તે રાજાને ઉત્તમ લોક પ્રાપ્ત થાય છે. જે ગાય અને બ્રાહ્મણની રક્ષા માટે સંગ્રામમાં પરાક્રમ દેખાડીને પ્રાણત્યાગ કરે છે, તે પરલોકમાં અશ્વમેધ યજ્ઞથી પ્રાપ્ત થનારા ઉત્તમ લોક પર અધિકાર પ્રાપ્ત કરી લે છે.'

પશુઓનું પાલન, ખેતી, વેપાર, અગ્નિહોત્ર, દાન, અધ્યયન, સદાચારનું પાલન, અતિથિસત્કાર, શમ, દમ, બ્રાહ્મણોનું સ્વાગત અને ત્યાગ - આ વૈશ્યોનો સનાતન ધર્મ છે. વ્યાપાર કરનારા સદાચારી વૈશ્યે તલ, ચંદન અને રસનું વેચાણ ન કરવું જોઈએ. તેણે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય - આ બધાનો યથાયોગ્ય આતિથ્ય-સત્કાર કરવો જોઈએ.

શૂદ્રનો પરમ ધર્મ છે - ત્રણે વર્ણોની સેવા. જે શૂદ્ર સત્યવાદી, જિતેન્દ્રિય તથા ઘેર ઓલા અતિથિની સેવા કરે છે. તે મહાન તપનો સમગ્રહ કરે છે. તેને ઉત્તમ તપસ્વી સમજવો જોઈએ. નિત્ય સદાચારનું પાલન અને દેવતા તથા બ્રાહ્મણોની પૂજા કરનાર બુદ્ધિમાન શૂદ્રને ધર્મનું અભીષ્ટ ફળ પ્રાપ્ત થાય છે.

પાર્વતીએ કહ્યું, 'આપે વર્ણોના હિતકારી ધર્મોનું વર્ણન કર્યું. હવે એ ધર્મ વિશે કહો કે જે બધા વર્ણો માટે સમાનરૂપે ઉપયોગી હોય.'

મહેશ્વરે કહ્યું, 'બ્રહ્માજીએ ગુણો પર દૃષ્ટિ રાખનાર અને જગતના સંપૂર્ણ લોકને તારવા માટે બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા છે. બ્રાહ્મણ આ પૃથ્વી પરના દેવતા છે. તેથી પ્રથમ તેમના જ થોડા બીજા ધર્મોનું વર્ણન કરું છું. બ્રહ્માજીએ સંપૂર્ણ જગતની રક્ષા માટે વૈદિક, સ્માર્ત અને શિષ્ટાચાર આ ત્રણ પ્રકારના ધર્મોનું વિધાન કર્યું છે. બ્રહ્માજીએ બ્રાહ્મણોની જીવિકા માટે

યજ્ઞ કરવા-કરાવવા, દાન લેવું, દાન આપવું, વેદ ભણવા અને ભણાવવા - આ છ કર્મ કહ્યાં છે. આ બ્રાહ્મણોનો સનાતન ધર્મ છે. ધર્મ દ્વારા પ્રાપ્ત થનારા આત્મજ્ઞાનથી વધીને બીજું કાંઈ જ નથી.'

પાર્વતીજીએ કહ્યું, 'આપ સંપૂર્ણ ધર્મોનું તત્ત્વ જાણનારા છો. તેથી મેં જે કાંઈ પૂછ્યું છે તેનું પૂર્ણરૂપે વર્ણન કરો.'

ભગવાન મહેશ્વરે કહ્યું, જેનો આશ્રય લઈને તેઓ પોતાની તપસ્યા દ્વારા પરમ સિદ્ધિને પ્રાપ્ત થાય છે. પૂર્વકાળમાં બ્રહ્માજીએ યજ્ઞ સમયે જેનું પાન કર્યું હતું તથા જે સ્વર્ગમાં પ્રસિદ્ધ છે તે અમૃત બ્રાહ્મ કહેવાય છે. તેના ફીણનો સંગ્રહ કરીને જેઓ હંમેશા પાન કરે છે તેઓ ફેનપ કહેવાય છે. તેઓ પોતપોતાના કર્તવ્યમાં સ્થિત થઈને સદા તપસ્યામાં મગ્ન રહે છે. તેમના ધર્મનું મહાન ફળ છે. તેઓ તપસ્યાથી બધાં પાપોને ભસ્મ કરીને પોતાના તેજથી સંપૂર્ણ દિશાઓને પ્રકાશિત કરે છે. જે અભિમાન કરતો નથી, શત્રુ અને બધા પ્રત્યે મિત્રભાવ રાખે છે, તે જ ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ઋષિ છે.

યુધિષ્ઠિરે પૂછ્યું, 'કયા કર્મના અનુષ્ઠાનથી તેનાં પાપ દૂર થાય છે? અને કયું કર્મ નષ્ટ કરનારું છે?'

પિતામહ ભીષ્મએ કહ્યું, 'જો સંધ્યાના સમયે દેવ-વંશ અને ઋષિ-વંશનો પાઠ કરવામાં આવે તો મનુષ્યે જાણતાં-અજાણતાં કોઈ પાપ કર્યા હોય, તે બધાથી છુટકારો મેળવી શકે છે તથા તે સદા પવિત્ર રહે છે. દેવર્ષિ-વંશના ગુણગાન કરનાર મનુષ્ય ક્યારેય આંધળો કે બહેરો થતો નથી અને તેનું સદા કલ્યાણ થાય છે. દેવતાઓની સ્તુતિ અને અભિનંદન કરનાર પુરુષ તમામ પ્રકારનાં પાપોથી છૂટી જાય છે. જે મનુષ્ય દરરોજ સવારે ઊઠીને શુદ્ધ થઈને પ્રાતઃકાળે અને સાયંકાળે આ નામોનો પાઠ કરે છે, તે ધર્મના ફળનો અધિકારી બને છે.

પિતામહ ભીષ્મની આજ્ઞાથી યુધિષ્ઠિરનું પરિવાર સહિત હસ્તિનાપુરમાં જવું

ધર્મરાજ યુધિષ્ઠિરને આ પ્રમાણે ઉપદેશ આપીને પિતામહ ભીષ્મ મૌન થઈ ગયા. ત્યાર પછી વ્યાસજીએ થોડીવાર સુધી ધ્યાન કરીને ગંગાનંદન ભીષ્મને કહ્યું, 'હવે રાજા યુધિષ્ઠિર શાંત થઈ ચૂક્યા છે. એમના શોક અને સંદેહ નિવૃત્ત થઈ ગયા છે અને એ પોતાના ભાઈઓ, રાજાઓ તથા શ્રીકૃષ્ણ સાથે તમારી પાસે બેઠા છે. હવે તમે તેમને હસ્તિનાપુર જવાની આજ્ઞા આપો.'

ભગવાન વ્યાસજીના કહેવાથી પિતામહ મંત્રીઓ સહિત રાજા યુધિષ્ઠિરને જવાની આજ્ઞા આપતાં મધુર વાણીમાં બોલ્યા, 'હવે તમે હસ્તિનાપુર જાઓ અને પોતાના મનની ચિંતા છોડી દો. રાજા યયાતિની જેમ ક્ષત્રિયધર્મનું પાલન કરીને દેવતાઓનું પૂજન અને પિતરોનું તર્પણ કરો. જ્યારે સૂર્યનારાયણ દક્ષિણાયનથી નિવૃત્ત થઈને ઉત્તરાયણમાં આવી જાય, તે સમયે ફરી મારી પાસે આવજો.'

આ સાંભળીને યુધિષ્ઠિરે 'બહુ સારું' કહીને પિતામહની આજ્ઞાનો સ્વીકાર કર્યો અને તેમને પ્રણામ કરીને પરિવાર સહિત હસ્તિનાપુર તરફ ચાલ્યા. તેમની આગળ રાજા ધૃતરાષ્ટ્ર અને ગાંધારી દેવી હતાં. સાથે ઋષિઓ, બધા ભાઈઓ, શ્રીકૃષ્ણ, નગર અને પ્રાંતના લોકો તથા મંત્રીઓ પણ ચાલી રહ્યાં હતાં. એ બધાંની સાથે ધર્મરાજાએ હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

ભીષ્મના અન્ત્યેષ્ટિ-સંસ્કારની સામગ્રી લઈને યુધિષ્ઠિર વગેરેએ એમની પાસે આવવું

હસ્તિનાપુર ગયા પછી યુધિષ્ઠિરે નગર અને પ્રાંતના લોકોનું સન્માન કર્યું, જે સ્ત્રીઓના પતિ અને પુત્ર યુદ્ધમાં મરાઈ ગયા હતા, તે બધાને ધન આપી સાંત્વના આપી અને તેમને પોતાના ઘરે જવાની આજ્ઞા આપી.

ત્યાર પછી યુધિષ્ઠિરનો રાજ્યસિંહાસન પર અભિષેક કરવામાં આવ્યો. એમણે વેદવેત્તા અને ગુણવાન બ્રાહ્મણો પાસેથી આશીર્વાદ ગ્રહણ કર્યા. ત્યાર પછી રાજા યુધિષ્ઠિર પચાસ દિવસ હસ્તિનાપુરમાં રહ્યા. જ્યારે સૂર્યદેવ ઉત્તરાયણમાં આવ્યા ત્યારે તેમને પિતામહના મૃત્યુનું સ્મરણ થયું. યજ્ઞ કરાવનારા બ્રાહ્મણો સાથે તેઓ હસ્તિનાપુરથી જવા તૈયાર થયા. જતાં પહેલાં તેમણે પિતામહના અન્ત્યેષ્ટિ સંસ્કાર કરવા માટે ઘી, માળા, સુગંધિત દ્રવ્ય, રેશમી વસ્ત્ર, ચંદન, ફૂલ તથા રત્નો વગેરે સામગ્રી મોકલી આપી. પછી ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને આગળ કરીને માતા કુંતી, બધા ભાઈઓ, ભગવાન શ્રીકૃષ્ણ, વિદુરજી અને સાત્યકિને સાથે લઈને તેઓ નગરમાંથી બહાર નીકળ્યા. તેઓ કુરુક્ષેત્રમાં ભીષ્મ પિતામહ પાસે પહોંચી ગયા. તે સમયે ત્યાં વ્યાસજી, નારદજી અને દેવસ ઋષિ તેમની પાસે બેઠા હતા તથા મહાભારત યુદ્ધમાંથી બચી ગયેલા અને અન્ય દેશોના મોટી સંખ્યામાં રાજાઓ બધી બાજુથી એમની રક્ષા કરી રહ્યા હતા.

પછી તેઓ ઋષિઓની ઘેરાયેલા પિતામહ પાસે જઈને બોલ્યા, 'હું યુધિષ્ઠિર તમારી સેવામાં ઉપસ્થિત છું અને તમારા ચરણોમાં પ્રણામ કરું છું. તમારા જણાવેલા સમયે સર્વ સામગ્રી લઈને હું ઉપસ્થિત થયો છું. તમારા પુત્ર ધૃતરાષ્ટ્ર પણ પોતાના મંત્રીઓ સાથે અહીં પધાર્યા છે.'

યુધિષ્ઠિરના કહેવાથી પિતામહે આંખો ખોલીને પોતાની ચારે બાજુ ઊભા રહેલા સઘળા ભરતવંશી રાજાઓને જોયા. પછી યુધિષ્ઠિરનો હાથ પકડીને ગંભીર વાણીમાં બોલ્યાં, 'યુધિષ્ઠિર! તમે પોતાના મંત્રીઓ સાથે અહીં આવી ગયા, એ બહુ સારું કર્યું. ભગવાન સૂર્ય હવે ઉત્તરાયણ તરફ આવી ગયા છે. આ તીક્ષ્ણ બાણોની શય્યા પર શયન કરતાં આજે મને અઠ્ઠાવન દિવસ થઈ ગયા પરંતુ આ દિવસો મારા માટે સો વર્ષ જેવાં વીત્યાં છે.'

યુધિષ્ઠિરને આમ કહીને પિતામહે ધૃતરાષ્ટ્રને સંબોધીને કહ્યું, 'તમે ધર્મને સારી રીતે જાણો છો. હવે તમારા મનમાં કોઈ પ્રકારનો સંદેહ નથી, કેમ કે તમે અનેક શાસ્ત્રોનું જ્ઞાન ધરાવનારા અનેક બ્રાહ્મણોની સેવા કરી છે. આ પાંડવો જેવા રાજા પાંડુના પુત્રો છે તેવા જ ધર્મની દૃષ્ટિએ તમારા પણ છે. તમે ધર્મમાં સ્થિત રહીને પોતાના પુત્રોની જેમ જ એમની રક્ષા કરજો. તમારા પુત્ર દુરાત્મા, ક્રોધી, લોભી, ઈર્ષ્યાળુ અને દુરાચારી હતા, તેથી તેમના માટે કદી શોક કરશો નહિ.'

ધૃતરાષ્ટ્રને આમ કહીને પિતામહે શ્રીકૃષ્ણને કહ્યું, 'આપ પરમેશ્વર છો. દેવતા અને અસુર સર્વ આપના ચરણોમાં મસ્તક ઝુકાવે છે. હવે આપ મારો ઉદ્ધાર કરો અને મને જવાની આજ્ઞા આપો. સદા આપની શરણમાં રહેનારા આ પાંડુપુત્રોની રક્ષા કરો. નારદજી અને વ્યાસજીએ પણ મને કહ્યું હતું કે, 'શ્રીકૃષ્ણ અને અર્જુન સાક્ષાત્ ભગવાન નારાયણ અને નર છે, જે માનવ શરીરમાં અવતરિત થયા છે.' હે મધુસૂદન! હવે આપ આજ્ઞા આપો, હું આ શરીરનો પરિત્યાગ કરીશ. આપની આજ્ઞા મળતાં મને પરમ ગતિ પ્રાપ્ત થશે.

શ્રીકૃષ્ણે કહ્યું, 'હું તમને સહર્ષ આજ્ઞા આપું છું. તમે વસુલોકમાં જાઓ. તમારા દ્વારા અણુમાત્ર પણ પાપ થયું નથી. તમે બીજા માર્કંડેય જેવા પિતૃભક્ત છો, તેથી મૃત્યુ વિનીત દાસની જેમ તમારા વશમાં છે.'

ભગવાનના આ પ્રમાણે કહેવાથી પિતામહે પાંડવો અને ધૃતરાષ્ટ્ર વગેરેને કહ્યું, 'હવે હું પ્રાણોનો ત્યાગ કરવા ઇચ્છું છું, તમારે સદા

સત્યધર્મનું પાલન કરતા રહેવું જોઈએ, કેમ કે સત્ય જ સર્વથી મોટો ધર્મ છે. તમે બધાની સાથે કોમળતાનો વર્તાવ કરજો, બ્રાહ્મણો પ્રત્યે ભક્તિ રાખજો તથા ધર્મનિષ્ઠ અને તપસ્વી થજો.'

આમ કહીને પિતામહે બધાને આશીર્વાદ આપ્યા અને યુધિષ્ઠિરને કહ્યું, 'તમે બધા બ્રાહ્મણોની, ખાસ કરીને વિદ્વાનોની અને આચાર્યની સદા પૂજા કરતા રહેજો.'

પિતામહ ભીષ્મનો પ્રાણ-ત્યાગ

બધા કૌરવોને આ પ્રમાણે કહીને પિતામહ થોડીવાર સુધી મૌન રહ્યા. યૌગિક ક્રિયા દ્વારા રોકી રાખેલા પિતામહ ભીષ્મના પ્રાણ ઉપર ચડવા લાગ્યા. તે સમયે ત્યાં એકત્રિત થયેલા બધા સંત-મહાત્માઓની વચ્ચે એક મહાન આશ્ચર્યની ઘટના બની. વ્યાસજી વગેરે બધા મહર્ષિઓએ જોયું કે પિતામહનો પ્રાણ તેમનાં જે જે અંગોને ત્યાગીને ઉપર જતો હતો, તે તે અંગનાં બાણ પોતાની મેળે નીકળી જતાં હતાં અને તેમનો ઘાવ ભરાઈ જતો હતો. આ પ્રમાણે બધાની સામે પિતામહનું શરીર ક્ષણભરમાં બાણોથી રહિત થઈ ગયું. આ જોઈને શ્રીકૃષ્ણ અને વ્યાસજી આદિ બધા મહર્ષિઓને ભારે આશ્ચર્ય થયું. પિતામહે પોતાના શરીરનાં બધાં દ્વારોને બંધ કરીને પ્રાણને બ્રહ્મરન્ધ્રમાં રોકી લીધો. તેથી તે તેમનું મસ્તક (બ્રહ્મરન્ધ્ર) ફોડીને બ્રહ્મરન્ધ્રમાંથી નીકળીને ઉલ્કાની જેમ આકાશ તરફ ઊડ્યો અને ક્ષણભરમાં વિલીન થઈ ગયો. આ પ્રમાણે પિતામહ કાળને અધીન થઈ ગયા. તે સમયે દેવતાઓએ દુંદુભિ વગાડી અને પુષ્પોની વૃષ્ટિ કરી.

ત્યાર પછી ઘણાં કાષ્ઠ અને નાના પ્રકારનાં સુગંધિત દ્રવ્યો લઈને પાંડવ, વિદુર અને યુયુત્સુએ ચિતા તૈયાર કરી અને બાકીના દૂર ઊભા રહીને જોતા રહ્યા. ત્યારપછી યુધિષ્ઠિર તથા વિદુરજીએ પિતામહને ચિતા પર સુવડાવીને તેમને રેશમી વસ્ત્ર અને પુષ્પમાળાઓથી ઢાંકી દીધા. પછી પાંડવોએ વિધિપૂર્વક સમયોચિત પિતૃમેધ કર્યો અને ભીષ્મના મૃતદેહના સંસ્કાર કરીને અગ્નિમાં આહુતિઓ આપી. તે સમયે સામવેદના વિદ્વાન બ્રાહ્મણો સામગાન કરવા લાગ્યા અને ધૃતરાષ્ટ્રે ચંદનનાં કાષ્ઠ અને સુગંધિત દ્રવ્યોથી ભીષ્મના શરીરને આચ્છાદિત કરીને તેમની ચિતામાં અગ્નિ મૂક્યો. પછી ધૃતરાષ્ટ્ર સહિત બધા કૌરવોએ પ્રજ્વલિત થયેલી ચિતાની પ્રદક્ષિણા કરી. આ પ્રમાણે ભીષ્મના

દાહ-સંસ્કાર કરીને બધા કૌરવો પોતાના કુળની સ્ત્રીઓ સાથે ઋષિ-મુનિઓ દ્વારા સેવિત પવિત્ર ભાગીરથીના તટ પર ગયા. તેમની સાથે મહર્ષિ વ્યાસ, દેવર્ષિ નારદ, ભગવાન શ્રીકૃષ્ણ તથા નગરનિવાસીઓ પણ હતા. ત્યાં પહોંચીને બધા લોકોએ વિધિપૂર્વક મહાત્મા ભીષ્મને જલાંજલિ આપી.

તે સમયે પોતાના પુત્ર ભીષ્મને જલાંજલિ આપવાનું કાર્ય પૂરું થઈ ગયા બાદ ભગવતી ગંગાજી જળમાંથી પ્રગટ થયાં અને શોકથી વિકળ થઈને રડીને કહેવા લાગ્યાં, 'મારો પુત્ર ભીષ્મ રાજોચિત સદાચાર-સંપન્ન હતો, એની બુદ્ધિ પવિત્ર હતી અને એનો જન્મ પણ ઉત્તમ કુળમાં થયો હતો. ખરેખર મારું હૃદય પથ્થરનું બનેલું છે, તેથી તો પોતાના પ્રિય પુત્રના મૃતદેહને જોઈને પણ ફાટી જતું નથી. જેણે કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધ કરીને પરશુરામજીને પણ સંકટમાં મૂકી દીધા હતા, એનું મૃત્યુ શિખંડીના હાથે થયું.'

આવી રીતે ગંગાજી બહુ વિલાપ કરવા લાગ્યા, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તેમને સમજાવતાં કહ્યું, 'ધીરજ ધારણ કરો, શોકનો ત્યાગ કરો. તમારા પુત્ર ઉત્તમ લોકમાં ગયા છે એમાં જરા પણ સંદેહ ન કરો. તમારા પુત્ર ભીષ્મ જ્યારે હાથમાં ધનુષ્ય-બાણ લઈને ઊભા રહેતા, તે સમયે સાક્ષાત ઇન્દ્ર પણ તેમને પરાજિત કરવા સમર્થ થઈ શકતા ન હતા. તેઓ તો પોતાની ઇચ્છાથી જ શરીર છોડીને દિવ્ય લોકમાં ગયા છે. સંપૂર્ણ દેવતાઓ મળીને પણ યુદ્ધમાં તેમને જીતવાની શક્તિ ધરાવતા ન હતા, તેથી તમે એમને માટે શોક ન કરો. તેઓ પુનઃ વસુઓના સ્વરૂપને પ્રાપ્ત થયા છે, તમે વ્યથા ન કરો.'

ભગવાન શ્રીકૃષ્ણ અને વ્યાસે જ્યારે આ રીતે સમજાવ્યાં ત્યારે ગંગાજી શોક છોડીને જળમાં લીન થઈ ગયાં.

આશ્વમેધિકપર્વ

યુધિષ્ઠિરનો શોક અને શ્રીકૃષ્ણે તેમને આપેલી સાંત્વના

પિતામહ ભીષ્મને જલાંજલિ આપ્યા પછી મહારાજ ધૃતરાષ્ટ્રને આગળ કરીને યુધિષ્ઠિર ગંગાજીમાંથી બહાર નીકળ્યા. તે સમયે તેમનું હૃદય શોકથી વ્યાકુળ થઈ રહ્યું હતું. એમને હતોત્સાહ જોઈને પાંડવો ફરી શોકમાં ડૂબી ગયા

ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'જો મનુષ્ય મૃત્યુ પામેલા પ્રાણી માટે બહુ શોક કરે તો તેના પરલોકવાસ ગયેલા આત્માને બહુ દુઃખ થાય છે. તેથી યજ્ઞોનું અનુષ્ઠાન કરીને સોમરસથી દેવતાઓને અને શ્રાદ્ધ દ્વારા પિતરોને તૃપ્ત કરો. અતિથિઓને અન્ન-જળ આપીને તથા જરૂરિયાતવાળા મનુષ્યોની ઇચ્છાઓ પૂરી કરીને સંતુષ્ટ કરો. તમે તો ભીષ્મ, વ્યાસ, નારદમુનિ અને વિદુરજીના મુખેથી રાજાઓના ધર્મોનું શ્રવણ કર્યું છે. તેથી તમારે અજ્ઞાની પુરુષોની જેમ શોક કરવો ન જોઈએ. પોતાના પિતા-પિતામહોનું અનુકરણ કરીને રાજ્યનો ભાર સંભાળો. જેવું ભાવિ નિશ્ચિત હતું તે પ્રમાણે બધું થયું છે, તેથી શોક છોડો.'

આમ કહીને ભગવાન શ્રીકૃષ્ણે સૌને સાંત્વના આપી. ત્યારે યુધિષ્ઠિરે કહ્યું, 'આપનો મારા પ્રત્યે જે પ્રેમ છે, તેને હું સારી રીતે જાણું છું. આપ સદા મારા પર કૃપા કરતા જ રહ્યા છો. હવે જે ઉપાયથી મને મારા પાપોથી છુટકારો મળે તે મને કહો.'

ત્યારે વ્યાસજીએ કહ્યું, 'તમારી બુદ્ધિ હજી શુદ્ધ થઈ નથી. મેં અનેકવાર તમારી શંકાઓનું નિવારણ કર્યું છે. પરંતુ તમારી બુદ્ધિ સ્થિર

થઈ નથી. જો છેવટે તમે યુદ્ધરૂપી પાપકર્મની જડ પોતાને જ માનો છો તો તેનો ઉપાય પણ સાંભળો, જેનાથી તે પાપનો નાશ થઈ જાય. ભગવાન રામે તથા દુષ્યંત અને શકુંતલાના પુત્ર રાજા ભરતે જે રીતે અશ્વમેધ યજ્ઞનું અનુષ્ઠાન કર્યું હતું, તે જ પ્રમાણે દક્ષિણા કે મનોવાંચ્છિત પદાર્થો, અન્ન અને ધન વગેરે ખર્ચ કરીને અશ્વમેધ યજ્ઞ કરો.'

યુધિષ્ઠિરે કહ્યું, 'પોતાના જ્ઞાતિજનોનો સંહાર કરાવ્યા બાદ હવે મારી પાસે દક્ષિણા આપવા માટે પર્યાપ્ત ધન નથી રહ્યું. તેથી અત્યારે હું થોડું પણ દાન આપવામાં અસમર્થ છું. યુદ્ધના કારણે તે બધા પણ દીન અને દુઃખી થઈ ગયા છે. તેથી તેમની પાસે હું ધનની યાચના કરી શકું એમ નથી. સમસ્ત પૃથ્વીનો નાશ કરાવી હું શોકમાં ડૂબેલો છું. અશ્વમેધ યજ્ઞમાં સમસ્ત પૃથ્વીની દક્ષિણા આપવી જોઈએ. આ જ વિદ્વાનોએ એની વિધિ બતાવી છે. એ વિના જે કાંઈ કરવામાં આવે છે તે વિધિથી વિપરીત છે. મુખ્ય વસ્તુના અભાવમાં જે બીજી કોઈ વસ્તુ આપવામાં આવે છે, તે પ્રતિનિધિ દક્ષિણા કહેવાય છે, પરંતુ પ્રતિનિધિ દક્ષિણા આપવાની મને ઇચ્છા થતી નથી. તેથી આ બાબતમાં તમે મને યોગ્ય સલાહ આપવાની કૃપા કરો.'

યુધિષ્ઠિરના કહેવાથી મહર્ષિ વ્યાસે થોડીવાર વિચાર કરીને કહ્યું, 'જોકે તમારો ખજાનો અત્યારે ખાલી છે, તો પણ તે બહુ જલદી ભરાઈ જશે. મહાત્મા રાજા મરુત્તે બહુ મોટો યજ્ઞ કરીને તેમાં બ્રાહ્મણોને સોનું દાનમાં આપ્યું હતું. તે એટલું બધું હતું કે બ્રાહ્મણો તેને લઈ જઈ ન શક્યા અને ત્યાં જ મૂકીને ચાલ્યા આવ્યા. તે બધું ધન આજે પણ હિમાલય પર્વત પર પડેલું છે. તમે તેને પ્રાપ્ત કરો. તે તમારા યજ્ઞ માટે પર્યાપ્ત થશે.'

વ્યાસજીએ યુધિષ્ઠિરને સાંત્વના આપી છતાં પણ તેમને બંધુ-બાંધવોના મૃત્યુથી અત્યંત દુઃખી જાણીને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'કુટિલતા મૃત્યુનું સ્થાન છે અને સરળતા બ્રહ્મપ્રાપ્તિનો હેતુ છે, આ વાતને યથાર્થ રીતે સમજી લેવી એ જ જ્ઞાન છે. અત્યારે તમારે એકલાએ જ પોતાના મન સાથે લડવાનું છે. જે કર્મ પાસેથી કશી કામના રાખે છે, તે ધર્મ નથી. વાસ્તવમાં કામનાઓનો નિગ્રહ જ ધર્મ છે અને તે જ મોક્ષનું બીજ છે. તમે પણ યજ્ઞો દ્વારા પોતાની કામનાને ધર્મમાં જોડી દો. એમ કરવાથી તમને અભીષ્ટની પ્રાપ્તિ થશે. વિધિ અનુસાર પર્યાપ્ત દક્ષિણા આપીને તમે અશ્વમેધ તથા અન્ય યજ્ઞોનું અનુષ્ઠાન કરો. તેનાથી તમને આ લોકમાં કીર્તિ અને પરલોકમાં શ્રેષ્ઠ ગતિ પ્રાપ્ત થશે.'

આ પ્રમાણે નારદ, ભીમ, અર્જુન, નકુળ, સહદેવ, દ્રૌપદી, અન્ય શ્રેષ્ઠ પુરુષો અને બ્રાહ્મણોએ સમજાવવાથી યુધિષ્ઠિરનું દુઃખ દૂર થયું અને તેમણે માનસિક ચિંતા છોડીને દેવતાઓ તથા બ્રાહ્મણોનું પૂજન કર્યું.

પછી પોતાના રાજ્યનો સ્વીકાર કરીને વ્યાસ, નારદ તથા બીજા મુનિવરોને કહેવા લાગ્યા, 'તમે બધા વૃદ્ધ અને મુનિઓમાં શ્રેષ્ઠ છો. તમારી વાતોથી મને બહુ સાંત્વના મળી છે. હવે મારા મનમાં સહેજ પણ દુઃખ નથી. હવે હું સારી રીતે દેવતાઓનું યજન કરી શકીશ. હવે તમારા બધાની ઉપસ્થિતિમાં જ યજ્ઞનો આરંભ કરીશ. અમે લોકો તમારા જ રક્ષણમાં રહીને હિમાલય પર્વત પર જઈશું. મહાન પુરુષો સિવાય બીજા કોઈને સંકટ સમયે તમારા જેવા સાધુ-સન્માનિત હિતૈષી ગુરુજનોનાં દર્શન સુલભ થતાં નથી.'

રાજા યુધિષ્ઠિર દ્વારા આ પ્રમાણે કૃતજ્ઞતા પ્રગટ કરવાથી બધા મહર્ષિઓ બહુ પ્રસન્ન થયા અને યુધિષ્ઠિર, શ્રીકૃષ્ણ તથા અર્જુનની અનુમતિ લઈને તે બધાની નજર સમક્ષ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. તેમણે ભીષ્મ અને કર્ણ વગેરે કુરુવંશીઓના નિમિત્તે શ્રાદ્ધમાં બ્રાહ્મણોને દાન આપ્યું. પછી બધાએ હસ્તિનાપુરજવા પ્રસ્થાન કર્યું

સત્ત્વાદિ ગુણ, પ્રકૃતિનાં નામ તથા પરમાત્મ તત્ત્વના જ્ઞાનનો મહિમા

બ્રહ્માજીએ કહ્યું, સત્ત્વ, રજો અને તમો – એ ગુણોનું વર્ણન કરવું અસંભવ છે, કેમ કે એ ત્રણે ગુણો અવિછિન્ન જોવામાં આવે છે. આ જગતમાં જ્યાં સુધી તમોગુણ અને સત્ત્વગુણ છે ત્યાં સુધી રજોગુણની પણ સત્તા રહે જ છે. એ ગુણો હંમેશાં સાથે જ રહીને વિદ્યમાન રહે છે. એવું હોવા છતાં પણ કોઈકની અલ્પતા જોવામાં આવે છે અને કોઈકની અધિકતા. શૂદ્રમાં તમોગુણની, ક્ષત્રિયમાં રજોગુણની અને બ્રાહ્મણમાં સત્ત્વગુણની પ્રધાનતા હોય છે. આ પ્રમાણે આ ત્રણે વર્ણોમાં મોટે ભાગે આ ત્રણ ગુણ રહે છે. જે મનુષ્ય પ્રકૃતિના નામો, સત્ત્વાદિ ગુણો અને સંપૂર્ણ ગતિઓને યથાર્થ રીતે જાણે છે, તે ગુણ-વિભાગના તત્ત્વનો જ્ઞાતા છે. તેની ઉપર સાંસારિક દુઃખોનો પ્રભાવ પડતો નથી. તે શરીર છોડ્યા પછી તમામ ગુણોના બંધનથી છૂટી જાય છે.

જ્યારે પંચમહાભૂતોના વિનાશ સમયે પ્રલયકાળ ઉપસ્થિત થાય છે, તે સમયે સમસ્ત પ્રાણીઓને મહાન ભયનો સામનો કરવો પડે છે, પરંતુ

આત્મજ્ઞાની ધીર પુરુષ તે સમયે પણ મોહિત થતો નથી. જે આ પ્રમાણે બુદ્ધિરૂપી જ્ઞાનીઓ પરમ ગતિરૂપ પરમ પ્રભુને જાણે છે, તે બુદ્ધિમાન બુદ્ધિની સીમાને પાર પહોંચી જાય છે.

શ્રીકૃષ્ણે અર્જુન સાથે હસ્તિનાપુર જવું અને ત્યાં બધાને મળીને યુધિષ્ઠિરની આજ્ઞા લઈને સુભદ્રા સાથે દ્વારકા જવા પ્રસ્થાન કરવું

ત્યારપછી શ્રીકૃષ્ણે દારુકને રથ તૈયાર કરવાની આજ્ઞા આપી. દારુકે થોડી જ વારમાં આવીને સૂચના આપી કે રથ જોડીને તૈયાર છે. એ જ પ્રમાણે અર્જુને પણ પોતાના અનુચરોને આદેશ આપ્યો કે, 'બધા લોકો તૈયાર થઈ જાઓ. હસ્તિનાપુર જવું છે.' આજ્ઞા મળતાં જ બધા સેવકો તૈયાર થઈ ગયા અને અર્જુન પાસે જઈને કહ્યું, 'પ્રવાસનો પ્રબંધ થઈ ગયો છે.'

ત્યારપછી શ્રીકૃષ્ણ અને અર્જુન રથ પર સવાર થયા અને પ્રસન્નતા સાથે જાતજાતની વાતો કરતા રહીને હસ્તિનાપુર તરફ રવાના થયા. તે સમયે અર્જુને રથમાં બેઠેલા શ્રીકૃષ્ણને કહ્યું, 'મહારાજ યુધિષ્ઠિરે આપની કૃપાથી જ વિજય મેળવ્યો, શત્રુઓનો વધ કર્યો અને અકંટક રાજ્ય પ્રાપ્ત કર્યું છે. અમે પાંડવો આપનાથી સનાથ છીએ. આપને જ નૌકારૂપે પ્રાપ્ત કરીને અમે લોકો કૌરવસેનારૂપી સમુદ્રથી પાર ઊતર્યા છીએ. આપ જ આ જગતના આત્મા અને સંસારમાં સર્વશ્રેષ્ઠ છો. હું આપને એ જ રીતે જાણું છું જે રીતે આપ મને જાણો છો. આપના તેજથી હંમેશાં સંપૂર્ણ ભૂતોની ઉત્પત્તિ થાય છે. આપે પ્રેમવશ મને જે જે ઉપદેશ આપ્યો છે તે રીતે હું આચરણ કરીશ. આપ દ્વારકા જવા ઇચ્છો છો તો ભલે જાઓ, એમાં મારી સંમતિ છે. તેમની પાસે આપને આજ્ઞા અપાવવાનો પ્રયત્ન કરીશ. હવે શીઘ્ર જ આપ મામાજીનાં દર્શન કરશો અને બળભદ્રજી તથા અન્ય વૃષ્ણિવંશી વીરોને મળી શકશો.'

આ પ્રમાણે વાત કરતા રહીને શ્રીકૃષ્ણ અને અર્જુન બંને હસ્તિનાપુર પહોંચ્યા. નગરમાં પ્રવેશ કરતાં જ ત્યાંનાં સ્ત્રી-પુરુષો કૃતાર્થ થઈ ગયા. રાજા ધૃતરાષ્ટ્ર પાસે જઈને શ્રીકૃષ્ણ અને અર્જુને પોતાનાં નામ જણાવીને તેમના બંને ચરણોનો સ્પર્શ કર્યો. પછી તે બધાની સાથે થોડીવાર તેઓ વૃદ્ધ રાજા ધૃતરાષ્ટ્રની સેવામાં બેઠા રહ્યા. ત્યાર પછી રાત્રિના સમયે રાજા ધૃતરાષ્ટ્રે પાંડવો અને શ્રીકૃષ્ણને પોતપોતાના સ્થાને જવાની આજ્ઞા આપી. રાજાની આજ્ઞા લઈને બધા

પોતપોતાના મહેલમાં આવ્યા. શ્રીકૃષ્ણ અર્જુનની સાથે તેમના જ મહેલમાં ગયા. ત્યાં તેમનો આદર-સત્કાર થયો અને તેઓ ભોજન વગેરેથી નિવૃત્ત થઈને અર્જુનની સાથે સૂઈ ગયા. જ્યારે રાત્રિ પસાર થઈ ગઈ ત્યારે પ્રાતઃકાળે પૂર્વાહ્ણની ક્રિયા-સંધ્યાવંદન વગેરે કરીને તે બંને પોતાના મંત્રીઓ સાથે યુધિષ્ઠિરના મહેલમાં ગયા. તે ભવનમાં પ્રવેશ કરીને તેઓએ ધર્મરાજનાં દર્શન કર્યાં. તેમના આગમનથી ધર્મરાજને ભારે પ્રસન્નતા થઈ. પછી તેમની આજ્ઞાથી તે બંને આસનો પર બિરાજમાન થયા. તેમને જોતાં જ સમજી ગયા કે આ બંને મને કાંઈક કહેવા ઇચ્છે છે. તેથી તેઓ બોલ્યા, 'એવું લાગે છે કે તમે લોકો મને કાંઈક કહેવા ઇચ્છો છો. જે કહેવું હોય તે કહો. હું તે બધું તમારી ઇચ્છા પ્રમાણે કરીશ. તમે મનમાં કોઈ સંકોચ રાખશો નહિ.'

આ સાંભળીને અર્જુને ધર્મરાજ પાસે જઈને વિનયપૂર્વક કહ્યું, 'ભગવાન શ્રીકૃષ્ણને અહીં આવ્યે ઘણા દિવસ થઈ ગયા. હવે તેઓ તમારી આજ્ઞા લઈને પોતાના પિતાનાં દર્શન કરવા ઇચ્છે છે. તમે હર્ષપૂર્વક આજ્ઞા આપો, તો જ તેઓ દ્વારકાપુરી જશે.' તેથી મારી પ્રાર્થના છે કે, તમે તેમને જવાની આજ્ઞા આપો.'

યુધિષ્ઠિરે તેમને દ્વારાકા જવાની અનુમતિ આપી.

યુધિષ્ઠિર અને કુંતીની આજ્ઞાથી સુભદ્રાને સાથે લઈને શ્રીકૃષ્ણ દિવ્ય રથ પર બેસીને હસ્તિનાપુરની બહાર નીકળ્યા. તે સમયે નગરજનો તેમને વળાવવા માટે થોડે દૂર સુધી ગયા. ત્યારપછી શ્રીકૃષ્ણે બધાને પાછા મોકલીને દારુક અને સાત્યકિને કહ્યું, 'હવે રથને ઝડપથી હાંકો.'

ભગવાન શ્રીકૃષ્ણનો દ્વારકા પ્રવેશ

માર્ગમાં અનેક સરોવરો, નદીઓ, વન અને પર્વતો ઓળંગીને શ્રીકૃષ્ણ-સુભદ્રા દ્વારકાનગરીમાં પહોંચી ગયા. તે સમયે ત્યાં રૈવતક પર્વત પર મોટો ઉત્સવ ચાલી રહ્યો હતો. સાત્યકિને સાથે લઈને શ્રીકૃષ્ણ પણ તે મહોત્સવમાં પધાર્યા. તે સમયે રૈવતક પર્વતને શણગારવામાં આવ્યો હતો.

ત્યારપછી બધાને મળીને અને બધા દ્વારા સન્માનિત થઈને ભગવાન શ્રીકૃષ્ણ અને સુભદ્રા પોતપોતાનાં ભવનમાં ચાલ્યા ગયા. ભગવાન ઘણા દિવસ પછી ઘરે આવ્યા હતા, તેથી તેઓ બહુ પ્રસન્ન હતા. તે સમયે તેમની પાસે ભોજ, વૃષ્ણિ અને અંધકવંશી વીરો મળવા માટે ગયા. તેમણે બધાનો આદર-સત્કાર કરીને તેમની કુશળતા પૂછી

અને પોતાના માતા-પિતાના ચરણોમાં પ્રણામ કર્યાં. શ્રીકૃષ્ણ જ્યારે વિશ્રામ લઈ ચૂક્યા ત્યારે પિતાના પૂછવાથી તેમણે મહાભારતની બધી ઘટના તેમને કહી સંભળાવી.

વસુદેવજીએ પૂછ્યું, 'હું દરરોજ લોકોના મોઢેથી સાંભળી રહ્યો છું કે મહાભારતનું યુદ્ધ બહુ જ અદ્‌ભુત હતું પરંતુ તમે તો તેને જોઈને આવ્યા છો અને તેના સ્વરૂપથી પણ સારી રીતે પરિચિત છો. તેથી મને વિસ્તારથી તે બધું કહો.'

પિતાના પૂછવાથી ભગવાન શ્રીકૃષ્ણ પોતાની માતાની સામે જ મહાભારતના યુદ્ધનું વર્ણન કરવા લાગ્યા.

શ્રીકૃષ્ણે કહ્યું, 'મહાભારતના યુદ્ધમાં વીરગતિને પામેલા ક્ષત્રિયોની વીરતા અતિ પ્રશંસનીય હતાં. જો વિસ્તાર સાથે વર્ણન કરવામાં આવે તો સો વર્ષમાં પણ તે વાત પૂરી રીતે કહી શકાય એમ નથી. તેથી હું સંક્ષેપમાં મુખ્ય વાતો કહી રહ્યો છું. કૌરવ અને પાંડવોમાં દસ દિવસ સુધી ઘણું રોમાંચકારી યુદ્ધ થયું. દસમા દિવસે શિખંડીએ અર્જુનની આડમાં પિતામહ ભીષ્મને પોતાનાં બાણોના નિશાન બનાવ્યા. તેનાથી ઘાયલ થઈને પિતામહ બાણશૈય્યા પર ઢળી પડ્યા. સૂર્યદેવ ઉત્તરાયણમાં આવ્યા પછી તેમણે મૃત્યુનો સ્વીકાર કર્યો.

કૌરવસેનાથી ઘેરાયેલા પાંડવોએ તેમનો વધ કરી નાખવા માટે યુદ્ધમાં ભારે પરાક્રમ દેખાડ્યું. ધૃષ્ટદ્યુમ્ન અને દ્રોણના ભીષણ સંગ્રામમાં બધી દિશાઓમાંથી આવેલા રાજાઓ અધિક સંખ્યામાં વીરગતિને પામ્યા. તે બંનેનું યુદ્ધ પાંચ દિવસ સુધી ચાલતું રહ્યું. અંતે ધૃષ્ટદ્યુમ્નના હાથે દ્રોણાચાર્યનું મૃત્યુ થયું.

ગુરુ દ્રોણના મરાઈ ગયા પછી દુર્યોધનની સેનાનું નેતૃત્વ કર્ણના હાથમાં આવ્યું. કર્ણ બે દિવસ સુધી યુદ્ધ કરતો રહ્યો અને બીજા દિવસે અર્જુન સાથે યુદ્ધ કરતાં વીરગતિને પામ્યો. કર્ણના મૃત્યુથી કૌરવોનો ઉત્સાહ નષ્ટ થઈ ગયો. કુરુરાજ યુધિષ્ઠિરે મધ્યાહ્ન થતાં અત્યંત દુષ્કર પરાક્રમ દેખાડીને મદ્રરાજ શલ્યનો વધ કરી નાખ્યો.

શલ્યના મરાઈ જવાથી પરાક્રમી સહદેવે શકુનિને યમલોક મોકલી દીધો. તેનું મૃત્યુ થઈ જતાં દુર્યોધન બહુ દુ:ખી થઈ ગયો. ત્યાર પછી જ્યારે પાંડવોની સેના પોતાની છાવણીમાં નિશ્ચિંત થઈને સૂઈ રહી હતી, તે સમયે દ્રોણપુત્ર અશ્વત્થામાએ પોતાના પિતાના વધને સહી ન શકવાના કારણે આક્રમણ કર્યું અને સર્વ સૂતેલા પાંડવપુત્રોનો વધ કરી નાખ્યો.

મારા અને સાત્યકિ સાથે માત્ર પાંચ પાંડવો બચ્યા છે. કૌરવોના પક્ષમાં કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામા જીવિત છે. પાંડવોનો આશ્રય લેવાના કારણે ધૃતરાષ્ટ્રપુત્ર યુયુત્સુના પણ પ્રાણ બચી ગયા છે. દુર્યોધનના મરાઈ જવાથી વિદુર અને સંજય યુધિષ્ઠિરના આશ્રયમાં આવી ગયા છે. આ પ્રમાણે તે યુદ્ધ અઢાર દિવસ સુધી ચાલુ રહ્યું. તેમાં જે રાજાઓ મરાઈ ગયા છે તેઓને સ્વર્ગમાં સ્થાન મળ્યું છે.

રોમાંચકારી આ કથા સાંભળીને વૃષ્ણિવંશીઓ દુ:ખ-શોકથી વ્યાકુળ થઈ ગયા.

શ્રીકૃષ્ણે વસુદેવજીને અભિમન્યુ વધની વાત કહી

પિતાની સામે મહાભારત-યુદ્ધનો વૃત્તાંત સંભળાવતી વખતે શ્રીકૃષ્ણે અભિમન્યુ-વધના પ્રસંગને જાણી જોઈને છોડી દીધો. તેમણે વિચાર્યું, 'પિતાજી પોતાના દોહિત્રના મૃત્યુના અમંગળ સમાચાર સાંભળીને ક્યાંક શોકમાં ડૂબી ન જાય, એમનું અનિષ્ટ ન થઈ જાય. તેથી તે પ્રસંગને ટાળી દીધો. પરંતુ સુભદ્રાએ જ્યારે જોયું કે, મારા પુત્રના વીરગતિના સમાચાર તો ભાઈએ કહ્યા નહિ. ત્યારે તેણે યાદ કરાવતાં કહ્યું, 'મારા અભિમન્યુના વધની વાત ન કરી?' એટલું કહીને તે મૂર્છિત થઈને જમીન પર પડી ગઈ. પોતાના દોહિત્રના મૃત્યુના સમાચાર જાણીને વસુદેવજી શોકથી વ્યાકુળ થઈ ગયા.

તેમણે શ્રીકૃષ્ણને કહ્યું, 'તમે મારા દોહિત્રના મૃત્યુની વાત કેમ કહેતા નથી? એની આંખો તમારા જેવી જ સુંદર હતી. તમારા રહેતાં તે શત્રુઓના હાથે કઈ રીતે મરાઈ ગયો?'

આમ અત્યંત દુ:ખી થઈને જ્યારે વસુદેવજી વિલાપ કરવા લાગ્યા ત્યારે તેમની અવસ્થા જોઈને શ્રીકૃષ્ણને ભારે દુ:ખ થયું. તેઓ પિતાજીને સાંત્વના આપતા કહેવા લાગ્યા, 'અભિમન્યુએ યુદ્ધમાં જે પરાક્રમ દેખાડ્યું છે તે કદી કોઈ વીરે બતાવ્યું નથી કે ભવિષ્યમાં બતાવી શકશે નહીં. તે યુદ્ધમાં તેણે એકલા હાથે અનેક ક્ષત્રિયવીરોને પરાજિત કરી દીધા. તે ગુરુ દ્રોણ અને કર્ણનો સામનો કરવા લાગ્યો. તે બંનેની સાથે લડતાં જ્યારે તે અત્યંત થાકી ગયો, ત્યારે દુ:શાસનના પુત્રે યુદ્ધના નિયમનો ભંગ કરી તેનો વધ કરી નાખ્યો. તેના પર વિજય મેળવ્યો.'

અર્જુન સંશપ્તકો સાથે યુદ્ધ કરવા માટે રણભૂમિથી ઘણા દૂર ચાલ્યા ગયા હતા. તે સમયનો લાભ ઉઠાવીને તે અનન્ય યોદ્ધાને દ્રોણાચાર્ય વગેરે અનેક વીરોએ મળીને ચારે બાજુથી ઘેરી લીધો અને તેના પર વાર કરવા

લાગ્યા. તો પણ તે શત્રુઓનો મોટો સંહાર કરીને દુઃશાસનના પુત્રના હાથે મરાઈ ગયો. તેના મૃત્યુથી મારી બહેન સુભદ્રા જ્યારે દુઃખથી વ્યાકુળ થઈને વિલાપ કરવા લાગી, ત્યારે કુંતીએ તેને સમજાવતાં કહ્યું, 'શ્રીકૃષ્ણ, સાત્યકિ અને અર્જુનનો લાડકવાયો અભિમન્યુ કાળની પ્રેરણાથી જ યુદ્ધમાં વીરગતિને પામ્યો છે. એક ને એક દિવસ સૌ જીવોએ મૃત્યુને વશ થવું જ પડે છે માટે શોક ન કરો. તમારો પુત્ર ઉત્તમ ગતિને પ્રાપ્ત થયો છે. તમારી પુત્રવધૂ ઉત્તરા ગર્ભવતી છે. તેની સામે જોઈને ચિંતા છોડી દો. એ અભિમન્યુના પુત્રને જન્મ આપવાની છે.' આ પ્રમાણે એને સમજાવીને કુંતીએ અભિમન્યુના શ્રાદ્ધની તૈયારી કરાવી. બ્રાહ્મણોને અનેક ગાયોનું દાન આપીને ઉત્તરાને કહ્યું, 'હવે તમે તમારા પતિ માટે વધારે શોક ન કરો. પોતાના ગર્ભના બાળકની રક્ષાનું ધ્યાન આપો.' આમ કહીને કુંતીફોઈ ચૂપ થઈ ગયાં. અત્યારે તેમની આજ્ઞાથી જ હું સુભદ્રાને સાથે લઈને આવ્યો છું.'

પોતાના પુત્ર શ્રીકૃષ્ણની વાત સાંભળીને વસુદેવજીએ શોક છોડીને ઉત્તમ વિધિ અનુસાર તેનું શ્રાદ્ધ કર્યું. આ જ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાના ભાણેજની શ્રાદ્ધક્રિયા પૂરી કરી. તેમણે સાઠ લાખ બ્રાહ્મણોને વિધિપૂર્વક ઉત્તમ અન્નનું ભોજન કરાવ્યું અને સુવર્ણ, ગાયો, શય્યા અને વસ્ત્રનું દાન કર્યું તેઓ આશીર્વાદ આપવા લાગ્યા. શ્રીકૃષ્ણની સાથે બલરામ, સાત્યકિ અને સત્યકે પણ અભિમન્યુનું શ્રાદ્ધ કર્યું.

આ તરફ હસ્તિનાપુરમાં ઉત્તરાએ પતિવિયોગના દુઃખથી વ્યથિત થઈને ઘણા દિવસ સુધી ભોજન-પાણી છોડી દીધાં. આના કારણે પરિવારના લોકોને ભારે કષ્ટ થયું. તેની આવી સ્થિતિને પોતાની દિવ્ય દૃષ્ટિથી જાણીને વ્યાસજી ત્યાં આવ્યા. કુંતીને તથા ઉત્તરાને મળીને બોલ્યા, 'ઉત્તરા, આ શોકને છોડો, તમારો પુત્ર મહાન તેજસ્વી થશે. ભગવાન શ્રીકૃષ્ણના પ્રભાવ અને મારા આશીર્વાદથી તે પાંડવો પછી સંપૂર્ણ પૃથ્વીનું પાલન કરશે.' ત્યાર પછી વ્યાસજીએ ધર્મરાજ યુધિષ્ઠિરને ઉદ્દેશીને અર્જુન તરફ જોઈને કહ્યું, 'તમારે ત્યાં થોડા સમયમાં પૌત્રનો જન્મ થશે. એ બાળક અત્યંત સૌભાગ્યશાળી અને મહાતેજસ્વી થશે.'

વ્યાસજી દ્વારા આ પ્રમાણે સમજાવવાથી સૌએ શોકનો ત્યાગ કર્યો. ત્યાર પછી વ્યાસજીએ યુધિષ્ઠિરને અશ્વમેધ યજ્ઞ કરવાની આજ્ઞા આપી અને સ્વયં ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. વ્યાસજીની વાત સાંભળીને રાજા યુધિષ્ઠિરે પણ હિમાલયથી ધન લઈ આવવાનો વિચાર કર્યો.

ભાઈઓ સાથે યુધિષ્ઠિરે હિમાલય પર સુવર્ણ લેવા જવું

મહર્ષિ વ્યાસની કહેલી વાત સાંભળીને રાજા યુધિષ્ઠિરે ભીમ, અર્જુન, નકુળ અને સહદેવ - બધા ભાઈઓને બોલાવીને કહ્યું, 'ભાઈઓ! વ્યાસજી, ભીષ્મ તથા શ્રીકૃષ્ણે જે વાતો કહી છે, તે બધી તમે સાંભળી છે. હવે હું તે પ્રમાણે કાર્યનો આરંભ કરવા ઇચ્છું છું. આમ કરવાથી વર્તમાન અને ભવિષ્યમાં પણ આપણા બધાનું હિત થશે. હાલ સંપૂર્ણ પૃથ્વી રત્ન અને ધનથી રહિત થઈ ગઈ છે. તેથી આપણી આર્થિક મુશ્કેલી દૂર કરવા માટે વ્યાસજીએ આપણને મરુતના વધેલા ધનનું સ્થાન બતાવ્યું છે. જો તમે લોકો તે ધનને પર્યાપ્ત સમજો અને તે લઈ આવવાનું આપણામાં સામર્થ્ય હોય તો વ્યાસજીની આજ્ઞા માનીને ધર્મ અનુસાર તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો અથવા ભીમ! તમે જણાવો, તમારો આ વિશે શો અભિપ્રાય છે?'

યુધિષ્ઠિરના આ પ્રમાણે કહેવાથી ભીમ હાથ જોડીને બોલ્યા, 'જો આપણને મરુતનું ધન પ્રાપ્ત થઈ જાય તો આપણું તમામ કાર્ય સંપન્ન થઈ જાય. આપણે ભગવાન શંકરને પ્રણામ કરીને તે ધન લઈ આવીશું. દેવાધિદેવ મહાદેવ તથા તેમના અનુચરોની પૂજા કરીને મન, વાણી અને ક્રિયા દ્વારા તેમને પ્રસન્ન કરીશું. પછી આપણને તે ધનની અવશ્ય પ્રાપ્તિ થશે. કિન્નરો તે ધનની રક્ષા માટે નિયુક્ત છે. તેઓ પણ ભગવાન શંકર પ્રસન્ન થઈ જતાં આપણા અધીન થઈ જશે.'

ભીમની વાત સાંભળીને રાજા યુધિષ્ઠિરને પ્રસન્નતા થઈ. અર્જુન, નકુળ અને સહદેવે પણ તેમની વાતનું સમર્થન કર્યું. ત્યાર પછી બધા પાંડવોએ ધન લાવવાનો નિશ્ચય કરીને શુભ દિવસ અને નક્ષત્રમાં સૌએ યાત્રા માટે તૈયારી કરી. પછી બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવીને, મહેશ્વરની પૂજા કરીને તેઓ પ્રસન્નતા સાથે જવા માટે તૈયાર થયા. બ્રાહ્મણોએ તેઓને જવાની આજ્ઞા આપી. માર્ગમાં અનેક લોકો પ્રસન્ન થઈને રાજા યુધિષ્ઠિરને વિજય-સૂચક આશીર્વાદ આપતા હતા અને રાજા તેનો સ્વીકાર કરતા હતા. રાજાની પાછળ અનેક સૈનિકો ચાલી રહ્યા હતા. અનેક સરોવરો, નદીઓ, વનો અને ઉપવનોને ઓળંગીને મહારાજ યુધિષ્ઠિર પર્વતરાજ હિમાલય પાસે જઈ પહોંચ્યા, જ્યાં રાજા મરુતનું ઉત્તમ દ્રવ્ય એકત્ર કરેલું હતું. ત્યાં સમતળ અને સુખદ સ્થાન જોઈને રાજાએ તપ, વિદ્યા અને સંયમથી યુક્ત બ્રાહ્મણો તથા વેદ-વેદાંગના પારગામી રાજપુરોહિત ધૌમ્યમુનિને આગળ રાખીને પડાવ નાખ્યો. બધી

વ્યવસ્થા થઈ ગયા બાદ રાજા યુધિષ્ઠિરે બ્રાહ્મણોને કહ્યું, 'આ કાર્યને માટે કોઈ શુભ દિવસ અને નક્ષત્ર જોઈને તમને યોગ્ય લાગે તે પ્રમાણે કરો.'

રાજાની વાત સાંભળીને તેમનું પ્રિય કરવાની ઇચ્છાવાળા પુરોહિતો અને બ્રાહ્મણો બોલ્યા, 'આજે જ પરમ પવિત્ર દિવસ અને નક્ષત્ર છે. તેથી આજથી જ આ શુભ કાર્યની સિદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ. અમે લોકો તો આજે જળપાન જ કરીશું અને તમારે પણ આજે પોતાના ભાઈઓ સહિત ઉપવાસ કરવો જોઈએ.'

બ્રાહ્મણોની વાત સાંભળીને બધા પાંડવોએ તે દિવસે ઉપવાસ કર્યો અને દર્ભનાં આસનો પર બેસીને શ્રદ્ધાપૂર્વક બ્રાહ્મણોની વાતો સાંભળતા રહીને રાત્રિ વ્યતીત કરી. બીજા દિવસના પ્રભાતનો ઉદય થયો, ત્યારે બ્રાહ્મણોએ રાજા યુધિષ્ઠિરને કહ્યું,

'હવે તમે ભગવાન શંકરની પૂજા કરો, એમને નૈવેદ્ય અર્પણ કરીને પછી આપણે પોતાના કાર્યનો પ્રયત્ન કરવો જોઈએ.'

બ્રાહ્મણોની આજ્ઞા મળતાં યુધિષ્ઠિરે શાસ્ત્રીય વિધિ અનુસાર ભગવાન શંકરને નૈવેદ્ય અર્પણ કર્યું અને બ્રાહ્મણોને હજારો ગાયો દાનમાં આપી. આ પ્રમાણે ભગવાન શિવ અને તેમના પાર્ષદોની પૂજા કરીને મહર્ષિ વ્યાસને આગળ કરીને રાજા યુધિષ્ઠિર તે સ્થાન પર ગયા, જ્યાં તે સુવર્ણ રાશિ સંચિત હતી. ત્યાં ધનપતિ કુબેરની પૂજા કરીને તેમને પ્રણામ કર્યાં. ત્યાર પછી બ્રાહ્મણો દ્વારા સ્વસ્તિવાચન કરાવ્યું.

બ્રાહ્મણોના સ્વસ્તિ વાચનના સ્વરથી મહાન તેજને પ્રાપ્ત થઈને રાજા યુધિષ્ઠિર બહુ પ્રસન્ન થયા અને તેમણે તે ભૂમિને ખોદાવવાનો આરંભ કર્યો. થોડી જ વારમાં સોનાનાં બનાવેલાં અનેક પ્રકારનાં વાસણો નીકળ્યાં. તેમને મૂકવા માટે મોટા પટારા મંગાવવામાં આવ્યાં. એ બધાને ઉપાડીને લઈ જવા માટે રાજા પોતાની સાથે કેટલાંયે વાહનો લાવ્યા હતાં. આ બધાં વાહનો પર ધન મુકાવીને યુધિષ્ઠિરે ફરી મહાદેવજીનું પૂજન કર્યું અને વ્યાસજીની આજ્ઞા લઈને પુરોહિત ધૌમ્યમુનિને આગળ કરીને હસ્તિનાપુર માટે પ્રસ્થાન કર્યું. દ્રવ્ય મેળવવાથી વિશાળ સેના પાંડવોનો હર્ષ વધારતી રહીને બહુ ઉત્સાહથી નગર તરફ જઈ રહી હતી.

શ્રીકૃષ્ણનું હસ્તિનાપુર આગમન. ઉત્તરાના મૃત બાળકને જીવતો કરવા માટે કુંતી વગેરેની તેમને પ્રાર્થના

ભગવાન શ્રીકૃષ્ણ પણ વૃષ્ણિવંશીઓની સાથે હસ્તિનાપુર આવી ગયા. તેઓ દ્વારકા ગયા ત્યારે યુધિષ્ઠિરે જેવી વાત કહી હતી, તે પ્રમાણે

અશ્વમેધ યજ્ઞનો સમય નજીક આવી ગયો હોવાથી તેઓ પહેલાં જ ઉપસ્થિત થઈ ગયા. શ્રીકૃષ્ણના આગમનના સમાચાર મળતાં રાજા ધૃતરાષ્ટ્ર તથા વિદુરજીએ આગળ વધીને તેમનું વિધિવત સ્વાગત કર્યું. પરમાત્મા શ્રીકૃષ્ણ પોતાના બંધુ-બાંધવો સહિત ત્યાં યુયુત્સુ અને વિદુરજીની સાથે રહેવા લાગ્યા. વૃષ્ણિવંશીઓના હસ્તિનાપુરના નિવાસ દરમિયાન જ તમારા પિતા રાજા પરીક્ષિતનો જન્મ થયો. તેઓ અશ્વત્થામાએ છોડેલા બ્રહ્માસ્ત્રથી પીડિત હોવાના કારણે ચેષ્ટાહીન રૂપમાં ઉત્પન્ન થયા હતા. પુત્ર-જન્મના સમાચારથી બધાંને હર્ષ થયો, પરંતુ તેનામાં જીવ હોવાનાં કોઈ ચિહ્ન ન જોઈને સૌમાં તરત જ શોકનો સમુદ્ર ઊમટી પડ્યો.

શ્રીકૃષ્ણે જ્યારે આ વાત સાંભળી ત્યારે તેઓ સાત્યકિને સાથે લઈને અંતઃપુરમાં પહોંચી ગયા. ત્યાં તેમણે પોતાના ફોઈ કુંતીને ખૂબ ઉતાવળે આવતાં જોયાં, જે વારંવાર શ્રીકૃષ્ણનું નામ પોકારીને બૂમો પાડી રહ્યાં હતાં. તેમની પાછળ દ્રૌપદી, સુભદ્રા અને અન્ય ભાઈઓની સ્ત્રીઓ પણ હતી, તે સર્વ અત્યંત કરુણ સ્વરથી વિલાપ કરી રહી હતી.

એ સર્વેએ ગદ્‌ગદ્‌ વાણીમાં શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી: 'તમને પ્રાપ્ત કરીને તમારી માતા દેવકી ઉત્તમ પુણ્યશાળી છે. તમે જ અમારું અવલંબન અને તમે જ અમારો આધાર છો. અમારા આ કુળદીપકની રક્ષાનો આધાર તમારા પર જ છે. આ તમારા ભાણેજ અભિમન્યુનો બાળક છે જે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી મૃતવત જન્મ્યો છે. આને જીવન-દાન આપો.'

અશ્વત્થામાએ જ્યારે સરકડાના બાણનો પ્રયોગ કર્યો હતો, તે સમયે તમે એવી પ્રતિજ્ઞા કરી હતી કે હું ઉત્તરાના મરેલા બાળકને પણ જીવતો કરી દઈશ. તો આ બાળક ઉપર નજર નાખો, આને જીવતો કરીને ઉત્તરા, સુભદ્રા અને દ્રૌપદી સહિત સૌની રક્ષા કરો. મારા અને પાંડવોના પ્રાણ આ બાળકને જ અધીન છે. આને જીવન-દાન આપીને અભિમન્યુનું પણ પ્રિય કરો. શ્રીકૃષ્ણ! મારી વહુરાણી ઉત્તરા અભિમન્યુની કહેલી એક વાત વારંવાર અમને કહ્યા કરે છે. અભિમન્યુએ ક્યારેક ઉત્તરાને સ્નેહવશ કહ્યું હતું, 'આપણો પુત્ર મારા મામાને ત્યાં સંપૂર્ણ નીતિ-શાસ્ત્રનું શિક્ષણ પ્રાપ્ત કરશે. તેમની કહેલી એ વાત સત્ય થવી જોઈએ. અમારા કુળના હિત માટે અમે બધાં આપના ચરણોમાં પડીને આ બાળકના પ્રાણોની ભિક્ષા માગીએ છીએ. આ બાળકને જીવતો કરીને કુરુવંશનું કલ્યાણ કરો.'

આમ કહીને કુંતી દુઃખથી વ્યાકુળ થઈને જમીન પર પડી ગયાં.

ત્યારે શ્રીકૃષ્ણે તેમને સહારો આપીને બેસાડ્યાં અને સાંત્વના આપી. સુભદ્રા પોતાના ભાઈ શ્રીકૃષ્ણ તરફ જોઈને વિલાપ કરીને રડવા લાગી અને બોલી, 'ભાઈ! પોતાના સખા પાર્થના આ પૌત્રની દશા તો જુઓ! અભિમન્યુનો પુત્ર જન્મ લેવાની સાથે જ મૃત્યુ પામ્યો. આ સાંભળીને મહાત્મા યુધિષ્ઠિર શું કહેશે? શ્રીકૃષ્ણ! એમાં સહેજ પણ શંકા નથી કે અભિમન્યુ પાંચે ભાઈઓનો પ્રિય હતો. હું તમારા ચરણોમાં પડીને કહું છું કે તમે પ્રસન્ન થઈને અભિમન્યુના પુત્રને જીવન આપો. જો પ્રતિજ્ઞા કરીને પણ તમે તમારું વચન પૂરું નહિ કરો તો અવશ્ય હું મારા પ્રાણ આપી દઈશ. હું તમારા પ્રભાવને જાણું છું તેથી પ્રાર્થના કરું છું કે અમારા પર અનુગ્રહ કરો.'

સર્વની વિલાપભરી પ્રાર્થના અને શ્રીકૃષ્ણે પરીક્ષિતને આપેલું જીવનદાન

સુભદ્રાએ આ પ્રમાણે કહ્યું ત્યારે ભગવાને તેને પ્રસન્ન કરતાં કહ્યું, 'સારું, એવું જ કરીશ.' ભગવાન શ્રીકૃષ્ણનાં વચન સાંભળીને અંતઃપુરની સ્ત્રીઓને પ્રસન્નતા થઈ. ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણ સૂતિકાગૃહમાં ગયાં. સૂતિકાગૃહને આવશ્યક સામગ્રીઓથી સંપન્ન જોઈને ભગવાન શ્રીકૃષ્ણ બહુ પ્રસન્ન થયા અને ધન્યવાદ આપીને તે બધી વ્યવસ્થાની પ્રશંસા કરવા લાગ્યા.

એ જ સમયે દ્રૌપદી ઉતાવળે ઉત્તરાની પાસે જઈને બોલી, 'તમારા સસરાતુલ્ય ભગવાન શ્રીકૃષ્ણ તમારી પાસે આવી રહ્યા છે.' આ સાંભળીને ઉત્તરાએ પોતાનાં આંસુઓને રોકીને આખું શરીર વસ્ત્રોથી ઢાંકી દીધું. શ્રીકૃષ્ણને આવતા જોઈને ઉત્તરા બોલી, 'મારા પતિ અભિમન્યુ તો પહેલેથી જ મૃત્યુને પ્રાપ્ત થઈ ચૂક્યા છે, હવે મને પણ પુત્રશોકથી મરેલી જ સમજો. આપના ચરણોમાં મસ્તક મૂકીને હું પ્રાર્થના કરું છું કે મારા પર પ્રસન્ન થઈ જાઓ અને અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી બળી ગયેલા મારા પુત્રને જીવનદાન આપો. જો આ જીવતો નહિ થાય તો હું પણ મારા પ્રાણ ત્યાગી દઈશ.'

મેં મારા પતિની સામે એવી પ્રતિજ્ઞા કરી હતી કે, 'સંગ્રામભૂમિમાં જો તમે મરાઈ જશો તો હું પણ તરત જ પ્રાણત્યાગ કરીને તમારું અનુસરણ કરીશ.' પરંતુ હું એટલી કઠોર હૃદયની અને જીવનને વહાલું કરનારી નીકળી કે પોતાની કરેલી પ્રતિજ્ઞા પણ પૂરી ન કરી શકી.'

આ પ્રમાણે ઉત્તરા પુત્રશોકથી વિલાપ કરીને પૃથ્વી પર પડી ગઈ અને મૂર્છિત થઈ ગઈ. થોડીવાર પછી જ્યારે તે ભાનમાં આવી ત્યારે તે મરેલા બાળકને ખોળામાં લઈને કહેવા લાગી, 'તું તો ધર્મજ્ઞ પિતાનો પુત્ર છે. ઊભો થઈ જા અને કમળ જેવાં નેત્રોવાળાં શ્રીકૃષ્ણના મુખની શોભા નિહાળ. હું ચંચળ નેત્રોવાળા તારા પિતાના મુખને નિહાળ્યા કરતી હતી.' આ પ્રમાણે વિલાપ કરતી ઉત્તરાએ હાથ જોડીને શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા. તેનું હૈયાફાટ રુદન સાંભળીને શ્રીકૃષ્ણે આચમન કર્યું અને અશ્વત્થામાના ચલાવેલા બ્રહ્માસ્ત્રને શાંત કરી દીધું. ત્યાર પછી બાળકને જીવતો કરવાની પ્રતિજ્ઞા કરીને તેઓ સંપૂર્ણ જગતને ઉદ્દેશીને ઉત્તરાને કહેવા લાગ્યા, 'મેં પ્રતિજ્ઞા કરી છે, તે અવશ્ય સત્ય થશે. હું બધાંની સામે હમણાં જ આ બાળકને જીવતો કરી દઉં છું. જો મારામાં સત્ય અને ધર્મ નિરંતર વાસ કરતા હોય તો અભિમન્યુનો આ મરેલો બાળક જીવતો થઈ જાય. સત્યના પ્રભાવથી આ બાળકના શરીરમાં પુનઃ પ્રાણ આવી જાય.'

ભગવાન શ્રીકૃષ્ણના કહેવાથી તે બાળકમાં ચેતના આવી ગઈ અને તે ધીરે ધીરે શ્વાસ લેવા લાગ્યો.

શ્રીકૃષ્ણે કરેલું પરીક્ષિતનું નામકરણ, સૌ હસ્તિનાપુર જઈ વ્યાસ અને શ્રીકૃષ્ણની આજ્ઞાથી યુધિષ્ઠિરે કરેલો યજ્ઞનો આરંભ

ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે બ્રહ્માસ્ત્રને શાંત કરી દીધું, તે સમયે સૂતિકાગૃહ તમારા પિતાના તેજથી દેદીપ્યમાન થવા લાગ્યું. પછી તો વિઘ્ન નાખનારા રાક્ષસો તે ઘરને છોડીને અદૃશ્ય થઈ ગયા. એ જ સમયે આકાશવાણી થઈ, 'તમે ધન્ય છો!' તે સાથે જ બ્રહ્માસ્ત્ર બ્રહ્મલોકમાં ચાલ્યું ગયું. ઉત્તરાનો બાળક ઉત્સાહથી હાથ-પગ હલાવવા લાગ્યો. એ જોઈને ભરતવંશની સ્ત્રીઓને ભારે પ્રસન્નતા થઈ. તેમણે શ્રીકૃષ્ણની આજ્ઞાથી બ્રાહ્મણોને બોલાવીને સ્વસ્તિવાચન કરાવ્યું. પછી બધા આનંદમગ્ન થઈને શ્રીકૃષ્ણના ગુણગાન ગાવા લાગી. ઉત્તરાએ પુત્ર સાથે આવીને શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને શ્રીકૃષ્ણે પણ પ્રસન્ન થઈને તે બાળકને અનેક રત્નો ઉપહારમાં આપ્યાં. પછી એનું નામકરણ કરતા કહ્યું,કર્યું, 'આ અભિમન્યુના પુત્રનું નામ 'પરીક્ષિત' હશે.'

આ પ્રમાણે નામકરણ થઈ ગયા પછી પરીક્ષિત સમયની સાથે મોટા થવા લાગ્યા. યદુવંશીઓએ સાંભળ્યું કે પાંડવો નગર સમીપ આવી ગયા

છે ત્યારે તેઓ તેમનું સ્વાગત કરવા માટે શ્રીકૃષ્ણ અને નગરજનો સાથે નગરની બહાર નીકળ્યા. વિદુરજીએ દેવ-મંદિરોમાં વિવિધ પ્રકારની પૂજા કરવાની આજ્ઞા આપી.

ત્યાર પછી પાંડવો અને યાદવ વીરોએ વાજતેગાજતે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો. તે સમયે ધનનો ખજાનો તેમની આગળ જઈ રહ્યો હતો. તેઓએ સભામાં જઈને રાજા ધૃતરાષ્ટ્રને પ્રણામ કર્યા. પછી તેઓ ગાંધારી, કુંતી અને વિદુરજીનું સન્માન કરી યુયુત્સુને મળ્યા. તે પછી તેમણે તમારા પિતાના જન્મ સમયે બનેલી ઘટનાના સમાચાર સાંભળ્યા અને ભગવાન શ્રીકૃષ્ણનો આભાર માની ભારે પ્રશંસા કરી.

થોડા સમય બાદ વ્યાસજી હસ્તિનાપુર પધાર્યા. પાંડવોએ તેમનું યથોચિત પૂજન કર્યું. પછી યુધિષ્ઠિરે વ્યાસજીને કહ્યું, 'આપની કૃપાથી આ જે રત્નરાશિ લાવવામાં આવી છે, તેનો અશ્વમેધ યજ્ઞમાં હું ઉપયોગ કરવા ઇચ્છું છું. એ માટે આપની આજ્ઞાની પ્રતીક્ષા છે. હવે અમે આપ અને ભગવાન શ્રીકૃષ્ણને અધીન છીએ.'

વ્યાસજીએ કહ્યું, 'હું તમને યજ્ઞ માટે આજ્ઞા આપું છું. હવે જે આવશ્યક કાર્ય હોય તેનો આરંભ કરો. વિધિપૂર્વક દક્ષિણા આપીને અશ્વમેધ યજ્ઞ કરવાથી બધાં પાપોથી છુટકારો મળી જાય છે. તેનું અનુષ્ઠાન કરો.'

વ્યાસજીના કહેવાથી રાજા યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞ કરવા મહર્ષિ વ્યાસની આજ્ઞા લઈને તેમણે શ્રીકૃષ્ણ પાસે જઈને કહ્યું, 'આપે જ પરાક્રમ અને બુદ્ધિબળથી આ સંપૂર્ણ પૃથ્વીને જીતી છે, તેથી આપ જ યજ્ઞની દીક્ષા લઈને આનો આરંભ કરો, કેમ કે આપ અમારા પરમ ગુરુ છો. જો આપ યજ્ઞનું અનુષ્ઠાન કરશો તો અવશ્ય અમારાં બધાં પાપ નષ્ટ થઈ જશે.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'તમે જ યજ્ઞ કરો. યજ્ઞ સંપન્ન થઈ જતાં ભીમ, અર્જુન, નકુળ અને સહદેવને પણ યજ્ઞના અનુષ્ઠાનનું ફળ મળશે.'

વ્યાસજીની આજ્ઞાથી અશ્વમેધ યજ્ઞ માટે છોડેલા અશ્વની રક્ષા

ભગવાન શ્રીકૃષ્ણના કહેવાથી યુધિષ્ઠિરે વ્યાસજીને કહ્યું, 'હવે આપને યજ્ઞ આરંભ કરવાનો યોગ્ય સમય લાગે ત્યારે આવીને મને તેની દીક્ષા આપજો, કેમ કે મારો યજ્ઞ આપને જ અધીન છે.'

વ્યાસજીએ કહ્યું, 'ચૈત્ર માસની પૂર્ણિમાના દિવસે હું, પૈલ અને યાજ્ઞવલ્ક્ય વગેરે આવીને વિધિપૂર્વક તમને યજ્ઞની દીક્ષા આપશું. ત્યાં

સુધી તમે તેના માટે સામગ્રી એકત્રિત કરો. અશ્વવિદ્યાના જ્ઞાતા સૂતમુનિ અને બ્રાહ્મણો યજ્ઞ માટે પવિત્ર અશ્વની પરીક્ષા કરે. જે અશ્વ નક્કી થાય તેને શાસ્ત્રીય વિધિ અનુસાર છોડવામાં આવે અને તે તમારા સમુદ્ર-પર્યંત સમસ્ત પૃથ્વી પર ફરતો રહે.'

આ સાંભળીને રાજા યુધિષ્ઠિરે વ્યાસજીના કહેવા પ્રમાણે તમામ કાર્ય કર્યું. તેમણે મનમાં જે સામગ્રી એકત્ર કરવાનો સંકલ્પ કર્યો હતો, તે બધી એકત્ર કરી લીધા બાદ વ્યાસજીને સૂચના આપી. ત્યારે વ્યાસજીએ કહ્યું, આજે શાસ્ત્રીય વિધિ અનુસાર યજ્ઞસંબંધી અશ્વને પૃથ્વી પર ફરવા માટે છોડવો જોઈએ તથા એવી વ્યવસ્થા કરવી જોઈએ કે જેથી તે સુરક્ષિતરૂપે બધી બાજુ વિચરી શકે.'

યુધિષ્ઠિરે પૂછ્યું, 'આ અશ્વની રક્ષા માટે કોને નિયુક્ત કરવામાં આવે?'

મહર્ષિ વ્યાસ બોલ્યા, 'સર્વશ્રેષ્ઠ ધનુર્ધારી અર્જુન વિજયમાં ઉત્સાહ રાખનારા અને ધૈર્યવાન છે. તેથી તેઓ જ આ અશ્વની રક્ષા કરી શકશે,

યુધિષ્ઠિરે બધી વ્યવસ્થા તે પ્રમાણે જ કરી અને અર્જુનને બોલાવીને અશ્વની રક્ષાની સૂચના આપી, 'અર્જુન! તમારા ઉપર આ અશ્વની રક્ષાનો ભાર છે. એનું વિધિવત પાલન કરજો. અશ્વની રક્ષા વખતે જે રાજા તમારો સામનો કરવા આવે, તેની સાથે યુદ્ધ કરવું ન પડે એવો પ્રયત્ન કરજો તથા મારા યજ્ઞના સમાચાર સર્વ રાજાઓને કહીને સર્વને યજ્ઞમાં આવવાનું આમંત્રણ આપજો.'

ત્યારપછી સમય થતાં વ્યાસજીએ યુધિષ્ઠિરને વિધિપૂર્વક યજ્ઞની દીક્ષા આપી અને યજ્ઞ માટેના અશ્વને વ્યાસજીએ વિધિ અનુસાર છોડ્યો. અશ્વની પાછળ જઈ રહેલા ધનંજયને જોવાની ઇચ્છાથી લોકોની ભીડ એકત્રિત થઈ હતી. તેઓ બોલ્યા, 'તમારું કલ્યાણ થાઓ અને તમારી યાત્રા સુખમય થાઓ.' ઘણા વેદવેત્તા બ્રાહ્મણો તથા ક્ષત્રિયો ધર્મરાજની આજ્ઞાથી તેમની સાથે ગયા. તે અશ્વ જીતેલી પૃથ્વીના બધા દેશોમાં ઇચ્છાનુસાર વિચરવા લાગ્યો. યજ્ઞનો અશ્વ ફરતો ફરતો ઉત્તર દિશા તરફ ગયો. પછી અનેક રાજ્યોમાં ફરતો ફરતો પૂર્વ દિશા તરફ વળી ગયો. અર્જુન પણ અશ્વની પાછળ ચાલી રહ્યા હતા. તે સમયે જેમના બંધુ-બાંધવો મરાઈ ગયા હતા એવા જે રાજાઓની સાથે અર્જુનને યુદ્ધ કરવું પડ્યું, તેની ગણતરી કરવી અસંભવ છે. વિભિન્ન દેશોના રાજાઓ સાથે અર્જુનને અનેકવાર યુદ્ધ કરવું પડ્યું.

અર્જુન દ્વારા ત્રિગર્તોનો પરાજય

કુરુક્ષેત્રના યુદ્ધમાં જે ત્રિગર્ત વીરો માર્યા ગયા હતા, તેમના પુત્રો અને પૌત્રોએ અર્જુન સાથે વેર બાંધી દીધું હતું. 'પાંડવોનો યજ્ઞ-અશ્વ અમારા રાજ્યની સીમામાં આવી પહોંચ્યો છે.' ત્રિગર્ત દેશમાં ગયા ત્યારે અર્જુનનું તેમની સાથે ભીષણ યુદ્ધ થયું. ત્રિગર્તોએ અશ્વને ચારે બાજુથી ઘેરીને તેને પકડી લેવાનો પ્રયત્ન કરવા લાગ્યા. અર્જુન સમજીને શાંતિપૂર્વક રોકવા લાગ્યા. પરંતુ ત્રિગર્તો તેમના ઉપર બાણવૃષ્ટિ કરવા લાગ્યા.

ધર્મરાજની આજ્ઞાને માનીને અર્જુને તેઓને પાછા જવાની આજ્ઞા આપી, તો પણ તેઓ પાછા જવા તૈયાર ન થયા. અર્જુનના વારંવાર સમજાવવા છતાં પણ તેઓ પાછા જવા તૈયાર ન થયા ત્યારે ત્રિગર્તરાજ સૂર્યવર્માને અર્જુને પોતાનાં બાણોથી વીંધી નાખ્યો.

અર્જુનના બાણોથી પીડિત થઈને ત્રિગર્ત મહારથીઓની હિંમત તૂટી ગઈ અને તેઓએ ભયભીત થઈને અર્જુનને કહ્યું, 'અમે બધા તમારા આજ્ઞાકારી સેવક છીએ. અને હંમેશાં તમારે અધીન રહીશું.' અર્જુને કહ્યું, 'જો જીવનની રક્ષા ઇચ્છતા હો તો તમે અમારું શાસન સ્વીકારો.'

તેમણે એ સ્વીકારી લીધું.

પછી યજ્ઞ-અશ્વ પ્રાગજ્યોતિષપુર પાસે આવીને ફરવા લાગ્યો. ત્યાં ભગદત્તનો પુત્ર વજ્રદત્ત રાજ્ય કરતો હતો. તેણે જ્યારે સાંભળ્યું કે પાંડવોનો અશ્વ મારી સીમાઓમાં આવી ગયો છે, તો તેણે અશ્વને પકડી લીધો. આ જોઈને અર્જુને તેના પર આક્રમણ કર્યું. બાણોના પ્રહારથી વ્યાકુળ થઈને વજ્રદત્તે અશ્વને છોડી દીધો અને પોતે અર્જુન સામે હાથ જોડી ઊભો રહ્યો.

અર્જુને કહ્યું, ધર્મરાજ યુધિષ્ઠિરની આજ્ઞાથી તમને નિમંત્રણ આપું છું કે 'અશ્વમેધ યજ્ઞમાં પધારીને અમારા ઉત્સવમાં ભાગ લેજો.'

વજ્રદત્તે કહ્યું, 'બહુ સારું, એવું જ કરીશ.'

અર્જુનનું સૈન્ધવ વીરો સાથે યુદ્ધ

યજ્ઞના અશ્વને પોતાના રાજ્યની સીમામાં પ્રવેશતો જોઈને સિન્ધુદેશના ક્ષત્રિયોએ અર્જુનને ચારે બાજુથી ઘેરી લીધા અને તેમના પર બાણવર્ષા કરવા લાગ્યા. પરંતુ અર્જુને તેઓને બાણોથી આચ્છાદિત કરી પરાજિત કરી દીધા.

ત્યારે અર્જુને સૈન્ધવોને કહ્યું, તમારામાંથી જે કોઈ પોતાનો પરાજય

સ્વીકાર કરશે તો હું તેનો વધ નહિ કરું.

સૈન્ધવોને સંકટગ્રસ્ત જાણીને ધૃતરાષ્ટ્રની પુત્રી દુઃશલા પોતાના પુત્ર સુરથના બાળક સાથે રણભૂમિમાં આવી. અર્જુન પાસે જઈને રડવા લાગી. તેને સામે જોઈને અર્જુને ધનુષ્ય મૂકી દીધું અને બહેનનો વિધિવત્ સત્કાર કરીને બોલ્યા, 'હું તમારું કયું કાર્ય કરું?'

દુઃશલાએ કહ્યું, 'આ તમારા ભાણેજનો પુત્ર તમને પ્રણામ કરે છે. તેની સામે જુઓ.' એ સાંભળીને અર્જુને પૂછ્યું, 'આ બાળકના પિતા ક્યાં છે' દુઃશલા બોલી, 'મારા પુત્ર સુરથે પહેલાંથી જ સાંભળ્યું હતું કે અર્જુનના હાથે જ મારા પિતાજીનું મૃત્યુ થયું છે. ત્યારપછી તેને એ સમાચાર મળ્યા કે અર્જુન અશ્વની પાછળ અહીં આવી પહોંચ્યા છે, ત્યારે તે ભયથી એ મૃત્યુ પામી પૃથ્વી પર પડી ગયો. તેથી હું હવે તમારી પાસે આવી છું.' આમ કહીને તે વિલાપ કરવા લાગી.

દુઃશલાના આવા વચન સાંભળીને અર્જુન ક્ષત્રિય ધર્મનો તિરસ્કાર કરીને બોલ્યા, 'રાજ્યના લોભી દુર્યોધનને ધિક્કાર છે, જેના કારણે અમે અમારા બધા ભાઈ-બંધુઓને યમલોક મોકલી દીધા.' આમ કહીને અર્જુને દુઃશલાને આશ્વાસન આપી વિદાય કરી. અશ્વ ક્રમશઃ વિભિન્ન દેશોમાં જતો અને અર્જુનના પરાક્રમને વધારતો મણિપુર આવી પહોંચ્યો.

અર્જુન અને બભ્રુવાહનનું યુદ્ધ

મણિપુરના રાજા બભ્રુવાહનને જ્યારે પોતાના પિતા અર્જુનના આવવાના સમાચાર મળ્યા, ત્યારે તે બ્રાહ્મણોને આગળ કરીને ધન સાથે લઈને દર્શન માટે નગરમાંથી બહાર નીકળ્યો. ધનંજયે કહ્યું, 'પુત્ર હું ધર્મરાજ યુધિષ્ઠિરના યજ્ઞસંબંધી અશ્વની રક્ષા કરતો રહીને તારા રાજ્યની અંદર આવ્યો છું. તારા નાના રાજા યુધિષ્ઠિરની અધીનતા સ્વીકારે તો હું તારું આતિથ્ય સ્વીકારીશ. નહીં તો તારે મારી સાથે યુદ્ધ કરવું પડશે.'

ત્યારે નાગકન્યા ઉલૂપી પૃથ્વી ચીરીને ત્યાં આવી પહોંચી. તેણે બભ્રુવાહનને કહ્યું, 'બેટા! હું તારી નાગમાતા નાગકન્યા ઉલૂપી છું. તારા પિતા કુરુવંશના શ્રેષ્ઠ પુરુષ છે. મણિપુરની સ્વાધીનતા માટે તારે યુદ્ધ કરવું જોઈએ. એમની સાથે અવશ્ય યુદ્ધ કર. આથી તારા પિતા તમારા ઉપર પ્રસન્ન થશે.' માતાની આ વાત સાંભળીને બભ્રુવાહને યુદ્ધ કરવાનો નિશ્ચય કરી લીધો.

બંને પિતા અને પુત્ર પ્રસન્ન થઈને લડી રહ્યા હતા. બભ્રુવાહને

બાળસ્વભાવના કારણે પરિણામનો વિચાર કર્યા વિના જ પિતા અર્જુનની છાતીમાં તીક્ષ્ણ બાણનો પ્રહાર કર્યો. તે બાણ અર્જુનના મર્મસ્થાનને છેદીને ઘૂસી ગયું અને અત્યંત કષ્ટ આપવા લાગ્યું. તેના પ્રહારથી અત્યંત ઘાયલ થઈને અર્જુન મૂર્છિત થઈને જમીન પર પડી ગયા. બભ્રુવાહન અર્જુનનાં બાણોથી અત્યંત ઘાયલ થઈ ચૂક્યો હતો. તેથી તે પણ મૂર્છિત થઈને પડી ગયો. બભ્રુવાહનની માતા ચિત્રાંગદાએ જોયું કે પિતા અને પુત્ર બંને ધરાશાયી થઈ ગયા છે, ત્યારે તેણે રણભૂમિમાં પ્રવેશ કર્યો. ત્યાં આવીને જોયું તો તેને પોતાના પતિ અર્જુન મૃત્યુ પામેલા દેખાયા, તેમની આ સ્થિતિ જોઈને તે ધ્રૂજી ગઈ અને શોકથી વિલાપ કરવા લાગી.

ચિત્રાંગદાનો વિલાપ અને ઉલૂપીના પ્રયત્નથી અર્જુનનું પુનઃ સજીવન થવું

ચિત્રાંગદા પતિ-વિયોગના દુઃખથી વિલાપ કરીને મૂર્છિત થઈ ધરતી પર પડી ગઈ. થોડીવાર પછી જ્યારે તે ભાનમાં આવી ત્યારે તેણે જોયું કે, નાગકન્યા ઉલૂપી દિવ્યરૂપ ધારણ કરીને સામે ઊભી છે. તેને જોઈને ચિત્રાંગદા કહેવા લાગી, 'તમારા જ કહેવાથી મારા પુત્રે બાણ મારીને તમારા પતિ અર્જુનને પરાજિત કર્યા છે.

ચિત્રાંગદાએ ઉલૂપીને કહ્યું, 'તમે જ પુત્રને યુદ્ધ માટે પ્રેરિત કરીને મારા પતિના પ્રાણ લીધા છે. જો આજે એમને પુનઃ જીવન ન મળે તો હું પણ પ્રાણ ત્યાગી દઈશ.'

ત્યારે ઉલૂપીએ સંજીવન-મણિનું સ્મરણ કર્યું. નાગોનો તે મણિ સ્મરણ કરતાં જ આવી ગયો. તેને હાથમાં લઈને નાગકન્યા ઉલૂપીએ એ મણિ પ્રથમ અર્જુનના વક્ષસ્થળ પર મૂકી દીધો. તે સાથે અર્જુનના દેહમાં ચેતનાનો સંસાર થયો અને તેના ઘાવ રુઝાઈ ગયા. તેઓ બેઠા થયા પછી તેમણે બભ્રુવાહનના વક્ષસ્થળ પર તે મણિ મૂક્યો. તેને પણ ચેતના આવી અને તેના ઘાવ રુઝાઈ ગયા. પિતા-પુત્ર બંને બેઠા થઈ ગયા.

અર્જુને ઉલૂપીને પૂછ્યું, 'અહીં તમારે અને બભ્રુવાહનની માતાને આવવાનું શું કારણ છે?'

આ પ્રશ્ન સાંભળીને ઉલૂપી હસી પડી અને બોલી, 'તમે કે બભ્રુવાહને મારો કોઈ અપરાધ કર્યો નથી તથા તેની માતાએ પણ મારું કાંઈ બગાડ્યું નથી. એ તો હંમેશાં મારી આજ્ઞાને અધીન રહે છે. યુદ્ધમાં તો ઇન્દ્ર પણ તમને જીતી શકતા નથી. પુત્ર તો તમારો જ આત્મા છે. તેથી તેના હાથે આજે આપનો પરાજય થયો છે.'

ઉલૂપીની વાત સાંભળીને અર્જુન કહેવા લાગ્યા, 'તમે જે કાંઈ કર્યું છે, તેનાથી મારું પ્રિય કાર્ય જ થયું છે.'

ઉલૂપીને આમ કહીને ચિત્રાંગદાને ઉદ્દેશીને તેઓ બભ્રુવાહનને કહેવા લાગ્યા, 'આગામી ચૈત્ર મહિનાની પૂર્ણિમાએ મહારાજ યુધિષ્ઠિરનો અશ્વમેધ યજ્ઞ થવાનો છે. તમે તમારી બંને માતાઓને સાથે લઈને તે યજ્ઞમાં આવજો.'

પિતાનાં સ્નેહભર્યાં વચન સાંભળીને તેની આંખોમાં આંસુ આવ્યાં. તે બોલ્યો, 'તમારી આજ્ઞાથી હું અવશ્ય અશ્વમેધ-યજ્ઞમાં ભાગ લઈશ અને બ્રાહ્મણોને ભોજન પીરસવાનું કામ કરીશ. અત્યારે તમને એક પ્રાર્થના કરું છું. આજે મારા પર કૃપા કરવા માટે આપ આ નગરમાં પધારો. એક દિવસ સુખપૂર્વક નિવાસ કરીને કાલે સવારે પ્રસ્થાન કરજો.'

આ સાંભળીને અર્જુને બભ્રુવાહનને કહ્યું, 'પુત્ર હું દીક્ષા ગ્રહણ કરીને વિશેષ નિયમોનું પાલન કરીને વિચરી રહ્યો છું. તેથી જ્યાં સુધી આ દીક્ષા પૂરી ન થાય, ત્યાં સુધી હું તમારા નગરમાં પ્રવેશ કરી શકું એમ નથી. આ યજ્ઞનો અશ્વ પોતાની ઇચ્છાનુસાર ચાલે છે. તેની પાછળ જવું મારું કર્તવ્ય છે. તેથી તમારું કલ્યાણ થાઓ, હું હવે જઈશ.'

ત્યાર પછી બભ્રુવાહને અર્જુનની વિધિવત પૂજા કરી અને અર્જુન સૌની અનુમતિ લઈને ત્યાંથી ચાલ્યા ગયા.

મગધ, ચેદિ, કાશી, કોસલ થઈને ગાંધારમાં અર્જુનનું આગમન

એ પછી તે અશ્વ સમગ્ર પૃથ્વીની પરિક્રમા કરીને પાછો ફર્યો. અર્જુન પણ તેની પાછળ પાછળ ચાલ્યા. રસ્તામાં રાજગૃહ આવ્યું. ત્યાંના રાજા સહદેવપુત્ર મેઘસંધિ હતા. એમણે મોટા કાકા યુધિષ્ઠિરની આધીનતા સ્વીકારી કાકા અર્જુનની આગતાસ્વાગતા કરી.

અર્જુને તેને કહ્યું, 'આગામી ચૈત્રી પૂર્ણિમાએ મહારાજ યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાં પધારજો.'

તેમના આ પ્રમાણે કહેવાથી તેને 'બહુ સારું' કહીને તેમની આજ્ઞા સ્વીકારી લીધી.

ત્યાર પછી તે અશ્વ ફરી પોતાની ઇચ્છાનુસાર સમુદ્રકિનારે થઈને બંગ, પુણ્ડ્ર અને કોસલ વગેરે દેશોમાં ગયો. ત્યાંના રાજાઓએ રાજા યુધિષ્ઠિરની આધીનતાનો સ્વીકાર કર્યો.

ત્યાર પછી અશ્વ દક્ષિણ દિશા તરફ વળ્યો. થોડા દિવસ પછી ત્યાંથી

પાછા ફરીને તે સ્વેચ્છાચારી અશ્વ ચેદિદેશની રાજધાનીમાં પહોંચ્યો. ત્યાં શિશુપાલનો પુત્ર શરભ રાજ્ય કરતો હતો. તેણે પહેલાં તો અર્જુન સાથે યુદ્ધ કર્યું અને તેમાં પરાસ્ત થતાં શાસ્ત્રીય વિધિ અનુસાર તેમની પૂજા કરી. તે કાશી, કિરાત અને તેલંગણ વગેરે દેશોમાં ગયો. તે બધાં રાજાઓએ રાજા યુધિષ્ઠિરની આધીનતા સ્વીકારી. ત્યાંથી તેઓ દશાર્ણ દેશમાં પહોંચ્યા. ત્યાં યુદ્ધ થયું અને અંતમાં તેના રાજાને પરાસ્ત કરીને તેઓ એકલવ્યના રાજ્યમાં ગયા. ત્યાં તેના પુત્રે તેમને યુદ્ધ દ્વારા રોક્યા. છેવટે અર્જુને નિષાદરાજ પર વિજય મેળવ્યો. ત્યાર પછી અશ્વ ઇચ્છાનુસાર વિચરતો રહીને ગાંધાર દેશમાં ચાલ્યો ગયો. ત્યાં ગાંધારરાજ શકુનિના પુત્ર સાથે અર્જુનનું ભયંકર યુદ્ધ થયું.

ત્યારે ગાંધારરાજની માતા અત્યંત ભયભીત થઈને વૃદ્ધ મંત્રીઓને આગળ કરીને નગરમાંથી બહાર આવીને રણભૂમિમાં ઉપસ્થિત થઈ. આવતાં જ તેણે પોતાનાં પુત્રને યુદ્ધ કરતાં રોક્યો અને અર્જુનની પૂજા કરીને તેમને પ્રસન્ન કર્યા. અર્જુને શકુનિના પુત્રને હૈયાધારણ આપતાં કહ્યું, 'આગામી ચૈત્રની પૂર્ણિમાએ મહારાજ યુધિષ્ઠિરનો અશ્વમેધ યજ્ઞ થવાનો છે, તેમાં તમે અવશ્ય પધારજો.'

આ પ્રમાણે કહીને અર્જુન ઇચ્છાનુસાર વિચરતા અશ્વની પાછળ ચાલવા લાગ્યા. હવે તે અશ્વ હસ્તિનાપુરનો રસ્તો પકડીને પાછો ફર્યો. એ જ સમયે મહારાજ યુધિષ્ઠિરને ગુપ્તચરો દ્વારા અર્જુનના પાછા આવી રહ્યાના સમાચાર મળ્યા. અર્જુનના આવવાના સમાચાર સાંભળીને સૌ પ્રસન્ન થયા.

અશ્વમેધ યજ્ઞનો પ્રારંભ

મહર્ષિ વ્યાસજીએ યુધિષ્ઠિરની પાસે આવીને કહ્યું, 'તમે આજથી યજ્ઞનો આરંભ કરી દો. તેનો સમય આવી ગયો છે. અશ્વમેધ યજ્ઞ પૂર્ણ થતાં તમે પાપથી મુક્ત થઈ જશો. આ યજ્ઞના અંતે સ્નાનનો જે અવસર મળશે તે પરમ પવિત્ર અને પાવનકારી હશે.'

મહર્ષિ વ્યાસના કહેવાથી રાજા યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞની સિદ્ધિ માટે તે જ દિવસે દીક્ષા ગ્રહણ કરી અને મહાન યજ્ઞનો આરંભ કર્યો. તેમણે પ્રત્યેક કાર્યને ક્રમ અનુસાર અને ઉચિત કરીને પૂરું કર્યું.

ધર્મરાજની આજ્ઞાથી ભીમે યજ્ઞની શોભા માટે અનેક સુવર્ણમય યૂપ ઊભા કરાવ્યા હતા. યજ્ઞની વેદી બનાવવા માટે સોનાની ઈંટો તૈયાર કરાવી હતી. તેમના દ્વારા જ્યારે વેદી બનીને તૈયાર થઈને શોભવા લાગી.

વ્યાસજીના શિષ્ય, જેઓ સંપૂર્ણ શાસ્ત્રોના પ્રણેતા અને યજ્ઞકર્મમાં કુશળ હતા તેઓ તે યજ્ઞમાં સદસ્ય હતા. નાચવા-ગાવામાં કુશળ ગંધર્વો દરરોજ યજ્ઞકાર્ય સંપન્ન થયા પછી પોતાની કળા દ્વારા બ્રાહ્મણોનું મનોરંજન કરતા હતા.

યજ્ઞ પૂર્ણ થતાં બ્રાહ્મણોને દક્ષિણા અને રાજાઓને ભેટ આપીને યુધિષ્ઠિરે કરી યજ્ઞની પૂર્ણાહુતિ

રાજા યુધિષ્ઠિરનો યજ્ઞ પૂર્ણ થયો. ત્યાર પછી વ્યાસજીએ તેમને અભ્યુદયના આશીર્વાદ આપ્યા. પછી યુધિષ્ઠિરે બ્રાહ્મણોને વિધિપૂર્વક એક હજાર કરોડ સુવર્ણમુદ્રાઓ દક્ષિણામાં આપીને વ્યાસજીને સંપૂર્ણ પૃથ્વી દાન કરી દીધી. વ્યાસે દાનનો સ્વીકાર કરીને ધર્મરાજને કહ્યું, 'તમારી આપેલી આ પૃથ્વીને ફરી તમારા જ અધિકારમાં સોંપું છું. તમે મને આનું મૂલ્ય આપી દો, કેમ કે બ્રાહ્મણો ધનના જ ઇચ્છુક હોય છે.'

ત્યાર પછી યુધિષ્ઠિરે તેના મૂલ્યનું સુવર્ણ વ્યાસજીને દાનમાં આપ્યું. મહર્ષિ વ્યાસે તે સુવર્ણરાશિ લઈને બ્રાહ્મણોને આપી દીધી આ પ્રમાણે પૃથ્વીની કિંમતરૂપે સુવર્ણ આપીને રાજા યુધિષ્ઠિર પોતાના ભાઈઓ સહિત પ્રસન્ન થયા. તેમનાં બધાં પાપો નષ્ટ થઈ ગયાં અને તેમણે સ્વર્ગ પર અધિકાર પ્રાપ્ત કરી લીધો. ભગવાન વ્યાસને જે પોતાનો ભાગ મળ્યો હતો તેને તેમણે આદરપૂર્વક કુંતીને ભેટ આપી દીધો. સસરા દ્વારા સ્નેહપૂર્વક ભેટ મળેલા તે ધનને પ્રાપ્ત કરીને કુંતી પ્રસન્ન થયાં. એમણે તે ધનથી મોટાં પુણ્ય કાર્યો કર્યાં. યજ્ઞના અંતમાં અવભૃથ-સ્નાન કરીને પાપરહિત થયેલા રાજા યુધિષ્ઠિર પોતાના ભાઈઓ સાથે દેવરાજ ઇન્દ્રની જેમ શોભવા લાગ્યા. આ પ્રમાણે પાપરહિત અને કૃતાર્થ થઈને તેમણે પોતાના નગરમાં પ્રવેશ કર્યો.

શ્રીકૃષ્ણે કરેલો ભાગવતધર્મનો ઉપદેશ અને તેમનું દ્વારકાગમન

શ્રીકૃષ્ણ દ્વારકા જવા તૈયાર થયા ત્યારે યુધિષ્ઠિરે ભાગવતધર્મ વિશે પૂછ્યું, 'જો કોઈ બ્રાહ્મણ પરદેશ ગયો હોય અને ત્યાં જ તેનું શરીર છૂટી જાય તો તેનો અન્ત્યેષ્ટિ-સંસ્કાર કઈ રીતે શક્ય છે?'

શ્રીકૃષ્ણે કહ્યું, 'જો કોઈ બ્રાહ્મણનું મૃત્યુ થઈ જાય તો તેની પલાશના કાષ્ઠની પ્રતિમા બનાવડાવવી જોઈએ. શાસ્ત્રોક્ત રીતે કલ્પના કરીને તે પ્રતિમાનો અગ્નિસંસ્કાર કરવો જોઈએ.'

યુધિષ્ઠિરે પૂછ્યું, 'જે ભક્તો તીર્થ-યાત્રા કરવામાં અસમર્થ હોય તેમને તારવા માટે વિશેષ તીર્થનું ધર્મ પ્રમાણે વર્ણન કરવાની કૃપા કરો.'

ભગવાને કહ્યું, 'સત્ય બધાં તીર્થોને પવિત્ર કરે છે. સત્ય બોલવું અને કોઈ જીવની હિંસા ન કરવી એ તીર્થ જ છે. પતિવ્રતા સ્ત્રી, સંતોષી બ્રાહ્મણ અને જ્ઞાનને પણ તીર્થ કહે છે. જીવોને અભયદાન આપવું પણ તીર્થ જ કહેવાય છે. બ્રહ્માજીએ શૂદ્રોને ઉત્પન્ન કરીને તેમના માટે દ્વિજોની સેવારૂપી ધર્મનો ઉપદેશ કર્યો છે. શૂદ્ર ભક્તિપૂર્વક મને પત્ર, પુષ્પ, ફળ અથવા જળ અર્પણ કરે, તો હું તેના આપેલા ઉપહારને મસ્તક ચડાવું છું. સંપૂર્ણ પાપોથી યુક્ત હોવા છતાં પણ જો કોઈ બ્રાહ્મણ મારું ધ્યાન કરતો રહે છે તો તે પોતાનાં સઘળાં પાપોથી છૂટી જાય છે.'

'કોઈનો આશ્રય લીધા વિના કોઈ ઊંચે ચડી શકતું નથી. હું જ બધાનો આશ્રય છું. જે મનુષ્ય આ રહસ્યને ભક્તિપૂર્વક સાંભળે-સંભળાવે તે મારા સાયુજ્યને પ્રાપ્ત થાય છે. મારી ભક્તિમાં તત્પર રહેનાર જે ભક્ત શ્રાદ્ધમાં આ ધર્મનું શ્રવણ કરે છે, તેના પિતૃઓ બ્રહ્માંડનો પ્રલય થાય ત્યાં સુધી હંમેશાં તૃપ્ત રહે છે.'

શ્રીકૃષ્ણના મુખેથી ભાગવત-ધર્મોનું શ્રવણ કરીને ઋષિઓ અને પાંડવો પ્રસન્ન થયા અને બધાએ ભગવાનને પ્રણામ કર્યાં અને તેમના ઉપદેશની પ્રશંસા કરતાં કહ્યું, 'હવે અમે દ્વારકામાં ફરી આપના દર્શન કરીશું.' આમ કહીને બધા ઋષિઓ પ્રસન્ન થઈને દેવતાઓની સાથે પોતપોતાના સ્થાન પર ચાલ્યા ગયા. પછી શ્રીકૃષ્ણે સાત્યકિ સહિત દારુકને યાદ કર્યો. દારુકે ભગવાનને કહ્યું, 'રથ તૈયાર છે, પધારો.'

એ સાંભળીને પાંડવોના મુખ ઉદાસ થઈ ગયાં. તેઓ હાથ જોડીને અશ્રુભીનાં નેત્રોથી શ્રીકૃષ્ણ તરફ જોવા લાગ્યા. કુંતી, ધૃતરાષ્ટ્ર, ગાંધારી, વિદુર, દ્રૌપદી, મહર્ષિ વ્યાસ તથા ઉપસ્થિત સર્વની વિદાય લઈને શ્રીકૃષ્ણ સુભદ્રા તથા પુત્રસહિત ઉત્તરાને આશીર્વાદ આપીને રાજભવનમાંથી બહાર નીકળ્યા. તેઓ રથ પર સવાર થઈ ગયા. પાંડવો શ્રીકૃષ્ણની સાથે સાથે જવા લાગ્યા. ત્રણ યોજન સુધી આવ્યા પછી ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોને આલિંગન આપીને વિદાય કર્યાં અને સ્વયં દ્વારકા ચાલ્યા ગયા. આ પ્રમાણે ભગવાનને પ્રણામ કરીને પાંડવો નગરમાં આવ્યા અને ગાયોનું દાન કરવા લાગ્યા.

આશ્રમવાસિકપર્વ

રાજા યુધિષ્ઠિરનો ધૃતરાષ્ટ્ર અને ગાંધારી પ્રત્યે અનુકૂળ વર્તાવ

પાંડવો રાજ્ય પ્રાપ્ત કર્યા પછી રાજા ધૃતરાષ્ટ્રને જ આગળ કરીને પૃથ્વીનું પાલન કરવા લાગ્યા. વિદુર, સંજય તથા યુયુત્સુ - એ ત્રણે હંમેશા ધૃતરાષ્ટ્રની સેવામાં ઉપસ્થિત રહેતા હતા અને પાંડવો પણ દરેક કાર્યમાં તેમની સલાહ લેતા હતા. પાંડવો દરરોજ રાજા ધૃતરાષ્ટ્રની પાસે જઈને તેમના ચરણોમાં પ્રણામ કરતા અને થોડો સમય તેમની સેવા કરતા. કુંતી પણ ગાંધારીની સેવા કરતાં હતાં. ભગવાન વ્યાસ દરરોજ તેમની પાસે જઈને બેસતા અને પ્રાચીન કથાઓ સંભળાવતા હતા.

આ પ્રમાણે પાંડવો દ્વારા સન્માનિત થઈને રાજા ધૃતરાષ્ટ્ર સુખપૂર્વક સમય પસાર કરવા લાગ્યા. મૃત્યુતિથિના દિવસે કે શ્રાદ્ધકર્મમાં રાજા ધૃતરાષ્ટ્ર જેટલું ધન ખર્ચ કરવા ઇચ્છતા હતા તેટલું જ કરતા હતા. ગાંધારીએ પણ શ્રાદ્ધકર્મોનું અનુષ્ઠાન કરીને બ્રાહ્મણોને તેમની ઇચ્છાનુસાર ધનનું દાન કર્યું અને પુત્રોના ઋણમાંથી મુક્ત થઈ ગયાં.

રાજા ધૃતરાષ્ટ્ર સવારે ઊઠીને સ્નાન, સંધ્યા અને ગાયત્રી-જપથી નિવૃત્ત થઈને પાંડવોને આશીર્વાદ આપતા. બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવીને અગ્નિમાં હવન કર્યા પછી હંમેશા 'પાંડુના પુત્રો દીર્ઘજીવી થાય.' એવી શુભ કામના કરતા.

ગાંધારી સહિત ધૃતરાષ્ટ્રની વનમાં જવા માટે તૈયારી અને યુધિષ્ઠિરનો શોક

રાજા યુધિષ્ઠિર અને ધૃતરાષ્ટ્રમાં જે પરસ્પર પ્રેમ હતો, તેમાં રાજ્યના લોકોને ક્યારેય કોઈ વિષમતા ન જોવા મળી.

એક વાર ધૃતરાષ્ટ્રે સૌને બોલાવીને તેમનું સન્માન કરી ગદ્‌ગદ્ વાણીએ કહ્યું, 'તમે બધા જાણો છો કે કૌરવોનો નાશ કઈ રીતે થયો છે. આ બધું મારા જ અપરાધનું ફળ છે. પાંડવો ગુણવાન હતા છતાં તેમના બાપદાદાની સંપત્તિ તેમને પાછી ન આપી શક્યો. આવી ભૂલો મારા હૃદયમાં કાંટાની જેમ ખૂંચી રહી છે. હું મારા કરેલાં પાપની શુદ્ધિ માટે નિયમપૂર્વક રહીને કદી ચોથા અને ક્યારેક આઠમા ટંકે માત્ર ક્ષુધા-નિવૃત્તિની ઇચ્છાથી ભોજન લઉં છું, એ વાતને માત્ર ગાંધારી જ જાણે છે. અમારા બંનેના સો પુત્રો મરાઈ ગયા છે, પરંતુ તેમના માટે મને દુઃખ નથી, કારણ કે તેઓ ક્ષત્રિયધર્મને જાણતા હતા અને તે પ્રમાણે જ તેમણે યુદ્ધમાં પ્રાણત્યાગ કર્યો છે.'

આ પ્રમાણે કહીને રાજા ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને કહ્યું, 'તમારું કલ્યાણ થાઓ, મારી એક વાત સાંભળો. મેં અહીં સુખમાં દિવસો પસાર કર્યા છે. મોટાં દાન આપ્યાં છે અને શ્રાદ્ધકર્મનું અનુષ્ઠાન કર્યું છે. હવે મારે અને ગાંધારીએ પોતાના હિત માટે પુણ્ય-કર્મનું અનુષ્ઠાન કરવાનું છે. તેથી તેના માટે તમે અમને અનુમતિ આપો. હું વનમાં ચાલ્યો જઈશ અને ત્યાં ગાંધારીની સાથે ચીર અને વલ્કલ ધારણ કરીને તમને આશીર્વાદ આપતો રહીને નિવાસ કરીશ. વનમાં ઉપવાસ કરીને મારી પત્ની સાથે કઠોર તપ કરીશ.'

ધૃતરાષ્ટ્રની આ વાત સાંભળીને યુધિષ્ઠિર વ્યથિત થઈ ગયા. ત્યારે ધૃતરાષ્ટ્રે સંજય અને કૃપાચાર્યને કહ્યું, 'હું તમારા લોકો દ્વારા યુધિષ્ઠિરને સમજાવવા ઇચ્છું છું. બોલવાના પરિશ્રમથી મારો જીવ ગભરાઈ રહ્યો છે અને મોં સુકાઈ રહ્યું છે.'

રાજા ધૃતરાષ્ટ્ર આ પ્રમાણે કહી જ રહ્યા હતા, તે સમયે મહર્ષિ વ્યાસ ત્યાં આવી પહોંચ્યા અને કહેવા લાગ્યા,

વ્યાસજીએ યુધિષ્ઠિરને સમજાવવા

વ્યાસજીએ કહ્યું, 'ધૃતરાષ્ટ્ર જે કાંઈ કહી રહ્યા છે, તે પ્રમાણે જ કરો. હવે એ વૃદ્ધ થઈ ગયા છે. અત્યારે હું પણ તમને એ જ સલાહ આપું છું

કે મારી વાત માનીને રાજા ધૃતરાષ્ટ્રને વનમાં જવાની અનુમતિ આપી દો. અન્યથા અહીં રહેવાથી તેમનું મૃત્યુ થઈ જશે. બધા જ રાજર્ષિઓ જીવનના અંત સમયે વનનો જ આશ્રય લેતા આવ્યા છે.'

રાજા યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો, 'તમે જ અમારા ગુરુ છો. હું તમારો પુત્ર છું અને તમે મારા પિતા છો. એ જ પ્રમાણે રાજા ધૃતરાષ્ટ્ર પણ મારા ગુરુ છે. હું તેમને કઈ રીતે કોઈ વાતની આજ્ઞા આપી શકું. ધર્મ તો એમ કહે છે કે પુત્ર જ પિતાની આજ્ઞાનું પાલન કરે.'

વ્યાસજીએ કહ્યું, તમારું કહેવું સત્ય છે. છતાં 'રાજા ધૃતરાષ્ટ્ર અંતિમ અવસ્થામાં પહોંચી ચૂક્યા છે, તેથી આપણા બંનેની અનુમતિ લઈને તેઓ તપસ્યા દ્વારા પોતાનો મનોરથ સિદ્ધ કરવા ચાહે છે. તમે તેમના શુભ કાર્યમાં વિઘ્ન ન નાખો. તેથી તમે તેમને વનમાં જવાની અનુમતિ આપી દો.'

આ પ્રમાણે કહીને મહર્ષિ વ્યાસે યુધિષ્ઠિરને રાજી કરી દીધા અને 'બહુ સારું' કહીને યુધિષ્ઠિરે તેમની આજ્ઞાનો સ્વીકાર કરી લીધો. ત્યારે વ્યાસજી વનમાં પોતાના આશ્રમ પર ચાલ્યા ગયા. વ્યાસજી ચાલ્યા ગયા પછી રાજા યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રને કહ્યું, 'મહર્ષિ વ્યાસે જે આજ્ઞા આપી છે અને તમે જે કાંઈ નિશ્ચય કર્યો છે હું તે પ્રમાણે અવશ્ય કરીશ, પરંતુ અત્યારે તમારા ચરણોમાં મસ્તક ઝુકાવીને પ્રાર્થના કરું છું કે પ્રથમ ભોજન ગ્રહણ કરી લો. પછી આશ્રમ જવા માટે પ્રસ્થાન કરો.'

ત્યારપછી રાજા યુધિષ્ઠિરની અનુમતિ લઈને મહેલમાં પહોંચીને તેમણે ધાર્મિક ક્રિયા કરી. પછી બ્રાહ્મણોને અન્ન-પાન વગેરેથી તૃપ્ત કરીને પોતે પણ ભોજન કર્યું. એ પ્રમાણે ગાંધારીએ કુંતી તથા પુત્રવધૂઓ દ્વારા આદરપૂર્વક અન્ન ગ્રહણ કર્યું અને પછી બધા ધૃતરાષ્ટ્રની સેવામાં ઉપસ્થિત થયા.

ધૃતરાષ્ટ્ર અને ગાંધારીનું કુંતી વગેરેની સાથે વન-ગમન

અગિયારમા દિવસે પ્રાતઃકાળે ગાંધારી સહિત ધૃતરાષ્ટ્રે વનમાં જવાની તૈયારી કરીને પાંડવોને બોલાવ્યા અને તેમને અભિનંદન આપ્યાં. વલ્કલ અને મૃગચર્મ ધારણ કરીને રાજમહેલમાંથી બહાર નીકળ્યા. પછી બધાને વિદાય કરીને ચાલી નીકળ્યાં. ઘણા બ્રાહ્મણો તેમની પાછળ આંસુ સારતા ચાલવા લાગ્યા. આગળ કુંતી ગાંધારીનો હાથ પકડીને ચાલતાં

હતાં. દ્રૌપદી, સુભદ્રા, ચિત્રાંગદા, પરીક્ષિત સાથે ઉત્તરા તથા કુરુકુળની અન્ય સ્ત્રીઓ પોતાની પુત્રવધૂઓને સાથે લઈને ધૃતરાષ્ટ્રની સાથે જઈ રહી હતી.

ત્યારપછી રાજા ધૃતરાષ્ટ્ર હસ્તિનાપુરમાંથી બહાર નીકળ્યા. ત્યાં પહોંચ્યા પછી તેમણે સાથે આવેલા બધા લોકોને આગ્રહ કરીને વિદાય કર્યા. તેમણે વિદુર અને સંજય સાથે વનમાં જવાનો નિર્ણય લીધો હતો તેથી તે બંને પાછા ન ગયા. નગરજનોના પાછા ફર્યા પછી યુધિષ્ઠિરે રાણીવાસની સ્ત્રીઓને સાથે લઈને ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી પાછા વળવાનો નિશ્ચય કર્યો.

ચાલતાં ચાલતાં કુંતીએ યુધિષ્ઠિરને કહ્યું, 'આજથી કુરુકુળનો ભાર તમારા ઉપર છે. હવે હું વનમાં ગાંધારીની સાથે રહીને તપ કરીશ અને તેમની સેવા કરતી રહીશ.'

કુંતીના આ નિશ્ચયથી ભાઈઓ સહિત યુધિષ્ઠિરને ભારે દુઃખ થયું. તેઓ થોડી વાર મૌન રહીને પછી માતાને કહેવા લાગ્યા, 'તમારે આમ ન કરવું જોઈએ. હું તમને વનમાં જવાની અનુમતિ આપી શકું એમ નથી. અમારા લોકો પર કૃપા કરીને પાછાં ફરો.'

પોતાના પુત્રનાં અશ્રુભીનાં વચન સાંભળીને કુંતીની આંખોમાં આંસુ આવી ગયા.

કુંતી આંસુ લૂછીને પોતાના પુત્રોને કહેવા લાગ્યા, 'હું મારા પતિ મહારાજ પાંડુનું વિશાળ રાજ્ય ભોગવી ચૂકી છું. મોટાં દાન અને વિધિવત્ સોમ-પાન પણ કરી ચૂકી છું. યુધિષ્ઠિર! હવે હું તપ કરીને મારા પતિના પવિત્ર લોકમાં જવા ચાહું છું. તેથી મારા જેઠ જેઠાણીની સેવા કરીને તપશ્ચર્યા દ્વારા આ શરીરને સૂકવી નાખીશ. તમે ભીમ વગેરેની સાથે પાછા ફરી જાઓ. હું આશીર્વાદ આપું છું કે તમારી બુદ્ધિ ધર્માભિમુખ રહે અને તમારું હૃદય અત્યંત ઉદાર રહે.'

ગાંધારી તથા ધૃતરાષ્ટ્ર વગેરેએ ગંગાકિનારે વિશ્રામ કરતાં કરતાં કુરુક્ષેત્રમાં પહોંચીને કરેલું ઘોર તપ

કુંતીની વાત સાંભળીને પાંડવોને બહુ દુઃખ થયું. પોતાની માતાને પાછાં વાળવામાં અસફળ થઈને રાજા ધૃતરાષ્ટ્રની પ્રદક્ષિણા અને પ્રણામ કરીને દ્રૌપદી સાથે નગરમાં પાછા આવ્યાં. ત્યારપછી ધૃતરાષ્ટ્રે ગાંધારી અને વિદુરનો સહારો લઈને કહ્યું, 'ગાંધારી! કુંતીને પાછા મોકલી દો.'

કુંતી વનવાસનો દૃઢ નિશ્ચય કરી ચૂક્યાં હતાં. તેથી ગાંધારી તેમને કોઈ રીતે પાછાં વાળી ન શક્યાં. જ્યારે સૌ પાછા ફર્યા ત્યારે રાજા ધૃતરાષ્ટ્ર વન તરફ ચાલવા લાગ્યા.

રાજા ધૃતરાષ્ટ્રે તે દિવસે લાંબી યાત્રા કરીને ગંગાકિનારે રાત્રિ-નિવાસ કર્યો. રાજા ધૃતરાષ્ટ્રે વિધિવત્ આરાધના કરીને અગ્નિમાં આહુતિ આપી. પછી સંધ્યાસમયે સૂર્યોપસ્થાન કર્યું. ઉત્તમ વ્રતોનું પાલન કરનારી કુંતી પણ ગાંધારીની પાસે દર્ભાસન પર સૂતાં. રાત્રિ પસાર થઈ જતાં પ્રાતઃકાળે ઊઠીને નિત્ય કર્મ પતાવીને ઉત્તર દિશા તરફ આગળ વધ્યાં.

વિદુરજીના કહેવાથી રાજા ધૃતરાષ્ટ્રે ભાગીરથીના તટ પર રાત્રિ નિવાસ કર્યો. ત્યાં બ્રાહ્મણો તથા તેમના શિષ્યોનું વિધિવત્ પૂજન કરીને તેમને વિદાય કર્યા. ત્યાર પછી રાજા, ગાંધારી અને સૌએ ગંગાજીમાં વિધિવત્ સ્નાન કર્યું. ત્યાં બ્રાહ્મણોએ રાજાને માટે એક વેદી તૈયાર કરી. જેના પર અગ્નિ સ્થાપન કરીને તેમણે વિધિવત્ અગ્નિહોત્ર કર્યું. આ પ્રમાણે સંયમપૂર્વક નિયમોનું પાલન કરતા રહીને પોતાના અનુયાયીઓ સહિત ગંગાકિનારેથી આગળ કુરુક્ષેત્રમાં જઈ પહોંચ્યા અને ત્યાં એક આશ્રમમાં જઈને રાજર્ષિ શતયૂષને મળ્યા. તે ભૂતકાળમાં કેકય દેશના રાજા હતા. તેઓ પોતાના પુત્રને રાજગાદી પર બેસાડીને વનમાં ચાલ્યા ગયા હતા. ધૃતરાષ્ટ્ર તેમને સાથે લઈને વ્યાસજીના આશ્રમ પર જઈ વિધિવત પૂજા કરી. ત્યાર પછી વનવાસની દીક્ષા લઈને આશ્રમમાં જ આવીને રહેવા લાગ્યા. રાજર્ષિ શતયૂષે વ્યાસજીની આજ્ઞાથી ધૃતરાષ્ટ્રને વનવાસની બધી વિધિ બતાવી દીધી. પછી ધૃતરાષ્ટ્ર તપ કરવા લાગ્યા. કઠોર તપને કારણે રાજા ધૃતરાષ્ટ્ર હાડપિંજર જેવા થઈ ગયા હતા.

રાત્રિ વીતી જતાં રાજા યુધિષ્ઠિર નિત્ય-નિયમોથી નિવૃત્ત થઈને ધૃતરાષ્ટ્રના આશ્રમ પર આવ્યા. ત્યાં આવીને જોયું કે રાજા નિત્યકર્મ કરીને ગાંધારીને સાથે શાંત ભાવે બેઠેલા છે અને તેમનાથી થોડે દૂર કુંતી બેઠાં હતાં. પાંડવોએ સૌને પ્રણામ કર્યા અને બેસી ગયા. પછી શતયૂષ વગેરે મહર્ષિઓ અને વ્યાસજી ત્યાં પધાર્યા. સૌએ તે બધાને પ્રણામ કર્યા.

વ્યાસજીએ ધૃતરાષ્ટ્રને કહ્યું, 'તમારી તપસ્યા બરાબર ચાલી રહી છે ને? મહાત્મા વિદુરના પરલોકગમનના સમાચાર તો જાણ્યા જ હશે. સાક્ષાત ધર્મ જ માંડવ્ય ઋષિના શાપથી વિદુરના રૂપમાં અવતર્યા હતા.

તેઓ મહાત્મા હતા. તમારા ભાઈ વિદુર દેવતાઓના દેવતા અને સનાતન ધર્મના સાક્ષાત સ્વરૂપ હતા. જેને ધર્મ કહે છે, તે જ વિદુર હતા, તે જ યુધિષ્ઠિર છે જે અત્યારે તમારી સામે દાસની જેમ ઊભા છે. તમારા ભાઈ વિદુર યુધિષ્ઠિરને સામે જોઈને એમના જ શરીરમાં પ્રવિષ્ટ થઈ ગયા છે. અત્યારે હું તમારી શંકાઓનું નિવારણ કરવા માટે આવ્યો છું. હું તમને મારી તપસ્યાનો આશ્ચર્યજનક પ્રભાવ દેખાડું છું. જો કોઈને જોવા, સાંભળવા કે સ્પર્શ કરવાની તમારી ઈચ્છા હોય તો જણાવો, હું તેને અવશ્ય પૂરી કરીશ.'

જનમેજયને પરીક્ષિતનાં દર્શન અને યુધિષ્ઠિર વગેરેએ હસ્તિનાપુર પાછા જવું

જનમેજયે કહ્યું, 'ભગવંત વ્યાસજી! મારા પિતાનાં દર્શન કરાવી દો, તો તમારી વાતો પર મને વિશ્વાસ થઈ જશે અને તે અવસ્થામાં હું કૃતાર્થ થઈને આજીવન આપનો કૃતજ્ઞ બની રહીશ.'

મહર્ષિ વ્યાસે તેમના પર કૃપા કરી અને તેમના પિતા પરીક્ષિતને યજ્ઞભૂમિમાં બોલાવી લીધા. રાજાએ જોયું, પિતાશ્રી તે જ રૂપ, વેશ અને અવસ્થામાં આકાશમાંથી ઊતર્યા. તેમની સાથે મહાત્મા શમીક અને તેમના પુત્ર શૃંગી ઋષિ પણ હતા. રાજાએ તેઓને ભાવપૂર્વક નમન કર્યું. ત્યાર પછી રાજા જનમેજયે પ્રસન્ન થઈને યજ્ઞાન્તસ્નાન કરતાં પહેલાં પોતાના પિતાશ્રીને સ્નાન કરાવ્યું, પછી પોતે સ્નાન કર્યું.

ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રોનાં દર્શનરૂપી ચમત્કાર જોઈને શોકરહિત થઈને પોતાના આશ્રમ પર ચાલ્યા ગયા. હવે સૌ તેમની વિદાય લઈને પોતપોતાનાં અભીષ્ટ સ્થાનો પર ચાલ્યા ગયા. પાંડવો સૈનિકો અને સ્ત્રીઓ સાથે ધૃતરાષ્ટ્રની પાછળ ગયા.

આશ્રમ પર જઈને વ્યાસજીએ ધૃતરાષ્ટ્રને કહ્યું, 'તમે પ્રાચીન ઋષિઓના મુખેથી અનેક પ્રકારની ધાર્મિક કથાઓ સાંભળી છે. તેથી હવે મનમાં શોક કરશો નહિ, કેમ કે મનુષ્યો પ્રારબ્ધના વિધાનને દુઃખ માનતા નથી. અત્યારે રાજા યુધિષ્ઠિર પોતાના બધા ભાઈઓ, મિત્રો અને સ્ત્રીઓની સાથે સ્વયં તમારી સેવા કરી રહ્યા છે. હવે આ બધા લોકો સહિત યુધિષ્ઠિરને નગરમાં જવાની આજ્ઞા આપો, જેથી તેઓ રાજ્યનું કાર્ય કરી શકે.'

વ્યાસજીના કહેવાથી રાજા ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને પાસે બોલાવીને કહ્યું, 'તમારા કારણે મારો બધો શોક દૂર થઈ ગયો છે. હવે તમે રાજધાનીમાં પાછા જાઓ, વિલંબ ન કરો. તમારી બંને માતાઓ મારી જેમ સૂકાં પાંદડાં ખાઈને રહે છે, તેથી તેઓ વધારે સમય જીવિત રહી શકે એમ નથી. વ્યાસજીના તપોબળ અને તમારા સમાગમથી મને મારા પરલોકવાસી દુર્યોધન વગેરે પુત્રોનાં દર્શન થઈ ગયાં, તેથી મારા જીવનનું પ્રયોજન પણ સમાપ્ત થઈ ગયું છે. હવે હું કઠોર તપ કરીશ. તમે અહીંથી અવશ્ય પ્રસ્થાન કરો, વધારે વિલંબ ન કરો.'

ધૃતરાષ્ટ્રના આ પ્રમાણે કહેવાથી યુધિષ્ઠિરે કહ્યું, 'તમે ધર્મજ્ઞ છો, મારો પરિત્યાગ ન કરો, કેમ કે હું બધી રીતે નિરપરાધ છું. મારા બીજા ભાઈઓ ભલે ચાલ્યા જાય પરંતુ હું વ્રતનું પાલન કરીને તમારી અને બંને માતાઓની સેવા કરીશ.'

આ સાંભળીને ગાંધારીએ કહ્યું, 'આવી વાત ન કરો. તમે જે કર્યું છે તે બહુ છે. હવે મહારાજ જે આજ્ઞા કરી રહ્યા છે, તે પ્રમાણે જ કરો, કેમ કે પિતાના વચનનું પાલન કરવું એ તમારું કર્તવ્ય છે.'

ગાંધારીના આદેશથી રાજા યુધિષ્ઠિરે આંસુભરી આંખે કુંતીને કહ્યું, 'માતા મને ઘેર પાછા જવાની આજ્ઞા આપે છે, પરંતુ મારું મન તમારામાં પરોવાયેલું છે. બધું છોડીને મને તપસ્યા કરવાની જ ઇચ્છા થાય છે.'

આ સાંભળીને સહદેવે રાજા યુધિષ્ઠિરને કહ્યું, 'ભાઈ! મારામાં માને અહીં મૂકીને જવાની હિંમત નથી. તમે હસ્તિનાપુર જાઓ, હું એમની પાસે રહીને તપસ્યા કરીશ અને આ શરીરને સૂકવી નાખીશ. મારું મન મહારાજ અને બંને માતાઓની સેવામાં સંલગ્ન રહેવા ઇચ્છે છે.'

આ સાંભળીને કુંતીએ સહદેવને ગળે લગાડીને કહ્યું, 'આવું ન કહો, મારી વાત માનીને જાઓ. તમારા રહેવાથી મારી તપસ્યામાં વિઘ્ન આવશે. હવે અમારા લોકોનું આયુષ્ય થોડું જ બાકી રહ્યું છે.'

કુંતીએ તેમને ધીરજ આપી. પછી માતા તથા મહારાજની આજ્ઞા લઈને પાંડવોએ તેમના ચરણોમાં પ્રણામ કરીને કહ્યું, 'તમારા આશીર્વાદથી અમે લોકો કુશળતાથી રાજધાની જવા માટે તૈયાર છીએ.'

ધૃતરાષ્ટ્રે તેમને આશીર્વાદ આપીને જવાની આજ્ઞા આપી. ત્યારબાદ ઘરની સ્ત્રીઓ, ભાઈઓ અને સૈનિકો સાથે રાજા યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં આવી પહોંચ્યા.

નારદજી દ્વારા ધૃતરાષ્ટ્ર વગેરેના મૃત્યુના સમાચાર જાણીને યુધિષ્ઠિર વગેરેનો શોક અને તેમનું અન્ત્યેષ્ટિકર્મ

પાંડવોને તપોવનથી આવ્યે જ્યારે બે વર્ષ વીતી ગયાં ત્યારે એક દિવસ મહર્ષિ નારદજી રાજા યુધિષ્ઠિરની પાસે આવ્યા. યુધિષ્ઠિરે તેમની વિધિવત પૂજા કરી અને આસન પર બેસીને કહ્યું, 'હમણાં ઘણાં દિવસથી તમારા દર્શન થયાં ન હતાં, બધું કુશળ તો છે ને? આજ્ઞા કરો, હું તમારી શી સેવા કરું?'

નારદજીએ કહ્યું, 'ઘણા દિવસ પછી તમને મળવાનું થયું છે. અત્યારે હું તપોવનથી આવી રહ્યો છું. રસ્તામાં ગંગા તથા અનેક તીર્થોનાં દર્શન કરીને આવી રહ્યો છું.'

યુધિષ્ઠિર બોલ્યા, 'ગંગાકિનારે રહેનારા લોકો મને આવીને કહ્યા કરે છે કે મહારાજ ધૃતરાષ્ટ્ર કઠોર તપસ્યામાં સંલગ્ન છે. જો તમે તેમને જોયા હોય તો જણાવવાની કૃપા કરો.'

નારદજીએ કહ્યું, 'જ્યારે તમે લોકો વનમાંથી પાછા આવ્યા ત્યારે તમારા કાકાશ્રી ગાંધારી અને કુંતીની સાથે ગંગાદ્વાર ચાલ્યા ગયા. સંજય અને યજ્ઞ કરાવનાર પુરોહિત પણ અગ્નિહોત્રની સામગ્રી લઈને તેમની સાથે ગયા. ત્યાં પહોંચીને તેમણે કઠોર તપસ્યા શરૂ કરી. આમ તેમણે છ મહિના વ્યતીત કર્યા. ગાંધારી માત્ર જળ પીને રહેતાં હતાં. કુંતીદેવી મહિનાના ઉપવાસ પછી માત્ર એક દિવસ ભોજન કરતાં હતાં. અને સંજય બે દિવસ ઉપવાસ કરીને ત્રીજા દિવસે સાંજે ભોજન લેતા હતા. રાજા ધૃતરાષ્ટ્ર ક્યારેક દેખાતા હતા અને ક્યારેક અદૃશ્ય થઈ જતા હતા. હવે તેમનું કોઈ ચોક્કસ સ્થાન ન હતું. તેઓ વનમાં ચારે બાજુ વિચરતા હતા. કુંતીદેવી ગાંધારીના નેત્ર બની ગયાં હતાં.

એક દિવસ રાજા ગંગાજીના કાંપવાળી ભૂમિમાં ફરી રહ્યા હતા. તેમણે ગંગાજીના જળમાં પ્રવેશીને ડૂબકી મારી અને ત્યાંથી ફરી પોતાના આશ્રમ તરફ ચાલ્યા. તે સમયે ભારે પવન ફૂંકાવાથી વનમાં દાવાગ્નિ પ્રજ્વલિત થઈ ગયો. રાજા ઉપવાસ કરવાના કારણે શક્તિહીન થઈ જવાથી ભાગી ન શક્યા. તમારી બંને માતાઓ પણ દુર્બળ થવાથી ભાગવામાં અસમર્થ હતી. તે સમયે અગ્નિ નિકટ આવતો જોઈને રાજાએ પોતાના સારથિને કહ્યું, 'સંજય! તમે કોઈ એવા સ્થાન પર ભાગી જાઓ, જ્યાં આ દાવાગ્નિ તમને બાળી ન શકે. અમે લોકો તો હવે અહીં જ

સ્વયંને અગ્નિમાં હોમીને પરમ ગતિને પ્રાપ્ત કરીશું.'

તેમની વાત સાંભળીને સંજય ગભરાઈને બોલ્યા, 'આ અગ્નિથી આપનું મૃત્યુ થાય એ બરાબર નથી, પરંતુ આ દાવાગ્નિમાંથી બચવાનો કોઈ ઉપાય દેખાતો નથી. હવે આપણે શું કરવું જોઈએ એ જણાવવાની કૃપા કરો.'

ધૃતરાષ્ટ્રે કહ્યું, 'અમે લોકો સ્વેચ્છાથી ગૃહસ્થાશ્રમનો પરિત્યાગ કરીને અહીં આવ્યા છીએ, તેથી અમારા માટે આ પ્રકારનું મૃત્યુ અનિષ્ટકારક નથી. ઉપવાસ કરીને પ્રાણોનો ત્યાગ કરવો એ તપસ્વીઓ માટે ઉત્તમ છે. તેથી તમે અહીંથી તરત ચાલ્યા જાઓ, વિલંબ ન કરો.' આમ કહીને રાજા ધૃતરાષ્ટ્રે પોતાના મનને એકાગ્ર કરીને ગાંધારી તથા કુંતીની સાથે તેઓ પૂર્વાભિમુખ બેસી ગયા.

તેમને આ સ્થિતિમાં જોઈને સંજયે તેમની પરિક્રમા કરીને કહ્યું, 'હવે પોતાને યોગયુક્ત કરી દો.'

ત્યાંથી નીકળી સંજયે, નારદજી તેમજ અન્યઋષિમુનિઓને મળી તેમની વિદાય લઈ હિમાલય તરફ પ્રયાણ કર્યું.

રાજાએ તેમના કથનાનુસાર સમાધિ લગાવી દીધી. તેઓ ઇન્દ્રિયોને રોકીને કાષ્ઠવત્ નિશ્ચેષ્ટ થઈ ગયા. દેવી ગાંધારી, માતા કુંતી તથા રાજા ધૃતરાષ્ટ્ર એ ત્રણેય દાવાગ્નિમાં બળીને ભસ્મ થઈ ગયાં, પરંતુ સંજયના પ્રાણ બચી ગયા છે. આ પ્રમાણે ધૃતરાષ્ટ્ર અને તમારી બંને માતાઓનું મૃત્યુ થયું છે.'

રાજા ધૃતરાષ્ટ્રના પરલોકગમનના સમાચાર સાંભળીને પાંડવોને ભારે શોક થયો. સૌ વિલાપ કરીને રડવા લાગ્યા. ત્યારે ધર્મરાજ યુધિષ્ઠિર નારદજીને કહેવા લાગ્યા, 'અમારા લોકોની હયાતીમાં કઠોર તપ કરી રહેલા વડીલોનું આ પ્રમાણે વનમાં અનાથની જેમ મૃત્યુ થયું, આ કેટલા દુઃખની વાત છે?'

નારદજીએ કહ્યું, 'ધૃતરાષ્ટ્રનો દાહ લૌકિક અગ્નિથી નથી થયો. મેં સાંભળ્યું છે કે વાયુ પીને રહેનારા તે રાજર્ષિ જ્યારે ગંગાતટના તે તપોવનમાં પ્રવેશ કરવા લાગ્યા, તે સમયે યાજકો દ્વારા યજ્ઞ કરાવ્યા બાદ અગ્નિઓને ત્યાં જ ત્યજી દીધા હતા. તેમના યાજકો અગ્નિઓને નિર્જન વનમાં મૂકીને પોતાનાં સ્થાન પર ચાલ્યા ગયા. તપસ્વીઓનું કહેવું છે કે તે જ અગ્નિ પ્રજ્વલિત થઈ જતાં તે વનમાં આગ લાગી હતી. આમ રાજા

ધૃતરાષ્ટ્રનો બંને માતાઓ સાથે પોતાના દ્વારા સ્થાપિત વૈદિક અગ્નિથી જ દાહ થયો છે અને તેઓ પરમ ગતિને પ્રાપ્ત થયા છે. તેથી તમે તેમના માટે શોક ન કરો. હવે તમે તમારા બધા ભાઈઓ સાથે જઈને તેમને જલાંજલિ આપો.'

ત્યારપછી રાજા યુધિષ્ઠિર પોતાના ભાઈઓ અને પત્નીની સાથે નગરની બહાર નીકળીને ગંગાકિનારે ગયા. નગરજનો પણ એક વસ્ત્ર ધારણ કરીને ગંગાજીના કિનારે ગયા. પછી બધાએ ગંગાજીમાં સ્નાન કર્યું અને ગોત્રનું ઉચ્ચારણ કરીને જલાંજલિ આપી. હરદ્વારમાં તેમનું શ્રાદ્ધ કરવાની વ્યવસ્થા કરાવી અને તેમને દાનમાં આપવા યોગ્ય વસ્તુઓ અર્પણ કરી. દશાહ વગેરે કર્મ કરી લીધા બાદ યુધિષ્ઠિરે બારમા દિવસે શ્રાદ્ધકર્મ કર્યું તથા તે ત્રણેયના અસ્થિ એકત્રિત કરીને ગંગાજીમાં પધરાવી દીધાં. પછી બ્રાહ્મણોને પર્યાપ્ત દક્ષિણાઓ આપી. આ પ્રમાણે વારંવાર શ્રાદ્ધ નિમિત્તે દાન આપીને યુધિષ્ઠિરે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

દેવર્ષિ નારદજી પણ રાજા યુધિષ્ઠિરને સાંત્વના આપીને પોતાના સ્થાન પર ચાલ્યા ગયા. આ પ્રમાણે સ્વજનો નિમિત્તે દાન કરતા રહીને પંદર વર્ષ તેમણે હસ્તિનાપુરમાં નિવાસ કર્યો અને ત્રણ વર્ષ વનમાં તપસ્યા કરીને વિતાવ્યા હતા.

મૌસલપર્વ

યુધિષ્ઠિરે અપશુકન જોવાં તથા દ્વારકામાં ઉત્પાત જોઈને શ્રીકૃષ્ણે યાદવોને તીર્થયાત્રા માટે આપી આજ્ઞા

મહાભારતના યુદ્ધ પછી જ્યારે છત્રીસમા વર્ષનો આરંભ થયો ત્યારે રાજા યુધિષ્ઠિરને અનેક પ્રકારના અપશુકન દેખાવા લાગ્યા. અત્યંત તોફાની આંધી ચાલવા લાગી. કાંકરા અને પથ્થરોની વૃષ્ટિ થવા લાગી. નદીઓનું જળ રેતીમાં ચાલ્યું ગયું.

પછી થોડા જ દિવસોમાં યુધિષ્ઠિરને એવા સમાચાર મળ્યા કે, 'મુશળના કારણે આખા વૃષ્ટિકુળનો સંહાર થઈ ગયો, માત્ર શ્રીકૃષ્ણ અને બળભદ્ર જ બચ્યા છે.' આ સાંભળીને તેમણે પોતાના ભાઈઓને બોલાવ્યા અને પૂછ્યું, 'હવે આપણે શું કરવું જોઈએ?'

બ્રહ્મદંડના પ્રભાવથી વૃષ્ણિવંશનો વિનાશ સાંભળીને પાંડવો બહુ વ્યથિત થયા.

એક વાર મહર્ષિ વિશ્વામિત્ર, કણ્વ અને નારદજી દ્વારકા ગયા હતા. તેમને જોઈને યાદવકુમારો સામ્બને સ્ત્રીના રૂપમાં સજાવીને તેમની પાસે લઈ ગયા અને બોલ્યા, 'આ બભ્રુની પત્ની છે. એ જણાવો કે આ સ્ત્રીના ગર્ભથી શું ઉત્પન્ન થશે?' આમ કહીને મશ્કરી દ્વારા જ્યારે તેમણે ઋષિઓનો તિરસ્કાર કર્યો, ત્યારે મુનિ ક્રોધિત થઈને બોલ્યા, 'આ શ્રીકૃષ્ણનો પુત્ર સામ્બ પુરુષોનો નાશ કરવા માટે એક લોઢાનું મુશળ ઉત્પન્ન કરશે, જેના દ્વારા તમારા સમસ્ત કુળનો સંહાર થઈ જશે. માત્ર શ્રીકૃષ્ણ અને બળભદ્ર પર તેમનો પ્રભાવ થશે નહિ. બળભદ્ર પોતાના

શરીરનો ત્યાગ કરીને સમુદ્રમાં પ્રવેશ કરી જશે અને શ્રીકૃષ્ણ જ્યારે પૃથ્વી પર શયન કરી રહ્યા હશે, ત્યારે જરા નામનો વ્યાધ તેમને પોતાનાં બાણથી વીંધી નાખશે.' આ પ્રમાણે કહીને તે મુનિઓ ભગવાન શ્રીકૃષ્ણને જઈને મળ્યા. આ સમાચાર સાંભળીને શ્રીકૃષ્ણે વૃષ્ટિકુળના બધા લોકોને પણ આ વાત જણાવી દીધી. તેઓ બધાનો અંત જાણતા હતા, તેથી યાદવોને કહ્યું, 'ઋષિઓની આ વાત અવશ્ય સત્ય થઈને રહેશે.' શ્રીકૃષ્ણ સંપૂર્ણ જગતના ઈશ્વર છે, તેમ છતાં તેમણે યાદવોના વિનાશને રોકવાની ઇચ્છા ન કરી.

બીજા દિવસે સામ્બે મુશળ ઉત્પન્ન કર્યું. યાદવોએ એની સૂચના રાજા ઉગ્રસેનને આપી દીધી. એ સાંભળીને રાજાના મનમાં ભારે દુઃખ થયું અને તેમણે તે મુશળનું ચૂર્ણ કરાવીને સમુદ્રમાં ફેંકાવી દીધું. ત્યારપછી ઉગ્રસેન, શ્રીકૃષ્ણ, બળભદ્ર અને બભ્રુની આજ્ઞા પ્રમાણે નગરમાં ઢંઢેરો પિટાવી દીધો કે, 'આજથી કોઈ પણ નગરવાસી વૃષ્ણિવંશી અને અંધકવંશીઓને ત્યાં મદિરા ન બનાવે. જે કોઈ મનુષ્ય ગુપ્ત રીતે આ પીણું બનાવશે, તેને જીવતાં તેના ભાઈબંધુ સહિત શૂળી પર ચડાવી દેવામાં આવશે.'

આ જાહેરાત સાંભળીને દ્વારકાવાસી રાજાના ભયથી મદિરા ન બનાવવાનો નિશ્ચય કરી લીધો.

વૃષ્ણિ અને અંધકવંશના લોકો પોતાની ઉપર આવેલા સંકટનું નિવારણ કરવા માટે અનેક પ્રકારના ઉપાયો કરી રહ્યા હતા; તેમ છતાં કાળ દરરોજ તે બધાનાં ઘરોમાં આંટા માર્યા કરતો હતો. તેનું સ્વરૂપ ભયંકર અને વિકટ હતું. હવે દરરોજ ભયંકર આંધી આવવા લાગી. યાદવોનાં ઘરમાં મેના હંમેશાં બોલ્યા કરતી હતી. દિવસ હોય કે રાત એક ક્ષણ માટે પણ તેનો અવાજ બંધ થતો ન હતો. યાદવો દેવતા, પિતકો, બ્રાહ્મણો અને ગુરુજનોનું પણ અપમાન કરતા હતા. માત્ર બળભદ્ર અને શ્રીકૃષ્ણ તેમના તિરસ્કારથી બચ્યા હતા. જ્યારે શ્રીકૃષ્ણના પાંચજન્ય શંખનો ધ્વનિ થતો ત્યારે યાદવોના ઘરોમાં ચારે બાજુ ગધેડાંઓના ભૂંકવાનો અવાજ આવતો હતો. આ પ્રમાણે કાળની વિપરીત ગતિ જોઈને અને પક્ષના તેરમા દિવસે ભગવાન શ્રીકૃષ્ણે યાદવોને કહ્યું, 'મહાભારતનું યુદ્ધ થયું ત્યારે જેવો યોગ હતો તેવો જ યોગ અત્યારે આપણા લોકોનો સંહાર કરવા માટે ઉપસ્થિત થયો છે.'

આમ કહીને શ્રીકૃષ્ણ કાળની ગતિ પર વિચાર કરવા લાગ્યા. વિચાર કરતાં તેમના મનમાં એ વાત આવી કે, 'એવું લાગે છે કે બંધુ-બાંધવોના મરાઈ જવાથી પુત્રશોકથી ગાંધારીએ યાદવોને જે શાપ આપ્યો હતો, તે પૂરો થવાનો સમય આવી ગયો છે.'

શ્રીકૃષ્ણે ગાંધારીનો શાપ સત્ય કરવાના ઉદ્દેશથી યદુવંશીઓને તીર્થયાત્રા કરવાની આજ્ઞા આપી. ભગવાનની આજ્ઞાથી રાજપુરુષોએ નગરમાં એવી જાહેરાત કરાવી દીધી કે, 'બધા લોકો સમુદ્રકિનારે પ્રભાસતીર્થમાં જવાની તૈયારી કરે.'

યદુવંશીઓનો સંહાર

યાદવોએ સ્ત્રીઓ સહિત પ્રભાસક્ષેત્રમાં પહોંચીને અનુકૂળ સ્થાનોમાં મુકામ કર્યો. યોગવેત્તા ઉદ્ધવજીએ જ્યારે આ સાંભળ્યું કે યદુવંશી વીરો સમુદ્રતટ પર પ્રભાસક્ષેત્રમાં આવીને રહે છે, ત્યારે તેઓ તેમને મળવા માટે ત્યાં આવ્યા અને તેમની વિદાય લઈને પાછા ચાલ્યા ગયા. તેઓ જવા નીકળ્યા ત્યારે શ્રીકૃષ્ણે હાથ જોડીને પ્રણામ કર્યા. ભગવાનને યાદવોના વિનાશની ખબર હતી તેથી તેમણે જવા ટાણે ઉદ્ધવજીને ત્યાં રોકવાનું યોગ્ય ન માન્યું.

ત્યાર પછી યાદવોની વાતચીતમાં બેઠેલા સાત્યકિએ કૃતવર્માની મશ્કરી કરી અનાદર કરતાં કહ્યું, 'પોતાને ક્ષત્રિય માનનારો કોણ એવો વીર હશે, જે રાત્રે મુડદા જેવી દશામાં સૂતેલા મનુષ્યોની તારી જેમ હત્યા કરશે? સાત્યકિના આ પ્રમાણે કહેવાથી પ્રદ્યુમ્ને પણ કૃતવર્માનું અપમાન કરતા રહીને તેમની વાતનું અનુમોદન કર્યું.

આ સાંભળીને કૃતવર્માને ભારે ગુસ્સો આવ્યો અને તેણે તિરસ્કાર કરતાં કહ્યું, 'ભૂરિશ્રવાનો હાથ કપાઈ ગયો હતો અને તેઓ અનશન કરીને યુદ્ધભૂમિમાં બેસી ગયા હતા, તેવી સ્થિતિમાં તેં પોતાને વીર કહેવડાવતો હોવા છતાં તેમની હત્યા કઈ રીતે કરી?'

તેની વાત સાંભળીને સાત્યકિનો ક્રોધ કાબૂ બહાર થઈ ગયો. તેઓ ઊભા થઈને બોલ્યા, 'હું સત્યના સોગંદ ખાઈને કહું છું કે આજે આ પાપીને મારીને યમલોક પહોંચાડી દઈશ.' આમ કહીને સાત્યકિએ તલવાર હાથમાં લઈને કૃતવર્માનું માથું ધડથી અલગ કરી દીધું.

ત્યારપછી તેઓ બીજા વીરોને પણ મોતને ઘાટ ઉતારવા લાગ્યા. આ જોઈને શ્રીકૃષ્ણ તેમને રોકવા દોડ્યા. એટલામાં કાળની પ્રેરણાથી

ભોજ અને અંધકવંશના વીરોએ એકમત થઈને સાત્યકિને ચારે બાજુથી ઘેરી લીધો. તેમને ક્રોધપૂર્વક સાત્યકિ પર આક્રમણ કરતાં જોઈને શ્રીકૃષ્ણ ક્રોધિત થઈ સાત્યકિને બચાવી લેવા દોડ્યા. પ્રદ્યુમ્ન અને સાત્યકિ ઉત્તેજિત થઈ વિપક્ષીઓનો સામનો કરી રહ્યા હતા. અંતે શ્રીકૃષ્ણની સામે જ શત્રુઓના હાથે બંને વીરો મરાઈ ગયા.

તીર્થ સ્થાન એક લડાઈના મેદાનમાં ફેરવાઈ ગયું. ઋષિઓના શાપને પરિણામે લોખંડના ટુકડામાંથી ફેરવાય ગયેલા મુશળથી અંધકો, ભોજો, શૈનેયો, વૃષ્ણિઓ આવા યાદવોના કહેવાતા છપ્પન કુળોના યાદવો દારૂના નશામાં ભાન ભૂલીને એકબીજાનો નાશ કરવા લાગ્યા. પુત્રોએ પિતાનો, સગાંવહાંલા, મિત્રોએ એકબીજાનો નાશ કરી નાંખ્યો. શ્રીકૃષ્ણના પુત્રો સામ્બ, ગદ, અનિરુદ્ધ, ચારુદેષ્ણ, પ્રદ્યુમ્નનું પણ મૃત્યુ થઈ ગયું. એ જોઈને બભ્રુ અને દારુક શ્રીકૃષ્ણ પાસે જઈને બોલ્યા, 'હવે બધાનો વિનાશ થઈ ગયો, હવે બળદેવની શોધ કરવી જોઈએ.'

બળરામજી અને ભગવાન શ્રીકૃષ્ણનું પરમધામ ગમન

દારુક, બભ્રુ અને શ્રીકૃષ્ણ બળરામજીનાં ચરણ-ચિહ્નો જોતાં જોતાં ત્યાંથી ચાલવા લાગ્યા. થોડે દૂર ગયા પછી તેમણે બળભદ્રજીને એક વૃક્ષ નીચે બેઠેલા જોયા. તેઓ એકાંતમાં બેઠા હતા. તેમની પાસે પહોંચીને શ્રીકૃષ્ણે દારુકને આજ્ઞા આપી કે, 'તમે તરત જ હસ્તિનાપુર જઈને અર્જુનને યાદવોના આ મહાસંહારની જાણ કરો. બ્રાહ્મણોના શાપથી યાદવોના સંહારના સમાચાર મળતાં જ અર્જુન તરત જ દ્વારકા આવી જાય.' શ્રીકૃષ્ણે આ પ્રમાણે આજ્ઞા આપવાથી દારુક રથ લઈને હસ્તિનાપુર ચાલ્યો ગયો. તેના ગયા પછી શ્રીકૃષ્ણે બભ્રુને પોતાને પાસે ઊભેલો જોઈને કહ્યું, 'તમે સ્ત્રીઓની રક્ષા માટે તરત દ્વારકા ચાલ્યા જાઓ. ક્યાંક એવું ન બને કે ડાકુઓ ધનની લાલચમાં તેમની હત્યા કરી નાખે.'

બભ્રુ પોતાના ભાઈબાંધવોના વધથી બહુ દુ:ખી હતા. શ્રીકૃષ્ણની આજ્ઞાથી તેઓ દ્વારકા જવા રવાના થયા. ત્યાં જ બ્રાહ્મણોના શાપના પ્રભાવથી ઉત્પન્ન થયેલું મુશળ તેમના માથા પર પડ્યું. જેના ઘાથી એકાએક તેમનું મૃત્યુ થયું.

બભ્રુને મરેલો જોઈને શ્રીકૃષ્ણે બલરામજીને કહ્યું, 'આપ અહીં જ

રહીને મારી પ્રતીક્ષા કરો, ત્યાં સુધી હું સ્ત્રીઓને કુટુંબીજનોના સંરક્ષણમાં સોંપીને આવું છું.'

આમ કહીને શ્રીકૃષ્ણ દ્વારકા ગયા અને પોતાના પિતા વસુદેવને કહ્યું, 'આપ અર્જુનના આવવાની રાહ જોઈને બધી સ્ત્રીઓની રક્ષા કરો. અત્યારે બલરામજી વનમાં બેસીને મારી પ્રતીક્ષા કરી રહ્યા છે, હું તેમને મળવા જઈશ. મેં યાદવોનો વિનાશ મારી આંખોએ જોયો છે. તે વીરો વિના સૂની પડેલી દ્વારકાપુરી હવે મારાથી જોઈ શકાતી નથી.'

આમ કહીને તેઓ પોતાના પિતાના ચરણોમાં પ્રણામ કરીને ત્યાંથી ચાલ્યા ગયા. એટલામાં નગરની સ્ત્રીઓ અને બાળકોના રડવાનો અવાજ સંભળાયો. વિલાપ કરી રહેલી સ્ત્રીઓનું આક્રંદ સાંભળીને શ્રીકૃષ્ણ ફરી પાછા આવ્યા અને તેમને સાંત્વના આપતાં બોલ્યા, 'અર્જુન થોડા સમયમાં અહીં આવી પહોંચશે. તેઓ તમને સંકટમાંથી બચાવશે.' આમ કહીને તેઓ ચાલ્યા ગયા.

ત્યાં જઈને તેમણે એકાંત વનમાં બલરામજીનાં દર્શન કર્યાં. બલરામજી યોગયુક્ત થઈને સમાધિ લગાવીને બેઠા હતા. શ્રીકૃષ્ણની નજર સામે જ તેમના મુખમાંથી સફેદ રંગનો મોટો સર્પ નીકળ્યો અને સમુદ્ર તરફ ચાલ્યો ગયો. તે સર્પનાં હજારો મસ્તક હતાં. સમુદ્રે સ્વયં પ્રગટ થઈને ભગવાન અનંતનું સ્વાગત કર્યું. સ્વયં રાજા વરુણ પણ ત્યાં આવ્યા હતા. ભાઈ બલરામના પરમધામ પધાર્યા પછી સંપૂર્ણ ભવિષ્યને જાણનારા ભગવાન શ્રીકૃષ્ણ તે સૂના વનમાં વિચરવા લાગ્યા. ફરતાં ફરતાં તેઓ એક જગાએ જમીન પર પગ પર પગ ચઢાવી બેસી ગયા અને કાંઈક વિચારવા લાગ્યા. પૂર્વે ગાંધારીદેવીએ જે શાપ આપ્યો હતો તેને યાદ કરીને તેમણે પોતાના અંતર્ધાન થવાનો સમય પ્રાપ્ત થયો હોવાનું વિચારી લીધું.

શ્રીકૃષ્ણ ત્રણે લોકની રક્ષા માટે પરમધામ પધારવાના ઉદ્દેશથી મન, વાણી અને ઇન્દ્રિયોનો સંયમ કર્યો અને સમાધિનું અવલંબન કરીને તેઓ પૃથ્વી પર સૂઈ ગયા.

તે જ સમયે એક જરા નામનો વ્યાધ મૃગોને મારીને લઈ જવાની ઇચ્છાથી તે સ્થાન પર આવ્યો અને યોગમાં સ્થિત થઈને સૂતેલા શ્રીકૃષ્ણના પગને મૃગનું મુખ સમજીને બાણ મારીને ઘા કરી દીધો. તેનું ચિત્ત હરણમાં આસક્ત હતું, તેથી શ્રીકૃષ્ણના ચરણને તે હરણ જ સમજ્યો હતો. બાણ માર્યા પછી જ્યારે તે પોતાનો શિકાર પકડવા

આગળ વધ્યો, ત્યારે યોગમાં સ્થિત શ્રીકૃષ્ણ પર તેની દૃષ્ટિ પડી. પોતાનું બાણ શ્રીકૃષ્ણને વાગ્યું છે એ જાણી ભારે વ્યથિત થઈને ભગવાન સામે ઢળી પડ્યો. શ્રીકૃષ્ણે એને આશ્વાસન આપ્યું અને તેઓ પરમધામમાં ચાલ્યા ગયા. અંતરિક્ષમાં પહોંચ્યા પછી અપ્સરાઓ સહિત ગંધર્વોએ ભગવાનનું સ્વાગત કર્યું.

દ્વારકા આવીને અર્જુનનો વસુદેવ સાથે સંવાદ તથા વસુદેવજીનું નિધન

દારુકે હસ્તિનાપુર પહોંચીને પાંડવોને સમાચાર કહ્યા કે યદુવંશી આપસમાં મુશળોના પ્રહારથી નષ્ટ થઈ ગયા. વૃષ્ણિ, ભોજક, અંધક અને કુકુરવંશના વીરોનો વિનાશ સાંભળીને પાંડવોને ભારે શોક થયો. અર્જુનને આ વાત પર વિશ્વાસ ન થયો તેથી તેઓ તરત જ પોતાના મામા વસુદેવજીને મળવા ગયા. દારુકની સાથે વૃષ્ણિઓનાં નિવાસસ્થાને પહોંચીને અર્જુને જોયું કે દ્વારકામાં વિધવા સ્ત્રીની જેમ શ્રીહીન થઈ ગઈ છે. શ્રીકૃષ્ણની સોળ હજાર રાણીઓ અર્જુનને જોતાં જ વિલાપ કરીને રડવા લાગી. તેમનો આર્તનાદ સાંભળીને અર્જુનની આંખોમાં આંસુ આવી ગયાં. દ્વારકાનગરી અને શ્રીકૃષ્ણની પત્નીઓની આવી માઠી દશા જોઈને અર્જુન રડવા લાગ્યા. પછી અર્જુને શ્રીકૃષ્ણના ગુણોની પ્રશંસા કરીને સ્ત્રીઓને સાંત્વના આપી. ત્યાર પછી અર્જુન પોતાના મામા વસુદેવજીને મળવા માટે તેમના મહેલમાં ગયા. ત્યાં જઈને તેમણે જોયું કે વસુદેવજી પુત્રશોકથી સંતપ્ત થઈને પૃથ્વી પર પડ્યા હતા. તેમની આવી દશા જોઈને અર્જુને તેમના બંને ચરણ પકડી લીધા. વસુદેવજીએ બંને ભુજાઓથી અર્જુનને ખેંચીને પોતાની છાતીએ લગાડી દીધા અને પોતાના બધા પુત્રો, ભાઈઓ, પૌત્રો અને દોહિત્રોને યાદ કરીને રડીને વિલાપ કરવા લાગ્યા.

વસુદેવજી બોલ્યા, 'આટલા શક્તિશાળી હોવા છતાં પણ શ્રીકૃષ્ણ પોતાના પરિવારની રક્ષા ન કરી. જ્યારે પુત્ર, પૌત્ર, ભાઈ અને મિત્ર - બધા એકબીજાના હાથે મરાઈને ધરાશાયી થઈ ગયા, ત્યારે તેમને તે સ્થિતિમાં જોઈને શ્રીકૃષ્ણે મારી પાસે આવીને કહ્યું, 'આજે આ કુળનો સંહાર થઈ ગયો. અર્જુન દ્વારકાપુરમાં આવવાના છે. આવ્યા પછી તેમને વૃષ્ણિવંશીઓના વિનાશની વાત કહેજો. અર્જુન યાદવોના સંહારની વાત

સાંભળીને એ તરત અહીં આવશે. અર્જુન જે પ્રમાણે કહે તે પ્રમાણે કરજો. સ્ત્રીઓ અને બાળકોની રક્ષા અર્જુન કરશે. અર્જુનના અહીંથી ગયા પછી તરત જ સમુદ્ર આ સમગ્ર દ્વારકાનગરીને ડુબાડી દેશે. હું કોઈ પવિત્ર સ્થળમાં રહીને વ્રત અને નિયમોનું પાલન કરતો રહીને બલરામજીની સાથે કાળની પ્રતીક્ષા કરીશ.'

શ્રીકૃષ્ણ આ પ્રમાણે કહીને બાળકોની સાથે મને અહીં મૂકીને કોઈ અજ્ઞાત દિશામાં ચાલ્યા ગયા છે. ત્યારથી હું કુટુંબના સંહારને યાદ કરીને શોકથી ભોજન કરી શકતો નથી. હવે હું ન તો ભોજન કરીશ કે ન આ જીવનને રાખીશ. સારું થયું કે તમે અહીં આવી ગયા. હવે આ રાજ્ય, આ સ્ત્રીઓ અને આ રત્નો બધું તમારે અધીન છે. હવે હું નિશ્ચિંત થઈને મારા પ્રાણોનો ત્યાગ કરીશ.'

વસુદેવજીની આ વાતો સાંભળીને અર્જુન મનમાં અત્યંત દુઃખી થયા. તેમણે વસુદેવજીને કહ્યું, 'શ્રીકૃષ્ણ તથા મારા ભાઈઓ વિનાની આ પૃથ્વી મારાથી જોવાતી નથી. રાજા યુધિષ્ઠિરનો પણ પરલોક-ગમનનો સમય આવી ગયો છે. હવે હું વૃષ્ણિવંશની સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોને મારી સાથે ઇન્દ્રપ્રસ્થ લઈ જઈશ.' એમ કહીને અર્જુને દારુકને કહ્યું કે, 'હું વૃષ્ણિવંશના મંત્રીઓને તરત મળવા માગું છું.' એમ કહીને તેમણે યાદવ મહારથીઓ માટે શોક કરતા રહીને સુધર્માસભામાં પ્રવેશ કર્યો અને ત્યાં તેઓ એક સિંહાસન પર બિરાજમાન થયા. અર્જુનની સ્થિતિ દયનીય હતી. તેમણે સભાસદોને કહ્યું, 'હું વૃષ્ણિ અને અંધકવંશના લોકોને મારી સાથે ઇન્દ્રપ્રસ્થ લઈ જઈશ, કેમ કે સમુદ્ર આ સંપૂર્ણ નગરને ડુબાડી દેશે. તેથી તમે લોકો વાહનો, રત્નો વગેરે લઈને જવા માટે તૈયાર થઈ જાઓ. ઇન્દ્રપ્રસ્થ ગયા પછી શ્રીકૃષ્ણના પૌત્ર વજ્રને તમારો રાજા બનાવવામાં આવશે. આજથી સાતમા દિવસે સૂર્યોદય થતાં જ આપણે આ નગરને છોડી દેવાનું છે. તેથી બધા લોકો જલદી જવાની તૈયારી કરો.'

અર્જુનના કહેવાથી બધા મંત્રીઓ ઉત્સાહથી જવાની તૈયારી કરવા લાગ્યા. અર્જુને ભગવાન શ્રીકૃષ્ણના મહેલમાં જ તે રાત્રિ વ્યતીત કરી. સવાર થતાં વસુદેવજીએ પોતાના ચિત્તને એકાગ્ર કરીને યોગ દ્વારા ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી. આથી મહેલમાં ભારે રોકકળ થવા લાગી. ત્યારપછી અર્જુને એક કીમતી પાલખીમાં વસુદેવજીના પાર્થિવ શરીરને મૂક્યું અને પુરુષો તેને નગરની બહાર લઈ ગયા. વસુદેવજીને પોતાના જીવનકાળમાં

જે સ્થાન વિશેષ પ્રિય હતું, ત્યાં તેમનો દાહ-સંસ્કાર કરવામાં આવ્યો. જ્યારે ચિતામાં અગ્નિ મૂકવામાં આવ્યો ત્યારે તેમની ચાર પત્નીઓ - દેવકી, ભદ્રા, રોહિણી અને મંદિરા ચિતા પર તેમના મૃતદેહ સાથે બેસી ગઈ અને તેમની સાથે ભસ્મ થઈને પતિલોકને પ્રાપ્ત થઈ ગઈ. ત્યારપછી વજ્ર વગેરે વૃષ્ણિ અને અંધકવંશના કુમારો તથા સ્ત્રીઓએ વસુદેવજીને જલાંજલિ આપી.

અંધક અને વૃષ્ણિવંશના બાળકો, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર તથા શ્રીકૃષ્ણ સોળ હજાર પત્નીઓ તેમના પૌત્ર વજ્રને આગળ કરીને અર્જુન સાથે ત્યાંથી નીકળી ગયા. પછી સમુદ્રે રત્નોથી ભરેલી દ્વારકાને ડુબાડી દીધી.

આ અદ્‌ભુત દૃશ્યને જોઈને દ્વારકાવાસી મનુષ્યો બહુ ઉતાવળા ચાલવા લાગ્યા. તેમના મુખેથી એ જ શબ્દો નીકળતા હતા, 'દૈવની લીલા અદ્‌ભુત છે.'

અર્જુન સુંદર વન, પર્વતો અને નદીઓના કિનારે નિવાસ કરતા યાદવોની સ્ત્રીઓને લઈને જઈ રહ્યા હતા. એકલા અર્જુનના રક્ષણમાં આટલા મોટા સમુદાયને જતો જોઈને ત્યાં રહેનારા લૂંટારાઓના મનમાં લોભ પેદા થયો. તે બધાએ એકત્ર થઈને નિશ્ચય કર્યો, 'અર્જુન આપણને નિર્બળ સમજીને વૃદ્ધ, બાળકોના આ સમુદાયને એકલો જ લઈને જઈ રહ્યો છે. તેના આ બધા સૈનિકો ઉત્સાહહીન દેખાય છે.'

એ લૂંટારાઓ તે સમુદાય પર હજારોની સંખ્યામાં તૂટી પડ્યા. તેમને પાછળના ભાગેથી આક્રમણ કરતા જોઈને અર્જુન પોતાના પાયદળ સૈનિકો સાથે તરત પાછળની તરફ દોડ્યા અને કહેવા લાગ્યા, 'જો જીવતા રહેવા ઇચ્છતા હો તો પાછા ચાલ્યા જાઓ, અન્યથા મારાં બાણોથી વીંધાઈને મૃત્યુને પામશો.'

અર્જુનનું ન માનીને તેઓ એ સમુદાય પર ચડી આવ્યા. એમાં સ્ત્રીઓની સંખ્યા વધારે હતી, તેથી લૂંટારાઓ બધી બાજુથી તેમના પર આક્રમણ કરવા લાગ્યા. બધા યોદ્ધાઓની નજર સામે જ તે લૂટારા સ્ત્રીઓને ઘસડી ઘસડીને લઈ જવા લાગ્યા. તેમની આવી દુર્દશા જોઈને ઘણી સ્ત્રીઓ ડાકુઓની ઇચ્છા અનુસાર ચૂપચાપ તેમની સાથે ચાલી ગઈ. ત્યારે અર્જુન દુઃખી થઈને ગાંડીવ ધનુષ્યથી છોડેલાં બાણોથી ડાકુઓના પ્રાણ લેવા લાગ્યા. પરંતુ એક જ ક્ષણમાં બધાં બાણ સમાપ્ત

થઈ ગયાં. બાણોની કમીથી અર્જુનને બહુ દુઃખ થયું અને તેઓ શોક-સંતપ્ત થઈને ધનુષ્યની અણી દ્વારા લૂંટારાઓનો વધ કરવા લાગ્યા. તે સમયે સ્ત્રીઓને લૂટીને લૂંટારાઓ ચારે બાજુ ભાગી ગયા. તેમનું અસ્ત્રોનું જ્ઞાન લુપ્ત થઈ ગયું. એને દૈવની લીલા સમજીને તેઓ ઉદાસ થઈ ગયા અને ડાકુઓનો પીછો કરવાનું છોડીને પાછા આવ્યા. પછી અપહરણથી બચેલી સ્ત્રીઓ અને બચેલાં રત્નોને સાથે લઈને કુરુક્ષેત્રમાં પહોંચ્યા.

આ પ્રમાણે વૃષ્ણિવંશીઓના શેષ પરિવારના લોકોને લઈ આવીને અર્જુને તેમને યોગ્ય સ્થાને વસાવી દીધા. તેમણે કૃતવર્માના પુત્રોને માર્ત્તિકાવત નગરનું રાજ્ય આપી દીધું અને ભોજરાજના પરિવારની બચી ગયેલી સ્ત્રીઓને તેની પાસે મૂકી દીધી. ત્યાર પછી વૃદ્ધો, બાળકો તથા અન્ય સ્ત્રીઓને સાથે લઈને તેઓ ઇન્દ્રપ્રસ્થ આવ્યા અને તે બધાને ત્યાં વસાવી દીધાં. તેમણે વજ્રને ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય આપી દીધું. અને હસ્તિનાપુરનું રાજ્ય અભિમન્યુના પુત્ર પરીક્ષિતને આપી તેનો રાજ્યાભિષેક કર્યો. કૌરવ કુટુંબમાં હયાત એક માત્ર યુયુત્સુને પરીક્ષિતનો સલાહકાર અને રાજ્ય સંભાળવાની જવાબદારી સોંપી. વજ્રના બહુ રોકવા છતાં અક્રૂરજીની પત્નીઓ વનમાં તપ કરવા માટે ચાલી ગઈ. રુક્મિણી, ગાંધારી, શૈબ્યા, હેમવતી તથા જામ્બવતી આ બધાં અગ્નિમાં પ્રવેશ કરી ગયાં. સત્યભામા તથા અન્ય દેવીઓ તપ કરવાનો નિશ્ચય કરીને વનમાં ચાલી ગઈ.

જે દ્વારકાવાસી મનુષ્યો અર્જુન સાથે આવ્યા હતા, તે બધાને યથાયોગ્ય વિભાગ કરીને વજ્રને સોંપી દીધા. આ પ્રમાણે યથોચિત વ્યવસ્થા કરીને આંસુભર્યાં નેત્રે અર્જુન મહર્ષિ વ્યાસજીના આશ્રમ પર ગયા અને ત્યાં બેઠેલા મહર્ષિનાં તેમણે દર્શન કર્યાં.

અર્જુન અને વ્યાસજીની વાતચીત

વ્યાસજીની પાસે જઈને અર્જુને તેમના ચરણોમાં પ્રણામ કર્યાં. વ્યાસજી પ્રસન્ન થઈને બોલ્યા, 'તમારું સ્વાગત છે, આવો બેસો.'

અર્જુનનું ચિત્ત અશાંત હતું. તેઓ અત્યંત વ્યથિત થઈ રહ્યા હતા. તેમની આવી દશા જોઈને વ્યાસજીએ પૂછ્યું, 'તમારી ઉદાસીનતાનું કારણ મને કહેવા યોગ્ય હોય તો જલદી જણાવો.'

અર્જુને કહ્યું, 'ભગવાન શ્રીકૃષ્ણ બલરામજી સાથે પરમધામ ચાલ્યા

ગયા. બ્રાહ્મણોના શાપથી મુશળયુદ્ધમાં વૃષ્ણિવંશનો વિનાશ થઈ ગયો. બીજી ઘટના આનાથી પણ દુઃખદ છે. પંચનદ-નિવાસી આભીરો મારી સાથે યુદ્ધ કરીને મારી સામે જ વૃષ્ણિઓની હજારો સ્ત્રીઓનું અપહરણ કરી ગયા. ત્યાં મારી પાસે ધનુષ્ય હતું, તો પણ હું તેનો ઉપયોગ કરી ન શક્યો. મારું અસ્ત્રોનું જ્ઞાન લુપ્ત થઈ ગયું. મારાં બધાં બાણ ક્ષણવારમાં નષ્ટ થઈ ગયા. શ્રીકૃષ્ણ વિના હવે હું જીવતો રહી શકું એમ નથી. તેમના અંતર્ધાનની વાત સાંભળીને મને મારો અંત દેખાઈ રહ્યો છે. મારા કુટુંબનો પણ નાશ થઈ ચૂક્યો હતો. આપ કૃપા કરીને એ ઉપદેશ આપો કે મારું કલ્યાણ થઈ શકે.'

વ્યાસજીએ કહ્યું, 'વૃષ્ણિ અને અંધકવંશના મહારથીઓનો બ્રાહ્મણોના શાપથી નાશ થયો છે. તમે તેમના માટે શોક ન કરો. મારા માનવા પ્રમાણે તમે લોકોએ હવે તમારું કર્તવ્ય પૂરું કરી લીધું છે. હવે તમારા પરલોક-ગમનનો સમય આવી ગયો છે. તમારાં અસ્ત્ર-શસ્ત્રનું પ્રયોજન પણ હવે રહ્યું નથી. હવે તમારી ઉત્તમ ગતિ પ્રાપ્ત કરવાનો સમય પણ આવી ગયો છે. એમાં જ તમારું કલ્યાણ છે.'

વ્યાસજીનાં વચનોનો મર્મ સમજીને અર્જુન તેમની આજ્ઞાથી હસ્તિનાપુર ચાલ્યા ગયા અને ત્યાં યુધિષ્ઠિરને મળીને તેમણે વૃષ્ણિ અને અંધક વંશના બધા સમાચાર કહી સંભળાવ્યા.

મહાપ્રાસ્થાનિકપર્વ

દ્રૌપદી સહિત પાંડવોનું મહાપ્રસ્થાન

યુધિષ્ઠરે જ્યારે વૃષ્ણિવંશીઓના સંહારના સમાચાર સાંભળ્યા ત્યારે નિશ્ચય કરીને અર્જુનને કહ્યું, 'કાળ જ બધાં પ્રાણીઓને ભરખી રહ્યો છે, હવે હું કાળના બંધનનો સ્વીકાર કરું છું.' તમે પણ એ વિશે પોતાના વિચારો પ્રગટ કરી શકો છો.' ભાઈના આ પ્રમાણે કહેવાથી અર્જુને પણ કાળની અનિવાર્યતા જણાવીને તેમના કથનનું અનુમોદન કર્યું. અર્જુનનો વિચાર જાણીને ભીમ અને નકુળ-સહદેવે પણ તેમની વાતનું સમર્થન કર્યું. યુધિષ્ઠિરે યુયુત્સુને બોલાવીને સંપૂર્ણ રાજ્યની દેખરેખનો ભાર સોંપી દીધો અને રાજ્ય-સિંહાસન પર પરીક્ષિતનો અભિષેક કર્યો.

ત્યાર પછી તેઓ દુઃખી થઈને સુભદ્રાને કહેવા લાગ્યા, 'તમારો પૌત્ર પરીક્ષિત કૌરવોનો રાજા થશે અને યાદવોમાંથી જે લોકો બચી ગયા છે, એમનો રાજા વજ્રને બનાવવામાં આવ્યો છે. પરીક્ષિતનું રાજ્ય હસ્તિનાપુર અને વજ્રનું ઇન્દ્રપ્રસ્થમાં હશે. તમારે રાજા વજ્રની રક્ષા કરવી જોઈએ.'

આમ કહીને ભાઈઓ સહિત રાજા યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણનું, વસુદેવજીનું તથા બલરામજીનું તર્પણ કર્યું અને બધાના નામ લઈને તેમનું વિધિવત શ્રાદ્ધ કર્યું. ભગવાનનું નામ-સંકીર્તન કરતા રહીને તેમણે બ્રાહ્મણોને નાના પ્રકારનાં રત્નો, વસ્ત્ર, ગામ, ઘોડા અને રથ પ્રદાન કર્યાં. કૃપાચાર્યજીની પૂજા કરીને નગરજનો સહિત પરીક્ષિતને શિષ્યભાવે તેમની સેવામાં સોંપી દીધા. પછી સમસ્ત પ્રજાને બોલાવીને યુધિષ્ઠિરે

તેમને પોતાનો મહાપ્રસ્થાનનો વિચાર કહ્યો. તેમની વાત સાંભળતાં જ નગર અને પ્રાંતના લોકો કહેવા લાગ્યા, 'આપ આવું ન કરો.' પરંતુ રાજા તેમને સમજાવીને રાજી કરી લીધા.

ત્યાર પછી બ્રાહ્મણો પાસે વિધિપૂર્વક યજ્ઞ કરાવીને અગ્નિઓનું જળમાં વિસર્જન કરી દીધું અને પાંડવો મહાયાત્રા માટે તૈયાર થઈ ગયા. યુધિષ્ઠિરનો અભિપ્રાય જાણીને અને યાદવોનો સંહાર જોઈને પાંડવો, દ્રૌપદી અને અપરિચિત શ્વાન એ બધા સાથે ચાલવા લાગ્યાં. તેમની સાથે જ્યારે હસ્તિનાપુરમાંથી રાજા યુધિષ્ઠિર બહાર નીકળ્યા ત્યારે નગરવાસી પ્રજા અને અંતઃપુરની સ્ત્રીઓ ઘણે દૂર સુધી પહોંચાડવા ગઈ, પરંતુ તેમનામાંથી કોઈ પણ રાજા યુધિષ્ઠિરને પાછા ફરવાનું કહી ન શક્યું. નગરજનો અને કૃપાચાર્ય વગેરે યુયુત્સુની સાથે નગરમાં આવ્યા. નાગકન્યા ઉલૂપી ગંગામાં પ્રવેશી ગઈ, ચિત્રાંગદા મણિપુર ચાલી ગઈ તથા બાકીની માતાઓ અને પરીક્ષિત વગેરે પાછા આવી ગયાં.

ત્યાર પછી પાંડવો અને દ્રૌપદી ઉપવાસનું વ્રત લઈને પૂર્વ દિશા તરફ ચાલવા માંડ્યા. આગળ યુધિષ્ઠિર, તેમની પાછળ ભીમ, અર્જુન, નકુળ અને સહદેવ ચાલતા હતા. દ્રૌપદી બધાંની પાછળ ચાલતાં હતાં. આ પ્રમાણે ચાલતાં ચાલતાં તેઓ લાલ સમુદ્રના કિનારે પહોંચ્યા. અર્જુને દિવ્ય રત્ન સમજીને લોભવશ ગાંડીવ ધનુષ્યનો પરિત્યાગ કર્યો ન હતો. ત્યાં પહોંચ્યા પછી તેમણે રસ્તો રોકીને ઊભેલા પુરુષના રૂપમાં સાક્ષાત અગ્નિદેવને એણે જોયા. અગ્નિદેવે પાંડવોને કહ્યું, હું અગ્નિ છું. મેં સાક્ષાત નર-નારાયણના સ્વરૂપ અર્જુન અને શ્રીકૃષ્ણના પ્રભાવથી જ ખાંડવવનને બાળ્યું હતું. અર્જુને પોતાનું ગાંડીવ ધનુષ્ય અહીં છોડીને આગળ વનમાં જવું જોઈએ, કેમ કે હવે એમને આની જરૂર નથી. એને હું અર્જુન માટે જ વરુણ પાસેથી માગીને લાવ્યો હતો, હવે પાછું તેમને જ આપી દેવું જોઈએ.'

આ સાંભળીને અર્જુને ધનુષ્ય પાણીમાં પધરાવી દીધું. ત્યાર પછી અગ્નિદેવ અંતર્ધાન થઈ ગયા અને પાંડવો દક્ષિણાભિમુખ થઈને ચાલવા લાગ્યા. જતાં જતાં તેઓ લવણ સમુદ્રના ઉત્તરતટે થઈને આગળ વધ્યા. આગળ જઈને તેમણે સમુદ્રમાં ડૂબી ગયેલી દ્વારકાનગરીને જોઈ. પછી યોગધર્મમાં સ્થિત પાંડવોએ ત્યાંથી ફરીને પૃથ્વીની પરિક્રમા પૂરી કરવાની ઇચ્છાથી ઉત્તર દિશા તરફ પ્રયાણ કર્યું.

માર્ગમાં દ્રૌપદી તથા સહદેવ સહિત ચાર પાંડવોએ ધરાશાયી થવું

નિયમોનું પાલન કરનારા પાંડવોએ મહાગિરિ હિમાલયનાં દર્શન કર્યાં. તેને ઓળંગીને જ્યારે તેઓ આગળ વધ્યા ત્યારે તેમને રેતીનો સમુદ્ર દેખાયો. તેમણે પર્વતોમાં સુમેરુનાં દર્શન કર્યાં. બધા પાંડવો એકાગ્રચિત્ત થઈને બહુ ઝડપથી ચાલી રહ્યા હતા. તેમની પાછળ ચાલતી દ્રૌપદી લથડિયાં ખાઈને પૃથ્વી પર પડી ગઈ. તેને નીચે પડેલી જોઈને ભીમે ધર્મરાજને પૂછ્યું, 'દ્રૌપદીએ કદી કોઈ પાપ કર્યું નથી, તો કયા કારણે તે જમીન પર પડી ગઈ?'

યુધિષ્ઠિરે કહ્યું, 'તેના મનમાં અર્જુન માટે વિશેષ પક્ષપાત હતો, આજે એ તેનું ફળ ભોગવી રહી છે.'

એમ કહીને યુધિષ્ઠિર દ્રૌપદી તરફ જોયા વિના જ પોતાના ચિત્તને એકાગ્ર કરીને આગળ વધી ગયા. થોડીવારમાં સહદેવ પણ પડ્યા. તેમને પડતાં જોઈને ભીમે રાજાને પૂછ્યું, 'સહદેવ જે હંમેશાં આપણા બધાની સેવા કરતો હતો અને અહંકારને ક્યારેય પોતાની પાસે ફરકવા દેતો ન હતો, તે આજે ધરાશાયી કેમ થઈ ગયો?'

યુધિષ્ઠિરે કહ્યું, 'સહદેવ કોઈને પોતાના જેવો વિદ્વાન માનતો ન હતો, તે દોષને કારણે આજે તે પડી ગયો છે.'

દ્રૌપદી અને સહદેવને પડેલાં જોઈને નકુલ શોકથી વ્યાકુળ થઈને પડી ગયા. એ જોઈને ભીમે ફરી રાજાને પ્રશ્ન કર્યો, 'સંસારમાં જેના સમાન રૂપવાન કોઈ ન હતું, જે કદી પોતાના ધર્મથી ચ્યુત થયો નથી, જે હંમેશા આપણી આજ્ઞાનું પાલન કરતો હતો, તે આપણો પ્રિય ભાઈ નકુલ શા માટે પડી ગયો?'

ધર્મરાજે કહ્યું, 'નકુલ હંમેશા એવું સમજતો હતો કે મારા જેવું રૂપવાન બીજું કોઈ નથી. તેથી તેનું પતન થયું છે.' તે ત્રણેને પડેલાં જોઈને અર્જુનને ભારે શોક થયો અને તેઓ પણ સંતાપને કારણે પડી ગયા. વીર અર્જુનને પડેલા જોઈને ભીમે ફરી પ્રશ્ન કર્યો, 'અર્જુન કદી મશ્કરીમાં જૂઠું બોલ્યા હોય, એવું મને યાદ આવતું નથી, પછી આ કયા કર્મનું ફળ છે, જેના કારણે એમને પૃથ્વી પર પડવું પડ્યું?'

યુધિષ્ઠિર બોલ્યા, 'અર્જુનને પોતાના શૌર્યનું અભિમાન હતું. તેમણે કહ્યું હતું કે, 'હું એક જ દિવસમાં શત્રુઓને ભસ્મ કરી નાખીશ.' તે કારણે

તેમને આજે ધરાશાયી થવું પડ્યું છે. તેમણે ધનુર્ધરોનું અપમાન પણ કર્યું હતું. પોતાનું કલ્યાણ ઇચ્છતા મનુષ્યે આ પ્રમાણે કરવું ન જોઈએ.'

આમ કહીને રાજા યુધિષ્ઠિર આગળ વધી ગયા. એટલામાં ભીમ પણ પડ્યા. પડતાંની સાથે ધર્મરાજને પોકારીને એમણે કહ્યું, 'જરા મારા તરફ તો જુઓ. 'હું તમારો પ્રિય ભીમ છું અને અહીં મારું પતન થયું છે. જો જ્ઞાત હોય તો કહો કે મારા પતનનું શું કારણ છે?'

યુધિષ્ઠિરે કહ્યું, 'તમે ખાતા બહુ હતા અને બીજાની ઉપેક્ષા કરીને પોતાના બળની ડિંગ હાંક્યા કરતા હતા, તેથી તમારું પતન થયું છે.'

એમ કહીને યુધિષ્ઠિર તેમની તરફ જોયા વિના જ આગળ ચાલ્યા ગયા. માત્ર એક કૂતરું તેમની સાથે ચાલતું હતું.

યુધિષ્ઠિરનો ધર્મ સાથે વાર્તાલાપ અને સદેહ સ્વર્ગગમન

દેવરાજ ઇન્દ્ર રથ લઈને ત્યાં આવી પહોંચ્યા અને યુધિષ્ઠિરને કહેવા લાગ્યા, 'તમે આ રથ પર બેસી જાઓ.' ત્યારે પોતાના પડી ગયેલા ભાઈઓને યાદ કરીને યુધિષ્ઠિર શોકથી વ્યાકુળ થઈ ગયા અને ઇન્દ્રને કહેવા લાગ્યા, 'મારા ભાઈઓ રસ્તામાં પડી ગયા છે, તેઓ પણ મારી સાથે આવે, એવી વ્યવસ્થા કરો, તેમને છોડીને હું સ્વર્ગમાં આવવા ઇચ્છતો નથી. દ્રૌપદીને પણ અમારી સાથે આવવાની અનુમતિ આપો.'

ઇન્દ્રે કહ્યું, 'તમારા બધા ભાઈઓ પહેલાં જ સ્વર્ગમાં પહોંચી ચૂક્યા છે, તેમની સાથે દ્રૌપદી પણ ત્યાં છે. ત્યાં ગયા પછી બધાં તમને મળશે, તેથી તેમના માટે તમે શોક ન કરો. તેઓ શરીરનો પરિત્યાગ કરીને સ્વર્ગમાં ગયા છે પરંતુ તમે આ જ શરીરથી ત્યાં જઈ શકો છો.'

યુધિષ્ઠિર બોલ્યા, 'આ કૂતરો મારો પ્રિય ભક્ત છે, તેણે હંમેશાં મને સાથ આપ્યો છે, તેથી આને પણ મારી સાથે આવવાની આજ્ઞા આપો.'

ઇન્દ્રે કહ્યું, 'તમને મારા જેવું ઐશ્વર્ય, સંપૂર્ણ લક્ષ્મી અને અપાર સિદ્ધિ પ્રાપ્ત થઈ છે, સાથે સાથે તમને સ્વર્ગનાં સુખો પણ સુલભ થયાં છે. તેથી આ કૂતરાને છોડીને મારી સાથે ચાલો. એમાં કોઈ નિર્દયતા નથી.'

યુધિષ્ઠિરે કહ્યું, 'મને એવા ઐશ્વર્યની પ્રાપ્તિ કદી ન થાઓ, જેના કારણે ભક્તનો ત્યાગ કરવો પડે.'

ઇન્દ્રે કહ્યું, 'કૂતરું રાખનારાઓ માટે સ્વર્ગમાં સ્થાન નથી. તેમનું

યજ્ઞાદિ કર્મોનું, કૂવા-વાવ વગેરે બનાવડાવવાનું જે પુણ્ય હોય છે, તેને ક્રોધવશ નામના રાક્ષસો હરી લે છે, તેથી સમજી વિચારીને કામ કરો. આ કૂતરાને છોડી દો. આમ કરવામાં કોઈ નિર્દયતા નથી.'

યુધિષ્ઠિરે કહ્યું, 'ભક્તનો ત્યાગ કરવાથી જ પાપ થાય છે, તે અનંત હોય છે. તેથી હું મારા સુખ માટે કદી કોઈ રીતે આ કૂતરાનો ત્યાગ કરી શકું એમ નથી. પોતાના પ્રાણ ઇચ્છતો હોય એવા પુરુષને પ્રાણાન્તે પણ હું છોડી શકતો નથી. આ મારું વ્રત છે.'

ઇન્દ્રે કહ્યું, 'મનુષ્ય, દાન, સ્વાધ્યાય અથવા હવન વગેરે પુણ્યકાર્ય કરે છે, તેના પર જો કૂતરાની દૃષ્ટિ સુધ્ધાં પડી જાય, તો તેના ફળને ક્રોધાવેશ નામના રાક્ષસો હરી જાય છે, તેથી આ કૂતરાનો ત્યાગ કરી દો. આને છોડી દેવાથી તમને દેવલોકની પ્રાપ્તિ થશે. તમે ભાઈઓ અને પોતાની પ્રિય દ્રૌપદીનો પરિત્યાગ કરીને પોતાનાં પુણ્ય કર્મોનાં ફળસ્વરૂપ દેવલોકને પ્રાપ્ત કર્યો છે, પછી આ કૂતરાને કેમ છોડી દેતા નથી?'

યુધિષ્ઠિરે કહ્યું, 'સંસારમાં એ વાત નિશ્ચિત છે કે મરેલા મનુષ્યોની સાથે ન કોઈનો મેળ થાય છે, ન વિરોધ. દ્રૌપદી તથા મારા ભાઈઓને જીવતા કરવા એ મારા વશની વાત નથી. તેથી મરી ગયા પછી મેં તેમનો ત્યાગ કર્યો છે. જીવિત અવસ્થામાં મેં કોઈનો ત્યાગ કર્યો નથી.'

કૂતરાનું શરીર ધારણ કરીને આવેલા ધર્મરાજ યુધિષ્ઠિરની વાત સાંભળીને બહુ પ્રસન્ન થયા અને મધુર વાણીમાં કહેવા લાગ્યા, 'એકવાર પહેલાં મેં દ્વૈતવનમાં પણ તમારી પરીક્ષા કરી હતી, જ્યારે તમારા બધા ભાઈ પાણી લેવા જતાં મરી ગયા હતા. તે સમયે તમે કુંતી અને માદ્રી બંને માતાઓમાં સમભાવ રાખીને અર્જુન અને ભીમને છોડીને માત્ર નકુલને જીવતો કરવા ઇચ્છતા હતા. આજે પણ 'આ કૂતરું મારું ભક્ત છે' એવું વિચારીને ઇન્દ્રના રથનો પણ તમે ત્યાગ કરી દીધો છે. તેથી સ્વર્ગલોકમાં તમારી તુલના કરનાર કોઈ નથી. તેથી તમને આ જ શરીરથી અક્ષયલોકની પ્રાપ્તિ ઈ છે, તમે પરમ ઉત્તમ દિવ્ય ગતિને પ્રાપ્ત થયા છો.'

આ પ્રમાણે ધર્મ, ઇન્દ્ર, મરુદ્ગણો, અશ્વિનીકુમાર અને દેવતાઓએ યુધિષ્ઠિરને રથમાં બેસાડ્યા અને પોતપોતાનાં વિમાનોમાં બેસીને તેમણે સ્વર્ગમાં જવા પ્રસ્થાન કર્યું. ઇન્દ્રના રથમાં બેઠેલા રાજા યુધિષ્ઠિર

પોતાના તેજથી પૃથ્વી અને અંતરિક્ષને દેદીપ્યમાન કરતા ઉપર તરફ જઈ રહ્યા હતા.

તે સમયે નારદજીએ કહ્યું, 'જેટલા રાજર્ષિઓ સ્વર્ગમાં આવ્યા છે, તે બધા અહીં ઉપસ્થિત છે, પરંતુ યુધિષ્ઠિર પોતાના સુયશથી પોતાની કીર્તિને આચ્છાદિત કરીને વિરાજમાન છે. પૃથ્વી પર રહીને હે યુધિષ્ઠિર, તમે આકાશમાં નક્ષત્ર અને તારાઓનાં જેટલાં રૂપ જોયાં છે, તે જ આ દેવતાઓના હજારો લોક છે. એમની તરફ જુઓ.'

નારદજીની વાત સાંભળીને રાજા યુધિષ્ઠિરે દેવતાઓ તથા પોતાના પક્ષના રાજાઓની અનુમતિ લઈને કહ્યું, 'મારા ભાઈઓને જે પણ સ્થાન પ્રાપ્ત થયું હોય, તે જ સ્થાન હું પ્રાપ્ત કરવા ઇચ્છું છું. એ સિવાય બીજા લોકમાં જવાની મારી ઇચ્છા નથી.'

તેમના આ પ્રમાણે કહેવાથી દેવરાજ ઇન્દ્રે કહ્યું, 'તમે પોતાનાં શુભ કર્મો દ્વારા પ્રાપ્ત થયેલા દિવ્યલોકમાં નિવાસ કરો. તમને જે ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે, જે બીજા મનુષ્ય માટે દુર્લભ છે. તમારા ભાઈઓને આવું સ્થાન મળ્યું નથી. આ દિવ્યલોક છે, અહીં દેવર્ષિઓ અને સિદ્ધ પુરુષોની સામે તો જુઓ!'

દેવરાજ ઇન્દ્રની આવી વાતો સાંભળીને યુધિષ્ઠિરે કહ્યું, 'મારા ભાઈઓ વિના મને અહીં રહેવાનો ઉત્સાહ થતો નથી.' હું તો ત્યાં જ જવા ઇચ્છું છું, જ્યાં મારા ભાઈઓ ગયા છે અને જ્યાં દ્રૌપદી બિરાજમાન છે.'

સ્વર્ગારોહણપર્વ

સ્વર્ગમાં નારદ અને યુધિષ્ઠિરનો સંવાદ તથા યુધિષ્ઠિરને નરકનાં દર્શન

ધર્મરાજે સ્વર્ગમાં ગયા પછી જોયું કે દુર્યોધન સ્વર્ગથી શોભાથી સંપન્ન થઈને દેવતાઓ સાથે એક દિવ્ય સિંહાસન પર દેદીપ્યમાન થઈ રહ્યો છે. તેનું આવું ઐશ્વર્ય જોઈને યુધિષ્ઠિર એકાએક પાછા ફરી ગયા અને કહેવા લાગ્યા, 'જેના કારણે અમારા બંધુઓનો યુદ્ધમાં સંહાર થઈ ગયો. દ્રૌપદીને ભરી સભામાં ગુરુજનોની સામે અપમાનિત કરવામાં આવી, એવા દુર્યોધનની સાથે હું સ્વર્ગમાં રહેવા ઇચ્છતો નથી.'

આ સાંભળીને નારદજી હસી પડ્યા અને બોલ્યા, 'સ્વર્ગમાં આવ્યા પછી મૃત્યુલોકનો વિરોધ રહેતો નથી, તેથી તમારે દુર્યોધન વિશે આવી વાત કદી કરવી ન જોઈએ. સ્વર્ગલોકમાં જેટલા રાજાઓ રહે છે, તેઓ અને સમસ્ત દેવતાઓ દુર્યોધનનું વિશેષ સન્માન કરે છે. એ સાચું છે કે એમણે તમને લોકોને કષ્ટ આપ્યું છે, તેમ છતાં યુદ્ધમાં પોતાના શરીરની આહુતિ આપીને વીરલોકને પ્રાપ્ત થયા છે. આ દિવ્યલોક છે, અહીં આવ્યા પછી પહેલાંનું વેર રહેતું નથી.'

યુધિષ્ઠિરે પૂછ્યું, 'મારા ભાઈઓને કયા લોક પ્રાપ્ત થયા છે? તેમને હું જોવા ઇચ્છું છું. સત્ય પર દૃઢ રહેનાર કર્ણ, સાત્યકિ અને ધૃષ્ટદ્યુમ્નના પુત્રોને પણ જોવાની મારી ઇચ્છા છે. રાજા વિરાટ, દ્રુપદ, ધૃષ્ટકેતુ, શિખંડી, દ્રૌપદીના પાંચ પુત્રો તથા અભિમન્યુને પણ હું મળવા ઇચ્છું છું.'

પછી યુધિષ્ઠિરે કહ્યું, 'જે મહારથી રાજાઓ અને રાજકુમારોએ રણભૂમિમાં પોતાના શરીરની આહુતિ આપી છે, જેઓ મારા માટે યુદ્ધમાં મરાઈ ગયા છે તે વીરો ક્યાં છે? હું તે મહારથીઓ સાથે જ રહીશ, પરંતુ તે લોકોને જો આ શુભ લોક પ્રાપ્ત થયો ન હોય, તો હું અહીં મારા ભાઈ-બંધુઓ વિના સુખેથી રહી શકીશ નહિ. યુદ્ધ પછી જ્યારે હું મારા મૃત સંબંધીઓને જલાંજલિ આપી રહ્યો હતો, તે સમયે કુંતીએ કહ્યું હતું, 'કર્ણને પણ જલાંજલિ આપજે.' માતાની વાત સાંભળીને મને ખબર પડી કે કર્ણ મારા મોટા ભાઈ હતા. જ્યાં મારા ભાઈઓ છે, ત્યાં જ મારા માટે સ્વર્ગ છે. હું આ લોકને સ્વર્ગ માનતો નથી.'

દેવતાઓએ કહ્યું, જો તે જ લોકમાં તમારી શ્રદ્ધા હોય તો ચાલો, વિલંબ ન કરો. અમે લોકો દેવરાજની આજ્ઞાથી બધી રીતે તમારું પ્રિય કરવા ઇચ્છીએ છીએ.'

એમ કહીને દેવતાઓએ દેવદૂતને આજ્ઞા આપી, 'તમે યુધિષ્ઠિરને તેમના સુહૃદોનાં દર્શન કરાવો.'

ત્યારપછી રાજા યુધિષ્ઠિર અને દેવદૂત બંને સાથે તે સ્થાન તરફ ચાલ્યા જ્યાં ભીમ વગેરે હતા. બંને એક એવા માર્ગ પર પહોંચ્યા કે જે બહુ ખરાબ હતો, તેના પર ચાલવું પણ અત્યંત કઠિન હતું. ચારે બાજુથી દુર્ગંધ આવી રહી હતી. રાજા યુધિષ્ઠિર ચિંતિત થઈને તે જ માર્ગેથી નીકળ્યા. તેમણે જોયું ત્યાં ઊકળતા પાણીથી ભરેલી એક નદી વહી રહી છે, જેને પાર કરવી બહુ મુશ્કેલ છે. ત્યાં પાપીઓને અત્યંત યાતનાઓ આપવામાં આવી રહી હતી. તેના પર પણ યુધિષ્ઠિરની દૃષ્ટિ પડી. ત્યાંની દુર્ગંધથી ત્રાસીને તેમણે દેવદૂતને પૂછ્યું, 'આવા માર્ગ પર આપણે હજી કેટલું દૂર ચાલવાનું છે? તથા મારા ભાઈઓ ક્યાં છે?'

ધર્મરાજની વાત સાંભળીને દેવદૂત પાછો વળ્યો અને બોલ્યો, 'આટલે સુધી જ તમારે ચાલવાનું હતું. દેવતાઓએ મને કહ્યું છે કે જ્યારે યુધિષ્ઠિર થાકી જાય ત્યારે તેમને પાછા લઈ આવજો.' તેથી હવે હું તમને પાછા લઈ જાઉં છું. જો તમે થાકી ગયા હોતો મારી સાથે પાછા ચાલો.'

યુધિષ્ઠિર તે દુર્ગંધથી ત્રાસી ગયા હતા, તેથી ગભરાઈને તેમણે પાછા જવાનો જ નિશ્ચય કર્યો. તેઓ જ્યારે તે સ્થાનથી પાછા જવા લાગ્યા, ત્યાં જ તેમના કાનોમાં ચારે બાજુથી દુઃખી જીવોનો દયનીય પોકાર સંભળાયો, 'આપ અમારા લોકો પર કૃપા કરીને થોડીવાર અહીં

રોકાઈ જાઓ, આપની ઉપસ્થિતિના પ્રભાવથી પવિત્ર અને સુગંધિત હવા આવી રહી છે. આજે ઘણા દિવસો બાદ આપનાં દર્શન કરીને અમને આનંદ મળ્યો છે, તેથી એકાદ ક્ષણ વધારે રોકાઈ જાઓ. આપની ઉપસ્થિતિના પ્રભાવે અમને અહીંની યાતનાઓ કષ્ટ આપતી નથી.'

આ પ્રમાણે ત્યાં કષ્ટ ભોગવી રહેલા દુઃખી જીવોનાં જાતજાતનાં વચન સાંભળીને યુધિષ્ઠિરને દયા આવી. તેમના મુખેથી બોલાઈ ગયું, 'આ બિચારાઓ અત્યંત દુઃખી છે.' એમ કહીને તેઓ ત્યાં જ રોકાઈ ગયા. પછી દુઃખી જીવોનો આર્તનાદ સંભળાવા લાગ્યો, પરંતુ તેઓ ઓળખી ન શક્યા કે આ આર્તનાદ કોણ કરી રહ્યા છે.

યુધિષ્ઠિરે તે દુઃખી જીવોને સંબોધિત કરતાં પૂછ્યું, 'તમે લોકો કોણ છો અને અહીં શા કારણે રહો છો?'

ત્યારે ચારે બાજુથી અવાજ આવવા લાગ્યો, 'હું કર્ણ છું, હું ભીમ છું, હું અર્જુન છું, હું નકુલ છું, હું સહદેવ છું, હું ધૃષ્ટદ્યુમ્ન છું, હું દ્રૌપદી છું અને અમે લોકો દ્રૌપદીના પુત્રો છીએ.'

આ પ્રમાણે પોતપોતાના નામ જણાવીને બધા લોકો વિલાપ કરવા લાગ્યા. આ સાંભળીને રાજા યુધિષ્ઠિર વિચાર કરવા લાગ્યા, 'મારા ભાઈઓ ભીમ વગેરે, કર્ણ, દ્રૌપદીના પુત્રો તથા દ્રૌપદીએ એવું કયું પાપ કર્યું હતું, જેના કારણે તેમને આ સ્થાનમાં રહેવું પડ્યું છે. જ્યાં સુધી હું જાણું છું એમણે કોઈ પાપ કર્યું ન હતું, પછી કયા કર્મનું આ ફળ છે જેથી આ બધા નરકમાં પડેલાં છે?'

આ પ્રમાણે અનેક પ્રકારના વિચારો કરતા રહીને રાજા યુધિષ્ઠિરે દેવદૂતને કહ્યું, 'તમે જેના દૂત છો, તેમની પાસે ચાલ્યા જાઓ, હું ત્યાં આવવાનો નથી. તમારા સ્વામીને જઈને કહેજો કે, યુધિષ્ઠિર ત્યાં જ રહેશે.' મારા રહેવાથી મારા ભાઈ-બંધુઓને સુખ મળે છે.'

યુધિષ્ઠિરના કહેવાથી દેવદૂત ઈન્દ્રની પાસે ચાલ્યો ગયો તથા યુધિષ્ઠિરે જે કાંઈ કહ્યું હતું અને તેઓ જે કાંઈ કરવા ઇચ્છતા હતા, તે બધું તેણે દેવરાજ ઈન્દ્રને કહી સંભળાવ્યું.

ઇન્દ્રે અને ધર્મે યુધિષ્ઠિરને સાંત્વના આપી તથા યુધિષ્ઠિરનું દેહ ત્યાગી દિવ્યલોકમાં આગમન

યુધિષ્ઠિરને તે સ્થાન પર હજી બે ઘડીનો સમય પણ વીત્યો ન હતો, ઈન્દ્રાદિ બધા દેવતાઓ ત્યાં આવી પહોંચ્યા. ધર્મ પણ શરીર ધારણ કરીને

યુધિષ્ઠિરને મળવા માટે આવ્યા. દેવતાઓના આવતાંની સાથે ત્યાંનો બધો અંધકાર દૂર થઈ ગયો. સ્વર્ગના દેવતાઓ અને મહર્ષિઓ યુધિષ્ઠિરની પાસે એકત્રિત થયા. એમણે યુધિષ્ઠિરને સાંત્વના આપતાં કહ્યું, 'અત્યાર સુધી જે થયું તે ખરું, હવે વધુ કષ્ટ વેઠવાની જરૂર નથી. આવો, અમારી સાથે ચાલો. તમારા બીજા ભાઈઓ તથા પાંડવ પક્ષના બીજા રાજાઓ પણ પોતપોતાને અનુરૂપ સ્થાનને પ્રાપ્ત થયા છે. તમે મારી સાથે આવીને તે બધાનાં દર્શન કરો અને પછી સ્વર્ગમાં વિહાર કરો. પોતાનાં પુણ્ય કર્મો, તપ અને દાનનાં ફળ ભોગવો. તમને પ્રાપ્ત થયેલા બધા જ લોક રાજા હરિશ્ચન્દ્રના લોકોની જેમ બધા લોકોથી ઉપર છે. તે લોકમાં તમે વિચરણ કરો. તે જ લોકમાં નિવાસ કરીને તમે પણ દિવ્ય સુખનો ઉપભોગ કરશો. ત્રિભુવનને પવિત્ર કરનારી દેવનદી મંદાકિની સામે જ દેખાય છે, તેમના પવિત્ર જળમાં સ્નાન કરીને તમે દિવ્ય લોકમાં જઈ શકશો. તેમાં ડૂબકી મારવાથી જ તમારો માનવ-સ્વભાવ નિવૃત્ત થઈ જશે. તમારા મનના શોક અને વેર વગેરે દોષ નાશ પામશે.'

દેવરાજની વાત પૂરી થયા પછી સાક્ષાત ધર્મે કહ્યું, 'તમારો ધર્મ પ્રત્યેનો અનુરાગ, ક્ષમા અને ઇન્દ્રિય-સંયમ વગેરે ગુણોના કારણે હું બહુ પ્રસન્ન છું. આ મારા દ્વારા થયેલી તમારા ત્રીજી પરીક્ષા છે. કોઈ પણ યુક્તિથી તમને કોઈ તમારા સ્વભાવથી વિચલિત કરી શકે એમ નથી. તમારા ભાઈ નરકને યોગ્ય નથી. તમે જે તેમને નરકનું દુઃખ ભોગવતા જોયા છે, તે દેવરાજ ઇન્દ્ર દ્વારા ઉત્પન્ન કરેલી માયા હતી. પધારો, હવે મારી સાથે ચાલીને ગંગાજીનાં દર્શન કરો.'

ધર્મના આ પ્રમાણે કહ્યા પછી યુધિષ્ઠિરે ધર્મ તથા દેવતાઓની સાથે જઈને મુનિઓ દ્વારા પાવન દેવનદી ગંગામાં સ્નાન કર્યું. સ્નાન કરતાં જ તેમણે શરીરનો ત્યાગ કરીને દિવ્ય શરીર ધારણ કરી લીધું. ત્યારપછી દેવતાઓની મધ્યમાં મહર્ષિઓ દ્વારા સ્તુતિ સાંભળતાં રહીને ધર્મની સાથે તે સ્થાન પર ગયા, જ્યાં તેમના ચારે ભાઈ અને ધૃતરાષ્ટ્રના પુત્રો ક્રોધનો ત્યાગ કરીને આનંદપૂર્વક નિવાસ કરતા હતા.

યુધિષ્ઠિરે દિવ્યલોકમાં શ્રીકૃષ્ણનાં કરેલાં દર્શન

ત્યારપછી દેવતાઓ, ઋષિઓ અને મરુદ્ગણોનાં મુખેથી પોતાની પ્રશંસા સાંભળતાં રાજા યુધિષ્ઠિર તે સ્થાન પર જઈ પહોંચ્યા જ્યાં ભીમ વગેરે વિરાજમાન હતા. ત્યાં જઈને તેમણે જોયું કે શ્રીકૃષ્ણ પોતાનો

બ્રાહ્મવિગ્રહ ધારણ કરીને બિરાજેલા છે. તેમનું સ્વરૂપ પોતાના પૂર્વવિગ્રહ જેવું જ છે. દેવો દ્વારા પૂજિત શ્રીકૃષ્ણ અને અર્જુને યુધિષ્ઠિરને ઉપસ્થિત જોઈને તેમનું સન્માન કર્યું. બીજી બાજુ દૃષ્ટિ થતાં યુધિષ્ઠિરને કર્ણ, ભીમ, નકુલ, સહદેવ દેખાયા.

ત્યારપછી દેવરાજ ઈન્દ્રે કહ્યું, 'આ જે વિગ્રહથી યુક્ત પવિત્ર ગંધવાળી દેવી દેખાઈ રહ્યાં છે, તેઓ સાક્ષાત્ લક્ષ્મીજી છે. એ સ્વયં તમારા માટે મનુષ્યલોકમાં આવીને દ્રૌપદીના રૂપમાં ઉત્પન્ન થયાં હતાં. ભીષ્મ વસુઓની સાથે અને દ્રોણાચાર્ય બૃહસ્પતિજીની પાસે બેઠા છે એ બંનેનાં દર્શન કરો. આ તમારા પક્ષમાં યુદ્ધ કરનારા બીજા રાજાઓ, ગંધર્વો, યક્ષો અને પુણ્યજનોની સાથે જઈ રહ્યા છે. એ બધા યુદ્ધમાં શરીર ત્યાગીને પોતાની પવિત્ર વાણી, બુદ્ધિ અને કર્મો દ્વારા સ્વર્ગલોક પર અધિકાર પ્રાપ્ત કરી ચૂક્યા છે. કોઈ ઈન્દ્રભવનમાં ગયું અને કોઈ કુબેરના ભવનમાં. કેટલાક મહાપુરુષો વરુણલોકને પ્રાપ્ત થયા છે.'

રાજા જનમેજય, વૈશમ્પાયનના મુખેથી પોતાના પૂર્વજોની મહર્ષિ વ્યાસમુનિએ લખેલી આ કથા સાંભળીને રોમાંચિત થયા અને વિસ્મય પામ્યા. વેરથી કેટલું નુકસાન થાય છે તેને તેનું અનુમાન આવી ગયું અને તેમણે સર્પસત્ર બંધ કરાવ્યો. અસ્તિકા નાગ અને નાગજાતિનું નિકંદન કાઢવા જે યજ્ઞ થઈ રહ્યો હતો તેમાં અસ્તિકા હજી જીવિત છે. તેને જનમેજયના આ નિર્ણયથી અતિ આનંદ થયો. જનમેજય તક્ષશિલાથી હસ્તિનાપુર આવ્યા.

મહાભારત એ રાજા ભરતના વંશજોમાં કુરુકુળના વંશજ પાંડવ અને કૌરવો વચ્ચેના ધર્મયુદ્ધની કથા છે. મહાભારતનું યુદ્ધ હસ્તિનાપુરના વારસાઈ હક્કો માટે થયું હતું. વ્યાસજીએ રચેલ મહાભારતને એક કાવ્ય તરીકે ઓળખાવ્યું છે. તેમણે તેમાંના બધાં પાત્રોને એક કવિની-નાટ્યકારની રીતે તટસ્થ બુદ્ધિથી જોયા છે. એને અલંકૃત કરી જીવંત બનાવ્યા છે. મહાભારત એક ઐતિહાસિક ઘટના છે. તે સમયના ચારે વર્ણના લોકોનો એમાં સમાવેશ છે. નદીઓ વન, શહેરો તેમજ કયા બનાવો ક્યારે બન્યા તેનું પણ સચોટ વર્ણન છે. કયા રાજાઓ ક્યાં ક્યાં રાજ્ય કરતાં હતા, તેઓનો પ્રજા સાથેનો વ્યવહાર, સ્ત્રીઓનું સ્થાન, કૌટુંબિક, રાજકીય, ધાર્મિક, સામાજિક વ્યવસ્થા કેવી હતી તેનો ઈતિહાસ પણ સમાવેલો છે. એટલે મહાભારત એક ઐતિહાસિક ઘટના છે.

વ્યાસમુનિ આદિ કવિ છે. એટલે મહાભારત એક વિશ્વનું મહાકાવ્ય તરીકે જાણીતું થયું. વ્યાસજીએ અનેક કાલ્પનિક ઘટનાઓ પણ મૂકી છે અને મહાભારતને કાવ્યત્વ બક્ષ્યુ છે. ગાઈ શકાય એવા ૧૦૦,૦૦૦ (એક લાખ) શ્લોકથી વધુ સંસ્કૃત શ્લોકોથી એમણે મહાભારતની રચના ગણેશજીની સહાયથી કરી છે. એમાં માનવમનની લીલાનું ગાન થયું છે.

નાટ્યાત્મક મહાભારત કાવ્યની પૂર્ણાહુતિ, કૃતિમાં જુદી જુદી ભૂમિકાઓ ભજવનાર પાત્રો કોણ હતા તે અગાઉ જણાવ્યું છે. એટલે કે પાત્રોની સામે આદર્શરૂપે કોણ હતા તેનો ઉલ્લેખ તેમણે કર્યો છે. પૃથ્વી પરથી એ પાત્રોએ વિદાય લીધા પછી તેઓ પોતાના આદર્શોમાં વિલીન થઈ ગયાં. એ રીતે ભીષ્મ વસુઓમાં ભળી ગયા. એ રીતે મહાભારતનું કાવ્યાત્મક રીતે સમાપન કર્યું.

સંજય કહે છે કે :

યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।
તત્ર શ્રી વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥ ૭૮॥

જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે અને જ્યાં ધનુર્ધારી અર્જુન છે, ત્યાં લક્ષ્મી, વિજય, ઐશ્વર્ય અને અવિચળ નીતિ છે, એવો મારો મત છે. (૭૮)

શ્રીમદ્ ભગવદ્ ગીતા

આ પુસ્તકનું માળખું કેટલાક વિદ્વાન સાધુચરિત લેખકોએ મહાભારતના કરેલા અર્થઘટન કે વિવેચનના કે તેમના વિચારોના આધાર લઈને લખાયું છે.

સંદર્ભ ગ્રંથો

૧. કરસનદાસ માણેક. 'મહાભારત કથા ભાગ ૧, ૨, ૩'. મહર્ષિ વ્યાસને પગલે : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ. જાન્યુઆરી ૧૯૮૦, ૮૧

૨. મહાભારત ખિલભાગ હરિવંશ, શ્રી હરિવંશ પુરાણ : ગીતાપ્રેસ, ગોરખપુર.

૩. મહાભારત ખંડ ૪. ગીતાપ્રેસ, ગોરખપુર.

૪. ઈરાવતી કર્વે. 'યુગાન્ત'. સાહિત્ય અકાદમી, નવી દિલ્હી ૧૯૮૦.

૫. ડૉ. ગુણવંત શાહ, 'મહાભારત' માનવ સ્વભાવનું મહાકાવ્ય : આર. આર. શેઠ ઍન્ડ કંપની. અમદાવાદ ૨૦૧૫.

૬. પાંડુરંગ શાસ્ત્રી. 'શ્રીકૃષ્ણ જીવન દર્શન' પ્રવચનોને આધારે : સદ્‌વિચાર દર્શન, મુંબઈ. નવેમ્બર, ૨૦૦૨

૭. શ્રી શ્રીમદ એ. સી. ભક્તિ વેદાંત સ્વામી પ્રભુપાદ કૃત 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'

૮. હરિન્દ્ર દવે. 'કૃષ્ણ અને માનવ સંબંધો' એન. એમ. ત્રિપાઠી પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ.

અંગ્રેજી પુસ્તકોનો સહારો

૯. 'William Buck' Illustrated by Shirley Triest, Introduction by Van Nooten 'Mahabharat' : University of California Press, Berkeley and Los Angeles, London, 1973.

૧૦. 'Mahabharat' A Modern Retelling : Carole Satyamurti, Forward by wendy Doniger, Afterword by Vinay Dharwadker.
Publisher : w.w. Norton & co. New york. London. 2015.

૧૧. 'The Illustrated Mahabharat' The Definative Guide to Indians greatest penguin Random house 2017 Dorling


kinderslay publishing Limited.
૧૨. His Divinity, Dharm Chakrvarti Swami Prakashanand Saraswati, 'The True History and the Religion of India' A Concise Encyclopedia : International Society of Divine Love, Texas. 1999-200
૧૩. R. K. Narayan. 'The Mahabharat' A shortened modern Version of the Indian Epic. Forwarded by wendy Doniger : The University of Chicago, ILL, 1978

Sources :

https://en.wikipedia.org/wiki/Mahabharat
https://en.wikipedia.org/wiki/Adi_parve
htpps//www.holybooks.com/wp-content/updates/Mahabharat-vol-1.pdf
htpps://sacred-texts.com/hin/m01/index.htmBook 1 to book 18. The Mahabharat: K.M.Gangulirtr.(1883-1896).

Appendix A

ચંદ્રવંશ - મુખ્ય વંશજો




કુરુવંશ

Source :

(1) https : www.wardzz.com/wp-content/uploads/2016/12/10665847

(2) yugant, Iravati karwey, translation by Shasin Oza, Sahitya Academy, New Delhi




SOURCE:
KURUVANSHA (Page 1-2) COMBINE
(1) https://il.wp.com/www.wordzz.com/wp content/uploads/201612/1962669
(2) https://ptdeepali.files.wordpross.com/2013/02/kuru./jpg

અનુસંધાન :

તીર ચિન્હ ⟶ અથવા — સળંગ લાઈન પિતા-પુત્ર અથવા તેના વારસદાર નિરૂપણ કરે છે.
------ તૂટક લાઈન રાજા-રાણી અથવા પતિ-પત્ની નિરૂપણ કરે છે.

Appendix B

ચંદ્રવંશ - મુખ્ય વંશજો




યદુવંશ

Source :


(1) https : www.wardzz.com/wp-content/uploads/2016/12/10665847

(2) yugant, Iravati karwey, translation by Shasin Oza, Sahitya Academy, New Delhi


વિરાટઃ




પાંચાલઃ



ગૌતમઃ




ગાંધારઃ



Appendix (x)

મહાભારત સમયનો ભારતનો નકશો



SOURCE:

Late Vedic Culture by Avantiputra 7. 4 June 2014
https://en.m.wikipedia.org/wiki/File: Late_Vedic_culture % 28-1100-500-Bce % 29. Png



ગોવિંદભાઈ ભ. ભક્ત



કબીર સાહેબ કહે છે : હે કમાલ! કલ્યાણ ઇચ્છતો હોય તો બે વાતને ધ્યાનમાં રાખ : પ્રથમ, તો પરમ પિતા પરમેશ્વરને સ્મરણમાં રાખ, તેની ભક્તિ કર અને બીજું આ સંસાર અનેક રીતે પીડાઈ રહ્યો છે, અનેક પ્રકારની ભૂખથી દુઃખી થઈ રહ્યો છે. તો તેની ભૂખ સંતોષાય તે માટે તું કાંઈ આપી શકતો હોય તો આપ. એટલે માનવતાની જ્યોત જલાવ.

ગોવિંદ ભ. ભક્તનો જન્મ સાઉથ ગુજરાતના નવસારી નજીકના એક નાના ગામમાં ૧૯૩૦ના દાયકામાં સામાન્ય ખેડૂત કુટુંબમાં થયો હતો. હાઇસ્કૂલ અભ્યાસ માટે દરરોજનું ૧૪ કિલોમીટર પગપાળા આવવા-જવાનું થતું. B. Sc. (Mathematics) સરદાર પટેલ યુનિવર્સિટી અને M. Sc. (Statistics) ૧૯૬૨માં ગુજરાત યુનિવર્સિટીમાંથી કર્યું. ૧૯૬૨-૬૮ નવસારી, બી. પી. બારીઆ અને ગાર્ડા કોલેજમાં અધ્યાપક તરીકે સેવા આપી. છેલ્લા ૬૫ વર્ષથી યુ.એસ.એ.માં સ્થાયી થયા છે.

કોમ્પ્યૂટર પ્રોગ્રામિંગ (ડિપ્લોમા મેરીલેન્ડ) અને કેલિફોર્નિયા સ્ટેટ, રેઇલ એસ્ટેટ બ્રોકર લાયસન્સ (૧૯૮૯થી) ધંધાકીય પ્રગતિ માટે લીધું. ૩૫ વર્ષ રીયલ એસ્ટેટના વ્યવસાયમાં સક્રિય રહ્યા. શ્રી રામકબીર સમાજ ઓફ યુ.એસ.એ.ના મૂળ સ્થાપકોના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંના એક તેઓ હતા. (૧૯૮૦)

કેલિફોર્નિયા સ્ટેટલેજર્સના એસેમ્બ્લી મેમ્બર્સે, તેમણે કરેલા એશિયન અમેરિકન સમાજના વિકાસમાં અપ્રતિમ યોગદાન બદલ કેલિફોર્નિયા એસેમ્બ્લી સર્ટિફિકેટ એનાયત કર્યું છે. He authored 'Patel's; A Gujarati Community History in the United States.' In honor of his Achievements in scholarship, chronicling of the Bhakta and Patel communities in the U. S..

U.C.L.A. તરફથી એશિયન અમેરિકન સ્ટડી સેન્ટરનો પાયોનિયર રેકગ્નેશન એવોર્ડ મળ્યો છે.

He also Authored 'Kabir Vishesh And Thus Says Kabir.'

તેમની નિષ્ઠા અને સમાજ સેવા બદલ શ્રીરામકબીર ભક્ત સમાજ ઓફ સઘર્ન કેલિફોર્નિયા અને શ્રીરામકબીર ભક્ત સમાજ ઓફ યુ. એસ. એ.એ તેમને સન્માનિત કર્યા છે. AAHOA - Asian America hotel owners Association તરફથી Cecil. B. Day Community Service Awardsથી તેઓ નવાજિત થયા છે.

પંદર વર્ષથી સંયુક્ત કુટુંબ સાથે તેઓ નિવૃત્તિનો સમય વાચન, લેખન, યુવાપ્રવૃત્તિ, સિનિયર સિટિઝન મંડળો તેમજ સામાજિક કે સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહે છે. તેઓ ઇન્ડો-અમેરિકન સમાજ સાથે સતત જોડાયેલા રહ્યા છે.

સાહિત્ય સંગમ

9 789391 906771

ISBN : 9789391906771

Sarbhoot Mahabharat